ૐ

नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

(ભાગ-૪)

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાન્તિ આવવી જોઈએ તે આવતી નથી. અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાન્તિ પ્રગટે છે. ૧૨૦.

તા. ૨૨-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૨૦, ૧૨૧, પ્રવચન નં. ૯૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૨૭. ૭૮મો બોલ છે. મુનિદશાનો બોલ છે. મુનિરાજની વીતરાગદશા કેવી હોય છે ? પ્રચુર આનંદ અને લીનતાના ચિહ્ન સ્વરૂપ જેને ભાવલિંગ કહ્યું છે એવી દિગંબર મુનિઓની દશા હોય છે. બહારથી –

શરીરથી દિગંબર છે, અંદરથી રાગનું વસ્ત્ર નથી. જડ વસ્ત્ર નથી અને રાગનું વસ્ત્ર પણ નથી. અંતર-બાહ્ય દિગંબર (છે). એ સ્વરૂપમાં રમણતા કરનારા છે. એવી સ્વરૂપની રમણતાને અહીંયાં સ્વરૂપની લીલા કહી છે. કેવા શબ્દોમાં વાત કરી છે ? કે, એ સ્વરૂપની લીલા છે. લીલા એટલે રમત. આ રમત કરે છે ને ? જેમાં લોકોને આનંદ આવે છે.

અહીંયાં સ્વરૂપમાં લીનતા કરે છે, મુનિરાજ સ્વરૂપમાં આનંદની કેલી કરે છે. એની જાત કોઈ જુદી છે – જાત્યાંતર છે (એટલે) એની જાત કોઈ જુદી છે. જગતમાં પર વિષયથી આનંદ (માને છે તે) કલ્પના માત્ર છે. વાસ્તવિક લાગતો હોય તોપણ એ કલ્પના માત્ર છે અથવા આનંદ નથી અને દુઃખ છે પણ એમાં સુખની અને આનંદની કલ્પના છે એ નિતાંત જૂઠ છે. જીવ એ જૂઠમાં છેતરાય છે. એ પ્રકારના જગતમાં મનાયેલા પ્રસિદ્ધ સુખ અને આનંદથી કોઈ જુદી જાત (છે) એને અહીંયાં જાત્યાંતરપણું કહે છે (અર્થાત્) અન્ય જાતિપણું. આવી કોઈ સ્વરૂપની લીલા – મુનિરાજની સ્વરૂપ રમણતાની પરિણતિ એ કોઈ અલૌકિક જાતિની પરિણતિ છે. લૌકિક જાતિના પરિણામમાં કોઈની સાથે એનો મેળ ખાય એવું નથી. (એવા) અલૌકિક જાતના એ પરિણામ છે.

**'મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે.'** પોતાના ચૈતન્ય બાગમાં કેલી કરતાં કરતાં બધા કર્મના ઉદય છે એ નિષ્ફળ જાય છે. કોઈ કર્મના ઉદયમાં મુનિરાજને તે ઉદયને અનુસરીને રાગ-દ્વેષ-મોહના પરિણામ થાય એવું બનતું નથી. (એવી) અદ્‌ભુત દશા છે ! એમ કહેવું છે. જાત્યાંતર દશા છે એટલે મુનિરાજની કોઈ અદ્‌ભુત અંદર રમણતાની દશા છે ! જેને કોઈ પ્રતિબંધ નથી. એવી રમણતા છે કે જેને કોઈ પ્રતિબંધ નથી.

પોતાના સ્વરૂપ આશ્રિત પરિણામને રોકવા જગતના કોઈ દ્રવ્ય, ભાવ સમર્થ નથી. પછી ઉપસર્ગ અને પરિષહ (ગમે તે હોય). બાવીસ પ્રકારના પરિષહ છે અને અનેક પ્રકારના મનુષ્ય, દેવ અને તિર્યંચકૃત ઉપસર્ગ હોય છે. કુદરતી થાય એને પરિષહ કહે છે. ટાઢ, તડકો, રોગ, ક્ષુધા, તૃષા (થાય) એને પરિષહ કહે છે અને દેવ, મનુષ્ય અને તિર્યંચના ભાવથી – ભાવના નિમિત્તે કોઈ પ્રતિકૂળ

પ્રસંગો ઊભા થાય (તે ઉપસર્ગ છે;) પ્રતિકૂળ તો જગતની દૃષ્ટિએ (છે), એમની દૃષ્ટિએ પ્રતિકૂળ નથી. મુનિરાજને ન તો કોઈ અનુકૂળ છે ન તો કોઈ પ્રતિકૂળ છે. જગતના સર્વ પદાર્થો માત્ર જ્ઞાનના જ્ઞેય થઈ ગયા છે. સોનું અને માટી જેને સમાન છે, શત્રુ અને મિત્ર જેને સમાન છે. શત્રુ-મિત્ર એટલે ? કોઈ શત્રુતાનો ભાવ કરે કે કોઈ મિત્રતાનો ભાવ કરે, એને કોઈ શત્રુ-મિત્ર છે નહીં પણ કોઈ એમના પ્રત્યે અનુરાગ કરે કે કોઈ એમના પ્રત્યે દ્વેષ કરે એમને તો એ માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. સમભાવ છે, વિષમ પરિણામ એમને થતાં નથી. આ મને શાતા ઊપજાવનાર છે એટલે ઠીક છે, આ ધર્માનુરાગી છે એટલે ઠીક છે – એમ પણ નહીં. મુનિરાજની એવી અપ્રતિબંધ વિહારીદશા હોય છે. એ કોઈ અલૌકિક જાતિની પરિણતિ છે. અલૌકિક જાતિના એ પરિણામ છે, લૌકિક જાતિના પરિણામ નથી, અલૌકિક જાતિના એ પરિણામ છે.

પ્રશ્ન :– એની ઝલક – નમૂનો ચોથા ગુણસ્થાને જ્ઞાની ધર્માત્માને હોય છે ?

સમાધાન :– હા, પણ એ તો જરા પ્રયત્નથી ઓળખવું પડે એવો વિષય છે. ચોથા ગુણસ્થાને પણ વીતરાગી દશા છે પણ જઘન્યદશા છે અને પૂર્વકર્મને લઈને ચિત્ર–વિચિત્ર પ્રકારના સંયોગોમાં સમ્યક્દૃષ્ટિઓ એ સંયોગોની વચ્ચે ઊભેલા જોવાય છે. કોઈ અત્યંત દરિદ્રી હોય, કોઈ ચક્રવર્તી હોય, કોઈ તિર્યંચ હોય, કોઈ દેવ હોય, કોઈ નારકી હોય, કોઈ મનુષ્ય હોય. પૂર્વકર્મ અનુસાર ગમે ત્યાં સમ્યક્ ઊપજે, વીતરાગી દશા પ્રગટ થાય (એને) ઓળખવા માટે બહુ તૈયારી જોઈએ. પણ મુનિરાજની દશા એવી છે કે એમની વીતરાગતા એ નીતરતી વીતરાગતા છે, બહાર ટપકતી વીતરાગતા છે. એ વીતરાગતા, એમની શાંતતા અને વીતરાગતા તિર્યંચને પણ... જુઓને ! આ ચિત્રો હોય છે ને ? મુનિરાજ જંગલમાં બિરાજમાન હોય, બાજુમાં વાઘ આવીને બેઠો હોય. જંગલી પ્રાણી છે. ક્રોધના ફળમાં ક્રોધ પ્રકૃતિવાળા પ્રાણી (થયા) છે. ક્રોધના ફળમાં ઉત્પન્ન થયેલી પર્યાય એવા ક્રોધ પ્રકૃતિવાળા પ્રાણી છે. પણ મુનિરાજની શાંત દશા જોઈને ઘડીભર ઈ પણ ઠરી જાય છે. પાસે આવીને બેસે. કોઈ ઉપદ્રવ પણ કરી બેસે. પણ એ શાંતિથી બેસે કે ઉપદ્રવ કરી બેસે મુનિરાજને એનો કાંઈ વિકલ્પ નથી. એમની

અનુકૂળતા-પ્રતિકૂળતાનો કોઈ વિકલ્પ એમને નથી.

**'મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે.'** વીતરાગ માર્ગના મુનિરાજ આવા હોય છે. 'ગુરુદેવ' તો એમ કહેતાં કે આ હાલતા ચાલતા સિદ્ધ છે! સિદ્ધ તો ઉપર સ્વ-સ્થાનમાંથી ક્યારેય પણ ખસતા નથી અને અશરીરી હોવાથી ચક્ષુઇન્દ્રિય દ્વારા જેના દર્શન ન થઈ શકે, એવી મૂર્તિ છે સિદ્ધ ભગવાનની કે જે ચક્ષુઇન્દ્રિયથી અરિહંતના દર્શન થાય, સિદ્ધ ભગવાનના દર્શન ન થાય. તોપણ કહે કે, તમારે સિદ્ધ ભગવાન જોવા છે ? અને તે હાલતા ચાલતા જોવા છે ? (તો) આ વીતરાગી ભાવલિંગી દિગંબર મુનિ છે એ હાલતા ચાલતા સિદ્ધ છે. એવી વીતરાગતાની મસ્તીમાં (છે). ચાલે તોપણ વીતરાગતાની મસ્તીમાં ચાલે છે. અહીંયાં તો ઈ જ કહેશે. બધું સ્વરૂપમાં જ કરે છે. એમનું આસન પણ સ્વરૂપ છે ને નિદ્રા પણ સ્વરૂપ છે ને આહાર પણ સ્વરૂપ છે ને બધું સ્વરૂપ જ છે. એ તો બોલ છે આ.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા કે, જુઓ આ સિદ્ધ ભગવાન ચાલ્યા જાય!

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઠરેલ છે ને ! મન-વચન-કાયાના યોગ એકદમ ઠરેલ છે. એ અણસાર છે એમાં. ઈ મુનિરાજનો અણસાર છે એટલે એમ કહ્યું. ભલે સમ્યક્દૃષ્ટિ છે પણ મુનિરાજનો અણસાર છે. પોતાના સ્વરૂપના ધ્યાનમાંથી જાણે નીકળતા નથી. ભલે ઉપયોગ થોડો બહાર જાય છે તોપણ એમ કહે છે કે એ સ્વરૂપમંથર થઈ ગયા છે. જાણે મુનિરાજ તો સ્વરૂપમાં લીન થઈ ગયા છે. બહારની આસક્તિ તોડી નાખી છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કહેતા હતા કે આવા મુનિરાજના દર્શન થાય તો એના તળિયા ચાટીએ !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવી મુનિભક્તિ હતી 'ગુરુદેવ'ની ! આમ બહારમાં ત્યાગીનો વેશ હતો પણ એ તો શું છે કે પહેલા સ્થાનકવાસીમાં દીક્ષા લઈ લીધેલી એટલે એ ને એ, એમ ને એમ કપડાં રાખ્યા. બાકી પોતે મુનિદશામાં નહોતા એવું એમને દીક્ષા લીધા પછી જ્ઞાન અને ભાન થયું કે, આ મુનિદશા નથી. મુનિદશા તો કોઈ અંતર રમણતાની અલૌકિક દશા છે. જેના વિકલ્પ કેટલા

મર્યાદિત થાય છે, જેનો જિનોક્ત વ્યવહાર એ પણ અત્યારે સામાન્ય જોવા ન મળે એવો વ્યવહાર છે. અત્યારે તો એ વ્યવહાર પણ જોવા મળતો નથી. અંદરની નિશ્ચય પરિણતિ તો લાવવી ક્યાંથી ? એટલે એવી મુનિદશાની અભિલાષા અને ભાવનામાં એમ કહેતા કે, આવા કોઈ ભાવલિંગી મુનિના દર્શન થાય તો એના પગના તળિયા ચાટીએ. એટલી ભક્તિ ! મુનિની એટલી ભક્તિ ! મુનિરાજ પ્રત્યેની (ભક્તિ) વ્યક્ત કરતા હતા.

પ્રશ્ન :– મુનિરાજને ઉપસર્ગ થાય અને લોહી નીકળતું હોય ને આયુષ્ય મોટું હોય તો એમને શું થતું હશે ?

સમાધાન :– કાંઈ નહીં, નીકળ્યા કરે. કોઈ શ્રાવક મળી જાય કે કોઈ દેવ કે મનુષ્ય આવીને કોઈ ઉપચાર કરે તો ભલે કરે, નહીંતર એ લોહી પોતે બંધ ન કરે. જંગલમાં કાળોતરો જંગલી વીંછી થાય છે, શહેરનો નહીં. કાળો ઝેરી હોય. જેમ સર્પ કરડે ને માણસ મરી જાય એમ વીંછી કરડે તો માણસ મરી જાય. એ ચાલ્યો આવતો હોય, શરીર ઉપર ચડે, આંકડો ભીડે ત્યાં સુધી ખબર પડે તો મુનિ એને આઘો ન કરે. પોતે આઘા ખસે નહીં ને એને આઘો કરે નહીં. એ આંકડો ભીડાવી અને ડંખ મારે; એને ડંખ માર્યો એમ કહેવાય, તો એ જ્ઞાતાદૃષ્ટા આનંદ સ્વરૂપમાં અંદરથી આનંદ; લોહીનો ફુવારો છૂટે એમ આનંદનો ફુવારો છૂટે. અહીંયાં લોહીનો ફુવારો છૂટે તો અંદરમાંથી આનંદનો ફુવારો છૂટે, આનંદના ફુવારામાં અંદર લીન થાય. એને એટલો વિકલ્પ આવે જ નહીં કે, આને આમ આઘો કાઢું. આ મને કરડે છે એવો વિકલ્પ ન આવે. શરીરને કરડે છે મારા જ્ઞાનનું જ્ઞેય છે. શરીર જેટલું જ્ઞેય છે એટલો જ આ વીંછી જ્ઞેય છે. બન્ને સરખા જ્ઞેય છે. સમ પરિણામ છે એના. આ મને પ્રતિકૂળતા દેનાર છે એવા વિષમ પરિણામ નથી. એ જાતનો વિકલ્પ જ ન આવે. વિકલ્પ આવે ને દબાવે – દમન કરે એમ નહીં. એવી દશા નથી કે વિકલ્પ તો આવે પણ પોતે એમ કે હું તો જૈન મુનિ છું, મારાથી આવો વ્યવહાર ન થાય કે પ્રતિકૂળતાને હડસેલો મારવો, માટે (મારે) એમ ન કરવું. કેમકે હું જૈન મુનિ છું. એવો વિકલ્પ નથી. એ જોવે છે અને સીધા સ્વરૂપમાં લીન થાય છે. ઉપયોગ જાય તો સ્વરૂપમાં

લીન થાય. ઉપયોગ ત્યાંથી ખસી જાય. બહારમાં સંયોગ ઉપરથી ઉપયોગ ખસીને અંદરમાં ભિન્ન ચૈતન્ય ચોસલું આખું, ચૈતન્યની પાટ આત્મા છે, શરીરથી ભિન્ન ચૈતન્યગોળો છે (એ) જુદો પડી જાય. એવી અલૌકિકદશા છે મુનિરાજની !

પ્રશ્ન :– જ્ઞાનમાં જણાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– જણાય છે એટલે ?

મુમુક્ષુ :– આ જે વેદના છે ઈ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, ખ્યાલમાં આવે. વિકલ્પમાં આવે ત્યારે ખ્યાલમાં આવે. જ્યારે વિકલ્પમાં આવે ત્યારે ખ્યાલ આવે ખરો કે, શરીરને આ શિયાળીયા ખાય છે કે વાઘ ખાય છે કે વીંછી કે સર્પ કરડે છે – ઈ ખબર પડે. ખબર ન પડે તો તો એમ થાય કે ઈ તો એને ખબર નથી ને અજાણ્યા છે એટલે નથી ખબર, શું કરે ? બેભાનદશા (છે) એવું નથી કાંઈ. જાગૃતદશા છે પણ ચૈતન્યમાં જાગૃતિ છે, શરીરમાં એની જાગૃતિ નથી. સાવધાની ચૈતન્યમાં છે, શરીરમાં નથી.

એવો અનુભવ કરે છે કે મારા આત્મપ્રદેશને આ કોઈ પ્રાણી સ્પર્શી શકતા નથી. એવો અનુભવ કરે છે. ખરેખર સ્પર્શી શકતા નથી અને એવો જ એ અનુભવ કરે છે. મારા જ્ઞાનને અને મારા આનંદને આ કોઈ સ્પર્શી શકતા નથી. મારું અખંડ સ્વરૂપ એમ ને એમ અખંડ રહે છે. મારા અભેદ અનુભૂતિ સ્વરૂપમાં કોઈ વિક્ષેપ કરવા સમર્થ નથી. જગતના કોઈ સંયોગો આમાં વિક્ષેપ પાડી શકે નહીં એવો પોતે પ્રત્યક્ષ અનુભવ કરે છે અને એ અનુભવમાં એ બરાબર સ્થિર રહે છે એનું નામ મુનિદશા છે. સ્થિરતારૂપ દશાનું નામ મુનિદશા છે. નીચે શ્રાવકને અને સમ્યક્દૃષ્ટિને અસ્થિરતા છે. મુનિરાજને અસ્થિરતા આવતી નથી.

એ કર્મના ઉદય, કર્મના ફળ છે એ તો રમતાં રમતાં એનો નાશ કરે છે. પૂર્વકર્મનો ઉદય આવે છે (એમાં) પ્રતિકૂળતાઓ–અનુકૂળતાઓ ગમે તે આવે. ઉપરથી ઇન્દ્રો આવીને નમસ્કાર, વંદન કરે, પૂજા-ભક્તિ કરે, ચક્રવર્તીઓ આવીને એમની પૂજા, ભક્તિ કરે (તોપણ એની) સામું જોતા નથી. એ કર્મફળ છે અને એનો એ નાશ કરે છે. પ્રતિકૂળતાનો પણ નાશ કરે છે અને અનુકૂળતાના કર્મફળનો પણ એ નાશ કરે છે. સ્વરૂપમાં લીન રહીને નાશ કરે છે.

**'કર્મના ફળનો નાશ કરે છે. બહારમાં આસક્તિ હતી...'** ચોથા-પાંચમાં ગુણસ્થાને જે આસક્તિ હતી એ હવે તોડી નાખી છે, એ આસક્તિ તૂટી ગઈ છે. હવે જગતમાં અનુકૂળ-પ્રતિકૂળ પદાર્થો (સામે આવે તોપણ) કોઈ પદાર્થોને વિશે એવી કલ્પના થતી નથી, એ તો કલ્પના હતી. પદાર્થો અનુકૂળ- પ્રતિકૂળ નહોતા પણ એ કલ્પના હતી. **'તે તોડી સ્વરૂપમાં મંથર – સ્વરૂપમાં લીન – થઈ ગયા છે.' 'સ્વરૂપમાં મંથર'** મંથરનો અર્થ થાય છે આળસું. સ્વરૂપમાંથી બહાર ન નીકળે. મંથર, બરાબર શબ્દ છે. સ્વરૂપમંથર કહેવાય છે. મુનિરાજને સ્વરૂપમંથર એવું વિશેષણ લાગુ પડે છે.

જેમ કોઈ બહુ આળસું હોય, કોઈ કામ કરવું ગમે જ નહીં. એને આળસને વશ કામ કરવું બોજો લાગે, માણસ પડ્યો જ રહે એમ આ સ્વરૂપમાં પડ્યા જ રહે છે. બહાર નીકળવું એમને ગમતું નથી. કોઈ જવાબદારી લે નહીં, કોઈ કામની જવાબદારી લે નહીં, કોઈ કામ માથે રાખે નહીં. એક આત્મરમણતામાં (રહે છે), બસ ! પોતાના પ્રચુર વીતરાગભાવની અંદર સ્વરૂપને વીતરાગભાવે જોવે છે લ્યો ! સ્વરૂપનું અવલોકન પણ, અનુભવ પણ વીતરાગભાવે કરે છે. લીન થઈ ગયા છે. સ્વરૂપમાં મંથર થઈ ગયા છે અથવા સ્વરૂપમાં લીન થઈ ગયા છે. એવી એકાગ્રતા વર્તે છે.

**'સ્વરૂપ જ તેમનું આસન,...'** છે. ક્યાં બેસે છે એ ? જંગલમાં બેસે છે કે ગુફામાં બેસે છે એ વ્યવહાર છે. સ્મશાનમાં જઈને ધ્યાન કરવા બેસે છે. રાત્રી પડે તો રાત્રે સ્મશાનમાં જાય. દિવસે તો કોઈને કોઈનું મરણ થયું હોય તો લોકો આવીને અગ્નિદાહ અને સંસ્કાર કરે એટલે ત્યાં એકાંત ન મળે પણ રાત્રે અંતિમક્રિયા નથી કરવામાં આવતી. મોડી રાત થાય (અને) કોઈનું નિધન થયું હોય તો (એમ નક્કી કરે કે), હવે સવારે અંતિમ ક્રિયા કરી નાખશું, રાત મોડી થઈ ગઈ છે. એ મોડી રાત્રે એકાંત(માં) જ્યાં કોઈનો પગરવ ન હોય ત્યાં જઈને ધ્યાન કરે. લોકો જ્યાં જતા ભય પામે ત્યાં મુનિરાજ નિર્ભય છે. એમને કોઈ ભય થતો નથી. સ્વરૂપને વિશે નિઃશંક છે અને નિઃશંક છે તેથી નિર્ભય છે. નિર્ભય છે એટલે એમને નિસંગતા બરાબર રહી શકે છે. કોઈનો

સંગ કરવાની જરૂર નથી. બે જણા સાથે હોય તો ઠીક. સ્મશાનમાં જાઈએ તો બે જણા સાથે હોય તો ઠીક એ મુનિરાજને નથી.

સ્મશાનમાં તો ભૂત-પ્રેત થતા હોય ને ? ઈ બધી વાતો અને કલ્પના છે. મુનિરાજની તો એવી પવિત્ર દશા છે કે ભૂતડા-પ્રેતડા કોઈ થયા હોય તો એ તો અપવિત્ર ભાવને લઈને હલકી ગતિને પામ્યા છે. ઈ તો બિચારા નજીક આવી શકે નહીં, એમની સમીપ પણ આવી શકે નહીં. પણ એ વિકલ્પ નથી, એવો કોઈ વિકલ્પ નથી, ભયનો વિકલ્પ સુદ્ધાં પણ એમને નથી હોતો. સ્વરૂપ જ તેમનું આસન છે. બસ ! આસન જમાવી દીધું છે. સ્વરૂપમાં લીનતાથી આસન જમાવી દીધું છે. એ સ્વરૂપમાં બેઠા છે ત્યાંથી ઊભા થતાં નથી.

પ્રશ્ન :– આ એક જ કામ ?

સમાધાન :– ચોવીસ કલાક એક કામ છે અને એ એક કામ પાછળ એ કાંઈ બીજું કામ માથે લેતા નથી. નિદ્રા પણ પૂરી લેતા નથી. નિદ્રા એમને આવતી જ નથી. લેતા નથી શું આવતી જ નથી. એવા પોતાનું કામ પૂરું કરવા પાછળ દિન-રાત લાગી ગયા છે કે હવે નિદ્રા આવતી નથી.

મુમુક્ષુ :– એ આત્મા કેવો !

પૂજ્ય ભાઈશ્રી :– એવો જાગૃત આત્મા થઈ ગયો. ચૈતન્યની જળહળતી જ્યોત અંદરમાં જાગી ગઈ. હવે એ પૂર્ણ થયે છૂટકો છે. એ પૂર્ણતાના પુરુષાર્થમાં લાગેલા છે.

**'સ્વરૂપ જ તેમનું આસન, સ્વરૂપ જ નિદ્રા છે.'** નિદ્રા ગણો તોપણ સ્વરૂપ છે. જેમ માણસ નિદ્રામાં પડી જાય છે એમ (મુનિરાજ) સ્વરૂપમાં લીન રહી જાય છે. બહારની નિદ્રા-ફિદ્રા એમને આવતી નથી. અડધી રાત પછી કોઈ વાર જરાક વિકલ્પ આવે. રોજ સૂવે એમ નહીં. માણસ તો રોજ સૂઈ જાય. મુનિરાજને એવું નહીં. કોઈ વાર વિકલ્પ હોય તો આડે પડખે થાય. પણ એ કાગ જેવી ઉપરછલ્લી નીંદર (હોય છે). સૂતા સૂતા પણ સ્વરૂપમાં લીન થઈ જાય. બેઠા બેઠા, ખાતા ખાતા, (પીતા) પીતા, બોલતા બોલતા, ચાલતા ચાલતા ગમે ઈ ક્રિયા કરતાં ઉપયોગ છૂટો પડી જાય છે. એવી દશા કેળવાઈ ગઈ છે, સહજ

એવી દશા કેળવાઈ ગઈ છે. વિકલ્પ કરવો પડતો નથી કે હું અંદરમાં એકાગ્ર થઈ જઉં તો સારું. હવે મારે એકાગ્ર થવા માટે પુરુષાર્થ કરવો છે એવો વિકલ્પ કરવો પડતો નથી.

સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં; કોઈપણ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં સ્વરૂપમાં એ જામતા જાય છે. એમનું આસન પણ સ્વરૂપ છે, એમની નિદ્રા પણ સ્વરૂપ છે અને એમનો આહાર પણ સ્વરૂપ છે. આનંદનો આહાર લ્યે છે. આનંદામૃત નિત્ય ભોજી. આનંદ અમૃતનું ભોજન કરે છે. પુદ્ગલના કોળિયાનું આહારનું ભોજન કરે છે એના ઉપર તો ઉપયોગ જ નથી. આ ખાવા-પીવામાં માણસને ચીકણા પરિણામ હોય છે એણે વિચાર કરવા જેવો વિષય છે. જરાક થોડુંક ફેરફારવાળું બને (તો એમ કહે) આ દાળ કેમ આવી બની છે ? મીઠું કેમ ઓછું છે ? મરચું કેમ ઓછું છે ? આમાં કાંઈક ખટાશ ઓછી પડી લાગે છે કે ગોળ કે ખાંડ ઓછી પડી લાગે છે. બધી ઝીણી ઝીણી ખબર પડે. કેમકે ઉપયોગ ત્યાં ઘૂસી જાય છે કે આમ કેમ છે ? એની કલ્પના પ્રમાણે એનું માપ આવે તો એને એમ થાય કે ના, આ બધું બરાબર છે. હવે બરાબર બન્યું છે. આ જમે છે ને લોકો ? મસાલેદાર, ચટકદાર રસોઈ જોઈએ. એમાં ફેરફાર હોય તો નથી ફાવતું.

આ તો કહે છે કે એમને ખબર જ નથી હોતી (કે) શું ખાધું અને શું ન ખાધું ? જાણે ખબર જ નથી. એવા ઉપરછલ્લા ઉપયોગ હોય છે. એટલે એમનો એ આહાર નથી. એ પુદ્ગલનો આહાર એ એમનો આહાર નથી. કેમકે એનો એ સ્વાદ લેતા નથી. અંદરમાં આનંદ, આત્માના આનંદનો અને શાંતિનો સ્વાદ લ્યે છે. એટલે એ જ એમનો આહાર છે. સ્વરૂપ જ એમનો આહાર છે. એનાથી એ પુષ્ટ થાય છે. એમનો આત્મા – પરિણતિ પુષ્ટ થાય છે, વીતરાગભાવ પુષ્ટ થાય છે. સ્વરૂપ તો પૂર્ણ છે પણ પોતાના પરિણામની અંદર પુષ્ટી થાય છે.

જેમ માણસ આહાર લે તો એનું શરીર પુષ્ટ થાય છે. એ પુષ્ટી નહીં, એ તો કલ્પનામાત્ર છે. સ્વરૂપનો આનંદનો આહાર લેતા લેતા વીતરાગ ભાવનો સ્વાદ લેતા લેતા, અનુભવ લેતા લેતા એ અતિ ગાઢ, અવગાઢ થાય, પ્રગાઢ

દશા થતી જાય એવો એમનો આહાર છે. વારંવાર એવા અનુભવથી એ પોતાની દશાને વધારે ઘન કરે છે, એ ઘનિષ્ટ દશા થાય છે એને વિજ્ઞાનઘન દશા કહેવામાં આવે છે. આનંદઘન થાય છે, વિજ્ઞાનઘન થાય છે. એવું સ્વરૂપ જ એમનો આહાર છે.

જુઓ ! આવા મુનિ અત્યારે દેખાતા નથી તોપણ વર્ણન કર્યું છે ! પોતાને તો જાતિસ્મરણમાં સ્પષ્ટ છે. પણ એ તો જાતિસ્મરણ હોય એને (સ્પષ્ટ હોય એમ નહીં) ન હોય તોપણ સમ્યક્દૃષ્ટિ મુનિનું આવું જ વર્ણન કરે. મુનિ ન જોયા હોય તોપણ મુનિદશા કેવી હોય એનું જ્ઞાન હોય છે. અરિહંતદશા કેવી હોય એનું જ્ઞાન હોય છે. અનુભવ થતાં પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપી આત્માનો સ્વ-સ્વરૂપે, પોતાસ્વરૂપે અનુભવ થયો એમાં મુનિદશા અને અરિહંતદશાનું જ્ઞાન થઈ ગયું. સંવર, નિર્જરા અને મોક્ષતત્ત્વનું જ્ઞાન થઈ ગયું, ભાવભાસન થઈ ગયું. કેવો ભાવ હોય એનું જ્ઞાનમાં બરાબર અવભાસન આવે છે. એટલે ભલે અત્યારે આવા મુનિ પ્રત્યક્ષ નથી, તોપણ મુનિ આવા જ હોય. જાણે સામે ઊભા હોય ને જોઈ જોઈને વાત કરતા હોય ! એવી રીતે મુનિદશાને કહી શકે છે.

**'તેઓ સ્વરૂપમાં જ લીલા, સ્વરૂપમાં જ વિચરણ કરે છે.'** સ્વરૂપમાં લીલા કરે છે એટલે સ્વરૂપમાં વિચરણ કરે છે. બહારમાં એક સ્થાનથી બીજા સ્થાને વિહાર કરે એ વ્યવહાર છે પણ ખરેખર તો એ સ્વરૂપવિહારી છે. આત્માના આનંદમાં વિહાર કરનારા છે. બહારની તો કહેવાની વાત છે પણ એ તો નીકળ્યા જ નથી એમાંથી. પોતાના સ્વરૂપમાંથી નીકળતા નથી, નીકળ્યા જ નથી, ત્યાં ને ત્યાં રમે છે. એવું એમનું વિચરણ છે અથવા આચરણ છે.

**'સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી...'** શ્રામણ્ય એટલે સાધુદશા, પૂર્ણ સાધુદશા. એ અરિહંત દશાને પૂર્ણ સાધુદશા કહેવાય છે. આમાં આવ્યું છે - ચોથો ભાગ બહાર પડ્યો ને? 'વચનામૃત પ્રવચન'માં એક પ્રવચનમાં આવ્યું છે કે, સમ્યક્દૃષ્ટિ જિન છે, મુનિરાજ છે તે જિનવર છે અને અરિહંત તીર્થંકર પરમાત્મા જિનવરવૃષભ છે. ત્રણ શબ્દો લીધા છે. જિન, જિનવર અને જિનવરવૃષભ. ત્રણ શબ્દો લીધા છે. સમ્યક્દૃષ્ટિ થયા એ જિન થયા, એમાં જે જિનની અંદર જે આગળ વધ્યા,

વર એટલે ઉત્તમ, તે જિનવર થયા, મુનિરાજ તે જિનવર થયા અને એની અંદર જે સર્વોત્કૃષ્ટ થયા, ઉત્કૃષ્ટ થયા તેને વૃષભ કહેવામાં આવે છે. એ જિનવરવૃષભ છે. સર્વ મુનિઓની અંદર જે અરિંહત છે, તીર્થંકર થયા, તેરમે ગુણસ્થાને પ્રાપ્ત થયા એને જિનવરવૃષભ કહેવામાં આવે છે. 'ગુરુદેવશ્રી' એ પોતે પ્રવચનની અંદર ત્રણ શબ્દો લીધા છે. એ સમ્યક્દૃષ્ટિ જિન છે એ વાત 'ધવલ'માંથી નીકળે છે. 'ધવલ'માં અને 'ગોમટ્ટસાર'માં એ વાત લીધી છે.

અહીંયાં કહે છે કે, **'સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટાવી તેઓ લીલામાત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવે છે.'** રમત કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રગટાવે છે એમ કહે છે. એવી આત્મરમણતાની રમઝટ બોલી છે. ક્ષણે ક્ષણે ઉપયોગ સ્વરૂપના ધ્યાનમાં લાગી જાય છે (અને) કેવળજ્ઞાન પ્રગટાવે છે. એવી લીલા કરતાં કરતાં એ કેવળજ્ઞાનને પ્રગટાવે છે. ત્યાં સંપૂર્ણ શ્રામણ્ય દશા પ્રગટ થઈ. તે ખરી સાધુદશા છે.

લોકો તો બાહ્યાચરણને સાધુદશા કહે છે. અરિહંતદશા જ્યાં સંપૂર્ણ શ્રામણ્ય પ્રગટ્યું ત્યાં બાહ્ય આચરણ ખલાસ થયું. જેને જિનોક્ત વ્યવહાર કહીએ તે ઘટતો... ઘટતો... ઘટતો...ઘટતો... નાશ કરી નાખ્યો ત્યારે સંપૂર્ણ શ્રામણ્યદશા પ્રગટ થઈ. જોકે ભાવલિંગને જ શ્રામણ્ય કહ્યું છે. સાધુદશા-મુનિદશાનું ચિહ્ન તો ભાવલિંગ જ છે. આત્મરમણતા એ જ એમનું ચિહ્ન છે, એને જ મુનિદશા કહેવામાં આવે છે. એ દશા સંપૂર્ણ પ્રગટાવે છે, પ્રગટ થઈ જાય છે. લીલામાત્રમાં એટલે રમતમાત્રમાં સહજપણે શુક્લધ્યાનની શ્રેણી માંડીને, શ્રેણી માંડે એટલે ઉત્તરોત્તર લીનતાનું વૃદ્ધિગતપણું થાય છે. શુદ્ધ વીતરાગી ધ્યાન છે ઈ ઉજ્જવળથી અતિ ઉજ્જવળ શુદ્ધ થતું જાય છે એટલે એને શુક્લધ્યાન કહેવામાં આવે છે. એ પ્રગટ કરીને કેવળજ્ઞાનની દશાને મુનિરાજ પ્રાપ્ત કહે છે. એવી સાધકદશાને સાધુદશા કહી છે. આત્માને સાધે તે સાધુ. ઉત્કૃષ્ટપણે સાધે તે સાધુ.

મુમુક્ષુ :- મારે આવી અપૂર્વ દશા પ્રગટ કરવી છે...

પૂજ્ય ભાઈશ્રી :- એવી દશા પ્રગટ કરવા યોગ્ય જ છે, એની જ ભાવના ભાવવા યોગ્ય છે અને એવી જ દશા પ્રગટ કરવા યોગ્ય છે. એ ભાવનાનો

વિષય તો ઓછામાં ઓછો રહેવો જોઈએ. એવો વિષય છે.

રવિવારે ટેપ પ્રવચનમાં આવ્યું હતું, 'ગુરુદેવે' (એમના ગુરુભાઈને) પૂછ્યું (હતું). સંપ્રદાયમાં દીક્ષા લીધા પછી બધા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે મુનિરાજ તો નવ કોટિએ આહારના પચ્ચખાણ લે છે. ઉદ્દેશીક આહાર ન લેવાય એના નવ કોટિએ પચ્ચખાણ, બ્રહ્મચર્ય આદિના નવ કોટિએ (પચ્ચખાણ લે છે). ('ગુરુદેવશ્રી') વ્હોરવા જાય તો કોઈને ત્યાં કહેવડાવે નહીં, ગમે ત્યાં જઈને ઊભા રહે, વસ્ત્ર-પાત્ર હતા, પાત્રામાં લઈ લે, પણ ઈ ગમે ત્યાં જઈને ઊભા રહે. કોઈ દિવસ કોઈને ત્યાં અગાઉથી નક્કી ન રાખે કેમકે ઉદ્દેશિક આહાર ન લેવાય એવો ખ્યાલ હતો. એમને ઈ વિચાર આવ્યો કે આહાર તો ભલે ઉદ્દેશિક ન લેવાય પણ અપાસરામાં રહીએ છીએ ઈ તો આપણા માટે બનાવ્યો છે, મહારાજને ઊતરવા માટે તો અપાસરો બનાવ્યો છે. ગુરુને જઈને પૂછ્યું. આ વખતના પ્રવચનમાં આવ્યું હતું કે આપણે આ ઉપાશ્રયમાં રહીએ છીએ તો આપણા માટે આ મકાન બનાવેલું છે તો નવ કોટિમાંથી કઈ કોટિ તૂટે છે? એમ ગુરુને પ્રશ્ન કર્યો કે નવ કોટિમાંથી કઈ કોટિ તૂટે છે ? કે પોતાના માટે જે મકાન બનાવ્યું એનું અનુમોદન કર્યું. પોતે અહીંયાં નિવાસ કર્યો ત્યારે એવો ભાવ નથી કર્યો, વિકલ્પ એવો નથી કર્યો કે ભલે અમારા માટે મકાન બનાવ્યું પણ રહ્યા એટલે એમાં ઈ વાત આવી ગઈ. એમાં પોતે ઊતર્યા એટલે આ મકાન બનાવ્યું છે એની અનુમોદના થઈ ગઈ તો અનુમોદનની કોટિ તૂટે છે અને એક કોટિ તૂટી એટલે નવે નવ કોટિ તૂટી ગઈ. પ્રવચનમાં વાત લીધી હતી. મુનિરાજ કોઈ મકાનમાં ઊતરે નહીં, ઊતરે તો એની કોટિ તૂટી જાય છે. આમ વાત છે.

મુમુક્ષુ :- ઈ વખતે 'ગુરુદેવે' કેટલું Thinking કર્યું હશે !

પૂજ્ય ભાઈશ્રી :- તે દી' દીક્ષા લીધી પછી આ બધો વિચાર આવ્યો કે આ બધી ગડબડ છે. આમાં જે પચ્ચખાણ લે છે ઈ કાંઈ પાળવામાં આવતું નથી. બીજા તો છેતરાય છે, જગતની અંદર સમાજના બીજા ભોળા જીવો છે એ તો છેતરાય છે પણ આપણને ખબર પડી તો આપણા આત્માને છેતરવા જેવી વાત થઈ ગઈ. તો આત્માને છેતરે ઈ મુનિદશા તો નથી પણ ઈ તો શ્રાવકની

પણ દશા નથી ને સમ્યક્દૃષ્ટિની નથી ને આત્માર્થીની પણ નથી. પોતાને ખબર પડે કે આમાં મારા આત્માને જ હું છેતરું છું અને છતાં પણ એ છેતરવાનું ચાલુ રાખે તો આત્માર્થીપણું પણ ન રહે, મુમુક્ષુપણું ન રહે. સમ્યક્દૃષ્ટિ તો પછી થવાય, પછી શ્રાવક અને પછી મુનિ. આ તો ખોટું છે.

એટલે ઠેકાણે ઠેકાણે જઈને જે મોટી દીક્ષાવાળા જૂના વૃદ્ધ મહારાજ હોય એને જઈ જઈને પૂછવા માંડ્યા. (પછી ખબર પડી કે,) ઠીક ! આ તો બધા પોલ જ ચલાવે છે. આમાં આપણું કામ નહીં. આપણે તો આત્માનું (હિત) કરવા માટે દીક્ષા લીધી હતી અને આ તો બધું અંદર બીજું જ છે. આમાં આપણું કામ નહીં, આમાં આપણે રહેવું નથી ઈ નક્કી થઈ ગયું. શરૂ શરૂમાં જ પરિણામ ફરવા માંડ્યા.

એમાં પણ પ્રતિમાનો વિષય આવ્યો ત્યારે બહુ ચોંટ મારી કે આ તો ગજબ કરે છે ! સ્થાનકવાસી લોકો જિનેન્દ્ર પ્રતિમાનો નિષેધ કરે છે. આ તો ગજબની વાત છે ! આવડું મોટું પાપ તો થાય નહીં. આ કામ આપણું નહીં. પૂછ્યું, મહારાજો સાથે ચર્ચા કરી, જે જૂના હતા 'પુરુષોતમલાલજી' ને એવા બધાના નામ દેતા હતા. (એમને કહ્યું) (પ્રતિમાજી છે). આમાં શાસ્ત્રમાં તો (લખાણ છે), શ્વેતાંબરના શાસ્ત્રોમાં છે. દિગંબરના શાસ્ત્રોમાં પણ છે. એમાં જે ૪૫માંથી ૩૨ શાસ્ત્રો શ્વેતાંબરના પસંદ કર્યાં ઈ ૩૨માં પણ ક્યાંક ક્યાંક આવે છે. (તો ગુરુ મહારાજે કહ્યું) 'યક્ષની પ્રતિમા(ની વાત છે).' નહીં, યક્ષની પ્રતિમાનો શાસ્ત્રકાર આવો મહિમા કરે નહીં. જિનેન્દ્રની પ્રતિમાની વાત છે. પછી ખાનગીમાં (કહ્યું કે) હા, છે હોં ! પણ બોલાય એવું નથી, સંપ્રદાયમાં બોલીએ તો તોફાન થાય. અર..ર...! મારે ને તોફાનને શું લેવાદેવા ? સંપ્રદાય એના ઘરે પડ્યો.

એમનું તો બાહ્ય વ્યક્તિત્વ બહુ હતું, આચરણ બહુ કડક પાળતા હતા. જે સંપ્રદાયમાં (હતાં તે) લોકોને ખૂબ જ બહુમાન હતું. મારે માન-ફાનને શું કરવું છે ? મારે કાંઈ પૂજાવું નથી. છોડ્યો એ તો, સત્યની ખાતર ! સંપ્રદાય શું ચૌદ બ્રહ્માંડમાં ખળભળાટ થાય તો સત્યમાંથી ડગવાની વાત હોય શકે નહીં. એવો નિશ્ચય હોય છે.

મુમુક્ષુ :- એવો નિશ્ચય હોય એને સિદ્ધપદ મળે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો મૂળ તો શ્રદ્ધામાંથી અને નિર્ણયમાંથી જ બધું જન્મે છે. પાયો તો એ જ છે, શ્રદ્ધાનો પાયો છે. નિર્ણયપૂર્વક શ્રદ્ધા થાય છે એ પાયાની વાત છે. એટલે તો 'ટોડરમલજી'એ એ કહ્યું કે, સિદ્ધ પરમાત્મા સાદિ અનંતકાળ સિદ્ધ દશામાં ટકી રહ્યા છે એનું કારણ એમનું શુદ્ધ શ્રદ્ધાન છે – સમ્યક્દર્શન છે એ કારણ છે એમ લીધું છે. કેમકે એ મૂળ ચીજ છે. વૃક્ષ ઝંઝાવાતમાં ટકે (છે એ) ડાળા, પાંદડાંને લઈને નહીં, થડને લઈને નહીં, મૂળને લઈને ટકે છે. જેનું મૂળ મજબૂત (હોય એ પડે નહીં). નીચું વૃક્ષ હોય એ પડી જાય છે અને ઊંચું વૃક્ષ ન પડે. નહીંતર તો તોફાનની અંદર જેમ વૃક્ષ ઊંચું હોય એમ એને હવામાનનો ઝપાટો વધારે લાગે, ઝંઝાવાત એને વધારે સહન કરવા પડે. નાનું વૃક્ષ પડી જાય અને મોટું વૃક્ષ કેમ ન પડે ? કે નીચું હોવા છતાં એનું મૂળ મજબૂત નથી અને મોટું હોય એનું મૂળ મજબૂત હોય છે. નાળિયેરી ન પડે અને મોટું ઘેઘુર વડલા જેવું વૃક્ષ હોય તો ઊથલાવીને નાખે હેઠું ! જેનો થડનો ઘેરાવો બહુ મોટો હોય. એટલા મૂળિયા એના પ્રસર્યા હોય તો(પણ) ઈ પડી જાય પણ નાળિયેરી હોય તો ન પડે. દરિયાકાંઠે નાળિયેરી હોય છે. દરિયાકાંઠે તોફાન વધારે હોય છે નાળિયેરીના મોટા વનના જંગલના જંગલ હોય પણ નાળિયેરી ન પડે. આમ સીધી ઊભી જ છે તોપણ ! મૂળ ઉપર એનો આધાર છે. એમ આ સમ્યક્દર્શન એવું મૂળ છે. 'ધ્દ્ધૃદ્ધ્ત્ર્દ્ધ જલ્ઝ્દ્ધહ ક્ષ્દ્ધજજ્દ્ધહ' એમ નામ આવ્યું છે. મૂળ છે, મૂળ ધર્મ છે.

મુમુક્ષુ :- મુનિદશામાં વસ્ત્ર પહેરવામાં પણ નવ કોટિના પચ્ચખાણમાંથી એક કોટિ તૂટે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો તૂટી જ જાય. એ તો પ્રશ્ન (જ નથી). એ તો કલ્પના જ નથી થઈ શકે એવું. મુનિદશામાં વસ્ત્રની કલ્પના થવાનો પ્રશ્ન જ નથી. કલ્પના જ થઈ શકે એવું નથી. કેમકે એક વસ્ત્ર અંગીકાર કરતાં વસ્ત્રને સાફ કરવાની પરિસ્થિતિ ઊભી થયા વિના રહે નહીં. તો એને સાબુ, પાણી જોઈએ જ. ઓછામાં ઓછું સાબુ જોઈએ કે પાવડર જોઈએ. એ સાબુ માટે એની

વ્યવસ્થા રાખવી પડે. એ વગર માગ્યે કે વગર એની વ્યવસ્થા થયે, જો એની પૂર્વ વ્યવસ્થા ન ગોઠવાય તો શું દશા થાય? એટલે આરંભ પરિગ્રહ ઊભો થયા વગર રહે નહીં. વસ્ત્ર રાખે એટલે આરંભ પરિગ્રહ થાય, થાય ને થાય.

બીજું કે શરીરને ઠંડી ગરમીથી રક્ષણ કરવાનો પ્રશ્ન પણ આવ્યા વિના રહે નહીં શરીરને ડાંસ, મચ્છર અને બીજા જીવ-જીવાતથી પણ સુરક્ષિત રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય. તો એટલું દેહ પ્રત્યેનું મમત્વ મુનિદશાની અંદર કદી પણ બની શકતું નથી. ઈ તો દેહને જ પરિગ્રહ માને છે તો પછી આગળની વાત ક્યાં રહી ? એ પ્રશ્ન જ નથી. એવી સરાગી દશામાં મુનિદશા નથી હોતી.

છઠ્ઠા સાતમા ગુણસ્થાનની જે મુનિદશા છે એ એટલી સ્વરૂપ રમણતાવાળી છે કે એની અંદર આટલા વિકલ્પ પોસાય નહીં. પોતાને માટે આહાર-પાણીથી માંડીને, આહાર-પાણીનું દૃષ્ટાંત એટલા માટે લેવાય છે કે એને તો પ્રાણ સાથે સંબંધ છે, જેને પ્રાણ છૂટવા સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. છૂટે જ એવું કાંઈ નથી. એવી ચીજ પણ ઉદ્દેશિક ન લે તો પછી કપડા ને મકાનનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? બીજી ચીજનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? એમ કહેવું છે. બીજી કોઈ ચીજનો પ્રશ્ન રહેતો નથી. એની અંદર તો બધું આવી ગયું. એક પણ ચીજ(ની) એમના માટે વ્યવસ્થા કરવામાં, પૂર્વયોજિત વ્યવસ્થા કરવામાં આવે અને મુનિ એનો ઉપયોગ કરે, ઉપભોગ કરે એટલે સીધી એની અનુમોદના થઈ ગઈ અને એણે જે આરંભ પરિગ્રહનો નવ કોટિએ ત્યાગ કર્યો છે એ નવે નવ કોટિ તૂટી ગઈ, એક કોટિ અનુમોદનાની તૂટી એટલે નવે નવ કોટિ તૂટી ગઈ.

પ્રશ્ન :- ઘરના પાંચ Member છે. આજે મુનિ આવવાના છે તો છ જણનું બનાવે તો ?

સમાધાન :- છ જણનું બનાવે તો ઉદ્દેશિક થઈ ગયું. એ બનાવનારને દોષ છે. પાંચ જણની જેટલી રસોઈ બને એના કરતા આજે મુનિરાજને આહારદાન દેશું એ નિમિત્તે વધારે રસોઈ બનાવે તો એ બનાવનાર દોષિત છે. એને ખબર નથી કે મુનિ ઉદ્દેશિક આહાર લે નહીં ? એને ઉદ્દેશિને બનાવાય જ કેમ ? બનાવાય જ નહીં.

મુમુક્ષુ :- પાછળથી રસોઈ ઘટે ત્યારે શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- રસોઈ ઘટે તો એને તે દિવસે આનંદ થાય. ઊણો આહાર લેવાનો એને ગૌરવ અને આનંદ થાય કે આજ તો અમારા આનંદનો પાર નથી એમ એને થાય. જે મુનિરાજ (છે) એ તો ભગવાન સ્વરૂપ છે, મુનિ ભગવાન છે. મુનિ ભગવંતને આહાર દેતા આજે અમારે ઊણો આહાર લેવાનો યોગ થયો. ઊણો આહાર લીધો તો એની અંદર સાધના વધારે થશે, આળસ ઓછી થશે. એનું તો ગૌરવ હોય છે. એ વિશેષ ખુશીનો પ્રસંગ છે. પણ ખાવાની ગૃદ્ધિ હોય એને તો બીજો વિચાર આવે કે અરે..રે...! અમારું ઘટી જશે માટે પહેલેથી આપણે જાજું બનાવો, આપણે ન ઘટે. આપણે વાંહે (-પાછળ) વાંધો આવે નહીં. તો એ પહેલેથી જ એનું આહારનું ગૃદ્ધિપણું છે. આહાર દઈને તો પોતાનું ગૃદ્ધિપણું ઘટાડવાની વાત છે. આહારની ગૃદ્ધિ ઘટાડવાની વાત છે. એના બદલે પહેલેથી જ વધારે બનાવી રાખે કે, વાંહે (પાછળ) આપણે વાંધો આવે નહીં. ઈ બધી બહુ ખોટી લાઇન છે.

મુમુક્ષુ :- બહુ ગડબડ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ બધી ગડબડ છે. ખરેખર (તો) ભાવલિંગી મુનિને આહારનો પ્રસંગ ભાગ્યે જ બને. કેમકે એ તો જંગલમાંથી નગરમાં આહાર લેવા આવે તે 'દી વારો આવે. કોને ખબર કોનો વારો આવે ? કાંઈ એનું તો (નક્કી ન હોય). અભિગ્રહ હોય કોઈવાર તો કાંઈ આહાર લીધા વિના પણ પાછા ચાલ્યા જાય. અભિગ્રહ ધારણ કર્યો હોય તો (પાછા ચાલ્યા જાય). જો કોઈને આહારદાનનો પ્રસંગ બને તો એને એટલો બધો આનંદ અને ખુશી હોય છે કે ઈ ખાવાનું જ ભૂલી જાય. ઓછો આહાર અને વધારે આહારનો એને વિકલ્પ જ નથી. એમ છે ખરેખર તો. એ બધી આખી લાઇન જ જૂદી છે. ૭૮ (બોલ પૂરો) થયો.

**શુદ્ધસ્વરૂપ આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે, પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે. જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર. યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા. ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે. અનેક જાતનાં કર્મનાં ઉદય, સત્તા, અનુભાગ તથા કર્મનિમિત્તક વિકલ્પ વગેરે તારાથી અત્યંત જુદાં છે. ૭૯.**

૭૯મો બોલ છે – ભેદજ્ઞાનના વિષયનો. મિથ્યાત્વ અને અજ્ઞાનદશામાં કેવો અનુભવ થાય છે એ પહેલા વાત કરે છે. આત્મા તો **'શુદ્ધસ્વરૂપ...'** છે. એને ખબર નથી હોં ! પણ આ તો જ્ઞાની કહે છે, એને તો **'આત્મામાં જાણે વિકાર અંદર પેસી (પ્રવેશી) કેમ ગયા હોય તેવું દેખાય છે,...'** દેખાય છે એટલે એવો અનુભવ થાય છે કે જાણે મારા આત્મામાં રાગ-દ્વેષ-મોહ આદિ વિકારીભાવ અંદર ગરી ગયા છે, આત્માની સાથે જડાઈ ગયા છે, અભેદ થઈ ગયા છે, તન્મય થઈ ગયા છે, હું જ આખો વિકારી થઈ ગયો છું એવો એને અનુભવ થાય છે, એવું એને દેખાય છે.

આત્મા તો શુદ્ધ સ્વરૂપ છે. મૂળ ચૈતન્ય ધાતુ આત્મા એ તો પરિપૂર્ણ શુદ્ધ વીતરાગ સ્વરૂપ છે. જેવા સિદ્ધ પરમાત્મા છે એવું સાક્ષાત સિદ્ધપદ અંદરમાં બિરાજમાન છે એને ભૂલી ગયો છે અને એક સમયના વિકારની દૃષ્ટિ છે. એક સમયની પર્યાયમાં જે વિકાર થાય છે એમાં હુંપણું (થાય છે) એનું નામ વિકારની દૃષ્ટિ છે. વિકારી દૃષ્ટિ છે એટલે આખેઆખો તન્મય થઈને હું રાગી, હું દ્વેષી, હું મોહી એમ આખેઆખો એને અનુભવ કરે છે.

'પરમાત્મ પ્રકાશ'માં એક દૃષ્ટાંત લીધું છે કે, જેમ કોઈ માણસના બે પગ

દોરી વડે બાંધવામાં આવે તો આખા માણસનું એક અંગ છે એને બંધન કર્યું છે. એક અંગમાં બંધન થયું. પગના અવયવને બાંધ્યા. એના હાથ ખુલ્લા છે, બીજા અવયવ ખુલ્લા છે. આખું શરીર અબંધ છે. તો જેને ખ્યાલ છે કે મારા હાથ ખુલ્લા છે એ હાથે કરીને પગની દોરી છોડી અને પગને પણ છૂટા કરી દચે છે. પણ જેને એવી ખબર ન પડે અને પગ બંધાતા એને એમ થઈ ગયું કે અરે...! હું બંધનમાં પડ્યો રે.. બંધનમાં પડ્યો, હું કેવી રીતે હાલીશ ને હું કેવી રીતે ખાઈ-પીશ ? હું કેવી રીતે બધું કામ કરીશ ? માંડે રોવા. કોઈ ગાંડો માણસ હોય પગ બાંધે ત્યાં રોવા માંડે કે અરે..રે...! મને બાંધ્યો રે... બાંધ્યો ! જાણે આખો બાંધ્યો !

એમ જીવની પર્યાય એક અંગ છે એમાં બંધભાવ છે. સામાન્ય – વિશેષાત્મક જે આત્મદ્રવ્ય છે તેમાં સામાન્ય અંગ તો ત્રિકાળ અબંધ દશાએ છે. હવે જે એક સમયનું પર્યાય અંગ છે એની સાથે, પરદ્રવ્ય સાથે સંબંધ કરીને અટકે છે, પ્રતિબદ્ધપણાને પામે છે, એ પ્રતિબદ્ધપણું એને ભાવબંધ કહેવામાં આવે છે. તો એક અંગ બંધાયેલું છે બાકી ખુલ્લો છે. જેને ભાન નથી કે બાકીમાં હું અબંધ છું એને હું આખેઆખો બંધાઈ ગયો, આખો રાગી થઈ ગયો, આખો દ્વેષી થઈ ગયો, આખો ક્રોધી થઈ ગયો એમ એને અનુભવ થાય છે, એવું એને દેખાય છે. એ એની ભ્રાંતિ છે, એ એનું અજ્ઞાન છે એમ કહે છે.

**'પણ ભેદજ્ઞાન પ્રગટ કરતાં...'** જો ભેદજ્ઞાન પ્રગટ કરવામાં આવે તો **'તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં પ્રતિબિંબરૂપ છે.'** ઠીક ! પર્યાયમાં પણ એક જ્ઞાનદર્પણ ચૈતન્યનો અરીસો છે, જ્ઞાનનો અરીસો છે. ખરેખર તો તારો રાગ તારા જ્ઞાનમાં પ્રતિબિંબ પામે છે ત્યારે જણાય છે, તો તારા જ્ઞાનમાં એ માત્ર જુદી ચીજનું પ્રતિબિંબ પડ્યું છે. એના બદલે તું જ્ઞાનદર્પણરૂપ તારા જ્ઞાનસ્વરૂપને ભૂલીને હું જ રાગી છું એવો અનુભવ કરે છો, એ અનુભવ છે એ ભેદજ્ઞાનની વિરુદ્ધનો અનુભવ છે.

ભેદજ્ઞાનથી જ્ઞાનનો જુદો અને રાગનો જ્ઞેય તરીકે જુદો અનુભવ કરવો જોઈએ. જુદાંપણાનો અનુભવ કરવો એને ભેદજ્ઞાન એમ કહેવામાં આવે છે. જુદાંપણાનું

જ્ઞાન તે ભેદજ્ઞાન. જુદું છે તેને જુદું જાણવું છે. જુદું નથી અને જુદું જાણવું એમ નથી. જુદું છે એને જુદું જાણ્યું ત્યારે એને જુદું નહોતો જાણતો એને જુદું પાડ્યું એમ કહેવામાં આવે છે. કેમકે પહેલા જુદું નહોતો જાણતો. એને જુદું પાડ્યું. પણ ખરેખર બે એક નહોતા થયા. એ તો જુદું હતું એને જુદું જાણતો નહોતો. એને જુદું જાણવું જોઈએ.

પ્રશ્ન :- અજ્ઞાનીને છે તો જુદું જ ?

સમાધાન :- બધાને જુદું જ છે. અજ્ઞાનીને જુદું છે પણ એને એમ છે કે ના, ના મારામાં રાગ ગરી ગયો છે. મારામાં એવો પેસી ગયો છે કે રાગ કાઢવો મુશ્કેલ છે. આ તે રાગ નીકળતો હશે ? આવો રાગ કાંઈ મટતો હશે અને નીકળતો હશે ? એને અશક્ય લાગે છે. એટલો બધો રાગ સાથેનો એકત્વભાવ એનો જડાઈ ગયો છે કે એને એમ લાગે છે કે આ રાગ કાંઈ નીકળતો હશે ? રાગ કોઈને મટ્યો ભાળ્યો છે ? આપણે તો કોઈને રાગ મટ્યો હોય એવા (કોઈ) દેખાતા નથી. બધા મારા જેવા રાગી જ દેખાય છે. એને તો એમ જ થાય. કેમકે હું રાગી છું અને બધાય રાગી છે. પોતાની દૃષ્ટિએ જ બધાને જોવે છે.

એને એમ કહે છે કે, જરાક ધીરો થઈને, શાંત થઈને, અંદરમાં બારીકાઈથી તપાસ કરીને, અવલોકન કરીને જો તો ખરો કે તારામાં જ્ઞાન છે એ દર્પણ જેવી ચીજ છે. એમાં રાગનું પ્રતિબિંબ પડે છે. જ્ઞાનમાં રાગનો પ્રવેશ થઈ શકતો નથી પણ માત્ર પ્રતિબિંબ પડે છે. અરીસામાં અગ્નિનું પ્રતિબિંબ પડે તો અરીસો કાંઈ ઊનો ન થાય અને બરફનું પ્રતિબિંબ પડે તો કાંઈ અરીસો ઠંડો ન થાય. એમ આ જ્ઞાન ખારું થાતું નથી, ખાટું થાતું નથી, ગળ્યું થાતું નથી, કડવું થાતું નથી, ઊનું થાતું નથી, ઠંડું થાતું નથી. આટલા આટલા શિયાળા ગયા, આટલા આટલા ઉનાળા ગયા, આટલું આટલું ખાટું, ખારું મે ખાધું, મારામાં ખારો, ગળ્યો રસ ઊતરી ગયો એવો બધો અનુભવ કર્યો પણ જ્ઞાન કોરેકોરું રહ્યું છે. તપાસ તો કર કે જ્ઞાનને કાંઈ અડ્યું નથી. પ્રતિબિંબ પડ્યું હતું એ પ્રતિબિંબ ભૂંસાઈ ગયું. અરીસામાંથી જેમ પ્રતિબિંબ ભૂંસાઈ જાય છે એમ જ્ઞાનમાંથી બધું ભૂંસાતું જાય છે. તારું જ્ઞાન તો સદાય અવિકાર સ્વરૂપ રહે છે, અવિકૃત સ્વરૂપ રહે

છે, જ્ઞાન વિકારી થતું નથી. વિકારી એવા ભાવોનું પ્રતિબિંબ પડે ત્યારે પણ જ્ઞાન વિકારી થતું નથી, અવિકૃતદશાએ રહે છે. કેમકે એવો જ એનો સ્વભાવ છે, એવું જ એનું સ્વરૂપ છે અને એ જ પોતે છે. એવું અવિકૃતપણે રહેવાનું પોતાનું સ્વરૂપ છે. રાગાદિ ભાવ એ પોતાનું મૂળ સ્વરૂપ નથી. એ બગડેલી દશાનો અંશ છે, વિકૃત થયેલું એક અંગ છે પણ એ ખરેખર મૂળ સ્વરૂપ નથી.

**'ભેદજ્ઞાન પ્રગટ કરતાં...'** અથવા જુદાં જ્ઞાનમાં જુદાંપણે રહેતા **'તેઓ જ્ઞાનરૂપી ચૈતન્ય- અરીસામાં,...'** તેઓ એટલે રાગાદિ ભાવ, વિકારીભાવ, અનેક પ્રકારના વિકારીભાવ **'જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં...'** એટલે પોતાના જ્ઞાનભાવમાં -- જ્ઞાનમયપણે પોતે છે એવા પોતાના જ્ઞાનસ્વરૂપમાં માત્ર **'પ્રતિબિંબરૂપે...'** જોવામાં આવે છે. હું જ્ઞાનબિંબ છું અને એ જ્ઞાનબિંબમાં રાગાદિના પ્રતિબિંબ છે, મારામાં ખરેખર એનો પ્રવેશ થતો નથી. અને એ પ્રતિબિંબ મારા જ્ઞાનની સ્વચ્છતાને અને શુદ્ધતાને લઈને છે. એ મારું સ્વરૂપ છે. સ્વચ્છ જ્ઞાન, શુદ્ધ જ્ઞાન એ મારું સ્વરૂપ છે કે જે સ્વચ્છતાને લઈને એમાં પ્રતિબિંબ પડે.

પોતે તો ચૈતન્ય-અરીસો છે એમ લેવું. હું ચૈતન્ય-અરીસો છું એમ એમાં અહંપણું કરવું, રાગાદિ તે હું નથી એમ જ્ઞાનમાં અહંપણું – પોતાનું અસ્તિત્વ જો ગ્રહણ થાય, અહંપણું એટલે હું છું, એમ પોતાનું છુંપણું અસ્તિત્વ ગ્રહણ થાય તો હું રાગપણે છું એ વાત મટી જાય. 'આ હું રાગી છું' એમ રાગમાં અસ્તિત્વ પકડ્યું છે. રાગમાં અસ્તિત્વ છે નહીં. અસ્તિત્વસ્વભાવ તો જ્ઞાનમાં છે પણ ભ્રાંતિએ કરીને 'હું રાગી છું' એમ રાગમાં અસ્તિત્વ પકડ્યું છે તો જ્ઞાનને ભૂલી જાય છે. હું ચૈતન્ય-દર્પણ છું એ વાત ભૂલાઈ જાય છે, એ ચૂકાઈ જવાય છે. જ્ઞાનમાં પોતે જ્ઞાનપણે હોવા છતાં એને ભૂલે છે કે નહીં ? એ અત્યારે તપાસે તો બરાબર એને સમજાય એવી વાત છે.

હવે કહે છે કે, **'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'** બે બોલ લીધા છે. જ્ઞાન અને વૈરાગ્ય. અહીંયાં જ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન નહીં. શાસ્ત્રના જ્ઞાનને અધ્યાત્મના પ્રકરણમાં જ્ઞાન કહેતા નથી. શાસ્ત્રના શબ્દોને અવલંબીને થયેલું જે જ્ઞાન, શાસ્ત્રને અનુસરીને ઉત્પન્ન થયેલું જ્ઞાન, પરલક્ષી જ્ઞાન

(થાય) એને અધ્યાત્મના પ્રકરણમાં જ્ઞાન નથી કહેતા. એ જ્ઞાન જ નથી. જેમ રાગ તે આત્મા નથી એમ આવું જ્ઞાન તે જ્ઞાન નથી. આત્માના જ્ઞાનને જ્ઞાન કહે છે, સ્વરૂપના જ્ઞાનને જ્ઞાન કહે છે. જ્ઞાનપિંડ આત્મામાંથી એને અનુસરીને ઉત્પન્ન થતું જ્ઞાન તે જ્ઞાન છે, અભેદજ્ઞાન તે જ્ઞાન છે, એવું જ્ઞાન એની અચિંત્ય શક્તિ છે. જ્ઞાનની પણ અચિંત્ય શક્તિ છે અને વૈરાગ્યની પણ અચિંત્ય શક્તિ છે.

વૈરાગ્ય એટલે રાગથી વિરક્તપણું (થાય) એને અહીંયાં વૈરાગ્ય કહે છે. લોકો તો બહારમાં કોઈ ત્યાગી થાય એને વૈરાગ્ય કહે છે. અધ્યાત્મમાં, રાગનો અધ્યાસ છૂટે, રાગમાં હુંપણાનો અધ્યાસ થતો એ છૂટતા અધ્યાસનો ત્યાગ થાય એને ખરેખર શ્રીજિન ત્યાગ કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ આ ત્યાગની વ્યાખ્યા કરી છે કે, દેહ તે હું છું અને રાગ તે હું છું તેવો દેહાધ્યાસ અને રાગાધ્યાસ છે તે અધ્યાસના ત્યાગને શ્રીજિને ત્યાગ કહ્યો છે. અહીંથી ત્યાગની શરૂઆત થાય છે. પ્રથમ ત્યાગ અહીંથી શરૂ થાય છે. એ પછી પરપદાર્થ પ્રત્યેનો વિકલ્પ મટે છે. તેથી પરપદાર્થને ગ્રહણ અને ભોગ-ઉપભોગ કરવાનો રાગ મટે છે. તેથી એ પદાર્થની ગ્રહણ થવાની પ્રક્રિયા નથી દેખાતી, થતી નથી એને પછી લોકોએ ત્યાગ કહ્યો છે પણ એ તો આત્મસ્થિરતાની, શુદ્ધતાની અને સ્થિરતાની ઘણી દશામાં વિકલ્પનો અભાવ થાય ત્યારે એ બાહ્યત્યાગ આવે છે. એમ થયા પહેલા એમ ને એમ એનો ત્યાગ કરી નાખે, વિકલ્પથી પચ્ચખાણ કરે એ ખરેખર ત્યાગ નથી અને એ ખરેખર વૈરાગ્ય નથી. કેમકે એમાં રાગરસ રહી જાય છે. ત્યાગ કર્યો છતાં તમે કેમ એને ના પડો છો ? આ સવાલ કરવા જેવો છે.

એક માણસે ધર્મબુદ્ધિથી કેટલાક વિષયનો ત્યાગ કર્યો તો એને ના કેમ પડાય કે એણે ત્યાગ નથી કર્યો ? એને ના પાડવાનું કારણ જ એ છે કે એ સંબંધીનો રાગરસ અધ્યાસિત પરિણામને લઈને એને રહી ગયો છે. જેનો રસ રહી જાય એ પદાર્થનો ત્યાગ કરે તો દશા ઊલટી થયા વિના રહે નહીં. અંદર રસ તો રહી ગયો. રસ છોડી ન શક્યો અને પદાર્થનો ત્યાગ કર્યો. એને એનો વિકલ્પ આવ્યા વિના રહેશે નહીં. એનો વિકલ્પ એને આવશે ને આવશે. પછી દમન

કરે (તે) બીજી વાત છે પણ એને ત્યાગ કહેવાતો નથી.

અંદરથી પહેલા રસ છોડવાનો જે ઉપાય છે એ ઉપાય(થી તેને) છોડીને અધ્યાસ છૂટી જાય પછી આત્મસ્વરૂપમાં, વીતરાગભાવમાં સ્થિરતા વધતી જાય અને રાગ ન ઊઠે. અને રાગ ન ઊઠે તેથી રાગના વિષયની ક્રિયા ન થાય ત્યારે એને ખરેખર ત્યાગ કહેવામાં આવે છે. એને આચરણનો ત્યાગ કહે છે. પણ પ્રથમમાં પ્રથમ રાગથી વિરક્ત દશા થાય એને વૈરાગ્ય કહે છે. ત્યાંથી શરૂઆત કરવી જોઈએ,

આત્માના જ્ઞાનથી જ્ઞાનની શરૂઆત કરવી જોઈએ અને રાગની વિરક્તદશાથી વૈરાગ્યની શરૂઆત કરવી જોઈએ, એ જ્ઞાન–વૈરાગ્યની કોઈ અચિંત્ય શક્તિ છે. એટલા માટે ચક્રવર્તીનું દૃષ્ટાંત એ જ્ઞાન-વૈરાગ્યની શક્તિને સમજાવવા માટે દેવાય છે. પૂર્વ પુણ્યના ઉદયને લઈને ચક્રવર્તીના ભોગ (ઉપલબ્ધ છે). 'ભરત' આદિ ચક્રવર્તી થયા, 'ભરત' મહારાજા! 'ઋષભદેવ' ભગવાનના પુત્ર છે એ પણ ચરમશરીરી અને મોક્ષગામી છે. (તેમને) છ ખંડની દોમદોમ સાહ્યબી છે, પાંચ ઇન્દ્રિયના વિષયની કોઈ ખામી નથી, ક્ષતિ નથી, કોઈ કમીના નથી છતાં એને એ પ્રત્યેનો રાગનો રસ ઉડી ગયો છે. ભોગ–ઉપભોગની વચ્ચે વિરક્તદશાની અંદર ક્યાંય એને થતું નથી કે, આ ઠીક છે. આ મને ઠીક છે એ વાત નથી. એવી વિરક્તદશા છે એટલે એ બંધાણા નહીં, એ સંયોગોના ઘેરાવા વચ્ચે રહીને બંધાણા નહીં ! ક્ષણમાત્રમાં બધું મૂકી દેતા વાર લાગી નહીં. જેવી અંદરમાં સ્થિરતા વધી... ધ્યાન તો કરતા હતા, યુદ્ધમાં હોય તોપણ ધ્યાન કરે અને સંસારના ભોગ–ઉપભોગમાં હોય તોપણ ધ્યાનસ્થદશામાં એકાંતમાં બેસીને ધ્યાન કરે. એટલી અંદરની સ્થિરતા વધારી દીધી (કે) એક ક્ષણમાં મુનિદશા લેતા વાર લાગી નહીં, મુનિદશા તો લેતા વાર લાગી નહીં પણ કેવળજ્ઞાન લેતા વાર લાગી નહીં !! મુનિદશા જેવી અંગીકાર કરી પંચ મહાવ્રત અને અઠ્ઠાવીસ મૂળગુણનો વ્યવહાર પાળવાની એમને સ્થિતિ જ ન આવી. સવિકલ્પદશામાં આવે તો એ વ્યવહાર પાળે ને ? વ્યવહાર તો વિકલ્પ દશાનો છે. સીધી નિર્વિકલ્પ દશાની શ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ કરી નાખ્યું ! એ રાજ-કાજની વચ્ચે રહીને વીતરાગતાની ઘનિષ્ટ

દશા ઉત્પન્ન કરી હતી. એટલે જ્યારે આસક્તિનો પ્રતિબંધ – ચારિત્રના આચરણનો દોષ હતો એ ચારિત્રના દોષની થોડી આસક્તિ હતી ત્યારે રાજ-કાજમાં હતા, એ જેવો પ્રતિબંધ તૂટ્યો તો ફડાક કેવળજ્ઞાન લઈ લીધું, વાર લાગી નથી ! ગૃહસ્થદશામાં રહીને એવી અંદરમાં મજબૂતાઈ – તૈયારી એવી કરી હતી. એને અહીંયાં અચિંત્ય દશા કહે છે.

મુમુક્ષુ :– 'ઋષભદેવ' ભગવાન અરિહંત અવસ્થામાં હોય... અને આ લડાઈ કરતા કરતા..

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ વિશિષ્ટતા છે ! આત્માની સ્વતંત્ર તાકાત છે. એમાં કાંઈ 'ઋષભદેવ' ભગવાનથી આગળ ન જવાય એવું કાંઈ લાગુ પડતું નથી.

મુમુક્ષુ :– 'બાહુબલી' ભગવાને મુનિદશામાં ઘણા વર્ષો કાઢ્યા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમણે મુનિદશામાં ઘણા વર્ષો કાઢ્યા.

મુમુક્ષુ :– રસ ઊડી ગયો હતો.

પૂજ્ય ભાઈશ્રી :– રસ પહેલેથી ફરી ગયો હતો અને અંદર જે રાગથી વિરક્તપણું હતું, રસ નહોતો અને જે સ્વરૂપધ્યાનમાં વારંવાર આવીને જે દશાની કેળવણી કરી હતી એ અસાધારણ વાત હતી ! 'ભરતેશ વૈભવ'માં એ અંગેના ઘણા સંકેત આવે છે કે ગૃહસ્થદશામાં રહીને એમણે કેટલી પોતાની વિજ્ઞાનઘન દશા ઉત્પન્ન કરી હતી કે જેવું મુનિપણું લીધું કે કેવળજ્ઞાન પ્રગટ કરી નાખ્યું. એ 'ભરતજી ગૃહ મેં વૈરાગી' (જે કહેવાય છે) એ અચિંત્ય શક્તિની અહીંયાં વાત કરી. જ્ઞાન–વૈરાગ્યની કોઈ અચિંત્ય શક્તિ છે.

(વિશેષ લઈશું...)

## તા. ૧૦-૦૪-૧૯૮૭, વચનામૃત–૭૯, ૮૦
## પ્રવચન નં. ૬૬

('બહેનશ્રીનાં વચનામૃત', ૭૯મો બોલ ચાલે છે). આ બોલનો વિષય ભેદજ્ઞાનનો છે. ભેદજ્ઞાન કેવી રીતે કરવું એ પહેલા કહ્યું. જેમ અરીસાની અંદર પ્રતિબિંબ પડે છે એમ આ જ્ઞાનરૂપી ચૈતન્ય-અરીસામાં રાગાદિ ભાવો અને અન્ય રૂપી પદાર્થોનું પ્રતિબિંબ પડે છે. એ પદાર્થો તને લાભ-નુકસાન નહીં કરતા હોવાથી ઉપેક્ષાનો વિષય છે અને એમાં અરસપણું – નિરસપણું (થાય) એ વૈરાગ્ય છે. એમ જાણીને કે એમાં લાભ-નુકસાન કાંઈ નથી. લાભ-નુકસાન જાણતા તો રાગ-દ્વેષનો અભિપ્રાય રહે છે અને જ્યાં રાગ-દ્વેષનો અભિપ્રાય રહે છે ત્યાં વૈરાગ્ય હોઈ શકતો નથી.

પર પદાર્થો મારા અનિષ્ટનું કારણ છે એમ જાણીને ત્યાગ કરે, જ્ઞાન વિના ત્યાગ કરે છે ઈ એવી રીતે કરે છે કે મને નુકસાનનું કારણ છે એમ જાણીને ત્યાગ કરે તો એ સાચો વૈરાગ્ય નથી. કેમકે બીજા પદાર્થને વિશે ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ રહી ગઈ અને એ બુદ્ધિ જ રાગ-દ્વેષની ઉત્પાદક છે. જ્ઞાન એટલે જ્ઞાતા-દૃષ્ટાપણું.

**'જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'** આ વચન છે એ બહુ માર્મિક વચન છે અથવા આમાં બહુ ઊંડી વાત કરી છે કે જ્ઞાતાદૃષ્ટા રહેવું, પર પદાર્થને વિશે વિરક્તપણે રહેવું, પોતાના રાગાદિ વિકલ્પના પરિણામ થાય એ વિશે પણ વિરક્ત રહેવું એ પ્રકારના પરિણામમાં શક્તિ પડી છે. એ

પ્રકારના જ્ઞાન અને વૈરાગ્યના પરિણામમાં કોઈ અચિંત્ય શક્તિ છે એમ કહેવું છે.

એ અચિંત્ય શક્તિ છે એટલે ચિંતવનથી પારનો વિષય છે તો સ્વાભાવિકપણે એ વાણીથી પણ પાર છે. જો મનથી પાર હોય તો વાણીથી પણ એ પાર જ હોય. પણ એવો જો જ્ઞાન–વૈરાગ્ય જીવને પ્રગટ થાય તો એની શક્તિનો પણ અનુભવ થાય. અને એ કેવી અચિંત્ય શક્તિ છે એ એને સમજાય, અનુભવથી સમજાય. જ્ઞાનમાં સમજાય એવો વિષય છે. માત્ર ચિંતવનનો ને મનનો વિષય નથી અથવા વાણીનો વિષય નથી. એવી કોઈ જ્ઞાન–વૈરાગ્યની અચિંત્ય શક્તિ છે.

સ્વ-પર પદાર્થનું સ્વરૂપજ્ઞાન અને સ્વ-પર પદાર્થના સ્વરૂપજ્ઞાનમાં પરપદાર્થ અને રાગ પ્રત્યેની વિરક્તતા – સહજ વિરક્તતા અને પોતાના સ્વરૂપનું પોતાપણે અત્યંત અભેદ ઉપાદેયપણું. અભેદ ઉપાદેયપણું એટલે ઉપાદેય છે... ઉપાદેય છે એવો ભેદ વિકલ્પ નહીં. એ રૂપ પરિણામની **'અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.'** વિશેષ પુરુષાર્થનો આવિર્ભાવ કર. જ્ઞાન–વૈરાગ્ય દ્વારા પુરુષાર્થને વધારે પ્રગટ કર. આમાં અનર્પિતપણે એ નીકળે છે કે પુરુષાર્થ નહીં થવામાં રાગમાં રક્તપણું અને સ્વરૂપનું અજ્ઞાન એ બન્ને બાધક કારણ છે. એ પુરુષાર્થનો અવરોધક છે. પુરુષાર્થ નહીં ઉત્પન્ન થવા દેવામાં એ સીધા કારણ છે. એટલે જ્ઞાન અને વૈરાગ્યની કોઈ અચિંત્ય શક્તિ છે એનાથી તારા પુરુષાર્થને પ્રગટ કર, પુરુષાર્થની ધારા – પુરુષાર્થને પ્રગટ કર અને એ પુરુષાર્થ ક્યારેય બંધ ન થાય, એ પુરુષાર્થ સાદિ અનંતકાળ પર્યંત સદાય ચાલુ રહે એવી ધારા પ્રગટ કર. ઘડીક પુરુષાર્થ કરી લીધો પછી બીજા કામમાં પડી ગયા એવી વાત અહીંયાં નથી. જે પુરુષાર્થ માંડ્યો, શરૂ થયો તો સાદિ અનંતકાળ પર્યંત પોતાના સ્વરૂપ પ્રત્યેના અંતર્મુખના વેગવાળું, વલણવાળું પરિણમન, જોરવાળું પરિણમન – સ્વભાવના આશ્રયે જોરવાળું પરિણમન (પ્રગટ થાય) એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એવું જોર પ્રગટ કર.

**'યથાર્થ દૃષ્ટિ (દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા.'** ટૂંકી ભાષા કરી છે. યથાર્થ દૃષ્ટિ એટલે દ્રવ્યદૃષ્ટિ કરી એટલે (કે) શ્રદ્ધાએ કરીને તારું અસ્તિત્વ

સ્વરૂપમાં સ્થાપીને ઉપર આવી જા. જે મિથ્યાત્વ અજ્ઞાન અને વિભાવ ભાવમાં ડૂબી ગયો છો (તો હવે) ઉપર આવી જા. એનાથી છૂટો પડીને ઉપર આવી જા. આ કૂવામાં, નદીમાં નીચે ભેખડ હોય છે. ન્હાવાવાળા નીચે જાય, આમ ઊંધે માથે ડાય મારીને જાય છે ને ? એમાં જો માથું ભેખડમાં ભરાણું (અને) પછી હાથ-પગ (પછાડીને) એ નીકળવાની મહેનત કરે (તોપણ) નીકળી ન શકે, મૂંઝાઈને મરી જાય. એમ આ જીવનું માથું મિથ્યાત્વમાં સલવાણું છે અને જીવને એની મૂંઝવણ અને એનું દુઃખ છે. જેમ અંદર મૂંઝાય ને ? પાણીમાં શ્વાસ ન લઈ શકે એટલે મૂંઝાય જાય. (એમ) જીવ અહીં મિથ્યાત્વમાં મૂંઝાણો છે. કહે છે (તું) સલવાઈ ગયો છો, ઉપર આવી જા. યથાર્થ દ્રવ્યદૃષ્ટિ કરીને ઉપર આવી જા.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ રસ્તો બતાવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો બધી બહુ ગજબની વાતો છે ! જીવે કોઈ દિવસ આ વિષયનો પરિચય કર્યો નથી કે અનુભવ કર્યો નથી. એકદમ આ માર્ગથી અજાણ્યો છે. એની વાતો ખુલ્લી મૂકી દીધી છે. જ્ઞાનીઓના હૃદયમાં રહેલું અંતરંગ પરિણમન એ એનું હૃદય છે. અંતરંગ પરિણમનને ભાષામાં ઉતાર્યું છે. એ પણ શક્તિ જોઈએ છે.

દૃષ્ટિ કેવું કામ કરે છે ? દૃષ્ટિનું પરિણમન એટલે એ ભાવનો શું પ્રકાર છે ? દૃષ્ટિરૂપ – શ્રદ્ધારૂપ ભાવનો પ્રકાર શું છે ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ની અંદર એક બોલ બહુ સારો છે.

૪૪૨ નંબરનો બોલ છે. સામાન્ય રીતે અધ્યાત્મના પ્રકરણમાં પણ એમ કહેવાય છે કે જીવનું જ્યારે અંતર્મુખ પરિણમન થાય છે ત્યારે એ પરિણામ દ્રવ્ય સ્વભાવનો આશ્રય લે છે અથવા આલંબન લે છે. 'સોગાનીજી' અહીંયાં એક શૈલી(થી) દૃષ્ટિનું પરિણમન સમજાવવા કહે છે **'દૃષ્ટિ' વસ્તુ કા અવલંબન ક્યા લેતી હૈ !!'** શું દૃષ્ટિ વસ્તુનું અવલંબન લે છે ? આધાર લે છે ? આમ તો ખરેખર આધાર લે છે એમ સમજાવવા માટે કહેવાય છે, પણ હવે એ દૃષ્ટિના ભાવને આ જગ્યાએ પોતે વધારે સ્પષ્ટ કરે છે કે **'દૃષ્ટિ વસ્તુ કા અવલંબન**

**ક્યા લેતી હૈ !!'** એ વચન એમને હળવું પડે છે.

**'વહ તો સમૂચી વસ્તુ કો ગ્રાસ કર જાતી હૈ;...'** માત્ર અવલંબન નથી લેતું એ તો આખી અખંડ વસ્તુને, અનંત સામર્થ્યવંત વસ્તુનો કોળિયો કરી જાય છે ! આમ દૃષ્ટિનું કામ છે. કેવી ભાષા લીધી છે ! માત્ર અંતર વસ્તુનો આશ્રય લે છે એમ નહીં એ અખંડ વસ્તુને કોળિયો કરી જાય છે એવું દૃષ્ટિનું કાર્ય છે. **'વહ તો સમૂચી વસ્તુ કો ગ્રાસ કર જાતી હૈ; પૂરી કી પૂરી વસ્તુ મેં વ્યાપ્ત હો જાતી હૈ;...'** શ્રદ્ધા પ્રસરી જાય છે. અખંડ સ્વભાવમાં શ્રદ્ધા પ્રસરી જાય છે અને જાણે એનો કોળિયો કરી લે છે. **'માલિક બન જાતી હૈ.'** દૃષ્ટિ આખી ચીજની માલિક બની જાય છે.

**'માલિક કહને મેં ભી ભેદ આ જાતા હૈ, 'દૃષ્ટિ' તો સ્વયં હી ઉસ વસ્તુરૂપ હૈ.'** શ્રદ્ધાનું પરિણમન એટલે બસ ! દ્રવ્ય સ્વભાવ સ્વરૂપ જ પોતે છે એવું જે શ્રદ્ધાનું પરિણમન (છે) એને અહીંયાં દ્રવ્યદૃષ્ટિ કહેવામાં આવે છે. દૃષ્ટિપ્રધાન કથનમાં ઘણી જગ્યાએ આવા બધા ચમકારા છે ! કેટલાક વચનો એવા હોય છે. જેમ અંધારી રાતે તારા ચમકે છે એમ આ જગતમાં સત્પુરુષોના વચનો છે એ બધા તારા જેવા છે. એવી દૃષ્ટિ કર એમ (કહે છે). દૃષ્ટિ એવી કર કે જાણે આખું દ્રવ્ય એની અંદર ગ્રાસિત થઈ જાય, ગ્રાસિત થઈ જાય.

પ્રશ્ન :– અવલંબન લેવું અને ગ્રાસિત થવું...

સમાધાન :– અવલંબન લે છે પણ ઈ શબ્દ એમને શ્રદ્ધા માટે થોડો હળવો પડ્યો છે. શ્રદ્ધા દ્રવ્ય સ્વભાવનું અવલંબન લે છે એમ આવે, શાસ્ત્ર વચન પણ એવું આવે પણ એમને એ શબ્દ શ્રદ્ધાને વ્યક્ત કરવા જતા થોડો હળવો પડ્યો કે આલંબન બસ ! આલંબન લે છે એટલી જ વાત છે, બસ ? કે માત્ર શ્રદ્ધા દ્રવ્યનું અવલંબન લે એટલું ? અરે...! એ તો આખેઆખી અંદર એ રૂપ થઈને એવી પ્રસરે છે કે જાણે આખા દ્રવ્યને પી ગઈ, એવો ભાવ લીધો છે. બળ ઘણું છે ને !

એક જ વિષય છે – નિજ પરમાત્મદ્રવ્ય સિવાય શ્રદ્ધાને શ્રદ્ધવા માટે જગતમાં બીજો વિષય નથી. એવી પરમાત્મદ્રવ્યસ્વરૂપે પરમાત્મઅવસ્થા પ્રગટ થાય –

અરિહંતદશા, સિદ્ધદશા તોપણ એ અરિહંત અને સિદ્ધ પરમાત્માનું શ્રદ્ધાન એ પરમાત્મ દશાની સામે જોતું નથી, એને શ્રદ્ધતું નથી. ગજબનું પરિણમન છે શ્રદ્ધાનું ! પોતાના સ્વ-સ્વરૂપને એવી રીતે એ શ્રદ્ધે છે કે કેવળજ્ઞાનની દશા, સિદ્ધદશા સર્વ ગુણોની સંપૂર્ણ શુદ્ધ સિદ્ધ દશા (પ્રગટ થાય તોપણ) દૃષ્ટિ (એની) સામું ન જોવે. એવું તત્ત્વ એને મળી ગયું છે કે એની પાસે જાણે આ કાંઈ નથી. સિદ્ધદશા પણ જાણે એની પાસે એને કાંઈ લાગતી નથી. એટલે એને શ્રદ્ધવા એ જાતી નથી. પોતાના વિષયને છોડીને એક સમયની સિદ્ધ પર્યાયને પણ શુદ્ધ શ્રદ્ધાન શ્રદ્ધવા જતું નથી. આવો શ્રદ્ધાનો વિષય છે અને આવું શ્રદ્ધાનું કાર્ય છે. એવી દૃષ્ટિ પહેલા પ્રગટ થાય છે. હવે (કહો કે) કામ થોડું થયું કે વધારે થયું ? મોક્ષમાર્ગની અપેક્ષાએ ભલે જઘન્ય ગુણસ્થાન છે તોપણ બહુ મોટું કામ થયું છે. એવી **'(દ્રવ્ય ઉપર દૃષ્ટિ) કરી ઉપર આવી જા.'**

**'ચૈતન્યદ્રવ્ય નિર્મળ છે.'** આખું જે મૂળ સ્વરૂપ છે, આત્માનું મૂળ દ્રવ્ય સ્વરૂપ છે, મૂળ ધાતુ છે તે નિર્મળ છે. એમાં મલિનતા જરાય નથી અને અનંતકાળની મલિનતાનો સ્પર્શ ત્યાં થયો નથી. અવસ્થામાં પ્રચુર કષાય કલંકથી નિગોદમાં ગયો. જીવ અનંત કાળ નિગોદમાં પ્રચુર કષાય કલંકના ભાવે પરિણમીને રહ્યો તોપણ દ્રવ્ય સ્વભાવ એટલો નિર્લેપ છે કે એનાથી એ સ્વભાવ લેપાતો નથી ! એવો ને એવો કોરે કોરો નક્કોરે નક્કોર રહે છે. એવું ચૈતન્ય દ્રવ્ય નિર્મળ છે. દૃષ્ટિના વિષયભૂત આ દ્રવ્ય છે જે નિર્મળ છે. તેનાથી **'અનેક જાતનાં કર્મનાં ઉદય,...'** છે એ જુદાં છે. સર્વ પ્રકારના કર્મઉદય ચૈતન્યદ્રવ્યથી જુદાં છે. ચૈતન્યદ્રવ્યથી જુદાં છે એટલે મારાથી જુદાં છે એમ લેવાનું છે. કો'ક ચૈતન્ય દ્રવ્યથી જુદાં છે એમ નથી. પણ મારું જે સ્વરૂપ છે એનાથી આ સર્વ પ્રકારના ઉદયો જુદાં છે. આ મનુષ્યપણાનો ઉદય જુદો છે, આ દેહનો ઉદય જુદો છે. અનેક પ્રકારની વૃત્તિઓ ઉદયમાન થાય છે એ ઉદયભાવોથી હું જુદો છું. કેમકે એ બધી કર્મને અનુસરનારી વૃત્તિઓ છે. પૂર્વકર્મના ઉદય અનુસાર જીવને શુભાશુભ પરિણામ, રાગ-દ્વેષના પરિણામ (થાય છે). જે પ્રકૃતિનો ઉદય હોય; ક્રોધ પ્રકૃતિનો ઉદય હોય તો ક્રોધ થાય, માયાના ઉદયમાં માયા કરે, માનની પ્રકૃતિના ઉદયમાં માન

કરે, લોભ પ્રકૃતિના ઉદયમાં લોભ કરે, એનાથી મારું મૂળ સ્વરૂપ જુદું છે. અકષાય સ્વરૂપ (છે).

'પ્રબળ કષાય અભાવ' પ્રબળ એટલે સદંતરપણે કષાયનો જેમાં અભાવ છે, પ્રકૃતિ સ્વભાવનો જેમાં અભાવ છે. એવું મારું મૂળ આત્મસ્વરૂપ છે, નિજાત્મસ્વરૂપ છે એનાથી કર્મના ઉદય અત્યંત જુદાં છે. કર્મની સત્તા પણ અત્યંત જુદી છે. એ સત્તાનું એટલા માટે લેવામાં આવે છે કે કોઈ જીવોને એમ લાગે છે કે જાણ્યે-અજાણ્યે આપણે એવા નીચ જાતિના પરિણામ કરીને કર્મ બાંધ્યા હશે અને એ કર્મ આપણી સત્તામાં રહ્યા હશે તો ? એ કર્મ હજી પડ્યા હશે તો ? અને એનો ઉદય આવશે તો ? કે એ સત્તાથી પણ તું જુદો છો અને ઉદય આવે ત્યારે ઉદયથી પણ તું તદ્દન જુદો જ છો.

કર્મના ઉદયથી જુદો છો. કર્મની સત્તાથી જુદો છો અને કર્મના અનુભાગથી પણ તું જુદો છો. તીવ્ર રસે કરીને ઉદય આવે છે, કોઈ મંદ રસે કરીને ઉદય આવે છે. બહુ બળવાનપણે ઉદય ઊભો થાય તો ? પણ તું જુદો છો એને (અને) તારે શું લાગેવળગે ? જુદાં સાથે કોઈને લાગતુંવળગતું નથી. એકવાર સંબંધ તોડ્યો કે આ ચીજ મારી નહીં, પછી એની સાથે એને કાંઈ લગવાડ રહેતો નથી. ચાહે એમાં હાનિ થાવ, ચાહે વૃદ્ધિ થાવ, કાંઈપણ થાવ; વાત પૂરી થઈ જાય છે. આ ભાગીદારી છોડે છે ને ? ધંધો-વેપાર કરે છે (એમાં) માણસ ભાગીદારી છોડે છે. પછી જુદો થયેલો (ભાગીદાર) પાયમાલ થાય કે કરોડપતિ થાય (એ) એમ જ (કહે) કે મારે શું પણ ? મારે શું ? મારે કાંઈ હવે લેવાદેવા નથી. પહેલા તો થોડું આઘુંપાછું થાય તો અંદર બધું આઘુંપાછું થઈ જાય. 'આમ ન ચાલે. ભાગીદારીમાં આમ ન ચાલે.'

મમત્વ છે એ છૂટી ગયું. શેનાથી છૂટ્યું ? કે વસ્તુસ્વરૂપના જ્ઞાનથી છૂટ્યું. એ જડ છે અને હું ચૈતન્ય છું. ચૈતન્ય જડમાં મમત્વ કરે તો હેરાન થાય, દુઃખી થાય, આકુળિત થાય, બાકી મમત્વ કરવાથી ચૈતન્યનું જડ થઈ જાય નહીં. અથવા ચૈતન્ય જડનો માલિક થઈ શકે નહીં અને એના તાબામાં જડ પરમાણુ આવીને એની ઇચ્છા પ્રમાણે કાર્ય કરે, પરિણમે એવું બની શકતું નથી. અનંતકાળથી જીવે

એવા મિથ્યા પરિણામો કર્યા પણ એક રજકણે પણ એના તાબામાં આવીને એની તાબેદારી સ્વીકારી નહીં. એટલે (કહે છે), એના અનુભાગથી પણ પોતે જુદો છે. તથા **'કર્મનિમિત્તિક વિકલ્પ...'** છે, પેલા કર્મના પરમાણુની પર્યાયો લીધી – ઉદયની પર્યાય, સત્તાની પર્યાય, એના રસની – પ્રકૃતિના રસની વિપાકની પર્યાય અને એના નિમિત્તે થતાં જીવના જે વિકલ્પ એ વગેરે તમામ પ્રકારથી પોતે ચૈતન્ય – નિર્મળ ચૈતન્ય સ્વરૂપ અત્યંત જુદો છે.

આવું પોતાનું નિર્મળ ચૈતન્યના સ્વરૂપનું ભાવવું, ભેદજ્ઞાનમાં એની ભાવના કરવી એ ભેદજ્ઞાન છે. પરથી જુદાંપણાની અને પોતાના નિર્મળ ચૈતન્યથી અભિન્નપણાની, પરથી વિભક્ત અને સ્વથી અભિન્નપણાની ભાવના કરવી એ ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાનના અનેક બોલ લીધા છે. નીચે બોલ આવે છે, ૮૦ મો બોલ છોડીને ૮૧, ૮૨ બધા ભેદજ્ઞાનના બોલ છે.

એને એમ થાય છે કે મારામાં પેસી ગયો છે, વિકલ્પ મારામાં પેસી ગયો છે. જે જ્ઞાનમાં વિકલ્પનું પ્રતિબિંબ પડ્યું (તો એને એમ લાગે છે કે) જાણે વિકલ્પ એમાં પેસી ગયો છે. આ ઉનાળો આવશે. કેરી ખાઈ છે ને માણસ ? બહુ મીઠી કેરી છે એવા ભાવથી, એવા અભિપ્રાયથી (ખાઈ છે ત્યારે) જાણે કેરીનો રસ અંદર ઊતરી જતો હોય, પેસી જતો હોય એવું એને લાગે છે. એક રજકણ જીવને અડતો નથી.

પ્રશ્ન :– અડતો પણ નથી ?

સમાધાન :– અડતો પણ નથી, જ્ઞાન થાય છે. એના મીઠાપણાના સ્વાદનું જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન રસને ખાઈ શકતું નથી અને જ્ઞાન ગળ્યું થતું નથી. જ્ઞાન સ્વયં એવા લુખ્ખા સ્વભાવે છે, (ફક્ત) જાણે. આ રસના ઇન્દ્રિય છે એનાથી રસનું જ્ઞાન થાય છે. જીભના પ્રદેશો છે ત્યાં બીજના આકારે ક્ષયોપશમ (છે). જીભનું જે ટેરવું છે એના બીજના આકારે છે. ત્યાંથી જાણવું થાય છે. જીભ ઉપર સ્વાદ જણાય છે ત્યારે જીભ સ્વાદવાળી રહી જાય છે ? એ કોરેકોરી થઈ જાય છે. એમ જ્ઞાન પણ કોરું જ રહે છે. જીભનો જેમ કોરો રહેવાનો સ્વભાવ છે, ત્યાં કોઈ સ્વાદ ટકતો નથી એમ જ્ઞાનનો પણ કોરા રહેવાનો સ્વભાવ છે.

જ્ઞાન જાણે બધા સ્વાદને, જાણે બધા રૂપને, જાણે બધા શબ્દને, જાણે બધા સ્પર્શને પણ કોઈપણ જ્ઞેયરૂપે ન થાય. અરીસો સામા પદાર્થરૂપે ન થાય. અરીસામાં માટલું દેખાય એ માટલાને ફોડી નાખો ત્યારે અરીસામાં એ ફૂટેલું દેખાય, આખું હોય ત્યારે આખું દેખાય પણ આખું ફૂટે ત્યારે અરીસો ફૂટે નહીં. ફૂટી જાય અરીસો ?

આ એમ કહે છે કે આ શરીરનો ત્યાગ થવાની અવસ્થા આવી તો કહે, હું હવે મરી જઈશ. હવે હું નહીં જીવું. આ વ્યવહાર પ્રાણ છે. પાંચ ઇન્દ્રિયો, મન-વચન-કાય, શ્વાસોચ્છ્વાસ અને આયુ દસ પ્રાણ છે. દસે (પ્રાણ) જડના પરિણામ સ્વરૂપ છે. બીજા ભવમાંથી અહીં આવ્યો ત્યારે પર્યાપ્તિ કાળમાં એ દસનો સંયોગ થયો. માતાના ગર્ભમાં અંતર્મુહૂર્તનો પર્યાપ્તિ કાળ છે. એમાં દસે પ્રાણોના પુદ્ગલો આવી અને રચના થઈ ગઈ. અંતર્મુહૂર્તમાં થઈ જાય. પછી આગળ જેટલું આયુષ્ય Fix થયું છે એટલું પૂરું થાય એટલે એ દસે પ્રાણોનો ત્યાગ થાય. લાલ ચણોઠી જેવું શરીર હોય તો સૂતો સૂતો ચાલ્યો જાય, બગાસું ખાય, મોઢામાં લાડવો હોય ને ચાલ્યો જાય. લાડવા ખાતો હોય. એવો તંદુરસ્ત હોય કે લાડવા ખાતો હોય. દસ પ્રાણ છૂટા પડી જાય. એને એમ થાય છે કે હું મરી ગયો. ઈ પેલું માટલું ફૂટી ગયું ને અરીસો તૂટી ગયા જેવી વાત છે. એ પ્રાણ છૂટા પડતા તારામાંથી કાંઈ જાતું નથી. જ્યારે ઈ પ્રાણનો સંયોગ થયો ત્યારે તારામાં કાંઈ આવ્યું નહીં અને ગયા ત્યારે તારામાં(થી) કાંઈ ગયું નહીં. એવો તું ચૈતન્ય સ્વરૂપે છો. જડથી જુદો એવો તું ચૈતન્ય સ્વરૂપે છો.

પ્રશ્ન :- કાર્મણ અને તેજસ ઈ તો સાથે રહે છે ને ?

સમાધાન :- ઈ પણ એના એ નથી રહેતા. ઈ પરમાણુ બદલ્યા કરે છે. કાર્મણ એટલે જે પૂર્વસંચિત કર્મો છે એ બીજા ભવમાં સાથે જાય છે. પણ ઈ કાંઈ કાયમ નથી, ઈ (પણ) સ્થિતિ લઈને આવ્યા છે. ઈ ઉદયમાન થઈને અકામ નિર્જરાથી ખરે છે. પાછા એ વખતે જીવ રાગ-દ્વેષ કરીને, પોતાનું ભાન ભૂલીને – એનાથી જુદાંપણાનું ભાન ભૂલીને નવા રાગ-દ્વેષ કરી વળી પાછા બાંધે છે. એમ ને એમ એની સાયકલ ચાલુ રહે છે. તેજસના પણ ખર્યા કરે છે એકના એક

પરમાણુ રહે એવું કાંઈ નથી. પરમાણુ બધા બદલાયા જ કરે, પરમાણુનું આવાગમન થયા જ કરે. એમ કહેવાય કે મેરુ શાશ્વત છે. શું કહેવાય છે ? કે આ જગતમાં મેરુ શાશ્વત છે. એ સ્થૂળ કથન છે સૂક્ષ્મપણે જુઓ તો એમાં પરમાણુનું આવાગમન ચાલુ છે. અનંત પરમાણુઓ એમાંથી ઊડી જાય છે, નવા અનંત પરમાણુઓ એમાં આવ્યા કરે છે. એમ પરમાણુનું આવાગમન ચાલુ જ રહે છે.

પ્રશ્ન :- કાર્મણ, તેજસ ભાવકર્મના ફળ સ્વરૂપે છે ને ?

સમાધાન :- હા, ફળ સ્વરૂપ પછી અથવા તો એ દ્રવ્યકર્મ પોતે છે, કાર્મણ એટલે દ્રવ્યકર્મ પોતે છે પણ એ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ ત્રણેથી રહિત પોતે છે. જીવ પોતે, જીવ એટલે પોતે, કો'ક નહીં. એ ત્રણેથી રહિત છે. બસ ! સદાય જુદો છે. સંયોગ છે એટલે બાઝી પડવા જેવું નથી. કો'કના ઘરે મહેમાન થઈને જાવ અને પછી ધણી થઈ જાવ એ ખોટું કહેવાય.

મુમુક્ષુ :- ઈ કહે પણ તમારું જ ઘર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે એમ કહે કે આ તો તમારું જ ઘર છે, તમે અહીંયાં આવીને રહો. આ તમારું ઘર છે અને ઘર કરતાં વધારે સાચવે તોપણ કાંઈ ધણી થવાય નહીં.

મુમુક્ષુ :- જ્ઞાન અને વૈરાગ્યની અચિંત્ય શક્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અચિંત્ય શક્તિ છે. જ્ઞાન, સ્વરૂપજ્ઞાન - આત્મજ્ઞાનની કોઈ અચિંત્ય શક્તિ છે. ચૌદ બ્રહ્માંડમાં ઊથલપાથલ થાય તો જ્ઞાન બદલાતું નથી. ગમે એવા ઉપસર્ગ-પરીષહ ઉત્પન્ન થાય તો એ મારા આત્માને હણે છે કે મારા આત્માને નુકસાન કરે છે એવું બનતું નથી. આગ લાગે અને શરીર સળગતું હોય ત્યારે એ અગ્નિ આત્માને બાળે છે એવું જ્ઞાન થતું નથી. આમ છે. અગ્નિ આત્માને બાળતો નથી, પાણી આત્માને પલાળતો નથી, વાયુ આત્માને સૂકવતો નથી. કોઈ અસ્ત્ર, શસ્ત્ર આત્માને છેદી ભેદી શકતા નથી. આટલું તો સાંખ્યમાં લે છે. 'નૈનમ છેદંતી શસ્ત્રાણી, નૈનમ દહતી પાવકઃ ન છેદયતી .. ન શોષયતી મારુતઃ' એવા શ્લોક આવે છે. આત્મા ચૈતન્ય પદાર્થ એવો છે (અને) સદાય એવો ને એવો રહે છે.

પ્રશ્ન :- વધારે પુરુષાર્થ ચાલે છે એમાં શું કારણ છે ?

સમાધાન :- જ્ઞાન-વૈરાગ્યની શક્તિ કારણ છે. પુરુષાર્થ ઉગ્ર થાય છે એમાં જ્ઞાન વૈરાગ્યની શક્તિ છે એ નિમિત્ત પડે છે, જ્ઞાન અને વૈરાગ્ય એમાં નિમિત્ત પડે છે. વૈરાગ્ય એટલે રાગથી વિરક્તપણું. રાગની આસક્તિ, રાગનો રાગ એ પોતાની શક્તિને હીણપ કરવાનો, હીન કરવાનો પ્રયોગ છે અને એમાં વિરક્તપણું (થાય) એ શક્તિને જાગૃત કરવાનો, શક્તિને વૃદ્ધિગત કરવાનો પ્રયોગ છે.

પ્રશ્ન :- જ્ઞાનમાં જણાય કે આ પરપદાર્થથી હું જુદો છું. એ જાણવાનું તો થયું. પણ એ પરપદાર્થથી હું જુદો છું એવું પરિણમન કેમ નથી થતું ?

સમાધાન :- એ જ્ઞાનને ગ્રહણ કરતો નથી કે હું જ્ઞાનરૂપે છું. પરપદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય ત્યારે એ મારું છે કે મારું નથી એટલે તારું છે, મારું ને તારું કરી નાખે છે. એવો વિભાગ કરે છે. આ રસ્તા ઉપર ટ્રાફિક નીકળ્યો (તો) આમાં મારું કાંઈ નથી. રસ્તા ઉપર એકસાથે સો-પચાસ મકાન દેખાણા તો કહે, મારા નહીં. પણ જે પોતાનું હોય ઈ એક નજરમાં આવે તો કહે, મારું. આ મારું (એમ) વિકલ્પ ન કરવો પડે પણ એ મારાપણે જાણે છે.

એમ જ્ઞાન તો પોતારૂપે જણાઈ રહ્યું છે, અનુભવાય રહ્યું છે છતાં એમાં પોતાપણું કરતો નથી અને પરમાં પોતાપણું કરે છે. પોતાપણું કરવાનો એનો સ્વભાવ છે, મમત્વ કરવાનો સ્વભાવ છે પણ અસ્થાનમાં મમત્વ કરે છે. જ્યાં જીવ નથી ત્યાં પોતાપણે જીવ મમત્વ કરે છે અને જ્યાં પોતાનું જીવ સ્વરૂપ છે ત્યાં મમત્વ કરતો નથી. આ તત્ત્વની ભૂલ છે. નવ તત્ત્વમાં જીવ અને અજીવ બે તત્ત્વ છે. એમાં જીવ, અજીવ તત્ત્વમાં મમત્વ કરે છે, જીવ તત્ત્વમાં પોતે પોતાનું મમત્વ કરતો નથી. આ ભૂલ છે.

મુમુક્ષુ :- બહુ મહત્વનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ મહત્વનો વિષય છે. એને સાંભળતા એમ સાંભળ્યું કે આ જુદું છે, તો જુદું પાડવાના ભેદજ્ઞાનના પ્રયત્નમાં લાગી જ જવું જોઈએ. આટલી પરમ પ્રયોજનની બહુ ઉચ્ચ કોટિની વાત જો સમજવા મળી, સાંભળવા મળી તો એ કાર્યનો પ્રારંભ કરવામાં શા માટે આળસ ? આ સવાલ છે. અથવા

એ કાર્યનો અત્યારે જ પ્રારંભ શા માટે નહીં ? આનું કારણ દર્શાવો ચાલો, કે તમને શું વાંધો છે ? પણ એને એ સાંભળીને કિંમત નથી આવી. (આપણે કોઈને ઘણું કહીએ છતાં સામેવાળો સાંભળતો હોવા છતાં) ગણકારે નહીં તો આપણે શું કહીએ છીએ કે, એ કાનસોસરું કાઢે છે. ઘણું કહીએ છીએ પણ માનતા નથી. એમ આ જીવ માનતો નથી ત્યારે કાર્યનો પ્રારંભ કરતો નથી. એ યોગ્યતાની ક્ષતિ છે, ખામી છે.

પ્રશ્ન :- સહજપણે કર્મ બંધાયા જ કરે છે ?

સમાધાન :- સહજપણે રાગ-દ્વેષ થયા કરે છે, જેમકે હું ફલાણો ફલાણો માણસ છું. એવો ભાવ સદાય રહે છે કે નહીં ? તો એને (ને) એને લઈને કર્મ બંધાયા કરે. હું શુદ્ધ ચૈતન્ય આત્મસ્વરૂપ છું – એમ તો ભાવ રહેતો નથી. એ અબંધ ભાવ છે અને મનુષ્ય તો કર્મજનિત પર્યાય છે. કર્મજનિત પર્યાય જેવો જેટલો જેવડો હું એવો જે ભાવ, એવું જે ભાવનું પરિણમન એ નવા કર્મબંધનું કારણ છે, એમ. કર્મના આશ્રયે જેટલા પરિણામ (કરે), ઉદયના આશ્રયે પરિણામ કરે (ત્યારે) નવા કર્મ બાંધે. જીવ એ ચાલુ જ રાખે છે.

પ્રશ્ન :- ક્ષણે ક્ષણે બંધાય છે ?

સમાધાન :- પ્રતિસમય. એક ક્ષણમાં તો અસંખ્ય સમય આવી ગયા.

પ્રશ્ન :- ભાવ પણ ન કરે તો ?

સમાધાન :- ભાવ કર્યા વગર રહેતો નથી અને ભાવવાન પદાર્થ છે. ક્યારે ભાવ કર્યા વગરનો રહ્યો ? તપાસીને કહો કે ક્યારે ભાવ કર્યા વગરનો રહ્યો ? ક્યારેય ભાવ કર્યા વગરનો રહ્યો છે ? ભાવનો તો પિંડ આત્મા છે, ભાવવાન પદાર્થ છે. **'चित् स्वभावाय भावाय'** ચિત્‌સ્વભાવ અને ઉપરાંત ભાવ લીધો છે. ભાવવાન પદાર્થ (છે) એના ભાવ થયા જ કરે. જેમ સમુદ્રમાં તરંગ ક્યારે નથી ? બતાવો. પાણીનો મોટો જળાશય છે સમુદ્ર, એના તરંગ એમાં થયા જ કરે છે. એમ આ ભાવવાન પદાર્થના ભાવ થયા જ કરે છે. ઉત્પાદ વ્યય, ઉત્પાદ વ્યય, ઉત્પાદ વ્યય, એના ભાવ થયા જ કરે છે. એ ભાવ એ પોતાના અબંધ સ્વભાવના આશ્રયે કરે છે ? કે એ ભાવ એ પરપદાર્થ સાથે જોડે છે ? બસ ! પરપદાર્થ

સાથે જોડે છે તો કર્મ બંધાય છે, સ્વરૂપમાં જોડે તો નિર્બંધ – અબંધ દશા પ્રગટ થાય છે તો કર્મ ખરે છે (અને) આત્મા મુક્ત થાય છે.

પ્રશ્ન :– રાગનો રાગ કરે તો વિશેષ કર્મ બંધાય ને ?

સમાધાન :– રાગનો રાગ એટલે બહુ ચીકણો રાગ (છે). રાગમાં ચીકાશ–લૂખાશનો (પ્રકાર હોય છે). જેમ પરમાણુમાં ચીકાશ–લૂખાશ હોય છે, આ માટીના પરમાણુ ચીકણા હોય છે, રેતીના પરમાણુ લુખ્ખા હોય છે એમ રાગનો રાગ એ બહુ ચીકણો છે. મિથ્યાત્વ સહિત હોય છે. મિથ્યાત્વ સહિતના બધા રાગ બહુ ચીકણા પરિણામ હોય છે અને એ ચીકણા પરિણામથી ચીકણો કર્મબંધ થાય છે. એટલે અનુભાગ પણ એનો વધારે પડે છે, એનો રસ પણ, વિપાક પણ તીવ્રપણે અનુભાગથી ઉદયમાં આવે છે. વળી પાછો જીવ ચીકણા પરિણામ કરે છે, જો જાગૃત ન થાય તો. સ્વરૂપને વિશે જાગૃત થાય તો ઉદય ઉદયમાં અને જીવ એનો જ્ઞાતાદૃષ્ટા રહીને જુદો પડી જાય છે, ભિન્ન પડી જાય છે.

મુમુક્ષુ :– છેલ્લી લીટીમાં લખ્યું છે – અત્યંત જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યંત જુદાં છે અને આ એનું જુદાંપણું સમજાવવા માટે તમામ અધ્યાત્મ શાસ્ત્રો છે. અધ્યાત્મનો પાયો અહીંયાં ભેદજ્ઞાનથી શરૂ થાય છે અને અધ્યાત્મના ભાવો વૃદ્ધિગત પણ ભેદજ્ઞાનથી થાય છે અને પૂર્ણ શુદ્ધતા – સિદ્ધદશા પણ ભેદજ્ઞાનથી થાય છે. **'भेदविज्ञानतः सिद्धाः'** (જે કોઈ) સિદ્ધ થયા એ બધા ભેદવિજ્ઞાનથી થયા.

શાસ્ત્ર ન વાંચતા હોય, ન સાંભળતા હોય એને એમ કહેવાય કે રોજ શાસ્ત્રનું અધ્યયન કરવું, શાસ્ત્ર વાંચન કરવું, શાસ્ત્ર શ્રવણ કરવું પણ એ શાસ્ત્ર શ્રવણમાં જ રોકાઈ જવું એટલા માટે કહેવામાં આવતું નથી. શાસ્ત્રમાં તો આત્માના જ્ઞાન–વૈરાગ્યની શક્તિથી પુરુષાર્થ કરવાની પ્રેરણા છે. **'ધારા પ્રગટ કર.'** એમ કહ્યું ને ? (એ) પ્રેરણાવાચક શબ્દ છે. એ કાર્યના પ્રયત્નમાં લાગી જવું એ વાત સાથે સાથે ગર્ભિત જ છે. જેને સાંભળવા, વાંચવાનું છે એને તો અહીંયાં અટકવાની વાત નથી, અહીંયાં તો એને પ્રયત્નમાં લાગવાની વાત છે. પ્રયત્નમાં ન લાગે તો સાંભળવામાં પણ એ વાત સાંભળવી પડશે કે, ભાઈ ! તને પાત્રતા નથી.

પાત્રતા હોય તો તું પ્રયત્ન કર્યા વિના રહે નહીં. માટે તને પાત્રતા નથી, આ પાત્રતા નથી તો (તારું) આ સાંભળવું નકામું જાય છે, તારો પરિશ્રમ નકામો જાય છે, આ તારો વખત નકામો જાય છે, તારી મહેનત નકામી જાય છે. આ નુકસાન વિચારવા જેવું છે. નકામો જાય છે એમ નહીં, આયુષ્ય બહુ મર્યાદિત છે. ક્યારે દેહ અને આત્માનો વિયોગ થવારૂપ મૃત્યુ થશે એ ખબર પડતી નથી, ખબર હોતી નથી કોઈને, થવાનું છે એ વાત નક્કી છે. સમજણમાં ભલે એ સમય નક્કી ન થયો હોય પણ એથી કાંઈ એ નક્કી નથી એમ નથી. એ નક્કી થયેલો જ છે. એ પ્રસંગ આવ્યા પહેલા થોડીક પ્રેક્ટીસ કરી લે, પ્રયત્નમાં પડી જા અને પ્રયત્નના મહાવરામાં આવી જા તો એ વખતે તારો પ્રયત્ન ઉગ્ર થશે. કાંઈક વિશેષ પ્રયત્ન કરી શકીશ. પ્રાણ છૂટવાના કાળે વિશેષ પ્રયત્ન કરી શકીશ. પણ અત્યારે સાજોસારો છો ત્યારે તો પ્રયત્ન કરતો નથી તો પછી એ વખતે તો પ્રયત્ન કરવાનું રહેશે નહીં. ત્યારે તો તું મૂંઝાઈ જઈશ, ત્યારે તો તને એમ થશે કે અરે..રે...! બસ ! ખેલ ખલાસ ? એમ થઈ જશે. તારો ખેલ ખલાસ થવાનો પ્રશ્ન નથી. અનંતકાળથી એ બધા ખેલ થતા આવ્યા છે, આ એક નવો પડદો પડ્યો અને નવો ખેલ પાછો શરૂ થશે. ૭૯ (પૂરો થયો).

**વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ. હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી–તે બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા. ૮૦.**

૮૦. **'વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ.'** વિધિ-નિષેધ એ બે પ્રકારના વિકલ્પ છે. વિધિ એટલે કરવા યોગ્ય અને નિષેધ એટલે નહીં કરવા યોગ્ય. આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી એના વિકલ્પ જ કર્યા કરવા

અને એ વિકલ્પમાં અટવાયા કરવું, જેમ જાળની અંદર કોઈ અટવાય જાય છે, એ પ્રકારને છોડ. વિધિ શું છે, નિષેધ શું છે એ સમજમાં આવે પછી પ્રયત્નમાં લાગ એમ કહે છે. વિધિ–નિષેધની વિકલ્પ જાળને છોડ. આ કર્તવ્ય છે ને આ અકર્તવ્ય છે, આ કર્તવ્ય છે ને આ અકર્તવ્ય છે એના વિકલ્પો કર્યા કરવા એની અહીંયાં ના પાડે છે.

મુમુક્ષુ :– આ બધું ગોખાઈ ગયું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અથવા ક્રિયામાં એમ થાય છે કે આ ક્રિયા કરવી, આ ક્રિયા ન કરવી, આ ખપે આ ન ખપે. આ કર્તવ્ય આ અકર્તવ્ય. એ તો એક સમજી લીધું. સમજીને વિધિ–નિષેધથી એનું જે માર્ગદર્શન મળી ગયું હવે એ રસ્તે ચાલ્યો જા. એ રસ્તે આગળ વધ, તું માત્ર વિકલ્પમાં રોકાઈ જા એ યોગ્ય નથી. શું થાય છે કે લોકો વિકલ્પને જ્ઞાન સમજે છે. કર્તવ્ય અને અકર્તવ્ય સંબંધી જે વિકલ્પ થાય એને જ જ્ઞાન સમજી બેઠા છે કે આ જ્ઞાન છે. ખબર પડી કે આ કરાય અને આ ન કરાય માટે જ્ઞાન થયું, (પણ) એમ નથી. એ તો વિકલ્પ છે અને એ વિકલ્પમાં રોકાવા જેવું નથી.

પ્રશ્ન :– સ્વથી એકત્વ કરવું અને પરથી વિભક્ત કરવું એ બધા વિકલ્પો એ કર્યા કરે.

સમાધાન :– વિકલ્પ નહીં, સ્વથી એકત્વપણું કરવું, સ્વમાં એકત્વપણું કરવું, એમ વાત છે. સ્વના જ્ઞાનથી સ્વમાં સ્થિર રહેવાનો – તન્મય રહેવાનો પુરુષાર્થ કરવો, વિકલ્પ કરવો એમ નહીં, આ સ્વ હું છું, આ સ્વ હું છું, એમ નહીં, આ પર તે હું નથી, આ પર તે હું નથી, એમ નહીં. પર તે હું નથી એવો અનુભવ કરવો. વિચાર કરવો (એમ) નહીં, પુરુષાર્થ કરવો, અનુભવ કરવો એમ કહેવા માગે છે.

**'વિધિ અને નિષેધની વિકલ્પજાળને છોડ.'** એ ઉપરાંત **'હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી...'** એ બધા વિકલ્પ છોડીને, એમ. બંધાયેલો છું કેમકે આ શરીરની જેલ મળી છે. શાસ્ત્રમાં શરીરને જેલ કહે છે. આ તો જેલને પણ એવું પોતાનું નિવાસસ્થાન માનીને બેસી ગયો છે કે એને જેલ છોડવી ગમતી નથી.

જેલની અંદર શું હોય કે સાફ સૂથરી ન હોય, અનેક પ્રકારના જીવ-જીવાત હોય, ગંદકી હોય, અંધારું હોય એ બધું આ શરીરમાં છે. પણ આ કહે છે કે ના, ના આ તો મારું ઘર છે, આ મારું નિવાસસ્થાન છે, વર્ષોથી અહીંયાં રહું છું અને હવે અહીંથી ખસવું ગમતું નથી. અને જ્યાં જે રહે ત્યાં એને એવી પર્યાયબુદ્ધિથી એમ થાય છે કે અહીંથી જલદી ન જાવું, અહીંયાં ને અહીંયાં રહેવું, અહીંયાં ને અહીંયાં રહેવું. ગામમાં રહેતા હોય તો લત્તો બદલવો ફાવે નહીં. હુમ્મડના ડેલામાંથી અહીંયાં આવવું હોય તો તકલીફ પડે, કે ત્યાં સારું હતું. તમારે જો કે સારું છે કે ત્યાં પણ બાજુમાં મંદિર હતું ને અહીંયાં પણ બાજુમાં મંદિર આવી ગયું. પણ આ એક માનસિક હાલત થઈ જાય છે – સાયકોલોજી એવી દૃઢ થઈ જાય છે (કે) માણસને ફરવું ગમતું નથી. એમ આ (શરીર છે એ) જેલ છે. શાસ્ત્રમાં એને જેલ કહે છે, કેદખાનું કહે છે.

પ્રશ્ન :– દેવગતિમાં કેદ ?

સમાધાન :– જેલ ક્યારે મળે ? ગુનો કર્યો હોય ત્યારે સજા થાય ત્યારે જેલ મળે. જગતમાં ગુનેગાર કોર્ટમાં સાબિત થાય તો એને દુઃખ થાય કે અરે..રે...! લોકો શું જાણશે કે મેં ફલાણો ગુનો કર્યો હતો, સાબિત થયો અને હવે મને જેલની સજા પડી. લાંછન લાગે છે. શાસ્ત્રકાર કહે છે કે, તું એક પછી એક પછી એક જેલમાંથી નીકળી ને બીજી જેલમાં જા છો, બીજી જેલમાંથી નીકળીને ત્રીજી જેલમાં જા છો. શરમજનક બધા જેલવાસ – કારાગૃહના વાસ ભોગવે છે તો પણ તને કાંઈ નથી લાગતું ? એમ કહે છે.

પ્રશ્ન :– અનંત શક્તિના ધણીની શક્તિ ક્યાં ચાલી જાય છે ?

સમાધાન :– અનંત શક્તિનો ધણી છું એમ સ્વીકાર કરે તો શક્તિ અંદરથી એકદમ પાતાળકૂવો ફાટે એમ બહાર નીકળે, શક્તિ વ્યક્ત થાય એવું છે. પણ પોતાને માયકાંગલો, શક્તિ વિનાનો હીણો માન્યો છે. હું તો સાધારણ માણસ, આ સાધારણ શરીર મળ્યું, સરખું હાલે નહીં, હખળડખળ થયા કરે અંદર અને આપણે તો સાધારણ માણસ સાધારણ રીતે જીવીએ. આ એક અભિપ્રાય લઈને બસ ! એમને એમ ટાઇમ કાઢે, સમય કાઢે, આયુષ્ય પૂરું કરે, અનંત શક્તિનો

ધણી છું એમ ત્રાડ નાખીને કે દી' તૈયાર થયો ? જેમ સિંહ તૈયાર થાય એમ ! ઘેટાંના ટોળામાં, બકરાના ટોળામાં સિંહનું બચ્ચું પોતાને ઘેટું માનીને સિંહ વાંહે (–પાછળ) પડ્યો હોય તો ઘેટાં ભાગે એમ ઈ પણ ભાગે. પણ સિંહને થયું કે આ સિંહનું બચ્ચું કાં ભાગે છે ? બકરા તો ભાગે. (એને ઊભો રાખીને કહે), ઊભો રહે, ઊભો રહે. (તું) ત્રાડ નાખ (તો તને ખબર પડશે કે તું પણ) મારા જેવો છો, આ પાણીમાં મોઢું જો. મારા જેવો છો. (જોયું તો) એક ભાન થઈ ગયું. શક્તિ તો હતી જ પણ એને બીક લાગી હતી. એમ એને બીક લાગે છે. આ સંયોગો છૂટી જશે તો મારી વ્યવસ્થા શું થાશે ? મારી અનુકૂળતાઓનું શું થાશે ? મારું જીવનનું શું થાશે ? હું કેવી રીતે ટકીશ ? કેવી રીતે નભીશ ? કેવી રીતે જીવીશ ?

પરપદાર્થના આશ્રયે જીવી રહ્યો છું, ટકી રહ્યો છું, નભી રહ્યો છું એમ માનીને પોતાની શક્તિને ભૂલ્યો છે. કોઈના વિના અત્યારે જ પૂરેપૂરો પૂર્ણ શક્તિથી ભરેલો છું. કોઈની જરૂર નથી, કોઈની અપેક્ષા નથી. જરૂરિયાત વિનાનો છું, પુદ્ગલના પરમાણુની જરૂરિયાત વિનાનો ચૈતન્ય બાદશાહ છું. એના ભાનમાં આવે તો સિદ્ધ પરમાત્મા જેવો થઈ જાય. સાદિ અનંતકાળ અશરીરપણે કોઈના વગર જીવે છે કે નહીં ? કોઈ શરીર નથી, શરીરના સાધનો નથી, કાંઈ નથી અને પરમાનંદમાં બિરાજમાન છે. એ શક્તિને સ્વીકારી શ્રદ્ધામાં, અનુભવ કર્યો જ્ઞાનમાં અને આચરણથી એમાં સ્થિર રહી ગયા એને સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ કહ્યો, એ સિદ્ધદશાનું કારણ છે.

અહીંયાં તો શું છે કે શાસ્ત્રનું પઠન કરનારા છે, શાસ્ત્રનું ભણતર કરનારા છે એ વિકલ્પમાં પડી જાય છે. શાસ્ત્રના ભણતરને જ જ્ઞાન સમજીને વિકલ્પમાં પડી જાય છે, તો કોઈ વિધિ–નિષેધના વિકલ્પ કર્યા કરે છે, તો કોઈ વ્યવહાર અને નિશ્ચયનયના વિકલ્પો કર્યા કરે છે. જે બીજી લીટી છે એ **'બંધાયેલો છું...'** જીવ વ્યવહારે સંસારમાં બંધાયેલો છે, નિશ્ચયથી જોવામાં આવે તો સંસારમાં હોવા છતાં પણ એ બંધાયેલો નથી, મૂળ સ્વરૂપે બંધાયેલો નથી. જો મૂળ સ્વરૂપથી જીવ બંધાયેલો હોય તો કદી મુક્ત થાય નહીં. એટલે નિશ્ચયનયથી જોવામાં આવે

તો પોતે અત્યારે અબંધ છે, બંધાયેલો નથી. વ્યવહારથી જોવામાં આવે તો જીવ બંધાયેલો જોવામાં આવે છે. પણ એના પણ વિકલ્પ છોડ એમ અહીંયાં કહેવું છે. અહીંયાં જે કહેવું છે એ વિકલ્પ છોડવાની પ્રેરણા આપી છે.

સમજમાં, સમજવાના કાળમાં શરૂઆતમાં ભલે એ સમજણની વાતમાં એ વિકલ્પ આવે પણ ત્યાં રોકાયા વિના **'તે બધું છોડી અંદર જા,...'** બધા પ્રકારના વિકલ્પ છોડીને તું અંતર્મુખ થા અને અંદર જા. આમ તો બંધાયેલ નથી એ વિકલ્પ, બંધાયેલ છું એના પ્રતિપક્ષભૂત છે – એની સામે છે. આ જીવ કર્મથી બંધાયેલો છે, નોકર્મ આદિ દેહથી બંધાયેલો છે અને બહારમાં કુટુંબની જાળથી બંધાયેલો છે. એ બધા સંબંધોની સામે એક પક્ષ છે, એ પક્ષ એવો છે કે મૂળ સ્વરૂપે જોવામાં આવે તો જીવ બંધાયેલો નથી.

આ (ભાણસ મરી) જાય છે ત્યારે શું કહે છે ? ભાઈ ! કોઈની સાથે ક્યાં સંબંધ હતો ? જો સંબંધ હોય તો અહીંયાં રહે નહીં ? પણ સંબંધ હતો જ નહીં માટે ચાલ્યો ગયો. એમ કહે છે કે નથી કહેતા ? તો ખરેખર સંબંધ નહોતો એની વાસ્તવિકતા એકવાર જોવામાં આવે છે કે કોઈની સાથે કાંઈ સંબંધ નથી. એટલું જ નહીં, તરત જ એ બીજો ભવ ધારણ કરીને આવે તો કોઈ સ્વીકારવા તૈયાર ન થાય કે આ આપણા માઈલા ભાઈ ગયા હતા ઈ પાછા આવ્યા છે એનું સ્વાગત કરો. (એને એમ કહે કે), ભાઈ ! અહીંયાં તમારું કોઈ નથી. ઈ ચાલ્યા ગયા છે હવે તમારું કોઈ નથી. તો (પેલા ભાઈ કહે), ભાઈ ! હું બીજું રૂપ લઈને આવ્યો (છું). તો કહે, તોપણ અમને કાંઈ વિશ્વાસ બેસતો નથી. આ દશા ઊભી થાય. અરે...! પણ બાપુ ! અમે તારા માટે એટલું મમત્વ કર્યું, આખી જિંદગી મમત્વ કરી કરીને મરી ગયા. હવે તું અહીંયાં અમને આવવાની ના પડે છે ? (એટલે પેલા ભાઈ કહે), હવે જાવું છે ? નહીંતર લાકડી-બાકડી કે પોલીસને બોલાવવા પડશે ! આ દશા ઉત્પન્ન થાય. કેમકે એનો ઉદય ત્યાં પૂરો થઈ ગયો. ઉદય પૂરો થયા પછી કાંઈ લેવા કે દેવા.

અહીંયાં તો એમ કહેવું છે કે, તારું મૂળ સ્વરૂપ નિર્વિકલ્પ છે (તો) એવી જ દશા પ્રગટ કર. **'નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા.'** બે વખત કહ્યું છે ને ? (એટલે)

આ બધા વિકલ્પ છોડ. વિકલ્પ છે એ પણ એક આત્માની બહાર રોકાવાનું સ્થાન છે. એ આત્માની અંદરનું સ્થાન નથી કે એ વિકલ્પથી અંદરમાં અવાતું નથી. વિકલ્પ અને વિચારમાં આત્મામાં અંતર્મુખ થવાનું, અંદર જઈને આત્માને ગ્રહણ કરવાનું કોઈ સામર્થ્ય નથી, એની ત્યાં પહોંચ જ નથી. કેમકે એ આ બાજુ જાય છે. બહારની દિશામાં જાય છે. વિકલ્પ છે ઈ બહારની દિશા બાજુ લંબાય છે અને આત્માનું સ્થાન અંદરમાં છે. અંતર્મુખ, અંતઃતત્ત્વ સ્વરૂપ આત્મા છે. કોઈ વિકલ્પ વિચારથી આત્મામાં પહોંચાતું નથી, આત્માનું ગ્રહણ વિકલ્પથી થતું નથી, વિચારથી આત્માનું ગ્રહણ થતું નથી.

એટલે એમ કહે છે કે, શાસ્ત્ર વાંચન પછી જે પ્રયત્ન કરવાનો છે એ અંતર્મુખ થવાનો પ્રયત્ન કરવાનો છે. જો પ્રયત્ન શરૂ કરવામાં ન આવે તો જાણ્યે-અજાણ્યે એક એવો અભિપ્રાય બંધાઈ જશે કે આ શાસ્ત્રોમાં બહુ સારી સારી વાતો લખી છે માટે આ હું વાંચ્યા જ કરું, આ હું સાંભળ્યા કરું, આ હું વાંચ્યા કરું, આ હું સાંભળ્યા કરું. અને એવું વાંચતા, સાંભળતા કો'ક દી' મારામાં એવી અસર થશે કે મને કાંઈક એમાંથી લાભ થઈ જશે. આ અભિપ્રાયની બહુ મોટી ભૂલ છે. જેમ બીજી ક્રિયા કરતાં કરતાં ઉપવાસ કરતાં આત્મજ્ઞાન ન થાય, એમ આવી રીતે પણ આત્મજ્ઞાન થતું નથી.

એ 'ગુરુદેવે' 'પરમાગમસાર'માં લીધું છે કે, જેમ બીજી ક્રિયા કરતા મારું કલ્યાણ થઈ જશે એવું માનનારને એક મિથ્યાત્વનું શલ્ય પેઠું છે. એમ આ વાંચતા વાંચતા કે સાંભળતા સાંભળતા મારું કલ્યાણ થઈ જશે એને પણ આ શલ્ય બેસી ગયું છે. 'ગુરુદેવે' કહ્યું છે હોં ! મારા ઘરની વાત નથી, ભાઈ ! 'ગુરુદેવ'ના શબ્દો છે 'પરમાગમસાર'માં. રોજ સાંભળવા આવે છે એને ફડાક લાફો મારે છે કે, મારા સામું શું જોયા કરે છો ? શાસ્ત્ર સામું શું જોયા કરે છો ? અંદર જા ને ! આમ વાત છે. અહીં કીધું ને ? **'અંદર જા, અંદર જા;...'** આવી વાત છે.

'સોગાનીજી' એ બહુ સરસ લખ્યું છે કે, અન્ય મતના દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે, તું અમારા શરણે આવ તારું કલ્યાણ કરી નાખશું. એક વીતરાગી

દેવ-ગુરુ-શાસ્ત્રો એમ કહે છે કે, અમારી પાસે તારું કાંઈ નથી અને અમારી પાસે આવવાથી હું તારું કલ્યાણ કરું ઈ વાત પણ નથી. અમે તો એમ કહીએ છીએ કે, તું અંદર જા, અમારી સામું જોમા, તું અંદર જા. અમારી પૂજા-ભક્તિ કરવાની અમારે અપેક્ષા નથી. એવી ભાષામાં લખે છે કે, દેવ-ગુરુ-શાસ્ત્રની પાસે ગયો તો ત્યાં એને ચાંટો માર્યો કે, જા તું અંદર ! અહીંયાં અમારી સામે જોવાની વાત અમે કહેતા નથી.

એટલે **'બધું છોડી...'**ને એટલે બધા પ્રકારના વિકલ્પ માત્રથી છૂટો પડીને. એકત્વ કરી રાખ્યું છે ને ? વિકલ્પની સાથે એકત્વ કરી રાખ્યું છે. હું બંધાયેલો છું એ વિકલ્પ તો છૂટા પડવા માટે અમસ્તો પણ અનુકૂળ નથી. કેમકે વ્યવહારનયનો વિકલ્પ છે અને પરદ્રવ્ય આશ્રિત છે. પણ હું બંધાયેલો નથી, છૂટો છું એવા વિકલ્પમાં એકત્વ કરવા જેવું નથી. એવો અનુભવ કર, અંદર અંતર્મુખ થઈને એવો અનુભવ કર. વિકલ્પ વિચાર કાર્યકારી નથી. કહેવાય એવું કે ચિંતવન કરતો હતો, વિચાર કરતો હતો એમાં એકાગ્રતા આવી ગઈ અને એમાં એકાગ્રતા આવી ગઈ એટલે અંતર્મુખ થઈને અભેદ થઈ ગયો. કેમકે ઠેઠ સુધી વિચાર અને ચિંતવન ચાલુ હોય છે. ખરેખર વિચાર ચિંતવનથી કાર્ય નથી થયું. ત્યાં પણ વિચાર ચિંતવનથી કાર્ય નથી થયું. પણ જ્ઞાનમાં – લક્ષમાં જે નિર્વિકલ્પ સ્વરૂપ છે એના ઉપર પુરુષાર્થનું જોર વધ્યું ત્યારે એકાગ્ર થયો છે અને વિચાર વિકલ્પ છૂટી ગયા છે. જો એનાથી કાર્ય થયું હોય તો એ વધી ગયા હોત, પણ ઈ તો ઊલટાના બંધ થઈ ગયા. (જે) બંધ કરવા યોગ્ય સ્થિતિમાં આવે એને તું કાં વળગે છો ? જેને છોડવાના છે, જેને બંધ કરી દેવાના છે એને તો પકડવાના નથી.

એ વિચાર કરતો કરતો (પામ્યો) એ બાહ્ય દૃષ્ટિથી જણાય છે. આવા વિચાર કરનારો પામે છે, આવા વિચાર કરનારો – આત્માના વિચાર કરનારો પામે છે, પણ ભાઈ ! તું એ બહારથી જોમા, આત્માના વિચાર કરનારો એ બહારની વાત છે, અંદરમાં આત્મા ઉપર જોર દેનારો પામે છે. જ્ઞાનમાં જે મહિમા આવે છે એનાથી પામે છે, રાગમાં મહિમા આવે છે (એ) રાગના મહિમાથી પામતો

નથી. તું જ્ઞાનને અને રાગને જુદું પાડ. તું જ્ઞાનને અને રાગને એક ગણીને ચાલે છે આ ભૂલ છે. બન્નેને જુદું પાડી દે, બન્ને જુદું જુદું કામ કરે છે.

એ રીતે વિકલ્પનું મમત્વ છોડીને વિકલ્પથી પણ પોતાનું ભિન્નપણું જાણીને (તેનાથી ભિન્ન પડવાની વાત છે). વિકલ્પ તો જ્ઞાનનું જ્ઞેય છે, અરીસામાં – જ્ઞાનના અરીસામાં પ્રતિબિંબ છે. તારું નિર્વિકલ્પ સ્વરૂપ છે, જ્ઞાનથી પણ તારું નિર્વિકલ્પ સ્વરૂપ છે, શ્રદ્ધાથી પણ નિર્વિકલ્પ છે, બધું નિર્વિકલ્પ (છે). એમ બધાનો વિષય જ નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે. એ રૂપ પરિણમન કરીને નિર્વિકલ્પ થઈ જા. એવી અહીંયાં પ્રેરણા છે.

(વિશેષ લઈશું)...

**ચૈતન્ય સ્વભાવનું તેજ બેહદ છે; જે વિકલ્પો અત્યંત ચંચળ છે, સંખ્યાથી પુષ્કળ છે, અને જેની આડમાં મહાન ચૈતન્યસૂર્ય તેજ પુંજ અનાદિથી આચ્છાદિત થઈ ગયો છે; જેની ઈન્દ્રજાળરૂપ ભૂલભૂલામણીથી જીવ દિગ્મૂઢ થઈ, ભ્રમિત થઈ રહ્યો છે; એવા વિકલ્પરૂપ તરંગો પણ જેના સ્ફુરણ માત્રથી ભાગી જાય છે, તત્ક્ષણ અલોપ થઈ જાય છે; તે તેજના પુંજની - સ્વયંની મહાનતા કેવી ? અદ્‌ભુતથી પણ અદ્‌ભુત !! આ સ્ફુરણ તો માત્ર ચૈતન્યવીર્યનો અંકુર છે. મૂળ વસ્તુ પોતે તો અનંત શક્તિઓનો કંદ છે – અમાપ છે. તો પણ જ્ઞાનમાં મપાય છે !**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૩૬૮)

જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી, તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી ભિન્ન છે. વસ્તુસ્વભાવમાં મલિનતા નથી. પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય તેમ વસ્તુસ્વભાવ બદલાતો નથી. આ તો પરથી એકત્વ તોડવાની વાત છે. અંદર વાસ્તવિક પ્રવેશ કર તો છૂટું પડે. ૮૧.

તા. ૧૧-૦૪-૧૯૮૭, વચનામૃત-૮૧
પ્રવચન નં. ૬૭

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું ૨૮. ૮૧ બોલ. ભેદજ્ઞાનનો વિષય છે. સ્ફટિકના દૃષ્ટાંતે આત્માનો નિર્મળ સ્વભાવ, શુદ્ધ સ્વભાવ ગ્રહણ કરવાની વાત છે. **'જેમ સ્વભાવે નિર્મળ એવા સ્ફટિકમાં લાલ-કાળા ફૂલના સંયોગે રંગ દેખાય તોપણ ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી,...'** લાલ અને કાળું કોઈપણ પ્રકારના રંગનું ફૂલ સ્ફટિકના સંયોગમાં રાખવામાં આવે તો નિર્મળતાને લીધે, સ્ફટિકની નિર્મળતાને લીધે એમાં તેવા રંગની ઝાંય ઊઠે છે. સ્ફટિકની એ પર્યાય છે. સ્ફટિક પત્થરને બદલે બીજો પત્થર લાલ રંગના ફૂલ પાસે રાખેલો હોય તો એમાં કાંઈ ઝાંય પડતી નથી. આ ચાલુ પત્થર લ્યો તો એમાં કાંઈ ઝાંય નહીં પડે. ઝાંય

પડે છે એ નિર્મળતાને સૂચવે છે.

બીજા પદાર્થનું પ્રતિબિંબ જ્ઞાનમાં આવે છે એ ખરેખર (તો) જ્ઞાનની સ્વચ્છતાને સ્પષ્ટ કરે છે. સ્વચ્છતાને જાહેર કરે છે. ચેતનમાં પ્રતિબિંબ પડે, ચૈતન્યભાવમાં પ્રતિબિંબ પડે એવું એક સ્ફટિક જેવું નિર્મળપણું છે. દૃષ્ટિ ક્યાં છે એના ઉપર આધાર છે. જેની દૃષ્ટિ જ્ઞેય પદાર્થ ઉપર છે એને જ્ઞાન પદાર્થમાં પ્રતિબિંબ પડે છે, ચૈતન્યમાં પ્રતિબિંબ પડે છે એ ઉપર લક્ષ રહેતું નથી. જેનું પર ઉપર લક્ષ રહે એનું સ્વ ઉપર લક્ષ ન રહે અને સ્વ ઉપર જેનું લક્ષ રહે એનું પર ઉપર લક્ષ ન રહે. સ્વ અને પર બે પદાર્થ છે તો એકસાથે બન્ને ઉપર લક્ષ રહે એવું નથી બનતું. બન્નેમાંથી કોઈ એક ઉપર રહે.

પ્રશ્ન :– સ્વ-પર બંને એકસાથે જણાય તોપણ ?

સમાધાન :– હા, સ્વ-પર જણાય તોપણ લક્ષ એક ઉપર રહે. લક્ષ બે ઉપર ન રહે. આ એનો નિયમ છે. બે પ્રતિપક્ષ છે ને ? સ્વ અને પર બન્ને પ્રતિપક્ષ છે. એક પક્ષમાં લક્ષ રહે. અનાદિથી જીવનું પરલક્ષ છે એટલે જ્ઞાનમાં રાગ અને બીજા જ્ઞેયો જણાય છે ત્યારે એના ઉપર લક્ષ હોવાને લીધે એને જ્ઞાનનું લક્ષ હોતું નથી. 'જ્ઞાન તે હું' એવું એને લક્ષ હોતું નથી. અને એ તપાસે તો સમજી શકે એવું છે કે 'જ્ઞાન તે હું' એવું લક્ષ મને રહે છે ? જો નથી રહેતું તો 'પર તે હું' એવું લક્ષ એને ચાલુ ને ચાલુ (છે), અનાદિથી ચાલુ ને ચાલુ રહ્યું છે.

અહીંયાં તો એક વાત એ સ્પષ્ટ કરે છે કે, ખરેખર સ્ફટિક રંગાઈ ગયો નથી. રંગની ઝાંય સ્ફટિકમાં ઊઠી હોવા છતાં એ ઝાંય એવી નથી કે સ્ફટિક હવે એવો જ રહેશે. લાલ રંગે સ્ફટિક દેખાય છે, આખે આખો સ્ફટિક લાલ થયો હોય એવું દેખાય છે તોપણ સ્ફટિક રંગાયો નથી એમ કહે છે.

સ્ફટિકમાં રંગ છે અને સ્ફટિકમાં રંગ નથી – બન્ને વાત જેમ છે એમ સમજવી પડે. જો સ્ફટિકમાં રંગ નથી એમ કહો તો જેમ બીજા પદાર્થમાં – બીજા પત્થરમાં કે લાકડામાં રંગની ઝાંય ન આવે એવી સ્થિતિ છે ? તો કે, ના. એવી સ્થિતિ તો નથી. પારદર્શકપણાને લીધે સ્ફટિકની અંદર ઝાંય ઊઠી

છે એ સ્ફટિકની પર્યાય છે. તોપણ એ કોઈ એવી કાયમી ઝાંય નથી, કાયમી રંગ ચડેલો નથી કે સ્ફટિક એવો જ રહે. હવે તો સ્ફટિક રંગાઈ ગયો, બસ ! હવે સ્ફટિક કાયમ માટે લાલ જ રહેવાનો એવી પરિસ્થિતિ થવાની નથી. એ ઝાંય છે એ ચલિત – ચલ પર્યાય છે, ચલિત પર્યાય છે. રહેનારી સ્થિતિ નથી, ચાલી જનારી સ્થિતિ છે. એટલે એને ઉપર ઉપરની ઝાંય છે એમ કહેવામાં આવે છે. પારદર્શકતા એનું મૂળ સ્વરૂપ છે. ઝાંય ઉત્પન્ન થઈ – રંગીનપણું થયું એ એનું મૂળ સ્વરૂપ નથી. તેથી એમ કહે છે કે, એ ખરેખર રંગાઈ ગયો નથી.

આ સ્ફટિકનો દૃષ્ટાંત તો સમજાય એવો છે કે, આ ઝાંય ચાલી જાય છે, એની જ પર્યાય હતી પાછી મટી ગઈ. પાછું નજીક કોઈ (બીજા) રંગનું ફૂલ કે કપડું આવ્યું (તો) વળી એવી ઝાંય થઈ. જેવો Colour – રંગ આવે એવી ઝાંય થાય. મૂળ સ્વરૂપનો – પારદર્શકપણાનો ત્યાગ કર્યા વિના એનું રંગીનપણું દેખાય છે. આ તો સ્પષ્ટ છે. અને એ રંગીનપણાનો ત્યાગ થાય છે, પારદર્શકપણાનો ત્યાગ ક્યારેય થતો નથી. આ તો સ્પષ્ટ છે.

એ દૃષ્ટાંત (એમ કહે છે કે), **'તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં...'** કોઈ એમ કહે કે સ્ફટિકની તો પર્યાય પણ નિર્મળ હતી, પણ આત્માની પર્યાય તો અનાદિથી મેલી છે. તો (કહે છે), જ્ઞાન તો જ્ઞાન જ છે. અનાદિથી જ્ઞાન તો જ્ઞાન જ છે. રાગ મલિન છે, ક્રોધ, માન આદિ મલિન છે પણ જ્ઞાન ક્રોધરૂપે, રાગરૂપે, માનરૂપે મલિન થયું નથી. એ તો જાણવારૂપ જ રહ્યું છે. જાણપણારૂપ જે જ્ઞાન છે એ તો જાણપણારૂપ જ રહે છે. આ એક એની નિર્મળતા છે એ કદી જતી નથી.

**'તેમ સ્વભાવે નિર્મળ એવા આત્મામાં ક્રોધ-માન આદિ દેખાય...'** પર પદાર્થવત્ હોં ! **'તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી...'** આત્મદ્રવ્ય એટલે હું તેનાથી **'ભિન્ન...'** છું. આત્મા એટલે ? આત્મા એટલે હું. 'પ્રવચનસાર'માં 'જયસેનાચાર્ય'ની ટીકામાં એક જગ્યાએ એવી વાત લીધી છે. 'आत्मा इति को अर्थः ?' (અર્થાત્) આત્માનો શું અર્થ આપ કરો છો ? તો કે 'अहं इति' આટલો જવાબ આપ્યો છે. 'आत्मा इति को अर्थः ?' આત્માનો શું અર્થ ? આત્મા એટલે શું ? આત્મા એટલે

કોઈ બીજાની વાત નથી.

સ્વભાવે જેમાં અનેક પ્રકારના પ્રતિબિંબ (પડે છે) એ ઝાંય છે. અંદર પ્રકૃતિનો ઉદય (આવે). ક્રોધનો, માનનો, દ્વેષનો, ખેદનો, રાગનો જેવા જેવા ભાવનો અંદર ઉદય આવે છે – પ્રકૃતિનો વિપાક (આવે છે), બસ ! એવા અંદર પ્રતિબિંબ ઊઠે છે. જ્ઞાનની અંદર એ દેખાય. દેખનારો જ્ઞાન સ્વરૂપે છે, દેખાય છે તે જ્ઞાન સ્વરૂપે નથી. ક્રોધાદિ ભાવ, પ્રકૃતિ, બીજા બહારના પરમાણુના જેટલા દશ્યમાન જથ્થા છે (તે) કોઈ જ્ઞાનરૂપે નથી, જ્ઞેય છે તે જ્ઞાનરૂપે નથી.

**'તોપણ ખરેખર આત્મદ્રવ્ય તેનાથી...'** એટલે હું **'તેનાથી ભિન્ન...'** છું. **'વસ્તુસ્વભાવમાં...'** એટલે મારા સ્વભાવમાં **'મલિનતા નથી.'** 'ગુરુદેવ'ની કૃપાથી આ વાત છે એ વિચારમાં સમજાવી તો સહેલી છે પણ થોડો એમાં પ્રયાસ કરીને પોતાને લક્ષમાં લેવા જેવો છે. સ્વલક્ષપૂર્વક અથવા અહંપણું, જ્ઞાનમાં અહંપણું સ્થાપીને, હુંપણું ગ્રહણ કરીને, હુંપણે જ્ઞાનભાવને ગ્રહણ કરીને એ અનુભવ કરવા જેવો છે કે મારામાં અન્ય પદાર્થની ઝાંય પડે છે ત્યારે પણ હું સદાય જ્ઞાન સ્વરૂપે, નિર્મળ સ્વરૂપે, અવિકારી સ્વરૂપે, નિર્મળ (રહું છું). હું એવોને એવો નિર્મળ રહું છું એટલે ? મારામાં મલિનતા થતી નથી એટલે એવો જ નિર્મળ રહું છું.

જ્યારે પાણીમાં માટી ભળે ત્યારે પાણી ડહોળું દેખાય. આ ચાના રગડા જેવું (દેખાય), એવો રંગ ધારણ કરે. માટી જેવો રંગ ધારણ કરે. ત્યારે પાણી મેલું થયું છે એમ કહેવાય. સંયોગદષ્ટિએ પાણી મેલું છે, આ પાણી ડહોળું છે, આ પાણી મેલું છે એમ કહેવાય છે. ખરેખર પાણી એની જાતથી મેલું થાય, પાણીમાં ખરેખર માટી ભળી જ જાય તો વળી એમાંથી સ્વચ્છ પાણી કરી શકાય નહીં. પણ એ જ પાણી આછરી જાય છે, માટી નીચે બેસી જાય છે. માટીના રજકણો જે પથરાય ગયા હતા, પ્રસરી ગયા હતા એ બધા હેઠા (-નીચે) બેસી જાય છે ત્યારે સ્વચ્છ પાણી ઉપર જોવામાં આવે છે. પાણીના રજકણો માટીના રજકણરૂપે નહોતા થઈ ગયા, માટીના રજકણો પાણીના રજકણરૂપે નહોતા થઈ ગયા. એવું જેને પાણીની મલિન અવસ્થા વખતે પાણીના સ્વરૂપનું જ્ઞાન થાય છે એ શુદ્ધ પાણી મેળવવાની પ્રક્રિયા કરે છે અથવા રાહ જોવે છે કે, જુઓ !

આ માટી નીચે બેસી જશે એટલે જે સ્વચ્છ પાણી રહી જશે એ નિતારી લ્યો. ચોખ્ખું પાણી મળી ગયું. પણ મેલી અવસ્થા વખતે પાણી સ્વરૂપે કરીને સ્વચ્છ છે. એ તો પાણીની મલિન અવસ્થા છે, ડહોળા પાણી છે ત્યારે પણ એનું જ્ઞાન કરી શકાય છે, એને લક્ષમાં લઈ શકાય છે.

એમ અહીંયાં રાગ-દ્વેષ-મોહના પરિણામ જીવને થાય છે ત્યારે અંદરમાં તે તે પ્રકૃતિનો ઉદય છે. ક્રોધ થાય ત્યારે ક્રોધ પ્રકૃતિનો ઉદય છે. થોડો હળવો થઈને, હળવો થઈને એટલે ખસીને. આ ક્રોધ તે હું છું અને મારામાં ક્રોધ થાય છે એમ જે એકદમ બહારમાં ધસી જાય છે એના બદલે હું તો જાણક તત્ત્વ છું, જાણનાર તત્ત્વ છું, જ્ઞાન તત્ત્વ છું, હું જ્ઞાનરૂપે છું અને મારા જ્ઞાનસ્વરૂપને મલિન કરવા કોઈ સમર્થ નથી, એ તો સદાય જાણનારું જ રહે છે, રહેશે. આ જ્ઞાનનું સ્વરૂપ છે અને એને કોઈ મિટાવી શકાય એવું નથી. અમીટ એવું એને વિશેષણ લાગે છે. સ્વભાવ અમીટ છે. જ્ઞાનનો સ્વભાવ અમીટ છે. જાણવું (છે) એને નહીં જાણવું કોઈ કરી શકતું નથી, મટાડી શકાતું (નથી). રાગ મટી શકે, જાણવું ન મટી શકે. પર અભિલાષારૂપ રાગ, અન્ય પદાર્થની વાંછા – અભિલાષા એ રૂપ રાગ છે એ રાગ મટી શકે છે. જાણવું... જાણવું... જાણવું... કદી જીવના પરિણામમાંથી મટી શકતું નથી. કેમકે એ સ્વભાવ છે અને એ સદાય ભિન્ન રહે છે. ક્યારેય ક્રોધ, માન આદિ એ રૂપે થઈ જતો નથી. ફક્ત નિર્મળતા હોવાને લીધે એમાં પ્રતિબિંબ પડે છે.

હું જાણનાર છું એમ લક્ષ રહે, એમ દૃષ્ટિ રહે તો ક્રોધાદિ ભિન્ન જણાય છે અને હું જાણનાર છું એમ ન રહે તો હું ક્રોધી, હું રાગી એમ એનું અભિન્નપણું અનુભવાય છે. અભિન્નપણાનો અનુભવ અનાદિથી વર્તમાન સુધીના અનંતકાળથી છે. હવે અહીંયાં સ્ફટિકનું દૃષ્ટાંત આપીને ભિન્નપણાનો અનુભવ કરાવવો છે.

'સમયસાર'ની ૬૯, ૭૦ ગાથામાંનો આ એક વિષય છે કે જો ભાઈ ! જે રીતે ક્રોધાદિ ભાવો પરિણમતા માલૂમ પડે છે, તેવી રીતે જ્ઞાનક્રિયા થતી માલૂમ પડતી નથી. જે રીતે જ્ઞાનક્રિયા થતી માલૂમ પડે છે, તે રીતે ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડતી નથી. બન્ને સામે સામે વાત લીધી છે. એમાં એક

જ્ઞાની અને એક અજ્ઞાની – બન્નેના પરિણમનની વાત લીધી છે.

ક્રોધાદિ ક્રિયા પણ પરિણમતી માલૂમ પડે છે, જ્ઞાનક્રિયા પણ પરિણમતી માલૂમ પડે છે. બન્નેની એક રીત નથી એટલે શું ? કે જેણે ક્રોધાદિ ભાવમાં હુંપણું સ્થાપ્યું છે, જેનું લક્ષ અને દૃષ્ટિ ક્રોધાદિ ભાવ ઉપર છે એને જ્ઞાન તે હું એમ પરિણમન માલૂમ પડતું નથી, અનુભવમાં આવતું નથી. એને તો રાગ તે હું, ક્રોધ તે હું એવો અનુભવ થાય છે. મૂળ સ્વરૂપે આત્મા એવો નહીં હોવાથી એને મિથ્યાઅનુભવ કહેવામાં આવે છે, મિથ્યાજ્ઞાન અને મિથ્યાશ્રદ્ધાન કહેવામાં આવે છે.

હવે પલટો મારે છે (અર્થાત્) જીવ પોતાના સ્વરૂપને ઓળખીને જ્ઞાની થાય છે ત્યારે જ્ઞાનક્રિયામાં જ્ઞાન એટલે હું છું, જ્ઞાનક્રિયામાં આત્મા હું છું, હું આત્મા છું, એમ હુંપણું દૃષ્ટિથી અને લક્ષથી જ્ઞાનમાં સ્થાપતા ક્રોધાદિ ભાવ એને ભિન્ન ભાસે છે. પોતાથી એને ભિન્ન ભાસે (છે). જ્ઞાનથી ભિન્ન ભાસે છે એટલે પોતાથી ભિન્ન ભાસે છે. કેવી રીતે ભિન્ન ભાસે છે ? કે પરદ્રવ્યવત્. બીજો પદાર્થ જેમ જ્ઞાનમાં જુદો જણાય તેમ આ જુદાં એવા ક્રોધાદિ ભાવો, રાગાદિ ભાવો જ્ઞાનથી જુદાં અનુભવવામાં આવે છે. સ્પષ્ટપણે જુદાં અનુભવવામાં આવે છે. એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન છે.

**'વસ્તુસ્વભાવમાં મલિનતા નથી.'** કરી શકાતી પણ નથી. અનંતકાળથી જીવ મલિન ભાવમાં હુંપણું કરીને પરિણમ્યો. જેવી જેવી પ્રકૃતિનો ઉદય આવ્યો (તે) પ્રકૃતિને અનુસરીને તેવા તેવા પરિણામ કર્યા, તેવા તેવા મલિન રાગ-દ્વેષ-મોહના મલિન પરિણામ કરીને એવાપણે પોતાનો અનુભવ કર્યો. ક્ષણ ક્ષણ કરીને અનંતકાળ સુધી એવો અનુભવ કર્યો તોપણ સ્વભાવ છે એને મલિન કરી શકાયો નથી. એવું સ્વભાવનું સામર્થ્ય છે ! એ રાગાદિ ભાવની મલિનતા આત્માના શુદ્ધ સ્વભાવને મલિન કરી શકતી નથી, સ્પર્શી શકતી નથી.

આવા વસ્તુ સ્વભાવને શ્રદ્ધામાં સ્વીકારવો એને સમ્યક્દર્શન કહે છે. આવા નિર્મળ શુદ્ધ વસ્તુ સ્વભાવનો જ્ઞાનમાં અનુભવ કરવો એને આત્મજ્ઞાન અને સમ્યક્જ્ઞાન કહે છે અને એવા શ્રદ્ધા-જ્ઞાનમાં સ્થિર રહી જવું એને આત્માનું

સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. આમ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ધર્મ પ્રગટ થાય છે – મોક્ષમાર્ગ પ્રગટ થાય છે ત્યારે એકસાથે ઉત્પન્ન થાય છે. કોઈના અંશો ઓછાવત્તા હોય છે, શરૂઆતમાં ચારિત્રનો અંશ ઓછો હોય છે પછી ચારિત્રનો અંશ વધતો જાય છે એટલે સ્થિરતાનો અંશ વધતો જાય છે, સ્થિરતાનો સમય વધતો જાય છે, સ્થિરતાની – વીતરાગતાની તારતમ્યતા વધતી જાય છે. એમ મોક્ષમાર્ગમાં જે જીવ હોય છે એને એકસાથે ત્રણે હોય છે. શ્રદ્ધા હોય અને જ્ઞાન, ચારિત્ર ન હોય એવું ક્યારેય ન બને. આત્મજ્ઞાન હોય અને આત્માનું શ્રદ્ધાન અને આત્માનું સમ્યક્ચારિત્ર ન હોય એમ ન બને. (જે) જીવો એ વિષયના અજાણ છે એવા લોકો એમ કહે છે કે, ભાઈ ! અમને શ્રદ્ધા છે ભલે જ્ઞાન, ચારિત્ર ન રહ્યું, કોઈ કહે અમને જ્ઞાન છે, આચરણ ભલે ન રહ્યું, કોઈ એમ કહે કે અમે આચરણ પાળીએ છીએ ભલે અમને જ્ઞાન ન હોય, એવું કદી બનતું નથી.

ધર્મ તો – મોક્ષમાર્ગ તો, મોક્ષમાર્ગ એટલે ધર્મ અને ધર્મ એટલે મોક્ષમાર્ગ, એ તો સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગ છે. 'ઉમાસ્વામી'નું 'તત્ત્વાર્થસૂત્ર'નું પહેલું સૂત્ર છે – 'સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' એક વચન લીધું છે. ત્રણે થઈને એક મોક્ષમાર્ગ છે. ત્રણ મોક્ષમાર્ગ નથી, ત્રણ પ્રકારના મોક્ષમાર્ગ નથી પણ ત્રણેની ઐક્યતા રૂપે મોક્ષમાર્ગ છે. આત્માનું જે શ્રદ્ધાન થાય, જેને આત્મા શ્રદ્ધે, જ્ઞાન એવા જ આત્માનું થાય છે, એવા જ આત્મા રૂપ આચરણ થાય છે. જેવું આત્માનું જ્ઞાન થાય છે એવા જ આત્માને શ્રદ્ધા શ્રદ્ધે છે. જ્ઞાન, શ્રદ્ધા, અને આચરણ ત્રણે એકબીજાની સાથે જ રહે છે. જ્ઞાનનો વિષય જુદો, દૃષ્ટિનો વિષય જુદો, ચારિત્રનો વિષય જુદો એમ મોક્ષમાર્ગમાં બનતું નથી.

અનંતે ગુણનો – અનંતે અનંત ગુણનો વિષય એક પોતાનો અભેદ આત્મા છે. જો કે ખરેખર તો એ બધા ગુણોનું એકરૂપ તે જ એક આત્મા છે. આત્મા એનાથી પાછો કોઈ જુદો પદાર્થ છે એમ પણ નથી. એ બધા ગુણોનું અભેદ એકરૂપ એને દ્રવ્ય સ્વભાવ કહે છે, એને જ આત્મા કહે છે. એ જ આત્મા છે. એક ને એક તત્ત્વ ગુણભેદે ગુણ સ્વરૂપ છે અને દ્રવ્યભેદે અભેદ દ્રવ્યસ્વરૂપ

છે. એ જ તત્ત્વ છે, બીજું કોઈ તત્ત્વ નથી.

પ્રશ્ન :- ક્રોધાદિ ભાવો ભિન્ન ભાસે છે તો શું લાભ થાય અને અભિન્ન ભાસે તો શું નુકસાન થાય ?

સમાધાન :- ક્રોધાદિ ભાવો તો આકુળતા અને અશાંત સ્વરૂપ છે. એમાં આકુળતા ને દુઃખ અને અશાંતિ છે તો અભિન્નપણું થતા – અભેદભાવે અનુભવ થતા પોતાને દુઃખનો અનુભવ થાય છે અને ભિન્નપણે અનુભવ થતાં પોતાને દુઃખનો અનુભવ નથી થતો પણ એનાથી જુદી જે આત્મશાંતિ છે એ આત્મશાંતિમાં પોતે રહે છે અને ક્રોધાદિ ભાવોનું જ્ઞાન કરે છે. જેમ બીજાને નુકસાન થયું એનું દુઃખ થાય છે ? કેમકે જ્ઞાનમાં એનું જુદાંપણું જણાય છે. સામા માણસનું ઘી ઢોળાઈ ગયું કે સોનું કો'ક ચોરી ગયું, સોનાના દાગીના ચોરી જાય છે ને ? તો પોતાને કેમ દુઃખ નથી થતું ? (કેમકે) મારા નથી. મારાપણું આવે છે ત્યાં મુખ્યતા થાય છે, ત્યાં તન્મયતા થાય છે અને ત્યાં દુઃખનો અનુભવ થાય છે.

આ શરીર મારું (એમ માને છે) તો શરીરમાં રોગ આવે ત્યારે જીવને દુઃખ થાય છે કેમકે એમાં મારાપણું રાખ્યું. તો બીજાના શરીરમાં રોગ આવે ત્યારે કેમ દુઃખ નથી થતું ? જ્યાં મમત્વ છે ત્યાં આકુળતા ઉત્પન્ન (થાય જ). પરપદાર્થમાં મમત્વ આકુળતાને ઉત્પન્ન કરે જ કરે – આ એનો નિયમ છે. અને રાગ સ્વયં આકુળતારૂપ છે, રાગ સ્વયં દુઃખરૂપ છે, મલિનભાવ છે એવું જ્યારે જણાય છે ત્યારે જ્ઞાન છે એ નિર્મળ છે, અકષાય સ્વરૂપ છે, શાંત છે. બન્ને ભાવોની જાતિ ઓળખાય છે ત્યારે જીવ અશાંતપણામાંથી ખસી અને શાંત ભાવમાં રહેવા સહજ પ્રયત્ન કરે છે અને શાંતિમાં રહે છે. પ્રયોજન શાંતિનું છે, સુખનું છે. એ પ્રયોજનની આમાં સિદ્ધિ થાય છે. ભેદજ્ઞાનથી નિજ આત્મસુખ અને શાંતિના પ્રયોજનની સિદ્ધિ થાય છે. એટલે સત્ શાસ્ત્રોમાં ભેદજ્ઞાન કરવાનો ઉપદેશ છે.

પ્રશ્ન :- ક્રોધાદિ ભાવ તો મારા જ છે ને ?

સમાધાન :- જેમ આ ઝાંય સ્ફટિકની છે એના જેવી વાત છે. ઝાંય તો સ્ફટિકમાં ઊપજે કાંઈ બીજા પથરામાં, લાકડામાં ઊપજે નહીં, પણ એના જેવી એ વાત છે. એક પાતળી ઝાંય છે. આખા નિર્મળ સ્વરૂપને છોડીને ઝાંયરૂપે આખો

પત્થર થઈ ગયો છે એમ માને તો એ વાત કેટલી સાચી છે ? એમ રાગની ઝાંય અંદરમાં આવી છે તો આખો રાગી થઈ ગયો છું એમ માને એ શ્રદ્ધામાં અને જ્ઞાનમાં, સ્વરૂપ શ્રદ્ધાનમાં અને સ્વરૂપ જ્ઞાનમાં બહુ મોટી ભૂલ કરે છે.

મુમુક્ષુ :- એવું માને તોપણ સ્વભાવ તો સ્વભાવ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાની જાણે છે કે (તોપણ) એનો સ્વભાવ મટવાનો નથી. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના ૩૩ નંબરના પત્રમાં એવો એક બોલ આવ્યો છે કે જ્ઞાનીને અજ્ઞાનીના પરિણામનું જ્ઞાન રહે છે. કેવી જાતના પરિણામ છે અજ્ઞાનીના ? કે જે વર્તમાનમાં પોતાના નિર્મળ શુદ્ધ સ્વભાવને, ત્રિકાળી સ્વભાવને ભૂલ્યો છે એવી એની દશા છે એનું જ્ઞાનીને જ્ઞાન રહે છે. બસ ! કે આ બિચારો પોતાના જ મૂળ સ્વરૂપને ભૂલ્યો છે. આથી વધારે કાંઈ નથી. એની દશામાં આ ગડબડ છે એટલે દુઃખી થઈ રહ્યો છે, બીજું કાંઈ નથી. 'હું ફલાણો માણસ છું' એમ માનીને દુઃખી થઈ રહ્યો છે. બાકી ખરેખર આત્મા તો આત્મા જ છે પણ ભૂલી ગયો છે એટલે દુઃખી થાય છે.

જેમ કોઈ ઘરમાં દાટેલા નિધાનથી અજાણ્યો હોય તો દરિદ્રી થઈને ભીખ માગે કે બટકું રોટલો આપજો, મને કપડાં આપજો. પણ નિજ નિધાનની, અંદરમાં દાટેલા નિધાનની એને ખબર હોય તો માગવા જાય ખરો ? તો ઈ નિધાનનો ઉપયોગ કરવાનો વિચાર કરે, માંગવાની પ્રવૃત્તિનો વિચાર નહીં કરે. આ એના જેવું છે કે શાંતિ ભરી છે, શાંતિનું નિધાન, બેહદ શાંતિ, અપરિમિત શાંતિ આત્માના સ્વરૂપમાં ભરી છે. બહાર ગોતવા જાય છે કે આ પલંગ, પંખામાં શાંતિ છે કે આ ખાવા, પીવામાં શાંતિ છે કે હરવા-ફરવામાં શાંતિ છે, ઊઠવા-બેસવામાં શાંતિ છે. શેમાં શાંતિ છે ? આમાં શોધે, ઘડીક આમાં શોધે, ઘડીક આમાં શોધે, ઘડીક આમાં શોધે, ઘડીક ઠંડીમાં શોધે, ઘડીક ગરમીમાં શોધે. બધે રજકણ છે. રજકણમાં ક્યાંય શાંતિ-અશાંતિનો રજકણને તો પ્રશ્ન નથી. એ શાંતિ-અશાંતિ એની દશા નથી. એટલે રજકણમાં શોધાશોધ કરે છે અને મેળવવા માટે જોર કરે છે કે, અહીંથી શાંતિ લઈ લઉં, અહીંથી શાંતિ લઈ લઉં. જેટલું જોર કરે છે એટલી અશાંતિ વધે છે. પૈસામાંથી શાંતિ લઈ લઉં, કપડાંમાંથી શાંતિ લઈ

લઉં, સુખ મેળવી લઉં, દાગીનામાંથી સુખ મેળવી લઉં, મકાનમાંથી સુખ મેળવી લઉં, આબરુમાંથી સુખ મેળવી લઉં. ક્યાંય સુખ છે નહીં. જેટલું જોર કરે છે એટલો દુઃખ ભાવ વધી જાય છે. આ પરિસ્થિતિ રેતીમાંથી તેલ કાઢવા માટે રેતીને પીસ્યા જ કરે, પીસ્યા જ કરે અને એક ટીપું તેલ ન નીકળે ને દુઃખી થાય એવી વાત છે.

એટલે એનાથી ભિન્નપણાનો (અનુભવ કરવાનો છે). ભિન્ન છે અને ભિન્ન અનુભવવો છે. કલ્પના નથી કરવી. જેમ બીજા લોકો કલ્પના કરે છે કે ઈશ્વર અમારું કામ કરી દેશે, ઈશ્વર અમને શાંતિ આપશે, ઈશ્વર અમને સુખ આપશે. એવી અહીંયાં વાત નથી. અથવા કોઈપણ કાર્ય કરતા એ તો ઈશ્વરે કર્યું છે ને મેં નથી કર્યું, એવી રીતે ઈશ્વરને માથે ઓઢાડે કેમકે મને એનું માન ચડી જાય નહીં, મને એનું અભિમાન થઈ જાય નહીં. એવી કોઈ કલ્પના કરીને દોષ મટાડવાની વાત નથી. વાસ્તવિકતાની વાત છે કે આત્મા ભિન્ન છે વાસ્તવિકપણે, ક્રોધાદિભાવો ભિન્ન છે વાસ્તવિકપણે – ભિન્નનો ભિન્નપણે અનુભવ કર તો તને શાંતિ રહેશે અને નહીંતર અશાંતિ ઉત્પન્ન થયા વિના રહેશે નહીં.

જેમ **'પરમાણુ પલટીને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વિનાનો ન થાય...'** કોઈ પરમાણુમાંથી એનો રંગ લઈ લ્યે, ગંધ લઈ લ્યે, એનો સ્પર્શનો પર્યાય લઈ લ્યે, એનો રસ લઈ લ્યે, કાઢી લ્યે અને એ વગરના પરમાણુ કરી નાખે એવું બની શકતું નથી. એ રૂપીપણું છે. **'તેમ વસ્તુસ્વભાવ...'** તેમ આત્માનો જ્ઞાનસ્વભાવ બદલી શકાતો નથી કે એમાં બીજો કોઈ હસ્તક્ષેપ કરી શકાતો નથી, સ્વભાવને ડહોળી શકાતો નથી, સ્વભાવને ફેરફાર કરી શકાતો નથી, સ્વભાવને મિટાવી શકાતો નથી. માને તોપણ આમ છે, ન માને તોપણ આમ છે. આજે સ્વીકારે, કાલે સ્વીકારે લાખ કરોડ વર્ષે, અનંતકાળે આ સ્વીકારે તે દી' શાંતિ છે. નહીંતર કોઈ રીતે એની અશાંતિ મટે એવું નથી.

નિરુપાધિકભાવમાં સુખ છે – એ વાત તો ઉપાધિ ઘટે-વધે છે ત્યારે સમજાય છે અને એટલા માટે જેટલી ઉપાધિ ઓછી કરવી પડે એવો પણ એ દિશામાં એક પ્રયત્ન કરીને આ Automatic કામ કરતા યંત્રોની ગોઠવણ ભૌતિક રીતે

લોકોએ કરી છે. Automization શેના ઉપરથી થયું ? કે બહુ કામ કરવું ન પડે. Automatic ગણિતથી બધા દાખલા ગણાઈ જાય, Automatic ગણિતથી હિસાબ કિતાબ થઈ જાય, Automatic આ ખૂલી જાય ને આ બંધ થઈ જાય ને આમ થઈ જાય ને તેમ થઈ જાય ને Automatic ચા થઈ જાય ને રસોઈ થઈ જાય ને બધું અનેક જાતનું આવે છે ને ?

એક ભાઈ વાત કરતા હતા કે, 'અમેરિકા'માં મેં એવું સરસ કર્યું છે કે ગાડી લઈને દરવાજે આવું તો દરવાજામાં બેઠો બેઠો ચાંપ દાબુ એટલે દરવાજો ખૂલી જાય, પછી Automatic ગૅરેજ ખૂલી જાય પછી કંપાઉન્ડની બત્તીઓ થઈ જાય. બધું મોટરમાં બેઠા બેઠા જ થઈ જાય, જુદી જુદી ચાંપ દાબવાની, પણ ઈ પણ ચાંપ દાબવી ન પડે તો સારું પાછું ! ચાંપ દાબવી પડે ઈ પણ ઉપાધિ જ છે ને ? (ચાંપ દાબવી) ન પડે અને એમને એમ ખાલી ભાવ થાય ને થઈ જાય તો ! આ દેવલોકમાં એવી રિદ્ધિ-સિદ્ધિ હોય છે. એના પરિણામ થાય અને સામે ફટાફટ થવા માંડે. પણ ઈ પરિણામ થાય ઈ પણ ઉપાધિ છે. ચાંપ દાબવાનો ભાવ પણ ઉપાધિ છે અને એના પ્રત્યેના પરિણામ થાય એ ઉપાધિ છે. હવે જેટલી ઉપાધિ ઓછી થાય એટલી વ્યવસ્થા કરી તોપણ મૂળમાંથી ઉપાધિ જતી (નથી).

નજર સામે એમ દેખાય છે કે એવા જીવો વધારે આકુળિત છે. એમ કેમ થયું ? જો ઉપાધિ ઓછી થાય તો શાંતિ વધવી જોઈતી હતી, તો આ લોકોને ઉપાધિ ઘટેલી જોવામાં આવે છે કે રળવા માટે મજૂરી કરવી નહીં, સહી કરે ત્યાં કામ થઈ જાય. એટલી ઓછી ઉપાધિ, પેલાને ઝાઝી ઉપાધિ ગણાય. પણ શાંતિ ક્યાં મળી ? ઉપર ઉપરથી ઉપાધિ મંદ થઈ છે, અંદરમાંથી વધી ગઈ છે. કેમકે 'આ બધું મારું અને મારું બહુ સારું' એવો એની અંદર રસ પડ્યો. 'આ સારું છે' એમ સારાપણાનો રસ પડ્યો, હું સારો નહીં (પણ) એ સારું છે, આ રાચરચીલું સારું છે. એની અંદર હું સારો ન રહ્યો. એના રસમાં આકુળતા વધી ગઈ, અશાંતિ વધી ગઈ તો ઈ લોકો કહે છે કે, હવે નવરા બહુ થઈ ગયા તો મગજ ખરાબ થવા મંડ્યું. કો'ક ગાંડા થવા મંડ્યા, રોગ થવા મંડ્યા.

કેમકે એને શાંત સ્વભાવનો આશ્રય લેવાનું અંદર રહ્યું નહીં. આશ્રય તો એણે પરાશ્રય જ રાખ્યો, હવે શું કરવું ? હવે શું કરવું ? આના પછી શું કરવું ? આના પછી આમ કરવું, આના પછી આમ કરવું. નવરું તો એક મિનિટ પરિણમન રહેતું નથી અને જ્યાં પરનો આશ્રય છે ત્યાં પરના આશ્રયે એ પરિણમન કામ કરે છે. જેમ જેમ અનુકૂળતા પૂર્વ પુણ્યના યોગે ગોઠવાતી જાય છે; એની ડહાપણ, હોશિયારીથી નહીં, તેમ તેમ એનો રસ વધારે વધી જાય છે. જેમ જેમ રસ પુણ્યના યોગે વધારે તીવ્ર થાય છે એમ વધારે આકુળતા ઉત્પન્ન થાય છે.

શાંત સ્વરૂપ આત્માના આશ્રયે જ શાંતિ મળે અને એમાંથી શાંતિનો ફુવારો છૂટે છે, બહારથી કોઈ રીતે શાંતિ મળતી નથી. એ વિજ્ઞાન નહીં હોવાને લીધે, જગતમાં એ વિજ્ઞાન પ્રસિદ્ધ નહીં હોવાને લીધે ઊંધું વિજ્ઞાન શીખીને ત્યાંથી સુખ લેવા માટે મહેનત કરે છે. આ પરિસ્થિતિ છે. પછી હજારો વર્ષ પહેલાં યજ્ઞ કરીને પ્રાણીને મારીને, પ્રાણીઓની હિંસા કરીને એમાં હોમ કરે અને વરસાદ લાવીને સુખી થવાની વાત, એ શ્રદ્ધા જેટલી વિપરીત શ્રદ્ધા છે એટલી જ વિપરીત શ્રદ્ધા પરપદાર્થમાંથી સુખ મેળવવાની છે. અહીંયાં એ પોતાનો વધ કરે છે. કેમકે એને વરસાદ લાવીને સુખી થવું હતું. વરસાદ લાવવા માટે એણે હિંસા કરી. તેમ આ પણ પોતાના સુખ સાધનોને ગોઠવવા માટે અનેક પ્રાણીની હિંસા કરે અને હારોહાર (-સાથે સાથે) પોતાના ભાવની હિંસા કરે છે. એમાં ને એમાં કાંઈ ફેર છે નહીં. બન્ને પરમાંથી સુખ મેળવવાનો સિદ્ધાંત એકસરખો પાળે છે. કે કાંઈ ફેર છે ? પહેલાં એ લોકો અજ્ઞાનમાં હતા અને હવે અહીંયાં જ્ઞાન વધી ગયું એવું નથી. એવું ને એવું અજ્ઞાન એટલું ને એટલું જાડું પડ્યું છે. એમાં કાંઈ ફેર નથી. બહુ તકલીફ પડે એવું છે.

પૈસાવાળાને એમ પૂછો કે, આમાં કાંઈ માલ નથી; 'ગુરુદેવ' તો કહેતા કે આ મોટરું ને બંગલા ને લાંબી લાંબી મોટરમાં બેસે (તો ઈ) મોટરમાં બેઠો છે ? કે, ના, ના ! એની છાતી ઉપર મોટર બેઠી છે અત્યારે ! ક્યાં ? છાતી ઉપર ભાર લાગે ને ? એટલે એનો બધી ઉપાધિનો ભાર વહન કરે છે (તો) ઈ મોટરમાં નથી બેઠો એની છાતી ઉપર મોટર બેઠી છે ! બંગલામાં (રહે)

છે ? તો કહે ના, દુઃખના ડુંગરામાં છે. પણ ઈ એને બેસે એવું નથી. તમે ભલે નકામું કહો પણ અમને તો આ બધું એવું ભર્યું... ભર્યું... ભર્યું... ભર્યું... લાગે છે કે આ બધું અમારે છે, આ બધું અમારે છે, આ બધું અમારે છે... એને શાંતિની ખબર નથી કે આત્માનું સુખ શું છે ? આત્માની શાંતિ શું છે ? એ એને ખબર નથી. દુઃખી થઈ રહ્યો છે એ જ્ઞાની જાણે છે અને અનંત દુઃખમાં હડસેલાઈ જશે એ પણ જ્ઞાની જાણે છે. ક્યાં જાશે એનો પત્તો નથી.

અહીંયાં મોટો શેઠ હોય, શ્રીમંત દેખાતો હોય અને મૃત્યુ થાય અને ઘડીકમાં જાય ઢેઢગરોળીને ત્યાં ! એના ને એના રસોડામાં આંટા મારે. ખાવાનો ગૃદ્ધિ હોય, વાસના રહી જાય, અહીંથી મરે (એટલે) સીધો ઢેઢગરોળીની કૂખે જાય. ત્યાં આંટા મારે. આ શરીર ને આ હાલત ઘડીકમાં ! સાહેબજી... સાહેબજી... સાહેબજી... બધા કરતા હતા. સાહેબજીની આ દશા ઘડીકમાં ! ભાઈ ! ત્યાં કુદરતના ઘરમાં તો કાંટો જરાય કોઈની શરમ રાખતો નથી. આ જોખે ત્યારે નથી કહેતા ? કે ભાઈ ! જુઓ ! કાંટો શરમ નહીં રાખે. એ કુદરતનો કાંટો (છે) એ વસ્તુનો સ્વભાવ છે, કોઈ એનો કર્તા-હર્તા નથી. એ કોઈની શરમ રાખતો નથી. જેવા પરિણામ આકુળતાના કર્યા (તેવા) નીચે... નીચે... નીચે... પરિણામ ચાલ્યા જ જાય છે. એકેન્દ્રિય સુધી જીવ ચાલ્યો જાય છે.

અહીંયાં કહે છે કે તારા વસ્તુસ્વભાવને, નહીં બદલતા એવા ધ્રુવ ધ્રુવ રહેતા વસ્તુસ્વભાવને તું સમજ, એની ઓળખાણ કર. પરિણામ એને વળગે એટલો તને શાંતિનો લાભ છે, એનેથી છૂટીને આગળ જાય એટલું તને નુકસાન છે.

મુમુક્ષુ :- વાત તો ટૂંકી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ટૂંકી વાત છે. લાંબી લાંબી વાત તો વિચાર અને વિકલ્પમાં છે. પ્રત્યક્ષ આરાધનમાં તો એવું કાંઈ છે જ નહીં. યુક્તિમાર્ગ બધો આમથી આમ ને આમથી આમ, કારણ અને કાર્ય, ન્યાય અને લોજીક એ બધો તો 'નયચક્ર' ગ્રંથમાં યુક્તિમાર્ગ કહ્યો છે કે આ બધા વિકલ્પ ક્યાં સુધી ? કે જ્યાં સુધી વસ્તુનું સ્વરૂપ નહોતો સમજ્યો, ઊલટું સમજ્યો હતો એની સમજણ કરવા. **'णो आराहण समये'** આરાધના સમયમાં નહીં. આરાધનામાં તો બીજા

પદાર્થનું કામ જ નથી. પોતે આત્મા આરાધ્ય છે (અને) પોતાના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આરાધક છે. આરાધક પણ પોતે અને આરાધ્ય પણ પોતે અને એ પરિણામને જ આરાધના કહેવામાં આવે છે. એમાં કોઈ વચ્ચે છે નહીં પછી લાંબી વાત ક્યાંથી હોય ? લાંબી કથા તો બીજો કો'ક વચ્ચે આવે તો હોય. પોતામાં ને પોતામાં તો કાંઈ પ્રશ્ન છે નહીં. અને પોતે પ્રત્યક્ષ છે, દૂર હોય તો એકબીજાને કાગળ લખે છે, પ્રત્યક્ષ મળ્યા પછી કાગળ લખવા બેસે લ્યો, તમે મળ્યા હવે એક કાગળ લખું તમને – એમ કહે છે કોઈ ? બોલો ભાઈ શું કહેવું છે ? કાગળમાં લખે કે હું ખુશીમાં છું, તમારી પણ ખુશી ઇચ્છું છું. તમે પણ ખુશીમાં છો. પણ નજર સામે જોવે તો બન્નેના પ્રસન્ન ચિત્ત જોવે એમાં કહેવાની ક્યાં વાત રહી કે હું ખુશીમાં છું ને તમે ખુશીમાં છો ? પણ મળ્યાનો આનંદ છે, વાત પૂરી થઈ ગઈ. પ્રત્યક્ષ દર્શનમાં કાંઈ લાંબી ચોડી વાત નથી.

**'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે.'** જે અનાદિથી એકમેકપણું થઈ રહ્યું છે, એટલું સહજપણે થઈ રહ્યું છે અને એટલા એના ગાઢ સંસ્કાર છે એ તોડવાની વાત છે. પ્રથમ થોડી મહેનત લેવી પડે, પરિશ્રમ કરવો પડે એવું લાગે છે પણ કોઈપણ વાત મહાવરાથી – Practiceથી સહજ થાય છે, એ સહજ થઈ શકે એવું છે. આ પણ સહજ થઈ શકે એવું છે. **'આ તો પરથી એકત્વ તોડવાની વાત છે.'**

**'અંદર વાસ્તવિક પ્રવેશ કર તો...'** તારું આત્મતત્ત્વ બધાથી **'છૂટું પડે.'** બહુ ખાસ ભાષા છે ! **'તો છૂટું પડે.'** ગૂઢ ભાષા છે. બધું તારાથી છૂટું પડી જાય. અંદર તારા જ્ઞાનથી અંદરમાં સ્વભાવને સ્પર્શવામાં સ્વભાવમાં અંદર પ્રવેશ કર (તો) બધું છૂટું પડી જશે. આમ તો છૂટું જ પડ્યું છે. પણ 'આ બધું મારે છે ને મારું છે' એમાં તને એમ લાગે છે કે આ બધાની ઉપાધિ મને થયા કરે છે. ઘડીક આનો વિકલ્પ આવે ને ઘડીક આનો વિકલ્પ આવે અને ઘડીક આનો વિકલ્પ આવે. વિકલ્પ વિનાનો રહેતો નથી. મનવાળો પ્રાણી છે વિકલ્પ વિનાનો રહેતો નથી. કોઈને કોઈ, કોઈને કોઈ, કોઈને કોઈ વિકલ્પ કર્યા જ કરે છે. એનું

કારણ એની કિંમત આપી છે. પહેલેથી કિંમત ગણી લીધી છે.

બાહ્ય પદાર્થોની મહિમા અને કિંમત હોવાને લીધે એના પ્રત્યેનું લક્ષ હટતું નથી અને લક્ષ હટતું નથી એટલે એના વિકલ્પ મટતા નથી. આ વિકલ્પ થવા સંબંધીનું વિજ્ઞાન છે. હવે આત્માને ઓળખીને આત્માની કિંમત આવે, એનો મહિમા આવે તો પહેલા મહિમા(ની) સાથે સાથે એના વિકલ્પ આવશે પણ ખબર પડી, ઓળખાણ થઈ એ તત્ત્વ તો નિર્વિકલ્પ છે અને પોતા સ્વરૂપે છે, 'એવો હું છું' તો એવા જ્ઞાનમાં – એવી ઓળખાણમાં પરિણામ પણ નિર્વિકલ્પતા પ્રત્યે, નિર્વિકલ્પ થવા પ્રત્યે પરિણામની સ્થિતિ થઈ જશે અને એકવાર સદાને માટે નિર્વિકલ્પ રહેશે. પહેલા ત્રુટક ત્રુટક નિર્વિકલ્પ થશે પછી સદાને માટે નિર્વિકલ્પ રહેશે. કેમકે સ્વરૂપે કરીને વસ્તુ પોતે જ નિર્વિકલ્પ છે.

મુમુક્ષુ :- આ બધું મારે છે એમ માને તોપણ એનું થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કેવી રીતે થાય ? વસ્તુનો સ્વભાવ બદલી જાય ? એ જડ ચેતન થઈ જાય ? ચેતન જડ થાય ? શું થાય ? શરીરને રાખવું છે, ત્યાગ નથી કરવો, મારાથી છૂટું ન પડવું જોઈએ. ઘણા વર્ષથી સાથે રહ્યા હોય (એટલે) શરીરની મૈત્રી છોડવી ગમતી નથી. જાજા વર્ષ રહ્યા હોય કે થોડા કોઈને મમત્વબુદ્ધિ થઈ એ કાંઈ છોડવું ગમતું નથી. અને છૂટવાનું ટાણું આવે ત્યારે એને એમ થાય છે કે, અરે...રે...! મારું શું થાશે ? કાંઈ તારું થાય એમ નથી. તું એવો ને એવો અખંડ તત્ત્વ છો અને એવો ને એવો સદાય રહે એમ છો. અનંત શરીર છૂટ્યા, અનંત મળ્યા, અનંત છૂટ્યા છતાં તું એવો ને એવો રહ્યો. બધી વખતે છૂટવામાં મરણતુલ્ય દુઃખનો અનુભવ કર્યો પણ તારું મરણ થયું નથી. તું તો શાશ્વત પદાર્થ છો. બદલતો નથી એટલે શાશ્વત પદાર્થ છો. ધ્રુવ પદાર્થ છો અને તારા ધ્રુવ પદાર્થમાં જ્ઞાન, આનંદ, શાંતિ, સુખ એવા અનંત ગુણોની અનંતી ખાણ પડી છે ! હવે તારે બીજા કોનો ટેકો જોઈએ ? કોનો આધાર જોઈએ ? કોઈનો આધાર લેવો પડે એવો તું નથી. કોઈના આધારે જીવે એવો તું નથી.

અનંત જીવત્વ શક્તિ છે. જેના જ્ઞાન અને દર્શન પ્રાણ છે એવી અનંત

જીવત્વશક્તિ આત્મામાં છે, જે ત્રણે કાળે જીવતો જ રહે છે. સદાય જીવે છે ને જીવતો રહેશે.

એની **'અંદર વાસ્તવિક પ્રવેશ કર...'** બહુ માર્મિક વાત લીધી છે ! **'વાસ્તવિક પ્રવેશ કર...'** (એટલે) એને હુંપણે પોતાના સ્વરૂપે છે એવી વાસ્તવિકતા ગ્રહણ કરી લે કે હું આવો જ છું. પોતે છે એવો. જેવો છે એવો ગ્રહણ કરે એ એની વાસ્તવિકતા છે. પોતે અનંત મહિમાવંત છે, અનંતગુણ સંપન્ન છે એવો પોતાને પકડે – એવો જ ભાવ, જેવો છે એવો જ પોતાપણાનો ભાવ ધારણ કરે એને એ સંબંધીની વાસ્તવિકતા કહેવામાં આવે છે. કલ્પના નથી કરવી. માણસ છે એને માણસ નથી ને આત્મા છું એમ કલ્પના કરીને નથી લેવું, આત્મા છે એને આત્મા માનવો છે. માણસપણાની કલ્પના કરી છે કે હું માણસ થઈ ગયો છું.

નાટકમાં વેશ ધારણ કરે કે, તમે અત્યારે આખી દુનિયાના રાજા (છો). એને ખબર નથી કે આ પાઠ ભજવું છું ? આપણે તો આ બોલવાના અને આ વેશ પહેરવાના પૈસા લીધા છે, બીજું કાંઈ છે નહીં. આટલા પૈસા લીધા છે. આ સિવાય બીજું કાંઈ નથી. (રાજા થઈ ગયો) એમ સાચોસાચ માની લેતો નથી. વાસ્તવિકતાનું જ્ઞાન છોડ્યા વિના એ ખેલ કરે છે.

એમ (અહીંયાં) કહે છે કે તું વાસ્તવિકતાનું જ્ઞાન કર. તારા બધા ખેલ હળવે હળવે મટી જશે. પછી ખેલ નહીં કરવા પડે કે, આ ઘડીકમાં વાણિયો છું, ઘડીકમાં માણસ છું ને ઘડીકમાં તિર્યંચ થયો ને આવો થયો ને તેવો થયો. પછી કાંઈ બદલા-બદલી નહીં થાય. આ બદલી થાય છે ત્યારે ફેંકે છે ને એક જગ્યાએથી ? કે, જાવ 'કચ્છ'માં, જાવ 'આસામ'માં ! પૂર્વથી પશ્ચિમમાં ! ગમતું નથી માણસને કે આ ફેંકાફેંકી થાય છે. આ એથી વધારે ચોરાસી લાખ યોનિમાં ફેંકાફેકી છે.

જ્યાં સુધી શરીરને વળગ્યો છે કે 'આ શરીર મારું છે' ત્યાં સુધી નવા નવા શરીરમાં ફેંકાફેકી છે, મૂળ સ્વરૂપને વળગે તો આ બધી બદલી બંધ થઈ જાય એવું છે. એનો નહીં બદલવાનો સ્વભાવ છે. અંદર વાસ્તવિકતામાં પ્રવેશ કરે તો બધું છૂટું પડી જશે. દ્રવ્યકર્મ છૂટા પડી જશે, ભાવકર્મ છૂટા પડી જશે અને નોકર્મરૂપ જન્મ-મરણ, દેહ, સંયોગ બધું છૂટું પડી અશરીરી અસંયોગી એવી

સિદ્ધદશા પ્રાપ્ત થઈ જશે. જ્યાં સદાય પરમાનંદમાં રહેવાનું છે. સદાય સમાધિનું સુખામૃત છે. ત્યાં એકલું આનંદ અમૃત છે ! બીજું કાંઈ ત્યાં નથી. આનંદ અમૃત છે એકલું !!

આમ તો જીવ ઉપાધિ જેટલી કરે છે એટલી મફતની જ કરે છે. કેમકે એનું કાંઈ વળતું નથી. પણ એને એમ છે કે આમ ઉપાધિ કરતા મને શાંતિ અને સુખ થશે એટલે કર્યા કરે છે. પણ અંદરમાં શાંતિ અને સુખ પડ્યા છે એમાંથી લેવાનો પ્રયત્ન નથી કરતો. નથી એમાંથી લેવાનો પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરતા અને પુરુષાર્થ કરતા એને આવડે છે પણ અજ્ઞાનને લીધે અને ભ્રમણાને લીધે ઊંધો પ્રયત્ન કરે છે, ઊલટો પ્રયત્ન કરે છે તેથી દુઃખી થાય છે.

મુમુક્ષુ :– છે ત્યાંથી લેતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– છે ત્યાંથી લેતો નથી, ત્યાં શોધતો નથી, ત્યાં નજર કરતો નથી, એક ક્ષણ એની સન્મુખ પણ થતો નથી અને નથી ત્યાં રાત-દિવસ, રાત-દિવસ એવો લાગેલો છે કે એની જ ચિંતવના એને એવી ગળે પડી છે, એમ કહે છે ને ગળે પડ્યું હોય ઈ ન છૂટે, એની ચિંતવના એવી ગળે પડી છે (કે) છોડ્યું છૂટતું નથી. એ બધા દુઃખી થવાના લક્ષણ છે, દુઃખી થવાના ઉપાય છે.

**'અંદર વાસ્તવિક પ્રવેશ કર...'** એમ કહે છે. ભારે વાત લીધી છે ! કોઈ વિચાર કર, વિચાર કરીને કલ્પના કર એવી વાત નથી. અંદરમાં વાસ્તવિક પ્રવેશ કર, એનો અનુભવ કર. અંતર્મુખ થઈને અંતઃતત્ત્વ સ્વરૂપ શુદ્ધ આત્મા પરમ તત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે, સાક્ષાત પરમાત્મા છે એનો અપરોક્ષભાવે – પ્રત્યક્ષપણે શ્રદ્ધા, જ્ઞાન, આચરણ આદિના પરિણામો વ્યાપ્ય-વ્યાપકપણે એમાં વ્યાપીને – પ્રસરીને અનુભવ કરે એવી દશાને વાસ્તવિક પ્રવેશ કરી લીધો એમ કહે છે. પરિણામ પ્રસરી ગયા. દૃષ્ટિએ તો કબજો લઈ લીધો ! કાલે, પરમદિવસે જોયું હતું ને ? દૃષ્ટિએ તો કબજો લઈ લીધો છે. એવો વાસ્તવિક પ્રવેશ કર (તો) આ બધું તને છૂટેછૂટું દેખાશે. રાગ છૂટો દેખાશે, શરીર છૂટું જણાશે, બીજા સંયોગો છૂટેછૂટા દેખાશે. જગતના તત્ત્વો – જગતના પદાર્થો સ્વતંત્ર કામ કરી રહ્યા છે, મારાપણું માનવાની મૂર્ખાઈ કરી હતી એ છૂટી ગઈ. હવે બધું છૂટેછૂટું

પડ્યું છે ઈ એને જુદેજુદું દેખાય છે. જુદાંનું જુદાંપણે જ્ઞાન રહે છે. સૌ સૌના ગુણધર્મ પ્રમાણે, દરેક પદાર્થ પોતપોતાના ગુણધર્મ પ્રમાણે, પોતપોતાની યોગ્યતા પ્રમાણે સચેતન અચેતન બધા પદાર્થો પરિણમી રહ્યા છે, હું માત્ર જ્ઞાતાદૃષ્ટા છું. મારે કોઈની સાથે બીજો કાંઈ સંબંધ નથી – એમ બધું છૂટું પડી જશે. તારા ભાવમાં બધું છૂટું પડી જશે. દ્રવ્યથી છૂટું છે, ભાવે છૂટું પડી જશે.

પ્રશ્ન :– આખો મલિન જ છું ને હું તો ?

સમાધાન :– આખો મલિન ક્યારેય થઈ શકતો નથી. પાણી પાણી જ રહે છે. સોનું ખાણમાં હોય તોપણ સોનું જ રહે છે. સોનાના રજકણ માટીના રજકણ સાથે એકમેક થતાં નથી. એમ જડ–ચેતન કદી એકમેક થઈ શકતા નથી. ચેતનને જડ ન કરી શકાય, જડને ચેતન ન કરી શકાય.

પ્રશ્ન :– પણ આ અવસ્થા મલિન છે, અવસ્થાએ મલિન થયો પૂરેપરો ?

સમાધાન :– અવસ્થાએ મલિન છું એમાં પૂરેપૂરો ન આવ્યો. અવસ્થા સિવાય બાકીનો રહી ગયો. અવસ્થાએ પૂરેપૂરો મલિન છું (એમ કહ્યું) પણ અવસ્થાએ મલિન છું એનો અર્થ કે બાકીનો હું રહી ગયો. પૂરેપૂરો ક્યાંથી આવી ગયો એમાં ? એ એમ જ બતાવે છે કે બાકીનું તત્ત્વ સામાન્ય તત્ત્વ છે.

અરીસાના કાચનું દળ અને અરીસાની ઊપલી સપાટી જ્યાં પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબમાં બધા રંગો ઊઠ્યા, મોરના પીંછામાં જેટલા રંગ હતા એટલા એમાં ઊઠ્યા. Dark colour બરાબર Dark colourરૂપે આવ્યો. પછી અરીસો આખેઆખો એવો થઈ ગયો કાંઈ ? અરે...! એની સપાટી પણ બગડી નથી. અમસ્તો (પણ) દળ સુધી પહોંચવાનો તો પ્રશ્ન જ નથી. કાચના દળમાં તો અંદર કાંઈ ગરવાનો (–પેસવાનો) પ્રશ્ન નથી, પણ સપાટીમાં પણ ઉપર ઉપર પ્રતિબિંબ છે, ઘડીકમાં ચાલ્યું જાય છે સપાટી એમને એમ રહી જાય છે. એવું તારા જ્ઞાનદર્પણને વિશે ઉપાધિનું છે. આની ઉપાધિ કરી, આની ઉપાધિ કરી, આની ઉપાધિ કરી પણ તારું ચૈતન્યદળ છે – પિંડ છે, આખો ચૈતન્યપિંડ, અનંત ચૈતન્યનું દળ છે એમાં અવકાશ નથી કે કાંઈ કોઈનો પ્રવેશ થઈ શકે. બહારના પ્રતિબિંબનો અવસ્થાપર્યંત આકાર ઊભો થાય છે એ પણ પરપદાર્થ સ્પર્શતો નથી કે અંદર

પ્રવેશ કરી શકતો નથી. આકાર ઊભો થાય છે, એ પણ ભૂંસાઈ જાય છે, નવો આકાર ઊભો થાય છે એ પણ ભૂંસાઈ જાય છે. અંદરનું ચૈતન્યદળ છે એ વાસ્તવિક તારું સ્વરૂપ છે, ધ્રુવ મૂળ સ્વરૂપ છે. એનો શ્રદ્ધાનમાં સ્વીકાર કર અને એવી રીતે સ્વીકાર કર કે શ્રદ્ધા-જ્ઞાન-આચરણ એમાં વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરી જાય તો તને સુખ-શાંતિનો અનુભવ થશે અને આખા જગતના જન્મ-મરણનું પરિભ્રમણ તારું મટી જશે. મૂળ વાત તો પરિભ્રમણ મટાડવાની છે.

જેને જન્મ-મરણથી છૂટવું હોય એને જન્મ-મરણરહિત એવું જે આત્મતત્ત્વ છે એનું શ્રદ્ધાન-જ્ઞાન કરવું જરૂરી છે. જેમાં ભવ નથી, ભવનું કારણ પણ નથી. ભવના કારણરૂપ તો મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે, એ મૂળ સ્વરૂપમાં નથી. એવા આત્મામાં પોતાનું સ્વરૂપ હોવાથી પોતાપણે અભેદભાવે રહેવું બસ ! એટલો જ જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે. સંક્ષેપમાં લઈએ તો એટલો જ ઉપદેશ છે કે આવું તારું સ્વરૂપ છે એનો અનાદર કરીને તું શરીર અને અચેતન પદાર્થોની ચિંતામાં પડ્યો છો અને એમાં તન્મય થઈને પરિણમે છો – આ નવા નવા જન્મ-મરણનું કારણ થાય છે, દુઃખી થવાનું આ એકમાત્ર કારણ છે.

પ્રશ્ન :- અરીસાની ઉપલી સપાટીમાં આપે કીધું કે પૂરેપૂરો મલિન નથી એમાં પણ શુદ્ધતા રહે છે, એ કેવી રીતે ?

સમાધાન :- પ્રતિબિંબ ચાલ્યું જાય છે તો સપાટી રહી જ જાય છે ને ? આ જ્ઞાન તો એમ જ રહે છે. ખરેખર એમ જ રહે છે જ્ઞાન. પણ એક નહીં ને બીજા પદાર્થને આલંબન કરે છે એટલે પ્રતિબિંબ બદલાય છે. બાકી તો જ્ઞાન તો જ્ઞાન જ રહે છે. જો જ્ઞાન જ્ઞાનને અનુભવમાં લ્યે, નિર્વિકલ્પ તત્ત્વનું અવલંબન લ્યે તો નિર્વિકલ્પ થઈ જાય. બહારમાં આલંબન લ્યે તો સવિકલ્પ થાય. આટલી વાત છે. (વિશેષ લઈશું)...

'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું; વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય; હું તો વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું; એવો ને એવો પવિત્ર છું.' – એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. વિકલ્પથી મલિન થઈ – મલિનતા માની ભ્રમણામાં છેતરાઈ ગયો છો; અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે. અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.

૮૨.

તા. ૧૨-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૨
પ્રવચન નં. ૬૮

તીર્થાધિનાયક 'વર્ધમાન સ્વામી' આજથી પચીસસો વર્ષ પહેલા જન્મ્યા હતા એટલે આજે જન્મ્યા છે, એમ ભૂતનૈગમનયથી કહેવાય છે કે આજે ભગવાનનો જન્મ થયો છે. આમ તો અનાદિઅનંત એવા આત્માને ઉત્પન્ન થવાનો પ્રશ્ન નથી, જન્મ થવાનો પ્રશ્ન નથી પણ એ નિશ્ચયનયનો વિષય છે. વ્યવહારે આજના દિવસે એમનો જન્મ થયો છે. સ્વર્ગમાંથી તો નવ મહિના પહેલા પધારેલા હોય છે. ત્યારપછી ધર્મી જીવો, ઇન્દ્રો વગેરેને આ વિષયનો વિશેષ મહિમા છે. પુણ્યનો

જબરદસ્ત યોગ છે એટલે આમજનતા પણ એમાં જોડાય છે પણ મુખ્યપણે આ વિષયને સમજનારા હોય છે એવા ધર્મી અને દેવલોકમાંથી ઇન્દ્રો સુદ્ધાં આવીને આ ઉત્સવને ઊજવે છે. ઉત્સવની પાછળ એવો વિચાર હોય છે કે, આ મહાન તીર્થંકર જગતગુરુ, તીર્થંકર એટલે જગતગુરુ બાળ અવસ્થામાં છે તોપણ ભાવિનો કાળ બાદ કરીને ભાવિનયથી જગતગુરુનું સંબોધન કરે છે.

મુમુક્ષુ :- હજી તો જન્મ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હજી તો જન્મ્યા છે. પણ ભાવિનૈગમનયથી એ કાળ બાદ કરીને આ જગતગુરુ જન્મ્યા છે, જગતના આ ગુરુ છે, અનેક અનેક જીવોને ધર્મ પામવામાં એમની વાણી નિમિત્ત થશે. શુક્લધ્યાનથી કેવળજ્ઞાન સમુત્પન્ન થશે, કેવળજ્ઞાનના નિમિત્તે દિવ્યધ્વનિ ખરશે અને એ દિવ્યધ્વનિમાં આત્મસ્વરૂપ એટલું બધું સુસ્પષ્ટપણે વ્યક્ત થશે કે અનેક અનેક પાત્ર જીવો એ જ વખતે અંતર્મુખ થઈને સમ્યક્જ્ઞાનના દીવાઓ પ્રગટ કરશે. સમ્યક્જ્ઞાનની જ્યોતિ પ્રગટ કરશે.

આપણા માટે વિચાર કરીએ તો અત્યારે જે કાંઈ આત્મકલ્યાણના માર્ગના ઉપલબ્ધ સાધનો છે, વર્તમાનમાં સાહિત્ય છે, જ્ઞાનીઓ છે – જે કાંઈ છે તે ભલે અલ્પ છે તોપણ મોક્ષમાર્ગ પ્રાપ્ત થાય એવી પર્યાપ્ત સામગ્રી છે, પૂરતી સામગ્રી છે અને એ છે એ ભગવાનનો – 'મહાવીર ભગવાન' જે તીર્થના પ્રવર્તક થયા એમનો પ્રતાપ છે, એમનો પ્રભાવ છે. કેમકે એ કાળે અનેક ધર્માત્માઓ થયા, ગણધરો થયા, ગણધરોથી પછી હજારો મુનિઓ થયા, આ 'શ્રવણબેલગોલા'માં સામે પહાડ છે ને ? 'ચંદ્રગીરી' ! કહેવાય છે કે 'ભદ્રબાહુસ્વામી' બાર હજાર, સાડા બાર હજાર મુનિઓ સાથે ત્યાં આવેલા. બાર બાર હજાર ભાવલિંગી મુનિઓ હશે, એ ભગવાન પછીનો કાળ પણ કેવો હશે ! તે દિવસે (એક મુમુક્ષુભાઈએ) સારી વાત કરી હતી કે, ભગવાન જ્યારે હયાતી ધરાવે છે – હાજર હોય છે ત્યારે એ તીર્થંકરયુગ કહેવાય છે, તીર્થંકરયુગ કહેવાય છે. તીર્થંકરનો યુગ છે. પંચમઆરો તો નજીક છે તોપણ એટલી ધર્મ પ્રભાવના ચોથાઆરામાં છેલ્લે (થાય) છે ને ? કે જાણે ભરપૂર ધર્મકાળ વર્તતો હોય ! તીર્થંકર ભગવાન જ્યારે સાક્ષાત

સદેહે બિરાજમાન હોય ત્યારે એવું વાતાવરણ હોય છે. બહારમાં પણ એટલું ધર્મમય વાતાવરણ હોય છે. હજારો મુનિઓ થાય છે, એ મુનિઓની પરંપરા ચાલી, એ મુનિઓની પરંપરાના શાસ્ત્રો ચાલ્યા, એ પરંપરાથી સમ્યક્દષ્ટિઓ થયા, વિદ્યમાન રહ્યા એ વર્તમાન પરિસ્થિતિનું મૂળ જુઓ તો એ છે. તેથી એમનો મહિમા યુગયુગાંતર સુધી રહે છે. એવો એક જબરદસ્ત કાળ હોય છે કે એ વિષયનો મહિમા યુગો સુધી રહે છે, હજારો વર્ષો સુધી રહે છે. એટલે વર્તમાન પ્રવર્તતું શાસન છે એ ભગવાનનું શાસન છે – 'મહાવીરસ્વામી'નું શાસન છે એમ કહેવામાં આવે છે.

દરેક તીર્થંકર વચ્ચે અહીંયાં ભરતક્ષેત્રમાં ગાળો છે કે જે તે પૂર્વ તીર્થંકર હોય એમના શાસનની પરંપરા ચાલે છે, બધાની એક જ વિધિ અને એક જ માર્ગ છે એમાં કોઈ બીજી ગડબડ નથી. અત્યારે જે ચાલે છે (એ) ભગવાન 'વર્ધમાનસ્વામી'નું શાસન પ્રવર્તી રહ્યું છે. આપણને જે કાંઈ લાભ મળે છે એમાં મૂળમાં એમનો ઉપકાર છે એમ જોવામાં આવે છે.

આજે જેઓ જન્મ પામ્યા છે એવા ભગવાન 'મહાવીરસ્વામી'નો એ ઉપકાર છે કે આપણે અત્યારે આ વિચાર સુદ્ધાં કરી શકીએ છીએ. નહીંતર કોણ જાણે શું પ્રવૃત્તિ કરતા હોત કોને ખબર ? કોઈ લૌકિક પ્રવૃત્તિમાં પડી જાય છે તો કોઈ બીજી સામાજિક પ્રવૃત્તિમાં પડી જાય છે તો કોઈ કુટુંબ-પરિવારમાંથી અને વેપાર-ધંધામાંથી ઊંચા આવતા નથી.

એ ભગવાનની વાણીમાં જે વિષય આવ્યો એ જ વિષય સાક્ષાત્ 'સીમંધર' પરમાત્મા અત્યારે મહાવિદેહમાં (બિરાજે છે એમની વાણીમાં) એ જ વિષયની દેશના ચાલે છે. હજારો વર્ષ પહેલા પણ એ જ ચાલતું હતું, એમાંથી સાંભળીને પૂજ્ય 'બહેનશ્રી'નો વિષય અહીંયાં જે ચાલે છે એ અનુભવપૂર્વકનો ચાલે છે. સાંભળવું, સાંભળીને અનુભવ થવો એટલેથી એ વાતની કિંમત છે. એકલું સાંભળીને કહે, એકલું ધારણાથી કહે એની કોઈ એવી કિંમત નથી.

૨૯ પાનું. ૮૨મો બોલ છે. '**હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું;...**' જેમ સ્વચ્છ અરીસામાં પ્રતિબિંબ પડે છે. કોઈપણ પદાર્થ સામે હો અરીસાને

એનો રાગ-દ્વેષ નથી, અરીસાને આ પદાર્થ હોય તો પ્રતિબિંબ ઝીલવું અને આવો પદાર્થ ન હોય તો પ્રતિબિંબ ન ઝીલવું એ કાંઈ નથી. એમ આત્મા ચૈતન્ય-અરીસો છે, જ્ઞાન-દર્પણ છે, સ્વચ્છ જ્ઞાનનું દર્પણ છે. એ સદાય સ્વચ્છ જ રહે છે, શુદ્ધ જ રહે છે. જ્ઞાનમાત્રપણે આત્મા પોતે છે. 'હું'થી શરૂઆત કરી છે. **'હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું;...'** મારી સ્વચ્છતામાં અનેક જ્ઞેયો પ્રતિબિંબિત થાઓ, તે જ્ઞેયોથી હું સદાય ભિન્ન છું. આ પણ શરૂઆતમાં ભેદજ્ઞાનનો વિષય લીધો છે અને પછી આત્માને ઓળખવાની વાત લીધી છે. આ બોલમાં બે વાત કરી છે કે તું આત્માને ઓળખ. આવો ઓળખીને તું ભેદજ્ઞાન કર એમ અહીંયાં કહેવું છે.

**'વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...'** શું કહે છે ? વિકલ્પ મલિન છે પણ મલિન વિકલ્પોથી જ્ઞાન મલિન થાય, જેમાં વિકલ્પો જણાઈ આવે છે એવું જ્ઞાન પણ વિકલ્પોથી મલિન થાય એમ બનતું નથી. વિકલ્પ જરૂર મલિન છે પણ એ મલિનતા જ્ઞાનને સ્પર્શતી નથી. જેમ પુદ્‌ગલ પદાર્થ જ્ઞાનને સ્પર્શતો નથી એમ જ રાગાદિ વિકલ્પ જ્ઞાનને અડતા નથી. નહીંતર જો સ્પર્શે તો બન્ને એક થઈ જાય. જ્ઞાન વિકલ્પરૂપ થાય, વિકલ્પ જ્ઞાનરૂપ થાય પણ એવું તો કદી બનતું નથી.

પોતે ચૈતન્ય-અરીસાને ભૂલી ગયો છે એટલે એને એમ લાગે છે કે હું મલિન થઈ ગયો છું. વિકલ્પકાળે વિકલ્પમાં તન્મયપણું વેદન કરતો હોવાથી, તન્મયપણાનો અનુભવ કરતો હોવાથી, નહીં થઈ શકતો હોવા છતાં (એવો અનુભવ કરે છે) એટલે એને મિથ્યાભાવ કહે છે. એમ એને અનુભવ થાય છે, એવો આભાસ થાય છે કે હું આખો વિકલ્પરૂપ થઈ ગયો છું, કષાયરૂપ થઈ ગયો છું, રાગરૂપ થઈ ગયો છું, મલિન થઈ ગયો છું. પણ (અહીંયાં) કહે છે કે વિકલ્પથી આત્મા મલિન થતો નથી. આત્મા કહો, આત્માનું જ્ઞાન કહો એ મલિન થતું નથી.

મુમુક્ષુ :– એટલે જ્યાં હું છું એ તો કોઈ દી' મલિન થતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– મલિન થઈ શકે એવી પહોંચ નથી, મલિનતાની એમાં પહોંચ નથી. મલિનતા પરદ્રવ્યના આશ્રયે થાય છે, ઉદયના આશ્રયે થાય છે

અને શુદ્ધ આત્મા, શુદ્ધ જ્ઞાનસ્વભાવી આત્મા એમ ને એમ એકબાજુ રહી જાય છે. એનું લક્ષ નથી એટલે એકબાજુ આત્મા રહી ગયો અને આ બાજુ એકાંતે દુઃખનો અનુભવ કરી લે છે. પણ તેથી આત્મસ્વરૂપને – સ્વરૂપમાં કાંઈ બાધા થઈ શકે છે એ અવ્યાબાધ સ્વરૂપને વિશે નથી.

હવે, ભેદજ્ઞાન એમ કરવું જોઈએ. અહીંયાં શું છે કે જે અવતરણ ચિહ્નમાં જેટલા વચનો છે, શબ્દો છે એવા ભાવથી ભેદજ્ઞાન કરવું જોઈએ અને અહીંયાં ભેદજ્ઞાનપૂર્વક આત્માની ઓળખાણ કરવી જોઈએ એમ વાત છે. અહીંયાં ભેદજ્ઞાનનું Stage આ લીધું છે કે, આમ આત્માની, આમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ એમ કહે છે. એટલા વચન પૂરા કરી અને પછી લીટી કરીને એમ કહ્યું છે કે **'–એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.'**

આ પ્રશ્ન થાય છે કે પહેલા નિર્ણય કરવો – ઓળખવો, (પણ) કેવી રીતે ? કે આ રીતે ભેદજ્ઞાન કરીને ઓળખવો. ઓળખવા માટે પણ ભેદજ્ઞાન, અનુભવ કરવા માટે પણ ભેદજ્ઞાન. એક રીત છે, બીજી પદ્ધતિ કામની નથી. વિધિ એક જ પ્રકારે છે. પોતાના વર્તમાન ચાલતા ઉપયોગમાં, ઉપયોગમાં વિકલ્પ ભળતો નથી એમ તું જો. ખરેખર વિકલ્પમાં ઉપયોગ ભળતો નથી એમ તું તને જો. તને એવું લાગે છે કે ઉપયોગ અને વિકલ્પ જુદાં પડતા નથી. એ તો ઘણા કાળથી એવી રીતે પરિણમવા તું ટેવાઈ ગયો છે, એવો ઊંધો અભ્યાસ થઈ ગયો છે એટલે વિકલ્પ અને જ્ઞાન તને જુદાં જણાતા નથી. પણ અનુભવી મહાત્માઓ એમ કહે છે કે, ભાઈ ! બે જુદાં જ છે. તારે પણ બન્ને જુદાં છે. અમારા તો સ્પષ્ટ અનુભવમાં જુદાં છે પણ તારે માટે પણ, તારા પરિણમનમાં પણ બન્ને જુદાં જ છે. જુદાં છે એને ભેગા જાણે છો એ તારી ભૂલ છે અને ભૂલ છે ઈ મિથ્યાત્વ છે, મિથ્યાત્વ તે ભૂલ.

**'વિકલ્પની જાળથી આત્મા મલિન ન થાય;...'** હું મલિન ન થાઉં. કેમકે **'હું તો વિકલ્પથી જુદો,...'** મૂળ સ્વરૂપે **'વિકલ્પથી જુદો, નિર્વિકલ્પ આનંદઘન છું;...'** અહીંયાં આનંદ સાથે લીધો છે. અનંત આનંદનું એક દળ છે, અનંત જ્ઞાનનું એક દળ છે, આત્મા એવા એવા અનંત સ્વભાવોનું એક દળ છે (એટલે કે)

એવો હું છું અને એની અંદર કોઈ ભંગ, ભેદ, પર્યાય, ગુણભેદ, વિકલ્પ કાંઈ જોવામાં આવતા નથી. બધાનું એકરૂપ દળ છે, અભેદ દળ છે.

સ્વરૂપે કરીને **'નિર્વિકલ્પ આનંદઘન છું;...'** નિર્વિકલ્પ એટલા માટે લીધું છે કે ચાલતા વિકલ્પમાં 'વિકલ્પવાળો હું' એવો અનુભવ વર્તે છે. જૂઠો અનુભવ, મિથ્યા અનુભવ (વર્તે છે) કે હું વિકલ્પવાળો. વિકલ્પવાળો હું એવો વિકલ્પ કર્યા વિના એવો અનુભવ વર્તે છે. 'વિકલ્પવાળો હું' એનું વાચ્ય જે છે નિર્વિકલ્પપણે એવો અનુભવ ચાલે છે. જેવો જેવો જે જે કાળે જે વિકલ્પ ઊઠે એવો એવો હું, એવો એને અનુભવ રહ્યા કરે છે. એની સામે ગૂલાંટ ખાઈને વાત (કરે) છે કે તારા મૂળ સ્વરૂપે તો તું નિર્વિકલ્પ જ છો. વિકલ્પથી વિરુદ્ધ જે નિર્વિકલ્પભાવ – સ્વભાવભાવ એવો તું છો અને વિકલ્પની મલિનતા સ્પર્શી નહીં હોવાથી એવો ને એવો એટલે પરિપૂર્ણ પવિત્ર છો. મારામાં જરાપણ મલિનતાની ગંધ પણ આવી નથી, પરિપૂર્ણ પવિત્ર, એવો ને એવો પવિત્ર છું – એવી રીતે આત્માને મુખ્ય કરીને, એ રીતે સ્વરૂપને મુખ્ય કરીને **'એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.'**

ઓળખવા માટે જોવું પડે છે, ઓળખવા માટે માત્ર વિચાર કામ આવતા નથી. માત્ર વિચાર એમાં કામ આવતા નથી. કેમકે વિચારમાં વિકલ્પ છે અને અહીંયાં તો વિકલ્પથી જુદો પડવાની વાત છે. જે વિચાર ચાલે છે એમાં તો વિકલ્પ છે. આ વિધિ બરાબર ન પકડાય ત્યારે એમ લાગે છે કે વિચાર અને વિકલ્પ સિવાય બીજું સાધન છે શું આપણી પાસે ? આપણે વિચાર વિકલ્પ કરીને આત્માને ઓળખવાની, સમજવાની મહેનત કરીએ, વાંચવાની, વિચારવાની, સાંભળવાની મહેનત કરીએ, એમાં પણ બધે સાધન વિચાર અને વિકલ્પ છે. અહીંયાં કહે છે કે એ સાધન નથી. એનાથી જુદાં પડવાની વાત છે.

તારા પરિણમનમાં બે જાતિના ભાવ છે, વિકલ્પ રાગ જાતિનો છે, મલિન જાતિનો છે (અને) જ્ઞાન ચૈતન્ય જાતિનું છે, પવિત્ર સ્વભાવે છે, શુદ્ધ સ્વભાવે છે એમાં મલિનતા નથી. બે ભાવ એવા વિરુદ્ધ સ્વભાવવાળા છે કે એની વિરુદ્ધતાને લઈને જુદાં પડવા સુગમ છે. જેમ કાળો અને ધોળો રંગ વિરુદ્ધ હોવાથી બે રંગ ભળી ન જાય. નહીંતર બે રંગ ભળી જાય.

મુમુક્ષુ :- સફેદ અને કાળો બન્ને વિરુદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બે વિરુદ્ધ છે. અંધકાર અને પ્રકાશ વિરુદ્ધ હોવાથી જ્ઞાનમાં જુદાં પડી જાય છે. એમ આ બે વિરુદ્ધ જાતિના (ભાવ છે). એક – રાગ મલિન અને અંધકારમય જાતિનો ભાવ છે (અને) જ્ઞાન પ્રકાશમય, વેદનમય, શુદ્ધ પવિત્ર જાતિનો ભાવ છે.

અહીંયાં 'જાતિ' શબ્દનો ઉપયોગ કર્યો છે કે **'–એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.'** સ્વભાવને એની જાતિ અપેક્ષાએ ઓળખ, વિભાવને એની જાતિ અપેક્ષાએ ઓળખ. આ જે સ્વભાવ-વિભાવની જાતિની ઓળખ છે એ બેને જુદાં પાડવાનું ઓળખાણ એ બહુ મોટું સાધન છે. બન્નેની જાતિ ઓળખાય એ સાક્ષાત ભેદજ્ઞાનની પરિણતિ, ભેદજ્ઞાનની ધારા ઊપજવાનું કારણ છે, ભેદજ્ઞાનનો પ્રયત્ન ઊપજવાનું એ કારણ છે અને ભેદજ્ઞાન નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થવાનું કારણ છે.

'બનારસીદાસે' એક વાત લીધી છે કે, નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ભેદજ્ઞાનના ફળમાં થાય છે. ભેદજ્ઞાનના ફળસ્વરૂપ શુદ્ધોપયોગ છે. એવી રીતે વાત લીધી છે. ઓળખાણ પછી પણ વારંવાર ભેદજ્ઞાન સહજપણે ચાલુ થઈ જાય છે અને એ સહજ ભેદજ્ઞાનમાં આત્માનો રસ – આત્મરસ – નિર્વિકલ્પરસ ઘૂંટાતો, ઘૂંટાતો, ઘૂંટાતો, ઘૂંટાતો એવો એક વખત નિર્વિકલ્પ ભાવમાં ઉપયોગ જોરથી થંભી જાય છે કે વિકલ્પની ઉત્પત્તિ ત્યાં બંધ થઈ જાય છે. તે ક્ષણ પૂરતી વિકલ્પની ઉત્પત્તિ થતી નથી. ઓળખાણ પછી જ્યારે એવો પહેલોવહેલો શુદ્ધોપયોગ થાય છે ત્યારે તે આત્માના જન્મ-મરણની અનંતતાનો નાશ થાય છે. એ પહેલા જન્મ-મરણની અનંતતાની પરંપરારૂપી જે ભાવતત્ત્વ છે, જે અજ્ઞાન અને ભ્રમણારૂપ, મિથ્યાત્વરૂપ અને અજ્ઞાનરૂપ છે એ ઊભું છે. અહીંયાં એનો મૂળમાંથી નાશ થાય છે, એ ખંડિત થઈ જાય છે. પછી અલ્પ ભવ રહ્યા છે એ ત્યારપછીના રાગાદિ ભાવો સૂકાઈ જાય છે અથવા જર્જરિત થઈ જાય છે, નિર્બળ થઈ જાય છે, શક્તિહીન થઈ જાય છે અને પરિપૂર્ણ શુદ્ધદશા પ્રગટ થાય છે.

પ્રશ્ન :- બન્નેની – સ્વભાવ અને વિભાવની જાતિ ઓળખવી રહી ને ?

સમાધાન :- બન્નેની જાત ઓળખવી રહી. આ ઓળખાણનો વિષય છે,

આમ ઓળખાણ કરવી. જ્ઞાનને પકડીને પોતાની સ્વચ્છતા, જ્ઞાનની શુદ્ધતા અને સ્વચ્છતા જોવી. રાગાદિ વિકલ્પની મલિનતા જણાશે. એની (–જ્ઞાનની) સાથે મીંઢવતા એની મલિનતા જણાશે. અત્યારે તો શું છે અશુભભાવ મલિન છે એમ સમજાય છે, શુભભાવ સારો છે અને એમાં મલિનતા નથી એવું લાગે છે પણ એમાં પણ મલિનતા છે. જો પવિત્ર એવા જ્ઞાનસ્વભાવ સાથે મેળવવામાં આવે તો સમજાય એવું છે કે કોઈપણ રાગાદિ વિકલ્પ, વિકલ્પનો સૂક્ષ્મ અંશ પણ મલિન છે. જેમ કોઈ મલિન પદાર્થ હોય એનો થોડો વિભાગ લ્યો તો પણ મલિન છે અને પૂરું લ્યો તોપણ મલિન જ છે. મલિન તો મલિન જ છે. એમ વિકલ્પ, તીવ્ર વિકલ્પ છે – તીવ્ર કષાયવાળો વિકલ્પ છે તે મલિન છે અને મંદ કષાયવાળો વિકલ્પ મલિન નથી. એ વાત એની જાતિને નહીં ઓળખવાથી છે. જાતિ ઓળખે તો એવું બને નહીં. થોડું હોય કે વધારે હોય જાત તો એક જ રહી ને ?

પ્રશ્ન :– બન્ને મલિન છે ?

સમાધાન :– બન્ને મલિન છે. વારંવારનો પરિચય કરવો એટલે વારંવાર એની તપાસ કરીને એનો અનુભવ કરવો, અનુભવને તપાસવો, અનુભવને જોવો.

પ્રશ્ન :– કેમ જોવો ?

સમાધાન :– અનુભવાઈ રહ્યો છે એને જેમ બીજું જોવે છે એમ આ જોવે. બીજું જોવે છે કે નહીં ? મીઠાઈ આત્મામાં પ્રવેશે છે ? તો કેમ એમ જોવે છે કે મારામાં આવી ગયું ? (હું) જમ્યો, હું તૃપ્ત થઈ ગયો. પેટ ભરાણું તો કહે, હું તૃપ્ત થઈ ગયો. આત્મામાં તો એક પરમાણુ આવી શકે નહીં. ક્યાંય પોલાણ નથી કે એક પરમાણુ આવીને અંદર જાય. આત્માના પ્રદેશોમાંથી, ચૈતન્યપિંડ આત્મામાં કોઈ પરમાણુ પ્રવેશી શકે એવી પરિસ્થિતિ નથી. પરમાણુનું અસ્તિત્વ પરમાણુમાં, ચૈતન્યનું અસ્તિત્વ ચૈતન્યમાં (છે) તોપણ ભ્રાંતિએ કરીને એવો અનુભવ કેમ કરે છે ? એને અનુભવ કરતા આવડે છે. હવે તો એ ભ્રાંતિ છોડીને જુદો છે એનો જુદો અનુભવ કરવો છે, અને જુદો અનુભવ કરી શકાય એવો જ એનો સ્વભાવ છે. ભેગો અનુભવ કરે છે એ તો એનો વિભાવ છે, એ કાંઈ સ્વભાવ નથી. એ તો પરાણે બીજાને વળગે છે. પણ ખરેખર પોતે

સ્વતંત્ર જુદો છે, ભિન્ન છે એવો જ અનુભવ કરવાનો સ્વભાવ છે.

**'–એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ.'** એની જાતિ – સ્વભાવની અને વિભાવની જાતિ પછી એકસાથે ઓળખાઈ જાય છે. આત્માની મુખ્યતા છે એટલે જ્ઞાન દ્વારા, જ્ઞાનની શુદ્ધતા દ્વારા, સ્વચ્છતા દ્વારા, એની જાતિને ઓળખ. બીજા પડખા કદાચ તને ન પકડાય, જ્ઞાનનું વેદન તને ન પકડાય. બે પડખા મુખ્ય છે – સ્વચ્છતા અને વેદકતા. વેદન છે એ તિરોભૂત હોવાથી પકડાતું નથી પણ સ્વચ્છતા તિરોભૂત નથી. ભાઈ ! (તમારો) પ્રશ્ન હતો ને ? વેદનથી – જ્ઞાનવેદનથી આત્મા ન પકડાય તો સ્વચ્છતા તો ખુલ્લી છે. સ્વચ્છતા એટલી બધી જાહેર છે કે જ્ઞાન સમયે સમયે, ક્ષણે ક્ષણે અનેક જ્ઞેયોના પ્રતિબિંબ ઝીલે છે. એ સ્વચ્છતાને લઈને ઝીલે છે.

જેમ દર્પણમાં સ્વચ્છતા છે તો પ્રતિબિંબ ઝીલે છે, દર્પણની પાછળનો ભાગ સામે રાખો જોઈએ, અહીંયાં મોરનું પ્રતિબિંબ પડ્યું હોય પછી દર્પણને ઊલટું કરી નાખો અને પાછળનું પાટિયું રાખો તો એમાં મોર દેખાશે ? (નહીં દેખાય). એમાં એવી નિર્મળતા નથી. કાચમાં જે નિર્મળતા છે એ લાકડાના પરમાણુમાં નિર્મળતા નથી.

અહીંયાં તો સ્વચ્છતા કેટલી બધી પ્રસિદ્ધ છે કે, એ સ્વચ્છતા વિના કોઈ કામ થતું નથી. કયુ કામ તમે કોઈપણ જ્ઞેય સંબંધીનું તે જ્ઞેયને જાણ્યા વિના કરો છો ? એ તો પ્રશ્ન જ નથી. આત્મા અન્યને જાણે છે એનો અર્થ જ કે અન્ય જ્ઞેયનું એમાં પ્રતિબિંબ પડે છે. એનું પ્રતિબિંબ પડે છે એનો અર્થ કે એ નિર્મળ છે તો પ્રતિબિંબ પડે છે. પણ જેનું પ્રતિબિંબ પડે છે એવા જ્ઞેય પ્રત્યે એટલું બધું લક્ષ આપે છે, એટલો બધો એને ભાવથી વળગે છે કે પોતાની સ્વચ્છતાને ભૂલે છે.

ગમે તે જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબિત થાવ હું તો એવોને એવો સ્વચ્છ સ્વભાવે, પવિત્ર સ્વભાવે, શુદ્ધ સ્વભાવે રહું છું. એમ સ્વભાવથી, એ સ્વચ્છતા એટલે એનો સ્વભાવ છે, એમ આત્માને સ્વભાવથી મુખ્ય કરીને ભેદજ્ઞાન કરવું. ભેદજ્ઞાનમાં જ્ઞાનની મુખ્યતા છે અને જ્ઞેયની ગૌણતા છે. જ્ઞેયની ગૌણતા છે એટલું

નહીં, જ્ઞેય પ્રત્યે નિષેધ છે અને હું આવો સ્વચ્છ, શુદ્ધ જ્ઞાન, પવિત્ર જ્ઞાનસ્વરૂપે છું એ વિધિ છે, આમ વિધિ–નિષેધ છે. આ વિધિ–નિષેધ જે છે ને ? જ્ઞાન વિધિમાં આવે છે અને રાગાદિ ભાવ નિષેધમાં આવે છે. આવા વિધિ-નિષેધથી કાર્યસિદ્ધિ છે.

**'વિકલ્પથી મલિન થઈ...'** મલિન થઈ એટલે શું ? કે મલિનતા માની, વિકલ્પ ઉત્પન્ન થયો એવો જ હું છું એમ પોતાને માની લીધો, જ્ઞાનમાં એમ જાણી લીધો. (એમ) માની અને ભ્રમણામાં છેતરાઈ ગયો. ખરેખર આત્મા વિકલ્પરૂપ થયો નથી. જો એક ક્ષણના વિકલ્પરૂપ આત્મા થાય તો એ વિકલ્પનો નાશ થવાથી આત્માનો પોતાનો નાશ થાય. એવું તો બનતું નથી. પણ વિકલ્પમાં પકડાણો છે એટલે એ વિકલ્પના નાશ સાથે પોતાનો નાશ ભાવમરણથી અનુભવગોચર થાય છે. એને જ્ઞાનીઓએ – સત્પુરુષોએ ભાવમરણ કહ્યું છે. કેમકે પોતાને એવડો જ માન્યો છે અને એનો જ નાશ થાય છે એટલે એને ભાવમરણ કહ્યું. મરણની અંદર પ્રાણનો નાશ છે એટલે આ ભાવમરણની અંદર જ્ઞાન અને આનંદ પ્રાણનો નાશ છે માટે એને ભાવમરણ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– જ્યાં હું છું એ તો મલિન થયું જ નથી, થઈ શકતું જ નથી.

સમાધાન :– આત્મા મલિન થઈ શકતો નથી.

પ્રશ્ન :– તો આ બધું માનવામાં છે ?

સમાધાન :– માનવામાં છે. માન્યતાની ભૂલ છે. મિથ્યાત્વની ભૂલ કહો કે માન્યતાની ભૂલ કહો. બસ ! ભૂલ આટલી છે. એક સમયની ભૂલ ટળતા, છૂટતા, મટતા કેટલી વાર લાગે ? કે, એક સમય લાગે, બીજો સમય લાગે નહીં. કાળ અપેક્ષાએ સાધન આટલું બધું ઓછા કાળમાં (કામ કરે છે.) પોતાના આત્માનું હિત થાય એવી પરિસ્થિતિ છે, સાધનની પણ એવી પરિસ્થિતિ છે.

**'વિકલ્પથી મલિન થઈ...'** એટલે કે મલિનતા માનીને ભ્રમણામાં છેતરાઈ ગયો છે, એવા તન્મયભાવે પરિણમી જાય છે, પરિણમે છે કે પોતાના સ્વચ્છ, શુદ્ધ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વની સામુ જોવાનું એને રહી જાય છે, એની સન્મુખ થવાનું રહી જાય છે, એ ગૌણપણે બાજુમાં પડ્યું રહે છે, એનો નિષેધ વર્તે છે. વિકલ્પના

આદરમાં આત્માનો નિષેધ છે, આત્માના આદરમાં વિકલ્પનો નિષેધ છે. કેમકે બન્ને પ્રતિપક્ષમાં સામેસામા ઊભા છે.

પ્રશ્ન :- વિકલ્પ એટલે વિચાર કે ...?

સમાધાન :- વિકલ્પ એટલે આપણે એમ નથી કહેતા કે મને આ વિકલ્પ આવ્યો, મને આ વિકલ્પ આવ્યો, મને અત્યારે પાણી પીવાનો વિકલ્પ આવ્યો, મને મંદિર જવાનો વિકલ્પ આવ્યો. તો વિકલ્પનો અર્થ સમજવો છે ? કે વિકલ્પ ઉત્પન્ન થાય છે એને જોઈને વિકલ્પને સમજવો છે ?

જ્ઞાનને ચાલતા ભાવના અનુભવ સુધી લંબાવીને સમજણ કરવાની પદ્ધતિ રાખવી. સામાન્ય રીતે જે સમજણ કરવાની પદ્ધતિ છે કે એક શબ્દ પકડે અને એનો અર્થ સમજે કે આ શબ્દનો આ અર્થ થાય. એમ લે. શબ્દનો અર્થ પકડે એના બદલે એ શબ્દ જે વાચ્યને બતાવે છે એ વાચ્ય અહીંયાં ભેદજ્ઞાનની અંદર તો અનુભવમાં આવતો ભાવ છે.

જેમકે જ્ઞાન એટલે શું ? કે જાણે તે જ્ઞાન. એવો અર્થ કરે. જે જાણે તે જ્ઞાન. વિકલ્પ એટલે શું ? કે જે બીજાની અભિલાષા કરે, પર સંયોગની અભિલાષાનો ભાવ તે રાગ, વિકલ્પ. (એમ) અર્થ (કરવો) તો સહેલો છે (કે આ) જ્ઞાનનો અર્થ, આ રાગનો અર્થ. ચાલો, બરાબર સમજાઈ ગયું. એમ ન સમજવું.

જે જાણે છે એવો ભાવ, જાણે છે એ અનુભવગોચર થાય છે, જાણવાનું કાર્ય અનુભવગોચર થાય છે એના ઉપયોગને ત્યાં લઈ જવો. એના અનુભવમાં ઉપયોગને લઈ જવો, અને પછી એ કહે છે એ પ્રમાણે દેખાય છે કે નહીં ? જ્યાં જાણવું છે, જેને - જે ભાવને જાણવો છે એ કહે છે એવો જ જણાય છે કે બીજી રીતે જણાય છે ?

જેમકે વિકલ્પ છે - રાગ છે એ પર અભિલાષરૂપ છે. એમાં પરની અભિલાષારૂપ મને ભાવ (થાય છે). પરિણમનની અંદર એવો અનુભવ થાય છે કે બીજા પદાર્થની અભિલાષા છે ? 'હું પાણી પીઉં' (એવો ભાવ થયો) તો (એ) પાણીની અભિલાષા થઈ. ખાઉં, મંદિર જાઉં, જે કાંઈ (વિકલ્પ થાય) તો એ પદાર્થની જે અભિલાષા થઈ એ ભાવના અનુભવ ઉપર ઉપયોગને લઈ જઈને સમજ કે

બરાબર છે, આ જે કહેવા માગે છે એવો જ અહીંયાં અનુભવ થાય છે. જેવો કહેવા માગે છે એવો જ અનુભવ થાય છે. એમ સમજે તો એને રાગમાં મલિનતા છે કે પવિત્રતા છે ? જ્ઞાનમાં મલિનતા છે કે પવિત્રતા છે ? આ ભાવ ઉપર ઉપયોગને લઈ જઈને, ચાલતા ભાવ ઉપર ઉપયોગને લઈ જઈને એ ભાવને ઓળખવાની મહેનત કરશે. આ ભાવને ઓળખવો છે.

(એમ કરતાં) એમાં એક બીજી વાત અનુભવગોચર થશે કે, અરે...! આ તો રાગમાં દુઃખ છે, વિકલ્પમાં તો આકુળતા છે, બીજી ચીજની અભિલાષા થઈ, એ ચીજનો સંયોગ ન થાય ત્યાં સુધી આકુળતા થયા કરે છે. આ પોતે જ આકુળતા લઈને ઉત્પન્ન થયેલો ભાવ છે. જ્ઞાનમાં કષાય નથી, આકુળતા નથી એટલે એનું રૂપ આનંદ છે. પ્રગટ આનંદ તો એ વખતે ઓળખાણ કાળે અનુભવમાં આવતો નથી પણ આનંદ છે એની ઓળખ થાય છે. જ્ઞાન આનંદ સ્વરૂપે છે, જ્ઞાનમાં સુખ અને શાંતિનું સ્વરૂપ છે એની ઓળખાણ થાય છે. કેમકે આકુળતા નથી એટલે એની ઓળખાણ થાય છે. ઓળખાણ થાય, જેવી ઓળખાણ થાય છે પછી એવો અનુભવગોચર થાય છે. પણ ઓળખાણ બરાબર થઈ શકે છે, જો અનુભવના ભાવને ઉપયોગ મૂકીને જોવામાં આવે તો. ત્યાં ઉપયોગને લઈ જા. શેનો અનુભવ થાય છે ? ક્યા ભાવનો અનુભવ થાય છે ? અનુભવમાં આવી રહ્યા છે એ ભાવ કેવા કેવા છે ? એમ તું જો. તો તારું બીજે બધે જોવાનું તો ખલાસ થઈ જશે. જે તને છોડીને તું આ ચારે બાજુ જોવે છો એ તો તારું ખલાસ થઈ જશે. તું અંદરની રમતમાં આવી ગયો એટલે બહારની રમત છૂટી ગઈ. આ પરિસ્થતિ થાય છે.

પછી તો શાંતિ ક્યાં ? અશાંતિ ક્યાં ? એ ઓળખાય છે ત્યારે અશાંત ભાવથી ખસીને, ત્યાંથી ખસીને શાંત સ્વભાવમાં રહેવું એ સહજ સ્વભાવ છે. પણ કહે છે કે તું છેતરાઈ ગયો છો. એક ચીજ બજારમાંથી ખરીદીને લાવે અને નકલી આવી જાય, અસલ સોનાના દાગીનાને બદલે નકલી સોનાનો દાગીનો આવી જાય કે, ભાઈ ! આ તમે એક ચેઈન લાવ્યા, એક તોલાના ત્રણ હજાર રૂપિયા આપ્યા પણ આ પાંચ રૂપિયાવાળો છે. આ ચેઈન તો પાંચ પાંચ રૂપિયામાં

ફૂટપાયરી ઉપર ઊભા ઊભા લોકો વેચે છે, તમે કોઈ એવા ઝવેરીને ત્યાંથી લાવ્યા પણ એ તો બનાવટી છે, બનાવટ થઈ ગઈ. તો એને એમ લાગે કે અરે...! હું છેતરાઈ ગયો ! પાંચ રૂપિયાની ચીજના મેં ત્રણ હજાર આપ્યા ! પેલો એમ કહે કે, ઘડાઈ નહીં લઉં, ખાલી સોનાના પૈસા લઈશ, તો કે બહુ સારું ચાલો, એટલો તો ફાયદો થયો. પચાસ રૂપિયા ઘડાઈનો ફાયદો થયો કે બે હજાર નવસોને પંચાણું રૂપિયાનું નુકસાન ગયું ? એમ (અહીંયાં) કહે છે કે, તું છેતરાઈ ગયો છે. એક વિકલ્પરૂપ પોતાને માનતા આખા સિદ્ધપદનું નુકસાન છે, નિર્વાણપદનું નુકસાન છે એમ કહેવામાં આવે છે. એટલો મોટો છેતરાઈ ગયો છો.

**'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'** જુઓ ! અહીંયાં 'જાતિ' શબ્દ ફરીને વાપર્યો છે. **'–એમ પોતાના સ્વભાવની જાતિને ઓળખ. અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'** તું પોતે અરીસાની જેમ, તારી ચૈતન્ય જાત છે, જ્ઞાન જાતિનો તું પદાર્થ છો એમાં તું નિર્મળ જ છો, સ્વચ્છ જ છો. ભલે વર્તમાન અવસ્થામાં અલ્પ સ્વચ્છતા છે પણ એ અલ્પ સ્વચ્છતા અંદરમાં (રહેલી) અનંત નિર્મળતાને સ્પષ્ટ કરે છે. અનંત નિર્મળતાના નમૂનારૂપે છે. એ અનંત નિર્મળતાનું બહારની અંદર Sample આવેલું છે.

આ ગેસના ભંડારમાંથી ગેસ નીકળે છે, પાતાળ કૂવામાંથી પાણી નીકળે છે એટલું જ અંદર પાણી નથી. પાણીનો બહુ મોટો ભંડાર છે એમાંથી પાણીનો પ્રવાહ આવે છે. તારી સ્વચ્છતા સદાય ચાલુ રહે છે એનો અર્થ કે અનંત નિર્મળતા અંદર ભરેલી છે. એટલે અહીંયાં એ વાત લીધી છે કે વર્તમાન સ્વચ્છતા ઉપરથી અંદરની નિર્મળતાનો ભંડાર છે એને ઓળખી લે. અવસ્થાથી – અવસ્થાના લક્ષણથી આખું લક્ષ ઓળખાઈ જવું જોઈએ. (જેટલું) લક્ષણ છે એટલું સ્વરૂપ નથી. કેમકે એમાં અલ્પત્વ છે, પણ જાતિ ત્યાં છે. Quantity નથી પણ Quality તો ત્યાં છે. તારા જ્ઞાનની અંદર આત્માનો – સ્વભાવનો નમૂનો છે ત્યાંથી આખી જાતિને ઓળખી લે અને એની અનંતતાને ઓળખી લે.

**'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો. નિર્મળતાના ભંડારને ઓળખ...'**

જો તું નિર્મળતાના ભંડારને ઓળખ **'તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.'** આ શુદ્ધદશા પ્રગટવાનું, નિર્મળદશા, પવિત્રદશા, ધર્મની દશા પ્રગટવાનું આ રીતે ઓળખાણપૂર્વક બનશે. બીજા કોઈપણ પ્રકારની કાર્યપદ્ધતિથી ધર્મ અથવા પવિત્રદશા પ્રગટ થતી નથી.

'ગુરુદેવ' એક એવી શૈલીથી સમજાવતા કે, આત્માનો ધર્મ ક્યાંથી આવે છે ? આત્માનો ધર્મ શરીરમાંથી આવે છે ? કે નહીં. આત્માનો ધર્મ રાગમાંથી ઉત્પન્ન થાય છે ? કે નહીં. આત્માનો ધર્મ બહારમાં મંદિર, ભગવાનના પ્રતિમાજી કે અન્ય ગુરુ કે શાસ્ત્રના - પુસ્તક(ના) પાના કે આત્માનો ધર્મ ત્યાંથી ઉત્પન્ન થાય છે ? આત્માનો ધર્મ આત્મામાંથી આત્માની પર્યાય ઉત્પન્ન થાય છે એમાં ઉત્પન્ન થાય છે. જો અંદર નિર્મળ પવિત્રતાનો આત્મા ભંડાર હોય તો એમાંથી નિર્મળતાની પર્યાય આવે. બીજી કોઈ રીતે આવવાનો સવાલ રહેતો નથી. એટલે આત્માને ધર્મી કહેવામાં આવે છે. મૂળ સ્વરૂપે આત્મા ધર્મી છે, એ પોતાની શુદ્ધદશા પ્રગટ કરે ત્યારે એને ધર્મ કહેવાય છે અને પોતે સ્વરૂપે શુદ્ધ હોવા છતાં પોતાને ભૂલીને દશામાં અશુદ્ધતા ઉત્પન્ન કરે ત્યારે એને અધર્મ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિર્મળતાનો ભંડાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્મળતાનો ભંડાર છે. અનંત... અનંત... અનંત... નિર્મળતાનો ભંડાર છે. નિર્મળતા પણ કેટલી ? કે જેની હદ નહીં એટલી ! જુઓ ! કેવળજ્ઞાન છે એ પરિપૂર્ણ નિર્મળ છે. જેવો સ્વભાવ છે એની પૂરી શક્તિથી એ વ્યક્ત છે. નિર્મળ સ્વચ્છત્વશક્તિ પણ ત્યાં પૂરી વ્યક્ત છે. તો કોઈપણ અન્ય જ્ઞેયોની સન્મુખ થયા વિના જ્ઞાનની અંદર ત્રણ કાળ, ત્રણ લોકનું આખા જગતનું પ્રતિબિંબ પડે છે. કેટલી નિર્મળતા ! કે ઉપયોગ જ્ઞેયોની - જગતની સન્મુખ કરવો ન પડે, ઉપયોગ અંદરમાં લીન રહે, અંતર્મુખ રહે એવા જ્ઞાનની અંદર આખા જગતનું પ્રતિબિંબ પડે ! આમ એકસાથે જ્ઞાનના સ્વપરપ્રકાશવાના બન્ને ભાવો એક જ્ઞાનમાં એકસાથે હોય છે. એકસાથે જ હોય છે. નીચે અલ્પ માત્રામાં હોય છે. કેવળજ્ઞાન થતાં પરિપૂર્ણ હોય છે.

સ્વચ્છતાથી – નિર્મળતાથી (અન્ય પદાર્થથી-રાગાદિ ભાવથી) જુદું ઓળખવું અને જુદું પડવું એ સુગમ અને સરળ છે. જો પોતે એ પ્રયત્ન કરવા ધારે કે, મારે આ કામ કરવું જ છે, તો થાય છે. કરવા ધારતો નથી તો થતું નથી. આની અંદર એવો એક બોલ લીધો છે. પોતે કરવા ધારતો નથી. કેમ થતું નથી ? કરવા ધારતો નથી.

કેટલીક વાર બહારના સંસારના કાર્યો એવા છે કે કર્યા વિના ચાલે નહીં. તો એને એવી રીતે નક્કી કરેલું હોય છે આ તો ગમે તેમ કરીને આ કામ કરવું છે, ગમે તેમ કરીને, કોઈપણ રસ્તો કાઢીને આ કામ કરવું છે. તો એની પાછળ એનો તદ્અનુરૂપ પ્રયત્ન ઉત્પન્ન થાય છે. એમ અનંતકાળે મોંઘો એવો મનુષ્યભવ, અનંત કાળે ક્યારેક – ક્વચિત્ જ મનુષ્યપણું મળે એવું મનુષ્યપણું આવ્યા પછી હવે આ કામ તો કરી જ લેવું છે, સોયમાં દોરો પરોવી જ લેવો છે પછી સોય નહીં ખોવાય. એકલી હશે તો ખોવાઈ જશે. આ તો લાલ રંગનો દોરો છે એ ગમે ત્યાં ચકલી ઉપાડી ગઈ હોય તોપણ દેખાય કે એ... દોરો લટકે આપણો ! સોય અહીંયાં છે. આ સમ્યક્દર્શન (છે) એ એવો દોરો છે. આત્માના સ્વભાવમાં પરોવાતો દોરો છે. એને સ્વભાવનું અનુસંધાન કહેવામાં આવે છે. 'સ્વરૂપ અનુસંધાન' – 'શ્રીમદ્જી'એ શબ્દ વાપર્યો છે ને ? કે, હે 'કુંદકુંદાદિ આચાર્યો' ! 'આપના વચનો આ પામરને...' પોતાને પામર કહે છે ! 'આ પામરને સ્વરૂપાનુસંધાનને વિશે નિમિત્તભૂત થયા છે તે અર્થે હું આપને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું.'

મુમુક્ષુ :– પામર કહીને કેવી ભક્તિ કરી છે ! પોતાને પામર કહી દીધા !

પૂજ્ય ભાઈશ્રી :– એ ભક્તિ આવે જ એવી. એનું નામ ભક્તિ ! વચન તો વચન છે, હજારો વર્ષ પહેલા, બે હજાર વર્ષ પહેલા લખાયેલા છે. એને એમ થાય છે કે આ મારા માટે લખ્યા છે. મારું હિત થવાનું હતું ને એટલે આ વાત રહી ગઈ છે એ મારા માટે રહી ગઈ છે. ભગવાન 'મહાવીરસ્વામી'નું શાસન રહી ગયું છે, વિચ્છેદ ગયું નથી અને પંચમ આરાના છેડા પહેલા મનુષ્યભવ મને મળી ગયો. મારા માટે છે, શાસન પ્રવર્તે છે એ મારા માટે છે. નહીંતર

ન હોત તો ? છટ્ઠા આરામાં મનુષ્યપણું મળ્યું હોય તો ? (છટ્ઠો આરો) કાંઈ દૂર નથી. સાડા અઢાર હજાર વર્ષ પછી તરત જ છે. ૧૯ + ૨ = ૨૧, બરાબર ને ? સાડા અઢાર હજાર વર્ષ (બાકી છે). એકવીસ (હજારમાંથી) પચ્ચીસસો વર્ષ બાદ કરીએ તો અઢાર હજાર પાંચસો વર્ષ લગભગ બાકી રહ્યા. મનુષ્યપણું હોય (તોપણ) પછી પત્તો લાગવાનો (નથી). મનુષ્યપણું (પામ્યો) છે પણ ઘણીવાર તો છટ્ઠા આરામાં આવ્યો છે કાં પહેલા, બીજા (આરામાં) આવ્યો છે કે જ્યાં એને ધર્મને યોગ્ય પુરુષાર્થ કે કોઈ નિમિત્ત, સાધનો આદિ કાંઈ હોતા નથી. પણ જે આસન્નભવ્ય છે, જેને પોતાની મુક્તિ નજીક ભાસે છે, એને ભાસે છે કે મારી મુક્તિ હવે દૂર નથી. આ વિષયની અંદર ઉલ્લાસ આવતા એ બધા લક્ષણો ઉત્પન્ન થાય છે.

બહુ શરૂઆતના 'ગુરુદેવ'ના પ્રવચનો 'આત્મધર્મ'માં આવતા એમાં કહેતા કે આ બધી આચાર્યોની આત્માના પરમ હિતની વાતો છે એમાં શબ્દે શબ્દે મુક્તિના ભણકારા છે ! જેમ કોઈને ભણકારા વાગે કે મારી મુક્તિ થવાની છે ! એમ અંદરથી (ભણકારા વાગે કે હું) મુક્ત થઈ જઈશ, હવે હું અલ્પ કાળમાં મુક્ત થઈ જઈશ. મારું અનંત પરિભ્રમણ નથી એ વાત એને અંદરથી ભાસે. એટલો એને આ વિષયમાં ઉલ્લાસ આવે છે, રસ આવે છે.

કહે છે કે **'અરીસાની જેમ જાતિએ તો સ્વચ્છ જ છો.'** તારી જાત – ચૈતન્યની જાત, જ્ઞાનની જાત નિર્મળ... નિર્મળ... નિર્મળ... અંદરમાં નિર્મળતાનો ભંડાર ભર્યો છે એમાંથી નિર્મળ દશાઓ આવે છે, સ્વચ્છ દશાઓ આવે છે. આને ઓળખ એટલે ધર્મની નિર્મળતા અને પવિત્રતા (પ્રગટ થશે). (આ બોલમાં) પછી જે નિર્મળતા(ની) વાત કરી છે એ પવિત્ર નિર્મળતાની (પર્યાયની) વાત લેવી છે, એમાં તો એકત્વબુદ્ધિનો નાશ છે અને અનંતાનુબંધી કષાયનો નાશ છે. એવી જે **'નિર્મળતાની પર્યાયનો...'** એટલે મોક્ષમાર્ગની પર્યાયનો **'સમૂહ પ્રગટશે.'** ઓળખાણ થયા પછી તો તને મોક્ષમાર્ગની પવિત્ર દશાઓ, નિર્મળ દશાઓનો પ્રવાહ ચાલુ થશે અને આવા ભગવાનઆત્માનો અનુભવ કર્યા પછી બીજો પ્રવાહ કેમ હોય શકે ? કે બીજો પ્રવાહ હોવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પછી તો સહેલું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવનો સમુદ્ર પડ્યો છે એમાંથી વહેણ ચાલુ થઈ ગયું. સમુદ્ર ખૂટે નહીં અને વહેણ ચાલુને ચાલુ રહ્યા કરે. ચોમાસામાં પાણી પડે અને સૂકાઈ ગયેલી નદી ચાલુ થાય છે. પછી વરસાદ બંધ થઈ જાય છે, વરસાદની સીઝન પૂરી થઈ જાય છે તોપણ પાણી આવ્યા જ કરે છે. વહે છે કે નહીં ? નદી વહેતી વહેતી સમુદ્ર પ્રત્યે જાય છે તો મહિનાઓ સુધી પાણીનું વહેણ ચાલુ રહે છે. રહે છે કે નહીં ? પાણી તો ઈ વખતે ક્યાંય ઉપર પડતું નથી. તોપણ પાણીનો પ્રવાહ – એનો સ્ત્રોત હોય છે એમાંથી પાણી આવ્યા જ કરે છે.

એમ કહે છે કે, તારામાં ભાવ એટલા બધા (ભર્યા છે), અનંત ભાવનો પિંડ છો કે શાંતિ, આનંદ, જ્ઞાન, ચૈતન્યપણું, સ્વચ્છતા, પ્રભુતા એ બધા ભાવોનો સ્ત્રોત અખૂટ ભંડારમાંથી આવ્યા જ કરશે, અક્ષયપાત્ર છે ! આત્મા પોતે અક્ષયપાત્ર છે. એની જે ગુણની રિદ્ધિ-સિદ્ધિ છે એ રિદ્ધિ-સિદ્ધિ એવી છે કે ક્યારેય ખૂટતી નથી. અક્ષયપાત્ર છે આત્મા ! આવ્યા જ કરે, એમાંથી આવ્યા જ કરે અનંત કાળ પર્યંત આવ્યા કરે, છતાં એટલુંને એટલું જ છે એમાં કાંઈ ફેર નથી. ઘસારો લાગતો નથી, એમાંથી ઓછું થતું નથી, નાશ થવાનો તો પ્રશ્ન નથી.

પ્રશ્ન :- આવો આવો મહાન અત્યાર સુધી ક્યાં હતો ?

સમાધાન :- ક્યાંય ગયો જ નથી, ત્યાંને ત્યાં જ છે. એવી નિધિ અંદર ભરી છે એની હયાતીનું પોતાને ભાન આવવું જોઈએ. ભરી છે એની હયાતી, મોજૂદગી એનું પોતાને ભાન રહેવું એ દુઃખના નાશનો ઉપાય છે. સુખનું મૂળ આ છે. એવી નિધિનું ભાન થવું એનું નામ શ્રદ્ધા છે અને એવી શ્રદ્ધા સુખનું મૂળ છે. આમ વાત છે. એ મૂળમાં સમ્યક્દર્શન થાય ત્યારે આ ઓળખવાનું કામ પહેલા થાય છે.

બહારમાં પણ શું છે ? માણસ નથી કહેતા ? કે, પૈસાવાળાને પાવર બહુ હોય છે. શું કહે છે ? બોલે છે કે નહીં ? એને શેનો પાવર છે ? ખીસામાં લઈને ફરે છે પૈસા ? મૂડી હોય છે ઈ જો ખીસામાં ભરે તો એને કેટલા કપડાં પહેરવા પડે ! પાંચ-પચીસ-પચાસ લાખ હોય તો ! એને 'મારી પાસે છે' એનું

ભાન લઈને ફરે છે. 'બીજાની પાસે નથી, ઈ મારી પાસે છે' એનું ભાન લઈને ફરે છે કે બીજું કાંઈ છે ? પૈસા તો બેંકમાં પડ્યા હોય કે ઉઘરાણીમાં પડ્યા હોય કે માલમાં પડ્યા હોય પણ ઈ તો ભાન લઈને ફરે છે કે મારી પાસે છે. જ્યાં જાય ત્યાં, ક્ષેત્રથી દૂર જાય તો એનું ભાન લઈને ફરે છે કે બીજું (કાંઈ) છે ? દુકાને હોય કે હજાર માઈલની મુસાફરી કરવા જાત્રાએ જાય તો ભાન લઈને ફરે છે કે મારી પાસે ત્યાં બધું પડ્યું છે.

અહીં તો કહે છે કે, ઈ દૂર જવાનો સવાલ નથી. એની નિધિ સાથેને સાથે રહે છે તોપણ એનું ભાન કરતો નથી. એવું નથી કે જગતના પૈસા અને ઝવેરાતને ઘરે મૂકીને ભાન રાખવાનું છે. આ તો અહીંયાં ને અહીંયા જ છે. જે ક્ષેત્રમાં દેહ છે એ ક્ષેત્રમાં ચૈતન્યપિંડ છે. અંદર બધી નિધિ ભરી છે. અનંત આનંદની નિધિ ભરી છે, અનંત જ્ઞાનની નિધિ ભરી છે, અનંત નિર્મળતાની, સ્વચ્છતાની, પ્રભુતાની બધી નિધિ ભરી છે. હયાત છે એનું ભાન છે એ સુખનું મૂળ છે અને એનું અભાન છે એ દુઃખનું મૂળ છે. બસ ! સુખ-દુઃખનું આ વિજ્ઞાન છે.

પ્રશ્ન :- ત્યાં તો વારેઘડીયે વિકલ્પ નથી કરતો કે, હું પાંચ લાખવાળો છું કે...

સમાધાન :- કરે છે ? નિર્વિકલ્પપણે ભાન રહે છે. ભાન કોઈ દિવસ વિકલ્પવાળું હોય જ નહીં. ભાનનો અર્થ જ કે એની નિર્વિકલ્પદશા છે. 'મારી પાસે આ છે અને આટલું છે' ! ઘણીવાર તો બફમમાં એવું જાય છે કે મૂડી વપરાઈ ગઈ હોય કે ખોવાઈ ગઈ હોય કે કાંઈ ટળી ગઈ હોય તોપણ ઈ ભાનમાં ને ભાનમાં તો એટલા જ પાવરમાં રહે ! માનો કે કોઈને ત્યાં પચીસ-પચાસ લાખ મૂકી દીધા છે કે ભાઈ ! આ ટી. ટી. કૃષ્નમાં અત્યારે કાંઈ વાંધો નહીં, મૂકી દ્યો ટી. ટી. કે.માં. હવે પેલો અંદરખાનેથી ગયો હોય અને આના પૈસા આવવાના જ ન હોય પણ ઈ ભાઈ ભાનમાં ને ભાનમાં ટટાર જ ચાલે છે ! બને છે કે નહીં ? ભાન આવી ચીજ છે. ભાનને વિકલ્પ હોતો નથી. એમ 'આવો હું છું' એમ ઓળખે અને એના ભાનમાં રહે તો પોતે પવિત્ર, પરિપૂર્ણ સ્વચ્છ, પવિત્ર નિર્દોષ સ્વરૂપે હોવાથી એની અવસ્થામાં પવિત્ર અને નિર્દોષ અકષાય

દશાની પરંપરા ચાલે છે. અને એક ક્ષણના કષાયમાં એવો અને એટલો હું થઈ ગયો છું એવા ભાનમાં; ઈ પણ એનું ભાન છે કે હું તો માણસ, હું તો રાગી, હું ક્યાં વીતરાગી થયો છું ? હું તો રાગી. મનુષ્ય છું એટલે રાગી છું, ગૃહસ્થ છું એટલે રાગી છું. એવા ભાનમાં એને દોષની પરંપરાના પરિણામ ચાલે છે. તેં તને કેવો સ્વીકાર્યો છે એના ઉપર તારા પરિણામની પરંપરા ચાલશે.

અનેક પ્રકારના અનંત દોષો થવાનું મૂળ શું ? કે પોતાને મલિનપણે સ્વીકારવો તે. કેવળજ્ઞાન આદિ પવિત્ર દશા પ્રગટવાનું મૂળ શું ? કે પોતાને શુદ્ધ સ્વરૂપે સ્વીકારવો તે. આ સીધી વાત છે. અને તે પણ કલ્પના કરીને નહીં, છે જ એવો પોતે. જેવો છે એવો સ્વીકારવાની વાત છે.

એટલે એમ લીધું છે કે, **'નિર્મળતાના ભંડારને ઓળખ તો એક પછી એક નિર્મળતાની પર્યાયનો સમૂહ પ્રગટશે.'** પરંપરા પ્રગટશે. **'અંદર જ્ઞાન ને આનંદ આદિની નિર્મળતા જ ભરેલી છે.'** શુદ્ધ જ્ઞાન અને કષાય વિનાનો નિર્મળ આનંદ (ભર્યો છે). આ જગતના કષાયના આનંદની વાત નથી. એ આનંદ જ નથી. દુઃખમાં આનંદની કલ્પના કરી છે અને જૂઠનો અનુભવ કરે છે પણ અહીંયાં તો વાસ્તવિક આનંદ અને અલૌકિક આનંદની નિર્મળતા ભરી છે એ તને પ્રગટ અનુભવગોચર થશે.

અહીં સુધી રાખીએ...

અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે. આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવાયોગ્ય છે – એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે. ૮૩.

તા. ૧૩-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૩, ૮૪
પ્રવચન નં. ૬૯

'બહેનશ્રીનાં વચનામૃત', બોલ–૮૩. આત્મસ્વરૂપના મહિમાનો આ બોલ છે. પોતાનું આત્મસ્વરૂપ અનંત મહિમાવંત છે. અનેક બોલ એ વિષયમાં લીધા છે. કહે છે, **'અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે.'** મંગળ એટલે પવિત્ર. આત્માનું અંતર સ્વરૂપ – અંતરંગ સ્વરૂપ પવિત્ર છે. અનંત કાળથી સંસારમાં રાગાદિના મલિન ભાવે પરિણમતો રહ્યો છે તોપણ મૂળ સ્વરૂપ બિનડાઘ છે. એમાં ડાઘ પડ્યો નથી. સત્પુરુષોથી માંડીને તીર્થંકર પર્યંતના તમામ ઉપદેશમાં મૂળ જે કાંઈ મુખ્યપણે કહેવા ધારે છે એ આ વિષયને કહેવા ધારે છે. આત્મા આવો છે... આવો છે... આવો છે... એમ અનેક ગુણોથી, અનેક વિશિષ્ટતાઓથી આત્મા બતાવાય છે, દર્શાવાય છે પણ એની જ્યારે ઓળખાણથી મહિમા આવે ત્યારે એને એ આત્મા સાંભળ્યો એમ કહેવાય.

પૂજ્ય 'બહેનશ્રી' પ્રત્યક્ષ ચર્ચામાં એવું ઘણીવાર કહે છે કે, જ્ઞાયક જ્ઞાયક એટલે ખાલી કોરો જ્ઞાયક એમ નથી. જ્ઞાયક એટલે એનો અનંત મહિમા છે. એમ લક્ષમાં આવવું જોઈએ. અનંત મહિમાવંત જેવો છે એવો લક્ષમાં આવે ત્યારે એને આત્માના લક્ષે એ પરિણામ થયા એમ કહેવાય અને એ વાસ્તવિક છે. બે વર્ષના બાળકને સો રૂપિયાની નોટ હાથમાં આપો તો કાગળિયા ફાડે એમ ફાડી નાખે. રમતા રમતા કાગળ ફાડે એમ ફાડી નાખે. એને એ કાગળનો રંગ અને ડિઝાઈન તો જે મોટાને દેખાય છે એટલું જ દેખાય છે, એને ખબર નથી. ચક્ષુ ઇન્દ્રિયનો વિષય તો સરખો છે, પણ સમજણ છે કે આ કિંમતી ચીજ છે. એમ આત્મા આત્મા તો બીજાઓ પણ વાત કરે છે અને આત્માને જોઈને આત્માની વાત કરનારા છે. બે વચ્ચે ફરક પડે છે.

**'અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે.'** પરમ પવિત્ર છે. જેવા સિદ્ધ ભગવાન પવિત્ર છે, વ્યવહારે નમસ્કાર કરવાયોગ્ય છે તો અહીંયાં અંતરમાં આત્મા પવિત્ર, મંગળસ્વરૂપ અને નમસ્કાર કરવાયોગ્ય છે. આત્મા પરમ મંગળસ્વરૂપ છે. 'ગુરુદેવ' મંગળનો અર્થ કરતા – એક પવિત્ર (એમ) અર્થ કરતા અને જેમાં પાપનો અભાવ છે. પાપના અભાવમાં બન્ને વાત (છે) – પુણ્ય અને પાપ બન્ને કષાય લઈ લેવા. કષાય માત્રનો જેમાં અભાવ છે એવો આત્મા અંદરમાં પરમ મંગળસ્વરૂપ છે.

જેને પોતાનો આત્મા અંતરમાં મંગળસ્વરૂપ જણાય છે એને અમંગળ એવી દશાના જે અંશો છે, જે દશામાં ભાવો છે, અપવિત્ર ભાવો છે એનો એમાં નિષેધ આવે છે કે આવા પરમ પવિત્ર મંગળસ્વરૂપ આત્માને આવી દશા ન હો. કેમકે એ વસ્તુ પરિણમે છે તો આવો પરમ પવિત્ર આત્મા, જેમ કોઈ મહાન પુરુષ હોય અને એના નજીકના હોય, એનો નાનો ભાઈ હોય, એનો દીકરો હોય, મોટો ફેર હોય – ઊલટું-સૂલટું હોય તો કહે કે, આ બરાબર મેળ ખાતો નથી. લોકો આને અનુસરે છે. આટલો મોટો સમાજ અને આટલી મોટી સંખ્યામાં લોકો અનુસરે છે તો એના નજીકમાં રહેનારા કેમ આમ કરે છે ? એમ અવસ્થા તો દ્રવ્યની નજીક રહેનારી છે. આવો મંગળસ્વરૂપ આત્મા છે તો અવસ્થામાં અમંગળપણું (હોય) એ આત્માને ઘટારત નથી, ઘટતું નથી.

**'આત્માનો આશ્રય કરવાથી...'** હવે એ અવસ્થા ક્યારે એવી મંગળ થાય ? કે, આત્માનો સંગ કરે, આશ્રય કરે. પોતાનું સ્વરૂપ પોતાપણે શ્રદ્ધામાં, પોતાપણે જ્ઞાનમાં અને પોતાપણે આચરણમાં રાખે. શ્રદ્ધામાં રાખે, જ્ઞાનમાં રાખે, આચરણમાં રાખે. બધા ગુણો, જેટલા ગુણો અંતર્મુખ થાય છે એ બધા આશ્રય કરે છે એમ કહેવાય છે.

**'આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે.'** પરસંગ કરવાથી, અન્યનો – અન્ય પદાર્થનો – અનાત્માનો સંગ, પોતાના આત્મા સિવાય અનાત્માનો સંગ કરવાથી પવિત્ર દશા પ્રગટતી નથી પણ રાગાદિયુક્ત મલિન દશા પ્રગટ થાય છે. **'આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે.'** વિષય તો પરિચિત છે એટલે સમજવો અઘરો છે એવું નથી. સ્વાધ્યાયમાં આવો વિષય ચાલે તો એવું નથી કે આ વાત આપણે સાંભળી નથી. 'ગુરુદેવ' તો આ જ વાત સંભળાવતા હતા. વળી, એવી અઘરી અટપટી વાત નથી કે નથી સમજાતી પણ ભાવનામાં લેવાનો વિષય છે. જ્યારે આવો વિષય સામે આવે ત્યારે પોતાના સ્વરૂપ મહિમાથી સ્વરૂપની ભાવનાનો ભાવ આવિર્ભાવ થવો જોઈએ, ભાવના વૃદ્ધિગત થાય તો આગળ વધાય.

મુમુક્ષુની ભૂમિકામાં તો જેટલી ભાવના વિશેષ એટલી પાત્રતા પણ વિશેષ. એટલે આવા સ્વરૂપ મહિમાના બોલ આવે છે તો એ તો જે મહાત્માઓને પોતાને પોતાના આત્મસ્વરૂપનો મહિમા છે તેથી એ વાત એમની વાણીમાં આવ્યા વિના રહેતી નથી. લોકોમાં પણ શું છે ? એકની એક વાત જેને જેની મહિમા હોય છે (તે) તેને તે વાત કર્યા કરે છે કે નહિ ? અમારે તો આમ છે, બીજા કરતાં અમારે આમ છે. બીજાને આમ નથી પણ અમારે તો આમ જ છે. કાંઈક એને જેની મહત્તા ભાસી છે એની જ વાત કરે છે.

અહીંયાં કહે છે કે, સર્વોત્કૃષ્ટ પદાર્થ છે, જેમાં ચૈતન્ય આનંદ આદિ અનંત અનંત સ્વભાવ ભરેલાં છે અને જે એક માત્ર પોતાને માટે પોતાનું સ્વરૂપ જ પ્રયોજનભૂત છે, આ સિવાય બીજું કાંઈ જગતમાં પ્રયોજનભૂત નથી. એના આશ્રયે જેવો આત્મા છે એવી જ દશા પ્રગટ થશે અને અનાત્માના આશ્રયે રાગાદિની

દશા પ્રગટ થશે. પવિત્ર દશા પ્રગટ કરવાનો એ એક માત્ર ઉપાય છે.

ફરીને કહે છે કે, **'આત્મા જ મંગળ, ઉત્તમ અને નમસ્કાર કરવાયોગ્ય છે...'** ભાવ નમસ્કાર અને દ્રવ્ય નમસ્કાર જે ગણો તે. સર્વસ્વપણે એક આત્મા જ મંગળ છે, એ જ ઉત્તમ – સર્વોત્તમ છે અને નમસ્કાર કરવાયોગ્ય છે. 'શ્રીમદ્જી' એ એક જગ્યાએ લીધું છે – સર્વોત્કૃષ્ટ શાંત ! શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... કરીને એવા બોલ લ્યે છે. કેટલો ભાવ આવ્યો છે ! પોતપોતાની શૈલીમાં (વાત કરે છે). આત્માનો મહિમા કરતા આત્મભાવને રુચિમાં પોષવાનો વિષય છે.

નમસ્કાર કરવાયોગ્ય છે એટલે નમવાયોગ્ય છે. નમવાયોગ્ય છે એટલે એમાં અભેદભાવે એનો અનુભવ કરવો, અભેદ અનુભૂતિ (કરવી) એ ખરેખર ભાવ નમસ્કાર છે. આત્મા એક જ નમસ્કાર કરવાયોગ્ય છે. **'એમ યથાર્થ પ્રતીતિ કર...'** એવી યથાર્થ પ્રતીતિ કર કે, આ જ મંગળસ્વરૂપ છે, આ જ ઉત્તમ છે, આ જ નમસ્કાર કરવાયોગ્ય છે. એવો વિશ્વાસ રાખ, એવા વિશ્વાસપૂર્વક મહિમા કર. વિશ્વાસમાં પરદ્રવ્યને લઈને સુખ-દુઃખ (છે) અને આત્માનો મહિમા – બે વાતને મેળ ખાતો નથી. પોતામાં જ પોતાનું અનંત સુખ ભર્યું છે અને પોતામાંથી જ પોતાનું સુખ પ્રગટ થશે એવા વિશ્વાસપૂર્વક – પ્રતીતિપૂર્વક આત્મા પ્રત્યે વળ. નહીંતર શબ્દોમાં કે વિકલ્પમાં આત્માનો મહિમા થશે પણ આત્મામાં વળવાનું થશે નહિ.

ચળ પદાર્થ વિષે પ્રતીતિ છે. ચળ પદાર્થ એટલે એક સમયની પર્યાય ચલિત છે – વિચલિત તત્ત્વ છે, ચળ પદાર્થ છે અને તમામ પ્રકારના સંયોગો – દેહથી માંડીને જેટલા સંયોગો છે એ બધાં ચલિત – બદલતા પદાર્થો છે. ચળ પદાર્થોને વિષે પ્રતીતિ છે તે આત્માના ઉપયોગને ચંચળ રાખે છે. એક ઘડિયાળનું લોલક હોય અને એના ઉપર નજર રાખે તો નજર સ્થિર કેવી રીતે થાય ? કેમકે જેના ઉપર નજર છે એ હલતી ચીજ છે. પરિણામમાં ચંચળતા રહે છે એટલે એમાં આકુળતા થાય છે. ચળ પદાર્થને વિશે પ્રતીતિ રહે છે એટલે આત્માના પરિણામ આત્મામાં સ્થિર થતા નથી. જો અચળ પદાર્થને વિશે પ્રતીતિ થાય કે, 'આ હું છું' તો પરિણામ આત્મામાં અચલિતપણે સ્થિર રહે તો શાંતિ ઊપજે,

તો એને સુખ ઊપજે તો એની આકુળતા મટે.

એટલે સાથે સાથે અહીંયાં પ્રતીતિની વાત લ્યે છે કે, પ્રતીતિ ક્યાં છે ? ચલિત પદાર્થો તે હું અથવા એમાંથી સુખ, સુખનું એ સાધન, સુખનું એ કારણ, સુખનું એ સ્થાન એવી જે પ્રતીતિ છે ત્યારે કદી પણ એને આત્માને વિશે પરિણામ સ્થિર થવાનો કોઈ અવસર આવતો નથી. પ્રતીતિ અને ધ્યાન એટલા માટે સાથે લીધું છે કે, **'એમ યથાર્થ પ્રતીતિ કર અને તેનું જ ધ્યાન કર...'** પ્રતીતિ આવ્યા વિના ધ્યાન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

કેટલાક (લોકો) પહેલા એવી રીતે ધ્યાન ઉપર જાય છે કે આત્મામાં Practice કરી સ્થિર થવાનો (પ્રયત્ન કરીએ). ધ્યાન કરવાની Practice કર્યા કરો. Practice કરતાં કરતાં દરેક કામ જેમ Practiceથી સધાય જાય છે એમ આ પણ સધાય જશે. એને ધ્યાન શું છે, ધ્યેય શું છે, ધ્યાતા શું છે એ કાંઈ એને ખબર નથી. અને પહેલાં પ્રતીતિ હોય અને પછી ધ્યાન હોય. જેનું ધ્યાન કરવા માગે છે એની પહેલાં પ્રતીતિ હોય પછી ધ્યાન થાય એ વાતની એને ખબર નથી.

પ્રશ્ન :- અનુભવ લેવાનો ને ?

સમાધાન :- હા, ધ્યાન એટલે અનુભવ. ધ્યાન એટલે એકાગ્રપણું. એ એકાગ્રપણું ક્યાં થાય ? કે, જેનો મહિમા આવે, પ્રતીતિપૂર્વક જેનો મહિમા આવે ત્યાં એકાગ્ર થવાય. બહારમાં પણ એકાગ્ર ક્યાં થાય છે ? કે, જે વિષયનો પ્રતીતિપૂર્વક મહિમા છે કે, આ મારા સુખનું કારણ છે, આ મારા સુખનું સાધન છે, તો ત્યાં એની એકાગ્રતા સહેજે સહેજે આવી શકશે. નહીતર કૃત્રિમતાથી કરવા માગે તો કોઈ કાળે થાય એવું નથી. ચાલો, રોજ Practice કરો, કલાક, બે કલાક, ચાર કલાક (Practice કરો). અનેક પ્રકારનાં વિચાર ને તરંગ ને એ બધું ચાલશે, કાંઈને કાંઈ કલ્પના થશે અને એ કલ્પનામાં આત્મા ક્યાંય હાથમાં (આવે કે એનો) પત્તો લાગે (કે) એમાં એકાગ્ર થાય એવું કદી બનવાનું નથી.

પ્રશ્ન :- ધ્યાન અને પ્રતીતિ બે સાથે થાય છે ?

સમાધાન :- પ્રતીતિ પહેલાં થાય. આમ તો શુદ્ધોપયોગમાં સાથે છે પણ

કથનમાં પ્રતીતિપૂર્વક ધ્યાન કહેવાય, ધ્યાનપૂર્વક પ્રતીતિ ન કહેવાય. જેનો વિશ્વાસ હોય એમાં એકાગ્ર થવાય. કેમકે એ પ્રતીતિ છે એ આત્માની અત્યંત રુચિરૂપ પ્રતીતિ છે. એટલે અત્યંત રુચિ હોવાથી એકાગ્ર થવાય છે. એકાગ્ર થતાં રુચિ થાય છે એમ નથી. રુચિપૂર્વક એકાગ્ર થવાય છે. જેમ જ્ઞાનપૂર્વક પ્રતીત થાય છે, જ્ઞાનપૂર્વક શ્રદ્ધા થાય છે એમ શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક ધ્યાન થાય છે. એમ ને એમ અધ્ધરથી ધ્યાન થતું નથી. આ તો અત્યારે ધ્યાનના પ્રયોગો ને ધ્યાનના વર્ગો, ધ્યાનની શિબિરો (કરે એમાં) ધ્યાન શીખડાવે એ વિશેષ ચાલ્યું છે (પણ) એ કોઈ (યથાર્થ) વસ્તુ નથી. એ બધું એમ ને એમ અજ્ઞાનપણે સાધવાની વાત છે. એમાં આત્મા સધાતો નથી, રાગ સધાય છે અથવા કોઈ મન-વચન-કાયાની ક્રિયાથી (જે) પુદ્‌ગલની સાધના અનાદિની છે (એ જ સાધના) આ અન્ય પ્રકારે પુદ્‌ગલનીને પુદ્‌ગલની સાધના થઈ જશે, રાગની સાધના થઈ જશે.

પ્રશ્ન :- પ્રતીતિ એટલે અનુભવ નહીં પણ વિશ્વાસ ?

સમાધાન :- પ્રતીતિ એટલે આમ તો 'આ જ હું છું' એવો નિર્વિકલ્પ શ્રદ્ધા ભાવ. જેવો જ્ઞાનમાં આત્મા જ્ઞાનગોચર થાય છે, જ્ઞાનમાં સ્વ-સ્વરૂપપણે ગ્રહણ થાય છે એવો જ છું એવી જે નિર્વિકલ્પ શ્રદ્ધા અથવા પ્રતીતિ એ પ્રતીતિ છે. 'આવો જ છું' એમ એનો ભાવ છે. એ એને બળનું કારણ થાય છે.

મુમુક્ષુ :- એનાથી અનુભવ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અનુભવ મુખ્યપણે જ્ઞાનમાં કહેવાય છે પણ હોય છે સાથે, સાથે જ હોય છે. પણ છતાં જ્ઞાનપૂર્વક પ્રતીતિ એમ કહેવામાં આવે છે. કેમકે જાણેલાનું શ્રદ્ધાન હોય. જે વિષયથી અજાણ્યો હોય એની શું પ્રતીતિ કરે ? જે વિષયથી જીવ અજાણ્યો હોય એની પ્રતીતિ શું કરે ? એની પ્રતીતિ કરવાનો પ્રશ્ન (નથી).

પ્રશ્ન :- પ્રતીતિમાં અને ધ્યાનમાં સમયભેદ પડે છે ?

સમાધાન :- નહિ, સમયભેદ નથી પડતો. છતાં એમ કહેવાય. કેમકે જ્ઞાન અગ્ર છે, મુખ્ય છે. એમાં જણાય છે, એનો મહિમા આવે છે, નિર્વિકલ્પ પ્રતીતિ થાય છે અને એકાગ્રતા થાય છે. બધા ગુણ સાથે પરિણમે છે તોપણ જ્ઞાનમાં

જાણવું તે મુખ્ય છે. જાણતાં શ્રદ્ધાન અને જાણતાં એકાગ્રતા. ભલે જાણતાંવેત થાય છે તોપણ જાણીને થાય છે, એટલી વાત છે.

એ સમજી શકાય એવું છે. કોઈપણ સારાં-માઠાં સમાચાર મળે છે અને જીવને હરખ-શોક થાય છે તો જાણીને થાય છે ને ? ભલે તત્કાળ થાય છે પણ જાણીને થાય છે કે જાણ્યા વગર થાય છે ? જાણ્યા પહેલાં તો કોઈ એવા પરિણામ નહોતા. તેથી જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન અને આચરણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કહેવાય છે એક પછી એક, પણ થાય છે સાથે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થાય છે સાથે. સમ્યગ્દર્શનના કાળમાં શ્રદ્ધાન અને આચરણ એકસાથે ઉત્પન્ન થઈ આવે છે. પણ એની બધી પૂર્વ તૈયારી એવી થઈ ગઈ. પહેલાં ભાવભાસન જ્ઞાનમાં આવી ગયું છે, એનો વિશ્વાસ આવ્યો છે, એનો મહિમા આવ્યો છે અને અંતરંગમાં એનો રસ ઘૂંટાય છે, બહારમાં ભલે વિકલ્પ છે પણ અંતરંગમાં એનો નિર્વિકલ્પ રસ ઘૂંટાય છે એ વૃદ્ધિગત થઈને નિર્વિકલ્પ ઉપયોગ થાય છે ત્યારે એને અનુભવ અને સમ્યગ્દર્શન (પ્રગટ થાય છે). સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી ધર્મ – મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- અનુભવ પહેલાના કાળમાં ધ્યાન કહેવાય કે નહીં ?

સમાધાન :- એકાગ્રતા થતી જ નથી. વિકલ્પ આવે, એકાગ્રતા ન થાય. તોપણ ઉપયોગ છે એ શુદ્ધોપયોગ થાય (ત્યારે એકાગ્રતા થાય). પહેલાં બુદ્ધિપૂર્વક ઊપજે છે, ભલે સૂક્ષ્મ વિકલ્પ હોય પણ વિકલ્પ રહે છે. ભલે નિશ્ચયનયનો વિકલ્પ હોય કે, 'હું શુદ્ધ આત્મા છું, પરમાનંદ સ્વરૂપ છું, એક અભેદ અનુભૂતિસ્વરૂપ છું' તોપણ એ સૂક્ષ્મ વિકલ્પ, ઈ વિકલ્પ છે. ત્યાં સુધી હજી વિકલ્પને છોડ્યો નથી અને આત્માને ગ્રહ્યો નથી. ગ્રહણ કરવું એ બીજી વાત છે. આ તો એકાકાર દશા થઈ જાય છે. શુદ્ધોપયોગમાં તો એકાકાર દશા થાય છે અને એ દશામાં એને સ્પર્શાદિ વિષયોનું જ્ઞાન થતું નથી. કોઈ સ્પર્શ કરે, કોઈ મારે, કોઈ કાપે તો એ વખતે ખબર ન પડે કે, કાંઈ સંભળાય નહીં. આમ બેધ્યાનપણું (હોય) એ બીજી વાત છે. જેમ કોઈનું ધ્યાન ન હોય, આંખ ખુલ્લી હોય (તો) કોઈને એમ (થાય) કે, જોવે છે પણ એનું ધ્યાન બીજે હોય. વિચારમાં ક્યાંક ચડી

ગયો હોય, માણસની આંખ ખુલ્લી હોય અંદરમાં કાંઈક બીજે વિચાર ચાલતા હોય તો એ ઉપયોગ વગરના ચક્ષુ જેવી વાત છે. પણ એને અહીંયાં ધ્યાન નથી કહેતા. જે સ્વરૂપધ્યાન છે એ એટલું માત્ર નથી. ત્યાં (બેધ્યાનપણામાં) તો બીજા વિષયમાં ઉપયોગ છે. આત્માનો વિચાર કરે છે ત્યાં સુધી ઉપયોગ નથી. ત્યાં સુધી એ ઉપયોગ મનની સાથે જોડાયેલો છે. મન તે આત્મા નથી, મન તો પુદ્‌ગલની એક રચના છે, મન કાંઈ આત્મા નથી. દ્રવ્યમન સાથે પરિણામ જોડાયેલા છે. શુદ્ધોપયોગની દશા તો મનાતીત દશા છે. ધ્યાનની દશા જે છે એ તો મનથી પારની દશા છે, મનથી અતીત છે – આગળની વાત છે.

મુમુક્ષુ :– વેદન આવે ત્યારે ધ્યાન જામ્યું કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ત્યારે સ્વસંવેદન આવે છે. ત્યારે સ્વસંવેદન આવે છે એનું કારણ શું ? કે, અત્યાર સુધી રાગને વેદતો હતો એ રાગ ઉપસ્થિત જ ન થયો. પૂર્ણ વીતરાગ સ્વરૂપ છું એવી પ્રતીતિના જોરમાં રાગની ઉત્પત્તિ બંધ થઈ ગઈ. એટલું બધું જોર – બળ – પુરુષાર્થ ઉત્પન્ન થાય છે અને એટલો બધો સ્વરૂપાકાર રસ થઈ જાય છે. બધા જ પરિણામ સ્વરૂપમાં મગ્ન થાય છે ત્યારે એને રાગ ઊપજતો નથી. (જો) ઊપજતો નથી તો કોને વેદે ? પછી પોતે પોતાને જ વેદવાનું રહી ગયું. પોતાનું સ્વસંવેદન તો પોતામાં છે જ. પણ તિરોભૂત થઈ ગયું છે એ એકદમ આવિર્ભૂત થઈને અનુભવગોચર થાય છે.

**'એમ યથાર્થ...'** નિજ સ્વરૂપની **'પ્રતીતિ કર અને...'** પોતાના નિજ સ્વરૂપનું, નિજ પરમાત્માનું જ **'ધ્યાન કર...'** નિજ પરમાત્માથી જગતમાં બીજો કોઈ ઉત્તમ પદાર્થ નથી. તારી અનંત શાંતિ, સમાધિનું અનંત સુખ, આનંદ-અમૃતનો અનંત બેહદ સ્વભાવ તારા પરમાત્મપદમાં ભરેલો છે. એ જ તારું પદ છે. એનાથી ઉત્તમ કે ઉત્કૃષ્ટ જગતમાં કાંઈ નથી. અનંત તીર્થંકરોએ આવા સ્વરૂપના વખાણ કર્યા છે, એની જ મહિમા કરી છે અથવા સર્વ ઉપદેશનું મૂળ અને સર્વ ઉપદેશમાં જે કોઈ વિષયની પ્રધાનતા રહી છે એ આત્મસ્વરૂપના મહિમાની જ પ્રધાનતા રહી છે.

'ગુરુદેવ' તો એ સિવાયની બધી વાતને સંસાર જ કહેતા. એકવાર એક

પ્રસંગ (બન્યો) હતો. કામ હતું બધું બાહ્ય પ્રભાવનાનું ને પ્રચાર(નું). એ દિવસોમાં કાંઈ ક્લેશનું કારણ જોયું. કામ કરનારાઓ વચ્ચે કોઈ વિચારભેદ થાય ત્યારે ક્લેશ થાય. (એ જોઈને કહ્યું), 'આ બધો સંસાર છે.' શું કહે ? વ્યવહારે એમ કહેવાય કે, આ જિનશાસનની પ્રભાવના, શાસનના કાર્યો (છે). 'આત્માનું કરવા જેવું છે આ તો બધો સંસાર છે.' શું (કીધું) ? આ બધો સંસાર છે એમ કહી દીધું ! એવું છે. 'ગુરુદેવ'ની મહિમા કરવી હોય ત્યારે બીજા તો એમ કહે કે, આપના નિમિત્તે, આપના હાથે શાસનના ઘણા કાર્યો થયા, આટલા આટલા મંદિરો થયા, હજારો મુમુક્ષુઓને લાભ મળ્યો અને શાસનની ઘણી પ્રભાવના થઈ. અંતરંગમાં પોતે શું જાણે છે ? આ એમનો અભિપ્રાય (હતો). અભિપ્રાયમાં એમ જાણે છે કે, આ પણ સંસાર છે. અંદરમાં આત્માની સાધના કોઈ બીજી ચીજ છે. એની મુખ્યતા વર્તે છે અને એની મુખ્યતામાં જ મુખ્ય પરિણતિ વર્તે છે. સવાર, બપોર, સાંજ, રાત્રે ધ્યાન કરે (એ) બીજી વાત છે પણ પછીના કાળમાં અથવા શાસનના કાર્યો ચાલુ હોય ત્યારે પણ આની મુખ્યતા છોડીને કોઈ કામ કરવાની વાત છે એ સિદ્ધાંતમાં નથી, સિદ્ધાંત બહારની વાત છે.

મુમુક્ષુ :- જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો કહેતા, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય; તીર્થંકરગોત્ર તો શાસનના નિમિત્તે જ બંધાય ને ? તો કહે, એ પણ ઝેર છે. શું કહે ? ઝેર છે. 'સોગાનીજી'ને કોઈએ પૂછ્યું કે, આ સ્વાધ્યાય કરીએ, વાંચન કરીએ, આત્માની ચર્ચા કરીએ, બીજાની ન કરીએ પણ આત્માના સ્વરૂપની ચર્ચા કરીએ એ ભલે વિકલ્પ છે એટલે એને અમૃત ન કહીએ પણ ઔષધિ તો કહીએ કે નહીં ? તો કહે, હજી ઈ વિકલ્પની મીઠાશ છે એટલે એને ઔષધિ કરીને પણ એની મહિમા રાખવી છે પણ એ વિકલ્પમાત્ર ઝેર છે. એમ લઈ લ્યો. ઔષધિ નહીં પણ ઝેર છે. આવી રીતે જવાબ દીધો.

પ્રશ્ન :- અત્યારે પ્રતીતિ ન કરી તો સંસાર જ છે ?

સમાધાન :- હાસ્તો. સંસાર જ છે. પ્રતીતિ કરવા માટે વ્યવહાર છે અને તો એ વ્યવહાર એવું નામ પામે, નહીંતર ખરેખર તો વ્યવહાર પણ નથી. એ

સંસાર શું એકલો સંસાર છે. સંસાર છે એમ નહીં, એકાંતે સંસાર છે, બીજું કાંઈ નથી. જેની જેટલી કિંમત હોય અને જેનું જેટલું સ્થાન હોય એટલું જ જ્ઞાનમાં અને પ્રતીતમાં આવવું જોઈએ. થોડું વાંચે, કલાક-બે કલાક થોડું સાંભળે અને બહુ કિંમત મૂકી દ્યે કે, હું ઘણું કરું છું... ઘણું કરું છું... (તો એ) ખોટી વાત છે. ઘણું શું, હજી તો પહેલું પગથિયું ચતુર્થ ગુણસ્થાનના સ્વાનુભવનું છે, હજી પહેલે પગથિયે તેં પગ મૂક્યો નથી અને ઘણું કરું છું એ આવ્યું ક્યાંથી ? ઈ ઘણું ક્યાંથી આવ્યું ? એ ઘણું-બણું કાંઈ છે નહિ. પણ થોડામાં અથવા નહિવત્ છે એમાં તેં ઘણું માની લીધું છે. એટલી વાત છે, બાકી ઘણું-બણું એમાં કાંઈ છે નહિ, બિલકુલ નથી. ઊલટાનું તને એમ આવવું જોઈએ કે, આ બે-બે, ચાર-ચાર કલાક સ્વાધ્યાય કરીએ કે અવારનવાર ચાલતા ઉદયમાં પણ તત્ત્વના વિચાર આવે. આવું થાય છે તોપણ કેમ અનુભવમાં અવાતું નથી ? એવી શું ક્ષતિ રહી જાય છે ? કાર્યપદ્ધતિમાં એવી શું ભૂલ છે કે, વાંચન, વિચાર આદિ થતાં હોવા છતાં આગળ વધાતું નથી ? આમ આવવું જોઈએ. એના બદલે એને એમ આવે કે, હું આટલું તો કરું છું ને ! આટલું તો કરું છું. એ જીવ સંતોષાઈ ગયો છે અને એ ઊલટા રસ્તે જાય છે. ઊલટા રસ્તે જાય છે એટલે સીધેસીધું કહીએ તો દર્શનમોહને તે વખતે વધારે છે. પર્યાયનું સંતુષ્ટપણું એ દર્શનમોહની વૃદ્ધિનું સીધું કારણ છે. પર્યાયમૂઢ તો છે – 'પર્યાયમૂઢા પરસમયા' એક તો પર્યાયમૂઢ અનાદિનો છે એમાં ચાલતી પર્યાય ઉપર વધારે સંતોષ થઈને એ જ દર્શનમોહને પુષ્ટ કરે છે, વધારે પુષ્ટ કરે છે. દ્રવ્યલિંગી પણ આ જ ભૂલ કરે છે. એને તો જ્ઞાનનો અને ચારિત્ર ગુણનો ક્ષયોપશમ ઘણો છે પણ ભૂલ હોય તો આ છે કે, આ બહુ સારા (પરિણામ છે), વર્તમાન જે દશા છે એ ઘણી સારી છે (એમ કરીને રાગનો આદર કર્યો). પરમાત્મપદનો આશ્રય છોડી દીધો એનો અર્થ કે, અંદરમાં જે પરમાત્મા બિરાજમાન છે એનો તેં અનાદર કર્યો. પરમાત્માનો અનાદર કરવાનો મોટામાં મોટો અવિવેક કર્યો અને પછી મેં સારું કાર્ય કર્યું એ વાત ક્યાં ઊભી રહે છે ? કેવી રીતે સ્થાન પામે ? પરમાત્માનો અનાદર કરે અને બીજા આત્માનો કે બીજા પુદ્‌ગલનો આદર કરે એના જેવું

છે અથવા રાગનો આદર કરે. એ પ્રકારે રાગને સેવે છે, બીજા આત્મા પ્રત્યે કે બીજા પુદ્‌ગલ પ્રત્યે થતાં પરિણામ રાગસ્વરૂપ છે એનો આદર કરે છે, એને આદરે છે અને પોતાના પરમ પવિત્ર સ્વરૂપ અને મંગળ સ્વરૂપનો અનાદર કરે છે, એની સામે પણ જોતો નથી. એને મોટો દોષ છે, સૌથી મોટો એ દોષ છે એમ ગણવામાં આવે છે. એવી સ્થિતિમાં એ પોતાના ગુણ ગણે છે, આટલું તો હું કરું છું ને આટલું મેં અત્યાર સુધીમાં કાર્ય કર્યું ! એ ભૂલો પડેલો જીવ છે. કાંઈ ગુણ હજી પ્રગટ થયા નથી.

શુભભાવની મીઠાશ છોડવી જરૂરી છે. અનાદિથી એ ગંધ કોઈ ને કોઈ બહાને ગરી ગઈ છે, એ છોડે છૂટકો છે. એ વિના શુદ્ધાત્માનો મહિમા, પ્રતીતિ, ઓળખ કાંઈ નહીં થાય, એ વિના નહીં થાય. કષાય મંદ થાય, થાય એ તો. મુમુક્ષુની ભૂમિકામાં કષાય મંદ થાય, તીવ્ર થાય પણ એ કોઈની કિંમત નથી. કોઈની કિંમત આંકવા જતા આત્માની કિંમત ખોવાની વાત છે અથવા આત્માની કિંમત ખોઈ બેઠો છે એ દઢ કરવાની વાત છે. આમ તો અનાદિથી ખોઈ બેઠો જ છે. નવું ખોવાનું ક્યાં છે ? અને એને દઢ કરવા જઈશ (તો) એ દર્શનમોહ દઢ થશે. આત્માની સમીપ જવાના પરિણામ પણ નહીં રહે.

(અહીંયાં કહે છે), યથાર્થ પ્રતીતિ અને ધ્યાન કર '**તો મંગળતા અને ઉત્તમતા પ્રગટશે.**' તો પવિત્રતા પ્રગટ થશે અને નિર્દોષ ઉત્તમ દશા પ્રગટ થશે. આત્માના ઉત્તમોત્તમ દૈવી ગુણો છે એની પ્રગટ દશા વ્યક્ત થશે અને એ જ કર્તવ્ય છે, બીજું કર્તવ્ય છે એમ નથી. આ જ કર્તવ્ય છે. આ કર્તવ્ય કેમ થાય, હોય, કરાય ? બસ ! એના ઉપર તારા લક્ષને ખેંચી જા અને શક્તિને ત્યાં લગાવ. એ સિવાય બીજે ક્યાંય શક્તિ લગાવવા જેવી નથી.

મુમુક્ષુ :- ચાર મંગળ આવે છે - અરિહંત મંગળ, સિદ્ધ મંગળ, સાધુ મંગળ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યવહારે આવે છે. 'અરિહંતા મંગલમ્, સિદ્ધા મંગલમ્, સાહુ મંગલમ્, કેવળીપણ્ણત્તો ધમ્મો મંગલમ્' વ્યવહારે (આવે છે). એ આમાં લેશે. ૮૫ (બોલમાં) છે, જુઓ ! બીજી લીટી. સમ્યગ્દર્શન અને સમ્યક્‌જ્ઞાન ન

પ્રગટે ત્યાં સુધી અને ત્યારપછી પણ પૂર્ણતા ન થાય ત્યાં સુધી સાધકદશામાં **'દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન...'** એટલે વ્યવહાર સાધન **'હોય છે.'** હોય છે, સહેજે હોય છે પણ એમાંથી કાંઈ આવતું નથી એમ કહે છે. **'જે જેમાં હોય તેમાંથી તે આવે છે;...'** એમાંથી કાંઈ આવતું નથી. તેમાંથી કાંઈ આવતું નથી. હોય છે એટલી વાત છે. કચાશ રહી ગઈ છે એટલે હોય છે. એમાંથી કાંઈ આવે છે એ વાત નથી. બહુ સાફ વાત છે.

માણસ એમ કહે છે કે, ફલાણી ચીજ લાવવી જોઈએ, ફલાણી ચીજ હોવી જોઈએ. એને લાવવી પડે છે, ફલાણું થાય છે. પણ શાસ્ત્રમાં એવી વાત આવે છે કે, આ જગતની અંદર સ્થૂળ અને સૂક્ષ્મ પર્યાયે પરિણમેલા પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે. વળી, કોઈ પુદ્ગલ સ્થિર નથી. પોતાના કારણે, પોતાની યોગ્યતાને વશ એ ક્ષેત્રાંતર – સ્થાનાંતર પણ થઈ રહ્યા છે અને જે તે ક્ષેત્રે છે ત્યાં પરિણમી રહ્યા છે. પછી કોઈ પદાર્થને લાવવો એ પ્રશ્ન રહેતો નથી. રજકણને ક્યાંયથી લાવવા એ પ્રશ્ન (નથી). ન હોય તો લાવવાનો સવાલ છે, પણ એ તો સર્વત્ર ભરેલા જ છે.

જેમકે આત્મા વિભાવ ભાવ કરે છે, રાગાદિ ભાવ કરે છે અને એને કર્મબંધન થાય છે તો કાર્મણવર્ગણા ક્યાંયથી ખેંચાયને આવે છે ? આખા લોકમાં કાર્મણવર્ગણા ભરેલી છે. આખા લોકમાં ભરેલી છે ! તો જે આત્માનું ક્ષેત્ર છે ત્યાં પણ કાર્મણવર્ગણા છે. ત્યાંના ને ત્યાંના જે કર્મ પરમાણુઓ છે એ જીવના રાગાદિ ભાવના, જે તે પ્રકારનો રાગ હોય, તે તે પ્રકારના પ્રકૃતિ ભાવે પરિણમીને (બંધાય છે). કોઈ જ્ઞાનાવરણીય, કોઈ દર્શનાવરણીય, કોઈ આયુષ્ય(પણે) જુદાં જુદાં ભિન્ન ભિન્ન પ્રકૃતિભાવે પરિણમીને આત્માના એક ક્ષેત્ર સાથે અમુક કાળ પર્યંત રહે, સાથેને સાથે રહે, સંયોગમાં રહે એને દ્રવ્યકર્મનો બંધ કર્યો એમ કહેવામાં આવે છે. બાકી ક્યાંય પરમાણુને બહારથી (લાવવામાં આવતા નથી). આસ્રવે છે એમ કહેવાય છે. જેમ પાણીનો પ્રવાહ આવે છે એમ ક્યાંય બહારથી કર્મનો પ્રવાહ આત્મા ઉપર આવે છે ? એવું કાંઈ બનતું નથી. તો પછી આસ્રવ કેમ કહ્યો ? કે, એ પ્રકૃતિ ભાવનું આવવું થયું તે આસ્રવ (છે). કર્મનું આવવું થયું તે આસ્રવ

એમ નહીં પણ પ્રકૃતિ ભાવ જે અંદર આસ્રવ્યો, જે કર્મ સામાન્ય હતો એમાંથી કર્મ વિશેષ થયું કે, આટલા જ્ઞાનાવરણીયના, આટલા દર્શનાવરણીયના, આટલા મોહનીયના, આટલા અંતરાયના, આટલા શાતા વેદનીયના એવા જે પ્રકૃતિ ભાવ વિશેષ થયા તે ભાવનો આવિર્ભાવ થયો. એટલે એને આસ્રવ થયો એમ કહે છે. કર્મ કાંઈ બહારથી આવતા નથી કે, આ જગ્યાએ પાંચ ફૂટ કે બે ફૂટ દૂર હતા ઈ આ ક્ષેત્રે આવી ગયા. એવી રીતે કદી કર્મ આસ્રવતા નથી. કેમકે એ તો સર્વત્ર ભરેલા છે. તેથી કર્મના પરમાણુને આત્મા લાવે એવું નથી. અને આ તો સંસારી જીવની આત્માના બંધની સમયે સમયે – પ્રતિ સમય પ્રક્રિયા (થાય) છે તોપણ અનંત કર્મના પરમાણુના બંધમાં એક પણ પરમાણુને લાવવાનો પ્રશ્ન નથી. તો આ કહે છે કે, અમુક કાળે અમુક પદાર્થોની જરૂર પડે ત્યારે હું લઈ આવું. કેવી રીતે બને ? એવું બનતું નથી.

આ તો સહજપણે અનાદિઅનંત આ પ્રક્રિયા અનંત જીવો માટે અને અનંત પરમાણુઓ માટે ચાલુ ને ચાલુ છે. અનંતાનંત જીવ સમૂહની સંખ્યા જુઓ તો દરિયા જેવું (છે), સમુદ્રની ઉપમા ઓછી પડે એટલા અનંત છે. કેમકે એક પાણીના બિંદુથી માંડી એક વનસ્પતિના કણથી માંડીને, એટલા વાયુકાયના, એટલા પૃથ્વીકાયના (જીવો છે). એ તો બધા એકેન્દ્રિય (છે). એકેન્દ્રિયની બહુ મોટી સંખ્યા છે. સૌથી વધારે સંખ્યા ક્યાં ? એકેન્દ્રિયની. ત્રણે લોકમાં વ્યાપ્ત નિગોદ(ના જીવો છે). અનંત અનંત અનંત જીવોની બહુ મોટી સંખ્યા છે. એક એક સમયે એ અનંતે અનંત જીવો, સંસારી અનંતે અનંત જીવો અનંત પરમાણુનો બંધ કરે છે. નિર્જરે છે, બંધ કરે છે. અકામ નિર્જરાએ નિર્જરે છે અને પાછો બંધ કરે છે. આ કુદરતી પ્રક્રિયા ચાલુ જ છે. કોણ કરે એને ? કોઈ કરે એ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા જ્યાં આવતો ન હોય ત્યાં કેવી રીતે કરવું ?

સમાધાન :– દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા ઓળખીને કરવો, ઓળખીને થવો જોઈએ. ઓળખે તો થયા વિના રહે નહીં અને ન આવતો હોય તો એણે ઓળખવાનો

પ્રયત્ન કરવો જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા એટલા માટે કરવામાં આવે છે કે, આત્મસ્વરૂપને બતાવે છે. શું કરવા (મહિમા) કરવો છે ? કે, આત્મસ્વરૂપને બતાવનાર હોવાથી કરવો છે અથવા દેવમાં અને ગુરુમાં જે ગુણ વ્યક્ત થયા છે એવા ગુણની પોતાને અભિલાષા માટે કરવો છે. ગુણની અભિલાષાના અર્થે કરવો છે. એમ વાત છે. 'वंदे तद् गुण लब्धये'. શું કરવા વંદન કરવા છે ? એ જેવા થયા એવું મારે થવું છે માટે હું વંદન કરું છું. આમ વાત છે.

એમ નથી કે, ઓળખાણ ન હોય (એટલે કે) આત્માની ઓળખાણ ન હોય અને એમ ને એમ દેવ-ગુરુ-શાસ્ત્રનો અદ્ધરથી નિષેધ કર્યે જ રાખવો, એમ નથી. જે શુભ ભાવનો નિષેધ છે એ શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવાના હેતુથી છે. એ હેતુ ન સચવાય અને શુભ ભાવનો નિષેધ કરે તો અશુભમાં ચાલ્યો જાય. એવી રીતે તો વધારે નુકસાન કરવાનો ઉપદેશ નથી. એવી રીતે આત્માને ખોટું વધારે નુકસાન કરવા માટેનો જરા પણ ઉપદેશ નથી. પણ શુદ્ધ દ્રવ્યની જે દૃષ્ટિ કરવાની વાત છે એ વાતની જ ઉપેક્ષા કરે અને એમ માની લે કે આપણને હજી ઘણી વાર છે માટે આપણે પહેલાં આ કરો – શુભ કરો, દેવ-ગુરુ-શાસ્ત્રનું કરો, ફલાણું કરો, આપણને હજી વાર છે. એવી આડ મારીને કરે એને પણ અનાદિકાળની જે શુભની રુચિ છે એને જ પોષવી છે. એ પ્રકાર પણ અંગીકાર કરવા જેવો નથી. એમ ન લેવાય.

મુમુક્ષુ :– આપણે ૬૪ નંબરનો બોલ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– ૬૪ ? હં.. **'અંદરમાં, ચૈતન્યતત્ત્વ નમસ્કાર કરવાયોગ્ય છે; તે જ મંગળ છે, તે જ સર્વ પદાર્થમાં ઉત્તમ છે, ભવ્યજીવોને તે આત્મતત્ત્વ જ એક શરણ છે. બહારમાં, પંચ પરમેષ્ઠી – અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – નમસ્કાર કરવાયોગ્ય છે કેમ કે તેમણે આત્માની સાધના કરી છે; તેઓ મંગળરૂપ છે, તેઓ લોકમાં ઉત્તમ છે, તેઓ ભવ્યજીવોનાં શરણ છે.'** અથવા આત્માનું શરણ લેવામાં એ નિમિત્ત છે માટે એના ઉપર શરણનો આરોપ કરવામાં આવે છે. બધા બોલ બહુ ભાવવાહી છે !

૮૩ (બોલ પૂરો) થયો.

**'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે. પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે અને સાધકદશાની શરૂઆત થાય. ૮૪.**

(બોલ) ૮૪. **'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાન્તિ છે.'** જુઓ ! આમ લેવું. દુકાન છોડીને નિવૃત્તિ લીધી એટલે શાંતિ છે એમ નથી, એવું નથી. (કોઈ એમ કહે કે), અમે બધી પાપની પ્રવૃત્તિ ઘણી કરી, લગભગ જિંદગી એમાં પસાર કરી. હવે નિવૃત્તિ લઈ લીધી છે તો શાંતિ છે. એ નિવૃત્તિમાં ખરેખર શાંતિ નથી. આ અશુભ છોડ્યું છે. શુભ પ્રવૃત્તિમાં આવ્યો પણ શુભ પ્રવૃત્તિમાં શાંતિ થાય એવું નથી. કેમકે શાંતિ કષાયથી થાય, કષાય પરિણામથી શાંતિ થાય એના જેવી એ વાત થઈ જશે. એ કદી બનવાનું નથી.

નિવૃત્ત દશા કોને કહે ? કે, હું તો ઉદાસીન જ્ઞાતા છું એવું આત્માના જ્ઞાતા સ્વરૂપના આશ્રયે જ્ઞાતારૂપ પરિણમન (થાય) એને નિવૃત્ત દશા કહેવામાં આવે છે. જે એક આત્મામાં જ અપેક્ષિત છે અને અન્ય સર્વથી ઉપેક્ષિત છે. એવી જે ઉદાસીન દશા અથવા જ્ઞાતા-દૃષ્ટાપણું એ નિવૃત્ત દશા છે અને એની અંદર આત્મશાંતિ છે. એ સિવાય ક્યાંય આત્મશાંતિ બીજા કોઈ પરિણામમાં નથી. અસ્તિ-નાસ્તિ બન્ને લઈ લેવું.

પ્રશ્ન :- ઉદાસીન જ્ઞાતા એટલે ?

સમાધાન :- 'શ્રીમદ્‌જી'એ લીધું છે ને ? જ્યાં મુનિદશાની ભાવના ભાવી છે. કેમકે કોઈ સાધક પોતાની વર્તમાન દશામાં સંતોષ પકડીને બેસતો નથી. પોતાને સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયું છે, પોતે ઉદાસીન અને જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં આવ્યા છે, જેટલા અંશે આવ્યા છે એટલા અંશે તો બરાબર આવ્યા છે. મુખ્યપણે એ પરિણતિ અને એ દશા વર્તે છે તોપણ કહે છે કે, 'સર્વ ભાવથી

ઔદાસીન્ય વૃત્તિ કરી' બધેથી વૃત્તિને ઉદાસીન કરીને હું ક્યારે મારા આત્મામાં સ્થિર થઈ જાઉં ? એવો સ્થિર થાઉં (કે બહાર જ ન આવું). આમાં એક બોલ બહુ સરસ આવે છે કે, એ ઘડી, એ સમય, એ પળ ધન્ય હશે કે જ્યારે અંતરમાં લીનતા થઈને બહાર નીકળવાનું થશે જ નહીં. એવી લીનતા પ્રગટ થશે કે પછી બહાર નીકળવાનું બનશે નહીં. એ ભાવના ભાવી છે.

કોઈ એમ વિચારે, વિદ્વાન તો સિદ્ધાંતો ભણે ત્યારે અનેક પ્રકારના તર્ક કરે કે, આમાં તો પર્યાયનો મહિમા કર્યો, પર્યાયની ભાવના કરી. પર્યાયની મુખ્યતા કરવાની તો સિદ્ધાંતમાં ના પાડી છે. ભાઈ ! એ વખતે પર્યાયનો રાગ થતો તને દેખાય છે અને જેટલા અંશે રાગ છે એનો કાંઈ બચાવ નથી. પણ સાધક જીવને પર્યાયનો આશ્રય નથી. એ પર્યાયનો પણ, એ રાગનો પણ એને આશ્રય નથી. રાગ થવા છતાં એનો આશ્રય નથી, આ વાત પાછી તને ત્યાં દેખાણી ? અને એમ હોવાને લીધે, સાધકજીવની એવા રાગાંશવાળી પર્યાયને માત્ર રાગની પર્યાય નહીં કહેતાં ભાવનાની પર્યાય કહેવામાં આવે છે. શબ્દ બદલે છે કે, 'શ્રીમદ્જી'ને મુનિદશાની ભાવના કેવી છે જુઓ ! એમ કહે, અહો...! કેવી સુંદર ભાવના છે ! એમ કેમ ન કહ્યું કે મુનિદશાનો રાગ થયો છે ? એમ કેમ ન કીધું અને ભાવના કીધી ?

પ્રશ્ન એ થવાયોગ્ય છે કે, તો પછી ભાવના અને રાગમાં ફેર શું ? ભાઈ ! અંતર પુરુષાર્થ સહિત, સ્વરૂપના આશ્રયના પુરુષાર્થ સહિત રાગાંશમાં એ દશા એટલે વીતરાગતાની વૃદ્ધિની ભાવના આવ્યા વિના રહે નહીં. જો રાગાંશ વર્તે તો એને વીતરાગતાની ભાવના આવ્યા વગર રહે નહીં. પણ અંતર પુરુષાર્થ સહિત છે માટે એને ભાવના કહીએ અને કેવળ પુરુષાર્થ છોડીને, માત્ર પર્યાયને લક્ષમાં રાખીને, માત્ર પર્યાયને એકને જ લક્ષમાં રાખીને પર્યાયના લક્ષે પરિણામ કરે, પર્યાય આશ્રિત પરિણામ કરે તો એ મિથ્યાત્વ સહિતનો રાગ છે. એને રાગ કહેવામાં આવે છે. એને રાગ કહો તો ઠીક છે, પણ જ્ઞાનીના આ ભાવને રાગ કહેવાને બદલે ભાવના કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના વજનમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- વજનમાં ફેર છે. વીતરાગતા ઉપરનું લક્ષ છે એ જરા પણ ફરતું નથી. ખરેખર તો એમ છે. વીતરાગતા જ લક્ષમાં રહે છે અને એ પોતાનું સ્વરૂપ છે. એના ઉપરનું જરા પણ વજન ઘટતું નથી. એમ બને છે.

એકની એક વાતને જુદી રીતે ખતવવી પડે છે અને લક્ષમાં લેવી પડે છે. અજ્ઞાની જીવને રોગાદિ થાય તો એને એમ કહેવાય કે, આ પ્રતિકૂળતા એના પાપનો ઉદય છે. સાધકને - જ્ઞાનીને, મુનિને રોગનો ઉદય થાય (તો) પાપનો ઉદય છે એમ ન કહેવાય. હોય તોપણ ન કહેવાય. તો શું કહેવાય ? કે, ત્યાં (એ) કર્મ ખપાવે છે. એ નિર્જરા કરે છે, આરાધના વિશેષ કરે છે. એ તો એમને સાધનાનો અવસર છે. વિશેષપણે કર્મનો હિસાબકિતાબ કરવાનો (અવસર છે), અત્યારે દેણું ચૂકવે છે. પાપનો ઉદય ભોગવતા નથી માટે પાપનો ઉદય છે એમ ન કહેવાય. કેમકે એ આકુળિત થઈને એને ભોગવતા નથી. અન્ય જીવો તો પ્રતિકૂળતાના ઉદયમાં આકુળિત ભાવે એને ભોગવે છે, દુઃખી થાય છે એટલે એમ કહે છે કે, પૂર્વે કરેલા પાપને ભોગવે છે. પણ જ્ઞાની તો સુખી થાય છે એટલે એ પાપને ભોગવતા નથી. એ ઉદય છે એ એને નિર્જરા માટે આવ્યો છે. આવીને ચાલ્યો જાય છે તો એના માટે કર્મને ખપાવવાનો અવસર અને પ્રસંગ ગણવામાં આવે છે. આ પૂર્વનું દેણું સાફ કરી નાખ્યું અને પોતે ઉપેક્ષાભાવે, જ્ઞાતા-દ્રષ્ટા ભાવે રહ્યા. એમ એકની એક વાતમાં આખો દૃષ્ટિકોણ જુદો હોય છે. એમ એને લાગુ ન પડે.

એક માણસને નુકસાન જાય, દેવાળુ કાઢે તો એમ કહેવાય કે, એને પાપનો ઉદય આવ્યો, બધા સંયોગ ચાલ્યા ગયા. પણ કોઈ જ્ઞાનદશા પ્રાપ્ત કરીને મુનિદશામાં આવે અને આખા સંસારની સમૃદ્ધિનો ત્યાગ કરે, શ્રીમંત હોય, રાજા (હોય) તો એને પાપનો ઉદય કહેવાય ? કેમ (ન કહેવાય) ? આને પણ સંયોગ ચાલ્યો ગયો અને આને પણ સંયોગ ચાલ્યો ગયો. પેલાના પણ પૈસા ગયા અને આના પણ પૈસા ગયા. તોપણ એને (પાપનો ઉદય) ન કહેવાય. કેમ ? કે, એને એ પ્રકાર નથી, એનો પ્રકાર તો આરાધનાનો છે તો એમાં આરાધનાની વાત મુખ્ય હોય. એમાં પેલા પાપની વાત વચ્ચે આવતી નથી.

પાપનો તો પ્રસંગ નથી પણ પુણ્યનો (તો પ્રસંગ છે ને) ? તો કહે છે, પુણ્યથી આગળનો પ્રસંગ છે ! કાં તો જીવને પાપનો પ્રસંગ હોય કાં પુણ્યનો પ્રસંગ હોય. તો કહે છે, સાધકને તો પુણ્ય કરતાં પણ આગળનો પ્રસંગ છે. હવે તારે શું કહેવું છે ? ઉપરના Stageવાળી આ વાત છે. પછી પાપ તો કહેવાય જ શેનું ? જો એને પુણ્ય પણ ન કહેવાય તો પાપ તો કહેવાય જ શેનું ? આ પ્રશ્ન છે. માટે એને પાપ કહેવામાં આવતું નથી. એમ એક ને એક વાતના મૂલ્યાંકનના આંક જુદાં જુદાં છે. વાત એવી ને (એવી હોય), એ ને એ પ્રસંગ હોય તોપણ એનો આંક જુદી રીતે મૂકાય છે.

મુમુક્ષુ :– પુણ્ય કે પાપનો ઉદય લાગુ નથી પડતો...

પૂજ્ય ભાઈશ્રી :– એને તો ખરેખર છૂટું હતું. ઈ જ્ઞાતા-દૃષ્ટા ઉદાસીનભાવ થઈ ગયો, પતી ગઈ વાત ! એને પુણ્ય કરતા આગળના પરિણામ છે તો એને તું પાપનો ઉદય લાવ્યો ક્યાંથી ? એ વાત એને રહેતી નથી.

શું કીધું ? '**હું તો ઉદાસીન જ્ઞાતા છું**' અવતરણ ચિહ્નમાં આટલા શબ્દો લીધા છે. એના વાચ્યભૂત જે દશા – જ્ઞાતાદૃષ્ટા વીતરાગ ભાવ સમેત જે જ્ઞાતાદૃષ્ટાપણું છે, અરે...! પોતાને પણ વીતરાગી ભાવે ઉપયોગ મૂકે છે. પોતામાં ઉપયોગ મૂકે છે એ વીતરાગ ભાવે મૂકે છે, રાગથી મૂકવાનો પ્રશ્ન નથી. 'મને હું આ ઉપાદેય છું' એવા રાગથી ઉપયોગ નથી (મૂકતા). એ પણ વીતરાગ ભાવે છે. એવું શાસ્ત્રમાં આવે છે કે, પોતાના સ્વરૂપમાં વીતરાગ ભાવથી ઉપયોગ લઈ જાય છે. એમાં પણ જ્ઞાતા-દૃષ્ટાપણું છે. '**એવી નિવૃત્ત દશા...**' એટલે જેમાં પરની ઉપાધિની પ્રવૃત્તિ નથી, ઉપાધિરૂપ પ્રવૃત્તિ નથી માટે એને નિવૃત્ત દશા કહેવામાં આવે છે.

પ્રશ્ન :– વીતરાગ ભાવે ઉપયોગ લઈ જવો એટલે ?

સમાધાન :– હા, વીતરાગ ભાવે લઈ જવાની વાત છે. આમ તો રાગ કર્યા જ કરે છે – આત્મા ઉપાદેય છે, આત્મામાં ઉપયોગ સ્થિર કરવા જેવો છે. (એમ) આત્મામાં ઉપયોગ લઈ જવાનો વિકલ્પ કરે છે. વીતરાગ ભાવે આત્મામાં ઉપયોગ સ્થિર થાય છે અને એ ઉદાસીન અને જ્ઞાતા-દૃષ્ટાપણાનું ખરું કાર્ય છે.

હમણાં શેમાં જોયું હતું ? વીતરાગ ભાવે (આવે છે). બનતા સુધી 'પ્રવચનસાર'ની 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં ક્યાંક આવે છે.

મુમુક્ષુ :- વીતરાગ ભાવે ઉપયોગ લઈ જવો ઈ Practical side છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ એમ જ ખરેખર બને. કેમકે રાગ ભાવે ઉપયોગ લઈ જતા રાગ કેવી રીતે મટશે ? આ ઉપાદેય છે, આ આત્મા ઉપાદેય છે, મારો આત્મા અંદરમાં ઉપાદેય છે એમ ગમે એટલો ઉપયોગ કર્યા કરે (તો એવી રીતે) રાગ મટતો નથી.

ત્યાં બહુ સારો ધ્વનિ લીધો છે.

વિશેષ લઈશું...

જ્ઞાનીને દ્રવ્યદૃષ્ટિ હોવાને લીધે, સર્વ જીવો સિદ્ધ સ્વરૂપે જણાય છે. ભલે તેઓ અજ્ઞાન અને પર્યાય દૃષ્ટિને લીધે પોતાને ગમે તેમ માનતા હોય, પરંતુ જ્ઞાની તો તેમને સિદ્ધપણે જ દેખે છે. તેથી માથાનો વાઢનાર અર્થાત્ તીવ્ર વિરોધ કરનાર પ્રત્યે પણ જ્ઞાનીને વ્યક્તિગત દ્વેષ થતો નથી. પરંતુ તેની વિકારી દોષિત વૃત્તિનો નિષેધ આવે છે, તો પણ દ્રવ્યની મુખ્યતા છૂટીને નિષેધ આવતો નથી. (દ્વેષ મુખ્ય થતો નથી). પરંતુ દ્રવ્યની મુખ્યતા સહિત નિષેધ (દોષભાવનો) કરુણાબુદ્ધિથી આવે છે. - આવા અંતરંગ પરિણામોને જ્ઞાની જ સમજે છે. બીજા સમજી શકતા નથી.

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૨૮)

## તા. ૧૪-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૪, ૮૫
## પ્રવચન નં. ૭૦

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું – ૩૦. ૮૪મો બોલ છે. **'હું તો ઉદાસીન જ્ઞાતા છું' એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે.'** એમ કહીને, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવને સંભાળવો અથવા અંતર સાવધાનીથી સ્વરૂપમાં રહેવું એને અહીંયાં નિવૃત્તદશા કહી છે. એ શાંતિ પ્રાપ્ત કરવાની વિધિ છે. જીવને શાંતિ સિવાય ક્યાંય ચેન નથી અને એ શાંતિ એને જ્ઞાતા-દૃષ્ટા અને પરથી ઉદાસીન એવા પરિણામથી; ઉદાસીનપણું પરને લાગુ પડે છે (અને) જ્ઞાતાપણું સ્વને લાગુ પડે છે, એવા પરિણામથી શાંતિ મળે એવું છે અને બીજા કોઈપણ પ્રકારે જીવને શાંતિ થાય કે રહે એ વસ્તુસ્થિતિ નથી.

આમાં એક જ વાક્યમાં વસ્તુ અને વસ્તુની પ્રાપ્તિની વિધિ બન્ને આવે છે. **'હું તો ઉદાસીન જ્ઞાતા છું'...'** એમાં કેવો છું એ આવે છે અને આવો છું એમ જ્યાં સંભાળે – એમ પોતાના સ્વરૂપને વિશે સાવધાન થાય તો અંતર્મુખ થવાની વિધિ પણ એમાં આવે છે. બન્ને સંબંધિત છે. સ્વરૂપની સામે જોયા વિના આવું આત્માનું સ્વરૂપ છે, આવું સ્વરૂપ છે એમ અહીંયાં વાત નથી એટલે 'હું'થી શરૂઆત કરે છે. હું જ્ઞાતા છું, પ્રગટપણે મારા જ્ઞાનભાવને અનુભવનારો છું અને નિજરસથી જ એવો અનુભવ કરતો હોવાને લીધે પર પ્રત્યે મને રસ નથી એટલે ઉદાસીન છું. નિજરસથી મારા જ્ઞાનભાવનો અનુભવ કરતો હોવાને લીધે માત્ર જ્ઞાતા રહું છું અને તેથી કરીને મને કોઈ અન્ય જ્ઞેય પ્રત્યે રસ નથી, અપેક્ષા

નથી, સહજ ઉદાસીનપણું છે. એવું જે આટલા પણ વિકલ્પ વિનાનું આવું પરિણમન, વિકલ્પવાળું આવું પરિણમન નહીં પણ વિકલ્પ વિનાનું આ પ્રકારનું પરિણમન (છે) એને નિવૃત્તદશા કહી છે, ઉપાધિ વગરની દશા કહી છે.

અહીંયાં પરપદાર્થનાં કાર્યોની ઉપાધિ છે એ પ્રવૃત્તિ છે. અધ્યાત્મનાં પ્રકરણમાં પ્રવૃત્તિ કોને કહેવી ? કે, જે પરિણામ પરની ઉપાધિ ધારણ કરે તે પર સાથે પ્રવૃત્ત છે અને પરથી ઉદાસ થાય તે પરથી નિવૃત્ત છે અને સ્વરૂપમાં પ્રવૃત્ત છે. સ્વરૂપમાં પ્રવૃત્તિની અપેક્ષાએ પ્રવૃત્ત છે અને પરથી નિવૃત્ત છે. એ ઉપાધિથી નિવૃત્ત હોવાને લીધે એ દશાની અંદર આત્મિક શાંતિ છે, આત્માની શાંતિ છે કે જે મનની શાંતિની સાથે સરખામણી પણ કરી શકાતી નથી એવી શાંતિ છે.

સામાન્ય રીતે તો મનવાળા પ્રાણીને, મનુષ્યને મનની શાંતિ થાય તોપણ એને ઘણું સારું લાગે છે. ઉપાધિ કરીને એટલી અશાંતિમાં પરિણમી રહ્યો છે કે મનની શાંતિ મળે તોપણ એને એમ થાય (કે) ચાલો શાંતિ તો છે, કાંઈ ઉપાધિ તો નથી. અહીં તો કહે છે કે, એ શાંતિ એ દુઃખ છે. આત્માની શાંતિ સાથે એની મેળવણી પણ થાય એવું નથી અને મેળવણી કરે તો એને દુઃખમાં ખતવવું પડે છે. આત્માની શાંતિ પાસે મનની શાંતિને દુઃખનાં ખાતે રાખવી પડે છે, એ શાંતિનાં ખાતામાં આવતી નથી.

**'એવી નિવૃત્ત દશામાં જ શાંતિ છે. પોતે પોતાને જાણે...'** પોતે પોતાનો અનુભવ કરે, જાણે એટલે પોતે પોતાનો અનુભવ કરે. **'અને પરનો અકર્તા થાય.'** (અર્થાત્) પરપદાર્થનો જ્ઞાતાભાવે જાણનાર રહે, અકર્તા થઈને માત્ર જ્ઞાયક રહે. પરપદાર્થો મારાથી ભિન્ન હોવાને લીધે કોઈ પરપદાર્થનું કાર્ય હું કરી શકતો નથી, વિકલ્પ ઊઠે છે તોપણ તે વિકલ્પ દ્વારા પરપદાર્થનું કાર્ય કરવાની કોઈ વસ્તુસ્થિતિ નથી. એવું પરપદાર્થનાં જ્ઞાન કાળે, પરપદાર્થ જ્ઞાનમાં જણાવા કાળે અને એ પદાર્થનાં કાર્ય વિશેનાં વિકલ્પકાળે પણ કરી શકતો નથી, એ જ્ઞાન એમ ને એમ રહેવું જોઈએ કે આ કાર્ય આત્મા – હું આત્મા છું અને આ કાર્ય કરી શકતો નથી.

જ્ઞાન તો જાણે, આત્મા એટલે જ્ઞાન અને જ્ઞાન એટલે આત્મા. આત્મા તો

જાણે. જેમ આંખ જાણે છે, તો આંખ જાણે એટલે આંખથી કાંઈ કાર્ય થઈ શકે ? કે, આંખનું કાર્ય જાણવા સિવાય કોઈ ઇચ્છા પ્રમાણે આંખથી કોઈ કાર્ય કરી શકાતું નથી. જે વસ્તુ જણાય કે, આને આમ ફેરવી નાખું. આ પત્થર રસ્તામાં પડ્યો છે અને નડે છે એને ફેરવી નાખું. આંખ ફેરવી શકે ? કે, ન ફેરવી શકે. એમ આત્મા જ્ઞાનનેત્ર છે એ જાણી શકે. કોઈ પુદ્ગલ પદાર્થનાં એક રજકણના કાર્યને કરી શકે એ વસ્તુની સ્થિતિ નથી. એવું જે પરપદાર્થનું અકર્તાપણાનું જ્ઞાન (છે) એ પરપદાર્થ સંબંધીની ઉપાધિની નિવૃત્તિનું મૂળ કારણ છે. બહારમાં ધંધો, દુકાન છોડ્યો માટે નિવૃત્ત થયા એ અહીંયાં વ્યાખ્યા નથી. પહેલાં વેપારનું કાર્ય કરતાં હતા હવે નથી કરતાં એને અહીંયાં નિવૃત્તિ ન કહી, પણ કોઈ પરપદાર્થનાં – શરીરનું કાર્ય, શરીરને ઠીક રાખવું, શરીરને શાતામાં રાખવું, તંદુરસ્ત રાખવું (એ) આત્મા કરી શકે છે – હું કરી શકું છું, એ વાત નથી.

વસ્તુનાં સ્વરૂપજ્ઞાન દ્વારા ઉપાધિથી નિવૃત્ત થાય. નિરૂપાધિકસ્વરૂપ આત્મા છે અને પરનો અકર્તાસ્વરૂપ પણ આત્મા છે. બન્ને પડખેથી (એટલે કે) પરપદાર્થનાં કાર્યની – અકર્તાપણાની – કાર્ય નહીં કરી શકવા સંબંધીની જે જ્ઞાનની પ્રવૃત્તિ છે કે, આ હું કરી શકતો નથી એમ જ્ઞાન જાણે અને હું માત્ર જ્ઞાતા છું એમ જ્ઞાન જાણે ત્યારે એને અકર્તાપણું થાય છે. બન્ને સાથે છે, એક જ પરિણામમાં બન્ને સાથે છે.

જ્ઞાતાપણું અને પરથી અકર્તાપણું. જ્ઞાતાપણામાં **'પોતે પોતાને જાણે અને પરનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે..'** સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધારાવાહી પરિણતિ પ્રગટ થાય અને ત્યાંથી **'સાધકદશાની શરૂઆત થાય.'** સાધકદશા કહો, આરાધકની દશા કહો, મોક્ષમાર્ગીની દશા કહો કે ધર્મીજીવની દશા કહો એ ત્યાંથી શરૂ થાય છે. એ પહેલાં કોઈ પરપદાર્થનાં અને શરીરના કાર્યો હું કરી શકું છું એવી અનાદિની વિપરીત માન્યતા રાખીને કોઈપણ ક્રિયા કરતા અથવા મુનિદશાના અઠ્યાવીસ મૂળગુણ પાળતાં (છતાં) પણ મોક્ષમાર્ગની ધારા પ્રગટતી નથી. શરીરથી સંયમ મેં પાળ્યો અથવા તપશ્ચર્યા આદિની પ્રતિજ્ઞા કરતા મન-વચન-કાયાના યોગની ક્રિયા મેં કરી, એમાં (–એવી માન્યતામાં)

મોક્ષમાર્ગની ધારા પ્રગટતી નથી. એમાં શાંતિ થતી પણ નથી. એમાં આત્મશાંતિ ઉત્પન્ન થતી નથી. કેમકે પરનું કાર્ય કરવાની ઉપાધિ ધારણ કરી છે તોપણ પરનું કાર્ય આત્મા કરી શકતો નથી. ઉપાધિ કરે એટલે કરી શકે છે એ પણ વસ્તુસ્થિતિ તો નથી.

મુમુક્ષુ :– અહીંયાં આવ્યા, આ ચોપડી લઈને બેઠા, ચોપડી ખોલી, અત્યારે (આવું બધું) માન્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું બધું માન્યું (છે). એવું માન્યું કે મેં આમ કર્યું, મેં આમ કર્યું. શરીરને હું ચલાવું છું. શરીરને હું અટકાવું છું. હું બેસાડું છું અને આ બધા કાર્યો હું કરી શકું છું. હું બોલી શકું છું. આ બોલવાની ક્રિયા ચાલે છે (એ) પરમાણુની ક્રિયા છે. આત્મા એનો જ્ઞાતા રહી શકે છે, (એને) કરી શકે છે એ વસ્તુસ્થિતિ નથી. જ્ઞાનમાં જ્ઞેયનું પ્રતિબિંબ આવે પણ એ અવાજના પરમાણુને આત્મા ઉત્પન્ન કરી શકે કે ભાષાવર્ગણામાં અવાજ ઉત્પન્ન કરી શકે એ આત્માના અધિકારની વાત નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા તદ્દન ભિન્ન રહે છે અને વિકલ્પ નિમિત્ત થાય છે. ભાષાવર્ગણા જે ઉત્પન્ન થવાની હોય તે થાય છે. વિકલ્પ પણ એનો કર્તા નથી; કારણ કે વિકલ્પ જીવનો વિકારીભાવ છે. એની મર્યાદા જીવમાં પરિણમવાની છે, જીવના વિકારી કે અવિકારીભાવની મર્યાદા જીવમાં પરિણમવાની છે અને અજીવમાં પરિણમવાની એની મર્યાદા નથી.

મુમુક્ષુ :– તો અનાદિકાળના આ તોફાન બધા ખોટે ખોટા. આ તોફાન બધા અનાદિકાળના મેં કર્યું, મેં દુકાન ચલાવી, મેં બંધ કરી.

પૂજ્ય ભાઈશ્રી :– જન્મ-મરણ કરવાના તોફાન છે. પરિભ્રમણ કરવાના એ બધા મૂળ છે. એક મિથ્યાત્વના ભાવમાં અનંતા જન્મ-મરણ કરાવવાની શક્તિ છે. એક ક્ષણનાં મિથ્યાત્વભાવમાં અનંત જન્મ-મરણ કરાવવાની શક્તિ છે અને એક સમ્યક્દર્શનના એક ક્ષણના ભાવમાં અનંત જન્મ-મરણ તોડવાની શક્તિ છે ! આ બે પરિણામ પ્રતિપક્ષભૂત છે, સામેસામા ! હવે એની કિંમત કેટલી એમ સમજીને એનો વિવેક કરવા યોગ્ય છે.

મુમુક્ષુ :– આ બન્નેમાં એક જ શકિત કામ કરે છે ને ? સવળી કે ઊલટી..

પૂજ્ય ભાઈશ્રી :- શ્રદ્ધાશક્તિ કામ કરે છે. શક્તિ એક જ કામ કરે છે. જેમ આ Electricity છે તો આ ભીંતમાં Plug લગાડેલો હોય છે. Heater સાથે એનો Plug લગાડો એટલે પાણી ગરમ થાય ને Refrigerator સાથે એનો Plug લગાડો એટલે ઠંડું થાય. વીજળી ગરમ પણ નથી અને વીજળી ઠંડી પણ નથી. કહેવાય એમ કે વીજળી ગરમ છે, પણ જો વીજળી ગરમ હોય તો Refrigeratorમાં પાણી ઠંડું કેવી રીતે કરે ? એ તો શક્તિરૂપ છે, એને તો Power કહેવામાં આવે છે. Power એટલે શક્તિ છે. પછી એનો ઉપયોગ જે રીતે કરવામાં આવે એ રીતે એનું પરિણામ જોવામાં આવે છે.

આત્માની શ્રદ્ધાશક્તિ છે. એક એક શક્તિમાં અનંત અનંત સામર્થ્ય છે. શ્રદ્ધાશક્તિ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ, અસ્તિત્વશક્તિ, પ્રભુત્વશક્તિ, સ્વચ્છત્વશક્તિ, પ્રકાશશક્તિ (એવી) અનંતશક્તિઓ છે. એ શક્તિઓમાં એક એક શક્તિઓનું અનંત સામર્થ્ય છે. સંખ્યાએ અનંત શક્તિ અને એક એક શક્તિમાં બેહદ સામર્થ્ય ! જેમ અગ્નિનું બાળવાનું સામર્થ્ય બેહદ, આખા જગતને બાળી નાખે, એમ જીવની જાણવાની શક્તિ, આનંદની શક્તિ બેહદ શક્તિ છે. એનો સદ્‌ઉપયોગ કરવો કે દુરઉપયોગ કરવો એ જીવનાં પોતાનાં વિવેક ઉપર આધારિત છે.

મુમુક્ષુ :- અકર્તા સ્વભાવની જે વાત આવી એ તો કમાલ કરી દીધી. છેડાની વાત કરી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- જૈનદર્શનનો પાયો જ ત્યાંથી શરૂ થાય છે. આખા જગતમાં જૈનદર્શન છોડીને તમામ સંપ્રદાયમાં અને જગતના તમામ વ્યવહારમાં પરપદાર્થોના કાર્યોનું કર્તાપણું સિવાય બીજું કાંઈ નથી. ઈ પરપદાર્થના કાર્યોના કર્તાનાં ધરી ઉપર આખો સંસાર ચાલે છે. પોતાને નુકસાન કર્યું તો ફલાણાંએ કર્યું, મેં ફલાણાંને લાભ કર્યો અને ફલાણાંએ મને નુકસાન કર્યું, આનું કારણ આ અને આનું કારણ આ. એકનું કારણ બીજાની સાથે જોડવા સિવાય બીજું જ્ઞાન નથી, જગતમાં બીજી Theory નથી. ભૌતિકવિજ્ઞાનમાં પણ એ જ Theory (છે). Theory of relativity.

જૈનદર્શનનો વિજ્ઞાનનો પાયો જ જુદો છે કે પહેલાં તું Theory of non-

relativity સમજી જા. પહેલાં નિરપેક્ષ વસ્તુસ્વભાવને નક્કી કર, પછી તને બે પદાર્થ વચ્ચેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું સાચું જ્ઞાન થશે પણ બે પદાર્થની ભિન્નતા સમજ્યા પહેલાં, બે પદાર્થની અભિન્નતા રાખીને તું પદાર્થનું વિજ્ઞાન સમજવા જઈશ તો તને તારું સ્વરૂપ પણ નહિ સમજાય અને રજકણ સબંધીના કાર્યોની વ્યવસ્થા પણ સમજાશે નહીં. જ્યાં સુધી સ્વરૂપજ્ઞાન નહીં હોય ત્યાં સુધી તને સમાધાન નહીં થાય અને સમાધાન નહીં થાય ત્યાં સુધી શાંતિ નહીં થાય. આ સીધી વાત છે.

મુમુક્ષુ :– સામે એવું નિમિત્ત મળ્યું એટલે મને ક્રોધ આવ્યો.

પૂજ્ય ભાઇશ્રી :– ખોટી વાત છે. ક્રોધ આવવાનો દુર્ગુણ પોતામાં હોય તો ક્રોધ આવે નહીંતર ક્રોધ આવે નહીં. 'ગાંધીજી'એ 'આફ્રિકા'માં અહિંસક ચળવળ ચલાવી કે તમારે મારવું હોય તો મારો, અમે સામે હાથ નહીં ઉપાડીએ, નક્કી કરી લીધું. આ તો હજી ત્યાં કાંઈ આત્મજ્ઞાન નથી. એક માનસિક જ્ઞાનથી – માનસિક દૃઢતાથી નક્કી કર્યું કે, આપણે આ નહીં કરવાનું. જેમ થાવું હોય તેમ થાય, ભલે મારી નાખે પણ આપણે માર ખાઈ લેવાનો, આપણે સામે નહીં મારવાનું. જો લડાઈ કરવા જાય તો કાંઈ મારીને તો જીતે એવું હતું નહીં અને માર ખાવાની તૈયારી રાખી તો જીતી ગયા. એ ભારે પડી ગયા કે આને નહીં પહોંચાય. લોકલાગણી એનાથી ઉશ્કેરાય. નિર્દોષને કોઈ મારે તો ચાલતો માણસ – રસ્તે ચાલતો માણસ (એનું) ઉપરાણું લે પણ સામેસામા હોય તો કોણ કોનું ઉપરાણું લે ? આ સીધી વાત છે. એ લોકમાનસની જે માનસિક સાયકોલોજી છે એના ઉપર આખો સિદ્ધાંત છે.

આ તો વસ્તુનું સ્વરૂપ જ છે કે, તું કરી શકતો નથી. તું ચેતન પદાર્થ, આ અચેતન પદાર્થ – બન્ને પરિણમનશીલ એટલે કાર્યશીલ (છે). પોતાની શક્તિથી, પરિણમન સ્વભાવને લીધે બન્ને સમયે સમયે પરિણમી જ રહ્યા છે. હવે કોઈ પણ પદાર્થ કાર્ય કર્યા વિનાનો એક સમય પણ નવરો નથી તો બીજા પદાર્થનું કાર્ય તું કર તો એણે ઈ વખતે શું કર્યું ? 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં આ પ્રશ્ન કરતા કે, તું એમ કહે છે કે મેં આને પરિણમાવ્યું તો એની જે પરિણમવાની શક્તિથી

ઈ કાર્ય કરતો હતો ઈ વખતે એણે કોનું કામ કર્યું ? કોઈ પદાર્થ કામ કરતો તો બંધ થતો નથી. કાગળ પડ્યો પડ્યો પીળો થઈ જાય. કાપડ પડ્યું પડ્યું વાપર્યા વગર નક્કોર કોરું કાપડ હોય તોપણ એમાં રંગ પલટાઈ જાય. સમયે સમયે આ જૂનું થયું એમ ખબર પડે. પછી મીલમાંથી નવું કાપડ આવે કે તરત ખબર પડે કે, આ નવું અને આ જૂનું. જૂનું ક્યાંથી થયું ? કોણે કર્યું જૂનું ? એ પરમાણુ સ્વયં પરિણમે છે. પરિણમવું એનો સ્વભાવ છે અને એ સ્વયં પરિણમે છે.

સ્વયં પરિણમતાને પરિણમાવી શકવાનો પ્રશ્ન નથી અને સ્વયં ન પરિણમી શકે એને પરિણમાવવાનો પણ પ્રશ્ન નથી. જે પોતાની શક્તિથી પરિણમે છે એને ક્યાં પરિણમાવવાનો પ્રશ્ન છે ? અને જે પરિણમી શકતું જ ન હોય એને ક્યાં પરિણમાવી શકાય છે ? અશક્યને શક્ય કરી શકાતું નથી. પણ જીવ વસ્તુસ્વરૂપનાં અજ્ઞાનને લીધે ઉપાધિ વહોરીને બીજા પદાર્થોનાં કાર્યો હું કરું છું એવી માન્યતાથી સંસારમાં પરિભ્રમણ કરે છે. નુકસાન ઈ કરે છે કે, પોતે પોતાને પરિભ્રમણ કરે છે, પોતે પોતાનું પરિભ્રમણ વધારે છે. આ સિવાય બીજું કાંઈ એને, એથી કરીને ઉપાધિ કરવા જાય તો લાભ કે શાંતિ થાય એ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :- અનાદિકાળથી નુકસાનનો જ ધંધો કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિકાળથી જીવે દુઃખનો અને અશાંતિનો માર ખાધો છે. જેમ કોઈ એમ કહે કે, આ ભીંતમાં દરવાજો ભલે ન હોય (પણ) ભીંતમાંથી સોંસરવું નીકળવું છે. જઈ જઈને માથા પછાડે તો ઢીમડાં થાય બીજું કાંઈ થાય નહીં. એમ પુદ્ગલમાંથી શાંતિ લેવા માટે માથા પછાડ્યા છે. જડ રજકણો, પંચેન્દ્રિયના વિષયોમાં સુખ ને શાંતિ કે આનંદ કાંઈ નહી હોવા છતાં એમાંથી સુખ લેવા માટે માથા પછાડ્યા છે અને દુઃખી થયો છે, એ સિવાય બીજું કાંઈ મળ્યું નથી.

અહીં તો કહે છે કે જો **'અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે..'** જ્ઞાતાદૃષ્ટા રહી પરનો અને રાગનો અકર્તા થાય તો મોક્ષમાર્ગની ધારા પ્રગટે એટલે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધારા પ્રગટે અને પોતાના સ્વરૂપની સાધનદશા -

સાધકદશા – આરાધકદશાની શરૂઆત થાય.

જગતમાં તો કોઈપણ તપશ્ચર્યા આદિ કરવામાં આવે કે કોઈ ત્યાગની ક્રિયા કરવામાં આવે કે આ છોડી દીધું, તો લોકો એમ કહે છે કે, આ આરાધના કરી. એ આરાધનાનું સ્વરૂપ નથી. જડનું કાર્ય થાય અથવા એ જડનું કાર્ય થવાના જીવને શુભ પરિણામ થાય તો એ આરાધનાનું સ્વરૂપ નથી. કોઈ એમ કહે છે કે, માણસ માંદો પડે અને ન ખાય એ તો શરીરના લક્ષે ઉપવાસ કરે છે કે લાંઘણ કરે છે પણ અમે તો ધર્મબુદ્ધિએ ઉપવાસ કરીએ છીએ તો ધર્મ થાય કે નહીં ? (તો કહે છે કે), એ શુભભાવ છે અને મેં ખાવાની ક્રિયા, રજકણોની ક્રિયા મેં થવા ન દીધી – એ અલ્પ શુભભાવ સાથેનો મિથ્યાત્વનો ભાવ છે. અનાદિનો પરના કર્તાપણાનો અગૃહીત મિથ્યાત્વભાવ છે એ અહીંયાં બુદ્ધિપૂર્વક ચાલું રાખે છે. બુદ્ધિપૂર્વક ગૃહીત મિથ્યાત્વ કરે છે. કરી શકતો નથી ને કરવાનું માન્યું, ખોટું માન્યું. ખોટું નામ મિથ્યા. કરી શકતો નથી છતાં કરવાનું માન્યું.

પ્રશ્ન :– એ વખતે કેવા ભાવ રહેવા જોઈએ ?

સમાધાન :– હું આહારના પરમાણુની ક્રિયા કરી શકતો નથી; અનઆહારક સ્વભાવી હું આત્મા છું. આત્મા તો અનઆહારક સ્વભાવી છે. આહારક સ્વભાવી – આહાર કરવાનો સ્વભાવ નથી, તો પછી નહીં લેવાનો માત્ર વિકલ્પ છે, ઈ ક્રિયાનો હું કર્તા-હર્તા નથી. (એનું) એને સ્પષ્ટ જ્ઞાન રહેવું જોઈએ અને આવો શુભ વિકલ્પ આવે છે એ પણ ખરેખર ધર્મનું સ્વરૂપ નથી. અશુભથી બચવા – અશુભ પરિણામથી બચવા શુભનો વિકલ્પ આવે; સાધકને પણ આવે, મુમુક્ષુને પણ આવે પણ એની કિંમત જેટલી છે એટલી રાખવાની વાત છે. એ ધર્મ નહીં હોવા છતાં ધર્મનું એને નામ આપવું અને એ રીતે એની કિંમત ગણવી, એ પણ ગૃહીત મિથ્યાત્વનું કારણ છે.

મુમુક્ષુ :– આ અકર્તાની વાત જે છે એમાં આખો 'કર્તા-કર્મ અધિકાર' અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર' લીધા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બે અધિકાર મોટા લીધા છે. આ 'સમયસાર'નો મુખ્ય વિષય છે. એટલે એક તૃતીયાંશ જેટલો 'સમયસાર'નો વિભાગ આ એક

વિષય ઉપર છે. એ તો બે અધિકાર છે પણ બધાં અધિકારમાં બન્ને આચાર્યદેવોએ – ટીકાકાર અને સૂત્રકાર બન્ને આચાર્યદેવોએ આ જ દૃષ્ટિકોણ અપનાવીને નવે તત્ત્વના સ્વરૂપનું વિવરણ કર્યું છે. પછી જીવ હોય તો જીવ અકર્તા છે, અજીવ હોય તો અજીવનો જીવ અકર્તા છે, પુણ્ય-પાપ હોય તો એનો અકર્તા છે. એમ બધાં તત્ત્વો સંવર, નિર્જરા, મોક્ષ બધાંમાં અકર્તાપણું લીધું. એટલે તો ૩૨૦મી ગાથામાં એ વાત આવી કે બંધનો તો અકર્તા છે પણ સંવર, નિર્જરા અને મોક્ષનો તો કર્તા જીવ ખરો કે નહીં ? એ એનો જાણનાર છે, કર્તા નથી.

૩૨૦મી ગાથા ! નેત્રના દૃષ્ટાંતે લીધું છે ને ? કે, જેમ નેત્ર જાણે તેમ આ માત્ર પોતે જાણે છે. ૩૨૦ ગાથા ઉપર તો પ્રવચનો થયેલા છે. **'જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !'** બન્ને વાત લીધી છે. કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. વેદક એટલે વેદનારો. ભોક્તા પણ નથી અને કર્તા પણ નથી. **'જાણે જ કર્મોદય,...'** માત્ર એ કર્મોદયને જાણે છે. જેવી રીતે એ કર્મોદયને જાણે છે તેવી જ રીતે એ કર્મની નિર્જરાને જાણે છે. જેવી રીતે એ કર્મના બંધને જાણે છે તેવી જ રીતે એ કર્મના મોક્ષને જાણે છે – બન્ને સામેસામે લીધા. ઉદયની સામે નિર્જરા, બંધની સામે મોક્ષ. એટલે જેટલી કોઈ પરપદાર્થની ક્રિયા છે એ જાણે છે એનો એ કર્તા-ભોક્તા નથી. **'जाणइ य बंधमोक्खं कम्मुदयं पिज्जरं चेव।'** ઉદય અને નિર્જરા, બંધ અને મોક્ષ. **'जाणइ'** (અર્થાત્) માત્ર જાણે છે. દૃષ્ટિની જેમ. **'दिट्ठी जहेव णाणं'** દૃષ્ટિની જેવું જ્ઞાન છે, નેત્રના જેવું જ્ઞાન છે. **'अकारयं तह अवेदयं चेव।'** કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. 'જયસેનઆચાર્યદેવ'ની આ ટીકા ઉપર 'ગુરુદેવ'ના પ્રવચનો થયા છે.

પ્રશ્ન :– કર્તા-ભોક્તા કોને કહેવો ?

સમાધાન :– કર્તા-ભોક્તા તો એનો ગુણ છે. પોતાના સ્વરૂપનું પરિણમન કરવું અને સ્વરૂપના આનંદ આદિ ભાવોને ભોગવવા એવો કર્તા-ભોક્તાપણાનો ગુણ છે, પણ પરપદાર્થનાં કાર્યો કરવા અને પરવિષયોને ભોગવવા એ આત્માનાં ગુણમાં નથી. જો એ આત્માનો ગુણ હોય તો પરપદાર્થને ભોગવવાના પરિણામને દોષ ન કહેવાય, તો એને પાપભાવ કહેવાય નહીં.

માણસને એમ થાય કે, હું ખાઉં. ખાવાના પરિણામ શુભ છે કે અશુભ છે ? મારે ખાવું છે, સારી રસોઈ, સારી મીઠાઈ કે ભાવતું ભોજન મારે ખાવું છે એ પરિણામ શુભ છે કે અશુભ છે ? અશુભ પરિણામ છે. તે અશુભ પરિણામ છે, કાંઈ શુભ પરિણામ નથી. એક મુનિમાં – મુનિદશામાં એને એ પ્રકાર અશુભમાં નથી ગણાતો. ક્રિયા એની એ છે, આહાર લેવાનો વિકલ્પ પણ છે પણ મુનિને એ અશુભ પરિણામમાં નથી જતું. કેમકે ત્રણ કષાયનો નાશ થયો છે. પુણ્ય અને પાપ તો કષાયની મંદતા ને તીવ્રતાનો આંક છે. કષાયની તીવ્રતા તે પાપ છે અને કષાયની મંદતા તે પુણ્ય છે. મુનિદશામાં એટલી બધી કષાયની મંદતા છે કે, એક વખત વધુમાં વધુ ચોવીસ કલાકે મધ્યાહ્ન સમયે, પાછું ગમે ત્યારે ભૂખ લાગે એમ નહીં. સવારના પહોરમાં પણ નહીં અને સાંજે પણ નહીં. એક વખત ઊભા ઊભા ઉણોદરી – ઓછો આહાર લેવો અને તે પણ શરીરના સંયમના નિર્વાહ અર્થે. શરીરની પુષ્ટી અર્થે નહીં પણ સંયમના નિર્વાહનાં અભિપ્રાયથી આહારનો વિકલ્પ છે. શરીરની પુષ્ટી અર્થે આહારનો વિકલ્પ નથી. એ સંયમનો અભિપ્રાય મૂળમાં હોવાથી એમના આહારના વિકલ્પને શુભભાવ કહેવાય છે અને એ સિવાય નીચેની દશામાં સાધક હોય, મિથ્યાદૃષ્ટિ હોય કે સાધક હોય, આહારનો વિકલ્પ છે એ અશુભમાં જાય છે. શુભભાવ લાગુ પડતો નથી, એ અશુભભાવમાં જાય છે.

(મુમુક્ષુદશામાં) જો આહારની પણ પ્રવૃત્તિ કરવી નથી તો બીજા કોઈપણ કાર્યની પ્રવૃત્તિ કરવાનો પ્રશ્ન રહેતો નથી. આજે આહાર-પાણીની પ્રવૃત્તિ જો બંધ છે તો વિશેષ-વિશેષપણે આત્માની, સ્વરૂપ-પ્રવૃત્તિ કરવાનો વધારે અવકાશ લઈને, જ્ઞાન-ધ્યાનની અંદર સમય વ્યતીત કરવાનો સાથે વિકલ્પ હોય છે. એ અશુભથી બચવા શુભ વિકલ્પ આવે છે; પણ મેં ખાધું નથી અને મેં ઉપવાસ કર્યો ઈ જાતનું ઘૂંટણ કે રટણ કે વિકલ્પ એમાં પછી રહેવો જોઈએ નહીં. એક વાત પૂરી થઈ ગઈ કે હવે આજ નહીં એટલે નહીં. પછી તો જ્ઞાન-ધ્યાનમાં એવો લાગે કે મેં ખાધું છે કે મેં ખાધું નથી એ વાત એકવાર (તો) ભૂલી જાય. પોતાના જ્ઞાનની પ્રવૃત્તિમાં એટલો રસ પડે કે ભૂલી જાય કે, મેં ખાધું છે કે મેં ખાધું

નથી. તો એ વાત કાંઈક યોગ્ય છે. છતાં શુભભાવ એ શુભભાવ છે અને મોક્ષમાર્ગના – સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધકદશાના પરિણામ એ સાધકદશાના પરિણામ છે. એને લઈને આ થયું એમ પણ નથી. પહેલાં શુભભાવ કર્યો માટે અહીંયાં આ ભાવ થયો એમ પણ કારણ-કાર્યપણું લાગુ પડતું નથી. પણ આવે છતાં એની કિંમત નથી એમ રાખીને એવા અભિપ્રાયથી એ પરિણામ થાય તો ત્યાં રોકાવાનું કારણ ન બને. નહીંતર જેમ સંપ્રદાયમાં રોકાવાનું થઈ ગયું હતું એમ જ પાછું થાય.

ઉપવાસના પરિણામ જેમ શુભભાવ છે એમ આ સ્વાધ્યાયના પરિણામ પણ શુભભાવ છે. શુભભાવની કિંમત મોક્ષમાર્ગને વિશે નથી અને મોક્ષમાર્ગના એ કારણ-કાર્યરૂપ કોઈ પરિણામ નથી એ વાત જ્ઞાનમાં, સમજણમાં રાખીને ત્યાં અટકવું નહીં, થાય તો પણ ત્યાં અટકવું નહીં એટલી સમજણ તો એને બરાબર હોવી જોઈએ.

પ્રશ્ન :– આ વ્રત, તપથી નિર્જરા થાય છે ને ?

સમાધાન :– ના, કાંઈ નિર્જરા નથી થતી. પુણ્યબંધ (છે).

પ્રશ્ન :– નિમિત્ત-નૈમિત્તિક તરીકે વ્રત, તપના ભાવ હોય છે ?

સમાધાન :– મોક્ષમાર્ગીની વાત છે કે કોની (વાત છે ?)

મુમુક્ષુ :– અજ્ઞાનીની.

પૂજ્ય ભાઈશ્રી :– અજ્ઞાનીને કોઈ વ્રતાદિના શુભ વિકલ્પ થાય તો પુણ્ય પ્રકૃતિનો બંધ થાય.

પ્રશ્ન :– પૂર્વે એવો વિકલ્પ કરેલો એના અનુસંધાનમાં આ આવતું હશે ?

સમાધાન :– ના, એવો કાંઈ નિયમ નથી. સ્વતંત્રપણે પણ આવી શકે. પૂર્વના કારણે આવે છે એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– આ જે કર્મનો ઉદય આવે છે ને જોડાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ સ્વતંત્ર આવી શકે. કર્મનો ઉદય હોય એમાં જોડાય તો એમાં જોડાવા માટે એ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :– અજ્ઞાની તો જોડાયેલો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જોડાયેલો છે પણ એમાંય કેટલીક સ્વતંત્રતા શું છે કે, મંદ પ્રકૃતિનો ઉદય હોય અને સ્વતંત્રપણે તીવ્ર ભાવ કરે. ત્યાંથી આપણે લઈએ કે મંદ પ્રકૃતિનો ઉદય હોય અને તીવ્ર ભાવ કરે. લોભની પ્રકૃતિ ઉદયમાં મંદ આવે અને તીવ્ર લોભ કરે. ક્રોધની પ્રકૃતિ મંદ ઉદયે આવે (અને) તીવ્ર ક્રોધ કરે અને તીવ્રનો ઉદય આવે તો મંદ પણ થાય. એમ એ રીતે પરિણમવા પોતે સ્વતંત્ર છે. આત્માને અનુસરતો નથી એટલે કર્મના ઉદયને અનુસરે છે એમ સામાન્ય કહેવાય પણ એ સ્વતંત્રપણે અનુસરે છે એ વાત રાખીને છે, એમ. એટલે આ જે શુભભાવ છે કે ઉપવાસ આદિનો વિકલ્પ છે એ કષાયની મંદતા કરે તો એ સ્વતંત્રપણે કરે. કષાયની મંદતા પણ સ્વતંત્રપણે કરે, તીવ્રતા પણ સ્વતંત્રપણે કરે.

પ્રશ્ન :- ભાવ આવે છે પછી એને અમલમાં જે કર્તાબુદ્ધિએ કરે છે કે એ આજ્ઞાનું પાલન કરે છે. ઈ તો કર્મના ઉદય પ્રમાણે જ ચાલે છે ને ?

સમાધાન :- સામાન્ય રીતે કર્મના ઉદયને જીવ અનુસરે છે. આ એક સામાન્ય વાત છે પણ એની અંદર તીવ્ર-મંદતા આદિની સ્વતંત્રતા રાખીને વાત છે અથવા પોતાના વિકારી-અવિકારી ભાવે સ્વતંત્રપણે પરિણમે છે. એને અનુસરવું જ પડે એવું કાંઈ નથી અને અજ્ઞાની હોય એટલે અજ્ઞાની જ કાયમ માટે રહે એમ પણ વાત નથી. ગમે ત્યારે પલટો મારી શકે છે. ઉદય ઉદયમાં રહ્યો અને પોતે ખસી જાય છે. એ તો કરી શકે છે.

મુમુક્ષુ :- વર્તમાન યોગ્યતા.

પૂજ્ય ભાઈશ્રી :- વર્તમાન પોતાની જેવી તૈયારી. ઈ સ્વતંત્ર વાત છે. એમાં એને કોઈ પ્રકારનું પૂર્વકર્મનું બંધન નથી. એટલે કર્મના ઉદયના પરમાણુ આત્માને પરિણમાવે છે એમ નથી. એટલે એને ઉદય પ્રમાણે પરિણમવું જ પડે એમ પણ નથી. પરિણમવા માટે પોતે સ્વતંત્ર છે. વર્તમાન યોગ્યતા અનુસાર પરિણમે. ઉપાદાન પોતાનું છે. જે જે સમયની યોગ્યતા છે એ પ્રમાણે એ પરિણમે, બસ !

પ્રશ્ન :- વર્તમાન યોગ્યતા સારી ને નરસી કેમ થાય છે ?

સમાધાન :- એમ છે કે પોતાના સ્વરૂપની જાગૃતિ નથી એટલે પરિણામ

છે એનો Controlling Valve ગયો છે. આ Machineryમાં Controlling Valve આવે ને ? (એ) Machineને Control કરે. આ પરિણામ ઉપર જે સમ્યક્જ્ઞાનની જાગૃતિ હોવી જોઈએ, એ પરિણામ ઉપરની લગામ છે. જ્ઞાનીને કષાય તીવ્ર થાય કે મંદ થાય પણ એનાં જ્ઞાનમાં જાગૃતિ હોવાથી સીધો તીવ્ર કષાયમાં પણ રસ નથી પડતો. મોટી વાત શું છે કે તીવ્ર કષાયમાં પણ કષાયરસ નથી પડતો અને અજ્ઞાનીને મંદ કષાય થાય તો કષાયનો રસ અંદરમાં તીવ્ર પડે છે. આ અનુભાગની સ્થિતિમાં સમ્યક્જ્ઞાનની હયાતીને લીધે, પ્રગટપણાને લીધે બહુ મોટો ફેર પડે છે. એટલે તો આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન પંચમ ગુણસ્થાન સુધી લીધું છે. તોપણ એના ફળસ્વરૂપે તિર્યંચ કે નરકગતિ ચોથા-પાંચમાં ગુણસ્થાનવાળાને પડતી નથી. (એ) ગતિનો બંધ એને પડતો નથી. એનું કારણ અનુભાગ નથી, એના પરિણામમાં એ પ્રકારનો અનુભાગ નથી. ઈ તો નાસ્તિથી વાત થઈ. અસ્તિથી એનાં પરિણમનમાં નિર્વિકાર આત્મસ્વરૂપનો રસ, અનુભાગ બહુ – ઘણો છે, અત્યંત છે એ કારણ છે. આ નથી તો છે શું ? કે અવિકારી પરિણમનનો અત્યંત રસ છે. મોક્ષમાર્ગની ધારા પ્રગટેલી છે અને મુખ્યવૃત્તિ – મુખ્ય પરિણતિ એમાં છે એટલે એને પેલા રસનો અભાવ છે. પુદ્ગલરસનો અભાવ છે અને આત્મરસનો સદ્ભાવ છે. એટલે એને એ પ્રકારનો બંધ ઉત્પન્ન થઈ શકતો નથી.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગી ઉદાસીન છે અને જ્ઞાની ચક્રવર્તી હોય એ કેટલા બધાં પ્રવૃત્ત છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવ' કહેતા હતા કે દ્રવ્યલિંગી નિવૃત્ત થયો જ નથી.

પ્રશ્ન :– અને ચક્રવર્તી જ્ઞાની ?

સમાધાન :– ચક્રવર્તીની શ્રદ્ધાની અપેક્ષાએ લ્યો તો એ તદ્દન નિવૃત્ત છે. તદ્દન નિવૃત્ત છે, ઉદાસીન છે.

મુમુક્ષુ :– માપ જ જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મોટી વાત ઈ છે (કે) જેમ સરકારી ઑફિસરને કોઈ સારો બંગલો આપે. આ કલેકટર, ફલેકટરને આપે છે ને ? બહુ સરસ

મકાન (આપે) પછી એમાં જે ઈ ખર્ચો કરે ઈ પોતાના ખિસ્સામાંથી (કરે) ? ઘરનું મકાન દસ લાખનું લે ને તોપણ લાખ-પચાસ હજાર બીજા ખર્ચે કે આમાં આમ કરો ને આમ કરો ને ચોકડી અહીંયાં કરો ને ફલાણું આમ કરો ને બારી અહીંયાં કરો. પણ એને એમ કીધું હોય કે ભાઈ ! તમારી ગમે ત્યારે અડધી રાત્રે બદલી કરશું. આ મકાન તમને રહેવા આપ્યું પણ અડધી રાત્રે અહીંથી બદલી કરશું. ઈ કાંઈ એની અંદર ખર્ચ કરે ? જરાય ખર્ચો ન કરે. કેમ ? એને ખબર છે કે અહીંયાં અનિત્ય રહેવાનું (છે). રહેવાનું અનિત્ય છે. એમ અહીંયાં આપણે રહેવાનું અનિત્ય છે પણ થાણું થાપીને બેસે છે કે જાણે કાયમ રહેવાનો છું, કાયમ રહેવાનો છું, આ ઘર છોડવાનો નથી. ગમે એટલી ઇચ્છા હોય પણ કંઈ છોડ્યા વગર ચાલે એવું છે ? એ તો ઉપરથી બદલીનો હુકમ આવ્યો કે ગયો. સામાન બાંધવા પણ રોકાવું પડતું નથી. પેલા તો સામાન બાંધીને બિચારા બદલી કરી (નાખે) છે કે, ભાઈ ! તમારે બદલી કરવી છે ને ? હું મારો સામાન તો અહીંથી બાંધી લઉં. આ તો કહે, તારી બદલી અહીંથી એવી રીતે કરવાની છે કે સામાન અહીંયાંને અહીંયાં રાખવો પડશે. એવી રીતે બદલી થાશે. હવે જો એ બદલીનું ભાન હોય ને તો ધમાલ ઓછી કરે અને નહીંતર અહીંયાં જાણે કાયમ રહેવાનો છું એમ સમજીને એ બધી ધમાલ કરે તે કરે.

એ ચક્રવર્તી છે પણ એને એ ખ્યાલ છે કે આ છ ખંડના પથારામાં મારું શૂન્યપણું છે, પોતાની શૂન્યતા એને દેખાય છે. ચાર દિવસની ચાંદની છે. ઘડીકમાં પૂરું થઈ જશે, કાળનાં પ્રવાહમાં આ કાંઈ નથી અને આમાં કાંઈ વળગવા જેવું નથી. એના નીરસ પરિણામ છે. ઠીક છે, આ પૂર્વના પુણ્યથી બધાં સોગઠા ગોઠવાણાં છે. બાકી એક રજકણને આ આત્મા કરી શકતો નથી. મારાથી આ બધું શૂન્ય છે. એને શૂન્યપણું ભાસે છે. જ્ઞાનીને પોતાની નિત્યતાપૂર્વક સંયોગની અનિત્યતાનું જ્ઞાન રહે છે. ચાહે ચક્રવર્તી હો કે ચાહે દરિદ્રી બહારમાં દેખાય, મજૂર હોય, માથે વજન ઉપાડીને મજૂરી કરે અને સમ્યક્દૃષ્ટિ હોય તોપણ એને અંદરમાં શાંતિ છે. અંદરમાં એને શાંતિ છે. ધ્રુવકાંટા ઉપર એની નજર છે (કે) હું શાશ્વત છું, નિત્ય છું, જ્ઞાનાનંદથી ભરેલો છું, મારો આનંદ અને શાંતિ મારામાંથી આવે

છે; બહારના પદાર્થો સાથે શાંતિને સંબંધ નથી. બહારના પદાર્થો સાથે માત્ર મારા પરિણામ જોડાય તો અશાંતિનો સંબંધ ઊભો થાય છે. શાંતિનો તો સંબંધ બહારની સાથે છે જ નહીં.

મુમુક્ષુ :- એ જ ખરા ઉદાસીન ને જ્ઞાતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ ખરા ઉદાસીન અને જ્ઞાતા છે. વસ્તુનું સ્વરૂપજ્ઞાન ન હોય એ ઉદાસીન કે જ્ઞાતા થઈ શકે કે રહી શકે જ નહીં. પરપદાર્થનાં કાર્યો કરી શકવાની અપેક્ષાવૃત્તિ ઊભી હોય અને ઉદાસીન કેવી રીતે થાય ? ઉપેક્ષાવૃત્તિથી ઉદાસીન થવાય. ઉપેક્ષાવૃત્તિ ક્યારે થાય ? કે, ન કરી શકતો હોય તો ઉપેક્ષાવૃત્તિ થાય. કરી શકતો હોય તો ઉપેક્ષાવૃત્તિ થઈ શકે નહીં.

પોતે જો બીજાના કાર્યોનો કર્તા થાય, અહીંયાં પરનો અકર્તા લીધો છે ને ? પરનો કર્તા થાય તો પરપદાર્થ તારા પરિણામના, તારા કાર્યના કર્તા થશે. પછી શું કરશો ? તારે તારું કાર્ય કરવાનો અધિકાર કે તારું કાર્ય કરવાનો બીજાને અધિકાર ? દુકાનમાં અને ઘરમાં તો કોઈને પગ મૂકવા દે નહીં. આ મારી દુકાન છે, આવીને બેસો, ચા-પાણી પીવો પણ બીજી કોઈ વાત કરવી નહીં. એટલે કે વેપારનું પૂછી લેવું નહીં કે ક્યાંથી માલ મંગાવો છો ? શું ભાવનો મંગાવો છો ? કેટલો નફો લ્યો છો ? એ તમારે પૂછવું નહીં. અને ઘરમાં ? તો કહે, મારો અધિકાર. હવે અહીંયાં જો તું પરનો કર્તા થઈશ અને કોઈના ઘરમાં તારો અધિકાર જમાવીશ તો કો'ક તારા ઘરમાં અધિકાર જમાવશે. પોસાણ છે ? તું પરનો કર્તા થઈશ તો પર તારા કાર્યનો કર્તા થશે. પર તારા કાર્યનો કર્તા થશે તો એ વાત તને સંમત છે ? કે જો તને સંમત ન હોય તો પરનો હું કર્તા એ વાત પણ તારે રાખવી નકામી છે. 'હું મારું સુવાંગ રાખું ને તારામાં – પરમાં સહિયારું કામ કરું' એમ ચાલે ભાગીદારી ? આ એવો અન્યાય કરે છે. એ બધા અનંતદોષની પરંપરા ઉત્પન્ન થવાના કારણો છે. એવું જે વસ્તુના સ્વરૂપનું અજ્ઞાન છે, વિપરીત જ્ઞાન છે એ અનંતદોષની પરંપરા ઉત્પન્ન થવાનું કારણ છે.

'ગુરુદેવશ્રી' ત્યાં સુધી કહેતા કે, અત્યારે શરીરના સંયમ આદિકના પરપદાર્થના કાર્યોનો કર્તા થઈને મુનિદશા યોગ્ય સંયમ પાળે તોપણ પરપદાર્થના કાર્યની

માન્યતાવાળો આવતીકાલે કતલખાનું ખોલશે. કહેતા કે નહીં ? અનંત નરક, નિગોદ(માં) જવાનાં પરિણામનું મૂળ આ પરનું કર્તાપણું છે. આજે કર્તાપણે સંયમ પાળે છે, કાલે એ જ જીવ પાછો એમ કહેશે કે પરનું કાર્ય કરી શકાય છે એને એમાંથી શાંતિ, સુખ મળે છે માટે ખોલો કતલખાના ! આ દશા છે.

મુમુક્ષુ :- સંયમ પાળે છે તેને તમે ઠેઠ કતલખાના સુધી લઈ ગયા..

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં સંયમ પાળે છે - કર્તાબુદ્ધિએ ! કે, આ મેં છોડ્યું, આ મેં છોડ્યું, મારું હતું ને મેં છોડ્યું, મારી માલિકી હતી ઈ મેં છોડી દીધી. તું માલિક હતો જ કે દી' ? આ સવાલ છે. એ જે પરનું કર્તાપણું છે એ તને ક્યાં લઈ જશે એનો મેળ છે નહીં. આજે જે કતલખાનાનો માલિક છે એણે શું માન્યું છે ? કે, આ કારખાનું ચાલતા જે કાંઈ આવક થાય એનાથી મને સુખ છે, એનો હું ભોગવનારો છું. આ કાર્યનો કરનારો છું અને એનો હું ભોગવનારો છું - આ માન્યતાથી તો એ ચાલે છે. એ માન્યતામાં અને તારી માન્યતામાં શું ફેર છે ? મેળવી લે.

પ્રશ્ન :- જીવ દ્રવ્યલિંગી મુનિ ક્યારેક બને એ કતલખાના ચલાવનાર જીવ (હોય શકે) ?

સમાધાન :- હા, ઈ જીવને પણ અનંત પરિભ્રમણમાં પંચપરાવર્તન અનંતવાર થયા છે. દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભવ પરાવર્તન અને ભાવ પરાવર્તન. બધા ક્ષેત્રે જીવ ઊપજ્યો છે, જે મિથ્યાદૃષ્ટિ કરે ઈ બધા જ પુણ્ય-પાપના ભાવો કર્યાં છે. સમ્યક્દૃષ્ટિને જે પુણ્ય બંધાય એવા પુણ્ય નથી બંધાણા. જેમકે સૌધર્મ ઇન્દ્ર થાય ઈ સમ્યક્દૃષ્ટિ જ થાય. એ કોઈ દી' મિથ્યાદૃષ્ટિ ન થાય. એટલે ઈ પુણ્ય એણે ભોગવ્યા નથી. સર્વાર્થસિદ્ધિનાં ક્ષેત્રમાં અહમિન્દ્ર થઈને ઊપજે તો એ સમ્યક્દૃષ્ટિ જ ઊપજે, મિથ્યાદૃષ્ટિ ન થાય. એટલો અપવાદ રાખીને મિથ્યાદૃષ્ટિના જે પુણ્ય-પાપના પરિણામ છે એ સર્વ પ્રકારના અનંતવાર જીવે કર્યાં છે, અનંતવાર એના ભોગ્ય સ્થાનોમાં જઈને એ બધા પુણ્ય-પાપના ફળ ભોગવ્યાં છે, અનંતવાર થઈ ચૂક્યું છે. હવે એ ચક્કરમાંથી છૂટવા માટેની આ બધી વાત છે. એ 'ગુરુદેવે' પ્રસિદ્ધ કરી, નહીતર આ વાત જૈન ગ્રંથોમાં

હોવા છતાં, જૈન શાસ્ત્રોમાં હોવા છતાં લુપ્ત – ખોવાઈ ગઈ હતી – ઢંકાઈ ગઈ હતી. હતી ખરી, કોઈ નવો માર્ગ નથી કાઢ્યો. પણ એ વાત જાહેરપણે પ્રસિદ્ધ કરી અને અનેક જીવોને અનુસરવામાં નિમિત્ત થયા.

મુમુક્ષુ :– એટલે પર દ્રવ્યમાં માથું મારવું નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સીધી વાત છે. કો'કના ઘરમાં માથું મારો તો એ કેમ ચલાવે ? પુદ્ગલના ઘરમાં પણ માથું મારવાથી કાંઈ ચાલવાનું નથી. એનામાં અનંત શક્તિ છે. પહેલાં તો લોકો નહોતાં સમજતા કે પરમાણુમાં અનંત શક્તિ કેમ માનવી ? પણ હવે આ ઍટમબોમ્બથી માનતા થઈ ગયા છે કે અનંત શક્તિ છે. એટલો મોટો વિસ્ફોટ થાય છે. ગોળો આવડો હોય છે પણ વિસ્ફોટ એટલો થાય છે કે સેંકડો માઈલમાં તારાજી થઈ જાય છે. એ તો હવે સમજાવવું પડે એવું નથી કે, એક પરમાણુમાં અનંત શક્તિ છે. જેનામાં અનંત શક્તિ છે એનામાં તારી શક્તિની શું જરૂર છે ? તારી શક્તિની કોઈ એને જરૂર નથી, એ તો પરિણમ્યા જ કરે છે, પરિણમ્યા જ કરે છે. એને પરિણમતો અટકાવી શકાય એવું નથી અને એના પરિણમનમાં હસ્તક્ષેપ કરવાનો કોઈ અવકાશ પણ નથી.

મુમુક્ષુ :– અનંત શક્તિ છે એટલે એમાં કોઈ ખાલી જગ્યા પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ કાંઈ અવકાશ જ નથી ને ! કોઈ ખાલી જગ્યા નથી. ન તો પર્યાયમાં Gap પડે છે કે ઈ પરિણમતો પરિણમતો કો'ક પર્યાય બીજો કરી દ્યે, એક પર્યાય બીજો કરી દ્યે અને બાકીની પોતે કરે એવો પણ અવકાશ નથી, એની શક્તિમાં પણ અવકાશ નથી. કોઈપણ રીતે જડ-ચેતન અનાદિથી ભિન્નેભિન્ન જ રહ્યા છે અને એ ભિન્નતાના જ્ઞાનમાં જ એને ઉદાસીનતા અને શાંતિ આવી શકે એવું છે બાકી કોઈ રીતે ઉપાધિ મટે એવું નથી. આ મૂળ અધ્યાત્મનો પાયો છે. કર્તાપણું-અકર્તાપણું સમજવું એ અધ્યાત્મનો પાયો છે. ૮૪ (પૂરો) થયો.

**શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે. તે ન પ્રગટે ત્યાં સુધી અને પછી પણ દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન હોય છે. બાકી, જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી. અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી. ૮૫.**

(બોલ) ૮૫. **'શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે.'** શુદ્ધ દ્રવ્ય એટલે પોતાનો આત્મા. દૃષ્ટિ દેવી એટલે પોતાની શ્રદ્ધાથી અસ્તિત્વનું ગ્રહણ થવું. પોતાની સ્વરૂપશ્રદ્ધાથી સ્વરૂપ અસ્તિત્વનું સ્થપાવું. છે તો અસ્તિત્વ અસ્તિત્વમાં પણ શ્રદ્ધા દ્વારા એની સ્થાપના થાય કે 'હું', 'આ હું છું', 'એવું શુદ્ધ દ્રવ્ય હું છું' એમ પોતાનું અસ્તિત્વ શ્રદ્ધાય એને શુદ્ધ દ્રવ્ય ઉપર દૃષ્ટિ દીધી એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ એટલે આંખની દૃષ્ટિની અહીંયાં વાત નથી. અહીંયાં દૃષ્ટિ એટલે શ્રદ્ધા. સમ્યગ્દૃષ્ટિ એટલે સમ્યક્શ્રદ્ધા. એ દૃષ્ટિની વાત છે.

**'શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન...'** (અર્થાત્) શુદ્ધ શ્રદ્ધાન પ્રગટ થાય અને સાથે સાથે જ્ઞાન પણ આત્માની અભિમુખ થાય, જ્ઞાન પણ આત્માની સન્મુખ થાય અથવા જ્ઞાન પરપદાર્થની સન્મુખ છે એ દિશા છોડીને અંતર્મુખ થાય એવું સમ્યગ્જ્ઞાન એટલે શુદ્ધજ્ઞાન – નિર્મળજ્ઞાન પ્રગટ થાય.

પ્રશ્ન :– આ અકર્તાસ્વભાવ સ્વીકારીએ પછી દૃષ્ટિ શુદ્ધતા પર જ જાયને ?

સમાધાન :– પછી એને પર ઉપરનું અસ્તિત્વ છૂટવાનું કારણ બને કે, આ હું કરું છું (એમ) પોતાને પરદ્રવ્યમાં સ્થાપતો હતો, હવે એ પ્રતિબંધ એનો છૂટયો. તો એને પોતાના સ્વરૂપમાં શ્રદ્ધા થવાનો અવકાશ થાય; પણ જ્યાં સુધી મિથ્યાશ્રદ્ધા પરપદાર્થની સાથે કાર્ય કરવામાં જડાયેલી છે ત્યાં સુધી કોઈ રીતે સ્વરૂપશ્રદ્ધાન

થાય નહીં.

એટલે તો એમ કહે છે કે, આત્માને ઓળખવા માટે આત્માનો નિર્ણય જ્યાં કરવો હશે ત્યાં પરપદાર્થમાંથી સુખનો નિર્ણય બદલવો પડશે. પરપદાર્થમાં સુખબુદ્ધિ છે, અનુકૂળતામાં સુખની બુદ્ધિ છે એ નિર્ણય બદલવો પડશે. એ નિર્ણય એમ ને એમ રાખે અને આત્મામાં સુખ છે અને શાંતિ છે એમ ભણતર ભણે, એવા વિચાર કરે પણ પેલો નિર્ણય તો બદલાતો નથી. એટલે આ નિર્ણયમાં એને વિશ્વાસ હોતો નથી. એટલે ઉદયકાળે તો એમાંથી સુખનો વિશ્વાસ છે એનો એને રસ પડી જાય છે અને આ વિચાર કરે છે એમાં સુખનો રસ પડતો નથી, કેમકે સાથે વિશ્વાસ નથી. એટલે પરિણમનમાં જે કાર્યની સિદ્ધિ થવી જોઈએ એ ત્યાં બનતું નથી.

અહીંયાં તો એટલી વાત લેવી છે કે, આ પ્રકારે **'શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં...'** પોતાના શદ્ધ આત્મા ઉપર દૃષ્ટિ દેતા એટલે શુદ્ધ આત્માને પોતાના સ્વરૂપે માનતા – શ્રદ્ધતા **'સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે.'** મુમુક્ષુજીવને અહીંયાં એક વિવેક કરાવ્યો છે. (આ) વિવેકનો બોલ છે. મુમુક્ષુજીવને એવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન **'ન પ્રગટે ત્યાં સુધી...'** અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે ત્યારપછી સાધકજીવને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી **'દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય આદિ સાધન...'** (સાધન) એટલે એવી બાહ્ય પ્રવૃત્તિ **'હોય છે.'** આ સહેજે એને હોય છે.

હવે આ શું કરવા કહેવું પડે છે ? કે શુદ્ધદ્રવ્યની દૃષ્ટિ કરાવવાના હેતુથી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્વાધ્યાય આદિ કોઈપણ પ્રકારના શુભ પરિણામનો નિષેધ પણ આવે છે અને દ્રવ્યની દૃષ્ટિ કરાવવા માટે એ જોરથી પણ નિષેધ આવે, તોપણ કોઈ અનુચિત રીતે એ વાતને સમજી લે છે ત્યારે તે જીવ શુભમાંથી પણ છૂટીને અશુભમાં ચાલ્યો જાય છે અથવા કોઈ નિશ્ચયાભાસમાં સ્વચ્છંદને ગ્રહણ કરે છે તો એને બીજું પડખું પણ સમજાવે છે કે, જો ભાઈ ! જ્યાં સુધી આત્માની દૃષ્ટિ અને જ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ; મહિમા એટલે ભક્તિ, બહુમાનના ભાવ, સ્વાધ્યાય આદિના પરિણામ એ વગેરે

હોય છે, આવે છે, હોય છે. કર્તાબુદ્ધિએ કરવાનું અહીંયાં કહેતાં નથી. હોય છે એમાં એવો Tone છે, એવો ધ્વનિ છે કે એ સહજપણે હોય છે. એ કર્તાબુદ્ધિએ કરવાનું અહીંયાં કહેવામાં આવતું નથી. આટલી વાત એની અંદર બહુ સ્પષ્ટ છે. ભાષા જે છે એમાં આ વાત સ્પષ્ટ છે. તે હોય, મુમુક્ષુને પણ હોય, જ્ઞાનીને પણ હોય. જ્ઞાની પણ દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ કરતા જોવામાં આવે છે. સ્વાધ્યાયની પ્રવૃત્તિ કરતા જોવામાં આવે છે તો એને એ અકર્તાભાવે હોય છે. તને પણ થાય તો તને કર્તાભાવે કરવા માટેની વાત નથી. નહીંતર એમ લે છે – કર્તા થવામાં કેવી રીતે લે ? કે, હજી આપણને સમ્યક્‌દર્શન તો પ્રગટ થયું નથી, માટે આપણે સ્વાધ્યાય અને દેવ-ગુરુ-શાસ્ત્રનું જે છે એ કર્યાં કરવું. જ્યાં સુધી ન થાય ત્યાં સુધી કર્યાં કરવું. ઈ કરવું... કરવું... કરવું... કરવું... એ વાત અહીંયાં નથી. સહજ હોય છે.

હવે, સહજ હોય છે એમ કેમ છે ? આ એક સવાલ છે. કે જે પરિણામ અંદર આવ્યા નથી અને જે પરિણામ બહાર જાય છે, તો બહારમાં આત્મસ્વરૂપનું લક્ષ થાય એના નિમિત્તો કોણ છે ? એટલો મુમુક્ષુ વિવેક કરે છે અને એટલો જ્ઞાની વિવેક કરે છે કે, આ દેવતત્ત્વ છે કે જેણે આત્મસ્વરૂપ જેવું અંદરમાં છે એવું જ પ્રગટ કર્યું છે. આ નિર્ગ્રંથ ગુરુતત્ત્વ છે કે, જેમાં નીતરતી વીતરાગતાના દર્શન થાય છે. એમની વીતરાગતા અછાની રહી શકતી નથી. આ શાસ્ત્ર છે કે જે નિત્યબોધકપણે આત્મસ્વરૂપનો જ બોધ આપે છે. એક જ વીતરાગતાનો બોધ આપે છે કે આત્મા કેમ વીતરાગ થાય ? એ રીતે પરિણામ ત્યાં બહાર જાય છે એમાં પણ મુખ્ય આ વિષય રાખે છે, પણ છતાં બહાર પરિણામ જાય છે એ બહાર જાય છે પણ બહાર જવામાં આટલો ફેરફાર થાય છે. એટલે એમ કહે છે કે, એને વિવેક થવામાં આ પ્રકારના પરિણામ હોય છે. હું એવા પરિણામ કરું એમ નથી. કરું તો મારા આત્મકાર્યને કરું એ કરવા અર્થે આ પરિણામ જવાનો એને પ્રકાર ઉત્પન્ન થઈ જાય છે, એને હોય છે એમ કહેવામાં આવે છે. બહુ કુદરતી ભાષા એવી આવે છે. વિશેષ લઈશું...

## તા. ૧૫-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૫, ૮૬
## પ્રવચન નં. ૭૧

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું–૩૦ બોલ–૮૫. દેવ-ગુરુ-શાસ્ત્રનું શું સ્થાન છે અને દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેના પરિણામ ભૂમિકાનુસાર યથાયોગ્ય પ્રમાણમાં કર્તૃત્વબુદ્ધિ સિવાય સહજ હોય એ સંબંધીનું અહીંયાં સ્પષ્ટીકરણ છે. ફરીથી શરૂઆતથી લઈએ **'શુદ્ધ દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે...'** પોતાના શુદ્ધ સ્વરૂપ ઉપર શ્રદ્ધાન અને જ્ઞાનનું વલણ થતાં અથવા શ્રદ્ધા પોતાનાં મૂળ સ્વરૂપને શ્રદ્ધે, અભેદભાવે જ્ઞાન એનો અનુભવ કરે ત્યારે સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે. એવું થવા પૂર્વે, એવું સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન થયા પહેલાં અને મોક્ષમાર્ગી જીવને સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાન પ્રગટ થયા પછી પણ **'દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, સ્વાધ્યાય,...'** ભક્તિ, દયા, દાન, કરુણા આદિ સાધન હોય છે. આદિમાં અનેક પ્રકારના શુભભાવરૂપ પરિણામ છે એ લઈ લેવા. એવા પરિણામ હોય છે અથવા રાગનાં કાળમાં એવા પરિણામ સહજ થાય છે.

ભૂમિકા અનુસાર એવા પરિણામ કરવા જોઈએ એવું કોઈવાર શાસ્ત્રવચન આવે તોપણ કૃત્રિમતાથી, કર્તૃત્વબુદ્ધિથી કરવાનો ઉપદેશ નથી એમ સમજવું. જીવને સહજ જ એ ભૂમિકામાં રાગ ઉત્પન્ન થાય ત્યારે આવા પ્રકારનો રાગ ઉત્પન્ન થાય એવું જ્ઞાન કરાવવા માટે આવા પરિણામ હોવા જોઈએ, કરવા જોઈએ, થવા જોઈએ એ ગમે તે પ્રકારે વચનપ્રયોગ તો હોય છે. પણ ક્યાંય કર્તૃત્વબુદ્ધિ નથી અને ન થતા હોય અને કૃત્રિમતાથી કરવા પડે એવો પ્રકાર પણ યોગ્ય નથી.

એવો પ્રકાર પણ બરાબર નથી. પણ સહજપણે મુમુક્ષુને શુદ્ધાત્માને બતાવનારા જે દેવ-ગુરુ-શાસ્ત્ર છે, મુખ્યપણે એનો શુભભાવ હોય છે. મુખ્યપણે ! બીજા શુભભાવ હોય છે પણ ગૌણ છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર છે એ શુભભાવના નિમિત્તો તરીકે અને શુભભાવ થવામાં મુખ્ય કારણ પડે છે. કેમકે પોતાનો જે આદર્શ છે, પોતાનું જે ધ્યેય છે એમાં એ નિમિત્ત તરીકે છે, એટલે એમના પ્રત્યે શુભભાવ આવે છે. જે રસ્તે પોતાને જાવું છે એ રસ્તે તેઓ ચાલે છે અથવા ચાલવાના ઉપદેશક છે, એ રસ્તે ચાલવા માટે ઉપદેશક છે. એટલે એમના પ્રત્યેનો મહિમા, એવો શુભભાવ સહજ જ આવે છે.

મુમુક્ષુ :- આ પરિણામ છે તો દોષના.

પૂજ્ય ભાઈશ્રી :- રાગમાત્ર દોષ છે એવું જ્ઞાન હોય છે પણ અનિવાર્યપણે આવે છે. એક વાત એ છે કે અનિવાર્યપણે આવે છે, બીજી વાત એ છે કે એવા પરિણામ ન હોય ને બીજા પ્રકારના લૌકિક રાગદ્વેષનાં પરિણામ વિશેષ હોય તોપણ એની જે રાગની દશા છે એ રાગની દશા શુદ્ધિના લક્ષવાળી નથી એમ આપોઆપ નક્કી થાય છે.

જેને શુદ્ધિનું લક્ષ હોય એને શુદ્ધતાનાં નિમિત્ત પ્રત્યેનો રાગ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સિવાયના જગતના તમામ પદાર્થો રાગના નિમિત્ત હોવા છતાં એ શુદ્ધતામાં નિમિત્ત પડતા નથી પણ કેવળ અશુદ્ધતામાં નિમિત્ત પડે છે. પંચેન્દ્રિયના વિષયો તો તીવ્ર અશુદ્ધિનું એટલે (કે) પાપ પરિણામનું નિમિત્ત થાય છે, પણ એ સિવાય બીજા કેટલાક શુભ નિમિત્તો છે. (બીજા) મનુષ્ય પ્રત્યે કરુણા, દયા એ વગેરે તો એ બધા પરિણામ એવા છે, એ અશુદ્ધતાનું જ નિમિત્ત થાય છે એમાં શુદ્ધતાનું કાંઈ નિમિત્ત થાય એવું કારણ નથી, દેવ-ગુરુ-શાસ્ત્રમાં એક વિશિષ્ટ વાત છે. ઉપદેશ એમનો એ જ છે અને એવું એમનું સ્વરૂપ છે. શુદ્ધાત્માનું સ્વરૂપ પ્રગટ કર્યું છે, શુદ્ધતા પ્રગટ કરી છે, ગુણ પ્રગટ કર્યાં છે. 'વંદે તદ્‌ગુણે લબ્ધયે' - મારે પણ આવા જ ગુણ પ્રગટ કરવા છે માટે મને આપનો મહિમા આવે છે. આપ પણ ગુણથી સમૃદ્ધ છો, આપનો ગુણ-વૈભવ જોઈને મને પ્રમોદ

આવે છે, મને ભક્તિ થાય છે, મને બહુમાન આવે છે અને આપનો મહિમા આવે છે – એમ ગુણથી વાત છે.

'સોગાનીજી'એ લીધું છે. એટલી નિશ્ચયની પ્રધાનતાથી તીખીતમતમતી વાતો કરી છે તોપણ આવા બધા સ્પષ્ટીકરણ એમાં આવ્યાં છે. જગતના બીજા પદાર્થો તો કેવળ અશુદ્ધતાનું નિમિત્ત છે, એક દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધતાનું નિમિત્ત છે. એટલે અહીંયાં કહે છે કે, એવા પરિણામ હોય અને એવા પરિણામ હોય ત્યારે પણ જ્ઞાનમાંથી આ વાત ચાલી જતી નથી કે, **'જે જેમાં હોય તેમાંથી તે આવે છે,...'** રાગમાં શુદ્ધતા નથી, રાગ સ્વયં અશુદ્ધ સ્વરૂપે છે તો રાગમાંથી શુદ્ધતા આવે એવું જ્ઞાન કે એવી સમજણ કે એવી શ્રદ્ધા હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**'જે જેમાં હોય તેમાંથી તે આવે છે, જે જેમાં ન હોય તેમાંથી તે આવતું નથી.'** આવવાનો પ્રશ્ન નથી. કૂવામાં પાણી નથી (તો) અવેડામાં કેવી રીતે આવવાનું હતું ? કે આવવાનો પ્રશ્ન નથી. એવી જ રીતે કોઈ એમ કહે કે, દેવ-ગુરુ-શાસ્ત્ર જેવી આત્માની વાત કરે છે એવી વાત તો બીજા પણ કરે છે. એને ક્ષયોપક્ષમ હોય અને એ જાતનું શાસ્ત્રનું અધ્યયન હોય તો એ વાત કરે છે. જે (જેમાં) હોય એમાંથી એ આવે. જેણે માર્ગ જોયો હોય અને જેણે આત્મસ્વરૂપ અનુભવ્યું હોય એ દર્શાવી શકે. બીજા ભલે પોપટની જેમ વાત કરે, પોપટની વાત મીઠી લાગે એમ એની વાત પણ કદાચ મીઠી લાગે, પણ એથી કાંઈ સાંભળનારનું કામ થતું નથી. એનો પરિશ્રમ અને એનો સમય અને શક્તિ વ્યર્થ જાય છે.

જે જેમાં હોય તે તેમાંથી આવે. જે જેમાં હોય જ નહીં એ આવવાનો પ્રશ્ન રહેતો નથી. એવી સમજણપૂર્વક દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા કરવામાં આવે છે. આ તો નિમિત્તનો વિવેક થયો કે જે દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે એ જ નિમિત્ત તરીકે સ્વીકાર્ય છે અને એ સિવાયના નિમિત્ત તરીકે સ્વીકાર્ય નથી. એમાં પણ એટલો વિવેક છે કે એમાંથી (ધર્મની દશા) આવે એ વાત (સમજનારની) સમજણમાં નથી. કોઈ એમ કહે કે, જ્યારે પરદ્રવ્યમાંથી કાંઈ આવતું નથી તો આત્માની વાત કરનાર જ્ઞાનીગુરુ હોય કે અજ્ઞાનીગુરુ હોય એમાં શું ફેર પડે છે ? વાત તો વાત છે અને શબ્દો તો શબ્દો છે. (તો કહે છે) નહિ, ભાઈ ! એમાં પણ

ફેર છે. જો તને બાહ્ય નિમિત્તોમાં એટલો વિવેક નથી તો તને અંતરંગ આત્માના સાધનનો વિવેક છે, અંતર્મુખ થવાનો વિવેક છે એ વાત પણ ક્યાંય સ્થાન પામતી નથી.

એવો એક બોલ આવ્યો છે. 'પરમાગમસાર'માં એક બોલ છે કે, જેને નિમિત્તનું જ્ઞાન નથી, નિમિત્ત સંબંધી વિવેક કે સમજણ નથી; ત્યાં તો એવા શબ્દો પડયા છે કે, 'જેને નિમિત્તનો વિવેક નથી તેને આત્માનો વિવેક નથી'. એટલું બધું સ્પષ્ટ 'ગુરુદેવ'નું વચન છે ! છતાં પણ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મારા આત્માનું કાર્ય કરી દેશે એમ શ્રદ્ધાન નથી. એમ શ્રદ્ધાન અને સમજણ નહીં હોવા છતાં એમના ગુણો જોઈને, એમના ઉપદેશનું નિમિત્ત જોઈને પાત્રજીવને અથવા જ્ઞાનીને પણ, પાત્ર તો મુમુક્ષુની વાત છે પણ જ્ઞાનીને પણ બહુમાન આવ્યા વિના રહેતું નથી. આવી પરિસ્થિતિ થોડી અટપટી લાગે એવી પરિસ્થિતિ છે.

એકબાજુથી રાગ હેય છે; મલિન, અશુદ્ધ અને દુઃખરૂપ છે એ એનું તાત્ત્વિક સ્વરૂપ છે. તેમ છતાં મોક્ષમાર્ગમાં સહચર તરીકે પરિણામ કેવા હોય એનું પણ (જ્ઞાન હોવું જરૂરી છે). સહચર એટલે એ બાજુના, બાજુના (એટલે) સાથે રહેનારા, જોડે રહેનારા, જોડે રહેનારા પાડોશી કેવા હોય એ એને જ્ઞાન કરવું જરૂરી છે. દસ લાખનું મકાન હોય, દસ-વીસ લાખ રૂપિયા રહેવા માટે ખર્ચવા હોય તો પછી ઘાંચીવાડમાં જઈને મકાન લ્યે કે મોમના વાડમાં જઈને મકાન લે ? જૈન હોય, સારું ખાનદાન કુટુંબ હોય, અભક્ષ્યાદિનો વિવેક હોય, ખાણી-પીણીની અંદર શુદ્ધતા સાચવવી હોય, ભલેને પોતાના ઘરમાં બનાવવું છે તોપણ ક્યાં જઈને રહે ? મંદિર નજીકમાં છે કે નહીં ? દેરાસર નજીકમાં છે કે નહીં ? આજુબાજુની વસ્તી સંસ્કારી લોકોની છે કે નહીં ? કેમ એના ઘરમાંથી કાંઈ લેવાદેવાનું છે ? છતાં પણ સામાન્ય રીતે લોકો જ્યાં પોતાના પ્રયોજનનો વિષય છે ત્યાં વિવેક કરે છે.

અહીંયાં કહે છે કે, તારે શુદ્ધતાનાં માર્ગે જવું છે (તો) કોને સાંભળવું ? કોને નહીં સાંભળવું ? દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય ? વીતરાગદેવનું સ્વરૂપ કેવું હોય ? વીતરાગી ગુરુ કેવા હોય ? એમના વચનોરૂપ શાસ્ત્રવચન કેવા હોય ?

સત્પુરુષ કેવા હોય ? અનુભવી કેવા હોય ? એ બધો વિવેક કરવો પડે છે, એના સંગમાં જવાની વૃત્તિ આવે છે અને બીજાના સંગમાં જવાની વૃત્તિ આવતી નથી. યથાર્થ એમ હોય છે. ભલે એમાંથી કાંઈ આવતું નથી તોપણ આટલો વિવેક હોય છે. આટલો પણ વિવેક ન હોય તો પછી આત્મામાંથી કાંઈ પ્રાપ્ત કરવું છે એ વાતને કોઈ લેવા-દેવા રહેતી નથી.

**'અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે.'** છે. ભલે દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા, સ્વાધ્યાય આદિના પરિણામ હોય છે તોપણ એ એમ જ કહે છે અને પોતે પણ એમાંથી એ જ ગ્રહણ કરે છે કે, મારા અખંડ દ્રવ્યસ્વભાવના આશ્રયે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આત્માની શાંતિ, આત્માનું નિરાકુળ સુખ અને નિર્દોષ આનંદ, બધી જ પવિત્ર દશાઓ, બધા ગુણની પવિત્ર દશાઓ, જે ગુણ આત્મામાં ભર્યાં છે એમાંથી પ્રગટ થશે. કેમકે જે (જેમાં) હોય એમાંથી (એ) આવે. મારા ગુણ કાંઈ દેવ-ગુરુ-શાસ્ત્રમાં નથી પણ એમનાં વ્યક્ત ગુણો જોઈને એમનો મહિમા અને ભક્તિ રાગના કાળમાં આવ્યા વિના રહેતા નથી. પ્રાપ્ત કરવા છે અંદરથી, પણ બાહ્ય પરિણામમાં એને અનુરૂપ દશા હોય છે. બાહ્ય પરિણામમાં એને પ્રતિકૂળદશા હોય, પ્રતિકૂળ સ્થિતિ હોય એવું બનતું નથી.

મુમુક્ષુ :– જેણે પ્રાપ્તિ કરી એને એવું બહુમાન આવે છે, મુમુક્ષુને તો આવવું જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– ઈ તો પ્રશ્ન જ નથી. પ્રાપ્તિ કરી હોય તોપણ દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા આવે છે. આ લીધું ને ? 'બનારસીદાસજી'એ ! 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ શીતલ ચિત્ત ભયો જિન ચંદન' ઈ તો ગૃહસ્થ છે અથવા ચાર ગતિમાં તિર્યંચ હોય, નરકમાં નારકી હોય, ઘણો દોષ કરીને સાતમી નારકીમાં ગયો હોય તો કહે છે (કે), 'શીતલ ચિત્ત ભયો જિન ચંદન' એના અંતરંગ પરિણમનમાં આત્માની શીતળતા અને શાંતિ પ્રગટ થઈ છે. ત્યાં એમણે એને જિનેશ્વરનાં લઘુનંદન કીધાં છે, ઠીક !

જેણે મિથ્યાત્વનું નિકંદન કાઢ્યું છે. પ્રાસ મેળવ્યો છે. કવિ છે ને ? કંદન ને નિકંદન ને લઘુનંદન ને... એ બધાં શબ્દો લીધાં છે. એને હું કરું છું વંદન !

એ બધો કવિત્વનો પ્રાસ મેળવ્યો છે. 'કરે કર જોડી બનારસી વંદન' પોતે સમ્યક્દૃષ્ટિ છે. કહે છે કે, હું વંદન કરું છું. માત્ર ભાવનમસ્કાર કરું છું એમ નહીં, કર જોડીને દ્રવ્યનમસ્કાર પણ કરું છું. ભાવનમસ્કાર, દ્રવ્યનમસ્કાર બધું એમાં આવી જાય છે.

કેમકે એ એમ કહે છે કે, **'અખંડ દ્રવ્યના આશ્રયે બધું પ્રગટે. દેવ-ગુરુ માર્ગ બતાવે,...'** છે. એ માર્ગના દર્શાવનારા છે, આંગળી ચીંધે છે (કે) આમ અંતર્મુખ થા ! તારા જ્ઞાન વેદનને ગ્રહણ કરીને તારા જ્ઞાનમાંથી તારા સ્વરૂપઅસ્તિત્વને ગ્રહણ કરીને અંતર્મુખ થા ! અંતર્મુખ થા ! નિર્વિકલ્પ થા ! વિકલ્પનો આશ્રય છોડ ! વિકલ્પમાં દુઃખ છે, આકુળતા છે એ રસ્તો મૂકી દે. જ્ઞાનમય સ્વભાવ સદા ઉપયોગસ્વભાવી છું, એ ઉપયોગને સ્વભાવમાં લગાવ. એ જ તારું સ્વ-સન્મુખપણું છે, અંતર્મુખપણું છે એમ માર્ગ બતાવે છે. રાગ વિનાની અકષાયદશા, નિર્દોષ પવિત્રદશા એમ પ્રગટ થશે એમ બતાવે છે.

સજ્જન માણસ તો માર્ગ બતાવનારનો પણ ઉપકાર માન્યા વિના રહે નહીં. માર્ગે ચાલવું છે પોતાને, માર્ગે તો પોતે ચાલશે તો પોતે પહોંચશે, પણ આ માર્ગ, તમારે જવું છે એ માર્ગ આ છે. એમ કહેનારનો ઉપકાર એ એટલા માટે માને છે કે, અત્યાર સુધી એ માર્ગ શોધવા માટે ઊંધે માથે લટકીને તપશ્ચર્યાઓ કરી છે, કાંઈક કાંઈક એણે કર્યું છે. કાંઈ કરવામાં બાકી નથી રાખી. છ-છ મહિનાના ઉપવાસ કરીને શરીર સૂકવી નાખ્યું, ગાળી નાખ્યું, કાંઈક કર્યું. જાત્રાઓ કરી, કષ્ટ વેઠ્યાં, પગે ચાલીને આ અન્ય મતમાં દંડવત્ કરતાં કરતાં જાત્રા કરે છે કે નહીં ? એક એક પગલું ભરીને દંડવત્ કરે, એક એક પગલું ભરીને દંડવત્ કરે. કાળો ઉનાળો હોય તોપણ ! સડક ઉપર જંગલમાં (એમ કરે). એને ભાવના તો એ જ છે કે આમ કરતાં કાંઈક મારું કલ્યાણ થાશે, આમ કરતાં મારું (કલ્યાણ થશે). પણ માર્ગને છોડીને ઉન્માર્ગે જતાં, અન્ય માર્ગે જતાં; અન્યમાર્ગ કહો ઉન્માર્ગ કહો, ગમે તે કરે. પંચમહાવ્રત, જૈનની ક્રિયા કરી, ક્લેશ કરીને, શરીરને કષ્ટ આપીને, મહાવ્રતના તપના ભારથી ઘણો ક્લેશ પામ્યો પણ **'જ્ઞાનં જ્ઞાનગુણં વિના પ્રાપ્તું ક્ષમન્તે નહિ'** જ્ઞાન, જ્ઞાનગુણ વિના જ્ઞાનનો આધાર જ્ઞાન લ્યે, સ્વભાવનો

આધાર ઉપયોગ લ્યે એ સિવાય કોઈ રીતે પ્રાપ્તિ થવાની, કોઈ રીતે અનુભવ થવાની ક્ષમતા પરિણામમાં આવતી નથી. 'નિર્જરા અધિકાર'નું એ ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય'નું વચન છે.

**'દેવ-ગુરુ માર્ગ બતાવે,...'** એમાં – મહિમા કરવામાં એને એ લાગણી છે કે, આ બધો ઇતિહાસ એને ખ્યાલમાં આવે છે, પોતાના ભૂતકાળનો પરિશ્રમ ખ્યાલમાં આવે છે અને આ બતાવનારા મળ્યા, એ ન મળ્યા હોત તો હજી પણ હું અનંતકાળ પર્યંત આવા ખોટા રસ્તા ને ખોટા ઉપાય ને ખોટા માર્ગે ચાલીને કલ્યાણ – મારા આત્માનું કલ્યાણ કરવાની ભાવના રાખી હોત અને એ બધું પરિભ્રમણનું કારણ થાત. કેમકે (એ બધામાં) ગૃહીત મિથ્યાત્વ થાય છે.

બુદ્ધિપૂર્વક અધર્મમાં ધર્મ માનતા, અધર્મમાં ધર્મબુદ્ધિ કરતાં ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવે છે. મિથ્યાત્વ દૃઢ થઈ જાય છે. ચારિત્રમોહ મંદ થાય. ચારિત્રમોહ મંદ થાય એટલે પાપ ઘટે અને પુણ્યનો રસ વધે પણ દર્શનમોહમાં ગૃહીત મિથ્યાત્વ થતાં દર્શનમોહ તીવ્ર થાય. એટલે જે મોટો રોગ છે એ એકદમ વધી જાય અને નાનો રોગ છે એમાં સારું લાગે કે, રોગ કાંઈક ઘટ્યો છે, રોગ કાંઈક મટ્યો છે, સારું છે એમ લાગે. એ ખરેખર સારું નથી. એટલે પોતે ભૂલો પડતો મટ્યો અને સાચા રસ્તે ગયો, એનાં દર્શાવનાર પ્રત્યે એને ઉપકારની લાગણી આવ્યા વિના રહેતી નથી.

'ગુરુદેવ' તો એ વિષયમાં ઘણું ઘણું કહી ગયા છે. એક જગ્યાએ એવી વાત આવે છે કે, 'ચામડા ઉતારીને જોડા સીવડાવે તોપણ ઉપકાર વળે નહીં એવો ઉપકાર શ્રીગુરુ આદિનો હોય છે'. આમ લીધું છે. દેવ-ગુરુ-શાસ્ત્રમાં આટલી વાત લીધી છે. એવી ઉપકારની વૃત્તિ ન આવે અથવા કોઈ ઉપકાર ઓળવે તો અનંત સંસારી છે. એવો બોલ છે. 'પરમાગમસાર'માં એ પ્રકારનો બોલ આવેલો છે. એ બહુ સ્વાભાવિક અને વાસ્તવિક પરિણામની સ્થિતિ છે. બહુ વાસ્તવિક પરિણામની સ્થિતિ છે.

(અહીંયાં કહે છે) **'પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.'** સમ્યગ્દર્શન તો

પોતાના અંતરંગ પુરુષાર્થથી પ્રાપ્ત થતી ચીજ છે અને એ પુરુષાર્થ પોતાને કરવાનો છે, પોતાને એ પુરુષાર્થ થશે ત્યારે એ દશા પ્રગટ થશે. એમ સમજણમાં હોય છે એને ઉપકારનો ભાવ આવ્યા વિના રહેતો નથી. વળી જગતમાં એવું ક્યારેય પણ બનતું નથી કે, માર્ગ દર્શાવનાર મળ્યા ન હોય અને માર્ગ કોઈને મળી ગયો હોય એવું જગતની અંદર એક પણ અપવાદરૂપે દૃષ્ટાંત નથી. અનંતા જીવો માર્ગ પામ્યા, અનંતા જીવો સિદ્ધચા અને સિદ્ધશે તોપણ એક પણ દાખલો એવો નહીં હોય કે નથી થયો કે જેને માર્ગ બતાવનારા ન મળ્યા અને માર્ગ એને એમ ને એમ મળી ગયો હોય. તીર્થંકર જગતગુરુ કહેવાય છે. એ ભવમાં એમને કોઈ માથે ગુરુ હોતા નથી, કેમકે પોતે જ પરમગુરુ થવાના છે. એ એમનો પરમગુરુનો ભવ છે તોપણ પૂર્વે એમને કોઈ માર્ગ બતાવનારા મળ્યા છે ત્યારે સમ્યગ્દર્શન પામ્યા છે, એ પહેલાં નહીં. એક પણ જીવ નહીં. એક પણ તીર્થંકર નહીં, એક પણ સિદ્ધ નહીં.

ભગવાન 'મહાવીરસ્વામી' લ્યો. દસમા ભવે ચારણઋદ્ધિધારી મુનિરાજના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા છે. પછી તો પરિણામ જ એટલા અકષાયવાળા હોય છે, કષાયના અભાવવાળા હોય છે. મંદ કષાયવાળા નહીં (પણ) કષાયના અભાવવાળા હોય છે કે જેને લઈને મનુષ્ય ને દેવ સિવાય બીજી ગતિ તો પછી હોતી નથી. એ તિર્યંચમાંથી સીધા જ મનુષ્ય થાય છે, મનુષ્ય ને દેવ, મનુષ્ય ને દેવ (જ થાય છે).

**'સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.'** એવું જ્ઞાન - એવી સમજણ હોવા છતાં આ પ્રકારના પરિણામ યથાયોગ્ય સ્થાનમાં હોય એને માર્ગનો વિવેક કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં તો આત્માનો મહાવિવેક પ્રગટે છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ હોય તોપણ એના સમ્યગ્જ્ઞાનની જાગૃતિમાં જાણ્યા બહાર જતો નથી. આ સ્થૂળ જ્ઞાનમાં તો કેટલા દોષ થાય છે એ માણસને ખબર નથી હોતી, કેટલા પરિણામ કેવા આખા દિવસમાં થઈ જાય છે એનો ખ્યાલ નથી રહેતો. સમ્યગ્જ્ઞાનમાં તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પકડાય, મનના સૂક્ષ્મ પરિણામ પકડાય, એનો નિષેધ આવે, ત્યાંથી ખસવાનો સહજ પુરુષાર્થ ચાલે. એવા જીવને બહારમાં વિવેક ન

હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિવેક ન હોય એવું તો કદી બની શકે નહીં. એ બાહ્ય વિવેક પણ એને યથાસ્થાનમાં હોય છે.

'ગુરુદેવશ્રી' તો આ પ્રતિમાના વિષયમાં બહુ સ્પષ્ટ કરતા. પોતાનો સ્થાનકવાસી સંપ્રદાયમાં આ ભવના દેહનો – શરીરનો જન્મ થયો અને એ સંપ્રદાયની અંદર મૂર્તિપૂજાનો નિષેધ કર્યો છે. જૈનના નામે જ એક ફાંટો છે. કહેવાય છે એ લોકો જૈન અને જૈન પ્રતિમાનો નિષેધ !! આમ તો અવસર્પિણીકાળમાં પંચમઆરામાં એવું બધું થાય, પણ હુંડાવસર્પિણી હોય ત્યારે જૈન ખુદ જૈન પ્રતિમાનો નિષેધ કરે, જૈન કુળમાં જન્મે અને જૈન પ્રતિમાનો નિષેધ કરે અને જૈન શાસ્ત્રનો નિષેધ કરે એવા બહુ માઠાં પરિણામ થાય છે. પ્રતિમા તો પરદ્રવ્ય છે. એ કંઈ સાક્ષાત્ તીર્થંકર પણ નથી કે સાક્ષાત્ અરિહંત પણ નથી અને પરદ્રવ્ય છે અને જ્ઞાનીને કાંઈ પરદ્રવ્યનો આગ્રહ હોય ? (જ્ઞાની) વ્યવહારમાં જરા પણ ઢીલું મૂકતા નથી.

'શ્રીમદ્જી' પોતે વૈષ્ણવ કુળમાં જન્મ્યા. માતાજી હતા (એ) સ્થાનકવાસી હતા. અને પોતે બહુ કોમળ ને મૃદુભાષી હતા, પણ પ્રતિમાની વાત આવી તો એમણે એટલી બધી લાલ આંખ કરી છે ! સ્થાનકવાસી સંપ્રદાયમાં પાંચસો વર્ષમાં – પાંચસો વર્ષ થયા હશે, કોઈ બુદ્ધિવાળો ઉત્પન્ન થયો નથી, પેદા થયો નથી. એ દોરા, ધાગા ને કપડાંના ટુકડાને માટે ઝઘડા કરીને જુદાં પડ્યાં અને સાક્ષાત્ ધ્યાનનું નિમિત્ત, ધ્યાનનું કારણ એવી જે સાક્ષાત્ જિન પ્રતિમા એનો નિષેધ કર્યો. બહુ કઠોર શબ્દનો પ્રયોગ કર્યો છે.

'ગુરુદેવ' પણ એ વિષયમાં કહેતા, બિલકુલ નહિ. મોક્ષમાર્ગની અંદર સનાતન જિનમાર્ગને વિશે પ્રતિમાની સ્થાપના સાધક જીવો – ધર્માત્માઓ કરતા આવ્યા છે અને ત્રણ લોકમાં કરોડો અબજો શાશ્વત જિનપ્રતિમાઓ છે. એ શાશ્વત જિનપ્રતિમાઓ એમ સિદ્ધ કરે છે કે, આ કુદરતના ઘરની વ્યવસ્થા છે. મોક્ષમાર્ગમાં જિનપ્રતિમાની સ્થાપના એ કુદરતના ઘરની વ્યવસ્થા છે. આઠમા નંદીશ્વરદ્વીપમાં બધી શાશ્વત (પ્રતિમા) છે. એ તો પૂજામાં આવે છે. ક્યાં ક્યાં કેટલી છે ? એ સ્તવન મંજરીમાં એક પદમાં છે. ક્યાં ક્યાં કેટલી પ્રતિમાઓ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ એક સાધુમહારાજને કીધું કે, સ્થાનકવાસીમાં મૂર્તિ હોવી જોઈએ. તો કહ્યું કે, આગમમાં છે પણ કાઢી નાખ્યું છે. એવું બહાર પાડે તો કોઈ વ્હોરાવે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- એમણે (સંપ્રદાય) છોડ્યા પહેલાં એમનાથી જે વડી દીક્ષા, જૂની દીક્ષાવાળા વૃદ્ધ સાધુઓ હતા; પોતે તો નાની ઉંમરના હતા, વીસ-પચીસ વર્ષની ઉંમરના હતા, એમના કરતા પચાસ વર્ષ મોટા હોય એવા બધાને પકડી પકડીને પૂછ્યું કે, આ છે એનું શું ? આનું શું ? પણ સ્વીકારવું પડે એવું હતું. એમની પાસે બીજી કાંઈ ગડબડ તો ચાલે એવું હતું નહીં. એ સમજી ગયા કે, ઠીક ! આ તો બધા દુકાન લઈને બેઠેલા(ની) વાત છે, દુકાનદારીની વાત છે, આત્માનું કોઈને કરવું હોય એ વાત આમાં રહેતી નથી. આવી અનીતિ, ધર્મના ક્ષેત્રમાં આવી અનીતિ કેમ પોસાય ? છોડી દીધો, સંપ્રદાય છોડી દીધો. કેટલું કેટલું માન મળતું હતું તોપણ સંપ્રદાય છોડી દીધો. માન મળે એટલે ત્યાં રહેવું ?

મુમુક્ષુ :- સ્થાનકવાસી સંપ્રદાયમાં પાંચ પાંચ હજાર માણસ !

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાંચ પાંચ હજાર માણસ ઈ જમાનામાં થાતું ! નાનું ગામ હોય પાંચ પાંચ હજાર માણસ ! 'ગુરુદેવ' કહેતા કે, કીડિયારાની જેમ માણસ ઊભરાય ! વ્યાખ્યાન સાંભળવા માટે કલાક કલાક પહેલાં આવીને જગ્યા રોકે, બબ્બે કલાક પહેલાં આવીને જગ્યા રોકવા બેસે !! (પણ) એ સમાજ ન જોઈએ.

(સંપ્રદાય છોડ્યા પછી) 'સોનગઢ'માં રહ્યા હતા. આપણે (એક મુમુક્ષુ) બેસે છે ને ? એ વખતે એમના પિતાશ્રી હતા, એમના મકાનમાં રહ્યા હતા. હજી છે ને એ મકાન ? Star of India ! અંતરંગથી તો માન્યતા વહેલી છૂટી ગઈ હતી. ૧૯૯૧માં પરિવર્તન કર્યું પણ એ પહેલાં દસ-બાર-તેર વર્ષ પહેલાં બધા વિચારોમાં ફેરફાર થઈ ગયો હતો. આ તો બહારથી જાહેર રીતે છોડ્યું. અંદરથી છૂટી ગયું હોય પછી બહારથી એમ ને એમ રાખે તો શું વાંધો ? અંદરથી તો છૂટી ગયું છે પછી બહારથી (રાખે તો ?) એ લાંબું ટકે જ નહીં. એમનો

જે પુરુષાર્થ છે એમાં એ જાતનો બહારનો દેખાવ બગડે, ખોટો દેખાવ થાય ને બીજા ભ્રમમાં પડે એ વાત એમને અનુકૂળ આવતી નથી. એ પરિવર્તન થયું તો આટલો મોટો સમાજ ખુલ્લમખુલ્લા માર્ગ શું હોય? કેવો હોય ? દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય ? બધી વાત છૂટથી કહી શકે. એમાં રહીને કેવી રીતે કહી શકે કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા ખોટી છે ? કેવી રીતે કહે ?

એ ૮૫ (પૂરો) થયો.

**અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે, તે તન્મયતા છોડ. ૮૬**

૮૬મો બોલ છે – ભેદજ્ઞાનના વિષયનો. ભેદજ્ઞાનના વિષયમાં સ્ફટિકનું દૃષ્ટાંત અને અરીસાનો દૃષ્ટાંત (આવે છે). બહારમાં પુદ્‌ગલમાં નિર્મળતા અને અંદરમાં આત્માની નિર્મળતા – જ્ઞાનની નિર્મળતા એ બંને દૃષ્ટાંત - સિદ્ધાંતમાં મેળ ખાય છે, એટલે એ દૃષ્ટાંત લેવામાં આવે છે.

**'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે.'** દૃષ્ટાંત ભલે એનું એ છે, વિષય પણ ભેદજ્ઞાનનો છે તોપણ એમાં અનેક પડખાંથી એક જ વિષયને સ્પષ્ટ કરવામાં આવે છે. ઉપર ઉપરથી જોઈએ તો તેની તે વાત લાગે પણ ઊંડાણથી જોઈએ તો એમાં વિષયની સ્પષ્ટતા વધારે થાય છે અથવા જુદાં જુદાં પડખેથી થાય છે. એ રીતે અહીંયાં અનેક બોલ એક જ વિષયના હોવા છતાં (અનેક પડખેથી સ્પષ્ટ થયો છે). કેમકે આ વિષય એવો છે કે અનેક પડખાંથી

અને આ વિષયને અનેક પડખાંઓ છે એટલે એકસાથે બધું કહી શકાતું નથી, જુદાં જુદાં વખતે જુદી જુદી રીતે એ વિષય સહજપણે સ્પષ્ટ થાય છે.

**'અરીસામાં જેમ પ્રતિબિંબ પડે તે વખતે જ તેની નિર્મળતા હોય છે, તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે.'** હવે આ એક ભેદજ્ઞાનના પ્રયોગકાળમાં પ્રયત્ન કરીને – પ્રયાસ કરીને સમજવા જેવો વિષય છે. 'વખતે... વખતે' લીધું છે ને ? **'તે વખતે જ'** કે, જ્યારે અરીસામાં પ્રતિબિંબ પડે છે ત્યારે કાળી તાવડીનું પ્રતિબિંબ પડતા અરીસો કાળો દેખાણો તો એ કાળો ડાઘ અરીસામાં ગયો છે કે નહીં ? કે કાળો ડાઘ અરીસાને લાગેલો નથી.

એક બીજું દૃષ્ટાંત 'ગુરુદેવ' દેતાં કે, ચહેરા ઉપર કોઈ મશનો કે કાળો હાથ કે મેલ લાગી ગયો હોય, ડાઘ લાગી ગયો હોય અને પોતાનો ચહેરો પોતાને દેખાતો નથી. અરીસામાં જોવે ત્યારે એને ખબર પડે કે, આ કપાળમાં આ જગ્યાએ કાળો ડાઘ છે. પછી અરીસાને ઘસે, જ્યાં કાળો ડાઘ દેખાતો હોય ત્યાં અરીસાને ઘસે. ક્યારે જાય કાળો ડાઘ એનો ? એમ કહે છે કે, ત્યાં જે દેખાય છે (એ ચીજ) ત્યાં ખરેખર નથી, એ તો પ્રતિબિંબ છે અને નિર્મળતાને લઈને એ દેખાય છે. જ્યારે એ કાળો ડાઘ દેખાય છે ત્યારે એ નિર્મળતા છે એના ઉપર તારું લક્ષ હોય તો તને નિર્મળતાનું જ્ઞાન થશે અને ડાઘ ઉપર તારું જ્ઞાન હોય તો તને ડાઘનું જ્ઞાન થશે. એકની એક જગ્યાએ બે ચીજ છે, તારો ઉપયોગ અને તારો દૃષ્ટિકોણ શું જોવાના હેતુથી કામ કરે છે ? કયા દૃષ્ટિકોણથી તું જોવે છો ? એના ઉપર તને દેખાય છે.

જ્ઞાનમાં જ્ઞાન સ્વ છે અને જ્ઞાનમાં પ્રતિબિંબ જે છે એ સ્વની અપેક્ષાએ પર છે. ફરીથી, જ્ઞાનમાં જ્ઞાન પોતે સ્વ છે અને એ જ્ઞાનમાં જે પ્રતિબિંબ છે એને પર એટલા માટે કહીએ કે, આ જ્ઞાનને સ્વ કહેવું છે માટે એને પર કહીએ. બાકી તો એ જ્ઞાનની પર્યાય છે, પણ અહીંયાં જ્ઞાનને સ્વ કહીએ તો જ્ઞાનમાં જેનું પ્રતિબિંબ પડે છે એવા પદાર્થને પરપદાર્થ કહેવામાં આવે છે. સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ સ્વ છે, માત્ર જ્ઞાનથી તો અનુભવ છે. અનુભવ પ્રધાનતામાં તો નિર્મળતાને જોવામાં આવે છે, નિર્મળતાનો અનુભવ કરવામાં આવે

છે. પ્રતિબિંબ પડે છે તો એ સ્વચ્છતાને કારણે પડવું અનિવાર્ય છે, એની સાથે મારે કોઈ સંબંધ થતો નથી.

રાગ જ્ઞાનમાં જણાય તો એ રાગ વિકાર છે તોપણ એ જાણનાર જ્ઞાન અવિકારપણે રહીને જાણે છે, વિકારપણે થઈને જાણે છે એમ બનતું નથી. એટલે જ્ઞાનમાંથી રાગ ભૂંસાડવાની મહેનત કરે એ અરીસા ઉપરના ડાઘને ઘસે છે. એના જેવી વાત છે. જ્ઞાનમાં તો એ રાગ છે જ નહીં, એ તો રાગનું પ્રતિબિંબ છે. તું જ્ઞાનસ્વરૂપી છો અને તારામાં જ્ઞાન છે અને તારામાં રાગનું પ્રતિબિંબ પડ્યું છે, તારામાં – તારા જ્ઞાનમાં રાગ પેસી ગયો છે; તારા જ્ઞાનમાં એટલે તારામાં પેસી ગયો છે એમ નથી, એનાથી બહાર છે. તારું અસ્તિત્વ જ્ઞાનમાં સ્થાપ. ત્યાં તારું અસ્તિત્વ છે, ત્યાં તારા અસ્તિત્વનો અનુભવ થાય એમ છે અને એ અસ્તિત્વનો આધાર લઈને જરાક શ્રદ્ધામાં જોર કર તો અનંતગુણની નિર્મળ દશા પ્રગટ થઈ જશે.

અહીંયાં જ્યારે વિભાવ પરિણામ થઈ રહ્યાં છે એ વખતે, એ પ્રયોગનો વિષય છે. આ પ્રયોગનું પડખું છે. તારા જ્ઞાનમાં તારી નિર્મળતા ભરેલી છે. નહીંતર વિભાવ પરિણામ થયા એમ ખબર કેમ પડી ? જો નિર્મળતામાં વિભાવ પરિણામનું પ્રતિબિંબ ન પડ્યું હોય તો કેમ ખબર પડી કે વિભાવ પરિણામ થયા ? એ વખતે જ નિર્મળતા ભરેલી છે. તું નિર્મળતાને જો, માત્ર જ્ઞાનને જો અથવા તને સ્વયંને – પોતાને જ્ઞાનમાત્રપણે જ જો અને પ્રતિબિંબને ગૌણ કરી નાખ, જ્ઞેયાકાર આકૃતિને ગૌણ કરી નાખ તો તને તારું જુદું અસ્તિત્વ – ભિન્ન અસ્તિત્વ જણાશે અને ભિન્નતા પડતા તને અકષાયદશા, પવિત્રદશા અને સુખ-શાંતિની દશા ઉત્પન્ન થશે. પરપદાર્થની સાથે અભિન્નતા થતા તને આકુળતા, દુઃખ ને રાગ ને મલિનતા ઉત્પન્ન થાય છે. એ અશુદ્ધતા ટાળવા માટે નિર્મળ શુદ્ધ જ્ઞાનસ્વરૂપનો આશ્રય લેવો, તન્મયભાવે એનો અનુભવ કરવો એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ આ વાત સાંભળી 'રાગ અને જ્ઞાન જુદાં છે'

પૂજ્ય ભાઈશ્રી :– આ વાત એમણે સાંભળી છે, એમણે આ ભેદજ્ઞાનની

વાત સાંભળી છે, એમ છે. એમના જીવન પરિચયમાંથી એ વાત નીકળે છે કે, એક જ વખત, એક જ દિવસનું પ્રવચન સાંભળીને જેણે આત્માના અનુભવ સુધી પહોંચવાનો પુરુષાર્થ કર્યો તો એમણે સાંભળ્યું શું ? કે, એમણે એ સાંભળ્યું કે, 'આ જ્ઞાન અને રાગ અંદરમાં જુદાં છે !' જ્ઞાન તે આત્મા છે અને રાગ તે અનાત્મા છે, એ વિકાર છે, આત્માની મૂળ ચીજ નથી. એ વાત એમણે સાંભળી, સાંભળી ત્યારે એમણે પ્રયત્ન ચાલુ કરી દીધો કે આ વિભાવ પરિણામ વખતે પણ આમ છે ? ગજબ વાત કરે છે ! આવી વાત કરનાર જાણે કોઈ મળ્યું ન હતું !! આમ તો અનંતકાળમાં જ્ઞાનીઓ મળ્યા હોય, તીર્થંકર મળ્યા હોય પણ પોતાનું લક્ષ જાય ત્યારે એને એમ થાય કે, આવી વાત કરનાર મને કોઈ મળ્યું નથી, એવું એને લાગે. જાણે કોઈ અનંતકાળમાં પહેલીવહેલી આવી વાત સંભળાવે છે એવું લાગે.

**'તેમ વિભાવપરિણામ વખતે જ તારામાં નિર્મળતા ભરેલી છે. તારી દૃષ્ટિ ચૈતન્યની નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે,...'** કેમ તને તારી નિર્મળતા દેખાતી નથી ? સ્વરૂપે કરીને તું શુદ્ધ પવિત્ર આત્મા હોવા છતાં અથવા જેવા પરમાત્મા, સિદ્ધ પરમાત્મા છે એવી જ શુદ્ધ ચૈતન્યમૂર્તિ તું આત્મા હોવા છતાં, એ મૂર્તિ જ છે, સિદ્ધાલયમાં જેમ અરૂપી, અશરીરી મૂર્તિ છે એવી આ શરીરના સંયોગકાળે પણ શરીર વિનાની અશરીરી અનંતગુણની ચૈતન્ય, આનંદ આદિ અનંતગુણની એક મૂર્તિ જ છે. અરૂપી મૂર્તિ છે. અરૂપી પણ સ્વરૂપી; અરૂપી પણ જ્ઞાનાનંદ સ્વરૂપી એવી મૂર્તિ જ છે પણ દૃષ્ટિ બીજા ઉપર છે એટલે એને પોતાનું મૂળ સ્વરૂપ દેખાતું નથી. દૃષ્ટિ ઉદય ઉપર છે એટલે એને આ શરીર આદિ નોકર્મ સ્વરૂપે પોતે દેખાય છે કે, આ હું માણસ છું, ખરેખર હું માણસ છું અને માણસ છું એટલે મનુષ્ય ઉચિત મારે શું કર્તવ્ય છે અને શું અકર્તવ્ય છે ? બહુ બહુ તો એટલો વિવેક કરે છે. કેટલાક તો એ વિવેક પણ ચૂકી જાય છે, પણ બહુ બહુ તો મનુષ્ય ઉચિત કાર્યો કરવા, માનવધર્મ રાખવો.

અત્યારે તો કહેવાતા જૈન ઉપદેશકો મૂક આત્માના ધર્મને પડતો ! મૂક જૈન ધર્મને પડતો ! અને એ દીધે રાખે – માનવધર્મ સૌથી મોટો ધર્મ છે પછી

બીજે નંબરે સંપ્રદાયનો ધર્મ છે એમ કહે. પહેલે નંબરે તો માનવધર્મ છે અને બીજે નંબરે સંપ્રદાયનો ધર્મ છે. કહે છે કે ભાઈ ! અહીં તો જૈનધર્મ એમ કહે છે કે, તું ચાર ગતિમાં કોઈ ગતિ એ તારું મૂળ સ્વરૂપ નથી. આ થોડો કાળ પચાસ-સો વર્ષનું આયુષ્ય મળ્યું એમાં તું બાઝી ક્યાં પડ્યો ? કે બસ ! હું માણસ જ છું અને છતાં તું કાંઈ માણસ તરીકે શાશ્વતપણે રહે એ પરિસ્થિતિ કુદરતે મંજૂર કરેલી નથી. પણ બીજા રસ્તે જ્યારે ચડી જવાનું થાય છે, મૂળ માર્ગ ચૂકી જાય અને બીજા રસ્તે ચડી જવાનું થાય ત્યારે પછી 'લેવા લૌકિક માન' ! માનવધર્મ કહે એટલે માણસો બધાય માન આપવા મંડે કે વાહ ભઈ વાહ !

આ 'રવિન્દ્રનાથ ટાગોર' થઈ ગયા. એમણે વિશેષપણે આવી વાતો કરી છે. પછી એનું સાહિત્ય ઘણું રહી ગયું છે. આમ તો 'રવિન્દ્રનાથ ટાગોર' મૂળ બંગાળી છે ને ? 'ટાગોર' છે એટલે બંગાળી છે. એમની બાજુ તો એમને 'ગુરુદેવ' જ બધા કહે છે, એમના પ્રદેશમાં બધા 'ગુરુદેવ' જ કહે છે. એમણે આ માનવધર્મની બહુ વાત કરી છે, એ બાજુનું સાહિત્ય આ બાજુ પણ ઘણાં વાંચીને એ માનવધર્મ(ની વાતો કરે છે). ઘણા માણસો એની અંદર જોડાય, ઘણા માણસો માન આપે, સ્થાન આપે, થોડું ચાલ્યું. મૂળ વાત તો અમસ્તી પણ ખબર નહોતી પછી બીજે રસ્તે ચડીને જીવ એ દિશામાં આગળ વધવાનો પ્રયત્ન કરે. હવે એમાં લક્ષ માનનું રહી ગયું હોય, આ સિવાય બીજું કાંઈ હોય નહીં.

કોઈ એવા પણ હોય છે કે, માન ન હોય પણ બીજા માણસને અનુકૂળ થવું, બીજા માણસના દુઃખ દૂર કરવા, બીજા માણસની પ્રતિકૂળતાઓ દૂર કરવી, પણ એ બધું કર્તાબુદ્ધિએ કરે છે. હું એનું કરી શકું છું, એના દુઃખ હું દૂર કરી શકું છું. ખરેખર જો એવી વ્યવસ્થા હોય તો એના પુણ્ય-પાપ એને ભોગવવાના રહેતા નથી. બીજા એને મદદ કરે, બીજા એને દુઃખી કરે, બીજા એને સુખી કરે, પણ એના પુણ્યનો ઉદય હોય તો બીજાને વિકલ્પ આવે, એના પાપનો ઉદય હોય તો બીજાને એવો વિકલ્પ આવે. પણ એ વિજ્ઞાનથી જે લોકો અજાણ્યા છે (એટલે) એ આત્મધર્મ ચૂકી જાય છે, આત્માનો ધર્મ ચૂકી જાય છે, આત્માની

ફરજ ચૂકી જાય છે, આત્માને શું કરવા યોગ્ય છે ? અને શું કરવા યોગ્ય નથી ? પોતાના કાર્યક્ષેત્રની મર્યાદા કેટલી છે એ જ ખબર નથી હોતી. વસ્તુના સ્વરૂપના અજ્ઞાનને લીધે મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળમાં મારા કાર્યની સીમા પૂરી થાય છે, મર્યાદા પૂરી થાય છે એ વાતની ખબર નહીં હોવાથી અન્ય પદાર્થોના, અન્ય જીવોના, અન્ય પુદ્ગલોના કાર્યોને કરવાના પરિણામ કરે છે અને ભવભ્રમણને વધારે છે, પરિભ્રમણને વધારે છે. કષાય મંદ હોય તો પુણ્યના ફળમાં એકાદ ભવ સારો મળે. એના ફળમાં જે પુણ્યની સામગ્રી ગોઠવાય એમાં મિથ્યાદષ્ટિપણે પાપના પરિણામ થયા વિના રહે નહીં (એટલે) વળી પાછા અધોગતિમાં ચાલ્યા જાય.

મુમુક્ષુ :- એ લોકોને ખબર છે ભૂખમરો છે એ એમના પાપને લીધે છે છતાં પ્રયત્ન કરે છે.

પૂજ્ય ભાઇશ્રી :- એમાં શું છે કે, દયાના પરિણામ જીવને ક્યારે થાય છે ? એ અંદર આપણે તપાસીને સમજવા જેવું છે. આપણને દયાના પરિણામ ક્યારે થાય છે ? એના ઉપરથી બધા જીવોનું માપ આવી જશે કે કોઈનું દુઃખ ન જોઈ શકે ત્યારે. ભલે એનું દુઃખ એના પાપના ઉદયને લઈને છે, પણ પોતે દુઃખ અનુભવવા તો તૈયાર નથી. આ જીવ સુખસ્વભાવી હોવાથી દુઃખી થવા તો તૈયાર નથી પણ કોઈનું દુઃખ જોવા પણ તૈયાર નથી. આત્માનો આટલો બધો બેહદ સુખસ્વભાવ છે. એનું મૂળ સુખસ્વભાવ હોવાને લીધે દુઃખ અનુભવવા તો જીવની તૈયારી નથી પણ કોઈનું દુઃખ જોવા પણ તૈયાર નથી. એટલે ખરેખર તો એને કોઈનું દુઃખ જોવું પણ નથી માટે દયાના પરિણામ થાય છે. કેમકે દુઃખ જોવામાં પણ દુઃખ છે. દુઃખ જોવામાં શું છે ? દુઃખ જોવામાં એને દુઃખ થાય છે. એ ખરેખર તો પોતાના દુઃખની દવા કરે છે. જ્યારે બીજા ઉપર દયાના પરિણામ થાય છે ત્યારે ખરેખર તો એ પોતાના દુઃખની દવા કરે છે પણ એવો ખ્યાલ નથી હોતો, એટલો ઊંડો વિચાર નથી. પોતાના પરિણામની તપાસ નથી અને એટલો ઊંડો વિચાર નથી.

મુમુક્ષુ :- પોતાના મોહભાવ વધી જાય છે ત્યારે...

પૂજ્ય ભાઈશ્રી :- એને એટલે દયાનો ભાવ આવે છે. ભલે થાય છે એના

કારણે, એના પાપના ઉદયે એને થાય છે પણ પોતાને શું લેવાદેવા છે ? પોતાને તો દુઃખ જોવું નથી. કેમકે દુઃખ જોતાં દુઃખ થાય છે, એટલે એને દયાના પરિણામ આવે છે. ખરેખર આ પરિસ્થિતિ છે. એ તપાસી જો જો કે બરાબર છે કે નહીં ?

મુમુક્ષુ :- આત્માર્થી જીવ આવો હોય (એને) દાન દેવાના (ભાવ હોય).

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પણ તે દાન તો કયા ક્ષેત્રમાં આપે છે ? દાન તો દાન છે પણ આવા ક્ષેત્રમાં દાન આપે છે તો એને પણ કોઈવાર ઉદયભાવમાં એવા મનુષ્ય, તિર્યંચ પ્રત્યેના કોમળતાના, દયાના પરિણામ આવે છે. જેટલી અસ્થિરતા છે એટલો રાગ ઉત્પન્ન થાય છે પણ એને એ સમજણ હોય છે કે, આ સંયોગને લઈને એ સુખી થવાનો છે એમ નથી પણ એને સંયોગી બુદ્ધિમાં સુખ માન્યું છે માટે એને દુઃખ ઘટીને સુખની કલ્પના થશે. બીજા જીવને સંયોગમાં પ્રતિકૂળતાને લઈને દુઃખ નથી અને સંયોગની અનુકૂળતા(વાળાને) કોઈને સુખ નથી, પણ જગતમાં એ જાતની મિથ્યાભાવમાં કલ્પના થાય છે એવી કલ્પના મારે કરવાનો પ્રશ્ન અહીંયાં રહેતો નથી. વળી દાન દેવાનો વિકલ્પ આવે છે એટલી જ મારી મર્યાદા છે.

દાન(માં) મારી કોઈ ચીજ નથી કે હું દાન આપું, પૈસા મારા નથી કે હું એનું દાન આપી શકું, એમ એનું સ્વામિત્વ છોડે છે. એટલે મેં દાન આપ્યું અને મેં એને સુખી કર્યો એવી સમજણ એને નથી થતી. દાન દેવાના પરિણામ થાય છતાં એનું અહંપણું આવે જ નહીં, કેમકે એ મારી ચીજ નથી, મેં આપ્યું એ પ્રશ્ન રહેતો નથી. એનું દુઃખ જોતાં મને પણ દુઃખ થયું એટલે મને વિકલ્પ આવ્યો કે આને આટલી અનુકૂળતા થાય તો સારું. બાકી એથી વધારે આ કાર્ય ઉપર મારો અધિકાર નથી.

તેમ પોતાના વિશે પણ એમ વિચારે છે કે, આવી પ્રતિકૂળતા મને થાય ત્યારે મને એ પ્રતિકૂળતાને લઈને દુઃખ થાય એવી મારી સમજણ અને મારી શ્રદ્ધા ન હો. એ વાત પણ એના ખ્યાલમાં હોય છે. જ્ઞાની છે એને તો ખ્યાલમાં હોય છે કે, મારી શ્રદ્ધા કે મારી સમજણ એવી નથી કે આવા સંયોગ મને ઊભા થાય ત્યારે મને એનું દુઃખ થાય એ વાત રહેતી નથી. હું તો જ્ઞાતાદૃષ્ટા

છું, આવા સંયોગમાં પણ હું મારા જ્ઞાતાદષ્ટાપણાનો પુરુષાર્થ વૃદ્ધિગત કરીને સ્વરૂપમાંથી શાંતિ મેળવવાનો પ્રયત્ન કરીશ પણ પ્રતિકૂળતા દૂર કરીને શાંતિ મેળવવાનો પ્રયત્ન કરવો એ મારી શ્રદ્ધાથી પ્રતિકૂળ છે, મારી સમજણથી પણ એ વિરુદ્ધ છે.

એટલે લૌકિક વિચારોથી આ કોઈ અલૌકિક પ્રકારની વિચારધારા છે ! (વ્યવહારના) પરિણામોમાં; દયા, દાન આદિના પરિણામોમાં પણ આ વિચારધારા – જૈનદર્શનની વિચારધારા કોઈ અલૌકિક પ્રકારની છે ! એની સમજણમાં દાનનો વિકલ્પ આવે છતાં દાનનું અહંપણું ન થાય એવી તાત્ત્વિક સમજણ હોય છે.

તીર્થંકર દીક્ષા લ્યે છે. પહેલેથી જ એવા પુણ્ય લઈને આવ્યા છે. કેમકે તીર્થંકર ગોત્ર બાંધ્યું ત્યારે અનેક પ્રકારના પુણ્યના દળિયા બંધાઈ ગયા છે, એટલે ગમે ત્યાંથી આવે. સામાન્ય રીતે દેવલોકમાંથી જ આવે પણ આ શ્રેણિક મહારાજા વગેરે કોઈ નીચેથી આવે તોપણ મોટા પુણ્ય લઈને આવે છે. એ દીક્ષા ધારણ કરે ત્યારે બહુ દાન આપે. દીક્ષા ધારણ કરે ત્યારે બહુ દાન આપે અથવા એમનો રાજ્યાભિષેક થાય કે એવું કાંઈ પણ થાય, અરે...! એમનો જન્મ થાય ત્યારે પણ ઇન્દ્રોને એમ (થાય) કે, આ નગરીમાં કોઈ દરિદ્રી ન રહેવો જોઈએ, કોઈ દુઃખી ન રહેવો જોઈએ. છ છ મહિના સુધી રત્નોની વર્ષા થાય. હજી તો માતાજીના પેટમાં આવે ત્યાં છ મહિનાથી વર્ષા થવા માંડે. એટલા પુણ્ય લઈને આવ્યાં છે ! એનો જન્મ થાય તો એના પિતા વગેરે પણ એ જાહેર કરે કે, જાઓ ! બધાને દાન આપો ! આખા નગરમાં રાજના ભંડારોમાંથી છૂટા હાથે બધાને દાન દેવા માંડો, કોઈ દુઃખી, કોઈ દરિદ્રી ન રહેવો જોઈએ. એક પણ માણસ દરિદ્રી ન હોવો જોઈએ, એમ. પછી તો સૌના પુણ્ય પ્રમાણે બધું થાય છે પણ એનો વિકલ્પ એવો હોય છે. છતાં જ્ઞાની હોય એને સમજણ છે કે, આ પરપદાર્થના દાન દેવામાં કોઈ સંપત્તિ મારી છે અને હું એનું દાન દઉં છું એ સમજણ એને નથી, એવી શ્રદ્ધા નથી, એવું જ્ઞાન નથી. આ માત્ર મારો આ પ્રકારનો રાગ છે અને એની કોઈ એટલી કિંમત નથી. જેટલા પૈસાનું દાન આપ્યું એટલી તો દાનની કિંમત ખરી કે નહીં ? કે નહીં, દાનની એવી કોઈ કિંમત નથી. એ તો સામાન્ય

એવા પરિણામ આવી જાય તો આવી જાય છે, થવાનું હોય ઈ થઈ જાય છે. મારે જે કરવું છે એ બીજી વાત છે. એમ યથાર્થ સમજણથી પોતે મોક્ષમાર્ગમાં, આત્માના માર્ગમાં આગળ વધે, આત્માની શુદ્ધિના માર્ગે આગળ વધે, એ સહિત આ બધી સમજણ યથાસ્થાનમાં વિવેકથી કરવાની રહે છે.

મુમુક્ષુ :- યથાર્થ સમજણ પણ ન હોય તો દાન પણ ન દ્યે તો...?

પૂજ્ય ભાઈશ્રી :- દાનનો વિકલ્પ એને એના ઉદયકાળમાં આવી જાય છે. દાનનો વિકલ્પ એના કાળમાં આવે છે પણ એને સમજણ છે અને કેમ દાન દીધું નહીં ? ઈ પ્રશ્ન કરવા જેવો નથી. કેમકે એના પરિણામ શું છે એ તો બીજાને કેમ સમજણ પડે ? કોઈના પરિણામની કોઈને શું સમજણ પડે ? એમ.

'ભરત' મહારાજાએ દીક્ષા લીધી, 'ભરત' ચક્રવર્તી ! અને બહારમાં પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ પાળવાનો પ્રસંગ ઊપજ્યા પહેલાં કેવળજ્ઞાન થઈ ગયું. બહારમાં મુનિદશા પાળવાનો જે વ્યવહાર છે – જિનોક્ત વ્યવહાર, જિનેન્દ્રએ કહ્યો છે તેવો વ્યવહાર, એવો વ્યવહાર પાળ્યા વિના જ મુક્તિ થઈ ગઈ. તો એમની મુક્તિમાં કાંઈ ખામી રહી ગઈ હશે ? એ પ્રશ્ન નથી. એટલે એ પરિણામ સંબંધી રાગના કાળમાં મંદ કષાયના એવા પરિણામ સ્વાભાવિકપણે હોય છે. નહીંતર શુદ્ધિના માર્ગે આગળ વધે છે એને એ વાતનું કોઈ બંધન રહેતું નથી.

સામાન્યપણે મોક્ષમાર્ગી જીવો શાસ્ત્ર સ્વાધ્યાય કરે. ૧૩માં કળશમાં 'રાજમલજી' લખે છે કે, અનુભવી થયો એને શાસ્ત્ર ભણવાની કોઈ અટક નથી, ઠીક ! એ શાસ્ત્ર ન વાંચે તોપણ અંદરમાં એની શુદ્ધિ વધતી જાય. એ શાસ્ત્ર વાંચે તો જ એને જ્ઞાન થાય એવું કાંઈ નથી, અંદરથી એને જ્ઞાનના – શ્રુતજ્ઞાનના પડખાં ખૂલતા જાય અને મતિજ્ઞાન નિર્મળ થતું જાય, શ્રુત(જ્ઞાન) ખીલતું જાય; અને બાર અંગની લબ્ધિવાળા જે ન્યાય કાઢે એ ન્યાય ઈ કાઢી શકે, અંદરથી કાઢે. એને ભણવાની અટક નથી. બહારનો જે વ્યવહાર છે એ સામાન્યપણે સ્થૂળ કથન છે, સૂક્ષ્મપણે જ્યાં જે સિદ્ધાંત જેવી રીતે જળવાતો હોય એ રીતે એની સમજણ કરવી જોઈએ. અહીં સુધી રાખીએ છીએ.

## તા. ૧૭-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૬, ૮૭
## પ્રવચન નં. ૭૨

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૩૦, ૮૬મો બોલ ચાલે છે. (આ વચનામૃતમાં) ભેદજ્ઞાનનો પ્રયોગ કરવાની વાત છે. વિભાવ પરિણામ વખતે પણ અરીસામાં પ્રતિબિંબના દૃષ્ટાંતે જ્ઞાનમાં શુદ્ધતા રહેલી છે, જ્ઞાનમાં સ્વ-પર પ્રકાશકપણાનો સ્વભાવ પ્રગટ રહેલો છે. વિભાવ પરિણામનું પ્રતિબિંબ પડે છે તે વિભાવ પરિણામમાં તન્મય નહીં થતાં પોતાના સ્વભાવમાં તન્મય થવું એ ભેદજ્ઞાનનું સફળપણું છે.

વિભાવ પરિણામ વખતે પણ (આ) વિભાવ પરિણામ છે એમ કેમ ખબર પડી ? આ રાગ થયો, આ ક્રોધ થયો, આ લોભ થયો એવી જ્યાં ખબર પડી એવી કોઈ જ્ઞાનમય સત્તા, ભૂમિ છે એ જ્ઞાનમાં તન્મય થવાને બદલે અનાદિથી રાગનો – વિભાવનો અને રાગના વિષયભૂત પદાર્થનો મહિમા હોવાને લીધે જીવ ત્યાં તન્મય થાય છે. રાગમાં તન્મય થાય છે, એક ક્ષણના રાગપરિણામમાં તન્મય થાય છે તે કાંઈ એમ ને એમ મફતનો તન્મય થતો નથી પણ અનાદિની એની કિંમત ભાસી છે, એ કિંમત એણે વિચાર વડે કરીને પણ છોડી નથી, એ કિંમત એણે ઘટાડી નથી, એ કિંમતમાં કાંઈ ફેર પડ્યો નથી એટલે ક્ષણક્ષણનાં રાગમાં તન્મય થઈ જાય છે. ચાહે ઉદય સંબંધીનો રાગ હો એટલે સાંસારિક કાર્યોનો રાગ હો, મન-વચન-કાયા આશ્રિતના પરિણામ હો કે અશુભભાવના પરિણામ હો, પણ જીવ જે તે સમયના રાગમાં તન્મય થઈ જાય છે અને તન્મય થઈ

જાય છે કેમકે એને બિલકુલ 'હું જાણનાર જ્ઞાયક તત્ત્વ છું' એવી અંતર સાવધાની વર્તતી નથી. ઊલટાનું 'હું મનુષ્ય છું ને રાગી છું, ગૃહસ્થ છું, ફલાણો છું અને રાગી છું' એવી સાવધાની વર્તે છે તેથી એમાં તન્મય થાય છે.

અહીંયાં બહુ સરસ ધ્વનિ છે કે, જ્યારે એમ થઈ રહ્યું છે ત્યારે પણ તારામાં નિર્મળતા ભરેલી છે. અંદરમાં કાંઈક તપાસ કરીને નિર્મળતાને જોવા માટે, ચાલતી નિર્મળતા પ્રત્યે તારા ઉપયોગને લંબાવીને સમજ તો ખરો ! વિચારથી સમજ એમ નહીં પણ એ નિર્મળતાને જોવા માટે ઉપયોગને લંબાવીને એ નિર્મળતાની સમજ તો કર ! એની સમજણ તો કર કે, આ રીતે સત્પુરુષ કહે છે એવી નિર્મળતા મારામાં છે કે નહીં ? આ તો સ્વાનુભવગોચર ભાવ છે. કોઈ અનુમાન કરવું પડે એવા પરિણામ નથી.

જ્યારે તને વિભાવ થાય છે ત્યારે તે વખતે પણ તારામાં નિર્મળતા પડી છે એનો અર્થ શું ? કે, પ્રતિસમય તને ક્ષણે ક્ષણે વિભાવ થાય છે અને એ વખતે પણ તારામાં નિર્મળતા છે. એ નિર્મળતાને જોવા જેટલો તું પરિશ્રમ કર, એટલી તું દરકાર કર તો તારી વિભાવની તન્મયતામાં ફેર પડશે. જોવાનું શરૂ કરીશ તોપણ તારી તન્મયતામાં ફેર પડશે, તારો રસ ત્યાંથી તૂટશે.

મુમુક્ષુ :- એ વખતે નિર્મળતા છે...

પૂજ્ય ભાઈશ્રી :- એ નિર્મળતા છે એની એને કિંમત નથી. સાંભળે તો છે; આ વાત વાંચે છે, સાંભળે છે, વિચારે છે પણ જેની જેટલી કિંમત હોય એની એટલી કિંમત ન આવે તો પરિણામમાંથી વજન ઊઠે નહીં. એ તો ત્રાજવાનાં પલ્લા જેવું છે કે એક શેરનું કાટલું નીચું છે એ બીજી બાજુ એક શેરની ઉપર થોડું ન થાય ત્યાં સુધી અહીંયાંથી ઊંચું થાય નહીં. બીજી બાજુ અમે કાંઈક મૂકીએ તો છીએ, પણ મૂકીએ છીએ પણ આ ઊંચું ક્યારે થાય ? કે આનાથી વધારે (વજન) થાય ત્યારે. સીધી વાત છે. એમ અમે વાંચીએ છીએ, વિચારીએ છીએ, શ્રવણ કરીએ છીએ પણ પલ્લું હજી નમતું નથી ત્યાં સુધી કાંઈ કામ થતું નથી. હિસાબ-કિતાબ જેવી વાત છે.

મુમુક્ષુ :- એ વખતે જ્ઞાન તો મેલું જ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન મેલું દેખાય છે એ જ્ઞાનને જોતો નથી, મેલપને જોવે છે. અરીસામાં પ્રતિબિંબ દેખાય છે ત્યારે પ્રતિબિંબના આકારવાળો અરીસો દેખાય છે. તો કહે છે કે, અમને તો પ્રતિબિંબનો આકાર જ દેખાય છે, અરીસો દેખાતો નથી. પણ શેમાં પ્રતિબિંબ પડ્યું ? મેલું છે એમ કોણે જાણ્યું ? શેમાં જણાય છે ? આ પ્રશ્ન છે.

**'તારી દૃષ્ટિ...'** દૃષ્ટિ એટલે તારો જોવાનો દૃષ્ટિકોણ. અહીંયાં દૃષ્ટિનો અર્થ એ છે કે તારો જોવાનો દૃષ્ટિકોણ **'ચૈતન્યની નિર્મળતાને...'** જોવાનો નથી. છે ખરી, જ્ઞાનની નિર્મળતા છે ખરી પણ તું નથી જોતો એટલે તને નથી દેખાતી. જેમ આંખ ખુલ્લી હોય ઉપયોગવિહીન નેત્રથી જોવે તો કાંઈ દેખાય નહીં. જોતાં જોતાં કાંઈક બીજા વિચારે ચડી જાય તો જોવાનું બંધ થાય છે કે નહીં ? કોઈ એમ સમજે કે, ભાઈ ! અહીંયાં આમ જોવે છે (પણ) એ ખરેખર જોતો નથી.

એમ જ્ઞાન જ્ઞાનને જોતું નથી અને જ્ઞેયમાત્રને જોવે છે. જ્ઞાનને જોવું કે જ્ઞેયને જોવું ? એ જોનારના દૃષ્ટિકોણ ઉપર આધારીત છે. તારા જ્ઞાનમાં રહેલી જ્ઞાનની શુદ્ધતાને, જેમાં પ્રતિબિંબ પડે છે એને જોવા માટેનો પ્રયત્ન ક્યારે કર્યો ? આ સવાલ છે. એકલી મલિનતા દેખાય છે, એકલો રાગ દેખાય છે, રાગવાળું આખું જીવન દેખાય છે. ક્યારે ? કે, આ જોતો નથી ત્યારે.

જ્ઞાન પણ છે અને રાગ પણ છે. શા માટે તું એકને જ જુએ છે અને બીજાને નથી જોતો ? આ સવાલનો શું જવાબ છે ? જેમ તું એકલા રાગને સ્વપણે જોવે છો અથવા એકલા રાગને સ્વપણે અનુભવે છો, તો અહીંયાં જ્ઞાન પણ સાથે છે તો તું જ્ઞાનને સ્વપણે અનુભવને ! 'ગુરુદેવ' એમ કહે છે કે, સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. આવે છે ? 'પરમાગમસાર'માં ! સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે. 'અનુભવપ્રકાશ' ઉપરના પ્રવચન ઉપરના બોલ છે. સ્વપણે અનુભવાતો રાગ તે અનાત્મા છે. આ આમાંથી અનર્પિતપણે સીધેસીધું નીકળે છે. જો સ્વપણે અનુભવાતું જ્ઞાન તે આત્મા છે તો સ્વપણે અનુભવાતો રાગ છે તે અનાત્મા છે. એને આત્મા ન કહેવાય. કેમકે રાગ છે એ આત્માનું મૂળ સ્વરૂપ નથી પણ એની અવસ્થાનો રોગ છે. એ એનું મૂળ સ્વરૂપ નથી પણ

એ અવસ્થાનો રોગ છે, વિકૃતભાવ છે, મલિનભાવ છે, દુઃખ ભાવ છે અને ઇચ્છવા યોગ્ય નથી. સંસ્કૃતની દષ્ટિએ 'ઇચ્છામી'નો એવો શબ્દ થાય છે (કે), 'હું એવો થાઉં'. 'હું એવો થાઉં, હું એવો બનું, મારી એવી દશા હો' એને 'ઇચ્છામી' કહે છે.

(અહીંયાં) કહે છે કે, **'તારી દષ્ટિ...'** અથવા જોવાનો દષ્ટિકોણ ઊલટો છે. તેથી **'ચૈતન્યની...'** (એટલે કે) આત્માની **'નિર્મળતાને ન જોતાં વિભાવમાં તન્મય થઈ જાય છે,...'** વિભાવનું અવલોકન કરે છો, વિભાવનો સ્વપણે અનુભવ કરે છો એવું અવલોકન અને એવું અનુભવન તને આવડે છે. એક જ સ્થાનમાં, એક જ ક્ષેત્રમાં, એક જ કાળે બે ચીજ હાજર છે પણ તારી રુચિ છે એમાં તન્મયપણે તું અનુભવ કરે છે અને છતાં એ સ્વરૂપે તું થઈ શકતો નથી. રાગનો અનંતકાળથી સ્વપણે અનુભવ કરવા છતાં આ આત્માએ પોતાના અનંત ચતુષ્ટય – અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એવા શુદ્ધ અનંત ગુણોનો કદી ત્યાગ કર્યો નથી. એટલે કે પોતાના શુદ્ધાત્મસ્વરૂપનો કદી આત્માએ ત્યાગ કર્યો નથી, છોડી દીધું નથી અને એક ક્ષણના રાગરૂપે કાયમ માટે થઈ ગયો નથી. ત્યાં તો રાગની પહોંચ જ નથી; વિજ્ઞાનઘન આત્મામાં, આનંદઘન આત્મામાં રાગની પહોંચ નથી. ઉપર ઉપરની અવસ્થાની પોપડી છે (એ) ખરી જાય છે. થાય છે અને ખરી જાય છે, થાય છે અને ખરી જાય છે. તારું આખું ચૈતન્યદળ છે એ ચૈતન્યદળમાં એનો પ્રવેશ થઈ શકતો નથી.

તારી દષ્ટિ વિભાવમાં તન્મય થઈ જાય છે એની તેં કિંમત આંકી છે, એને સર્વસ્વપણે માન્યું છે. એવી તન્મયતાને છોડ, એ તન્મયતા કરવા જેવી નથી. પરિભ્રમણ મટાડવું હોય, જન્મ-મરણ મટાડવા હોય, ચારગતિનાં દુઃખથી મુક્ત થવું હોય તો વિભાવની તન્મયતાને છોડ. વિભાવની તન્મયતા એ અનંત જન્મ-મરણનું બીજ છે. એમાંથી એ બધું પાંગરે છે.

પ્રશ્ન :– આ જે જ્ઞાન લક્ષણથી ઓળખવાનું થયું તો ત્યાં એ વખતે નિર્મળતા છે ?

સમાધાન :– હા, નિર્મળતા છે, સ્વભાવ છે, પ્રત્યક્ષતા છે, શુદ્ધતા છે, વેદકતા

છે, પૂરા આત્મદ્રવ્યના સર્વ લક્ષણો એમાં છે. તે સ્વરૂપ જ છે. લક્ષણનો બીજો અર્થ સ્વરૂપ થાય છે. લક્ષણનો બીજો અર્થ સ્વરૂપ થાય છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહો કે આત્મા જ્ઞાનલક્ષણસ્વરૂપ છે એમ કહો – બન્ને એકાર્થ છે. શાસ્ત્રમાં સ્વરૂપના અર્થમાં લક્ષણનો પ્રયોગ અનેક જગ્યાએ છે. જ્યાં સ્વરૂપ બતાવવું હોય ત્યાં એનું લક્ષણ બતાવે કે આ એનું લક્ષણ છે, એટલે એનું સ્વરૂપ આવું છે એમ કહેવું છે.

પ્રશ્ન :– જ્ઞાન સિવાય બીજા લક્ષણથી ન ઓળખાય. એ આ નિર્મળતા છે માટે ઓળખાય છે ?

સમાધાન :– નિર્મળતા છે માટે. સ્વભાવ વ્યક્ત છે, બીજે સ્વભાવ નથી પણ બીજા પર્યાયો વિભાવરૂપ પરિણમ્યા છે, સુખગુણ દુઃખરૂપે પરિણમ્યો છે, ચારિત્રગુણ રાગરૂપે પરિણમ્યો છે, શ્રદ્ધાગુણ મિથ્યાત્વરૂપે પરિણમ્યો છે. મુખ્ય મુખ્ય ગુણ છે એ બધા વિપરીત દશાથી છે એમાં સ્વભાવ કેવી રીતે ગ્રહણ કરશે ?

પ્રશ્ન :– જ્ઞાનમાં મિથ્યાજ્ઞાન છે ને ?

સમાધાન :– જ્ઞાનમાં મિથ્યાજ્ઞાન હોવા છતાં એની અંદર નિર્મળતા છે. જ્ઞાન મિથ્યા હોવા છતાં નિર્મળતા છે અને એ નિર્મળતા બતાવવા માટે જ્ઞાનીઓ શાસ્ત્રોમાં ઘણીવાર એમ કહે છે કે, ઈ તો મિથ્યાશ્રદ્ધાને હિસાબે અમે જ્ઞાનને મિથ્યા કહીએ છીએ. જ્ઞાન તો જાણવામાં સરખું જ છે, મિથ્યાદૃષ્ટિનું અને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન તો સરખું જ જાણે છે. કાળાને કાળું જાણે છે અને પીળાને પીળું જાણે છે. આ કેસરી રંગનું કાપડ છે એને સમ્યક્દૃષ્ટિ કેસરી જાણે છે અને મિથ્યાદૃષ્ટિ પણ કેસરી જાણે છે. એમાં શું ફેર છે ? એમાં ફેર નથી. જાણપણારૂપ જ્ઞાનમાં ફેર નથી. મિથ્યા તો શું છે કે 'આ સારું છે' એમ કરે છે, એમ જાણે છે એ જ્ઞાનનો દોષ છે. સારાપણે એને જાણવું કે ખરાબપણે એને જાણવું, ઇષ્ટ-અનિષ્ટપણે જાણવું એ જ્ઞાનનો દોષ છે પણ જાણવું એ દોષ નથી. આમ એકની એક જગ્યાએ આટલી સૂક્ષ્મતા છે. જાણવું એ દોષ નથી પણ ઇષ્ટ-અનિષ્ટપણે જાણવું તે દોષ છે. આમાંથી આટલું જુદું પાડવું છે. એટલે લક્ષણ જ્યાં છે ત્યાં માત્ર જ્ઞપણું (લેવું). જ્ઞ... જ્ઞ...

જ્ઞ... જ્ઞ... જ્ઞ... માત્ર જ્ઞાનને - જ્ઞાનસામાન્યને લક્ષણ કહ્યું છે ઇષ્ટ-અનિષ્ટપણે જાણનારું જ્ઞાન એવું આત્માનું લક્ષણ નથી. નહીંતર તો એમ કહેશે કે આત્મા તો સ્વરૂપે કરીને પૂર્ણ છે અને જ્ઞાન તો અલ્પજ્ઞપણે ઓછું જાણનારું છે. આત્મા અતીન્દ્રિયજ્ઞાન સ્વરૂપે છે અને આ તો ઇન્દ્રિયજ્ઞાન છે. એ બધી દલીલ થઈ શકે છે. પણ તારે દલીલ જ કરવી છે કે કાંઈક અંતરખોજ કરીને તારું સ્વરૂપ ગ્રહણ કરવું છે ? આટલો સવાલ છે. દલીલ કરવી હોય તો આ બધી જગ્યા છે. તને ન આવડે એટલે બીજી બે-ચાર વાત તને આપી દઈએ. પણ ત્યાંથી કાંઈ નિવેડો નથી. અનંતા આત્માઓએ એ રીતે જ્ઞાનલક્ષણથી આત્માનું ગ્રહણ કર્યું, આત્માને સાધ્યો, આત્માનું સાધન કર્યું, આરાધન કર્યું અને અનુભવસિદ્ધપણે એ વાત કહેવામાં આવે છે કે, ભાઈ ! કહેનાર તો પોતાના અનુભવથી સિદ્ધ થયેલી વાત કહે છે (કે), જ્ઞાનલક્ષણથી આત્મા પકડાણો છે.

મુમુક્ષુ :- વિભાવ વખતે પણ જ્ઞાનલક્ષણમાં...

પૂજ્ય ભાઈશ્રી :- (એમાં) તારી નિર્મળતા છે, આ તારો સ્વભાવ છે, ત્યાંથી સ્વભાવને પકડ. સ્વભાવને જોવાનો પ્રયત્ન તો કર કે આમાં સ્વભાવ શું ? જાણવું, જાણવું, જાણવું, જ્ઞ.... જ્ઞ.... જ્ઞ.... જ્ઞપણે સ્વભાવ શું છે ? આ જોવાનો પ્રયત્ન કર તો તને સમજાવવું નહીં પડે પણ જોવાનો પ્રયત્ન ન કરે અને તર્ક-વિતર્ક કર્યા કરે તો એથી કાંઈ એને સમજાતું નથી. અપ્રયોજનભૂત તર્ક–વિતર્ક કરવાથી વાત સમજવા માગે તોપણ ન સમજાય એવી પરિસ્થિતિ ઊલટી થાય છે. કેમકે એ મતિની અસરળતા છે.

એક જગ્યાએ આમાં બોલ આવે છે કે, મતિને સરળ કરીને, ખોટા તર્ક-વિતર્ક છોડીને પ્રયોજનભૂત વિષયને ગ્રહણ કરવાનો પ્રયત્ન કર. નહીંતર તારો દૃષ્ટિકોણ જ ઊલટો હશે તો તને ઊલટું જ દેખાશે. ડૉક્ટર Operation કરે અને કોઈ એને ખૂની તરીકે જોવે તો હાથમાં છરી લોહીવાળી હોય એટલે કાંઈ ખૂની સાબિત થઈ જાય ? એનો જોવાનો દૃષ્ટિકોણ ખોટો છે. એને દર્દીને Operation કરીને બચાવવાનો હેતુ છે, એના બદલે એને ઊંધા દૃષ્ટિકોણથી જોવે તો ? Operation કરતાં કરતાં કોઈ મરી જાય તો એણે ખૂન કર્યું છે

એમ કહી શકાય નહીં. એ ન્યાય નથી.

પહેલી તો વાત એ છે કે, તારે નિર્દોષ થવું છે કે નહીં ? તારે દોષ મટાડીને પવિત્રતા પ્રગટ કરવી છે કે નહીં ? પવિત્રતા એ ધર્મ છે, નિર્દોષતા એ આત્માનો ધર્મ છે. એના હેતુથી જો આ વાત તું વિચારવા માગે તો બધું સીધું સરળ (છે). અધ્યાત્મના દરેક ન્યાયો તને સીધેસીધા બેસે એવા એ ન્યાયો છે અને સમજાય એવા એ ન્યાયો છે. એટલું જ નહીં, એ ન્યાયો સમજતા તારી ગુણ પ્રાપ્તિની, ગુણની જે રુચિ છે એ એકદમ વૃદ્ધિગત થશે, જરૂર વૃદ્ધિગત થશે. એવો આ વિષય છે. એટલે આ માર્ગને સુંદર માર્ગ કહેવામાં આવ્યો છે.

'કુંદકુંદઆચાર્યે' – 'કુંદકુંદભગવાને' એક ગાથા લખી છે કે, કોઈ આ સુંદર માર્ગની નિંદા કરે તો તેથી તું વિચલિત ન થઈશ. એવા પણ (લોકો) જગતમાં નીકળશે કે, સુંદર માર્ગની નિંદા કરશે. આવા તે નગ્ન મુનિ હોય ? આવા મેલાં-ઘેલાં શરીર હોય ? આ તો અશુચિ રહે, ફલાણું થાય એમ પણ કોઈ કહે. (પણ) એ પોતે તો માર્ગસ્વરૂપ છે. એવી રીતે કોઈ ધર્માત્મા હોય તો એની નિંદા કરે. પણ એ માર્ગસ્વરૂપ છે. એવી રીતે શાસ્ત્રની (નિંદા કરે), આવા તે સિદ્ધાંતો હોતા હશે ? આમાંથી તો સ્વચ્છંદ થઈ જાય, નિશ્ચયની વાત આટલી બધી હોય નહીં, આમ ફલાણું હોય નહીં, સ્વચ્છંદ થઈ જાય, આમ થઈ જાય. હવે પણ અનાદિથી તેં સ્વચ્છંદ કર્યો છે એનું શું ? આત્માને ગ્રહણ કર્યા વિના આનાદિથી તું સ્વચ્છંદે જ શુભાશુભમાં પરિણમ્યો છો. એનો તો કાંઈ વિચાર કરતો નથી. (એ) ૮૬ બોલ (પૂરો) થયો.

**'મારે પરની ચિંતાનું શું પ્રયોજન ? મારો આત્મા સદાય એકલો છે' એમ જ્ઞાની જાણે છે. ભૂમિકાનુસાર શુભ ભાવો આવે પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ પરિણતિ નિરંતર બની રહે છે. ૮૭.**

૮૭મો બોલ જ્ઞાનદશા ઉપરનો છે. **'મારે પરની ચિંતાનું શું પ્રયોજન ? મારો આત્મા સદાય એકલો છે' એમ જ્ઞાની જાણે છે.'** અથવા એમ જ્ઞાની પરિણમે છે. વિકલ્પ કરવાની બધી વખતે જરૂર નથી. જો મારો આત્મા સદાય, સર્વથા બધાથી ભિન્ન છે, એકલો છે એટલે ભિન્ન છે તો મારે પરની ચિંતા કરવાનું શું પ્રયોજન છે ? આ જીવ જેની જેની ચિંતા કરે છે, એ જ્ઞાનીની દૃષ્ટિએ તુચ્છ સંયોગો છે. કેવા છે ? તુચ્છ સંયોગો છે. જીવને એની તુચ્છતા નથી આવી અને એની મહિમા છે એટલે એની ચિંતામાંથી એનું પરિણમન મુક્ત થઈ શકતું નથી. એનું નામ બંધન છે, જે પરિણમન મુક્ત થઈ શકતું નથી એનું નામ બંધન છે.

જ્ઞાનદશામાં પોતાના એકત્વસ્વરૂપ આત્મામાં; સ્વભાવથી એકત્વ છે અને પરથી વિભક્ત છે, એવો મારો આત્મા સદાય છે તો મારે પરની ચિંતાનું શું પ્રયોજન છે ? આવો જ એક એકત્વનો – એકત્વભાવનાનો બોલ આવે છે. એમાં એવું લીધું છે, કે પ્રત્યક્ષ વાત છે કે જીવને અશાતા થાય છે તો એકલો વેદના ભોગવે છે.

'ગુરુદેવ' એક દૃષ્ટાંત દેતા હતા કે, કોઈને વીંછી કરડે. હવે છોકરાને વીંછી કરડે, એને વેદના થાય અને એની માતાને ઘણું મમત્વ હોય (છતાં) એની વેદના કેટલી લઈ શકે ? એના ઉપર હાથ આમ પકડીને એમાંથી વેદના ખેંચી શકે ? કે આની વેદના મારામાં આવે જેમ કરંટ આવે એવી રીતે ! એ વેદના જીવ એકલો ભોગવે છે. જન્મે છે ત્યારે જન્મનું દુઃખ એકલો ભોગવે છે, મરે છે ત્યારે પ્રાણત્યાગનું દુઃખ એકલો ભોગવે છે, મૂંઝાય છે ત્યારે મૂંઝવણનું દુઃખ એકલો ભોગવે છે. એમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. એનો અર્થ જ એમ છે કે, તું સદાય એકલો જ છો. ચારે ગતિના પરિભ્રમણ કરવામાં પણ તું એકલો જ છો. તારી સાથે ને સાથે રહે એવું કોઈ તારું આ જગતમાં નથી કે જે અનાદિ-અનંત તારી સાથે રહે. ગમે તેટલું મમત્વ કરીને જીવ મરી જાય, મમત્વ કરતો કરતો દુઃખી થઈને મરી જાય પણ આ જીવને કોઈ બીજું દ્રવ્ય એનું થઈ શકે એવું નથી. આ એક વાસ્તવિકતાને નિવારી શકાય એવું નથી, વાસ્તવિકતામાં

કોઈ ફેરફાર કરી શકાય એવું નથી. આજે માને તોપણ ઠીક અને ગમે ત્યારે માને તોપણ ઠીક, પણ માને નિવેડો છે. બાકી તો એથી ઊલટું પકડ્યું છે એમાં દુઃખ સિવાય એનું બીજું કોઈ ફળ નથી.

મુમુક્ષુ :- કુટુંબમાં પચાસ જણા હોય, સાથે રહેતા હોય મજા કરતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- મજા કરતા હોય કે ક્લેશ કરતા હોય એ કુટુંબને પૂછી જોવું.

મુમુક્ષુ :- ઈ વખતે પણ એકલો !

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે તો બહુ જ ઓછા પરિવાર સાથે રહી શકે છે. કેમકે સાથે રહેવું હોય તો સહનશક્તિ જોઈએ, એમ કહે છે. અને સહનશક્તિનો આંક અત્યારે ઝીરો ઉપર છે એમ કહેવું ઈ એનું Devaluation છે, Minus sideમાં છે, Minusનો આંક ચાલે છે. પશ્ચિમની હવા ચાલી આવે છે કે, ત્યાં એક જ માણસ, એક જ સ્ત્રી, એક જ પુરુષ કેટલીવાર લગ્ન કરે છે એનો કોઈ મેળ નથી. કોઈ પાંચ વાર અને કોઈ પચીસ વાર લગ્ન કરે છે. એ હવા અહીંયાં ચાલી આવે છે. અહીંયાં પણ એ કિસ્સા વધતા જાય છે એ શું બતાવે છે ? કે, લગ્ન કર્યા પછી બે માણસ સાથે રહેવા તૈયાર નથી તો પચાસ માણસના કુટુંબની કલ્પના કરવી આ જમાનામાં તો હવે એક સ્વપ્ના જેવી વાત છે. અને ગમે એવી કલ્પના કરે તોપણ એકલો છે એમાં તો કાંઈ ફેર પડવાનો નથી. અશાતા થઈ તો એકલો ભોગવશે.

આમાં એક બોલ આવે છે કે, મરણ ટાણે બધા – 'ગુરુદેવ' કાઠિયાવાડી ભાષામાં જેને કહળ્યું કુટુંબ કહેતા હતા. દીકરી હોય, જમાઈ હોય, દીકરો હોય, પત્ની હોય બધા એના ઉપર એટલું મમત્વ રાખતા હોય, ઠેઠ સુધી એને ખૂબ જ બહુમાનથી જોતા હોય. તને પણ એમ હોય કે આમાંથી હવે મારે ક્યારેય ખસવું નથી, અહીંયાંને અહીંયાં જ રહેવું છે. પણ ખબર પડી કે હવે આ નાડ તૂટે છે, ત્યારે તને કોઈ શરણ નથી. કોઈ બચાવી શકે એવું નથી. અને એ વાત કોઈ સમજાવવાની જરૂર નથી. એ વાત એટલી બધી સ્પષ્ટ છે કે એને સમજાવવાની જરૂર નથી. એ વાસ્તવિકતાને અવગણીને તું તારું જીવન જીવવા

માગે છે તો એના ફળમાં દુઃખ છે. એ સિવાય બીજું તો કાંઈ નથી.

જ્ઞાનીનું પરિણમન બદલાઈ ગયું છે. જ્ઞાનીની દશાનું વર્ણન કરવાનું કારણ એ છે કે, એ દશા પ્રાપ્ત કરવાની ભાવના વધારે પ્રબળ થાય અને એવી દશા પ્રાપ્ત હોય એવા સત્પુરુષ છે એના પ્રત્યે બહુમાન અને ભક્તિ ઉત્પન્ન થાય કે જેને લઈને – એ ગુણના બહુમાનને લઈને દર્શનમોહનો અનુભાગ – રસ ઘટે અને જીવ એવી દશા પ્રાપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરી શકે.

શા માટે જીવ એવી શક્તિથી પોતાનું સ્વકાર્ય નથી કરી શકતો ? કે, મિથ્યાત્વને લઈને એની શક્તિ હણાઈ ગઈ છે, મિથ્યાત્વને લઈને એ હીન પુરુષાર્થી, હીન વીર્ય, હીન શક્તિવાળો થઈ ગયો છે. તેથી એ પોતાનું આત્મકાર્ય કરવાનો પુરુષાર્થ ફોરવી શકતો નથી. એ શક્તિ પ્રાપ્ત કરવા માટે એને મિથ્યાત્વમોહ અથવા દર્શનમોહનો અનુભાગ ઘટવો (જરૂરી છે). રસમાં શક્તિ પડેલી છે. કોઈપણ પરિણામમાં શક્તિ તે પરિણામમાં રહેલા રસની છે. એટલે રસને બીજી ભાષામાં શક્તિ કહેવામાં આવે છે. જેમકે 'ગુરુદેવ'ના શબ્દોમાં લઈએ કે, આત્મા તો આનંદરસનો કંદ છે એમ કહે. આનંદરસનો કંદ છે, જ્ઞાનરસનો કંદ છે. રસ એટલે શક્તિ. શક્તિ એટલે રસ. એમ એને પરિણમનની મુખ્યતાથી શક્તિને બતાવવી હોય ત્યારે રસ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, કેમકે એ શક્તિ વ્યક્તિમાં એક સરખું ભાવભાસન કરાવે છે.

મુમુક્ષુ :- ૪૧૨ નંબરનો બોલ. ૧૫૯ પાનું.

પૂજ્ય ભાઈશ્રી :- **'મરણ તો આવવાનું જ છે જ્યારે બધુંય છૂટી જશે.'** જ્યારે મરણ આવવાનું છે ત્યારે એક ઝાટકે બધું છૂટશે. **'બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે,...'** કે આ મારું લઈ ગયો, આ મારું લઈ ગયો, આ મારું પડી ગયું, આ મારું ખોવાઈ ગયું, આ મારું ચોરાઈ ગયું, આ લૂંટાઈ ગયું, એમ એક ચીજ જાય ત્યારે તને દુઃખ થાય છે, **'તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે ?'** કાંઈક વિચાર, ધીરો થઈને કાંઈક વિચાર કર.

**'મરણની વેદના પણ કેટલી હશે ?'** ચારેકોરથી રોગથી ઘેરાઈ ગયો હોઈશ.

**'મને કોઈ બચાવો' એમ તારું હૃદય પોકારતું હશે.'** કોઈ મને બચાવે, કોઈ મને બચાવે, કોઈ મને બચાવે, એના માટે તું બધાની સામે દીનભાવે ટગર ટગર જોતો હોઈશ. કોઈ મને બચાવે એમ છે, મને કોઈ બચાવી શકે એમ છે ? પણ બધાય લાચાર છે. જેટલા ભેગા થયા છે એ બધા લાચાર છે. **'તારું હૃદય પોકારતું હશે પણ શું તને કોઈ બચાવી શકશે ? તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાક્તરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે,...'** એ બધા હાથ ઊંચા કરશે. **'ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે,...'** ટગર ટગર જોવામાં દીનતા બતાવી છે. કોઈ મને બચાવે એમ છે કે નહીં ? અરે...! મારે તો અહીંથી જાવું નથી અને આ કેમ અહીંથી મારે જાવું ?

પ્રશ્ન :- આવા સમયે આત્માર્થી શું કરે ?

સમાધાન :- આત્માર્થી જ્ઞાનીની દશાને અનુસરે. આ શું કરવા જ્ઞાનીની દશા બતાવી કે હું એકલો છું, કોઈ મારું નથી. અનુકૂળતા હોય અને મરણ આવ્યા પહેલાં એમ વિચારી લ્યે. મરણ આવ્યા પહેલાં આત્માર્થી તૈયારી કરી લ્યે. મરણ આવવાનું છે એ નિશ્ચિત છે એની આત્માર્થીને ખબર છે અને એ પહેલાં એ પૂરી તૈયારી કરી લ્યે છે, અધૂરી નહીં, પૂરી તૈયારી કરી લ્યે છે. અત્યારે મરણ આવે તો હવે મને વાંધો નથી. સામે મોત દેખાય તો એને કોઈ એની હરકત નથી. એટલી તૈયારી કરે ! જ્ઞાનીની દશાની વાત જ એટલા માટે કરે છે. તું કર આવી તૈયારી !

**'ટોળે વળીને ઊભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે, તોપણ શું કોઈ તને શરણભૂત થાય એમ છે ?'** કોઈ તને શરણ થાય એવું નથી. **'જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ – અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે,...'** ઈ આરાધના છે, હોં ! આ બહારની ક્રિયા એ ખરેખર આરાધના નથી.

**'જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ – અનુભૂતિ કરી આત્મ-આરાધના કરી હશે,...'** એટલે કે એ આરાધનામાં **'આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે...'** શાંતિ જ **'તને શરણ આપશે.'** એ શાંતિ – અંદરથી પ્રગટ થયેલી શાંતિ શરણભૂત

થશે. નહીંતર તું મરતો નહીં હોવા છતાં મરણતુલ્ય દુઃખને જરૂર અનુભવ કરીશ. છતાંય તું મરીશ નહીં. (કેમકે) શાશ્વત પદાર્થ છો. પણ તને દુઃખ થશે ઈ તો મરણતુલ્ય જ દુઃખ થશે કે, ખરેખર હું મરી જાઉં છું.

**'માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.'** એમ કહે છે, અત્યારથી જ એ પ્રયત્ન કર. **'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને પણ તું પુરુષાર્થ ઉપાડ...'** (મરણ) ગમે ત્યારે આવશે. હર ક્ષણે આત્માના પુરુષાર્થની અંદર સાવધાન રહે, તારો પ્રયાસ ચાલુ ને ચાલુ રાખ. કોઈ ગજબનો ફાયદો છે ! આત્માનો પ્રયાસ ચાલુ કરે તોપણ એ એક બહુ મોટી વાત છે ! કેમકે એવો પ્રયાસ કરવાવાળો નિષ્ફળ જતો નથી, સફળ જ થાય છે. યથાર્થ પ્રયત્ન કરવાવાળો કદી નિષ્ફળ જાય (નહિ). કેમકે એ તો ભાવનાપૂર્વક પુરુષાર્થ ઊપડે છે, ભાવના ન હોય એને તો પુરુષાર્થ ઊપડતો નથી. તો જેની ભાવના નિષ્ફળ થતી નથી એનો અર્થ શું ? કે ભાવનાવાળાનો પ્રયાસ ચાલે છે અને પ્રયાસ કદી નિષ્ફળ જતો નથી. બહારના કાર્યોનો પ્રયત્ન કરે અને સફળ ન પણ થાય પણ આત્માની બાબતમાં તો એવી પરિસ્થિતિ નથી.

**'તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે, ન મરેંગે...'** પછી તો તને એમ જ લાગશે કે હું ક્યાં મરવાનો છું ? આ જે મરણ આવ્યું છે એ તો શરીરની ફેરબદલી છે. એક શરીર જર્જરિત થયું છે અથવા ત્યાગવા યોગ્ય થયું છે (માટે) એ છૂટશે, બીજા શરીરનું ગ્રહણ થશે. જ્યાં સુધી પૂર્ણદશા પ્રગટ નહીં થાય ત્યાં સુધી આ ક્રમ હવે અલ્પકાળ ચાલુ રહેવાનો છે. કેમકે હું અમર છું. આત્મા પોતે અમર છે (તો) એની અમરત્વની ભાવનામાં જન્મ-મરણ છૂટી જાય છે. જે આત્મામાં જન્મ-મરણ નથી, ભવ નથી, ભવનું કારણ નથી, જન્મ-મરણનું કારણ જે સ્વભાવમાં નથી એવા સ્વભાવસ્વરૂપે પોતે છે એમ જાણનારને જન્મ-મરણ અને ભવ બહારમાં થતાં બંધ થઈ જાય છે, છૂટી જાય છે. એનું નામ મુક્તિ છે.

**'અબ હમ અમર ભયે, ન મરેંગે' એવા ભાવમાં તું સમાધિપૂર્વક દેહત્યાગ કરી શકે.'** સમાધિપૂર્વક દેહત્યાગ કોણ કરે છે ? કે દેહત્યાગ થયા પહેલાં

સમાધિપૂર્વકનું જીવન જેનું શરૂ થાય છે તે. જેનું સમાધિમય જીવન છે તેનું સમાધિમય મરણ છે. પણ જેનું જીવન જ હાયહોયથી ભરેલું છે, 'આ મારું' અને જેને એની તન્મયતા ને વળગાડ છે, જેને સંયાગનો ને ઉદયનો વળગાડ છે એનું જીવન સમાધિમય નથી. એનું મરણ સમાધિમય નહીં થઈ શકે. જેનું જીવન સમાધિમય એનું દેહત્યાગરૂપ મરણ, મરણ એટલે દેહત્યાગ, એ પણ સમાધિમય. પછી પાછું નવું (શરીર) ગ્રહણ થાય, હજી પૂર્ણદશા નથી થઈ એટલે બીજા દેહનો સંયોગ થાય ત્યારે પાછું નવું જીવન સમાધિમય ચાલુ રહે. જેનું મરણ સમાધિમય એનું પાછું ઉત્તર જીવન – બીજું જીવન એ પણ સમાધિમય જીવન શરૂ થાય છે.

પ્રશ્ન :– સમાધિ સળંગ રહે છે ?

સમાધાન :– એની સમાધિ ચાલુ રહે છે. આ જન્મ-મરણ જેને કહેવાય છે એ બહારના દેહત્યાગના ને દેહગ્રહણના સંયોગો એના સ્વકાળે ઊભા થાય છે (પણ) એને સમાધાન છે કે, આમાં મારામાંથી કાંઈ જતું નથી અને મારામાં કાંઈ આવતું નથી.

**'જીવનમાં એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે.'** અહીંથી સમાધિ આવે છે. એક શુદ્ધ આત્મા જ ઉપાદેય છે, એ ઉપાદેયતામાં સમાધિ છે અને એ સિવાય બીજી કોઈ રીતે સમાધિ રહે એવું નથી. બહુ સરસ બોલ છે !

અહીંયાં **'જ્ઞાની જાણે છે.'** એટલે જ્ઞાની પરિણમે છે એમ લેવું. એમ જાણીને એવા ભાવમાં પરિણમે છે કે **'મારે પરની ચિંતાનું શુ પ્રયોજન ?'** કોઈની ચિંતાનું શું પ્રયોજન ? કોઈની સામે હું શા માટે જોઉં ? મારે કાંઈ (પ્રયોજન નથી). મારો આત્મા ભિન્ન છે, એકલો છે, કોઈથી મને લાભ નથી, કોઈથી મને નુકસાન નથી, કોઈ મારો શત્રુ નથી, કોઈ મારો મિત્ર નથી. લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, શાંતિ-અશાંતિ એ બધામાં હું સદાય બધાથી જુદો છું. કોઈની સાથે મારે કારણ-કાર્યનો બિલકુલ સંબંધ નથી – એમ જ્ઞાની પરિણમે છે. એ એમનું સમભાવરૂપ પરિણમન છે. એને સમભાવ કહેવામાં આવે છે.

**'ભૂમિકાનુસાર શુભ ભાવો આવે...'** જ્ઞાનીને પણ પોતાની ભૂમિકા પ્રમાણે;

ચોથા ગુણસ્થાને હોય, પાંચમાં ગુણસ્થાને હોય કે મુનિ થઈને છઠ્ઠા ગુણસ્થાને હોય, જ્યાં સુધી પૂર્ણદશા નથી થઈ (ત્યાં સુધી શુભ ભાવો આવે છે). પછી ઉપરના ગુણસ્થાને બુદ્ધિપૂર્વક કોઈ રાગ ઉત્પન્ન થતો નથી, વિકલ્પ નથી થતો. પછી તો ધ્યાનમયદશા છે અને જે સિદ્ધદશા નથી અને દશાની અંદર ઊણપ છે એ અબુદ્ધિપૂર્વકના રાગની છે. માત્ર કેવળીગમ્ય એ રાગ છે પણ જ્યાં ભૂમિકા અનુસારના શુભ ભાવો છે એ બુદ્ધિપૂર્વક ઉત્પન્ન થતા શુભ ભાવો લેવા અને તે જ્ઞાનીની ભૂમિકા ચતુર્થ, પંચમ અને છઠ્ઠા ગુણસ્થાન સુધી છે. મુનિદશામાં પંચ મહાવ્રતના શુભ ભાવ આવે અને શ્રાવકની દશામાં દયા, દાન, ભક્તિ, પૂજા એ વગેરેના અનેક પ્રકારના દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધિત મુખ્ય એવા શુભ ભાવો આવે.

**'પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ પરિણતિ નિરંતર બની રહે છે.'** એટલે કોઈ જ્ઞાનીને બાહ્ય દૃષ્ટિથી એમ જોવે કે, અમે શાસ્ત્ર વાંચીએ છીએ એમ એ શાસ્ત્ર વાંચે છે, અમે આ ગાથામાંથી જેવો અર્થ નીકાળીએ છીએ એ શબ્દમાંથી એ એવો જ અર્થ નીકાળે છે, અમે મંદિરમાં જઈને ભક્તિ કરીએ છીએ એ જ પદની, એવા જ પદની, એ જ પૂજા, એ જ ભક્તિ એ પણ કરે છે. તો કહે છે કે, તારામાં અને એનામાં ફેર છે. તારી પરિણતિ જુદી છે અને એની પરિણતિ જુદી છે. ક્યાં ફેર છે ? પરિણતિમાં ફેર છે. પણ પરિણતિના વિષયથી જીવ અજાણ્યો છે.

પરિણતિ શું હશે ? કે, એ એક પરિણામ ધારા છે કે જે બળવાનપણે જીવમાં કામ કરી રહી છે. બળવાનપણે કામ કરી રહી છે. જેમ માણસ કહે છે ને ? કે, આ આત્મતત્ત્વની વાત સાંભળતા, વિચારતા પણ વિચાર બીજે ચાલ્યો જાય છે, બીજે ઉપયોગ ચાલ્યો જાય છે. શું કરવા એમ થાય છે ? કે, જ્યાં ઉપયોગ જાય છે ત્યાંની પરિણતિ અંદર ચાલુ છે એ ઉપયોગને ખેંચે છે. પરિણતિ ઉપયોગને ખેંચે છે.

જેમ જ્ઞાનદશામાં પરિણતિ આત્મા સંબંધિત હોવાથી, પરિણતિનો વિષય આત્મા હોવાથી પરિણતિમાંથી ઉપયોગ છટકીને આત્મામાં જાય છે, શુદ્ધ ઉપયોગમાં

જાય છે. એ પરિણતિ ઉપયોગને આત્મામાં ખેંચે છે. પરિણતિ આત્મામય છે કે પરિણતિ ઉદયમય છે ? એના ઉપર ઉપયોગનું ખેંચાણ ઊભું છે. આમ ફેર છે.

પરિણતિ છે એ મૂળદશા છે. જ્ઞાનીની મૂળદશા જોવી હોય તો એની પરિણતિ જોતાં આવડવું જોઈએ. અને જો જ્ઞાનીની પરિણતિ જોવે તો જોનારનું મસ્તક નમી પડ્યા વિના રહે નહીં. એવી કોઈ અદ્‌ભુત પુરુષાર્થની ધારા હોય છે અંદર !

મુમુક્ષુ :- 'બહેનશ્રી' કહે છે ને પરિણતિ થઈ જવી જોઈએ અંદર.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ થઈ જવી જોઈએ. ભાવનામાંથી પરિણતિ થાય છે. આત્મસ્વરૂપની પ્રાપ્તિની અત્યંત અત્યંત ભાવનામાંથી પરિણતિ ઊભી થાય છે અને એ પરિણતિ ઉપયોગને લઈ આવે છે. એકવાર ઉપયોગને ખેંચી લે છે. (માટે) પહેલાં પરિણતિ થવી જોઈએ.

પ્રશ્ન :- એ પરિણતિમાં શું છે ?

સમાધાન :- પરિણતિમાં બધા ગુણ છે, પરિણતિની અંદર બધા ગુણ પરિણમે છે.

પ્રશ્ન :- સીધા - સૂલટા પરિણમે છે ?

સમાધાન :- સૂલટા પરિણમે છે. એ એક શુદ્ધ પરિણમન છે. એ શુદ્ધાત્માને અનુરૂપ, શુદ્ધાત્માને સદશ એવું પરિણમન છે. એ મૂળદશા છે અને ઉપયોગ બહારમાં ભૂમિકા અનુસાર શુભભાવોમાં આવે છે એ જ્ઞાનીની મૂળદશા નથી. શુભભાવમાં પણ આવે, મન-વચન-કાયાની ક્રિયારૂપ અશુભભાવમાં પણ આવે છતાં એ જ્ઞાનીની મૂળદશા નથી. એ શુભાશુભ તે જ્ઞાનીની મૂળદશા નથી. એવા શુભાશુભ ભાવ તો અજ્ઞાનીને પણ હોય છે, સંસારીને પણ હોય છે.

મુમુક્ષુ :- શુભાશુભ થયા એ બેકલાપણું થયું. આ એકલાપણું છે તો આ બેકલાપણું થયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ બીજાની સાથે જોડાય છે. શુભાશુભભાવ બીજા પદાર્થની સાથે સંબંધ રાખનારા ભાવ છે અને આ પરિણતિ - જ્ઞાનીની પરિણતિ છે તે આત્માની સાથે સંબંધ રાખે છે.

પ્રશ્ન :- પરિણતિ સૂક્ષ્મ છે ?

સમાધાન :- હા, પરિણતિ સૂક્ષ્મ છે. ઉપયોગ જેટલો સ્થૂળ ભાવ નથી. આપણે થોડો સ્થૂળ દૃષ્ટાંત લઈએ તો એમ સમજી શકાય કે, જેમ અત્યારે કોઈ ધંધા-વેપારમાં ખૂબ રચ્યોપચ્યો હોય, ચોવીસ કલાક, રાત-દિવસ એક જ ધૂન હોય. એને કોઈ કહે કે, ભાઈ ! આને જરા આત્માની વાત સંભળાવો ને એને સમજાવો ને ! ત્યારે એના પરિચિતો એમ કહે કે, ભાઈ ! અત્યારે એને કાંઈ સંભળાય એવું છે નહીં. એ એની જે ધૂનમાં અત્યારે ચાલે છે અને એને એનો જે રસ ચડી ગયો છે કે જે નાખે ઈ સવળું પડે છે, જે નાખે ઈ સવળું પડે છે. એટલે એને રસ ચડે છે. છે તો પૂર્વકર્મનો ઉદય પણ એને વિકલ્પ આવે છે કે આમ કરું ને ઈ ધારે એના કરતા સવળું પડે એટલે એને રસ ચડે કે મારી હોશિયારીથી હું આગળ વધી ગયો. એમાં એને કાંઈ આ વાત સંભળાય નહીં કે તું કરી શકતો નથી અને આ તારું કામ નથી, તારું કામ કોઈ બીજું છે, તારો ધર્મ અને તારી ફરજ કોઈ બીજી છે એ એને સંભળાય નહીં. સંભળાય નહીં એનો અર્થ શું ? (કે), કો'ક વાર એવો પ્રસંગ હોય તો વ્યાખ્યાન સાંભળવા તો બેસે પણ એની પરિણતિ જ બીજે કામ કરતી હોય. એનો રસ ત્યાંથી છૂટે નહીં અને આ એકત્વ-વિભક્ત નિર્વિકાર, ચૈતન્ય આત્માની વાતમાં એનો રસ જામે નહીં, એને એની અંદર રસ પડે નહીં. એટલે જ્યાં એનો રસ છે ત્યાં પરિણતિ જામ થઈ જાય છે અને અનંતકાળે દુર્લભ એવા મનુષ્યભવનું આયુષ્ય ખોઈ બેસે છે. પૂરું થઈ જાય છે એમ નહીં પણ ખરેખર તો ખોઈ બેસે છે.

મુમુક્ષુ :- આપે પરિણતિની જે વાત કરી એમાં રસ મુખ્યપણે કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મુખ્ય કામ રસનું છે. રસ ત્યાંથી ખસતો નથી. ઉપયોગ જાય કે આ આત્માની વાત છે, આત્માનું હિત કરવાની વાત છે પણ ઓલાપણેથી (ત્યાંથી) રસ ખસે નહીં એનું શું ? એમ. અભિપ્રાય બદલાય નહીં, નિર્ણય બદલાય નહીં, રસ ફરે નહીં તો બાકીની બધી ઉપર ઉપરની વાતો કાંઈ અસર કરે નહીં.

આ પ્રશ્ન આપણે ત્યાં થાય છે, આપણા સ્વાધ્યાયમાં એ પ્રશ્ન થાય છે કે, આ વાત થાય છે ઈ અંદર કેમ ઊતરતી નથી ? આટલા વર્ષથી સાંભળ્યા છતાં

અંદર કેમ ઊતરતી નથી ? આ અંદર ઊતરવામાં પરિણતિનું પડ આડું નડે છે. એની જે (ઊંધી) પરિણતિ છે એ એને અંદર ઊતરવા દેતી નથી. (માટે) પરિણતિ બદલવી જોઈએ.

એ પૂજ્ય 'બહેનશ્રી' કહે છે (કે), પરિણતિ થઈ જવી જોઈએ, જીવન આત્મામય થઈ જવું જોઈએ. એટલે કે આત્મપ્રાપ્તિ સંબંધીની એક પરિણતિ થઈ જવી જોઈએ. ત્યાં સુધી એને સુખ પડે નહીં, ચેન પડે નહીં અને ત્યાંને ત્યાં એનો જીવ વળગ્યો રહે. આ માણસ નથી કહેતા ? કે ભાઈ ! અહીંયાં બેઠો છે પણ એનો જીવ ત્યાં વળગ્યો છે. જીવ વળગ્યો છે એનું નામ પરિણતિ છે. પરિણતિ જ એનો આત્મા છે. કેમકે એ એની મૂળદશા છે. એટલે એને જીવ કહેવામાં આવે છે. સાદી ભાષામાં પણ આપણને એમ કહેવામાં આવે છે કે, ભાઈ ! ઈ અહીંયાં આવ્યો છે પણ એનો જીવ ત્યાં છે. એનો અર્થ શું ? કે, એની પરિણતિ ત્યાં કામ કરે છે. આત્મપ્રાપ્તિની ભાવનાથી, આત્મહિતની ભાવનાથી એવી પરિણતિ આત્મા સંબંધીની થાય ત્યારે એ વાત અંદર ઊતરે, ત્યારે આત્માની વાત અંદર ઊતરે. ત્યાં સુધી આત્માની વાત અંદર ઊતરે નહીં. ગમે એટલી વાર સાંભળે, સાંભળી સાંભળીને ઠેઠ આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી સાંભળ્યા જ કરે પણ પરિણતિમાં ફેર પડે નહીં તો આત્માની વાત કાંઈ અંદર ઊતરવાની જગ્યા છે નહીં. આ સીધેસીધું પરિણામ સંબંધીનું વિજ્ઞાન છે. આમાં આડુંઅવળું કાંઈ ચાલે એવું નથી.

અહીંયાં પ્રતીતિરૂપ પરિણતિ લીધી છે. પ્રતીતિમાં શ્રદ્ધા મુખ્ય છે. જ્ઞાનીની કે અજ્ઞાનીની પરિણતિમાં શ્રદ્ધા મુખ્ય છે. શ્રદ્ધા છે એનો એક પરિણમનનો પ્રકાર એવો છે કે, એ પોતે માલિક બની જાય છે. અભેદતા સાધી લે છે અને પોતે જ માલિક બની જાય છે. જો આત્માની શ્રદ્ધા થાય તો એ આત્મામાં અભેદતા ધારણ કરીને એ સ્વયં આત્માનો કબજો કરી લે છે. 'સોગાનીજી' કહે છે ને કે, આત્માનો કબજો કરી લે છે, પોતે માલિક થઈ જાય છે. પછી કોઈ એમ કહે કે, માલિક થવામાં માલિક ને માલિકીની ચીજ એમ જુદું (રહે છે). (તો કહે છે કે), એટલું પણ જુદું રહેતું નથી. એમાં પણ જુદાંપણું લાગે છે, એ શબ્દ

પણ ઓછો પડે છે. એવો કબજો કરી લે છે. એમ પર ઉપર શ્રદ્ધા જાય છે ત્યારે એનો કબજો કરવા જાય છે. કબજો કરી શકતો નથી પણ પરિણતિ એવી થયા કરે છે. એટલે એને ત્યાંથી આત્મભાવ અને આત્માનો બોધ એ અંદર ઊતરવા માટે એક મોટો પ્રતિબંધ થઈ પડે છે. ઊલટી પરિણતિ આત્માનો બોધ બહારમાં મળવા છતાં પણ એ ઉપદેશ અંદર ઊતરવામાં પ્રતિબંધક છે, અવરોધક છે. દરવાજો બંધ રાખે છે. અંદર જવા નહીં દઉં !

મુમુક્ષુ :- અજ્ઞાની પરપદાર્થ ઉપર કબજો કરીને બેઠો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ તો કબજો લઈને, કબજો લીધાનો જ અનુભવ કરે છે પણ કબજો લઈ શકતો નહીં હોવાથી એના અનુભવને ખોટો, જૂઠ્ઠો, મિથ્યા કહેવામાં આવે છે અને એની પરિણતિને મિથ્યાત્વની પરિણતિ કહેવામાં આવે છે. કેમકે (કબજો) લઈ તો શકતો નથી પણ અનુભવ એવો કરે છે, ભાવ એવો જ કરે છે.

પ્રશ્ન :- જ્ઞાનીની પરિણતિને જોવાની વિધિ શું છે ?

સમાધાન :- વિધિમાં તો એવું છે કે, ઉપયોગ એટલો સૂક્ષ્મ થાય, જ્ઞાન એટલું સૂક્ષ્મ થાય તો સમજી શકે. જે પરિણામના રસને પકડી શકે. એમાં શું છે કે, પરિણતિ છે ત્યાં રસ છે અને બાકી રસ નથી. કોઈવાર આત્માની વાત કરે તો ઉપયોગ અને પરિણતિની પાછી મૈત્રી થાય છે. જ્ઞાની આત્માની વાત કરે, આત્મા જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, નિત્યાનંદ (છે એમ કહે) તો ત્યાં એ પરિણતિની સાથે ઉપયોગની મૈત્રી ચાલે છે. ભાવના વિશેષ થાય છે. પણ ક્યાં રસ જાય છે અને ક્યાં રસ નથી જતો ? એ રસ પકડતા જીવને આવડે છે.

બીજા જીવનો રસ પકડે છે કે નહીં ? વિભાવરસ પકડે છે કે નહીં ? કે, ભાઈ ! આને આ રસ છે, આને આ રસ છે, આને આ રસ છે, આને આ રસ છે. કોઈને ખાવાનો રસ છે, કોઈને સંગીતનો રસ છે, કોઈને બહાર હરવા-ફરવાનો રસ છે. પંચેન્દ્રિયના વિષયમાં જુદાં જુદાં રસ હોય છે કે નહીં ? ભાઈ ! આપણને તો એક ખાવા સિવાય પછી બીજો કાંઈ શોખ નહીં, બીજું મળે, ન મળે – અગવડ-સગવડ હોય કાંઈ નહીં. બસ ! ભાણું સરખું હોય એટલે ભગવાન

મળ્યા એમ કહી દે ! એમ નથી (કહેતા) માણસો ? તો એનો અર્થ શું છે કે એનો રસ ત્યાં છે. તો એ બીજાના રસને ઓળખી શકે છે કે નથી ઓળખી શકતો ? એના માટે એણે શું તૈયારી કરી છે ? કે એ સંબંધીનો એનો અભ્યાસ છે. વિભાવરસને સમજી શકવાનો અભ્યાસ છે. એમ સ્વભાવરસને સમજવાનો અભ્યાસ એની પાસે હોવો જોઈએ. એ દૃષ્ટિકોણને લંબાવે, એ દૃષ્ટિકોણપૂર્વક અવલોકન કરે, એ અવલોકનનો વારંવાર અભ્યાસ ચાલે તો એ સમજાય છે. દરેક વાત અભ્યાસે સહેલી છે અને અણઅભ્યાસે અઘરી છે.

દસ વર્ષની દીકરી માટે રોટલી બનાવવી સહેલી છે અને પંચોતેર વર્ષના બુઢ્ઢા માટે રોટલી બનાવવી અઘરી છે. રોટલી બનાવવી અઘરી પણ નથી અને સહેલી પણ નથી, અભ્યાસે સહેલી છે અને અણઅભ્યાસે અઘરી છે. એ વિશેષણ અભ્યાસને લઈને લાગુ પડે છે. એનો અભ્યાસ જોઈએ.

દરેક જગ્યાએ સ્વભાવ પકડવાનો અભ્યાસ જોઈએ. જ્ઞાનની અંદર એક સ્વભાવનો દૃષ્ટિકોણ કામ કરતો થાય એ દરેક જગ્યાએ સ્વભાવ પકડે કે આનો સ્વભાવ શું ? આનો સ્વભાવ શું ? આનો સ્વભાવ શું ? સ્વભાવ શું ? આના ઉપર જાય તો સ્વભાવને પકડી શકે છે. સીધી વાત છે. અને પ્રયોજન હોય ત્યાં ઈ બરાબર પકડે છે. કોઈ Minister પાસે કામ કઢાવવું હોય તો એના સંબંધીઓને, એના Private Secretaryને (પૂછે કે), સાહેબનો સ્વભાવ કેવો છે ? જરા વાત કરવાની ખબર પડે. અમે સીધી વાત કરવા જઈએ અને કંઈક ઊલટું પડે તો અમારું કામ બગડી જાય. તો એનું કામ સાધવા માટે પહેલેથી આટલી બધી તૈયારી કરે કે, આ માણસ ક્યા સ્વભાવનો છે ? એની સાથે કઈ રીતે વાત કરવી ? ઠીક ! તો ત્યાં બધું આવડે છે કે નથી આવડતું ?

અહીંયાં પોતાનું પ્રયોજન સિદ્ધ કરવું છે તો એને પરિણતિરૂપ સ્વભાવ અને સ્વભાવરૂપ પરિણતિ છે એને સમજવાની એને જિજ્ઞાસા હોવી જોઈએ ઠીક ! સીધો ઉત્તર ઈ છે કે એની તૈયારી અને એની ક્ષમતા, (એને) પ્રાપ્ત કરવા માટે એની જિજ્ઞાસા હોવી જોઈએ. કોઈપણ વિષયને જાણવા, સમજવાની, ઓળખવાની પૂર્વ તૈયારીમાં જિજ્ઞાસા એકમાત્ર સાધન છે. જેટલી જિજ્ઞાસા તીવ્ર એટલી એ

કાર્યની સફળતા. આ સીધી વાત છે.

જ્ઞાનીની પરિણતિ ઓળખવા માટે કેવી તૈયારી હોવી જોઈએ ? કે, એ જ્ઞાનીને ઓળખવા માટેની જિજ્ઞાસા કેટલી છે ? જેટલી જિજ્ઞાસા એટલું ઓળખવું સહેલું, કેમકે જિજ્ઞાસા જ્ઞાનમાં અવકાશ કરે છે. આમ તો શું છે કે, જ્ઞાનમાં અનેક ચીજ અને ઇષ્ટ-અનિષ્ટપણાનો કચરો એટલો ભેગો કર્યો છે કે નિર્મળ પદાર્થને ઓળખવા અને સમજવાનો અવકાશ થવાની જરૂર છે અને એ અવકાશ જિજ્ઞાસાથી ઉત્પન્ન થાય છે. એટલે મુમુક્ષુની ભૂમિકામાં જિજ્ઞાસાને જે સ્થાન આપવામાં આવે છે એનું કારણ એ છે.

પ્રશ્ન :– જિજ્ઞાસાને અવકાશનું સ્વરૂપ કહેવામાં આવે છે ને ?

સમાધાન :– એ જિજ્ઞાસા અવકાશ કરે છે. જિજ્ઞાસાભાવને લઈને જ્ઞાનમાં અવકાશ ઉત્પન્ન થાય છે. એટલે એની જિજ્ઞાસા એને થાય, જેટલી જિજ્ઞાસા તીવ્ર એટલું એને જે કામ કરવું છે એ સહેલું. આ સીધી વાત છે. અને આમાં બીજો ન્યાય કે દૃષ્ટાંત આપવાની જરૂર નથી. એટલો બધો આ Practical વિષય છે.

અહીંયાં કહે છે..

મુમુક્ષુ :– જ્ઞાની અને અજ્ઞાનીની પરિણતિની જાત ઊલટી–સૂલટી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઊલટી–સૂલટી જાત છે. જ્ઞાનીની પરિણતિ અને અજ્ઞાનીની પરિણતિની જાત ઊલટી છે. જ્ઞાનીની પરિણતિ સ્વભાવ જાતિની છે, અજ્ઞાનીની પરિણતિ વિભાવ જાતિની છે. ઊલટી–સૂલટી છે.

એટલે કહે છે કે જ્ઞાનીને **'શુભ ભાવો આવે પણ અંદર એકલાપણાની પ્રતીતિરૂપ...'** હું એકલો છું એવી શ્રદ્ધા અને એ રૂપ અનંત ગુણની **'પરિણતિ નિરંતર બની રહે છે.'** શુદ્ધ શ્રદ્ધા છે, અખંડની અખંડ શ્રદ્ધા છે. હું એકલો અખંડ એક સ્વરૂપે છું એવી અખંડ શ્રદ્ધા છે અને પરિણતિ પણ એ રૂપ થઈ છે. એવી નિરંતર પરિણતિ છે અને એ પરિણતિ એમનું સ્વરૂપ છે, એ એમની ગુણદશા છે, એ એમની ધર્મદશા છે, એ એમની માર્ગદશા છે અને એમની એ પરિણતિ જોઈને એમને વંદન કરવામાં આવે છે.

અહીં સુધી રાખીએ છીએ.

લેપ વગરનો હું ચૈતન્યદેવ છું. ચૈતન્યને જન્મ નથી, મરણ નથી. ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય. ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ–અલિપ્ત જ છે. પછી ચિંતા શાની ? મૂળ તત્ત્વમાં તો કાંઈ પ્રવેશી શકતું જ નથી. ૮૮.

તા. ૧૮-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૮, ૮૯
પ્રવચન નં. ૭૩

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું – ૩૧. ૮૮મો બોલ છે. સ્વરૂપમહિમા(નો બોલ છે). પોતાનું અનંત મહિમાવંત સ્વરૂપ કેવું છે ? સ્વરૂપનો મહિમા સ્વરૂપજ્ઞાનીને કેવો હોય છે ? એને પ્રદર્શિત કરતા આ વચનો છે.

**'લેપ વગરનો હું ચૈતન્યદેવ છું.'** જે કદી રાગથી અને અન્ય પદાર્થથી લેપાતો નથી. બીજા પદાર્થનો જેને સ્પર્શ નથી અને એની અવસ્થામાં ઉત્પન્ન થતો રાગ, એ પણ જેને જરા પણ અડતો નથી એવો હું ચૈતન્યદેવ છું. ચૈતન્ય છું એમ ન લીધું, મહિમા કરવો છે એટલે ચૈતન્યદેવ એમ કહ્યું.

પોતે જ દેવ છે. અનંત દૈવીશક્તિનો ધણી છે તેથી પોતે જ દેવ છે. એટલે

તો 'રત્નકરંડ શ્રાવકાચાર'ની ૨૮મી ગાથામાં એ કહ્યું કે, બહારમાં ચાંડાળનું કુળ હોય, મનુષ્ય હોય (પણ) ઢેઢ, ભંગી, ચાંડાળ એવા કુળમાં જન્મ થયો હોય, પણ જો એ સ્વાનુભૂતિ પ્રાપ્ત કરે, ચૈતન્યદેવને ઓળખીને એનો અનુભવ કરે કે હું આવો છું, તો ગણધરદેવ એને દેવ કહે છે. ગણધરદેવ એને દેવ કહે છે. દેવ એને દેવ કહે છે. કયા દેવ ? કે, ગણધરદેવ એને દેવ કહે છે. એવી ગાથા છે. મૂળ ગાથા છે.

સ્વામી 'સમંતભદ્રાચાર્ય' રચિત આ શ્રાવકોના આચારનો ગ્રંથ છે. ચરણાનુયોગનો ગ્રંથ જેને કહેવામાં (આવે છે). ચાર અનુયોગમાં આ ચરણાનુયોગનો ગ્રંથ કહેવાય છે. એ લોકો કહે છે ને ? કે તમે બધો આધાર 'કુંદકુંદસ્વામી'નો લ્યો છો, લ્યો ! આ 'સમંતભદ્રસ્વામી'નો આધાર. દિગંબરમાં (આ) બહુ સમર્થ આચાર્ય થયા. જેનો આધાર 'શ્રીમદ્જી'એ લીધો છે કે, જેમ જંગલમાં સિંહ ત્રાડ નાખે એમ આ જંગલના સિંહની જેમ 'સમંતભદ્રાચાર્યે' જંગલમાંથી ત્રાડ નાખી છે ! એવી ઉપમા લીધી છે. હે અરિહંત ભગવાન ! આ ચોત્રીસ પ્રકારના અતિશય, સમવસરણની રિદ્ધિ-સિદ્ધિ છે એને લઈને હું આપને દેવ નથી માનતો. એવું તો ઇન્દ્રોને, માયાજાળીઓને હોય છે, પણ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ આપે જોયા અને આપની જે વીતરાગતા અને પૂર્ણજ્ઞાન છે તેથી હું આપને દેવ માનું છું.

અહીંયાંથી પ્રકરણ શરૂ કર્યું. લોકમૂઢતા, દેવમૂઢતા, ગુરુમૂઢતા એ બધા પ્રકરણ ચાલે છે. ધાર્મિક પુરુષોનો સમાદર ઉચિત છે અને અનાદર, તિરસ્કાર ઉચિત નથી. એવું મથાળું બાંધ્યું છે.

(અન્વયાર્થ) :- **'देवाः सम्यग्दर्शन संपन्नम् मातङ्गदेहजम् अपि भस्मगूढांगारान्तरौजसम् देवम् विदुः'** **'देवाः'** એટલે ગણધરદેવો સમ્યક્દર્શનથી યુક્ત ચાંડાળ કુળમાં ઉત્પન્ન થયેલા જીવને પણ. એ મુનિદશાની વાત નથી કેમકે નીચેના ગોત્રમાં ઉત્પન્ન થાય એને મુનિદશા ઉત્પન્ન થતી નથી, એટલો પુરુષાર્થ એને જાગૃત થતો નથી. એટલે સમ્યક્દૃષ્ટિની વાત થઈ, સમ્યક્દર્શનથી યુક્ત હોય અને ચાંડાળ કુળમાં ઉત્પન્ન થયેલા જીવને પણ દેવ કહે છે. જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં તેજવાળા છે. અંગારાને ભસ્મથી રાખ વળી ગઈ હોય

તો અંદરમાં એને અગ્નિનું તેજ છે, એમ સમ્યક્દૃષ્ટિને પોતાના આત્માનું અંદરમાં તેજ છે.

**'દેવમ્'** એટલે દેવ, **'આરાધ્ય' (આરાધન કરવા યોગ્ય) દેવ' 'વિદુઃ'** એટલે **'માને છે. કોણ તેઓ ?** કે **'દેવો. જેનું મન સદા ધર્મમાં છે તેને દેવો પણ નમે છે. એવા કથનાનુસાર... ...ચાંડાલને પણ સમ્યક્દર્શનથી યુક્ત એવા, તેથી જ જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં પ્રકાશવાળો અર્થાત્ નિર્મળતાવાળો છે એવા.'**

ભાવાર્થ :- **'અહીં ઉપમા-ઉપમેય ભાવથી કથન છે, ભસ્મ સમાન ચાંડાલનું શરીર છે, અંગાર (અગ્નિ) સમાન જીવ છે અને પ્રકાશ સમાન સમ્યક્દર્શન છે. ભસ્મ, અંગાર અને પ્રકાશ તે ઉપમા છે અને શરીર, જીવ અને સમ્યક્દર્શન તે...'** ઉપમાથી દર્શાવવા યોગ્ય **'ઉપમેય છે. ભસ્મથી આચ્છાદિત અગ્નિના તેજ સમાન સમ્યગ્દર્શનયુક્ત ચાંડાલના દેહધારી જીવને પણ 'દેવ' કહે છે; કેમકે તેને સાચા સમ્યગ્દર્શનરૂપ દિવ્યશક્તિ પ્રગટ થઈ છે.'**

દેવનું વિશેષણ એને લાગુ પડે છે. સમ્યક્પ્રકારે અનંતાનુબંધી અને દર્શનમોહ જેવા કષાયોના રાજાને જીત્યા હોવાથી એને જિન પણ કહે છે, દેવ કહે છે, જિન કહે છે – આ બધા વિશેષણો એને લાગુ પડે છે. વિજય મેળવ્યો તેથી જિન કહ્યા. એ કરણાનુયોગમાં વાત લીધી, આ ચરણાનુયોગમાં વાત લીધી. આ અન્ય અનુયોગનો આધાર છે. દ્રવ્યાનુયોગ સિવાયના અનુયોગનો આધાર છે.

એ શબ્દ અહીંયાં વાપર્યો છે કે, **'લેપ વગરનો હું ચૈતન્યદેવ છું.'** દિવ્યશક્તિ પ્રગટ કરી એટલે દેવ કહ્યો. અહીંયાં દિવ્યશક્તિઓના ભંડારને જોયો એટલે પોતાના દૈવી સ્વરૂપને જોઈને એમ કહે છે કે હું પોતે ચૈતન્યદેવ છું ! અનાદિથી અનેક પુદ્ગલોના સંગમાં રહેવા છતાં અને અનેક રાગાદિના સંગમાં રહેવા છતાં એને કોઈનો લેપ લાગ્યો નથી, લેપાયમાન થયો નથી. આત્મા મૂળ સ્વરૂપથી છૂટીને, પોતાના મૂળ સ્વરૂપનો ત્યાગ કરીને આત્મા કદી કોઈની સાથે લેપાયમાન થયો નથી. (એવો) **'લેપ વગરનો હું ચૈતન્યદેવ છું,...'**

**'ચૈતન્યને જન્મ નથી,...'** ચૈતન્યને **'મરણ નથી.'** જન્મ અને મરણ ચૈતન્યને

નથી. અનાદિઅનંત શાશ્વત છે. મરણ જેવું જેને નથી તો પછી બીજો તો આત્માને બાધા પહોંચાડનાર કોઈ પ્રસંગ છે એ વાત ઉત્પન્ન થતી નથી, રહેતી જ નથી. મરણ તો સર્વથી પ્રાણઘાતક પ્રસંગ ગણવામાં આવે છે પણ એ પુદ્‌ગલના પ્રાણનો અભાવ થાય છે. ચૈતન્યપ્રાણનો નાશ કરી શકાતો નથી.

**'ચૈતન્યને જન્મ નથી,...'** ચૈતન્યને **'મરણ નથી. ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે.'** પોતાના મૂળ સ્વરૂપે એવુંને એવું સદા છે. જેને કાંઈ પણ બીજા કોઈ પ્રકારની વિકૃતિની અસર પણ થતી નથી. કેટલું પોતાના સ્વરૂપનું સામર્થ્ય છે કે એનાં જ પરિણામમાં, જીવના જ પરિણામમાં, ચૈતન્યના જ પરિણામમાં અનાદિથી વિકૃતભાવ, મલિનભાવ, વિકારભાવ થતો હોવા છતાં અને અનાદિથી વર્તમાન સુધીના અનંતકાળમાં મોટો ભાગ પ્રચુરમાં પ્રચુર વિભાવ થયો છે. કેમકે વધુમાં વધુ કાળ નિગોદમાં ગયો છે, ત્રસનો કાળ બહુ મર્યાદિત છે. ત્રસ પર્યાયનો અલ્પ કાળ છે અને પરિભ્રમણમાં બહુભાગ નિગાદનો થાય છે. તો વધુમાં વધુ કાળ પ્રચુરમાં પ્રચુર મલિનતા અવસ્થામાં ઉત્પન્ન થવા છતાં, મૂળ સ્વરૂપને જ્યારે જોવામાં આવે છે ત્યારે એમ જોવામાં આવે છે કે, અરે... વાહ ! ચૈતન્ય ! તું તો એવો ને એવો છો ! નકોર છે, કોરેકોરું તત્ત્વ છે, એને કાંઈ પણ લેપ લાગ્યો નથી. એવું એનું અમર્યાદિત ગજબનું સામર્થ્ય જોવામાં આવે છે !! એટલે કહે છે કે, એ તો – ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે. એને તો ખરેખર જન્મ-મરણ પણ થયા નથી. 'એને નથી' એનો અર્થ કે જે થયા, અનંતા જન્મ-મરણ થયા તો કહે (છે) એ વ્યવહારનયના વિષયમાં જાય છે. નિશ્ચયનયના વિષયભૂત ચૈતન્ય પદાર્થને એટલે પોતાના સ્વરૂપને, ચૈતન્ય પદાર્થને એટલે પોતાના મૂળ સ્વરૂપને જોવામાં આવે તો એને એકેય જન્મ-મરણ થયા નથી. કદી એ નવો ઉત્પન્ન થયો નથી. કદી એનો નાશ થવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– જન્મ-મરણનો ભય કાઢી નાખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– એને જોવે તો જન્મ-મરણ રહે નહીં, એનો ભય જ ન રહે, પછી બીજો ભય રહેવાનો તો પ્રશ્ન જ નથી. સમ્યક્‌દૃષ્ટિ નિર્ભય છે એમ કહ્યું. ('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં એવા ઉપરાઉપરી સાત કળશ લીધા

છે. સપ્તભય રહિત ! કેમ સમ્યક્દૃષ્ટિ નિર્ભય છે ? કે, પોતાનું સ્વરૂપ એણે એવું જોયું છે કે જેમાં જન્મ-મરણ છે નહીં, જન્મ-મરણના કારણભૂત જે ભાવો છે – મિથ્યાત્વ, અજ્ઞાન એ પણ એનામાં નથી. કારણ અને કાર્ય બન્ને નથી. 'એવો હું છું' એવી પ્રતીતમાં ભય ક્યાંથી ઉત્પન્ન થાય ? આ સવાલ છે. ભય ઉત્પન્ન થવાનો ત્યાં અવકાશ જ નથી. 'હું આવો છું' એની પ્રતીતિ વર્તે છે કે 'આવો જ છું. આવો જ છું' એ પ્રતીતનો વિષય છે. એને જન્મ-મરણનો ભય નથી, એને બહારમાં જન્મ-મરણ થતાં મટી જાય છે. આ પ્રતીતના જોરમાં વ્યવહારનયે જે જન્મ-મરણ થાય છે એનો પણ એને અભાવ થઈ જાય છે.

મુમુક્ષુ :– અનાદિકાળથી અત્યાર સુધી બધા ફાંફાં જ માર્યા ને !

પૂજ્ય ભાઈશ્રી :– જેને મરણની ચિંતા નથી એને બીજી શેની ચિંતા હોય ? આ સવાલ છે. જગતમાં વધુમાં વધુ Seriousમાં Serious કોઈ વાત હોય તો મરણની વાત છે. પછી ઘરમાં નાનું બાળક હોય, યુવાન હોય, ગમે તે હોય પણ એક પણ સભ્યનો દેહત્યાગનો પ્રસંગ આવે, જેને મરણ કહે છે, એટલે ગંભીર થઈ જાય. ઘરમાં મરણ થાય અને કોઈ દાંત કાઢે ? હસે ? બધા ગંભીર થઈ જાય કે ભાઈ ! અત્યારે હવે ગંભીર પ્રસંગ છે. એકદમ ફેરફાર થઈ જાય.

અહીંયાં કહે છે કે, એનો ભય નથી તો પછી બીજા કયા પ્રસંગનો ભય (થાય) ? બીજા કયા સંયોગ-વિયોગનો ભય થવા કે કરવા યોગ્ય છે ? એ પ્રશ્ન જ રહેતો નથી. **'ચૈતન્ય તો સદા ચૈતન્ય જ છે.'** અને બહારના ફેરફારો સાથે એને સંબંધ નથી એમ કહેવું છે. લેપ નથી એટલે કોઈપણ પ્રકારનો એને સંબંધ નથી. સંબંધ નથી એટલે એનો ભય, ચિંતા, ખેદ, શોક એ કાંઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અનંતા સંયોગો થયા, અનુકૂળતાના ગંજ ખડકાઈ ગયા (છતાં) તારા આત્મામાં કાંઈ આવ્યું નહીં. પ્રતિકૂળતાઓના પણ ગંજ ખડકાઈ ગયા (પણ) તારા આત્મામાંથી કાંઈ ગયું નહીં. કેમકે એની અંદર કોઈ આવવા-જવાનું સંભવિત કે શક્ય નથી. અશક્ય અને અસંભવિત છે. એવું વિચારથી સમજે. અહીં સ્વાધ્યાયમાં તો હજી વિચારની ભૂમિકામાં છે ને ? એવું વિચારથી સમજે તોપણ એને ચિંતાનો રસ

ઘટે. ચિંતાનો રસ ઘટે.

'શ્રીમદ્જી' કહે છે કે, કોઈપણ ઉદયના પ્રસંગમાં આ રીતે વસ્તુના સ્વરૂપને વિચારીને ચિંતા ઓછી થવી અથવા વસ્તુના સ્વરૂપની સમજણને કારણે – સમજણને આધારે ચિંતા ઓછી થવી એ જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશ કરવાનું દ્વાર છે. જો ચિંતા નહીં ઘટાડી શકે તો કોઈ રીતે જ્ઞાનીનો માર્ગ એટલે અંતર્મુખ થવાનો માર્ગ (છે) એની સૂઝ આવતી નથી. ચિંતા ઘણી છે, ચિંતાનો બોજો છે તો આ માર્ગ સૂઝતો નથી. કેમકે એ ચિંતા એવો રસ છે કે ઉદય પ્રત્યે તીવ્રપણે લાગેલો રહે છે, તન્મયપણે લાગેલો રહે છે.

સર્વકાળે અને અત્યારે આ વર્તમાનમાં પણ, આ ક્ષણે પણ ચૈતન્ય તો સદાય નિર્લેપ ચૈતન્ય જ છે. નવું તત્ત્વ પ્રગટે તો એને જન્મ કહેવાય, નવું ઉત્પન્ન થાય એને જન્મ કહેવાય. ચૈતન્ય નવું ઉત્પન્ન થાય તો એનો જન્મ થયો એમ કહેવાય પણ અનાદિથી છે. એની હસ્તીને કોઈ મિટાવી શકે એવું નથી, હયાતીને કોઈ મિટાવી શકે એવું નથી. આ Operation કરે કે Accident થાય (ત્યારે) શરીરના અંગઉપાંગની કાપકુપ કરવી પડે (એ વખતે) આત્માના એક પ્રદેશને કાપીને જુદો લઈ શકાતો (નથી), ઓછો કરી શકાતો નથી. ક્ષેત્રથી પણ એના ક્ષેત્રને ઘટાડી શકાતું નથી. ગુણથી પણ એના કોઈ ગુણને હાનિ પહોંચાડી શકાતી નથી. એવું પોતાનું સ્વરૂપ અનુભવવું એ પોતાના ગુણ અને શક્તિનો વિકાસ કરવાનો માર્ગ છે. એની શ્રદ્ધા કરવી, એનું જ્ઞાન કરવું, એમાં સ્થિર થવું એ શક્તિઓ પ્રગટવાનો – વિકાસ થવાનો ઉપાય છે.

**'નવું તત્ત્વ પ્રગટે તો જન્મ કહેવાય. ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ – અલિપ્ત જ છે.'** ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં (નિર્લેપ જ રહે છે). એ જ વાત લીધી છે. આ ઉદયમાં જીવ મૂંઝાઈ જાય છે. એને પોતાના વિકલ્પ અનુસાર બહારમાં ઉદયની સ્થિતિ ન હોય કે ન થાય કે ન રહે તો એને મૂંઝવણ થાય છે. એને સમાધાન રહેતું નથી. આમ કેમ થાય છે ? આમ કેમ થાય છે ? કહે છે કે, ગમે તેવા ઉદયમાં તારા સ્વરૂપને તું જો ને પણ ! તું તો અલિપ્ત જ છો. એ સંયોગો અને એ

ઉદય સાથે તારે કોઈપણ પ્રકારનો જરા પણ સંબંધ નથી. તું એનાથી નિર્લેપ છો, એનાથી જરા પણ બગડ્યો છું, લેપાયેલો છું, અડ્યો છું, સ્પર્શાયો છું, બંધાયેલો છું (એવું) જો કાંઈ પણ નથી તો પછી ચિંતા શેની ? તો પછી શેની ચિંતા ? કોની ચિંતા કરે છે ? તારી ચિંતા કરવાનું તારે કોઈ કારણ નથી અને બીજાની ચિંતા કર તેથી કાંઈ બીજાના બીજા કાર્યો બરાબર પરિણમનમાં ઠીક થઈ જાય એવું બની શકતું નથી.

મુમુક્ષુ :- વાત બરાબર છે પણ એમાં બળ ઘણું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- બળ(માં) તો એવું છે કે પોતાના અનંત બળવાન સ્વરૂપનો આધાર લ્યે તો એને બળ મળે અને એનો આધાર છોડે તો નિર્બળ થાય - પરિણામમાં અશક્તિ ઉત્પન્ન થાય. આમ છે. પોપટ જીવતો ક્યારે પકડાય છે ? કે, પોતાની ઊડવાની શક્તિને ભૂલે છે ત્યારે. એનામાં તો ઊડવાની શક્તિ છે. (પોપટ પકડનારે) ભૂંગળી મૂકી. ભૂંગળી ઉપર બેસે છે અને ફળ ખાવા જાય છે. ફળની નજીક ડાળી ગોઠવી હોય. ખાવા જાય છે અને ભૂંગળી ફરે એટલે ઊંધો થઈ જાય છે. એક ક્ષણ ભૂલે છે કે, અરે...! હું પડ્યો, પડી જઈશ. જો હું ભૂંગળીને મૂકી દઈશ (તો પડી જઈશ). કુદરતી ભયથી આંગળા બિડાઈ જાય છે. ઊંધો લટકી રહે છે. છોડે તો એ તો આકાશમાં ઊડી જશે. એમ એને (-જીવને) એમ થાય છે કે આ સંયોગોના આધારે હું જીવું છું. આ રોટલા-પાણી મળે છે ને એટલે મારું જીવન ચાલે છે. આ ઘર છે એટલે મને આશરો છે. આ હવા છે એટલે મને શ્વાસોચ્છ્વાસ છે અને આ બધા મારી આજુબાજુના સગાં-સ્નેહીઓ છે એટલે મને ઘણો આધાર છે. આ બધું નિર્બળતા આવવાનું કારણ છે.

જેટલો પરનો આધાર (લ્યે) એટલી અશક્તિ વધે. આમ છે. એના વિના અનાદિથી જીવતો રહ્યો છે અને જીવતો રહેવાનો છે. અનંત જીવત્વશક્તિના સામર્થ્યથી, જ્ઞાન અને દર્શન જેના ચૈતન્યપ્રાણ છે એનાથી એ જીવે છે. જીવત્વશક્તિના પ્રાણ જ્ઞાન અને દર્શન છે. (એનાથી) સદાય જીવે છે. જીવંત તત્ત્વ છે અને એ જીવંત તત્ત્વ સદાય જીવંત રહે (છે) એમ ન માને, પોતાને મરેલો

માને તોપણ મરતો નથી. નબળો માને તોપણ એથી કાંઈ એની શક્તિ, અંદરથી મૂળ શક્તિ નથી જતી. અવસ્થામાં દીનપણાનો અનુભવ કરીને દુઃખી થાય એટલી વાત છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી આશ્રય તો નિર્બળતાનો જ લીધેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિર્બળતાના આશ્રયે એ જ થાય. કોઈ કાંકરી વાગે અને ઠેકડેઠેકડા મારે કે મને મારી નાખ્યો રે... મારી નાખ્યો ! છોકરો એક કાંકરીનો ચાળો કરે (અને) ગાંડો માણસ હોય (એટલે) બૂમાબૂમ કરવા મંડે, એ... મને માર્યો રે માર્યો, મને માર્યો રે માર્યો ! કહે છે, ભાઈ ! તને કાંકરી અડી એમાં થયું શું ? અહીં તો કહે છે, તને એટલું પણ અડતું નથી. કાંકરી અડે એટલું પણ તારા સ્વરૂપને કોઈ અડી શકતું નથી. (પછી) શેની ચિંતા ? તું શેની ચિંતા કરે છો ?

સામાન્યરીતે મનુષ્યપ્રાણીની વર્તમાન સ્થિતિ જોઈએ તો ગમે તેવી સારી સ્થિતિ હોય; લોકો સમજે કે આની સ્થિતિ સારી છે (છતાં) ઈ ભવિષ્યની ચિંતામાં પડ્યો હોય. કે બીજું કાંઈ છે ? અત્યારની એની સ્થિતિ એવી ન હોય કે જેને લઈને એને લાચારી અને દીનતા કરવી પડતી હોય, તોપણ ભવિષ્યની ચિંતામાં એ વર્તમાન જીવન જીવવાની જે કાંઈ અનુકૂળતા કે સુખ છે એને પણ એ લૂંટાવી દે છે, એને પણ ખોઈ બેસે છે. આવતીકાલે સંયોગના પુદ્‌ગલો કે સંયોગો કેમ પરિણમવાના છે એ બિલકુલ એના અધિકારનો વિષય નથી, એના હાથની બાજી નથી. એક ક્ષણ પછી શું થવાનું છે એ એના હાથની બાજી નથી. એને જ્ઞાનમાં પણ આવતું નથી, કરી તો શું શકે ? એક ક્ષણ પછી શું થશે એની ખબર છે ? એટલી અલ્પજ્ઞતા છે કે એની પણ ખબર નથી. તોપણ આમ કરું ને આમ કરીશ, આમ કરું ને આમ કરીશ એની ચિંતામાં વર્તમાન પરિણમનમાં સિવાય દુઃખ, માત્ર દુઃખ સિવાય બીજો કોઈ અનુભવ કરતો નથી.

અહીંયાં કહે છે કે વર્તમાનમાં સંભાળ, તારા સ્વરૂપના વર્તમાનને સંભાળ ! એક સમયમાં તું પરિપૂર્ણ છો. પરિપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ આનંદનું તત્ત્વ (છો), ભરચક ભરેલું તત્ત્વ છો. અને આજે કે આવતીકાલે કોઈપણ ચિંતા તારે કરવી

પડે એ કાંઈ વસ્તુસ્થિતિ નથી.

'ગુરુદેવે' સંપ્રદાય છોડ્યો. જે દી' ઘર છોડ્યું અને દીક્ષા લીધી તે દી' ભવિષ્યની ચિંતા નહોતી કરી, અને સંપ્રદાય છોડ્યો તે દી' પણ ભવિષ્યની ચિંતા કરી નથી. ભવિષ્યમાં શું થશે ? એ તો જે પુણ્યયોગ, પાપયોગ જે થશે એ થશે પણ એનાથી હું નિર્લેપ છું. જે થશે એ તો પૂર્વકર્મના ઉદયથી થશે. પૂર્વકર્મના ઉદયને ઇન્દ્ર-નરેન્દ્ર-જિનેન્દ્ર (એ) કોઈ ફેરવવા સમર્થ નથી. જો બીજું કોઈ ફેરવવા સમર્થ નથી તો તું કેવી રીતે ફેરવી શકે છો ? (માટે કાલની ચિંતા છે) એ ચિંતા પણ વ્યર્થ છે. શેની ચિંતા કરે છો ? એ ચિંતા કરવા યોગ્ય નથી.

ખરી વાત તો એ છે જે ફેરફાર થાય છે એ તારાથી બહાર થાય છે અને તારા મૂળ તત્ત્વમાં કાંઈ થઈ શકતું નથી, તને કોઈ હાનિ પહોંચાડી શકતું નથી પછી શેનો ભય ? શેની ચિંતા ? શેનો ખેદ ? શેનો શોક ? કાંઈપણ વાત રહેતી નથી. આવો વજ્ર સમાન ! વજ્રથી વધારે તો બીજી ઉપમા નથી પણ આત્મા ચૈતન્યવજ્ર છે, એનો આશ્રય લેતાં, આશ્રય લેનાર નિઃશંક અને નિર્ભય થાય છે. નિઃશંક અને નિર્ભય થાય છે એટલે એ સુખી થાય છે. આત્માનું સુખ એને અનુભવમાં આવે છે. નહીંતર એ સિવાય કોઈને કોઈ પ્રકારે દુઃખ, દુઃખ અને દુઃખ જ અનુભવમાં આવે. આ પરિસ્થિતિ છે. ૮૮ બોલ (પૂરો) થયો.

**મુનિરાજને એકદમ સ્વરૂપરમણતા જાગૃત છે. સ્વરૂપ કેવું છે ? જ્ઞાન, આનંદ આદિ ગુણોથી રચાયેલું છે. પર્યાયમાં સમતાભાવ પ્રગટ છે. શત્રુ-મિત્રના વિકલ્પ રહિત છે; નિર્માનતા છે; 'દેહ જાય પણ માયા થાય ન રોમમાં'; સોનું હો કે તણખલું – બેય સરખાં છે. ગમે તેવો સંયોગ હોય–અનુકૂળતામાં ખેંચાતા નથી, પ્રતિકૂળતામાં ખેદાતા નથી. જેમ જેમ આગળ વધે તેમ તેમ સમરસભાવ વધારે પ્રગટ થતો જાય છે. ૮૯.**

મુમુક્ષુ :– (હિન્દી મેં લીજિયે) !

પૂજ્ય ભાઈશ્રી :– ૮૯મો બોલ મુનિદશાનો છે – ધન્ય મુનિદશા ! ઇસલિએ યે મુનિદશા કે આગે ધન્યવાદકા વિશેષણ હૈ (ક્યોંકિ) ગૃહસ્થ મેં એસી દશા કી ભાવના ધર્માત્મા કો સદા રહતી હૈ. સદા રહતી હૈ કિ, ઐસી મેરી દશા કબ હો ? મુનિદશા માને સ્વરૂપ સ્થિરતા. અપને જ્ઞાનાનંદ સ્વરૂપમેં નિરાકુલ શાંત ભાવસે સ્થિર રહ જાના ઔર અપને સ્વરૂપકી શાંતિ, આનંદ ઔર સુખકો ભોગતે રહના, એસી ભાવના (હૈ), અત્યંત સુખી હોનેકી ભાવના (હૈ). 'એગંત સોહી મુનિ વીતરાગી'

ઇસ વિશ્વમેં કોન સુખી હૈ ? કિ, અકેલા એક મુનિ હી, એગંત – અકેલા મુનિ હી સુખી હૈ. કૈસા મુનિ સુખી હૈ ? કિ, વીતરાગી મુનિ હી સુખી હૈ. જીસને રાગ-દ્વેષકા અભાવ કિયા, નાશ કિયા ઇસલિયે રાગ-દ્વેષકા દુઃખ જિસકો નહીં હૈ ઔર વીતરાગતા કા જિસકો સુખ હૈ ઐસે મુનિઓંકી કૈસી દશા હોતી હૈ ઉસકી મહિમા કરતે–કરતે (વહાં) ઉસકા વર્ણન કિયા (હૈ).

**'મુનિરાજકો એકદમ સ્વરૂપરમણતા જાગૃત હૈ.'** એકદમ માને બહુત જોર સે, સ્વરૂપ રમણતામેં વે જાગૃત હૈં, ઐસે મુનિ હોતે હૈં. અપને સ્વરૂપમેં રમણતા કરના માને લીન રહના, અપને સ્વરૂપકી પરિણતિમેં હી લીન રહના ઔર મૈં પરિપૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા હૂં ઐસી તીવ્ર જાગૃતિ રહના.

'ગુરુદેવ' કે પ્રવચનમેં ઐસી બાત આતી હૈ કિ, મુનિરાજ ઇતને જાગૃત હૈં કિ વે નીંદમેં ભી જાગૃત હૈં. અલ્પ નીંદ લેતે હૈં તો ઉસમેં ભી વે જાગૃત હૈં. ચૈતન્યકી જાગૃતિ વહાં નહીં છૂટતી. જબ નીંદમેંસે વે જાગૃત હોતે હૈં, તો ઉનકો યે પતા ચલતા હૈ કિ, નીંદમેં ભી મેં મેરે સ્વરૂપમેં તો જાગૃત હી થા. મેરે સ્વરૂપકે વિષયમેં મુઝે નીંદ આ ગઈ હૈ, ઐસા તો પરિણામ નહીં ચલા, ઐસી મેરી દશા નીંદ મેં નહીં રહી. ઐસા પતા ઉનકો ચલતા હૈ. ઉપયોગસે પતા ચલતા હૈ. તો ફિર જાગૃતિમેં તો જાગૃતિ હૈ હી.

એકદમ માને ઇતને સ્વરૂપ જાગૃતિ કી ઉગ્રતામેં હમેશા પરિણમન કરતે હૈં. જિસ સ્વરૂપમેં વે જાગૃત હૈં, જિસ આત્મસ્વરૂપમેં વે જાગૃત હૈં વહ સ્વરૂપ

કૈસા હૈ ? કિ **'જ્ઞાન, આનંદાદિ ગુણોં સે નિર્મિત હૈ.'** ઇસસે ઇસકી રચના હુઈ હૈ. રચના માને કોઈ નઈ રચના હુઈ હૈ વહ બાત નહીં હૈ કિ કોઈ નઈ રચના હો ગઈ હૈ. લેકિન રચિત હી હૈ. યાની ઐસા હી બનાબનાયા હુઆ હૈ, નયા બનાયા હુઆ નહીં હૈ. જિસમેં કેવલજ્ઞાન જૈસા અનંતજ્ઞાન ભરા હૈ ઔર જિસ આનંદકી કોઈ હદ નહીં (ઇતને આનંદ સે) ભરપૂર હૈં ઐસા અપના સ્વરૂપ હૈ, ઉસમે વે જાગૃત હૈં, ઇસલિયે બાહરકી કિસી ભી પ્રકારકી ચીજકી આવશ્યકતા હૈ ઇસ બાતકા વે અનુભવ નહી કરતે, ઐસા મહસૂસ નહીં કરતે કિ, મુઝે કોઈ ચીજ કી આવશ્યકતા હૈ. ઐસા અનુભવ કભી નહીં કરતે, કિ મુઝે યે ચાહિયે, મુઝે વહ ચાહિયે, ઇસસે મુઝે અનુકૂલતા રહેગી, યે ઠીક રહેગા. યહ બાત ઉનકો વિકલ્પમેં નહીં આતી.

મુમુક્ષુ :– ઐસા ક્યું ?

પૂજ્ય ભાઈશ્રીઃ- ઐસે જ્ઞાનાનંદમેં (રહતે હૈં), વે આનંદમેં ઐસે પડે હૈં. યે અનુકૂલતા મુઝે હો ઐસી આકુલતા ઉનકો નહીં હોતી. વિકલ્પ ઔર ઇચ્છા કબ હોતી હૈ ? કિ કોઈ પદાર્થ પ્રાપ્ત નહીં હૈ, અપ્રાપ્ત પદાર્થકી ઇચ્છા સંબંધિત આકુલતા (હોતી હૈ) વહ તો દુઃખ ભાવ હૈ. મુનિકો ઇતના દુઃખ હૈ હી નહીં. દુઃખમેંસે યે ઇચ્છા ઉત્પન્ન હોતી હૈ. મેરે પાસ પૈસે નહીં, મેરે પાસ ખાના નહીં, મેરે પાસ વસ્ત્ર નહીં, મેરે પાસ મકાન નહીં, મેરે પાસ મેરા સમાજ નહીં, ઇસકા દુઃખ સામાન્ય મનુષ્યકો હોતા હૈ, એક દુઃખવશ ભાવ હોતા હૈ. તો વે ઉતને દુઃખમેં હૈં હી નહીં. ઇતના દુઃખ હી નહીં હૈ, તો દુઃખીત ભાવ ભી નહીં હૈ. દુઃખકા ભાવ નહીં હૈ. બસ ! અપને સુખમેં પડે હૈં. યહ સુખમેંસે ઔર આનંદમેંસે બહાર નિકલના ઉનકો અચ્છા નહીં લગતા. ઇસલિયે ઉનકો સ્વરૂપમંથર કહતે હૈં (અર્થાત્) આલસી હૈં. સ્વરૂપમેંસે, આનંદમેંસે બહાર નિકલનેકે આલસી હૈં. ઉનકો આલસ આતી હૈ. યહાંસે બહાર નિકલના (અચ્છા નહીં લગે.)

ઐસે સ્વરૂપમેં વે જાગૃત રહકર પરિણમન કરતે હૈં. ઐસે પરિણમનમેં પડે હૈં. **'પર્યાયમેં સમતાભાવ પ્રગટ હૈ.'** વિષમભાવકા નાશ કિયા હુઆ હૈ. રાગ-દ્વેષકી વિષમતાકા અભાવ કર દિયા, નાશ કર દિયા ઔર પર્યાયમેં સમપરિણામ,

જ્ઞાતા-દ્રષ્ટાપનાકા પરિણામ, સમપરિણામ ઐસા સહજરૂપસે ઉત્પન્ન હો ગયા. પર્યાયમેં કોઈ વિષમ રાગ-દ્વેષરૂપ પરિણમન હોતા નહીં. ઐસા સમભાવ (પ્રગટ હૈ).

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ.'** કિસી ભી જીવકે પ્રતિ યહ મુઝે પ્રતિકૂલતા દેનેવાલા હૈ ઐસા વિકલ્પ નહીં હૈ. કોઈ પ્રતિકૂલતા દેનેવાલા હો તો ભી ! એસા નહીં કિ, પ્રતિકૂલતા નહીં દેતે હૈં ઇસલિયે કિસીકે પ્રતિ શત્રુતાકા ભાવ નહીં હૈ. કોઈ પ્રતિકૂલતા કરનેકા ઇરાદા રખતા (હૈ) ઔર ઉસકી ચેષ્ટા કરતા હૈ, ઉસકે પ્રતિ ભી ઉનકો શત્રુકી કલ્પના નહીં હોતી. શત્રુ માને મુઝે યે પ્રતિકૂલતા દેગા, દે રહા હૈ, દોનોંમેંસે એક (ભી) બાત નહીં હૈ. વર્તમાનમેં દેતા નહીં, દે સકતા નહીં, ભવિષ્યમેં ભી વહ દે સકતા નહીં યા દેગા વહ બાત મેરે લિયે કોઈ વિકલ્પકા વિષય નહીં હૈ. ક્યોંકિ જગતમેં કોઈ ભી પ્રસંગ મેરે લિયે પ્રતિકૂલ હૈ હી નહીં. સભી પ્રસંગ જ્ઞાતાકે જ્ઞેય હૈં. મૈં જ્ઞાન હૂં, સબ પદાર્થ જ્ઞાનકે જ્ઞેયરૂપ હૈં, ઇસસે કોઈ દૂસરા સ્થાન ઇસમેં નહીં હૈ.

મુમુક્ષુ :– શ્રેણીક મહારાજાને મરા હુઆ સર્પ ડાલા તો ઉનકો તો પ્રતિકૂલતા હુઈ થી.

પૂજ્ય ભાઈશ્રીઃ- કુછ નહીં હુઆ. બસ ! આનંદમેં ડૂબ ગયે. સર્પ ડાલા, સર્પકા મુર્દા – દેહકા મુર્દા થા ઉસમેં ચીંટિયાં હો ગઈ, વે ચીંટિયાં તો કાટે ભી (લેકિન) સ્વરૂપમેં લીન હો ગયે, આનંદમેં ડૂબ ગયે, આનંદસાગરમેં, આત્મા આનંદ અમૃતકા સરોવર હૈ, ઉસ સરોવરમેં વે તો ડૂબ ગયે. અંદર સ્વરૂપકા જો સમુદ્ર હૈ (વહ) ડોલતા હૈ, સારા સમુદ્ર અંદરમેં ડોલતા હૈ. ઉસમેં વે ડૂબકી લગાતે હૈં. કુછ ભાન નહીં રહતા કિ દેહ હૈ કી નહીં હૈ. જબ દેહકા ભાન ભૂલ જાતે હૈં તો દેહ પર સર્પ લગા હૈ ઔર દૂસરી ચીંટિયા વગેરે હૈં ઉસકા ભાન ભૂલ જાતે હૈં.

મુમુક્ષુ :– શત્રુતા નહીં રહતી.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં, વે તો સમઝે કિ અપને કો ક્યા પતા કોન હૈ ? કૈસા હૈ ? અપને અપના કામ કરો ન. જૈસે કોઈ Main road પર દુકાન

લગાઈ. સારે દિન Traffic ચલતા હૈ. આદમી Traffic કો દેખે કિ અપના કામ કરે ? આપકી દુકાન થી, તો ઘરાક આવે ઉસકો કપડા દેવે ? યા યહ ઘોડા નિકલા, યહ ગાડી નિકલી, યહ સાયકલ નિકલી, યહ સ્કુટર નિકલા, યહ મોટર નિકલી ઉસકો દેખતે રહેં ? (ઉસીકો દેખતા રહે) તો ધંધા બંધ હો જાયેગા. (ઇસ પ્રકાર) જ્ઞાનકે જ્ઞેયમેં સબ પદાર્થ Traffic હૈં. વહ જ્ઞાન અપના જ્ઞાનાનુભવમેં રહતા હૈ, Traffic કો નહીં દેખતા. કભી ધ્યાન જાતા હૈ તો દેખા-નહીં દેખા, સુના-નહીં સુના હો જાતા હૈ. ફિર અપને સ્વરૂપકે કાર્યમેં લગ જાતે હૈં.

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ;...'** કોઈ સેવા કરનેકો આવે, 'મહારાજ ! આપ હમારે ગુરુ હૈં, આપકી સેવા કરના હમારા ધર્મ હૈ.' તો ઉસકો અનુકૂલતાકી દૃષ્ટિસે નહીં દેખતે. યહ મુઝે અનુકૂલતા દેનેવાલા હૈ, વહ ધર્માનુરાગી જીવ હૈ ઇસલિયે અચ્છા હૈ, ઔર યહ મેરેકો પ્રતિકૂલતા દેનેવાલા હૈ, દુઃખ ઉત્પન્ન કરાનેવાલા હૈ ઇસલિયે વે ઉસકો દૂસરી નજરસે દેખે, ઉસકો દૂસરી નજરસે દેખે (ઐસા નહીં હૈ). દોનોંકો એક સમાન નજરસે દેખતે હૈં.

વહ કૈસે બન સકે ? જબ દોનોંકી પર્યાય વિરુદ્ધ હૈં, એક કા ભાવ દ્વેષકા હૈ, એક કા ભાવ રાગકા હૈ તો ફિર દોનોંકો સમાન કૈસે દેખ સકે ? ક્યા રાગ-દ્વેષકો નહીં સમઝતે ? દોનોંકા આત્મા એક સરીખા હૈ, જિસમેં પર્યાય ગૌણ હૈ – રાગ-દ્વેષકી પર્યાય જિસમેં ગૌણ હૈ. દોનોં એક જાતિકે આત્મા હૈં ઔર રાગ-દ્વેષ ભી જ્ઞાનકા તો જ્ઞેય હી હૈ. ન દૂસરે કા રાગ મુઝે અનુકૂલ હૈ, સુહાતા હૈ, ન દૂસરે કા (દ્વેષ) પ્રતિકૂલ હૈ (યા) મુઝે કોઈ દુઃખ દેતા હૈ. ઉસકા દ્વેષ મુઝે કોઈ દુઃખ નહીં દેતા, ઉસકા રાગ મુઝે સુખ નહીં દેતા. ઇસકા દ્વેષ ઇનકી પર્યાયમેં હૈ, ઉસકા રાગ ઉસકી પર્યાયમેં હૈ. મેરે દ્રવ્યમેં, ગુણમેં, પર્યાયમેં કોઈ આતા નહી, ન સ્પર્શ કરતા હૈ. ફિર મેરે લિયે તો દોનોં જ્ઞાનમેં પ્રતિબિંબ હોતે હૈં. વિભિન્ન પ્રકાર કે જ્ઞેય, વિભિન્ન પ્રકાર કે હોતે હુએ ભી જ્ઞેય સામાન્યરૂપ હૈ. સામાન્ય જ્ઞેય ! વિશેષ જ્ઞેયકો ગૌણ કર દેતે હૈં. વિશેષતાકો ગૌણ કર દેતે હૈં. જ્ઞેય સામાન્ય કે સ્થાનમેં ઉસકો રખતે હૈં, અપને જ્ઞાનકો જ્ઞાન સામાન્ય કે સ્થાનમેં રખતે હૈં. બસ ! એક સમભાવ હો ગયા. એકસરીખા ભાવ (હો ગયા).

જ્ઞાનસામાન્ય, જ્ઞેયસામાન્ય. બસ ! ઉસકો સમભાવ કહતે હૈં.

ઐસે સમતાભાવમેં **'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ;...'** શત્રુ-મિત્રકા વિકલ્પ ઉત્પન્ન હી નહીં હોતા. અનુકૂલ-પ્રતિકૂલ કા વિકલ્પ ઉત્પન્ન હી નહીં હોતા. વહ સામ્યભાવ હૈ. સમતાભાવ હૈ વહ સામ્યભાવ હૈ, સામ્યભાવ હૈ વહી ધર્મભાવ હૈ, યહી મોહ, ક્ષોભ, રહિત આત્મપરિણામ હૈ. 'પ્રવચનસાર'કા શુરૂ મેં અધિકાર ચલા હૈ કિ મુનિરાજકો ઐસા ધર્મ હોતા હૈ, 'કુંદકુંદાચાર્યદેવ' મુનિદશા કે ઉસ ભાવ (કો) શુરૂસે હી વ્યક્ત કરતે હૈં. મેરી દીક્ષાકી યહ સ્થિતિ હૈ, દીક્ષાકે લિયે મૈં તૈયાર હુઆ હૂં. ઇસલિયે દીક્ષા કે પ્રસંગમેં મૈં પંચપરમેષ્ઠીકા આદર કરતા હૂં, આહ્વાન કરતા હૂં, નમસ્કાર કરતા હૂં, પ્રણામ કરતા હૂં – ઐસા કરકે ગ્રંથકા પ્રારંભ કરતે હૈં. ઉસમેં શુરૂમેં યહ બાત લી હૈ કિ, **'ચરિત્ત ખલ્લુ ધમ્મો'** ચારિત્ર હૈ વહ ધર્મ હૈ, ધર્મ હૈ વહ સામ્ય હૈ, સામ્ય હૈ (વહ) મોહ, ક્ષોભ રહિત આત્મપરિણામ હૈ. યહ આત્માકા પરિણામ હૈ. બહુત પ્રચુર વીતરાગી ભાવનામેંસે યે સબ ગાથાયેં નિકલી હૈં.

**'શત્રુ-મિત્રકે વિકલ્પ રહિત હૈ; નિર્માનતા હૈ;...'** બાહરમેં કેવલજ્ઞાનીકો દેખતે હૈં, અંદરમેં અપને અનંત કેવલજ્ઞાન સ્વરૂપ આત્મતત્ત્વકો દેખતે હૈં, ઔર વર્તમાન અવસ્થાકો ઉસકે પાસ અલ્પ દેખતે હૈં. વર્તમાન અવસ્થાકી અલ્પતા હૈ ઇસલિયે ઉસકી નિર્માનતા હૈ. મૈં મહામુનિ હો ગયા હૂં ઐસા મુનિપનાકા અહંભાવ ઉનમેં (નહીં હોતા). યાની આઠ પ્રકારકે મદમેંસે કિસી એક ભી પ્રકારકા વિકલ્પ હોતા નહીં.

નિર્માન હૈ, નિર્ભય હૈ, નિર્ભ્રાંત હૈ, નિર્મમત્વ હૈ બહુત શબ્દ લિયે હૈં ઇસમેં... 'નિયમસાર'કી ગાથામેં ! નિર્માનતા હૈ, ગુરુકે સ્થાનમેં હૈં, વૈસે તો સમાજમેં વે ગુરુકે સ્થાનમેં હૈં, નિર્ગ્રંથ ગુરુ હૈં. સમાજકે સભી – જિતને ભી (લોગ હૈં) ઉનકે લિયે પૂજ્ય હૈં. ક્યોંકિ ઇતને ગુણવાન હૈં, અપની દશામેં ઇતને વિશેષ હૈં, પવિત્ર હૈં. પવિત્રતાકે લિયે પૂજનીય હૈં, ફિર ભી મેરે સે દૂસરા અવગુણવાલા હૈ ઔર મૈં ગુણવાન હૂં – ઐસી દૃષ્ટિસે વે નહીં દેખતે. ઇસ દૃષ્ટિસે નહીં દેખતે. ઇતની દશા હુઈ તો ઇસમેં ક્યા હો ગયા ? મૈં તો જ્ઞાયકતત્ત્વ હૂં ઇસકે આગે (ઇસ)

દશાકા મૂલ્ય ક્યા હૈ ? ઇસમેં અહંપના કરનેકા વહ સ્થાન હી નહીં હૈ.

'ण वि होदि अप्पमत्तो ण पमत्तो' પ્રમત્ત-અપ્રમત્ત મૈં હૂં હી નહીં ન ! મુનિ હોકર ઐસા કહતે હૈં. દૂસરે લોગ તો ઐસા કહતે હૈં કિ, આપ તો મુનિ હુએ નહીં ઔર ફિર પ્રમત્ત-અપ્રમત્તકા કૈસે નિષેધ કરતે હૈં ? તો (કહતે હૈં કિ), અભિપ્રાયમેં તો વહી બાત હૈ. જબ તો મુનિદશા આતી હૈ. કહાંસે નિકલી મુનિદશા ? પહલે ઐસા અભિપ્રાય બનતા હૈ, બાદમેં દશા આતી હૈ. અભિપ્રાય પહલે બદલતા હૈ, દશા બાદમેં બદલતી હૈ. પહલે દશા હો જાયે ફિર અભિપ્રાય બદલે ઐસા કભી બનતા નહીં.

પ્રશ્ન :- સમઝમેં નહીં આયા પ્રમત્ત-અપ્રમત્તકા ક્યા હૈ ?

સમાધાન :- પ્રમત્ત માને છઠા ગુણસ્થાન, જિસમેં પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠાઈસ મૂલગુણકા પાલન હોતા હૈ. નગ્ન દિગંબર દશા, જંગલવાસ, એક દફે ખડે-ખડે આહાર કરના, આહાર-પાની એક સમય (લેના), અદંતધોવન, કિસી ભી પ્રકારકા કિસી ભી અંગમેં શૃંગાર નહીં, કુછ લગાના નહીં, ભભૂત લગાના નહીં, રાખ લગાના નહીં, ચંદન લગાના નહીં, તેલ લગાના નહીં, કુછ લગાના નહીં, પાની ભી લગાના નહીં, સ્નાન નહીં, અસ્નાનતા હૈ. છઠે ગુણસ્થાનમેં બાહ્ય સંયમકા ઇસ પ્રકારકા વિકલ્પ હૈ, ઔર સાતવેં ગુણસ્થાનમેં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ - વીતરાગી ઉપયોગમેં દેહસે ભિન્ન શુદ્ધાત્માકા અનુભવ હોના. જ્ઞાન-ધ્યાન ! સ્વરૂપજ્ઞાન ઔર સ્વરૂપધ્યાનમેં લીનતા હો જાના, ઇસસે ભી ભિન્ન મૈં જ્ઞાયકતત્વ હૂં, ઇસસે ભી ભિન્ન (હૂં). એક સમયકી અવસ્થાસે ભિન્ન ત્રિકાળી જ્ઞાયકતત્ત્વ હૂં ઐસા અનુભવ ચતુર્થ ગુણસ્થાનવાલા કરતા હૈ, પંચમ ગુણસ્થાનવાલા કરતા હૈ, મુનિરાજ ભી ઐસા હી અનુભવ કરતે હૈં.

પ્રશ્ન :- આત્માનો અનુભવ - એનાથી જુદાં કેવી રીતે ?

સમાધાન :- કેમ ત્રિકાળી તો એનાથી જુદું જ છે ને ! એ તો ક્ષણિક અવસ્થા છે. એનો નાશ થાય તો પોતાનો નાશ થાય. ધ્યાનનો નાશ થાય તો ધ્યેયનો નાશ નથી થતો. માટે હું ધ્યેયસ્વરૂપ છું એક સમયના ધ્યાનસ્વરૂપ હું નથી. આ જૈનદર્શનની ગૂઢ ચીજ છે. આ બહુ ઊંડી ચીજ છે.

ધર્મ-અધર્મ દોનોં અવસ્થાકી ચીજ હૈં. ધર્મ ઔર અધર્મ દોનોં અવસ્થાકી ચીજ હૈં. અવસ્થાસે પાર કોઈ તત્ત્વ હૈ સો મૈં હૂં. ઐસા અંતર અવલંબન (લેના) વહી ધર્મ હૈ. જિસમેં ઉસી ધર્મકી મુખ્યતા નહીં. અંતર અવલંબન લેનેવાલી પર્યાયકી ભી મુખ્યતા નહીં, યહ કોઈ વિશિષ્ટ બાત હૈ ઈસ વિષયક ! ઐસા તત્ત્વ મૈં હૂં ઐસા ભાવ ધર્મકી અવસ્થામેં હોતા હૈ, ફિર ભી વહ પર્યાયકી મુખ્યતા નહીં, ઇતના મૈં નહીં. (મૈં) અવલંબન લેને યોગ્ય (હૂં) – અવસ્થાકા અવલંબન લેને યોગ્ય મૈં હૂં, મૈં જ્ઞાયક કા અવલંબન લેતા હૂં, ઐસી બાત નહીં. ઐસા અહંપના સ્થાપિત (કરના), હૈ વહાં સ્થાપિત કરના યહ સમ્યક્ હૈ. ફિર ભી અસમ્યક્-સમ્યક્ દોનોં અવસ્થાકી મુખ્યતા ઇસકે આગે નહીં હૈ. ઐસી એક વિશિષ્ટ પ્રકારકી બાત હૈ !

પ્રશ્ન :– આત્મા તો ત્રિકાળી છે અને પર્યાય ગૌણ છે તો અપ્રમત્તમાં એમ કીધું કે, એ હું નહિ ?

સમાધાન :– એટલે એટલો – એવડો હું નહીં. પર્યાય જેવડો, જેટલો હું નહીં. ઈ પર્યાયનો આધાર નથી ને ! પર્યાય તો ખુદ દ્રવ્યનો આધાર લ્યે છે. કોનો ? દ્રવ્યનો એટલે મારો આધાર લ્યે છે. મારો આધાર તમે લ્યો તો આધાર લેનાર નિર્બળ છે. જેનો આધાર લેવામાં આવે છે એ સબળ છે, બળવાન તો એ છે. બસ ! હું બળવાન છું વાત પૂરી થઈ ગઈ. હું તો બળવાન છું. હું નિર્બળ નથી કે મારે કોઈનો આધાર લેવો પડે, એમ. એટલે એ હું નહીં.

એમાં શું છે કે એક સમયની અવસ્થામાં હુંપણું સ્થાપવું તે જ મિથ્યાત્વ છે. '**પર્યાયમૂઢાઃ પરસમયા**' 'પ્રવચનસાર'નું આ સૂત્ર છે. બીજો અધિકાર – 'જ્ઞેય અધિકાર' ૯૨મી ગાથાથી શરૂ કર્યો (ત્યારે) પહેલી વાત આ લીધી. ત્યાં તો હજી દ્રવ્યનો અધિકાર – દ્રવ્યાનુયોગ ચાલશે. દ્રવ્ય સામાન્ય અધિકાર અને દ્રવ્ય વિશેષ અધિકાર (ચાલશે). એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને દ્રવ્ય-ગુણ-પર્યાય(નો વિષય ચાલશે). પદાર્થનું બંધારણ શું છે એ બતાવવું છે. તો કહે છે કે, પદાર્થનું બંધારણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે, એમ કહેતા કહેતા અધ્યાત્મને સ્થાપે છે કે પર્યાયનું બંધારણ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે તોપણ પર્યાયમૂઢ તે પરસમય છે, એમ સાથે

સાથે કહી દે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બતાવતા બતાવતા એટલી વાત બતાવતા જાય છે કે, પર્યાયમા હુંપણું અનાદિથી સ્થાપી રાખ્યું છે, એ પર્યાયમાં મૂઢપણું છે, મિથ્યાપણું છે, પરસમયપણું છે, એ જિનમતની બહાર છે એમ કહે છે. પરસમય કોને કહેવાય ? સ્વસમય નથી તે પરસમય છે. આમ લેવું.

પ્રશ્ન :- પ્રમત્ત-અપ્રમત્ત કીધું એમાં પ્રમત્તમાં તો વિકલ્પ છે, અપ્રમત્તમાં તો ત્રિકાળીનો આધાર છે. ત્રિકાળીનો આધાર ભલે પર્યાય લે છે તો પછી ઈ હું નથી, કયા Pointથી કીધું છે ?

સમાધાન :- (પ્રમત્ત દશા છે એ) વિકલ્પ છે. હું જ્ઞાયક છું એવા Pointથી કીધું છે. હું ત્રિકાળી જ્ઞાયક છું, અનાદિઅનંત અનંત ગુણથી એકરૂપ સદશ રહેતું હું તત્ત્વ છું. એક ક્ષણ પૂરતી અધૂરી અવસ્થા ભલે અપ્રમત્ત અવસ્થા છે પણ એ તો અધૂરી અવસ્થા છે. ચારિત્ર અધૂરું છે, જ્ઞાન અધૂરું છે, પુરુષાર્થ અધૂરો છે, સુખ અધૂરું છે. બરાબર છે ? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ તો પ્રગટ્યા નથી. હું ક્યાં એવડો છું ? હું કાંઈ એવડો નથી. એટલે હું નહીં. હું એવો નહીં, હું અધૂરો નહીં એમ કહે છે. તમે કરોડો અને અબજોના અબજોપતિ છો. એમાં તમારી કો'ક ઓળખાણ કરાવે કે આ ભાઈ આવ્યા હોં ! બહુ લાખોપતિ માણસ છે હોં ! તમને એમ થાય કે, આ લાખોપતિ કેમ કહે છે ? મારી પાસે તો અબજોના અબજો છે. તો એને તો ઓછું સ્થાન આપ્યું કે વધારે સ્થાન આપ્યું ? એને તો ઓછું સ્થાન આપ્યું છે, એમ.

પરિપૂર્ણ આત્મસ્વરૂપ પાસે એક સમયની ધ્યાનસ્થ મુનિદશા પણ અનંતમાં ભાગે છે. એનું જ્ઞાન અનંતમાં ભાગે છે, એનું આચરણ અનંતમાં ભાગે છે, એનું સુખ અનંતમાં ભાગે છે, પુરુષાર્થ અનંતમાં ભાગે છે, બધું અનંતમાં ભાગે છે. પૂર્ણની પાસે આ છદ્મસ્થની દશા અનંતમાં ભાગે છે. તો પછી એનું અહંપણું કેવી રીતે આવે ? એમ. ઊંચપદ છોડીને નીચપદમાં જવાનું કાંઈ કારણ ખરું ? એમ કહે છે. પોતે તો સર્વોત્કૃષ્ટ ઊંચપદમાં છે. જો એક સમયની છદ્મસ્થ અવસ્થામાં અહંપણું કરે તો નીચપદમાં અહંપણું કર્યું. એમ છે. સ્વરૂપજ્ઞાનીને એવું થતું નથી. ચોથે ગુણસ્થાનથી નથી થતું. જ્ઞાયક જણાઈ ગયો. અરે...! હું તો આવો છું, પછી

એક સમયની ચોથાગુણસ્થાનની, પાંચમાંની, છઠ્ઠાની ગમે ઈ અવસ્થા (હોય) એમાં શું ? ક્યાંથી પોતાનું પદ સ્થાપે ? કે ન સ્થાપે. પછી આખો એનો ઉપાડ ફરી ગયો.

મુમુક્ષુ :– પુરુષાર્થનો વેગ થવાનું કારણ આ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ જ કારણ છે કે અનંતવીર્યનો પિંડ છું પછી અલ્પ પુરુષાર્થમાં, પુરુષાર્થ તો પ્રગટ્યો ને ! પુરુષાર્થ તો થયો ને ! એ જોવા એ રહેતા નથી એમ કહે છે. આ વાણિયા દુકાને જઈને કમાણી કરે છે (તો) આટલી મૂડી તો થઈ ને ! હવે બસ ! એમ રાખે છે કોઈ દી' ? ટાંટિયા ઢસડાતા હોય ત્યાં સુધી દુકાને જાય.

મુમુક્ષુ :– લક્ષ પરિપૂર્ણનું છે એટલે પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :- એને જે જોઈએ છે એ અનંતુ જોઈએ છે. બહારમાં પૈસા કેટલા જોઈએ છે ? જેટલા આવે એટલા અનંત જોઈએ છે. તો આવ્યા ઈ ગણતો જ નથી. પહેલા કાંઈ નહોતું ને હવે દસ લાખ થયા, પછી પાછા પંદર લાખ થયા, પછી પચીસ (લાખ થયા) ઈ જોતો જ નથી. હજી જોઈએ છે... હજી જોઈએ છે... હજી જોઈએ છે એ બાકી રહે છે કે નહીં ? શું થાય છે ? દૃષ્ટિનો વિષય અધૂરો ન હોય. એમાં અલ્પતા અને ઊણપ કોઈને પોસાતી નથી. બહારમાં જાય તો એ બાજું ઓછું જોઈતું નથી, અંદરમાં આવે તો એ બાજું પણ ઓછું જોઈતું નથી.

મુમુક્ષુ :– થોડું તો કામ થયું....

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ અધૂરો પહોંચ્યો તો એમાં વધારે પડતું શું માનવાની જરૂર છે ? હજી તો રસ્તો અડધો કાપ્યો છે, પૂરું થવાનું ધ્યેય છે. પોતાનું સ્વરૂપ પૂર્ણ છે અને જેવું પૂર્ણ સ્વરૂપ છે એવી જ પરિપૂર્ણ દશા થાય તો મને લાયક છે, તો મને યોગ્ય છે. અધૂરીદશા રહે ઈ મને કેવી રીતે યોગ્ય છે ? હું પૂરો ને મારી દશા અધૂરી ? ભૂખ લાગી હોય અને અડધું ખાવા દે જોઈ ? તમને દસ રોટલીની ભૂખ છે, (પણ) બે રોટલી ખાઈને ઊભા થઈ જવું પડશે. તો કહે, ભાઈ ! બેસવું જ નથી. એમ કહે. જોઈએ તો પૂરું જોઈએ.

કેમકે પોતે પૂરો છે. બહારમાં પૂરું જોઈએ છે એનું કારણ છે. આખી દુનિયાની સંપત્તિ કેમ ઓછી પડે છે ? કે સ્વરૂપે પૂર્ણ છે એટલે એને ક્યાંય પૂરું પડતું જ નથી. બધે અધૂરું અધૂરું જ લાગ્યા કરે છે. એટલે ઈ બાજુ હેરાન થયા કરે છે. આ બાજુ પૂર્ણ દશા સમજે, પૂર્ણ સ્વરૂપ સમજે તો પૂર્ણદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ પુરુષાર્થને છોડે નહીં અને પૂર્ણ થાય ત્યાં સુધી પોતાની કાર્યપદ્ધતિને છોડે નહીં.

(અહીં સુધી રાખીએ)....

**મહાન સંત મુનિશ્વરોએ, અંતરમાં વહેતા સ્વભાવ - અમૃતને પરમાગમોમાં વહેતાં મૂક્યા છે. શાંત પરિણામે પરિષહોને વેદતાં 'પરમ સત્' ને જીવંત રાખ્યું છે. પવિત્ર ધર્મ / માર્ગને આ કાળમાં ટકાવી રાખવા આકાશના સ્તંભ થઈને - ગજબ કામ કર્યું છે. અહો ! તેમનાં કથનમાં કેવળજ્ઞાનનાં / પૂર્ણતાનાં ભણકાર સંભળાય છે !! પદે પદે અત્યંત ગંભીર રહસ્ય ભરેલું છે ! આના સંસ્કાર પણ અપૂર્વ ચીજ છે; પુરુષાર્થ ઉપડે તે તો નજીક મુક્તિગામી છે. - અલ્પકાળમાં તેનો મોક્ષ થાય જ.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૩૦)

## તા. ૧૯-૦૪-૧૯૮૭, વચનામૃત–૮૯, ૯૦, ૯૧
## પ્રવચન નં. ૭૪

પૃષ્ઠ–૩૫. ૮૯વાં બોલ ચલતા હૈ. મુનિરાજ કી ભક્તિ કરતે હૈં. નિર્ગ્રંથ મુનિ જંગલવાસી મહાત્મા કી અંતરંગ દશા કૈસી હોતી હૈ ? સમભાવરૂપ ધર્મ કૈસા હોતા હૈ ? જિનકે શત્રુ-મિત્ર કે વિકલ્પ નહીં હોતે ઔર પ્રચુર વીતરાગદશા હોનેપર ભી નિર્માનતા હૈ. અપને પૂર્ણસ્વરૂપ કે આગે વે અપની દશા કો પામર સમજતે હૈં.

આગે ઐસા એક બોલ હૈ કિ, મુનિરાજ ભી અપને પૂર્ણ સ્વરૂપ કે સાથ અપની દશા કા મિલાન કરતે હૈં તો ઉનકો યહ લગતા હૈ કિ, મૈં તો પામર હૂં. સામાન્ય સંસારી જીવોં સે તો વે મહાન હૈં ! બહુત મહાન હૈં !! પંચ પરમેષ્ઠિપદ મેં બિરાજમાન હૈં, ફિર ભી નિર્માનતા હૈ.

**'દેહ જાય પર માયા હોય ન રોમ મેં'** દેહ જાય માને દેહ છૂટને કા પ્રતિકૂલતા કા પ્રસંગ આ જાયે ફિર ભી દેહ બચાને કે લિયે, શરીર કી રક્ષા કે લિયે, તિલતુષ માત્ર માયા કા પરિણામ જિનકો નહીં હોતા; માયા માને ગુપ્ત પાપ, 'ગુપ્ત પાપતઃ માયા' ઐસા સૂત્ર હૈ. જો ગુપ્તરૂપ મેં પાપ પરિણામ હોતા હૈ, જો દૂસરે કો પતા નહીં ચલે ઐસા વ્યક્ત નહીં હોતા હૈ, કભી તો પતા ચલ ભી જાતા હૈ, ઐસા અવ્યક્તરૂપ મેં વક્ર પરિણામ હોતા હૈ, અસરલ પરિણામ હોતા હૈ. ફિર ભી મુનિરાજ કો ઐસા પરિણામ દેહ છૂટને કી પરિસ્થિતિ મેં

ભી નહીં હોતા હૈ. ભલે હી દેહ કા નાશ હો, ભલે હી દેહ કા અભાવ હો, ફિર ભી ઉસે બચાને કે લિયે સીધી તો ચેષ્ટા નહીં કરે – Direct પરિણામ નહીં કરે, Indirect – માયાચાર સે ભી ઐસા કોઈ કરના, કરવાના યા કરનેવાલે કો ઠીક જાનના, ઐસા વક્રતારૂપ પરિણામ – અસરલ પરિણામ રોમ મેં માને તનિક ભી નહીં હોતા, થોડા ભી નહીં હોતા, જરા ભી નહીં હોતા. ઐસે ઉનકે પરિણામ (હોતે હૈં).

ઐસા દેહ પર જિનકા મમત્વ છૂટ ગયા હૈ. ઇસકા મતલબ ક્યા હૈ ? કિ, દેહ પર જિનકા મમત્વ છૂટ ગયા હૈ, જૈસે શત્રુ-મિત્ર મેં સમાનતા હૈ, વૈસે હી જીવન-મરણ મેં ભી સમાનતા હૈ, ઐસા કહના હૈ. જીવન-મરણ દોનોં સમાન હૈં. 'જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા' મૈં જિંદા રહું તો કોઈ અધિક કામ કરુંગા ઔર મેરા પ્રાણ છૂટ જાયેગા તો મેરા કામ કમ હો જાયેગા, ઐસા ન્યૂનાધિકપના નહીં હૈ. યહ સમભાવ કી પરાકાષ્ટા કી ગાથા હૈ. જીવિત યા મરણ મેં જિનકો ન્યૂનાધિકતા નહીં હૈ, અરે...! ભવ-મોક્ષ મેં જિનકો સમભાવ વર્તતા હૈ ! અવસ્થા મેં ભવ હો ઇસસે મુઝે ક્યા ? અબ મેરે કબજે મેં મેરા પરિપૂર્ણ પરમાત્મા હૈ, મૈં હી ખુદ પરમાત્મા હૂં, પરિપૂર્ણ સ્વરૂપ હૂં. અવસ્થા મેં કમી-બેસી હોતી હૈ વહ અલ્પકાલ કે લિયે અસ્થિરતા હૈ, અબ કુછ લંબી રહનેવાલી નહીં હૈ, ફિર ભી ઇસ પર મેરા વજન નહીં હૈ. યહ અલ્પ કાલ રહનેવાલી હૈ ઔર અલ્પ કાલ મેં પૂર્ણ હો જાઉંગા. ઇસ પર ભી ઇતના વજન નહીં હૈ. યહ ગૌણ હૈ.

ઐસા ત્રિકાલ સદ્દશ એકરૂપ સ્વરૂપ મેં એકત્વ સે સમભાવ પ્રાપ્ત હુઆ હૈ, ઇસલિયે **'સોના હો યા તિનકા – દોનોં સમાન હૈં.'** યહ ભી સમભાવ કા હી દૃષ્ટાંત હૈ. સોના હો યા મિટ્ટી હો, શત્રુ હો યા મિત્ર હો, અનુકૂલતા હો યા પ્રતિકૂલતા હો, જીવિતપના હો યા મરણ કી દશા આયે, પ્રાણત્યાગ હો યા પ્રાણ કા સંયોગ હો (દોનોં સમાન હૈં). પ્રાણ કે સંયોગ કો જીવન કહતે હૈં, પ્રાણ કે ત્યાગ કો – વિયોગ કો મરણ કહતે હૈં. ઔર ભવ હો યા મોક્ષ હો, યે સબ દ્વંદ્વ સે પાર હો ગયે હૈં, નિર્દ્વંદ્વ હો ગયે હૈં. ઐસી નિર્માનતા હૈ, ઐસા

નિર્દ્વંદ્વપના ભી હૈ. દોપના નહીં રહા, એકરૂપ સ્વરૂપ મેં અદ્વૈત સ્વરૂપ મેં દ્વૈતપના નહીં, દ્વંદ્વપના નહીં, દોપના નહીં, નિર્દ્વંદ્વ હૈં. સબ સમાન હૈ.

સમાન હૈ માને ? કિસી કે પ્રતિ રાગ-દ્વેષ નહીં હોતા. સોના કો સોના જાનતે હૈં, મિટ્ટી કો મિટ્ટી જાનતે હૈં, મિટ્ટી કો સોના નહીં જાનતે, સોના કો મિટ્ટી નહીં જાનતે. ફિર ભી ન સોને કે પ્રતિ રાગ હૈ, ન મિટ્ટી કે પ્રતિ દ્વેષ હૈ.

પ્રશ્ન :– ઐસા ક્યોં ?

સમાધાન :– ક્યોંકિ ઐસા અપને માત્રજ્ઞાન સ્વરૂપ મેં સ્થિરીભૂત હો ગયે હૈં. એકદમ સ્થિર હો ગયે હૈં. સમભાવ મેં સ્થિર હૈં. વિષમભાવ જિનકો પૈદા નહીં હોતા હૈ ઐસા સમભાવ હો ગયા હૈ. રાગ ઔર દ્વેષ વિષમભાવ હૈં. ઐસે વિષમભાવ મેં વે આતે નહીં. વીતરાગદશા, પ્રચુર વીતરાગદશા મેં વે ઝુમતે હૈં, મહાલતે હૈં, વિહાર કરતે હૈં, વિચરતે હૈં.

વીતરાગદશા મેં વિચરના. જંગલ મેં વિચરતે હૈં વહ તો એક કહને કી બાત હૈ. ક્યોંકિ લોગોં કી તરહ વે શહર મેં, ગાંવ મેં નહીં રહતે. અસલ મેં તો વે અપને વીતરાગભાવ મેં વિચરતે હૈં, ઇસમેં રમણતા હૈ.

**'સોના હો યા તિનકા – દોનોં સમાન હૈં.'** યહ ભાવના કા વિષય હૈ. મુનિદશા હૈ વહ ભાવના કા વિષય હોતા હૈ. **'ચાહે જૈસે સંયોગ હોં...'** કિસી ભી પ્રકાર કે સંયોગ હો. વહ તો શુરૂ સે હી, જબ દીક્ષા કાલ મેં પ્રતિજ્ઞા લી હૈ તબ હી સે યહ બાત તો હો ગઈ હૈ. કૈસે ભી પ્રસંગ હો, કૈસે ભી સંયોગ હો, કૈસા ભી વિયોગ હો, કુછ ભી હો મૈં અકેલા હૂં. મેરા કિસી કે સાથ કુછ ભી સંબંધ નહીં હૈ. ભિન્ન હૂં માને સર્વથા ભિન્ન હૂં. દેહ પર સે ભી લક્ષ્ય છૂટ ગયા હૈ.

ઇસલિયે તો 'નિયમસાર' મેં લિયા હૈ કિ, જિનકો પાંચ ઇન્દ્રિય કા ઉપયોગ હી નહીં હૈ. ઇતના ઉપર ઉપર સે ઉપયોગ જાતા હૈ કિ, જૈસે ઉપયોગ હૈ હી નહીં ! અંદર ચૈતન્યગોલે મેં ઉપયોગ રમણ કરતા હૈ. નજદીક મેં શરીર હૈ વહાં ભી ઉનકા ઉપયોગ નહીં જાતા. (શરીર) હૈ યા નહીં હૈ, ભૂલ જાતે

હૈં !

**'ચાહે જૈસા સંયોગ હોં – અનુકૂલતા મેં આકર્ષિત નહીં હોતે, પ્રતિકૂલતા મેં ખેદ નહીં કરતે.'** ન અનુકૂલતા કા બિલકુલ આકર્ષણ હોતા હૈ કિ, યહ ઠીક હૈ. ભૂખ લગી થી, આહાર કા વિકલ્પ હુઆ થા, અચ્છા હુઆ કિ, આહાર મિલ ગયા – યહ નહીં (હૈ). અગર છયાલીસ દોષમેં સે કોઈ ભી દોષ નજર આયે યા કિસી એક દોષ કી શંકા હો જાયે; સામનેવાલે કા દોષ હોવે નહીં, લેકિન શંકા હો જાયે (કે), ઘર મેં હૈં તો દો હી આદમી, પતિ-પત્ની દો હી હૈં (તો ફિર) ઇતના રસોઈ કા સામાન કૈસે ? ઉસને તો કોઈ મહેમાન આયે હો યા કિસી કી ખુરાક ભી જ્યાદા હો સકતી હૈ, જિસકો ચાવલ ઇતના ચાહિયે, ઉસકો ઇતની મિઠાઈ ચાહિયે, ઇસકો ઇતની ચાહિયે, ઇસકો ઇતના હી ચાવલ ચાહિયે, (ઐસી) શંકા હો જાયે તો ચલે જાયે. હોવે અનઉદ્દેશિક, અનઉદ્દેશિક હોતે હુએ ભી એક દોષ કી શંકા હોવે તો ઉનકો – મુનિરાજ કો વૈરાગ્ય હો જાતા હૈ કિ, ચલો ! અપને તો અપને સ્વરૂપ મેં ઠીક હૈ. આહાર નહીં મિલા તો યહ અચ્છા નહીં હુઆ, ઉપવાસ હો જાયેગા, ઐસા દ્વેષ નહીં હોતા. ઉનકો તો યહી હુઆ કિ, ચલો ! અપને તો અપને સ્વરૂપ મેં હી ઠીક હૈ. ઐસા કોઈ જોગ હી નહીં હૈ તો અપને સ્વરૂપ મેં લીન હો જાઓ, બસ !

ઐસે **'અનુકૂલતા મેં આકર્ષિત નહીં હોતે, પ્રતિકૂલતા મેં ખેદ નહીં કરતે.'** બસ ! ઉસકા ખેદ – દ્વેષ નહીં આતા. ઐસા ક્યોં કરતે હૈં ? ઐસા ક્યોં હોતા હૈ ? મુનિ કો કૈસા આહાર દેના યહ ઉસકો પતા નહીં હૈ ક્યા ? ઐસા વિકલ્પ ઉનકો આતા નહીં. **'જ્યોં-જ્યોં આગે બઢે ત્યોં-ત્યોં સમરસભાવ વિશેષ પ્રગટ હોતા જાતા હૈ.'**

**'જ્યોં-જ્યોં આગે બઢે...'** માને જૈસે-જૈસે મુનિદશા મેં કાલ વ્યતીત હોતા જાતા હૈ, બાહર સે ઐસા લગતા હૈ કિ, જહાં તક શ્રેણિ શુરૂ નહીં કિ, આઠવે, નૌવેં, દસવેં ગુણસ્થાન મેં નહીં પહુંચે, વહાં તક મુનિરાજ કો છઠા-સાતવાં, છઠા-સાતવાં ગુણસ્થાન હૈ, ફિર ભી ઉસી ગુણસ્થાન મેં વે આગે બઢતે જાતે હૈં. ઐસા ભી એક બોલ આયેગા. બાહર સે તો ઐસા હી લગે કિ, મુનિ છઠે-

સાતવેં (ગુણસ્થાન મેં હૈં). લેકિન જ્યોં-જ્યોં આગે બઢતે હૈં, જૈસે-જૈસે કાલ વ્યતીત હોતા હૈ નિર્જરા બઢતી જાતી હૈ, નિર્જરા બઢતી હૈ, ઇસકા મતલબ ભાવ મેં શુદ્ધિ વિશેષ બઢતી હૈ ઔર વીતરાગતા બઢતી હૈ; વિજ્ઞાનઘન હોતે જાતે હૈં, જ્ઞાનઘન હોતે જાતે હૈં, આનંદઘન હોતે જાતે હૈં; ઐસે મુનિરાજ કા જો સમરસભાવ હૈ, સમરસ માને વીતરાગભાવ – સમભાવ, વિષમભાવ સે વિરુદ્ધ ભાવ. વિશેષ વિશેષ માને અધિક અધિકરૂપ સે બઢતા જાતા હૈ. ઐસી મુનિદશા કો ભાવના મેં લેતે હુએ 'ધન્ય મુનિદશા' કહને મેં આતી હૈ, ઇસે 'ધન્ય મુનિદશા' કહતે હૈં.

ઇસ ગ્રંથમેં સે મુનિરાજ કી મહિમા ઔર ભક્તિ કે વિષયક બહુત સે બોલ હૈં ઉનકો અલગ છાંટકર એક પુસ્તિકા બનાઈ. અપને યહાં બની હૈ, ઉસકા નામ રખા હૈ – 'ધન્ય મુનિદશા !'

પ્રશ્ન :– ભગવાન ભાવલિંગી મુનિરાજ કા ઐસા સ્વરૂપ હૈ ઉસકા મૂલ કારણ ક્યા ?

સમાધાન :– ઉસકા મૂલ હૈ અપના મૂલ સ્વરૂપ. અપના પરમાત્મપદ હૈ ઉસે લિપટકર બૈઠ ગયે હૈં. ઐસા પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ, પરમાત્મપદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ સુખ (આદિ) બેહદ સ્વભાવ કા ઐસા ઘનિષ્ટ પદાર્થ હૈ કિ જિસકી તાકત કા કોઈ માપ નહીં હૈ. ઉપયોગ જાતે હી ઉપયોગ જિસમેં થંભ જાતા હૈ ! ઐસા કોઈ વિશેષ સ્વભાવ હૈ કિ ઉપયોગ જાતે હી ઉપયોગ જિસમેં થંભ જાતા હૈ !! યહ ઇસકા મૂલ હૈ.

મુમુક્ષુ :– ભવ દશા સે મોક્ષ દશા અચ્છી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :– અચ્છી હૈ વહ તો દોનોં કી અપેક્ષા મેં, આપસ-આપસ કી અપેક્ષા મેં (અચ્છી કહતે હૈં). લેકિન અવસ્થા કી ઉપેક્ષા ઔર અપને સ્વરૂપ કી અપેક્ષા મેં દોનોં સમાન હૈં. જૈસે પુણ્ય ઔર પાપ. પાપ સે તો પુણ્ય અચ્છા હી હૈ, મામૂલી આદમી ભી જાનતા હૈ. અગર મામૂલી આદમી ઇતના જાનતા હૈ કિ, પાપ સે પુણ્ય અચ્છા હૈ તો તત્ત્વજ્ઞાની નહીં જાનતા ક્યા ? તો તત્ત્વજ્ઞાની તો યહ કહતે હૈં, તત્ત્વરસિક વિરલ જીવ તો ઐસા કહતે હૈં કિ, દોનોં સમાન

હૈં. જબ યે દોનોં સમાન હૈં ઇસકા કહને કા મતલબ ક્યા હૈ કિ, ઇસસે કોઈ ભિન્ન અવસ્થા હૈ. સમભાવરૂપ (દશા હૈ) ઇસમેં યે દોનોં સમાન હૈં. ઇસ સમભાવ અવસ્થા કો નિર્દ્વંદ્વ અવસ્થા કહી હૈ. જો કહીં દોપના નહીં કરતી. રાગ-દ્વેષ નહીં કરતી, ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતી. તો કહાં તક ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે ? કિ, પુણ્ય-પાપ મેં તો ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે, ઇનકે ફલરૂપ અનુકૂલતા-પ્રતિકૂલતા મેં ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે, લેકિન વર્તમાન ભવ-મોક્ષ મેં ભી ઇષ્ટ-અનિષ્ટ નહીં કરતે.

'સોગાનીજી' ને તો વહાં તક લિખા કિ, અવસ્થા મેં નિગોદ કે ભવ હો યા સિદ્ધ પદ કી વ્યક્તદશા હો, મુઝે ક્યા ? મૈં તો જો હૂં સો હૂં, જૈસા હૂં વૈસા હૂં. બસ ! મૈં મેરે સ્વરૂપમેં સે બિલકુલ વિચલિત હુઆ હી નહીં. અસ્ખલિત સ્વભાવ મેં અસ્ખલિતરૂપ રહતા હૂં. યહી મેરા સ્વસ્થાન હૈ, યહી મેરા સ્વરૂપ હૈ, યહી મેરી દૃષ્ટિ કા વિષય હૈ, યહી મેરે જ્ઞાન કા વિષય હૈ, યહી મેરે ચારિત્ર કા – રમણતા કા વિષય હૈ. મેરે સભી ગુણોં કે પરિણમન કા યહી વિષય હૈ. ઇસમેં સભી પ્રકાર કી અવસ્થા ગૌણ હૈં. યે ગૌણ હૈં યહ બતાને કે લિયે ગૌણતા મેં વિષમતા નહીં હોતી. જિસકી ગૌણતા હોતી હૈ ઉસકી વિષમતા નહીં હોતી.

પ્રશ્ન :– આહાર મિલે અથવા કમ મિલે ઉસમેં મુનિરાજ કો ક્યા ફાયદા હૈ ?

સમાધાન :– ન ફાયદા હૈ, ન નુકસાન હૈ. આહાર મિલને સે ન કોઈ ફાયદા હૈ, નહીં મિલને સે કોઈ નુકસાન નહીં હૈ. વે અપની આત્મા કો અનઆહારક સ્વભાવી જાનતે હૈં, માનતે હૈં ઔર ઉસીમેં રમણતા કરતે હૈં. ફિર ભી પરિપૂર્ણ વીતરાગ દશા નહીં હોને સે બાહ્ય ચારિત્ર ઔર બાહ્ય સંયમવહન કે હેતુ, ચારિત્રવહન કે હેતુ, સંયમ કે પાલન હેતુ થોડા આહાર કા વિકલ્પ ઉઠતા હૈ, વહ ભી સંજ્વલન કષાયરૂપ મંદ ભાવ હૈ. અગર છયાલીસ દોષમેં સે એક દોષ કા પતા ચલ જાયે તો ઉસકા યહ જો વિકલ્પ હૈ વહ શાંત હો જાતા હૈ. યહ વિકલ્પ સિદ્ધ નહીં હોતા ઇસલિયે વે અશાંત નહીં હોતે. આહાર કા વિકલ્પ સિદ્ધ નહીં હુઆ, વિકલ્પ અનુસાર પ્રક્રિયા નહીં હુઈ તો વે અશાંત નહીં

હોતે. વે અધિક શાંત હો જાતે હૈં. કભી-કભી તો દિન પર દિન, દિન પર દિન (બીત જાતે હૈં લેકિન આહાર કા યોગ નહીં બનતા).

ભગવાન 'ઋષભદેવસ્વામી' છઃ મહીને તક લગાતાર નગર મેં આતે રહે (ફિર ભી આહાર કા યોગ નહીં હુઆ તો) એક દિન ભી ઉનકો દ્વેષ નહીં આયા. એક ક્રોડાક્રોડી પૂર્વ કે પહલે કે ઇતિહાસ કો બરાબર કહ સકતે હૈં કિ, એક દિન ભી વહાં ઉનકો દ્વેષ નહીં આયા થા. છઃ મહીને તક નગર મેં આયે, વાપસ ગયે (ઔર અપને) જ્ઞાન-ધ્યાન મેં લીન હો ગયે. છઃ છઃ મહીને તક ! એક દિન ભી અશાંત નહીં હુએ. અશાંત હોવે તો મુનિદશા નહીં રહતી. કષાય બઢ જાતા હૈ. (લેકિન ઇતના કષાય) મુનિદશા મેં નહીં બઢે. અપને આહાર કે વિષય મેં ઇતના કષાય નહીં બઢે, ફિર દૂસરે વિષય મેં કષાય કૈસે બઢે ? રજોણા લેકર મારે વહ બાત હમારે અંદર નહીં હૈ. અભી તો ગડબડ યહાં તક (ચલતી) હૈ. અપના આહાર છૂટ જાવે (તો) કોઈ સવાલ નહીં. આનંદ કા આહાર લેને લગ જાતે હૈં. આનંદ-અમૃત કા ભોજન લેતે હૈં ઔર ઉસ ભોજન મેં અપની આત્મા તૃપ્ત તૃપ્ત હો જાતી હૈ. અત્યંત તૃપ્ત હો જાતે હૈં. યહ હુઈ મુનિ ભગવાન કી ભક્તિ કી બાત ! યહ ભક્તિ કા વિષય હૈ.

**સંસાર કી અનેક અભિલાષારૂપ ક્ષુધા સે દુઃખિત મુસાફિર ! તૂ વિષયોં કે લિયે ક્યોં તરસતા હૈ ? વહાઁ તેરી ભૂખ શાંત નહીં હોગી. અંતર મેં અમૃતફલોં કા ચૈતન્યવૃક્ષ લગા હૈ ઉસે દેખ તો અનેક પ્રકાર કે મધુર ફલ એવં રસ તુઝે પ્રાપ્ત હોંગે, તૂ તૃપ્ત-તૃપ્ત હો જાયગા. ૯૦.**

આગે કહતે હૈં કિ, '**સંસાર કી અનેક અભિલાષારૂપ ક્ષુધા સે દુઃખિત મુસાફિર !**' જીવ કો મુસાફિર કહા હૈ. વહ મુસાફરી કરતે હી રહતા હૈ. ચારોં

ગતિયોં મેં ઔર તીન લોક મેં – ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક મેં બહુત લંબી મુસાફરી કરતા હૈ – લંબી Travelling કરતા હૈ. યહાં તો હજાર-દો હજાર મીલ કી યા દસ-બીસ હજાર મીલ કી આદમી મુસાફરી કર સકતા હૈ. દુનિયા કા છેડા આ જાતા હૈ. લેકિન અસંખ્ય યોજન મેં જાતા હૈ. કભી કહાં, કભી નિગોદ મેં, કભી ઉપર, કભી નીચે, કભી મધ્ય મેં કહાં કા કહાં (જાતા હૈ). ક્યોં ? કિ, સંસાર કી અનેક અભિલાષારૂપ ક્ષુધા સે વહ દુઃખિત હૈ. યહ ચાહિયે, વહ ચાહિયે, સંસાર કા યહ પદાર્થ ચાહિયે, સંસાર કા વહ પદાર્થ ચાહિયે. ઉપયોગ ભ્રમણ કરતા હૈ, ભાવ ઉસકા ભ્રમણ કરતા હૈ. ભાવભ્રમણ કા ફલ મિલતા હૈ દ્રવ્યભ્રમણ. ભાવભ્રમણ કા ફલ ક્યા મિલતા હૈ ? દ્રવ્યભ્રમણ.

'ઘોઘા' મેં વહ દેખા થા ન ? ચોમાસે મેં બત્તી કે જો જીવ હૈં – Road light ! ઇતની તેજી સે ઘૂમતે હૈં કિ, જો કીડા હૈ, વહ પંખવાલા કીડા હોતા હૈ, ઉસ એક પંખવાલે પર નજર નહીં રખ સકે. ઇતની તેજી સે વહ ઘૂમતા હૈ. ક્યોં ઇતની તેજી સે (ઘૂમતા હૈ) ? કિ, ઉતની હી તેજી સે ઉસને ભાવ ઘુમાયા હૈ. ઉપયોગ કી ચંચલતા ! યહ રૂપ કા આકર્ષણ હૈ. રૂપ કો દેખને મેં ઇતની તેજી સે ઉપયોગ ઘુમાયા હૈ ફિર વહ પ્રકાશ કા કીડા બનતા હૈ. પ્રકાશ કો દેખકર ઝપટ લગાતા હૈ, જોર-જોર સે ઝપટ લગાતા હૈ. કહાં તક લગાતા હૈ ? મરતા નહીં હૈ વહાં તક. સુબહ-સુબહ દેખો તો હજારો, સેંકડો-હજારો નીચે ગિરે હુએ દિખને મેં આતે હૈં. ઇસ ભાવભ્રમણ કા ફલ હૈ દ્રવ્યભ્રમણ.

સંસાર કે પદાર્થ કી – અનેક પદાર્થ કી અભિલાષારૂપ ભૂખ હૈ, એક અભિલાષારૂપ અગ્નિ હૈ. ક્ષુધા મેં અગ્નિ હૈ ન ? ઉસે જઠરાગ્નિ બોલતે હૈં. યહ ભી એક અગ્નિ હૈ જિસકા દાહ હોતા હૈ. શાંતસ્વરૂપ જીવ કો દાહ હોતા હૈ. 'રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ' જીવ કો દાહ હોતા હૈ. જૈસે ક્ષુધા કા દાહ હોતા હૈ વૈસે રાગ કા દાહ હોતા હૈ.

**'સંસાર કી અનેક અભિલાષારૂપ ક્ષુધા સે દુઃખિત મુસાફિર ! તૂ વિષયોં કે લિયે ક્યોં તરસતા હૈ ?'** જ્ઞાની યહ પ્રશ્ન પૂછતે હૈં. વિષયોં કે લિયે તૂ તરસતા હૈ જૈસે કિસીકો પ્યાસ લગતી હૈ ઔર પાની કે લિયે છટપટાહટ ચલતી હૈ.

પાની નહીં મિલે તો વહ તડપતા હૈ. વૈસે બાહ્ય પદાર્થ નહીં મિલતા હૈ તો વહ ઝપટ કરતા હૈ, ઝાંવા નાખતા હૈ. અનેક પ્રકાર કી પ્રતિકૂલતાઓં કો ગૌણ કરકે ઇચ્છિત પદાર્થ કો, અભિલાષિત પદાર્થ કો પાને કે લિયે જીવ તરસતા હૈ. ઉસકો સત્પુરુષ પૂછતે હૈં કિ, તૂ ક્યોં તરસતા હૈ ?

**'વહાં તેરી ભૂખ શાંત નહીં હોગી.'** ઇસલિયે પ્રશ્ન પૂછા કિ, તૂ તરસતા હૈ, ચેષ્ટા કરતા હૈ, પ્રયાસ કરતા હૈ લેકિન તેરી ભૂખ તો શાંત હોનેવાલી નહીં હૈ. જિસ પ્રયાસ સે તુઝે શાંતિ નહીં મિલેગી ઐસા ઉલટા પ્રયાસ તૂ ક્યોં કરતા હૈ ? તો યહી કહતે હૈં કિ, હમ ઇચ્છિત પદાર્થ કો જૂટા લેતે હૈં. જૂટા લેતે હૈં માને પા લેતે હૈં તો હમકો ઠીક લગતા હૈ. ફિર ભી વહાં યહ ભૂખ શાંત નહીં હોતી. યહ એક ઐસી ભૂખ હૈ કિ જૈસે અગ્નિ મેં કોઈ ઘી ડાલતા હૈ તો (અગ્નિ) અધિક તેજ હો જાતી હૈ. વૈસે યહ ક્ષુધા અધિક તેજ હોતી હૈ.

એક ક્ષુધા તો Temporary શાંત હો જાતી હૈ. જઠરાગ્નિવાલી જો ક્ષુધા હૈ ઉસમેં કુછ રોટી, દાલ, ભાત ડાલ દેતે હૈં તો થોડી દેર – ચાર, છઃ ઘંટે કે લિયે શાંત હો જાતી હૈ. લેકિન યહ તો શાંત હોતી હી નહીં. યહ તો એક વિકલ્પ શાંત હુઆ કિ દૂસરા વિકલ્પ ચલ ગયા, પૈદા હો ગયા. ઇસકો શાંતિ સે ભોગા નહીં ભોગા, દૂસરે પદાર્થ કી અભિલાષા ખડી હો જાતી હૈ ઔર વહ અશાંતિ બઢતી જાતી હૈ.

યહાં તો બાત દૂસરી બતાની હૈ કિ, બાહ્ય પદાર્થ કી અનાદિ સે તુઝે અભિલાષા હુઈ. બાહ્ય પદાર્થ કી અભિલાષા-અગ્નિ સે તુઝે અશાંતિ હો રહી હૈ. અબ, ઇસકી શાંતિ કે લિયે એક રાસ્તા હૈ, એક ઉપાય હૈ, એક માર્ગ હૈ – યહ બાત યહાં કરની હૈ.

**'અંતર મેં અમૃતફલોં કા ચૈતન્યવૃક્ષ લગા હૈ...' યહ એક પૂજ્ય 'બહિનશ્રી' કી વિશિષ્ટતા હૈ કિ, આત્મા કે સ્વરૂપ કે વિષય મેં બહુત સે મીઠે શબ્દોં સે ઇસ વિષય કો વ્યક્ત કર સકતે હૈં.** કહતે હૈં કિ, તુઝે બાહર કે ફલોં સે યા બાહર કે વિષયોં સે તેરી વિષય કી ભૂખ શાંત નહીં હોગી, બઢતી જાયેગી. શાંત તો નહીં હોગી વરન બઢતી જાયેગી. ઔર ઇસે શાંત કરને કા એકમાત્ર

ઉપાય હૈ કિ, આત્મા મેં જો આનંદ-અમૃત હૈ ઉસકા ભોજન લેને સે (તૃપ્તિ હોગી). ઇધર તો ચૈતન્યવૃક્ષ, અમૃત કે ફલોં કે વૃક્ષ કી ઉપમા દી હૈ.

જૈસે આમ કા પેડ હોતા હૈ. અચ્છી-અચ્છી બઢિયા Quality કે આમ બનતે હૈં. ખાતે વક્ત બોલતે હૈં કિ, આ..હા...! યહ તો અમૃત જૈસા આમ હૈ ! ઉસકા આનંદ લેને મેં તો દુઃખ હૈ. યે માનતે હૈં ભલે સુખ, લેકિન સુખ હૈ નહીં. અસલ મેં વહાં ભી આકુલતા હી હોતી હૈ. યહ ઇચ્છા કી જો અગ્નિ હૈ ઉસે શાંત કરને કે લિયે આનંદ કી વર્ષા – અંતર આનંદ કી વર્ષા એક હી સમર્થ હૈ. વહાં તક કભી શાંતિ નહીં હોતી. કિસી કો કભી તીન કાલ મેં શાંતિ નહીં હોતી.

ઇસકે પીછે યહ અભિપ્રાય હૈ કિ, જીવ કો સ્વયં કે લિયે ઐસા વિચાર કરના ચાહિયે કિ, મુઝે તો અશાંતિ હો હી રહી હૈ. અબ, જહાં તક મૈં મેરે આનંદ કા અનુભવ નહીં કરુંગા, અંતર આનંદ કા અનુભવ નહીં કરુંગા વહાં તક યહ અશાંતિ કી અગ્નિ કભી શાંત નહીં હોગી. ઔર ઐસી અશાંતિ કહાં તક ભોગની હૈ ? ઇસકા વિચાર કર લેના ચાહિયે. અનંત કાલ ગયા, અભી ભી જહાં તક નહીં સમઝે, જહાં તક અંતર્મુખ નહીં હોવે (તબ તક) કિસકો માલૂમ (ઔર) કિતના અનંત કાલ જાયેગા ? કિતના અનંત કાલ જાયેગા ? અનંત કાલ મેં ભી કિતના અનંત કાલ જાયેગા કિસકો માલૂમ ? ઇસકા દુઃખ લગા હો, અરે...! ઇસકા દુઃખ જ્ઞાન મેં ભાસિત હોતા હો, સમઝ મેં ભાસિત હોતા હો તો સહી રાસ્તે કો ઢૂંઢે ઔર સહી ઉપાય કરે. એક હી બાત હૈ.

પ્રશ્ન :- ક્યા ઉપાય હૈ ?

સમાધાન :- યહ તો કહતે હૈં. **'અંતર મેં અમૃતફલોં કા ચૈતન્યવૃક્ષ લગા હૈ...'** તુઝે ઇસ વૃક્ષ કો લગાના નહીં હૈ, લગા હુઆ હૈ.

મુમુક્ષુ :- દિખતા તો નહીં હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- દેખતા નહીં હૈ તો દિખતા નહીં હૈ. એક ચીજ હૈ તો દેખનેવાલે કહતે હૈં કિ, હૈ. એક આદમી કહતા હૈ કિ, નહીં દિખતા હૈ. તો કહતે હૈં કિ, તૂ દેખતા નહીં હૈ (ઇસલિયે) નહીં દિખતા હૈ. હમકો ક્યોં દિખતા

હૈ ? કિ, હૈ ઇસલિયે દિખતા હૈ. બસ ! ઇતની સી બાત હૈ. દેખને કે લિયે જિતના પ્રયત્ન (હોના ચાહિયે ઉતના કરતા નહીં). યે લડકે કો દેખો. અભી તો તીન-ચાર સાલ કા હોતા હૈ (તો) ઉસે કે.જી. મેં, ક્રીડાંગણ મેં, બાલમંદિર મેં ભેજતે હૈં વહાં સે લેકર કે સ્કૂલ મેં જાતા હૈ, ફિર કૉલેજ મેં જાતા હૈ, ફિર વહ Graduate હોતા હૈ તો વહ Clerk કે કાબિલ હોતા હૈ. Clerk કા કામ કર સકે ઇતની કાર્યક્ષમતા (પ્રાપ્ત કરતા હૈ). અભી જો Under graduate હૈ, Bachelor હોતા હૈ ઉસકી કક્ષા હૈ, ઇસકી યોગ્યતા હૈ. ઔર ઇસસે આગે બઢે (તો) કિતને સાલ જાતે હૈં ? કોઈ અઠારહ-બીસ સાલ મેં હોતા હૈ તો પંદ્રહ સાલ હો ગયે. ઉસસે આગે બઢને કે લિયે Higher technical degree લેને કે લિયે ઔર Doctorate હોના હૈ તો દો-ચાર-પાંચ સાલ નિકાલને પડતે હૈં. (તબ તક) આદમી પચીસ સાલ કા હો જાતા હૈ. તેઈસ સાલ, પચીસ સાલ, સત્તાઈસ સાલ (કા હો જાતા હૈ). સંસાર મેં ભી એક પેટ ભરને કે લિયે જીવકો બીસ-પચીસ સાલ કા પરિશ્રમ કરના પડતા હૈ. કિતના Period હૈ ? One generation ... એક પીઢી કા ઇસકા Period બોલા જાતા હૈ. પેટ ભરને કે લિયે ઇતના કરના પડતા હૈ. અનંત કાલ કા સુખ ભોગને કે લિયે તૂને ક્યા-ક્યા કિયા ? કિતના પરિશ્રમ કિયા ? જિસ દેહ કે લિયે ઇતના પરિશ્રમ (કિયા) તો સત્પુરુષ કહતે હૈં કિ, દેહ કી જિતની દરકાર તૂને કી ઉસસે અનંતગુની દરકાર આત્મા કી કર, કરની ચાહિયે.

અનંત કાલ અનંત પરિશ્રમ, અનંત દરકાર, અનંત સાવધાની દેહ કે લિયે કી, અબ ઉસસે અનંતગુની આત્મા કે લિયે કરની હૈ. ભાવ સે (કરની હૈ), સમય કી ઇતની જરૂરત નહીં હૈ. (ક્યોંકિ) ઇતના સમય નહીં લગતા હૈ. વસ્તુ મેં તાકત ઇતની હૈ કિ કામ કરને મેં ઉતના સમય નહીં લગતા હૈ. યહ ઉસકી તાકત કા કારણ હૈ. લેકિન ભાવ તો પ્રચુર સે, જોર સે ઉઠના ચાહિયે. 'જગત ઇષ્ટ નહીં આત્મ સે' સારે જગત કો એક લાત મારકે ઉડા દેના. જગત કી મુઝે કોઈ પરવાહ નહીં હૈ, મૈં મેરા કામ પહલે કરુંગા. મેરે કાર્ય કરને મેં જગત કે કોઈ પદાર્થ બીચ મેં આવે ઔર બાધા કરે (તો) મૈં ઉસકો ફૈંક દૂંગા. મેરા

કામ પહલે હૈ. ઐસે જોર સે બાત આની ચાહિયે.

'સોગાનીજી' કહતે હૈં કિ, તરાજુ કે એક પલ્લે મેં તીનકાલ તીનલોક ઔર એક પલ્લે મેં મેરા પરમાત્મા, મેરી આત્મા (યાની) મૈં. મેરા પલ્લા બૈઠ જાતા હૈ (દૂસરા) પલ્લા ઉલડ જાતા હૈ. ઊંચા હો જાતા હૈ (ઐસે) નહીં, ઉસ પલ્લે કો તો મૈં ફેંક દેતા હૂં. ઇતના મેરા મેરે પર વજન હૈ ! તબ કામ હોતા હૈ. કામ જબ હોતા હૈ કિ ઇતના વજન આતા હૈ તબ. ઇતના મહાન મૈં હૂં ઔર ઇતની મેરે કાર્ય કી મેરે લિયે ઇતની Priority હૈ, ઇતની મુખ્યતા હૈ, ઇતની વિશેષતા હૈ ઔર સબ ગૌણ હૈં.

યહાં તો કહતે હૈં કિ, **'અંતર મેં અમૃતફલોં કા ચૈતન્યવૃક્ષ લગા હૈ ઉસે દેખ તો અનેક પ્રકાર કે મધુર ફલ એવં રસ તુઝે પ્રાપ્ત હોંગે,...'** દેખને માત્ર સે ! જૈસે કહતે હૈં કિ, કોઈ પ્રિયજન કા પચીસ-પચીસ સાલ કા વિયોગ હોતા હૈ તો દેખતે હી આનંદવિભોર હો જાતે હૈં ! મિલને પર હી આનંદવિભોર હો જાતે હૈં! અભી તો દૂર સે દેખે તો ભી આનંદવિભોર હો જાતે હૈં. યહ તો અનંત આનંદ સે લબાલબ ભરા હુઆ પદાર્થ હૈ. અવસ્થા ઉસકે સન્મુખ હોકર દેખને (માત્ર સે) ઇતના આનંદ છા જાતા હૈ, આનંદ સમાતા નહીં હૈ.

મુમુક્ષુ :- 'ઘટ અંતર ન સમાય'

પૂજ્ય ભાઈશ્રી :- 'ભાગચંદજી' કા પદ હૈ, 'ઘટ અંતર ન સમાય' ઘટ માને અંતર્મુખ હોનેવાલી પર્યાય. અંતર મેં હોનેવાલી જો પર્યાય (હૈ) ઉસમેં આનંદ સમાતા નહીં હૈ. ઇતના ઉભરકર ઇસમેં ભાવ આતા હૈ. ઐસા રસ – આનંદરસ તુઝે પ્રાપ્ત (હોગા), શાંતરસ પ્રાપ્ત હોગા, જ્ઞાનરસ પ્રાપ્ત હોગા ઔર **'તૂ તૃપ્ત-તૃપ્ત હો જાયગા.'** વાસ્તવિક તૃપ્તિ વહાં આયેગી.

ગુણસ્થાન અનુસાર જિતના સાધકભાવ સિદ્ધ હોતા હૈ, સિદ્ધ માને પ્રાપ્ત હોતા હૈ, ઉતની તૃપ્તિ બનતી હૈ. લેકિન તૃપ્તિ કી જો જાત હૈ વહ પરિપૂર્ણ તૃપ્તિ હૈ ઉસકી જાત હૈ. તારમ્યતા હીનાધિક હોતી હૈ લેકિન તૃપ્તિ તૃપ્તિ હી હોતી હૈ, તૃપ્તિ મેં અતૃપ્તિ નહીં હોતી. જૈસે વીતરાગતા હૈ વહ જઘન્ય વીતરાગતા, મધ્યમ વીતરાગતા, ઉત્કૃષ્ટ વીતરાગતા તારતમ્ય ભેદ સે કહ સકતે હૈં. ફિર

ભી વીતરાગતા મેં રાગ નહીં હૈ. શુદ્ધિ મેં જઘન્ય શુદ્ધિ, મધ્યમ શુદ્ધિ, ઉત્કૃષ્ટ શુદ્ધિ કહ સકતે હૈં લેકિન શુદ્ધિ મેં અશુદ્ધિ નહીં હૈ.

જૈસે થોડા નફા હૈ લેકિન ઉસમેં નુકસાન નહીં હૈ. નફા તો નફા હી હૈ ઔર નુકસાન હૈ ઉસમેં નફા નહીં હૈ. હૈ ન ? ચાહે થોડા હો યા જ્યાદા. વૈસે તૃપ્તિ મેં તૃપ્તિ હી હૈ, તૃપ્તિ મેં અતૃપ્તિ નહીં હૈ. ચતુર્થ ગુણસ્થાન મેં તૃપ્તિ હોવે, શુદ્ધોપયોગ હોતે હી તૃપ્તિ હોવે, ઉસમેં તૃપ્તિ હી હોતી હૈ, ઉસમેં અતૃપ્તિ નહીં હોતી હૈ.

કહતે હૈં કિ, '**તૂ તૃપ્ત-તૃપ્ત હો જાયગા.**' ઇસલિયે કહતે હૈં. કોઈ યહ કહેંગે કિ, અભી તો ચતુર્થ ગુણસ્થાન હોગા ઔર પરિપૂર્ણ તૃપ્તિ તો વીતરાગપદ મેં, બારહવેં ગુણસ્થાન મેં, તેરહવેં ગુણસ્થાન મેં હોગી. (તો કહતે હૈં કિ), નહીં, અભી સે તૂ તૃપ્ત હો જાયગા. ઔર ચૌદહ ગુણસ્થાન કે પાર જો પદાર્થ હૈ ઉસકા તુઝે સ્વયં કે રૂપ મેં અનુભવ હોગા. ફિર ઉસમેં અતૃપ્તિ કા કહાં સવાલ હૈ ? તેરહવેં-ચૌદહવેં ગુણસ્થાન મેં, સિદ્ધદશા મેં પૂર્ણ તૃપ્તિ હોતી હૈ ન ? યહાં તો કહતે હૈં કિ, ચૌદહ ગુણસ્થાન સે પાર તેરા સ્વરૂપ હૈ ઉસકા અપનેરૂપ અનુભવ હોતા હૈ. ઉસમેં અતૃપ્તિ કૈસે હોગી ? ઉસમેં અતૃપ્તિ હોને કા સવાલ નહીં હૈ. ઐસા હો જાયેગા.

મુમુક્ષુ :- આત્મા મેં હી સુખ ભરા હૈ. મહાન પદાર્થ હૈ ઔર વહીં સુખ ભરા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વોત્કૃષ્ટ મહાન પદાર્થ હૈ. અપને લિયે તો દૂસરે સબ પદાર્થ નિકમ્મે હૈં, કિસી ભી કામ કે નહીં હૈં.

યહાં સંસાર સે વિમુખ હોકર અપને સ્વયં કે હિત મેં શામિલ હોને કી યહ પ્રેરણા હૈ. સત્પુરુષ કે વચનોં મેં એક પ્રેરણા હૈ કિ, તૂને સંસાર કા દુઃખ બહુત ભોગા. અગર તુઝે દુઃખ સે છૂટકર સુખ મેં આના હો તો અંતર મેં અમૃતફલ કા ચૈતન્યવૃક્ષ લગ ગયા હૈ, લગા હુઆ હી હૈ. અનાદિ સે તૈયાર હૈ. પકાપકાયા ફલ હૈ ! ઐસા ભી નહીં હૈ કિ, પાની-ખાત લગાઓ, સિંચન કરો ફિર પકેગા જબ ખાયેંગે. પકાપકાયા અમૃતફલ તૈયાર હૈ ! અપની આલસ

સે વહ વિમુખ રહતા હૈ. સન્મુખ હોતે હી બાત ખતમ !

મુમુક્ષુ :- અરિહંત, સિદ્ધ ઉત્તમ, મંગલ, શરણ હૈં, ઐસા આતા હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- વહ વ્યવહાર સે મંગલ હૈ. વહ બોલ તો આ ગયા. નિશ્ચય સે તો અપની આત્મા પરમ મંગલ હૈ. સ્વયં કી આત્મા પરમ મંગલ હૈ ઇસકે આગે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અપરમ મંગલ હૈં. પરમ મંગલ નહીં હૈં, અપરમ હૈં. ઐસી બાત હૈ.

'ગુરુદેવ' તો પ્રવચન મેં ઇસસે ભી આગે જાતે થે કિ, અપના ત્રિકાલી પરમાત્મા પરમભાવ હૈ ઔર ઇસકે આગે સિદ્ધદશારૂપ પરિપૂર્ણ શુદ્ધદશા અપરમભાવ હૈ.

પ્રશ્ન :- સિદ્ધદશા ?

સમાધાન :- હાં, અપરમભાવ હૈ. ફિર દૂસરે સિદ્ધ કા તો કહના હી ક્યા? સ્વયં કી સિદ્ધદશા કી બાત હૈ. અભી તો હુઈ નહીં. કહનેવાલે કો તો અભી હુઈ નહીં. ઔર જિનકો હોતી હૈ વે તો કહતે નહીં. ઉનકે તો ભાષા રહતી નહીં, વે તો અદેહી હૈં. ઉનકો મન, વચન, કાયા કા સંજોગ નહીં હૈ. વે તો અશરીરી હોતે હૈં તો ઉનકે તો વાણી નહીં હોતી કિ, વે (કુછ) કહે કિ, સિદ્ધદશા સે ભી યહ આત્મા પરમોત્કૃષ્ટ હૈ. લેકિન જહાં તક વાણી હોતી હૈ, અર્હંત, મુનિરાજ, સત્પુરુષ આદિ (કો વાણી હોતી હૈ). અભી ઉનકો સિદ્ધદશા નહીં હુઈ હૈ. વે કહતે હૈં કિ, ઇસ પરમભાવ કે આગે એક સમય કી સિદ્ધદશા અપરમભાવ હૈ. હોનેવાલી સિદ્ધદશા અપરમભાવ હૈ. ઐસા જિનકા સર્વોત્કૃષ્ટ સ્થાન હૈ, ઉત્કૃષ્ટ સે ઉત્કૃષ્ટ સ્થાન હૈ વહ સ્વયં કા નિજ આત્મપદ હૈ. 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત' યહ ઇસ સ્વરૂપ કી બાત હૈ.

પ્રશ્ન :- ઇતના મહાન સ્વરૂપ હૈ ફિર વહ ગયા કહાં ?

સમાધાન :- ગયા હી નહીં ન ! કહીં ગયા નહીં, ઇધર હી હૈ. કિધર (ભી ગયા) નહીં. વહ 'સોગાનીજી'ને લિયા હૈ. ૬૩૭ (નંબર કા બોલ હૈ). **'મૈં તો અભી હી સિદ્ધ હૂં.'** ઠીક ! અભી તો કપડે ભી પહને હુએ હૈં, અભી શરીર કી દિગંબર દશા ભી નહીં આયી (ફિર ભી) કહતે હૈં કિ, **'મૈં તો અભી હી**

**સિદ્ધ હૂં.'** ઇસકે પહલે અવસ્થા મેં **'ચૌદહવાં ગુણસ્થાન હોગા...'** મુનિદશા કી તો બાત હી નહીં કરતે. સિદ્ધપદ આને કે પહલે **'ચૌદહવાં ગુણસ્થાન હોગા ઔર બાદ મેં સિદ્ધાલય મેં જાના હોગા,...'** અયોગી કેવલી દશા ! સયોગી કેવલી તક કી બાત નહીં લી. મુનિદશા કી બાત નહીં લી, સયોગી કેવલી – અરિહંત દશા કી બાત નહીં લી, અયોગી કેવલી કી બાત લી. સિદ્ધ દશા કી બાત કરની હૈ ન ? તો ઇસકે પહલે તો ચૌદહવાં ગુણસ્થાન હોગા, ફિર સિદ્ધાલય મેં જાના હોગા. (યહ સબ) નિશ્ચિત હૈ, અપની પ્રતીત મેં વહ બાત નિશ્ચિત હૈ કિ, અભી તો સમ્યગ્દર્શન હુઆ હૈ લેકિન ચૌદહવાં ગુણસ્થાન હોગા, હોગા હી હોગા. બાદ મેં સિદ્ધાલય મેં જાના હોગા. ક્ષેત્રાંતર હો જાયેગા. માને ઇસ મનુષ્યલોકમેં સે સિદ્ધશિલા તક જાના હોગા. એક સમય મેં ઇતની મુસાફરી – Travelling હો જાયેગી. બિના સાધન ! ન મોટર ચાહિયે, ન પ્લેન ચાહિયે, ન કોઈ જહાજ ચાહિયે, ન હવાઈ જહાજ ચાહિયે, કુછ નહીં ચાહિયે. એક સમય મેં **'ક્ષેત્રાંતર વગૈરહ હોગા; લેકિન યહ સબ કાર્ય પર્યાય મેં હોગા.'** યહ સબ કાર્ય કિસમેં હોગા ? મેરે ત્રિકાલી મેં નહીં. ઇસકા મતલબ (યહ હૈ). પર્યાય મેં હોગા, મેરે મેં નહીં.

**'લેકિન યહ સબ કાર્ય પર્યાય મેં હોગા. પર્યાય કા કાર્ય પર્યાય મેં હોતા હૈ,...'** હોગા તબ હોગા, હોતા હૈ તો હોતા હૈ, **'મેરે મેં નહીં. મૈં તો અભી હી સિદ્ધાલય મેં બૈઠા હૂં.'** ઠીક ! મૈં અભી સિદ્ધ હૂં ઔર મેરે સિદ્ધાલય મેં બૈઠા હૂં. વહ સિદ્ધાલય દૂસરા સિદ્ધાલય હૈ. મૈં તો અભી હી સિદ્ધ હૂં. મેરે સિદ્ધસ્થાન મેં બૈઠા હૂં. આલય માને સ્થાન. જિનાલય બોલતે હૈં, મહાલય બોલતે હૈં. મહલ કો મહાલય બોલતે હૈં. જિન બૈઠતે હૈં ઉસે જિનાલય કહતે હૈં. સિદ્ધ બિરાજમાન હોતે હૈં ઉસે સિદ્ધાલય કહતે હૈં. તો કહતે હૈં કિ, મેરા સિદ્ધાલય (યહાં હૈ). અસંખ્ય ક્ષેત્ર કા મેરા સિદ્ધાલય હૈ. યહ મેરા અસંખ્ય ક્ષેત્ર કા સિદ્ધાલય તો અનાદિઅનંત હૈ. ઇસ ક્ષેત્ર મેં કોઈ ફેરફાર હોતા નહીં.

**'અભી હી સિદ્ધાલય મેં બૈઠા હૂં. કભી કહીં આયા ભી નહીં...'** મેરે સિદ્ધાલયમેં સે મૈં કભી કહીં **'ગયા ભી નહીં.'** કભી (કોઈ) આયા ભી નહીં. ઐસા સિદ્ધ

સ્વરૂપ જો અપના આત્મા હૈ, ઐસી ઇનકી ભાવના હોતી હૈ. ભાવના ઇસલિયે ઉસે કહતે હૈં કિ, ઇસકી સન્મુખતા કા ઔર ઇસ રૂપ અનુભવ કા, ઇસ રૂપ અભેદ અનુભૂતિ કા પ્રયત્ન મૌજૂદ હૈ. ઇસલિયે ઐસી નિજપદ કી યહ ભાવના હૈ. ઉસે આત્મભાવના કહતે હૈં. 'આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે'

સારે શાસ્ત્રોં મેં, પૂરે કે પૂરે સબ શાસ્ત્રોં મેં યહી એક બાત કહને કા કહનેવાલોં કા મકસદ હૈ. યહી એક અભિધ્યેય હૈ ઔર ભગવાન કી દિવ્યધ્વનિ મેં ભી યહી એક બાત કી મુખ્યતા રહી. તીર્થંકર કી દિવ્યધ્વનિ મેં, સભી તીર્થંકરો કી, અનંત તીર્થંકરોં કી દિવ્યધ્વનિ મેં યહી એક આત્મસ્વરૂપ કી બાત મુખ્ય રહી. બાર-બાર હમ તુઝે તેરે નિજપદ કો દર્શાતે હૈં. યહ ભી ઇચ્છા નહીં હૈ, ભગવાન કો તો ઇચ્છાપૂર્વક વાણી નહીં હોતી. લેકિન પૂર્વકર્મ કે ફલરૂપ વાણી સ્વયં ભાષાવર્ગણારૂપ હોકર પૂર્વ કે દ્રવ્યકર્મ કે અનુકૂલ નોકર્મરૂપ બન જાતી હૈ. ઉસમેં યહી બાત આતી હૈ. ખુદ તો વીતરાગ બન ગયે હૈં, ખુદ કો તો ન લેના હૈ, ન કુછ દેના હૈ. ન ઉપદેશ દેના હૈ, ન સુનનેવાલોં સે કુછ લેના હૈ.

**અહા ! આત્મા અલૌકિક ચૈતન્યચન્દ્ર હૈ, જિસકા અવલોકન કરને સે મુનિયોં કો વૈરાગ્ય ઉછલ પડતા હૈ. મુનિ શીતલ-શીતલ ચૈતન્યચન્દ્ર કો નિહારતે હુએ અઘાતે હી નહીં, થકતે હી નહીં. ૯૧.**

અબ જો ૯૧ નંબર કા બોલ હૈ વહ મુનિદશા કા બોલ હૈ. **'અહા ! આત્મા અલૌકિક ચૈતન્યચન્દ્ર હૈ, જિસકા અવલોકન કરને સે મુનિયોં કો વૈરાગ્ય ઉછલ પડતા હૈ.'** બોલ છોટા હોતા હૈ લેકિન ઇસમેં ભાવ કિતને ભરે હૈં ! કહતે

હૈં કિ, યહ તો **'અલૌકિક ચૈતન્યચંદ્ર હૈ,...'** જૈસે ઉપમા લેવે, ચન્દ્ર કી ઉપમા દી તો પૂર્ણ માસ કા જો ચન્દ્ર હૈ, પૂર્ણ માસ ! વહાં માસ પૂરા હોતા હૈ. ગુજરાતી મેં થોડા ઉલટા હૈ. હિન્દુસ્તાન મેં તો પૂનમ કો પૂર્ણ માસ હોતા હૈ ઔર અમાસ માને અર્ધ માસ હોતા હૈ. અર્ધ માસ કો અમાસ કહતે હૈં. પૂર્ણ માસ કા ચંદ્ર ઉદિત હોતા હૈ તો સમંદર ઉછલતા હૈ. સમંદર ઉછલતા હૈ કિ નહીં ઉછલતા હૈ ?

યહાં કહતે હૈં કિ, મુનિરાજ કો વૈરાગ્ય કા સમુદ્ર ઉછલતા હૈ, વીતરાગતા કા સમુદ્ર ઉછલતા હૈ. **'આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર હૈ,...'** લૌકિક મેં જિસકી ઉપમા નહીં દે સકતે. લોક મેં જિસકી બરાબરી કા કોઈ પદાર્થ નહીં હોને સે જિસકી ઉપમા લાગૂ નહીં કર સકતે, ઐસા **'આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર હૈ, જિસકા અવલોકન કરને સે...'** અવલોકન માત્ર સે મુનિરાજ કા ઉપયોગ ક્ષણ મેં અંતર મેં જાતા હૈ (તો) અંતરમેં સે વૈરાગ્ય ઉછલતા હૈ. અસંખ્ય પ્રદેશ મેં, પ્રદેશ-પ્રદેશ મેં વીતરાગતા ઉછલ પડતી હૈ.

પ્રશ્ન :- યહ તો મુનિ કી બાત ચલી, હમે ક્યા કરના ?

સમાધાન :- ઐસા હોને કી ભાવના (ભાની હૈ), ભાવના કી બાત હૈ. 'અમેરિકા' કી સંપત્તિ 'અમેરિકા' મેં હૈ. અભી યહાં ઇસકી બાત લોગ ક્યોં કરતે હૈં ? ઐસી લંબી-લંબી મોટર હોતી હૈ ! ઉસ વૈભવ મેં તેરી રુચિ હૈ. પૌદ્ગલિક વૈભવ મેં તેરી રુચિ હૈ કિ, ઇસકા બંગલા દેખા ? ઉસકે તો Toilet મેં Air-condition રખા હૈ ! ઠીક ! ઐસા કહેંગે. ક્યોં ભાઈ ? તેરે પાસ તો હૈ નહીં. લેકિન ભાવના જિસે હોતી હૈ ઉસે યહ બાત આયે બિના રહતી નહીં.

જૈસે ભૌતિક વૈભવ કી ભાવનાવાલે કો ભૌતિક વૈભવ કી સંપન્નતા નહીં હોનેપર ભી ઇસકી મહિમા રહતી હૈ તો દૂસરે કી તારીફ઼ કરતે હૈં. અપને (ખુદ કો) મુનિપદ નહીં હોવે લેકિન જિસે આત્મિકવૈભવ પૈદા હુઆ હૈ (ઐસે) સત્પુરુષ ઉસકી મહિમા, ઉસકી તારીફ઼ કરતે હૈં. ઉનકો યહ ભાવના હૈ કિ, મેરી ઐસી દશા કબ હો ! 'અપૂર્વ અવસર ઐસા કબ આયેગા મુજે ?' ઐસી ભાવના હોતી

હૈ.

વહ સમઝ મેં આયે ઐસા નહીં હૈ કિ, આહાર લેને જાય, જંગલમેં સે નગર તક આયે ઔર આહાર નહીં મિલે તો લૌટ જાયે તો ઉન્હેં આનંદ ઉછલતા હૈ, યહ સમઝ મેં આયે ઐસા નહીં હૈ. ક્યોંકિ યહાં સ્વયં કો ઐસા અભ્યાસ હૈ કિ, ઇચ્છિત પદાર્થ ન મિલે તો દ્વેષ હોવે. અપની ઇચ્છા અનુસાર નહીં હો તો દ્વેષ હોવે. ઘર મેં એક છોટી બાત મેં અપની ઇચ્છા અનુસાર નહીં હો તો દ્વેષ હોવે. 'મૈંને ઐસા કહા થા ઔર કિયા નહીં.'

યહાં મુનિરાજ કી બાત અલગ હૈ. અલૌકિક દશા હૈ ! ઐસી અલૌકિક દશા હૈ કિ, દ્વેષ કા સવાલ હી નહીં. ક્યોંકિ એક ક્ષણ મેં અંદર જાતે હૈં. યહાં આહાર કા વિકલ્પ ચલતા હૈ તો ભી ચલતે-ચલતે અંદર આનંદ મેં ચલે જાતે હૈં. યહાં વિકલ્પ ક્યા આયા કિ, આહાર કા જોગ નહીં હૈ, યોગ નહીં હૈ કિ સીધે અંદર ચલે જાતે હૈં. વહ વિકલ્પ છૂટા કિ સીધે અંદર જાતે હૈં. અંદરમેં સીધા આહાર લેતે હૈં, આનંદ કા આહાર લે લેતે હૈં (તો) તૃપ્તિ હોતી હૈ, આત્મા પુષ્ટ હોતા હૈ. ખલાસ ! વિકલ્પ છૂટા વહ છૂટા, ફિર સે વહ વિકલ્પ ઉત્પન્ન નહીં હોતા. વીતરાગતા કી સ્થિરતા ઇતની હૈ કિ, આહાર કા વિકલ્પ એક બાર છૂટ ગયા કિ, આહાર નહીં. આજ આહાર નહીં લેના હૈ ફિર દૂસરે દિન તક દુબારા વિકલ્પ નહીં આતા. વિકલ્પ આતા હી નહીં, ઉત્પન્ન હી નહીં હોતા. ઐસી સીધી જોર સે વીતરાગ દશા આતી હૈ ! યહાં આહાર કા યોગ નહીં બનતા તો દૂસરે કો જોર સે દ્વેષ આતા હૈ, યહાં જોર સે ઐસી વીતરાગ દશા આયે કિ, ચૌબીસ ઘંટે તક તો દૂસરા આહાર કા વિકલ્પ ઉત્પન્ન નહીં હોતા. ઐસા નહીં હૈ કિ, ફિર સે એક સેકંડ મેં, દો સેકંડ મેં દુબારા આહાર કા વિકલ્પ આયે ઔર ઉસે દબાકર જંગલ મેં ચલે જાયે. ઐસા નહીં હૈ. ચૌબીસ ઘંટે તક તો વહ પ્રશ્ન હી નહીં હૈ. અંદરમેં ઉતના આનંદ ઔર શાંતિ હૈ !

અમૃતફલ કા ચૈતન્યવૃક્ષ લગા હૈ. ચૈતન્ય કે અનેક ગુણોં કે અનેક અલૌકિક રસ કો પીતે હૈં. જૈસે કોઈ અભી સફરજન કા જ્યૂસ પીયે ફિર ઘટક... ઘટક ગન્ને કા રસ પીયે ઔર આમ કા રસ પીયે, રસ કે ઉપર રસ પીયે. વે સબ

ફ્લ કે રસ હૈં. વિભિન્ન રસ ઉસે કૈસે મીઠે લગતે હૈં ! વહ મિઠાસ તો કુછ નહીં હૈ, વહ તો ઇસકે પાસ ઝહર હૈ, ઉતની મિઠાસ જિસકી હૈ ! જિસકે પાસ યહ મિઠાસ ઝહર હૈ, ઉતની જિસકી મિઠાસ હૈ ! ઐસે વિભિન્ન આત્મગુણોં કા રસ પીતે હૈં. વિકલ્પ ખલાસ હો ગયા. વહ (ફિર સે) ઉત્પન્ન હો વહ પ્રશ્ન નહીં હૈ.

મુમુક્ષુ :– પૂરે મહીને મેં પાંચ બાર આયે.

પૂજ્ય ભાઈશ્રી :– મહીને મેં પાંચ બાર ક્યા પાંચ મહીને મેં વે તો એક બાર આહાર કરે !

મુમુક્ષુ :– મુંહમેં સે સુગંધ નિકલતી હો.

પૂજ્ય ભાઈશ્રી :– મુંહ સે (સુગંધ) ક્યા ઐસે ઋદ્ધિધારી હોતે હૈં કિ, ઉનકી વિષ્ટામેં સે સુગંધ નિકલતી હૈ, ઉનકે પસીનેમેં સે સુગંધ નિકલતી હૈ ! ચૌંસઠ ઋદ્ધિધારી (પૂજન) મેં આતા હૈ ન ? ઉનકે શ્વાસોશ્વાસમેં સે સુગંધ નિકલે ! ઐસા તો દેવોં કો ભી હોતા હૈ. દેવોં કે શરીર મેં સુગંધ હોતી હૈ, દેવોં કે શરીર મેં દુર્ગંધ હોતી નહીં. દેવ તો ઉનકો વંદન કરતે હૈં ! વે સબ દેવ તો ઉનકો વંદન કરને આતે હૈં ! ઉપર સે ઉતર-ઉતરકર આતે હૈં.

કહતે હૈં કિ, **'જિસકા અવલોકન કરને સે મુનિયોં કો વૈરાગ્ય ઉછલ પડતા હૈ. મુનિ શીતલ-શીતલ ચૈતન્યચન્દ્ર કો નિહારતે હુએ અઘાતે હી નહીં, થકતે હી નહીં.'** આપણે ગુજરાતીમાં 'ધરાતા નથી' (કહે છે). ધરાતા નથી અને થાકતા નથી. ધરાતા માને તૃપ્ત હોના.

જૈસે ભગવાન 'બાહુબલી' કી પ્રતિમા હૈ (ઉસે) સામને દેખતે હી રહો (ઐસી હૈ). વૈસી હી અરિહંત ભગવાન કી પ્રતિમા હોતી હૈ. પ્રતિમા ક્યા સાક્ષાત્ જો જિનબિંબ હૈ, સાક્ષાત્ જો જિનબિંબ હૈ (વહ ઐસા હી હોતા હૈ). સમવસરણ મેં આખિર કા પરમ ઔદારિક દશા મેં જો ચરમ શરીર હૈ, વહ ઐસા હૈ કિ, દેખનેવાલે ઉપયોગ બદલના નહીં ચાહતે. ઉપયોગ થંભ જાયે. ઇતના તેજસ્વી, ઇતના શાંત (હૈ). ઇતના શાંત તેજ (હૈ) ! ઔર સબ તરહ સે ઇતના સુંદર (હૈ), સબ તરહ સે ઇતની સુંદરતા (હૈ કિ,) ઉપયોગ બદલના નહીં ચાહે. દેખે

વહ તો દેખતે હી રહે, બસ ! દેખતે હી રહે. ખાના ભી ભૂલ જાયે, પીના ભી ભૂલ જાયે, ટટ્ટી-પિસાબ ભૂલ જાયે, સબ ભૂલ જાયે. નીંદ ભૂલ જાયે, સબ ભૂલ જાયે. સબ છૂટ જાયે. સાક્ષાત્ તીર્થંકર જો હોતે હૈં (ઉનકે) સમવસરણ મેં જાકર સબ ભૂલ જાતા હૈ. સમવસરણ મેં (જાનેવાલે) કો વહાં નીંદ નહીં આતી. ચૌબીસ ઘંટે મેં છઃ બાર (દિવ્યધ્વનિ) નિકલતી હૈ તો વહાં કોઈ નીંદ નહીં લેતે, ન કોઈ ખાને-પીને કો જાતે હૈં, ન કોઈ ટટ્ટી-પિસાબ કો (જાતે હૈં).

મુમુક્ષુ :- પૌન સેકંડ નીંદ હોતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, વહ તો મુનિ કી બાત હૈ. યહાં તો સમવસરણ મેં જાનેવાલે ભગવાન કે દર્શન કરે તો ઉસે વહાં ઉપયોગ ઘુમાના અચ્છા નહીં લગતા. ઐસા શાંત સૌમ્યરૂપ હોતા હૈ.

યહાં તક રખતે હૈં.

**અહો ! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે ! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે.**

– પૂજ્ય ગુરુદેવશ્રી (પરમાગમસાર-૧૦૦૬)

રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્‌ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે. સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના, એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી સંસારરોગનો નાશ થાય છે. ૯૨.

તા. ૨૦-૦૪-૧૯૮૭, વચનામૃત–૯૨, ૯૩
પ્રવચન નં. ૭૫

પાનું ૩૨, ૯૨મો બોલ છે. સ્વરૂપ ભાવના, ચૈતન્યની ભાવના, આત્મભાવના(નો આ બોલ છે). **'રોગમૂર્તિ શરીરના રોગો પૌદ્‌ગલિક છે, આત્માથી સર્વથા ભિન્ન છે.'** આત્મસ્વરૂપની ભાવનામાં શરીર સંબંધીની ભાવનાનો અભાવ છે. અનાદિથી શરીરમાં પોતાપણાની ભાવના થઈ રહી છે એ છૂટી જાય છે અને જીવ આત્મભાવનામાં આવે છે ત્યારે શરીર રોગની મૂર્તિ છે એનો ખ્યાલ આવે છે.

કાંઈને કાંઈ રોગ તો નાના-મોટા પ્રમાણમાં સર્વસામાન્યને હોય છે. શાસ્ત્રમાં તો ક્ષુધાને પણ રોગ કહ્યો છે, જરા અવસ્થા – વૃદ્ધા અવસ્થાને પણ રોગ કહ્યો છે. પચાસ વટાવી જાય એટલે એ રોગ ચાલુ થાય છે. એ સિવાય અનેક પ્રકારની શરીરની તંદુરસ્તીથી વિરુદ્ધ અનેક પુદ્‌ગલની પ્રક્રિયા છે, એ કાંઈને કાંઈ શરીરમાં ચાલતી જ હોય છે, ચાલુ જ રહે છે. એટલે શરીર તો રોગનું ઘર છે, રોગનું

ધામ છે, રોગનું ઘર છે. રોગ ક્યાં રહે ? કે શરીરમાં. માણસ ખબર પૂછવા આવે છે, કેમ તમને આમ થઈ ગયું, B.P થઈ ગયું, ફલાણું થઈ ગયું. પણ શરીરને ન થાય તો થાય કોને ? એ તો એનું ઘર છે. કાંઈને કાંઈ તો થાય, થાય ને થાય જ.

શરીર એ રોગની મૂર્તિ છે છતાં એ બધાં પૌદ્ગલિક છે. પરમાણુની પર્યાય છે. ચાહે પરમાણુની પર્યાય વિકૃત હો કે અવિકૃત હો તેથી આત્માને શું છે ? આત્માને એથી કાંઈ નથી. ન લાભ છે, ન નુકસાન છે, ન શાંતિ છે ન અશાંતિ છે. એને લઈને (કાંઈ) નથી. શાતા-અશાતા બે પ્રકાર કહેવાય છે તોપણ શાતા-અશાતાથી પર જે આત્મા છે એને તો શાતા-અશાતા એવું કાંઈ નથી. એ બધાં પૌદ્ગલિક છે.

**'આત્માથી સર્વથા ભિન્ન છે.'** શાતા-અશાતા આત્માથી સર્વથા ભિન્ન છે ? કે હા. શાતા-અશાતા એ બે પ્રકારના પુદ્ગલના પરિણમન છે. જે જીવના સ્વભાવની બહારની ચીજ છે, સ્વભાવભૂત ચીજ નથી. જીવ શાતા-અશાતા ભાવે પરિણમે એ પણ એના સ્વભાવ બહારની ચીજ છે; એના સ્વભાવની, એના ઘરની ચીજ નથી.

સર્વથા ભિન્ન છે. જેમ બીજાના શરીરમાં રોગ થાય તો પોતાને ચિંતા થતી નથી. એમ કહેવાતા પોતાના શરીરમાં, છે નહીં પોતાનું. લોકો એમ કહે છે કે, આ આનું શરીર છે ને આ આનું શરીર છે, કેમકે એકબીજાને એકબીજા સાથે ઉદયનો સંબંધ નથી. પણ ખરેખર કોઈ આત્માનું કોઈ શરીર નથી. એ શાતા-અશાતાની એની પર્યાય છે. શરીરની પર્યાય છે. પોતાના કહેવાતા શરીરમાં રોગ થાય તો ચિંતા ન થવી જોઈએ. કેમકે બીજાના શરીરમાં રોગ થાય છે તો ચિંતા નથી થતી. જો બીજાના શરીરમાં રોગ થાય ને ચિંતા નથી થતી તો આ શરીર પણ પોતાથી સર્વથા ભિન્ન હોવાને લીધે એમાં રોગ થાય તો ચિંતા ન થવી જોઈએ.

મુમુક્ષુ :- થઈ જાય છે. રોગ થાય તો હાયહોય થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- થાય દુ:ખી. હાયહોય થાય એટલે ચિંતા થાય અને હાયહોય

થાય એટલે કાંઈ રોગ મટે છે ? એનાથી રોગ મટતો નથી ઊલટાનો તેવો જ નવો રોગ થાય એવા કર્મના બંધન થાય છે. શું થાય છે ? નવો રોગ એવો કરવો હોય તો હાયહોય કરવી. આમ સીધો નથી સમજતો એટલે ડરથી સમજાવવો પડે છે. ભય પ્રકૃતિવાળો જીવ છે ને ? તો કહે (છે), આવો રોગ તને થયો તો (તે) ગમે છે કે નથી ગમતો ? (નથી ગમતો) તો હવે ફરીને થાય એવું કારણ શું કરવા સેવે છો ? જો તને વર્તમાનમાં ઉદયમાન રોગ થયો, શરીરનો હોં ! તને નથી થયો, શરીરનો રોગ થયો એ તને પણ દુઃખદાયક લાગે છે તો એવો જ બીજો રોગ થાય, ફરીને થાય એવા પરિણામને શું કરવા સેવે છો ?

પ્રશ્ન :– કેવા પરિણામ કરવા તો પછી ?

સમાધાન :– એનાથી ભિન્નપણાના પરિણામ કરવા. હું સર્વથા ભિન્ન છું. જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું. શરીર આદિ રજકણ સાથે ચૈતન્યસ્વરૂપી મારા આત્માને કાંઈ સંબંધ નથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી – સ્વ-ચતુષ્ટયથી સંપૂર્ણપણે ભિન્ન છું. સંપૂર્ણપણે ભિન્ન છું. એ જ અશરીરી થવાનો મૂળ સિદ્ધાંત છે. અશરીરી થવું એટલે સિદ્ધ થવું. સિદ્ધ ભગવાનને શરીર નથી હોતું. અશરીરી થવાનો મૂળ સિદ્ધાંત અશરીરી આત્માની ભાવના ભાવવી તે છે. સ્વરૂપે કરીને આત્મા અશરીરી છે, એને અશરીરીપણે શ્રદ્ધામાં ભાવવો, જ્ઞાનમાં ભાવવો, આચરણમાં ભાવવો, એની જ ભાવનામાં રહેવું એ અશરીરી થવાનું કારણ છે.

મુમુક્ષુ :– અનાદિકાળથી શુભાશુભ ભાવથી ભિન્ન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– શુભાશુભ ભાવથી ભિન્ન જ છે. આત્મા ચૈતન્યમૂર્તિ છે. શુભાશુભથી રહિત છે, એનાથી શૂન્ય છે, એનાથી અભાવ સ્વભાવે રહેલો છે. એમ છે ખરેખર. એના સ્વભાવની એ ચીજ નથી. જો એના સ્વભાવરૂપ હોય તો કોઈને મટે અને સિદ્ધદશા, વીતરાગદશા પ્રાપ્ત થાય એવું બને નહીં. આ તો તર્કથી, ન્યાયથી સિદ્ધ કરવાની વાત છે.

અનંતા આત્માઓ શુભાશુભ છોડીને વીતરાગ થયા. શુભ રાગ કે અશુભ રાગ, રાગ છોડયો તે વીતરાગ થયા. એ એમ સૂચવે છે કે, એ એના મૂળભૂત સ્વરૂપની ચીજ હોત તો છૂટત નહીં. એનું હોય તે જાય નહીં. જે આત્માનું હોય

તે આત્માથી છૂટું પડે નહીં, આત્માથી જાય નહીં. આ મૃત્યુ થાય છે ત્યારે માણસ નથી કહેતા ? એનું ક્યાં કાંઈ હતું ? કાંઈ હારે (સાથે) લઈ ગયા ? શું લઈ ગયા ? કાંઈ લઈ ગયા ? એમ કહે છે. ખરી વાત છે ! લઈ જવાનો પ્રશ્ન જ નથી. એનું હોય તો લઈ જાય ને ! કોઈનું હોય તો લઈ જાય પણ કોઈનું કાંઈ છે નહીં. શરીર પણ છોડે છે (તો) બીજું છોડવાનો પ્રશ્ન નથી રહેતો.

પ્રશ્ન :– કોઈ વ્યક્તિને જ્ઞાની એમ કહે કે આ મને પુણ્યનો ઉદય છે, આ મને પાપનો ઉદય છે તો ઈ ખાલી ઉપચાર-વચન થયું ને ?

સમાધાન :– ઇ બે પ્રકારના ઉદયનું જ્ઞાન કરવાનો વિષય છે. ઉદયના બે પ્રકાર જરૂર છે. પણ પુણ્યનો ઉદય છે માટે સારો છે એમ જ્ઞાની માનતા નથી કે કહેતા નથી. પાપનો ઉદય ખરાબ છે એમ જ્ઞાની માનતા નથી કે કહેતા નથી. પ્રકાર જરૂર બે છે. ગંધ બે છે. બે પ્રકારની ગંધ છે, સુગંધ અને દુર્ગંધ જેનું નામ છે એવી બે પ્રકારની ગંધ જરૂર છે, પણ સુગંધ સારી છે અને દુર્ગંધ ખરાબ છે એમ નથી. પ્રકાર છે, વિષયના બે પ્રકાર છે, જેમ છે એમ જાણે છે એનો પ્રશ્ન નથી; પણ સારા-નરસાપણું કરવું એ તો ઇષ્ટ-અનિષ્ટપણાના અભિપ્રાયથી વિકલ્પની જાળમાં વીંટળાવાનું કારણ છે. જો તારે વિકલ્પની જાળથી મુક્ત થવું હોય તો કોઈપણ પદાર્થને વિશે ઇષ્ટ-અનિષ્ટપણાની વિકલ્પના – કલ્પનાને છોડ તું ! કોઈ પદાર્થ ઇષ્ટ નથી, કોઈ પદાર્થ તારે માટે અનિષ્ટ નથી. જે પદાર્થ જે પર્યાયે જેવા છે તે પદાર્થ તે પર્યાયે તેવા તેનામાં છે, તારામાં નથી.

'ગુરુદેવશ્રી' તો એમ કહેતા કે, આ આત્માને લીધે શરીર નથી. આ શરીરનો સંયોગ છે એ આ આત્માને લીધે નથી. આત્માનું શરીર નથી અને આત્માને લીધે એનો સંયોગ નથી. પરમાણુ પરમાણુના કારણે છે અને પરમાણનું એ શરીર છે, આત્માનું નથી.

મુમુક્ષુ :– અત્યારે મડદું જ છે આ.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે મડદું જ છે. જીવના સંયોગમાં રહેલું એક મડદું છે. હીરાની ડાબલી છે. હીરાની ડાબલી હોય છે કે નહીં ? ડાબલી મજાની (હોય), અંદર મખમલ રાખ્યું હોય, બહારમાં પણ સુશોભિત દેખાય એવી હોય,

નકશીકામવાળી અને સરસ હોય પણ ડાબલી ઈ ડાબલી છે અને હીરો ઈ હીરો છે.

પ્રશ્ન :- જડના પરમાણુના ગુણો કાંઈ હોય કે નહીં ?

સમાધાન :- હા, એના અનંતા ગુણો, એના ગુણધર્મો એનામાં છે. એક રજકણમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શબ્દથી માંડીને અનંત ગુણ-પર્યાયો એના એનામાં છે. એના એનામાં છે એટલે તારામાં નથી અને તારા નથી. એમ આ આત્માને સમજાવવાનું છે.

પ્રશ્ન :- જડમાં કેવી રીતે આવી શકે ?

સમાધાન :- જડમાં છે જ. આવી શકવાનો ક્યાં પ્રશ્ન છે ? નવા થોડા આવ્યા છે કાંઈ ? અનાદિથી છે. આત્મામાં જેમ ચૈતન્યપણું અનાદિથી છે એમ જડમાં જડપણું અનાદિથી છે. કોઈએ કાંઈ નવું પેદા નથી કર્યું કે આને જડ બનાવો, આને ચૈતન્ય બનાવો. એવું કાંઈ નથી.

પ્રશ્ન :- જડ કાંઈ ભૂલ કરતું જ નથી ને ?

સમાધાન :- જડને ભૂલ કરવાનો શું પ્રશ્ન છે ? હા, એની દશામાં વિકાર થાય છે. પરમાણુની દશામાં વિકાર થાય છે પણ અચેતન હોવાથી એનું એને સુખ-દુઃખ નથી. આત્માની પર્યાયમાં વિકાર થાય છે એટલે ચૈતન્યમાં સુખનો ગુણ છે એ વિકારી પરિણમીને એમાં ઊલટી પર્યાય દુઃખની થાય છે. દુઃખ છે એ આત્માના સુખ ગુણનો વિપરીત – ઊલટો વિકારી પર્યાય છે, ઊંધો પર્યાય છે.

મુમુક્ષુ :- આત્માનું છે, જડનું કાંઈ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- જડને તો દુઃખ પણ નથી અને સુખ પણ નથી.

પ્રશ્ન :- એને કર્મ કહ્યું ?

સમાધાન :- જડ પરમાણુ પોતે દ્રવ્યકર્મ સ્વરૂપે છે, પણ એ કર્મ હોય તો એનામાં છે અને અકર્મ હોય તો એનામાં છે, નોકર્મ હોય તો એનામાં છે. એથી આત્માને કાંઈ નથી.

મુમુક્ષુ :- આત્માના ભાવકર્મનો આ પરિપાક છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનાદિથી અજ્ઞાનમાં એકત્વબુદ્ધિએ ભાવકર્મને વેદે છે - ભોગવે છે. જો પોતાના, તેનાથી રહિત એવા પોતાના સ્વરૂપને જાણે; પુદ્‌ગલ અને ભાવકર્મ બન્નેથી રહિત એવા પોતાના મૂળ સ્વરૂપને ઓળખે, ઓળખીને એકાગ્ર થઈને અનુભવ કરે તો શાંત, નિર્વિકારી વીતરાગદશાને પ્રાપ્ત કરે. આત્મશાંતિની અને આત્માનંદની દશાને પ્રાપ્ત કરે બસ ! અને નહીંતર અનાદિનું છે એનું એ છે. જન્મ-મરણ... જન્મ-મરણ... પુનરપિજન્મં પુનરપિમરણં.

પ્રશ્ન :- શરીરથી જ આ સંસારની ફોજ ચાલે છે ? આ શરીર મારું ત્યાંથી બધી ફોજ ચાલી આવે છે ને ?

સમાધાન :- એ ધરી છે, આખા સંસારની એ ધરી છે. શરીર ઉપર આખો સંસાર ફરે છે. પછી કુટુંબીઓ, મકાન ને સગવડતા ને અગવડતા ને આબરૂ ને કીર્તિ ને... એની વણઝાર(નો) કોઈ પાર નથી એટલી લાંબી લાંબી વણઝાર છે. કોઈને પૂરું જ પડતું નથી. કોઈને પૂરું પડતું નથી. બધાયને અધૂરું રહે છે અને અધૂરું મૂકીને જાવું પડે છે, કોઈને પૂરું પડતું નથી.

'શ્રીમદ્‌જી' એક જગ્યાએ લખે છે કે, એક માણસ કમાય છે, રળે છે, સંપત્તિ ભેગી કરે છે (એ) પૂરી તો ભોગવતો નથી પણ અધૂરી પણ ભોગવ્યા વિના ચાલ્યો જાય છે. અધૂરી પણ ભોગવતો નથી. અડધીપડધી પણ ભોગવતો નથી. ઈ પહેલાં તો એને જવાનો વખત થઈ જાય છે. અને એ ભેગી કરવામાં એટલા નવા કર્મ બાંધે છે કે ક્યાંનો ક્યાં જઈને દુઃખી થઈને હેરાન હેરાન થશે એનું એને એક જો ચલચિત્ર - ફિલ્મ ઉતારીને Advanceમાં - અગાઉથી દેખાડી હોય તો નામ લે એવું નથી. ભયથી એટલો ડરે છે. જેટલો આત્માથી નથી ડરતો એટલો અજ્ઞાનપણે ભયથી ડરે છે.

પ્રશ્ન :- આત્મા પરિણામ કરે છે ત્યારે જડ કર્મ સાથે ખરે છે કે જડ કર્મ ખરે છે ત્યારે આત્મા પરિણામ કરે છે ?

સમાધાન :- બન્ને સ્વતંત્ર કરે છે. કોઈ સમયે કોઈ દ્રવ્ય કાર્ય કર્યા વિનાનું એટલે પરિણમન કર્યા વિનાનું રહેતું નથી. પરિણમનશીલ એ પદાર્થનો સ્વ-ધર્મ છે, સ્વ-સ્વભાવ છે. એનો પરિણામધર્મ છે. પરિણમ્ય-પરિણામકત્ત્વશક્તિ અથવા

પરિણામશક્તિ એ એનો ગુણધર્મ છે. છ દ્રવ્યો – જીવ, અજીવ, આકાશ, કાળ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છએ દ્રવ્યો લોકની અંદર એક ક્ષેત્રે છે, બધાય એક જગ્યાએ રહેલાં છે અને બધાંય પોતપોતાનો સ્વરૂપત્યાગ કર્યા વિના, મૂળ સ્વરૂપને છોડ્યા વિના પરિણમન કર્યા જ કરે છે. એમાં જીવ અને અજીવ (જે) પુદ્ગલ છે એ વિકારી પર્યાયે પરિણમે છે બાકીના ચારને શુદ્ધ પર્યાય હોય છે, વિકારી પર્યાય થતી નથી.

પરમાણુ વિકારી પર્યાયે પરિણમે છે એનો એને કોઈ લાભ-નુકસાનનો પ્રશ્ન નથી, એને સુખ-દુઃખનો, શાંતિ-અશાંતિનો પ્રશ્ન નથી. જીવને વિકાર થાય ત્યારે દુઃખ થાય અને અવિકારપણું થાય ત્યારે સુખ થાય. દોષને દુઃખ સાથે અવિનાભાવી સંબંધ છે, નિર્દોષતાને સુખ સાથે અવિનાભાવી સંબંધ છે. માણસ નથી કહેતા ? કે, ભલે અમારી પાસે પૈસા ન હોય પણ શાંતિ છે. આ પૈસાવાળા હાયહોય (કરીને) બિચારા એટલા પાપ કરે છે પણ કેટલાં દુઃખી છે ઈ પણ દેખાય છે, નજરે દેખાય છે. એમ નથી કહેતા ? એનો શું અર્થ છે ? કે જાડી બુદ્ધિમાં પણ સમજાય એવી વાત છે કે, જેટલો જાજો દોષ કરે છે એટલું દુઃખ છે. જેટલો દોષ ઓછો એટલું દુઃખ ઓછું છે. દોષ ઓછો એટલું દુઃખ ઓછું, દોષનો અભાવ થાય તો સામે દુઃખનો અભાવ થાય. સીધેસીધી વાત છે.

જગતમાં કહેવત છે – લૌકિક કહેવત એવી છે (કે) 'સંતોષી નર સદા સુખી' એનો અર્થ શું ? કે બહારમાં પણ સંપત્તિનો સંતોષ પકડે તો ઘણા પાપથી બચે અને ઘણા પાપથી બચે તો એને લોકો સુખી જોવે છે કે આ દુઃખી નથી. ભલે સાધનસંપન્ન ઓછા હોય તોપણ એમ જોવે કે આ સુખી છે. લોકો તો દુનિયાની – જગતની આબરૂ પાછળ દોડે છે પણ સંતાષી માણસ (કહે કે), મારે કાંઈ (જરૂર નથી), ઈ અમસ્તો આબરૂ પાછળ ઝાંઝવાના જળમાં દોડે છે, કાંઈ આબરૂમાં લાડવો મળી જાય એવું નથી. અહીં એટલી આબરૂ નથી, એના જેટલી (આબરૂ નથી), બીજા લોકો પૈસાવાળો છે એમ નથી માનતા તો મારે શું વાંધો છે ? મારે શાંતિ છે. આટલું તો સંતોષી માણસ સમજી શકે. આ તો લૌકિક ગુણની વાત છે, અલૌકિક વાત તો આખી જુદી છે.

(અહીંયાં કહે છે), **'સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે;...'** હવે અહીંથી આત્મા ઉપર વાત ઉતારી છે. આ બોલમાં આત્મભાવનાની વાત લેવી (છે). કહે છે કે, શરીર તો રોગની મૂર્તિ છે, એ તો આત્માથી ભિન્ન છે. તો (કોઈ કહે કે) આત્માને કાંઈ રોગ ખરો ? કે, હા. આ સંસારરૂપી રોગ છે. આત્માને રાગરૂપી રોગ છે અને મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી મહારોગ છે. રાગ રોગ છે અને અજ્ઞાન અને મિથ્યાત્વમાં એ ઠીક છે, કરવા જેવો છે એવું જાણવું, માનવું થાય છે તે મહારોગ છે. એક રોગ છે અને એક મહારોગ છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વ મહારોગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– મહારોગ છે. કેમકે મહારોગ મટ્યા પછી જ્ઞાનદશામાં, સાધકદશામાં બારમાં ગુણસ્થાન પહેલાં આ રોગ હજી થોડો થોડો ઘટતો... ઘટતો... ઘટતો... ઘટતો નાશ પામે છે. એટલે સાધકદશામાં રોગ હજી રહી જાય છે પણ સાધકને મહારોગ હોતો નથી. અજ્ઞાન, મિથ્યાત્વનો મહારોગ નથી હોતો. એનાથી જન્મ-મરણ થાય છે. આનાથી જન્મ-મરણ (થતાં નથી), ચારિત્રના રાગથી જન્મ-મરણ થતાં નથી. ચારિત્રના દોષથી જન્મ-મરણ થતાં નથી. ચારિત્રમોહ જન્મ-મરણનું કારણ નથી, દર્શનમોહ જન્મ-મરણનું કારણ છે આમ છે.

મુમુક્ષુ :– મોટો રોગ જ પહેલાં મટાડાય ને !

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે. મોટો રોગ એમ ને એમ સાજો રાખે અને નાનો રોગ મટાડે તો એ તો Temporary મટશે. ઈ તો પાછો ફૂટી નીકળશે. મૂળ સાજું હોય તો ઝાડ પાંગરી જાય છે. ડાળાં-પાંદડાં કાપે પણ મૂળ સાજું હોય તો પાંગરી જાય છે. આ સંસારનું મૂળ મિથ્યાત્વ અને અજ્ઞાન છે.

**'સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે;...'** એ આત્માની અવસ્થામાં છે. અવસ્થામાં છે એમ કહીને એમ કહેવું છે કે મૂળ સ્વરૂપમાં નથી, મૂળ દ્રવ્યમાં નથી, મૂળ સ્વભાવમાં નથી. જેમ કાટ ઉપર ઉપર લાગે છે એમ આ રાગ ઉપર ઉપર થાય છે. મૂળ સ્વભાવમાં, ચૈતન્યદળમાં, રાગનો પ્રવેશ નથી, રોગનો પ્રવેશ નથી. **'સંસારરૂપી રોગ આત્માની પર્યાયમાં છે; 'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના,...'** નિર્વિકલ્પ ચૈતન્યભાવના, આ તો વિકલ્પપૂર્વક એ ભાવનાને

પ્રદર્શિત કરવામાં આવે છે કે **'હું સહજ...'** સહજ એટલે સ્વભાવે કરીને, સહજ એટલે ત્રિકાળપણે – ભૂત-ભવિષ્ય-વર્તમાન સર્વકાળમાં **'જ્ઞાયકમૂર્તિ છું.'** જ્ઞાનસ્વભાવની મૂર્તિ છું, આનંદની મૂર્તિ છું.

'ગુરુદેવ' તો બહુ ભાવનામાં શબ્દો કાઢતા. આત્મા તો જ્ઞાનાનંદની કાતળી છે ! એમ કહે. આવે છે ને ? કાતળીમાં રસ ભરેલો હોય. શેરડીની કાતળી હોય છે કે નહીં ? બે બાજુની ગાંઠ કાઢી નાખે અને વચ્ચે કાતળીમાં રસ ભરેલો હોય છે. એમ આત્મામાં જ્ઞાન અને આનંદનો રસ ઠાંસીઠાંસીને ભરેલો છે. એવો છું એની ભાવના ભાવવા જેવી છે – એવી ચૈતન્યભાવના (ભાવવા જેવી છે).

**'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું' એવી ચૈતન્યભાવના,...'** એ ભાવના વશ **'એ જ લઢણ,...'** લઢવું. આ તમારે શું કહે છે ? દવાને લઢે છે ને ? ઘોંટે ! ઘોંટે છે. એને લઢણ (કહે છે), ગુજરાતીમાં એને લઢણ કહે છે, ઘોંટે છે. એ જ લઢણ (એટલે કે) હું જ્ઞાયકમૂર્તિ છું એમ ઘૂંટ. **'એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન,...'** આ કેરીને ઘોળે છે ને ? કઠણ રસ અંદર જામેલો હોય (એને) ઘોળી ઘોળી ઘોળીને એકરસ કરી નાખે છે. એમ આત્માની ચૈતન્યભાવનાને ઘોળી ઘોળી ઘોળીને એનો રસ પીવામાં આવે છે. ચૈતન્યની ભાવનાનો રસ પીવાય છે. **'એ જ લઢણ, એ જ મનન, એ જ ઘોલન, એવી જ સ્થિર પરિણતિ કરવાથી...'** એમ થવાથી, કરવાથી અથવા થવાથી **'સંસારરોગનો નાશ થાય છે.'** જન્મ-મરણ મટે છે અને આત્માની દશામાં વિભાવનો રોગ નાશ પામે છે. વિભાવનો રોગ નાશ પામે છે એટલે એને દુઃખ થતું નથી. પોતાના આત્માનંદમાં એ સદાય રહી જાય છે.

જેમ સિદ્ધ પરમાત્મા સાદી અનંત અનંત સમાધિ સુખમાં છે. એ દશા પ્રગટવાનું આ મૂળ છે. ચૈતન્યની ભાવના એ સિદ્ધદશા પ્રગટવાનું કારણ છે, એનું મૂળ છે. મુનિદશામાં આવે છે એ મુનિદશાનો એ જ અર્થ છે કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, મુક્ત દશાની પ્રાપ્તિ થાય એના કારણરૂપ દશા કેવી છે ? તારે મુક્ત થવું છે ને ? પરિપૂર્ણતાનું ધ્યેય હોય તો એના કારણરૂપ દશા આવી છે. એટલે એ દશાની ભાવના કરે છે. દશાની ભાવના કરે છે એનો અર્થ કે પૂર્ણતાની ભાવના એના ધ્યેય અનુસારની હોય છે. એ દશા આવ્યા વિના કોઈની

મુક્તિ થાય, એવી વીતરાગીદશા ઉત્પન્ન થયા વિના કોઈની મુક્તિ થાય એવું કદી બનતું નથી. એટલે શીઘ્રપણે એ દશામાં આવવાની અભિલાષા અને ભાવના ચતુર્થ-પંચમ ગુણસ્થાનવર્તી સાધકદશામાં રહે છે. એ ચૈતન્યની ભાવનાનો ૯૨મો બોલ થયો.

મુમુક્ષુ :– ચોવીસે કલાક નિરંતર અમે બોલ્યા કરીએ કે, જ્ઞાયકમૂર્તિ છું જ્ઞાયકમૂર્તિ છું....

પૂજ્ય ભાઈશ્રી :– બોલ્યા કરો ત્યારે વિકલ્પ થાય અને કોઈ વખત તો પછી વિકલ્પ ચાલ્યો જાય અને બોલવાનું રહી જાય. એટલે તો અહીંયાં એમ કહે છે કે, એનું ઘોલન, એનું મનન, એનું લઢણ, એની ભાવના અને એવી જ સ્થિર પરિણતિ, એવી સ્થિરદશા થઈ જાય. એમ વાત લીધી છે. નિર્વિકલ્પ ! એ તો પહેલાં વાત કરી. **'હું સહજ જ્ઞાયકમૂર્તિ છું'** એવો વિકલ્પ નહીં પણ એવો નિર્વિકલ્પ ભાવ. હું શાંતિલાલ છું, શાંતિલાલ છું, શાંતિલાલ છું, દિવસમાં કેટલીવાર બોલો છો ? એકેય વાર બોલવાની જરૂર નથી પડતી. હું માણસ છું, માણસ છું, માણસ છું એમ રટણ કરવું પડે છે ? નિર્વિકલ્પપણે એ ભાવ ચાલુ ને ચાલુ રહે છે, એવી પરિણતિ થઈ ગઈ છે. એવી સ્થિર પરિણતિ થઈ જવી જોઈએ કે જેના માટે વિકલ્પ ઉઠાવવાની જરૂર પડે નહીં.

પ્રશ્ન :– આ (પરિણતિ) થતી નથી એનું શું કારણ ? પ્રયત્ન તો કરીએ છીએ.

સમાધાન :– થતી નથી તો થાય એનો ઉપાય શોધવો. થાય એનો ઉપાય શોધવો. થતી નથી તો કાંઈક તો થાય છે કે કાંઈક થયા વગરનો છે ? જે કાંઈ થાય છે એમાં કાંઈ દુઃખ છે ? દુઃખ હશે તો તું ત્યાંથી ખસીસ. જો ત્યાં તને સુખ હોય તો ભલેને ન થાય એમ થશે. ન થતી હોય તો ન થાય. અત્યારે આપણે ક્યાં કાંઈ વાંધો છે ? રોજ ઊટકેલી થાળીમાં જમીએ છીએ, કાંઈ વાંધો નથી આવતો. કાંઈ વાંધો આવે એવું છે નહીં. એમ લાગે છે કે, હમણાં કાંઈ વાંધો આવે એવું છે નહીં. તો થઈ રહ્યું ! ત્યાંથી ખસવાનો નથી. 'મારે હવે બધું અનુકૂળ છે' ત્યાંથી -- અનુકૂળતામાંથી તું નહીં નીકળ અને નીકળવાનો વારો

આવશે ત્યારે દુઃખ થયા વિના રહેશે નહીં. સંયોગ તો છૂટવાનો જ છે.

એટલે વર્તમાન તપાસવું પડે છે. ન થાય, ન થતું હોય તો થવા અર્થે એને વર્તમાન તપાસવું પડે કે નહીં થવાનું કારણ વર્તમાનમાં શું છે ? કે, વર્તમાનમાં બીજે ઠીકપણું છે. પોતાના આત્મસ્વરૂપ સિવાય કોઈપણ દ્રવ્યમાં કે કોઈપણ ભાવમાં વિશેષતા, અધિકાઈ જ્યાં સુધી જીવને રહે છે ત્યાં સુધી પરિણામ બદલાઈને આત્મા બાજુ આવતા નથી. આ સીધેસીધી દેખીતી વાત છે. પછી ચાહે સંયોગ ઉપરની અધિકાઈ હોય, ચાહે શુભાશુભ રાગની અધિકાઈ હોય કે ચાહે જ્ઞાનાદિ ક્ષયોપક્ષમની અધિકાઈ હોય. બુદ્ધિ અને શાસ્ત્રજ્ઞાનની પણ અધિકાઈ આવે છે ને ? કે 'મને આવડે છે, હું સમજુ છું' ત્યાં સુધી એને આત્મામાં આવવાનું થતું નથી.

પ્રશ્ન :- ચૈતન્યગોળો જે છે ચૈતન્યગોળો ! આપે કીધું કે ઉપર ઉપર એટલે ઉપર ઉપર એટલે ક્યાં ? ત્યાંને ત્યાં જ ને આમ તો ?

સમાધાન :- ક્ષેત્ર ભલે એ છે. અત્યારે તો આ Television દેખાય છે કે Theatreમાં પડદો હોય છે લ્યો ! તો જે ચિત્ર એના ઉપર ઊપસે છે ઈ તો ક્ષેત્ર એક જ છે, જે ક્ષેત્રમાં પડદો છે એ પડદાના ક્ષેત્ર ઉપર ચિત્ર ઊપસે છે. છતાં પડદો અને ચિત્ર જુદું જુદું (છે) કે એક છે ? જો બન્ને એક થાય તો ત્યાંથી ખસીને બીજું કાંઈ થાય નહીં. એમ આ ખસી જાય છે – રાગ છે એ છે આત્માના ક્ષેત્રમાં પણ ખસી જાય છે, બીજો રાગ આવે છે, ત્રીજો રાગ આવે છે, એટલે ઉપર ઉપર છે. મૂળ સ્વરૂપમાં નથી. મૂળ ક્ષેત્ર એમ ને એમ રહી જાય છે. નિર્વિકારી ચૈતન્ય પ્રદેશો એમ ને એમ રહે છે, પ્રદેશોમાં રાગનો ઉત્પાદ થઈને વ્યય થાય છે, ઉત્પાદ થઈને વ્યય થાય છે, ઉત્પન્ન થઈને વ્યય થાય છે. મૂળ વસ્તુ એમ ને એમ રહી જાય છે.

પ્રશ્ન :- શુદ્ધ પર્યાય જે થાય તે ?

સમાધાન :- એ આવે છે ને જાય પણ એટલે તો જ્ઞાની એનો આશ્રય લેતા નથી.

પ્રશ્ન :- એ પણ ઉપર ઉપરથી થાય છે ?

સમાધાન :- હા, એ પણ ઉપર ઉપર થાય છે, પર્યાય બધી ઉપર ઉપર થાય છે અંદર દળ એમ ને એમ રહે છે. અરીસાના દળ જેવું છે. અરીસાનું દળ છે તો શુદ્ધ, પર્યાયમાં સ્વ-પરપ્રકાશક શુદ્ધ જ્ઞાન થાય છે તો અંદર અન્ય જ્ઞેયો પ્રતિબિંબિત થાય છે.

'સોગાનીજી' એક જગ્યાએ કહે છે કે, આ જ્ઞાનનો જ્ઞેય સાથે સંબંધ છે, બહુ બહુ તો જ્ઞાનમાં પ્રતિબિંબ થવાનો સંબંધ ઊપસે છે પણ ચૈતન્યદળમાં તો એ સંબંધ પણ નથી. જે જ્ઞાનનું દળ છે, જેમ અરીસાના દળની સાથે સંબંધ નથી ઉપલી સપાટીમાં પ્રતિબિંબ પડે છે, અંદરના કાચના દળમાં કાંઈ નથી થતું, એમ આ ઉપલી સપાટીમાં અન્ય પદાર્થોનું જાણવું થાય છે, અંદર જ્ઞાનનો જે સ્વભાવ છે, જ્ઞાનઘન સ્વભાવ છે એને તો જ્ઞેય સાથે પણ કાંઈ સંબંધ નથી. એ હું છું. એની ભાવના (ભાવે છે). એ હું છું (એવી) સ્વરૂપની ભાવના (ભાવે છે).

**જ્ઞાનીને દષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે, ભેદજ્ઞાનની ધારા સતત વહે છે. ૯૩.**

૯૩. જ્ઞાનીની દશા(નો બોલ છે). **'જ્ઞાનીને દષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે,...'** આ શું કરવું ? (એમ ઘણા પૂછે છે એનો ઉત્તર છે). સંસારરોગનો નાશ થાય છે એમ ઉપર કહ્યું. એ સંસારરોગનો નાશ થવા અર્થે જ્ઞાનીએ જે કર્યું તે તું કર. આ અનુકરણ કરવા અર્થે જ્ઞાનદશાને બતાવવામાં આવે છે.

**'જ્ઞાનીને દષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી હોય છે,...'** (દષ્ટિ) હયાતીને શ્રદ્ધે છે, હયાતીને અભેદભાવે ગ્રહણ કરે છે. 'હું છું' (એમ) નિજ સત્તાનું ગ્રહણ શ્રદ્ધામાં થાય છે, એને સમ્યક્દર્શન અથવા સમ્યક્દષ્ટિપણું કહેવામાં આવે છે. આ તો

'ગુરુદેવે' બહુ સ્પષ્ટ કર્યું છે નહીંતર સંપ્રદાયમાં તો આચાર્ય હોય અને સમ્યક્દર્શનની વ્યાખ્યા ન આવડતી હોય ! કહેવાતા હોય મૂળ દિગંબર. શ્વેતાંબરના આચાર્ય કહેવાતા હોય (પણ) સમ્યક્દર્શનની પરિભાષા શું છે ? ત્યાં ઉપયોગની શુદ્ધતા શું છે ? ઉપયોગ કયા ગુણસ્થાને શુદ્ધ થાય ? કાંઈ ખબર હોતી નથી.

દ્રવ્યસામાન્ય છે ઈ પહેલો એકડો છે. જૈનદર્શનનો એકડો – પાયાનો વિષય દ્રવ્યસામાન્ય છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહાવિદેહક્ષેત્રથી 'સીમંધર' ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને દેશના લઈને આવ્યા પછી એમ કહેવાય છે કે, પહેલું શાસ્ત્ર એમણે 'પ્રવચનસાર' રચ્યું છે. પ્રવચન સાંભળ્યું છે ને ? 'સીમંધર' ભગવાનનું સાક્ષાત્ પ્રવચન સાંભળ્યું છે તો એ પ્રવચનનો સાર શું છે ? એમ કરીને પહેલા (એ) ગ્રંથની રચના કરી. શાસનનો એક વિકલ્પ રહ્યો કે શાસનના જીવો, હવે પછીનો કાળ હીણો આવે છે, કોઈ લાયક જીવો હશે ઈ પામી જશે, પાત્ર જીવો પામી જશે. પહેલું 'પ્રવચનસાર' (રચ્યું) એમાં દ્રવ્યસામાન્યનો અધિકાર છે.

દ્રવ્યસામાન્ય (એટલે) પદાર્થનું સામાન્ય સ્વરૂપ શું ? પદાર્થ છે, એ પદાર્થને ત્રિકાળી શક્તિઓ છે અને એની સમય સમયની અવસ્થાઓ – ઉત્પાદ-વ્યયરૂપ અવસ્થાઓ છે. અવસ્થાઓ ઉત્પાદ-વ્યયરૂપ થાય છે, પદાર્થ ધ્રુવ રહી જાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી વસ્તુનું જે બંધારણ છે; આપણે નથી કહેતા ? કે આ હિન્દુસ્તાનનું બંધારણ શું ? Constitution ! (એમ અહીંયાં) વસ્તુનું બંધારણ કેવું છે ? છએ દ્રવ્યનું (બંધારણ કહ્યું) એમાં આત્મદ્રવ્ય આવી ગયું. મુખ્યપણે આત્માની વાત કરી છે, પણ દ્રવ્યસામાન્ય અધિકાર નામનો એક અધિકાર લખ્યો છે. જ્ઞેય અધિકારની અંદર દ્રવ્યસામાન્ય અધિકાર અને દ્રવ્યવિશેષ અધિકાર (એમ બે અધિકાર લખ્યા છે). દ્રવ્યવિશેષની અંદર છએ દ્રવ્યની જાતિ સંબંધીની વાત કરી છે. સામાન્યમાં છએનું એક સામાન્ય સ્વરૂપ શું છે ? કે બધાયને દ્રવ્ય-ગુણ-પર્યાય છે, બધાયને ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે. એનું વિજ્ઞાન બતાવ્યું છે.

એ દ્રવ્યસામાન્ય એટલે દ્રવ્યસ્વભાવ. દરેક પદાર્થને એનો ગુણ હોય છે, જે ત્રણે કાળ એવાને એવા ગુણરૂપે રહે. જેમાં કાંઈ ફેર પડે નહીં. તો આત્મામાં

જે જ્ઞાન, આનંદ, સુખ વગેરે મુખ્ય ગુણ છે તે આત્માની સત્તામાં – આત્માના ક્ષેત્રમાં, આત્માની હયાતીમાં સદાય, સદા, સર્વદા, સર્વ વર્તમાનમાં મોજૂદ છે. એના ઉપર એમની દૃષ્ટિ પડી હોય છે અથવા ત્યાંથી દૃષ્ટિ ખસતી નથી – ત્યાંથી શ્રદ્ધા ખસતી નથી.

પૂર્ણ ન થાય ત્યાં સુધી, વીતરાગ પૂર્ણ દશા – અરિહંતદશા ન થાય ત્યાં સુધી ચારિત્રમોહનો સદ્ભાવ રહે. કોઈવાર ચારિત્રમોહનું તીવ્ર પરિણમન પણ થાય, કોઈવાર મંદ પરિણમન પણ થાય. ચારિત્રમોહનું તીવ્ર-મંદ પરિણમન થવા છતાં પોતાની સાધકદશામાં પોતાની સ્વરૂપશ્રદ્ધાને છોડતો નથી, સ્વરૂપશ્રદ્ધાનો ત્યાગ થતો નથી, ત્યાગ કરતા નથી.

જ્ઞાનીની દશાની અનેક પ્રકારે જે વાત આવે છે, ભગવાન 'ઋષભદેવસ્વામી'ના પુત્ર છે – 'ભરત' અને 'બાહુબલી'. બન્ને ચરમશરીરી છે, મોક્ષગામી (છે), તે ભવે મોક્ષે ગયા છે. ચારિત્રમોહના ઉદયમાં ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ હોવા છતાં સામેસામા આવે છે. સામેસામા આવવાનો વિષય તો રાજનું કારણ છે, ધર્મનું કારણ નથી. ધર્મના કારણમાં કોઈ ધર્મીઓ સામેસામા આવે નહીં. ધર્મી અને અધર્મી સામાસામા હોય પણ ધર્મી ને ધર્મી કદી સામાસામા હોય નહીં. એવો વિષય છે એટલે ઘણા ઉદયમાં ખેંચી જાય છે ને ? કે 'ભરત' ને 'બાહુબલી' લડ્યા હતા એમ ધર્માત્મા ને ધર્માત્મામાં સામેસામે વેર-વિરોધ થઈ જાય. એમ નથી. એ રાજનું કારણ હતું, ધર્મનું કારણ હોઈ શકે નહીં.

અહીંયાં શું કહેવું છે ? હવે ત્યાં જોવાનું શું ? કે, ચારિત્રમોહનો ઉછાળો આવ્યો અને લડાઈ કરી અને એટલો ચારિત્રમોહનો જબ્બર ઉછાળો આવ્યો કે સામે શસ્ત્ર છોડે છે. 'બાહુબલી'ની મુઠ્ઠી એવી છે, બાહુબળ એટલું છે કે કોઈને એ મુઠ્ઠી વાગે એટલે રામ રમી જાય, પતી જાય ! મુઠ્ઠી ઉગામે છે પણ એમને એમ રહી જાય છે. અંદરમાં પરિણતિ ચાલે છે ને ? એટલે ઉપયોગ એને ખેંચે છે. જુઓ ! આ પરિણતિ શું કામ કરે છે ? મુઠ્ઠી ઉગામી, જો 'ભરત' ઉપર મુઠ્ઠી જાય તો જમીનમાં ઉતારી દે ! ખાડો ખોદવો ન પડે ! અંદર પરિણતિ ચાલે છે ને એટલે ઉપયોગને ખેંચ્યો કે આ શું ? આ શું ? આ શું ? કે ખલાસ !

પતી ગયું. ઈ મુઠ્ઠી એમને એમ અધ્ધર રહી ગઈ, સીધો જ કેશલોચ કરી નાખ્યો.

એક ક્ષણ પહેલાંનો ચારિત્રમોહનો ઉછાળો એવો જબરદસ્ત છે કે સામાની ઉપર જો મુઠ્ઠી પડે તો એના પ્રાણ છૂટી જાય. ક્ષણમાં ઉપયોગ પલટે છે અને સીધા જ મુનિદશાને પ્રાપ્ત કરે છે, સીધા ! મુનિદશામાં આવતા વાર લાગતી નથી એનું કારણ અંદર પરિણતિ ઊભી છે. જ્ઞાનધારા ચાલે છે, દૃષ્ટિ આત્મા ઉપર પડી છે. એટલે કષાય તીવ્ર થયો તોપણ શ્રદ્ધા છૂટી નથી, પરિણતિ છૂટી નથી. જ્ઞાનની પરિણતિ, ચારિત્રની પરિણતિ (ચાલે છે). શ્રદ્ધા તો આખે આખી (આત્મા ઉપર છે). એ ઉપયોગને બદલી નાખે છે. બીજા વિષયમાંથી ઉપયોગ છટકી જાય છે, સીધો આત્મામાં આવે છે.

મુમુક્ષુ :- આ મુઠ્ઠીની સામે પરિણતિનું જોર કેટલું !

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિનું જોર એટલું કે તીવ્રમાં તીવ્ર કષાય (ચાલતો હોય). સામાનું ખૂન થઈ જાય એટલો તીવ્ર કષાય આવે તો એને તોડી નાખે એટલું ! કષાયનું જોર નથી કે શ્રદ્ધાને બદલે. શ્રદ્ધાનું જોર છે કે કષાયને તોડી નાખે. આમ જ્ઞાનદશામાંથી શ્રદ્ધાના બળને જોવાનો ત્યાં દૃષ્ટિકોણ હોય છે.

જેમકે 'ભરત' મહારાજા ચક્રવર્તી છ ખંડના ધણી છે. રાજ કરે છે ત્યારે છ ખંડ સંબંધીનો ચારિત્રમોહ છે છતાં શ્રદ્ધા નથી બદલાતી. એ ચારિત્રમોહ શ્રદ્ધાને નથી બદલી શકતો. શ્રદ્ધા ચારિત્રમોહને ટાળી દે છે. (વૈરાગ્યનું) એક સામાન્ય બહાનું જડ્યું (કે) નાકમાંથી શેડા કાઢે એવી રીતે છ ખંડને ફગાવી દે ! વાર લાગતી નથી. અંદર એવી પરિણતિ કામ કરે છે. એનું જોર બતાવવા માટે બહારના સંયોગો બતાવવામાં આવે છે કે આવા ચારિત્રમોહના ઉછાળા આવે છે તોપણ શ્રદ્ધા બદલતી નથી. ઊલટું પકડે ઈ એમ પકડે કે આપણે ક્યાં ચક્રવર્તી જેટલો પરિગ્રહ છે ? અથવા આપણે લડીએ છીએ એના કરતા તો આ બન્ને ભાઈઓ વધારે લડ્યા હતા, આપણે તો ઓછી લડાઈ લડીએ છીએ. એમ પોતાના દોષને પુષ્ટિ મળે, દોષનું પોષણ મળે એ તો દોષદૃષ્ટિ, સ્વચ્છંદદૃષ્ટિ થઈ ગઈ. તીવ્ર મિથ્યાત્વનું એ કારણ થાય છે.

આ દૃષ્ટિ તો પરિપૂર્ણ શુદ્ધતાની ઉપાદેયતાની દૃષ્ટિ છે. એમાં એક પણ દોષને

કરવો, કરાવવો કે કરતાને સંમત કરવું – નવ કોટિએ દોષ કરવાની વાત હોઈ શકે નહીં. એનું નામ શુદ્ધ શ્રદ્ધાન છે. શુદ્ધ આત્માનું –નિર્દોષ આત્માનું શ્રદ્ધાન કોને કહેવાય ? કે, નવ કોટિએ દોષનો નિષેધ. પછી થઈ જાય છે તોપણ એનો નિષેધ આવે છે, પણ નવ કોટિએ શ્રદ્ધામાં તો નિષેધ છે. એમાં એકેય કોટિ તોડવાની વાત હોઈ શકે નહીં.

મુમુક્ષુ :– આત્માના એક શ્રદ્ધા ગુણની આટલી તાકાત આપે કહી તો પછી આખા આત્માનું શું કહેવું !

પૂજ્ય ભાઈશ્રી :-- આખા આત્માની શક્તિનો તો પાર નથી ! એક ગુણની શક્તિનો પાર નથી. 'સોગાનીજી' કહે છે, મેરુ હલે તો હલે પણ હવે મારી શ્રદ્ધા હલે એવું નથી. મેરુ ભલે હલી જાય. એકાવતારી છે ને ? એ તો એકાવતારી છે. વૈમાનિકદેવમાં ગયા છે ત્યાંથી ચરમશરીરી થશે, મુનિદીક્ષા અંગીકાર કરીને ચારિત્રમાં આવીને મોક્ષને પ્રાપ્ત કરશે અને પૂર્ણદશાને લેશે. એ શ્રદ્ધા ઉપર એટલું બળ છે. મેરુ હલે તો ભલે હલે. ત્રણ લોકની ઊથલપાથલ થાય અહીંયાં કાંઈ હવે હલે એવું નથી !! એવી દૃષ્ટિ હોય છે, દૃષ્ટિનું બળ એવું છે.

**'જ્ઞાનીની દૃષ્ટિ દ્રવ્યસામાન્ય...'** એટલે પોતાનો ભગવાનઆત્મા (છે) એને દ્રવ્યસામાન્ય કહેવામાં આવે છે. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' ૭૨મી ગાથામાં પહેલુંવહેલું સંબોધન કર્યું (કે) ભગવાનઆત્મા તો આવો છે.

પ્રશ્ન :– અત્યારે આ ભગવાન છે ?

સમાધાન :– પોતે અત્યારે ભગવાનઆત્મા છે ! 'ગુરુદેવ'ની તો શૈલી જ એવી હતી. ભગવાનઆત્મા કહીને જ પ્રવચન કરતા હતા. અત્યારે ભગવાન છો એમ ! એ પદ્ધતિ 'સમયસાર'ની છે. પહેલી ગાથામાં એ સ્થાપ્યું. મારો આત્મા સિદ્ધ સમાન છે અને તું આ શાસ્ત્રને સાંભળવા આવ્યો છો, તારો આત્મા સિદ્ધ સમાન છે. આ વાત હું સ્થાપીને પછી આ શાસ્ત્રની ટીકા કરીશ. આ વાત પાયામાં રાખીને શાસ્ત્રની બધી વાત ચાલશે. આ વાતને છોડીને એકેય વાત નથી.

પ્રશ્ન :– દરેક સમ્યક્દૃષ્ટિને શ્રદ્ધાબળમાં ઓછાવત્તાપણું હોય ?

સમાધાન :- ક્ષાયિક સમ્યક્દર્શન અને ક્ષયોપક્ષમ સમ્યક્દર્શનમાં ફેર લાગે.

પ્રશ્ન :- એક ભવ કરે કોઈ થોડા ભવ કરે તો એની શ્રદ્ધાબળમાં ફેર છે ?

સમાધાન :- ના, શ્રદ્ધાબળમાં તો બન્નેને ક્ષયોપક્ષમ છે, કંઈ ફેર નથી. એવો ફેર નથી, શ્રદ્ધામાં એવો ફેર નથી. એ તો એક કુદરતી યોગ્યતા છે. એમાં શું છે કે બધા જીવ દ્રવ્યો દ્રવ્યસ્વરૂપે એકસરખા છે. એકસમાન, જરા પણ ફેર નથી. સ્વભાવમાં અભવિ હોય કે ભવિ હોય, આ તો સાધકની વાત છે, પણ ભવિ હોય કે અભવિ હોય બધા જ જીવો સ્વભાવે કરીને એકસરખા છે – એને દ્રવ્યસામાન્ય કહે છે. એનું શ્રદ્ધાન થાય – ક્ષયોપશમ થાય કે ક્ષાયિક થાય તોપણ બધાનો મોક્ષ જવાનો કાળ એકસરખો નથી.

સમ્યક્દર્શનની ઉત્પત્તિ અને મોક્ષપર્યાયની ઉત્પત્તિ વચ્ચેનો અંતરાળ દરેકનો જુદો જુદો (છે). એનું (શું) કારણ ? કે, એનું કારણ કોઈ નહીં – અકારણ. એનું કારણ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી શોધવા જાવ તો ભૂલાં પડી જાવ. દ્રવ્યના સ્વરૂપમાં ભૂલ પડે. એટલે પહેલા આ વાત સ્થાપીને (કહે) છે કે, તમામ જીવો – ભવિ-અભવિ કોઈપણ જીવો હોય, બધા જીવો દ્રવ્યસ્વભાવે એકસરખા છે. ભવિ-અભવિ એ પર્યાયાર્થિકનયનો વિષય છે, દ્રવ્યાર્થિકનયનો વિષય નથી. એટલે જીવત્વ પારિણામિક હોવા છતાં એને શુદ્ધ જીવત્વ પારિણામિકથી બહાર રાખ્યા છે. અશુદ્ધ પારિણામિકમાં લીધાં છે. ભવ્યત્વ અભવ્યત્વ પારિણામિકભાવે છે. પણ અશુદ્ધ પારિણામિકમાં લીધાં છે, શુદ્ધ પારિણામિકમાં લીધા નથી. કેમકે આખરમાં એ પર્યાયાર્થિકનયનો વિષય છે.

એ પર્યાયાર્થિકનયનો વિષય છે અને એ અકારણપણે છે. એમાં કોઈ ગણતરી લાગુ પડતી નથી. એમ છે.

કોઈ સમ્યક્દષ્ટિ જીવના શ્રદ્ધાનમાં ફેર નથી, એમના શ્રદ્ધાનના વિષયભૂત જે દ્રવ્યસામાન્ય છે એમાં ફેર નથી. શ્રદ્ધામાં બધાને એક જ સરખો પકડાય છે. વિષય સરખો જ છે. જરાય ઉણોઅદકો નથી.

મુમુક્ષુ :- મોક્ષ જવામાં તો ઓછીવત્તો સમય લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ વિષય સરખો છે પછી ક્યાં સવાલ રહ્યો ? વિષય

સરખો છે એટલે શ્રદ્ધા સરખી છે. શ્રદ્ધા સરખી છે અને કોઈના અભિપ્રાયમાં – જ્ઞાનથી લઈએ તો એક સમયમાં પૂર્ણ વીતરાગ થવાતું હોય તો કોઈને બીજો સમય લેવો નથી કે મારે થોડુંક સંસારનું કામ બાકી છે ઈ કરી લઉં પછી હું (મોક્ષમાં જાઉં). એને શ્રદ્ધા નથી. એટલે કોઈ પુરુષાર્થમાં પ્રમાદ કરવાના અભિપ્રાયવાળા નથી, છતાં કોઈનો પુરુષાર્થ ઉગ્ર હોય છે, કોઈનો પુરુષાર્થ મંદ હોય છે – અકારણપણે. એનું કારણ કાંઈ નથી, તત્ સમયની યોગ્યતા (છે). તે જ કારણ, તે જ કાર્ય. બીજું કાંઈ નહી.

મુમુક્ષુ :– સિદ્ધ ભગવાનની શ્રદ્ધામાં અને આ જે ક્ષયોપશમ સમ્યગ્દર્શન છે એમાં...

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ (ફેર) નહીં, બન્ને સરખાં છે. 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો એક તિર્યંચ અને સિદ્ધ ભગવાન શ્રદ્ધા અપેક્ષાએ સમાન છે, સરખા છે. આવી વાત છે. કેમકે એ ગુણને અધૂરો પરિણમવાનો એનો સ્વભાવ નથી. ઝટ સવળો થતો નથી એનું કારણ એ છે કે પરિણમવામાં અવળો પણ એટલા જ જોરથી – પૂરેપૂરા જોરથી ચાલે છે અને સવળો થાય ત્યારે એટલા જ જોરથી – પૂરા જોરથી ચાલે છે – પરિણમે છે, એવો જ એના પરિણમવાનો સ્વભાવ છે.

પ્રશ્ન :– એવું શું કારણ છે કે એમને એવો ખ્યાલ આવી જાય છે કે એક જ ભવ બાકી છે ?

સમાધાન :– ઈ જ્ઞાનનો ચમત્કાર છે ! એ જ્ઞાનનો ચમત્કાર છે. પોતાને ખ્યાલ આવે અને બીજાને પણ ખ્યાલ આવે. 'શ્રીમદ્જી'ને પોતાને ખ્યાલ આવ્યો છે, 'ધારીને એક જ દેહ જાશું સ્વરૂપ સ્વદેશ' એમ કરીને પોતાનું કાવ્ય લખ્યું છે ને ? પોતાને જ્ઞાનમાં ખ્યાલમાં આવે અને બીજાને પણ કોઈને ખ્યાલમાં આવી જાય, નિર્મળજ્ઞાનમાં ખ્યાલમાં આવી જાય. કેવળજ્ઞાનમાં જેવું જણાય એવું જણાય છે ! એટલું સચોટ હોય છે ! શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાનની શક્તિ પણ એવી અસાધારણ છે ! જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સિદ્ધ સમાન એવા પોતાના પૂર્ણ શુદ્ધઆત્માને પોતાના જ્ઞાનમાં ત્યાં સ્વસ્વરૂપે ઝીલે છે, ધારણ કરે છે એની શક્તિ પણ એવી કોઈ ચમત્કારિક શક્તિ છે !! નિર્મળ મતિ-શ્રુતજ્ઞાનની શક્તિ ચમત્કારિક

શક્તિ છે !

**પ્રશ્ન** :- સમ્યક્દૃષ્ટિના જ્ઞાનમાં અને કેવળજ્ઞાની ભગવાનના જ્ઞાનમાં તારતમ્યતા(નો) (ફેર) તો ખરો ને ?

સમાધાન :- ઘણો ફેર છે, અનંતમાં ભાગે છે તોપણ અનંતમાં ભાગે છે એમાં આવી તાકાત છે ! પૂર્ણ થાય એમાં શું બાકી રહે ? એમ કહે છે. જે અનંતમા ભાગે છે એમાં આટલી શક્તિ છે (તો) પૂર્ણતાની તો વાત શું કરવી ? એ તો વચનાતીત ને વિકલ્પાતીત છે, મનાતીત છે, એ તો અચિંત્યદશા છે. કેવળજ્ઞાનની દશા એ (અચિંત્ય છે). એ તો આ મતિ-શ્રુત પણ અચિંત્ય છે. ભાવ મતિ-શ્રુત છે એ પણ અચિંત્યદશા છે.

(અહીંયાં) શું કહે છે ? કે **'જ્ઞાનીને દૃષ્ટિ દ્રવ્યસામાન્ય ઉપર જ પડી છે,...'** એટલે શ્રદ્ધાએ પોતાના ભગવાનઆત્માની સાથે અભેદતા જેણે સાધી છે કે જે અભેદતાને છોડાવવા જગતમાં કોઈ દ્રવ્ય કે કોઈ ભાવ સમર્થ નથી. તે શ્રદ્ધા થતાં જ્ઞાનમાં અભેદ સ્વાનુભૂતિ પ્રગટ થાય છે અને એ શ્રદ્ધા થતાં ચારિત્રમાં સર્વ પ્રકારે ઉપાદેય એક મારો ભગવાનઆત્મા જ છે એવી ઉપાદેયતા પ્રગટ થાય છે. એવી ઉપાદેયતાને લઈને હેય-ઉપાદેયનો વિવેક સમ્યક્જ્ઞાન કદી ચૂકતું નથી. હેય-ઉપાદેયનો વિવેક સમ્યક્જ્ઞાન કદી ચૂકતું નથી. મહાવિવેક પ્રગટ થયો છે. મહાવિવેક પ્રગટ થયો છે એ એટલા માટે કહ્યું છે કે સર્વસ્વપણે એક મારો આત્મા જ ઉપાદેય છે એવી ઉપાદેયતા, આચરણની ઉપાદેયતા એ શ્રદ્ધાને લઈને આચરણમાં પણ એની જાત ઉત્પન્ન થઈ ગઈ છે. એનું ચારિત્ર ઉત્પન્ન થઈ ગયું છે અને તેને લીધે **'ભેદજ્ઞાનની ધારા સતત વહે છે.'**

જ્ઞાનની પ્રધાનતાથી જેમાં અનંતગુણ સામેલ છે, અનંતગુણ અભેદપણે પરિણમિ રહ્યાં છે, એવી જે મોક્ષમાર્ગની મુક્તભાવની પરિણતિ-ધારા છે એ પોતે સ્વયં મુક્ત સ્વરૂપે છે. ભલે આંશિક મુક્તિ છે પણ મુક્તિમાં બંધન નથી. મુક્તિમાં બંધન નથી અને બંધનમાં મુક્તિ નથી. બન્ને વિરુદ્ધભાવ છે ને ?

ભેદજ્ઞાનની ધારા કહો કે મુક્તદશાની પરિણતિ કહો, એ એમને સતત વહે છે, નિરંતર વહે છે. ક્યારેય પણ એની અંદર એક સમયનો પણ આંતરો

પડતો નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીના ઘણા બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણા છે આની અંદર. જ્ઞાનીની દશા કેવી હોય ? એ દશા પોતે અનુકરણ કરીને પ્રાપ્ત કરી શકે એટલા માટે અને એ દશાનું એને બહુમાન આવે તો એનો દર્શનમોહ (મંદ) થાય કે જે આ દશા પ્રાપ્ત કરવાનું કારણ છે. એની અંદર બે વાત છે. એક તો એ દશાનું જ્ઞાન કરીને પોતે એ દશારૂપ પરિણમન કરવાનો પ્રયાસ કરી શકે, એ દશાનું બહુમાન આવે તો એનો પ્રયાસ જાગે, બહુમાન આવે તો એનો દર્શનમોહનો અનુભાગ - રસ કપાય અને એ સમ્યક્દર્શનની નજીક થઈ શકે. એટલે તો 'શ્રીમદ્જી'એ એ વિષય ઉપર બહુ વજન દીધું છે. એમણે તો એને એક પ્રકારનું સમકિત કીધું. એક પ્રકારનું એને સમકિત કીધું છે. સમકિતનું કારણ જોઈને એને સમકિત કહેવામાં આવ્યું છે.

જ્ઞાનીને **'ભેદજ્ઞાનની ધારા સતત વહે છે.'** તેથી અવસ્થામાં રાગ હોય અને રાગના વિષયભૂત બાહ્ય પદાર્થની અંદર જ્ઞાનનો ઉપયોગ જાય ત્યારે પણ જ્ઞાન અને ચારિત્રના અંશો ભેદજ્ઞાનની ધારારૂપ એક જુદી પરિણતિ સ્વરૂપે અંદરમાં કાર્યગત હોય છે. એ મુખ્ય પરિણતિ છે, એ મુખ્યવૃત્તિ છે અને ઉપયોગ અને રાગ બહારમાં છે એ ગૌણ છે. જોર પરિણતિનું છે, બહારમાં પરિણામ જાય છે એનું જ્ઞાનીને જોર હોતું નથી. એનું જોર તૂટી ગયેલું છે.

ચારિત્રમોહનો કષાય છે - પ્રત્યાખ્યાનાવરણી, અપ્રત્યાખ્યાનાવરણી અને સંજ્વલન ત્રણ કષાય બાકી છે, પણ કેવા ? કે મિથ્યાત્વની દશામાં હોય એવા તો નહીં. એ કષાયની શક્તિ તૂટી ગઈ છે. જેમ માણસની કેડ ભાંગી જાય અને કોઈ શારીરિક બળનું કામ ન કરી શકે એમ સમ્યક્દૃષ્ટિ કષાયની શક્તિનું કોઈ કામ કરી શકતો નથી. એની કષાયની કેડ ભાંગી ગઈ છે. કષાય થાય છે ખરો પણ એની કેડ તૂટી ગઈ છે. બળવાનપણે થઈ શકતો નથી.

(સ્વરૂપ) સન્મુખ થાય તો(પણ) પગ પાછા પડે એવું છે. આ તો અનુભવ થઈ ગયો. 'શ્રીમદ્જી' તો સન્મુખતાવાળાની વાત લે છે કે એક વાર અસ્તિત્વ

ભાસે તો એના પગ પાછા પડે. પગ પાછા પડે એટલે પ્રકૃતિ જોર ખાય નહીં. પ્રકૃતિને મારી નાખે. લોકો એમ કહે છે કે, પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય. (અહીંયાં) કહે છે કે નહીં. જ્ઞાન થાય અને પ્રાણ જાય એ પહેલાં પ્રકૃતિ ચાલી જાય. એની પ્રકૃતિ બદલી જાય, જરૂર બદલી જાય. સહવાસમાં આવનારને એમ લાગે કે, આ ફરી ગયો છે, આ માણસ બદલી ગયો છે. આ પહેલાંનો ફલાણો ફલાણો નથી, હવે ફેર છે એમ કહે છે. એટલો ફેર પડે છે.

(સમય થયો છે).

**ભેદજ્ઞાન - એ વર્તતા વિભાવના નિષેધપૂર્વક પ્રગટ સ્વભાવનો આદર છે અર્થાત્ વિભાવમાં થતા અહંપણાનો નિષેધપૂર્વક જ્ઞાનસ્વભાવી 'સ્વ'માં અસ્તિત્વગ્રહણનો પુરુષાર્થ / વિધિ છે. તેથી આવું ભેદજ્ઞાન 'પરમાર્થ માર્ગના પ્રયત્નવાન જીવને' સહજ જ થવા યોગ્ય છે.**

**મુમુક્ષુજીવ પણ મોક્ષ-પૂર્ણશુદ્ધતાનો અભિલાષી હોવાથી, પોતે 'જ્ઞાનમાત્ર' છે-તેવી જાગૃતિપૂર્વક, વર્તતા રાગાદિ ભાવના અરુચિભાવે - નિષેધભાવે વર્તે છે, પરિણમે છે. વર્તમાન યોગ્યતા અનુસાર, આ રીતે, તેને ભેદજ્ઞાનનો ઉદ્યમ / પ્રયાસ વર્તે. મુમુક્ષુજીવને આવા પ્રયાસપૂર્વક (તત્ત્વજ્ઞાનનો) - સત્‌શ્રુતનો પરિચય - અધ્યયન હોવો ઘટે. અન્યથા પ્રકારે ન હોવો ઘટે. કારણ બાહ્ય ઉઘાડ વધતાં, પર્યાયબુદ્ધિવાનને, ઉઘાડમાં અહંભાવ રોકવો અસંભવ છે. જે અહંભાવ ક્રમે કરીને સ્વચ્છંદાદિ ભયંકર મહાદોષને ઉત્પન્ન થવામાં કારણ થાય છે.** – પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૨૯૪)

ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે. ૯૪.

તા. ૨૧-૦૪-૧૯૮૭, વચનામૃત–૯૪, ૯૫, ૯૬
પ્રવચન નં. ૭૬

૯૪ બોલ છે. '**ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે, વિભાવનો અભાવ થાય છે.**' ત્રણે કાળે ધ્રુવ તત્ત્વ એટલે આત્માનું સદશભાવે રહેતું સ્વરૂપ. ફેરફાર વિના એકરૂપ કાયમી સ્વભાવ છે, એવા પોતાના મૂળ સ્વરૂપમાં એકાગ્ર થવાથી જ નિર્મળ પર્યાય પ્રગટ થાય છે અથવા ધ્રુવના આલંબને શુદ્ધ દશા ઉત્પન્ન થાય છે અને સર્વ પ્રકારના વિભાવનો અભાવ થાય છે.

વિભાવના પ્રકાર ભલે અનેક છે તોપણ એના નાશનો આ એક જ ઉપાય છે. પ્રકાર ભલે અનેક ઉત્પન્ન થયા છે પણ આ એક ધ્રુવ તત્ત્વનું આલંબન છોડવાથી એ અનેક પ્રકાર ઉત્પન્ન થયા છે. કારણ પણ એનું એક છે. એ એક કારણનો નાશ કરતાં શુદ્ધ પર્યાય, નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. શાસ્ત્રમાં ભલે અનેક પ્રકારની અનેક ન્યાયથી ગમે તે વાત હોય તોપણ ત્રણે કાળે પર્યાયની શુદ્ધતા પ્રગટવાનો અથવા ધર્મ ઉત્પન્ન થવાનો આ એક માત્ર અબાધિત સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને ક્યાંય પણ બાધા પહોંચે અને બીજું કથન સ્થાપવાનું હોય

એવું જિનાગમને વિશે ક્યારેય પણ કહેવા ધાર્યું નથી, કોઈએ કહ્યું નથી. અથવા આ વિધિનો વિષય છે કે પોતાનું કાર્ય સંપન્ન થવાની આ એક જ વિધિ છે, બીજી કોઈ વિધિ નથી.

પહેલાં આમ કરવું, પહેલાં આમ કરવું એવી અનેક વાતો આવે. કોઈ એમ કહે કે, સીધી આ વાત કેમ સ્થાપો છો ? (તો) કહે છે કે એ બધી વાતો કહેવા પાછળ જે તાત્પર્ય છે એ તાત્પર્ય તો સ્પષ્ટ હોવું જોઈએ. આ બાર અંગનો સાર છે. ભલે એક લીટીમાં વાત છે તોપણ બાર અંગનો આ સાર છે.

ધ્રુવ તત્ત્વમાં એકાગ્રતા ક્યારે થાય ? કે એ ધ્રુવ તત્ત્વ જ્ઞાનમાં આવે અને જેટલું એનું સામર્થ્ય છે એટલું સામર્થ્ય જ્ઞાનની અંદર ભાસે તો એકાગ્રતા સહજ થાય અને નહીંતર એકાગ્રતા થવાનું તો બીજું કોઈ કારણ થઈ શકતું નથી.

અનાદિથી જીવની પર્યાયમાં એકાગ્રતા છે, પર્યાયમાં પણ મલિન રાગાદિ ભાવોમાં એકાગ્રતા છે અને તેથી સહજપણે એ રાગ સંબંધિત જે પદાર્થો છે એ વિષયમાં એકાગ્રતા છે એમ કહેવાય છે. ખરેખર તો એકાગ્રતા એના રાગમાં જ છે. એનું કારણ પણ એ છે કે, તે તે પદાર્થનો મહિમા છે અથવા તે તે પદાર્થ સુખનું કારણ છે એવો નિશ્ચય પડેલો છે. એ જૂઠો નિર્ણય છે, જૂઠો નિશ્ચય છે અને એ સુખનો અનુભવ છે એ પણ જૂઠો છે, સુખ નથી પણ ત્યાં સુખાભાસ છે. એ ઊલટા વિષયને – અનાદિથી (ચાલતા) ઊંધા પરિણમનને પણ પહેલાં બરાબર સમજે છે અને પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપને પણ સમજીને, ઓળખીને, ઓળખે તો એકાગ્રતા થાય.

બે પડખાં છે – ઊંધું પડખું છે અનાદિનું તે ઊલટે નહીં અને સીધું પડખું ઉત્પન્ન થાય એવું બનતું નથી. એટલે બન્ને પડખેથી અનેક પ્રકારની વાતો આવે છે પણ એ બધાનું તાત્પર્ય આ છે કે પોતાના ધ્રુવ સ્વરૂપમાં એકાગ્ર થવામાં આવે તો જ (નિર્મળ પર્યાય પ્રગટ થાય). એનો આશ્રય કરવામાં આવે, એકાગ્ર થવું, આશ્રય થવો, અવલંબન થવું, ગ્રહણ થવું, પકડાવું એ બધું એકાર્થ છે. એક જ ભાવને બતાવનારા એ શબ્દો છે પણ નિર્મળ પર્યાય, શુદ્ધ પર્યાયનું બીજું કોઈ કારણ નથી. ખુદ નિર્મળ પર્યાયમાં એકાગ્રતા (થવી) એ પણ નિર્મળ પર્યાયની

ઉત્પત્તિનું કારણ નથી. નિર્મળ પર્યાયનું આલંબન લે (તો) નિયમથી રાગની ઉત્પત્તિ થાય.

પ્રશ્ન :– પૂજા, પાઠ, સ્વાધ્યાય આ બધું કીધું છે ને ?

સમાધાન :– હા, એ બધું કહ્યું છે પણ એમાં તો એ સંબંધીનો રાગ છે. એ સંબંધીનો રાગ છે. પરદ્રવ્ય આશ્રિત જેટલી કોઈ ક્રિયા છે એના નિમિત્તે રાગની ઉત્પત્તિ થાય છે અને એ રાગ તે શુદ્ધ પર્યાય, નિર્મળ પર્યાય કે ધર્મની પર્યાય નથી.

પ્રશ્ન :– એ અધર્મની (પર્યાય) છે ?

સમાધાન :– ધર્મની નથી એમ કહો કે અધર્મની છે કહો એ બન્ને એક વાત છે પણ અધર્મ કહે એટલે જરા કઠોર શબ્દ પડે છે. પૂજા, પાઠ અધર્મ છે એમ કહો છો ? એમ કહે. પણ ધર્મ નથી એનો અર્થ કે અધર્મ છે.

પ્રશ્ન :– તો કહ્યું શું કામ ?

સમાધાન :– બસ ! આ એક જ વાત છે – પોતાનું પરમ તત્ત્વ છે, પરમાત્મ તત્ત્વ છે **'અપ્પા સો પરમપ્પા'**. મૂળ સ્વરૂપે આત્મા છે તે પરમાત્મા છે. સંસારદશા છે એ તો બહિરાત્મા છે એની વાત નથી. મૂળ સ્વરૂપે અંતરંગમાં મૂળ ચૈતન્યધાતુ છે એ પરમાત્મપદ છે. એ પરમ શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે અને એની મહિમાપૂર્વક એમાં એકાગ્રતા થાય તો ધર્મની શુદ્ધતાની દશા ઉત્પન્ન થાય. શુદ્ધિ કહો, સંવર કહો, નિર્જરા કહો, મુક્તભાવ કહો બધું એકાર્થ છે. એ એક જ ઉપાય છે અને ત્યારે જ વિભાવનો સમ્યક્ પ્રકારે અભાવ થાય છે.

શુભરાગમાં વિભાવની મંદતા થાય છે, વિભાવનો અભાવ થતો નથી. મંદપણે તે સદ્ભાવમાં રહે છે. સદ્ભાવ અને અભાવ (એ બેમાં) અસ્તિ-નાસ્તિ જેટલો ફેર છે. માણસ હોય અને મૃત્યુ થાય તો ન હોય એમ કહે છે. 'છે' અને 'નથી' એટલો બધો (ફેર છે). કેટલો બધો ફેર છે ? કે 'છે' અને 'નથી' એમાં બહુ મોટો ફેર છે. એમ કષાયની મંદતામાં, શુભભાવમાં, પ્રશસ્ત રાગમાં વિભાવ મંદપણે ઉત્પન્ન થાય છે, એનો અભાવ ત્યાં થયો નથી.

અહીંયાં તો સમ્યક્ પ્રકારે એનો અભાવ થાય છે એ વાત લીધી છે. આ

એક જ વિધિ છે, બીજી કોઈ (વિધિ નથી). નિર્મળ પર્યાય પ્રગટ થવાની ત્રણે કાળે કોઈ બીજી વિધિ નથી. ૯૪ (બોલ પૂરો) થયો.

પ્રશ્ન :- જ્ઞાનની પૂજા થાય કે નહીં ?

સમાધાન :- પૂજા-પાઠમાં એવું છે કે જેની પૂજા કરવી છે – દેવ-ગુરુ-શાસ્ત્ર. દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરવામાં આવે છે. આપણે રાગ તો ચારિત્રની પર્યાય લઈએ પણ જ્ઞાનની પર્યાય છે (એમાં) બીજા પદાર્થનું લક્ષ થાય એ પણ રાગની ઉત્પત્તિનું કારણ છે. પણ ઓઘેઓઘે દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ જ્ઞાનમાં સમજાયા વિના પૂજા કરે અને જ્ઞાનમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું જેવું સ્વરૂપ છે તેવું વીતરાગી સ્વરૂપ સમજીને પૂજા કરે તો એવું કોઈ વાર કહેવાય કે આ જ્ઞાનથી પૂજા કરે છે અને પેલો અજ્ઞાનથી પૂજા કરે છે. એવો ભેદ પાડવામાં આવે છે. પણ પોતાના પરમ તત્ત્વથી તો કોઈ ઉત્કૃષ્ટ નથી. બીજા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પોતાના પરમાત્મપદથી તો ઉત્કૃષ્ટ નથી, એટલે પોતાની એકાગ્રતાનું અવલંબન છોડાવીને દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરવાનું ફરમાન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર જ એમ કહે છે, કે તું તારા સ્વરૂપમાં એકાગ્ર થા. જો તું તારા સ્વરૂપમાં એકાગ્રતા કર, એમાં એકાગ્ર થા તો અમે એમ કહીએ છીએ કે જા, અમારી પૂજા એમાં આવી ગઈ. પછી અમારી પૂજા કરવાની તારે જરૂર નથી.

પ્રશ્ન :- એકાગ્રતા ન થાય ત્યાં સુધી શું કરવું ?

સમાધાન :- એકાગ્રતા ન થાય ત્યાં સુધી એકાગ્રતા કરવાનો પ્રયત્ન કરવો. ભૂખ લાગી હોય અને જમવાનું ન મળે તો ભૂખ લાગી હોય એનું શું કરવું ? કે, ખોરાક મેળવવાનો પ્રયત્ન કરવો. ખોરાક ન મળે માટે બીજી મજૂરી કરવી (એમ કરવા જાય) તો વધારે ભૂખ લાગશે, અશક્તિ વધારે આવી જશે. એમ ધર્મ ન થાય ત્યાં સુધી શું કરવું ? કે, અધર્મ કરવો. એમ હોય કાંઈ ? હોય એવું ? કે, નહીં. ધર્મ થવાનો પ્રયત્ન કરતા બીજો રાગ વચ્ચે ઉત્પન્ન થઈ જાય એ બીજી વાત છે અને બીજો રાગ કરવો એવો અભિપ્રાય રાખે ઈ બીજી વાત છે. આની અંદર અભિપ્રાયમાં પૂર્વ-પશ્ચિમનું અંતર પડે છે. પરિણામની અંદર એ મોટો ફેર છે. અભિપ્રાય તો એક જ હોય. પછી અભિપ્રાય વિરુદ્ધ ભાવ

થાય તો એનો નિષેધ આવી અને એને ટાળે. નિષેધ થઈને ટળે. પણ પહેલેથી કરવાનો અભિપ્રાય હોય એને તો ટળવાનો પ્રસંગ જ આવતો નથી.

પ્રશ્ન :- પોતાની પૂજામાં તીર્થંકરની પૂજા ક્યાંથી આવી ?

સમાધાન :- 'સમયસાર'ની ૩૧, ૩૨, ૩૩ ગાથા છે. એની અંદર એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, તીર્થંકર ભગવાનની સ્તુતિ કોને કહેવી ? શાસ્ત્રની અંદર તીર્થંકર ભગવાનની સ્તુતિ આવે ત્યાં તીર્થંકર ભગવાનને અનંત ચતુષ્ટય પ્રગટ થયા છે – અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, એની પ્રશંસા – મહિમા આવે. એ ઉપરાંત સ્તુતિમાં તો એમના શરીરની મહિમા આવે કે, વીતરાગભાવ પ્રદર્શિત થઈ રહ્યું છે એવું આપનું શરીર છે, પરમ ઔદારિક શરીર હોવાથી મહા તેજસ્વી શરીર છે. એથી આગળ વધીને આજુબાજુના સંયોગોનું પણ વર્ણન આવે, સમવસરણ આદિ વિભૂતિ પ્રગટ થઈ છે, ચોત્રીસ પ્રકારના અતિશય છે, અષ્ટ પ્રાતિહાર્ય છે. એવું બધું આવે. તો કહે, આ તીર્થંકર ભગવાનની સ્તુતિ છે ? તો (કહે છે), ખરી સ્તુતિ નથી.

'સમયસાર' અધ્યાત્મશાસ્ત્ર છે ત્યાં એવી વાત ચાલી છે કે, આવી... આવી... આવી... સ્તુતિ આવે છે પણ એ ખરી સ્તુતિ નથી. **'જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને'** ઇંદ્રિયોના પરિણામોથી વિમુખ થઈને પોતાના અતીન્દ્રિય જ્ઞાયક સ્વભાવને અધિક જાણે, મહિમાવંત જાણીને તેમાં સ્થિર રહે ત્યારે એને તીર્થંકર ભગવાનની સાચી સ્તુતિ કરી છે એમ કહેવામાં આવે છે. 'કુંદકુંદાચાર્યદેવે' એવો જવાબ આપ્યો છે. 'સમયસાર' છે ને ? પ્રશ્ન ઊઠે તો શાસ્ત્રમાં બરાબર જવાબ છે. આપણા ઘરની વાત કરવાનો પ્રશ્ન નથી કે, ઘરનું ગમે ત્યાં જોડી દેવું. એક જ વાત જોડી દેવી, બધી જગ્યાએ એક જ વાત જોડી દેવી એમ નથી કે આત્માનો... આત્માનો... આત્માનો... એમ નહીં. મૂળ શાસ્ત્રની અંદર આ વિષય સ્પષ્ટ છે.

આગળની (૩૦મી) ગાથા છે – **'વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું'** નગર બહુ શોભાયમાન હોય, સુંદર રાજધાનીનું શહેર હોય તોપણ એમાં રાજાનું વર્ણન નથી. રાજા રાજા છે અને રાજધાની તે રાજધાની છે. **'કીધે**

**શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું.**' કેવળીના ગુણોનું સ્તવન એ કાંઈ એમના શરીરના ગુણની સ્તુતિ કરવાથી થતું નથી. તો એના માટે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, તો પછી હવે તીર્થંકર કેવળીની નિશ્ચય સ્તુતિ કહેવામાં આવે છે. તો પછી તીર્થંકર અને કેવળીની નિશ્ચય એટલે સાચી સ્તુતિ કઈ ? કેવી હોય એ ? એના માટે લખે છે કે, '**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને, નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને**' (ગાથા-૩૧). અતીન્દ્રિય, જિતેન્દ્રિય જ્ઞાનસ્વભાવમાં સ્થિત થઈ જાય, સ્થિર થઈ જાય, લીન થઈ જાય ત્યારે એણે તીર્થંકર ભગવાનની ખરી સ્તુતિ, સાચી સ્તુતિ કરી છે. આમાં આત્માના સ્વભાવમાં લીન થાય, ધ્રુવ સ્વભાવમાં એકાગ્ર થાય; આ મૂળ જે ૯૪મો બોલ ચાલે છે એમાં બીજા તીર્થંકર ભગવાનની સ્તુતિ કેવી રીતે આવી ? તો (કહે છે) તીર્થંકર એમ કહે છે કે અમે કહીએ છીએ કે, આવી ગઈ ને પણ હવે, પછી તારે શું ઉપાધિ છે એની ?

જેમ કોઈ એક માણસ એમ કહે કે, ભાઈ ! તમારે પૈસા દેવાના નથી, તમારા જે દેણાં હતા એ પહોંચી ગયા. હવે કાંઈ તમારે ઉપાધિ કરવાની નથી. અમારી પાસે આવી ગયા છે. પછી વાત પૂરી થઈ જાય છે, લેણદાર એમ કહે કે મારું લેણું પૂરું થઈ ગયું, પછી દેણદારને ઉપાધિ કરવાનો પ્રશ્ન નથી. એમ ખુદ તીર્થંકર ભગવાન એમ કહે છે કે, તારા ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતા કર (એમાં) અમારી સ્તુતિ આવી ગઈ. અમે ઈ જ કર્યું છે, તું પણ એ કર. અમને તારી સ્તુતિની અપેક્ષા નથી અને તું અમારી સ્તુતિ કર એવું તારું સ્વરૂપ પણ નથી. એટલે તું તારા સ્વરૂપમાં લીન થા એ અમે જે કહેવા માગીએ છીએ એ તેં કર્યું. અમારી આજ્ઞાનું પાલન થઈ ગયું, બસ ! અમારી સ્તુતિ એમાં આવી ગઈ.

એના પર ત્રણ ગાથા લીધી છે. '**જીતી ઇંદ્રિયો...**' લીધી એમ '**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને, પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે.**' (ગાથા-૩૨). પરમાર્થના જાણનારાઓ આવા સાધુને જિતમોહી કહે છે કે જે જ્ઞાનસ્વભાવને અધિક જાણીને સમ્યક્ પ્રકારે મોહ ઉપર વિજય મેળવે છે. એ ૩૨મી ગાથા છે. અને '**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જ્યારે થાય**

**છે, નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે.**' (ગાથા–૩૩). એક ગાથામાં ભાવ્યભાવક સંકરદોષનો નાશ કરે છે. એટલે કે ભોગવવાના ભાવનો નાશ કરે છે અને એકમાં જ્ઞેયજ્ઞાયક સંકરદોષનો નાશ કરે છે. એ રીતે અહીંયાં તીર્થંકર ભગવાનને ક્ષીણમોહ જિન કહેવામાં આવે છે. આત્મામાં સ્થિર થઈ જાય ત્યારે પોતે જ બારમા ગુણસ્થાનવાળા ક્ષીણમોહ જિન થાય છે. મૂળ તો શું છે કે શરીર અને અષ્ટ પ્રાતિહાર્યનું વર્ણન આવે છે. તો (કહે છે) એનાથી તીર્થંકર ભગવાનનો આત્મા ભિન્ન છે. ત્યાંથી આ સીધું પોતાના આત્મા ઉપર વિષયનું અવતરણ કર્યું છે.

**મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે. ૯૫.**

(બોલ) ૯૫. '**મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે.**' અહીંયાં મુનિદશાના બોલ ઠીક ઠીક આવ્યા છે. '**મુનિઓ અસંગપણે આત્માની સાધના કરે છે, સ્વરૂપગુપ્ત થઈ ગયા છે.**' કોઈપણ લૌકિકજનોનો સંગ મુનિરાજ કરતા નથી. લૌકિકજનોનો સંગ તો કરે નહીં પણ મુનિસંઘમાં પણ એને પોતાને જ્ઞાન છે તેથી એવું જ્ઞાન થાય કે ફલાણાં મુનિ દ્રવ્યલિંગી છે પણ ભાવલિંગી નથી તો એનો પણ એ સંગ કરે નહીં. આમ છે. ત્યાગી હોય, વૈરાગી હોય, જંગલવાસી હોય, અઠ્ઠયાવીસ મૂળગુણ જિનોક્ત – જિન શાસ્ત્રને વિશે કહેલાં વ્યવહારનું, આચારનું – બાહ્ય આચારનું બરાબર નિર્દોષ પ્રતિપાલન કરતા હોય તોપણ એનો સંગ ભાવલિંગી મુનિ કરતા નથી. એવી અસંગપણે આત્માની સાધના કરે છે. સંગ કરે તો પોતાના(થી) વિશેષ ગુણીનો સંગ કરે અથવા બરાબર ભાવલિંગી હોય એનો સંગ કરે પણ દ્રવ્યલિંગીથી માંડીને લૌકિકજનોનો સંગ

મુનિરાજ કરતા નથી.

'ગુરુદેવશ્રી' તો પ્રવચનમાં એમ કહેતા કે, જ્યાં કોઈપણ પ્રાણીનો પગરવ ન હોય એવું નિર્જન ક્ષેત્ર હોય ત્યાં મુનિ ધ્યાન કરે છે. પગરવ - રવ એટલે અવાજ. કોઈ માણસ ચાલે એના ચાલવાનો પગનો અવાજ થાય એવી જગ્યા પણ મુનિ પસંદ કરતા નથી. અસંગદશા છે ને પોતાની ? કોઈનો સંગ ન કરવો. એટલા માટે તો વસ્તી છોડીને જંગલમાં રહે છે. જંગલમાં પણ ક્યાંય પણ મનુષ્યની વસ્તી ન હોય એવા ક્ષેત્રમાં જઈને જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં મુનિ રહે છે. એવી આત્માની સાધના આત્મામાં સ્વરૂપગુપ્ત થવા માટે, સ્વરૂપમાં ખોવાઈ જવા માટે, લીન થઈ જવા માટે અસંગદશામાં રહીને, અસંગપણામાં રહીને સાધના કરે છે.

મુનિરાજની દશા અને સંસારીજીવની દશામાં ઊલટો-સૂલટો ફેર છે. કેમકે સંસારીજીવ જન્મ-મરણરૂપ સંસારને સાધે છે, ઈ પણ સંસારનો સાધક છે અને મુનિરાજ મુક્તિના સાધક છે. સંસારીજીવને સંગ વિના ગમતું નથી. સંસારી જીવને સંગ વિના ગમતું નથી. ઘરમાં પણ સભ્યો બરાબર હોય, કોઈ એક પણ ઓછું ન થાય અને નગરમાં પણ ઘણી વસ્તીવાળું નગર હોય, ગામડાં કરતા શહેરમાં લોકોને ગમે છે, શહેર કરતા મોટાં શહેરમાં ગમે છે. એવું છે કે નહીં ? આ એક જે વૃત્તિ છે એ અસંગદશાથી વિરુદ્ધ વૃત્તિ છે. એ વૃત્તિથી જીવ જ્યારે પાછો વળે છે ત્યારે એ લૌકિકજનોનો સંગ છોડે છે અને પોતાના સ્વરૂપમાં વિશેષ વિશેષ એકાગ્રતાનો અભ્યાસ કરવાનો જેનો અભિપ્રાય છે, જેનો ભાવ છે એ તો બીજા સાધર્મીનો સંગ પણ છોડે છે. વિધર્મીનો તો સંગ કરવાનો પ્રશ્ન નથી, મિથ્યાદૃષ્ટિઓ અને આત્માની અરુચીવાળાઓ અને ખાન-પાન ને પાંચ ઇન્દ્રિયના વિષયના એકદમ રસવાળા જીવોનો તો સંગ કરવાનો પ્રશ્ન નથી. એ તો કરવા યોગ્ય છે નહીં કેમકે તને પાછો એનો રંગ ચડતા વાર લાગશે નહીં પણ જેને પોતાના સ્વરૂપમાં વિશેષ સાધના કરવી છે એ તો સાધર્મીનો સંગ પણ છોડે છે.

પ્રશ્ન :- એ સમજાણું નહી કે સાધર્મીનો સંગ કેમ છોડે ?

સમાધાન :- કેમકે સ્વરૂપમાં લીન રહેવું છે સાધર્મીની સાથે વાતચીત, ચર્ચા-

વાર્તા (થાય) એમાં તો રાગ થાય છે બીજું શું થાય છે ? એમાં રાગ સિવાય બીજું કાંઈ થતું નથી. શુભરાગ છે ને એ તો ? તો શુભરાગમાં રહેવું છે કે સ્વરૂપમાં લીન – એકાગ્ર થવું છે ? આવે છે એમાં. 'સોગાનીજી'ની ચર્ચામાં 'એકલિયા ડેમ'ની (વાત) આવે છે. નામ શું છે એનું ? 'એકલિયા' નામનું તળાવ છે. 'સોનગઢ'થી માઈલ-દોઢ માઈલ જેટલું દૂર છે. નાનું એવું તળાવ છે એનું નામ ('એકલિયા' છે). તળાવની અંદર 'એકલીન મહાદેવ' કે એવું કોઈ મહાદેવનું મંદિર છે. એ તળાવનું નામ 'એકલિયા તળાવ' છે. ત્યાં ડેમ જેવું બાંધ્યું છે. છે પાછું નિર્જન સ્થળ. ત્યાં ઈ બાજુ દોઢ માઈલ (દૂર) 'પાલીતાણા'ના રસ્તે કોણ જાય ?

એકવાર સાંજે અમે જમ્યા પછી ફરવા ગયા હતા. એકાંત સ્થળ જોયું (તો કહે), બહુ સરસ છે ! બધી નાની નાની પહાડી છે, આ વચ્ચે તળાવ છે. બહુ સરસ એકાંત છે. તો (કહ્યું) આ એકાંત શું પ્રસિદ્ધ કરે છે ? કે બસ ! તું એકલો તારા ધાર્મિક સાથીઓથી પણ દૂર થઈને અહીંયાં એકાંતમાં બેસી જા ! એમ અહીંનું આ સ્થાન સૂચવે છે. એમ એના ઉપરથી સીધું અર્થઘટન કર્યું. અપને સાથીઓ સે ભી દૂર હો જાઓ. એકાંતમાં બેસીને આત્માના જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં રહી જાવ. આ 'એકલિયુ' એમ કહે છે ! 'એકલિયુ તળાવ' એમ કહે છે.

ત્યાંથી મુનિદશાનો પાયો નાખ્યો છે. એ ચોથા ગુણસ્થાનમાં અસંગદશાની આવી વૃત્તિ હોય છે કે રાગની રુચિવાળા જીવોનો તો સંગ કરવાનો, વિષયોની રુચિવાળા જીવોનો તો સંગ કરવાનો નિષેધ છે જ. માણસ નથી કહેતા ? કે માણસ કેવી રીતે ઓળખાય છે ? કે એના મિત્રોથી ઓળખાય છે. Man is known by the company he keeps. અંગ્રેજીમાં આ કહેવત છે કે એને કઈ જાતની Company છે એના ઉપરથી એની ઓળખાણ થાય છે કે આની રુચિ કઈ જાતની છે. અહીંયાં એમ કહે છે કે ઈ તો એની રુચિ(ની) વાત (એની) Company ઉપરથી (લીધી). અહીં તો કહે છે કે આ અસંગની રુચિમાં સંગ જ છોડવાની વાત છે. કોઈનો સંગ કરે તો એના પ્રત્યે રાગનો પ્રકાર ઉત્પન્ન થાય ને ! આત્માની સાધના કરવી છે ત્યાં સંગ કરવાનું કાંઈ વિધાન નથી.

એ ઉગ્ર સાધના સાધી રહ્યાં છે તે સાધુ, મુનિ એટલે સાધુ. ગુણવાચક નામ છે. આત્માની ઉત્કૃષ્ટ સાધના સાધે તેને સાધુ કહીએ. માત્ર સાધુનો વેશ પરિધાન કરે એનું નામ સાધુ કહેવામાં આવતું નથી. અસંગપણે રહીને કોઈનો પણ સંગ કર્યા વિના સાધના કરનારા મુનિરાજ સ્વરૂપમાં ગુપ્ત થઈ ગયા છે, એ સ્વરૂપમાં લીન થઈ ગયા છે એવા સ્વરૂપે જ મુનિને જુએ છે. મુનિ એટલે બસ સ્વરૂપમાં લીન રહેનારા આત્માઓ ! સ્વરૂપ રમણતામાં એવા પડ્યા છે કે, જેને દેહનું ભાન રહેતું નથી, બીજા સંયોગોની સાવધાની રહેવાનો તો એને પ્રશ્ન જ રહેતો નથી. જંગલમાં ધ્યાન કરતા હોય અને છાંયામાંથી તડકો થઈ જાય તો તડકેથી ખસીને છાંયે બેસે કે ન બેસે ? તો કે પ્રશ્ન રહેતો નથી. તડકો આવ્યો હોય એ ખબર ન પડે ? ખબર પડે તો સ્વરૂપમાં લીન થઈ જાય.

એવા **'સ્વરૂપગુપ્ત થઈ ગયા છે. પ્રચુર સ્વસંવેદન જ મુનિનું ભાવલિંગ છે.'** ચિહ્ન, લિંગ એટલે ચિહ્ન. ઓળખવાનું ચિહ્ન. એમનો ભાવ છે એ એમને ઓળખવાનું ચિહ્ન છે. બહારમાં અઠ્ઠયાવીસ મૂળગુણ, નગ્ન દિગંબર દશા એ પણ ખરેખર મુનિનું ભાવલિંગ નથી. કેમકે એ તો દ્રવ્યલિંગીને પણ હોય છે. એ પણ ખરેખર મુનિદશાનું ચિહ્ન નથી.

'પ્રવચનસાર'માં આ વિષય ચાલ્યો છે કે મુનિને ઓળખવાનું ચિહ્ન શું ? કે, પ્રચુર સ્વસંવેદન. નીચે ચતુર્થ ગુણસ્થાને સ્વસંવેદન ઉત્પન્ન થાય છે એટલું ત્યાં મુનિદશામાં નથી. મુનિદશામાં તો એ જ જાતિનું, Quality એ જ છે પણ એકદમ એની તારતમ્ય – ઉગ્રતા વધી જાય છે અને પ્રચુર સ્વસંવેદનમાં મુનિ આવે છે. એ મુનિરાજને ઓળખવાનું ચિહ્ન છે એને મુનિ કહીએ. તે ભાવલિંગી મુનિ સંત છે, કેવળજ્ઞાનની તળેટીમાં ઊભા છે. ક્યાં ઊભા છે? કેવળજ્ઞાનની તળેટીમાં એટલે કેવળજ્ઞાનની સમીપ જઈને ઊભા છે. જેને કેવળજ્ઞાન થાય છે એને આવી મુનિદશા થાય છે. એમ મુનિદશાનું વર્ણન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરનારા કેવા હોય છે એની જાહેરાત કરી છે, એની પ્રસિદ્ધિ એમાં આવે છે. એટલે એ વિષયને સમજનારને પણ એમ સમજવાનું છે કે તારે મુક્ત થવું છે ? તો કે હા, મુક્ત થવું છે. તો આ દશામાં આવીને મુક્ત થવાનું છે, આ દશામાં આવ્યા વિના

મુક્ત થવાનું છે એમ કદી બનવાનું નથી. એમ એમાંથી પોતે બોધ લે છે કે આવી દશા (મારે પ્રગટ કરવી છે). એટલા માટે એ દશાની ભાવના ઉત્પન્ન થાય છે કે મુક્તિની પહેલાં આવી દશા નિયમથી હોય છે. કોઈ જીવની એવી દશા થયા વિના મુક્તિ થાય છે એવું ત્રણકાળમાં બનતું નથી. અઠ્ઠયાવીસ મૂળગુણના વ્યવહારના પાલનની જગ્યા ન રહે કદાચ, જેમ 'ભરત' ચક્રવર્તીને ન રહી એમ. ભલે પછી એ સાતમું, આઠમું, નવમું, દસમું, બારમું ગુણસ્થાનનો કાળ અલ્પ છે, સમય ભલે અલ્પ હોય પણ એ દશામાં આવીને આગળ જાય છે.

બીજો કોઈ બહારનો વેશ ઈ કોઈ મુનિનું ચિહ્ન નથી. પીળા વસ્ત્ર પહેરે કે ભગવા વસ્ત્ર પહેરે કે સફેદ વસ્ત્ર પહેરે એ તો કોઈ મુનિનું ચિહ્ન નથી પણ દિગંબરદશા એ પણ મુનિનું ચિહ્ન નથી. કેમકે એ તો અન્ય મતમાં પણ દિગંબરો થાય છે. અન્ય મતમાં એ લોકો પણ જંગલમાં રહે છે, પણ એ કોઈ મુનિનું ચિહ્ન નથી. એટલે એને સાધુ કે મુનિ કહેવાય નહીં.

આત્માના વીતરાગી ભાવના – આત્મસ્વરૂપના સ્વસંવેદનમાં પ્રચુરપણે, તીવ્રપણે લાગેલા રહે છે એવા મુનિઓ છે એ એમને ઓળખવાનું ચિહ્ન છે. એવા મુનિઓને એ ચિહ્નથી ઓળખવા. એને ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' 'પ્રવચનસાર'માં મોક્ષતત્ત્વ કહે છે, કેમકે એમને બહારમાં ક્યાંય પ્રતિબંધ નથી. એટલા પ્રચુર સ્વસંવેદનમાં લાગેલા છે કે બહારમાં કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નહીં હોવાથી એમને અપ્રતિબંધ વિહારી જાણીને જાણે કે એમને કોઈ નડતું નથી, પ્રતિબંધ થતો નથી (માટે) મોક્ષતત્ત્વ કહી દીધું છે. અને 'ગુરુદેવ' એમને હાલતા-ચાલતા સિદ્ધ કહેતા. મુનિ – મુનિરાજ એટલે ભાવલિંગી સંત એટલે હાલતાં-ચાલતાં સિદ્ધ ! સિદ્ધ જોવા હોય, સિદ્ધ પરમાત્માના દર્શન કરવા હોય તો મુનિરાજમાં તમને એ દર્શન થશે એમ કહે છે, ઠીક ! આવી અંતર-બાહ્ય વીતરાગી દશા બહુ પ્રચુરપણે હોય છે જેમને એ મુનિદશાનું પ્રગટ ચિહ્ન છે અને એનો મહિમા આ શાસ્ત્રને વિશે તો અનેક જગ્યાએ કરવામાં આવ્યો છે. ૯૫ બોલ (પૂરો) થયો.

**આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે. બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર. ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.**

૯૬. **'આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે.'** જે ૯૪ (બોલમાં) ધ્રુવ તત્ત્વ કહ્યું ને ? એ ધ્રુવ તત્ત્વ કહો, પરમ તત્ત્વ કહો એવું જે આત્મતત્ત્વ છે તે એક જ સાર છે. સાર છે એટલે સુખરૂપ છે અને આ સિવાયનું બીજું બધું નિઃસાર છે, સાર વિનાનું છે અથવા તો બીજા ઉપર લક્ષ જતાં, આશ્રય કરતા એમાંથી દુઃખની ઉત્પત્તિ થશે.

'અષ્ટપાહુડ'માં ('મોક્ષપાહુડ'ની ૧૬મી ગાથામાં) તો **'परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई'** (એમ કહ્યું છે). સ્વદ્રવ્યથી સુગતિ નામ પંચમગતિ થાય છે. સ્વદ્રવ્યનો આશ્રય કરવાથી સિદ્ધગતિની પ્રાપ્તિ (થાય છે). સુગતિ એટલે સિદ્ધગતિની પ્રાપ્તિ થાય છે. અહીંયાં સુગતિ એટલે દેવગતિ નહીં. સિદ્ધ ગતિની પ્રાપ્તિ થાય છે – પંચમગતિની પ્રાપ્તિ થાય છે. અને પરદ્રવ્યને આશ્રિત દુર્ગતિ થાય છે – ચારગતિનું પરિભ્રમણ થાય છે. ચારેય દુર્ગતિ લઈ લીધી છે. દેવગતિ, મનુષ્યગતિ બધી દુર્ગતિ છે, સંસારની ગતિ છે. એ બધામાં સંસાર છે. સંસારથી બાહ્ય તો એક મોક્ષની ગતિ છે – પંચમગતિ !

'સાર' શબ્દ લગાડ્યો છે ને ? 'સમયસાર' ! એમાં 'સાર' શબ્દ લગાડ્યો છે, 'સમયસાર' ! સમય નામ આત્મા, સમય નામ પદાર્થ. છએ પદાર્થમાં સારભૂત તત્ત્વ આત્મા છે. આત્મામાં પણ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત જે તત્ત્વ છે તે એક જ સારભૂત છે, એને 'સમયસાર' કહેવામાં આવે છે.

'સમયસાર'ના પ્રારંભના કળશમાં – માંગલિકના શ્લોકમાં **'नमः समयसाराय'**

થી શરૂ કર્યું છે. કેવી રીતે ટીકા શરૂ કરી છે ? આ શબ્દોથી ટીકા શરૂ કરી છે. **'नमः समयसाराय स्वानुभूत्या चकासते'** એનો અર્થ કર્યો છે કે, સ્વાનુભવથી પ્રગટ થનાર એવો જે સમયસાર, સ્વાનુભવથી પ્રગટ અનુભવગોચર થનાર એવો જે સમયસાર નામ આત્મતત્ત્વ કેવું છે ? કે, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે. આ 'સાર' શબ્દ પેલાને રહિત કરવા માટે લીધો છે (અર્થાત્) અનાત્મતત્ત્વથી રહિત છે.

**પ્રશ્ન** :- અત્યારે આ અમારો આત્મા છે એ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે ?

સમાધાન :- હા, બધાનો આત્મા. તમારો આત્મા, મારો આત્મા અને બધાનો આત્મા મૂળ સ્વરૂપે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે. જો એમ ન હોય તો એવી દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ (રહિત) સિદ્ધદશા પ્રગટે ક્યાંથી ? ઉત્પન્ન ક્યાંથી થાય ? કૂવામાં હોય તે અવેડામાં આવે. બહાર શરીરમાંથી એ દશા આવતી નથી, સંઘયણમાંથી એ દશા આવતી નથી, ચોથા કાળમાંથી એ દશા આવતી નથી, બહારમાંથી ક્યાંય એ દશા આવતી નથી.

આત્મા જ - આવો એક આત્મા જ સાર છે અને બીજું બધું અસાર છે. નિઃસાર છે એટલે અસાર છે. **'सर्वतत्त्वैकसारः'** સર્વ તત્ત્વોમાં આ એક જ સારભૂત છે. 'નિયમસાર'ની ૩૮મી ગાથા પછીનો 'શુદ્ધભાવ અધિકાર'નો પહેલો કળશ છે. સર્વ તત્ત્વોમાં આ એક સાર છે. **'सर्वतत्त्वैकसारः' 'दुर्निवारः'** એમ કરીને પ્રાસ મેળવ્યો છે. 'નિયમસાર' છે ને ? **'૩૮મી ગાથાની ટીકા કરતાં મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારીદેવ શ્લોક કહે છે.'** **'जयति समयसारः सर्वतत्त्वैकसारः'** આ સમયસાર જયવંત વર્તો કે જે સર્વ તત્ત્વોમાં એક માત્ર સારભૂત છે. શ્લોકનું આ પહેલું વચન છે. **'जयति समयसारः'** **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** તે જ આ સમયસાર નામ શુદ્ધાત્મા જયવંત વર્તે છે જયતિ એટલે એ જયવંત છે. સદાય એનો જય હો ! સદાય એનો વિજય હો ! એના પ્રત્યેક ગુણ એનો જ વિજય જોવે છે, બીજાનો વિજય જોતા નથી. રાગની હાર હો અને આત્માનો વિજય હો ! એમ કહે છે.

**'सकलविलयदूरः प्रास्तदुर्वारभारः। दुरिततरुकुठारः...'** બધે 'ર... ર'નો પ્રાસ મેળવ્યો છે. એક એક પદમાં બબ્બે જગ્યાએ (એવો પ્રાસ મેળવ્યો છે). **'शुद्धबोधावतारः सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः।।' 'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે, જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે,...' 'सकलविलयदूरः'** વિલય -- જેનો વિલય થાય છે, સમય સમયની પર્યાયનો વિલય થાય છે. એનાથી જે ઘણો દૂર છે, પર્યાયથી દૂર છે. ધ્રુવ તત્ત્વ છે ને ? એટલે એ પર્યાયથી દૂર છે. પારિણામિકભાવ, પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે. પારિણામિકભાવ નહીં પણ પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે. (બાકી) બધા એનાથી અપરમભાવ છે. એક સમયનું કેવળજ્ઞાન ઉત્પન્ન થઈને નાશ પામે એ અપરમભાવ (છે), એ પરમ પારિણામિકભાવ નહીં. પરમ એટલે પરમોત્કૃષ્ટ.

પ્રશ્ન :- દૂર છે એટલે શું ?

સમાધાન :- દૂર છે એટલે દૂર જ છે, ભાવથી તો દૂર જ છે. એક સમયનો જે વિલય થવા યોગ્ય ઉત્પન્ન થયેલો પર્યાય છે, વિલય થવા યોગ્ય (છે કેમકે) એ તો એક સમયમાં વિલય જ થવાનો છે. એટલે વિલય થવા યોગ્ય જે ઉત્પન્ન થયેલો પર્યાય છે (એનાથી દૂર છે). ક્યાં એક સમયમાં ઉત્પન્નધ્વંસીપણું અને ક્યાં ત્રિકાળ ધ્રુવપણું ! કેટલો બધો ફેર ! કેટલો ફેર કહો હવે ? એ તો લાખ યોજનનો ફેર થયો ! બહુ મોટો ફેર છે. ઊલટો-સૂલટો ફેર (છે). એક અનિત્ય તત્ત્વ છે અને એક નિત્ય તત્ત્વ છે. આટલો મોટો જબરજસ્ત ફેર છે !

એટલે કહે છે કે **'જે સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી દૂર છે'** અથવા એવા નાશ પામવા યોગ્ય ભાવોનું આલંબન લેવામાં આવે તો પોતાના આત્માથી દૂર થઈ જાય, ઊલટી દશા થઈ જાય (અર્થાત્) મિથ્યાત્વની દશા ઉત્પન્ન થઈ જાય. એક સમયની પર્યાયનું આલંબન લેતા **'પર્યાયમુઢાઃ પરસમયા'** પરસમય થઈ જાય. સીધો જૈનમતથી બહાર થઈ જાય, જૈનમતમાં ન રહે, ઠીક !

પ્રશ્ન :- અમે જૈનમાં જન્મેલા છીએ તોપણ ?

સમાધાન :- જન્મ્યા એટલે શું થઈ ગયું ? જન્મ તો શરીરનો થયો છે કે તમારા આત્માનો થયો છે ? એ કહો.

મુમુક્ષુ :- શરીરનો.

પૂજ્ય ભાઈશ્રી :- તો શરીર જૈન છે ? આ તો રાખ થવાની છે. પાંચ-પચાસ વર્ષે રાખ થાય છે, એ જૈનપણું (કે) અજૈનપણું કંઈ શરીરના પરમાણુને નથી. આત્મા તો અનાદિઅનંત છે અને ઈ તો 'જિન સોહી હૈ આત્મા, અન્ય હોઈ સો કર્મ.' આ તો કર્મ છે – નોકર્મ છે. શરીરની માટી તો નોકર્મ છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય હોઈ સો કર્મ.' બાકીનું બધું અન્ય તો કર્મમાં જાય છે. આત્મા જ જિન છે. એમ તમે જૈન છો. તમે જૈન સાચા પણ આત્માપણે તમે જૈન છો 'જિન સોહી હૈ આત્મા' આ જગતમાં કોઈ અજૈન નથી દ્રવ્યસામાન્યની દૃષ્ટિએ લ્યો, આત્મસામાન્યની દૃષ્ટિએ લ્યો તો આ જગતમાં કોઈ અજૈન નથી. જ્ઞાનીઓ કોઈને અજૈનપણે જોતા નથી એમ છે, ઠીક ! સામાન્યની દૃષ્ટિ છે ને ?

**'સર્વાત્મામાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો'** કોઈ અજૈન નથી. તમે વૈષ્ણવમાંથી આવ્યા, તમે ફલાણાં સ્વામિનારાયણમાંથી આવ્યા, તમે બૌદ્ધમાંથી આવ્યા, તમે મુસલમાનમાંથી આવ્યા. તો (કહે છે), નહીં, ઈ મુસલમાનનો આત્મા પણ જૈન છે, ઠીક ! આવી દૃષ્ટિ છે. અરે...! એકેન્દ્રિયનો આત્મા પણ જૈન છે, નિગાદનો આત્મા પણ જૈન છે. 'જિન સોહી હૈ આત્મા' ઠીક ! આવી વિશાળ જિનદૃષ્ટિ છે. જગતના સર્વ જીવોને આવરી લે છે, એમાં ક્યાંય સંકુચિતપણું નથી. બહુ વિશાળ દૃષ્ટિ છે.

માનવધર્મમાં તો માનવ પૂરતી સીમિતતા છે કે મનુષ્ય મનુષ્યને દુઃખી થાય એવું ન થાય, મનુષ્ય દુઃખી ન થાય પછી એ મનુષ્યને માછલા ખવડાવીને સુખી કરવા જાય. સરકાર માનવધર્મ પાળે તો માછલા મારીને પણ ખવડાવે. એ તો સંકુચિત ધર્મ છે. માણસ એમ કહે કે, પોતાના દેશનો ધર્મ – રાષ્ટ્રધર્મ કરતાં માનવધર્મ વિશાળ છે. અરે...! ભાઈ ! માનવધર્મ કરતા જૈનધર્મ વિશાળ છે. ખરેખર તો એમ છે. એક રાષ્ટ્રને મૂકીને જગતના – દુનિયાના બધા રાષ્ટ્રને (ભેગા કરવા જાય છે) પણ મનુષ્યોને જ તું તારા ક્ષેત્રની મર્યાદામાં લે છે. કાર્યક્ષેત્રની આ મર્યાદા સંકુચિત છે, તમામ પ્રાણીઓને – એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયના કોઈપણ જીવને મારા મન, વચન, કાયાના નિમિત્તે, પરિણામના નિમિત્તે દુઃખ

ન હો, અશાંતિ ન હો, પ્રાણઘાત ન હો, એને ક્યાંય પણ પ્રતિકૂળતા ન હો – એવી જે ભાવના હોય છે એને (તો) હજી ખરેખર પર દયાની ભાવના કહેવામાં આવે છે. સ્વદયાની ભાવના તો એનાથી ક્યાંય ઊંચી છે ! જિનાગમને વિશે એવો વ્યવહાર છે.

પ્રશ્ન :– દરેક આત્માને જૈન કહ્યો છે તે કઈ અપેક્ષાએ જિન કહે છે ?

સમાધાન :– જિનસ્વરૂપ છે માટે જૈન છે, જિન સ્વરૂપ છે. દરેક આત્મા મૂળ સ્વરૂપે સર્વ કર્મથી રહિત છે. 'જિન સોહી હૈ આત્મા, અન્ય હોય સો કર્મ' બાકી બધું કર્મમાં જાય છે – દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એનાથી રહિત મૂળ સ્વરૂપ છે. માટે બધા આત્માઓ મારા જેવા છે. ભગવાને દિવ્યધ્વનિમાં એ જાહેર કર્યું ! કે, જેવો મારો આત્મા છે એવા જ તમે બધા આત્માઓ છો. અને આ પરમાત્માની (એટલે કે) પોતે પરમાત્મા થયા છે એની કૃપાની જરૂર તમને નથી. આમ છે. તમારા આત્માની તમારા ઉપર કૃપા થાય તો તમારી દશા શુદ્ધ થાય અને એવી કૃપા કરવાનો જ જેનો સ્વભાવ છે, એવું એનું સ્વરૂપ છે – એવું તમારું સ્વરૂપ છે, બીજું તમારું સ્વરૂપ નથી. એમ જાહેર કર્યું છે.

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે, જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે, જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે, જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...' 'शुद्धबोधावतारः' 'શુદ્ધબોધનો જે અવતાર છે, જે સુખસાગરનું પૂર છે...' 'सुखजलनिधिपूरः' 'સુખસાગરનું જે પૂર છે અને જે ક્લેશોદધિનો કિનારો છે...'** ક્લેશના દરિયાનો – સંસારના દરિયાનો જે કિનારો છે એવો આ અંદરમાં સમયસાર નામ શુદ્ધ આત્મા છે તે સદાય **'જયવંત વર્તે છે.'** આવો આત્મા જાણે, ન જાણે, એની અવગણના કરે તોપણ એ જયવંત વર્તે છે. એની હાર કદી નથી. આ બધા દિવ્યધ્વનિ અનુસાર આત્માના ગાણાં ગાયા છે ! જંગલમાં રહીને મહામુનિઓએ આત્માના ગાણાં ગાયા છે.

મુમુક્ષુ :– અમારા માટે ગાયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાના માટે ગાયા છે (કે) કોઈ રીતે એને આકર્ષણ થાય. (વિશેષ લઈશું...)

## તા. ૨૨-૦૪-૧૯૮૭, વચનામૃત–૯૬, ૯૭
## પ્રવચન નં. ૭૭

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૩૩, ૯૬મો બોલ ચાલે છે. ૯૬ બોલ. **'આત્મા જ એક સાર છે, બીજું બધું નિઃસાર છે.'** એ વિષય ચાલતો હતો. ત્રણ લોકમાં સર્વ દ્રવ્યો અને સર્વ ભાવોમાં એક પોતાનું પરમ સ્વરૂપ છે એ જ સારભૂત છે અને એ જ સુખરૂપ છે. સારભૂત છે એટલે સુખરૂપ છે. એ સિવાય પોતાનું સુખ ક્યાંય નથી અથવા પોતાના સ્વરૂપને છોડીને પાંચ અજીવ દ્રવ્યો અને છઠ્ઠા બીજા જીવ. અન્ય છ દ્રવ્યો તરફ ઉપયોગ લંબાવતા, એ તરફ ઉપયોગને ફેરવતાં સુખ નથી થતું પણ દુઃખ થાય છે. જાણવું (એવો જીવનો) સ્વભાવ છે પણ પોતામાં રહીને જાણવું એવો સ્વભાવ છે. પરનું અવલંબન લેવું એ સ્વભાવ નથી એ વિભાવ છે. તેથી પોતાના આત્મા માટે એ બધા અસાર છે અથવા નિઃસાર છે. **'બીજું બધું નિઃસાર છે.'** એમાં બધું આવી ગયું. બધામાં જેટલો વિસ્તાર કરવામાં આવે – સર્વદ્રવ્યો, સર્વભાવો બધું આવી જાય છે.

**'બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર.'** મુખ્યપણે દેહ અને દેહાશ્રિત જેટલાં પદાર્થો છે, દેહ સંબંધિત જેટલાં અનુકૂળતા, પ્રતિકૂળતા આદિના પદાર્થો છે એ વિષયની જીવ ચિંતા કરે છે અને ચિંતા કરે છે તોપણ એ ચિંતાના બધા જ વિકલ્પ અકાર્યકારી છે. કોઈપણ વિકલ્પ કાર્યકારી નથી. બધી ચિંતા છોડીને અથવા તે પદાર્થો અસારભૂત છે, આત્માને સુખનું કોઈ કારણ નથી, ઊલટાનું નિમિત્ત થાય છે તો દુઃખમાં નિમિત્ત થાય છે, સુખમાં કોઈ નિમિત્ત થતા નથી.

તેથી એ સર્વની ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર, આત્માના હિતની ચિંતા કર, આત્માના સુખની ચિંતા કર કે મને કઈ રીતે મારા સ્વરૂપની પ્રાપ્તિ થાય અથવા અનુભવ થાય એ એક જ ચિંતા કરવા જેવી છે. એમાંથી આત્માનું હિત થશે, બીજી ચિંતાથી આત્માનું હિત થવાનું – સુખ થવાનું કોઈ કારણ નથી. માટે **'બધી ચિંતા છોડીને એક આત્માની જ ચિંતા કર.'**

'શ્રીમદ્જી' લખે છે કે, દેહની અનંતવાર ચિંતા કરી, અનંતગુણી ચિંતા કરી, અનંતકાળથી ચિંતા કરી તેથી અનંતગુણી આત્માની ચિંતા કર. જેટલી (દેહની ચિંતા) કરે છે એનાથી અનંતગુણી (ચિંતા કર). અથવા આ તો વ્યર્થ ચિંતા છે, એ ચિંતા બેકાર જાય છે, કોઈ કાર્યકારી થતી નથી; કેમકે વિકલ્પને આધીન કોઈ પદાર્થનું પરિણમન નથી.

એક આત્માની જ ચિંતા કર, એને જ તારા સર્વ પરિણામનું કેન્દ્રસ્થાન બનાવ અને એ સિવાય તમામ ઉદયને ગૌણ કરી નાખ. એક સાથે અભાવ થવાનો સંભવ નથી પણ એને ગૌણ કરતાં ક્રમશઃ એ વિકલ્પનો નાશ થાય છે. મોક્ષમાર્ગી જીવ (તેને) ગૌણ કરીને ક્રમે કરીને તેનો નાશ કરે છે.

**'ગમે તેમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ;...'** ગમે તેમ કરીને એટલે પૂરો પુરુષાર્થ કરીને અથવા આત્માને વળગવા માટે તું એ કાર્યની પાછળ પડી જા. જેમ કોઈ કહે છે કે, આ આની પાછળ પડી ગયા છે એટલે એની એ જ વાત કરે છે, બીજી વાત કરતા નથી, એમ ગમે તેમ કરીને એટલે પૂરેપૂરા પાછળ પડી જઈને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ. એક પોતાના શુદ્ધ ચેતના સ્વરૂપ, સ્વસ્વરૂપને વળગ, સ્વસ્વરૂપના અનુભવમાં રહે અને એના માટે પૂરો પ્રયત્ન કર.

**'ગમે તેમ કરીને...'** એટલે બધું – ગમે તે ગૌણ કરવું હોય તો ગૌણ કર, બહારના ફેરફારોમાં તને કોઈ લાભ-નુકસાન નથી. આમ તો બહારમાં લાભ અને નુકસાનની સાવધાનીને લીધે બાહ્ય પદાર્થમાં અને ઉદયમાં જીવના પરિણામ વળગેલા રહે છે તેથી આત્માને વળગી શકતા નથી. એ પરિણામ ઉદયને વળગેલા રહેતા હોવાથી આત્માને વળગી શકતા નથી.

અહીંયાં કહે છે કે, એ બધું ગૌણ કરીને આત્માને વળગ, આત્માને મુખ્ય કર **'તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.'** સંસારને મગરની ઉપમા આપી છે. મગરને મોટું જડબું હોય છે. એમાં મોટા મોટા દાંત હોય છે અને એનો પ્રકૃતિ સ્વભાવ એવો છે કે જેને પકડે એને છોડે નહીં. એનું એટલું બળ છે – શરીરબળ એટલું છે કે જો હાથીને પકડ્યો હોય તો હાથીની તાકાત નથી કે એ (પોતાને) છોડાવી શકે. નહીંતર હાથી તો બળવાન પ્રાણી છે પણ તળાવમાં, સરોવરમાં મગર હોય. હાથી, સિંહ એવા બળવાન પ્રાણીઓ પાણી પીવા જાય અને જો અંદર મગર જોઈ ગયો હોય કે આ પાણી પીવે છે અને એનું ધ્યાન નથી. જો પકડ્યો (તો) પછી એને એ છોડાવી શકતા નથી. ઘસડીને અંદર લઈ જાય. પાણીમાં તો ડૂબી જાય, મૂંઝાઈ જાય એટલે તરફડીને મરી જાય. એ રીતે મગર મોટા મોટા પ્રાણીઓનો શિકાર કરે. મનુષ્યનું તો કોઈ બુતું જ નથી. મનુષ્ય જો મગરના જડબામાં આવ્યો તો એની તો કોઈ છૂટવાની શક્તિ નથી. એમ આ સંસારના ઉદયમાન સંયોગ-વિયોગ છે એમાં જે જીવ ચિંતા કરીને ફસાયેલો છે, એની ચિંતામાં જે આ જીવ ફસાયેલો છે એ મગરના જડબા જેવી વાત છે, મગરમાં સપડાયેલી (એવી) વાત છે. મગરમચ્છના મુખમાં આવી ગયો છે.

'પદ્મપ્રભમલધારીદેવ' 'નિયમસાર'માં ભગવાનની ભક્તિ કરતા એવી વાત કરે છે કે આ સંસારને જોતા મધદરિયે મગરમચ્છના મુખમાં પડ્યા હોય એવી અમારી સ્થિતિ છે. ભગવાનની સામે જોઈને વાત કરે છે, મુક્ત પરમાત્માની સામે જોઈને વાત કરે છે કે આપની મુક્તદશા જોઈએ છીએ અને અમારી સંસારદશાને મીંઢવીએ છીએ; જંગલવાસી નિર્ગ્રંથ મુનિ છે તોપણ એવી સ્તુતિ કરે છે કે આ મધદરિયે મગરના મુખમાંથી છોડાવવા માટે આપની ભક્તિ એક જ અમને શરણભૂત છે. બીજી રીતે આમાં(થી) છૂટી શકીએ એવું લાગતું નથી, ઠીક ! આવી ભક્તિ કરી છે ! વીતરાગતા ઉપાદેય છે ને ? તો ભગવાનની વીતરાગતા જોઈને વીતરાગતાની ઉપાદેયતાની એ ભાવના કરે છે કે આ રાગરૂપી સંસારના મગરના મુખમાંથી, મગરના મુખમાં છીએ એમ નહીં મધદરિયે મગરના

મુખમાં છીએ એમ (કહ્યું છે). ક્યારેક એને બગાસું આવે ને છટકી જાય તોપણ માણસ મધદરિયે ક્યાં જાય ? ઈ તો બહુ ઝપટથી તરવાવાળું પ્રાણી છે.

પ્રશ્ન :- છૂટવું છે તો શું કરવું હવે ?

સમાધાન :- બસ ! ગમે એમ કરીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગવું. નિજ ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યપિંડ આત્મા છે. તમામ સંયોગ-વિયોગની તુચ્છતા જાણીને (તે બધાને ગૌણ કર). નહીંતર ગૌણ નહીં થાય, ગૌણ કરવા હશે તોપણ ગૌણ નહીં થાય પણ અનંતવાર એ પુદ્‌ગલો આવ્યા અને અનંતવાર એ પુદ્‌ગલો ગયા; દૂધપાક અને બાસુંદીની મીઠાઈ ખાધા પછી ઊલટી થાય (એ) Vomit કરેલું ફરીને ખાય કોઈ ? ભલે ખાધા પછી તરત ઊલટી થાય, હાથ ધોયા પછી તરત જ પાંચ મિનિટમાં ઊલટી થાય અને એ જ સ્વાદ ઊલટી કરતા ફરીને પાછો એને જીભ ઉપર આવે તો એને એમ થાય કે આ બહુ સારો સ્વાદ આવ્યો, હવે ફરીને લઈ લઉં ? (ન થાય). કેમકે એ બહાર નીકળેલું એઠું તુચ્છ ભાસે છે. એની તુચ્છતા આવે છે. એમ તમામ પરમાણુ ભોગ-ઉપભોગના જેટલા કોઈ પંચેન્દ્રિયના વિષયો છે એ અનંતવાર ભોગવાઈ ચૂક્યા હોવાને લીધે એ તુચ્છ છે.

'શ્રીમદ્‌જી'એ 'આત્મસિદ્ધિ'માં એ વાત ગાઈ છે. **'સકલ જગત છે એઠવત્ અથવા સ્વપ્ન સમાન.'** એક તો અનંતવાર ભોગવાયેલા હોવાથી એંઠ સમાન છે; બીજું જેમ સ્વપ્નામાં માત્ર કલ્પના થાય છે વાસ્તવિકતાથી સપનું ઘણું દૂર છે, એમ આત્માથી ભિન્ન રહેલાં આ પદાર્થો અત્યંત દૂર છે. એની મનોહરતાનું, મનોજ્ઞપણાનું માત્ર સ્વપ્ન છે – કલ્પના માત્ર છે, જરા પણ આત્માને એ કામમાં આવતા નથી. એ રીતે એની તુચ્છતા જાણીને ચૈતન્યસ્વરૂપ આત્માને વળગ.

આત્માની મહત્તા આણવી અને બાહ્ય પદાર્થોની તુચ્છતા જાણવી. આ અયથાર્થ ત્યાગમાં તો એની મહિમાપૂર્વક ત્યાગ કરે છે કે મેં આટલા રૂપિયાનું દાન દીધું, મેં એક લાખ રૂપિયાનું એકસાથે દાન દીધું ! એમાં તો તેં લાખ રૂપિયાની મહત્તા રાખીને દાન દીધું છે. અહીંયાં કહે છે કે તુચ્છતા જાણવી (કે) એ તુચ્છ વસ્તુ છે.

આ દીક્ષા ટાણે ફેંકે છે ને ? પૈસા ફેંકે છે પણ એ જમાનામાં શ્રીમંતો અને રાજાઓ દીક્ષા લેતા તે દી' રત્નો ઉડાડતા. એનો જે ભંડાર હોય (એ) ભલે એકવાર ખાલી થઈ જાય પણ આની કાંઈ કિંમત નથી (એમ સમજીને ઉડાડતા). એ ઉડાડવા પાછળ ભાવ એવો છે કે એ તુચ્છ પદાર્થો છે. આત્માને એની કોઈ કિંમત નથી.

**'ગમે તેમ કરીને...'** એટલે આત્માની મુખ્યતા લાવીને, પૂરેપૂરો પાછળ પડીને દિન-રાત એની ચિંતામાં રહીને **'આત્માને વળગ; તો જ તું સંસારરૂપી મગરના મુખમાંથી છૂટી શકીશ.'** સંસારરૂપી મગરમચ્છ છે. તું ઉદયભાવમાં અનાદિથી એવો પકડાયેલો છે કે, એક ક્ષણ માટે પણ એમાંથી છૂટી શકતો નથી. એક ક્ષણ માટે પણ નહીં !

આ તો પોતે પોતાને લક્ષમાં લઈને વિચાર કરે તો આ બધાં વચનો અમૃત જેવા છે. પોતાને લક્ષમાં લઈને વિચાર કરે કે આ જીવના પરિણામ ઉદયમાં કેટલા રોકાય છે ? ચોવીસ કલાકનો સાંજે મેળ મેળવે એમ મેળ મેળવે તો ખબર પડે, Balance મેળવે છે ને ? કેશ – પેટી કેશ મેળવે. ચોવીસ કલાક ઉદયમાં પરિણામ ફસાયેલા રહે છે. આત્મા – ચૈતન્યસ્વરૂપી આત્મા તો જાણે છે જ નહીં એમ એક કોર પડ્યો રહે છે. એ ૯૬ (પૂરો) થયો.

(આ બોલમાં) સ્વરૂપનો મહિમા કર્યો છે. આત્મા સારભૂત છે એમ કરીને સ્વરૂપનો મહિમા કર્યો છે અને સંસારમાંથી છૂટવા માટે આત્માને મુખ્ય કરવાનું માર્ગદર્શન આપ્યું છે. એક બોલમાં બે વાત કરી છે. ચાર લીટીમાં બે વિષય આવરી લીધા છે.

**પરપદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી. ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા–જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે. વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે છે. ૯૭.**

(બોલ) ૯૭. **'પરપદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી.'** અહીંયાં આ શું વાત કરવી છે ? કે કેટલાક જીવો વસ્તુના સ્વરૂપથી અજાણ હોવાને લીધે અથવા સ્વરૂપજ્ઞાનનો અભાવ હોવાને લીધે એને એમ થાય છે કે પરપદાર્થને હું જાણું છું તેથી મને રાગ, દ્વેષ, મોહ અને ઉપાધિ થાય છે. અહીંયાં કહે છે કે એવું વસ્તુના સ્વરૂપમાં નથી. પરપદાર્થ જ્ઞાનમાં જણાય. **'જાણતાં'**નો અર્થ એ છે. (પરપદાર્થનું) અવલંબન લેવું એ તો જ્ઞાનને અનુકૂળ નથી પણ પરપદાર્થ જ્ઞાનમાં જણાય તેથી કાંઈ જ્ઞાનમાં ઉપાધિ આવે એમ નથી.

જો પરપદાર્થ જ્ઞાનમાં જણાય અને જ્ઞાનને ઉપાધિ આવે તો બીજી લીટીમાં લીધું છે એ પ્રમાણે **'ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા – જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે.'** એને વધુમાં વધુ ઉપાધિ થાય. જો અન્ય પદાર્થને જાણવાથી ઉપાધિ થતી હોય તો કેવળી – સર્વજ્ઞને સૌથી વધારે ઉપાધિ થાય. લોકોમાં કહેવત પડી છે કે 'જાણ્યાનું ઝેર છે' એ વાત સાચી નથી. સાચી છે ? ખોટી વાત છે. જાણ્યાનું ઝેર નથી પણ મમત્વનું ઝેર છે. જો જાણ્યાનું ઝેર હોય તો આ છાપામાં મૃત્યુનોંધની કોલમ વાંચે છે, મૃત્યુનોંધની કોલમ આવે છે ને ? ઘાંચી મરણ, મેમણ મરણ (વાંચે) તો કાંઈ એમાં જોવે છે ? સામું પણ ન જોવે, મથાળું જોઈને છોડી દે. કોણ, કોની વિગત લખી છે એ ન વાંચે. જાણ્યાનું ઝેર નથી, જાણવાથી ઉપાધિ નથી પણ એમાં ક્યાંક પોતાના સંબંધવાળું હોય, પોતાને સંબંધ હોય એટલે જ્યાં પોતાપણું થતું હોય તો એનું ઝેર એટલે એનું દુઃખ થાય છે. ખરેખર જાણ્યાંનું ઝેર નથી.

પ્રશ્ન :– જાણવું બે પ્રકારે થયું ને ?

સમાધાન :– જાણવું બે પ્રકારે (થાય છે). એક તો પરપદાર્થને રાગ-દ્વેષ-મોહ ભાવે જાણે છે એટલે એવા ભાવ સહિત જાણે છે (અર્થાત્) રાગ સહિત, મોહ સહિત, દ્વેષ સહિત (જાણે છે) તો એને જરૂર ઉપાધિ આવે છે. પણ એક પોતાને જાણતાં અન્ય પદાર્થનું જ્ઞાનમાં પ્રતિબિંબ થઈ જાય તો એથી કાંઈ જ્ઞાનને ઉપાધિ આવતી નથી. એથી જ્ઞાનને ઉપાધિ નથી આવતી. પણ પોતે આકર્ષિત થઈને પરપદાર્થનું અવલંબન લઈને ઉપયોગ મૂકે તો આકર્ષણને લઈને એને ઇષ્ટ-

અનિષ્ટપણું થાય છે કે આ ઠીક છે, આ ઠીક નથી. (આમ થતાં) એને રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે. એટલે જાણવું એક વાત છે અને રાગ-દ્વેષ સહિત જાણવું તે બીજી વાત છે. જાણવું એક વાત છે અને સારું-નરસું જાણવું બીજી વાત છે. જો પદાર્થ – સામો પદાર્થ સારો-નરસો હોય તો દરેકને સારો-નરસો લાગવો જોઈએ. પણ એક જ પદાર્થ એકને સારો લાગે અને બીજાને સારો નહીં લાગે.

તમે એમ કહો કે મને ચૂરમું ભાવે છે, પેલો કહે કે મને ચૂરમું નજરે જોવું ગમતું નથી. કેમ ? મને અબખે પડી ગયું છે એમ કહે. શું કહે ? અબખે પડી ગયું, મને તો ઊલટી થાય. ચૂરમું (તો) ચૂરમું છે. તો એક જ ચીજ એકને રાગનું કારણ છે, એકને દ્વેષનું કારણ છે, જો ચીજ રાગ-દ્વેષ કરાવતી હોય તો આવું ન બને. પ્રત્યક્ષપણે એમ જોવામાં આવે છે કે એ રાગથી અથવા દ્વેષથી એને જોવામાં આવે છે, એવી કલ્પના કરવામાં આવે છે. અહીંયાં તો કહે છે કે જાણવું એ રાગનું કારણ નથી, ઉપાધિનું કારણ નથી, દ્વેષનું કારણ નથી, મોહનું કારણ નથી.

પ્રશ્ન :– અવલંબન લેવું એ જ દોષ છે ?

સમાધાન :– પોતાનું અવલંબન છોડીને પરનું અવલંબન જીવ ક્યારે લે ? કે, પરનું આકર્ષણ હોય ત્યારે. ઘરના છોકરાં ભૂખે મરતા હોય અને પાડોશીને ક્યારે ખવડાવે ? ખવડાવે કોઈ ? મૂર્ખાઈ થઈ ગઈ હોય ત્યારે, ગાંડપણ થઈ ગયું હોય ત્યારે (ખવડાવે). કે બીજું કાંઈ થાય ? એમ પોતે દુઃખી થાય. સુખ માટે પોતાનું અવલંબન લે નહીં અને પાગલપનથી સુખ માટે પરનું અવલંબન લે. એમ છે. એટલે એ કરવા યોગ્ય નથી.

અહીંયાં તો મુદ્દો જરા સૂક્ષ્મ છે કે, જ્ઞાનમાં પરપદાર્થ જણાય તેથી જ્ઞાનને ઉપાધિ થાય કે તેથી આત્માને દોષ થાય એમ ખરેખર નથી. જાણ્યાંનું ઝેર નથી. અવલંબન લે એટલો દોષ છે પણ જાણવું તે દોષ નથી. જાણવું એક વાત, અવલંબન લેવું બીજી વાત (છે). એમ એક જ પરિણામમાં બે વાત જુદી પાડવી જોઈએ.

જાણવું સ્વભાવ છે. જ્ઞેયોનું જણાવું તે સ્વભાવ છે અને જ્ઞાનનું જાણવું તે સ્વભાવ છે. જો જાણવું તે સ્વભાવ છે એને દોષરૂપ સ્વીકારવામાં આવે, એને

જ દોષ સ્વીકારવામાં આવે તો ગુણને દોષ માનવા જેવું થશે, સ્વભાવને દોષ માનવા જેવું થશે. (જો એમ થાય) તો આત્મામાંથી જ્ઞાનનો નાશ કરવાનો પ્રયત્ન કરવો પડશે. ધર્મના ક્ષેત્રમાં જીવો એવી ભૂલ કરે છે. આ 'સુરદાસ'નું આવે છે ને ? કે આંખથી રૂપ દેખાતું હતું અને રૂપ દેખાવાથી રાગ થતો હતો તો આંખને ફોડી નાખીએ તો આ એક રાગ થવાનું મટે. એણે આંખ ફોડી નાખી, આંખમાં સૂયા મારી દીધા. હવે દેખાશે તો શું કરશે ? હવે કલ્પના થશે તો (શું કરશે) ? જે રંગ ઉપર – જે વર્ણ ઉપર એને રાગ થતો હતો એ વર્ણ પછી દેખાશે પછી શું થશે ? એ બધા દૃષ્ટાંતો છે પણ ઇ તો ઇતિહાસમાં તો ગમે તે હોય. કહેવાનો મતલબ એટલો છે કે જો જાણવાથી દોષ થતો હોય તો જીવ જ્ઞાનનો નાશ કરવાનો પ્રયત્ન કરે છે.

એવી જ રીતે આ વિકલ્પનું છે. વિકલ્પ છે એ જ્ઞાનમાં જણાય છે તો કહે, વિકલ્પનો નાશ કરો, વિકલ્પને જાણે એવા જ્ઞાનનો નાશ કરો, જ્ઞેયાકાર જ્ઞાનનો નાશ કરો. એ રીતે જ્ઞાનનો નાશ કરવાથી તો આત્માનો નાશ કરવાનો પ્રસંગ આવશે.

'સમયસાર'ના પરિશિષ્ટમાં અનેકાંતના ચૌદ બોલ છે એમાં આચાર્યભગવાને આ વિષય મુખ્યપણે લીધો છે. 'ગુરુદેવે' પ્રવચનોમાં બહુ સરસ સ્પષ્ટીકરણ કર્યું છે અને ત્યાં આચાર્ય ભગવાને તો આવી રીતે વસ્તુના સ્વરૂપને નહીં સમજનારને પશુ કહ્યો છે. પશુ એટલે પશુગતિમાં જવા માટે જે સ્વરૂપજ્ઞાનને વિશે મૂઢ છે અને જેને લઈને પશુગતિ થાય છે એટલે એને અત્યારથી ભાવિનૈગમનયથી પશુ કહેવામાં આવે છે.

**'પરપદાર્થને જાણતાં જ્ઞાનમાં ઉપાધિ નથી આવી જતી.'** પરપદાર્થને જાણવું એ તો વસ્તુનું સ્વરૂપ છે. સ્વપદાર્થનું જાણવું, પરપદાર્થનું જાણવું, સ્વ-પરપદાર્થનું એકસાથે જાણવું એ તો જ્ઞાન–આત્માનું – વસ્તુનું સ્વરૂપ છે, એ કાંઈ ઉપાધિનું કારણ નથી. જાણતાં ઉપાધિ કરે તો ઉપાધિ થાય છે, જાણતાં ઉપાધિ ન કરે તો થતી નથી. આ સીધી વાત છે.

એ તો સામાન્ય દૃષ્ટાંતથી સમજાય છે કે અનેક જ્ઞેયો જ્ઞાનમાં જણાવા છતાં

જેને પોતાના ઉદય સાથે સંબંધ છે એવા પદાર્થો સાથે જ જીવ રાગ-દ્વેષ કરે છે. બીજા પદાર્થો જાણીને ઉપેક્ષા કરી લે છે કે નથી કરતો ? કે, ભાઈ ! આપણે કાંઈ સંબંધ નથી. આપણે કાંઈ લેવાદેવા નથી. જણાય તો એની ઉપેક્ષા કરી જાય છે. આ તો એક સામાન્ય વ્યવહારની અંદર પણ સમજાય એવી વાત છે, એનો અર્થ શું ? કે જેને ઉદયમાનરૂપે, પરિણામરૂપે સંબંધ નથી એની સાથે એને રાગ-દ્વેષનું કારણ બનતું નથી. આ તો સીધેસીધી વાત છે. એટલું જ એને જાણવું રહ્યું કે મારે જો કોઈ પરપદાર્થ સાથે સંબંધ નથી એવો હું ભિન્ન પદાર્થ છું એમ જો પોતાની ભિન્નતા સમજવામાં આવે તો એને અન્ય પદાર્થો જાણીને એનાથી ભેદવિજ્ઞાન થાય છે. અન્ય પદાર્થને જાણતાં એનાથી જુદાંપણાનું જ્ઞાન થાય છે. એના ફળસ્વરૂપે વીતરાગતા – શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય છે, રાગ-દ્વેષ થતા નથી.

જીવ ભેદજ્ઞાનની પ્રક્રિયામાં શું કરે છે ? કે, અન્ય પદાર્થને – અન્ય દ્રવ્ય, ભાવને જાણતાં એનાથી જુદાંપણું અનુભવવાનો પ્રયત્ન કરે છે, તો અન્ય પદાર્થોને જાણીને જુદો જાણે છે કે નહીં જાણતા જુદો જાણે છે ? કે જાણતાં 'એ જુદો છે' એમ જાણે છે. તો જાણતાં 'જુદો છે' એમ જાણવું એ વીતરાગતાનું કારણ છે. એમાં જાણવું એ દોષનું કારણ થયું કે વીતરાગતાનું કારણ થયું ? વીતરાગતાનું કારણ છે. માટે જાણવું એ દોષનું – ઉપાધિનું કારણ નથી.

પ્રશ્ન :– જ્ઞાની પરજ્ઞેયનું અવલંબન લઈને જાણે છે તો...?

સમાધાન :– ચારિત્રમોહના દોષથી અવલંબન આવે છે એટલો દોષ છે. દર્શનમોહથી – એકત્વબુદ્ધિએ નહીં, તન્મયપણે નહીં. જ્ઞાની પરપદાર્થને તન્મયભાવે અવલંબતા નથી. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ પરપદાર્થને તન્મયભાવે અવલંબીને જાણે છે, આમ છે. (જ્ઞાની) તન્મય થતા નથી, એનું જ્ઞાન છૂટું રહે છે, જ્ઞાન જુદું રહે છે. ઉપયોગ પરપદાર્થ ઉપર જાય છે પણ એ જ્ઞાનમાં બરાબર જાણવું (થાય) છે કે, ઉપયોગ જુદો – જાણનાર જુદો (અને જણાય તે) પદાર્થ જુદો. જાણનાર ઉપયોગ પદાર્થને સ્પર્શતો નથી, પ્રવેશતો નથી, કોઈ પરપદાર્થ જ્ઞાનમાં આવતો નથી. એવું ભિન્નપણું બરાબર અનુભવમાં રહે છે.

મુમુક્ષુ :– પોતાના અસ્તિત્વના સ્વીકાર સહિત રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર ભિન્ન અસ્તિત્વને રાખીને એ જાણે છે તેથી એને ત્યાં એના જુદાંપણાનું જ્ઞાન થાય છે અને જુદાંપણાનું જ્ઞાન તે ભેદજ્ઞાન છે અને એનાથી વીતરાગતાની ઉત્પત્તિ થાય. એમ સર્વ પદાર્થને જાણતાં એની ભેદજ્ઞાનની પ્રક્રિયા ચાલું છે.

મુમુક્ષુ :- ચારિત્રનો દોષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અલ્પ ચારિત્રનો દોષ છે પણ ભેદજ્ઞાનનું મુખ્ય પ્રવર્તન છે તેથી એ સમયે સમયે ભિન્ન પડતા પડતા મુક્ત થઈ જાય છે. મુક્ત થવાનો પ્રયત્ન અને પ્રક્રિયા પ્રતિસમય ચાલુ જ છે એમ કહેવું છે.

પ્રશ્ન :- ભેદજ્ઞાનની શરૂઆત કરવા માટે પર્યાયાર્થિકનયનો ચક્ષુ સર્વથા બંધ કરી દેવો પડે ?

સમાધાન :- ભેદજ્ઞાનમાં પર્યાયાર્થિકનય અને દ્રવ્યાર્થિકનય બન્નેની પ્રવૃત્તિ હોય છે ખરી.

પ્રશ્ન :- ચક્ષુ બંધ કરે તો શરૂ થાય ?

સમાધાન :- ત્યાં ('પ્રવચનસાર'માં) ચક્ષુ બંધ કરવાની (વાત છે એમાં) શું વાત છે કે વસ્તુના સ્વરૂપને ભિન્ન ભિન્ન અપેક્ષાએ જાણવા માટે જ્યારે એક અપેક્ષાથી જાણવી છે ત્યારે બીજી અપેક્ષાને વચમાં લાવવી જોઈએ નહીં એનું નામ ચક્ષુ બંધ કરવાની વાત છે. જ્યારે દ્રવ્યાર્થિકનયથી વસ્તુના દ્રવ્યસ્વરૂપને જાણવું છે ત્યારે પર્યાયાર્થિકનયનો ચક્ષુ બંધ કરીને જાણે તો એ સારી રીતે જણાય છે. એ જ રીતે જ્યારે વસ્તુનું ભેદસ્વરૂપ પર્યાયાર્થિકનયથી જાણવું હોય, ગુણ-પર્યાયના ભેદો (જાણવા હોય) ત્યારે એણે દ્રવ્યાર્થિકનયનો ચક્ષુ બંધ કરીને પર્યાયાર્થિકનયથી બરાબર વસ્તુનું સ્વરૂપ સમજી લેવું જોઈએ. એટલે ત્યાં તો એમ કહેવાની વાત છે કે એક અપેક્ષા – જાણવાના એક દ્રષ્ટિકોણમાં બીજા દ્રષ્ટિકોણને ભેળવતા ખીચડો થાય છે. એવી રીતે કદી નયજ્ઞાનની પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. એમ ત્યાં કહેવું છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું ને કે, એક વાત ચાલતી હોય એમાં બીજી ટાંગ ડાલવી નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- હા. જે અપેક્ષાએ, જે નયથી વસ્તુનું સ્વરૂપ કહેવામાં આવે છે તે અપેક્ષાએ, તે નયથી વસ્તુનું સ્વરૂપ સોએ સો ટકા તેવું છે. એમ લેતા હતાં. એ સોએ સો ટકાનો અર્થ શું ? કે બીજો ચક્ષુ બંધ કરી દીધો છે. એવી વાત છે. એમાંથી કોઈ ઊંધું પકડે તો એવું પકડે કે તો પછી જે 'સાપેક્ષા નયાઃ' (આવે છે) એ વાત ન રહી. તમે નિરપેક્ષ નયની વાત કરો છો. 'તત્વાર્થસૂત્ર'માં તો 'સાપેક્ષા નયાઃ' એમ કહ્યું છે, એવું સૂત્ર છે. પછી કહે છે કે, (એ) પ્રમાણજ્ઞાન રાખીને વાત છે, જ્યાં સાપેક્ષનય છે ત્યાં પ્રમાણની અપેક્ષા છે, પ્રમાણમાં બીજો નય આવી જાય છે પણ (તે વખતે) પ્રવૃત્તિ નથી. ઉપયોગમાં નયજ્ઞાનમાં એની પ્રવૃત્તિ નથી.

(જે સર્વથા એકાંત ગ્રહણ કરે છે તેને તો) હાથીનું પૂંછડું હાથમાં આવે તો હાથી દોરડા જેવો છે અને હાથીનો કાન હાથમાં આવ્યો તો હાથી સૂપડાં જેવો છે. એમ થઈ જશે. આખેઆખો હાથી એમ જ માનશે. બીજો નય જો સર્વથા બંધ કરવામાં આવે તો (આ દોષ આવે). 'સર્વથા' શબ્દમાં પણ અપેક્ષા છે.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થયો કે અનેકાંતના જ્ઞાન સહિત એકાંતની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને ! એમ જ હોય. અનેકાંત સહિત જ એકાંત હોય, તો જ એકાંત સમ્યક્ હોય નહીંતર તો એકાંત મિથ્યા થાય. અને એવી જ રીતે મિથ્યા અનેકાંત પણ ઘણા કરે છે કે આ આત્મા આત્માનું પણ કરે (અને) આત્મા પર દ્રવ્યનું પણ કરે અથવા અંતર ત્રિકાળીના અવલંબને પણ ધર્મ થાય, દ્રવ્યાર્થિક નિશ્ચયનયના અવલંબને પણ ધર્મ થાય અને પર્યાયાર્થિક વ્યવહારનયના અવલંબને પણ ધર્મ થાય. એ પાછો મિથ્યા અનેકાંત છે. મિથ્યા એકાંત અને મિથ્યા અનેકાંતનું સ્વરૂપ સમજવું જોઈએ, સમ્યક્ અનેકાંત અને સમ્યક્ એકાંતનું સ્વરૂપ બરાબર સમજવું જોઈએ. એમ ને એમ એકાંત અને અનેકાંતના નામે ગપ્પા મારે એવું આમાં ચાલે એવું નથી.

(અહીંયાં) શું કહે છે કે, **'ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા – જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે.'** મિથ્યાદૃષ્ટિ (કે) જેને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન નથી એ એમ સ્થાપે છે કે પરપદાર્થને જાણતાં જ્ઞાનને ઉપાધિ આવે છે. ત્યારે જ્ઞાની એમ

કહે છે કે ત્રણ કાળ અને ત્રણ લોકને જાણતાં જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે, સર્વજ્ઞતા સિદ્ધ થાય છે. અને સર્વજ્ઞતા ત્યાં જ હોય કે જ્યાં સંપૂર્ણ વીતરાગતા હોય ત્યાં જ. જે સંપૂર્ણ વીતરાગ હોય તે જ સર્વનો જ્ઞાતા હોય, તેને જ સર્વનું જ્ઞાન હોય કે જે સંપૂર્ણ વીતરાગ હોય. રાગી હોય અને એ સર્વજ્ઞ હોય એમ કદી બને નહીં.

અન્યમતમાં આ તકલીફ છે. એ તો શ્વેતાંબરમાં પણ એ ગડબડ કરી છે કે ભગવાનને રાગ ઠરાવે અને સર્વજ્ઞપણું પણ ઠરાવે. ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા કહે અને એની રાગરૂપ પ્રવૃત્તિ પણ બતાવે. એવું કદી બની શકે નહીં.

મુમુક્ષુ :– બારમું ગુણસ્થાન પૂરું થાય પછી તેરમું આવે.

પૂજ્ય ભાઈશ્રી :– પછી તેરમું ગુણસ્થાન આવે. વીતરાગતા તો બારમાં ગુણસ્થાને પૂરી થાય છે. એને રાગ કેમ થાય કે આમ કરો ને તેમ કરો. ન આહારનો રાગ થાય, ન ભિક્ષાનો થાય, ન દેહનો થાય, કોઈનો ન થાય, સમવસરણનો પણ ન થાય. પોતાની પર્યાયનો પણ ન થાય. અનંતમાં ભાગે પણ રાગ ઉત્પન્ન થાય નહીં. બુદ્ધિપૂર્વકનો તો પ્રશ્ન જ નથી, અબુદ્ધિપૂર્વકનો ન હોય. આ લોકો બુદ્ધિપૂર્વકનો (રાગ) સ્થાપે છે. ભગવાન ભક્તોના કાર્યો કરે એવો રાગ ભગવાનને હોય અને એ ભગવાન ત્રણ લોકના જ્ઞાતા-દૃષ્ટા – જાણનાર ત્રિકાળ રહેતા હોય એ વાત બની શકે એવું નથી.

**'ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં સર્વજ્ઞતા – જ્ઞાનની પરિપૂર્ણતા સિદ્ધ થાય છે.'** એમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનારને ત્રણેય કાળના પદાર્થોની ઉપાધિ સિદ્ધ થતી નથી પણ જ્ઞાનની પૂર્ણતા સિદ્ધ થાય છે. ગુણ પૂરેપૂરો શુદ્ધ થઈ ગયો છે અને ગુણની શક્તિ વિકાસ પામી ગઈ છે, જ્ઞાનગુણ પરિપૂર્ણ શુદ્ધ થયો છે એમ ત્યાં તો લેવું છે. એ રીતે સિદ્ધ થાય છે.

**'વીતરાગ થાય તેને...'** જુઓ ! એ વાત લીધી છે. **'વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા...'** થાય. વીતરાગ થાય તો પૂર્ણ વીતરાગ થાય. જ્યારે આત્મા પૂર્ણ વીતરાગ થાય ત્યારપછી એને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે. બારમાં ગુણસ્થાનને પૂર્ણ વીતરાગદશા થયા પછી અનંતર સમયે તેરમાં ગુણસ્થાને

કેવળજ્ઞાન પ્રગટે છે.

કોઈ કેવળજ્ઞાનીને બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વકનો અંશમાત્ર રાગ હોય, એક અણુ – કણમાત્ર રાગનો સદ્ભાવ હોય એવું બની શકે નહીં. ત્રણકાળ, ત્રણલોકને જાણતાં જગતમાં તો કેટલાય અનિષ્ટ પ્રસંગો બનતા હોય છે, કેટલાય ઇષ્ટ પ્રસંગો બનતા હોય છે. સિદ્ધ ભગવાનને સિદ્ધાલયમાં બીજા તીર્થંકરો અને બીજા કેવળીઓના નિર્વાણનું પણ જ્ઞાન થાય છે (કે) 'જો આ મુક્ત થયા, બીજા આત્માઓ પણ મુક્ત થયા.' બહુ સારું થયું (એવું) ત્યાં નથી ઠીક ! સારું થયું કે તે મુક્ત થયા (એવું ત્યાં થતું નથી). કોઈ નિગોદમાં જાય છે, કોઈ મોક્ષમાં જાય છે. એવું અનંતુ એકસાથે જણાય છે. એવા અનંતા પર્યાયો એકસાથે જણાય છે (છતાં) કિંચિત્માત્ર ઉપાધિ થતી નથી, કોઈ ઉપાધિ ન થાય.

મુમુક્ષુ :– આ અનંતર સમયમાં થાય છે એમ કહ્યું એમાં પર્યાય તો બદલાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એકનો વ્યય અને બીજીનો ઉત્પાદ.

પ્રશ્ન :– તો અનંતર સમય કેમ કીધો ?

સમાધાન :– વચમાં આંતરો નથી પડતો. વચમાં એક સમયનો આંતરો નથી. જે સમયે બારમા ગુણસ્થાનનો વ્યય તે જ સમયે તેરમા ગુણસ્થાનનો ઉત્પાદ (છે).

પ્રશ્ન :– પણ અનંતર સમય કેમ કીધો ?

સમાધાન :– અનંતર એટલે વચ્ચે પછી ક્યાંય આંતરો ન પડે એનું નામ અનંતર સમય છે. બાર અને તેર ગુણસ્થાન વચ્ચે કોઈ સમયનો આંતરો ન પડે.

પ્રશ્ન :– પર્યાય બદલાય છે ?

સમાધાન :– પર્યાય બદલાય પણ ઈ આગળની પર્યાય બદલાય છે પણ એક સમયમાં બદલાય છે. પહેલાં ઉત્પન્ન થઈ હતી એ વ્યય થાય છે, એ જ સમયે બીજી ઉત્પન્ન થાય છે. એમ એવી રીતે છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવનું સ્વરૂપ – વસ્તુનું બંધારણ કેવી રીતે છે એ બરાબર સમજાવું જોઈએ નહીંતર ગોટાળો થાય.

જેમકે એક કાટ લાગેલી છરી છે એનો કાટ જાય અને નીચેથી ચળકાટ આવે ઈ એક જ સમય છે, બીજો સમય નથી.

મુમુક્ષુ :- બીજા ગુણસ્થાનમાં આ શબ્દ પ્રયોગ નથી એક આ બારમામાંથી તેરમામાં જાય છે ત્યાં જ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- (આવે) છે. બીજે ક્યાં આવે છે ? કે, કરણલબ્ધિના પરિણામ (થયા) પછી અનંતર સમયે સમ્યક્દર્શનની ઉત્પત્તિ છે. એટલે કરણલબ્ધિમાં આવેલાને જિન કહેવામાં આવે છે. અનંતર સમયે સમ્યક્દર્શનની ઉત્પત્તિ છે. પછી ઉધાર નથી કે કરણલબ્ધિમાં જીવ આવી ગયો પછી સમય જશે, એક સમય પણ જશે અને પછી સમ્યક્દર્શન થશે એમ નથી. જ્યાં જ્યાં એનું અનુસંધાન છે ત્યાં એ વાત આવે છે.

પ્રશ્ન :- 'રાજમલજી'એ પહેલાં કળશમાં કહ્યું છે અને અહીંયાં કહ્યું છે એમાં શું ફેર છે ? અજ્ઞાનીને પરપદાર્થને જાણતા જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી.

સમાધાન :- જ્ઞાન પણ નથી, તો એમ કહે છે કે તું તારા આત્માને છોડીને અન્ય પદાર્થને જાણવા માટે જે તારા ઉપયોગને એ બાજુ લંબાવે છો અને આલંબન લે છો એમાં તારું એ જ્ઞાન પણ સાચું નહીં, એને અમે આત્માનું જ્ઞાન કહેતા નથી, એને શુદ્ધ જ્ઞાન કહેતા નથી. કારણ કે એ જ્ઞાનનો વિભાવ છે અને એમાં દુઃખની ઉત્પત્તિ થાય છે, સુખની ઉત્પત્તિ થતી નથી. અહીંયાં તો વીતરાગભાવે જણાય છે એમ કહે છે.

મુમુક્ષુ :- પરપદાર્થને જાણતાં ઉપાધિ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાણતાં એટલે પરપદાર્થ જ્ઞાનમાં જાણાતા જ્ઞાનને ઉપાધિ નથી એમ લેવું. જાણતાંનો અર્થ જણાતાં તે જ્ઞાનની ઉપાધિ નથી એમ.

પ્રશ્ન :- 'રાજમલજી'ની વાત અને આ વાત તો એક જ આવી ને ?

સમાધાન :- ના, એમાં શું છે કે એ તો એમ કહે છે કે, (તને) પરપદાર્થને જાણતાં જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી એમ કહે છે.

મુમુક્ષુ :- અહીંયાં જે વાત કહે છે તે દોષની વાત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. જાણવા જાય છે તો એ તારું જ્ઞાન પણ નથી અને

એમાં તને સુખ પણ નહીં થાય. ત્યાં દોષની વાત લેવી છે અહીંયાં ગુણની વાત લેવી છે. ઊલટી-સૂલટી વાત છે એક વાત નથી. ઊલટી-સૂલટી વાત છે. કેમકે જાણવા જાણવામાં ફેર છે. 'રાજમલજી' જ્યાં વાત લે છે ત્યાં તો કહે છે કે 'નમઃ સમયસારાય'. તું આત્મામાં લીન થા. તારા ઉપયોગને આત્મામાં રાખ. ઉપયોગ તારો બહાર જાય છે, પરપદાર્થનું અવલંબન લે છે એને જાણતાં જ્ઞાન પણ નથી, એને જાણતાં સુખ પણ નથી, એમ. એ તો પોતે જાણવા જાય છે એવા અવલંબનની વાત છે.

જે જ્ઞાનમાં પરપદાર્થ જણાય છે, જાણવા જાતો નથી છતાં જણાય છે તો એ કાંઈ જ્ઞાનનો દોષ નથી એમ કહેવું છે. જાણવા ન જાય છતાં જ્ઞાનમાં જણાય જાય તો એ કાંઈ જ્ઞાનનો દોષ નથી. એને જાણવું નથી છતાં જણાય તો એનાથી ભિન્નતા કરે કે આ તો ભિન્ન છે, આ તો ભિન્ન છે, નિષેધ કરે છે તો એને એ જાણવાનો દોષ નથી. ઈ તો એનાથી છૂટો થતો જાય છે, મુક્ત થતો જાય છે ખરેખર તો એમ વાત છે.

મુમુક્ષુ :– આમા બન્નેના મુખ્યગૌણ જુદાં જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊલટી-સૂલટી પ્રવૃત્તિ છે. એક – જ્ઞાનની પરના અવલંબનવાળી પ્રવૃત્તિ છે એ જ્ઞાનની અનુચિત પ્રવૃત્તિ છે. એક જ્ઞાન સ્વાલંબનમાં રહેવા માટે પ્રવર્તમાન છે, પુરુષાર્થવાન છે અને એ પ્રવૃત્તિ કરતા અન્ય જ્ઞેય જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ જાય છે તો એનો જ્ઞાનને દોષ નથી. કેમકે એ તો જ્ઞાનની શુદ્ધતા અને નિર્મળતા છે. અથવા ભેદજ્ઞાનમાં ઉતારવું હોય, પોતા ઉપર ઉતારવું હોય, પ્રયોગમાં ઉતારવું હોય તો એમ ઉતારી શકાય કે અન્ય પદાર્થ સાથે મારે કાંઈ પણ સબંધ નથી એવો નિશ્ચય કર્યા છતાં અન્ય પદાર્થ જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય અને મારે ન જોડાવું હોય તો શું કરવું ? કે એ તો મારી શુદ્ધતાને લઈને એનું પ્રતિબિંબ પડે છે. એમાં હું અન્ય પદાર્થને જોતો નથી મારી શુદ્ધતાને જોઉં છું. એમ જુદો પડી જાય તો એને અન્ય પદાર્થનું જે જાણવું થઈ ગયું એનો દોષ નથી. ખરેખર તો ત્યાં એણે અન્ય પદાર્થને નહીં જાણતાં પોતાની શુદ્ધતાને જાણી છે. પોતાને જાણ્યો છે તો એમાં દોષ નથી.

અહીંયાં તો શું છે એવો એક મતાંતર ચાલે છે, અન્ય મતમાં વેદાંતની અંદર એવો એક મતાંતર ચાલે છે કે જ્ઞાનમાં અન્ય પદાર્થ જણાય એ જ જ્ઞાનનો દોષ છે. માટે જ્ઞાનમાંથી જ્ઞેયોને ભૂંસાડી નાખવા જોઈએ અને કાઢી નાખવા જોઈએ. કહે છે કે તું જ્ઞાનની શુદ્ધતાને અને જ્ઞાનના સ્વભાવને મટાડવા ઊભો થયો એમાં તો તું તારા સ્વરૂપનો નાશ કરવાની (વાત કરે છે) – અભિપ્રાયમાં નાશ કરવાની વાત કરે છો. અભિપ્રાયમાં નાશ થાય છે, વસ્તુના સ્વરૂપનો તો નાશ થતો નથી પણ મિથ્યા અભિપ્રાયથી નાશને કલ્પે છો.

મુમુક્ષુ :– પરને દંડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ખરેખર ભૂલ કરે પોતે અને દંડ આપે બીજાને. અસરળતામાં એમ જ કરે છે ને ? અસરળતામાં શું કરે છે ? કે બીજાના દોષને જ પકડે. પોતાનો દોષ થાય તો કહે પણ ઈ તમે આમ કર્યું માટે આમ થયું, અમે એમ કર્યું એમ નથી, તમે આમ કર્યું માટે અમે આમ કર્યું એમાં મૂળ વાંક તમારો છે એમ કહે. ખોટી વાત છે. તારો દોષ તારે લઈને છે. તારો દોષ કોઈ બીજાને લઈને છે એ વાત તદ્દન જૂઠ્ઠી છે, સોએ સો ટકા જૂઠ્ઠી છે.

શું કહે છે ? કે **'વીતરાગ થાય તેને જ્ઞાનસ્વભાવની પરિપૂર્ણતા પ્રગટે છે.'** વીતરાગ થાય એટલે જે સંપૂર્ણ નિર્દોષ થાય, સર્વ દોષ રહિત થાય તેને જ્ઞાન પૂરેપૂરું પ્રગટ થાય છે, કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અઢાર દોષ રહિત અરિહંત ભગવાનનું સ્વરૂપ કહ્યું છે. દોષ સહિત અરિહંત ભગવાનનું સ્વરૂપ સ્થાપી શકાય નહીં. અઢાર દોષ રહિત છે.

જૈનના નામે આમાં – શ્વેતાંબરમાં ઘણી ગડબડ થઈ છે. મુનિરાજ છે એ ત્યાગી છે. શ્રાવક છે એ દેશત્યાગી છે અને મુનિરાજ છે એ સર્વસંગ (પરિ)ત્યાગી છે અને સર્વજ્ઞ છે એ તો મુનિઓના ઇન્દ્ર છે, મુનિન્દ્ર છે. સર્વજ્ઞને – કેવળીને શું કહેવાય છે ? મુનિન્દ્ર કહેવાય છે. તો મુનિરાજ હોય એ ત્યાગી અને વૈરાગી હોય અને મુનિન્દ્ર હોય એ પાછા આભૂષણ ગ્રહણ કરે ? એણે આભૂષણ ગ્રહણ કરેલા હોય એ વાત કેવી રીતે બને ? જે ઓછા ગુણવાન હોય, અપૂર્ણ ગુણવાન હોય એને તો બહારમાં એકદમ ત્યાગ અને વૈરાગ્ય દેખાય, પૂરેપૂરા ગુણ પ્રગટે

એને વૈરાગ્ય પણ ન દેખાય એવું તો કદી બને નહીં. એ દોષિત કલ્પના થઈ છે. વીતરાગ હોય એને એમ બની શકે નહીં. જે સંપૂર્ણ નિર્દોષ થાય તેને જ કેવળજ્ઞાન આદિ સ્વભાવની પૂર્ણતા પ્રગટે અને એમાં ત્રણકાળ ત્રણલોક જણાય તો (એ) એનો ગુણ પ્રગટ થયો છે, એમાં કોઈ ઉપાધિ ને દોષ આવતો નથી.

પ્રશ્ન :- શરૂમાં ફેર પડ્યો હશે ત્યારે તો થોડોક જ ફેર હશે ને ?

સમાધાન :- હા, ત્યારે તો એકાદો કંદોરો કે એવું કાંઈક (કર્યું હશે). ઈ પણ આ મૂર્તિમાં ઘડાયમાં એવું કરે. આમાં પણ – મુનિદશામાં પણ થોડી લંગોટી પહેરી હોય કે ખાલી એવી રીતે એકાદું વસ્ત્ર વીંટાળ્યું હોય પછી વધતું જાય. દિવસે દિવસે જેમ શિથિલાચાર વધતો જાય તેમ તેમ પરિગ્રહબુદ્ધિ પણ વધતી જાય.

પ્રશ્ન :- તો આ માર્ગમાં ફેરફાર સહેજ પણ કરીએ તો ?

સમાધાન :- ચાલે નહીં. વીતરાગની આજ્ઞા ઉપર પગ મૂકવા જેવું થાય. કોઈ ફેરફાર કરવાનો કોઈને અધિકાર નથી, Licence નથી, પરવાનો નથી. ભગવાન કરતા તું કાંઈ વધારે ડાહ્યો ? એમ છે ? ભગવાને જે વ્યવહાર-નિશ્ચયયુક્ત માર્ગ પ્રસિદ્ધ કર્યો એ માર્ગે ચાલીને – અનુભવીને અનુભવસિદ્ધ માર્ગને પ્રસિદ્ધ કર્યો. હવે જે અનુભવથી સિદ્ધ થયેલી ચીજ છે એમાં છદ્મસ્થ અલ્પજ્ઞાની અને રાગી-દ્વેષી જીવો ફેરફાર કરે એ વાત કેટલી વ્યાજબી છે ? કેટલી ઉચિત છે ? એ વાત જરાય યોગ્ય નથી.

ડૉક્ટર ઘરે આવે તો ડૉક્ટર ડૉક્ટરીમાં માથું મારવા ન દે. કોઈ ગડબડ કરે તો કહે, હું ડૉક્ટર કે તમે ડૉક્ટર ? છાનામાના બેસો. Courtમાં જાય તો વકીલ એનામાં માથું મારવા દે નહીં. જે જે જ્ઞાનના, જે Lineના નિષ્ણાત હોય છે એમાં જે નિષ્ણાત ન હોય તેનું ડહાપણ શું કામ લાગે ? જે વિષયના જે નિષ્ણાત – Expert હોય છે એમાં જે એ વિષયના સાવ અજાણ હોય એનું ડહાપણ શું કામમાં લાગે ? એમ જે મોક્ષમાર્ગ પૂર્ણ કરીને માર્ગફળ એવા મોક્ષને પામ્યા, સ્વાનુભવથી સિદ્ધ કરીને સંપૂર્ણ વીતરાગ થયા, એમાં રાગી-દ્વેષી અને સંસારી છદ્મસ્થ જીવોનું ડહાપણ શું કામ લાગે ? (છતાં કોઈ કહે કે), 'નહીં,

અત્યારે દેશ, કાળ ફેરફાર છે. અત્યારે બધો ફેરફાર કરી નાખો.' એવું ચાલે નહીં. સિદ્ધાંત તૂટે (એ ન ચાલે).

વસ્તુનું સ્વરૂપ ત્રણે કાળે એકરૂપ છે. શ્વેતાંબરોએ ફેરફાર કર્યો એમ નહિ દિગંબરોએ એ જ દશા કરી છે. ખરેખર તો કઠોર પડે એવી વાત છે, કઠણ પડે એવી વાત છે પણ એ બધા દિગંબરના લિબાસમાં શ્વેતાંબર છે ! શું છે ? જે લોકો દેશ, કાળ અનુસાર દિગંબર રહીને પણ ફેરફારનો સિદ્ધાંત સ્વીકારે છે કે અત્યારે આ કાળમાં અમારા દિગંબરમાં પણ જંગલમાં ન રહીએ અને ગામમાં રહીએ ને મકાનમાં રહી ને ફલાણું ઘાસ પાથરીને સૂઈએ ને આમ કરીએ ને તેમ કરીએ એ બધો ફેરફાર દિગંબરના લિબાસમાં શ્વેતાંબર થવાની વાત છે. એ વધારે આગળ વધી ગયા, આ લોકોએ હવે ઈ દિશામાં પગલાં માંડ્યા બીજું કાંઈ નથી. પ્રયાણ કર્યું છે બાકી એક જ વાત છે, એમાં બે વાત નથી.

મુમુક્ષુ :-- ધર્મ ટકાવી રાખવાની મહેનત કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધર્મ કે શિથિલાચાર, શિથિલતા વધારવાની મહેનત કરે છે ? ધર્મ તોડવાની વાત છે. (એમાં) ધર્મ ટકતો નથી પણ ધર્મને અને ધર્મના સિદ્ધાંતને તોડવાની વાત છે. અને ત્યાં ચોથું ગુણસ્થાન ન રહે. ત્યાં અગૃહીત મિથ્યાત્વ ન રહે ગૃહીત મિથ્યાત્વ ઉત્પન્ન થાય. કોઈપણ જ્યાં બુદ્ધિપૂર્વક સિદ્ધાંત તોડતા હોય ત્યાં એને ગૃહીત મિથ્યાત્વ લાગુ પડે છે, અગૃહીત મિથ્યાત્વ રહેતું નથી. એટલે તીવ્ર મિથ્યાત્વની દશામાં એવું બને છે એમ કહે છે. ગૃહીત ને અગૃહીતમાં ફેર શું ? કે અનાદિનું અગૃહીત તો છે. ગૃહીત ક્યારે થયું ? મિથ્યાત્વ તીવ્ર થયું, દર્શનમોહ વધી ગયો ત્યારે એ ગૃહીતમાં આવે છે. એક સિદ્ધાંત તૂટે એટલે ગૃહીતમાં આવી જાય. કેમકે સિદ્ધાંત અનુસાર વસ્તુસ્વરૂપ છે અને વસ્તુસ્વરૂપ અનુસાર સિદ્ધાંત છે. એટલે એના જ્ઞાનમાં વસ્તુના સ્વરૂપની મિથ્યા કલ્પના થઈ ગઈ.

મુમુક્ષુ :- બહુ મુશ્કેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- શું કરવા બહુ મુશ્કેલી છે ? સમજાવો જોઈ. શું કરવા બહુ મુશ્કેલી છે ? સર્વજ્ઞોએ કહ્યું એમ માનવું એમાં મુશ્કેલી શું ? તોડવામાં

મુશ્કેલી છે. (એ તો) સર્વજ્ઞ જેવા સર્વજ્ઞની સામે પડવાની વાત છે !

મુમુક્ષુ :- સર્વજ્ઞ કહે છે એમ જ કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દુકાનદારી તો એમ જ ચાલે. વેજીટેબલ ઘી ભેળસેળ કરનારો એમ કહે કે મારી દુકાને ભેળસેળ કરેલી ચીજો મળશે ? જેને આ ગામમાં ભેળસેળ કરેલી ચીજો ખરીદવી હોય અને સસ્તી ચીજો ખરીદવી હોય મારી દુકાને આવે-એવું બોર્ડ મારીને બેસે તો એની દુકાન કેટલી ચાલે ? અહીંયાં (બધી ચીજો) શુદ્ધ મળશે એમ લખે. પછી છેતરાનારા છેતરાઈ જાય, પરીક્ષા ન હોય ઈ છેતરાય.

મુમુક્ષુ :- અજ્ઞાની જીવો છે બિચારા.

પૂજ્ય ભાઈશ્રી :-- ઈ તો એવું છે કે બજારમાં બાર આનાની તાવડી લેવા જાય તો ટકોરો મારીને લે છે. ધર્મ કાંઈ તાવડી કરતાં સસ્તો છે ? કે પરીક્ષા કર્યા વિના માણસો એમ ને એમ ઝુકાવી દે છે. બાર આના મફતના ન જાય અને ઘરે જઈને તાવડી ફૂટી ન જાય એટલા માટે બરાબર પરીક્ષા કરે, તિરાડ ન દેખાય તો ટકોરો મારે કે અવાજથી તો ખબર પડી જાય. એનાથી સસ્તો ધર્મ છે કે કાંઈ નહિ. ચલો આગે સે ચલી આતી હૈ (અપને ભી ચલો). એ તો ધર્મનું અવમૂલ્યન કરી નાખ્યું છે – ધર્મની કિંમત કાઢી નાખી છે. એમ વાત છે.

મુમુક્ષુ :- આમાં સંકલના એટલી બધી સળંગ છે કે એમાં એક મંકોડો પણ આગળપાછળ ચાલે એવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ આઘુંપાછું ચાલે એવું નથી. 'ગુરુદેવ' કહેતા હતા – એક શબ્દ, એક માત્રા (ફેરવે એ ચાલે નહિ). આમાં પૂર્વાચાર્યોની જે પરંપરા ચાલી આવી છે એમાં કાંઈ આગળપાછળ ચાલે એવું નથી. આખું તત્ત્વ બદલી જાય.

મુમુક્ષુ :- સીધી લાઇનનો જીવ હોય તો આ મુજબ ચાલીને તરી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલ્યો જાય, બિલકુલ સરળતાવાળો સીધેસીધો (માર્ગે) ચડી જાય. એને તરત ખબર પડે કે આ મારા આત્માની નિર્દોષ થવાની વાત

કરે છે. આ રસ્તે જતા આમાંથી જરૂર મને નિર્દોષતા પ્રગટશે અને મારા રાગ-દ્વેષ-મોહનો નાશ થશે અને આ જ વીતરાગનો પંથ છે, આ જ વીતરાગનો માર્ગ છે (એમ) એને બરાબર સમજાય એવી વાત છે. જો પોતાને વીતરાગ થવું હોય તો તો સમજાય એવી વાત છે. વીતરાગ થવું હોય તો કાંઈ મુશ્કેલી નથી. બાકી પોતાની રીતે ચાલવું હોય, કુળધર્મની રીતે ચાલવું હોય તો મુશ્કેલી ઘણી પડે અને સમાજને મુખ્ય કરવો હોય તો મુશ્કેલી ઘણી પડે. કેમકે ત્રણેય ફિરકામાં સમાજમાં વિકૃત્તિ ઘણી ઘૂસી ગઈ છે. સમાજને સાથે રાખવો હોય તો તારે કાયમ માટે સંસારમાં જ રહેવું પડશે. આ તો છૂટા પડવાની વાત છે.

કોઈ ન સમજે, કોઈ ન માને તો કાંઈ નહીં, એકલો તારે રસ્તે ચાલ્યો જા, પણ માર્ગ છે, સિદ્ધાંત છે એમાં કાંઈ તિલતૂષ માત્ર ફેરફાર ચાલી શકે નહીં. આ એવી વાત છે. પોતાનો હેતુ શુદ્ધ હોવો જોઈએ. માણસો નથી કહેતા ? શુદ્ધ દાનતથી કામ કરવું જોઈએ. એમ હેતુ શુદ્ધ હોવો જોઈએ. મારે શુદ્ધ થવું છે. હું શું કરવા અહીંયાં આવ્યો ? કે મારાં દોષ મટાડવા, મારો રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન મટાડવા હું આવ્યો છું. આ હેતુ પકડીને, આ હેતુ સચવાઈને પછી જે થતું હોય એ કરે તો એ માર્ગે જ ચાલે, ઉન્માર્ગે જાય જ નહીં અને એ ભૂલ્યો ઈ બધું ભૂલ્યો છે. પછી ક્યારે ક્યાં જઈને ક્યાં ઊડીને પડશે એનું પરિણામ, એનો કાંઈ મેળ ખાશે નહીં. એ પરિસ્થિતિ છે, એ સ્વભાવિક છે.

આ જરા સૂક્ષ્મ વિષય છે. પરપદાર્થને જાણતાં ઉપાધિ નથી, જાણતાં રાગ-દ્વેષ નથી, જાણવું સ્વભાવ છે. સ્વભાવને ગ્રહણ કર તો માત્ર જાણવું એ તો તારો સ્વભાવ છે, જ્ઞાનમાત્ર તારો સ્વભાવ છે. એક જ્ઞાનમાત્રમાં તો બાર અંગનો સાર ભરેલો છે. જ્ઞાનમાત્ર આત્મા એમ કહીને બાર અંગનો સાર ઠાંસીને મૂકી દીધો છે, ભરી દીધો છે એવો વિષય છે. સમજવામાં જરાક આઘુંપાછું કરે (તો) આખું તત્ત્વ ફરી જાય. જાણતાં દોષ છે એમ માને (તો) આખું તત્ત્વ ફરી જાય, સિદ્ધાંત બદલી જાય, આખો ઊલટો થઈ જાય. એવું જરાપણ ચાલે નહીં.

અહીં સુધી રાખીએ...

**દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર. તું તને ભૂલી ગયો છો. જો ઓળખાવનાર (ગુરુ) મળે તો તને તેની દરકાર નથી. જીવને રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે અને ચૈતન્યને ઓળખે. ૯૮.**

## તા. ૨૪-૦૪-૧૯૮૭, વચનામૃત–૯૮, ૯૯
## પ્રવચન નં. ૭૮

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૩૩, ૯૮મો બોલ છે. **'દૃષ્ટિ અને જ્ઞાન યથાર્થ કર. તું તને ભૂલી ગયો છો.'** શું કહે છે ? કે, દૃષ્ટિ કરવી એટલે પોતાના અસ્તિત્વને શ્રદ્ધાથી ગ્રહણ કરવું. પોતાની હયાતીને (અર્થાત્) જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં લઈને, જેવો આત્મા છે તેવો જ – તેવી જ તેની સત્તાનો સ્વીકાર કરવો. 'હું છું' એવું દૃષ્ટિનું પરિણમન છે. દૃષ્ટિમાં 'છું'પણારૂપ ભાવ છે. 'હું છું, – મારી હયાતી છે.'

યથાર્થ એટલે અંતર્મુખ વલણથી. યથાર્થપણે એટલે અંતર્મુખ વલણથી. માત્ર આવો વિકલ્પ નહીં. વિકલ્પ બહિર્ભાવ છે, દૃષ્ટિ (છે) એ કોઈ બહિર્ભાવ નથી.

એવી જ રીતે જ્ઞાન યથાર્થ કર. બહારનું વલણ છોડીને પોતાના સ્વરૂપનું અંતર્મુખી જ્ઞાન કરવું – સ્વ-સંવેદનજ્ઞાન કરવું. એવું શ્રદ્ધાન અને જ્ઞાન કર. દૃષ્ટિ અને જ્ઞાન કર એટલે શ્રદ્ધાન અને જ્ઞાન કર. યથાર્થ કર એટલે સમ્યક્ પ્રકારે

(કર). સ્વરૂપ અભિમુખ થઈને શ્રદ્ધાથી સ્વ-સ્વરૂપનું શ્રદ્ધાન કર અને જ્ઞાનથી સ્વ-સ્વરૂપનો અનુભવ કર. એવું યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન કર.

અનંતકાળમાં આ નહીં કરેલું એવું અપૂર્વ કાર્ય છે. અનંતકાળમાં જીવે આ કાર્ય નથી કર્યું. ધર્મને નામે, ધર્મને બહાને ભ્રમથી અન્ય કાર્યમાં, અન્ય પર્યાયમાં, અન્ય ભાવમાં ધર્મ માનીને છેતરાયો છે અને પૂર્વાનુપૂર્વ એવા બધા કાર્યો કર્યા છે પણ પોતાના સ્વરૂપનું શ્રદ્ધાન-જ્ઞાન સમ્યક્ પ્રકારે કર્યું નથી.

અનાદિથી પોતાના મૂળ સ્વરૂપને જીવ ભૂલી ગયો છે અથવા પોતે મૂળ સ્વરૂપે કેવો છે એની અનાદિથી એને ખબર નથી, અજાણ છે. પોતાના મૂળ સ્વરૂપથી અજાણ છે અને અન્યથા – મનુષ્ય વગેરે કર્મજનિત પર્યાય છે એવો પોતાને માન્યો છે, જાણ્યો છે અને એના આધારે જ એણે કર્તવ્ય અને અકર્તવ્યની સમજણ કરી છે, માન્યતા કરી છે અને આચરણ કર્યું છે. પરંતુ એ બધું સંસાર પરિભ્રમણનું કારણ છે. પોતાના સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન – સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યક્જ્ઞાન એક માત્ર ધર્મસ્વરૂપ છે અને તે એક માત્ર જન્મ-મરણના નાશનું કારણ છે.

**'જો ઓળખાવનાર (ગુરુ) મળે...'** (અર્થાત્) જ્ઞાની ગુરુ મળે, સત્પુરુષ મળે કે તારું સ્વરૂપ આવું છે એમ કહેનાર મળે, બતાવનાર મળે **'તો તને તેની દરકાર નથી.'** એની દરકાર નથી એટલે ? એ શું કહે છે એની સાંભળવાની તને દરકાર નથી. તે કેવા મારા સ્વરૂપને બતાવે છે એની દરકાર તેં કરી નથી.

આ એક બહુ મહત્વનો વિષય છે. જે સત્પુરુષ આત્મસ્વરૂપને દર્શાવી રહ્યાં છે, કહી રહ્યાં છે એ આત્મસ્વરૂપને પોતે જોતો નથી, પ્રગટપણે કહી રહ્યાં છે, પ્રગટપણે દર્શાવી રહ્યાં છે છતાં પોતે જોતો નથી એ એમ સૂચવે છે કે, કહેનારની વાત ઉપર પોતે દરકાર કરતો નથી. કોઈ એમ તર્ક કરે કે, અમે બરાબર સાંભળીએ છીએ, સાંભળવા માટે ગર્દી થાય, ધક્કાધક્કી થાય તોપણ અમે સાંભળવા માટે તલપાપડ છીએ માટે સાંભળવા જઈએ છીએ. એના માટે ખર્ચ કરીને જઈએ છીએ, એના માટે બીજા કામ રોકીને જઈએ છીએ અથવા એટલો સમય આપીએ છીએ તો દરકાર કેમ કરી નથી ? કે સાંભળ્યું ત્યારે કહેવાય કે એ કહે છે

એવું અનુસરણ કરવા માટે પ્રયત્ન - પ્રયાસ શરૂ થાય તો. સાંભળવા ખાતર સાંભળવું એવું પણ જીવને થઈ પડે છે અને સાંભળીને ચોંટ લાગીને એના પ્રયત્નમાં આવી જવું એ ખરેખર મૂળ હેતુથી, પ્રયોજનના હેતુથી, પ્રયોજનપૂર્વક એ સાંભળે છે. બીજો સાંભળે છે પણ માત્ર સાંભળવા ખાતર સાંભળે છે એને (એમ લાગે છે કે) ચાલો, સાંભળવા તો મળ્યું, આપણને સાંભળવા તો (મળ્યું), આપણને એટલો લાભ તો મળ્યો. એટલો લાભ મળ્યો, એટલો લાભ મળ્યો એમ સંતોષાઈ જાય છે ત્યાં એને પ્રયત્ન કરવાનું સૂઝતું નથી. એટલે એમ કહેવામાં આવે છે કે કહેનાર મળે છે પણ આ જીવ કાર્ય કરવાની દરકાર કરતો નથી માટે ખરેખર એણે સાંભળ્યું નથી. નહીંતર તો બીજાને ભલે લાગુ ન પડે, જેઓ આ વાત સાંભળવા આવતા નથી એના માટે તો એક ટિપ્પણી થઈ શકે કે અત્યારે વિદ્યમાન સત્પુરુષ હોવા છતાં ક્યાં સાંભળવાની દરકાર છે ? પણ સાંભળવા જાય છે એનું શું ? કે એને સાંભળીને એ કહે છે એવો અંતરંગમાં પ્રયાસ અને પ્રયત્ન ચાલુ કરવો જોઈએ. સાંભળીને પ્રયાસ કરનાર વર્તમાન પાત્ર છે, લ્યો !

'સોગાનીજી'એ એ વાત લીધી છે કે જે સાંભળે, સાંભળીને ચોંટ લાગે તો એ જરૂર પાત્ર જીવ છે, એ પાત્રતાની નિશાની છે. કેમકે એણે સાંભળ્યા પછી એ વાત કેવી રીતે અંતરમાં ઉતારવી એના ઉપર એની બરાબર નજર છે. સાંભળીને વાતને છોડી દીધી અને મૂકી દીધી (એમ નથી). ઈ તો કેવી રીતે વિભાગ કરી નાખે છે કે, દરેક જીવને ઉદયના કાર્યો તો ઊભા જ છે. ઉદય ઊભો છે તો એમાંથી એને એમ થાય છે કે, 'હું કેટલોક કાળ સાંભળવા માટે ચાહીને કાઢું છું.' ખોટી વાત છે. એ પણ એનો ઉદય જ છે. ઉદય વગર એ બનતું નથી. એટલે ખરેખર તો એ ઉદયમાં ને ઉદયમાં હોવા છતાં થોડોક એવી રીતે ફેર પાડે છે કે બીજા ઉદયના કાર્યોને છોડીને હું આ કામ કરવા માટે પ્રયત્ન કરું છું અને આ મારો એક પ્રયત્ન (છે), ધર્મ બાજુના પ્રયત્નનો પ્રકાર છે. એમ નથી. પછી શું થાય છે કે સાંભળી લીધું. ચાલો, એટલું કરી લીધું. હવે પાછા ઉદયની અંદર લાગી ગયા તે લાગી ગયા. એટલે પેલી વાત રહી ગઈ અધ્ધર અને આખો દિવસ પાછા ઉદયની અંદર બરાબર સામેલ (થઈ જાય). કેમ (એમ

થયું) ? કે ધર્મનું કાર્ય તો સવારમાં કરી લીધું, આટલું સાંભળી લીધું અથવા તો બપોરે આટલું સાંભળી લીધું અથવા તો ગમે ત્યારે આટલું વાંચી લીધું. પછી ઉદયની અંદર તન્મય. તો ખરેખર એ પણ બધી ઉદયાધીન પ્રક્રિયા કરે છે. દીક્ષા લેવા પર્યંતની પ્રક્રિયા જીવ ઉદયાધીનપણે કરી લે છે. એમાં ઉદયથી બહાર વાત કાંઈ હજી નથી. ઈ ખોટી વહેંચણી કરે છે (કે) 'અમે બીજા કામને હડસેલો મારીને આટલું કામ કર્યું,' ખોટી વાત છે.

એ પ્રકારના પુણ્યોદય વિના વાંચવું, સાંભળવું એ વગેરે યોગ બનતો નથી અને એવો યોગ ઉદયાધીન બને છે એમાં અંતરંગ કાર્ય શું કર્યું ? અને કેટલું થયું ? એ તપાસ કરે કે બહારનું બહાર જ સાંભળવું, બહિર્ભાવથી સાંભળવું અને બહિર્ભાવથી વાંચવું જ થયું એટલું જ થયું એટલી તપાસ કરે તો એને સંતોષ ન થાય કે જે હજી અંદર ઊતરવું છે એ કામ થતું નથી. આ બહારનું ને બહારનું થયા કરે છે. અનાદિથી બહારનું ને બહારનું કર્યા કર્યું છે, શુભાશુભથી બીજી વાત હજી આગળ ચાલતી જ નથી. એમ એને અંદર ને અંદરથી અસંતોષ ઉત્પન્ન થવો જોઈએ અને પ્રયત્ન માટે એણે ઉત્સુક રહેવું જોઈએ, પ્રયત્ન માટે તત્પર રહેવું જોઈએ.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એ લીધું છે **'સુનના, પઢના, ચર્ચા કરના યહ સબ ઉપર ઉપરકી બાતેં હૈં, અસલમેં તો અંદરમેં જમ જાના ચાહિયે, સ્વરૂપમેં ઊંડે ઉતર જાના ચાહિયે.'** આ વાત ઉપર વજન આવવું જોઈએ. એના બદલે સાંભળી લીધું, વાંચી લીધું અને ચાલો કાંઈક કર્યું, કાંઈક કરી લીધું (એમ માની સંતોષ પકડે). એવું એક જગ્યાએ લીધું (છે કે) સાંભળવાથી ચોંટ લાગે અને પોતાનો પ્રયત્ન શરૂ કરી દે તો એ પાત્ર જીવ છે. **'અસલ મેં સુનને આદિ કા રસ કમ હો જાના ચાહિયે.'** જુઓ ! શું કીધું ? **'અસલ મેં સુનને આદિ કા રસ કમ હો જાના ચાહિયે.'** એટલે બાહ્યવૃત્તિનો રસ કમ (એટલે) ઓછો રહેવો જોઈએ. **'વહ કમ કબ હોગા ? કિ જબ અંદર કા રસ બઢતા જાવે તભી...'** અંદર ઊતરવાનો રસ આવે તો બહારનો રસ ઘટે. **'તભી ઉધર મેં રસ કમ હોતા જાવે તો શુરૂ સે હી ઉધર મેં જોર નહીં આના ચાહિએ.'** બીજા સાંભળવા નથી આવતા અને

હું સાંભળવા જાઉં છું એમ કરીને જોર નહીં આવવું જોઈએ. અને સાંભળે તોપણ સાંભળવા ઉપર જોર નહીં રહેવું જોઈએ. આમાં અમુક જગ્યાએ બહુ સૂક્ષ્મ માર્ગદર્શન છે.

(જે) ચોંટની વાત કરે છે ઈ વાત બહુ સારી કરે છે. આ વાત સાંભળતા કાંઈક ચોંટ લાગવી જોઈએ કે જેથી પ્રયત્ન શરૂ થાય. સાંભળે, વિચાર કરે, વિચારીને બુદ્ધિથી સ્વીકાર કરે કે વાત તો માનવા જેવી છે, આદરવા જેવી છે અને આ વાત સામે કાંઈ વાંધો ઊઠે એવી કોઈ વાત નથી, વિરોધ ઊઠે એવી કોઈ વાત નથી, જરૂર આત્માના હિતની વાત છે. એટલું વિચારમાં આવે પણ અંતર્મુખનો પુરુષાર્થ થવો એ હજી એક બીજી ચીજ બાકી કહે છે એ વાત ત્યારે ને ત્યારે જ ખ્યાલમાં હોવી જોઈએ. જો એ વાતનો ત્યારે ખ્યાલ ન હોય તો એક એવો ભ્રમ થાય કે આપણે સ્વીકારીએ તો છીએ, આપણે આ વાતને માન્ય તો કરી જ છે. માટે આપણું એટલું કાર્ય થયું છે એવું એને સ્થૂળપણે કે સૂક્ષ્મપણે લાગી જાય ત્યારે એ અંદરના પુરુષાર્થથી અટકી જાય છે, એને અંદરનો પુરુષાર્થ ન થાય એવી પરિસ્થિતિમાં અટકી જાય છે.

**'મૈં પહલે તો સબ જાન લૂં, સુન લૂં પીછે પુરુષાર્થ કરુંગા; તો ઐસે પીછેવાલોંકા સદા પીછે હી પીછે રહેગા. વર્તમાન ઇસી ક્ષણસે હી પુરુષાર્થ કરનેકી યહ બાત હૈ.'** આ કહેવાય કે ન કહેવાય તોપણ એ સદાય સાથે રાખવા જેવી વાત છે કે આ ક્ષણથી પુરુષાર્થ કરવાની વાત છે, પછી કરીશ એ વાત આમાં નથી. એ વગર તો કરોડો શાસ્ત્રો પઢો તો માત્ર મનનો આમળો છે અથવા બોજો છે અને ભાર છે. સીધું જ આમ મૂકી દીધું છે.

જ્ઞાન કોને કહેવું ? એના પર એક બહુ સારો બોલ છે કે **'સ્વાધ્યાય આદિ કા વિકલ્પ જ્ઞાન હૈ...'** એટલે સ્વાધ્યાય વખતે જે જ્ઞાનનો વિકલ્પ ચાલે છે **'વહ તો આકુલતા કે સાથ અભેદ હૈ...'** એમાં આકુળતા છે **'ઔર સહજજ્ઞાન ત્રિકાળીસ્વભાવ કે સાથ અભેદ હૈ.'** જે સાચું જ્ઞાન છે, સહજ જ્ઞાન છે, સમ્યક્જ્ઞાન છે એ તો ત્રિકાળી સ્વભાવની સાથે અભેદ અનુભૂતિ સ્વરૂપ છે અને આ સ્વાધ્યાયનું જે જ્ઞાન છે, શાસ્ત્રના ભણતરનું જ્ઞાન છે એ આકુળતાની સાથે અભેદ છે. એમાં

આકુળતા નિયમથી હોય છે એમ કહેવું છે.

**'ઓળખાવનાર (ગુરુ) મળે તો તને તેની દરકાર નથી.'** અથવા આત્માના પરમહિતની વાત કહેનાર છે તોપણ જીવ જેટલી ગરજથી – જેટલી આત્મહિતની ગરજથી એ વાતને અંગીકાર કરવા માટે અભિપ્રાય અને ભાવ રાખીને સાંભળે તો અંદર ઊતરે. નહીંતર સાંભળેલું અદ્ધર રહી જાય અને ઉદયમાં પાછો એમ ને એમ જીવ સામેલ રહે છે. એટલે ખરેખર એણે દરકાર કરી નથી પણ સાંભળીને ઉપેક્ષા કરી નાખી છે. સાંભળે ત્યારે એને એમ લાગે કે મેં દરકાર કરી છે પણ સાંભળ્યા પછી ઉપેક્ષા કરે છે એ વાત એના ધ્યાનમાં રહેતી નથી. જો સાંભળેલા વિષયને આદરે નહીં તો એણે સાંભળતી વખતે કરેલી ઉપર ઉપરની દરકાર (એને) એની ઉપેક્ષા છે એ ચાવી જાય છે. પછી ઉપેક્ષાભાવ જે રહી ગયો (એનાથી) એ કરેલી ઉપર ઉપરની દરકાર તો ક્યાંય ચવાઈ ગઈ, ક્યાંય ચવાઈ ગઈ એ તો. આ પરિસ્થિતિ થાય છે એટલે એને કહે છે કે એ પોતે દરકાર કરતો નથી, એને એની દરકાર નથી.

ઓળખાવનાર મળે છે (તોપણ) પોતે કાં ઓળખાતો નથી ? જો ઓળખાવનાર મળે છે છતાં પોતે કાં ઓળખતો નથી ? જ્ઞાનલક્ષણથી લક્ષિત થાય છે એમ કહે છે, ઓળખાવે છે ત્યારે શું કહે છે ? કે જ્ઞાનલક્ષણથી, પ્રગટ જ્ઞાનલક્ષણથી તારો જ્ઞાનસ્વભાવી આત્મા લક્ષિત થાય છે. એને ઓળખવાનો – લક્ષમાં લેવાનો તેં પ્રયત્ન કર્યો નથી તો એ વાત તેં સાંભળી એની દરકાર ખરેખર કરી નથી. ઉપેક્ષા થઈ ગઈ, સાંભળ્યા પછી એની ઉપેક્ષા થઈ ગઈ.

કાર્ય નથી થતું એનું કારણ છે કે થોડુંક કરે છે એનું વિરુદ્ધ કાર્ય પણ કરતો જાય છે. જે કાંઈ થોડુંક આ દિશામાં વાંચવું, સાંભળવું, સમાગમ કરવો એવું કાંઈક થોડુંક કરે છે પાછો એથી વિરુદ્ધ કાર્ય પાછું ચાલુ રાખે છે. એટલે પેલું જે થોડુંક કાંઈક આ બાજુનું થયું છે એને તો ક્યાંયનું ક્યાંય ભૂંસાડી નાખે છે. આ પરિસ્થિતિ છે.

શાસ્ત્રમાં એવો એક દૃષ્ટાંત આવે છે કે એક માણસને ઔષધિ માટે બદામનું તેલ જોઈએ. તો બદામનું તેલ કેવી રીતે મળે ? કે બદામને ઘસીએ એટલે બદામનું

તેલ મળે. તો કહે, સારી વાત છે આપણે કાંઈ બીજા સાધનની જરૂર નહીં, બદામને ઘસસું. આજે એકવાર ઘસે પછી બીજે દિવસે પાછો ફરીને એકવાર ઘસે. ત્યારે પહેલી વખત જે ઘસ્યું હોય એનો સહેજ જ્યાં ઘસારો મૂક્યો હતો ત્યાં તેલ બહાર આવ્યું. એ તેલ તો વાસણની અંદર ભેગું કરી શકે, મેળવી શકે એટલું તો કાંઈ હોય નહીં. એ પત્થર ઉપર ઘસ્યું હોય એ પત્થર તેલવાળો થયો. બીજે દિવસે જ્યારે ફરીને ઘસવા આવ્યો ત્યારે પેલું તેલ સૂકાઈ ગયું હતું. (એટલે) ફરીને એક ઘસારો માર્યો. વળી તેલવાળો પત્થર થયો પણ એ તેલ કાંઈ એને વાપરવામાં તો કામમાં આવે નહીં. પેલો ફરિયાદ કરે કે હું રોજ બદામ ઘસું છું અને તેલ તો મળતું નથી. ભાઈ ! તું એવી રીતે ઘસે છો કે એમાં તો કોઈ દિવસ તને તેલ મળે એવું નથી. એ તો ઊડી જાય છે. એમ સાંભળે ત્યારે થોડુંક સારું લાગે અને પછી બીજે દિવસે સાંભળવા આવે ત્યાં સુધીમાં દુકાન, ધંધો-વેપાર અથવા જેને જે ગૃહઆદિ કાર્ય હોય એની અંદર એટલો ઉદયમાં તન્મય રહે છે કે પેલું સાંભળેલું તો બદામના તેલ(ની) જેમ, ઘસારાની જેમ ઊડી જાય છે. પછી ફરિયાદ કરે કે આટલા આટલા વર્ષથી સાંભળીએ છીએ, આ વાત અમને મોઢે થઈ ગઈ છે પણ કેમ કાંઈ પરિણમન થતું નથી ? આ રીતે તેં બદામનું તેલ લેવાની વાત કરી છે. માટે ખરેખર એણે દરકાર કરી નથી.

બહારમાં મોટો લાભ દેખાય તો પાછળ પડી જાય. એને એમ લાગે કે ખરેખર આમાં લાભ છે એવું લાગે તો એ લાભ જ્યાં સુધી એના ઘરમાં ન આવે ત્યાં સુધી એ વાત મૂકે નહીં. એના માટે બરાબર એટલો સમય કાઢે કે કામ પૂરું થાય પછી જ બીજું કામ હાથમાં લે કે આ કામ અત્યારે છે હમણાં બીજું કાંઈ હાથમાં લેવાય એવું નથી.

**'જીવને રુચિ હોય તો ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે અને ચૈતન્યને ઓળખે.'** વિચાર કરે, વિચાર કરીને સંમત કરે કે જેથી કરીને એણે જે સ્વીકાર્યું છે એ યથાર્થપણે દૃઢ રહે. ઓઘે ઓઘે દૃઢ રાખે તો ગમે ત્યારે એની માન્યતા બદલી જાય છે પણ વિચાર કરીને સ્વીકાર કરે, વિચારીને સ્વીકારેલું હોય તો

એ દૃઢ રહે છે અને સ્વીકાર કરીને ચૈતન્યને ઓળખે. પોતાના આત્મસ્વરૂપને ઓળખવાનો પ્રયત્ન કરે અને ઓળખે, ઓળખે તો વાત આગળ ચાલે, ઓળખે તો અનુભવ થાય, ઓળખ્યા વિના અનુભવ થવાનો પ્રશ્ન ક્યાંય નથી. માત્ર સ્વીકાર કરે અને અટકી જાય એમ પણ નથી, એટલી વાત નથી રાખી, અહીં સુધી વાત લંબાવી છે.

ગુરુવચનોનો વિચાર કરે, સ્વીકાર કરે. અહીં સુધી તો થાય છે. યથાશક્તિ એનો વિચાર કરવામાં આવે છે, જેટલી ક્ષયોપક્ષમ શક્તિ છે (એટલો) જીવને સ્વીકાર પણ થાય છે પણ પોતાના ચૈતન્યસ્વરૂપને ઓળખતો નથી. આ કામ બાકી રહે છે. જો ચૈતન્યસ્વરૂપને ઓળખે તો સ્વરૂપ સન્મુખ થઈને, અનુભવ થઈને મોક્ષમાર્ગમાં આગળ વિકાસ થવો એ બધી પ્રક્રિયા Automatic – આપોઆપ ચાલુ થઈ જાય છે. ઓળખાણ થયા પછી એટલું આત્મા તરફનું બળ ઉત્પન્ન થાય છે. આત્મા એવો પદાર્થ છે કે જેની ઓળખાણ થતાં એ સંબંધીનું બળ શરૂ થાય તે વધતું જ જાય છે. જ્યાં સુધી પૂર્ણતા – પૂર્ણદશા ન થાય ત્યાં સુધી એ વધતું જ જાય છે. માટે ઓળખાણ છે એ પાયામાં બહુ મોટી વાત છે.

જો **'જીવને રુચિ હોય...'** તો આટલી પ્રક્રિયા ક્રમથી થાય. અહીંયાં એમ કહેવું છે. એ જરૂર સત્પુરુષના વચન ઉપર, ગુરુના વચન ઉપર વિચાર કરે. વિચાર કરે તે એ દૃષ્ટિકોણથી વિચાર કરે કે, એ કહે છે તે સત્ય છે. એમને જેમ સત્ય સમજાયું છે એ રીતે મને સત્ય સમજાય એ રીતે એ વિચાર કરે. સ્વીકાર કરવામાં પણ એ વાત છે કે ક્યાંક એમની ભૂલ થતી હશે તો ? એ પણ હજી છદ્મસ્થ છે. ક્યાંક ભૂલતા હોય, ક્યાંક નિશ્ચયમાં (નહીં તો) વ્યવહારમાં કાંઈ ભૂલતા હોય, એવું કાંઈક હશે તો ? જ્યાં સુધી એને ગુરુવચનની અંદર – સત્પુરુષના વચનની અંદર શંકા પડે, અસ્વીકાર થાય કે ભૂલ દેખાય એવો કોઈપણ પ્રકાર ઊપજે ત્યારે એને સ્વચ્છંદ ઉત્પન્ન થયો છે એમ જાણવું જોઈએ. એ સ્વચ્છંદનું લક્ષણ છે, એટલે સ્વચ્છંદ રહિત થઈને સ્વીકાર કરે. અમુક વાત સ્વીકાર કરે અને અમુક વાત સ્વીકાર ન કરે તોપણ સ્વચ્છંદ છે. આટલું તો સ્વીકારીએ

છીએ અથવા ૯૯ સ્વીકારીએ છીએ આ એક વાત અમને સ્વીકાર્ય નથી, તોપણ એ સ્વચ્છંદમાં જ છે. આમ વાત છે.

મુમુક્ષુ :– સ્વીકાર્યા પછી સ્વચ્છંદ કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રીઃ- નહીં એમાં શંકા રાખે, એમાં ભૂલ દેખાય અથવા અમુક સ્વીકારે અને અમુક વાત ન સ્વીકારે એમ (નહીં પણ) પૂરેપૂરો સ્વીકાર કરે. ન સમજાય તો સમજવાની મહેનત કરે, ન સ્વીકાર થાય તો સ્વીકારવાનો પ્રયત્ન કરે પણ અસ્વીકાર કરે કે શંકા રાખે કે ભૂલ જોવે તો એ કદી પણ પામી શકે નહીં.

પ્રશ્ન :– ઓળખે એટલે શું ભાવ છે ?

સમાધાન :– ઓળખે એટલે જ્ઞાનલક્ષણથી પોતાના જ્ઞાનસ્વભાવી આત્માનું અવભાસન થાય, પ્રતિભાસ આવે. રાગની આડ વિના જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવ ઓળખાય, જ્ઞાનલક્ષણના આધારે, જ્ઞાનક્રિયાના આધારે (ઓળખાય). પ્રગટ છે ને એ તો ? એનાથી પ્રત્યક્ષ આત્મા આવો છે. આત્માનું સહજ પ્રત્યક્ષ સ્વરૂપ જો જ્ઞાનમાં ભાસે – ઓળખાણ થાય તો એનું જેટલું અનંત સામર્થ્ય છે એટલું અનંત સામર્થ્ય એના જ્ઞાનમાં, ખ્યાલમાં આવ્યું, એનું એને બળ ઉત્પન્ન થઈ જાય. હું તો અભેદ અનુભૂતિસ્વરૂપ જ છું. બસ ! ઈ જોરમાં અનુભૂતિ થઈ જાય છે. અભેદ અનુભૂતિસ્વરૂપ જ છું એટલે એને અનુભૂતિથી પરિણમનમાં પરોક્ષ રહેવાનું અથવા દૂર રહેવાનું બની શકતું નથી. એ ૯૮ બોલ (પૂરો) થયો.

**આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે. આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે. મનુષ્યજીવનમાં આત્માનું કલ્યાણ કરી લેવા જેવું છે. ૯૯.**

(બોલ) ૯૯. શું કરી લેવા જેવું છે ? મનુષ્યજીવનમાં શું કરી લેવા જેવું છે ? 'ગુરુદેવ' તો કહેતા હતા કે, કેટલાકને તો એટલા વર્ષ મનુષ્ય જીવનના થઈ ગયા છે કે જેટલા પસાર થયા એટલા હવે બાકી રહ્યા નથી. વૃદ્ધાવસ્થાને પહોંચેલાને તો કોઈને પાંચ, કોઈને દસ, કોઈને પંદર, વીસ બસ ! એટલા જ બાકી હોય છે, અથવા પચાસ ઉપર ગયેલાને પણ સામાન્ય રીતે વીસ-પચીસ-ત્રીસથી વધારે બાકી હોતા નથી. તો કહે છે કે જે કાળ હવે બચ્યો છે, બાકી રહ્યો છે એમાં આ આત્મા ચોરાશી લાખના પરિભ્રમણમાં ખોવાઈ ન જાય અને કોઈ એવી દૃષ્ટિ એને સાધ્ય થઈ જાય કે જેને લઈને એને ભવાંતરમાં પણ આત્મજાગૃત્તિ ઉત્પન્ન થાય અને પોતાના કલ્યાણના માર્ગે, મોક્ષના માર્ગે આગળ વધી શકે એટલું ઓછામાં ઓછું એણે અહીંયાં કરી લેવું જોઈએ.

પ્રશ્ન :- આપે જે લીધું ને સાધુપણા સુધી ઉદયાધીન છે, એટલે શું ?

સમાધાન :- હા, દીક્ષા લીધી ત્યાં પણ ઉદય આવે.

પ્રશ્ન :- તો પછી માનો કે સાધક છે એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો ?

સમાધાન :- પુરુષાર્થ તો અંદરમાં કરવાનો છે ને ? બહારના ફેરફાર જે છે એમાં તો બધું ઉદય અનુસાર થાય છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર સ્વાધ્યાય કરે, અહીંયાં સાંભળીએ, 'ગુરુદેવ'ની ટેપ સાંભળે, આ હિત માટે આવ્યો હોય...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એટલું જે થાય છે એમાં અવલંબન સ્વ-દ્રવ્યનું છે કે પરદ્રવ્યનું છે ? એટલો વિચાર (કરવાનો છે). જુદું શું પાડવાનું છે ? કે એમાં અવલંબન પરદ્રવ્યનું છે (કે સ્વદ્રવ્યનું) ? (માનો કે) હું ઘરે શાસ્ત્ર વાંચું છું તો એ વખતે અવલંબન શાસ્ત્રનું છે કે શાસ્ત્ર કહેવા ધારે છે એવા વિષયભૂત અંતર આત્માનું છે ? બસ ! જો અવલંબન ત્યાં શાસ્ત્રનું છે તો એ ઉદયાધીન ક્રિયા છે, એ ઉદયની ક્રિયા છે. કેમકે શાસ્ત્ર પણ ઉદય હોય તો મળે. એ પુણ્યના ઉદયનો સવાલ છે, ભલે પુણ્યનો ઉદય છે પણ મોક્ષમાર્ગમાં પુણ્યના ઉદયની કે પુણ્યના ફળની કોઈ કિંમત નથી. એ તો અનંતવાર પૂર્વાનુપૂર્વ કર્યું છે. અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો છે ત્યારે લબ્ધિ વગર તો થતું નથી. એવી કોઈ

ક્ષયોપશમલબ્ધિ ઉત્પન્ન થાય કે અગિયાર અંગ અને નવ પૂર્વ (એના જ્ઞાનમાં આવી જાય). નહીંતર તો કોઈનું આયુષ્ય જ એટલું ન હોય કે ભણીને અગિયાર અંગ અને નવ પૂર્વ સાધી લ્યે. એ તો એવી મંદ કષાય સહિત શાસ્ત્ર ભણતરની ક્રિયામાં લબ્ધિ ઉત્પન્ન થાય કે અગિયાર અંગ અને નવ પૂર્વનું એને જ્ઞાન થાય તોપણ એ ઉદયાધીન છે. મિથ્યાદષ્ટિને ત્યાં સુધી સાધ્ય છે અને ત્યાં સુધી આત્માનું કલ્યાણ નથી. પણ એક ચકલું, દેડકું અંતર્મુખ થઈ જાય, જ્ઞાનલક્ષણને ઓળખીને જ્ઞાનસ્વભાવનો આશ્રય કરે, પોતાના અસંખ્ય પ્રદેશમાં એની શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય પ્રસરે, વ્યાપ્યવ્યાપકભાવે પ્રસરી જાય ત્યારે એને અગિયાર અંગ શું બાર અંગ ભણવાની કોઈ અટક નથી, એનું બંધન નથી. એને સીધા જ બાર અંગ એના હાથમાં આવી ગયા. આમ છે. આમ ભણ્યે પૂરું ન પડે અને આમ સીધો બાર અંગનો સાર એના હાથમાં આવી ગયો. એટલે કઈ દિશામાં પ્રયત્ન કરવો છે એ આમાં મુખ્ય વાત છે.

સ્વાધ્યાયમાં પણ જે લક્ષ કરવા યોગ્ય, પહેલેથી જે ધ્યાનમાં લેવા જેવી વાત છે એ આ છે કે મારો પ્રયત્ન કઈ દિશામાં ચાલે છે ? એ વાત મારે પહેલી મારા લક્ષમાં હોવી જોઈશે, નહીંતર બહારના અશુભને છોડીને શુભમાં (આવીશ) અને શુભાશુભમાં તો અશુભ આવ્યા વગર રહેશે નહીં. કેમકે આહાર, પાણી, બીજી-ત્રીજી જે શરીર આદિની ઉદયાધીન ક્રિયા છે, કુટુંબ, પરિવાર આદિની બધી (ક્રિયા છે) એ બધી અશુભમાં જાય છે. એટલે શુભમાંથી ખસીને અશુભમાં, અશુભમાંથી ખસીને પાછો શુભમાં (આવે છે). બસ ! અનાદિનું (આ જ ચાલ્યા કરે છે).

આ પૂજ્ય 'બહેનશ્રી' એક બોલમાં કહે છે કે, અનાદિનું એણે આ જ કર્યું છે – શુભમાંથી ખસીને અશુભમાં અને અશુભમાંથી ખસીને શુભમાં. અંદરમાં આવ્યો નથી. એ વાત પહેલી લક્ષમાં આવવી જોઈએ કે આ બધું કર્યા પછી અંદરમાં આવવા માટે શું થાય છે ? હું શું કરી રહ્યો છું ? ત્યાં કાર્ય ક્યાં કરવામાં આવે છે ? (કરવામાં) આવે છે કે નથી કરવામાં આવતું ? કે બસ, આમાં ને આમાં બધું પૂરું થઈ જાય છે ? આ જગ્યાએ મુમુક્ષુ જીવનું વજન

પહેલેથી હોવું જોઈએ. આ વાત છે. (જો આવું વજન ન હોય તો બાહ્ય ક્રિયામાં) જાણ્યે-અજાણ્યે પછી એમાં સંતોષ આવ્યા વગર રહે નહીં. કેમકે જીવ સમય અને શક્તિ તો વ્યતીત કરે જ છે, ખર્ચે જ છે. સમય અને શક્તિ ખર્ચવા છતાં હું કાંઈ કરતો નથી એમ એને ક્યારે લાગે ? કે જ્યારે એને પોતાની ખામી દેખાય ત્યારે. અંદર જવાતું નથી, હજી અંદર જવાતું નથી, હજી અંદર જવાતું નથી એ વાત એને ઊભી હોય તો એને સંતોષ ન પકડાય. નહીંતર યાંત્રિક ક્રિયા જેને કહેવામાં આવે છે કે, ભાઈ ! ચાલો આ સમય થયો, આપણે ઊઠીને આ કામ શરૂ કરી દ્યો, આ આપણે વાંચી લ્યો, આટલું સાંભળી લ્યો, ફલાણું અને કર્યું પણ ચાલો ! સ્વાધ્યાય કરે, પૂજા કરે, ભક્તિ કરે, કાંઈ દયા, દાન કરે, જે કાંઈ વિકલ્પ-વિચાર આવે પણ બધું ઉદયાધીનમાં જાય છે, ઉદયની ક્રિયામાં જાય છે. એ તમામ ઉદયથી છૂટો પડીને, પાછો વાળીને પોતાના સ્વરૂપમાં એકત્વ કરવું છે એ કામ કરવાનું છે અને ઈ એક જ કામ ખરેખર કરવાનું છે, એ નથી થતું એટલે આ બધું વચ્ચે થઈ જાય તો એની કોઈ કિંમત નથી એમ સીધેસીધું સ્પષ્ટ હોવું જોઈએ. નહીંતર ભૂલ થયા વિના રહે નહીં અને ભૂલ થઈ એટલે ખલાસ.

મુમુક્ષુ :- બીજા કરતા તો સારું છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાઘરા કરતા તો વાણિયા સારા ને ? પહેલો અક્ષર બન્નેનો સરખો છે. 'વા', 'વા'. એમ કાંઈ આપણાંથી વિચાર કરાય ? એ તો ગાળાગાળી રોજ (કરે). આપસમાં વાતો કરે ત્યારે ગાળાગાળીથી વાતો કરે આપણે એવું તો નથી કરતા ને ? ઈ તો નીચી દૃષ્ટિની વાત છે. નીચા-નીચ કક્ષાના કાર્યો સામે જોઈને પોતાની ઉચ્ચતા જોવી એ હીન કાર્ય છે, એ જ નીચ કાર્ય છે, એ નીચી દૃષ્ટિ છે, આત્માને નીચે લઈ જાય છે. ઊંચી દૃષ્ટિવાળો ઊંચે જુએ છે કે ઓ..હો...! અઢી દ્વીપની બહાર અત્યારે અસંખ્ય સમ્યક્દૃષ્ટિ તિર્યંચો છે ! ક્યાં ? જ્યાં આ સ્વયંભૂરમણ સમુદ્ર છે, આખરનો સૌથી મોટો છેલ્લો સમુદ્ર છે. અઢી દ્વીપની બહાર છે. પાછળ જતા... જતા... જતા... જંબુદ્વીપનો છેલ્લો સમુદ્ર (છે). એ સમ્યક્દૃષ્ટિ તિર્યંચો પણ અસંખ્ય છે. પછી એ સિવાય એમાં

પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકો પણ હોય છે. ઠીક ! મહાવિદેહમાં અનેક હજારો મુનિઓ અત્યારે વિચરે છે. જ્યાં તીર્થંકરો છે ત્યાં અનેક મુનિઓ વિચરે છે એ બધા પણ આપણા જેવા જીવો છે પણ મુનિદશાની અંદર, મહાપુરુષાર્થની અંદર પવિત્રદશામાં આવી ગયા છે, પંચપરમેષ્ઠીની દશામાં (આવી ગયા છે) અને ત્યાં હજારો કેવળીઓ થાય છે તો એના કરતાં તો હું સારો નથી ને ? એમ નહીં લેવાને બદલે આના કરતાં સારો છું એમ શું કરવા લે છે ? બન્ને જાતના જીવો છે. પોતાથી નીચેની ગુણવત્તાવાળા છે અને ઊંચેની ગુણવત્તાવાળા છે, તો જે નીચે જોવે છે ઈ નીચે જાશે અને જે ઊંચે જોવે છે ઈ ઊંચે જાશે. ક્યાં દૃષ્ટિ છે તે વિચારે પોતે ! (માટે) એવું તો કદી પણ વિચારવા જેવું નથી. 'બીજા કરતા હું સારો છું' એમાં અભિમાન થવા સિવાય બીજું શું થાશે ? એક નવો દુર્ગુણ ઊભો કર્યો. સારો ન રહ્યો, ઊલટો સારો હતો ઈ મટીને અભિમાન કરીને ખરાબ થયો. ક્યાં સારો રહ્યો ?

શું કરવા આ બધું વિચારવામાં આવે છે ? બીજાની સામે જોવા માટે વિચારવામાં આવે છે ? કે પોતાનું હિત કરવા માટે વિચારવામાં આવે છે ? શાસ્ત્ર સ્વાધ્યાયનો પહેલો શિસ્તનો નિયમ આ છે – Disciplineનો સિદ્ધાંત જેને કહેવામાં આવે કે એકાંતે શાસ્ત્ર સ્વાધ્યાય સ્વલક્ષે જ કર્તવ્ય છે, એમાં જરાપણ પરલક્ષ કર્તવ્ય નથી. ફલાણો આમ છે એ વાત પછી શાસ્ત્ર સ્વાધ્યાયની નથી રહેતી. પછી એ બીજાનો અધ્યાય શરૂ થઈ ગયો, શાસ્ત્રનો અધ્યાય ન રહ્યો, અધ્યયન ન રહ્યું. બીજાનું અધ્યયન થઈ ગયું.

હમણાં સમ્યક્ત્વ જયંતી ઉપર (એક વિદ્વાન) વાંચન કરતા હતા. (બીજા એક ભાઈએ) પૂછ્યું કે આ કોની વાત કરો છો ? આમ કરવું જોઈએ, આમ થવું જોઈએ, આ કોની વાત કરો છો ? બહુ સરસ જવાબ આપ્યો હતો કે, આ હું મારી વાત કરું છું, તમારી નહીં, હોં ! શું કહ્યું એણે ? હું મારી વાત કરું છું. એમ શાસ્ત્ર વાંચનાર હોય કે સાંભળનાર હોય એણે પોતાના લક્ષે વિચારવાનું છે, કોઈના લક્ષે નહિ. દેખાવ એવો હોય કે વાંચન કરનાર જાણે બીજાને કહે છે કે બીજાને સંભળાવે છે પણ ઈ દેખાવમાત્ર છે. ખરેખર તો

એણે પોતાના માટે અધ્યયન કરવાનું છે. આ શાસ્ત્રની આજ્ઞા પણ છે અને શાસ્ત્રનો શિસ્તનો સિદ્ધાંત છે. એમ કહે ને કે, ભાઈ ! અહીંયાં બેસવું હોય તો અવાજ ન કરવો. સ્વાધ્યાયમાં બેસવું હોય તો આટલું શિસ્ત પાળવું જોઈએ કે ગડબડ કરીને અવાજ ન કરવો. એટલું શિસ્ત હોય છે ને ? શિસ્ત એટલે ઓછામાં ઓછું પાળવા જેવું. એમ આ ઓછામાં ઓછું પાળવા જેવું છે કે બીજા કરતા આમ (છું) ઈ વાત નહીં. મારે શું કરવાનું છે ? હું આટલું કરું છું એમાં મારી ક્ષતિ ક્યાં રહે છે ? મારે કેવી રીતે આગળ વધવાનું છે ? શું બાકી રહી જાય છે ? બસ ! આ એક દૃષ્ટિકોણથી શાસ્ત્ર સ્વાધ્યાય કરે તો આમાંથી ઘણું મળે એવું છે.

૯૯ બોલ. **'આ તો પંખીના મેળા જેવું છે.'** શું છે ? **'ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે.'** પછી એ કુટુંબ પરિવારના સભ્યો હોય કે મંડળના સભ્યો હોય કે બહારમાં સમાજના સભ્યો હોય, ગામના સભ્યો હોય દેશના (હોય એને) લોકો દેશવાસી કહે છે. અમે ગુજરાતી, અમે ભારતવાળા, અમે ભાવનગરના કે અમે ફલાણાં કુટુંબના, ફલાણાં કુળના, અમે ફલાણાં મંડળના, ફલાણી સંસ્થાના એ બધાં છૂટાં પડી જશે, કોઈ ક્યાંય ચાલ્યું જશે, કોઈ ક્યાં ચાલ્યું જશે, કોઈ ક્યાં ચાલ્યું જશે. વંટોળિયામાં તણખલા ક્યાંયના ક્યાં ઊડી ઊડીને પડે છે. હજારો તણખલા હોય, લાખો તણખલા હોય ક્યાંય ઊડી ઊડીને પડે છે. એમ આ સંસારનો વંટોળ ચાલે છે. કોઈ ક્યાંય ઊડીને પડે છે, કોઈ ક્યાંય ઊડીને પડે છે.

પ્રશ્ન :- મુમુક્ષુ ભેગા રહેશે ?

સમાધાન :- કોઈ નિયમ નથી. મુમુક્ષુને કાંઈ બધાંને એકસરખા પરિણામ હોતા નથી. એકસરખા પરિણામવાળા છે ? એક સરખી યોગ્યતાવાળા છે ? એવો કોઈ નિયમ નથી. સાથે રહે એવો કોઈ નિયમ નથી અને સાથે રહે તો એનો લાભ નથી. અત્યારે સાથે રહેવાનો લાભ નથી અને પછી પણ સાથે રહેવાનો કોઈ લાભ નથી. એથી કાંઈ લાભ નથી.

જેમ એક ઝાડ ઉપર અનેક પંખીઓ આવીને બેસે, જુદી જુદી જગ્યાએથી આવીને (બેસે) એમ અનેક જગ્યાએથી જુદાં જુદાં જીવોનો સંયોગ થયો છે. એ

સંયોગની અંદર કાંઈ મમત્વ કરવા જેવું નથી એમ કહેવું છે. **'આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે.'** (આ) નિયમબદ્ધ વાત છે. કોઈ સાથે રહે છે એવું બનતું નથી. વસ્તુસ્થિતિ જ આ છે. એટલે એમ કહે છે કે આ બધા સંયોગ માત્ર અનિત્ય છે. જે અનિત્ય છે, કાયમ નથી એમાં કાયમપણું રાખીને, રસ લઈને તું દુઃખ સિવાય બીજું કોઈ ફળ મેળવી શકીશ નહીં. એનું ફળ દુઃખ સિવાય બીજું કાંઈ મળશે નહીં.

**'આત્મા એક શાશ્વત છે,...'** બસ ! આ એક બહુ (મોટો) અવલંબનનો વિષય છે. **'આત્મા એક શાશ્વત છે, બીજું બધું અધ્રુવ છે; વિંખાઈ જશે.'** આના ઉપર 'પ્રવચનસાર'ની અંદર બહુ સારો પેટા અધિકાર ચાલ્યો છે. 'પ્રવચનસાર'ની અંદર ૧૯૨મી ગાથા તો એ વિષયમાં બહુ પ્રસિદ્ધ છે. ૧૯૨થી (વિષય) ચાલે છે **'હવે, ધ્રુવપણાને લીધે શુદ્ધ આત્મા ઉપલબ્ધ કરવાયોગ્ય છે...'** આ ગાથાનું મથાળું છે – 'ध्रुवत्वात्'. આત્મા ધ્રુવ એટલે શાશ્વત હોવાને લીધે એક આત્મા જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે અથવા એક શુદ્ધ ધ્રુવ આત્માનું જ અવલંબન લેવા યોગ્ય છે. આ આત્માને પોતાના આત્મા સિવાય બીજું બધું અધ્રુવ હોવાથી બીજું કાંઈ અવલંબન લેવા યોગ્ય નથી કે આધાર લેવા યોગ્ય નથી. ધ્રુવના આધારે સુખની ઉત્પત્તિ થાય છે. બહુ સરસ (ગાથા છે), આ ગાથા તો પ્રસિદ્ધ છે. આમાં (–મૂળ ગ્રંથમાં) તો કલર બદલીને લીલા રંગથી છાપી છે.

**'એ રીત દર્શન-જ્ઞાન છે, ઇંદ્રિય-અતીત મહાર્થ છે, માનું હું–આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે.'** (એ મૂળ ગાથા છે). (ટીકા) :– **'શુદ્ધ આત્મા સત્ અને અહેતુક હોવાને લીધે અનાદિ-અનંત...'** એટલે શાશ્વત **'અને સ્વતઃસિદ્ધ છે તેથી આત્માને શુદ્ધ આત્મા જ ધ્રુવ છે,...'** અને આત્માને પોતાનો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. આ આખી ગાથામાં આચાર્યદેવે એવી સરસ ટીકા કરી છે કે, એકલું ભેદવિજ્ઞાન કરાવ્યું છે. વિશેષણો આત્માના લઈને જ્ઞાનથી જ બધું ભેદવિજ્ઞાન કરાવ્યું છે. એક એક બોલમાં જ્ઞાનથી ભેદવિજ્ઞાન કરાવેલું છે.

બીજી ગાથા એ લીધી છે કે, **'લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે ! જીવને નથી કંઈ ધ્રુવ,...'** જીવને કાંઈ ધ્રુવ નથી **'ધ્રુવ ઉપયોગ-આત્મક

**જીવ છે.'** **'धुवोवओगप्पगो अप्पा'** ધ્રુવ ઉપયોગાત્મક **'अप्पा'** (એટલે) આત્મા. એક આત્મા જ જે ધ્રુવ છે, ઉપયોગાત્મક આત્મા છે એ એક જ ધ્રુવ છે અને તેથી એ એક જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે. આ બધાને અધ્રુવ જાણીને એક ધ્રુવ ઉપર લક્ષ જાય છે કે આ ધ્રુવ આત્મા જ અવલંબન લેવા યોગ્ય છે.

આ બે ગાથા – ૧૯૨ અને ૧૯૩ ગાથા શુદ્ધ આત્માની ઉપલબ્ધિની ગાથા છે અને એની અંદર આ 'જ્ઞાન તે હું' (એમ કહીને) કેવી રીતે અવલંબન લેવું એની વિધિ આપી છે. 'આ જ્ઞાન તે હું' એમ શુદ્ધ આત્માનું, ધ્રુવ આત્માનું અવલંબન લેવું.

૧૯૧માં એ વાત લીધી છે. અધિકાર ત્યાંથી શરૂ થાય છે કે 'હું એક જ્ઞાન છું, જ્ઞાનમાત્ર હું છું' એમ ધ્યાવે છે એટલે અવલંબન લે છે એ આત્મા શુદ્ધ થાય છે. તે આત્મા શુદ્ધ (થાય છે), તે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરે છે એમાં આ વિધિ લીધી છે.

**'शुद्धज्ञानमेवैकमहम्'** ટીકામાં એનું આટલું સંસ્કૃત છે. **'शुद्धज्ञानमेवैकमहम्'** હું માત્ર એક શુદ્ધ જ્ઞાન સ્વરૂપે છું. પર સાથેનો સ્વસ્વામી સંબંધ 'ખંખેરી નાખીને' આવો શબ્દ વાપર્યો છે. કેવી રીતે હું શુદ્ધ જ્ઞાન છું એમ લેવું ? કે સમસ્ત પર સાથેનો સંબંધ **'ખંખેરી નાખીને શુદ્ધ જ્ઞાન જ એક હું છું'... એમ આત્માને જ આત્માપણે ગ્રહીને...'** જે એકાગ્રચિંતાનિરોધક, એવું એકાગ્રચિંતાનિરોધના સમયે ખરેખર થાય છે તે શુદ્ધાત્મા હોય છે અને તેને શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. સીધેસીધી શુદ્ધાત્માની પ્રાપ્તિની વાત આ ૧૯૧માં લીધી છે.

મુમુક્ષુ :- લૂંટાઈ જાય ત્યારે ખંખેરી નાખે તો બધું.

પૂજ્ય ભાઈશ્રી :- લૂંટાઈ જાય ત્યારે આત્મામાંથી શું જાશે ? આત્મામાંથી શું જાશે ? એક ગુણ ઓછો થાશે ? કોઈ એક ગુણ લૂંટાશે ? કોઈ એક પ્રદેશ લૂંટાશે ? અનંતકાળમાં અનંત કુટુંબો અને અનંત સંયોગો પૂર્વકર્મને લઈને આવ્યા, ઈ બધા પાછા લૂંટાઈ ગયા. શું થયું ? અત્યારે આપણા આત્મામાંથી શું ગયું ? કાંઈ લૂંટાઈ ગયું ? ઈ તો બધું લૂંટાઈ ગયું. આત્મામાંથી શું લૂંટાણું ? ક્યાંથી લૂંટાય છે પણ ? તારામાંથી કાંઈ લૂંટાય છે ? આ તપાસ કરવી.

એમાં એવું છે કે આ સ્વના ગ્રહણમાં પરનો ત્યાગ છે. આમ તો લોકો ત્યાગ તો કરી નાખે છે એટલે કાંઈ મમતા નથી છૂટી જાતી. બાહ્યત્યાગ તો ઘણાએ કર્યો (અને) આ આત્માએ પણ અનેકવાર કર્યો, પણ છતાંય તે પોતાના સ્વરૂપ અસ્તિત્વનું શ્રદ્ધાથી શ્રદ્ધા વડે ગ્રહણ થાય, જ્ઞાનથી એનો અભેદ અનુભવ થાય ત્યારે એને ખરેખર પહેલાં પરમાં હુંપણાનો અધ્યાસ છૂટે છે. અધ્યાસનો ત્યાગ થાય પછી ત્યાગ ખરેખરો શરૂ થાય છે. અધ્યાસ ઊભો રહે – પરમાં હુંપણાનો અધ્યાસ અને ભ્રમ ઊભો રહે અને બહારમાં પરપદાર્થોનો ત્યાગ કરે તો એ કહેવાતો ત્યાગ ખરેખર ત્યાગપણું પામતો નથી. ઈ મમત્વ છૂટતું નથી. એટલે ઓળખવાની વાત પહેલાં છે. એટલે આત્માને ઓળખીને જો અધ્યાસ છૂટે તો કામ યથાર્થ થાય છે, સમ્યક્ પ્રકારે કામ થાય છે.

મમત્વ નથી છૂટતું એનું કારણ શું ? કે અધ્યાસ છૂટતો નથી. એ વખતે જાગૃત્તિ નથી. જ્યારે મમત્વ કરે છે ત્યારે જાગૃત્તિ નથી કે, આ હું મમત્વ કરું છું પણ મારે શું ? ખરેખર જ્યાં જ્યાં મમત્વ થાય છે ત્યાં મારે શું ? એટલો વિચાર પણ ઈ વખતે જાગૃતિથી કરે છે ? શાસ્ત્ર વાંચે ત્યારે એવો વિચાર કરે કે આ કુટુંબ જુદું છે, આ બધું વિંખાઈ જવાનું છે, બધું વિંખાઈ જવાનું છે. પણ જ્યારે મમત્વ થાય ત્યારે એનું જ્ઞાન હાજર થાય, એની સમજણ હાજર થાય તો એ સમજણને ઉદયમાં લાગુ કરવા માગે છે. તો એ ઉદયથી વિરુદ્ધ પડવા માગે છે. ઉદય મમત્વ કરવાનો છે, એ ઉદયને તોડવા માગે છે કે નહીં ? ઉદયથી વિરુદ્ધ જવા માગે છે કે નહીં ? કે ઉદયની સાથે ને સાથે તણાય છે ? આટલો સવાલ છે. (આટલી જાગૃતિ ઉદય પ્રસંગે રાખે) તો (ભમત્વ) તૂટે. એટલે એણે ચાલતા ઉદયના કાળે બરાબર સમજણને લાગુ કરવાનો પ્રયોગ કરવો જોઈએ. પ્રયોગની Practice કર્યા વિના, વારંવાર પ્રયોગ કર્યા વિના આ વાત અંદર ઊતરશે નહીં, બહાર ને બહાર રહી જશે અંદર નહીં ઊતરે.

મુમુક્ષુ :- મૂળ છેદવામાં કુહાડાના ઘા ચાલુ રહેવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચાલુ જ રહેવા જોઈએ. આ મોટો કુહાડો છે.

વિશેષ લઈશું.

'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.' ૧૦૦.

તા. ૦૧-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૦
પ્રવચન નં. ૭૯

૧૦૦ નંબરનો બોલ છે. ૩૪ પાનું. ૧૦૦ નંબરનો બોલ છે. બોલનો વિષય છે – દ્રવ્યદૃષ્ટિનો. દ્રવ્યદૃષ્ટિનો ભાવ કેવો હોય છે ? નિર્વિકલ્પ દ્રવ્યદૃષ્ટિ છે એને વિકલ્પપૂર્વક શબ્દથી કહેતાં થોડી વિકૃત્તિ આવે છે. દ્રવ્યદૃષ્ટિ સ્વયં નિર્વિકલ્પ છે. કહેવામાં તો સ્થૂળ વિકલ્પપૂર્વક કથન થઈ શકે છે. સ્થૂળ વિકલ્પ વિના કથન આવવાનું સીધું નિમિત્ત પણ નથી. કથન એટલે પુદ્ગલ પરિણામની ભાષાવર્ગણાની રચના એને નિમિત્ત વિકલ્પ છે અને વિકલ્પાત્મક જ્ઞાન છે. જ્યારે જે દ્રવ્યદૃષ્ટિ છે એ તો સ્વયં નિર્વિકલ્પ છે. આમ નિર્વિકલ્પ પરિણમનને સવિકલ્પ, સ્થૂળ સવિકલ્પ(ની) સ્થિતિમાં આવીને એ પૂર્વક જે કથન નીકળે ત્યારે જે વાચ્ય છે એ યત્‌કિંચિત્‌માત્ર આંશિકરૂપે થોડું બહાર આવે છે.

(આ બોલમાં) જે અવતરણ ચિહ્નમાં પહેલાં શબ્દો છે એ દ્રવ્યદૃષ્ટિના પરિણમનને બતાવનારા છે, દર્શાવનારા છે. '**હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે.**' શું કહેવું છે ? કે અનાદિ અનંત હું નિત્ય છું એમ કહેવામાં હું બંધાયેલો નથી એમ કહેવું છે. હવે જો અનાદિથી બંધાયેલો ન હોય તો એને મુક્ત કહેવાનો પણ ખરેખર તો અવસર આવતો નથી. કેમકે મુક્તપણું બંધની અપેક્ષા રાખે છે. કોઈ જેલમાંથી છૂટે એને જેલમાંથી છૂટા થયાના અભિવાદન દેવાય. Congratulation આપે છે ને ? કે ચાલો તમે છૂટા થઈ ગયા, બહુ સારું થયું. પરંતુ જે જેલમાં ન ગયા હોય એને છૂટા થવાનું અભિવાદન દેવા જવામાં તો મુશ્કેલી ઊભી થાય, કેમકે એમાં તો એણે ગુનો કર્યો હતો એ સાબિત થઈ ગયું, જેલવાસ ભોગવ્યો'તો એ સાબિત થયું. અહીંયાં દ્રવ્યને એટલી વાત લાગુ પડતી નથી પણ સમજાવવા માટે બીજો ઉપાય નથી.

અનાદિથી અવસ્થામાં બંધ અવસ્થા છે એ બંધ અવસ્થાની પ્રતિપક્ષભૂત સ્વભાવની સ્થિતિ છે એમ બતાવવું છે. અનાદિથી જે અવસ્થામાં ભાવે અને દ્રવ્યે બંધપણું છે; અવસ્થામાં દ્રવ્યે દ્રવ્યકર્મ અને નોકર્મનું બંધન છે અને ભાવે ભાવકર્મનું બંધન છે. એ ત્રણે બંધનથી પ્રતિપક્ષભૂત સ્વભાવની – દ્રવ્યસ્વરૂપની સ્થિતિ છે એ બતાવવા માટે એમ કહેવું પડે છે કે હું મુક્ત છું. ખરેખર તો દૃષ્ટિના વિષયભૂત આત્મદ્રવ્યને મુક્ત કહેવું એ તો એને એક લાંછન લગાડવા જેવું છે.

'સોગાનીજી'એ એ વાત કરી છે કે 'મુઝે મુક્ત કહના વહ તો મુઝે ગાલી દેના બરાબર હૈ.' એવા શબ્દો વાપર્યા છે. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના ત્રીજા ભાગમાં ૬૪૫ બોલ છે એમાં આ વાત છે. દ્રવ્યને મુક્ત કહેવું અથવા મુક્તિની પર્યાય – સિદ્ધ અવસ્થા જેવી પ્રગટ થાય છે એવું દ્રવ્ય છે એમ ઓળખાવવું, એ પણ એની નાનપ છે, એની હીણપત છે. એવી રીતે વાત કરી છે. કેમકે એ તો એનાથી અનંતગુણ મહાન છે. એ તો એક સમયની સિદ્ધ પર્યાયથી અનંતગુણ મહાન છે. એનાથી એને ઓળખાવવું ? પણ ઓળખાવાનો બીજો ઉપાય નથી

એટલે મુક્ત અવસ્થાના પ્રગટ ભાવ ઉપરથી સદશ સ્વભાવે રહેલું જે આત્મદ્રવ્ય એનો પરિચય કરાવવો પડે છે, એની ઓળખાણ આપવી પડે છે, બીજો ઉપાય નથી એટલે. એટલે અહીંયાં એટલી વાત લીધી છે પણ કહેનારને એ વાત ખ્યાલમાં છે કે જેને પોતાનો સ્વાનુભવ થયો છે એણે તો પોતાનો આત્મા દૃષ્ટિમાં અને જ્ઞાનમાં બંધ-મોક્ષ રહિત જ જોયો છે. બંધ રહિત અને મોક્ષ સહિત જોયો છે એમ પણ નથી, પણ સમજાવવાની શૈલી તો અનેક પ્રકારે થાય એમાંથી આ એક કહેવાની શૈલી છે.

મુમુક્ષુ :- આ મુક્તિને ગાળ દેવા બરાબર છે કહીને વીતરાગતા સાબિત કરી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વીતરાગતા સાબિત કરવી છે એટલે પ્રગટ વીતરાગતા ઉપરથી અવ્યક્ત, અપ્રગટ વીતરાગતાને બતાવવા માટે એમ કહેવાય છે. પણ પ્રગટ વીતરાગતા નાની છે અને દ્રવ્ય એનાથી મોટું છે, એ વાત તો લક્ષમાં રાખવી જ જોઈએ. તો નાનાથી મોટાની ઓળખાણ કરાવવી એ વ્યાજબી છે ? કે મોટાથી નાનાની ઓળખાણ કરાવવી એ વ્યાજબી છે ? પિતાથી પુત્રની ઓળખાણ કરાવવામાં આવે તો ઠીક છે કે ભાઈ ! આ તો ફલાણાં ફલાણાં મહાન વ્યક્તિ હતી, મોટા માણસ હતા એના દીકરા છે એમ કહેવાય. પણ દીકરાથી બાપની ઓળખાણ કરાવવી પડે તો થોડું અનુચિત છે. એમ અહીંયાં કહેવું છે.

પર્યાય તો નાનું તત્ત્વ છે, નાનો અંશ છે, નાનો વિભાગ છે, ક્ષણિકભાવ છે. દ્રવ્ય ત્રિકાળી અંશ છે અને એનાથી અનંતગુણ મહાન છે. એક સમયની સિદ્ધ પર્યાયથી અનંતગુણ મહાન છે તો એનાથી એની ઓળખાણ શું આપવી ? પણ બીજો ઉપાય પણ નથી. જગતના તો કોઈ પદાર્થ સાથે એની ઉપમા આપી શકાતી નથી એવું અનુપમ દ્રવ્ય છે તો કોની સાથે સરખામણી કરવી ? કે જેવો સ્વભાવ છે એવી એની ને એની પરિપૂર્ણ શુદ્ધ પર્યાય હોય (તો) બહુ બહુ તો એનાથી બતાવી શકાય. તોપણ એમ સાથે રાખીને કહે કે, એના કરતાં તો અનંતગુણ છે. હવે કોઈ રીતે સમજાય તો સમજાય, ન સમજાય તો એનો બીજો ઉપાય નથી.

**'હું અનાદિ-અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં...'** અથવા સર્વથા મુક્ત, સર્વથા શુદ્ધ (દ્રવ્ય પર દૃષ્ટિ દેતાં). પણ શુદ્ધ કહેતાં પણ અશુદ્ધતાની અપેક્ષા આવે છે, મુક્ત કહેતાં બંધની અપેક્ષા આવે છે. એના કોઈપણ ગુણથી કહેવા જતા એના અવગુણનો પ્રતિપક્ષ સામે ઊભો થાય છે કે 'આવા અવગુણ રહિતનો ગુણ' એમ કહેવું પડે છે. અવગુણનો પરિચય છે. રાગનો પરિચય છે તો કહે કે રાગરહિત વીતરાગ સ્વભાવ છે. બંધનો પરિચય છે, અટકે છે, અન્ય અન્ય પદાર્થમાં ભાવથી – ઉપયોગથી અટકે છે તે ભાવબંધ છે, પોતાનો ભાવ અન્ય દ્રવ્યને વિશે પ્રતિબદ્ધ થાય છે તે ભાવબંધ છે એનાથી વિરુદ્ધ તે મુક્તપણું. એમ શ્રુતજ્ઞાનમાં એક પક્ષથી એના ઊલટા પક્ષને સમજવાનું સામર્થ્ય રહેલું હોવાને લીધે એવી રીતે ઓળખાણ કરાવવી પડે છે. સુખ કોને કહેવું ? કે, દુઃખનો અભાવ તે સુખ. બીજું તો સુખને કહેવાનો, આત્મિક સુખને વર્ણન કરવાનો તો કોઈ ઉપાય નથી, કોઈ એના બરાબર પદાર્થ નથી.

અહીંયાં જે સમજાવવું છે એ દૃષ્ટિ દેવાની વાત છે. 'હું છું' (એમ) પોતાની સત્તાનું ગ્રહનારું શ્રદ્ધાન એને દ્રવ્યદૃષ્ટિ કહેવામાં આવે છે. એ ફક્ત પોતાની હયાતીને, પોતાની મોજૂદગીને શ્રદ્ધે છે. તે સમ્યક્ શ્રદ્ધાન છે, સમ્યક્ શ્રદ્ધાનનું આટલું કાર્ય છે. પછી અનાદિઅનંત મુક્ત (કહે છે) એ બધો જ્ઞાનનો વિષય છે. શ્રદ્ધાનનો એટલો બધો વિષય નથી. શ્રદ્ધાનો વિષય તો શુદ્ધ અસ્તિત્વ, શુદ્ધ અસ્તિકાય, જીવાસ્તિકાય, શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધ નિજ જીવાસ્તિકાય એટલો જ શ્રદ્ધાનો વિષય છે. આથી શ્રદ્ધાનો વિષય બીજો નથી.

દ્રવ્યદૃષ્ટિના અનેક બોલ આ ગ્રંથને વિશે છે અને 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' તો (આ) એક જ શૈલીનો મુખ્યપણે (ગ્રંથ છે). બીજા થોડા બોલ છે પણ મુખ્યપણે એ એક જ શૈલીને પ્રદર્શિત કરતો આખો ગ્રંથ છે. દૃષ્ટિનું પરિણમન જ્ઞાનના પરિણમન કરતાં સૂક્ષ્મ છે. જ્ઞાનગુણનું પરિણમન સ્વ-પરપ્રકાશકપણું હોવાને લીધે જ્ઞાનમાં સમજાય છે. જ્ઞાનને પોતાનું પરિણમન પણ વેદનગોચરપણાને લીધે, અનુભવગોચરપણાને લીધે પણ સમજાય છે. જ્યારે દૃષ્ટિનું પરિણમન સમજાતું નથી. એ થોડું સૂક્ષ્મ પણ છે અને મિથ્યાત્વ અવસ્થામાં દૃષ્ટિના પરિણમનને સમજવા

માટે જ્ઞાનને એટલું સામર્થ્ય નથી કે એ સમજી શકે. પછી સ્થૂળ શ્રદ્ધાન ઉપરથી પકડાવે છે કે જો તને ઊલટી શ્રદ્ધા છે. 'રાગ તે હું' એમ રાગમાં અસ્તિત્વ મનાય છે, જો તારા માનવાના ભાવને, શ્રદ્ધવાના ભાવને. 'શરીર તે હું', 'દેહ તે હું' એમ શરીરમાં પોતાપણાની શ્રદ્ધા થાય છે. એમ જરા શ્રદ્ધાને તપાસ તો તને ઊંધું શ્રદ્ધાન સમજાશે. આ તો હજી શ્રદ્ધાનને ને શ્રદ્ધાનને – ઊંધા શ્રદ્ધાનને પકડવામાં પણ એને જરા મુશ્કેલ પડે એવું છે. સવળું શ્રદ્ધાન એટલે સમ્યક્દષ્ટિપણું, સમ્યક્ શ્રદ્ધાનપણું એ તે ઘણું સૂક્ષ્મ છે.

'પંચાધ્યાયી'કાર તો એમ કહે છે કે 'भाषाम् अगोचरम्' (અર્થાત્) ભાષાને અગોચર છે. જ્ઞાનથી એને સમજાવવું પડે છે. એટલે એમણે એટલો બધો વિસ્તાર કર્યો છે કે અવિનાભાવી જે જ્ઞાનના પર્યાયો અને બીજા ગુણના પર્યાયો (છે) તે દ્વારા સમ્યક્ શ્રદ્ધાનને સમજાવીએ છીએ. બાકી તો એને કહેવા જ કોઈ સમર્થ નથી. જો એને કહેવા કોઈ સમર્થ નથી તો સાંભળવા પણ કોઈ સમર્થ નથી. સાંભળીને સમજવા પણ કોઈ સમર્થ નથી. ત્યાં એ વાત લીધી છે કોઈ સમર્થ નથી એમાં સર્વજ્ઞ આવી ગયા, હોં ! દિવ્યધ્વનિ આવી ગઈ. 'કોઈ (સમર્થ) નથી' એનો અર્થ શું ? કે જેને વાણીનો યોગ છે તે કોઈ સમર્થ નથી.

એમને તો એમ જ કહેવું છે કે આ સમ્યક્ત્વગુણ છે તે ભાષાને અગોચર ગુણ છે, ભાષાગોચર ગુણ નથી. જેમ અનંત ગુણ ભાષામાં આવતા નથી એમ સમ્યક્ત્વગુણ પણ ભાષામાં આવતો નથી એમ કહેવું છે. એનો (એક વિદ્વાને) દુરુપયોગ કર્યો. (એમણે) જે પત્રવ્યવહાર કર્યો અને જાહેર થયો એમાં એ વાત કરી કે 'કાનજીસ્વામી' એમ કહે છે કે 'બહેનશ્રી'ને સમ્યક્દર્શન છે પણ સમ્યક્ત્વ ગુણ જણાતો નથી એમ 'પંચાધ્યાયી'માં કહે છે. પણ 'પંચાધ્યાયી'માં એમ નથી કહેતા કે જણાતો નથી, કહેવાતો નથી એમ કહે છે. એ વાત ખોટી છે કે સમ્યક્ત્વ ગુણ જણાતો નથી. સમ્યક્ત્વ પરિણમન પોતાનું પોતાના સમ્યક્જ્ઞાનમાં જણાય છે અને બીજાનું પણ પોતાના સમ્યક્જ્ઞાનમાં જણાય છે. ત્યાં તો 'वक्तुं श्रोतुं' એમ વાત છે. કહેવા અને સાંભળવાને કોઈ સમર્થ નથી એટલી વાત છે. છે, મૂળ શ્લોક છે.

'પંચાધ્યાયી' દ્રવ્યાનુયોગનો બહુ સૂક્ષ્મ ગ્રંથ છે. ૪૦૦ નંબરની ગાથા છે. 'પંચાધ્યાયી' બીજો ભાગ – ઉત્તરાર્ધની ૪૦૦ નંબરની ગાથા છે. 'सम्यक्त्वं वस्तुतः सूक्ष्म...' સમ્યક્ છે એ 'वस्तुतः सूक्ष्ममस्ति वाचामगोचरम्' વાચાને અગોચર છે જ્ઞાન અગોચર છે એવું નથી કહ્યું. એણે (–પેલા વિદ્વાને) ત્યાં એ ઠપકારી દીધું છે. 'तस्माद्वक्तुं च श्रोतुं च' તેથી 'वक्तुं' એટલે કહેવું અને 'श्रोतुं' એટલે સાંભળવું. 'नाधिकारी विधिक्रमात्' કોઈ એનો અધિકારી નથી. ખાસ કરીને એ સમ્યક્ત્વને કહેવા માટે કોઈ અધિકારી નથી, સાંભળવા માટે કોઈ અધિકારી નથી. પણ જ્ઞાનને કોઈ અધિકારી નથી એવી વાત આ ગાથામાં કહી નથી. લોકો ભૂલમાં પડે એવું છે. વાહ ! આવા મોટા પંડિત છે, 'પંચાધ્યાયી'નો આધાર આપે છે, પણ ભાઈ ! એણે ગપ્પો મારી દીધો છે. એવી પોલ ચાલે એવું નથી.

વાસ્તવમાં સમ્યક્ત્વ સૂક્ષ્મ છે, વચનોથી અગોચર છે તેથી કોઈ પણ જીવ તેને (કહેવા સમર્થ નથી). કોઈ પણ જીવ એવું લીધું છે. તેને વિધિપૂર્વક કહેવા તથા સાંભળવાનો અધિકારી નથી. અને તેથી જ્ઞાન દ્વારા એને કહેવામાં આવે છે, એ વિષય અહીંયાં શાસ્ત્રકાર શરૂ કરે છે. પછી એ વાત લીધી છે કે શુદ્ધ ઉપયોગમાં શું હોય છે ? સવિકલ્પ ઉપયોગમાં કેમ હોય છે ? સ્વાનુભૂતિને સમ્યક્દર્શન સાથે કેટલો સંબંધ છે ? સમવ્યાપ્તિ છે, વિષમવ્યાપ્તિ છે એ બધી ચર્ચા એમણે ખૂબ કરી છે.

અહીંયાં તો દૃષ્ટિ દેવી – આત્મા ઉપર – ત્રિકાળી તત્ત્વ ઉપર, ધ્રુવ તત્ત્વ ઉપર, જ્ઞાયક તત્ત્વ ઉપર દૃષ્ટિ દેવી. એ દૃષ્ટિ દીધા વિના પર્યાયમાં શુદ્ધતા ક્યારેય પ્રગટતી નથી. મોક્ષમાર્ગને વિશે અથવા ધર્મને વિશે પર્યાયની શુદ્ધિનું પ્રયોજન છે. ધર્મનો અર્થ કે પરિણમનમાંથી અશુદ્ધિ અને અવગુણનો નાશ કરવો અને શુદ્ધિ અને સદ્‌ગુણને પ્રગટ કરવા. આનું નામ ધર્મ છે. એમાં મુખ્ય પાયાની વાત આ છે કે આ જીવનું શ્રદ્ધાન જ્યાં સુધી વિપરીત હોય ત્યાં સુધી એના સમ્યક્ પ્રકારે ગુણ પ્રગટ થતાં નથી અને સમ્યક્ પ્રકારે એના દોષનો મૂળમાંથી અભાવ થવાની શરૂઆત પણ થતી નથી. આ પાયાની વાત છે.

જીવ નામના પદાર્થના વિજ્ઞાનનો આ વિષય છે કે એના અનંતગુણ માંહેનો

એક શ્રદ્ધાગુણ છે, એ શ્રદ્ધાગુણ સવળો થયા વિના, શુદ્ધ પરિણમન થયા વિના, જ્ઞાન સવળું હોય નહીં, આચરણ સવળું હોય નહીં અને એના પરિણમનમાં પુરુષાર્થ સવળો હોય નહીં અને એના પરિણમનમાં દુઃખ મટીને સુખનો અંશ કદી પ્રગટ હોય નહીં. આ મુખ્ય ગુણોના બધા ગુણોનું આ પરિણમન ઊલટું જ રહે. ભલે શાસ્ત્રજ્ઞાન ગમે તેટલું હોય તોપણ એ જ્ઞાન સમ્યક્જ્ઞાન નથી, જ્યાં સુધી શ્રદ્ધાન સમ્યક્ થયું નથી ત્યાં સુધી. એટલે તો એને અસલી જ્ઞાન કહ્યું નથી, એ અસલ જ્ઞાન નથી. સમ્યક્જ્ઞાન તે અસલ જ્ઞાન છે અથવા સ્વભાવની જાતિનું જ્ઞાન છે અને બાકીનું જ્ઞાન છે એ સ્વભાવજાતિનું જ્ઞાન નથી. ભલે શાસ્ત્રને અનુકૂળ હોય તોપણ.

કોઈ એમ કહે કે, પણ એ વાત શાસ્ત્રથી વિપરીત ક્યાં છે ? શાસ્ત્રમાં કહે છે એમ જ ભલે કહે છે. ભલે એને અનુભવ નથી પણ કહે છે તો શાસ્ત્ર કહે છે એમ જ કહે છે ને ? એ વાત પણ અહીંયાં સંમત કરવામાં આવતી નથી. આવી વાત છે. એના જ્ઞાનને માન્ય નથી કરતાં. ઠીક ! એ માનવા લાયક નથી, એનું જ્ઞાન માન્ય કરવા યોગ્ય નથી. ખરેખર તો એમ વાત છે. શાસ્ત્રથી પ્રતિકૂળ કહે એવું જ્ઞાન હોય એની તો અહીંયાં ચર્ચા કરવાનો જ કોઈ Class નથી. અહીંયાં એનું કોઈ સ્થાન નથી. પણ શાસ્ત્રને અનુકૂળ કહેવાય તોપણ એ જ્ઞાન બરાબર છે ? કે સમ્યક્દર્શન સહિત હોય તો, જો એની દૃષ્ટિ બરાબર હોય તો (બરાબર છે). માણસ નથી કહેતા કે તમારા વખાણ કરીને કોઈ તમને ફસાવે તો તમારે ફસાવું નહીં. આમ કહે છે ને ? તો એનો અર્થ શું ? કે વખાણ કરનારની દૃષ્ટિ વિપરીત છે. પ્રવૃત્તિ ભલે વિપરીત નથી દેખાતી. વખાણ કરવાની પ્રવૃત્તિ તો અનુકૂળ છે સારી લાગે એવી છે પણ અંદર દૃષ્ટિ (વિપરીત છે). દૃષ્ટિ એટલે આશય. અભિપ્રાયને અને દૃષ્ટિને સીધો સંબંધ છે. જેવો અભિપ્રાય એવી દૃષ્ટિ, દૃષ્ટિ એવો અભિપ્રાય. એ બે અવિનાભાવી છે. એટલે દૃષ્ટિ ન સમજાય એને અભિપ્રાય સમજાવવામાં આવે છે કે જો ભાઈ ! એનો અભિપ્રાય બરાબર નથી, વાત ભલે ગમે તેટલી અનુકૂળ કરે પણ અભિપ્રાય બરાબર નથી. માટે ચેતીને ચાલવું.

એમ જ્યાં સુધી જીવનો અભિપ્રાય રાગ ઉપાદેય છે, વિભાવ ઉપાદેય છે અથવા પુદ્ગલ પદાર્થની ઉપાદેયતા જેની દૃષ્ટિમાં અને અભિપ્રાયમાં પડી છે એનું જ્ઞાન ખરેખર વિપરીત અભિનિવેશ સહિતપણે હોવાને લીધે એ જ્ઞાનને માન્ય કરવામાં આવતું નથી. એ માનવા લાયક જ્ઞાન નથી રહેતું એનું કારણ આ છે.

એટલે એ પાયાની વાત થાય છે કે દ્રવ્ય ઉપર – આત્મદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા, જ્ઞાયકદ્રવ્ય ઉપર દૃષ્ટિ દેતા પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે, ત્યાંથી જ પર્યાયની શુદ્ધિની શરૂઆત થાય છે અને એ સિવાય પર્યાયની શુદ્ધિની શરૂઆત કોઈપણ પ્રકારે થતી નથી.

હવે એના ઉપર કેટલું વજન હોય ? દૃષ્ટિ દેનારને દ્રવ્ય ઉપર વજન કેટલું હોય ? કે, એને પુણ્યના ફળ સ્વરૂપ જે સંયોગો છે એના ઉપર એનું વજન ન હોય. આખા જગતનું વજન સંયોગિક અનુકૂળતાઓ ઉપર છે, એનું વજન એના ઉપર ન હોય. ત્યાંથી માંડીને શરૂઆત કરવી પડે છે. બીજું કે એ પુણ્યના ફળના કારણરૂપ જે પુણ્ય પરિણામ, શુભ પરિણામ એના ઉપર પણ એનું વજન ન હોય. ત્યાંથી માંડીને જ્ઞાનનો ક્ષયોપશમ હોય, ચારિત્રના ક્ષયોપશમમાં કષાયની મંદતા વગેરે થતી હોય, ભાવના વગેરે થતી હોય એના ઉપર એનું વજન ન હોય. ત્યાંથી આગળ ચાલીને એની ને એની પોતાની પ્રગટેલી શુદ્ધ પર્યાય, દ્રવ્યદૃષ્ટિ સ્વયં શુદ્ધ પર્યાય છે, સમ્યક્દૃષ્ટિપણું સ્વયં શુદ્ધ પર્યાય છે, દૃષ્ટિનું એના પોતાના ઉપર જ વજન નથી. દ્રવ્યદૃષ્ટિનું વજન દ્રવ્ય ઉપર એટલું છે કે એના પોતાના ઉપર એનું વજન નથી. નિશ્ચયનય ઉપર એનું વજન નથી પછી બીજા કોઈ નય ઉપર એનું વજન છે એ વાત કહેવાની જરૂર રહેતી નથી. આમ નયજ્ઞાનને આ સ્થાને મૂક્યું છે.

અહીંયાં થોડી એ વાત લેવી છે. અહીંયાં એક પડખું લીધું છે કે '**દ્રવ્ય તો મુક્ત છે,...**' દ્રવ્ય એટલે હું. દ્રવ્ય એટલે બીજું કોઈ નહીં. દ્રવ્ય એટલે હું. હું મુક્ત છું, અનાદિઅનંત મુક્ત છું એટલે કોઈ બંધન મને નથી અને અવસ્થામાં જે પરિપૂર્ણ મુક્તદશા – સિદ્ધદશા એ ઉત્પન્ન થવી હોય, (તે) '**પર્યાયને આવવું હોય...**' એટલે પર્યાયને ઉત્પન્ન થવું હોય, સિદ્ધપણું ઉત્પન્ન થવું હોય તો થાય.

એમ કહીને એની ઉપેક્ષા કરી નાખી છે. પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ કરી છે. વજન નથી એનો અર્થ શું છે ? કે ઉપેક્ષાવૃત્તિ છે. ઓળખવા માટે આ એક દ્રવ્યદૃષ્ટિનું ચિહ્ન છે. જેને કહી શકાતું નથી એને અનેક ચિહ્નોથી ઓળખાવે છે કે જો એના વજનમાં ફેર પડે છે. વજન આપે છે પુરુષાર્થગુણ (ઉપર) તો અહીંયાં પુરુષાર્થગુણથી વાત કરે છે. મુખ્યતા કરે છે જ્ઞાનગુણ તો એની વાત કરે છે, જ્ઞાનથી વાત કરે છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય એનું વજન ફરી જાય, એની મુખ્યતા ફરી જાય. ક્યાં સુધી ફરી જાય ? કે સિદ્ધ પર્યાય ઉપર પણ એનું વજન ન જાય.

કોઈ એમ કહે કે સમ્યક્દર્શન થયું છે એને તો સિદ્ધ પર્યાય પ્રગટી નથી, એક દલીલ આવે છે કે પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરેના ઉચ્ચ કોટીના શુભભાવનો નિષેધ કર્યો છે તો એ નિષેધ નીચેના ગુણસ્થાને કરવા યોગ્ય નથી. એવી એક દલીલ આવે છે કે તમને પંચ મહાવ્રત પાળવાની શક્તિ જ નથી એ પહેલાં તમે પંચ મહાવ્રતનો નિષેધ કરો તો તમને પંચમહાવ્રત પાળવાની શક્તિ ઉત્પન્ન ક્યાંથી થશે અને પંચમહાવ્રત પ્રગટ ક્યાંથી થશે ? મુનિદશા આવશે ક્યાંથી ? આવી એક દલીલ કરે છે. તો કહે (છે), તારે સાંભળવા જેવી વાત છે.

પંચ મહાવ્રત તો હજી રાગના પરિણામ છે, શુભરાગના પરિણામ છે, પણ સિદ્ધ પર્યાય તો પૂર્ણ શુદ્ધ પર્યાય છે કે નહીં ? આ એને એમ કહે છે કે આવવું હોય તો આવે. જેને આવવું હોય તો આવે અને મારે દરકાર નથી, એવી દૃષ્ટિ પ્રગટ થાય એને જ આવે બીજાને આવે નહીં. આ એનું વિજ્ઞાન છે પાછું. પર્યાયની અપેક્ષાવૃત્તિથી પર્યાય, શુદ્ધ પર્યાયની અપેક્ષાવૃત્તિથી શુદ્ધ પર્યાય પ્રગટ થતી નથી. આ શુદ્ધ પર્યાયના પ્રગટ થવાનો સિદ્ધાંત છે.

કોઈ એમ કહે કે ભાવના તો હોય છે કે અમને મુનિદશાની ભાવના થાવ, મુનિદશા થાવ. 'શ્રીમદ્જી'નું 'અપૂર્વ અવસર' ! અથવા અમને મુક્તિ પ્રગટ થાવ, પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટ થાવ. આ પૂર્ણ શુદ્ધતાનો ધ્યેયભૂત વિષય છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. આવું તો હોય છે. તો કહે (છે), તત્ સંબંધિત પુરુષાર્થના કાળે એવો વિકલ્પ હોય છે. પૂર્ણતાને પહોંચવાનો, પામવાનો જે પુરુષાર્થ (છે) એ પુરુષાર્થના કાળમાં જે નિર્બળતા (છે), એ નિર્બળતાવશ

ઉત્પન્ન થતો જે વિકલ્પ (છે) એમાં આવો વિકલ્પ થાય છે કે મારે પૂર્ણ થવું છે, મારે મુનિદશાની ભાવના છે. ત્યાં એટલી વાત બતાવવી છે. પણ એને ભાવના ત્યારે કહેવાય છે કે થોડો ઘણો પણ પુરુષાર્થ હોય તો. દૃષ્ટિ ઊંધી હોય અને માત્ર વિકલ્પ થાય એને ભાવના પણ કહેતા નથી. કેમકે એની દૃષ્ટિ ઊંધી છે. એના વિકલ્પને ભાવના શું કહેવી ? કે એને તો ભાવના પણ કહેતા નથી. એટલે જ્ઞાનદશામાં આવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે એને ભાવના કહેવાય છે, કેમકે પુરુષાર્થ સહિતપણું છે અને પુરુષાર્થ રહિત દશા હોય ત્યાં તો એને ભાવના એવો શબ્દ પણ લાગુ પડતો નથી. એ તો રાગ થાય છે અને વિકલ્પ થાય છે એમ કરીને એની કિંમત કાઢી નાખવામાં આવે છે.

પ્રશ્ન :- એટલી નિરાદરબુદ્ધિ થઈ ?

સમાધાન :- નિરાદરબુદ્ધિ એટલે દૃષ્ટિ જ ઊંધી છે એટલે દૃષ્ટિમાં તો રાગનો જ આદર છે અને પુદ્ગલનો જ આદર છે.

પ્રશ્ન :- સિદ્ધ પર્યાયની જે ઉપેક્ષા છે એને નિરાદર ગણવો ?

સમાધાન :- નિરાદર નથી પણ આદર ક્યાં છે ઈ તપાસો તો ખ્યાલ આવે. એ દશાને આદર ક્યાં છે ? એમ તપાસો તો ખ્યાલ આવે. પરિપૂર્ણ પરમાત્મતત્ત્વ છે, સર્વોત્કૃષ્ટ પદ છે એની સર્વથા આદરબુદ્ધિમાં એક સમયની પર્યાય છે એની ઉપેક્ષાવૃત્તિ છે. જુઓ ! રાગની ઉપેક્ષાવૃત્તિ અને શુદ્ધ પર્યાયની ઉપેક્ષાવૃત્તિ (એ) બેમાં ફેર છે. રાગમાં તો એના નાશનો અભિપ્રાય છે. શુદ્ધ પર્યાયમાં શુદ્ધતાના નાશનો અભિપ્રાય નથી. એટલો ફેર છે. જેમ પુણ્ય અને પાપમાં ફેર છે. એક તીવ્ર કષાય છે અને એક મંદ કષાય છે. એકમાં તીવ્ર અશુદ્ધિ છે, એકમાં મંદ અશુદ્ધિ છે તોપણ દ્રવ્યદૃષ્ટિએ - પરમાર્થની દૃષ્ટિએ બન્ને સકષાયભાવમાં જાય છે. અકષાયભાવની જાતિ નથી માટે સકષાયભાવમાં જાય છે. એ તો ભંગ-ભેદની અપેક્ષાથી શુદ્ધિની મંદતા અને તીવ્રતાનો આંક છે.

હવે શુદ્ધિ અને અશુદ્ધિ બેની વાત ચાલે. શુભાશુભભાવ અશુદ્ધ છે. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર શુદ્ધભાવ છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ (શું છે) ? તો કે એ બન્નેને એક ખાતામાં નાખો. મુક્તિમાં અને સંસારમાં ફેર નથી. કાલે રાત્રે

'નિયમસાર'ની ગાથા વાંચી હતી. 'નિયમસાર'નો કળશ (લીધેલો). મુક્તિમાં અને સંસારમાં શુદ્ધ નિશ્ચયનયથી કોઈ ફેર નથી. એનો અર્થ શું ? કે, શુદ્ધ નિશ્ચયનયનો વિષય જે દ્રવ્ય છે, જે દૃષ્ટિનો વિષય છે એજ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, એની અપેક્ષા લેવામાં આવે તો એ બન્ને પર્યાયો એનાથી બાહ્ય હોવાને લીધે એ એક જ સ્થાનમાં ગયા. અંતરમાં મારું પરમાત્મપદ અને મારા અંતરંગ પરમાત્મપદથી બાહ્ય સમસ્ત દશાઓ - શુદ્ધદશાઓ અને અશુદ્ધદશાઓ તો મારાથી બહાર (છે માટે) એ બધાનું એક જ સ્થાન (છે). જેમ પુદ્ગલ મારાથી બહાર છે, શુભાશુભ ભાવો મારાથી બહાર છે એમ શુદ્ધ ભાવ પણ મારાથી બહાર છે.

૩૮મી ગાથામાં એ કહ્યું કે, સમસ્ત નાશ પામવા યોગ્ય ભાવોથી હું પરમપારિણામિકભાવ અત્યંત દૂર છું. ત્યાં 'દૂર' શબ્દ લીધો છે. દૂર એટલે કોઈ ક્ષેત્રથી અંતર છે ? ક્ષેત્ર અપેક્ષાએ તો અસંખ્ય પ્રદેશમાં આત્મદ્રવ્ય, આત્મસ્વભાવ છે અને અસંખ્ય પ્રદેશમાં શુદ્ધ પર્યાય છે. તો (કહે છે), એ દ્રવ્યે ક્ષેત્રફેર નથી પણ ભાવના ક્ષેત્રમાં ફેર છે. જો ભાવના ક્ષેત્રમાં ફેર ન માનો તો એનો નાશ થાય તો આનો પણ નાશ થાય. નાશ થયો એમાં એનું ક્ષેત્ર રહી ગયું ? એ તો ગયું. એનો નાશ થાય તો આનો પણ નાશ થઈ જાય. માટે ભાવે એનું ક્ષેત્ર જુદું છે એમ કહેવામાં કોઈ દોષ નથી.

આપણે ત્યાં ક્ષેત્રનો તો વિવાદ ચાલી ગયો - ક્ષેત્ર ભિન્નતાનો ! ક્ષેત્ર ભિન્નતાનું કથન પણ આવે છે, પણ એ કથન ભાવપ્રધાનતાવાળું છે, એ કથન દ્રવ્યપ્રધાનતાવાળું નથી. દ્રવ્ય અને ભાવનો તફાવત સમજવો જોઈએ અથવા દ્રવ્યાનુયોગ અને અધ્યાત્મનો તફાવત અહીંયાં સમજવો જોઈએ. દ્રવ્યાનુયોગથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની જે સ્થિતિ છે, જે સૈદ્ધાંતિક સ્થિતિ છે તે ક્યારેય બદલતી નથી. એ વસ્તુની સ્થિતિ અનાદિઅનંત અફર છે. છતાં ભાવમાં વજન ઉઠાવવા માટે, પર્યાય ઉપરથી વજન ઉપાડી લેવા માટે પર્યાયના ક્ષેત્રથી દ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે એમ કહી શકાય છે. સમજીને કહેનારને જરા પણ દોષ નથી. આમ છે. એ બન્ને અપેક્ષાની વિવક્ષા શું છે ? ત્યાં શું કહેવા ધારે છે ? એ સમજવું

જોઈએ.

અહીંયાં દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવું હોય છે ? એને બતાવનારું એક પડખું કહ્યું છે. એને બતાવવાના પણ અનેક પડખાં છે. વિસ્તારમાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નું અધ્યયન કરી લેવું કે કેટલા પડખાંથી ત્યાં વાત લીધી છે. પણ અહીંયાં આ ગ્રંથમાં પણ અનેક પડખાં આવ્યા છે પણ એક બોલમાં કોઈ એક પડખું હોય, બીજા બોલમાં કોઈ બીજું પડખું હોય, ત્રીજા બોલમાં ત્રીજું પડખું હોય એવી રીતે છે.

**'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે...'** આવો એક બોલ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એમ છે કે, હું તો ધ્યેય સ્વરૂપ છું, ધ્યાનની પર્યાયને મારું ધ્યાન કરવું હોય તો કરે. પર્યાયમાં એક ધ્યાન નામની દશા થાય છે. ધ્યાન એટલે એકાગ્રતા. ઊલટી ધ્યાનની દશા, વિપરીત ધ્યાનની દશા હોય ત્યારે જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપ પરપદાર્થમાં એકાગ્ર થાય છે. તેને અપધ્યાન, માઠું ધ્યાન, ઊલટું ધ્યાન એમ કહેવામાં (આવે છે) અથવા આર્ત્ત-રૌદ્રધ્યાન એને કહેવામાં આવે છે. ધર્મધ્યાનને વિશે, ધર્મધ્યાનનો વિષય સ્વરૂપની એકાગ્રતાનો છે, શુક્લધ્યાનનો વિષય પણ ઉગ્રપણે સ્વરૂપની એકાગ્રતાનો છે. બન્ને એક જ છે પણ એકમાં મંદતા છે, એકમાં ઉગ્રતા છે. તો એવી જે ધ્યાનની દશા (છે) એને માટે પણ એમ કહ્યું કે ધ્યાનની દશાને મારું ધ્યાન કરવું હોય તો કરે, બાકી હું દશાનું ધ્યાન કરતો નથી, દશા મારું ધ્યાન કરે છે. હવે એમ કહેવા પાછળ સંકેત શું છે ? એમ કહેવા પાછળ ભાવ શું છે ? કે હું 'હુંપણું' દૃષ્ટિએ, શ્રદ્ધાએ મારા ત્રિકાળીમાં સ્થાપું છું, ધ્યાનની દશામાં નહીં, ધર્મ-ધ્યાનની દશામાં પણ નહીં. વિભાવની દશામાં તો 'હુંપણું' સ્થાપી રાખ્યું છે એ તદ્દન વિપરીત છે, પૂરેપૂરું સોએ સો ટકા વિપરીત છે પણ ધર્મધ્યાનવાળાને પણ ધર્મધ્યાનની અંદર એકાગ્રતા, મુખ્યતા કે શ્રદ્ધા હોતી નથી, શ્રદ્ધા નથી.

બહુ વિચિત્ર વાત છે. ધર્મને ધર્મની પર્યાયની શ્રદ્ધા નથી. ધર્મ પર્યાયને પોતાની શ્રદ્ધા નથી. ધર્મ પર્યાયને સ્વરૂપની શ્રદ્ધા છે, ઠીક ! કેવી વિચિત્ર વાત લાગે ? આમ તો કહે, ભાઈ ! ધર્મની શ્રદ્ધા છે કે નહીં ? તમે સમ્યક્દર્શન,

જ્ઞાન, ચારિત્રને ધર્મ માનો છો કે નહીં ? તો કહે (છે) એ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાનની વાત છે. જેને શ્રદ્ધા – સમ્યક્ શ્રદ્ધા કહીએ, ધર્મરૂપ શ્રદ્ધા કહીએ એ ધર્મરૂપ શ્રદ્ધા છે, પોતે જ ધર્મ સ્વરૂપે છે, એ પોતાને વિષય નથી કરતી. શ્રદ્ધા ન તો સ્વયંને પોતાને પોતે પર્યાયરૂપ હોવાથી પોતાને વિષય નથી કરતી, જ્ઞાનને વિષય નથી કરતી, ચારિત્રને વિષય નથી કરતી, કેવળજ્ઞાનને વિષય કરતી નથી, સુખને ભોગવતી નથી. એ એકલો ત્રિકાળી પિંડ છે એની સાથે લપેટ થઈને મળી જાય છે, બસ ! સ્વદ્રવ્ય સાથે નિર્વિકલ્પપણે શ્રદ્ધા ચોંટી જાય છે. એવી આંધળી થઈને રહે છે, છતાં એને અંધશ્રદ્ધા નથી, હોં ! કેમકે જ્ઞાન સમ્યક્ છે પણ એ તો એનો ગુણ એવો છે કે બીજાને ન જોવું. પોતાના નિજ પરમાત્મા સિવાય બીજાને જોવું નહીં, બીજાની સામે જોવું નહીં એવું એનું કાર્ય છે, એવી એની કાર્યપદ્ધતિ છે. એ શ્રદ્ધાગુણની કાર્યપદ્ધતિ સમજાવવા માટે દ્રવ્યદૃષ્ટિના અનેક બોલ શાસ્ત્રને વિશે આવે છે. આ ગ્રંથમાં પણ એના ઘણાં બોલ છે.

પ્રશ્ન :– પોતાનું અસ્તિત્વ ખોઈ બેસે છે ?

સમાધાન :– નહીં, અસ્તિત્વ ખોવે તો એનો નાશ થાય. વિષય ન કરે. અસ્તિત્વ એટલે હોવાપણું. તો શું શ્રદ્ધાનો નાશ થાય છે ? કે નહીં. શ્રદ્ધા પોતાને વિષય કરતી નથી. જોડે રહેલાં સમ્યક્જ્ઞાનને વિષય કરતી નથી, જોડે રહેલા સમ્યક્ ચારિત્રને સુખને, શાંતિને, આનંદને વિષય કરતી નથી. એ શ્રદ્ધાનો વિષય જ નથી એમ કહેવું છે. સમ્યક્ શ્રદ્ધા તે આવી શ્રદ્ધા હોય છે. ઊંધી શ્રદ્ધામાં આમ બને છે કે નહીં ? અત્યારે રાગની શ્રદ્ધા છે, પરની શ્રદ્ધા છે તો જ્ઞાન હયાત છે છતાં જ્ઞાનને સ્વીકારે છે ઈ ? ત્રિકાળી પરમાત્મા હયાત છે, મોજૂદ છે એને સ્વીકારે છે ? કેમ ? તપાસો તો ખબર પડે. કેમ એમ થાય છે ? કે એનામાં ગુણ એવો છે કે ઊંધી પડે તો એમ અને સવળી પડે તો પણ એમ. પોતાના વિષય સિવાય પછી બીજાની સામે એ જોતી નથી. એવો જ એનો પરિણમવાનો ગુણ છે.

એ અહીંયાં ઓળખાવે છે, સમજાવે છે કે '**દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે**'...' એવી મુક્તિની પર્યાયની પણ અપેક્ષા નથી.

જુઓ ! બોલ ૧૦૫ છે ને એ દ્રવ્યદૃષ્ટિનો બોલ છે. ૧૦૫ નંબરનો બોલ છે એ પણ દ્રવ્યદૃષ્ટિનો છે. એમાં પાછો આ ભાવ છે કે, આત્માને ત્રિકાળી જ્ઞાયકપણાનો જ વેશ છે. પરમાર્થે એને કોઈ પર્યાયનો વેશ નથી. નિગોદની નહીં, સંસારની નહીં, મનુષ્યપણાની નહીં, ગૃહસ્થપણાની નહીં, વાણિયાપણાની નહીં, પછી દશા-વીસાનો પ્રશ્ન રહેતો નથી. આ દશા છે કે વીસા એમ પૂછે છે ને ? એ તો નહીં પણ આ આત્મા સમ્યક્દૃષ્ટિ છે એવો પણ એને વેશ નથી, આ આત્મા મુનિ છે એવો પણ એને વેશ નથી, આ આત્મા કેવળજ્ઞાની છે એવો એને વેશ નથી, આ આત્મા સિદ્ધ છે એવો એને વેશ નથી. આ બધા બોલ લીધા છે. એની એકપણ પર્યાયઅપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. આ ઉપેક્ષાવૃત્તિ છે. આ ૧૦૫ નંબરનો (બોલ) પણ દ્રવ્યદૃષ્ટિનો જ બોલ છે.

એ ભાવ અહીંયાં લીધો છે કે ઉપેક્ષાવૃત્તિ એટલે શું ? આપણે નથી કહેતા ? કે હું કાંઈ બોલાવવાનો નથી. એ આપણને બોલાવે તો બોલાવે બાકી હું બોલાવા જવાનો નથી. આ માન થાય છે ત્યારે નથી કહેતા ? કે, હું તો ઉપેક્ષા કરું છું, હું નહીં બોલાવું. ફલાણાં ભાઈ આવ્યા છે જરા (વાત કરો) તો કહે, હું નહીં બોલાવું. ઉપેક્ષા કરે ત્યારે એમ નથી કહેતા ? એમ અહીંયાં સમર્થ દૃષ્ટાંત આપીને મુક્તિની પર્યાયની ઉપેક્ષા કરે છે. એનો અર્થ કે કોઈ પર્યાયની અપેક્ષા સમ્યક્શ્રદ્ધાનમાં હોતી જ નથી. સમર્થમાં સમર્થ એવી જે મુક્તિની પર્યાયની અપેક્ષા નથી તો પછી બીજી કઈ પર્યાયની અપેક્ષા હોઈ શકે ? એ પ્રશ્ન જ વિચારવાનો રહેતો નથી. એના પેટામાં બધું આવી જાય છે.

એમ **'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ...'** હવે અસ્તિનું પડખું લઈને સમજાવે છે કે **'દ્રવ્ય પ્રત્યે આલંબન,...'** દ્રવ્યની અપેક્ષાવૃત્તિમાં **'પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે.'** અને એ સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટતી હોવા છતાં પણ એની ઉપેક્ષાવૃત્તિ રહે છે. સ્વાભાવિક શુદ્ધ પર્યાય ત્યારે જ પ્રગટે છે, તો જ પ્રગટે છે પણ પ્રગટે છે તોપણ એના ઉપર વજન નથી અને એના ઉપર દૃષ્ટિ નથી. આમ વાત છે.

પ્રશ્ન :- પર્યાયને આવવું હોય તો આવે એ જોર બતાવવું છે ને ?

સમાધાન :- એ પરિણમન બતાવવું છે, પરિણમન જ બતાવવું છે. જોરની મુખ્યતાથી (બતાવે છે). કારણ કે સીધું તો બીજું પરિણમન બતાવી નથી શકાતું. એ તો પહેલાં વાત કરી કે, સમ્યક્ શ્રદ્ધાનનું સીધું પરિણમન તો બતાવી શકાતું નથી. તો જોર એટલે પુરુષાર્થની પર્યાય, એ પુરુષાર્થ દ્વારા અહીંયાં બતાવે છે કે એનો પુરુષાર્થ કઈ રીતે કામ કરે છે ? એનો પુરુષાર્થ આ રીતે કામ કરે છે કે એની મુક્તિની પર્યાય ઉપર એનું વજન જાતું નથી કે જોર જાતું નથી. જ્ઞાનમાં (શું થાય છે) ? તો (કહે છે) જ્ઞાનમાં મુક્તિની દશાની મુખ્યતા નથી. ત્રિકાળીની મુખ્યતા છે, મુક્તિની દશાની મુખ્યતા નથી.

રાજાનો પ્રધાન ઘરે આવે – દીવાન ! (એની) રાજા જેટલી આગતા સ્વાગતા કરે. આવો દીવાન સાહેબ, દીવાન સાહેબ, દીવાન સાહેબ ! કેમકે રાજાનો મુખ્ય (પ્રધાન છે). બાજુની ખુરશી એની પડે છે, રાજાની બાજુમાં પછી દીવાનની ખુરશી પડે છે. તો દીવાન આવે ત્યારે રાજા જેટલો એનો આદર કરે કે, આ તો રાજાનો દીવાન છે, કાંઈ સામાન્ય વ્યક્તિ નથી. પણ એ જ દીવાન રાજાની સાથે આવે ત્યારે શું થાય ? તેનો તે દીવાન છે. કોઈ પ્રસંગ – Function છે (એમાં) રાજા, દીવાન અને નીચેના અધિકારીઓનો બધા સાથે કાફલો (આવ્યો હોય). એકલો તો રાજા આવે નહીં. રાજા આવે ત્યારે એના કાફલા સહિત જ આવે. ત્યારે રાજાને પડતો મૂકીને દીવાનની એટલી સ્વાગતા કરે તો શું દશા થાય ? ચોખ્ખેચોખ્ખો રાજાનો અનાદર થાય બીજું કાંઈ ન થાય એમાં. એવી રીતે જીવદ્રવ્ય તો રાજા છે અને પર્યાય તો એનો સેવક છે. પર્યાય તો એનો સેવક છે. દીવાન એનો સેવક છે. હવે રાજાની ઉપસ્થિતિમાં સેવકની મહિમા કેટલી કરવી ? એમ કહે છે. એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ખુદ એ સેવા કરનાર છે.

મુમુક્ષુ :- અજ્ઞાની અને જ્ઞાની બન્નેને લક્ષ પૂર્ણતાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતાનું લક્ષ છે એ તો પર્યાયનો વિષય છે, મુક્તિનો વિષય છે પણ અજ્ઞાનીએ જ્ઞાની થવા અર્થે દૃષ્ટિ આવી કરવી. મુમુક્ષુએ શું લેવું ? કે જ્ઞાન દશા પ્રગટ કરવા અર્થે, શુદ્ધ દશા પ્રગટ કરવા અર્થે આવા દ્રવ્યની દૃષ્ટિ કરવી, પુરુષાર્થ એના ઉપર લઈ જવો એટલે હદ સુધી કે વર્તમાનમાં

સમ્યક્દર્શનથી માંડીને સિદ્ધદશા પર્યંતની દશા ઉપર એનું જોર જાય નહીં. સાથોસાથ એવું થવું જોઈએ.

જોકે તર્ક થાય એવું છે, કે શાસ્ત્રમાં સમ્યક્દર્શનની એટલી બધી મહિમા છે તો કેવળજ્ઞાનની મહિમા હોય એમાં કહેવાની જરૂર શું છે ? આવી શુદ્ધ પર્યાય જે ગુણયુક્ત પર્યાયો છે, દોષના નાશ કરીને ઉત્પન્ન થયેલી પર્યાયો છે એની તો બહુ મહિમા આવે જ છે તો પછી કેમ એની મુખ્યતા ન થાય ? તો (કહે છે) આ રાખીને વાત છે. જેનો સેવક, જેનો દાસ આટલો સમૃદ્ધ હોય તો એનો ધણી કેટલો સમૃદ્ધ હોય ! એમ બતાવવું છે. જો તાતાનો મૅનેજર કરોડપતિ હોય તો તાતાની પાસે અબજો રૂપિયો હશે એમ આપોઆપ સાબિત થાય છે. બરાબર છે ? એમ જે કેવળજ્ઞાનને અનંતગુણ પ્રગટ થયા, જે સમ્યક્દર્શનની આવી શુદ્ધતા પ્રગટ થઈ તો એ દશા જેની સેવા કરે છે એની ગુણસમૃદ્ધિ કેટલી ? એની મહત્તા કેટલી ? એમાં પણ Indirectly એ દ્રવ્યની મહત્તા બતાવવાનો હેતુ રહેલો છે, પર્યાયની મહત્તા બતાવવા ટાંણે પણ. એ વાત બરાબર સમજમાં હોવી જોઈએ. નહીંતર પર્યાયનું પ્રયોજન હોવાથી પર્યાયની મુખ્યતા ટળવામાં મુશ્કેલી ઘણી છે.

જેમ પરપદાર્થનો ત્યાગ કરવો એ સારી વાત છે અને પરપદાર્થને ગ્રહણ કરવું એ એટલી સારી વાત નથી. કે ભાઈ ! ચાલો, એણે છોડી તો દીધું. એણે ત્યાગ તો કર્યો, આહાર છોડીને ઉપવાસ કર્યો. પણ પરદ્રવ્યની ક્રિયાનો આગ્રહ થયો તો અવગુણ થાય. એમ અવસ્થાનું પ્રયોજન ગુણ પ્રગટાવવાનું અને દોષ ટાળવાનું (છે) પણ મુખ્યતા કરવા જતાં પાછું મિથ્યાત્વ થાય. આ લાલબત્તી મૂકી છે. એ દ્રવ્યદૃષ્ટિમાંથી સમજાય એવો વિષય છે અને એ વગર એ વિષય સમજાય એવો નથી. એટલે એ વિષય બહુ સારી રીતે અધ્યાત્મ શાસ્ત્રોની અંદર સમજાવવામાં આવે છે. (વિશેષ લઈશું...)

## તા. ૦૨-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૦, ૧૦૧
## પ્રવચન નં. ૮૦

પાનું ૩૪. ૧૦૦મો બોલ ચાલે છે. દ્રવ્યદૃષ્ટિ થતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોવાને લીધે જ્ઞાન, પુરુષાર્થ આદિ બધાં ગુણોનું પરિણમન મુખ્યરૂપે સ્વદ્રવ્ય ઉપર રહે છે અને સાધકદશામાં જેટલા શુદ્ધિ-અશુદ્ધિરૂપ પર્યાયો છે એના ઉપર પણ વલણ રહેતું નથી. એવું પરિણમન સંબંધી મોટું ફેરફારપણું થયું છે એ આ બોલની અંદર દર્શાવે છે.

એમ કહ્યું કે **'મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે...'** એનો અર્થ એ કે પૂર્ણ શુદ્ધ પર્યાય (જે પ્રગટ થાય) છે, મારું સ્વરૂપ એવું છે કે એવી શુદ્ધ દશા સહજ ઉત્પન્ન થશે અને સહજ ઉત્પન્ન થવા છતાં મારું વજન એના ઉપર નહીં હોય. અત્યારે પણ નથી (અને) ત્યારે હોવાનો તો પ્રશ્ન જ નથી. મુક્તદશા થાય ત્યારે હોવાનો તો પ્રશ્ન જ નથી.

**'એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ...'** દ્રવ્યદૃષ્ટિ થતાં બધાં ગુણોનું પરિણમન સ્વદ્રવ્યનું અવલંબન લે છે અને અપૂર્ણ શુદ્ધ કે પૂર્ણ શુદ્ધ (પર્યાય હો), અપૂર્ણ શુદ્ધ પર્યાય વર્તમાનમાં છે અને પૂર્ણ શુદ્ધ પર્યાય ભવિષ્યમાં ઉત્પન્ન થવાની જ છે એવી પ્રતીતિ છે તોપણ એ સર્વ પર્યાયો પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થઈ આવે છે. સ્વદ્રવ્યનો પત્તો લાગી ગયો ત્યારે સ્વદ્રવ્ય મળી ગયું, પ્રાપ્ત થઈ ગયું એમ કહેવાય છે. ખરેખર તો સ્વદ્રવ્ય હતું એનો પત્તો લાગેલો છે. જેમ સોનું હતું પણ ખોવાયું ત્યારે મળી ગયું એમ કહેવાય છે. ખોવાયા પછી જ્યારે

જડે ત્યારે (કોઈ પૂછે કે) શું થયું ? (તો કહે) ભાઈ ! મળી ગયું સોનું ! પણ એ તો હતું જ ઘરમાં. નવું કાંઈ આવ્યું નથી છતાં મળી ગયું એમ કહેવાય છે. એમ સ્વદ્રવ્યનો પત્તો લાગે છે ત્યારે કોઈ પર્યાયની અપેક્ષાવૃત્તિ રહેતી નથી.

ક્યો મોટો ફેરફાર થયો આમાં ? કે અનાદિથી પર્યાયાર્થિક પરિણમન છે અને વર્તમાન પ્રગટ પર્યાયના વેદનમાં એકત્વ થઈ ગયું છે. આ એકત્વ છે એ જ જન્મ-મરણરૂપ મિથ્યાત્વની ગાંઠ છે, આ ગાંઠ છૂટી ગઈ. પર્યાયમાં એકત્વ મટ્યું એટલે પર્યાયની અપેક્ષા છૂટી અને પર્યાયની ઉપેક્ષા થઈ ગઈ. એમ થવાનું કારણ (શું) ? કે, એમ થવાનું કારણ સ્વદ્રવ્ય સ્વભાવ. સ્વભાવનું સ્વરૂપ એવું છે અથવા સ્વભાવ એટલો મહાન છે કે એમાં પર્યાયની ઉપેક્ષાબુદ્ધિ થવી, ઉપેક્ષાવૃત્તિ થવી, અપેક્ષાવૃત્તિ નહીં રહેવી એ સહજ જ છે. એવો મહાન સ્વભાવ છે. એ વાતનો અહીંયાં દ્રવ્યદૃષ્ટિથી સંકેત કરેલો છે.

પ્રશ્ન :- શુદ્ધિ-અશુદ્ધિ ઉપર વજન નથી રહેતું. પૂર્ણ લીનતામાં રહેવું છે એના પુરુષાર્થનું પરિણમન શું ?

સમાધાન :- પૂર્ણ લીનતામાં રહેવું છે ઈ (જે ભાવે છે), રહેવું છે (એમ ભાવે છે પણ) ઈ તો હું રહેલો જ છું. રહેવું છે ઈ નવી વાત ક્યાં છે ? એમ કહે છે. મારા પૂર્ણ સ્વરૂપમાં જ હું સદાય નિવાસ કરું છું, મારું પૂર્ણ સ્વરૂપ એ જ મારું નિવાસસ્થાન છે ત્યાં હું સદાય રહેલો જ છું. એમાં કાંઈ નવું રહેવું નથી. સ્વરૂપમાં નવું રહેવાનું નથી. પર્યાય એનાથી દૂર જતી હતી એ સ્વરૂપના આવા ભાનથી પર્યાય નજીક આવી, પર્યાય અભેદ થઈ અને એ અભેદતામાં અપૂર્ણતા રહી તે પૂર્ણ થવા લાગશે પણ એ બધું પર્યાયનું કાર્ય પર્યાયમાં છે, મને એની અપેક્ષા નથી. એની અપેક્ષા મને નથી. એવો હું સ્વદ્રવ્ય સ્વભાવરૂપે છું. એવું વજન આવે છે કે પર્યાય ઉપરથી વજન ઊઠી જાય છે.

મુમુક્ષુ :- વસ્તુ તો જ્યાં છે ત્યાં જ પડી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જ પડી છે. એ સંબંધીનું વિપરીત જ્ઞાન વર્તે છે કે હું રાગમાં છું, હું ક્ષયોપશમની પર્યાયમાં છું. કારણ કે હજી એની બીજી શુદ્ધ પર્યાય તો છે નહીં. એટલે ક્ષયોપશમ આદિની પર્યાયમાં છું કે રાગાદિની પર્યાયમાં

છું કે દેહાદિની પર્યાયમાં છું, એમ અન્ય સ્થાનમાં જ્યાં પોતાનું ત્રિકાળી સ્વરૂપ છે નહીં, મૂળ સ્વરૂપ જ્યાં છે નહીં ત્યાં એણે અનાદિથી દૃષ્ટિથી – શ્રદ્ધાથી અસ્તિત્વ સ્થાપી રાખ્યું છે. સમયે સમયે સ્થાપે જ છે. એમ અનાદિથી પ્રવાહરૂપે સ્થાપી રાખ્યું છે. દર સમયે – પ્રતિ સમયે સહજપણે પર્યાયે પર્યાયે નવું નવું સ્થાપે છે અને એને લઈને પર્યાયનું એકત્વપણું છૂટતું નથી અને ધ્રુવ દ્રવ્ય સ્વભાવમાં એકત્વ થતું નથી. પર્યાય સમયે સમયે વિનાશ પામતી હોવાથી ત્યાં હુંપણું સ્થાપેલું છે એનો પણ વિનાશ થતો હોવાથી એને ભાવમરણ કહ્યું અને દેહાદિમાં આત્મબુદ્ધિ હોવાથી દેહનો વિયોગ થતાં એને દ્રવ્યમરણ કહ્યું. કેમકે મરણતુલ્ય દુઃખ બન્ને કાળમાં જીવ ભોગવે છે.

સમયે સમયે મિથ્યાત્વની દશામાં પણ અનંતુ દુઃખ છે, અનંતુ દુઃખ છે હોં ! કોઈ એમ કહે કે એટલું તો કાંઈ દેખાતું નથી અને આ ઉનાળામાં શ્રીખંડ, પૂરી, પતરવેલિયા ખાઈએ ત્યારે તો કાંઈ દુઃખ નથી લાગતું. ત્યારે તો દુઃખ જ લાગતું નથી. ટેવાઈ ગયો છે, દુઃખથી ટેવાઈ ગયો છે એટલે એને લાગતું નથી. એને ખબર નથી કે દુઃખ શું કહેવાય અને સુખ શું કહેવાય ? સુખની કલ્પના કરીને કલ્પનામાં સુખ છે એમ સમજીને રાચે છે. જૂઠાં સુખમાં છેતરાય છે અને પરિણામે એ સુખ ભોગવવાના કાળમાં એવા પરિણામ કરે છે જે પરિણામને લઈને એવા કર્મ બંધાય છે કે જેને લઈને જીવ ઝડપથી અધોગતિમાં ચાલ્યો જાય છે.

પ્રશ્ન :- આત્માની અનંતી શક્તિ હોવા છતાં આમ ?

સમાધાન :- અનંતી શક્તિ હોય પણ દુરુપયોગ કરે તો ? પૈસાથી દાન પણ દેવાય અને પૈસાથી દારૂ પણ પીવાય. બન્ને 'દ' છે. દાન દેવાનું કાર્ય કરે કે દારૂ પીવાનું (કાર્ય કરે), પૈસામાં તો બન્ને કાર્ય કરવાની શક્તિ છે. શક્તિ ક્યાં લગાવે છે એના ઉપર આધાર છે. શક્તિ છે આત્મામાં, જરૂર શક્તિ છે પણ એ શક્તિ એ ક્યાં લગાવે છે ? કે પોતાનું અહિત કરવામાં લગાવે છે તો ઘણું અહિત થાય છે.

પ્રશ્ન :- એનું કાંઈ કારણ તો હશે ?

સમાધાન :- કારણ અજ્ઞાન (છે), બીજું કોઈ કારણ નહીં. અજ્ઞાન કારણ

છે. પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે એ કારણ છે. પોતાના અનંતગુણ સંપન્ન સ્વરૂપને જોવે તો પોતાના સ્વરૂપથી વિપરીત ભાવો કરવાનું એને થઈ શકે નહીં. થઈ શકે નહીં, હોં ! કેમકે સ્વભાવ દ્વારા કરવું અશક્ય છે. સ્વભાવ દ્વારા સ્વભાવથી વિપરીત કાર્ય કરવું અશક્ય છે. એટલે થઈ શકે નહીં. આટલું જ છે, આથી વધારે નથી. અંદરમાં જે સ્વભાવ જેવો છે એવો જ એને જોવો છે. એને જોવા માત્રથી પરિણમનમાં અવગુણ મટી જાય છે, પરિણમનમાં સદ્‌ગુણ, આત્મગુણ ઉત્પન્ન થાય છે, નિર્દોષતા ઉત્પન્ન થાય છે, પવિત્રતા ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન :- આત્મા અવળો ચાલે છે એનું કંઈક કારણ હશે ને ?

સમાધાન :- કારણ અજ્ઞાન (છે) એ તો કહ્યું. અવળો ચાલે છે એનું કારણ અજ્ઞાન. એણે ઊંધું સ્વીકાર્યું છે કે આમ કરવાથી મને સુખ થશે.

મુમુક્ષુ :- એકતાબુદ્ધિ.

પૂજ્ય ભાઈશ્રી :- એકતાબુદ્ધિ. પરપદાર્થથી એકતાબુદ્ધિ છે અને એનાથી સુખ છે એ એણે સ્વીકાર્યું છે. જગતના પદાર્થોમાં અનુકૂળતાઓમાં સુખ છે, શરીર તંદુરસ્ત રહે તો મને સુખ છે, કુટુંબ-પરિવારમાં લીલી વાડી રહે તો મને સુખ છે, બધાં મને અનુકૂળ રહે તો સુખ છે, કોઈ મારાથી પ્રતિકૂળ ન જાય તો મને સુખ છે, મારી ઇચ્છા પ્રમાણે - મારા ધાર્યા પ્રમાણે બધાં સંયોગના કાર્યો થાય તો મને સુખ છે અને નહીંતર મને સુખ નથી. આવું બધું એણે જે અજ્ઞાનથી સુખના કારણો સ્વીકારી લીધા છે એ બધાં ઊલટા કારણો (છે), એના દુઃખના કારણો છે. દુઃખના કારણોને સુખના કારણો માનીને સેવે છે એટલે અધોગતિનું નવું દુઃખ વધારાનું ઉત્પન્ન થાય છે. આ તો સીધી વાત છે. રોગ થયો હોય અને રોગને સેવવાનું કુપથ્ય કરે જોઈ ! કોઈ એમ કહે કે તમારે ફલાણી ચીજ ન ખવાય, ખાટું ન ખવાય. તો કહે, ખાટું જ ખાવું છે, મને ભાવે છે. તો શું થાય ? રોગ વધી જાય, બીજું શું થાય ? એમ દુઃખ થવાના કારણ સેવે છે તો દુઃખ વધે છે, અધોગતિમાં જાય છે અને દુઃખ વધે છે સીધી વાત છે. સુખ થવાનો ઉપાય જાણતો નથી અને સુખ ક્યાં છે એ પણ જાણતો નથી, કેમ પ્રાપ્ત થાય એ પણ જાણતો નથી. બસ ! આ જ્ઞાન-અજ્ઞાનનો સવાલ છે, સમજણ-

ગેરસમજણનો સવાલ છે, લેવા-દેવાનો કાંઈ સવાલ નથી.

મુમુક્ષુ :- મોહનીય કર્મ ભાવ ભજવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ દ્રવ્યમોહનીય કે ભાવમોહનીય ?

મુમુક્ષુ :- ભાવમોહનીય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, દ્રવ્યમોહનીય તો તને અડતા નથી. એ કર્મ – દ્રવ્યમોહનીય દ્રવ્યકર્મ છે એ તો તને અડતા નથી. ભાવમોહનીય તો તારો જ પરિણામ છે, પોતે જ છે. મોહ તો કરે તો થાય છે. આ લાલ રંગ દેખ્યો અને આ વાદળી રંગ દેખ્યો. હવે આ સારો ને આ નહીં સારો, આ સારો ને નહીં સારો એ તો મોહથી કરે છે. ચીજ તો જે છે ઈ છે. પણ મોહથી સારો-નહીં સારો કરે છે (તો) એને દુઃખ થાય છે. મોહ મટાડવો એના હાથની વાત છે. મોહ મટાડવા માટે પહેલાં વસ્તુનું સ્વરૂપજ્ઞાન કરવું. સ્વરૂપજ્ઞાન કરતાં પોતાના અને પોતાના સિવાયના બીજા પદાર્થો વચ્ચેની ભિન્નતાનું જ્ઞાન થશે – જુદાંપણાનું જ્ઞાન થશે. તેથી કોઈ ભિન્ન પદાર્થ ઉપાદેય કરવાથી મને સુખ છે એ વાત ખોટી છે, જૂઠી છે અને એમાં સુખ મનાય છે એ જૂઠો આનંદ, છેતરામણો આનંદ છે એ એને સમજાય છે. એટલે એનો રસ ત્યાંથી તૂટે છે. રસ તૂટે તો એને પોતાની બાજુ આવવાનો અવકાશ થાય છે. ઊંધે રસ્તેથી પાછો વળે તો સવળે રસ્તે આવે ને ? ભાવમોહ છે એ એનો ઊંધો રસ્તો છે ત્યાં જાય છે ત્યાંથી પાછો વળે તો સવળો થઈને આવે.

મુમુક્ષુ :- જ્ઞાનીને દૃષ્ટિ તો સમ્યક્ થઈ ગઈ એટલે પછી સ્વભાવ-સુખ ભોગવવાનું જ પરિણમન ચાલે છે, શુદ્ધિ-અશુદ્ધિનું પરિણમન નથી ચાલતું.

પૂજ્ય ભાઈશ્રી :- ચાલે છે પણ એના ઉપર વજન નથી. એના ઉપર એકત્વ થતું નથી. સાધકદશામાં કિંચિત્ શુદ્ધતા છે અને કિંચિત્ અશુદ્ધતા છે. એને શુદ્ધિ-અશુદ્ધિનું પરિણમન છે, પરિણમન વગરનો થતો નથી પણ એ પરિણમન ઉપર એની દૃષ્ટિ નથી, એ પરિણમન ઉપર એનું વજન નથી, ત્યાં એની મુખ્યતા નથી અને એ નથી એ બહુ મોટી વાત છે. 'પર્યાયમૂઢાઃ પરસમયાઃ' જીવ પર્યાયમાં અનાદિથી મૂઢ છે તેથી પરસમયરૂપ છે. પરસમયરૂપ કહો કે જિનમતથી બહાર

છે એમ કહો બન્ને એક વાત છે. અન્યમત છે એમ કહો.

પ્રશ્ન :- ભાવકર્મથી દ્રવ્યકર્મ બંધાય છે કે દ્રવ્યકર્મથી ભાવકર્મ ઉત્પન્ન થાય છે ?

સમાધાન :- બન્ને એકસાથે જ બને છે. જ્યારે જીવ દ્રવ્યકર્મને અવલંબે છે, ઉદયને અવલંબે છે ત્યારે ભાવકર્મ ઉત્પન્ન થાય છે. જ્યારે ભાવકર્મ ઉત્પન્ન થાય છે ત્યારે જૂના દ્રવ્યકર્મનું અવલંબન છે એ તો ખરી જાય છે પણ નવું દ્રવ્યકર્મ પાછું ઉત્પન્ન થઈ આવે છે. આખો આધાર અવલંબન ઉપર છે. એટલે અહીંયાં કહે છે કે તું એકલું સ્વદ્રવ્યનું અવલંબન લે. તારે અવલંબન લેવા યોગ્ય કોઈ તત્ત્વ હોય તો તારો નિર્દોષ પરમાત્મા છે. આ નિર્દોષ પરમાત્માથી ઉત્કૃષ્ટ તત્ત્વ જગતમાં કોઈ નથી કે જેનું અવલંબન લેવા યોગ્ય છે, આધાર લેવા યોગ્ય છે. આ એકનો આધારે લે બસ ! પરિણામ આધાર લીધા વિનાનું રહેશે નહીં, તો આ એકનો જ આધાર લેવા જેવો છે, કોઈનો આધાર લેવા જેવો નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ આધાર લેવાની વાત નથી.

એ તો 'સોગાનીજી'એ એક પત્રમાં કહ્યું છે, સાક્ષાત્ તીર્થંકરકી આધારબુદ્ધિ ભી સ્વયંકા નાશ કરનેવાલી હૈ. શું કહ્યું ? સમવસરણમાં બિરાજમાન જીવંત સ્વામી સાક્ષાત્ તીર્થંકર હોય તોપણ એમની આધારબુદ્ધિ (લે છે તો) એ આ આત્માનો નાશ કરશે. હા ! એવા ચોખ્ખા શબ્દો લખ્યા છે ! અભિપ્રાયમાં નાશ થાય છે. આનું (-દ્રવ્યસ્વભાવનું) અવલંબન નથી. આનું (-દ્રવ્યસ્વભાવનું) અવલંબન લે તો આનું (-બાહ્ય પદાર્થનું) અવલંબન ન આવે. પોતાનું અવલંબન લે તો પરનું અવલંબન ન આવે. સ્વ અને પર પરસ્પર વિરુદ્ધ સ્થાનમાં રહેલા પદાર્થ છે. એટલે એકસાથે વિરુદ્ધ પદાર્થોમાં અવલંબન લઈ શકાતું નથી. જો સ્વનું અવલંબન લે તો પરનું ન લેવાય અને પરનું લે તો સ્વનું ન લેવાય.

આ જૈનદર્શનમાં જ ફક્ત આવો ન્યાય છે, બીજે ક્યાંય આવો ન્યાય નથી. જગતમાં બધે બીજા ભગવાનનું અવલંબન લેવાની વાત છે, એનું ધ્યાન કરવાની વાત છે, એના ચરણમાં રહેવાની વાત છે. પણ (જૈનદર્શનમાં તો) સાક્ષાત્ વીતરાગ એમ કહે છે કે, **'परदव्वादो दुग्गई, परदव्वादो दुग्गई'** પરદ્રવ્યના અવલંબનથી

દુર્ગતિ થાય છે. પણ ભગવાન આપના અવલંબનથી તો દેવગતિ અને મનુષ્યગતિ મળે છે, તિર્યંચ અને નરકગતિ વીતરાગ ભગવાનના અવલંબનથી નથી મળતી, કેમકે પુણ્ય ઉપાર્જન થાય છે. તો કહે (છે), અહીં તો ચારેય ગતિને દુર્ગતિ કહીએ છીએ. સંસારમાં બે વિભાગ પાડી શકાય કે દેવગતિ અને મનુષ્યગતિ સુગતિ છે, તિર્યંચ અને નારક એ કુગતિ છે. પણ પંચમગતિ મોક્ષગતિની અપેક્ષાએ તો ચારેય ગતિ દુર્ગતિ જ છે, એકેય ગતિ સારી નથી. આમ છે ખરેખર તો. અહીંયાં પંચમગતિની અપેક્ષાએ વાત ચાલે છે.

મુમુક્ષુ :- આચાર્ય ભગવાને બધે 'નાશ થાય છે' એવો જ શબ્દ વાપર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે, ખરેખર એવું જ છે. એમાં પ્રાણનો નાશ થાય છે. નાશનો અર્થ શું છે કે વસ્તુ - દ્રવ્યે તો નાશ થતો નથી પણ ભાવપ્રાણ ઉત્પન્ન થતાં નથી એનો અર્થ નાશ છે. જ્ઞાન અને આનંદ જે આત્માના ભાવપ્રાણ છે એ ભાવપ્રાણનો નાશ થાય છે એટલે નાશ થાય છે એમ કહેવામાં આવે છે.

તમામ પ્રકારના શુભભાવો; અશુભભાવો માટે તો કહેવાની જ જરૂર નથી, એ (શુભભાવો પણ) પોતાના પ્રાણના નાશ થવાની ભાવનાવાળા ભાવો છે. એ ભાવોની ભાવનામાં પોતાના આત્મ-પ્રાણોનો નાશ થાય છે. જીવ-પ્રાણનો એમાં નાશ થાય છે.

'પ્રવચનસાર'માં 'જયસેનઆચાર્યદેવ'ની ટીકા છે. એક એક પદમાં એવી રીતે લે છે, પ્રતિપક્ષ સામે લઈ લે. કેવા છે શુભાશુભભાવ ? કે આત્મભાવનાના વિનાશક છે. એમ સીધું જ લે. આત્મભાવનાના વિનાશક છે. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રથી વિપરીત છે. સીધું જ એમ કહે (કે) સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રથી વિપરીત છે. પોતે મુનિરાજ છે, મુનિરાજને અઠ્ઠાવીસ મૂળગુણ (છે) એ એનું દ્રવ્યલિંગ છે. અઠ્ઠાવીસ મૂળગુણ દ્રવ્યલિંગ છે અને છઠ્ઠા-સાતમા ગુણસ્થાનયોગ્ય સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રની શુદ્ધિ, એ તો ચોથે (ગુણસ્થાને પણ) શુદ્ધિ થાય છે પણ છઠ્ઠા-સાતમા ગુણસ્થાન જેટલી વિશેષ શુદ્ધિ, વધેલી શુદ્ધિ, વૃદ્ધિગત થયેલી

શુદ્ધિ એ એમનું ભાવલિંગ છે. ટૂંકામાં એને પ્રચુર સ્વસંવેદનને ભાવલિંગ કહેવામાં આવ્યું છે. એ દ્રવ્યલિંગના એટલે અઠ્ઠાવીસ મૂળગુણના પરિણામમાં આવે છે ત્યારે એને છેદ થયો, ચારિત્રમાં છેદ થયો, ભંગ પડ્યો એમ કહેવામાં આવે છે.

'પ્રવચનસાર'માં 'ચરણાનુયોગસૂચક ચૂલિકા'માં જે આચરણનો છેલ્લો અધિકાર ચાલ્યો છે એમાં આ વાત લખી છે. મુનિને પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ, પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ, ષટઆવશ્યક અને ઊભા ઊભા એક વાર આહાર લેવો, અદંતધોવન એ વગેરે છે કે કોઈ શ્રૃંગાર ન કરે. અઠ્ઠાવીસ મૂળગુણ છે એ છેદ છે – ચારિત્રમાં છેદ છે એટલે ભંગ છે એટલે દોષ છે. એમાંથી ઉપસ્થાપન – સ્થાપન કરવું છે. શેમાં ? સ્વભાવને વિશે. ત્યાંથી છૂટીને ચારિત્ર સ્વભાવમાં આવે છે. આવી રીતે સ્થાપે છે. તો કહે (છે), એ કેવા પરિણામ છે ? કે છેદના પરિણામ છે. સ્વભાવમાં છેદ કરે એટલે સ્વભાવ ઉપર કુહાડાની જેમ ઘા કરે એટલે સ્વભાવનો નાશ કરે ઠીક ! આવી વાત છે. અઠ્ઠાવીસ મૂળગુણના ઉત્કૃષ્ટ મંદ કષાયના, સંજ્વલન કષાયમાં ઉત્પન્ન થનારા અત્યંત મંદ કષાયરૂપ પરિણામ છે. કે જે મંદકષાયના ફળમાં મુનિઓને સર્વાર્થસિદ્ધિનો ભવ મળે છે જે ચરમશરીરી આત્માઓ છે એ ચરમશરીર ધારણ કર્યા પહેલાં કેટલાંક મોટાં ભાગના તીર્થંકરો વગેરે સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે અને સર્વાર્થસિદ્ધિમાં એ કેમ ગયા ? કે આવા પંચમહાવ્રતાદિના પરિણામ થતાં ગયા. તો કહે છે એ પરિણામ થતાં ગયા ત્યારે શું થયું ? સર્વાર્થસિદ્ધિની મોટી જેલ પડી એમ કહેવાય છે, તેંત્રીસ સાગરની. કે સ્વભાવનો પુરુષાર્થ કરતા હતાં, કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરતા હતાં એ પૂર્ણ પુરુષાર્થમાં છેદ પડતો હતો, વચ્ચે ભંગ પડતો હતો અને વિકલ્પમાં આવીને ૨૮ મૂળગુણના પરિણામમાં શુભરાગમાં આવતા હતાં. અત્યંત કષાય મંદ હતો એટલે સર્વાર્થસિદ્ધિમાં ગયા. શત્રુંજય ઉપરથી ગયા છે. ત્યાં પાંચ પાંડવોના મંદિરો કે એવું છે કે નહીં ? શેત્રુંજય ઉપર પાંચ પાંડવના મંદિર છે ? ઇતિહાસમાં એમ છે. શ્રીકૃષ્ણ, નેમિનાથ ભગવાનના વખતમાં પાંચ પાંડવોની ઉપસ્થિતિ (હતી), સમકાલીન છે. મામા-ફઈના ભાઈઓ છે. એમાં

યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન ત્રણ ચરમશરીરી હતાં. એ શત્રુંજય ઉપરથી સમશ્રેણી એ સિદ્ધાલયમાં બિરાજે છે. નકુલ અને સહદેવ ગયા સર્વાર્થસિદ્ધિમાં. પાંચેય મુનિ હતાં. પાંચેય ભાઈઓ, પાંચેય મુનિ હતાં. ઉપસર્ગ થયો તો ત્રણનો મોક્ષ થયો, બેને દેવગતિ મળી.

મુમુક્ષુ :- એ ભલે ને સર્વાર્થિસિદ્ધિમાં ગયા અમારે તો હજી ઘણું છેટું છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર તો પોતાનો જ કરવાનો છે ને ! સિદ્ધાંત તો એ લેવાનો છે કે શુદ્ધ સ્વભાવમાં રહેવા જેવું છે, પરિણામથી પણ ત્યાં નિવાસ કરવો યોગ્ય છે. ભલું તો એ છે કે ઉપયોગ શુદ્ધ થઈને સ્વભાવમાં લાગ્યો રહે. આ જીવને માટે ભલું છે. ત્યાંથી બહાર નીકળીને કાંઈ પણ શુભાશુભમાં જાય તો શુભાશુભ કર્મ બાંધશે. એનાથી આત્માને સુખનું કારણ નથી. એનાથી પરિભ્રમણ મટતું નથી, ઊલટાનું થાય છે.

પ્રશ્ન :- ઉપયોગ શુદ્ધ થઈને જે કીધું એટલે દ્રવ્યના લક્ષે જ શુદ્ધ થાય છે ને ?

સમાધાન :- હા, દ્રવ્યના લક્ષે જ શુદ્ધ થાય છે. શુદ્ધ થાય છે એનો અર્થ કે શુભાશુભનું અશુદ્ધપણું ઉપયોગ સાથે નથી રહેતું. રાગરહિત ઉપયોગ તે શુદ્ધોપયોગ અને રાગસહિત ઉપયોગ તે અશુદ્ધ ઉપયોગ, એમ.

શું કહે છે અહીંયાં ? કે, આ દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવું હોય છે એનું અહીંયાં સ્વરૂપ બતાવે છે કે, બસ ! દૃષ્ટિને જ્યાં પોતાનું સ્વદ્રવ્ય હાથ લાગ્યું ત્યારે એને પોતાનું સર્વસ્વ મળી ગયું, હવે એને પર્યાય અપેક્ષાએ કાંઈ મેળવવું એવું પણ દૃષ્ટિમાં રહેતું નથી. જ્ઞાનમાં રહે છે તો ગૌણપણે રહે છે. જ્ઞાનમાં એ જણાય છે તોપણ ગૌણપણે રહીને જણાય છે. દૃષ્ટિ આવી હોવાને લીધે જ્ઞાનમાં પર્યાયનો વિષય મુખ્યપણું ધારણ કરતો નથી કે ધારણ કરી શકતો પણ નથી. એવો ફેરફાર જ્ઞાનને પણ થઈ જાય છે અને આચરણને પણ થઈ જાય છે. આચરણમાં સર્વસ્વપણે ઉપાદેય પોતાનો પરમાત્મા રહે છે અને ગૌણપણે બાહ્ય આચરણમાં જીવ આવે છે.

મુમુક્ષુ :- જરા ફરીથી સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- જ્યારે સ્વદ્રવ્યની દૃષ્ટિ થાય છે ત્યારે દૃષ્ટિ સમ્યક્ એકાંતપણે પરિણમે છે, સમ્યક્ એકાંત એના પરિણમનનો વિષય છે અને ત્યારે એ તો પર્યાય સામે જોતી નથી, પર્યાયને વિષય કરતી નથી પણ જોડે રહેલું જ્ઞાન પર્યાયને વિષય કરે તોપણ એ વિષયને ગૌણ રાખી દે છે. જ્ઞાન જાણે ખરું કે પર્યાયમાં આટલી શુદ્ધિ થઈ અથવા વધી, આટલી અશુદ્ધિ રહી. તોપણ એ શુદ્ધિ-અશુદ્ધિનો વિષય જ્ઞાનમાં મુખ્યપણું પામતો નથી. એ દૃષ્ટિનો પ્રતાપ છે એમ કહો કે દૃષ્ટિનો પ્રભાવ છે એમ કહો. એટલી અસર આવે છે ! એનું એટલું જોર એક બાજુનું છે કે બીજા ગુણમાં પણ આટલી અસર પહોંચે છે. નહીંતર જ્ઞાન તો સ્વ-પરપ્રકાશક છે. ત્રિકાળીને પણ જાણે ને અવસ્થાને પણ જાણે ને અવસ્થાના નિમિત્તને પણ જાણે. એની અંદર બધું પ્રતિબિંબિત થાય. એક જ્ઞાનની પર્યાયમાં સ્વદ્રવ્યનું પ્રતિબિંબ આવે અને પરદ્રવ્યનું પ્રતિબિંબ આવે, રાગનું પ્રતિબિંબ આવે, શુદ્ધિ-અશુદ્ધિનું પ્રતિબિંબ આવે. બધું જણાય તોપણ એક ત્રિકાળી મુખ્ય રહે, બાકીનું જાણેલું બધું ગૌણ રહે.

પ્રશ્ન :- અધ્યાત્મમાં જ્ઞાનને પ્રધાન ગણવું કે દૃષ્ટિને પ્રધાન ગણવી ?

સમાધાન :- છે તો બન્ને પ્રધાન. બન્ને પ્રધાન છે, બન્નેની મૈત્રી છે અને બન્ને એવા મુખ્યગુણ છે કે મિત્રાચારી કરીને સાથે સાથે ચાલે છે, આંકડા બીડીને સાથે ચાલે છે, છૂટા પડતા નથી. જગતના મિત્રો કદાચ છૂટા પડે, આ છૂટા પડતાં નથી. એવા છે. દૃષ્ટિ જ્ઞાનને અનુમોદે છે, જ્ઞાન દૃષ્ટિને અનુમોદે છે. અથવા દૃષ્ટિ તો એકલા જ્ઞાનસ્વભાવને જ પકડે છે. એને તો સ્વસ્વરૂપ સિવાય બીજો વિષય જ નથી. જ્ઞાનને બીજો વિષય હોવા છતાં જે દૃષ્ટિનો વિષય છે, એનું જે પ્રભુત્વ છે; જ્ઞાનની અંદર એટલું પ્રભુત્વ (છે) કે પોતાની જ્ઞાનની પર્યાયને (પણ પ્રભુત્વ આપતું નથી). જેમકે નિશ્ચયનય. નિશ્ચયનય નિશ્ચય પરમાત્મસ્વરૂપને જાણનારો નય છે તોપણ એ નિશ્ચયનય પોતાને પ્રભુત્વ આપતો નથી, પોતાના વિષયને પ્રભુત્વ આપે છે.

નિશ્ચયનય પોતે જ્ઞાનની પર્યાય છે અને નિશ્ચયનયનો વિષય પરમાત્મદ્રવ્ય છે, નિશ્ચય સ્વરૂપ છે. એ જ્ઞાનમાં - નિશ્ચયનયમાં નિશ્ચય સ્વરૂપનું પ્રભુત્વ છે,

નયની પર્યાયનું – ચાલતી નયની પર્યાયનું પણ પ્રભુત્વ નથી. તો બીજા નયની પર્યાયનું પ્રભુત્વ આવવાનું વિચારવા યોગ્ય પણ રહેતું નથી, વિચાર કરવાનો સવાલ નથી રહેતો. આટલો બધો દૃષ્ટિના વિષય પ્રત્યે જ્ઞાનનો ઝોક છે, બીજો વિષય જણાવા છતાં ! કેમ ઝુકે છે કે એ સ્વરૂપ એવું છે. જે ગુણ એને વિષય કરે એ ગુણમાં એનું વજન વધી જાય એ બહુ સ્વાભાવિક છે, અત્યંત સ્વાભાવિક છે. એવું સ્વરૂપ મહાન છે.

એ ૧૦૦મો બોલ (પૂરો) થયો. કાલે એક કલાક ચાલ્યો હતો, આજે થોડું વિશેષમાં લીધું.

**સમ્યગ્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી. ૧૦૧.**

૧૦૧. (આ બોલમાં) આવી દૃષ્ટિ પ્રાપ્ત છે, શુદ્ધ આત્માની, પૂર્ણ આત્માની અથવા ધ્રુવ આત્માની જેને દૃષ્ટિ પ્રાપ્ત છે એવા સમ્યક્દૃષ્ટિને દૃષ્ટિ પ્રગટ થતાંની સાથે સાથે અનંતગુણ પ્રગટ્યા છે. અનંત ગુણ પ્રગટ્યા છે એમાં નિઃશંકતાનો પણ એક ગુણ છે.

સમ્યક્દૃષ્ટિની અનેક ગુણથી પ્રશંસા કરવામાં આવી છે, બહુમાન કરવામાં આવ્યું છે, ભક્તિ કરવામાં આવી છે. કેમકે એને અનંતગુણ પ્રગટ્યા છે. સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. અનંતગુણ પ્રગટ્યા છે એટલે કોઈ ને કોઈ ગુણની વિશેષતા કરીને પ્રશંસા અને બહુમાન, ભક્તિ કરવામાં આવે છે. આ બોલમાં નિઃશંકતાની એક વાત લીધી છે, એક ગુણની વાત લીધી છે. સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ, જ્ઞાનીની દશાનું સ્વરૂપ; સમ્યક્દૃષ્ટિ કહો કે જ્ઞાની કહો, એનું સ્વરૂપ અનેક બોલથી આવે છે પણ દરેક જગ્યાએ એના જુદાં જુદાં પાસા છે.

જેમ અહીંયાં ૧૦૦માં એક દ્રવ્યદૃષ્ટિનું પાસું આવ્યું તો એક ગુણના પરિણમનને અનંત પાસા છે ! કેમકે એક ગુણને અનંતગુણનું રૂપ છે. એક ગુણના પરિણમનને અનંત પાસા છે તો જેટલા વક્તવ્ય છે તેટલા વિભિન્ન રીતે અનુભવમાં જે કાંઈ સ્પષ્ટ થાય છે. એને એ જાતની નિર્મળતા હોય છે, એ પ્રકારનો ઉઘાડ હોય છે તો એ પાસાઓ સ્પષ્ટ થાય છે. વાણીનો યોગ હોય તો તે જ્ઞાનની ભાષામાં જુદાં જુદાં પાસાથી એનું વર્ણન આવે છે. વાત કહેવાય દ્રવ્યદૃષ્ટિની, વાત કહેવાય જ્ઞાનીની દશાની પણ એકની એક વાત નથી. એના અનેક પાસા છે એ વિભિન્ન પાસાઓનું એની અંદર વર્ણન છે, વિભિન્ન પડખાઓનું એનું વર્ણન છે અને વર્ણન કરવાની શૈલી અનેકવિધ છે. પાછી એક શૈલીથી વર્ણન થતું નથી. અનેકવિધ શૈલીથી જ્ઞાનીઓ વર્ણન કરે છે. દરેકની શૈલી જુદી જુદી (છે). 'અનુભવપ્રકાશ'ની શૈલી જુદી, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ની શૈલી જુદી, 'મોક્ષમાર્ગ પ્રકાશક'ની શૈલી જુદી, 'વચનામૃત'ની શૈલી જુદી, 'પરમાગમસાર'ની શૈલી (જુદી). દરેક જ્ઞાનીની પોતપોતાની શૈલી છે અને એ દરેક શૈલીમાં પોતાના સ્વાનુભવની ઝલક છે, ચમક છે. આ એક વિશેષતા છે.

અહીંયાં એમ કહે છે, જ્ઞાનીની દશા દર્શાવતા એમ કહે છે કે, **'સમ્યક્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોય અનુભવમાં શંકા થતી નથી.'** આ એની ચોથા ગુણસ્થાને નિઃશંકતા પ્રગટેલી છે, તેથી આ નિઃશંકતાને એમ કહેવામાં આવે છે કે સમ્યક્દૃષ્ટિને અનંતી નિઃશંકતા છે. કેટલી ? અનંતી ! ચૌદ બ્રહ્માંડ તો મર્યાદામાં છે. કેમકે ચૌદ બ્રહ્માંડનો અંત આવે છે. સમ્યક્દૃષ્ટિની નિઃશંકતાનો અંત આવતો નથી.

મુમુક્ષુ :– ચૌદ બ્રહ્માંડ કીધું તો એમાં એનું પોતાનું જોર બહાર આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં અનંતુ જોર છે. નિઃશંકતાનું અનંતુ જોર છે એમ કહેવું છે પણ વધુમાં વધુ શું બતાવે કે આખી દુનિયા, આખું જગત, ચૌદ બ્રહ્માંડ. તો કહે (છે), એ ચૌદ બ્રહ્માંડ ફરે (પણ) સમ્યક્દૃષ્ટિની નિઃશંકતા ફરતી નથી. એને નિઃશંકતા પોતાના અનુભવની છે. પોતાનો અનુભવ પોતાના સર્વજ્ઞ સ્વભાવનો છે.

એક વખત (એક) મુમુક્ષુભાઈ સાથે ચર્ચા ચાલી હતી કે, 'ગુરુદેવે' જે માર્ગ બતાવ્યો છે એ સ્વભાવ આશ્રિત છે. એટલે મુમુક્ષુએ જો જ્ઞાનદશા પ્રાપ્ત કરવી હોય, ભવભ્રમણ તોડવું હોય તો એણે કેવી દશા પ્રત્યે અનુસરવું જોઈએ ? કે અંતરમાં પોતાના સર્વજ્ઞ સ્વભાવની અનંતી નિઃશંકતા જેનાથી પ્રગટે એવી નિઃશંકતાને અંદરમાં અનુસરવું જોઈએ. બહારમાં સર્વજ્ઞની બાબતમાં એવું જ અનુસરણ એણે રાખવું જોઈએ કે ચૌદ બ્રહ્માંડ ફરે (તોપણ) સર્વજ્ઞની બાબતમાં હું નહીં ફરું. વિષય થોડો પ્રતિમાજીની સ્થાપના સંબંધીનો ચાલતો હતો કે લોકોની અંદર આમ છે, તેમ છે. ચૌદ બ્રહ્માંડ ફરે (તોપણ) આની અંદર મારો અભિપ્રાય નહીં ફરે. બહારમાં સર્વજ્ઞનું એને વિકલ્પમાં આટલું જોર ન હોય (અને) અંદરમાં સર્વજ્ઞ સ્વભાવનું અવલંબન હાથમાં આવે (એ) વાતમાં કાંઈ માલ નથી. હજી એનું વિકલ્પનું ઠેકાણું નથી. રાગનું ઠેકાણું નથી, વીતરાગદશાનું ઠેકાણું થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

સમ્યક્દૃષ્ટિ નિઃશંક છે. ક્યાં (નિઃશંક) છે ? કે, અનુભવમાં નિઃશંક છે. અનુભવ શેનો છે ? કે, એના સર્વજ્ઞ સ્વભાવનો, પૂર્ણ સ્વભાવનો અનુભવ છે એમાં એ નિઃશંક છે. દુનિયા આખી ફરી જાય, દુનિયા આખીની ઊથલપાથલ થાય, સમ્યક્દૃષ્ટિ ફરતો નથી.

પૂજ્ય 'બહેનશ્રી'એ એ સિદ્ધ કરી દેખાડ્યું. (ભાવિ તીર્થંકરની સ્થાપના વખતે) ઘણાં ઉપદ્રવો આવ્યા, દિગંબર સમાજના મોટા મોટા શેઠિયાઓ આવ્યા, સમજાવીને પણ વાત કરે. સામ, દામ, દંડ, ભેદ – બધી નીતિ અપનાવતા હતા. અમે તો ત્યાં હાજર હતા. છેલ્લે છેલ્લે (તો એમ કહ્યું), જેને દંડ કહેવાય કે, જો તમે નહીં માનો તો તમારે બહુ મુશ્કેલીમાંથી પસાર થવું પડશે, બીજું તો શું કહે ? શેઠિયા બીજું તો કાંઈ આંખ ફાડીને તો બોલે નહીં. ગુંડા લોકો ધમકી દે છે એમ ન દે પણ શબ્દોની પદ્ધતિ જુદી હોય. 'તમને મુશ્કેલી પડશે, મુશ્કેલીમાંથી તમારે પસાર થવું પડશે.' એનો કાંઈ જવાબ દે નહીં. અંદરની વાત તો એમ ને એમ જ રાખે, સાંભળી લે. ઠીક છે, મુશ્કેલી પડશે તો મુશ્કેલી. એથી કાંઈ અમારું પરિણમન બદલી જાય, અમારી ભાવના બદલી જાય, અમારી કોઈ હિંમત

પાતળી પડી જાય અને નાહિંમતપણું અમારામાં થઈ જાય એવી નિર્બળતા કદી આવતી નથી. એવું અંદર (જોર હોય છે). સ્વભાવના આશ્રયે આ નિઃશંકતા પ્રગટેલી છે. સર્વજ્ઞના વિષયમાં બીજો ફેરફાર થઈ શકે નહીં. આકાશ-પાતાળ એક થાય, આ તો કાંઈ નથી, ખરેખરું કાંઈ થયું જ નથી. સામાન્ય કોર્ટબાજી થઈ પણ એ તો બધી સામાન્ય વાતો કહેવાય. પ્રતિકૂળતાની દૃષ્ટિએ એવી કોઈ વાત ન કહેવાય. એથી મોટા મોટા ઉપસર્ગ, પરિષહો જ્ઞાનીઓને આવે છે પણ જ્ઞાની પોતાના માર્ગથી અને ભાવનાથી કદી વિચલીત થતાં નથી.

મુમુક્ષુ :– આ તો જિન પ્રતિમાને લીધે વિશેષ બહાર આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વિશેષ (આવ્યું). એ વાત સાંભળનાર શાંતિથી સાંભળે છે, એ શાંતિમાં કેટલી તાકાત છે એનો અંદાજ કાઢવો એ સાધારણ પ્રાણીનું ગજું નથી. કહ્યું કે 'તમને મુશ્કેલી પડશે' તો શાંતિથી સાંભળી લીધું. એમ પણ ન કીધું કે, 'મુશ્કેલી પડશે તો જોયું જાશે.' કાંઈ નહીં. એ શાંતિમાં તાકાત કેટલી છે ? ચૌદ બ્રહ્માંડ ફરે (પણ) સમ્યક્દૃષ્ટિ ફરે નહીં. એવો નિઃશંક ગુણ હોય છે. આ એનો ગુણ છે.

આ ગુણની વિશેષ વાત લીધી છે – 'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં. ત્યાં આચાર્ય ભગવાને એવો શબ્દ વાપર્યો છે કે, આ લોકમાં જગતની અંદર વજ્રપાત થાય અને ત્રણ લોકમાં ખળભળાટ થાય. એકલો 'હિન્દુસ્તાન'માં નહીં, એકલો 'સોનગઢ'માં નહીં, એકલો 'ગુજરાત'માં નહીં ત્રણ લોકમાં ખળભળાટ થાય એવો વજ્રપાત થાય (તોપણ) સમ્યક્દૃષ્ટિ નિઃશંક નિર્ભય રહે છે. એને કોઈ પણ જાતની શંકા પડતી નથી. ક્યાંય એને નિર્બળતા આવતી નથી.

પ્રશ્ન :– એવું શું છે એની પાસે ?

સમાધાન :– એવો અનંત શક્તિ સંપન્ન ધ્રુવ આત્મા એના હાથમાં છે, એના કબજામાં છે. અનંત શક્તિનો ધણી પોતે થઈને બેઠો છે. એનું સ્વામિત્વ એને આવ્યું છે અને પામરતા, દીનતા અને રાંકાઈ બધી ઊડી ગઈ છે. એવી વાત છે.

મુમુક્ષુ :– આપણે મનરૂપે છીએ ઈ થોડા ભૂલી જઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી જ ભૂલાતું. એકત્વબુદ્ધિ છે ઈ ક્યાંથી ભૂલાય ? એમ આત્મા છું એમ આત્માના દર્શન થાય તો ભૂલાય નહિ, સીધી વાત છે.

મુમુક્ષુ :- એને આત્મામાં એકત્વબુદ્ધિ છે અને આપણને શરીરમાં એકત્વબુદ્ધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- શરીરમાં એકત્વબુદ્ધિ છે. મનુષ્યપણાની પર્યાયમાં એકત્વબુદ્ધિ છે. હું માણસ છું, હું વાણિયો છું, હું ફલાણો છું, ફલાણો છું, એમ જ સહજ પરિણમન ચાલુ હોય છે, એના ભાનમાં રહે છે.

મુમુક્ષુ :- જોર તો બન્ને જગ્યાએ સરખું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈ તો દૃષ્ટિ અનંતા જોરથી ઊંધી પડે છે ત્યાંથી ઉખાડવી મુશ્કેલ પડે છે. આટલું આટલું જ્ઞાનીઓ કહે છે તોપણ જીવની દૃષ્ટિ ફરતી નથી. કેમકે સાધારણ જોર નથી. અનંત જોર છે અને અનંતકાળથી ઊંધું જોર સેવ્યું છે, એના સંસ્કાર, એનું લબ્ધ બધું એની પાસે પડ્યું છે. એનો નાશ કરવા માટે એને એથી વધારે જોર કરવું પડે.

'સોગાનીજી'એ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એ લીધું કે, દ્રવ્યલિંગીનું જોર શુભના એકત્વમાં આવે છે (તો) નવમી ગ્રૈવેયક(માં) એકત્રીસ સાગરની સ્થિતિએ જાય. એથી વિશેષ જોર એ આત્મા બાજુનું કરશે, અંતર્મુખનું કરશે ત્યારે એનું પરિણમન શુદ્ધ થઈને પ્રથમ એને સમ્યક્દર્શન પ્રગટશે. મુનિદશાની વાત તો પછીની છે પણ સમ્યક્દૃષ્ટિ થવા અર્થે પણ આ પંચ મહાવ્રતઆદિના શુભભાવના એકત્વમાં એણે જેટલું જોર આપ્યું છે એથી વધારે જોર એને કરવું પડશે. કેમકે જેટલું ઊંધું જોર જાય એટલું ભાવથી અંતર વિશેષ થઈ જાય છે, આત્માથી દૂર (થઈ જાય છે) તો નજીક આવવામાં એટલું અંતર એને કાપવું પડે. જેટલો દૂર ગયો હોય એટલું અંતર કાપવું પડે સીધેસીધી વાત છે.

એટલે એક સ્વભાવ આશ્રિત પરિણમન સિવાય કોઈપણ અન્ય પદાર્થ આશ્રિત પરિણમનમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય એટલી જાગૃતિ અને એટલી સાવધાની એને ઓછામાં ઓછી જીવમાં રહેવી જોઈએ તો એને ભાવથી એટલું દૂરવર્તીપણું ન થાય. દૂરવર્તીપણું ભાવથી જેટલું થાય એટલી પાછું વળવામાં મુશ્કેલી વધારે

છે.

મુમુક્ષુ :- આ બાજુ જોરથી આવવું છે પણ અવાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી દાનતથી આવવું હોય તો ન અવાય એવું બને નહીં. પણ વિપરીત અભિનિવેશ અને વિપરીત અભિપ્રાય રાખવો હોય અને મારે આવવું છે (એમ) બે વાત કરવી હોય તો ઊલટી થાશે સૂલટી નહીં થાય. કેમકે અનાદિનો ઊલટો પડ્યો છે એટલે ઊલટી સહેજે થઈ જશે, સૂલટી નહીં થાય. સૂલટી કરવાનો વિકલ્પ બેકાર જશે. એ તારો વિકલ્પ છે પણ એ નકામો જશે. એનાથી કોઈ કાર્યસિદ્ધિ થાશે નહીં.

**'સમ્યક્દૃષ્ટિને એવો નિઃશંક ગુણ હોય છે કે ચૌદ બ્રહ્માંડ ફરી જાય...'** આ તો માપ આપ્યું છે પણ એ તો એનાથી વધારે બીજું માપ પાસે નથી એટલે આટલું માપ આપ્યું છે. માત્ર આટલું છે એમ પણ નહીં. આથી અનંતગુણી નિઃશંકતા સમ્યક્દૃષ્ટિને પ્રગટી છે. સાધારણ જીવને એનું માપ કાઢવું મુશ્કેલ પડે એવું છે. પણ એ નિઃશંકતાનું કોઈ માપ નથી.

મુમુક્ષુ :- શુભની રુચિ ઉપર જેટલા 'ગુરુદેવ'ના પ્રહાર છે એટલા આ બે હજાર વર્ષમાં કોઈ પંડિતે પ્રહાર નથી કર્યા ઈ જ પુરવાર કરે છે કે આ તીર્થંકરનું દ્રવ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં તો કાંઈ સવાલ નથી. જબરદસ્ત કામ થયું છે. બહુ સરસ ! એ તો 'ગુરુદેવ'થી જે શાસનનું કામ થયું છે (એ) ગજબ કામ થયું છે !! એમાં કોઈ સવાલ નથી. ઘણું જોરદાર કામ થયું છે. સ્પષ્ટતા બહુ આવી. પ્રયોજનભૂત વિષયમાં એવી સ્પષ્ટતા આવી કે પ્રયોજનમાં ભૂલ થઈને જે અપ્રયોજનભૂત વિષયમાં જીવ જાય છે, એ અપ્રયોજનભૂત વિષયની પ્રયોજનના લક્ષે પણ એટલી સ્પષ્ટતા આવી. ઈ નાસ્તિનો વિષય છે અને અસ્તિથી પ્રયોજનભૂત વિષયમાં પણ એટલી સ્પષ્ટતા આવી. ઘણી સ્પષ્ટતા આવી છે.

એટલે તો 'ગુરુદેવ'ને માટે એમ કહેવાય છે કે અંદરથી શ્રુત-સાગર ઊછળ્યો હતો. અંદરથી શ્રુત-સાગર ઊછળ્યો હતો. કેમકે એ કાંઈ કોઈ પંડિત પાસે ભણવા નહોતા ગયા, કોઈ શીખવા નહોતા ગયા. જેમ અત્યારે સાધુઓ અને વિદ્વાનો

શીખવે છે કે, તમે આ શાસ્ત્ર ભણો, આ સંસ્કૃત શીખો, આ ભાષા (શીખો), આ માગધી શીખો. આ સંસ્કૃત, માગધી કાંઈ કોઈ પંડિત પાસે ભણવા નહોતા ગયા. અને ઈ જમાનામાં સાત ચોપડીમાં અભ્યાસ પૂરો થતો હતો. આજથી ૮૫ વર્ષ પહેલાં કે ૯૦ વર્ષ પહેલાં, અત્યારે તો ૯૮મી જન્મ જયંતી (ઊજવી), એટલે ૯૦ વર્ષ પહેલાં નિશાળે બેસાડતા. સાત વર્ષનો બાળક થાય એટલે નિશાળે બેસાડે અને ચૌદ વર્ષે, તેર-ચૌદ વર્ષે ઉતારી લે. સાત ચોપડી ભણી લે (એટલે) પતી ગયું. દુકાને બેસી જાય, નોકરી કરતા હોય તો નોકરીએ લાગી જાય. સાત ચોપડી (ભણ્યા હતા).

'શ્રીમદ્જી' સાત ચોપડી એક વર્ષમાં ભણ્યા ! એમનો તો કુદરતી ઉઘાડ (એવો હતો). એ તો બચપણથી બહુ ઉઘાડ લઈને આવ્યા હતા. એક વર્ષમાં સાત ચોપડી ભણી લીધી. 'ગુરુદેવે' 'ઉમરાળા'ની ધૂડી નિશાળમાં એકડાં કર્યાં છે. પાટી-પેનની વ્યવસ્થા નહોતી એટલે ધૂડની અંદર એકડો શીખડાવે. જ્યાં ભણવા જાય ત્યાં ફ્લોરીંગ ન હોય. છોકરાવને એકડીયામાં બેસાડે ત્યારે ધૂડમાં બેસવાનું હોય. એને 'ધૂડી નિશાળ' કહેતા. ધૂડની અંદર આંગળીથી એકડો કરે. આ મીંડું કરો પછી આમ કરો, આમ એકડો કરો. (એમ) ધૂડી નિશાળમાં એકડો કરેલો. આવું સાધારણ ભણતર અને અધ્યાત્મના અને ગહન શાસ્ત્રોના જે ન્યાયો ખોલ્યા છે એ અંદરનો ઉકેલ બતાવે છે, એ કોઈ બહારના ભણતરનો વિષય નથી.

મુમુક્ષુ :- ખેરખાં પંડિતોના ..

પૂજ્ય ભાઈશ્રી :- મોટા મોટા ખેરખાં પંડિત કહેવાય ઈ બધા ઊભા રહી ગયા. એ બધા આમ તો ન્યાયાચાર્ય ને શાસ્ત્ર વિષારદને ફલાણાં ને ઢીંકણાં ને એને બહુ અલંકારો લગાડેલા હોય. (એક શેઠ) બધા પંડિતોનો કાફલો લઈને આવ્યા. ('ગુરુદેવ'નું પ્રવચન સાંભળીને) એ પંડિતો ઊંધી દલીલ કરવા મંડે (પણ) આ જરા વિચક્ષણ માણસ હતા, બુદ્ધિવાળા માણસ (હતા એટલે કહ્યું કે), 'સુનો... સુનો પંડિતજી ! સ્વામીજી ક્યા કહતે હૈં ધ્યાનસે સુનો.' એટલા પંડિતોનો એનો પરિચય હતો. પંડિતોનું જલદી માની લ્યે. એના સમાજમાં – દિગંબર સમાજમાં એમ જ છે ને ? પંડિતોનું જલ્દી માની લ્યે. (છતાં કહ્યું), 'નહીં, સ્વામીજી કો

સુનો ! સ્વામીજી બરાબર કહે છે.' એટલું એનું ધ્યાન પહોંચ્યું. એટલો વિચક્ષણ (અને) બુદ્ધિશાળી માણસ ! કોઈને ઊભા રાખે (અને કહે), હમણાં દલીલ કરો મા. પહેલાં પૂરું સાંભળી લ્યો, ઈ કહે છે ઈ બરાબર છે. તમને બેસે-ન બેસે પછી વિચારો. 'ઇંદોર'ના (બીજા એક) બહુ વૃદ્ધ પંડિત ઘણો વખત 'સોનગઢ'માં રહ્યા. એ મોટા મોટા ભણેલા પંડિતને પણ ઊભા રહી જવું પડે એટલો અંદરથી ઉઘાડ થઈ ગયો. **એમને તો શ્રુતની નિર્મળતા ઘણી થઈ ગઈ ! અનેક પડખેથી જેમ હજાર પાંખડીએ કમળ ખીલે એમ શ્રુતજ્ઞાન ખીલી ઊઠ્યું !! જેમ જેમ સમય ગયો (તેમ તેમ) 'ગુરુદેવ'નું જ્ઞાન ખીલ્યું છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ ન્યાયો વધારે સ્પષ્ટ થયા છે. જૂના પ્રવચનમાં એ જ સૂક્ષ્મ ન્યાયો સંક્ષેપમાં આવ્યા છે, એ જ સૂક્ષ્મ ન્યાયો આગળ જતાં એમણે ખોલીને સ્પષ્ટ કરી નાખ્યા છે.**

મુમુક્ષુ :- ૪૧ વર્ષ પહેલાંનો ન્યાય હમણાં પ્રવચનમાં આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવે છે. એ બધા ન્યાયો તો પહેલેથી આવ્યા છે. 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'ની અંદર બીજા ભાગમાં 'આત્મધર્મ'ના પહેલાં અંકમાંથી – પહેલાં એક વર્ષના અંકમાંથી દ્રવ્યદષ્ટિ વિષયની એ વાત લીધી છે. દ્રવ્યદષ્ટિના વિષયની (વાત) 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'ના બીજા ભાગમાં લીધી. 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ' ત્રણ ભાગમાં છે. ૨૦૦૦ની સાલનો પહેલો અંક છે. પહેલો અંક છે કે અગિયારમો અંક છે પણ પહેલાં વર્ષનો અંક છે. છે ને આમાં ? દષ્ટિનો વિષય કરીને છે. દસ-અગિયાર બે અંક ભેગા હતા. ગુજરાતી 'આત્મધર્મ' દસ-અગિયાર. એટલે બાર મહિના સુધી પહેલું વર્ષ હોય. બાર અંક નીકળે ત્યાં સુધી પહેલું વર્ષ હોય ને ? પહેલાં વર્ષના પ્રવચનો (છે). દસ અને અગિયારમો અંક સાથે બહાર પડેલો. એમાંથી આ અનુવાદ કર્યો છે – દષ્ટિનો વિષય ! કે દષ્ટિનો વિષય કેટલો જોરદાર હોય છે ! વાંચવું હોય તો વાંચીએ.

આ તો હિન્દી કરેલું છે. '**વસ્તુ ત્રિકાલી હૈ, જિસકે આશ્રય સે નિર્મલ પર્યાય હોતી હૈ. પર્યાય કે આશ્રય સે પર્યાય નિર્મલ નહીં હો સકતી. ગુરુ કે વચનપ્રતિ લક્ષ જાતા હૈ તબ તક નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ, ઔર જ્ઞાન સબ વિનાશી;...**' શું કહ્યું ? '**ગુરુ કે વચનપ્રતિ લક્ષ જાતા હૈ તબ તક...**' એટલે નિમિત્ત, શાસ્ત્ર, ગુરુ

અને જ્ઞાન બધું વિનાશક છે. એનું જ્ઞાન પણ વિનાશીક અને સામે બધા પદાર્થો પણ વિનાશીક. **'લેકિન ધ્રુવ કી ઓર નજર લગે તબ જ્ઞાન અવિનાશી હોતા હૈ. અનુભવ ઔર સમ્યક્દર્શન (દોનોં) અવસ્થા હૈ. ઉસકો (સમ્યક્દર્શન કી પર્યાય કો) ઔર આત્મા કો ત્રિકાલી સંબંધ નહીં હૈ.'** એને ત્રિકાળી સંબંધ નથી. **'ક્યોંકિ વહ (અવસ્થા) બદલ જાતી હૈ. દર્શન, નિમિત્ત કા સ્વીકાર નહીં કરતા હૈ,...'** સમ્યક્દર્શન નિમિત્ત કા સ્વીકાર નહીં કરતા હૈ **'પરંતુ બાદ મેં ઉપચાર સે નિમિત્ત કહને મેં આતા હૈ;...'** જ્ઞાન એના ઉપર ઉપચાર કરે છે.

**'પીછે સે જ્ઞાન નિમિત્ત કો જાનતા હૈ. દર્શન કે સમય નિમિત્ત નહીં હૈ. પીછે સે નિમિત્ત કહલાયા. નિમિત્ત કો રાગ સે જાનતા હૈ તબ તક જ્ઞાન વિનાશી-અનિત્ય હૈ. વહ (વિનાશી જ્ઞાન) અવિનાશી કો લાભ કરતા નહીં.'** પરપદાર્થના લક્ષવાળું જ્ઞાન આત્માને લાભ કરતું નથી. **'વહ તો પૂર્વ કા ઉઘાડ (ક્ષયોપશમ) હૈ. ખુદને હી જબ સ્વયં કી ઓર ઢલકર નિર્ણય કિયા તબ નિમિત્ત કહને મેં આતા હૈ. જિસ કાલ મેં અવિનાશી જ્ઞાન હોતા હૈ ઉસ કાલ મેં નિમિત્ત કા સવાલ (પ્રશ્ન) હી નહીં રહતા. નિર્ણય સામાન્ય કે પ્રતિ ઢલ ગયા, તત્કાલ સંસાર છૂટ ગયા. સંસાર છૂટને કા કારણ દ્રવ્ય સ્વયં હૈ. નિર્ણય હોને કે બાદ નિમિત્ત કહને મેં આતા હૈ.'** દેવ-ગુરુ-શાસ્ત્રને (નિમિત્ત કહેવામાં આવે છે).

**'ધ્રુવશક્તિ સાધ્ય હૈ, મોક્ષ સાધ્ય નહીં હૈ.'** ધ્રુવશક્તિ સાધ્ય હે, મોક્ષ સાધ્ય નહીં હૈ. **'મોક્ષ પ્રગટ હોતા હૈ. પ્રગટ-અપ્રગટ પર્યાયદૃષ્ટિ મેં હોતા હૈ. ધ્રુવ નિત્ય પ્રગટ હૈ.'** શરૂઆતમાં આ બધી વાતો કરી છે. **'પ્રગટ-અપ્રગટ સવાલ હી વસ્તુ મેં નહીં.'** કેમકે આ તો અપ્રગટની અપેક્ષાએ પ્રગટ કહો. આ તો નિત્ય પ્રગટ છે એને શું સવાલ છે ? **'સાધ્ય વસ્તુ, સાધન નિર્ણય (વ્યવહાર). ધ્રુવ લક્ષ મેં આને પર સહજ નિર્મલ અવસ્થા પ્રગટતી હૈ. પુરુષાર્થ કરના નહીં પડતા, સહજ હો જાતા હૈ. આશ્રય પર્યાય કા કૈસા ? આશ્રય સ્વભાવ કા ! ધ્રુવ ઔર મોક્ષ દોનોં સાધ્ય હોનેપર તો દો ભંગ પડ જાયેં.'** ધ્રુવ ઔર મોક્ષ અગર દો સાધ્ય હોવે તો દો ભંગ પડ જાયે. **'દર્શન કા વિષય ભંગ (દો) નહીં હૈ. સમ્યક્દર્શન વ કેવલજ્ઞાન ખુલ જાય સો નિશ્ચય સે આદરણીય નહીં હૈ.'** સમ્યક્દર્શન પણ

નિશ્ચયથી આદરણીય નથી અને કેવલજ્ઞાન પણ નિશ્ચયથી આદરણીય નથી. નિશ્ચયથી આદરણીય એક ધ્રુવ સ્વભાવ છે. **'સાધ્ય-સાધન કા ભેદ નિશ્ચય મેં હૈ હી નહીં.'** ઠીક ! સાધ્ય-સાધનનો ભેદ જ ઉડાવી દીધો છે. પહેલાં વર્ષમાં વાત આવી છે. **'ભેદ કા જોર આવે તો અભેદપર જોર નહીં આતા.'**

મુમુક્ષુ :- એટલે એમ કહ્યું ને કે પોતે જ સાધન અને પોતે જ સાધ્ય !

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળી છે એમાં સાધન-સાધ્યપણું બધું આવી ગયું. કેમકે કરણ – સાધન નામનો ગુણ – સ્વભાવ એનામાં છે. સાધ્ય પોતે જ છે. સાધન-સાધ્યનો અવસ્થા ભેદ ત્યાં નિશ્ચયમાં નથી. આવું પરમ નિશ્ચયનું કથન તો પહેલાં વર્ષમાં આવેલું છે. ધ્યાન જાય, ન જાય બીજી વાત છે પણ વાત તો બધી શરૂઆતથી કરેલી છે. શરૂઆતથી પૂરી વાત કરેલી છે પછી ખોલતા ગયા. જેમ જેમ નિર્મળતા વધતી ગઈ એમ વિષયને ખોલતા ગયા છે. પણ પહેલેથી વાત પૂરેપૂરી આવેલી છે.

આ 'સોગાનીજી'ને વંચાવ્યું હતું. આ 'આત્મધર્મ'નો અંક કોઈ મુમુક્ષુ લઈ આવ્યા (અને કહ્યું કે) 'આપ વાત કરો છો એવી જ 'ગુરુદેવે' વાત કરી છે ઈ આ જગ્યાએ છે.' એમણે વાંચ્યું (અને કહ્યું કે) બિલકુલ ઠીક કહા (હૈ), અપની જો ઇધર ચર્ચા ચલતી હૈ વહી 'ગુરુદેવ'ને તો આગે બોલ દિયા હૈ, કહ દિયા હૈ. ત્યારે તો એમનો પ્રવેશ પણ ન હતો. આપણે અહીંયાં જે રોજ ચર્ચા ચાલે છે ઈ 'ગુરુદેવ'ના શબ્દોમાં અહીંયાં આવી છે. અને એ તો પોતે કહેતા કે આપણને તો 'ગુરુદેવ' પાસેથી બધું મળ્યું છે અને 'ગુરુદેવ' પાસેથી સમજ્યા છીએ, એમની પાસેથી શીખ્યા છીએ. એમનો પ્રતાપ છે. એટલે પોતે તો પોતાના માટે (કહ્યું કે), અનંત તીર્થંકરોથી પણ મારા માટે તો વિશેષ છે !

(અહીંયાં આપણે) સમ્યક્દૃષ્ટિને અનુભવમાં શંકા થતી નથી એ સ્વદ્રવ્યનો વિષય થયો.

પ્રશ્ન :- અનુભવમાં એટલે ?

સમાધાન :- અનુભવમાં એટલે મને અનુભવ થયો છે કે નથી થયો ? અને અનુભવમાં મારું મૂળ પરમાત્મસ્વરૂપ અનુભવગોચર થયું છે કે નથી થયું ?

એવી શંકા એને પડતી નથી. એમાં એ નિઃશંક હોય છે. અપરોક્ષપણે સાક્ષાત્ અતીન્દ્રિય પ્રત્યક્ષ થઈને અસંખ્ય પ્રદેશેથી આખા ચૈતન્ય પિંડને જેણે શુદ્ધોપયોગમાં વેદનમાં લીધો છે એને શંકા પડવાનું શું કારણ હોય ? એને શંકા પડવાનું કોઈ કારણ રહેતું નથી.

એ અંદરની એક નિઃશંકતા બહારના વ્યવહારના વિષયમાં ક્યાં ક્યાં કેટલી કેટલી નિઃશંકતા લાવે છે, આવે છે એ થોડો વિસ્તારનો વિષય છે.

વિશેષ લઈશું...

**જ્ઞાન વેદનમાં રહેવાની શ્રી જિનની આજ્ઞા છે. શ્રી જિનનું દર્શન કરતાં એટલે સ્વરૂપ જોતાં તે જ પ્રતિબોધ થાય છે. જ્ઞાનવેદનમાં રહેતાં જ્ઞાન સામાન્યનો આવિર્ભાવ થાય છે. જ્ઞાન-સામાન્યનો આવિર્ભાવ થતાં જ્ઞાનવિશેષનો સહજ તિરોભાવ થાય છે.**

**જ્ઞાન વિશેષનો તિરોભાવ થતાં, જીવને પરસંગ થવાના ભાવનો અવકાશ જ રહેતો નથી. પરસંગ ભાવના અભાવથી સહજ રાગનો અભાવ છે. રાગના અભાવથી બંધનો અભાવ છે, બંધના અભાવથી ઉદય-સંસારનો અભાવ છે, તેથી સર્વ દુઃખનો અભાવ છે.**

**આમ જિનાજ્ઞાનું ફળ અનંત સુખ છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૭૫૭)

## તા. ૦૩-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૧, ૧૦૨
## પ્રવચન નં. ૮૧

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું–૩૪, ૧૦૧મો બોલ ચાલે છે. સમ્યક્દૃષ્ટિના અનંત ગુણ પ્રગટ છે એમાં સમજી શકાય એવા કેટલાક ગુણોનું વર્ણન અનુભવગોચરપણે શાસ્ત્રથી પ્રસિદ્ધ છે. એમાં અહીંયાં નિઃશંક ગુણની વાત કરી છે. અંતર-બાહ્ય નિઃશંકતાને લીધે સમ્યક્દૃષ્ટિ નિર્ભય છે. નિઃશંકતા નિર્ભયતાને ઉત્પન્ન કરે છે અને નિર્ભયતાને લઈને નિસંગતા સહજ રહી શકે છે.

અસંગ એવું જે આત્મતત્ત્વ એની અસંગદશા અર્થે, નિઃશંકદશા અર્થે પાયામાં નિઃશંકપણું હોય છે. મૂળમાં નિઃશંકપણું હોય છે. કારણ-કાર્યની પદ્ધતિથી નિઃશંકતાથી નિર્ભયતા હોય છે અને નિર્ભયતાથી નિસંગતા હોય છે. 'શ્રીમદ્જી' તો આવી રીતે પત્રોના મથાળા બાંધતા. કોઈ પત્ર લખે તો આવી રીતે મથાળું બાંધ્યું હોય.

અહીંયાં નિશ્ચયનો વિષય લીધો છે કે સમ્યક્દૃષ્ટિને પોતાનો સ્વાનુભવ થયો છે તે વિષયમાં અથવા તે સંબંધમાં તેને જરાપણ શંકા થતી નથી. શંકા નહીં થવાનું કારણ અનુભવમાં પ્રત્યક્ષપણું છે તે છે. જેમ કોઈ નજરે જોયેલી વાત હોય તો માણસ એનાથી વિરુદ્ધ વાત સ્વીકારતો નથી. આ વાત મારી નજરે જોયેલી છે અથવા કાનોકાન સાંભળેલી છે (એમ કહે). ઇન્દ્રિય પ્રત્યક્ષ (વાત છે). ઇન્દ્રિય પ્રત્યક્ષનો એટલો વિશ્વાસ છે કે એ વિશ્વાસને જલદી બદલી શકાતો નથી. એમાં કદાચ ધોખામાં આવે છે, માણસ ભૂલમાં આવે છે પણ અતીન્દ્રિય પ્રત્યક્ષ સ્વાનુભવમાં તો કાંઈ ફરક પડતો નથી કે શંકા પડે. કેમકે અનુભવના

કાળમાં સ્વસંવેદન છે અને અતીન્દ્રિય આનંદનો અનુભવ છે. આ બે – જ્ઞાનવેદન અને આનંદવેદનના પ્રકાર એવા છે કે અનંતકાળમાં ક્યારે પણ ન થયો હોય એવો અપૂર્વ અનુભવ છે. તેથી સમ્યક્દૃષ્ટિને એમાં શંકા પડતી નથી.

કોઈ પ્રતિપક્ષ વાત એમાંથી ઊપજી હોય એવું લાગે છે કે કોઈ જીવને અનુભવનો ભ્રમ થાય છે કે, મને પણ અનુભવ થયો છે. તો એને ભ્રમ થયો છે કે સાચો અનુભવ થયો છે એની ચકાસણી, એની ખાતરી, એનો કોઈ પુરાવો એવું કાંઈ હોઈ શકે ? કે, હા હોઈ શકે. એમાંથી આ એક વાત છે કે સમ્યક્દૃષ્ટિને અનુભવમાં શંકા નથી. ચૌદ બ્રહ્માંડમાં એટલે આખું જગત ના પાડે; સમ્યક્દૃષ્ટિઓ, મુનિઓ, કેવળીઓ સિવાય મિથ્યાદૃષ્ટિઓનું આખું જગત ના પાડે કે આને અનુભવ નથી, તોપણ એને શંકા પડતી નથી કે મને અનુભવ (થયો છે એમ) કોઈ સ્વીકારતું નથી, મારા અનુભવને કોઈ સ્વીકારતું નથી માટે એ અનુભવ હશે કે નહીં હોય ? એવી શંકા એને પડતી નથી. સામાન્યપણે અનેક માણસો, બહુજન સમાજ કહે એ વાત માન્ય કરાય છે અને બાકીની વાત માન્ય કરવામાં આવતી નથી. અહીંયાં એવું નથી. ધર્મના પ્રકરણમાં, ધર્મના ક્ષેત્રમાં બહુજન સમાજ, બહુમતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અહીંયાં તો એ સૂત્ર છે, એ સિદ્ધાંત છે કે સત્‌ને – સત્યને સંખ્યાની કોઈ અપેક્ષા નથી. સત્ય કેવળ સત્ય છે જે સંખ્યા સાથે કાંઈ સંબંધ ધરાવતું નથી.

પ્રશ્ન :- નિઃશંકતા અને નિર્ભયતા રહેવામાં એક પ્રત્યક્ષતા જ કારણ છે કે બીજું પણ કોઈ કારણ છે ?

સમાધાન :- પ્રત્યક્ષ જ્ઞાન અને પ્રત્યક્ષ આનંદ અને ક્ષેત્ર અપેક્ષાએ અસંખ્ય પ્રદેશેથી એનું વેદન. અસંખ્ય પ્રદેશેથી એનું વેદન (થાય છે). જેને ભ્રમ થયો હોય છે એને અસંખ્ય પ્રદેશેથી વેદન હોતું નથી. એને એમ લાગે છે કે મને અહીંયાં ઘણું સમાધાન છે, ઘણી શાંતિ છે, એને માનસિક શાંતિ છે એટલે અહીંયાં મન સંબંધીનો વિકલ્પ હોય છે. કોઈને અહીંયાં મસ્તકનો વિકલ્પ રહે છે કે અહીંયાં ઉચ્ચ સ્થાનની અંદર આનંદનો અનુભવ થાય છે. વેદાંતની અંદર એ વિષય ચાલ્યો છે કે, અનિર્વચનીય અનુભૂતિ (થાય છે). એ લોકો પણ એને અનુભૂતિ

કહે છે, એ તો દરેક ચીજ અનુભવમાં આવે તો એને અનુભૂતિ જ કહેવાય છે. રાગ પણ એક અનુભૂતિ જ છે. એ લોકોને અહીંયાં બ્રહ્મરંધ્રમાં અનિર્વચનીય આનંદનો અનુભવ થાય છે એમ કહે છે. એ વાત પણ વસ્તુના વિજ્ઞાનને જોતા સ્વીકારી શકાય એવું નથી. કેમકે પદાર્થ અખંડ છે. એના એક અંશમાં વેદન આવે તો એને અખંડ તત્ત્વનો – અખંડ પદાર્થનો સ્વાનુભવ નથી થયો એમ સિદ્ધ થાય છે.

બીજું કે રાગથી ભિન્ન પડ્યો છે એવા આનંદનો અનુભવ છે કે રાગથી ભિન્ન પડ્યા વિનાના આનંદનો અનુભવ છે – શાંતિનો અનુભવ છે ? જેને ભ્રમ થાય છે એ રાગથી ભિન્ન પડેલો હોતો નથી. જ્યારે સમ્યક્દૃષ્ટિ તો રાગને પરદ્રવ્યવત્ જાણે છે કે જાણે મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આ ચીજ નથી. એવું જાણે છે. એવી ભિન્નતા, સ્પષ્ટ ભિન્નતા, યથાર્થ ભિન્નતા અને પૂરેપૂરી ભિન્નતા છે. એમાં ભ્રમ થવાવાળાને એ પ્રકાર નથી બનતો. ભ્રમ થવાવાળાને તો રાગસહિતનો અનુભવ છે એટલે એને રાગની ભિન્નતા થતી નથી. એમ ફરક પડે.

બીજું કે ચૌદ બ્રહ્માંડમાં જેટલી જગતની પ્રતિકૂળતાઓ છે તે સર્વ પ્રતિકૂળતાઓનો ગંજ ખડકાય તોપણ પોતાના અવ્યાબાધ સ્વરૂપને સમ્યક્દૃષ્ટિ અનુભવે છે, એ અનુભવમાં એને એવો અનુભવ છે કે આ કોઈ પ્રતિકૂળતોઓ મારા અવ્યાબાધ સ્વરૂપને બાધા કરવા સમર્થ નથી, બાધા પહોંચાડવા સમર્થ નથી.

મુમુક્ષુ :– સમ્યક્દૃષ્ટિને સાત ભય ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :– સાત ભય ન હોય એટલે કે સર્વ ભય ન હોય. સાતની અંદર બધા આવી જાય છે. સાત એવા મોટા ભય છે કે બાકીના બધા એના પેટામાં છે. એટલે સમ્યક્દૃષ્ટિ સપ્તભય રહિત છે. એ વિષય આચાર્ય ભગવંતે 'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં લીધો છે. એનો અર્થ કે સમ્યક્દૃષ્ટિને કોઈ ભય નથી. આલોક ભય અને પરલોક ભયમાં ચૌદ બ્રહ્માંડના ભય આવી ગયા. પરલોકમાં ગમે તે (હોય), આ લોક સિવાયના ગમે તે લોકમાં પ્રતિકૂળતાનો પ્રસંગ

આવે. સમ્યક્દષ્ટિને ક્યાંય શંકા પડતી નથી.

પોતે નિત્ય છે અને શાશ્વત છે તેથી મારો કોઈ નાશ કરશે એ પ્રકારનો ભય પણ (સમ્યક્દષ્ટિને નથી). એટલે અકસ્માતથી કે મરણથી મારો નાશ થશે એવો ભય સમ્યક્દષ્ટિને થતો નથી. સમ્યક્દર્શન થયા પહેલાં જીવ ગમે એવો હિંમતવાન, શૌર્યવાન, વીર્યવાન દેખાતો હોય તોપણ ભયસહિત છે. મોટી મોટી હિંમત દેખાડનારા, હિંમતથી મોટી મોટી વાત કરનારા ભયવાન થઈ જાય છે. સમ્યક્દષ્ટિ ભયવાન થતાં નથી. આ વિશેષતા છે !

પ્રશ્ન :– સમ્યક્દષ્ટિને સતત જાગૃતિ હોય છે ને ?

સમાધાન :– સતત જાગૃતિ હોય, પરિણતિ ચાલું રહે છે. જે ફેર પડે છે એ ઉપયોગમાં ફેર પડે છે અને તે પણ મુનિદશા પહેલાં એ સ્થિતિ સંભવિત છે. એટલે ચોથા અને પાંચમા ગુણસ્થાને ઉપયોગની અસાધ્ય અવસ્થા થઈ શકે છે. કોઈ રોગ વિશેષ હોય અથવા કોઈ એ પ્રકારનો ઔષધ હોય, જે બેભાન થવા માટે વપરાતા હોય, ચોથા અને પાંચમા ગુણસ્થાન સુધી એ થઈ શકે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં મુનિ કદી અસાધ્ય થતા નથી. એનો ઉપયોગ અસાધ્ય નથી (થતો) કેમકે (એ) ક્ષણે ક્ષણે બહુ તીવ્ર જાગૃતિમાં છે. કેવળજ્ઞાન લેવાની તૈયારીમાં છે અને કેવળજ્ઞાન લેવા માટે એમનો પુરુષાર્થ રમઝટ બોલાવે છે ! દિવસ-રાત, રાત્રિ અને દિવસ ! કેવળજ્ઞાન લીધું કે લેશે ! શ્રેણી માંડવાની તૈયારીનો પુરુષાર્થ કરે છે, એ મુનિને કોઈ ઔષધ આપી દે, કોઈ એવો કેફી પદાર્થ આહારમાં આપી દે કે કોઈ એને એવો અકસ્માત થાય, શરીરમાં એવો ઘાત થાય (પણ) મુનિને અસાધ્યપણું આવતું નથી, બેભાનપણું થતું નથી. એટલી જાગૃતિ છે. ચોથા, પાંચમા ગુણસ્થાનવાળા સાધક જીવોને એની અસર થાય છે. એ એમ બતાવે છે કે એટલો શરીર સંબંધી રાગ હજી છે. મુનિને શરીર સંબંધી રાગ નથી. એમ એમાંથી ફલિત થાય છે. એમાંથી નિષ્કર્ષ એ નીકળે છે કે એમની ચારિત્રની વીતરાગતા એટલી છે કે શરીર સંબંધીનો ઉપયોગ નથી. આત્મ-ઉપયોગ એટલો બધો છે કે શરીરના ફેરફારો એમના પરિણામની સાથે નિમિત્ત-નૈમિતિક સંબંધ ધરાવતા નથી. નીચે ચોથા, પાંચમા ગુણસ્થાને એટલો ચારિત્રગુણનો રાગ હોય

છે. શરીરની શાતા, અશાતા, ઔષધ આદિનો (રાગ હોય છે) કે ત્યાં એ પરિસ્થિતિ બને છે તોપણ પરિણતિમાં જાગૃતિ છૂટતી નથી. પરિણતિ ચાલુ રહે છે, ઉપયોગને આવરણ આવે છે.

પ્રશ્ન :- મુનિરાજને પર્વત ઉપરથી ફેંકે તો બેભાન ન થાય ?

સમાધાન :- ના, ન થાય. પર્વત ઉપરથી ફેંકે તો બેભાન ન થાય, પાણીમાં ડૂબાડે તો બેભાન ન થાય, અગ્નિમાં સળગાવે તો બેભાન ન થાય અને ઘાણીમાં પીલે તોપણ બેભાન ન થાય. અનંતકાળમાં આ બધા પ્રસંગ મુનિઓને બને છે, બન્યા છે અને કોઈ મુનિ ત્યાં બેભાન થયા નથી.

પ્રશ્ન :- સાતમે ગુણસ્થાને ન હોય પણ ચોથે ગુણસ્થાને તો હોય ને ?

સમાધાન :- ચોથા ગુણસ્થાને દેહ પ્રત્યે ચારિત્રમોહનો એટલો રાગ છે તો ત્યાં અસર થાય છે. ત્યાં દેહ સંબંધીની અસર જોવામાં આવે છે પણ ત્યાં એમ જાણે છે કે દેહને કારણે અને પ્રતિકૂળતાને કારણે નથી, મારા રાગને કારણે છે, મારા દોષને કારણે છે એમ જાણે છે. નિમિત્ત ઉપર દોષ આપતા નથી. એટલી વાત ત્યાં પણ અપેક્ષિત છે. જગતની દૃષ્ટિથી એ વાત નથી કે ઔષધની અસર થાય કે અશાતાની અસર થાય. એવી રીતે નથી.

પ્રશ્ન :- એવો ઉદય આવ્યો ને ?

સમાધાન :- હા, ઉદય છે પણ એટલા ઉદયમાં મુનિ નથી આવતા. મુનિ ઉદયમાં પકડાતા નથી. અપ્રતિબંધ વિહારી કહ્યાં છે, એટલે તો મુનિને અપ્રતિબંધદશા કહી છે. બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો પ્રતિબંધ મુનિરાજને થતો નથી, એમ છે.

સમ્યક્દૃષ્ટિ નિઃશંક છે. અનુભવને વિશે નિઃશંક છે એવી જ રીતે અનુભવનો વિષય જ્યાં જ્યાં છે ત્યાં પણ એ નિઃશંક છે. સ્વાનુભવમાં બીજો વિષય છે – સિદ્ધાંત છે, પ્રયોજનભૂત આત્માના હિત-અહિતના પ્રયોજન સંબંધીનો જે સિદ્ધાંત છે એમાં સમ્યક્દૃષ્ટિ નિઃશંક હોય છે, એમાં એનો અભિપ્રાય ક્યારેય પણ આત્માને અહિત થાય એવા સિદ્ધાંત સ્વીકારવામાં સંમત થતો નથી. ચૌદ બ્રહ્માંડ ફરી જાય તોપણ ! એ એની નિઃશંકતા સૈદ્ધાંતિક વિષયની છે, એ જ એની નિઃશંકતા

દેવ-ગુરુ સંબંધીની છે. સિદ્ધાંતમાં શાસ્ત્ર સિદ્ધાંત આવી ગયા. એ સિદ્ધાંતના કહેનારા જે ગુરુ છે, જે જ્ઞાની છે – સત્પુરુષ છે અને જે કેવળી સર્વજ્ઞ છે એ બધામાં કોઈ જગ્યાએ સમ્યક્‌દૃષ્ટિને શંકા પડે નહીં કે એ સંબંધીનું ભયવાનપણું એને ઉત્પન્ન થાય નહીં. એમ અંતર-બાહ્ય નિઃશંકતા એ સમ્યક્‌દૃષ્ટિનો ગુણ છે.

પ્રશ્ન :– મુનિરાજ ઉપસર્ગ, પરિષહથી ડગતા નથી તે આ નિઃશંકગુણને લીધે ?

સમાધાન :– નિઃશંકતા છે, નિર્ભયતા છે. આ નિઃશંકતા તો ચોથાગુણસ્થાને જે આઠ મૂળગુણ ઉત્પન્ન થયા, આઠ અંગ સમ્યક્‌દૃષ્ટિના જે કહ્યા છે એમાં આવી જાય છે પણ ચારિત્રમોહ જેટલો દોષ ત્યાં થાય છે એટલી અપેક્ષા રાખીને વાત છે. મુનિરાજને તો એ પણ નથી. એમને તો શ્રદ્ધા ઉપરાંત ચારિત્રનો વિકાસ એટલો છે. ચારિત્રનો વિકાસ એટલે સ્વરૂપની સ્થિરતા એટલી વધેલી છે, સ્વરૂપની જાગૃતિ એટલી વધેલી છે કે બીજાને પણ ખાતરી થાય કે આત્માના આરાધક છે. આત્માની સાધના કરનારા સાધુ આવા હોય છે. એ જગતમાં એક આશ્ચર્ય ઊભું કરે એવી એમની અચિંત્ય દશા હોય છે !

પ્રશ્ન :– ચોથે અને પાંચમે જે અસ્થિરતા થાય છે એમાં સહજ પ્રકાર હોય છે ને ?

સમાધાન :– અસ્થિરતા પણ સહજ અને સ્થિરતા પણ સહજ (છે). પરિણમન તો ખરેખર ત્રણે કાળનું છએ દ્રવ્યનું, અનંતા દ્રવ્યોનું સહજ જ છે. પણ કેટલાક જીવો કર્તાબુદ્ધિએ એમ માને છે કે મારામાં અને બીજા પદાર્થને વિશે હું કરું છું તે થાય છે. એ એનું અજ્ઞાન છે. છએ દ્રવ્યના ત્રણે કાળના પર્યાયો સહજ જ છે. પોતાના ગુણધર્મ અનુસાર વ્યક્ત થાય છે. એને ફેરવવા ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ સમર્થ નથી. એટલું સહજ પરિણમન છે. પદાર્થ સહજ છે, એનું વિકારી કે અવિકારી પરિણમન બધું સહજ છે. પણ જીવને અજ્ઞાનથી કર્તૃત્વબુદ્ધિ થાય છે,

સ્વરૂપનું અજ્ઞાન સ્વપદાર્થમાં અને પરપદાર્થમાં પરિણામના કર્તૃત્વને ઉત્પન્ન કરે છે. એ સ્વરૂપનું અજ્ઞાન છે એ કર્તૃત્વને ઉત્પન્ન કરનારું છે. આ વિષય 'ગુરુદેવે' બહુ સ્પષ્ટ કર્યો. સહજ પરિણમન હોવા છતાં જીવ કેમ કર્તા થાય છે ? કે

એને એ સહજતાના જ્ઞાનનો, વસ્તુના જ્ઞાનનો અભાવ છે. માટે એમ થાય છે કે હું કરું ત્યાં થાય, હું જેમ કરું તેમ થાય. મારામાં પણ હું કરું એમ થાય, શરીરમાં પણ હું કરું એમ થાય, બીજા સંયોગમાં પણ હું કરું એમ થાય. બેંકમાં મારી સહી હોય તો પૈસા ઊપડે નહીંતર ઊપડે નહીં, બરાબર કે નહીં ? ખોટી વાત છે. એવું નથી. પણ તને ભ્રમ થાય છે. ચોક્કસ પ્રકારના સંયોગોની ગોઠવણીમાં તને ભ્રમ થાય છે. બાકી વાતમાં કાંઈ માલ નથી. કોપી કરીને લઈ જાય છે કે નહીં માણસો ? બીજાના ખાતામાંથી બીજો ઉપાડી ગયાના પ્રસંગ છે કે નહીં ?

'પરમાગમસાર'માં (એક બોલ) છે. 'ગુરુદેવ'ના પોતાના હસ્તાક્ષરમાં એક બોલ આવ્યો છે. ત્રીજો બોલ છે. સ્વયંના – પોતાના હસ્તાક્ષરમાં છે. **'ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન તે રાગ દ્વેષનું કર્તૃત્વ મનાવે છે.'** હું રાગ-દ્વેષ અને રાગ-દ્વેષના વિષયભૂત પુદ્‌ગલ પદાર્થનો કર્તા-હર્તા છું એ પોતાના અકર્તા ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન છે એને લઈને છે. જો એને સ્વરૂપનું – અકર્તા સ્વભાવનું સહજ સ્વરૂપનું જ્ઞાન થાય તો છએ દ્રવ્યના સહજ સ્વરૂપનું અને એના પરિણમનનું પણ એને જ્ઞાન થાય. અંતરજ્ઞાનને અને બાહ્ય જ્ઞાનને આવો નિમિત્ત-નૈમિતિક સંબંધ છે. જેમ અહીંયાં લીધું ને ? કે અનુભવમાં શંકા નથી તો બહારમાં પણ એને શંકા નથી, એમ. પરિણમનને એવો નિશ્ચય-વ્યવહારનો મેળ છે.

**'રાગ દ્વેષનું કર્તૃત્વ થતાં...'** અથવા રાગ-દ્વેષનું કર્તૃત્વ હોવાને લીધે **'અકર્તા એવો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એની દૃષ્ટિમાં આવતો નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું** જે **રાગ-દ્વેષનું કર્તૃત્વ એવું અજ્ઞાન એ સંસારનું બીજ છે.'** મૂળિયું છે. ત્યાંથી સંસાર પાંગરે છે. આ એક મુદ્દા ઉપર, કર્તાપણાના એક પાસા ઉપર 'સમયસાર'ના બધા અધિકારોનું વર્ણન આ પાસું મુખ્ય રાખીને કર્યું છે. 'સમયસાર'નો વિસ્તાર આ પાસાની મુખ્યતાથી છે. એ જીવ અધિકાર, અજીવ અધિકાર, બધા અધિકારમાં એ પાસાથી કથનશૈલી ચાલી છે. એ ઉપરાંત મુખ્ય અધિકાર લીધા – 'કર્તા-કર્મ અધિકાર' અને 'સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર'. એ તો બન્ને એ વિષયના જ અધિકાર છે. એટલે શાસ્ત્રનો બહુભાગ એ મુખ્ય વિષયને સીધેસીધો સ્પર્શે છે અને બીજા પ્રકરણમાં પણ એ જ દૃષ્ટિકોણ મુખ્ય રાખીને આચાર્ય ભગવાને કથન કર્યું છે.

પ્રશ્ન :- દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ અહીંયાં આવ્યા હોય અને એને ઉપસર્ગ થાય તો ક્રોધ ન થાય એવું આપણને લાગે અને જ્ઞાનીને ઉપસર્ગ થાય અને ક્રોધ થાય એવું લાગે તો શું પ્રકાર હોય ?

સમાધાન :- બાહ્ય દૃષ્ટિથી જોવે તો એને એમ લાગે કે આ શાંત છે અને આ અશાંત છે. દ્રવ્યલિંગી મુનિનું સમર્થ દૃષ્ટાંત 'ગુરુદેવ' એવા શબ્દોમાં આપતા કે દ્રવ્યલિંગી મુનિની ચામડી ઊતરડીને ખાર છાંટે એટલે બળે તોપણ ગુસ્સે ન થાય, એના મુખની રેખા ફરે નહીં, આંખનો ખૂણો લાલ થાય નહીં. આંખ લાલ થાય નહીં આંખનો એક ખૂણો પણ લાલ થાય નહીં ! આવી શાંતિ પાળે, એ અભવ્ય (હોય) તોપણ આવું કરી શકે છે, અભવ્ય જીવ પણ આવી બાહ્ય શાંતિ રાખી શકે છે. પણ એ ક્ષણિક શાંતિ છે, પાછો એ જીવ તીવ્ર કષાયમાં આવ્યા વિના રહેતો નથી. કેમકે અનંત શાંતિનો પિંડ છે એનું એને શ્રદ્ધાન નથી, એનું એને જ્ઞાન નથી. સાચી શાંતિનું જે સ્વરૂપ આત્મા છે એને એનું શ્રદ્ધાન નથી, એને એનું જ્ઞાન નથી, એને એનું આચરણ નથી. આ કૃત્રિમ શાંતિ છે.

સમ્યક્દૃષ્ટિને ક્રોધ થાય તોપણ એ રસ વિનાનો હોય છે, ખડના ભડકા જેવો હોય છે. ખડનો ભડકો ક્ષણિક મોટો દેખાય પણ પાછો ક્ષણમાં શાંત થઈ જાય છે. મિથ્યાદૃષ્ટિની અશાંતિ ખેરના અંગારા જેવી હોય છે. એટલો બધો ભડકો ન દેખાય પણ એનો તાપ છે એ જલદી મટે નહીં. સળગ્યા જ કરે. એટલો બધો ફેર છે. બાહ્ય દૃષ્ટિએ આ શાંત લાગે, આ અશાંત લાગે પણ આ અંતરદૃષ્ટિનો વિષય છે, બાહ્યદૃષ્ટિનો વિષય નથી. ૧૦૧મો બોલ (પૂરો) થયો.

**આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. એને કોઈ લઈ જઈ શકતું નથી. જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે ? ૧૦૨.**

૧૦૨. (આ બોલમાં) આત્મસ્વરૂપનો મહિમા કર્યો છે. જે આત્મસ્વરૂપનો મહિમા સર્વ અનંત તીર્થંકરોએ દિવ્યધ્વનિમાં કર્યો છે. બીજી રીતે એમ કહી શકાય કે સર્વ અનંત તીર્થંકરોની દિવ્યધ્વનિનો કોઈ મુખ્ય વિષય હોય તો તે આત્મસ્વરૂપનો મહિમા છે. અનંત મહિમાવંત આત્મસ્વરૂપને દિવ્યધ્વનિમાં મહિમાથી કહેવામાં આવ્યું છે અને તે જ મુખ્ય વિષય રહ્યો છે. છતાં પણ એનો પૂરેપૂરો મહિમા દિવ્યધ્વનિ કહી શકી નથી.

દિવ્યધ્વનિ પણ એક પુદ્‌ગલાત્મક વચનવર્ગણા છે કે જેનામાં આત્માનો પૂરેપૂરો મહિમા કહેવાનું સામર્થ્ય નથી. અમુક હદ સુધી એ મહિમા કરે છે. જેટલો જ્ઞાનમાં આત્માનો મહિમા છે એટલો વાણીમાં - દિવ્યધ્વનિમાં પણ આવતો નથી તો છદ્મસ્થની વાણીમાં આવવાનો તો પ્રશ્ન પણ રહેતો નથી. છતાં પણ જ્ઞાનમાં આત્માનો મહિમા આવવાને લીધે વાણીમાં યત્‌કિંચિત્‌, જેટલો વાણીનો યોગ હોય છે એટલો મહિમા આવ્યા વિના પણ રહેતો નથી. આ એક કુદરતી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- આત્માનો મહિમા ઘણો ઘણો આપ્યો છે તોપણ હજી ઓછો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતમા ભાગે છે. એટલો બધો મહિમાવંત પદાર્થ આત્મા છે કે જેનો મહિમા કહી શકાય, કથી શકાય એવી વસ્તુસ્થિતિ જ નથી ! આમ છે. કાલે આપણે થોડી ચર્ચા ચાલી હતી કે ત્રિકાળી દ્રવ્યસામાન્ય પર્યાયને દેતું નથી, પર્યાયને કરતું નથી. કેમકે એ એક વિશેષ તત્ત્વ છે, આ એક સામાન્ય તત્ત્વ છે. એટલે ત્રિકાળી ધ્રુવ સ્વભાવ પર્યાયનો દાતાર નથી એમ એક ન્યાયથી કહેવાય છે. તો ધ્રુવમાંથી પર્યાય આવતી નથી. આવે છે એમ પણ પ્રમાણ અપેક્ષાએ કહેવાય છે અને નથી આવતી એમ પણ કહેવાય છે. વસ્તુસ્થિતિ અનેકાંતાત્મક છે અને એનું જ્ઞાન પણ અનેકાંતાત્મક હોય તોપણ એમાં વિષયવિરોધ કે જ્ઞાનમાં વિરોધ - સમજણમાં વિરોધ ઉત્પન્ન થતો નથી. એવી જે સ્વતંત્ર પર્યાય (છે) એ પર્યાય જો આત્મસન્મુખ થાય, ધ્રુવની સન્મુખ થાય તો એમાં કેવળજ્ઞાન અને પરમાનંદ ઉત્પન્ન થઈ જાય, અડ્યા વિના !

અર્થાવબોધ સામાન્યને નહીં આલિંગીત એવી શુદ્ધ પર્યાય તે આત્મા છે. અલિંગગ્રહણનો ૨૦મો બોલ છે. એ અર્થાવબોધ સામાન્ય એટલે ત્રિકાળી ધ્રુવ પદાર્થ. એને નહીં આલિંગીત એટલે એને સ્પર્શ પણ કરતી નથી. માત્ર એની સન્મુખ થાય છે તો અંદર કેવળજ્ઞાન અને પરમાનંદ ઉત્પન્ન થાય છે. એટલો ધ્રુવનો તાપ છે કે એની સામે જોનારની આ દશા થાય છે !

જેમ કોઈ કહે કે, ભાઈ ! સૂર્યની સામે ફલાણી ચીજ રાખશો તો શુદ્ધ થઈ જશે, એનો મેલ નહીં રહે. આ સૂર્યના તડકામાં સૂકવે છે ને અમુક વસ્તુ ? મળ નાશ કરવા માટે, શરીરનો મળ નાશ કરવા માટે સૂર્યસ્નાન કહેવામાં આવે છે. સૂર્યના કિરણોનું સ્નાન કરે. એવા એના અનેક પ્રકાર છે. એટલો એ તેજસ્વી પદાર્થ છે કે સૂર્ય સૂર્યની જગ્યાએ છે, સૂર્ય કાંઈ અહીંયાં શરીરમાં આવતો નથી, શરીર સૂર્યમાં જાતું નથી. એમ પર્યાય ત્રિકાળી દ્રવ્યમાં જતી નથી અને ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ પર્યાયમાં આવતો નથી તોપણ જે સન્મુખ થનારી પર્યાયને કેવળજ્ઞાન અને પરમાનંદની, અનંત પૂર્ણ ગુણોની શુદ્ધતા ઉત્પન્ન થઈ આવે, તો વસ્તુમાં સામર્થ્ય કેટલું હશે ? એનો અંદાજ મૂકી દેવો, ત્રિરાશિ મૂકી દેવી. એટલું બધું સામર્થ્યવંત છે કે જેના સામર્થ્યને બતાવવા માટે, કહેવા માટે (બીજો કોઈ) પદાર્થ નથી, શબ્દો નથી. અનંત સામર્થ્ય છે એમ કહીને બંધ થઈ જવું પડે.

મુમુક્ષુ :- પર્યાય દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે અને તે દ્રવ્યને સ્પર્શતી નથી એ જરા સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રમાણનો વિષય જે દ્રવ્ય - આખો પદાર્થ છે એ અપેક્ષાથી પદાર્થને જોવામાં આવે તો પદાર્થ પોતે પોતાની અવસ્થા ઉત્પન્ન કરે છે. એક પદાર્થનું જ અંગ છે, પદાર્થનો જ અવયવ છે કે જે સ્વયં પદાર્થ પોતે એનો ઉત્પાદ-વ્યય કરનારો છે. પણ પદાર્થનો જે ત્રિકાળી ધ્રુવ અંશ છે, કુટસ્થ અંશ છે એ અંશને જોવામાં આવે તો એ અંશ કાંઈ કરતો નથી. નિષ્ક્રિય અંશ છે.

પદાર્થને ક્યા દૃષ્ટિકોણથી જ્ઞાનમાં લેવો છે એના ઉપર એ પદાર્થનું જ્ઞાન થાય છે કે પદાર્થ કેવો છે. બન્ને પડખાંથી પદાર્થનું જ્ઞાન યથાર્થ હોવું જરૂરી

છે, આવશ્યક છે કે જેથી એને પદાર્થજ્ઞાનને વિશે કોઈ ભ્રમણા ન થાય, કલ્પના ન થાય. બન્ને પડખાં એને સમજમાં હોવા જોઈએ. આ પ્રમાણનો વિષય છે અને પેલો નિશ્ચયનયનો વિષય છે. બસ ! આટલો ફેર છે. પેલો નિશ્ચયનયનો વિષય છે, પેલો પ્રમાણનો વિષય છે.

દૃષ્ટાંતમાં એક (વાત) લઈએ કે અરીસાની જે ઉપલી સપાટી છે એમાં પ્રતિબિંબોનું આવાગમન છે. એની સપાટી ઉપર બીજા આકારો એની અંદર ઉત્પન્ન થાય છે, નાશ થાય છે, ઉત્પન્ન થાય છે, (નાશ થાય છે). પાછળ જે કાચનું દળ છે એમાં કાંઈ થતું નથી. દળ અને અવસ્થાને બહુ છેટું નથી. છતાં દળ તે દળ છે અને ઉપલી સપાટી તે ઉપલી સપાટી છે. ફેરફારો, જ્ઞેયાકારો, અનેક પ્રકારના પ્રતિબિંબના આકારો અરીસામાં થાય છે (પણ) દળ કૂટસ્થ રહે છે. એમ આ ત્રિકાળી સ્વભાવ ચૈતન્યદળ છે. જ્ઞાનાકારો જ્ઞાનની પર્યાયમાં થાય છે એ ચૈતન્યદર્પણની ઉપલી સપાટી છે, એમ લેવું.

પ્રશ્ન :- સપાટી દળથી દૂર ખરી ?

સમાધાન :- દળથી દૂર નથી છતાં દળસ્વરૂપે પણ નથી. એ તો માનવું પડશે કે નહીં ? દળ છે એ સપાટીસ્વરૂપે નથી, સપાટી દળસ્વરૂપે નથી. અતદ્ભાવ છે એ તો અતદ્ભાવે સ્વીકારવો જ રહ્યો. ગુણ અને પર્યાય નજીક છે, દ્રવ્ય ને પર્યાય નજીક છે, પર્યાયની પાછળ આખું દ્રવ્ય ઊભું છે. સપાટીની પાછળ જેમ દળ છે એમ. તેમ છતાં પર્યાયત્વ છે તે ગુણત્વ નથી અને ગુણત્વ છે તે પર્યાયત્વ નથી. એને 'પ્રવચનસાર'માં અતદ્ભાવ કહ્યો છે. ગુણભાવ તે ગુણભાવ છે અને પર્યાયભાવ તે પર્યાયભાવ છે. પર્યાયભાવ અનિત્ય છે અને ગુણભાવ છે એ નિત્ય છે. બે વચ્ચે કોઈ મોટો સ્વભાવ ફેર હોય તો આ મોટો સ્વભાવ ફેર છે કે એક નિત્ય છે અને એક ક્ષણિક છે, અનિત્ય છે. આટલો મોટો બે વચ્ચે ફેર છે. જો બન્ને એક થાય તો બન્નેનો નાશ થાય પણ એવું તો બનતું નથી. એટલે એ વિષય ત્રિકાળી શાશ્વત તત્ત્વમાં, નિત્ય તત્ત્વમાં સ્થિર થવા અર્થે એવો આધાર લેવામાં, અવલંબન લેવામાં આવે છે કે, હું અખંડ છું.

આ દૃષ્ટિના ૧૦૦માં બોલમાં તો એ આવ્યું કે મને દ્રવ્ય પ્રત્યે આલંબન

(છે) એમ દ્રવ્ય પ્રત્યે આલંબન લેતાં પર્યાયને આવવું હોય તો આવે, પર્યાયને મારું આલંબન લેવું હોય તો લે, હું પર્યાયનું આલંબન લેતો નથી. એમ એમાં હુંપણું સ્થાપે છે. પર્યાયમાં અનાદિનું હુંપણું (છે એ) ઉઠાવી લે છે અને સ્વદ્રવ્ય, સામાન્ય ધ્રુવ દ્રવ્યમાં હુંપણું એવી રીતે સ્થાપવામાં આવે છે કે પર્યાયને આવવું હોય તો મારા પ્રત્યે આવે, બીજા પ્રત્યે જવું હોય તો પર્યાય પર્યાયનું જાણે. હું મારામાં હવે બરાબર છું. હું મારામાં બરાબર સમવસ્થિત છું, સમ્યક્ પ્રકારે અવસ્થિત છું એમ પર્યાયમાં ભાવ થતો હોવાથી આપોઆપ પર્યાય એ બાજુ આવે છે, લાવવી પડતી નથી તોપણ એ આવનારી પર્યાય પ્રત્યે પણ દ્રવ્યસામાન્યને એની અપેક્ષા નથી. આનું નામ એણે હુંપણું સ્થાપ્યું એમ કહેવામાં આવે છે.

ત્યાં (-'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં) અનેક પ્રકારની વિવિક્ષાઓ ચાલી છે, કે પર્યાય આત્માનું ધ્યાન કરો તો કરો, મારું ધ્યાન પર્યાય કરો તો કરો, હું પર્યાયનું ધ્યાન કરતો નથી. અથવા ધ્યાન વિનશ્વર છે અને હું આત્મા સદાય અવિનશ્વર છું. એક સમયની પર્યાયનો - ધ્યાનનો નાશ થાય છે ત્યારે મારો નાશ થતો નથી. હું અખંડપણે એમ ને એમ ઊભો રહી જાઉં છું અને પર્યાય આવે જાય છે. પર્યાય મને અવલંબે છે ત્યારે એ પર્યાય મારી પ્રદક્ષિણા કરે છે પણ હું કાંઈ પર્યાયની પ્રદક્ષિણા કરતો નથી. મેરુની પ્રદક્ષિણા કરે તો એમાં મેરુને કેટલો ફાયદો થાય ?

મુમુક્ષુ :- એવો વિકલ્પ પાછો પર્યાયમાં જ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ પર્યાયમાં થાય છે છતાં પણ એમાં અહંપણું સ્થપાતું નથી.

પ્રશ્ન :- એટલે પર્યાય પર્યાયની સાથે વાત કરે છે ?

સમાધાન :- પર્યાય દ્રવ્યની સાથે એવી વાત કરે છે કે હું તો દ્રવ્યસ્વરૂપે છું. હું તો દ્રવ્યસ્વરૂપે છું એમ પર્યાય થઈને દ્રવ્યના ભાવનો - દ્રવ્યસ્વભાવનો પોતામાં આવિર્ભાવ કરે છે. એટલે સદૃશભાવે અનિત્ય રહીને પણ એ સદૃશભાવે પરિણમે છે. એનું અનિત્યપણું ભલે છૂટતું નથી પણ એમાં દ્રવ્યસ્વભાવનો ભાવ આવિર્ભાવ થાય છે અને ત્યારે એમાં અશુદ્ધતા રહેતી નથી, એમાં દુઃખ રહેતું

નથી. એટલી વિશિષ્ટતા ઉત્પન્ન થાય છે. મળ એમાંથી સાફ થઈ જાય છે અને દુઃખ પણ એમાંથી ચાલ્યું જાય છે. આ બે ગુણ એમાં થાય છે.

પ્રશ્ન :– પર્યાય મારું ધ્યાન કરે તો કરો, ઈ પર્યાય પર્યાયની સાથે વાત કરે છે ?

સમાધાન :– ઈ તો એક વિકલ્પ છે પણ એનું વાચ્ય લેવું છે. એનું વાચ્ય એ છે કે હું ત્રિકાળી છું અને મારાથી બાહ્ય એવું જે પર્યાય તત્ત્વ છે એ મારું ધ્યાન કરે, ન કરે એથી મને, મારી પૂર્ણતાને શું ફેર પડે છે ? મારા સામર્થ્યને શું ફેર પડે છે ? મને એથી શું લાભ-નુકસાનનો સવાલ ઊભો થાય છે ? કે, કાંઈ નહીં. મારું ત્રિકાળી સામર્થ્ય એટલું બધું અગાધ, અપરિમિત અને અમર્યાદિત છે કે જેને વર્તમાન પર્યાયની શુદ્ધિ-અશુદ્ધિ બાધા પહોંચાડતી નથી, જગતના પદાર્થનો ભય અને શંકા તો રાખવાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ? આમ સમ્યક્‌દૃષ્ટિ નિઃશંક છે. એટલો સમ્યક્‌દૃષ્ટિ નિઃશંક છે કે બીજાની તો કોઈ વાત જ નથી. વર્તમાન પર્યાયથી માંડીને બધાં જ તમામ પ્રકારના બીજા જીવ સચેતન-અચેતન, સચેત-અચેત મિશ્ર પદાર્થો બહારને બહાર લોટે છે, બહારને બહાર પરિણમે છે, મારા સુધી પહોંચવાની કોઈનામાં પહોંચ જ નથી, પહોંચવાની શક્તિ જ નથી પછી ભય શો ? ખેદ શો ? ચિંતા શી ? દુઃખ શેનું ? ગભરાટ શેનો ? અને શંકા શેની ? કે બધું ચાલ્યું જાય છે. સમ્યક્‌દૃષ્ટિને કાંઈ રહેતું નથી.

**'આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે.'** સ્વરૂપ કેવું છે ? કે જગતના સર્વ પદાર્થથી ઉત્કૃષ્ટ છે. જગતના તમામ પદાર્થો એનાથી અનઉત્કૃષ્ટ છે, એનાથી હેઠ છે. ચાલુ ભાષામાં કહીએ તો એનાથી હેઠ છે. આત્મા ઊંચે છે એનાથી બધા જ નીચે છે. કોઈને વિશેષ સ્થાન દેવા યોગ્ય નથી. પોતાથી વિશેષ કોઈને સ્થાન દેવા યોગ્ય નથી.

હવે જો કેવળજ્ઞાની શ્રીભગવાનથી માંડીને, ગુરુ ભગવાનથી માંડીને બધા એમ કહે, બધા શાસ્ત્રજી પણ એમ કહે કે તારાથી કોઈ ઊંચું નથી તો તને એમ સ્વીકારવામાં શું વાંધો છે ? ભાઈ ! તને નીચ કહીએ તો તો તું એ સ્વીકાર ન કર કે ના, ભાઈ હોં ! તમે મને નીચ કહો પણ હું એ રીતે મારી

નીચતા સ્વીકારવા તૈયાર નથી. પણ સર્વોત્કૃષ્ટ પદ તારું છે એમ જો કહે તો તને સ્વીકારવામાં શું વાંધો છે ? આ જીવને પોતે પોતાને પૂછવા યોગ્ય એવો પ્રશ્ન છે.

મુમુક્ષુ :– શરીરને સર્વોત્કૃષ્ટ માન્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો થાય દુઃખી. હાડકાં, ચામડાંને સર્વોત્કૃષ્ટ માન્યું છે અને અંદરમાં નજીકમાં રહેલો ભગવાન છે એને ભૂલી ગયો છે. એને ઉત્કૃષ્ટ માનીને ભગવાનને ભૂલ્યો છે, પરમાત્માને ભૂલ્યો છે (એ તો) અનાદર કર્યો. શરીરનો આદર કરતા પરમાત્માનો અનાદર કરી નાખ્યો. એ ગુનો છે અને એની સજા પણ પરિભ્રમણ છે બીજું કાંઈ (નથી). જન્મ-મરણનું દુઃખ, ચાર ગતિનું દુઃખ એની સજા છે. હવે તને ઇષ્ટ લાગે તે કર. ઠીક લાગે તે કર. વાત ચોખ્ખી બહાર આવી છે.

**'આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે.'** મહા આશ્ચર્યકારી છે ! જગતમાં જેટલા આશ્ચર્યના પ્રસંગ છે એ આત્માના આશ્ચર્યકારી સ્વરૂપ પાસે કાંઈ નથી, નહીંવત છે. એવું આશ્ચર્યકારી છે પણ એ જેવું છે એવું જ્ઞાનમાં આવ્યા વિના, એનો ભાવ ભાસ્યા વિના આ બધા શબ્દો તુંબડીમાં કાંકરા ખખડતા હોય એવા લાગે. 'તુંબડીમાં કાંકરા' એ કહેવત છે. આપણે ગુજરાતીમાં એ Idiom છે. કોઈ (વાત) ન સમજાય ત્યારે એમ કહે કે ભાઈ ! આ શું કહે છે ? આપણને તો તુંબડીમાં કાંકરા જેવું લાગે છે. તુંબડીમાં કાંકરા ખખડે એનો અર્થ કાંઈ ન હોય. એનો અર્થ કાંઈ થાય ? એનો કાંઈ અર્થ ન થાય. એમ આત્મા મહા આશ્ચર્યકારી પદાર્થ છે પણ એનું સ્વરૂપ જ્ઞાનમાં આવ્યા વિના એ આશ્ચર્યકારી શબ્દ તુંબડીમાં કાંકરા જેવો લાગે. કોને ખબર કેવું આશ્ચર્ય હશે ? શું ખબર કેવું આશ્ચર્ય હશે એમ થાય ને ? આવો વિષય છે. એટલે એમ કહે છે કે ભાષામાં બહુ મર્યાદિત વિષય આવે છે અને ભાષા બહાર અમર્યાદિત કહેવાનો ભાવ રહી જાય છે. એવો આત્મા છે.

આ શાસ્ત્રની અંદર અનેક બોલ છે, સ્વરૂપ મહિમાના વિષયમાં અનેક બોલ છે. એમાં અનેક પડખેથી જુદી જુદી રીતે મહિમા કર્યો છે. કોઈપણ રીતે જીવને

પોતાના સ્વરૂપનો ભાવ ભાસે એમ ત્યાં આ કથનનો, કથનની પાછળ હેતુ અથવા આશય રહેલો છે કે આમ કહેતા કોઈ રીતે જીવને ભાવ ભાસે છે ? કોઈ રીતે મહિમા આવે છે ? અથવા જો જ્ઞાનીઓ આનો આટલો બધો મહિમા કરે છે, એમ કહે છે કે અનંત તીર્થંકરોએ પણ આ જ મહિમા કર્યો છે તો છેવટે ઓઘેઓઘે એની મહિમા કરે અને એ ઓઘેઓઘે પરપદાર્થનો મહિમા છોડે. આત્મસ્વરૂપનો મહિમા કરતા કરતા સાચો મહિમા કરવા સુધી પ્રયત્ન કરી અને સાચો મહિમા એના જ્ઞાનમાં આવે તો થાય. એવો આશય છે.

ઓઘસંજ્ઞા તો કાંઈ ઇચ્છનીય નથી પણ પહેલાં એવું બને છે કે ભાવભાસન ન થાય તો ઓઘેઓઘે પણ મહિમા આવે છે પણ એ ઓઘસંજ્ઞામાં રહેવા જેવું નથી. (વધારે લાંબો કાળ ઓઘસંજ્ઞામાં) રહે તો પાછું બધું જાડું થઈ જાય - મિથ્યાત્વ જાડું થઈ જાય. પહેલાં જગતનો મહિમા છોડી અને ઓઘસંજ્ઞાએ પણ આત્માનો મહિમા કરે ત્યારે થોડું મિથ્યાત્વ પાતળું પડે, દર્શનમોહ થોડો પાતળો પડે પણ ઓઘસંજ્ઞામાં એમ ને એમ રહી જાય તો પાછું મિથ્યાત્વ દઢ થઈ જાય. એવો એ દર્શનમોહનો વિચિત્ર સ્વભાવ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા (મળે), ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર છોડી અને સાચા દેવ-ગુરુ - વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની નજીક આવે તો દર્શનમોહ મંદ થાય પણ પાછો જો ત્યાં ને ત્યાં અટકી જાય તો વળી પાછો દર્શનમોહ તીવ્ર થાય, વળી પાછો ગૃહીતમાં ચાલ્યો જાય.

આ દિગંબરો પણ અન્ય દેવ-દેવલાને કેમ માનવા મંડ્યા ? નહીંતર આવ્યા (છે) તો કોઈ એવા સત્પુણ્યને લઈને કે એવા કુળમાં એનો જન્મ થાય કે જ્યાં વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર હોય, ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર ન હોય છતાં પણ ઈ કેમ બીજા કુદેવ આદિને માનવા મંડ્યા ? કે, ત્યાં અટક્યા. ત્યાંથી આગળ ન વધી શક્યા એટલે વળી પાછા પડ્યાં. એ પરિસ્થિતિ આવ્યા વિના રહેતી નથી.

એવું તત્ત્વજ્ઞાનમાં છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ દર્શનમોહને ગાળે છે - મંદ કરે છે પણ એ તત્ત્વજ્ઞાન (અર્થે) શાસ્ત્રના પઠનમાં અને સાંભળવામાં ને એમાં ને એમાં જ રહ્યા કરે, એમાં ને એમાં અટકી જાય અને અંદરમાં ન ઊતરે તો પાછો ત્યાં ને ત્યાં દર્શનમોહ તીવ્ર થાય અને એ સિદ્ધાંતોની ભૂલ કરે. વાંચતો

હોય એ જ શાસ્ત્રમાં એને ઓઘસંજ્ઞાને લીધે કલ્પનાઓ થવા મંડે અને પાછો ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય. એટલે એનું જ્ઞાન સ્થૂળ થઈ જાય. જો તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીને; અભ્યાસ કરતા જ્ઞાન સૂક્ષ્મ થાય પણ એ સૂક્ષ્મ જ્ઞાનની તકનો લાભ લઈને સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવનું ગ્રહણ ન કરે તો દર્શનમોહ વધી જતાં વળી પાછું એ જ્ઞાન સ્થૂળ થઈ જાય. (જીવ) કાં તો આગળ જાય નહીંતર પાછળ પડ્યા વિના રહે નહીં, પાછો પડી જ જાય. આવો નિયમ છે.

ઘણાં એમ કહે છે ને કે, ભાઈ ! આ તો બહુ સૂક્ષ્મ વિષય જાણતા હતા, બહુ સૂક્ષ્મ વાત કરતા હતા ને (તો) કેમ આમ આવી સ્થૂળ ભૂલ થઈ ? કે, થયા વગર રહે નહીં. જો આગળ ન વધે તો પાછળ ગયા વિના રહે નહીં. આ એક સ્વાભાવિક નિયમ છે. દર્શનમોહનો એવો જ કોઈ વિચિત્ર સ્વભાવ છે કે મંદ થવાના કાળમાં અનંતવાર મંદ કર્યો છે. દર્શનમોહ પણ આ જીવે અનંતવાર મંદ કર્યો છે પણ એ મંદ થવાના કાળમાં તકનો લાભ લઈને એનો અભાવ કરવા સુધીનો પ્રયત્ન ન કરે તો પાછો દર્શનમોહ તગડો થઈ જાય, જાડો થઈ જાય, પુષ્ટ થઈ જાય. આ એનો એક નિયમ જ છે. સ્વભાવિક વસ્તુ છે. એટલે દર્શનમોહ મંદ થાય તોપણ ત્યાં અટકવા જેવું નથી. એમ એમાંથી તાત્પર્ય નીકળે છે.

**'આત્મા સર્વોત્કૃષ્ટ છે, આશ્ચર્યકારી છે. જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી.'** આ આત્માથી કોઈ ઊંચી વસ્તુ નથી. 'પરમાત્મપ્રકાશ'ના પ્રવચનો કરતા 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના બીજા ભાગમાં જે પ્રવચનો પ્રસિદ્ધ થયા છે, પ્રકાશિત થયા છે એમાં 'ગુરુદેવે' એવો વિષય લીધો છે કે, આત્માને 'પરમ' શબ્દનું વિશેષણ લગાડ્યું છે. પરમ પંચમભાવ, પરમ પારિણામિકભાવ ! પારિણામિકભાવ તો છએ દ્રવ્યને વિશે છે પણ નિજ આત્મા માટે – પોતાના આત્મા માટે તેને પરમ પારિણામિકભાવ શબ્દ લાગે છે. બીજા આત્મા માટે અને બીજા પુદ્‌ગલો, ચાર દ્રવ્યો – ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ બધાયને સામાન્ય સ્વભાવ પારિણામિકભાવે છે. પણ પોતાનો આત્મા પરમ પારિણામિકભાવે છે. પરમ એટલે ઉત્કૃષ્ટ, પરમોત્કૃષ્ટ. એટલે એને પરમ પારિણામિક (ભાવ કહે છે). એ પરમનો ભાવ ખોલતા ખોલતા 'ગુરુદેવ'

પ્રવચનમાં એમ કહે છે કે, આત્મા એવો પરમ એટલે ઉત્કૃષ્ટ સ્વભાવે છે કે એની આગળ બધું અપરમ છે. અપરમ શું છે ? કે કેવળજ્ઞાનની પર્યાય સુદ્ધાં, મુક્તિની દશા સુદ્ધાં, પરમાનંદની દશા સુદ્ધાં એ બધી દશાઓ અપરમભાવે છે અને આત્મા પરમભાવે છે. કેમકે એનાથી અનંતગુણ છે. એ મુક્તિની દશા તો એના અનંતમાં ભાગે છે. એવો એનો પરમ સ્વભાવ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ કીધું છે - 'જગત ઇષ્ટ નહિ આત્મથી.'

પૂજ્ય ભાઈશ્રી :- આત્માથી આખું જગત કોઈ ઇષ્ટ (નથી). એટલે તો કહે છે કે જગતમાં તેનાથી ઊંચી વસ્તુ નથી. ઊંચી વસ્તુ નથી એટલે તારે ઉપાદેય કરવા લાયક આત્માથી કોઈ ઊંચી ચીજ નથી એક જ ઉપાદેય છે. સર્વોત્કૃષ્ટ ઉપાદેય છે. પરમ ઉપાદેય છે એક પોતાનું સ્વરૂપ. **'તેનાથી ઊંચી વસ્તુ નથી.'** ત્યાં તો હજી મધ્યપાત્ર લીધા છે. જ્યારે પહેલુંવહેલું જીવને એમ લાગે કે આ જગતમાં આત્માથી કોઈ ઇષ્ટ નથી એવું ભાસે ત્યારે એ મધ્યમકક્ષાની પાત્રતામાં આવ્યો. ઉત્કૃષ્ટ પાત્રતામાં આવે (તો) પામી જતા વાર લાગે નહીં. હજી મધ્યમકક્ષાની (પાત્રતામાં હોવાથી) એને મધ્યપાત્ર કીધો છે અને છતાં એને મહાભાગ્ય કહ્યો છે. ચાલો, જગતને હેઠ (માન્યું), આખા જગતને તેં નીચે મૂક્યું, તારા આત્માને ઇષ્ટપણે સ્થાપ્યો. ખરેખર તું મહાભાગી છો ! ભાગ્યશાળી છો !

પ્રશ્ન :- ઉત્કૃષ્ટ પાત્રતા કઈ ?

સમાધાન :- ઉત્કૃષ્ટ પાત્ર તો સીધો અનુભવનો પ્રયત્ન કરીને અનુભવ સુધી પહોંચે એટલે એ એની ઉત્કૃષ્ટ પાત્રતા થઈ. પ્રયત્ન જાગે - પુરુષાર્થ જાગે અને એ પુરુષાર્થનો Power ફાટી અને અપરોક્ષ - પ્રત્યક્ષ અનુભવ કરી લ્યે તો ત્યાં ઉત્કૃષ્ટપાત્ર થઈ ગયો.

**'એને કોઈ લઈ જઈ શકતું નથી.'** આ આત્માનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. કોઈ એના ક્ષેત્રને છોડાવીને ક્યાંય બહાર લઈ જાય ? એ કાંઈ પ્રશ્ન રહેતો નથી. આત્માને કોઈ લઈ જઈ શકતું નથી અને આત્માનું છે એમાંથી કાંઈ પણ કોઈ કાંઈ લઈ જઈ શકતું નથી. આ નુકસાન થાય છે ત્યારે માણસ દુઃખી થાય છે ને ? પૈસા હોય અને પૈસા ચાલ્યા જાય, આબરૂ હોય અને આબરૂ ચાલી

જાય, લોકો વાહ વાહ કરતા હોય એને બદલે કોઈ બોલાવે નહીં અથવા અપમાન કરે અને સધનતામાંથી નિર્ધનતા આવી જાય, આ કોઈ લૂંટ કરી જાય, લૂંટી જાય – સોનું, દાગીના, કપડાં વગેરે લૂંટી જાય તો જાણે મારું ચાલ્યું ગયું, મારામાંથી ચાલ્યું ગયું, મારું ચાલ્યું ગયું એમ દુઃખ થાય છે. આ કહે છે કે મારામાંથી કાંઈ જતું નથી, મને કોઈ લઈ જઈ શકતું નથી.

'સમયસાર'માં એક ગાથા લીધી છે **'છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે.'** એમ કરીને ગાથા લીધી છે. આ સમ્યક્દૃષ્ટિનું ચારિત્ર ભલે એટલું તીવ્ર નથી તોપણ એનું પરિણમન તો આવું જ હોય છે. 'છેદાવ વા ભેદાવ વા અન્ય રીત લઈ જાવ' એને પરિણમનમાં ઘણી શક્તિ ઉત્પન્ન થઈ ગઈ છે. ભલે ચારિત્ર નબળું છે તો પણ આટલી બધી શક્તિ શ્રદ્ધામાંથી ઉત્પન્ન થઈ છે.

પ્રશ્ન :– તલવારથી બે કટકાં કરી નાખે તો ?

સમાધાન :– એકના બે (કટકા) શરીરના થાય, આત્માના તો થઈ શકતા નથી. આત્માનો તો એક પ્રદેશ છૂટો પાડી શકાતો નથી. એક પ્રદેશ છૂટો પાડી શકાતો નથી. આ બાટલા ચડાવે છે ને ? ત્યારે છેલ્લે છેલ્લે બધી નસ સંકોચાય જાય તો હાથમાં ન આવે અથવા સોય મૂકે ત્યાં સ્લીપ થઈને આગળ આઘી ખસી જાય પણ એને – સોયને પકડાય નહીં. સોયની અણી અડે ત્યાં ખસી જાય. પછી શું કરે ? આમ છેદ પાડે. આમથી એક કાપ મૂકે, એક કાપ આમથી મૂકે (એટલે) બરાબર એની જે નસ હોય એનો કટકો બરાબર હાથમાં આવે એવી રીતે ત્યાં સોય મૂકે. ઈ કટકો કાઢી લીધો એમાં આત્માના પ્રદેશ કાંઈ નીકળી ગયા ? જોઈ લેવું, એ કટકો નિર્જીવ હશે. જો શરીરનો નાનામાં નાનો ટુકડો કાપીને બહાર મૂકે તો એમાં કાંઈ આત્માના પ્રદેશો આવતા નથી. એ તદ્દન નિર્જીવ પરમાણુની ચીજ છે. આત્માના એક પ્રદેશને કોઈ સ્પર્શી શકતું નથી, કોઈ હથિયાર સ્પર્શી શકતું નથી, અસ્ત્ર, શસ્ત્રનું ત્યાં કાંઈ કામ આવતું નથી.

મુમુક્ષુ :– આત્મા અરૂપી છે અને શરીર રૂપી છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે અરૂપી, રૂપી પણ હવે અડે ત્યારે ખબર પડે કે, રૂપી અડ્યું કે અરૂપી અડ્યું ? એક સોયની અણી અડે ત્યાં આખો ત્યાં એક જગ્યાએ જઈને ઊભો રહે છે. આખેઆખો ત્યાં આવી જાય છે – એક અણીની જગ્યાએ ! અરૂપી છે એ અરૂપીભાવમાં રહેતા અરૂપીપણું છે. નહીંતર અનાદિથી એવો રૂપીપણા સાથેનો સંબંધ કર્યો છે કે એનો ત્રાસ એને પાર વગરનો છે. એનો ત્રાસ પણ જીવને પાર વગરનો છે.

મુમુક્ષુ :- જાણ્યું હોય તો કો'કને આશ્વાસન તો અપાય ને !

પૂજ્ય ભાઈશ્રી :- કો'કને આશ્વાસન અપાય, પોતાને ન લેવાય ! એટલે જીવે શું કર્યું છે ? જીવોએ અનાદિકાળથી પરસ્પર ગુરુપણું કર્યું છે. બીજાને ઉપદેશ આપવો. લેવાની જરૂર પોતાને છે. એ જરૂરિયાત પૂરી થયા વિના તો ઉપદેશ આપવા મંડે. 'અધૂરો છલકાય' એમ નથી કહેતા ? 'અધૂરો ઘડો છલકાય' પૂરો ભરેલો લઈને જાય તો ન છલકાય પણ અધૂરો ભરીને જાય તો પાણી છલકાયને બહાર આવે. એમ ઉપદેશના વિષયમાં એવું થાય છે, ઉપદેશમાં અધૂરાશ હોય તો એને એમ થાય કે હા, મને ઘણો ઉપદેશ મળી ગયો ! (પછી) માંડે દેવા ! પણ હજી તારે લેવાનું બાકી છે, ભાઈ ! આ અપરિપક્વદશાની નિશાની છે, આત્માને એનાથી નુકસાન થાય છે અને બીજાને પણ એના ઉપદેશનો લાભ કદી થતો નથી. કોઈ દિવસ એનો ઉપદેશ બીજાને લાગે નહીં.

મુમુક્ષુ :- એટલું આત્મા સાથે અંતર ઘટતું જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પણ બીડી પીતો પીતો એમ કહે કે, ભાઈ ! કોઈએ બીડી ન પીવી. હાથમાં કે મોઢામાં બીડી રાખે અને ઉપદેશ આપે કે, ભાઈ ! બીડી નહીં પીતા, હોં ! બીડી ન પીવાય ! પણ આ તમે શું કરો છો ? એનો ઉપદેશ કોઈ દિવસ લાગે નહીં. આ તો નિયમ છે.

પ્રશ્ન :- મધ્યપાત્રમાં આવે તો એને સંસારના કાર્યો કેવી રીતે કરવા ?

સમાધાન :- સંસારના કાર્યો કરવા જેવા નથી એમ મધ્ય પાત્રતામાં આવ્યું છે ? કે, સંસારના કાર્યો કરવા જેવા નથી. એ બધાં પુણ્યના કાર્યો છે કે પાપના છે ? જે કાંઈ પુણ્ય-પાપના હોય તે કામ પણ એ કરવા જેવા નથી ત્યાંથી શરૂઆત

લેવી કે હું એક આત્મા, એવો આત્મા છું કે એ કરી શકતો નથી. પછી જે થાય એ એના કાળે થવા યોગ્ય હતા તે થયા અને મારા કર્યા થયા નથી. આમ અકર્તાપણું કેળવવાનો પ્રયત્ન (કરવો). કાર્યે કાર્યે, પ્રસંગે પ્રસંગે, ક્ષણે ક્ષણે આ લક્ષ રાખવા જેવું છે. જો આ જાગૃતિ ન રાખવામાં આવી તો સંસારના કાર્યો કરવામાંથી છૂટશે નહીં એટલે સંસારથી છૂટશે નહીં. આ બધી સંસારથી છૂટવાની વાતો છે.

આત્માને **'કોઈ લઈ જઈ શકતું નથી.'** એટલે આત્મામાંથી પણ કોઈ કાંઈ લઈ જઈ શકતું નથી. તેથી કોઈપણ પદાર્થના વિયોગની શંકા અને ભય પણ કર્તવ્ય નથી કે આમ થઈ જશે તો ? તેમ થઈ જશે તો ? જે થવાનું હશે એમાં કોઈ ફેરફાર કરવાના નથી, તારી અક્કલ, હોશિયારી કે ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈનું પરિણામ એમાં કામ કરી શકે એમ નથી. જે થનાર છે – બનનાર છે તે ફરનાર નથી, ફરનાર છે તે બનનાર નથી. તું તારું સંભાળ, તારા સ્વરૂપને સંભાળ તો મોટામાં મોટો વિવેક છે અને ડહાપણ છે અને નહીંતર અવિવેક છે અને મૂર્ખાઈ છે, બીજું કાંઈ નથી.

**'જે છૂટી જાય છે તે તો તુચ્છ વસ્તુ છે;...'** હવે એમ કહે છે કે, ઘડીભર માટે સંયોગોમાં નુકસાન થયું તો તું એને બહુ કિંમત નહીં આપ. આવે એને પણ બહુ કિંમત નહીં આપ, સંયોગની અનુકૂળતા આવે એને પણ કિંમત નહીં આપ, પુણ્યના ઉદયમાં એના રસમાં ચડી જઈશ નહીં અને પાપના ઉદયમાં કાંઈપણ વિયોગ થાય તો એ તુચ્છ વસ્તુ છે એમ સમજીને એના ખેદના રસમાં પણ ચડી જઇશ નહીં. બેમાંથી એકેય રસ કેળવવા જેવો નથી. એ તુચ્છ છે, એની તુચ્છતા બરાબર લક્ષમાં રાખીને એનો રસ તોડી નાખવો જોઈએ.

**'તેને છોડતાં તને ડર કેમ લાગે છે ?'** તુચ્છ વસ્તુ છૂટી તો એનો તને ભય શું ? એની તને ચિંતા શું ? એનો ખેદ શું ? એ કાંઈ કરવા જેવું નથી.

મુમુક્ષુ :- ચક્રવર્તીપદ મળે...

પૂજ્ય ભાઈશ્રી :- અનંતકાળમાં એ ચાર દિવસની પણ ચાંદની નથી અને એ ચક્રવર્તીની સમૃદ્ધિમાંથી એક રજકણ આત્મામાં આવે એવું નથી. જો ચક્રવર્તી

થયો અને દૃષ્ટિ સમ્યક્ હોય તો તો (વૈભવમાં) લપટાય નહીં નહીંતર સાતમી નારકીએ ગયા વિના રહે નહીં. આ ચોવીસીમાં બાર ચક્રવર્તી થયા, ત્રેસઠ શલાકામાં બાર ચક્રવર્તી હોય છે. એ બારમાંથી બે સાતમી નારકીએ ગયા. એક 'સુભૌમ' ચક્રવર્તી અને એક 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી – બન્ને સાતમી નારકીમાં છે. અત્યારે ૩૩ સાગરનું આયુષ્ય છે. કેમકે એનો રસ પડ્યા વિના (રહે નહીં), અનુકૂળતાનો રસ પડ્યા વિના રહે નહીં. એટલી બધી અનુકૂળતાનો રસ વધી જાય કે જાય સાતમી નરકે !

પ્રશ્ન :– બધાય ચક્રવર્તીઓ નરકે જાય ?

સમાધાન :– નહીં, નહીં. સમ્યક્દૃષ્ટિઓ (ચક્રવર્તી) થાય છે. આ 'ભરત' ચક્રવર્તી ચરમશરીરી (હતા), (તે ભવે) મોક્ષમાં ગયા. એક આરામાં બાર ચક્રવર્તી થાય. જે અવસર્પિણી અને ઉત્સર્પિણી (કાળ) છે એમાં બાર ચક્રવર્તી થાય. આ કાળની અંદર બારમાં બે ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ થયા – 'સુભૌમ' ચક્રવર્તી અને 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી. જો ચક્રવર્તી હોય અને મિથ્યાદૃષ્ટિપણું રહે તો નિયમથી સાતમી નારકીએ જાય.

પ્રશ્ન :– ચક્રવર્તીની સ્ત્રીઓ...?

સમાધાન :– એને તો છન્નુ હજાર રાણી છે, એનો કાંઈ નિયમ નથી. એટલે એનો કાંઈ નિયમ નથી કે કોને શું હોય ? એ આપણો કથાનુયોગનો વિષય એટલો બધો (ખ્યાલમાં) પણ નથી.

(વિશેષ લઈશું...)

## તા. ૦૪-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૦૨, ૧૦૩, ૧૦૪. પ્રવચન નં. ૮૨

'બહેનશ્રીનાં વચનામૃત'. પાનું ૩૪. ૧૦૨ (નંબરનો) બોલ ચાલુ છે. આત્મસ્વરૂપનો મહિમા કરતા અહીંયાં એમ કહે છે કે, આત્મા સિવાયની અન્ય ચીજવસ્તુ છે એ આત્મા પાસે તુચ્છ છે. જેમકે જગતમાં ધન, વૈભવની મહત્તા ઘણી છે અથવા જે જે પુણ્યના ફળરૂપ સંયોગ છે તેની મહત્તા ઘણી છે. પછી શરીર સુંદર હોય, સગાં-સંબંધીઓનું જૂથ હોય, સત્તા હોય, કોઈ રાષ્ટ્રનો વડો હોય, રાજા હોય કે ધનની સમૃદ્ધિ હોય, વૈભવની સમૃદ્ધિ હોય (એવા) જેટલા કોઈ પુણ્યના ફળસ્વરૂપ સંયોગો છે તેની મહત્તા છે તેને અહીંયાં તુચ્છ કહે છે. કહેવા ખાતર તુચ્છ છે કે ખરેખર એની તુચ્છતા છે એ વ્યાજબી છે અથવા યોગ્ય છે ? આ વિચારવા યોગ્ય પ્રશ્ન છે,

જેટલા કોઈ સંયોગો છે એ પુણ્યરૂપ વિકારીભાવના ફળ છે. જેના વિકારના ફળની જગતને મહત્તા છે, એના અવિકાર પરિણામ, એના ફળ અને એના સ્વભાવની મહત્તા કેટલી ? આ સમજી શકાય એવો વિષય છે. મુનિરાજનો એક વિકલ્પ ભલે એ રાગાંશ છે અને દર્શન, જ્ઞાન, ચારિત્રનો ઘાતક છે તોપણ એના ફળમાં સર્વાર્થસિદ્ધિની રિદ્ધિ-સિદ્ધિ મળે છે. આ ચોસઠ ઋદ્ધિધારી મુનિઓ હોય છે જેનો પડછાયો માત્ર પડતાં ભયંકરમાં ભયંકર રોગ નાશ પામે. ઇલાજ કરવાની જરૂર નહીં, દવા કરવાની જરૂર નહીં, વિકલ્પ કરવાની જરૂર નહીં. એનો પડછાયો પડે ત્યાં નાશ પામી જાય એવી એવી ઋદ્ધિ હોય છે. શેનું ફળ છે ? પુણ્યરૂપ

વિકારભાવનું એ ફળ છે. આવી જે પુણ્યની રિદ્ધિ-સિદ્ધિ બહારમાં છે એ તો વિકારનું ફળ છે, તો અવિકારનું ફળ અને અવિકાર સ્વભાવની મહત્તા કેટલી ? એમ જોઈને એને તુચ્છ ગણવામાં આવે છે કે, આ તો તુચ્છ છે.

જે વિકૃતભાવનું – મલિનભાવનું જો આવું ફળ હોય, જેના મલિનભાવના એક ટાંકે સર્વાર્થસિદ્ધિ ઊભું થાય. આમ સાંધે છે ને ? તો ટાંકો લે છે એમ કહેવાય છે. એમ એક વિકલ્પના ટાંકે સર્વાર્થસિદ્ધિ(નું આયુષ્ય) બંધાય, જોડાઈ જાય તો એ આત્માનું અવિકારી સામર્થ્ય કેટલું ? જે ઇન્દ્રો – સમ્યક્દૃષ્ટિ ઇન્દ્રો ઇન્દ્રાદિ સંપત્તિ ઉપર લક્ષ જતાં એને દુઃખ સમજે, જે ચક્રવર્તી પણ એના ચક્રવર્તીના વૈભવને દુઃખ સમજે, દુઃખનું નિમિત્ત સમજે; એના ઉપર લક્ષ જાય છે એટલે દુઃખભાવ ઉત્પન્ન થાય છે, તો એના સુખગુણનો મહિમા કેટલો ? એના સુખસ્વભાવનો મહિમા કેટલો ? એ ચક્રવર્તીઓને એનો ત્યાગ કરતાં – છોડતા સુખ વધ્યું છે, કિંચિત્‌માત્ર દુઃખ થયું નથી.

લોકો એમ કહે કે દીક્ષા લે ત્યારે કેટલું દુઃખ અને કેટલી દેહકષ્ટી ભોગવે છે ! એવી મુનિદશા હોતી નથી. મુનિદશા તો અત્યંત પ્રચુર આનંદ અને પ્રચુર સ્વસંવેદન અને પ્રચુર સુખની દશા છે. દુઃખની દશા જરા પણ નથી અને એને જગતના પદાર્થોની તુચ્છતા ભાસી છે. તેથી સહજમાત્રમાં તેનો ત્યાગ થઈ શકે છે. તેનો ત્યાગ કરવો એ રમતમાત્ર છે, લીલા માત્રની અંદર એને એ છોડી શકે છે.

પ્રશ્ન :– મુનિરાજનો વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્રનો ઘાતક છે એટલે શ્રદ્ધાગુણને પણ હાનિ પહોંચે છે?

સમાધાન :– શ્રદ્ધાગુણને હાનિ તો પહોંચવાનો સવાલ નથી. શ્રદ્ધાગુણને તો હાનિ ક્યારેય પહોંચતી જ નથી, પણ મોક્ષમાર્ગ, દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે મોક્ષમાર્ગ – ત્રણેયની એકતારૂપ મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગમાં આગળ નથી વધતા એનું કારણ વિકલ્પ છે તે છે. પંચ મહાવ્રતનો રાગ છે એ શુદ્ધ પરિણતિ – શુદ્ધ પરિણમનનો ઘાતક છે, અવરોધક છે અને એને આગળ વધવું છે એમાં એ ખસી જાય તો આગળ વધે. એ મટી જાય તો આગળ વધે એવી પરિસ્થિતિ

છે. એટલે એને એનો ઘાતક કહેવામાં આવે છે. શ્રદ્ધાને જુદી પાડીને વિચારો તો શ્રદ્ધાને તો ઘાતી શકતું જ નથી.

'પરમાગમસાર'માં 'ગુરુદેવશ્રી'એ બહુ સૂક્ષ્મ વિષય લીધો છે કે, મુનિરાજ છઠ્ઠા ગુણસ્થાને, સાતમા ગુણસ્થાને આયુષ્ય પૂરું કરે અને દેવલોકમાં ચતુર્થ ગુણસ્થાને ઊપજે, સર્વાર્થસિદ્ધિમાં અહંમિન્દ્ર છે ઈ બધા સમ્યક્દૃષ્ટિ એક ભવતારી, ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ (છે) એ બધા ત્યાં છે. ઈ ચોથા ગુણસ્થાને આવે છે, બધાય ચોથા ગુણસ્થાને છે (પણ) એના શ્રદ્ધાગુણને ઘાત નથી થઈ શક્યો. ચારિત્રમાં નીચે આવી ગયા – છઠ્ઠા-સાતમામાંથી ચોથે આવી ગયા. શ્રદ્ધામાં જરાય નહીં. ચારિત્રગુણનું હીણું પરિણમન પણ શ્રદ્ધાને હીણી કરવા માટે સમર્થ નથી. એવો બોલ લીધો છે, જરા સૂક્ષ્મ વિષય લીધો છે.

ચારિત્રથી ભ્રષ્ટ થયા હતા એ ચોથા ગુણસ્થાને આવ્યા. (પરમાગમસાર) ૫૩૨મો બોલ છે. **'ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ (પરિણમન) જ્ઞાનને લક્ષે થયો તે ઉપયોગમાં હીનપણું (નાશ થવું) થતું નથી.'** અહીંયાં તો ત્યાં સુધી વાત લીધી કે એની શ્રદ્ધા તો ન તૂટે પણ એનું ભેદજ્ઞાન પણ છૂટ્યું નથી ! રાગથી ભિન્નપણાનું જે જ્ઞાનનું પરિણમન જ્ઞાનને લક્ષે થયું એને અહીંયાં ઉપયોગ કહ્યો, અહીંયાં ઉપયોગ એટલે સ્વરૂપની સાવધાની છે. એમાં હીનપણું એટલે નાશ થવું થતું નથી, એનો નાશ થતો નથી. ત્યાં પણ ચતુર્થ ગુણસ્થાને બરાબર રહે છે.

**'એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ સાથે જ જાય છે.'** એટલે એવું જે ભેદજ્ઞાન છે એ તો સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ એની સાથેને સાથે રહે છે. **'સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે...'** અહીં તો શ્રદ્ધાની વાત નથી લીધી, ભેદજ્ઞાનની – જ્ઞાનની જ વાત લીધી છે, જ્ઞાનના સામર્થ્યની વાત લીધી છે. **'સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે તે, ચારિત્રવંત હોય ને ચારિત્ર ખલાસ થઈ જાય...'** એટલે હીણું થઈ જાય. અહીંયાં ખલાસ થઈ જાય એટલે હીણું થઈ જાય. કેમકે છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને ધોક ચારિત્ર છે. છતાં તે ઉપયોગને કાંઈ હીનપણું થતું નથી. **'કર્મ મને ઢાંકી દે...'** અને કર્મ મને નુકસાન કરે **'એમ**

**તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ હણાઈ જાય– એમ પણ નથી.'** આવી વાત લીધી છે.

મુમુક્ષુ :– શ્રદ્ધા અને જ્ઞાનની મૈત્રી છે, બન્ને સાથે જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધા, જ્ઞાન સાથે જ હોય છે. જ્ઞાનનો ભલે બીજો વિષય થાય તોપણ એ એના અભિપ્રાય વિરુદ્ધ છે, જ્ઞાનના અભિપ્રાય વિરુદ્ધ છે. 'સમયસાર' ગાથા ૨૭૫ થી ૨૮૩ ઉપરના પ્રવચનમાંથી છે.

મુમુક્ષુ :– શ્રદ્ધાગુણ પતિત થઈ જાય તો ભેદજ્ઞાન ન રહે. માટે બન્ને સાથે જ નક્કી થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભેદજ્ઞાન ન રહે. ભેદજ્ઞાન અને અથવા જ્ઞાનની શુદ્ધ પરિણતિ, સ્વરૂપ આશ્રિત પરિણતિ અને શ્રદ્ધા બન્ને અવિનાભાવી છે. ઉપયોગનું અવિનાભાવીપણું નથી. 'પંચાધ્યાયી'માં ઉપયોગને ભલે વિષમવ્યાપ્તિ છે (એમ કહ્યું છે). એટલે ઉપયોગ ભલે બીજા પદાર્થને અવલંબે છે તોપણ જ્ઞાનની લબ્ધ પરિણતિ શ્રદ્ધાની સાથે, આત્મા સાથે જોડાયેલી રહે છે. એ વિષયની ચર્ચા વિસ્તારથી કરી છે.

અહીંયાં સ્વરૂપનો મહિમા કરતાં કહે છે કે, જે જગતના પદાર્થો **'તુચ્છ વસ્તુ છે; તેને છોડતાં તને ડર કેમ લાગે છે ?'** તેને છોડતાં તને ગભરાટ થાય છે કે મારો આધાર ખસી જાય છે. હવે મારું શું થશે ? હું નિર્ધન થઈ જઈશ તો મારું શું થશે ? મારું શરીર અશક્ત થઈ જશે, વૃદ્ધા અવસ્થા આવશે, રોગ થશે તો મારું શું થશે ? મારી સેવા-ચાકરી કોણ કરશે ? કે કુટુંબ–પરિવારવાળા કરશે કે નહીં કરે ? અથવા કરવા હાજર રહેશે કે નહીં હોય ? કે સેવા-ચાકરી કરનારા મારી પહેલાં એ ચાલ્યા ગયા હશે ? કહે છે કે, ઈ તુચ્છ વસ્તુ છે.

'ગુરુદેવ' તો એમ કહેતા કે જ્યાં સ્વરૂપના આશ્રયે સ્વરૂપનું બળ પ્રગટ થાય છે ત્યાં શરીરબળ, ધનબળ, પુણ્યબળ, બધું બળ ન હોય તોપણ... એને આ વૃદ્ધાવસ્થામાં શરીરબળ ન હોય, રોગીષ્ટ અવસ્થામાં શરીરબળ ન હોય, બહારમાં નિર્ધનતા હોય તો ધનબળ ન હોય, ત્યાં તો મન સુધીની વાત લીધી છે. મનબળ એમ... ગમે તે એ બધાં બળ ન હોય તોપણ આત્મબળ જ્યાં વિશિષ્ટ

પ્રકારે ઉત્પન્ન થાય છે ત્યાં એને બીજા કોઈ બળની અપેક્ષા રહેતી નથી. પોતે બળવાનપણે પોતાના પુરુષાર્થની, દેહ છૂટવાના ટાણે પણ પૂરી તૈયારી કરીને પોતાનું હિત સાધતો સાધતો ભવાંતરમાં જાય, દેહત્યાગ કરે. એને કાંઈ અસુખ નથી, કાંઈ તકલીફ નથી, કાંઈ એને અગવડ કે અસુવિધા નથી, કોઈ દુઃખ નથી, કાંઈ નથી થતું. સુખી થતો થતો જાય છે. મૃત્યુ તો એને મહોત્સવ થઈ પડે છે. મૃત્યુને મહોત્સવ કહ્યો છે. ઉત્સવ નહીં પણ મહાઉત્સવ. પુરુષાર્થ કરવાની કોઈ વિશિષ્ટ તક, અપૂર્વ તક છે એટલે એનાથી – મૃત્યુથી જે ગભરાતો નથી તો બીજા એથી પ્રતિકૂળ પ્રસંગો એનાથી હેઠ છે. એનાથી ગભરાવાનો પ્રશ્ન ક્યાં ઉપસ્થિત થાય છે ? જેના નામથી અને વિચાર માત્રથી જગતના જીવો ભયભીત થાય છે તો આને કેટલી શૂરવીરતા પ્રગટ થઈ છે કે એને સામે મુત્યુનો પ્રસંગ દેખાય ત્યારે એને બરાબર હોંશ ઉત્પન્ન થાય છે, પુરુષાર્થનો ઉત્સાહ આવે છે, પુરુષાર્થનો – આત્મપુરુષાર્થનો રસ જાગે છે કે આ ટાઇમ તો, પુરુષાર્થ કરવાનો આવો ટાઇમ તો ફરી ફરીને આવતો નથી. કેમકે મૃત્યુ તો વારંવાર આવતું નથી.

મુમુક્ષુ :– 'ટોડરમલજી'નું આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જુઓ ! ગૃહસ્થાશ્રમમાં છે (છતાં) કેટલું જોર છે ! હાથીના પગે કચરાવાનું છે એમાં શું વાંધો છે ? મને કોણ કચરી શકે છે ? મારા આત્મપ્રદેશને તો કોઈ સ્પર્શી શકતું (નથી), સ્પર્શ સુદ્ધાં કરી શકતું નથી. પછી મને મૃત્યુનો તો સવાલ ક્યાં છે ? હું તો અવ્યાબાધતત્ત્વ છું, અખંડ તત્ત્વ છું, મારા ગુણનિધાનથી સદાય એવોને એવો ભરપૂર રહું છું. મારા સુખને હાનિ પહોંચાડવા જગતમાં કોઈ સમર્થ નથી. એવો મહા આશ્ચર્યકારી પદાર્થ છે એ એના જ્ઞાનમાં આવ્યો છે, એ એના શ્રદ્ધાનમાં આવ્યો છે. એને શ્રદ્ધા-જ્ઞાનમાં પકડીને બેસી ગયા છે. એને કોઈ ચિંતા, ફિકર, ભય, શંકા કાંઈ રહેતું નથી. આવી નિર્ભય થવાની વાત છે આ !

આ આત્મા દર્શાવે છે. જે આત્મા દર્શાવે અને આત્મપ્રાપ્તિનો માર્ગ દર્શાવે એના ઉપકારનું માપ હોઈ શકે નહીં. એવો વિષય છે. અનંત દુઃખથી છોડાવે છે. જે મિથ્યાત્વના ગર્ભમાં અનંતાઅનંત નિગોદના ભવ પડ્યાં છે, અનંત નરકના

ભવ પડ્યાં છે એ છોડાવે છે. કેવી રીતે માપ કાઢવું એનું ? એમ અઠ્ઠયો મારવાનો નથી કે, એ તો અમાપ ઉપકાર છે અને અનુપમ ઉપકાર છે. એની ગણતરી છે, રીતસરની એની ગણતરી છે.

પ્રશ્ન :– ગણતરી છે એટલે ?

સમાધાન :– ગણતરી એટલે આટલી ગણતરી છે કે અનંત નિગોદના ભવથી, અનંત નારકીના ભવથી જેના નિમિત્તમાત્રથી છૂટી જવાય છે. (એ) ગણતરી થઈ કે ન થઈ ? એમને એમ અનંતો ઉપકાર છે એમ નથી. ખરેખર એમાં અનંતની ગણતરી છે. અનંત દુઃખથી છૂટે છે અને અનંતકાળના સમાધિ સુખમાં આવશે. નુકસાન અનંતુ બંધ થશે અને અનંતો લાભ થશે. બન્ને વાત અનંત છે. બન્ને પક્ષે અસ્તિ–નાસ્તિથી અનંત છે. અનંતનો ભલે ભાવ ન સમજાય અને એમ ને એમ અનંત છે... અનંત ઉપકાર છે એમ નથી. બરાબર એનું મૂલ્યાંકન હોય છે. જેને એ વાત સમજાણી નથી એને એ ખ્યાલ નથી આવતો તો પછી એમાં તર્ક, વિતર્ક, કુતર્ક કરે છે. ૧૦૨ (પૂરો) થયો.

**ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી એવી સમ્યગ્દષ્ટિની ભાવના હોય છે. ૧૦૩.**

૧૦૩. '**ચૈતન્યમાં સંપૂર્ણપણે જો અત્યારે જ ઠરી જવાતું હોય તો બીજું કાંઈ જોઈતું નથી...**' શું કહે છે ? કે પોતાના સ્વભાવમાં, ચૈતન્ય એટલે પોતાના સ્વસ્વભાવમાં, સ્વદ્રવ્ય સ્વભાવમાં પર્યાય પૂરેપૂરી સ્થિર થઈ જતી હોય, એમાંથી ખસે નહીં એવી સ્થિતિ ઊભી થતી હોય, જો અત્યારે, આ ક્ષણે, આ વર્તમાનમાં (એમ થતું હોય) તો જ્ઞાનીને બીજું કાંઈ કરવું નથી. સમ્યક્દૃષ્ટિને બીજી કોઈ કાર્ય કરવાની ભાવના હોતી નથી, આવી સ્વરૂપમાં ઠરવાની સર્વોત્કૃષ્ટ ભાવના

હોય છે. એ અભિપ્રાય હોય છે અને એ અભિપ્રાય અનુસાર એનો યતકિંચિત્, થઈ શકે એટલો પુરુષાર્થ હોય છે. તેથી એને એ ભાવના છે એમ કહેવામાં આવે છે.

સમ્યક્દૃષ્ટિ(ને) તો પ્રભાવનાનું અંગ છે. (એ) પ્રભાવના કરે કે ન કરે ? કે એ અંતરંગ પ્રભાવનામાં બાહ્ય પ્રભાવના આવી જાય છે. જેમ અંતરંગ અહિંસામાં બાહ્ય અહિંસા આવી જાય છે અથવા સ્વરૂપની અહિંસા પાળતાં બહારની હિંસા તે હિંસા ગણવામાં આવતી નથી. જેમકે મુનિરાજ છે તેઓ બરાબર પોતાના સ્વરૂપની અંદર ક્ષણે-ક્ષણે સ્થિર થઈને ઈર્યા સમિતિથી ચાલે છે અને કોઈ જીવની હિંસા થાય છે તોપણ તેમને તે જીવની હિંસા કરી એવો દોષ લાગતો નથી, એને દોષ નથી કેમકે સ્વરૂપમાં પ્રયત્ન સહિત છે. સ્વરૂપમાં પુરુષાર્થ સહિત છે તો એને એ હિંસા લાગતી નથી. એ પરિગ્રહની જેવું છે. ભગવાન તીર્થંકર પરમાત્મા જૈન પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન હોય તો એ સમવસરણનો એમને પરિગ્રહ ખરો કે નહીં ? કે નહીં. અષ્ટ પ્રાતિહાર્ય છે, ચોત્રીસ અતિશય છે, બધા સોનાના અને હીરાના ઝાકઝમાળ હોય છે ! એટલા બધા સંયોગો હોય છે, એના આસનથી માંડીને, આસનની અંદર એટલું બધું જડેલું હોય છે, ગંધકુટીની પીઠિકા હોય છે, ત્યાંથી માંડીને સમવસરણમાં ભામંડલથી માંડીને અશોકવૃક્ષ – કલ્પવૃક્ષ હોય છે, ભગવાનને વીતરાગતા હોવાથી અથવા મૂર્છા નહીં હોવાથી એમને એ પરિગ્રહ ગણવામાં આવતો નથી.

'ઉમાસ્વામી' મહારાજે 'તત્ત્વાર્થ સૂત્ર'માં મૂર્છા પરિગ્રહ એમ લીધું છે. શું લીધું છે ? પરપદાર્થ પ્રત્યે જીવ દર્શનમોહથી મૂર્છા ખાય છે કે, આ પરિગ્રહ મને સારો છે, આ ધન મને અનુકૂળ છે, આ શરીર મને અનુકૂળ છે એ મૂર્છા પરિગ્રહ છે, સંયોગ પરિગ્રહ નથી. જગતમાં એટલો વૈભવશાળી સંયોગ કોઈને હોતો નથી જેટલો તીર્થંકરને હોય છે, કેમકે સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિનું ત્યાં ફળ આવ્યું છે. તીર્થંકરની પ્રકૃતિ પુણ્યની પ્રકૃતિ છે એ સર્વોત્કૃષ્ટ પુણ્યની પ્રકૃતિ છે, ચક્રવર્તી અને ઇન્દ્ર કરતાં પણ ! કેમકે એ તો એને આવીને નમે છે. સોએ સો ઇન્દ્રો એને નમે છે. શતઇન્દ્ર વંદિત (છે). એટલે એ બધા એનાથી હેઠેના

પુણ્યવાળા છે તોપણ એમને પરિગ્રહ નથી.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ના જીવનમાં ઘણીવાર જોવા મળ્યું છે. આટલા આરસમાં બધાં લેખ લખ્યાં છે, એ બાબતમાં કંઈક પૂછવા જઈએ તો કહે, ઈ મારું કામ નથી. એકેય પરિગ્રહમાં એમને રસ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બિલકુલ નહિ. **એ તો પહેલેથી નિસ્પૃહ જ રહ્યાં છે. મુનિઓને જેમ જ્ઞાન-ધ્યાનની જ પ્રવૃત્તિ હોય એવી પ્રવૃત્તિ રહી છે ! જ્ઞાન-ધ્યાન સિવાય બીજી પ્રવૃત્તિ નહીં.**

મુમુક્ષુ :- સામે ઘણીવાર બોલતાં જોયાં છે એટલે યાદ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે.

શું કહે છે ? કે જે બાહ્ય કાર્યો છે, બીજા બધા ઠીક પણ ધર્મના કાર્યો છે – પૂજા, પ્રતિષ્ઠા, પ્રભાવના એ કરવા રોકાય ? કે એ પ્રશ્ન પણ અહીંયાં ઉપસ્થિત થતો નથી. જો સ્વરૂપમાં અત્યારે એક સમયમાં, વર્તમાન સમયમાં સ્થિર થઈને પૂર્ણ રહી જવાતું હોય તો એમને બીજો સમય જોઈતો નથી અને બીજું કોઈ કાર્ય પણ કરવું નથી. **'એવી સમ્યક્દૃષ્ટિની ભાવના હોય છે.'** જે પૂર્ણતાના લક્ષે શરૂઆત થઈ છે એ પૂર્ણતાની ભાવનાની આ હદ છે – ચરમસીમા ! છેલ્લી હદ છે કે, અત્યારે અહીંયાં ઠરી જવાતું હોય તો કાંઈ કરવું નથી. જગતની સામે જોવું નથી. સંયોગમાં શું થાય છે ને શું નથી થતું (એ) કાંઈ જોવું નથી. બહારમાં એકેય કાર્ય એવું ઉત્કૃષ્ટ નથી કે જે સ્વરૂપમાં ઠરવારૂપ કાર્યથી વિશેષ હોય કે જેથી આને એક સમય પાછું કાઢવાની વાત હોય. એ પરિસ્થિતિ છે નહીં.

પ્રશ્ન :- અનુભવ થયા પછી આવી ભાવનામાં આવે છે ને ?

સમાધાન :- હા, એવી ભાવના તમામ સમ્યક્દૃષ્ટિને હોય છે. કોઈ એ ભવમાં પામે, કોઈ બે-પાંચ ભવમાં પામે એ પોતપોતાના પુરુષાર્થને ઉત્પન્ન થવા ઉપર આધારિત છે પણ બધાનો અભિપ્રાય અને બધાની ભાવના એકસરખી છે. અભિપ્રાય અપેક્ષાએ, ભાવના અપેક્ષાએ તમામ સમ્યક્દૃષ્ટિ એક જ સરખાં છે. કોઈ હીણાં છે કે કોઈ વધારે છે એવું નથી. પુરુષાર્થ હીણો હોય કે વધારે

હોય (એ) બીજી વાત છે.

પ્રશ્ન :- તિર્યંચ સમ્યક્દૃષ્ટિ હોય તો ?

સમાધાન :- તિર્યંચ હોય તોપણ આમ જ છે. ચારે ગતિમાં – નારકી હોય, તિર્યંચ હોય, દેવ હોય કે મનુષ્ય હોય ચારેયને એક જ વાત છે. અંતરમાં પોતાનું પૂર્ણ સ્વરૂપ જોયું છે – અનંત સુખનું નિધાન ! હવે એનાથી ઉત્કૃષ્ટ તો બહાર બધું ખાલી દેખાય છે. સુખથી તો બધું ખાલી દેખાય છે. જેટલો ઉપયોગ બહાર જાય, જેટલે અંશે પરિણામ બહાર જાય, પૂરેપૂરું તો જાય નહીં સમ્યક્દૃષ્ટિને, પણ જેટલે અંશે જાય એટલું દુઃખનું કારણ છે. એટલું દુઃખરૂપ છે. એ સ્વયં અનુભવગોચર છે. એનો પ્રત્યક્ષ અનુભવ છે. હવે એકસાથે સુખનું નિધાન જ્ઞાનમાં, એજ કાળે એને દુઃખનું અનુભવ વેદનમાં, કોને ઇચ્છે ? દાઝે તે બાજુ જાય કે દાઝે ત્યાંથી ખસે ? ત્યાંથી ખસે છે.

પ્રશ્ન :- તિર્યંચને આટલો બધો ખ્યાલ ક્યાંથી આવે ?

સમાધાન :- તિર્યંચને ખ્યાલ આવે છે. આ સર્કસમાં તિર્યંચ કેવું કામ કરે છે ! માણસ ન કરી શકે એવું કરે છે કે નહીં ?

મુમુક્ષુ :- એને Training આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! Training આપે છે. કબૂલ છે. અહીંયાં Training લ્યે છે. અંદર ઊતરીને Training લ્યે છે. Training એટલે મહાવરો – Practice. એ ભેદજ્ઞાનની Practice વર્તે છે, પંચમ ગુણસ્થાને આવે છે. અત્યારે છે. અઢી દ્વીપની બહાર સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય તિર્યંચો, જળચર પ્રાણીઓ છે. પંચમગુણસ્થાને છે, ચતુર્થ ગુણસ્થાને અને પંચમ ગુણસ્થાને (છે). એ તો મનુષ્યને શરમાવા જેવું છે, શરમજનક છે કે તિર્યંચ આત્મહિત આટલું કરી શકે અને તું ડહાપણનો, ચતુરાઈનો, હોશિયારીનો ઠેકો લઈને ફરે છો અને હજી તારા હિતના તો ઠેકાણાં નથી. માણસને બુદ્ધિનો ફાંકો હોય છે ને ! કે મારા જેવો કોઈ બુદ્ધિશાળી નહીં પણ તારું હિત તો તે સાધ્યું નથી. તો આ કુબુદ્ધિ છે કે સુબુદ્ધિ છે ? તિર્યંચ હિત સાધી લ્યે છે, તું મનુષ્ય જેવો મનુષ્ય થઈને (સાધે) નહીં ! એમાં પણ લોકો તને ચતુર ગણે ડહાપણ ગણે, પાંચમાં પૂછાય એવો તું છો, એમ

કહે છે ને ! કે પાંચમાં પૂછાય એવા છે, ઠરેલ માણસ છે, વિવેકી છે. એ કહે, બધુંય કહે. ઘણાંય વિશેષણો આપે પણ આત્માનું હિત કરવામાં ? ચોકડી, મીંડું છે.

મુમુક્ષુ :– 'બહેનશ્રી' ૧૮ વર્ષે પામ્યાં, અમે હજી પીસ્તાલીસ વર્ષથી સાંભળ્યાં જ કરીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– ('બહેનશ્રી'ને તો) પંદર, સોળ વર્ષથી એવી લગની હતી. નાની-કાચી ઉંમર જેને કહેવાય (પણ) સંસ્કાર લઈને આવ્યાં હતાં ને ! એક જ ભાવના ! જીવનનું બીજું જ્યારે ધ્યેય રહેતું નથી ત્યારે અવશ્ય કાર્યસિદ્ધિ થાય છે. જ્યારે જીવનનું ધ્યેય આત્મહિત સિવાય બીજું કાંઈ રહે છે ત્યાં સુધી કાર્યસિદ્ધિ થતી નથી. એક ગાંઠ વાળીને બેસી ગયા. ગમે તે ઉંમર હોય ગાંઠ વાળીને બેસી ગયા કે આત્માનું કરી લેવું છે, બસ ! વહેલાંમાં વહેલી તકે આત્માનું કરી લેવું (એમ આવે) પછી વાર નથી (લાગતી). પછી રસ્તો સુગમ છે, સરળ છે અને સહજ છે. પોતાની અરુચિએ કઠણ લાગે છે.

આમાં એક રુચિનો બોલ આવશે. ક્યારે કઠણ લાગે છે ? કે પોતાને આત્માની અરુચિ થાય છે ત્યારે એને કઠણ લાગે છે. સ્વરૂપની રુચિમાં કઠણ લાગતું નથી, સહજ લાગે છે. એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે ને ? કે આ કાળમાં સ્વરૂપાનુભવ કઠણ છે એમ કોઈ કહે છે તો તેમ કહેનારો સ્વરૂપની ચાહ મટાડનાર, રુચિ મટાડનાર બહિરાત્મા છે. જ્ઞાનીઓએ બધાં પડખાં ખોલીને ખુલ્લા મૂકી દીધાં છે. અત્યારે તો દિગંબરનાં પંડિતો, દિગંબરના સાધુઓ એમ કહે છે કે અત્યારે તો સ્વરૂપનો અનુભવ થઈ જ ન શકે. ચોથા ગુણસ્થાનકે હોય જ નહીં. અત્યારે તો થઈ જ ન શકે. છટ્ઠે-સાતમે પણ નથી થતો. કારણ કે એ લોકો છટ્ઠે-સાતમે બેઠાં છે બહારમાં લોકોને મનાવવા. સાધુપણું છટ્ઠા-સાતમે (છે માટે). (સ્વરૂપનો અનુભવ) બારમે થાય (એમ કહે.) હવે ન થાય એમ કહેનારો કેટલો બહિરાત્મા છે ? કઠણ છે એમ કહેનારો જો બહિરાત્મા હોય તો અભાવ માનનારો કેટલો બહિરાત્મા છે ? કે અત્યંત બહિરાત્મા છે. આ તો જેના સંપ્રદાયમાં આ વાત છે ! 'સમયસાર', 'પ્રવચનસાર'માં તો ચોખ્ખું આવે છે કે ચોથા ગુણસ્થાને

અતીન્દ્રિય આનંદનો અને અતીન્દ્રિય જ્ઞાનનો નિર્વિકલ્પ અનુભવ થાય છે. વિકલ્પથી અતિક્રાંત થઈને અનુભવ થાય છે એવી ચોખ્ખી ગાથાઓ પડી છે અને ચોખ્ખી ટીકાઓ પડી છે તોપણ એ સંપ્રદાયના ધર્મના નાયકોમાં આટલી વિપરીતતા છે. બીજે અપેક્ષા શું રાખવી. **'ગુરુદેવશ્રી'એ એ વાત સ્પષ્ટ કરી, સ્વાનુભવથી સ્પષ્ટ કરી. ખાતરી, વિશ્વાસ અને એના અનુભવના બળથી એ વાત બહાર મૂકી.**

મુમુક્ષુ :- એના પુસ્તકો બતાવી દીધા કે આ રહ્યા શાસ્ત્રો !

પૂજ્ય ભાઈશ્રી :- આ શાસ્ત્રો રહ્યા. હજી પણ (એ લોકો) ક્યાં માને છે ? અત્યારે હજી કાંઈ ઊંધાઈ છોડતા નથી.

એક વખત ઊંધા ચાલ્યા પછી સવળું થવું બહુ મુશ્કેલ પડે છે. આબરૂનો – નાકના ટેરવાનો પ્રશ્ન આવે છે. આત્મા ભલે નિગોદમાં જાય પણ મારું નાકનું ટેરવું જાવું જોઈએ નહીં. આવી મૂર્ખાઈ કરી બેસે છે. એમ છે.

આ સમ્યક્દૃષ્ટિની ભાવના છે ઈ પૂર્ણતાની ભાવના છે અને પૂર્ણતાની પ્રચુર ભાવનામાં એમનો પુરુષાર્થ છે એ વૃદ્ધિગત થાય છે. એટલે કોઈવાર તો સત્‌શાસ્ત્રની અંદર પુરુષાર્થને જ ભાવનાનું બીજું પર્યાયવાચક નામ દેવામાં આવે છે. પુરુષાર્થને જ ભાવના કહેવામાં આવે છે. અહીંયાં એવી ભાવના લીધી છે.

એવી સમ્યક્દૃષ્ટિની ભાવના હોય એમ કહીને ભાવનાના પડખેથી સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ સમજાવ્યું છે, જ્ઞાનીનું સ્વરૂપ સમજાવ્યું છે. સર્વથા પ્રકારે ઉપાદેય એક પોતાનો પરમાત્મા છે એ સિવાય સમ્યક્દૃષ્ટિને બીજું કાંઈ ઉપાદેય નથી. પણ બીજા કાર્યો કરતો દેખાય છે ને ? વેપાર કરે છે, રાજ કરે છે, પૂજા કરે છે, વાંચન કરે છે (આ) બધું કરતો દેખાય છે ને ? શુભ અને અશુભ બન્ને દેખાય. (કહે છે કે,) એ એની ભાવનાનો વિષય નથી. એની ભાવનામાં એ નિષેધ્ય છે, નિષેધના સ્થાનમાં રહેલાં એ કાર્યો છે અને એ સ્થાનો છે એ પ્રત્યે એનો આદર નથી. નહીં ચાલતા થાય છે અથવા કરવું પડે છે એટલી વાત છે. આવી પડેલી વાત છે, સામે ચાલીને કરવાની વાત નથી. એ વગેરે અનેક પ્રશ્નો અહીંથી સમજાય છે.

પ્રશ્ન :- ભાવનામાં તો ઘણાં ગુણ સાથે છે ને ?

સમાધાન :- હા, ભાવના તો મુખ્ય વિષય છે, સવળા પરિણમનનું, મોક્ષમાર્ગનું એક કરોડરજ્જુ છે એમ કહીએ તો ચાલે. (ભાવના) કરોડજ્જુ છે. ભાવના(ની) આસપાસ બધું વીંટળાય છે. આખો મોક્ષમાર્ગ પહેલેથી – પાયામાંથી ભાવનામાંથી ઊભો થયો છે. અને એ ભાવના જ વૃદ્ધિગત થઈને પૂર્ણતામાં પહોંચે છે. એટલે ખાસ કરીને પૂજ્ય 'બહેનશ્રી'નાં વક્તવ્યમાં તો ભાવનાનો વિષય વિશેષ – ખૂબ આવે છે, વારંવાર આવે છે.

શ્રોતા :- બીજું ન સમજાય તોપણ ભાવના રાખવી.

પૂજ્ય ભાઈશ્રી :- તને ઓછું સમજાય, બીજું કાંઈ ખ્યાલ ન આવે પણ તારી ભાવના હશે (તો) બધું આવી જશે. જ્ઞાન પણ ઉઘડી જશે, માર્ગ પણ મળી જશે, આત્મા પણ દેખાય જશે – તને બધુંય થશે. ભાવના હશે તો વાંધો આવશે નહિ.

શ્રોતા :- બધાં એમ તો કહે છે કે, અમે ભાવના રાખીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવના રાખી છે એમ કહે છે પણ હવે એ ભાવના સાચી છે કે કેમ એ જરા વિચાર માગે એવો વિષય છે, તપાસ માગે એવો વિષય છે.

પ્રશ્ન :- પોતાને કેમ ખબર પડે ?

સમાધાન :- ખબર પડે. ભાવના હોય તો ભાવનાનો અવરોધ કરનારો જે પોતાનો ભાવ છે એનો નિષેધ આવ્યા વિના રહે નહિ. આ એનું લક્ષણ છે. એના બદલે ભાવનાની વાત ક્યાંય પડી રહે, ભાવનાનો વિષય ક્યાંય પડ્યો રહે અને ઉદય આવે ત્યારે બીજે હોંશુ એટલી બધી કરવા મંડે, સંયોગમાં એટલો રાચે તો એને ભાવના ક્યાં છે ? ભાવના તો ભૂલી ગયો, ભાવના ભૂલાતી નથી.

પ્રશ્ન :- જે કામમાં રસ ન હોય ત્યાં વેઠ ઉતારીએ તો જ્ઞાની તો પ્રવચન આપતા હોય ત્યારે પ્રસન્ન લાગતા હોય છે. એને – જ્ઞાનીને વેઠ જેવું લાગતું હશે ? શુભભાવનો જ પ્રકાર હોય છે ને !

સમાધાન :- શુભભાવનો પ્રકાર છે એ એમના નિષેધનું સ્થાન છે. પણ

કેવળ શુભભાવ એમને વર્તતો નથી. પ્રવચન આપે ત્યારે માત્ર એકાંતે શુભભાવમાં વર્તે છે એવી જ્ઞાનીની કોઈ પ્રવત્તિ હોતી નથી. અંદરમાં પ્રવચનનો વિષયભૂત જે પોતાનો શુદ્ધાત્મા છે એનો મહિમા અને એનો રસ એ પ્રવચનના બહાને તેઓ ઘૂંટે છે અને વૃદ્ધિગત કરે છે. તેઓ મુખ્ય કાર્ય એ કરે છે. બાહ્યદૃષ્ટિવાળાને પ્રવચન આપતાં દેખાય છે. આ અંદરમાં પોતાનું કાર્ય કરે છે. 'ગુરુદેવ'ના પ્રવચનો ટેપમાં સાંભળો છો ને ! તેઓ 'આ...હા...હા...!' કરે છે ને ! તે અંદરમાં સ્વરૂપનો રસ વૃદ્ધિગત થાય છે. ('ગુરુદેવશ્રી' એમ કહેતાં કે), એવો આશ્ચર્યકારી આત્મા છે કે આ..હા..હા...! આવો આત્મા છે ! આ..હા..હા...! આવો આત્મા છે ! એ નજરમાં લે છે. એટલે ગમે ઈ વાક્ય હોય લક્ષ નથી રાખતા કે આ વાક્ય પાછળ આ..હા..હા...! બોલાય કે નહીં ? પણ લક્ષમાં પેલું છે ને ? એ Mark કરવા જેવો – ધ્યાન કરવા જેવો વિષય છે. સામાન્ય સામાન્ય વાક્ય બોલે તોપણ પાછળ આ..હા..હા...! કરે છે, મિનિટે મિનિટે ! શું છે એ ? પ્રવચન આપે છે કે શું કરે છે ? સ્વરૂપનો મહિમા છે એ વૃદ્ધિગત થાય છે. દરેક કોટીના સાધકોની આ પરિસ્થિતિ છે.

'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર'ની ટીકા કરતા એમ કહે છે કે, અનાદિથી મારી પરિણતિ કષાયકણથી કલ્માષિત થયેલી, મલિન થયેલી છે. આ 'સમયસાર' શાસ્ત્રની ટીકા કરતાં મારા આત્મામાં વિશેષ વિશુદ્ધિ થાઓ, સ્વરૂપની શુદ્ધિ પ્રગટ થાઓ. એવી ભાવનાથી એ ટીકા કરે છે. ટીકા કરવાના રાગથી શુદ્ધિ નથી થતી, રાગ તો સ્વયં અશુદ્ધ છે પણ એ વખતે ટીકા કરતા કરતા જે સ્વરૂપ-મહિમા અને સ્વરૂપનો રસ વૃદ્ધિગત થશે એનાથી પોતાની પરિણતિ વિશેષ નિર્જરાવંત અને શુદ્ધિની વૃદ્ધિવાળી થશે એવી પોતાની ભાવના છે. એ ભાવનાની પોતે શરૂઆતની અંદર જ ખોલીને વાત કરે છે કે આમ થશે.

એક હજાર વર્ષ પહેલાં, નવસો વર્ષ પહેલાં (રચાયેલું) 'કુંદકુંદાચાર્યદેવ'નું શાસ્ત્ર છે, પૂર્વાચાર્યો જે થયા (એમનું) બહુ બહુમાન છે. પૂર્વાચાર્યોની ભક્તિ કરે છે અને એ ભક્તિવશ એમને ટીકા કરવાનો ભાવ છે. એમાં કેવળ ટીકા કરવાનો શુભભાવ છે કે ભક્તિનો શુભભાવ છે એમ નથી. પોતાની અનાદિથી

કષાયની પરિણતિ છે એનો નાશ (કરવાની ભાવના છે). નહીંતર એ તો સંજ્વલન કષાયમાં ઊભા છે, 'અમૃતચંદ્રાચાર્ય' પોતે મહામુનિ છે ! પોતે આચાર્ય છે, મહામુનિ છે. છેલ્લી સંજ્વલન કષાયની ચોકડી જ બાકી છે તોપણ એનો નિષેધ વર્તે છે (કે), આનો પણ નાશ થાય. આ ટીકા કરતા એટલી મારી સ્વરૂપની શુદ્ધિ વધે કે જેમાં કષાયનો નાશ થાય.

પૂજા, ભક્તિ, શાસ્ત્ર, સ્વાધ્યાય જેટલાં કોઈ દેવ, ગુરુ અને શાસ્ત્રના નિમિત્તે થતાં પરિણામ છે એ એક અંશે ઉદયને અનુસરતા પરિણામ છે તો બીજા અંશે એ એ જ નિમિત્તે પોતાના સ્વરૂપને વિશેષ ભાવનાના વૃદ્ધિગત થવાના બહાના છે. એ બહાનાને નિમિત્તનું નામ આપવામાં આવે છે એટલે એને નિમિત્ત કહ્યાં. જો પોતાની શુદ્ધિ વૃદ્ધિગત ન થતી હોય તો એને નિમિત્તનો ઉપચાર લાગુ પડતો નથી, દેવ-ગુરુ-શાસ્ત્રને નિમિત્ત ન કહેવાય. રાગમાં નિમિત્ત થાય એવી એની યોગ્યતા નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની યોગ્યતા રાગમાં નિમિત્ત થવાની નથી, વીતરાગતામાં નિમિત્ત થવાની યોગ્યતા છે. એવું નિમિત્તત્વ એનામાં રહેલું છે. હવે નિમિત્તનું નિમિત્તત્વ શું છે એ ખબર ન હોય એને ઉપાદાનના ઉપાદાનપણાની શું ખબર હોય ? એ તો પ્રશ્ન જ રહેતો નથી. કેમકે (તેઓ) અંદરમાં રહી શકતા નથી એટલી પુરુષાર્થની તીવ્રતા નથી અને ક્ષતિ છે. તો ઉપયોગ બહાર જાય તો એનો વિવેક છે કે બહારમાં આવા જ સ્વરૂપમાં સ્થિર થયેલાં, આવા જ સ્વરૂપનો મહિમા ગાનારા કોણ છે ? ઉપયોગ એની પાસે જાય છે. કાં ઉપયોગ અંદરમાં પોતાના પરમાત્મા પાસે જાય છે કાં ઉપયોગ બહારમાં પરમાત્મતત્ત્વ છે ત્યાં જાય છે. અંદરમાં અને બહારમાં પરમાત્મા સિવાય બીજી વાત એને નથી, એમ છે.

એકવાર 'સોગાનીજી'ની એવી વાત કરતા હતા, 'સોગાનીજી' એકવાર 'સોનગઢ' આવ્યા ત્યારે એવી વાત કરતા હતા કે, 'કલકત્તા'માં તો બહુ કંટાળો આવે છે. દુકાન ને એ બધું રહ્યું ને એટલે. 'સોનગઢ'માં અંદરમાં પણ ધ્રુવ છે અને બહારમાં ધ્રુવ કહેનારા સંત છે. અહીંયાં મેળ છે એમ કહે. અંદરમાં પણ પરમાત્મા, ધ્યાનમાં બેસીએ તોપણ પરમાત્માનો આશ્રય, બહારમાં પરમાત્માની

વાત સાંભળવા મળે છે. અહીંયાં અંતર-બાહ્ય બેની સંધિ છે.

મુમુક્ષુ :- ભાવના જે છે અંતરની ભાવના..

પૂજ્ય ભાઈશ્રી :- એ ૨૧મો બોલ આવી ગયો ને ? (એ) ભાવનાનો મુખ્ય (બોલ છે). ચૈતન્યના આધારે (ઉત્પન્ન થયેલી ભાવના). જેનું આધારભૂત તત્ત્વ પોતાનું પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ છે એની જે ભાવના છે, જેને પોતાનું પરમાત્મતત્ત્વ ભાવનામાં ભાવે છે – આ વાત છે. એને ભાવના કહેવામાં આવે છે. (આપણે) નથી કહેતા ? ભાઈ ! તમને શું ભાવશે ? ઢોકળાં ભાવશે કે કઢી ભાવશે કે મીઠાઈ ભાવશે ? (તો કહે કે), મને ભાવવાની ચીજ આ છે. (એમ અહીંયાં) ભાવનામાં પોતાનું પરમાત્મતત્ત્વ ભાવે છે, એમાં મીઠાશ આવે છે. ચૈતન્યરસની મીઠાશ જેને છે એને પુદ્‌ગલરસની મીઠાશ નથી. પરસ્પર વિરુદ્ધ હોવાને લીધે બે વિરુદ્ધ ભાવના એકસાથે રહી શકતી નથી. તમામ સમ્યક્‌દૃષ્ટિને ચૈતન્ય સ્વરૂપની ભાવના છે અને પરિપૂર્ણ રીતે એમાં ઠરી જવાની ભાવના છે. એક સમય માટે બહાર આવવું એ એમના અભિપ્રાય સાથે સુસંગત નથી; ખરેખર તો વિસંગત છે. એ ૧૦૩મો બોલ ભાવનાનો છે.

**'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. ૧૦૪.**

૧૦૪. દ્રવ્યદૃષ્ટિનો વિષય લીધો છે. જગતમાં એક પ્રસિદ્ધ કહેવત છે કે 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એટલે શું છે કે માણસ પોતાના માપે માપે છે, પોતાની દૃષ્ટિએ બધાને જુએ છે. આ સહજ જ છે. જેને જેવી દૃષ્ટિ એવું જ એને દેખાય છે. બીજી કહેવત એમ કહે છે કે 'કમળો હોય તે પીળું ભાળે'. પોતાની આંખમાં કમળો થયો હોય તો એને સફેદ હોય એ પણ

પીળું દેખાય છે. એ ચક્ષુની જે દૃષ્ટિ છે એના ઉપરની કહેવત છે.

અહીંયાં સ્વરૂપદૃષ્ટિની વાત છે કે, દૃષ્ટિમાં અથવા શ્રદ્ધાનમાં 'હું શુદ્ધ છું' એમ સ્વીકારવામાં આવે ત્યારે એ સ્વીકારતા પોતાની સર્વ ગુણની પર્યાય (છે) એની જે રચના એટલે ઉત્પત્તિ થાય છે એ શુદ્ધપણે જ થાય છે. આ એક માત્ર પર્યાયની શુદ્ધિનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી. ઉપાયમાં ઉપેયભૂત આત્મા શુદ્ધાત્મા છે અને શુદ્ધાત્મા ઉપેય થતાં શુદ્ધ પર્યાયનો ઉપાય થાય છે. બસ ! આ સીધેસીધી એની Line છે કે પોતે ખરેખર મૂળ સ્વરૂપે શુદ્ધ છે. જો મૂળ સ્વરૂપે આત્મા શુદ્ધ ન હોય તો કોઈ શુદ્ધ, સિદ્ધ થાય નહીં, થઈ શકે નહીં. સ્વરૂપથી જ અશુદ્ધ હોય તો શુદ્ધ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- શુદ્ધિ આવે જ ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, તો શુદ્ધિ ક્યાંથી આવવાની હતી ? કોઈનો સંસાર જ ન છૂટે. અનંતા આત્માઓ સર્વ કાળે સિદ્ધાલયની અંદર મોજૂદ છે. ભૂતકાળમાં પામીને (બધા સિદ્ધ થયા). બધા સંસારી હતા એ બધા સિદ્ધ થયેલા છે – અનંતા ! એ આ રીતે જ થયા છે. 'હું શુદ્ધ છું' એમ દૃષ્ટિમાં સ્વીકારીને (સિદ્ધ થયા છે). આવી દૃષ્ટિ એ શુદ્ધતાની સૃષ્ટિ કરનારી દૃષ્ટિ છે એમ કહે છે. પર્યાયમાં શુદ્ધતાની સૃષ્ટિ એટલે રચના; સૃષ્ટિ કરવું, સર્જવું, રચના થવી, એનો એક માત્ર ઉપાય પોતાના શુદ્ધ સ્વરૂપનો સ્વીકાર કરવો એટલું જ છે. શુદ્ધ સ્વરૂપ તો છે જ, સ્વીકાર નથી કરતો.

આ આરાધનામાં ટૂંકું જ છે, ખરેખર તો વિરાધનામાં પણ એટલું જ ટૂંકું છે કે, હું માણસ છું, હું ફલાણો છું, હું ફલાણો છું, હું ફલાણો છું એમ કરીને બેસી ગયો છે. કર્મજનિત જે અવસ્થા થઈ, અત્યારે પોતે મનુષ્ય ગતિમાં આવ્યો. મનુષ્યને લાયક શરીર મળ્યું. નામકર્મ (પ્રમાણે) આ જે દેહની રચના વગેરે બહારમાં મનુષ્યને યોગ્ય સંયોગ થયા એ જેટલું કાંઈ થયું એમાં માની બેઠો કે 'હું મનુષ્ય છું' જાણે સદાય મનુષ્ય જ રહેવાનો હોય. નજર સામે જોવે છે કે આણે મનુષ્ય પર્યાય છોડી. નવી મનુષ્ય પર્યાય ગ્રહણ કરનારા આત્માઓનો પણ એને પ્રસંગ જોવા મળે છે અને એ ગ્રહણ કરેલી મનુષ્યપર્યાયને છોડનારા આત્માઓનો પ્રસંગ

પણ એને જોવા મળે છે પણ પોતાનો વિચાર નથી કરતો કે, હું ક્યાં મનુષ્ય રહ્યો હવે ? જો મનુષ્યપણું આટલું મર્યાદિત છે તો આત્મા મનુષ્ય છે એ વાત રહેતી નથી. (મનુષ્યપણું) છૂટી જાય છે. જેમાંથી જે છૂટી જાય છે તે તેનું ન હોય, જે જેનું હોય તે તેનાથી છૂટું પડે નહીં. આ સિદ્ધાંત છે. તો આ મનુષ્યત્વ છૂટે છે માટે આત્મા મનુષ્ય નથી. પણ દૃષ્ટિ એવી સૃષ્ટિ. દૃષ્ટિ મનુષ્યપણા ઉપરની છે તો બધી રચના એને મનુષ્યને લાયક કરવી છે. મારે આ જોઈએ, મારે આ જોઈએ. મનુષ્યને લાયક જેટલા ભોગ-ઉપભોગ વગેરે અનુકૂળતા (છે) એ બધા ઉપર એની દૃષ્ટિ રહેશે. કેમકે 'હું મનુષ્ય છું' એમ એણે માન્યું છે.

'હું આત્મા છું' ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં હું એક આત્મા છું. મારું સંપૂર્ણ નિધાન મારી પાસે છે. મારી પૂરેપૂરી ગુણ-સંપત્તિ મારી પાસે છે, પૂરું સુખ મારામાં મારું મારી પાસે હોવાથી મારા સુખ માટે મારે ક્યાંય બહાર જોવાની જરૂર નથી. આટલો વિશ્વાસ, આટલી પ્રતીતિ જો એકવાર આવી જાય તો બધી ઉપાધિથી મુક્ત થઈ જાય, તમામ ઉપાધિથી મુક્ત થાય. નહીંતર ઉપાધિ એવી વળગે છે... એવી વળગે છે કે સર્વસ્વ થઈ પડે છે અને એ સર્વસ્વમાં એક જીવન નહીં અનેક જીવન એની અંદર પસાર થાય એવા મિથ્યાત્વના મૂળ પાકા થઈ જાય છે.

મુમુક્ષુ :- અત્યારે તો હું અશુદ્ધ છું.

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે અવસ્થામાં અશુદ્ધતા છે એ માત્ર એક અંગમાં છે. તે છૂટી શકે એવી અશુદ્ધતા છે, અશુદ્ધતા ક્ષણવર્તી છે, અશુદ્ધતાનું, મારા સ્વરૂપમાં જે મારું બળ છે અને મારી શક્તિ છે એની પાસે આ અશુદ્ધતાની કાંઈ શક્તિ નથી એમ અશુદ્ધતાનું જ્ઞાન કરે. એના બદલે હું અત્યારે અશુદ્ધ છું એમ પૂરેપૂરો અશુદ્ધ માનીને બેસી જાય તો એનો ભગવાને નિષેધ કર્યો છે કે એ રીતે તું આડ મારીને બેસીશ નહીં. હું તો પામર છું, હું તો સાધારણ છું, હું તો શું કરું ? એમ નહીં. તારી શક્તિને સંભાળ. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.

દૃષ્ટિ બદલવામાં તને વાંધો શું છે ? વાંધો હોય તો કહે કે મને આ વાંધો પડે છે. એમ કહે ને ? કે, ભાઈ ! હું એના ઘરે જમવા નહીં જાઉં, મારે એની

સાથે વાંધો છે. શું વાંધો છે ? કે મારું આમ અપમાન કર્યું હતું, મારી સાથે આવો વ્યવહાર કર્યો હતો. પણ આ તારા આત્માએ તારું શું બગાડ્યું છે ઈ કહે ને ? તારે તારા આત્માના ઘરે જમવા જાવું એમાં શેનો ના પાડે છો ? એમ કહે છે. સ્વરૂપાનંદનું ભોજન કરવું છે એમાં તને વાંધો શું પડ્યો છે ઈ તો કહે ?

મુમુક્ષુ :- ઊલટું પોતે એનું ઘણું બગાડ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે બગાડે છે. એણે તો કાંઈ બગાડ્યું નથી. આ દીક્ષા લે છે ને ? ત્યારે એમ કહે છે કે હે શરીરના સંબંધીઓ ! માતા, પિતા, પુત્ર, પત્ની, બધાને (કહે છે કે), હે શરીરના સંબંધીઓ ! તમે આ શરીરના વ્યવહારે સંબંધીઓ છો પણ નિશ્ચયથી તમે મારા આત્માના સંબંધીઓ નથી. એમ કહે. તમે મારા આત્માના ખરેખર સંબંધી નથી. હવે મારી પરિણતિ, જેનો ખરેખર મારી સાથે સંબંધ જુદો ન પડે એવો જે મારો પરમાત્મા છે એની સાથે સંબંધ કરવા જાય છે. એમાં તમે મારા પરિવારના સભ્યો, કહેવાતા પરિવારના સભ્યો એમાં અનુમોદન આપો. શું કહે છે એ ? એની અનુમોદના માગે છે. પછી કોઈ ન આપે તો કાંઈ એની એને અપેક્ષા નથી, પણ એક વિકલ્પ આવે તો આવો વિકલ્પ આવે છે, ન પણ આવે અને એમને એમ સીધા પણ ચાલ્યા જાય. વિકલ્પ તો નબળાઈ સૂચવે છે, વિકલ્પ કાંઈ સબળાઈ સૂચવતો નથી.

એમ અહીંયાં તો હજી ચાર ગતિમાં કોઈપણ ગતિમાં હોય તો સ્વરૂપે હું શુદ્ધ છું એમ સ્વીકારવાની વાત છે. મૂળ સ્વરૂપે હું શુદ્ધ છું અને મૂળ સ્વરૂપે શુદ્ધ છું એ ભૂલ્યો છું એટલે આ બધી અશુદ્ધિ છે. સ્વરૂપની શુદ્ધતા જોતા પર્યાયની અશુદ્ધિ નાશ પામવા લાગે છે, આપોઆપ નાશ પામવા માંડે છે. આ સિવાય અશુદ્ધિ જવાનો બીજો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- અશુદ્ધ થઈ ગયાનો ભ્રમ છે એમ કહેવાય કે ન કહેવાય ?

સમાધાન :- હા, ભ્રમ જ છે, ભ્રમથી માની બેઠો છે.

એક બીજો વિચાર આવ્યો હતો કે, જગતમાં આ વિષય નથી સમજાણો એ લોકોએ એમ લીધું કે આ શ્રીખંડ ખાવાથી મને રાગ થાય છે માટે શ્રીખંડનો

ત્યાગ કરું. જે જે વિષયના નિમિત્તે રાગ થાય છે તે તે વિષયનો એ ત્યાગ કરે છે અને એથી એ શુદ્ધિ કરવા ચાહે છે. અહીંયાં એમ કહે છે કે, એ રીતે શુદ્ધિ થતી નથી. શુદ્ધાત્મસ્વરૂપનો શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર થઈને એમાં સ્થિર થતાં શુદ્ધિ થાય છે અને શુદ્ધિ થવાનો આ એક માત્ર ઉપાય છે, બીજો કોઈ જગતમાં શુદ્ધિ થવાનો ઉપાય નથી. એ ભૂલા પડેલા છે, શુદ્ધિનો ઉપાય કરવામાં એ ભૂલા પડેલા છે. એમાં બીજા પદાર્થના ગ્રહણ-ત્યાગથી પોતાની શુદ્ધિ માને છે. એમ નથી ખરેખર. (જો પરપદાર્થના ગ્રહણ-ત્યાગથી શુદ્ધિ-અશુદ્ધિ હોય) તો તો તીર્થંકર ભગવાનને સર્વથી વધારે અશુદ્ધિ લાગુ પડી જાય. કેમકે એને સમવસરણનો મોટો સંયોગ થઈ ગયો. (પરંતુ) કિંચિત્‌માત્ર અશુદ્ધિ થતી નથી.

પ્રશ્ન :- પર્યાયની રચના તો વીર્યગુણમાં આવી અને અહીંયાં શું મેળ પડે છે ?

સમાધાન :- એમ સ્વીકારવામાં પુરુષાર્થ છે. સ્વીકારવામાં પુરુષાર્થ છે. એમને એમ પુરુષાર્થ વગર સ્વીકારવાની વાત (નથી). પુરુષાર્થમાં ઊંધો પુરુષાર્થ રાખે અને વિકલ્પમાં અને વાણીમાં એમ કહે કે, મને શુદ્ધાત્માનો સ્વીકાર છે, એને પણ અહીંયાં સ્વીકાર કહેતા નથી. સ્વીકારવામાં તને પરસેવો વળે એવું છે એમ કહે છે. તને શું વાંધો છે ? ઈ કહે. અંદરમાં ગોતવા જાય – શોધવા જાય કે મને મારા શુદ્ધ આત્માનો સ્વીકાર કરવામાં વાંધો શું છે ? તો એને વાંધામાં કાંઈ મળે એવું નથી. વાંધા યોગ્ય એને કાંઈ મળે એવું નથી, કેમકે એના શુદ્ધાત્માએ કદી એની સાથે વાંધો પાડ્યો નથી. એ તો નિર્દોષ પરમાત્મા સદાય નિર્દોષ જ રહ્યો છે ખરેખર તો. નિર્દોષ પરમાત્મા સદાય નિર્દોષ રહ્યો છે. એણે કોઈની સાથે વાંધોવચકો પાડ્યો નથી. તો તને તારા એવા પરમાત્માને સ્વીકારવામાં વાંધો શું છે ? તપાસીને કહે કાંઈ વાંધો હોય તો. કાંઈ વાંધો આવે એવું નથી. સિવાય તારો કદાગ્રહ, સિવાય તારો મિથ્યાગ્રહ, સિવાય તારો પૂર્વગ્રહ એ સિવાય બીજું કોઈ તને આડું આવતું નથી. તારોને તારો વિપરીત આગ્રહ છે એ સત્‌સમાગમે તું છોડી દે. વિપરીત આગ્રહને છોડવા એક માત્ર સત્સંગ એ જ મોટું શસ્ત્ર છે. જો ત્યાં પણ આગ્રહ ન છૂટ્યો તો પછી ક્યાંય

છૂટવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- પૂર્વગ્રહ જે છે પૂર્વગ્રહ, સજ્જન માણસો માટે પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય તો ઈ..

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વગ્રહ બહુ ખતરનાક ઝેર છે. એટલે એને અંગ્રેજીમાં Prejudice કહેવામાં આવે છે. એટલે તો આપણે 'ગુરુદેવ' માટે એમ કહીએ છીએ કે 'ગુરુદેવે' શુદ્ધાત્મા સમજાવ્યો એ પણ ઉપકાર છે અને કોઈ બીજા જ્ઞાનીની ઓળખાણ કરાવી એ બીજો ઉપકાર છે. કેમકે પૂર્વગ્રહ છૂટી જાય. ઓ...હો...! જેને હું જ્ઞાની તરીકે, ઉપકારી ગુરુ તરીકે સ્વીકારું છું ઈ આમ કહે છે ! હવે મારે કોઈ પૂર્વગ્રહ હોવો જોઈએ નહીં. આ બીજો ઉપકાર છે. નહીંતર સાદી ભાષા હોય, સાદી વાત હોય, બોલવાની છટા ન હોય (તો) પૂર્વગ્રહમાં એને એમ લાગે કે, આ ઠીક છે. આવી બધી વાતો તો આપણે આનાથી (પણ) સારી કરી શકીએ એવું છે, આમાં કાંઈ (નથી), આ તો શું આથી સરસ આવડે. ભાઈ ! એમ નથી. તારો પૂર્વગ્રહ છોડી અને આ જ્ઞાની છે, પરમાત્માના સ્થાને છે, એનું નિમિતત્ત્વ વીતરાગતાનું ઊભું છે, એ જીવંત નિમિત્ત છે એ કોઈ બીજી વાત છે. એ જાતનો એને પૂર્વગ્રહ બદલાઈ જવો (જોઈએ), આખો અભિપ્રાય બદલાઈ જવો જોઈએ. આમ જો પૂર્વગ્રહમાં વિષય બદલાય તો એનું જુદું પરિણામ આવ્યા વિના રહે નહીં.

(વિશેષ લઈશું....)

## તા. ૦૫-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૪, ૧૦૫
## પ્રવચન નં. ૮૩

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૩૫. ૧૦૪ બોલ ચાલે છે. **'હું શુદ્ધ છું' એમ સ્વીકારતાં પર્યાયની રચના શુદ્ધ જ થાય છે.'** 'હું શુદ્ધ છું' એ પોતાની શુદ્ધ સત્તાનો પોતાના શ્રદ્ધાનમાં સ્વીકાર છે. વસ્તુનું વિજ્ઞાન એવું છે કે જેવું અવલંબન લે એવો પર્યાયમાં ભાવાકાર ઉત્પન્ન થાય. જે પદાર્થનું, જેવા પદાર્થનું પર્યાય અવલંબન લે એવો ભાવ પર્યાય ધારણ કરે છે.

અહીંયાં મૂળ સ્વરૂપની જે હયાતી છે, એમ નથી કે કોઈ કલ્પના કરવામાં આવી છે, શુદ્ધ છું એવી કોઈ કલ્પના નથી. મૂળ સ્વરૂપ નિર્ભેળ તત્ત્વ છે. જેવું છે એવું શ્રદ્ધાનમાં સ્વીકારતા પર્યાય સ્વભાવાકારે થાય છે અથવા સ્વાકારભાવે થાય છે, સ્વ-આકારે થાય છે, સ્વ-ભાવે થાય છે. આમ પર્યાયની શુદ્ધિ એ દૃષ્ટિએ સરળ અને સહેલી છે એમ કહેવાય છે. જેવું મોજૂદ સ્વરૂપ છે, હયાત સ્વરૂપ છે; એટલી વાત છે કે એણે પોતાના સ્વરૂપની હયાતી બીજી રીતે સ્વીકારી છે એ છોડવી રહે છે. પોતાની હયાતી અન્યથા સ્વીકારી છે, અન્ય પ્રકારે સ્વીકારી છે એ ન છોડે તો એને કઠણ પડે છે, અઘરું લાગે છે. એ નહિ છોડવા માટે (અઘરું લાગે છે). પણ મધ્યસ્થ થઈને જેવું સ્વરૂપ છે, હયાત સ્વરૂપ છે (તેને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ).

શાસ્ત્રમાં એવો એક તર્ક કર્યો છે કે, તમે પોતાના પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવાનું કહો છો અને એમાં 'હું પરમાત્મા છું' એવો ભાવ લેવો પડે છે. તો

હું ક્યાં પરમાત્મા છું ? હું તો સંસારી છું. તો ત્યાં જવાબ આપ્યો છે, ઉત્તર એવો આપ્યો છે કે, પરમાત્માનું – નિજ પરમાત્માનું ધ્યાન કરવાનું કહેવામાં આવતાં તને કાંઈ જૂઠમૂઠનું ધ્યાન કરવાનું કહેતા નથી. એમ કહ્યું છે. કોઈ જૂઠી વાત ઊપજાવીને નથી કહી તને, કે તૂ પરમાત્મા છો. પણ તારું મૂળસ્વરૂપ પરમાત્મપદ સદાય મોજૂદ છે. સદાય હયાત છે એની અવગણના કરીને તું અન્યથા પ્રકારે તને સ્વીકારે છો એ અનેક પ્રકારની અશુદ્ધિનું ઉત્પન્ન થવાનું કારણ છે. દ્રવ્યદૃષ્ટિ થતાં એમ સ્પષ્ટ ભાસે છે કે હું સદાય શુદ્ધ છું. હતો, છું અને રહીશ એટલે સદાય છું. પણ આવું મારું શુદ્ધ સ્વરૂપ ભૂલીને અત્યાર સુધી મેં અશુદ્ધતાને અવસ્થામાં ઉત્પન્ન કરી અને અશુદ્ધપણે, અશુદ્ધ સ્વરૂપે મેં મારો સ્વીકાર કર્યો અને એવો મેં મારા અશુદ્ધરૂપનો, અશુદ્ધપણાનો અનુભવ કર્યો. એવું અનંતકાળ કરવા છતાં પણ જે મૂળ શુદ્ધ સ્વરૂપ છે એનો નાશ થાય કે એનો અભાવ થાય કે એ અશુદ્ધ થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :- અવલંબન લેવું, સ્વીકાર કરવો, શરણે જાવું...

પૂજ્ય ભાઈશ્રી :- એ બધું એકાર્થ છે. ગ્રહણ કરવું, પકડવું, તન્મય થવું, લીન થવું એ બધા એકાર્થ વાચક શબ્દો છે.

(અહીંયાં કહે છે) દૃષ્ટિ કરવી. શુદ્ધ સ્વરૂપમાં અસ્તિત્વ છે તે શ્રદ્ધાનમાં લઈ લેવું, છે એનું શ્રદ્ધાન કરવું છે. ત્યારે એને સૃષ્ટિ; અહીંયાં સૃષ્ટિ એટલે પર્યાયોની ઉત્પત્તિ, અનેક પર્યાયોની ઉત્પત્તિ જેવું તારું શ્રદ્ધાન હશે તેવી જ થશે. ઊલટું શ્રદ્ધાન હશે તો ઊલટી પર્યાયોની ઉત્પત્તિ થશે, સૂલટું શ્રદ્ધાન હશે તો સૂલટી ઉત્પત્તિ થશે. એ સિદ્ધાંત છે. બન્ને બાજુ લાગુ પડે એવો સામાન્ય સિદ્ધાંત છે.

આ એક બોલની ગોળી વાગે એનો નિવેડો આવી જાય – છૂટી જાય એવું છે. શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું એમ સીધી વાત છે. શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરતાં શુદ્ધ ઉપયોગ પ્રગટ થશે અને પોતાને અશુદ્ધ માનીને, આખેઆખો અશુદ્ધ માનીને, પૂરેપૂરો અશુદ્ધ માનીને એવું પોતાનું અશુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરતાં અશુદ્ધ ઉપયોગ રહેશે. આમ સીધેસીધી વાત છે. સ્પષ્ટ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. વાત ટૂંકી લાગે

પણ પરિણમનમાં અથવા વિષયની ગંભીરતા, પરિણમનની ગંભીરતા ઘણી છે એમાં.

પોતાને શુદ્ધ સ્વીકારતા, શ્રદ્ધામાં સ્વીકારતા એને કઠણ પડે છે, પસીનો ઊતરે છે. એટલું સજ્જડપણે ઊલટું સ્વીકારી લીધું છે, ઘણી શક્તિથી એ ઊંધું શ્રદ્ધાન કામ કરી રહ્યું છે કે એ એને છૂટતું નથી, એની ઉપર ઉપરની છૂટવાની ઇચ્છા નકામી જાય છે. એટલું બધું જોરથી ઊંધું શ્રદ્ધાન ચાલે છે. કહે છે એ જ શ્રદ્ધાન સવળું થાય તો બધું સવળું છે. અવળું શ્રદ્ધાન રહે તો બધું અવળું છે. સૃષ્ટિ કહો કે બધું પરિણમન કહો, સર્વ પરિણમન કહો. પરિણમનનો દોર શ્રદ્ધાન ઉપર છે. એ વાત પણ એમાંથી સૈદ્ધાંતિક રીતે સિદ્ધ થાય છે.

**આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે. ૧૦૫.**

૧૦૫. એ પણ દ્રવ્યદૃષ્ટિનો બોલ છે. **'આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે.'** એટલે આત્મા ત્રિકાળ જ્ઞાયકપણે શાશ્વત છે અને એવું જે એનું સ્વરૂપ છે એને અહીંયાં વેષ કહે છે. એ ક્યારેય બદલતો નથી, આ વેશ આત્મા ક્યારેય બદલતો નથી. પર્યાયના વેશ બદલાય છે, પોતાનો વેશ - મૂળ વેશ છે ઈ બદલાતો નથી.

જેમ કોઈ આ Actor હોય છે ને ? (એ) અભિનય કરે છે તો રાજાનો પણ કરે અને ભિખારીનો પણ કરે, વૃદ્ધ અવસ્થા પણ ધારણ કરે અને બાળક

જેવો પણ એને બતાવે. અનેક પ્રકારના સ્વાંગ ધારણ કરે. Make-up જેને કહે છે, સ્વાંગ ધારણ કરે. પણ એ જે મૂળ છે એ તો મૂળ જ રહે છે. જે ખરેખર પોતે છે એ તો ખરેખર પોતે રહે છે. બાકીના વેશ બદલાય છે.

એમ અહીંયાં કહે છે કે જે અવસ્થા ધારણ કરે છે એ ક્ષણિક વેશ છે, એ બદલાય છે પણ ત્રિકાળ એ જ્ઞાયકપણું છે એ એનું પરમાર્થ સ્વરૂપ, કાયમી સ્વરૂપ, સનાતન સ્વરૂપ, નિત્ય સ્વરૂપ હોવાથી એમાં કદી કાંઈ બદલવું થતું નથી. એવા આ **'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...'** જે પર્યાયવેશ છે એ પરમાર્થે નથી, વ્યવહારે છે. જેમ આ અભિનય કરનારાનું કહેવાય કે આ રોલ ભજવવા પૂરતો આટલો વેશ છે પછી નથી. આ વેશ પણ પછી નથી. આટલો પાઠ ભજવવા માટે આટલો વેશ છે. એમ પર્યાય પૂરતો વેશ છે એ જ્ઞાયકપણાને પરમાર્થે લાગુ પડતું નથી.

પ્રશ્ન :- પરમાર્થે એટલે ?

સમાધાન :- પરમાર્થે એટલે મૂળ સ્વરૂપે, અસલ સ્વરૂપે, વાસ્તવિકપણે. વાસ્તવિકપણે આત્માને કોઈ પર્યાયવેશ છે એ ધારણ કરવાનું નથી, એને કોઈ પર્યાયવેશ છે જ નહીં. વાસ્તવિકપણે આત્માનું વાસ્તવિક સ્વરૂપ જુઓ તો એને કોઈ પર્યાયવેશ નથી. મૂળ સ્વરૂપ છે એ જેવું ને તેવું રહે છે એ જ એનો પારમાર્થિક વેશ છે. બાકી એને પરમાર્થે બીજો કોઈ વેશ નથી. તો (કોઈ એમ કહે કે) જેવું મૂળ સ્વરૂપ છે એવું કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટ થાય છે ને ? તો (કહે છે) એ પણ પરમાર્થે એનો વેશ નથી.

એ તો દૃષ્ટાંત છે પણ સિદ્ધાંત જરા ઊંડો છે કે આત્માને મુનિ, ગૃહસ્થી, ત્યાગી કે ગૃહસ્થી એ તો વેશ એનો નથી પણ કેવળજ્ઞાની અને સિદ્ધપણાનો વેશ છે એને ? કે એ વેશ પણ એને નથી. કેમકે એ પણ બદલતું, ક્ષણે ક્ષણે બદલતું પરિણમન છે. નાશ થતું, ઉત્પન્ન થતું, નાશ થતું, ઉત્પન્ન થતું પરિણમન છે. કોઈ પર્યાયવેશ આત્માને નથી.

મુમુક્ષુ :- પરમાર્થે વેશ ધારણ કરેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જ્ઞાયકપણાનો જ વેશ વાસ્તિવકપણે એણે ધારણ

કરેલો છે. એણે સદાયને માટે જ્ઞાયકપણું જ ધારણ કર્યું છે. પહેલાં નહોતું ધારણ કર્યું અને પછી ધારણ કર્યું એમ નહીં. હવે પછી સદાયને માટે (એમ પણ) નહીં, અનાદિથી તે અનંતકાળ પર્યંત સદાયને માટે આત્મા જ્ઞાયક જ છે. એ જ્ઞાયકપણાનું જ એનું વેશ નામ સ્વરૂપ છે અહીંયાં. અહીંયાં વેશ એટલે એનું એ સ્વરૂપ છે. એમ લેવું. કાયમી સ્વરૂપ છે, પારમાર્થિક સ્વરૂપ છે અને એ સિવાયનો કોઈ વેશ (એને નથી). પરમાર્થે તો કોઈ વેશ એટલે ખરેખરપણે. પરમાર્થનો સાદામાં સાદો અર્થ એ છે. ખરેખર આત્મા જ્ઞાયક છે, ખરેખર આત્મા જ્ઞાયકસ્વરૂપ સિવાય બીજા કોઈ સ્વરૂપે નથી. એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :- ખરેખર અત્યારે હું વાણિયો છું.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, ખોટી વાત છે. ખરેખર વાણિયો નથી આત્મા. આત્મા ખરેખર વાણિયો નથી. કર્મનો ઉદય એવો છે અને કર્મના ઉદય સાથે એ અવસ્થા ગણાય છે પણ એ એનું ખરું સ્વરૂપ નથી. ખરું સ્વરૂપ નથી. (જો ખરેખર એ સ્વરૂપ હોય) તો તો મુસલમાન તરીકે જન્મ્યો ત્યારે ખરેખર મુસલમાન થઈ ગયો. એમ થાય ? કોઈ જીવ વાણિયો નથી, કોઈ જીવ મુસલમાન નથી, કોઈ ગૃહસ્થી નથી, કોઈ ત્યાગી નથી. ખરેખર બધા આત્મા જ્ઞાયક છે. સ્વરૂપે કરીને તો બધા જ્ઞાયક છે. આવું મૂળ દ્રવ્યનું સ્વરૂપ છે એ દ્રવ્યની દૃષ્ટિને અહીંયાં સ્પષ્ટ કરવી છે. દ્રવ્યદૃષ્ટિ શું ચીજ છે ? દ્રવ્યદૃષ્ટિમાં એનો વિષય પોતે આત્મા સ્વદ્રવ્ય સ્વરૂપે કેવો છે ? એ કહે છે.

મુમુક્ષુ :- આવો મોટો ભગવાન છે પણ ક્યાં ગયો અત્યાર સુધી ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય ગયો જ નથી ને ! પોતે ક્યાં ગયો છે એ પૂછે છે. એ પર્યાય પોતે ભ્રમણામાં ખોવાયેલી છે. વસ્તુ ખોવાયેલી નથી. કહેવાય એમ છે કે, ભાઈ ! જે તત્ત્વ ખોવાયેલું હતું તે જડ્યું. તત્ત્વ ખોવાયું હતું તે જડ્યું. શ્રીગુરુએ પ્રાપ્ત કરાવ્યું. શ્રીગુરુએ બતાવ્યું એમ કહેવાય છે. પેલું 'ગુરુદેવ'ની સ્તુતિમાં આવે છે ને ? ખોવાયેલું રત્ન આપો અમને. ખોવાયેલું રત્ન પ્રાપ્ત થાઓ. આપની કૃપાથી એ ખોયેલું રત્ન અમને પ્રાપ્ત થાવ. રત્ન ખોવાયેલું નથી, પોતે અવસ્થા ખોવાઈ ગઈ છે. પણ જેમ Trainમાં બેઠા હોય તો કહે કે, ફલાણું

ગામ આવ્યું એમ કહે. ખરેખર તો Train ત્યાં ગઈ છે. ગામ નથી આવ્યું. ક્યાંય ગામ આવે સામે ચાલીને ? Trainથી પોતે પહોંચે છે કે મોટરથી, બસથી પોતે પહોંચે છે ત્યારે ભાષા એમ કરે છે કે, ફલાણું ગામ આવ્યું. પછી કહે હવે આ ગામ આવશે, હવે આ ગામ આવશે. ગામ નથી આવતું, પોતે પહોંચવાનો છે. એમ ખરેખર તત્ત્વ ખોવાયેલું નથી, પોતે ભાવમાં – પોતે પર્યાયમાં અન્ય અન્ય જગ્યાએ પર્યાયને રાખીને, પર્યાયને ભ્રમણા કરાવીને – ભ્રમણ કરાવીને પર્યાય ખોવાઈ ગઈ છે. એના સ્વસ્થાનમાં પર્યાય આવતી નથી.

'અનુભવ પ્રકાશ'માં એવી શૈલી કરે છે કે ઉપયોગને સ્વસ્થાનરૂપ કરવો અથવા ઉપયોગને યોગ્ય સ્થાનરૂપ કરવો. એવી ભાષા કરે છે. એટલે શું છે કે જ્યાં પોતાનું સ્વરૂપ છે, ઉપયોગસ્વરૂપી આત્મા છે, ઉપયોગસ્વરૂપી આત્મામાં ઉપયોગને રાખવો એ એનું યથાસ્થાન છે અને એ સિવાય ઉપયોગને અન્ય સ્થાનમાં રાખવો એ એનું સ્થાન નથી. એ અસ્થાનમાં ઉપયોગને રાખે છે, યથાસ્થાનમાં ઉપયોગને રાખતો નથી.

**'જ્ઞાયક તત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી,...'** કેમકે જ્ઞાયક તત્ત્વ નિત્ય છે, પર્યાય અનિત્ય છે. નિત્યપણાને અનિત્યતાનો વેશ કેમ હોય ? કે ખરેખર તો એને એ વેશ લાગુ પડી શકે નહીં. **'પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય-અપેક્ષા નથી.'** પર્યાયવેશ નથી તેમ પર્યાયની અપેક્ષા પણ નથી. (અર્થાત્) આવી પર્યાય હોય તો જ્ઞાયકને ઠીક પડે અને નહીંતર જ્ઞાયકને ઠીક ન પડે એવી જ્ઞાયકને અપેક્ષા હોતી નથી. અપેક્ષાભાવ, ઉપેક્ષાભાવ પર્યાયમાં થાય છે પણ વર્તમાન પર્યાયથી જ્ઞાયકની મહત્તા નથી. આવી પર્યાય હોય તો જ્ઞાયકની વિશેષ મહત્તા અને આવી પર્યાય ન હોય તો જ્ઞાયકની મહત્તા ઘટી જાય એવું જ્ઞાયકનું પર્યાય અપેક્ષિત સ્વરૂપ નથી. પર્યાયની અપેક્ષાવાળું એનું સ્વરૂપ નથી એમ કહેવું છે. કોઈ પર્યાય અપેક્ષા નથી.

જ્ઞાયકને કોઈ પર્યાય અપેક્ષા નથી એટલે મને કોઈ પર્યાયની અપેક્ષા નથી એમ એમાંથી નીકળે છે. કેમકે જ્ઞાયક તો હું છું. જ્ઞાયક કોઈ બીજું તત્ત્વ નથી. એ પોતાના અનંતગુણ નિધાનથી એટલું સમૃદ્ધ છે અને એટલું મહાન છે કે એક

સમયની વિકારી-અવિકારી પર્યાયથી એની કિંમતની વધઘટ કરવામાં, ગણવામાં આવે એવું હળવું એ નથી, એટલું હલકું એ નથી.

(એક મુમુક્ષુભાઈ) સાથે આ એક ચર્ચા ચાલતી હતી કે, આત્માને જો દ્રવ્યદૃષ્ટિથી પર્યાય રહિત સ્વીકારવામાં આવે તો આત્મા પરિપૂર્ણ સ્વરૂપે છે એ અપૂર્ણ થઈ જશે, એક અંગ વગરનો અપૂર્ણ થઈ જશે. કેમકે પર્યાય (છે) એ પદાર્થનું અંગ છે. (તેનાથી રહિત કરવાથી તે) ખંડિત થઈ જશે. આવી એક દલીલ આપતા. એને કહ્યું કે, ભાઈ ! એ મૂળ સ્વરૂપે એટલો પરિપૂર્ણ અને અખંડ છે કે એક સમયની પર્યાય આવતા એ પૂર્ણ થાય કે અખંડ થાય એટલી હીણપ એને નથી. એક સમયની પર્યાય આવે ત્યારે અખંડ થાય કે પૂર્ણ થાય નહીંતર અપૂર્ણ ને ખંડિત રહે એવું મૂળ સ્વરૂપ નથી. આવો દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

મુમુક્ષુ :- પ્રમાણનું દ્રવ્ય લઈએ તો ખંડિત થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો દ્રવ્યદૃષ્ટિનો વિષય ચાલે છે. પ્રમાણથી એક સમયની પર્યાયને કાઢી નાખો તો દ્રવ્ય - પદાર્થ ખંડિત થાય છે. તો એ પ્રમાણજ્ઞાન નથી રહેતું પણ અપ્રમાણજ્ઞાન થઈ જાય છે. જે વિષય સાંખ્યનો છે. તો એ રીતે અહીંયાં (કહેવું નથી).

અહીંયાં તો દ્રવ્યદૃષ્ટિની વાત છે કે મૂળ જે દ્રવ્ય - વસ્તુનું સ્વરૂપ છે, ત્રિકાળી સ્વરૂપ છે એને એક સમયની પર્યાયની અપેક્ષા નથી. એનાથી એ ઓછુંઅદકું નથી કે હીનાધિક થતું નથી. એટલા માટે દ્રવ્યદૃષ્ટિથી 'સોગાનીજી'એ એવી વાત લીધી છે કે, અવસ્થામાં નિગોદપણું હો કે અવસ્થામાં સિદ્ધપણું હો મને લાભ-નુકસાન નથી. કેમકે હું તો બન્ને અવસ્થામાં એક સરખો જ્ઞાયક છું. આવું જ્ઞાયકનું ભાન થયું છે.

'ગુરુદેવશ્રી' પણ પ્રવચનમાં એમ કહે છે કે, આવા જ્ઞાયક તત્ત્વને વિશે મિથ્યાત્વ નથી તેથી મિથ્યાત્વ કાઢવાનો સવાલ રહેતો નથી. એવા જ્ઞાયકતત્ત્વને વિશે અંદરમાં મિથ્યાત્વનો પ્રવેશ નથી એટલે હયાતી નથી માટે એમાંથી મિથ્યાત્વ કાઢવાનો પ્રશ્ન રહેતો નથી. અને એનો મોક્ષ કરવાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો કોઈ એ રીતે એમાં મોક્ષ કરવાનું સ્થાપે તો એને મૂળસ્વરૂપને વિશે

મિથ્યાભાવ વર્તે છે. જ્ઞાયકની મુક્તિ કરવી. જ્ઞાયકમાં સિદ્ધપણું ઉત્પન્ન કરવું એ તો અનાદિ સિદ્ધ જ છે. સ્વતઃસિદ્ધ છે. એમાં મોક્ષ કરવો કે એમાં સિદ્ધપણું લાવવું એ તો એ પદાર્થ વિશેનો, એ દ્રવ્ય વિશેનો એક નવો ભ્રમ છે. અથવા મિથ્યાત્વ છે એવું વસ્તુનું સ્વરૂપ નથી. એટલે દ્રવ્યદૃષ્ટિ થતાં સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે અરે ! આવું મારું સ્વરૂપ છે કે જેમાં હવે મારે મોક્ષ કરવાનો સવાલ ઊભો થતો નથી. ગજબ વાત છે ! અત્યાર સુધી તો મેં એમ વિચાર્યું હતું કે મારે મોક્ષ કરવો છે, મારે મુક્ત થવું છે, મારે મુક્ત થવું છે પણ મારા મૂળ સ્વરૂપને અંદર વળીને જોયું તો મારે મોક્ષ કરવાપણું રહ્યું નથી. મારે મોક્ષ કરવાપણું રહ્યું નથી. અરે...! મારા સ્વરૂપમાં મોક્ષ કરવો એ એક નવી ભ્રાંતિ ક્યાં મારે કરવી ? એવી નવી ભ્રાંતિ પણ મારે કરવાની રહેતી નથી. આ તો નવી ભ્રાંતિ, બીજી ભ્રાંતિ થઈ પાછી.

'શ્રીમદ્જી'એ આ જ વિષય બહુ સરસ લીધો છે. આચાર્યના નામે ચડાવીને વાત લીધી છે કે દિગંબરના આચાર્યો એમ કહે છે કે, આત્માનો મોક્ષ થતો નથી પણ એને આત્મા મુક્ત સ્વરૂપ જ છે એમ સમજાય છે. એને મોક્ષ સમજાય છે, એને મોક્ષ કરવાનો કે થવાનો પ્રશ્ન રહેતો નથી. એને સમજાય છે એમ કરીને દિગંબર આચાર્યોને નામે એ વાત લખી. શ્વેતાંબર મત આ બાજુ વિશેષ છે એટલે એમ કે આ એક આશ્ચર્યકારી કોઈ વિશિષ્ટ વાત છે એમ કરીને દિગંબરના આચાર્યો આમ કહે છે, એમ કરીને વાત મૂકી છે.

મુમુક્ષુ :- દ્રવ્યદૃષ્ટિનો આત્મા શુદ્ધ આત્મા છે અને આ પ્રમાણનો આત્મા એમાં દ્રવ્યદૃષ્ટિનો આત્મા મોટો અને આ ખાંગો થઈ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એવું કાંઈ નથી. પ્રમાણજ્ઞાનની અંદર દ્રવ્યદૃષ્ટિનો વિષય આવી જાય છે. પ્રમાણજ્ઞાનની અંદર દ્રવ્યદૃષ્ટિનો વિષય બાદ નથી રહેતો પણ દ્રવ્યદૃષ્ટિમાં પ્રમાણનો વિષય દૃષ્ટિ બાદ રાખે છે. દ્રવ્યદૃષ્ટિમાં માત્ર સ્વદ્રવ્ય સ્વભાવને, ત્રિકાળીને સ્વીકારે છે બાકીનો જે પ્રમાણનો વિષય છે એનો સ્વીકાર દૃષ્ટિ કરતી નથી. દૃષ્ટિના પ્રકરણમાં ન આવે. એમ છે. બેને Mix કરવા જાવ તો ગોટાળે ચડવાનું થાય. જ્યાં જે વિવિક્ષા ચાલતી હોય એમાં બીજી વિવિક્ષા

ઘુસાડવા જાવ તો મેળ ખાય એવું નથી. એમ છે.

પ્રશ્ન :- દૃષ્ટિ સ્વીકારતી નથી એટલે દૃષ્ટિ આલંબન નથી કરતી એમ ?

સમાધાન :- આલંબન પણ કરતી નથી, એ વિષય જ કરતી નથી. આલંબન લેતી નથી, સ્વીકારતી નથી, વિષય કરતી નથી, એનો વિષય જ નથી બીજો. દૃષ્ટિને એકલો ત્રિકાળી પરમાત્મા એટલો જ એનો વિષય છે. એનું સર્વસ્વ એને મળી ગયું, પતી ગયું ! એને સર્વસ્વ મળી ગયા પછી બીજું શું જોઈએ ? એને કાંઈ જોઈતું નથી. દૃષ્ટિને કાંઈ જોઈતું નથી.

પ્રશ્ન :- ગુણ છે તે સ્વભાવ છે તેમ પરિણમન થવું તે સ્વભાવ છે ?

સમાધાન :- હા, પરિણમન થવું એ સ્વભાવ છે. કોઈ વખત તો પરિણામને સ્વભાવ કહેવામાં આવે છે. 'સ્વભાવ' શબ્દનો પ્રયોગ અનેક જગ્યાએ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવને પણ સ્વભાવ કહેવામાં આવે છે. પણ ત્રિકાળી સ્વભાવ જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે એમાં સામાન્ય માત્ર એનો વિષય છે. પર્યાય તો એનો વિષય નથી પણ તેમાંને તેમાં અંતર્ગર્ભિત ગુણભેદ છે એ પણ એનો વિષય નથી.

મુમુક્ષુ :- જ્ઞાયક કહેવો એ પણ નથી, જેવું છે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જેવું છે એવું છે. આમાં એમ જ કહે છે ને ? 'રાજમલજી' ! દ્રવ્ય જેવું છે તેવું છે. જ્ઞાયક છે કે દ્રવ્ય છે કે આત્મા છે ગમે ઈ એક નામ પાડો તો એક ગુણવિશિષ્ટ નામ થઈ ગયું એનું. એટલો વ્યવહાર થઈ ગયો. એક ગુણનો ભેદ પાડીને (કહો) કે જ્ઞાન શક્તિનો ભેદ પાડીને જ્ઞાયક કહ્યું, અનંત ગુણની આત્મીયતા જોઈને, એનું એકમેકપણું જોઈને એને આત્મા કહ્યો, દ્રવતું હોવાથી એને દ્રવ્ય કહ્યું. એમ. એ તો જેવું છે એવું છે પણ કોઈ એક ગુણવિશિષ્ટથી કહેવાય તોપણ જેવું છે એવું જ જ્ઞાનમાં આવવું જોઈએ. કેમકે વચનવ્યવહારમાં તો કાંઈક કહેવું જ પડશે. જ્યારે વચનવ્યવહાર ચાલે ત્યારે તો સહેજે એને કોઈ એક ગુણના ભેદથી વ્યવહાર કરવો જ પડે અથવા ઓળખાવવા માટે બીજો ઉપાય નથી. એ સ્વભાવને ઓળખાવવો હોય તો કાંઈ ને કાંઈ એનું નામ આપવું પડે છે અને એટલો ભેદ ઉપસ્થિત થાય છે. ત્યારે પણ એમ કહેવાય છે કે આટલો ભેદ ઉપસ્થિત થાય છે એવા ભેદવાળું આત્માનું

સ્વરૂપ નથી. એમ.

(અહીંયાં કહે છે), **'કોઈ પર્યાય-અપેક્ષા નથી.'** એમ કહીને પર્યાય ઉપરનું વજન ઉઠાવી લીધું છે. એમાં બીજો એ ધ્વનિ છે. પર્યાય-અપેક્ષા નથી એમ કહીને એક ધ્વનિ એમાંથી એ નીકળે છે કે પર્યાય ઉપરનું વજન ઉઠાવી લીધું છે. અનાદિથી જીવનું વજન પર્યાય ઉપર છે. જીવનું વજન એટલું બધું પર્યાય ઉપર છે કે બાજુમાં રહેલાં દ્રવ્યસ્વભાવને એ જોતો નથી, બાદ રાખી દે છે. પર્યાય જેવડો અને જેટલો હું એમ સ્વીકારે છે. શ્રદ્ધા ત્યાં કામ કરવા લાગે છે. આથી વધારે એનો સ્વસ્વરૂપે સ્વીકાર નથી. એને એમ કહે છે કે એટલું બધું તે પૂરેપૂરું વજન પર્યાય ઉપર આપ્યું છે (એટલે) કહે છે કે પર્યાય ઉપરથી બિલકુલ વજન ઉઠાવી લે. પૂરેપૂરું વજન દ્રવ્યસ્વભાવ ઉપર આવવું જોઈએ, પર્યાય ઉપર જરાય વજન રહેવું જોઈએ નહીં.

મુમુક્ષુ :- દ્રવ્યની અપેક્ષા, પર્યાયની ઉપેક્ષા.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાયમાં (પર્યાયની) ઉપેક્ષા. પર્યાયમાં દ્રવ્યની અપેક્ષા અને પર્યાયની ઉપેક્ષા. એ પર્યાય સમ્યક્ છે. પર્યાયમાં પર્યાયની અપેક્ષા અને દ્રવ્યની ઉપેક્ષા તે પર્યાય અસમ્યક્ છે, ઊલટી છે, વિપરીત છે, પર્યાય મૂઢપણું છે.

એક તર્ક થાય છે કે પણ પ્રયોજન તો પર્યાયમાં છે. મિથ્યાત્વ કાઢીને સમ્યક્ ઉત્પન્ન કરવું, અવગુણ ટાળીને ગુણ ઉત્પન્ન કરવા. (આ તો) કરવાનું ને ? તો (કહે છે), વજન રાખીને ન થાય તો કરવાનું ક્યાંથી આવ્યું ? વજન નહીં રાખતા થાય છે આવી જ કોઈ વસ્તુસ્થિતિ છે. આ વસ્તુસ્થિતિ છે કે તારું વજન સ્વદ્રવ્ય ઉપર જતાં પર્યાય શુદ્ધ થાય છે, સમ્યક્ત્વથી માંડીને કેવળજ્ઞાન અને સિદ્ધદશા પર્યંતની દશા, બધી દશાઓ, ઉત્તરોત્તર શુદ્ધતાની દશાઓ એ શુદ્ધ દ્રવ્ય ઉપર વજન જતાં જાય છે. પર્યાય ઉપર વજન જતા થતી નથી.

જેમ વ્યવહારમાં શું કહેવાય છે ? કે, એક માણસ બીજા માણસને જમવાનું કહે પછી એને એ એમ કહે કે જુઓ ! મેં તમને જમાડ્યા તો ખરા ને ! પેલો માણસ કહે કે ભાઈસાહેબ ! આના કરતા તો ન જમાડ્યા હોત તો સારું હતું.

મને જમાડીને તમે આવું સંભળાવ્યું કે મેં તમને જમાડ્યા ! એના કરતા તો તમે મને ન જમાડ્યા હોત તો સારું હતું, મને પહેલેથી ખબર હોત તો હું જમવા આવત નહીં. શું કહે ?

ત્યારે પેલો માણસ એક દલીલ કરે કે, તો મારી વાત કાંઈ ખોટી છે ? ભાઈસા'બ ! મેં તમને જમાડ્યા અને મેં તમને કહ્યું કે મેં તમને જમાડ્યા, આમાં મેં ખોટું શું કર્યું છે ? કે એણે જે કર્યું તે કહ્યું છતાં એણે ખોટું કર્યું છે. એ અનુચિત વ્યવહાર છે. બરાબર છે ? સત્ય હોવા છતાં અનુચિત વ્યવહાર છે ? એ વાત તો સત્ય છે કે અસત્ય છે ? વાત સત્ય છે છતાં વ્યવહાર અનુચિત છે. એમ પર્યાય શુદ્ધ કરવી છે, પર્યાય શુદ્ધ કરવી છે, પર્યાય શુદ્ધ કરવી છે એમ પર્યાય ઉપરનું વજન એ પર્યાયને શુદ્ધ કરવા માટેનો અનુચિત વ્યવહાર છે. અનુચિત કાર્યપદ્ધતિ છે. એવી રીતે પર્યાય શુદ્ધ થતી નથી. ભલે પર્યાયને શુદ્ધ કરવી છે તોપણ. આમ છે.

એટલે કોઈ ઉચ્ચકોટીનો વ્યવહાર પાળનાર, વ્યવહારે પ્રવર્તનાર, ઉચ્ચકક્ષાના વ્યવહારે પ્રવર્તનાર કદી પણ તે વ્યવહારને મુખ્ય કરે એવું બનતું નથી અને કરે તો એ એની કોટી છે એ ઉચ્ચ નથી થતી, નીચ રહી જાય છે. જેમ જમાડીને કહ્યું કે, મેં જમાડ્યો એના જેવું. મેં દાન દીધું, દાન દેવાનો વ્યવહાર સારો છે પણ 'મેં દાન દીધું' (એમ કહેતાં) થઈ રહ્યું, પતી ગઈ વાત ! એ વ્યવહાર ત્યાં નીચકોટીનો થઈ ગયો. ઉચ્ચકોટીનો વ્યવહાર ત્યારે રહે છે કે જ્યારે એની ગણના કરવામાં ન આવે ત્યારે. જો ગણના કરે તો જમાડીને કહેવા બરાબર, સંભળાવવા બરાબર છે. આના જેવી વાત છે. એટલે તમામ મોક્ષમાર્ગી જીવોનો વ્યવહાર સદાય એવો રહ્યો કે ઉચ્ચકોટીનો વ્યવહાર છે અને છતાં એને સદાય ગૌણ જ રહ્યો અને ત્યારે જ એની ઉચ્ચકોટી બરાબર સાબિત થાય છે. એનો વ્યવહાર પરમાર્થ હેતુભૂત વ્યવહાર ગણવામાં આવે છે. નહીંતર એ વ્યવહાર પરમાર્થ હેતુભૂત વ્યવહાર ગણવામાં આવતો નથી.

મુમુક્ષુ :- દાન દીધું એટલે નીચો થઈ ગયો. ખરેખર પોતે તો ધ્રુવ તત્ત્વ છે એમાં લેવા-દેવાની કડાકૂટ જ ક્યાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- 'દાન દેનારો હું' - શેનું દાન દેનારો ? કે પરદ્રવ્યનું. (તો) તું જડ છો ? તું તો ચેતન છો. પરદ્રવ્યનું દાન કેવી રીતે દઈશ ? તને ભાવ આવ્યો, તો ભાવ આવ્યો - એવો શુભભાવ આવ્યો એવું તારું સ્વરૂપ છે કે સિદ્ધદશાનું તારું સ્વરૂપ છે ? સિદ્ધ સ્વરૂપ તારું છે, સિદ્ધ સમાન તારું સ્વરૂપ છે. ખરેખર તો મારા સમાન સિદ્ધ છે એમ કહેવું છે. સિદ્ધ સમાન હું છું એમ નહીં પણ હું છું એવા બધા સિદ્ધ છે.

મુમુક્ષુ :- એમાં શું રહસ્ય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મારા ઉપર વજન છે, બીજા સિદ્ધ ઉપર વજન નથી. ઉપાદાનથી ઉપાડે છે. નિમિત્તથી મેળવવું નથી પણ ઉપાદાનથી મેળવવું છે.

આવી આવી વાતો આત્માની મહિમાની સત્પુરુષોએ કરી છે. કેવી કેવી એની મહિમા ગાઈ છે ! કે તું સિદ્ધ સમાન નહીં, તારા જેવા બધા સિદ્ધ છે, લે ઠીક ! અહીંથી વાત ઊપડાવી છે. તું આનંદમાં આવ ! કોઈપણ રીતે તું તારા આત્માનંદમાં, સ્વરૂપના આનંદમાં આવ. હું ફલાણાવાળો ને કુટુંબવાળો ને પૈસાવાળો ને ધનવાળો ને આબરૂવાળો ને આ બધી નીચતામાં, નીચપદમાં ઉચ્ચપદ માનવાનું છોડી દે તું ! હું રાજા ને હું વડોપ્રધાન ને મારું ફલાણું પદ, આ હું ફલાણો પદાધિકારી, આટલો અધિકાર મારો, આ પદ ને... એ બધા નીચપદમાં ઉચ્ચપદ માનવાની વાત છે.

'અનુભવ પ્રકાશ'માં તો એવું દૃષ્ટાંત આપ્યું છે કે, કોઈ રાજા દારૂ પીને લથડિયું ખાઈને રસ્તામાં એઠવાડના કે ગંદકીના ખાબોચિયામાં પડી જાય ત્યારે એને સારું લાગે છે. કેમકે ઉનાળામાં દારૂ પીધો હોય તો ઉનાળાની ગરમી હોય એમાં દારૂ ગરમ પીણું છે એટલે શરીરમાં ગરમી વ્યાપી ગઈ હોય પછી એમાં પડે ગંદકીના ખાબોચિયામાં, પણ ત્યાં ઠંડક તો છે. એને એમ લાગે કે અહીંયાં સારું છે લ્યો ! પોતાનું ભાન ભૂલીને એને એમ લાગે છે કે અહીંયાં સારું છે. રાજા જેવો રાજા થઈને ગંદકીના મળ-મૂત્રના ખાબોચિયામાં પડીને સારાપણું માને એવું આ જીવનું સંસારમાં છે કે હું ફલાણાવાળો, ફલાણાવાળો, ફલાણાવાળો, ફલાણાવાળો. ભાઈ ! તારા જેવા બધા સિદ્ધ છે ! સિદ્ધ સમાન છો એવું તને

ક્યાં કહીએ ? તારા જેવા બધા સિદ્ધ પરમાત્મા છે. એવો તું એક પરમાત્મતત્ત્વ છો. આ નીચપદમાં ઉચ્ચપદ માનીને કાં રાજી થા છો તું ? એ રાજીપો તું છોડી દે.

પ્રશ્ન :– વિકારી પર્યાય કે અવિકારી, મૂળ તો પર્યાય ઉપરનું વજન ઉઠાવી લેવાનું છે ને ?

સમાધાન :– હા, આખું પર્યાય ઉપરથી વજન ઉઠાવી લેવાની વાત છે. અને એ વજન સહજ ઊઠી જાય એવું સ્વપરમાત્મસ્વરૂપ, નિજપરમાત્મસ્વરૂપ એવું મહાન છે કે એ જો દૃષ્ટિમાં આવે તો એની બધી પર્યાયો ઉપરથી એનું વજન ઊઠી જ જાય. ઉઠાડવું પડે નહીં પણ ઊઠી જાય. એવો એ મહાન છે ! ઉઠાડવા માટે આમ યુક્તિ કરવી એવી વાત નથી. જેમ અન્યમતમાં યુક્તિ કરવામાં આવે છે કે અભિમાન અને માન ન ચડી જાય તો ગમે ઈ કાર્ય કરવું એ ભગવાનને અર્પણ કરવું. એટલે 'શ્રી કૃષ્ણાર્પણ મસ્તુ' એમ ઈ બોલી નાખે, એવો વિચાર કરે. શું કહે ? કે ભાઈ ! તમે બહુ (સારું કામ કર્યું). (એટલે આ કહે) ભાઈ ! અમે તો પ્રભુને ચરણે બધું ધરી દીધું છે. અમે કાંઈ કરતા નથી, ઈ બધું કરાવે છે. અમારો ભગવાન અમારી પાસે બધું કરાવે છે, અમે કાંઈ કરતા નથી. એટલે એમ કરીને માન ન થાય એના માટે યુક્તિ કરે છે. એવું માન છોડવાની યુક્તિ કરે તો માન કાયમને માટે છૂટતું નથી. કેમકે એ એક કલ્પના બનાવી છે એ કલ્પનામાં ક્યાં સુધી ટકી શકે ? ટકવાની શક્તિ મળતી નથી. કલ્પનાના આધારે, અવાસ્તવિકતાના આધારે કોઈ શક્તિ નથી મળતી. વાસ્તવિક વસ્તુના સ્વરૂપના આધારે શક્તિ મળે છે. અહીંયાં કોઈ એવી યુક્તિ નથી લડાવવી કે પર્યાય ઉપરથી વજન ઉઠાવવા માટે આમ કરવું. વસ્તુ જ એવી વજનદાર છે. વસ્તુ એવી વજનદાર છે.

'સોગાનીજી' કહે છે કે એ પલ્લામાં મારો આત્મા, ત્રાજવાના એક પલ્લામાં મારો આત્મા અને એક પલ્લામાં – સામેના બીજા પલ્લામાં ત્રણકાળ, ત્રણલોક. મારું પલ્લું બેસી જાય છે અને સામેનું પલ્લું તો ઉલ્લી જાય છે, ઉલાળી મૂક્યું એને ! હવે ત્રણકાળ, ત્રણલોકમાં અનંતા સિદ્ધો આવ્યા કે ન આવ્યા ? વિદ્યમાન

તીર્થંકરો આવ્યા, અનંતા સિદ્ધો આવ્યા, એના ઉપદેશક ગુરુ આવ્યા બધા આવ્યા કે ન આવ્યા ? ભક્તિ કરે ત્યારે એમ કરે કે જે ગુરુથી મને બોધ મળ્યો (એ) અનંત તીર્થંકરોથી મારા માટે અધિક છે. હું તો એમની ચરણરજ છું, હું તો એમનો દાસાનુદાસ છું, હું તો પામર છું એમ કહે.

'શ્રીમદ્‌જી'એ વાત કરીને ? હે 'કુંદકુંદ' આદિ આચાર્યો આપના વચનો આ પામરને, પોતાને પામર ગણે છે, સ્વરૂપાનુસંધાન થવા માટે નિમિત્તભૂત થયા તે અર્થે હું આપને નમસ્કાર કરું છું, વંદન કરું છું. એ પર્યાયને લક્ષમાં રાખીને વાત કરે છે પણ દ્રવ્યની દૃષ્ટિ છોડીને નહીં. દ્રવ્યદૃષ્ટિ છોડીને એ વાત નથી. સ્વરૂપ અનુસંધાન દૃષ્ટિમાં થઈ ગયું એ બહુ મોટી વાત થઈ ગઈ પછી એ રાગની અંદર આવો વિકલ્પ આવે છે અને એવી ભાષા વિકલ્પાનુસાર ઉત્પન્ન થાય છે. તોપણ પોતાના મૂળસ્વરૂપને ભૂલીને નહીં. તો કહે આવું બોલે, આવું કહે ને છતાં પોતે પાછો સૌથી મોટો એમ અંદરમાં રાખે ! આ તે કેવી વાત છે ! માયાચાર જેવી વાત છે ! એવી વાત નથી. એ સહજ જ છે. કોર્ટની અંદર કોઈ શ્રીમંત માણસને દંડ કરે ત્યારે એને દલીલ કરવાની છૂટ હોય છે. તો એ શું કહે ? જજને, ન્યાયાધિશને કે સાહેબ ! હું તો ગરીબ છું. જરા રહેમ નજર રાખજો. શું કહે ? એને ખબર છે કે મારી પાસે પૈસા તો ઘણાં છે છતાં પણ શું કહે કે, હું ગરીબ છું અને કંઈક રહેમ દૃષ્ટિએ મારું કંઈક જે કરો તે કંઈક રહેમ દૃષ્ટિ રાખીને કરજો. એમ કહે કે ન કહે ? કે ભૂલી ગયો છે પોતાની સંપત્તિને ? જરાય ભૂલ્યો નથી એમ પોતાનું સર્વોત્કૃષ્ટ પદ શ્રદ્ધા-જ્ઞાનમાં રહે છે અને આવી વિકલ્પ-વાણીનો વ્યવહાર પણ આવે છે, હોય છે. બન્ને એક સાથે હોય છે અને છતાં એમાં કાંઈ વિરોધ થતો નથી કે વિરોધ હોતો નથી. એમ છે.

મુમુક્ષુ :– 'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં આવે છે કે, જ્ઞાયક તે તો તે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– છઠ્ઠી ગાથામાં તો આવી જ ગયું, આત્મા જ્ઞાયકપણે છે અને પ્રમત્ત-અપ્રમત્તપણે નથી. એમાં તો આચાર્યદેવે પોતે એવી રીતે જ ભાષા

લીધી છે કે હું જ્ઞાયકપણે છું અને હું પ્રમત્ત-અપ્રમત્તપણે નથી. પ્રમત્ત અને અપ્રમત્ત તો ચાલતી દશા છે. આચાર્ય મહારાજની પોતાની દશા છે. છઠ્ઠા–સાતમા ગુણસ્થાને (છે) ઈ મારું ખરું સ્વરૂપ નથી. હું જ્ઞાયક છું. જે ચોથા ગુણસ્થાને હતું ઈ જ છઠ્ઠા ગુણસ્થાને રાખ્યું, એ જ ઠેઠ સુધી રાખવાની વાત છે. સિદ્ધદશામાં પણ હું જ્ઞાયક છું, મને ખરેખર પર્યાયવેશ નથી. આ સિદ્ધાંત ફરતો નથી, ક્યાંય બદલાતો નથી.

બહુ અજબગજબની વાતો બહાર પડેલી છે !! આત્મા સિદ્ધ છે એ વાતને પણ અહીંયાં વજન દેતા નથી. બીજી તો વાત ક્યાં રાખવી ? અહીં તો (હજી અજ્ઞાની એમ) કહે, અમે ક્યાં હજી વીતરાગ થઈ ગયા છીએ ? રાગ તો અમારે હોય જ ને ! ભાઈ ! શું કરે છે તું ? રાગ તો અમારે હોય જ ને ! એ વાત વજન દેવા જેવી નથી. રાગ હોય તો એ દોષ છે અને એ દોષ પણ પર્યાયમાં રાખવા જેવો નથી. કેમકે હું મૂળ સ્વરૂપે નિર્દોષ તત્ત્વ છું. પરિપૂર્ણ નિર્દોષ તત્ત્વને અવસ્થામાં દોષ કેમ પોસાય ? એનો તો એકાંતે નિષેધ કરવા યોગ્ય જ છે.

**'કોઈ પર્યાય-અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા...'** આવી કોઈ પણ પર્યાય અપેક્ષા, એક પણ એટલે એવી કોઈ પણ **'પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** ખરેખર જ્ઞાયક પદાર્થને નથી અને જેને આવા જ્ઞાયક પદાર્થની દૃષ્ટિ થઈ તે દૃષ્ટિવાનને પણ દૃષ્ટિમાં નથી. બે વાત લીધી છે કે પદાર્થ આવો સર્વોત્કૃષ્ટ મહાન છે એટલે એને તો અનઉત્કૃષ્ટ તત્ત્વની કે ભાવની અપેક્ષા ન હોય તે સમજી શકાય એવી વાત છે પણ એવા દૃષ્ટિવાનને પણ પછી અપેક્ષા નથી. આવી દૃષ્ટિ Powerful હોય છે ! ચોથે ગુણસ્થાને આટલો Power ફાટે છે !!

મુમુક્ષુ :– અમે બધાને ભગવાન જ જોઈએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– બધાને ભગવાન જોવે છે પણ પોતાને સૌથી મોટો ભગવાન જોવે છે. 'શ્રીમદ્જી'ના વચનો છે. નિશ્ચયના વચનો આટલા આવા જોરદાર તો બહુ ઓછા એમના લખાણમાં પ્રસિદ્ધ છે પણ છતાં એવું લખતાં કે, અમે પરમાત્મા થયા છીએ. હવે બીજા પરમાત્માને ઉદ્દેશીને કહે છે કે, હે પરમાત્મા ! તું અમને

શું દેવાનો હતો ? લોકો એમ કહે છે કે પરમાત્મા તો મોક્ષ આપે છે, પરમાત્મા મોક્ષ આપે છે પણ અમારે તારો મોક્ષ પણ જોતો નથી, ઠીક ! તારે મોક્ષ આપવો હશે પણ હવે અમારે કાંઈ અપેક્ષા નથી. જોતો નથી એટલે અમારે કાંઈ અપેક્ષા નથી. અમે તો લેવાદેવાની કડાકૂટમાંથી છૂટા થઈ ગયા છીએ. હવે કાંઈ અમારે લેવું પડે, દેવું પડે આ વાત અમારે રહી નથી. દ્રવ્યદૃષ્ટિથી વાત કરી છે. દ્રવ્યદૃષ્ટિએ એમ કહેવું છે કે આ આત્માને મોક્ષ કરવો એ આત્માની અંદરમાં દ્રવ્યદૃષ્ટિના વિષયમાં એ વાત જ નથી ને ! મોક્ષ કરવો એ વાત નથી, બીજી વાત ક્યાં રહી ? એમ.

**'એવી એક પણ પર્યાય-અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી.'** અને એવી એક પણ પર્યાય-અપેક્ષા એ જ્ઞાયક પદાર્થની દૃષ્ટિમાં નથી, દૃષ્ટિને નથી, દૃષ્ટિવાનને પણ નથી. આમ લેવું છે. 'સમયસાર'માં એ વિશિષ્ટ પદ્ધતિ છે કે, આચાર્ય મહારાજે આ જ્ઞાયક પદાર્થ આવો ઓળખાવ્યો છે, એની દૃષ્ટિ કેવી હોય એ ઓળખાવ્યું છે અને દૃષ્ટિવાનને પણ ઓળખાવ્યો છે કે આવો એનો દૃષ્ટિવાન છે. આ ત્રણ વાત દૃષ્ટિના પાસાથી સ્પષ્ટ કરી છે, ખોલી નાખી છે. એના ઉપર પ્રકાશ પાડ્યો છે કે જુઓ ! આ દૃષ્ટિનો વિષય ! જુઓ ! એની આ દૃષ્ટિ ! અને જુઓ ! (એના) દૃષ્ટિવાન આવા હોય છે ! એને જૈનશાસનમાં સમ્યક્દૃષ્ટિ કહે છે. એનું મહત્ત્વ ઘણું લીધું છે એટલા માટે કે કોઈ ગજબનો વિષય, શરૂઆતથી જ એ કોઈ ગજબનો વિષય શરૂ થાય છે ! અંદરમાં એની આખી દુનિયા ઊલટફેર થઈ જાય છે, દુનિયા બદલાઈ જાય છે. સમ્યક્દર્શન થયું કે એની દુનિયા બદલાઈ ગઈ, ખલાસ ! આખી દુનિયા ફરી ગઈ. બીજા લોકમાં ચાલ્યો ગયો.

મુમુક્ષુ :- દૃષ્ટિવાનને નથી એમાં તો બહુ આવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- દૃષ્ટિવાનને પણ એ વાત નથી. ત્યારે તો પોતે એમ કહે છે કે અમે હવે લેવાદેવાની કડાકૂટમાંથી છૂટા થયા છીએ. મોક્ષ લેવો, સંસાર દેવો આ વાત હવે અમારે શું છે ? પૂરેપૂરું સ્વદ્રવ્ય અમને અમારા દૃષ્ટિના કબજામાં આવી ગયું છે. હવે અમારે કોઈ અપેક્ષા બાકી રહેતી નથી.

મુમુક્ષુ :- આવી દૃષ્ટિ પ્રગટી એની કેટલી મહત્તા છે !

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આખું ભવન ફરી ગયું એનું ! દુનિયા બદલાઈ ગઈ એમ કહો, એનું ભવન ફરી ગયું એમ કહો. માણસ ગાંડો થાય ત્યારે નથી કહેતા કે ભવન ફરી ગયું છે. એ દુનિયાની દૃષ્ટિમાં એકવાર પાગલ લાગે એવી વાત છે. ત્યાં તો એમણે ઘણા વચનો લખ્યા છે, અંગત ડાયરીમાં લખ્યાં છે. એટલું બધું લખ્યું છે કે અમે આ કાળના બીજા શ્રી 'રામ' છીએ. પુરુષોત્તમપુરુષ ! છેલ્લા આરામાં પુરાણની અંદર પુરુષોત્તમપુરુષ 'રામચંદ્રજી' થયા. ભલે તીર્થંકર નહોતા, બળભદ્ર હતા પણ ચરમશરીરી હતા. મોક્ષે (ગયા) છે, અત્યારે તો એમનો આત્મા ત્યાં સિદ્ધાલયમાં બિરાજે છે. અત્યારે આ પંથ ચાલે છે, એમની પાછળ મોટો પંથ ચાલે છે. એ કલ્પનાની વાત અહીંયાં નથી.

લૌકિકની અંદર એમનું જે જીવન છે (એ) બહુ આદર્શવાળું રહ્યું. એટલે લોકની અંદર એમને પુરુષોત્તમપુરુષ કહ્યાં. અમે બીજા શ્રી 'રામ' છીએ, ઠીક ! જેને લોકોએ વખાણી માર્યા તો કહે, અમે એવા છીએ અને હે ભૂલા પડેલા જીવો ! તમે ભૂતકાળના 'મહાવીર'ને ક્યાં શોધો છો ? આ વર્તમાનના 'મહાવીર'ને છોડીને ભૂતકાળના 'મહાવીર'ને ક્યાં શોધો છો ? ઠીક ! અને એ શોધવા માટે ક્યાં ભટકો છો તમે ? ક્યાં ક્યાં ભટકો છો ? આ રહ્યો બીજો 'મહાવીર' ઠીક ! આ કાળના અમે 'મહાવીર' છીએ. એટલો દૃષ્ટિનો Power છે ! આ બધો દૃષ્ટિનો Power છે. લોકોને એમ લાગે કે કાંઈક પાગલ થઈ ગયા લાગે છે આ ! પણ એ ભવન ફરી જાય છે. આખો ખજાનો મળતાં, જેમ લૉટરી લાગતાં ઘણાનું છટકી જાય છે ને ? એમ આ લૉટરી જ લાગી છે. એટલો ખજાનો છે અંદર ! ગુણનો ખજાનો ! દૈવી ગુણોનો ખજાનો !! એવો છે કે એકવાર દૃષ્ટિને એનો પત્તો લાગે તો એનું ભવન ફરી જાય છે ! એ ત્રણ લોકનો નાથ થઈને બેસી જાય છે. બહારમાં દરિદ્રી હોય, લોકો એને કાંઈ સ્વીકારતા ન હોય, ઈ લોકો-ફોકો સ્વીકારે એની કાંઈ દરકાર છે નહીં. એની વર્તમાન અવસ્થાની દરકાર છૂટી છે (ત્યાં) લોકોની દરકારનો ક્યાં પ્રશ્ન છે ? લોકોની દરકાર કરે એ તો બધા રાંકા છે ઈ લોકોની દરકાર કરે છે. એ તો ભિખારા છે. એવી દ્રવ્યદૃષ્ટિની વાતો છે.

(કહે છે કે), **'આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય-અપેક્ષા...'** આ તો વર્ષો પહેલાં બોલ્યા હશે, કેટલા વર્ષો પહેલાંનું હશે ? Time તો નાખ્યો નથી. તે દી' વાંચન આપતા. (અત્યારે) તો સ્વાસ્થ્ય એવું છે કે, વર્ષોથી વાંચન નથી આપતા, તે દી' આ બધું બોલાયેલું છે. **'એક પણ પર્યાય-અપેક્ષા જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.'** એટલે હું તો બસ હું જ છું. જ્ઞાયક એટલે કો'કની વાત નથી. હું જ્ઞાયક છું. બસ ! હું જ્ઞાયક જ છું. આની અંદર પછી કોઈ અપેક્ષાની વાત રહેતી નથી.

પોતાનું સ્વરૂપ જેટલું મહાન છે એટલું શ્રદ્ધાનમાં આવી જાય છે, એટલું જ્ઞાનમાં આવી જાય છે. જ્ઞાનની અવસ્થા અલ્પ છે. શ્રદ્ધાનની અવસ્થા અલ્પ નથી પણ જ્ઞાનની અવસ્થા તો અહીંયાં અલ્પજ્ઞત્વ છે. મતિ-શ્રુત અલ્પ છે તોપણ એ મતિ-શ્રુતમાં પૂરેપૂરું સ્વરૂપને ઝીલવાનું સામર્થ્ય છે, સ્વરૂપને માપવાનું સામર્થ્ય છે, સ્વરૂપને ધારણ કરવાનું પણ સામર્થ્ય છે.

જ્ઞાન ઘણા કામ કરે છે. જેવું છે એવું જાણીને એનું માપ કાઢે છે તો એમ કહે છે કે અતુલ પદાર્થ છે ! આ પદાર્થને ક્યાંય તોળી શકાય એવો નથી. તોળવા જતા આખા જગતનું ત્રણકાળ ત્રણલોકનું પલ્લું ઉલ્લી જાય છે ! એટલે આની સામે કોઈ કાટલામાં બેસતું નથી. પરમાગમનો અતુલ અર્થ પણ એ જ છે કે તારું સ્વરૂપ આવું છે. અતુલ સ્વરૂપને જ્ઞાનમાં (લ્યે), અર્થમાં એટલે જ્ઞાનમાં લ્યે ત્યારે એણે પરમાગમના અતુલ અર્થને જાણ્યો અને પરમાગમના અતુલ અર્થને જાણવાવાળી જે સુંદર બુદ્ધિ (છે) એ બુદ્ધિ જોઈને મુનિરાજ 'નિયમસાર'માં કહે છે કે, અમે એને નમસ્કાર કરીએ છીએ. 'વંદામ્હેતંમયં' આટલું આટલું તો મુનિરાજ થઈને કહે છે ! કેમકે એણે પોતાના પરમપદને જ્ઞાનમાં ઝીલી લીધો ! માપી લીધો, ઝીલી લીધો અને ધારણ કરીને ચાલે છે.

એ અપેક્ષાએ સમ્યક્દૃષ્ટિની પર્યાયનો મહિમા કરવામાં આવે છે એમાં ખરેખર દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયનો મહિમા છે. દૃષ્ટિના વિષયનો મહિમા છૂટીને પર્યાયનો મહિમા થાય છે એવી કોઈ અધ્યાત્મપર્યાયનો મહિમા એ રીતે નથી કરવામાં આવતો કે જેમાં દૃષ્ટિના વિષયનો મહિમા ઘટે અને માત્ર પર્યાયનો જ મહિમા

રહે. એવું તો કદી કરવામાં આવતું નથી. ઊલટાનું દ્રવ્યનો મહિમા કરવા અર્થે તે દ્રવ્યનું સેવન કરવાવાળી અધ્યાત્મપર્યાયનો મહિમા કરવામાં આવે છે. અધ્યાત્મપર્યાય તો એ દ્રવ્યની સેવા કરવાવાળી છે. એની મહિમા (કરે ત્યારે) એનો અર્થ કે એના સ્વામીની મહિમા કરવાનું તો ઘણું બાકી રહી જાય છે અથવા એના અનુપાતમાં સ્વદ્રવ્યનો મહિમા છે એમ સમજી લેવું જોઈએ.

એ વાણીથી પર વિષય હોવાથી એટલું કહીને રહી જવું પડે છે કે બસ! જ્ઞાયક તો જ્ઞાયક જ છે – હું તો હું જ છું. બસ ! હું છું ત્યાં બીજું કાંઈ વિશેષ ગણવાની વાત રહેતી નથી. આવું શુદ્ધ અસ્તિત્વ છે એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય શુદ્ધ જીવાસ્તિકાય (છે). જીવ એની અસ્તિ, કાય નામ એનું ક્ષેત્ર. જ્યાં જે કાયમાં – જે ક્ષેત્રમાં એની સત્તા શાશ્વતપણે બિરાજમાન રહે છે એ શુદ્ધ જીવાસ્તિકાય (છે) એ દ્રવ્યદૃષ્ટિનો વિષય છે.

(વિશેષ લઈશું....)

**પ્રયોગનો પ્રારંભ તત્ત્વજ્ઞાનની સમજણને વર્તમાન ઉદયકાળે લાગુ કરવાથી થાય છે, આમ કરવામાં, અનુભવાતા ભાવોનું અવલોકન થાય છે. અને અવલોકન ચાલુ રહેવાથી રાગનો અનુભવ અને જ્ઞાનનો અનુભવ - એમ બંન્ને ભાવોની અનુભવથી ભિન્નતા જણાય છે. તેમ થતાં ભેદજ્ઞાનનો વિધિ-નિષેધયુક્ત પુરુષાર્થ ચાલુ થાય છે. - આમ પ્રયોગ કાળે પુરુષાર્થ શરૂ થાય છે અને તેથી જ સ્વરૂપનું ભાવભાસન આવે છે – સ્પષ્ટ અનુભંવાંશે - જેથી અપૂર્વ મહિમા સહિત પુરુષાર્થમાં વેગ આવે છે અને લીનતા થાય છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૭૮૩)

**ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે. પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે. ૧૦૬.**

## તા. ૦૬-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૬
## પ્રવચન નં. ૮૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૫, ૧૦૬ નંબર. **'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** અથવા ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે જ છે. પોતાનો છે એટલે પોતે જ છે. એ પોતે જ ચૈતન્યસ્વરૂપે છે અને એ સ્વરૂપે – ચૈતન્યસ્વરૂપે પ્રાપ્ત કરવો એટલે અનુભવ કરવો, પ્રાપ્તિનો અર્થ એ થાય છે. પ્રાપ્ત કરવો એટલે અનુભવ કરવો એ સુગમ છે.

વસ્તુતાએ તો વસ્તુ પ્રાપ્ત છે પણ જે વસ્તુ છે એનો અનુભવ કરવો એને પ્રાપ્તિ કહેવામાં આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. છે એની અનુભૂતિ કરવાની છે. બીજે ઠેકાણેથી પદાર્થને લાવીને પ્રાપ્ત કરવો છે એમ નથી. એક પદાર્થ નહોતો, એક ચીજ નહોતી એ મેળવી માટે પ્રાપ્ત કરી. અહીંયાં તો સદાય હયાત છે. શાસ્ત્રમાં એને 'નિત્ય ઉદિત' કહે છે. ('સમયસાર'ની) છઠ્ઠી ગાથાની ટીકામાં (કહે છે કે), નિત્ય ઉદિત એટલે સદાય પ્રગટ સ્વરૂપે છે, સદાય પ્રગટ પ્રકાશમાન

છે, (તેની) સન્મુખ થતાં અનુભવ થાય છે. કાર્ય સન્મુખ થવું એટલું છે.

પરિણમન ઉન્મુખ થઈ રહ્યું છે, ઉન્મુખ થઈ રહેલાં પરિણમનમાં દુઃખ છે. દુઃખ દુઃખરૂપે જ્યાં સુધી લાગતું નથી ત્યાં સુધી તે પરિણમન દિશા બદલતું નથી અને ત્યાં સુધી સ્વરૂપ સન્મુખ થવાતું નથી. અહીંયાં નીચે લેશે કે **'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે.'** આ દુઃખ લીધું છે. આકુળતા એટલે દુઃખ. અનાદિથી જીવનું પરિણમન પરપદાર્થની સન્મુખ છે. કેમકે એનો નિર્ણય અને વિશ્વાસ છે કે પરપદાર્થ મને સુખનું કારણ છે, સુખનો દાતાર છે, પરપદાર્થ મને સુખનો દાતાર છે. એવો એનો જે નિશ્ચય છે અને વિશ્વાસ છે એને લઈને પરપદાર્થમાં સ્વામિત્વબુદ્ધિ, પરપદાર્થમાં પોતારૂપપણાનો અભિપ્રાય નિરંતર રહે છે અને પરિણમન પણ પરસન્મુખ થયા કરે છે, એમાં દુઃખ થાય છે. ક્યારેક જીવ દુઃખને અનુભવે છે, ક્યારેક મંદ દુઃખને સુખરૂપે કલ્પના કરીને સુખની કલ્પનાથી સુખરૂપે અનુભવે છે, તોપણ જેમ કાચમાં હીરાની કલ્પના કરવાથી કાચ કાંઈ હીરો બની જતો નથી, તેમ દુઃખમાં સુખની કલ્પના કરવાથી કાંઈ દુઃખ સુખરૂપ થઈ જતું નથી.

સંક્ષેપમાં એમ કહેવાય કે માત્ર સ્વસન્મુખ થવું એટલું જ કાર્ય છે. સ્વસન્મુખ થતાં સ્વરૂપની પ્રાપ્તિ નામ અનુભૂતિ છે પણ એ સ્વસન્મુખ થવું કઠણ એટલા માટે થઈ પડ્યું છે કે પરપદાર્થમાં સુખબુદ્ધિ હોવાથી પરપદાર્થનો મહિમા, પરપદાર્થનો રસ, પરપદાર્થની રુચિ – આ પરિણામ એટલા બધા તીવ્ર છે કે એને પરસન્મુખતા છૂટી શકતી નથી. પરસન્મુખતા છોડવા જેવી છે અને સ્વસન્મુખતા કરવા જેવી છે એવો વિચારમાત્ર, ઉપલક વિચારમાત્ર પરિણમનને ફેરવવા સમર્થ નથી. એટલાથી પરિણમન કાંઈ ફરી જતું નથી કે બદલી જતું નથી. એના માટે સ્વસ્વરૂપની ઓળખાણ; આની અંદર ઓળખાણના ઘણા બોલ છે, અનેક જગ્યાએ વાત લીધી છે, સ્વસ્વરૂપની ઓળખાણ થઈને એમાં પોતાનું અનંત સુખ છે એમાં સુખબુદ્ધિ (થાય), એનો રસ, એનો મહિમા અને એની રુચિ પ્રગટે અને ઊલટી રુચિ બદલે, ઊલટી રુચિથી ખસે, ઊલટી રુચિ ખસેડીને અંદરમાં આવે.

પાછળ એક (બોલમાં) લીધું છે. ૩૮૬ છે. છેલ્લી બે લીટી છે. **'આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** સાંભળવાનો પ્રસંગ છે. વળી આત્મસ્પર્શી વાણી પણ ઉપલબ્ધ છે એમ કહે છે. નહીંતર એ તકલીફ છે. કોઈ જબરદસ્ત પુણ્યનો યોગ હોય તો એ વાણીનો યોગ હોય, નહીંતર એ વાણીનો યોગ ન હોય. જીવને (માર્ગ) પ્રાપ્તિની ભાવના ઘણી હોય પણ એવા સત્પુરુષનો – પ્રગટ સત્પુરુષનો યોગ મળવો અત્યંત અત્યંત દુર્લભથી પણ દુર્લભ છે. ચતુર્થકાળમાં દુર્લભ છે. પંચમકાળમાં તો ઘણો દુર્લભ છે, દુર્લભથી દુર્લભ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. દુનિયા સામે નજર કરે તો ખબર પડે એવું છે. કેટલા જણને યોગ છે ? સત્સમાગમનો યોગ કેટલા જણને છે ? એક ટકામાં કેટલા Point મૂકીને, મીંડાં મૂકીને પછી આંકડાં મૂકવા પડે. આ પરિસ્થિતિ છે. એક ટકો તો નથી પણ Point લઈને પછી કેટલા મીંડાં મૂક્યા પછી આંકડો મૂકવો પડે. આ પરિસ્થિતિ છે.

એવી **'આત્મસ્પર્શી વાણી આવતી હોય અને એકદમ રુચિપૂર્વક જીવ સાંભળે...'** એટલે કે પરની રુચિથી ખસીને (સાંભળે). એના વગર સ્વરૂપની રુચિ, સ્વરૂપ સાંભળવાની રુચિ થતી નથી. **'તો સમ્યક્ત્વની નજીક થઈ જાય છે.'** આ ઉપાદાન-નિમિત્તનો મેળ બતાવ્યો. નિમિત્તમાં આત્મસ્પર્શી વાણી લીધી. પ્રગટ સ્વાનુભવસંપન્ન મહાત્માનો યોગ, એમની વાણી અને ઉપાદાનમાં જીવની રુચિ. બસ ! શ્રવણમાં આટલું થાય તો જીવ સમ્યક્દર્શન અને સ્વાનુભવની નજીક થઈ જાય. આટલી ચોખ્ખી વાત કરી છે. આમાં આટલી વાત સમજવા માટે કાંઈ શાસ્ત્રો ભણવા પડે કે પંડિતાઈ હોય તો સમજાય નહીંતર ન સમજાય એવું થોડું છે ? આટલી વાત છે.

જીવ પુદ્ગલની રુચિ, પુણ્યના ફળની રુચિ, તેનાથી ખસીને (શ્રવણ કરે). બસ ! આ શરત છે. એને આકરી લાગે કે સહેલી લાગે એ એની રુચિ ઉપર આધારિત છે. જો એને ઘણી રુચિ હોય તો આ શરત એને આકરી લાગે છે, જો એને ઈ બાજુની રુચિ ઓસરી હોય અને આત્માના હિતની, આત્માની રુચિ થઈ હોય તો એને સહેલી લાગે છે કે એમાં શું ? આ તો મારા હિતની વાત

છે અને મારે કરવી છે. ક્યાં કોઈના માટે કરવી છે ? અનંતકાળથી મેં મારું હિત કર્યું નથી. હવે આવો અનંતકાળે દુર્લભ એવો આત્મસ્પર્શી વાણીનો યોગ થયો તો પછી રુચિ બદલીને હું મારું હિત કરી લઉં. બસ !

એ સમ્યક્ત્વની નજીક થાય છે એમ કહો, સમ્યક્ની સન્મુખ થાય છે એમ કહો, સ્વરૂપની એને ઓળખાણ થઈ જાય છે એમ કહો અને અલ્પ કાળમાં – અલ્પ સમયમાં, ગણતરીના દિવસોમાં મંદ પુરુષાર્થ હોય તોપણ ગણતરીના દિવસોમાં (પામી જાય). તીવ્ર પુરુષાર્થ હોય તો ગણતરીના કલાકોમાં પામી જાય એવો સમ્યક્ત્વની નજીક આવી જાય છે !

'સોગાનીજી'એ સાંભળ્યું અને એક-બે દિવસમાં – ચોવીસ-અડતાલીસ કલાકમાં અનુભવ સુધી પહોંચ્યા તો એમાં શું થયું ? કે અત્યંત રુચિથી સાંભળ્યું, બસ ! બીજી રુચિથી ખસી ગયા હતા અથવા જે પરસન્મુખનું પરિણમન હતું એમાં થાક્યા હતા, એમાં આકુળતા હતી અને એમાં મરણતુલ્ય દુઃખનો અનુભવ થતો હતો. ઈ સ્પષ્ટ કર્યું છે કે કાં તો હવે વિકલ્પ છૂટે અને કાં તો દેહ છૂટે એવી વેદના ! એવી વેદનામાં આવી ગયેલા એટલે પરની રુચિ Nil થઈ ગઈ હતી. પરસન્મુખના પરિણામમાં મરણતુલ્ય દુઃખ હતું તો રુચિ તો ક્યાંથી હોય ? એવો એક બાજુ – જેને પ્રતિબંધ કહેવામાં આવે છે – Obstacle એ ખસી ગયેલો. પરરુચિનો પ્રતિબંધ છે, અવરોધ છે એ નીકળી ગયો હતો. સામે આત્મસ્પર્શી વાણી મળી બસ ! પોતાની રુચિથી સાંભળ્યું. એ વખતે સાંભળવામાં રુચિ પ્રગટી, ઘણી રુચિથી – અત્યંત રુચિથી સાંભળ્યું અને એકદમ પુરુષાર્થ (ઊપડ્યો). 'રુચિ અનુયાયી વીર્ય' ! પુરુષાર્થ એકદમ ઉત્પન્ન થઈ આવે છે. એ કાળમાં સમ્યક્સન્મુખ થાય છે અને પામી જાય છે. એ કાળે સમ્યક્સન્મુખ થાય છે, બાકી તો પામી જાય છે એમ કહેવાય. તે કાળે સન્મુખ થાય છે પછીના કાળમાં પામી જાય છે. પછીના કાળમાં એનો મોક્ષ થઈ જાય છે. સમ્યક્દર્શન પામ્યા પછી એનો મોક્ષ થઈ જાય છે.

(અહીંયાં) શું કહે છે ? કે **'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે...'** તું મૂળ સ્વરૂપે ચૈતન્ય સ્વભાવી આત્મા છો, જીવ તત્ત્વ છો. તારો એ સ્વભાવ

હોવાથી પ્રાપ્ત કરવો સુગમ છે, અશક્ય તો છે જ નહીં. તારો સ્વભાવ હોવાથી એનો અનુભવ કરવો એ કાંઈ અશક્ય નથી. ખરેખર તો પરિણમન અપેક્ષાએ સ્વભાવને જોવામાં આવે તો સ્વભાવનો અનુભવ અવસ્થામાં થાય એવો એનો સ્વભાવ છે અથવા શુદ્ધસ્વભાવ શુદ્ધસ્વરૂપે પરિણમે, શુદ્ધરૂપે – શુદ્ધભાવે પરિણમે એવો પરિણમન અપેક્ષાએ એનો સ્વભાવ છે. સામર્થ્યમાં શુદ્ધતાના પરિણમનનું સામર્થ્ય છે, અશુદ્ધતાના પરિણમનનું સામર્થ્ય નથી – શક્તિ નથી. એ તો વિભાવ છે. તેથી **'તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** સુગમ છે એટલે પોતાના અનુભવનો ગમ પડે, સારી રીતે ગમ પડે એવો છે. કેમ અનુભવ કરવો એની સરળતાથી, સહેલાઈથી સમજી શકાય એવી વાત છે. પ્રાપ્તિ સુગમ છે. સુગમનો અર્થ સામાન્ય રીતે અહીંયાં સહેલું થાય છે. અઘરું કામ નથી એમ કહે છે. વિશ્વાસ આવવો જોઈએ. કેમકે પોતે અનુભવ કરીને કહે છે કે તારા આત્માનો તારે અનુભવ કરવો હોય તો સુગમ છે. પછી તર્ક-કુતર્ક લડાવે કે આપ ભલે કહેતા હો કે સુગમ હોય પણ અમને તો અનાદિથી અનુભવ નથી થયો અને હજી પણ અહીંયાં ઘણા વરસથી આ વાત સાંભળીએ છીએ કે વાંચીએ છીએ અને અનુભવ થતો નથી. માટે સુગમ કેમ કહીએ ? અથવા સુગમ કેમ માનીએ ? કે આવો અવિશ્વાસ રાખીને જ તું અહીંયાં રહ્યો છો એટલે તને પ્રાપ્તિ થઈ નથી.

દુનિયાના માણસોની પ્રમાણિકતા ઉપર અને એની વાતો ઉપર તને વિશ્વાસ આવે છે તો પવિત્ર દશાને પ્રાપ્ત એવા મહાત્માની વાત ઉપર તને કાં વિશ્વાસ નથી ? એમ વિચાર કર કે આપ કહો છો એમ જ વાત હોવી જોઈએ પણ કાંઈક મારામાં એવી ક્ષતિ છે અને ખામી છે કે જેથી મારું કાર્ય થતું નથી. આપની વાતમાં ફેર છે એ વાત તો એને આવવી જોઈએ નહીં. આમ છે.

મુમુક્ષુ :– આ વિશ્વાસની વાત Basicની ચીજ થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પાયાની વાત છે. કેટલો વિશ્વાસ છે એ તપાસવું જોઈએ. ઠીક છે, એ તો પામી ગયા એટલે એમ કહે. આપણે ક્યાં સુગમ છે ? (એમ કહે તો) એમ ન ચાલે. પામી ગયા માટે એમના માટે સુગમ કહે, એમને સુગમ થઈ ગયું માટે સુગમ પણ આપણને સુગમ નથી થયું માટે સુગમ નહીં.

(તો કહે છે) નહીં, સુગમ છે. તેં સુગમને સુગમ બનાવ્યું નથી. ઊંધો ચાલીને, ઊલટો ચાલીને, અવળો ચાલીને તેં સુગમને દુર્ગમ કરેલું છે, એમ છે ખરેખર.

આવી પરમ હિતની વાત છે અને એ વાત સાંભળ્યા પછી કહેનાર કહે છે એમ તને કાર્ય કરવાનો પ્રયાસ ઉત્પન્ન થતો નથી તો એ પરમ હિતની વાત છે એમ તેં લક્ષમાં ખરેખર લીધું નથી. એ વાત તારા ધ્યાન ઉપર કે લક્ષ ઉપર આવી નથી. નહીંતર પ્રયાસ થાય, થાય ને થાય એવી જ વાત છે. પ્રયાસ ન થાય એવી વાત નથી. એમ કહે, સાંભળીએ છીએ, સમજીએ છીએ પણ પ્રયાસ એટલે પુરુષાર્થ ઊપડતો નથી. (કહે છે કે,) સાંભળવાની રીતે તું સાંભળતો નથી.

પ્રશ્ન :- શું ખામી રહી જાય છે ?

સમાધાન :- કિંમત નથી કરતો. નાના છોકરાને ૧૦૦ રૂપિયાની નોટ આપે ને ફાડવા મંડે, કટકા કરવા મંડે, કેમકે એને બીજી પસ્તી અને આ કાગળ વચ્ચે કાંઈ કિંમતમાં ફેર દેખાતો નથી. એમ બીજી વાતમાં, જગતની સાધારણ વાતમાં અને આ વાતમાં એને કાંઈ ફેર લાગતો નથી. એમ છે.

પ્રશ્ન :- બધે ઠેકાણે આવું ઊંધું જ દેખાતું આવે છે, અમારે શું કરવું ?

સમાધાન :- કેવી રીતે ઊંધું દેખાય છે ? સમજાવો.

મુમુક્ષુ :- શરીર, કુટુંબ-કબીલા બધું...

પૂજ્ય ભાઈશ્રી :- હવે આમાં વાત તો પોતાની છે. પોતાને શું થાય છે ? આ સવાલ છે. પોતાને શું થાય છે ? એનો સવાલ છે.

મુમુક્ષુ :-- પુરુષાર્થ ઊપડતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :-- પુરુષાર્થ ઊપડતો નથી એનું કારણ તપાસ્યું ? આટલી વાત છે. સાંભળવા, સમજવા છતાં એ સાંભળવું અને સમજવું (થાય છે) એની પદ્ધતિમાં ભૂલ છે.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં ૪૩૯ નંબરનો એક બોલ છે. કોઈએ પ્રશ્ન કર્યો છે કે, **'અંદર મેં તો કુછ દિખતા નહીં...'** તમે કહો છો કે આત્મા મહા ચૈતન્ય પદાર્થ છે, મહા સત્તાધારી પદાર્થ છે, મહાન ચૈતન્યસત્તા ! મહા ચૈતન્યઅસ્તિત્વ શાશ્વત ધરાવે છે, (પણ) અમને અંદર કાંઈ દેખાતું નથી. અંદર કંઈ દેખાતું નથી,

એકાંતમાં બેસીએ તો અંદરમાં સ્થિરતા થતી નથી, ટકાતું નથી. પ્રશ્નકારે આ પ્રશ્ન કર્યો. **'ઇસલીયે સુનને કા ભાવ રહતા હૈ. – ક્યા કરેં ?'** હવે અંદર તો કાંઈ કામ થતું નથી એટલે બહારમાં એમ થાય કે આત્માની આવી વાત કરનારા છે કુદરતી આપણો એટલો પુણ્યયોગ છે, લાવો સાંભળ્યા કરીએ ને ચાલો સાંભળવા જઈએ ને લાવો સાંભળીએ. વારંવાર સાંભળીએ, બીજું શું કરીએ ? અંદર તો આત્મા દેખાતો નથી, નથી આત્મામાં સ્થિરતા થતી. માટે સાંભળ્યા સાંભળ કરીએ, સાંભળ્યા સાંભળ કરીએ. આવું રહ્યા કરે છે. એથી બીજી વાત તો પછી એનાથી નીચેની છે. આત્માની વાર્તા શ્રવણ કરવી, આત્માના ગુણગાન, આત્માની મહિમા સાંભળવી. અંદર કાર્ય ન થતું હોય ત્યાં સુધી ઈ જ કરવું જોઈએ બીજું થાય પણ શું ? કરીએ પણ શું બીજું ? તો કહે છે, એમ પણ લેમાં તું. એમ નહીં લે એમ કહેવું છે. ઉપર ઉપરથી વાત ઠીક લાગે કે, બરાબર છે જ્યાં સુધી પુરુષાર્થ ઊપડે નહીં, અંદરમાં આત્મા દેખાય નહીં, એમાં ટકાય નહીં ત્યાં સુધી તો આત્માની વાત સાંભળીએ, બીજી વાત શું કરવા સાંભળીએ ? સત્સમાગમ કરીએ, બીજું શું કરીએ ? એમ. આત્માની વાત સાંભળવી એટલે સત્સમાગમ કરવો.

બહુ જોરથી ઉત્તર આપ્યો છે કે તું વાત કરે છો એ ઉપર ઉપરથી ઠીક લાગે છે કે આમ ન થાય ત્યાં સુધી આમ કરવું પણ અમે તો તારા પરિણમનને જોઈને, તારા અભિપ્રાયને, શ્રદ્ધાને જોઈને એમ કહીએ છીએ કે **'ઇસમેં તો વ્યવહાર શ્રદ્ધા ભી નહીં આઈ.'** ઠીક ! નિશ્ચય શ્રદ્ધા તો તારી નથી. વાત સાંભળવા જા છો તોપણ ભલે નિશ્ચય શ્રદ્ધા તો હજી તને નથી પણ આવા અભિપ્રાયમાં તો તારી વ્યવહાર શ્રદ્ધાની ભૂલ છે, ઠીક ! માણસને કોઈ થપ્પડ મારે ને તમ્મર ચડી જાય એવી વાત છે. માથામાં હથોડો મારે ને અંધારા આવી જાય એવી વાત છે.

પ્રશ્ન :– વ્યવહાર શ્રદ્ધા ન હોય તો સાંભળવા કેવી રીતે આવે ?

સમાધાન :– ઈ કહે છે ઈ તો બહુ સમજીને કહે છે. કહેનારને બહુ ઊંડું તાત્ત્વિક જ્ઞાન છે, અનુભવ છે. તમને એમ લાગે કે આટલી વ્યવહાર શ્રદ્ધા થઈ

ત્યારે અહીં સુધી આવ્યા, સંપ્રદાય છોડ્યો, સંપ્રદાયમાં બરાબર નથી એવું લાગ્યું, અહીંયાં બરાબર છે એવું લાગ્યું તો વ્યવહાર શ્રદ્ધા થઈ ત્યારે આટલો ફેરફાર કર્યો કે ન કર્યો ? તમે, અમે બધા, અમે (પણ) સંપ્રદાય છોડીને આવ્યા છીએ એમાં કાંઈ બીજું નથી, તો વ્યવહાર શ્રદ્ધા થઈ કે નહીં ? આમાં થોડી તાત્ત્વિક રીતે આ વિષયમાં ઊંડેથી વિચારવાની જરૂર છે. નહીંતર શું થશે કે તું સાંભળ્યા સાંભળ જ કરીશ અને સાંભળવામાં જ રહી જઈશ. તારી નિશ્ચય શ્રદ્ધા નહીં પ્રગટે. સંતોષ મનાઈ જશે અને તને એમ થશે કે શું કરીએ પણ પુરુષાર્થ ઊપડતો નથી, અંદર આત્મા દેખાતો નથી, આત્મામાં ટકાતું નથી, પછી આ કરવા સિવાય કરવું પણ શું ? નહીંતર બીજું કરવાનું થશે. આત્મા કાંઈ કર્યા વગર તો રહેવાનો નથી. તો પછી આ સત્સમાગમ ને સત્શાસ્ત્રો ને આત્માની વાતોથી બીજું શું જગતમાં ઊંચું છે ? (અહીંયાં કહે છે કે), નહીં. એમ અભિપ્રાય કેળવવા જેવો કે દૃઢ કરવા જેવો નથી. આ જગ્યાએ બહુ સુંદર વાત કરી છે. આ તો એવી બધી કિંમતી વાતો છે કે જીવને ક્યાંય અટકવા ન દે, ક્યાંય અન્ય જગ્યાએ ચોંટવા ન દે અને ચોંટ્યો હોય તો ઉખાડીને મૂકે. એ વાતની કિંમત કોઈ બીજી રીતે રૂપિયા, આના, પાઈમાં તો થઈ શકે એવું નથી.

'ગુરુદેવ' પ્રવચન કરતા હતા ત્યારે કહેતા હતા કે, કરોડો, અબજો રૂપિયા દે એથી કાંઈ આ વાતની કિંમત થાય એવું નથી. કરોડો-અબજોથી આની કિંમત થાય એવું નથી એમ કહેતા. હવે તારું સમર્પણ કેટલું છે નક્કી કરજે. એમ કહે કે, લાખ ઉપવાસ કર, કરોડ મંદિર બંધાવ કે ગમે તે કર તું. આ તો એક વાતનો વિષય રુચિમાં જમાવવાની વાત છે. એને રુચિમાં જામે (તો) બહુ મોટો ફેર પડે.

શું કહે છે ? કે **'ઇસમેં તો વ્યવહાર શ્રદ્ધા ભી નહીં આઈ.'** કેમ ? કેમ ન આવ્યું ? હવે ઈ કહે છે, એનું કારણ બતાવે છે કે **'સુનને કા અભિપ્રાય હી નહીં હોના ચાહિએ.'** આમાં તારો અભિપ્રાય એમ થઈ ગયો કે, હું સાંભળું અને સાંભળતા સાંભળતા પામી જઈશ. એટલે હું સાંભળ્યા કરું અને સાંભળતા સાંભળતા પામી જઈશ. **'સુનને કા અભિપ્રાય હી નહીં હોના ચાહિએ.'** હવે એમાં

શું ફેર પડે છે ? સાંભળવાનો રાગ તો જ્ઞાનીને પણ થાય છે. એક જ્ઞાનીને બીજા જ્ઞાની સાંભળવા જાય છે. તો એ (બાબતમાં) અહીંયાં કૌંસની અંદર થોડો ખુલાસો કર્યો છે કે **'(સુનને કા રાગ હોના ઔર અભિપ્રાય હોના – દોનોં મેં બહુત ફર્ક હૈ).'**

જ્ઞાનીને રાગ થાય છે, ગણધરને થાય છે ! જ્ઞાનીને શું, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવર્તી ચરમશરીરી ગણધરદેવ ચાર જ્ઞાનના ધણી છે, પ્રથમ જ મતિ-શ્રુત (જ્ઞાન) તો છે. જ્યાં ધ્યાનમાં સાતમા ગુણસ્થાનમાં, સાતમું ગુણસ્થાન – મુનિદશાનું ભાવલિંગ જેવું પ્રગટ થાય, મુનિદશામાં પદાર્પણ કરે ત્યાં અંદરમાં બીજા બે જ્ઞાન ઉઘડી જાય – અવધિ અને મનઃપર્યય. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યાય (ઉઘડી જાય), કેવળ(જ્ઞાન) બાકી છે અને એ ભવમાં એ નિયમથી થવાનું છે. એને સાંભળવાનો રાગ આવે. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ સમવસરણમાં છૂટતી હોય અને એ સાંભળવા બેઠા હોય. એનો ઉપયોગ સાંભળવામાં લાગે, ઘડીક અંદરમાં જાય, ઘડીકમાં સાંભળવા લાગે, ઘડીક અંદર જાય. પણ જે બહાર ઉપયોગ જાય છે એનો એમને નિષેધ આવે છે. (સાંભળવાનો) અભિપ્રાય નથી. તારો અભિપ્રાય થઈ ગયો કે, મને અંદરમાં આત્મા દેખાતો નથી એટલે અંદર તો કાંઈ ટકાતું નથી, માટે આ વાત સાંભળીએ, આ વાત અવારનવાર વાંચીએ, આ વાત સાંભળીએ, આની ચર્ચા કરીએ, આનું આ કર્યા કરીએ. એમ કરતાં કરતાં કાંઈક મળી જશે. (તું) બહુ મોટી ભૂલમાં છો એમ કહે છે. આમાં તો તારી વ્યવહાર શ્રદ્ધાનું ઠેકાણું નથી. (એમ કહીને) ત્યાંથી સીધો ધડાક દઈને એક ફટકો માર્યો છે કે, આમાં તો વ્યવહાર શ્રદ્ધા નથી.

**'સુનને કા અભિપ્રાય હી નહીં હોના ચાહિએ.' સુનતે હી ઇધર કા...'** એટલે **'(અંતર્મુખતાકા) પ્રયાસ ચાલૂ હો જાના ચાહિએ.'** એમણે આ જે વાત કરી છે એ બહુ ગંભીર કરી છે. આવી પરમ હિતની વાત સાંભળીને પણ જો તારો પુરુષાર્થ ચાલુ ન થાય તો તું કાંઈક પેલા અભિપ્રાયમાં આવી ગયો છો, તપાસી લેજે. અને તારા માટે આ અભિપ્રાય બહુ ખતરનાક છે. અહીંયાં જ તારે રોકાવાનું કારણ છે પછી દુકાને રોકાણો કે અહીંયાં રોકાણો એમાં બીજો કાંઈ રોકાવામાં

ફેર નથી. બહાર ને બહાર જ રોકાણો છો. ચાહે ધંધામાં રોકાણો કે ચાહે તું સાંભળવામાં રોકાણો, રોકાણો એટલે પૂરેપૂરો રોકાણો. બેમાં કાંઈ ફરક નથી. એટલે અભિપ્રાય છે એ અભિપ્રાયના દોષ સહિત સત્-વાર્તાનું, સત્‌ની વાર્તાનું, સત્પુરુષના શ્રીમુખેથી સત્‌ની વાર્તાનું શ્રવણ તને કાંઈ લાભ નહીં કરે, તને સ્પર્શ નહીં થાય, તને અડશે નહીં. કાંઈ એથી ફાયદો નથી. કેમકે ગાંઠ મારીને બેસી ગયો કે અંદર આત્મા દેખાતો નથી માટે સાંભળ્યા કરું. કેવી કેવી ગંભીર વાતો આવી છે ! (એમ કહે કે), પણ શું થાય ? પ્રયત્ન ઊપડતો નથી. પ્રયત્ન ઊપડતો નથી તો એની ખટક ઊભી થાય છે કાંઈ ? કે અરે..રે...! આટલો વખત થયો સાંભળતા, હજી સાંભળ્યા જ કરવાનું અને એનો પુરુષાર્થ નહીં ? આ તે કાંઈ સાંભળવાની રીત છે ?

ઘરમાં છોકરો હોય (એને) બે-ત્રણ વખત એમ કહે કે, ભાઈ ! પાણી આપજે, પાણી આપજે. ઘરમાં ગમે ઈ હોય અને ન સાંભળે તો ? પિત્તો જાય ! કેમ સંભળાતું નથી કાંઈ ? કેટલીવાર કીધું ? જમવા બેઠા હોય, તીખું લાગ્યું હોય, તરસ લાગી હોય અને પાણી માગે. એકવાર કહે, બે વાર કહે, ત્રણ વાર કહે... સાંભળે છતાં ન આપે તો પછી શું થાય દશા ? ખબર છે કે આ સાંભળે છે, અમલ નથી કરતાં..

મુમુક્ષુ :- અહીં કોઈ લાકડી મારતું નથી એટલે નિરાંત છે.

પૂજ્ય ભાઈશ્રી :- લાકડી તો શ્રીગુરુ મારે છે પણ આ જીવે ગોદડું ઓઢ્યું છે એટલે એને વાગતી નથી. દર્શનમોહ તીવ્ર છે. 'શ્રીમદ્જી' એક જગ્યાએ લખે છે કે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્‌ની વાર્તા કહેનાર પ્રગટ સત્પુરુષ – પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ મળે અને આ જીવ હિત ન સાધે તો એણે એમ સમજવું કે મહામોહનીયનું અત્યંત બળ પ્રવર્તે છે. દર્શનમોહ ઘણો બળવાનપણે પ્રવર્તે છે. મહામોહનીય એટલે દર્શનમોહ બળવાનપણે પ્રવર્તે છે. અંદરમાં રોગ ગંભીર છે એમ લેવું પડે. એટલે શું છે કે વિષયની જે ગંભીરતા છે એ સાંભળતી વખતે છૂટી ગઈ છે, સાંભળતી વખતે જ એણે છોડી દીધી છે. પછી ભલે ને સાંભળ્યા સાંભળ કર્યા કરે, એનાથી કાંઈ વળતું નથી.

મુમુક્ષુ :- સાંભળવાનો રાગ અને સાંભળવાનો અભિપ્રાય એ બેને જુદાં પાડ્યા.

પૂજ્ય ભાઈશ્રી :- બેમાં બહુ ફેર છે. જેને સાંભળવાનો રાગ તો ઠેઠ ગણધરપદ સુધી થાય છે (આ) સમર્થ દૃષ્ટાંત છે. અજ્ઞાની હોય, મુમુક્ષુ હોય એને થાય એ તો સાધારણ વાત છે. પણ પહેલેથી અભિપ્રાય એ કેળવવાનો છે કે સાંભળવાના અભિપ્રાયથી સાંભળવું નથી પણ પુરુષાર્થ કરવાના અભિપ્રાયથી સાંભળવાનો ભાવ આવે છે, અંદર અભિપ્રાય પુરુષાર્થ કરવાનો છે અને સાંભળવાનો (નથી).

સાંભળવું ખરું પણ અભિપ્રાય શું ? આ વાત તારી સ્પષ્ટ હોવી જોઈએ, નહીંતર ઉપર ઉપરથી વાત સારી દેખાશે કે, બરાબર છે, અંદરમાં આત્મા દેખાતો નથી, ટકાતું નથી માટે આપણે સાંભળીએ. આપણા માટે આ એક કામ રહ્યું. કહે છે કે, એમાં તો અભિપ્રાય ઊલટો છે અને વ્યવહાર શ્રદ્ધાની પણ ભૂલ છે. વ્યવહારે પણ આ માર્ગની વિધિનો વિષય તું સમજ્યો નથી. કેમકે એમાં એ આવી જાય છે કે આમ કરતા કરતા મને લાભ થઈ જશે. આ સાંભળતા સાંભળતા, વાંચતા વાંચતા મને લાભ થઈ જશે. એ અભિપ્રાય એની અંદર કામ કરે છે. એ અટકવાનો અભિપ્રાય છે, એમાં પ્રાપ્તિની કોઈ જગ્યા રહેતી નથી.

મુમુક્ષુ :- કોરા માટલા ઉપર એક એક ટીપું પડ્યા કરે તો ક્યારેક પલળી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ પલળે નહીં. આ તો વાત ઊલટી છે ક્યાંથી પલળે ? સાંભળવાના અભિપ્રાયથી સાંભળે તો શરૂઆતમાં દર્શનમોહ થોડો મંદ થાય છે પછી દર્શનમોહ તીવ્ર થઈ જાય છે. આ દર્શનમોહની વિચિત્રતા છે, પ્રકૃતિની વિચિત્રતા છે, એટલે એના પ્રકૃતિ સ્વભાવની વિચિત્રતા છે કે શરૂઆતમાં જીવ કુદેવ આદિ છોડીને સાચા વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુની નજીક આવે અને ખોટા સિદ્ધાંતોની માન્યતા છોડીને બુદ્ધિપૂર્વક સાચા સિદ્ધાંતો ગ્રહણ કરવાની બુદ્ધિથી એ સાંભળવા, વિચારવા અને વાંચવા લાગે તો પહેલા એના દર્શનમોહમાં ફરક પડે. પણ ત્યાં ઓઘસંજ્ઞાએ અથવા માત્ર એના રાગથી અને અભિપ્રાયથી ત્યાંને ત્યાં વળગ્યો રહે અને અટકી જાય તો દર્શનમોહ પાછો તીવ્ર થાય. ગૃહીત

(મિથ્યાત્વ) છોડીને અગૃહીતમાં આવ્યો વળી પાછો અગૃહીત (મિથ્યાત્વ) છોડીને ગૃહીતમાં જાતા વાર લાગશે નહીં. આ પરિસ્થિતિ થશે. કોઈ ન પણ જાય તોપણ દર્શનમોહ તીવ્ર થઈ જાય.

મુમુક્ષુ :- આમાં ભૂલ ક્યાં છે ? પુરુષાર્થ નથી કરતો ઈ જ ને !

પૂજ્ય ભાઈશ્રી :- નહીં, નહીં, નહીં. અભિપ્રાય ઉપર ભૂલ છે. પહેલેથી બરાબર સમજ્યો નથી, વ્યવહાર સમજણ પણ બરાબર નથી. આ તો બહુ વાસ્તવિકતા એવી છે કે તમને ભૂખ લાગી છે. માણસને ભૂખનું દુઃખ હોય છે. હવે તમને કોઈ એમ કહે કે હું તમને મીઠાઈના ખૂબ વખાણ સંભળાવું, અરે...! સુગંધ પણ લેવડાવું કે જુઓ ! આ મગજ શેકાય છે, દાણો શેકાય છે અને તમને હમણા એની સુગંધ આવશે. ચણાનો દાણો શેકાય (ત્યારે) સુગંધ આવે ને ? આ શીરો શેકે છે. સુગંધ આવશે. સુગંધ પણ લેવડાવું અને વખાણ ખૂબ કરું પણ ખાવા દઉં નહીં. શું દશા થાય તમારી ? ભૂખની વૃત્તિ તીવ્ર થઈ જાય, ભૂલાઈ નહીં. કેમકે એની વાત સાંભળે, એની સુગંધ આવે પણ જમે નહીં તો શું થાય ? જમવા મળે નહીં તો શું થાય ? એમ આત્માની વાત સાંભળે, આત્માની વાત સારી લાગે એવી રીતે સાંભળે પણ આત્માનો સ્વાદ ન લે. આવી વાત છે. તો એથી કાંઈ તૃપ્તિ થાય નહીં. ત્યાં તો વૃત્તિ તીવ્ર થઈ જાય છે કે, જલદી જમી લઉં, જલદી જમી લઉં અને અહીંયાં એમ કહે કે, હવે નથી કાંઈ થતું તો શું કરીએ ? સાંભળીએ આપણે, બીજું શું કરીએ આપણે ? કરીએ પણ શું બીજું ? સાંભળીએ. કાંઈ નથી થતું તો કાંઈ નહીં સાંભળ્યા તો કરીએ, સાંભળીએ તો ખરા. તારી દાનત બરાબર નથી. ખરેખર તને ભૂખ લાગી નથી. ભૂખ લાગી હોય તો આ દશા હોય નહીં.

આમાં તો એવું છે કે સારું લગાડવાની વાત નથી કે સાંભળવા આવ્યા છે માટે ચાલો એને સારું લગાડીએ, પંપાળીએ, થાબડભાણા કરીએ કે ચાલો ! તું સાંભળવા આવ્યો બહુ સારું થયું. પણ હવે ઘણા વખતથી સાંભળવા આવ્યો હવે શું ? હવે પાછો તારો દર્શનમોહ તગડો થાય છે પછી ક્યાં તને પીઠ થાબડવી ? એક કોરથી દર્શનમોહ તીવ્ર થાય અને બીજી કોરથી એની પીઠ થાબડો તો

એ તો બિચારો મરી જાય. ત્યાં ને ત્યાં જામી જાય એ તો ! તારા અભિપ્રાયમાં ફેર છે, મોટી ગંભીર ભૂલ છે અને પુરુષાર્થ ન ઊપડે તો એની ખટક અને એનું દુઃખ તને વધી જવું જોઈએ. જેમ જેમ સમય જાય એમ એ વધવું જોઈએ, એની બેચેની ઊભી થવી જોઈએ, ખાવું-પીવું બધી જગ્યાએથી તને રસ ન પડે એવી બેચેની થવી જોઈએ. લાગ પડે ઊંઘ ઊડી જાય એવી બેચેની થવી જોઈએ, એમ.

પ્રશ્ન :– અભિપ્રાયની ભૂલ છે એના શ્રદ્ધાને છેડા અડે છે ?

સમાધાન :– હા, અભિપ્રાયને (અને) શ્રદ્ધાને અવિનાભાવી સંબંધ છે. અભિપ્રાય જ્ઞાનનો પર્યાય છે. જેવો અભિપ્રાય એવી શ્રદ્ધા, જેવી શ્રદ્ધા એવો જ અભિપ્રાય. બેને જુદાંપણું રહેતું નથી. શ્રદ્ધા ન સમજી શકે એને અભિપ્રાયથી સમજાવવા પડે છે.

જેને સાંભળવાનો પ્રકાર છે એને માટે એક અસાધારણ વાત કરી છે કે, જો જે આ અભિપ્રાયની ભૂલ રાખીને સંભળાય છે એવું નથી થતું ને ભૂલેચૂકે, જાણ્યે અજાણ્યે ? નહીંતર અહીંયાં ફસાઈ ગયો છો એમ સમજી લેજે ! અહીંયાં આવીને પણ ફસાણો છો તું ! નીકળી નહીં શકે. ફસાણો છો એટલે નીકળી નહીં શકે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ લખ્યું છે, સુનના નહીં સુનને કે લિયે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ અભિપ્રાય માટે વાત કરી છે. સાંભળવું નહીં સાંભળવા માટે. નહીં સાંભળવાના અભિપ્રાયથી સાંભળવાનો એને વિકલ્પ હોવો જોઈએ. કેમકે વિકલ્પ છે, હજી વિકલ્પવાળી દશા છે માટે. પણ સાંભળવાના અભિપ્રાયથી સાંભળે એને તો દરવાજો બંધ થઈ ગયો છે.

શું કહે છે અહીંયાં ? કે **'ચૈતન્યસ્વરૂપ આત્મા તારો પોતાનો છે માટે તેને પ્રાપ્ત કરવો સુગમ છે.'** અહીંયાં તો વિશ્વાસમાંથી વાત આવી. આ પ્રાપ્ત કરવો સુગમ છે એમ અનુભવથી જો બતાવે છે તો મને એમ લાગ્યું કે ન લાગ્યું ? વાતે વાતે તપાસ કરે પોતાની. આ અવલોકન પદ્ધતિ છે. અર્થ સમજાઈ ગયો કે પોતાની વસ્તુ હોય એટલે પ્રાપ્ત કરવામાં સુગમ અને બીજાની વસ્તુ હોય

તો પ્રાપ્ત કરવામાં દુર્ગમ. ન્યાયથી વાત બરાબર છે. કાર્ય-કારણથી વાત બરાબર છે, સમજાય છે – એમ નહીં સમજવાનું.

મુમુક્ષુ :- મને કેમ દુર્ગમ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મને કેમ દુર્ગમ છે ? સુગમ કહે છે તો મને સુગમ ભાસ્યું છે ? મને સુગમ લાગ્યું છે ? સુગમપણે એ બાજુની એ દિશામાં મારી કાંઈ પ્રગતિ થાય છે ? તો તો (હું) આ વાત સુગમ છે ઈ સમજ્યો બરાબર, યથાર્થ. પણ અર્થ આવડી ગયો અને અર્થ સમજાઈ ગયો અને પોતામાં જોયું જ નહીં તો એણે સ્વલક્ષી શ્રવણ કર્યું નથી, પરલક્ષી શ્રવણ કર્યું છે.

'ગુરુદેવ' કહેતા કે પરલક્ષી શાસ્ત્ર અધ્યયન, અગિયાર અંગ ને નવ પૂર્વ પર્યંતનો તત્ત્વ અભ્યાસ વ્યર્થ છે. લબ્ધિ પામીને અનંતવાર જીવ કરી ચૂક્યો (પણ બધું) નકામું ગયું. એક અંશે પણ, જઘન્ય અંશે પણ આત્માનું હિત થયું નહીં. આમ લેવું જોઈએ. નહીંતર એવી વાત નથી કે આ કહે છે ઈ ન સમજાય. કેમકે કારણ-કાર્ય આપીને સમજાવે છે કે તારી પોતાની ચીજ છે માટે સુગમ છે એમ કહીએ છીએ. પરપદાર્થ પરનો છે અને તારો થતો નથી, પોતાનો થતો નથી, જડ ચૈતન્ય થતું નથી. તો કહે, વાત તો બરાબર છે. પણ વાત બરાબર છે એમ નહીં, તને મમત્વ થાય છે ત્યાં એ વાત તને દેખાય છે ? કે, મારું એકત્વપણું થાય છે તો આ પરપદાર્થ પોતાનો થતો નથી એ વાતને મેં કેવી રીતે લક્ષ ઉપર લીધી છે ? અથવા એ વાત લક્ષમાં રહે છે મમત્વ થાય ત્યારે ? તો તારો મમતાનો રસ ગળે. જ્યારે મમતા થાય ત્યારે (એ) પરપદાર્થ છે અને એ પોતાનો થઈ શકતો નથી એવું લક્ષ રહે તો મમત્વનો રસ ઉત્પન્ન ન થાય, નહીંતર તો તીવ્ર રસે કરીને મમત્વ થાય. ઉદયમાં તીવ્ર રસે કરીને મમત્વ કરવું છે અને પછી ઠવણી લઈને શાસ્ત્ર વાંચતી વખતે એમ વિચારવું છે કે આ પર તો પર છે, પર આત્માનું થતું નથી. માટે પરનો આત્મા નથી, આત્મા પરનો નથી. પણ એ વાત તારા ઘરની થાશે નહીં, કો'કની રહી જશે.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ યથાર્થપણે કે અયથાર્થપણે કેવી રીતે થાય ? (આ) બહુ વિચાર માંગે એવો વિષય છે. (તત્ત્વજ્ઞાનનો અભ્યાસ) કરે છે હજારો માણસો !

'ગુરુદેવ'ની કૃપાથી હજારો માણસો આ વિષયના પરિચયમાં આવ્યા પણ એથી આપણે સંતોષ પકડી લેવાનો નથી. આપણે યથાર્થપણે તત્ત્વનો અભ્યાસ થાય છે કે અયથાર્થપણે થાય છે ? કોઈની વાત કોઈ જાણે પણ આપણે તો હવે પોતાના હિતને માટે થઈને એ બરાબર વિચારી લેવું જોઈએ. અને એ પોતામાં તપાસ કરે ત્યારે સમજાય છે કે આ વાતને અને મારે કેટલો સંબંધ થયો, રહ્યો ? કે કાંઈ સંબંધ રહ્યો જ નહીં, થયો જ નહીં અને એમ ને એમ આનો અભ્યાસ અધ્ધરોઅધ્ધર ચાલે છે ?

'સોગાનીજી' લખે છે કે મિથ્યાદૃષ્ટિની પરલક્ષી જ્ઞાનવાળાની ધારણા – શાસ્ત્ર, તત્ત્વજ્ઞાન વિશેની ધારણા બંધ તિજોરી જેવી છે. કોઈની તિજોરી બંધ થઈ ગઈ હોય, કળ ખોટવાઈ ગઈ અથવા ચાવી ખોવાઈ ગઈ હોય તો એને રૂપિયા જોઈએ ત્યારે એ પૈસા કામમાં આવે નહીં. અંદર પડ્યા શું કામના ? જરૂર છે ત્યારે તો કાંઈ ચૂકવી શકતો નથી. લેણદાર તકાદો કરે છે કે ભાઈ ! મારો ટાઇમ થઈ ગયો મને પૈસા દ્યો. હું બીજું કાંઈ સમજુ નહીં. તમારી તિજોરી બંધ હોય તો ખોલાવાનું તમારું કામ છે. મારું કામ છે કાંઈ ?

સમ્યક્દૃષ્ટિની ધારણા ખુલ્લી તિજોરી જેવી છે એમ કહે છે. એને ન્યાય, અધ્યાત્મના ન્યાયો, આગમના ન્યાયો, પરમાગમના સિદ્ધાંતો ખુલ્લી તિજોરી જેવા છે. જ્યારે એનો ઉદય હોય છે ત્યારે એનો એ ઉપયોગ કરે છે, મૂડીને વાપરે છે. ક્ષણે ક્ષણે પ્રસંગે પ્રસંગે ઉદયમાં એનો ઉપયોગ છે, એનો એને વપરાશ છે. એ ખુલ્લી તિજોરી જેવી છે, આને બંધ તિજોરી જેવી છે. તત્ત્વજ્ઞાન તો બન્નેની પાસે છે. એકને કામમાં આવે છે અને બીજાને કામમાં આવતું નથી. કારણ (શું) ? કે, એ તત્ત્વજ્ઞાનનો પરિચય કર્યો એમાં પદ્ધતિ ખોટી (છે), અયથાર્થ પદ્ધતિથી પરિચય કર્યો છે. માટે એ તત્ત્વજ્ઞાન ભલે આગમ અનુકૂળ હોય તોપણ વ્યર્થ અને નકામું છે અથવા પ્રાયઃ દુર્ગુણનું કારણ થાય છે, અવગુણનું કારણ થાય છે. કેમકે એકત્વબુદ્ધિ, પર્યાયબુદ્ધિમાં અહંપણું આવ્યા વિના રહેશે નહીં.

(આ) બોલ શરૂ કર્યો ત્યારે થોડો ઈ વિચાર આવ્યો હતો કે બહુ સાદી સીધી વાત કરી છે. સવા ત્રણ લીટીની વાત છે. ત્રણ લીટી, સવા ત્રણ લીટી

(છે) પણ સાવ સાદી સીધી વાત છે. સાદી સીધી વાત છે ઈ ઉપર ઉપરથી સાદી સીધી છે, એની ગંભીરતા અને ઊંડાણ ઘણું છે. વિચારે તો આત્માના હિતને અને અહિતને સીધી સ્પર્શે એવી વાત છે.

**'પરપદાર્થ પરનો છે, પોતાનો થતો નથી, પોતાનો કરવામાં માત્ર આકુળતા થાય છે.'** આ પણ તપાસવાનો વિષય છે કે જ્યારે જ્યારે હું પરપદાર્થમાં મમત્વ કરું છું ત્યારે મને મીઠું લાગે છે કે મને આકુળતા થાય છે ? આ દીકરો મારો, ઠીક ! મારો એટલે સારો. કોઈ ખરાબ કહે એને ? મીઠું લાગે છે કે આકુળતા થાય છે ? આ તપાસનો વિષય થાય છે. અહીંયાં તો હા પાડશે કે, બરાબર છે. હાજી ! આપ કહો છો એમ જ છે. પરપદાર્થને પોતાનો કરવામાં તો આકુળતા જ થાય છે, ખરેખરી વાત છે. પણ કોને ખરેખરી વાત છે ?

મુમુક્ષુ :- ત્યાં મીઠું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મીઠું લાગે. ગુણવાન હોય, સારું કમાતો હોય અને મીઠાં મીઠાં મામણા મામણા શબ્દોથી ભાઈ... ભાઈ... બાપુજી... બાપુજી... જે કાંઈ જેને જે કહેવાતું હોય એ એને મીઠું મીઠું લાગે, કે આ બહુ સારું ! બહુ સરસ ! આવા દીકરા બહુ ઓછાને હોય છે. ઠીક ! તું તો ગયો, ઊંડા કૂવામાં ઊતર્યો ! ખેંચીને બહાર કાઢવો મુશ્કેલ પડશે.

અહીંયાં તો એમ કહે છે કે, એમાં આકુળતા થાય છે. તપાસીને નક્કી કર કે મીઠાશ થાય છે કે આકુળતા થાય છે ? જ્યાં આકુળતા થાય છે ત્યાં તને મીઠું લાગે છે એ દુઃખમાંથી કેવી રીતે નીકળીશ તું ? છે તો દુઃખ જ, તને ભલે લાગે કે ન લાગે ઈ બીજી વાત છે. તારી કલ્પના સુખની છે એટલે તને ઘડીભર નથી લાગતું પણ એથી કરીને દુઃખ કાંઈ સુખ થવાનું નથી, કાચ કાંઈ હીરો થવાનો નથી. કાંકરા કાંઈ હીરા થાય નહીં. કાંકરાને હીરા માને; નદીમાં પેલા આવે છે ને રંગબેરંગી કાંકરા ? છોકરાઓ ભેગા કરે, માને કે અમારી પાસે હીરાનો ડબ્બો ભર્યો છે. ઈ કાંઈ હીરા થાય નહીં.

પછી જેના ઉપર મમત્વ હોય એને કાંઈક થાય, થાય તો ખરું જ ને ? શરીર હોય તો શાતા-અશાતાનો ઉદય આવે એટલે એને ન થાય, થાય આને

પાછું ! કોને થાય ? જેને મમતા હોય એને થાય. એને નથી થાતું ખરેખર તો આને થાય છે. આ દશા એકત્વબુદ્ધિમાં થયા વિના રહે નહીં. મમતા કરે છે ત્યારે દુઃખમૂળને પોષણ આપે છે એનો વિચાર આવતો નથી, પછી કલ્પના બહાર – ધારણા બહાર પ્રસંગ ઉત્પન્ન થાય, જેને પ્રતિકૂળતા કહે ત્યારે પછી પ્રગટ દુઃખનો અનુભવ થાય છે. ભાઈ ! ઈ તો મમતા ટાંણે મીઠાશ વેદી ત્યારે તો તેં ઝેર ખાઈ લીધું હતું ! હવે કહે છે કે, મને પાછળથી કડવું લાગ્યું ! પણ પહેલા મીઠું લાગ્યું ઈ જ તારી ભૂલ હતી. કડવું પાછળથી લાગ્યું. મીઠાશનું ઝેર તો પહેલાં ખાધું છે.

જ્યારે જ્યારે સંયોગમાં મીઠાશ વેદાય ત્યારે ઝેર ખવાય છે એટલું વિચારમાં આવે તો એને જાજો રસ ન પડે. નહીંતર એટલો રસ પડે, કાળ થોડો અને રસ એટલો જાજો પડે કે છૂટવું મુશ્કેલ થાય ! ઇચ્છાએ કરીને પરપદાર્થને રુચિથી અને રસથી સેવે અને એને સંસારદુઃખ ન થાય (એમ) ત્રણ કાળમાં બનવાનું નથી. ઉપરથી ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર ઊતરે તોપણ એના દુઃખમાંથી કોઈ બચાવી શકે નહીં. આ નિયમબદ્ધ વાત છે. લોકોને – જીવોને સંસારદુઃખ જોઈતું નથી પણ એ ઝેર ખાય છે, ઇચ્છાએ કરીને ઝેર ખાય છે અને કહે છે કે મારે એનું ફળ જોઈતું નથી ! (એમ તો) ત્રણ કાળમાં નહીં બને. તું દુઃખી થાવાનો, થાવાનો ને થાવાનો (આ) નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુ :– સુખ જોઈએ છે પણ સુખનું કારણ એવા ધર્મનું સેવન કરતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જોઈએ છે સુખ અને દુઃખના કારણને સેવે છે, ઇચ્છાએ કરીને અને રુચિએ કરીને ! અને પછી પાછો એમ કહે છે કે મારે દુઃખ જોઈતું નથી. તો ઈ તો કોઈ દિવસ બની શકવાનું નથી. એ વસ્તુ સ્વરૂપ છે. મૂળ આ બોલનો જે વિષય છે એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ કહેવા માગે છે કે આ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ નહીં બદલાય. ત્રણ કાળને વિશે વસ્તુનું સ્વરૂપ બદલાશે નહીં.

પ્રશ્ન :– આકુળતામાં અશુભભાવની વાત છે કે શુભભાવની વાત પણ લેવી

છે ?

સમાધાન :- બન્ને આકુળતા જ છે. પણ આ જે સંયોગમાં મમત્વ કરે છે ઈ તો અશુભ જ છે. એમાં તો શુભનું ક્યાંય નામનિશાન નથી. શરીરથી માંડીને કુટુંબ-પરિવારના સભ્યોથી માંડીને પૈસા આબરૂથી માંડીને કોઈપણ પરપદાર્થ પ્રત્યે મમત્વભાવ એ તો કેવળ અશુભ જ છે. એમાં તો શુભની ગંધ પણ નથી. શુભમાં તો (એવું છે કે), મિથ્યાત્વ સહિતનું શુભ હોય તો અશુભની ગંધવાળું શુભ છે. દાન આપે કે તપશ્ચર્યા કરે કે શાસ્ત્ર વાંચે કે પૂજા-ભક્તિ કરે, નામસ્મરણ, યાત્રા કરે પણ મિથ્યાત્વ સહિત કરે તો એમાં અશુભની ગંધવાળું શુભ છે પણ આ જે દુકાન અને ઘરના સાંસારિક કાર્યો છે કે સમાજના, સમાજના ભેગા આવી જાય છે, હોં ! એ અશુભમાં તો ક્યાંય શુભની ગંધ નથી. એકલા પાપના પોટલા છે, બીજું કાંઈ એમાં નથી.

મુમુક્ષુ :- પાપના પોટલાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાપ નથી પાપના પોટલાં જ છે એમ છે. દુકાને જઈને બેસીએ છીએ ને ? ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

પ્રશ્ન :- ઘરમાં મોટા હોય તો ઘર ચલાવવું જોઈએ કે નહિ ?

સમાધાન :- ચલાવે, કોણ ના પાડે છે ? જાવું જ નહિ ઘરમાંથી ! વખત આવે કેમ જાવું પડે છે ? ટાઇમ પૂરો થાય અને ન જાય તો પેલા નીચેવાળા કહે કે, હવે, આ ડોસો જાય તો સારું, ભાઈસા'બ ! અમસ્તો Control રાખીને બેઠો છે. હવે અમે કાંઈ નાના નથી. ચાલીસ-ચાલીસ વરસના થયા પછી Control અમારા હાથમાં હોય કે એના હાથમાં હોય ? ત્રીસ-પાંત્રીસ-ચાલીસ વરસે તો Control છોડવો જોઈએ કે નહિ ? આને પચાસ થયા, સાઠ થયા, સિત્તેર થયા હવે આ કાંઈક પોતાનું કરે તો સારું ! કહે કે ન કહે ? છોકરાઓ મોટા ઉંમરલાયક થાય, બુદ્ધિવાળા થાય, કામ કરે એવા થાય પછી આ પોતે પાછો Control રાખીને બેસે તો ? તો એને ખૂંચે કે, હવે આ ખસે તો સારું ! મોટો હોય એણે કરવું જોઈએ કે ન કરવું જોઈએ ? કરવું હોય તોપણ પેલા કરવા ન દે. આમ છે. મોટો હોય, ઘરમાં મોટો હોય તો કરવું જોઈએ એમ જો તને લાગ્યું તો

તારો આત્મા તારો છે એનું હિત કરવું જોઈએ કે ન કરવું જોઈએ? કે, ભલે એનું અહિત થાય અને જાય નરક, નિગોદમાં પણ અહીંયાં કુટુંબનું કરી લઉં! તું કાંઈ કરી શકતો નથી.

પહેલાં એમ તો નક્કી કર કે, તું કાંઈ કરી શકતો નથી, મોટો હો કે નાનો હો, તું કાંઈ કરી શકતો નથી. તારા કાર્યક્ષેત્રની મર્યાદાબહારની વાત છે અને છતાં કરવાનો અભિપ્રાય રાખ તો વીતરાગદેવ સર્વજ્ઞ જૈન પરમેશ્વરનો કાયદો ભંગ કરવાની વાત છે, આજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે. આટલું તો પહેલાં બરાબર વિચારી લે. પછી તારે જે મોટા-નાનાનું નક્કી કરવું હોય એ કરજે. એક ક્ષણમાં ફૂ.. થાય છે, એની ફરજ ક્યાં ગઈ ?

એવું બને છે. એક કુટુંબની અંદર એક માણસ હોય, એના પરિવારમાં બે-ચાર દીકરીઓ હોય, દીકરો ન હોય એમાં નાની કાચી ઉંમરે દેહ છૂટી જાય. જ્યાં સુધી હોય ત્યાં સુધી તો માંડ માંડ Struggle કરી કરીને, મહેનત કરીને... Struggle એટલે શું ? જેને ખેંચતાણ કહે છે. ખેંચી ખેંચી ખેંચીને ખેંચે ત્યારે માંડ માંડ ભેગું થતું હોય એવી કોઈ પૂર્વકર્મની નબળી દશા હોય અને ભાઈ ગયા પછી આખા સમાજને દયા આવે કે, આટલી દીકરીઓ છે, બાઈ નાની છે, બિચારાનું શું થાશે ? (પછી) કરે ફાળો ! આને વગર પરિશ્રમે એના વ્યાજમાંથી પરિવારનું ચાલે એટલું થઈ જવા દ્યો ! ઠીક ! હવે આની ફરજ ક્યાં ગઈ? ફરજ કરી કરીને શું કર્યું એણે ? આવા દાખલા તો નજરે જોયા છે, નજરે જોયા છે. એ તો એના પૂર્વકર્મ છે. તું શું કરી વળ્યો ? તું કાંઈ કરી વળ્યો નથી. એના પૂર્વકર્મ ફર્યા તો દુનિયા એની પડખે ચડશે, સમાજ એની પડખે ચડશે. તારા પૂર્વકર્મ અને એના પૂર્વકર્મ બરાબર નથી તો તું તૂટી મર તોપણ કાંઈ થાય એવું નથી.

કરી શકે કે ન કરી શકે એટલું તો નક્કી કરે. હું કરી શકું છું એમાં આત્માને ખોવાનું મોટું નુકસાન છે. બાકી તો પૂર્વકર્મ અનુસાર જે થવાનું તે થવાનું છે. આવી લાચાર સ્થિતિવાળાને સરખું થાય તો જેને પાછળ કરે એવા જુવાનજોધ છોકરા હોય, બુદ્ધિવાળા હોય એની તું ફિકર લઈને બેઠો અને તારું જીવન એની

પાછળ ખોઈ નાખે કે, હું કરી દઉં... હું કરી દઉં... હું કરીશ તો થાશે... એ આત્મહિતને ગૌણ કરવાની વાત છે. આત્મહિતની મુખ્યતામાં એવો વિચાર રહેતો નથી.

અહીંયાં વસ્તુનું સ્વરૂપ લીધું છે. ઉદયમાં તો કાર્યક્ષેત્રની મર્યાદા પકડે ને ! કે, હું કરી શકું છું કે નથી કરી શકતો ? તો એને Brake લાગે એવું છે, સીધેસીધી એને Brake લાગે. હું કરી શકતો નથી અને આ અમસ્તો અમસ્તો જોર મારું છું, નકામું જાશે.

પ્રશ્ન :- એવું માનતો હોય પણ ફરજ તો ખરી કે નહિ ?

સમાધાન :- પણ પછી ક્યાં ફરજ રહી ? કરી શકતો ન હોય એમાં ફરજ શું રહી ? આ લાકડાનો વેર કે રેતીમાંથી લાડવા બને નહિ પછી ઘી અને ગોળ નાખ્યા કરે અને લાડવા વાળ્યા કરે તો કાંઈ ખાવાના કામમાં નહિ આવે. નકામું જાશે. એમ (અહીંયાં પણ) આકુળતા કરવા સિવાય બીજું કાંઈ થાશે નહિ. આકુળતા વધશે, દુઃખ વધશે, વર્તમાનમાં અહિત થશે અને ભવિષ્યમાં હિત સાધવામાં મુશ્કેલી ઊભી થશે. આટલું મોટું નુકસાન છે.

(સમય થયો છે).

**શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે. દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે છે. ૧૦૭.**

## તા. ૦૮-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૦૭
## પ્રવચન નં. ૮૫

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૫. ૧૦૭ નંબર. બોલનો વિષય છે – દ્રવ્યદૃષ્ટિ. **'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** દ્રવ્યદૃષ્ટિનો વિષય દૃષ્ટિને હાથ લાગે છે ત્યારે શુદ્ધ પર્યાયની પરંપરા પ્રગટ થવાની ચાલુ થાય છે. કેવું છે દ્રવ્યદૃષ્ટિરૂપ સ્વદ્રવ્ય ? એક તો શાશ્વત છે, સદાય છે, અનાદિઅનંત છે. જેનો કદી નાશ થવાનો નથી એવું છે.

શુદ્ધિધામ એટલે જેમાં રાગ કે પુદ્ગલનું ભળવું, મળવું, ભેળસેળ થતી નથી એવું શુદ્ધ આત્મદ્રવ્ય છે. અનંત શક્તિના સામર્થ્યરૂપ હોવાથી બળવાન કહેવામાં આવે છે. આત્મા અનંત વીર્યનો પિંડ છે. કેટલું બળ છે ? કેટલો પુરુષાર્થ એમાંથી પ્રગટ થાય ? કે જેની હદ નથી એટલો ! આમ પણ ગણતરી કરે તો સમજાય એવું છે કે અનંતકાળથી આ જીવે ભલે ઊંધો પુરુષાર્થ કર્યો છે, ઊલટી દિશામાં પુરુષાર્થ કર્યો છે તોપણ એ ઊલટા પુરુષાર્થનો સરવાળો મારે તોપણ એણે અનંત

પુરુષાર્થ ઊંધો કર્યો છે. જો એ ઊંધા પુરુષાર્થનો અનંતકાળનો સરવાળો મારે તો એણે ઊંધો પુરુષાર્થ અનંત કર્યો છે. જો એ પુરુષાર્થના સામર્થ્યને સમજવા માગે તો અનંત પુરુષાર્થનું સામર્થ્ય આત્મદ્રવ્યમાં રહેલું છે. એવું આત્મદ્રવ્ય અનંત બળવાન છે અથવા પોતે એવો અનંત બળવાન છે, એમ એની દૃષ્ટિ પ્રગટ થવી એટલે એમાં હુંપણાની સ્થાપના થવી. દૃષ્ટિ સ્થાપે છે – પોતાને પોતામાં સ્થાપે છે. છે તો પોતે પોતામાં જ પણ અન્ય સ્થાનમાં અન્ય ભાવમાં પોતાની સ્થાપના થઈ હતી તે બદલે છે અને પોતાની પોતામાં સ્થાપના કરે છે કે હું છું. ત્યાં અનંતગુણોની પર્યાયો સ્વાભાવિકપણે શુદ્ધપણે પ્રગટવા લાગે છે. અથવા ત્યાં શુદ્ધ પર્યાય પ્રગટે જ એમ કહેવું છે. 'જ' શબ્દ વાપર્યો છે ને ? આવા શાશ્વત શુદ્ધિધામ અનંત સામર્થ્યવંત નિજાત્મદ્રવ્યની શ્રદ્ધામાં સ્થાપના થાય અને અવસ્થામાં શુદ્ધતા પ્રગટ ન થાય એવું કદી બને નહીં. સમ્યક્ પ્રકારે શુદ્ધતા પ્રગટ થાય, થાય ને થાય જ.

મુમુક્ષુ :– 'હું છું' એમ આપે કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– 'હું આવો છું' 'આવો છું' એ જ્ઞાનનો વિષય છે પણ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન છે એટલે હું છું એ શ્રદ્ધાનો વિષય છે પણ શ્રદ્ધા સાથે જ્ઞાનમાં સમ્યક્ પ્રતિભાસ છે. જેવું છે એવા દ્રવ્યનો પ્રતિભાસ છે એટલે એ દૃષ્ટિ આંધળી દૃષ્ટિ નથી એમ કહેવામાં આવે છે. જ્ઞાન સાથે છે એટલે એ અંધ દૃષ્ટિ નથી પણ સાચી દૃષ્ટિ છે, દેખતી – જાગતી દૃષ્ટિ છે અથવા પોતાનું ત્રિકાળ અસ્તિત્વ છે; શાશ્વતનો અર્થ એ છે, પોતાની ત્રિકાળ હયાતી છે એવા અસ્તિત્વ સ્વભાવને દૃષ્ટિએ ગ્રહણ કર્યો છે, અસ્તિત્વરૂપે ગ્રહણ કર્યો છે. અસ્તિત્વ સ્વભાવને અસ્તિરૂપે ગ્રહણ કર્યો છે એ દૃષ્ટિ સમ્યક્ છે – સાચી છે.

નાશવંત ભાવોમાં અને નાશવંત પદાર્થોમાં, નાશવંત પર્યાયોમાં જે અસ્તિત્વ ગ્રહણ કર્યું હતું, ત્યાં હયાતી સ્થાપી હતી પણ જેમાં હયાતી સ્થાપી છે એનો નાશ થાય છે એટલે જીવ મરણતુલ્ય દુઃખને અનુભવે છે. દેહાત્મબુદ્ધિ એનું પ્રગટ દૃષ્ટાંત છે. નાશવંત એવા શરીરમાં અને નાશવંત એવા સંયોગમાં હયાતી સ્થાપી રાખી છે કે જાણે કાયમ આ બધું મારે રહેવાનું છે, હું કાયમ આ દેહમાં રહેવાનો

છું, આ સંયોગ અને આ ઘરમાંથી હવે ક્યારેય નીકળવાનો નથી – એમ માનીને જે હયાતી સ્થાપે છે, એ ત્યાંથી નીકળતા પહેલાં નીકળવાના ટાંણે ખબર પડે છે ત્યારે એને મરણતુલ્ય દુઃખ થાય છે. મરતો નહીં હોવા છતાં. જીવ મરતો નથી એટલે એવા દુઃખને – ભાવમરણના દુઃખને છોડાવવા માટે સત્પુરુષોએ – સંતોએ નિષ્કારણ કરુણા કરીને આ વાત કરી છે.

મુમુક્ષુ :– દૃષ્ટિમાં ત્રિકાળી ધ્રુવ સિવાય કાંઈ નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રિકાળી ધ્રુવ સિવાય અસ્તિનો વિષય (બીજો કોઈ નથી). ત્રિકાળી ધ્રુવમાં પણ ત્રિકાળી છે અને ધ્રુવ છે એ જ્ઞાનનો વિષય છે. દૃષ્ટિનો વિષય તો કેવળ નિર્વિકલ્પ અસ્તિત્વને નિર્વિકલ્પપણે પ્રતીતમાં લેવું એવો ભાવ એ દૃષ્ટિનું કાર્ય છે. એવો દૃષ્ટિનો ભાવ છે. પછી જ્ઞાયક કહો, ત્રિકાળી કહો, ધ્રુવ કહો, પરમ પારિણામિકભાવ કહો, પરમાત્મતત્ત્વ કહો, નિજપરમપદ (કહો), એ બધું જ્ઞાનમાં વિશેષરૂપે જણાય છે. દૃષ્ટિમાં એવી વિશેષતા ઉત્પન્ન થવાનો ગુણ નથી.

**'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ...'** એવા દ્રવ્યની પ્રતીત થઈ. જેવું જાણ્યું એવી જ એની પ્રતીત થઈ, નિર્વિકલ્પ પ્રતીત થઈ, અભેદ પ્રતીત થઈ **'તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** અવસ્થામાં કષાયનો, મલિનતાનો અભાવ થાય, થાય ને થાય જ. કષાય મંદ થાય એ વાત અહીંયાં નથી. કષાયનો અભાવ છે એ વાત છે અહીંયાં. સમ્યક્ પ્રકારે કષાયનો નાશ થવો અથવા એકતાલીસ પ્રકૃતિનો અનુબંધ પડે એવો મલિનભાવ થવો નહીં, એવો મલિનભાવ થવો બંધ થઈ જવો. એવો મલિનભાવ થાય નહીં. એકતાલીસ પ્રકારની પ્રકૃતિનો બંધ એને ઉત્પન્ન થતો નથી.

એકસો સુડતાલીસ પ્રકૃતિમાં કેટલીક પ્રકૃતિ તો સમ્યક્દૃષ્ટિ જ બાંધે. જેમકે તીર્થંકર નામકર્મ, તીર્થંકરનું ગોત્રકર્મ એ અમુક સમ્યક્દૃષ્ટિને જ બંધાય. એટલે એ તો સામાન્ય સંસારી જીવોને બંધ થવાનો પ્રશ્ન નથી. એવી પાંચ-સાત પ્રકૃતિ બાદ કરીએ તો એક તૃતીયાંશ પ્રકૃતિનો અભાવ અને તે પણ કેવી ? કે જે ઘણી નીચ કોટીની પ્રકૃતિ છે, નીચ પ્રકારના અનુબંધ છે એ પ્રથમ જ સમ્યક્દૃષ્ટિને

ન બંધાય. એવી શુદ્ધ દશામાં, શુદ્ધ પર્યાય પ્રગટ થવામાં સમ્યક્દૃષ્ટિનો મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. અહીંથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

**'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ જ્યાં પ્રગટ થઈ...'** એટલે કે સર્વ પ્રકારે આવા નિજ શુદ્ધાત્મદ્રવ્ય(ની) ઉપાદેયતા જેને પરિણમનમાં ઊભી થઈ તે શુદ્ધાત્મદ્રવ્યની સર્વથા ઉપાદેયપણાના ભાવમાં આંશિક શુદ્ધતા પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ. સર્વથા ઉપાદેય છે એમ ભાવમાં, પરિણમનમાં આવ્યું ત્યાં એને એ શુદ્ધદ્રવ્ય સર્વથા ઉપાદેય છે એની આંશિક શુદ્ધતા સહિત જ એ ઉપાદેયતા પ્રવર્તે છે. એટલે ત્યાંથી શુદ્ધદશાની પ્રગટવાની શરૂઆત થઈ જાય છે અને એ શુદ્ધતા અનુભવગોચર થાય છે.

અહીંયાં શુદ્ધતા નામ આત્મસ્વભાવની પવિત્રતા પ્રગટ થાય છે અને એ પવિત્રતા પાસે રાગનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ પણ મલિનભાવરૂપ છે એવું બરાબર જ્ઞાન થાય છે. કેમકે એક શુદ્ધ છે અને એક મલિન છે. એટલે શુદ્ધતા પ્રગટ થઈ કે ન થઈ એ કોઈને પૂછવા જાવું પડતું નથી. એને **'શુદ્ધ પર્યાય પ્રગટે જ.'**

**'વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'** હવે વિકલ્પનો ભેદ એટલે શુદ્ધ આત્મદ્રવ્ય વિશે વિકલ્પ કરે, શુદ્ધ આત્મદ્રવ્યનો વિકલ્પ સુદ્ધાં શુદ્ધ પર્યાય પ્રગટ કરે એવું બનતું નથી. શું અહીંયાં માર્ગદર્શન આપે છે ? કે વિકલ્પની દશામાં જીવ રાગની મુખ્યતામાં ઊભો રહીને આત્મદ્રવ્યના ભેદ અને અભેદ સંબંધીના ભેદ; ગુણભેદ અને પર્યાયભેદને તો ભેદ કહીએ પણ આત્મા એક છે, અભેદ છે, નિર્વિકલ્પ છે, એકરૂપ ધ્રુવ છે એવા ભેદ (એટલે કે) અભેદના ભેદ અને ભેદના ભેદો, એ બધા ભેદો શુદ્ધ પર્યાય પ્રગટવાનું કારણ થતાં નથી અથવા કોઈપણ પ્રકારનો વિકલ્પ (અર્થાત્) આત્મદ્રવ્યના અભેદ સ્વભાવનો વિકલ્પ સુદ્ધાં શુદ્ધ પર્યાયને પ્રગટ કરતો નથી. કેમકે એ પોતે - વિકલ્પ પોતે અશુદ્ધ પર્યાય છે. શુદ્ધ પર્યાય પ્રગટ કરવાનું કારણ એનામાં નથી. એનામાં આ કારણ નથી.

પ્રશ્ન :- પહેલાં આવા જ હોય છે ?

સમાધાન :- ઠેઠ સુધી એવા હોય. પહેલાં અને પછી ઠેઠ સુધી (એવા હોય). જ્યાં સુધી નિર્વિકલ્પ પર્યાય અથવા નિર્વિકલ્પ અનુભવ – શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય ત્યાં સુધી, છેલ્લા સમય સુધી શુદ્ધાત્મદ્રવ્યના વિકલ્પ હોય. સ્થૂળ ન હોય તો ભલે સૂક્ષ્મ થઈ ગયેલા, પાતળા પડી ગયેલા પણ વિકલ્પ હોય છતાં એ વિકલ્પ કારણ છે અને શુદ્ધ પર્યાય કાર્ય છે – એમ નથી. પણ બાહ્ય દૃષ્ટિવાનને, વિકલ્પની દૃષ્ટિવાળાને વિકલ્પ દેખાય છે એટલે ઈ એમ પ્રશ્ન કરે છે કે, વિકલ્પ તો ઠેઠ સુધી કરે છે અને વિકલ્પ કરતા... કરતા... કરતા... કરતા... કરતા શુદ્ધ પર્યાય – નિર્વિકલ્પ પર્યાય પ્રગટી તો વિકલ્પ કારણ નથી એમ કેમ કહો છો ? આમ બાહ્ય દૃષ્ટિ અથવા રાગ – વિકલ્પ ઉપરની દૃષ્ટિવાળાને પ્રશ્ન ઊઠે છે. એને એમ કહે છે કે તને એકલો વિકલ્પ દેખાણો છે પણ જ્યારથી તે જીવ સ્વરૂપ સન્મુખ થયો, કાલે રાત્રે (આ) વિષય ચાલ્યો (હતો), જ્યારથી એ જીવ સ્વરૂપ સન્મુખ થયો ત્યારથી તેનું વલણ અથવા તેનું જોર શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જાય છે, ત્રિકાળી દ્રવ્ય ઉપર જાય છે. એ જોર વધીને અનુભવ લઈ આવે છે. વિકલ્પ વધીને અનુભવ નથી લઈ આવતો. જો વિકલ્પ વધીને અનુભવ લઈ આવે તો વિકલ્પ જે પાતળો પડ્યો છે એ સ્થૂળ થાય, જોરદાર થઈ જાય પણ વિકલ્પનો તો નાશ થાય છે. તો એમાંથી એ ફલિત થાય છે કે જે જોર હતું એ વધ્યું એણે વિકલ્પનો નાશ કર્યો. આત્મદ્રવ્ય પ્રત્યેનો જે પુરુષાર્થ ઉત્પન્ન થયો હતો એણે વિકલ્પનો નાશ કર્યો. વિકલ્પનું જોર નથી, વિકલ્પનું અથવા રાગનું જોર તો ક્ષીણ થાય છે, એમાંની ચીકાશ તો તદ્દન ઘટી ગઈ છે અને બાકી રહેલો રાગાંશ છે એ પણ મરવા પડ્યો છે અને એ મરી જશે – નાશ થશે અને પુરુષાર્થનું, આત્મિક પુરુષાર્થનું બળવાનપણું થશે એ એને અવશ્ય અનુભવ પ્રાપ્ત કરાવશે. ત્યાં અવશ્ય અનુભવ પ્રાપ્ત થશે એમ વાત લીધી છે.

'પરમાગમસાર'નો ૩૧૪ નંબરનો બોલ છે. ત્યાં એ ચોખવટ છે. **'નિશ્ચયનો પક્ષ બંધાણો...'** એટલે સ્વરૂપ સન્મુખ થયો **'તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે...'** આ જોરનો ભાવ છે. આ જ સ્વભાવ છે, આવો જ સ્વભાવ

છે –આ હું... આ હું... આ હું... 'આ'માં ત્રિકાળીનું વર્તમાન પકડે છે. ત્રિકાળીનું જે વર્તમાન (છે) એ 'આ' કહેતા એનો ભાવમાં વિષય થાય છે અને હુંપણાથી એનો આધાર લેવામાં આવે છે, અવલંબન લેવામાં આવે છે, એને અધિકરણ બનાવવામાં આવે છે. **'એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી...'** તેને કારણે તે **'અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે.'** અનુભવ અવશ્ય કરશે અને કેવળજ્ઞાન પણ પ્રાપ્ત કરશે જ.

એટલે રાગ કરતા – વિકલ્પ કરતા કરતા અનુભવ પામ્યો છે એમ નથી. તે વિકલ્પાંશ છે એ પર્યાયનું બાહ્ય અંગ છે અને અંદરમાં જે શુદ્ધ આત્મા પ્રત્યે 'આ હું... આ હું...' એમ જે જોર આવે છે તે પર્યાયનું અંતરંગ છે. જે અંતરંગ પર્યાયને જાણતો નથી તે બાહ્ય દૃષ્ટિથી બહિરંગ પર્યાયને એટલે (કે) વિકલ્પને સાધન માનીને, બીજાએ પણ આવો વિકલ્પ કરતા કરતા અનુભવ કર્યો માટે હું પણ આવો વિકલ્પ કરતા કરતા અનુભવ કરી લઉં, એમ એને સાધનમાં ભૂલ પડી જાય છે. સાધનમાં ભૂલે છે.

પ્રશ્ન :– અંતરંગમાં જે જોર છે એમાં કેટલા ગુણો છે ?

સમાધાન :– અનંતે અનંત ગુણો છે. ધ્રુવમાં કોઈ ગુણ બાકી નથી. આત્માના અનંતગુણો છે એ સર્વ ગુણોનું વર્તમાન ધ્રુવત્વ છે એને પુરુષાર્થથી અવલંબનમાં લેવાનો પ્રયત્ન ચાલે છે. એ પ્રયત્નમાં આગળ વધીને અનુભવમાં પહોંચાય છે.

'સોગાનીજી'એ તો એ વિષય સ્પષ્ટ કર્યો છે, એક જગ્યાએ એકદમ સ્પષ્ટ કરેલો છે કે કોઈ એમ ન સમજે કે આ વિકલ્પ છે એ સાધન થાય છે. છેલ્લે છેલ્લે જે બોલ છે એમાં આવે છે, નંબર યાદ નથી પણ મળી જાય તો (જોઈએ). ૪૦૦ નંબરનો બોલ છે. **'(ત્રિકાલી મેં) ઢલન તો નિરંતર રહતી હી હૈ.'** એમણે તો પોતાની દશાનું લીધું. પોતાની ચાલુ દશાની વાત લીધી છે કે ત્રિકાળીમાં પરિણમનનું ઢલન તો નિરંતર થઈ જ રહ્યું છે ઔર **'(એકાંત મેં)...'** એટલે શાંત સ્થળમાં, એકાંતમાં **'તત્ત્વ-વિચારકાલ મેં (ઢલન) વિશેષ હોતી હૈ.'** હવે એવું જે ઢલન છે એ જ્યારે પોતે એકાંતમાં ધ્યાનકાળમાં બેસે છે ત્યારે એ ઢલન વધે છે, ઉગ્ર થાય છે.

એકાંતમાં ધ્યાન થવા પહેલાં વિચાર ચાલે છે. એટલે એ સ્વરૂપનો વિચાર જ્યાં શરૂ થાય છે ત્યાં અંદરમાં ઢલન વિશેષ થાય છે. તો એમ કે પહેલાં વિચારની અંદર કોઈ ઉદયના કાર્યો હતા ત્યારે વિશેષ ઢલન નહોતું. ગૃહસ્થદશા છે (એટલે) દુકાનના કાર્યો, ઘરના કાર્યો (હોય ત્યારે વિશેષ ઢલન નહોતું) અને એકાંતમાં આત્માના વિચાર કરવા, આત્મચિંતન કરવા જ્યાં બેઠા ત્યાં વિશેષ ઢલન થયું. એના ઉપર પોતે ચોખવટ કરે છે.

**'લેકિન વિચાર તો અટકાવ હી હૈ,...'** ત્યાં પણ જે આત્માનો વિકલ્પ અને વિચાર ચાલે છે એ નિર્વિકલ્પદશામાં એક પ્રતિબંધ છે, એક અવરોધ છે. અટકાવ છે એટલે એ અવરોધ છે. ઇસલિયે **'યહ (વિચાર આદિ)...'** વિકલ્પ આદિ **'વિશેષ ઢલન કા કારણ ભી નહી હૈ.'** આત્માનો વિકલ્પ તે વિશેષ ઢળનનું કાર્ય નથી. **'અશુભપ્રવૃત્તિ મેં અંદર મેં ઢલન ચલતી હૈ ઔર વૃદ્ધિ હોતી હૈ;...'** વ્યાપાર, ધંધો, ગૃહકાર્ય (આદિ) અશુભ પ્રવૃત્તિ હોય છે ત્યારે પણ અંદરમાં ઢલન ચાલે છે. પરિણતિ છે ને ? એ ઢલન છે. (તે) વૃદ્ધિ પણ પામે છે. સમયે સમયે નિર્જરા છે એટલે ઉપયોગ શુભ હો, અશુભ હો (તોપણ) એ તો વૃદ્ધિ પામે જ છે – વૃદ્ધિ પામતા હૈ લેકિન **'તત્ત્વ-વિચાર કે કાલ મેં...'** અહીંયાં વિચારકાળ એટલે આત્માનું ચિંતન – આત્મચિંતવન. આત્મચિંતવન મેં વિચારકાલ મેં **'વિશેષ વૃદ્ધિ હોતી હૈ.'** ત્યાં વધી જાય છે **'લેકિન યે (વિચાર આદિ) વિશેષ વૃદ્ધિ કે કારણ નહીં હૈં વે તો અટકાવ હી હૈં, ઇસલિયે વિચાર મેં અધિકતા નહીં હોતી.'** એટલે એ વિકલ્પ વધતો નથી. કેમકે એ સાધન નથી, એ કારણ નથી.

**'ત્રિકાલી મેં ઢલન હોને સે અપનને તો પર્યાય માત્ર કો ગૌણ કર દિયા હૈ - ધ્રુવદલ હી અધિક હૈ.'** ધ્રુવની અધિકતા છે, વિચારની અધિકતા નથી. ત્યાં જે વિષય છે – ધ્રુવ એની અધિકતા છે. આ એક બોલ છે એ સિવાય પણ એક બોલ છે. એમાં તો એવું ચોખ્ખું લીધું છે કે એ વખતે જે પુરુષાર્થની ઉગ્રતા થાય છે એ કારણ છે. વિકલ્પ કારણ નથી. એક જગ્યાએ બોલ છે. જમણા હાથમાં નીચે આવે છે. મળતો નથી. પણ એ સ્પષ્ટીકરણ છે (એ) બહુ સારું સ્પષ્ટીકરણ છે.

પ્રશ્ન :- તીર્થંકર ભગવાનના સમવસરણની અંદર જીવો સમ્યગ્દર્શન પામે છે તો તીર્થંકર ભગવાનનું કાંઈક એમાં..?

સમાધાન :- નિમિત્ત કહેવાય. તીર્થંકર ભગવાન પોતાના શુક્લધ્યાનમાં બિરાજમાન છે અને એ એક જ કામ ઈ કરે છે. પોતાના શુક્લધ્યાનમાં સ્વરૂપસ્થિરતામાં રહેવાનું કામ કરે છે. હજારો જીવો સમ્યક્દર્શન પામે છે, હજારો જીવો મુનિદશા પામે છે અને હજારો જીવો છદ્મસ્થમાંથી કેવળજ્ઞાનદશાને પ્રાપ્ત કરે છે, સર્વજ્ઞદશાને પ્રાપ્ત કરે છે. તે હજારો, લાખો, કરોડો જીવોને નિમિત્ત પડે છે પણ એ કરોડોમાંથી એકનું પણ કામ કરતા નથી. કેમકે એ તો પોતાના સ્વરૂપમાં ધ્યાનમાં સ્થિર રહેવા સિવાય બીજું કોઈ કામ કરતા નથી. પોતાના સિવાય કોઈનું કામ કરતા નથી, કામ કરી શકતા પણ નથી. એ જાતની શક્તિ કોઈ આત્મામાં નથી કે બીજા આત્માનું કામ કરે કે બીજા પુદ્ગલનું પણ કામ કરે. એવું કાંઈ કરી શકતા નથી. કોઈ આત્મા નથી કરી શકતા. એટલે એ તો પ્રશ્ન જ નથી કે તીર્થંકર ભગવાન કાંઈ કરે. પણ જે જીવોની જેવી પોતાની યોગ્યતાવિશેષ હોય છે તે અનુસાર એ તીર્થંકર ભગવાન અને એમની વાણીને નિમિત્ત બનાવીને, નિમિત્ત ઉપરથી લક્ષ હટાવીને જ્યારે સ્વરૂપમાં લીન થાય છે ત્યારે એમની સમ્યક્દર્શનથી માંડીને કેવળજ્ઞાન પર્યંતની દશા પ્રગટે છે. એ પણ નિમિત્ત ઉપરથી દિશા બદલીને, અવલંબન છૂટીને સ્વરૂપના અવલંબનમાં આવે ત્યારે અને આવે તો, નહીંતર નહીં.

આપણો આત્મા... હવે આપણે વિચાર કરવાનો છે, અનંતવાર સમવસરણમાં તીર્થંકર ભગવાનના સમવસરણમાં જઈને કોરેકોરો પાછો આવ્યો છે. કેવો ? ત્યાં પણ આ આત્માએ ઊંધાઈ છોડી નથી. ઊંધાઈ છોડી નથી. આમ છે. નિમિત્ત તો પ્રબળમાં પ્રબળ નિમિત્ત હતું. એકવાર ન મળ્યું પણ અનંતવાર મળ્યું પણ અનંતવાર એની સામે ઊંધાઈ કરી છે. આ સ્થિતિ રહી છે. એ સ્થિતિ ન રહે એટલા માટે એનું જ્ઞાન કરવાનું છે. ભૂલેચૂકે પણ ફરીને એવી સ્થિતિ ન રહે એટલા માટે એનું જ્ઞાન કરવાનું છે.

મુમુક્ષુ :- 'મહાવીરસ્વામી'નો આજે કેવળજ્ઞાનકલ્યાણક દિન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કેવળજ્ઞાનનો દિવસ છે. કેવળજ્ઞાન પામ્યા. દિવાળી ઉપર નિર્વાણકલ્યાણક છે. વૈશાખ મહિનામાં (કેવળજ્ઞાન) પામ્યા છે. પછી ૬૬ દિવસે (વાણી ખરી છે) એ દિવ્યધ્વનિનો દિવસ છે.

પ્રશ્ન :- એ વાણીથી લાભ થાય કે નહિ ?

સમાધાન :– કોઈથી કોઈને લાભ થાય એ વસ્તુ વ્યવસ્થાની બહાર છે. ધાર્મિક દૃષ્ટિએ એને જૈન સિદ્ધાંતની બહારની વાત છે (એમ કહે છે). જૈન સિદ્ધાંત એટલે કોઈ વાડો નથી, કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુની વ્યવસ્થા પ્રસિદ્ધ કરનારો સિદ્ધાંત છે કે જેને અંગીકાર કરતા સમ્યક્ પ્રકારે મિથ્યાત્વ અને રાગાદિ ભાવો ઉપર વિજય મેળવાય છે, નાશ કરી શકાય છે. એટલે એને જૈન એવું નામ દેવામાં આવ્યું છે. જીતે તે જૈન.

અહીંયાં શું કહે છે ? કે **'વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.'** ભલે વચ્ચે વિકલ્પનો ભેદ આવે છે પણ એ તો આવે છે એટલા માટે કે વિકલ્પમાં ઊભો છે એટલે અન્ય પદાર્થનો વિકલ્પ હતો એનું સ્થાન સ્વપદાર્થ થયું, એટલે વિકલ્પે પોતાનું વિષયરૂપ સ્થાન બદલ્યું. એવું એક વચ્ચે બને છે. સ્વપદાર્થનો વિકલ્પ છૂટવા પહેલાં સ્વપદાર્થનો વિકલ્પ આવે છે, આવી જાય છે તોપણ તે શુદ્ધ પર્યાયનું કારણ નથી, સાધન નથી એ વાત સ્પષ્ટ છે. કેમકે વિકલ્પ અને નિર્વિકલ્પ પરસ્પર વિરુદ્ધ સ્વભાવી પર્યાય છે. વિકલ્પ નિર્વિકલ્પ ભાવનો ધ્વંસક છે – નાશક છે. જ્યારે નિર્વિકલ્પ પર્યાય ઉત્પન્ન થાય છે એનો નાશ ક્યારે થાય છે ? કે, વિકલ્પ ઉત્પન્ન થાય ત્યારે. અહીંયાં પણ ક્યાં સુધી વિકલ્પ ચાલે છે ? કે જ્યાં સુધી વિકલ્પ ચાલે છે ત્યાં સુધી નિર્વિકલ્પદશા ઉત્પન્ન થતી નથી. એટલે એ નિર્વિકલ્પદશાનો અવરોધ છે એમ ત્યાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં કહ્યું. સ્વરૂપ સન્મુખતા થતાં વિકલ્પની સાથે સાથે (પુરુષાર્થ પ્રગટ થાય છે). (એ) પુરુષાર્થ જેને અનુસરે છે એવું જ્ઞાન પણ છે. એટલે એને જ્ઞાનબળ એવું નામ દેવામાં આવે છે, નિર્ણયબળ એવું નામ એને દેવામાં આવે છે, નિશ્ચયબળ એવું નામ એને દેવામાં આવે છે. તેનાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. પરંતુ વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી એ સ્પષ્ટ છે.

આપણે એ વિષયમાં ચર્ચા ચાલી ગઈ છે. આત્મધર્મનો ૧૮૧(મો) અંક (છે એમાં) 'ગુરુદેવ'ની ચર્ચામાં કોઈએ પ્રશ્ન કર્યો છે કે, સમ્યક્દર્શન થયા પહેલાં તો વિકલ્પ જ હોય ને ? જ્યાં સુધી નિર્વિકલ્પ સમ્યક્દર્શનની દશા પ્રગટ ન થાય ત્યાં સુધી તો વિકલ્પ હોય જ ને ? તો ઉત્તર એમ આપ્યો છે કે ત્યાં એકલો વિકલ્પ નથી. એવો ઉત્તર આપ્યો છે. એકલો વિકલ્પ નથી ત્યારે શું છે ? કે, વિકલ્પ ઉપરાંત આત્મા પ્રત્યે ઉત્પન્ન થયેલો પુરુષાર્થ પણ છે. એને જ્ઞાનબળ કહેવામાં આવે છે. ત્યાં જ્ઞાન પણ છે. સ્વરૂપ સન્મુખ થયેલી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાયો છે તે જ્ઞાન છે અને એની સાથે પુરુષાર્થ ઉત્પન્ન થયેલો છે તે જ્ઞાનબળ છે. એટલે વિકલ્પથી પામતો નથી પણ જ્ઞાનબળથી આગળ વધીને પામે છે એમ ત્યાં ઉત્તર દીધો છે.

વિકલ્પથી આગળ પણ વધાતું નથી એમ કહે છે. એટલે મોક્ષમાર્ગમાં ક્યાંય રાગ સાધન થતો નથી. મોક્ષમાર્ગ પામ્યા પહેલાં પણ નહીં અને મોક્ષમાર્ગ પામ્યા પછી જે જિનોક્ત વ્યવહારનો રાગ છે, વ્રતાદિ અંગીકાર કરવાથી માંડી, તપશ્ચરણથી માંડી ક્યાંય રાગ સાધન થતો નથી. પણ ત્યાં પણ એમાં એને ઉત્પન્ન થયેલી આત્મશુદ્ધિ (છે) એનું બળ - એમાં બળ વધીને શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને મોક્ષમાર્ગમાં જીવ આગળ વધે છે.

મુમુક્ષુ :- 'કળશટીકા'માં છે.

પૂજ્ય ભાઈશ્રી :- 'કળશટીકા'. પહેલા અધિકારનો નવમો કળશ છે. એના ઉપર જ વિષય છે. જે વિકલ્પો છે પ્રમાણ, નય, નિક્ષેપના એ વિકલ્પો છે એ ઉદય પામતા નથી અથવા ઉદય થતા હતા તે નાશ પામી જાય છે. ક્યારે ? કે જ્યારે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે. નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારે. **'उदयति न...'** એટલે **'उदयति न नयश्री...'** નયની લક્ષ્મી એમ કહ્યું. કેમકે જ્ઞાનનો વૈભવ લીધો છે. અનેક નયોનું જ્ઞાન હોય તો એને નયશ્રી કીધી છે (એટલે) જ્ઞાનરૂપી લક્ષ્મી. એનું પણ કામ નથી કહે છે. કેમકે એ નયજ્ઞાન છે એ નિર્વિકલ્પ અનુભવ થયા પહેલાં પોતપોતાના ભેદરૂપ વિષયને ગ્રહણ કરે છે. કેમકે નયનો વિષય અંશ છે. નયનો વિષય અંશી નથી અને અંશ છે તે

પદાર્થનો એક ભેદ છે. અંશ છે એટલે એક ખંડ છે, એક ભેદ છે. એનું આમાં કામ નથી. નયનું આમાં કામ નથી, લ્યો ઠીક ! પ્રથમ અવસ્થામાં નયને સાધન કહે પછી એ સાધનને સ્થાપીને ઉથાપે કે એનું પણ આમાં કામ નથી. આમ છે.

**'उदयति न नयश्रीरस्तमेति प्रमाणं'** પ્રમાણનો પણ વિકલ્પ જ્યાં અસ્ત થઈ જાય છે. ઉદય થયેલો નાશ પામે છે. **'कचिदपि च न विघ्नो याति निक्षेपचक्रम्'** અને વિકલ્પમાં નિક્ષેપનું ચક્કર (છે) ઈ તો ક્યાં જાય છે એની જ અમને ખબર રહેતી નથી. એટલું ખોવાઈ જાય છે એમ કહે છે. અનુભવમાં આવનારા એનાથી તો ઘણાં દૂર ચાલ્યા જાય છે. **'किमपरमभिदघ्मो'** પછી બીજાની તો વાત શું કરવી ? બીજા કોઈની તો વાત કરવાનો પ્રશ્ન રહેતો નથી. **'अनुभवमुपयाते भाति न द्वैतमेव।।'** જ્યાં અનુભવ પ્રગટ થાય છે ત્યાં દ્વૈત – બેપણું જ, કોઈ વિકલ્પ, કોઈ ભેદ – બેપણું જ ઉત્પન્ન થતું નથી અથવા પ્રકાશતું નથી. **'न भाति'** એટલે પ્રકાશમાન થતું નથી. એના માટે એ વાત લીધી છે.

**'જ્યારે જીવસત્ત્વની પ્રતીતિ આવવી ઇચ્છે ત્યારે જેવી રીતે પ્રતીતિ આવે તેવી જ રીતે વસ્તુસ્વરૂપ સાધવામાં આવે છે.'** એટલી ગૂઢ ભાષા છે. પ્રતીતિ જેમ આવે એમ વસ્તુ સાધવામાં આવે છે અને એ પ્રતીતિ આવવાના કાળમાં **'તે સાધના ગુણ-ગુણીજ્ઞાન દ્વારા થાય છે,...'** ગુણ-ગુણીનો પહેલો ભેદ ઊપજે છે. **'બીજો ઉપાય તો કોઈ નથી.'** આ જ્ઞાન તે આત્મા, આ પ્રગટ જ્ઞાન છે એવો જ્ઞાનમય તે આત્મા એમ એક ભેદથી ગુણીને પકડવામાં, પ્રતીતમાં લેવામાં જોર થાય છે. **'તેથી વસ્તુ સ્વરૂપને ગુણગુણીભેદરૂપ વિચારતાં...'** એ વિચાર કરવાની જે પદ્ધતિ છે તે વ્યવસ્થિત પદ્ધતિમાં પ્રમાણ-નય-નિક્ષેપની પદ્ધતિ છે અને તદ્‌અનુસાર વિકલ્પો ઊપજે છે. આવું બધું થાય છે.

તે વિકલ્પો નિર્વિકલ્પ અવસ્થા થયા પહેલાં ઊપજે છે એટલે **'પ્રથમ અવસ્થામાં ભલા જ છે...'** એટલે હોય છે, બીજા હોતા નથી એમ કહેવું છે. તોપણ એ ભલાને હવે કેવા કહે છે **'તોપણ સ્વરૂપમાત્ર અનુભવતાં તે જૂઠા છે.'** ભલાને જૂઠા કહી દીધા ઠીક !' કોઈને ભલો માણસ કીધા પછી જૂઠો કહીએ તો કેવું

ખરાબ લાગે એને ? આ એવી વાત છે. બહુ અસાધારણ શૈલી છે 'રાજમલજી'ની !

પ્રથમ અવસ્થામાં એવા વિકલ્પો હોય છે. વિકલ્પમાં અને ભેદમાં ઊભો છે ત્યારે પ્રમાણ-નય-નિક્ષેપના આત્માને વિષય કરતા, આત્માના વિષયરૂપ વિકલ્પો હોય છે પણ એ વિકલ્પના કાળમાં પર્યાયદૃષ્ટિ હોવાને લીધે 'એ વિકલ્પ તે હું' એવો અનુભવ થાય છે અને આત્મા એવો વિકલ્પ સ્વરૂપે નહીં હોવાથી, રાગ સ્વરૂપે નહીં હોવાથી જ્યારે પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપી આત્માનો અનુભવ થાય છે ત્યારે એવું જ્ઞાન થાય છે કે 'વિકલ્પ માત્ર હું' એવો મારો અનુભવ હતો તે અનુભવ સાચો ન હતો પણ તે અનુભવ જૂઠનો અનુભવ હતો, મારું સત્ય સ્વરૂપ તો પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપ છે. એ વિકલ્પને જે જૂઠા કહ્યાં છે તે યથાર્થપણે કહ્યાં છે.

ઉપર પણ એ વાત લીધી છે કે **'પ્રમાણ-નય-નિક્ષેપરૂપ બુદ્ધિ દ્વારા...'** એટલે પહેલાંની અવસ્થામાં **'એક જ...'** એટલે અભેદ જ **'જીવ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ભેદ કરવામાં આવે છે...'** અભેદનો ભેદ કરવામાં આવે છે **'તે બધા જૂઠા છે;...'** અભેદમાં ભેદ પાડ્યો વિકલ્પે, એ જૂઠો (છે), સાચો નથી. વસ્તુ અભેદ છે અને તું ભેદવાળી કેમ જુએ છે ? અને **'આ બધા જૂઠા થતાં જે કંઈ વસ્તુનો સ્વાદ...'** (આવે છે) તેને અહીંયાં અનુભવ કહેવામાં આવે છે. અભેદ અનુભવ એને કહેવામાં આવે છે કે જે અનુભવમાં અભેદ વસ્તુનો આસ્વાદ આવે છે અને એ આસ્વાદ આવતા વિકલ્પરૂપે મને હું અનુભવતો હતો એ અનુભવ મારો જૂઠો હતો, એવું જ્ઞાન થાય ત્યારે એને અનુભવ થયો એમ કહેવામાં આવે છે. એટલે એ **'બધા જૂઠા થતાં...'** જૂઠા લાગતાં, જૂઠા માલૂમ પડતા **'જે કંઈ વસ્તુનો સ્વાદ...'** તેને અનુભવ કહેવામાં આવે છે.

**'જેમ સૂર્યપ્રકાશ અંધકારથી સહજ જ ભિન્ન છે...'** અથવા સહજ જ વિરુદ્ધ છે. અંધકારથી સૂર્યનો પ્રકાશ વિરુદ્ધ છે **'તેમ અનુભવ પણ સમસ્ત વિકલ્પોથી રહિત જ છે.'** અથવા સમસ્ત રાગાદિ વિકલ્પોથી વિરુદ્ધ છે. એ આની અંદર વાત સ્થાપી છે. વિષય એ છે, કળશનો વિષય એ છે. બહુ સારો કળશ છે. આવો કળશ આવે ત્યારે 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં બહુ ખિલતા !

અહીંયાં એનો સિદ્ધાંત સંક્ષેપમાં લીધો છે એ વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. ક્યારેય પણ વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી. અભેદ અનુભવને સાધવા માટે ભેદનું સાધન અનુકૂળ પડતું નથી. કેમકે અનુભવ તો અભેદ અનુભવ છે અને ભેદથી (અનુભવ કેમ થાય) ? શુદ્ધ પર્યાયરૂપ અભેદ અનુભવ છે એનું સાધન વિકલ્પના ભેદ કેમ થાય ? કે એ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**'એકને ગ્રહણ કર્યું...'** એક એટલે ત્રિકાળી દ્રવ્ય સામાન્ય – અભેદ દ્રવ્ય **'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'** શું કહે છે ? કે જ્ઞાનમાં ભેદને અને અભેદને બન્નેને જાણવું એટલે ગ્રહણ કરવું એવું સામર્થ્ય છે તોપણ છદ્મસ્થ અવસ્થામાં ભેદને અવલંબતા રાગની ઉત્પત્તિ થાય છે, વિકલ્પની ઉત્પત્તિ થાય છે. સર્વજ્ઞ અવસ્થામાં એવું નથી થતું. સર્વજ્ઞના જ્ઞાનમાં તમામ પદાર્થો, પોતાનો પદાર્થ અને તમામ બીજા પદાર્થો સર્વ ગુણો, સર્વ પર્યાયો અને સર્વ ધર્મોના ભેદ સહિત જ્ઞાનગોચર થાય તોપણ રાગાદિની ઉત્પત્તિ થતી નથી. જ્યારે છદ્મસ્થનું જે જ્ઞાન છે એમાં ભેદના અવલંબનનો નિષેધ છે. ભેદ જ્ઞાનમાં જણાય છે એ તો એનો ધર્મ છે. જાણવું અને અવલંબવું એમ જુદું જુદું કાર્ય છે. જ્યારે જ્ઞાન ભેદનું અવલંબન લે છે ત્યારે તે જ જ્ઞાન રાગની ઉત્પત્તિનું કારણ બને છે. એ જ જ્ઞાન ભેદ ઉપરથી સરકીને અભેદ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે નિર્વિકલ્પદશા થાય છે. એમ લેવું છે. એટલે ભેદનું જ્ઞાન ભેદના અવલંબન સહિત છદ્મસ્થદશામાં થવાના કાળમાં એને ગૌણ કરાવ્યું છે, ભલે એ વસ્તુનું સ્વરૂપજ્ઞાન છે તોપણ. કેમકે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, આનંદ આત્માનું સ્વરૂપ છે. કોઈપણ ભેદ એ આત્મામાં રહેલો ભેદ છે, તોપણ કહે છે કે એ રાગની ઉત્પત્તિનું કારણ જાણીને તેનો નિષેધ કરવામાં આવ્યો છે અથવા એને ગૌણ કરાવ્યું છે.

**'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'** વળી જ્યાં જ્યાં ગુણભેદ છે તે એકાંતે ભેદરૂપ ગુણભેદ નથી પણ વસ્તુની વિશેષતા હોવાથી વસ્તુની અભેદતા સહિત છે. એમ જ્યાં ભેદ છે ત્યાં અભેદપણું પણ છે. જે કેવળ ભેદને લક્ષમાં લે છે તે વિકલ્પમાં અને રાગમાં આવે છે અને ભેદને જાણતા અભેદ

જણાય છે અને એની મુખ્યતા થઈ જાય છે અને ભેદ ગૌણ રહી જાય છે ત્યારે એ અભેદતાની સાધનામાં આવે છે અને એ વસ્તુના અભેદ સ્વરૂપને સાધીને નિર્વિકલ્પ થાય છે, વીતરાગતા પ્રગટ કરે છે. આમ છે.

નહીંતર લોકો તર્ક કરે છે કે વસ્તુ તો ભેદાભેદ સ્વરૂપ છે. આત્મવસ્તુ તો (ભેદાભેદ સ્વરૂપ છે). અભેદમાં પણ ભેદ તો અંતર્ગર્ભિત છે. અનંતગુણનું એકરૂપ કહો તો અનંતગુણના ભેદ એમાં ખરા કે નહીં ? કે ભેદ વિવિક્ષાથી ભેદ કહેવાય છે અને ભેદની મુખ્યતાવાળા જ્ઞાનમાં ભેદને જોવામાં પણ આવે છે એટલે વ્યવહારનયના ઉપયોગમાં (ભેદ જોવામાં આવે છે). વ્યવહારનય તો જ્ઞાનનો ઉપયોગ છે ને ? જ્ઞાનનો નય છે ને ? સમ્યક્જ્ઞાનનો નય છે પણ સમ્યક્જ્ઞાનનો નય કેવળ ભેદને જોતો નથી. અભેદતાને સાધતો સાધતો એ ભેદને જાણે છે, ભેદને સાધતો નથી. સાધે છે અભેદને અને જાણે છે ભેદને. ત્યારે તે ભેદને સાધ્યા વિના અભેદને સાધતો વીતરાગતામાં આવે છે, માત્ર અભેદને તે જાણી લે છે તો જાણવાનો દોષ નથી પણ ભેદને સાધવું એ સાધના નથી પણ વિરાધના છે. સાધના નથી પણ એ રાગ(રૂપ) વિરાધના છે, રાગ ઉત્પન્ન થાય છે એટલે એને વિરાધના કહે છે.

એટલે અહીંયાં અભેદની મુખ્યતા ગ્રહણ કરે છે કે, **'એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.'** એમાં ભેદનું જ્ઞાન આવી ગયું. આત્મદ્રવ્યમાં અનંતા ભેદો છે, ગુણના પણ અનંતા ભેદો છે, ધર્મના અનંતા ભેદો છે અને તે બધા ભેદોને જાણનારા જ્ઞાનના ઉપયોગને નયજ્ઞાન કહેવામાં આવે છે. કોઈ સાધકને અનંત નયોનું જ્ઞાન ઉપયોગાત્મક થતું જ નથી અને પ્રમાણજ્ઞાનમાં બધા નયોનું જ્ઞાન અભેદપણે આવી જાય છે, અભેદમાં બધા ભેદોનું જ્ઞાન લબ્ધરૂપે આવી જાય છે. એવી એક લબ્ધિ પ્રગટ થાય છે. કેમકે સાધકનો સાધકપણે રહેવાનો કાળ અસંખ્ય સમય છે. એમાં સાધક અવસ્થામાં અનંત નયોના અનંત ઉપયોગ થવાનો સમય પણ સાધક પાસે નથી. પછી તો સર્વજ્ઞ અવસ્થામાં નયજ્ઞાન રહેતું નથી. એટલે એક જ સમયમાં અનંત ગુણધર્મોને જાણનારું જ્ઞાન છે. એટલે અહીંયાં એમ કહ્યું કે એક અભેદને ગ્રહણ કર્યું તેમાં બધું આવી ગયું. તારે જુદાં જુદાં

ભેદના જ્ઞાનમાં, વિચારમાં, વિકલ્પમાં પડવાની કોઈ જરૂર કે આવશ્યકતા નથી. તેમાં બધું આવી જાય છે.

મૂળમાં તો અભેદને ગ્રહણ કરતાં, એકને ગ્રહણ કરતાં આત્મિક શાંતિ અને શાંતિના અનુભવથી ઉત્પન્ન થતી તૃપ્તિ ઉત્પન્ન થાય છે, આત્માનું સુખામૃત ઉત્પન્ન થાય છે અને એ અમૃતના અનુભવથી આત્માને તૃપ્તિ થાય છે પછી એને અનેક નયજ્ઞાનની આવડત સાથે કાંઈ પ્રયોજન નથી.

એક જ્ઞાની એવા હોય કે અનેક નયોનું જ્ઞાન અને ઉપયોગની અંદર એનું જાણપણું અને વિશેષતા ઉઘાડવાળી હોય, ઉઘાડ વિશેષતાવાળો હોય. એક જ્ઞાની એવા હોય કે એને નવ તત્ત્વના નામ પણ યાદ રહેતા ન હોય. તો જેને ઘણો ઉઘાડ છે એ જ્ઞાની આગળ વધેલાં છે અને આ ઉઘાડ નથી એ જ્ઞાની પાછળ રહી ગયા છે એમ મોક્ષમાર્ગને વિશે નથી. આમ છે.

કોઈ અજ્ઞાનીને એવો ઉઘાડ હોય. આખું નયચક્ર ગ્રંથ કંઠસ્થ હોય અને અનેક નયોથી વાત કરે. ગપ્પા મારે એની વાત નથી હોં ! આ તો બરાબર શાસ્ત્ર અનુસાર કહે એની વાત છે. બાકી તો શું છે કે આમસમાજ તો આવા બધા વિષયથી અજાણ્યો છે એટલે લોકોના ગપ્પા પણ ચાલે છે પણ ઈ ગડબા મારે એની વાત નથી. અહીં તો બરાબર શાસ્ત્રજ્ઞાન હોય તો અજ્ઞાનીને પણ એવું શાસ્ત્રનું જ્ઞાન હોય પણ એ જ્ઞાનની કોઈ કિંમત નથી. એ જ્ઞાન ખરેખર જ્ઞાન નથી પણ એ અજ્ઞાનરૂપ જ્ઞાન છે, વિપરીત જ્ઞાનરૂપ જ્ઞાન છે. કેમકે એ જ્ઞાન આત્માને સાધતું નથી, એ જ્ઞાન પોતાને જ સાધતું નથી. તેથી તે જ્ઞાન જડ છે ! ચૈતન્યનો અંશ ગણવામાં આવતો નથી. જેમ રાગને જડનો અંશ કહીએ એમ એવા પરને સાધવાવાળા જ્ઞાનને પણ જડનો અંશ ગણીને જડ કહેવામાં આવે છે. પણ લોકોને બાહ્ય દૃષ્ટિમાં એનો મહિમા આવે છે. એ નકલી જ્ઞાનનો મહિમા છે.

મુમુક્ષુ :– નક્કી થઈ શકતું નથી. મિથ્યાદૃષ્ટિ શાસ્ત્રજ્ઞાનથી આવું ઘણું બોલે છે પણ નક્કી કરવામાં જરાક તકલીફ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– નક્કી તો કરવું પડશે, ભાઈ ! એના વગર હિત કેમ

થાશે ? જ્યાં સુધી જીવ નક્કી ન કરે તો એ તો અનંતવાર સમવસરણમાં ગયો. અત્યારે તો સાક્ષાત્ ભગવાન બિરાજમાન નથી, દિવ્યધ્વનિ નથી પણ સમવસરણમાં પણ નક્કી ન કર્યું એટલે ઊંધાઈ છોડી નહીં અને સવળો ન થયો તો તો થઈ રહ્યું ! એનો કોઈ ઉપાય નથી. સ્વતંત્ર છે – એના માટે એ પ્રભુ છે – પરમેશ્વર છે. પોતાનું ઊંધું કરવા માટે પણ ભગવાન છે અને સીધું કરવા માટે પણ ભગવાન છે. ભગવાનનો કોઈ ભગવાન નથી. આમ છે. આવી વાત છે. એના માટે તો દરેકની સ્વતંત્રતા રાખવી રહી, સ્વીકારવી રહી અને એના માટે આકુળતા કરવાની હોય શકે નહીં. એ તો સ્વતંત્ર છે. પ્રત્યેક પદાર્થ, પ્રત્યેક જીવ સ્વતંત્ર છે. આપણે સુખી થવું હોય તો આ સાધવું. જેને સુખી થવું હોય એણે સાધવું, ન સુખી થવું હોય એ એનું જાણે. આપણે તો સુખી થવાના માર્ગે ચાલ્યું જવું જોઈએ. બસ ! એટલી વાત છે.

મુમુક્ષુ :– કોણ સાચું છે, કોણ જૂઠું છે એ નક્કી નથી થઈ શકતું એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ વાત છે ? કોણ સાચું છે કોણ જૂઠું છે એમ નક્કી નથી થતું એમ ? બરાબર નક્કી થાય. નક્કી કરવા ધારે તો જરૂર નક્કી થાય એવું છે, ન નક્કી થાય એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– લોકો ભ્રમમાં આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– શું થાય ? એવી ભ્રમમાં પડવાની યોગ્યતા હોય તો (એવી) યોગ્યતામાં (ભ્રમમાં) પડે. પોતાની હિતબુદ્ધિ ન હોય તો ભ્રમ થાય છે. પોતાનું હિત કેમ થાય ? એ વિષયમાં પોતાના પ્રયોજનમાં જીવ બહુ ચતુર છે. કોઈપણ જીવ પોતાના પ્રયોજનમાં ચતુર છે. તમારી દુકાને આવું, ભાવ પૂછું કે ભાઈ ! આ હોઝિયરી બહુ સારી છે, ઘણી સારી Quality તમે વેચો છો. પણ પૂછતાં પૂછતાં એમ પૂછું કે ક્યાંથી લાવો છો ? તો પાછા તમે જવાબ ન દ્યો. તમારા વખાણ કરું તોપણ તમે ન છેતરાવ. પણ સંબંધ હોય અને (કીધા વગર) બહુ ચાલે એવું ન હોય તો (એમ કહી દો કે), 'બંગાળ'માંથી આવે છે, કલકત્તા ન કહે. કાં કહે કે 'પંજાબ'માંથી આવે છે, 'દિલ્હી' કે 'લુધીયાણા'નું

નામ ન દ્યે. પણ પછી એમ પૂછો કે શું ભાવનું આવે છે ઈ તો કહો ? પછી દ્યો જવાબ ? જવાબ દ્યો તમે ?

પોતાના પ્રયોજનમાં જીવ બહુ ચતુર છે. એમ જે છેતરાય છે એને પ્રયોજન ભાસ્યું નથી અથવા એને બીજું કાંઈક પ્રયોજન ભાસ્યું છે. જ્યાં છેતરાય છે ત્યાં કાંઈક ને કાંઈક એને બીજું પ્રયોજન છે, જરૂર એને બીજું પ્રયોજન છે. એ વગર એ છેતરાય નહીં. આત્મહિતનું પ્રયોજન હોય અને છેતરાય એવો એક પણ કિસ્સો આ વિશ્વના ઇતિહાસમાં નથી. અનંતા સાધકો થયા એ કોઈ છેતરાણા નહીં. કેમકે એણે એક આત્મહિત જ મુખ્ય કર્યું. ગમે તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એક આત્મપ્રાપ્તિનું જ જેને લક્ષ છે એ ક્યાંય ભૂલો પડતો નથી અને એવું લક્ષ ન હોય તે ભૂલો પડ્યા વિના રહેતો પણ નથી. આ એનો સિદ્ધાંત છે. એમાં અપવાદ નથી એવો સિદ્ધાંત છે.

એટલે એમ કહે છે કે **'દૃષ્ટિ સાથે રહેલું સમ્યક્‌જ્ઞાન...'** દૃષ્ટિ પ્રાપ્ત કરતું જ્ઞાન **'સમ્યક્‌જ્ઞાન વિવેક કરે છે.'** એ ક્યાંય ભૂલતું નથી. એ જ્ઞાન પણ એવું નિર્મળ થાય છે. હિત-અહિતની પરીક્ષાવાળું થાય છે. એ પોતાના અહિતમાં ઊભો રહેતો નથી, હિતમાં જ ઊભો રહે છે. કેમકે હિત જ મુખ્ય છે, બીજું કાંઈ મુખ્ય નથી.

(વિશેષ લઈશું)...

**જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય. તું આ ચૈતન્યમાં – આત્મામાં ઠર, નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો ! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે. ૧૦૮.**

## તા. ૧૨-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૮
## પ્રવચન નં. ૮૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૬. ૧૦૮ નંબરનો બોલ છે. બોલનો વિષય છે – સ્વરૂપ મહિમા. **'જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.'** ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પદાર્થ – વસ્તુ પોતે જ છે. ચૈતન્ય એટલે પોતે જ છે. અનંત ચૈતન્ય પદાર્થો છે એ નહીં પણ પોતે જ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે. કેમ સર્વોત્કૃષ્ટ તત્ત્વ પોતે છે ? કે પોતાની અનંત શાંતિ અને પોતાનું અનંત સુખ પોતાના નિજ ચૈતન્ય વસ્તુમાં છે અને પોતાની સુખ-શાંતિ પોતાને છોડીને કોઈ અન્ય પદાર્થને વિશે નથી.

છએ દ્રવ્યો પોતપોતાના ગુણ-સમૃદ્ધિથી ભરપૂર છે અને એ રીતે દરેક પદાર્થને પોતાની સુંદરતા, પોતાનો સ્વભાવ, પોતાનું ગુણનિધાન (છે). એનાથી દરેક પદાર્થ સમૃદ્ધ હોવા છતાં પોતાને છોડીને બીજા પદાર્થ પોતાને કાંઈ કામના નથી અથવા પોતાને માટે પોતાના સિવાય બધું જ નકામું છે. કોઈ પદાર્થને સુખ-શાંતિ આપી શકે, કોઈ પદાર્થથી પોતાને સુખ-શાંતિ થાય એવી વસ્તુસ્થિતિ નથી.

પ્રશ્ન :- પૂરેપૂરું સુખ ભર્યું છે માટે મોટો છું ?

સમાધાન :- હા, પોતાની સુખ-શાંતિ અનંત ભરી છે. પૂરેપૂરી ભરી છે એટલે અનંત ભરી છે અને એ જ જીવનું પ્રયોજન છે. જીવ કાંઈ પણ પ્રવૃત્તિ કરે છે, સંસારમાં પણ પ્રવૃત્તિ કરે છે એ સુખ અર્થે કરે છે. બેસવું છે તો સુખેથી બેસાય એમ બેસવું છે અને નથી બેસવું ને સૂઈ જવું છે તોપણ સુખેથી સૂવાય અને પછી નથી સૂવું તોપણ સુખ માટે નથી સૂવું. કોઈપણ કાર્ય – નાનામાં નાનું કાર્ય; દૃષ્ટાંતનો તો એ અભિપ્રાય છે કે નાનામાં નાનું કાર્ય (કરે છે) એની પાછળ આ જીવને સુખનું પ્રયોજન છે. છતાં સંસારની કોઈ પ્રવૃત્તિથી ત્રણે કાળે સુખ ન થાય એવી વસ્તુસ્થિતિ છે અને પોતાના સુખનિધાનને સેવવાથી, પોતાના સુખનિધાનને શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારીને એમાં લીન રહેવાથી એકમાત્ર સુખાનુભવ થાય છે અથવા સુખરૂપી અમૃતનો આસ્વાદ આવે છે. એનાથી નિજ સુખામૃતનો આસ્વાદ થાય છે. તેથી આ **'જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે નિજ ચૈતન્યથી વધી જાય.'** અથવા જેને નિજ ચૈતન્યથી વધારે કિંમત આપી શકાય, વધારે મહત્વ આપી શકાય એવી એક ચીજ પણ જગતમાં નથી.

મુમુક્ષુ :- અનંતા તીર્થંકર ભગવાનથી માંડીને જ્ઞાની થઈ ગયા, જીવને મળી ગયા પણ આ વાત બેસતી નથી, હૃદયમાં બેસતી નથી..

પૂજ્ય ભાઈશ્રી :- એનું કારણ છે કે બીજો વિશ્વાસ મટતો નથી. તરસ લાગે અને પાણી પીતા તૃષા શાંત થાય ત્યારે એને વિશ્વાસ આવે છે કે આ પાણી મને સુખનું કારણ છે. પાણી વિના હું આકુળિત – દુઃખી હતો અને મેં પાણી પીધું અને આ પાણી પીવાથી મને શાંતિ થઈ, સુખ થયું એવો એને અનુભવ થાય છે. એમાં એક વિશ્વાસનો – પ્રતીતનો વિષય સાથે ઊભો થાય છે કે નક્કી આ મને સુખનું કારણ છે. ભૂખ લાગે, આકુળિત હોય, આહાર લે (પછી એને આકુળતા ઓછી થાય છે એટલે) એને એમ થાય કે નક્કી આ અનુકૂળતા મને સુખ આપે છે. એ વિશ્વાસ જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી ચાહે જેટલા તીર્થંકર કહે, ચાહે જેટલા જ્ઞાની કહે, કોઈપણ આવીને કહે પણ એનો વિશ્વાસ ન ફરે ત્યાં સુધી અહીંયાં વિશ્વાસ જામે નહીં, અહીંયાં વિશ્વાસ આવે નહીં. અહીંયાં

વિશ્વાસ આવે નહીં ત્યાં સુધી પેલો વિશ્વાસ ડગે નહીં કે બદલાય નહીં, ફરે નહીં. એકસાથે બન્ને છે. એનું કારણ આ છે.

કહે છે – કહેનારા કહે છે, અનુભવીને કહે છે, ખાતરીબંધ વાત કરે છે તોપણ પોતાનો વિશ્વાસ જ્યાં સુધી મટે નહીં ત્યાં સુધી કોઈપણ રીતે એને આ સવળો વિશ્વાસ આવે નહીં કે મારામાં અનંત સુખ ભર્યું છે અને એ સુખ ભોગવવા માટે મારે કોઈની જરૂર નથી.

હવે એ પ્રશ્ન થવા યોગ્ય છે કે, તો પછી એવો વિશ્વાસ મટે કેમ ? અને આ વિશ્વાસ થાય કેમ ? બન્ને બાજુના બન્ને પ્રશ્ન એટલા જ જટિલ પ્રશ્ન છે. કેમકે અનાદિથી એ પ્રશ્ન મટ્યા નથી એટલે એની જટિલતા હોય તો જ ન મટ્યા હોય ને ?

કહે છે કે, જ્યાં તને સુખનો ઊંધો વિશ્વાસ વર્તે છે ત્યાં જ્ઞાનીઓ, અનુભવીઓ, પૂર્ણ પવિત્રદશાને પામેલા તીર્થંકરો ના પાડે છે કે તારો એ વિશ્વાસ તને દુઃખનું કારણ છે, એ વિશ્વાસ તો તને દુઃખનું કારણ છે તો તપાસે. જ્યારે જ્યારે સુખ થાય ત્યારે તપાસ કરે કે આ સુખ સાચું ? કે આ સુખ કલ્પના ? જો તપાસવા જાય તો પહેલા તો વગર તપાસે જ એમ કહે કે, પણ રોજનો અનુભવ છે એમાં તપાસવું શું ? ખાઈએ છીએ અને પેટ ભરાય છે. પાણી પીએ છીએ અને તૃષા શાંત થાય છે. આ તો રોજનો અનુભવ છે એમાં શું તપાસીને નક્કી કરવું કે આ સુખનું કારણ છે કે નથી કારણ ? એમ નહીં.

ઉપર ઉપરથી તો એવી રીતે તારા અનુભવમાં તું છેતરાણો છો એમ વિશેષ કહે છે. એવા અનુભવમાં પણ તને છેતરામણ છે, ત્યાં પણ તને આકુળતા જ થઈ છે. કાંઈક આકુળતાના સ્વરૂપને સમજ કે પરાધીન પદાર્થો ઉપરની વૃત્તિ, ક્ષણિક કષાયને મંદ કરનારી વૃત્તિ છે. તીવ્ર કષાયમાંથી મંદ કષાય થાય એટલી એ વૃત્તિ છે અને એમાં જો શાંતિ હોત તો તને તર્ક આપીએ છીએ કે 'પશ્ચાત દુઃખ તે સુખ નહીં' પછી તને દુઃખ થાય એને સુખ શું કહીએ ? અથવા જે ખાવાપીવા કે કોઈપણ ભોગ-ઉપભોગથી તને સુખાનુભવ છે એની ને એની તું કેમ ના પાડે છે કે હવે નથી ખાવું ? હવે ખાવું નથી. હવે ઊલટી થશે, વધારે

ખાવામાં આવશે તો અબખે પડી જશે, ઊલટી થશે. તો પહેલાં જે તને સુખ થયું અને હવે જે તને સુખ નહીં થાય એમ બન્ને અનુભવ તો તને જ થાય છે. કાંઈક મેળવણી કર કે આ બન્ને પ્રકારના અનુભવમાં સત્ય શું છે?

ખરી વાત એ છે કે સત્ય શું છે એ શોધવાનું બાકી છે. જે અનુભવ થાય છે એ જ સત્ય હોય તો આવું બને નહીં. એટલે કે એનાથી સુખ થતું હોય તો સુખના સાધનની ના પાડવાનો પ્રસંગ આવે જ નહીં, પણ એ પ્રસંગ આવે છે એ એમ સૂચવે છે કે પહેલાં કાંઈક સુખની કલ્પના થઈ હતી હવે પરિસ્થિતિ બીજી અનુભવમાં આવે છે.

વળી આકુળતા શું અને નિરાકુળતા શું ? એ પણ તાત્ત્વિક દૃષ્ટિએ સમજવા જેવો વિષય છે. જાડી બુદ્ધિથી અને ઉપરછલ્લી વાતોથી એ નક્કી થાય એવું નથી. પણ ખરેખર જો આકુળતા તીવ્રમાંથી મંદ થતા તને સુખ લાગે છે તો એ આકુળતાનો અભાવ અને નાશ થઈને જે સુખ પ્રગટ થાય એનો વિચાર કોઈ વિશેષ ઊંડા ઊતરીને કરવા યોગ્ય છે એ વિચારવાનને સમજાયા વિના રહેતું નથી. સમજાય એવો વિષય છે.

એટલે ઉદયના કાર્યોમાં જ્યાં ઊંધો વિશ્વાસ વારંવાર દઢ થાય છે ત્યાં એણે ઊંડાણથી તપાસીને - અનુભવને ઊંડાણથી તપાસીને એ વિશ્વાસ છૂટી જાય, એમાં અવિશ્વાસ ઊભો થાય એ હદે તો એ સ્થાનમાં એણે આવવું જોઈએ. અને નિજ ચૈતન્ય અનંત સુખથી સમૃદ્ધ છે, ભરપૂર છે એ વાત એને જ્ઞાન વાનગીથી (અર્થાત્) જ્ઞાનના નમૂનાથી સમજાવી જોઈએ. એ જ્ઞાન વાનગી - જ્ઞાનનો પર્યાય; એક ગુણને અનંતગુણનું રૂપ હોવાથી જ્ઞાનને પણ સુખનું રૂપ છે, શાંતિનું રૂપ છે.

અશાંતિ તો કષાયમાં છે અને કષાયથી અભાવસ્વરૂપે રહેલું જે જ્ઞાન એ અશાંતિના અભાવ સ્વભાવે રહેલું હોવાથી સુખસ્વરૂપ છે, નિરાકુળસ્વરૂપ છે. જ્યાં સુધી તને તારા જ્ઞાનનો પરિચય કરતા એનું રૂપ સુખ છે - જ્ઞાનનું રૂપ સુખ છે, જ્ઞાન સુખ સ્વરૂપે છે એ ન સમજાય ત્યાં સુધી સત્પુરુષોના વચનો ઉપર વિશ્વાસ રાખીને એ પ્રયત્નમાં લાગ્યો રહે.

એ પણ અંતર તપાસનો વિષય છે કે જ્ઞાન સુખસ્વરૂપ છે કે નહીં ? જો એ એકલા જ્ઞાનને – માત્ર જ્ઞાનને... જુઓ ! આપણે નિશ્ચયનો વિષય ત્યાં ચાલ્યો એ જ્ઞાનમાત્ર શબ્દ હતો, એકલા જ્ઞાનને – માત્ર જ્ઞાનને અવલોકતા અથવા રાગથી છૂટું – જુદાં એવા જ્ઞાનને – જ્ઞાન માત્રને જ્ઞાનપણે જોતાં એનું સુખરૂપ, સુખસ્વરૂપ છે એ પણ બરાબર અવભાસનમાં આવે છે, એનો ભાવ ભાસે છે, સ્વભાવભાવ ભાસે કે જ્ઞાન સુખસ્વરૂપે છે અને જ્યારે એને જ્ઞાન સુખસ્વરૂપે છે એમ ભાસે છે ત્યારે એ જ્ઞાનનો પ્રવાહ જે જ્ઞાનભંડારમાંથી અવિરતપણે વહે છે એમાં જો અનંતુ જ્ઞાન હોય તો જ એ પ્રવાહ ચાલુ રહી શકે. તો અનંતુ સુખ છે એ વાત પણ એમાં આપોઆપ પ્રતિભાસમાં આવે છે, ભાવભાસનમાં આવે છે અને ત્યારે એને વિશ્વાસ આવે છે. જોયા વિના વિશ્વાસ આવે એવું નથી. માણસ એમ કહે કે, સાંભળી વાત છે પણ નજરે જોઈએ તો કહીએ કે આમ છે. વાત બરાબર છે કે નહિ.

જે વિષય પ્રત્યક્ષ થાય એનો વિશ્વાસ એટલો આવે કે કોઈ ગમે તે એ બાબતમાં ફેરવવા માગે તો ફરે નહીં. (તે એમ જ કહે), ભાઈ ! પણ મારી નજરે જોયેલી વાત છે તમે એમ કહો કેમ હું માની લઉં ? કોઈ ફેરફારવાળું કહે તો કહે કે ન કહે ? એમ જ્ઞાનમાં પ્રત્યક્ષપણું (છે) એ પણ એની વાનગીમાં રહેલું એક એવું પાસું છે કે એને એમ લાગે છે કે મારું સ્વરૂપ પણ (પ્રત્યક્ષ છે), સ્વરૂપે કરીને હું સહજ પ્રત્યક્ષ છું. એટલે ત્યાં એ વાત લીધી છે કે લક્ષણ પ્રસિદ્ધ છે અને એ લક્ષણ પ્રસિદ્ધ હોતા લક્ષ પણ પ્રસિદ્ધ જ છે. લક્ષણની પ્રસિદ્ધિથી લક્ષની પણ પ્રસિદ્ધિ છે. એવી વાત લીધી છે ને ? એને જે પ્રસિદ્ધ લક્ષણ છે એ તો ઉત્પાદરૂપ છે અને જે લક્ષ છે એ ઉત્પાદરૂપ નથી તોપણ સ્વભાવે કરીને પ્રત્યક્ષ હોવાથી અને એ પ્રત્યક્ષતાનો નમૂનો – વાનગી એના વર્તમાન જ્ઞાનઅંશમાં, વર્તમાન વર્તતા જ્ઞાનઅંશમાં અનુભવગોચર હોવાથી, સાકાર હોવાથી, પ્રગટ હોવાથી એને પ્રસાધ્યમાન એવું – પ્રસિદ્ધ થવા યોગ્ય એવું લક્ષ પણ સહજ પ્રત્યક્ષ સ્વરૂપે પ્રસિદ્ધ જ્ઞાનમાં આવે છે ત્યારે એને એનો વિશ્વાસ ઊભો થાય છે. જોઈને વિશ્વાસ કરે છે કે મારું આવું જ સ્વરૂપ છે. એ નિર્ણયમાં વિશ્વાસ

સાથે છે. ત્યારે પુદ્ગલમાં સુખનો વિશ્વાસ મટે છે. પહેલોવહેલો પુદ્ગલમાં સુખનો વિશ્વાસ ત્યારે એને મટે છે અને આત્મામાં સુખનો વિશ્વાસ પહેલોવહેલો ત્યાં ઉત્પન્ન થાય છે. એટલે ત્યારે એના જ્ઞાનમાં બળ આવે છે, નિશ્ચયબળ ત્યારે ઉત્પન્ન થાય છે કે એને સુખ પણ ભાસ્યું છે કે અનંતુ સુખ એનું નિધાન, એનો નિધિ હું પોતે જ છું અને મારા સુખ માટે મારે કોઈની પરાધીનતાનો સવાલ નથી. મારા સુખને માટે મારે ક્યાંય જવાનો પ્રશ્ન નથી. બસ ! મને મારું નિધાન મારામાં હવે ભાસી ગયું છે. એનાથી દૂર રહેવું હવે મારા પરિણામરૂપ ભાવને પોસાય એવું નથી, એવી રુચિ ઉત્પન્ન થાય છે. તેથી સ્વરૂપની રુચિ અને સ્વરૂપના નિશ્ચયવાળુ જ્ઞાન સ્વરૂપને બધાથી, રાગાદિથી પણ જુદું જે નિશ્ચયમાં આવ્યું છે એ અનુભવગોચર કરવા સમર્થ થાય છે. અહીંયાં નિશ્ચયમાં આવ્યું પછી એને અનુભવ થવામાં વિશ્વાસ (અને) રુચિને લઈને એની શક્તિ ઉત્પન્ન થઈ ગઈ કે, હું તો આવો જ છું. પછી સુખ માટે ઉપયોગ બહાર જાય છે તોપણ એનો નિષેધ આવવાનું અહીંથી શરૂ થઈ જાય છે કે પણ હું જ સુખનો ભંડાર છું વળી ક્યાં ઉપયોગ ગયો ? ઘડીમાં ક્યાં ભૂલું ? જો કે ભૂલાય એવી ચીજ નથી. અદ્ભુતથી અદ્ભુત એવું આત્મસ્વભાવનું સ્વરૂપ પ્રતિભાસ્યું હોય એને તો લક્ષ બંધાઈ ગયું છે. લક્ષણથી લક્ષસ્વરૂપ આત્માનું લક્ષ બંધાયેલું છે.

'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં એ વિષય ચાલ્યો (કે) લક્ષ બંધાઈ ગયું છે એ લક્ષ એને છૂટતું નથી. અનેક કાર્યો કરવામાં ઉપયોગ જાય છે, બીજે સુખ લેવામાં પણ ઉપયોગ જાય છે પણ લક્ષ સુખસ્વરૂપ આત્માનું હોવાથી એ ઉપયોગ અને ઉપયોગ સાથે ચાલતા રાગનો નિષેધ એને ચાલુ થઈ જાય છે. એ નિષેધને લઈને એ પરિણામોનું બળ છે એ ક્ષીણ થતું જાય છે, એ ઊલટી બાજુના પરિણામો નિર્બળ થતા જાય છે અને પોતે પોતામાં વધારે સુદઢ થતો જાય છે. પોતાના પરિણમનની શક્તિ વધીને અભેદ અનુભૂતિ સુધી એ પહોંચે છે અથવા ભેદજ્ઞાન કરવાનું સમર્થપણું સ્વરૂપના અવભાસનથી ઉત્પન્ન થયેલી જે ભાવના છે, રુચિ છે એને લઈને ભેદજ્ઞાન બરાબર થઈ શકે છે, કરી શકાય છે અને એ ભેદજ્ઞાનની ફળશ્રુતિરૂપે રાગનું એકત્વ તોડીને, પર્યાયનો પણ આશ્રયરૂપ એકત્વ છોડીને શુદ્ધ

ચૈતન્યસ્વભાવ, શુદ્ધ આત્મસ્વભાવ એ જ્ઞાયકદળ – જ્ઞાયકતળ સુધી પહોંચીને ઉપયોગ આખા ચૈતન્યપિંડ આત્માને અભેદ સ્વાનુભૂતિમાં બરાબર અનુભવે છે અને ત્યાં એને અનંતકાળમાં નહીં ઉત્પન્ન થયેલો એવો અતીન્દ્રિય આનંદ પણ જન્મ પામે છે.

એ સ્વાદ જે ઉત્પન્ન થયો અને આવ્યો એ સ્વાદની તોલે જગતમાં કોઈ નથી. આત્માના અતીન્દ્રિય આનંદથી અનાદિથી જે સુખના કારણે ઉત્પન્ન થતી અનેકવિધ પ્રકારની અનેક પદાર્થો માટેની ઇચ્છા અને તૃષ્ણા એ તૃષ્ણાનો અગ્નિ પહેલોવહેલો અહીંયાં શાંત થાય છે. અતીન્દ્રિય આનંદના અનુભવથી અનાદિથી વર્તતો તૃષ્ણારૂપી અગ્નિ, પરપદાર્થ સંબંધીની જે તૃષ્ણા એ અગ્નિ પહેલોવહેલો શાંત થાય છે.

બીજી રીતે કહીએ તો એવા અતીન્દ્રિય આનંદના અનુભવ વિના અનાદિથી વર્તતો તૃષ્ણાગ્નિ કોઈ રીતે શાંત થઈ શકે એવું છે જ નહીં. એનો કોઈ ઔષધ નથી, કોઈ ઉપાય નથી, એને શાંત થવાનો કોઈ બીજો પ્રકાર નથી. ભલે મંદ કષાયથી સંતોષ વાળે કે આમાં કાંઈ કરવું નથી. આપણે જે છીએ ઈ બરાબર છીએ. જે સંયોગોમાં પૂર્વકર્મ અનુસાર છીએ ઈ બરાબર છીએ હવે કાંઈ ધા-ઉધામા કરવા નથી. તોપણ એ તૃષ્ણાગ્નિ ત્યાં શાંત થયો છે એવા ભ્રમમાં રહેવા જેવું નથી. એક આત્માના અતીન્દ્રિય સુખના અમૃતનો આસ્વાદ – આનંદ અમૃતનો આસ્વાદ એ જ તૃષ્ણાના ભડકાને શાંત કરવા સમર્થ છે. બીજી કોઈ રીતે એ શાંત થાય એવું નથી. મંદમાંથી તીવ્ર થઈને ક્યારે ઊભો થઈ જશે (એની) પોતાને ખબર રહેશે નહીં.

એટલે એ દૃષ્ટિએ અહીંયાં કહેવાય છે કે, **'જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.'** પોતાના નિજ ચૈતન્ય સ્વરૂપથી વધી જાય એવી કોઈ વસ્તુ નથી. શુદ્ધ ચૈતન્ય એટલું મહિમાવંત તત્ત્વ છે કે એનો મહિમા કરનારને જાણે – મહિમા કરનાર અવસ્થાને જાણે અવસ્થામાં મહિમા સમાતો નથી ! માણસ નથી કહેતા ? કે આજે મારો આનંદ ક્યાંય સમાતો નથી. એમ 'ભાગચંદજી'એ (કહ્યું કે), 'ઘટ અંતર ન સમાય' સ્વભાવ... સ્વભાવ... કહેતાં

એટલું સોંસરવટ પરિણમન જાય છે...! લીધું છે ને ? કે જાણે એને જોનાર અવસ્થામાં એનો મહિમા સમાતો નથી, માતો નથી ! એવી એ વસ્તુ છે. તું એમાં ઠર.

**'તું આ ચૈતન્યમાં – આત્મામાં ઠર,...'** ઠરીને ઠામ થવાનું આ એક જ સ્થાન છે બાકી ક્યાંય ઠરીને ઠામ થઈ શકાય એવું નથી. કલ્પના થાય તો મુશ્કેલી છે. માણસ એમ કહે છે ને ? કે ભાઈ ! ગમે ત્યાં જઈએ પણ ઘરે આવીએ ત્યારે એમ નિરાંત થાય કે, બસ ! હવે આ મારું ઘર આવ્યું. અહીંયાં હવે નિરાંતે (બેસીએ), અહીંયાં નિરાંત છે. અહીંયાં બેસીશું, અહીંયાં રહેશું, અહીંયાં નિરાંત છે. પછી એ ઘરમાંથી પણ નીકળવાનો વારો આવે છે ત્યારે એણે અનુકૂળતાનો અને પોતાપણાનો જે રસ લીધો છે એનો પ્રત્યાઘાત ઉત્પન્ન થાય છે અને જીવ દુઃખી થાય છે. પણ ખરેખર તો પોતાનું નિજઘર તો પોતાનું સ્વરૂપ છે અને ત્યાં પરિણામ અંતર્મુખ થઈને ઠર્યા જ કરે... ઠર્યા જ કરે... શાંત થયા જ કરે...

જેમ છાયા છે એ બપોરે પોતામાં સમાય છે. છાયા... છાયા ! વૃક્ષની છાયા હોય (એ) માથે સૂર્ય આવે તો એનામાં ને એનામાં સમાય. એની છાયા બહાર ન પડે. એ સ્વદેશમાં સમાણી છે, સમાય છે. એમ સ્વરૂપમાં પરિણામ ઠરે અને શાંતિ થાય, શાંતિ થાય અને ઠરે. આ જ પરિસ્થિતિ છે. આવે તેમ સ્વદેશમાં ! એમાં સમાય છે, પરિણામ સમાધાન પામીને સમભાવે પરિણામ એમાં સમાય છે. 'સ્વરૂપમાં સમાયા એવા નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે' એ એક જ ઠરવાનું સ્થાન છે. બાકી તો ગમે તે વિષય ઉપર વૃત્તિ જાય, ઉપયોગ જાય ને પાછી ત્યાંથી બીજે ભાગ્યા વિના રહે નહીં. અંતર્મુહૂર્ત રહી શકે એવી પરિસ્થિતિ નથી. એને ઠીકપણાની કલ્પના કરે તોપણ ત્યાંથી ઉપયોગ બદલી જાય એવું છે. કેમકે એનું એ ઘર નથી, એનું એ સ્થાન નથી કે જ્યાં એ ઠરીને રહી શકે. આ તો સાદિ અનંત અનંત સમાધિ સુખમાં (રહે). અનંતકાળ પર્યંત – સાદિ અનંત સમાધિ સુખમાં પોતે ઠરીને રહી જાય. નિરાકુળ શાંતિથી, પરિપૂર્ણ નિરાકુળ શાંતિથી અનંતકાળ પર્યંત સ્થિર થઈ જાય એવું કોઈ સ્થાન હોય તો પોતાનું નિજાત્મસ્વરૂપ છે. એ સિવાય ક્યાંય ઠરીને ઠામ થવાય એવું નથી.

મુમુક્ષુ :– અનંતકાળથી ચાર ગતિમાં ઘણા ઘર કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ ક્યાંય ઠરીને તો ઠામ થયો નહીં. ઉપયોગ પણ ભાવે ભ્રમણ કરે છે એ પણ ઠરીને ઠામ થતો નથી તો દ્રવ્યે પણ પોતે ઠરીને ઠામ થતો નથી. વારંવાર ઉપયોગ ઉચાળા ભરે છે તોપણ જો જીવને એનો થાક લાગતો નથી, તો એનો વેગ – આવેગ હજી પરિભ્રમણ કરવામાં છે. ત્યાં બીજો કોઈ ઉપાય છે નહીં. એ જો શાંત પડે, એનું ઊંધું જોર શાંત પડે ત્યારે સ્વરૂપ નિવાસ થાય.

**'તું આ ચૈતન્યમાં – આત્મામાં ઠર, નિવાસ કર.'** શબ્દો – ભાષા અને વિષય કાંઈ એટલો અઘરો નથી પણ ભાવ એની અંદર અસાધારણ ભરેલાં છે ! એનો રસ લેવા જેવો વિષય છે. સ્વાધ્યાય તો આત્મરસ લેવાનું નિમિત્ત છે. ન સમજાતું હોય એને સમજવાનું કારણ બને પણ આ તો એવો સીધીસાદી ભાષાનો વિષય છે કે લગભગ આમાં ન સમજાય એ પ્રશ્ન નથી પણ એનો જે રસ છે એ રસ લેવા જેવો છે.

જે આત્મરસથી સત્પુરુષોના વચનામૃત હોય છે એ રસ એને જો પોતાને અનુસંધાનમાં કામ આવે તો પોતાને પણ રસ ઊપજે અને એ સ્વાધ્યાયનો હેતુ છે. નહીંતર તો એને એમ લાગે કે આ કાંઈ ખબર નથી પડતી ? (ખબર પડે છે કે), જગતમાં આત્મા સૌથી વધારે ઉત્કૃષ્ટ છે અને એમાં ઠરવા જેવું છે. આ તો બધું સમજાય એવું છે, નથી સમજતા એવું કાંઈ નથી. પણ ભાઈ ! એમ એને કાઢી નાખવા માટે એ વાત નથી, એનો રસ લેવા માટે એ વાત છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ની વાણી રસબસતી છે !

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ગુરુદેવ'ની વાણી (હોય કે) કોઈ પણ શાસ્ત્ર લ્યો, કોઈ પણ જ્ઞાનીનું વચન લ્યો એ આત્મરસથી ભીંજાયેલી વાણી હોય છે, અધ્યાત્મરસથી ભીંજાયેલી વાણી હોય છે. એમાં ચૈતન્યરસ છે. ચૈતન્યરસ છે એટલું નહીં એમાં અમૃતરસ છે – એની અંદર આત્માનો અમૃતરસ છે ! એ રસના જે રસીયા છે, પિપાસુ છે એવા જીવોને એ વચનો એ રસની ઉત્પત્તિમાં, એ રસનો આવિર્ભાવ થવામાં નિમિત્ત પડી જાય છે. ઈ એમાં નિમિત્ત પડી જાય

છે. પોતાને રસ ઊપજે છે પોતાના ઉપાદાનથી (પણ) લક્ષ ત્યાં જતાં અહીંયાં કાર્ય થયું એટલે એને નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બોલ સમજાઈ ગયો એમ નહીં પણ રસ - આત્મરસ ઉત્પન્ન થવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ કે આમાં નહીં સમજાવામાં શું વાત છે ? એવી બધી સાદી ભાષાની અંદર અધ્યાત્મનો ગૂઢ વિષય છે તોપણ એનો શબ્દાર્થ ન સમજાય કે એનો કાંઈ વિષય ન સમજાય એવું નથી. કેટલાક તો મોઢે થઈ જાય એવું છે મુખપાઠે થાય એવું છે પણ એનો રસ લેવો જોઈએ, રસ આવવો જોઈએ.

પ્રશ્ન :- રસ આવવો એટલે શું ?

સમાધાન :- રસ આવવો એટલે રસ આવવો. બીજી બીજી ચીજમાં કેમ રસ આવે છે ? પોતાને કામની ચીજ હોય, પોતાને સુખનું કારણ હોય તો એમાં કેમ રસ આવે છે ? એમ અહીંયાં પ્રયોજનનો વિષય લાગે તો એને રસ આવ્યા વિના રહે નહીં. મારા ઘરની વાત કરે છે - મારા સ્વરૂપની વાત કરે છે, મારા જ મહિમાની વાત કરે છે (એમ લાગે) તો એને એમાં મીઠાશ આવે છે, મીઠી લાગે છે. ફરી ફરીને આવે છે એટલે કંટાળો આવે છે (એમ) નહીં પણ મીઠાશ આવે છે. ઘરમાં બે વર્ષનું છોકરું હોય તો એની સાથે તોતડું તોતડું (બોલીને) વારેઘડીએ એને બોલાવે કે ન બોલાવે ? એને મીઠું લાગે છે કે નહિ ? એમ એને આમાં પણ મીઠાશ આવવી જોઈએ. છે વિષય એવો ! જો એને રસ પડે તો એ રસ વૃદ્ધિગત થઈને આત્મરસને પ્રગટ કરશે. જો એ નીરસ થઈ જશે કે આ તો બધી ખબર છે. આટલીવાર વાંચ્યું ને કાંઈ ખબર નહિ હોય ? આટલી વાર સાંભળ્યું ને કાંઈ ખબર નહિ હોય ? 'ખબર છે' એ 'ખબર છે વાળો' ખરેખર બેખબરો છે, (એની) એને ખબર નથી. અંદર શું ભર્યું છે એ એને ખબર નથી. એટલે ફરી ફરીને જે નિત્ય સ્વાધ્યાયનું કારણ બને છે એનું કારણ એમાંથી રસ લેવાનો પ્રકાર છે.

**'તું આ ચૈતન્યમાં - આત્મામાં ઠર, નિવાસ કર.'** નિજ નિવાસમાં શાંતિ

છે. બીજે નિવાસ કરવા જતા અશાંતિ છે અથવા તારું ઘર છોડીને બીજે નિવાસ કરવા જા તો કોઈ તને નિવાસ કરવા દે એમ પણ નથી. ક્યાંય જગ્યા નથી. જેમ માણસ ઘરે ઘરે જાય તો કહે, ભાઈ ! અહીંયાં નહીં. બધેથી હડહડ કરીને કાઢે કે અહીંયાં નહીં, અહીંયાં નહીં. જ્યાં જવું હોય ત્યાં જાઓ. 'રજનીશ'ને થયું ને ? કે અહીંયાં નહીં (રહેવાનું). એને બહુ દુઃખ થાય કે અરે...! મારું ક્યાંય સ્થાન નહીં ? આખી દુનિયામાં મને કોઈ રાખવા, ઊભો રહેવા દેવા તૈયાર નથી ? એમ એને થાય. તારું સ્વઘર છે, તારે ક્યાંય જવાની જરૂર નથી. સ્વઘરમાં વસ. આ જીવ ઉપયોગથી જ્યાં જાય ત્યાં બધા દ્રવ્યો ના પાડે છે (કે), અહીંયાં નહીં હો ! તું ઉપયોગ અહીંયાં આવે છે પણ અહીંયાં નહીં, તારું અહીંયાં સ્થાન નથી. એટલે ઉપયોગ ટકી શકે એવું નથી. સ્વરૂપ નિવાસ કર એમ કહે છે.

**'આત્મામાં ઠર,...'** સ્વરૂપ **'નિવાસ કર. આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'** અંદર નિવાસ કરીશ તો તને આશ્ચર્યકારી અદ્ભુત એવી દશાઓનો અનુભવ થશે, તારા અદ્ભુત ગુણ ઋદ્ધિનો તને અનુભવ થશે, એ તને જોવા મળશે, એ તને જાણવા મળશે, એ તને અનુભવવા – માણવા મળશે અને તને એટલી તૃપ્તિ થશે કે એને છોડીને બીજે ક્યાંય પરિણામ જાય તો તને પ્રત્યક્ષ દુઃખ છે એવો અનુભવ થશે.

એકાવતારી સમ્યક્દૃષ્ટિ ઇન્દ્રલોકના ઇન્દ્ર હોય છે. ઇન્દ્રનું સિંહાસન દૈવી હોય છે. સૌથી વધારેમાં વધારે કોઈ શોભાયમાન (હોય), ઇન્દ્રની ઇન્દ્રપુરીમાં (કોઈ) શોભાયમાન Article હોય તો એનું ઇન્દ્રાસન છે. કેમકે દેવોની સભાની વચ્ચે એનું એ આસન છે. માણસ નથી કહેતા ? કે ભાઈ ! જ્યાં મેળાવડો હોય, ઘણા માણસ ભેગા થતા હોય ત્યાં મેલાઘેલાં કપડાં પહેરીને ન જવાય. માણસ સારા કપડાં પહેરીને જાય છે કે નહી ? શું કરવા ? ત્યાં ઘણાં બધા ભેગા થવાના છે અને બધાની વચ્ચે જવાનું છે. પણ બધાની વચ્ચે મુખ્ય થઈને બેસવાનું હોય ઈ ગમે એમ બેસે ? એનું આસન એવું દૈવી હોય છે કે એની ઇન્દ્રપુરીમાં એની બરાબર એકેય ફર્નિચરનો Article એવો ન હોય ! દેવોની સભા ભરાવાની હોય (અને) એ સમ્યક્દૃષ્ટિ – ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ ઇન્દ્રનું લક્ષ જાય કે હું ઇન્દ્રાસન

ઉપર જઈને બસું તો એને ખુશી નથી થતી. એનો ઉપયોગ એ રીતે જાય છે, રાગ છે. ચતુર્થ ગુણસ્થાન છે, ચારિત્રમોહનો રાગ છે. એને દુઃખ થાય છે. ઇન્દ્રના ઇન્દ્રાસન ઉપર લક્ષ જતાં ઇન્દ્રને દુઃખ થાય છે. આમ બધાયની વચમાં જઈને બેસું અને મારી શોભા વધે એવી કલ્પના સમ્યક્દૃષ્ટિને થતી નથી.

મિથ્યાદૃષ્ટિને એવી કલ્પના થાય, હા... બધાની વચમાં મારું સ્થાન સૌથી મુખ્ય – આગળ ! બધાની વચમાં હું મોટો ! એ બિચારો ત્યારે ઝેર ખાય છે. પણ જ્ઞાનીને તો એનું લક્ષ જતાં એ દુઃખનું નિમિત્ત ભાસે છે, સુખનું નિમિત્ત ભાસતું નથી. કેમકે પોતાના અનંત ગુણમાં જે એને સુખ અને શાંતિ ને જે અજાયબીઓ અનુભવમાં (આવે છે), જે આત્માની અજાયબીઓ છે એની પાસે આ બધું તુચ્છ લાગે છે. અનંતકાળના પોતાના અસ્તિત્વની પાસે આ સંયોગ તો એને તદ્દન ક્ષણવર્તી લાગે છે. અબજો વર્ષનું આયુષ્ય એને ક્ષણવર્તી લાગે છે કે, આ કોઈ કાયમી ચીજ નથી, મારી ચીજ નથી અને ત્યાં સ્વરૂપ નિવાસ કરીને ઠરીશ અને શાંતિ મળે તેવી ચીજ નથી. ઊલટાનો ઉપયોગ અને વૃત્તિ ખેંચાય છે એટલું દુઃખ છે. એવો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એટલે એને એ સુખસ્વરૂપ અને સુખના નિમિત્તરૂપે ભાસતું નથી. પછી બીજા બધા વિષયો લઈ લેવા. ત્યાંથી માંડીને જેટલા કોઈ એના દેવલોકના સુખના નિમિત્તો ગણાય છે, ઇન્દ્રાણીઓ હોય છે, એટલા જ એના કરોડો દૈવી વિમાનો હોય છે, એટલા જ એના અનુચરો હોય છે, બધું ઝાકઝમાળ હોય છે પણ એને ક્યાંય એમાં દિલચસ્પી નથી, આકર્ષણ નથી. આ મારા સુખનું કારણ છે એમ હરગિજ નથી.

મુમુક્ષુ :– ... તો આત્માની કેટલી મહાનતા !

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો કીધું કે જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે ચૈતન્યથી વધી જાય. ચૈતન્યને જોઈને કહે છે ને ? આ ચૈતન્યથી વધી જાય એવી જગતમાં કોઈ વસ્તુ નથી. એમ નથી કે આ અહીંયાં કેવળજ્ઞાન થતું નથી. સમ્યક્દર્શન થઈ ગયું તોપણ હવે જાવાનું છે સ્વર્ગમાં. સમ્યક્દૃષ્ટિ વૈમાનિક દેવમાં જાય છે, તો એમ નથી વિચારતા કે ચાલો, ત્યાં તો એ...ય મજાના દેવલોકના સાધનો હશે ! (એને એમ લાગે છે કે), આ વચ્ચે એક પાછું મોટું જંકશન

થયું. જેને ત્વરાથી પોતાના ઘરે જાવું છે એને રસ્તામાં કોઈ સામો મળે અને ઊભો રાખે ને વાતું કરે ને વાત મૂકે નહીં અને આગળ ચાલવા દ્યે નહીં તો એને કંટાળો આવે કે હવે આ વાત પૂરી કરે તો સારું. અહીંથી ઝટ ચાલવા મંડીએ. રસ્તામાં જંકશન થાય (એ) એને પોસાતું નથી. એમ છે એને.

એટલે ત્યાં જતા જ એને વિચાર આવે છે કે, અરે...! ક્યાં મનુષ્યભવ અને ક્યાં આ મોટું જંકશન ! ફરીને હવે મનુષ્યપણું પામું તો (એટલી) સ્વરૂપસ્થિરતામાં (આવું), એટલા ચારિત્રદશાના પુરુષાર્થમાં આવું કે કેવળજ્ઞાન લીધે છૂટકો ! એટલે મનુષ્યગતિ દેવોને પણ પ્રિય છે. દેવાનુપ્રિય એમ કહેવામાં આવે છે એનું કારણ એ છે. આમ તો મનુષ્યના પુણ્ય નીચા છે અને દેવોના પુણ્ય ઊંચા છે પણ જેને પુણ્યની રુચિ નથી, જડની રુચિ નથી એવા સમ્યક્દૃષ્ટિ દેવો, સર્વાર્થસિદ્ધિના દેવોને પણ ચારિત્રની ભાવના આવે છે તો એ મનુષ્યગતિને સંભારે છે કે, ક્યારે મનુષ્ય થાઉં અને ક્યારે એવો અપૂર્વ અવસર આવે કે કેવળજ્ઞાનનો પુરુષાર્થ માંડું. એને દેવાનુપ્રિય ગતિ કહી છે. 'ગુરુદેવ' કોઈને સંબોધતા (ત્યારે) એમ કહેતા ને ? ..... ખાસ કહેતા 'દેવાનુપ્રિયા ! આમ નથી આમ છે. તમે તર્ક કરો છો એવી વાત નથી પણ આમ વાત છે. એમ કહેતા કે નહીં ? જે આ મનુષ્યભવ મળ્યો છે એ તો દેવોને પણ પ્રિય છે. સમ્યક્દૃષ્ટિ દેવોને પ્રિય છે એ ભાવના ભાવે છે એવો ભવ છે આ !

શું કહે છે ? કે **'આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'** જ્ઞાન મુખ્ય છે એટલે જ્ઞાનની વાત મુખ્ય કરે છે કે નિરાકુળ દિવ્ય જ્ઞાનથી આત્મા સમૃદ્ધ છે. ચમત્કારિક જ્ઞાન છે. જે કેવળજ્ઞાન ઉપયોગ નિરવશેષ અંતર્મુખ થઈને પોતાના પરમાત્મપદની સાથે જડાઈ ગયો છે, ખોડોઈ ગયો છે એ અંતર્મુખ ઉપયોગમાં લોકાલોકનું પ્રતિબિંબ પડે એ સમૃદ્ધિ કાંઈ ઓછી નથી. ક્યાંય એને જવાની જરૂર નથી. લોકાલોકમાં એને કોઈ જ્ઞેયની અવલંબન લેવાની જરૂર નથી. એક નિજાવલંબનમાં રહેતા રહેતા પણ અનંત પદાર્થોનું, લોકાલોકના સમસ્ત પદાર્થોનું સમસ્ત પર્યાયો સહિત, સમસ્ત ધર્મો સહિત પ્રતિબિંબ પડે તોપણ ઉપયોગને સ્વસ્થાન બદલવાનું કોઈ કારણ નથી એવું દિવ્યજ્ઞાન આત્મામાં છે !

એવું દિવ્યજ્ઞાન છે !!

જુઓ ! કેટલી કેટલી શ્રુતજ્ઞાનની શક્તિઓ હોય છે ! કે જેમ સમુદ્રમાં મધ્યબિંદુથી ભરતી આવે એમ ચૌદ પૂર્વની લબ્ધિ અંદરથી આવે. આ તો શ્રુતજ્ઞાનના વિષયની વાત (છે). કોઈ પરિચય કરવા જાય તો એને એમ લાગે કે ઓ...હો...હો...! જ્ઞાનનો દરિયો છે આ તો ! આ વ્યક્તિ કોઈ સાધારણ નથી આ તો કોઈ જ્ઞાનનો દરિયો છે ! અહીંયાં બેઠા બેઠા અસંખ્ય વાતોનો ખુલાસો કરે છે કે અહીંયાં આમ છે, અહીંયા આમ છે, અહીંયાં આમ છે, અહીંયાં આમ છે.

અવધિજ્ઞાન પ્રગટે છે એ પણ અલ્પજ્ઞાન છે. છતાં એમ કહે કે આ સ્વયંભૂરમણ સમુદ્રની નીચે રતન પડ્યા છે, ત્યાં રેતી નથી. કેટલો ઊંડો છે ? અસંખ્ય યોજન તો ઊંડો હોય છે ! જેટલો પહોળો હોય છે એટલો ઊંડો હોય છે. તો કહે, અંદર નીચે રેતી નથી, રતન પડ્યા છે. ત્યાં એકલા રતન જ હોય. ત્યાં રેતી હોતી નથી કે ત્યાં બીજી માટી હોતી નથી કે ત્યાં બીજી કોઈ વનસ્પતિ હોતી નથી, એકલા રત્નો જ હોય છે. અહીંયાં એક રતન ગોતવા જાય તો મળે નહીં. ઓ..હો....! થઈ જાય ! ત્યાં એકલો રત્નનો જ ભંડાર છે. દરિયો રત્નનો ભંડાર છે (એમ કહેતાં) ઓ...હો લાગે (છે). તો એને જાણનારું જ્ઞાન અને એના અનંત ગુણ-રત્નો ? તો કહે છે ઈ રત્નનો ભંડાર છે. પેલા પથરા છે, કાંકરા છે આ આત્માના ગુણ-રત્નો છે !

પ્રશ્ન :- અવધિજ્ઞાનના અમુક પ્રકાર છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણા (છે), ઓછાવત્તા ઘણા પ્રકારો છે. અવધિ એટલે મર્યાદા. (આપણે) નથી કહેતા ? કે ભાઈ ! આ કાર્ય માટે તમે કેટલા દિવસની અવધિ રાખી છે ? અવધિ એટલે મર્યાદા. મર્યાદાવાળું જ્ઞાન. ક્ષેત્રની અને કાળની જુદી જુદી મર્યાદાવાળું જ્ઞાન હોય છે. કોઈને ઓછું, કોઈને વધારે (હોય છે). એમ જુદી જુદી અવધિ હોય છે, બધાને એકસરખું નથી હોતું. કોઈ પહેલા દેવલોકની ધજા જોવે તો કોઈ આગળનું જોવે એવી રીતે.

પ્રશ્ન :- એમાં પણ ભેદ છે ?

સમાધાન :- હા, ઘણા ભેદ છે. ઓછાવત્તા, અલ્પ-બહુત્વ ઘણું છે.

આ તો શ્રુતજ્ઞાનમાં આવી શક્તિઓ છે, અવધિજ્ઞાનમાં આવી શક્તિ છે તો કેવળજ્ઞાન જે દિવ્યજ્ઞાન (છે એ તો) અચિંત્ય વસ્તુ છે ! જેની કલ્પના કરવી, ચિંતવના કરવી, એનું અનુમાન કરવું, જેનો વિચાર કરવો ત્યાં એની પહોંચ નથી. એ પરિણામોમાં એનો સમાવેશ થતો નથી. એવા એ દિવ્યજ્ઞાનથી આત્મા સમૃદ્ધ છે અને એવા એવા સંખ્યાએ અબજોના અબજો અનંત ગુણોથી પણ આત્મા સમૃદ્ધ છે. રાંકો કે ભિખારો નથી કે એ થોડાકમાં વેચાઈ જાય છે. એમ કહે છે. જરાક અનુકૂળતા મળે (ત્યાં) આખેઆખો વેચાઈ જાય છે એટલો તું દીન નથી, એટલો તું પામર નથી, એટલો તું હલકો કે નીચ નથી.

અનંતગુણોથી સમૃદ્ધ છે, એ તો પોતે સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ જ છે. સાક્ષાત્ પ્રત્યક્ષ હાજરાહજૂર ત્રણે કાળે મોજૂદ (છે). બોલાવું, સ્મરણ કરો ત્યારે આવે એમ નહીં. સ્મરણ ભલે આવે ને જાય એ આવતો-જાતો નથી. સ્મરણ આવે-જાય છે, આત્મા આવતો જાતો નથી. એ તો કારણપરમાત્મા પરમાત્મસ્વરૂપે સદાય મોજૂદ છે, હાજરાહજૂર છે, પોતે જ છે.

મુમુક્ષુ :- આવો સમૃદ્ધિવાળો છે છતાં...

પૂજ્ય ભાઈશ્રી :- અનાદર કર્યો. એને રાંકો માનીને અનાદર કર્યો. એક શાક લેવા જાય અને થોડી કોથમરી વધારે મળે તો રાજી થઈ જાય કે હં.. બીજા કરતા આપણને ફાયદો થયો ! નાની નાની વાતમાં (રાજી થઈ જાય). ટૂંકામાં દૃષ્ટાંત તો (એટલા માટે છે કે) નાની નાની વાતમાં હરખાઈ જાય છે, નાની નાની વાતમાં ખેદખિન્ન થઈ જાય છે. એણે પોતાના સામર્થ્યને, પોતાના અનંતગુણસમૃદ્ધ સ્વરૂપને (લક્ષમાં લીધું નથી). ક્યાંય એને લક્ષમાં આવ્યું નથી.

નિશ્ચય થતાં લક્ષ ખસતું નથી એનું કારણ આ છે કે વસ્તુ એટલી મહાન છે કે એકવાર એના જ્ઞાનના ભાવના ભાસનમાં પણ આવી જાય તો છૂટે નહીં. સંસ્કાર પડી જાય છે ને ! એટલે કોઈ આયુષ્ય છોડે, છૂટી જાય તો બીજા ભવમાં પામે છે એનું કારણ એ છે કે એકવાર એને ભાસી ગયું. જેમ ઘરમાં કાળો નાગ ભાળે તો ઊંઘ આવે ? આવે નહીં. કેવી રીતે ઊંઘી જાય ? એ તો કાંઈ

નથી, ઈ ભયના પરિણામનો ભયનો રસ તો કાંઈ નથી, એટલો અહીંયાં મહિમાનો રસ પડે છે. જ્યારે ખરેખર જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં પ્રતિભાસે ત્યારે એને એવો રસ પડી જાય છે. જેમ ભયનો રસ ભયને છૂટવા દેતો નથી એમ સ્વરૂપનો રસ પછી સ્વરૂપમાં અનુભવ લીધા વિના છૂટે એ પરિસ્થતિ આવતી નથી. અપવાદ ખાતર કોઈ જીવને એવું બનતું નથી કે એને સંસ્કાર પડ્યો ને અનુભવ ન લીધો હોય. એટલે તો કહે છે કે **'तत्प्रति प्रीतिचितेन भावि निर्वाण भाजनम्'** નિર્વાણનું ભાજન બતાવી દીધું ! એ જે પ્રસન્ન ચિત્ત છે એ રસ પડ્યો છે.

પ્રશ્ન :- અવધિજ્ઞાનીને કુઅવધિ અને સુવઅધિ એમ બન્ને હોય છે ?

સમાધાન :- સમ્યક્જ્ઞાન સહિત અવધિજ્ઞાનનો ક્ષયોપશમ થાય તો એને સુઅવધિ કહે છે અને મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન સહિત જ્ઞાનનો ક્ષયોપશમ થઈને અવધિજ્ઞાન પ્રગટે તો એને રાગ-દ્વેષનું નિમિત્ત વધારે થાય છે. નારકીનો દૃષ્ટાંત દેવાય છે કે નારકી જીવોને કુઅવધિજ્ઞાન (હોય છે). બધા અવધિજ્ઞાની હોય છે. દેવો અને નારકીઓ બધા અવધિજ્ઞાની હોય છે. નહીંતર તો બહુ કષાય કરીને નારકીમાં ગયા છે પણ પરિણામની વિચિત્રતા છે કે એનો ક્ષયોપશમ વધે છે ! દુઃખના નિમિત્તરૂપ ક્ષયોપશમ છે પણ એ એને વધે છે. એને ખબર પડે છે કે, હં... આ ઠેકાણે નરકમાં એક મારો દુશ્મન છે, લાવ ત્યાં જઈને મારું ! ત્યાં એને બીજા અવધિજ્ઞાની (નારકી) મારવા આવે. એને એ અવધિજ્ઞાન તીવ્ર દ્વેષનું કારણ થાય છે. એમ એ અવધિજ્ઞાન છે એ મિથ્યાદૃષ્ટિ દેવો હોય, દેવ હોય કે નારકી હોય, દેવને એમ થાય છે કે આ મારો મિત્ર છે લાવ જઈને મદદ કરું, આ મારો દુશ્મન છે લાવ એને જઈને હેરાન કરું. કરી શકતો નથી પણ એને ભાવ આવે પછી પેલાના પુણ્ય-પાપ હોય એવું થાય પણ એને એવો ભાવ આવ્યા વિના રહેતો નથી, એમ.

પ્રશ્ન :- સમ્યક્દૃષ્ટિ આત્માને બીજા ભાવ આવતા હશે ને ?

સમાધાન :- હા, સમ્યક્દૃષ્ટિની તો લાઇન જ જુદી છે આખી. જેમ બીજા મિથ્યાદૃષ્ટિને સર્વ સાધન બંધન થાય છે, આને એ બધા સાધન મોક્ષને અર્થે ઉપયોગી થાય છે. એને અવધિજ્ઞાન થાય છે તો એને મહાવિદેહ આદિ ક્ષેત્રની

અંદર જ્યાં તીર્થંકરો હોય છે એના અહીંયાં બેઠા બેઠા દર્શન થાય. પ્રત્યક્ષ છે ને ? અંશે પ્રત્યક્ષ છે. સીધો ત્યાં ઉપયોગ મૂકે એટલે સીધા સમવસરણના ભગવાન એના અંદરમાં આવે, પ્રતિબિંબ પડે સીધું ! એમ છે. એનો ઉપયોગ ત્યાં જાય. પછી એને એ વિકલ્પ ઊઠે ચાલો ત્યારે હવે ત્યાં જઈએ. એના જેટલા અનુચર દેવો હોય, બીજા સાધનો (હોય), વિમાન હોય તો એ લઈને વાજતેગાજતે ત્યાં ઊપડે.

પ્રશ્ન :- સમ્યક્દૃષ્ટિ નરકમાં જાય તો એને નારકીમાં કેવું જ્ઞાન હોય ?

સમાધાન :- સમ્યક્દૃષ્ટિની જુદી વાત છે. સમ્યક્દૃષ્ટિને તો આખો જે નરકનો ભવ છે એ જ એને ગૌણ થઈ ગયો છે. આખું ભવનું પોટલું બાંધીને (ફેંકી દીધું છે). ભવ પ્રત્યે ઉદાસ છે. એ પોતાની જ્ઞાનધારાથી 'અંતર સુખરસ ગટાગટી' ઘટક ઘટક પોતાનું સુખ પીવે છે. જેમ તૃષા લાગે અને શેરડીનો રસ પીવે એવી રીતે સુખ પીવે છે. એ તો હવે સમજે છે કે આ પૂર્વકર્મ ભોગવવા માટે આવ્યું છે એને સમભાવથી વેદી લ્યો કે જેથી એ ખાતું (બંધ થાય). દેણું કર્યું છે એ દેણું દેવાઈ જાય એમાં કાંઈ બીજો નથી હરખ કરવા જેવો કે નથી શોક કરવા જેવો. એટલે સમાધાન વર્તે છે, એના જ્ઞાનમાં સમાધાન વર્તે છે.

(વિશેષ લઈશું)...

આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક. આત્માના ગુણોમાં તરબોળ થઈ જા. આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય. ૧૦૯.

## તા. ૧૩-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૦૯, ૧૧૦, ૧૧૧. પ્રવચન નં. ૮૭

૧૦૮ (નંબરના બોલમાં) આત્મસ્વરૂપનો મહિમા કર્યો. અનંત ગુણોથી સમૃદ્ધ અગાધ ચૈતન્યની ઋદ્ધિ જેમાં ભરી છે. અગાધ ઋદ્ધિ ! જે ઋદ્ધિનો તાગ – પાર પૂરો પામી શકાય એવું નથી. જે ચૈતન્યની રિદ્ધિ-સિદ્ધિ છે, 'બનારસીદાસજી'એ ગાયું છે 'રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ દીસે ઘટમાંહી' સમ્યક્દૃષ્ટિને પોતાના અનંતગુણોની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટપણે પોતાના અંતરમાં દેખાય છે, ભાસે છે. એટલે એ સ્વરૂપ-લક્ષ્મીનો સ્વામી છે, 'અજાચી લક્ષપતિ હૈ' પહેલાં એ જમાનામાં લખપતિ એટલે બહુ શ્રીમંત ગણાતા. અહીંયાં તો આત્મલક્ષ્મીનું લક્ષ થયું છે એટલે લક્ષપતિ છે. લક્ષનો ધણી છે. આવા આત્માનું લક્ષ થઈ ગયું એટલે અજાચી થયો (અર્થાત્) હવે યાચના કરતો નથી. પોતાના સર્વોત્કૃષ્ટ પદને જોતાં હવે મારે કાંઈ જરૂર નથી એવું એને જણાય છે એટલે એને ક્યાંય દીનતા, યાચના – દીનતા, લાચારી કરવાનો ભાવ થતો નથી. કેમકે પોતામાં જ ચૈતન્યની અગાધ ઋદ્ધિ ભરેલી

છે. છેડો નથી એટલી ઋદ્ધિ છે ! અગાધ છે એટલે ક્યાંય પાછળ અંત નથી એટલી ઋદ્ધિ છે !!

પ્રશ્ન :– ઋદ્ધિ છે એ સમ્યક્દૃષ્ટિને દેખાય છે, મિથ્યાદૃષ્ટિને કેમ દેખાતી નથી ?

સમાધાન :– મિથ્યાદૃષ્ટિ ઊંધું પકડીને બેઠો છે. હું સંસારી છું, હું રાગી છું, હું નમાલો, નિર્માલ્ય છું, મારે અનેક પ્રકારના પુદ્ગલ પરમાણુની જરૂર છે, એના વિના મારે હાલે એવું નથી. એ સ્થિતિમાં ઊભો છે પછી ક્યાંથી દેખાય ?

૧૦૯ (બોલમાં) હવે આત્માને તીર્થ કહ્યું છે. એ પણ સ્વરૂપ મહિમાનો વિષય થયો ને ? કે **'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે...'** તું બીજે ક્યાંય તીર્થમાં દ્રવ્યે અને ભાવે યાત્રા કરવા જાય છે એના બદલે ભાવે તારા આત્મામાં – અંતરમાં પરમપવિત્ર (તીર્થ છે તેમાં સ્નાન કર). જેનાથી તરાય તે તીર્થ. આમ તો રૂઢિવાચક શબ્દ છે. દર્શનને યોગ્ય, યાત્રાને યોગ્ય (સ્થળ હોય) એને તીર્થ કહે છે પણ મૂળ એનો અર્થ છે કે તરવાના નિમિત્તને તીર્થ કહેવામાં આવે છે. તેથી બહારમાં સત્પુરુષ તીર્થ છે, સદ્ગુરુ બહારમાં તીર્થ છે અને દેવ – સત્દેવ બહારમાં તીર્થ છે.

મુમુક્ષુ :– તો પછી 'સોનગઢ' તીર્થ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તીર્થ છે અને જ્યાં સત્પુરુષોનું નિવાસસ્થાન છે એ પણ તીર્થ છે. મુમુક્ષુને તો એટલો મહિમા હોય છે કે જ્યાં એમની ચરણરજ પડી હોય એને પણ એ તીર્થ સમજે છે. પછી 'સોનગઢ' તીર્થ છે ઈ તો કહેવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– તમને રાગ છે એટલે કહો છો.

પૂજ્ય ભાઈશ્રી :– સાચી વાત છે, અમને રાગ છે. કોણે ના પાડી પણ ? સત્પુરુષ પ્રત્યે અમને રાગ છે તો એની કાંઈ ના પાડવાનું કારણ નથી. એ તો ગૌરવનો વિષય છે, ઈ કાંઈ લાંછન નથી. જેને ઉપકારી સત્પુરુષ પ્રત્યે રાગ ન હોય તો એ એને માટે અજુગતું છે – અયોગ્ય છે. ઉપકારી પ્રત્યે તો ઉપકારનો રાગ આવ્યા વિના રહે નહીં. જેને નિમિત્તનો વિવેક નથી તેને આત્માનો વિવેક નથી. એ નિમિત્તનો વિવેક છૂટી ગયો એનો અર્થ શું ? કે બહુ સ્થૂળ વિપરીતતા

ઉત્પન્ન થઈ એટલે નિમિત્તનો વિવેક છૂટી ગયો. પછી ઉપાદાનનો વિવેક હોવાનો પ્રશ્ન રહેતો નથી. એવી વિચિત્રતા બને કે નિમિત્તના વિવેકનું ઠેકાણું ન હોય અને ઉપાદાનના વિવેકની મોટી મોટી વાત કરે ! કહે છે કે એના ઘરની વાત નથી. કો'કની વાત કરે છે, એને કાંઈ લેવાદેવા નથી. એમ છે.

મુમુક્ષુ :– ઉપાદેય તો એક જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પરમ ઉપાદેય છે. પરમ પવિત્ર તીર્થ છે. જેમાં પરિપૂર્ણ પવિત્રતા, અનંત પવિત્રતા રહેલી છે અને રાગાદિ મલિનતાની જેમાં ગંધ પણ નથી એવું આત્મારૂપી પરમ પવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આ અન્યમતિઓ સ્નાન કરવા જાય છે ને ? ગંગા ન્હાય, 'અલ્હાબાદ'નું ત્રિવેણી સંગમ છે, 'પ્રયાગ' ! એને 'પ્રયાગ' કહે છે. આ 'પુષ્કર'માં સરોવર છે ને ? 'અજમેર' પાસે 'પુષ્કર' (છે ત્યાં) સ્નાન કરવા જાય, સમુદ્રસ્નાન કરે. આ 'જગન્નાથપુરી'માં સમુદ્ર સ્નાનનો મહિમા છે. ત્યાં દરિયો છે એટલે સમુદ્રસ્નાન (કરે). દરિયો તો બધે હોય છે પણ કાંઈકને કાંઈક ગોઠવી દે.

અહીંયાં સ્નાન કરવું એટલે ડૂબકી લગાવીને સ્નાન કરવું એમ કહે છે. પરમ પવિત્ર તીર્થ એવો જે આત્મા એમાં તું ડૂબકી લગાવ. સ્નાન કર એટલે એ પવિત્રતાના જળથી તરબોળ થઈ જા. પ્રદેશે પ્રદેશે પવિત્રતા પ્રગટ થાય અને નીતરતી પવિત્રતા પ્રગટે એવું સ્નાન કર. આ માણસ સ્નાન કરે છે તો પાણી નીતરે છે ને ? જે પાણી ઢોળ્યું હોય ઈ પાણી નીતરવા માંડે છે ને ?

**'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે,...'** એકલી પવિત્રતા જ ભરેલી છે એમ કહે છે. જ્યારે આત્માની પવિત્રતાનું જ્ઞાન થાય છે ત્યારે રાગાદિ મલિનતાનું સાચું જ્ઞાન થાય છે. નહીંતર કોઈ ને કોઈ પ્રકારના શુભ રાગમાં પવિત્રતા સમજીને એની ઉપાદેયતા રહી જાય છે. **'આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'** 'હું પવિત્ર છું' એમ ઉપયોગને મૂક. 'ઉપયોગ મૂક'નો અર્થ એ છે. હું પોતે જ પવિત્રતાનો પિંડ છું. પરિપૂર્ણ પવિત્ર સ્વરૂપ છું, એમ અંદરમાં પોતાના સ્વરૂપને અનુભવવા માટે ઉપયોગને અંદર લઈ જા. ઉપયોગ સ્વભાવીમાં ઉપયોગને મૂક. એ ઉપયોગનું

યથાસ્થાન છે, સાચું સ્થાન છે, યોગ્ય સ્થાન છે.

મુમુક્ષુ :-- એક વસ્તુ છે, જુદું ક્યાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :– વાત કરવામાં ભેદ પડી જ જાય છે. વસ્તુ એક હોવા છતાં એક વસ્તુની વાત કરવા જતાં એમાં ભેદ ઉત્પન્ન થઈ જાય છે. પણ કહેનારનું લક્ષ એક અભેદ ઉપર છે. ભેદકથન ઉપર કે કથનના વિષયરૂપ ભેદ ઉપર નથી. તેથી સાંભળનારનું લક્ષ પણ અભેદ ઉપર રહેવું ઘટે છે, ભેદ ઉપર એનું લક્ષ જવું જોઈએ નહીં. એમ છે.

વાત કરે ત્યારે ભલે એમાં ભેદ આવે, કથનની અંદર ભેદ આવે તોપણ એ લક્ષનો વિષય નથી. જેમ કથનની અંદર આવે કે 'પાણીનો પ્યાલો આપો' પણ લક્ષ છે પાણી ભરેલા પ્યાલા ઉપર. જ્ઞાનમાં ફરક ન પડે. ભાષામાં અને વિકલ્પમાં ફરક પડે, જ્ઞાનમાં ફરક પડે નહીં. જ્ઞાનમાં ફરક પડે છે ? પડતો જ નથી. જ્ઞાન તો નિશ્ચય સ્વરૂપનું જ રહે છે. ભાષા વ્યવહારની હોવા છતાં નિશ્ચયનું જ્ઞાન છૂટીને વ્યવહારના કથન અનુસાર જ્ઞાન ઊંધું થઈ જાય એવું બનતું નથી. વ્યવહારનું કથન તો આરોપિત છે.

બીજે ઉપયોગ છે ને ? રાગ ઉપર ઉપયોગ છે એટલે એમ કહે છે કે, એ ઉપયોગ પલટીને પવિત્ર, પરમપવિત્ર તીર્થ સ્વરૂપ એવો જે નિજ આત્મા એમાં ઉપયોગને મૂક. એમ બીજે ઉપયોગ છે એટલે આમ ઉપદેશ આવે છે. (આ) પ્રેરણાનો બોલ છે. પ્રેરણા આપે છે કે તું આમ કર.

'તરબોળ' શબ્દ વાપર્યો છે. **'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'** મગ્ન થઈ જા, લીન થઈ જા. આત્મગુણોની અંદર તું લીન થઈ જા, આત્મગુણોની અંદર તરબોળ થઈ જા, ડૂબી જા. બહાર નીકળવું ન પડે એમ ડૂબી જા. એમાં જ સમાઈને રહી જા. પરિણામને માટે એના જેવું ઉત્કૃષ્ટ સ્થાન બીજું કોઈ નથી. અહીંયાં ને અહીંયાં – દેહના દેવળમાં શુદ્ધાત્મા પિંડ છે. અનંત ગુણોની રિદ્ધિ-સિદ્ધિથી ભરપૂર છે, પરમ પવિત્ર છે. ઉપયોગને વીતરાગભાવે એમાં રાખીને સ્થિર રહે. બીજો કાંઈ પરિશ્રમ ને બીજો ધા-ઉધામો કે ઉપાધિ કરવાની ક્યાંય વાત નથી. આટલું કર – અંદર ઠરી જા, અંદર લીન રહે. એ બતાવવા માટે

ભગવાનની પ્રતિમાની સ્થાપના (છે કે) આમ કરવા જેવું છે, આ ભગવાને કર્યું. તું પણ આમ કર. આ સીધી વાત છે.

**'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા, આત્મતીર્થમાં એવું સ્નાન કર કે પર્યાય શુદ્ધ થઈ જાય, મલિનતા ટળી જાય.'** અનાદિની અવસ્થામાં જે મલિનતાની પરિણતિ છે. તું એવું સ્નાન કર, એવી ડૂબકી લગાવ; એ ડૂબકી લગાવનાર અવસ્થા છે; એમાં તરબોળ થઈને (સ્નાન કર કે જેવો) દ્રવ્યસ્વભાવ પવિત્ર (છે), એવો જ રાગ રહિત પવિત્રભાવ અવસ્થાનો - પર્યાયનો થઈ જાય અને મલિનતા ઉત્પન્ન ન થાય. એને મલિનતા ટળી જાય એમ કહેવામાં આવે છે. પછી મલિનતા ઉત્પન્ન થતી નથી. ક્ષણે ક્ષણે, સમયે સમયે ઉત્પન્ન થતી હતી એ બંધ થઈ જાય છે. એવું સ્નાન કર. આત્મતીર્થમાં એવું સ્નાન કર, એમ.

આ વારંવાર યાત્રા કરીને સ્નાન કરવા જાય છે ને ? અહીં તો કહે છે કે, એવું સ્નાન કર (કે) પછી મલિનતા ઉત્પન્ન જ ન થાય. અંદર ને અંદર પરિણામ લીન રહ્યા કરે અને જેવો શુદ્ધ પવિત્ર આત્મા છે અવસ્થાએ પણ એવો જ પ્રસિદ્ધ થઈને પરિણમન થયા કરે, બીજી રીતે એનું પરિણમન થાય નહીં. મલિનતા ઉત્પન્ન થવાની યોગ્યતાનો ક્ષય થઈ જાય. એ તો યોગ્યતા છે, એ કોઈ શક્તિ કે ગુણ કે ધર્મ નથી. ગુણરૂપી ધર્મ નથી, એ શક્તિરૂપી ધર્મ નથી. એક યોગ્યતા છે એનો ક્ષય થઈ જાય છે, પછી ફરીને એ કામ થતું નથી. અવસ્થામાં એ યોગ્યતા હોય છે.

સ્વરૂપના પુરુષાર્થથી એવી યોગ્યતાને બાળી નાખવામાં આવે છે, એનો ક્ષય કરી નાખવામાં આવે છે એટલે ફરીને એ ઉત્પન્ન થતી નથી. કરવા જેવું આ છે. અવસ્થાદૃષ્ટિએ કોઈ કરવા યોગ્ય કાર્ય હોય તો આત્મારૂપી પરમ પવિત્ર તીર્થમાં લીન રહેવું એ એક કરવા યોગ્ય છે. જ્યારે કરવા યોગ્ય કર્તવ્યની વાત થાય તો આટલું કર્તવ્ય છે. વસ્તુ તો કૃતકૃત્ય સ્વરૂપ છે. કૃતકૃત્ય સ્વરૂપ છે એનું શ્રદ્ધા, જ્ઞાન, આચરણ (કરવું) એને અહીંયાં કર્તવ્ય કહેવામાં આવે છે. ૧૦૯ બોલની અંદર કર્તવ્યની પ્રેરણા છે.

**'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દષ્ટિ બહાર ને બહાર જ છે.' ૧૧૦.**

૧૧૦. **'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં તેં જોયા નથી. દષ્ટિ બહાર ને બહાર જ છે.'** આ પ્રશ્નનો ઉત્તર છે. કેમ દેખાતું નથી ? કેમ દેખાતું નથી ? કે દષ્ટિ બહાર છે. પરમ પુરુષ અંદર છે અને દષ્ટિ બહાર છે. તો બહાર એને શોધે છે (કે) ક્યાંય ભગવાનના દર્શન થાય. તારો ભગવાન બહાર નથી. ભગવાન પોતે અંદરમાં છે એને જોવા માટે અંદર વળવાને બદલે બહાર શોધ્યા કરે છે. જ્યાં ખોવાયું હોય ત્યાં શોધે તો મળે નહીંતર ક્યાંથી મળે ? ખોવાયું હોય ક્યાંક, શોધે ક્યાંક. આ સોનાની વીંટી છે, આ સળી છે (એ) ઘરમાં ખોવાઈ જાય અને બોરતળાવે જઈને ગોતે, પાણી ડખોળે (તો) ક્યાંય મળે ? આટલો બધો પરિશ્રમ કરે ને કેમ નહીં મળતું હોય ? પણ ક્યાં પરિશ્રમ કરે છે ? અસ્થાનમાં પરિશ્રમ કરે છે. ખોવાયું છે ક્યાંક, શોધે છે ક્યાંક.

એમ **'પરમ પુરુષ તારી નિકટ હોવા છતાં...'** પુરુષાર્થનો પિંડ એવો – અનંત પુરુષાર્થનો પિંડ એવો આત્મા તું પોતે જ છો. નિકટ કહેવું એ પણ હજી જાણે બાજુમાં છે. અવસ્થાની બાજુમાં (છે). અવસ્થામાં હુંપણું રાખીને એ શોધે છે ને ? તો (કહે છે), પણ તું હું... હુંપણું જે અવસ્થામાં રાખે છે એની બાજુમાં જ છે. ચૈતન્યદળ અવસ્થાની બાજુમાં જ છે. અવસ્થાની પાછળ આખેઆખો કારણપરમાત્મા સદાય ઊભો છે, સદાય ખડો છે, હાજર છે. બોલાવા જાવું પડે એવું નથી. સદાય હાજરાહજૂર ! હાજરાહજૂર છે.

શાસ્ત્રમાં એક શબ્દ આવે છે. 'ટંકોત્કીર્ણ' નામનો શબ્દ આવે છે ને ? ટાંકણાથી જે ખોદી કાઢેલું હોય (તે). 'ઉત્કીર્ણ' સંસ્કૃત ભાષા છે. ખોદી કાઢેલું હોય એ મટતું નથી. બીજું ભૂંસાઈ જાય – લખેલું ભૂંસાઈ જાય, ઘસાઈ જાય પણ ટાંકણાથી

ખોદેલું હોય એ હજારો વર્ષ સુધી વાંચી શકાય. આ શીલાલેખ લખે છે. એટલે તો આપણે આ આગમને – શાસ્ત્રને આરસમાં કોતરાવ્યા. એક વધારે ટકે એવો પત્થર (હોય), પત્થર પણ ઘસાઈ નહીં એથી એમાં ખોદેલું હોય એ ઘસાઈ નહીં. સદા કાળ એ જયવંત વર્તો ! એવી એની પાછળ ભાવના હોય છે. મૂર્તની પાછળ અમૂર્ત ભાવના એવી હોય છે કે, આવા આત્મભાવો, આત્મસ્વરૂપને દર્શાવનારા શબ્દો, ભાવો એમાં અંતર્મુખ થવાની રીત પ્રદર્શિત કરનારા – વિધિ બતાવનારા શબ્દો, શાસ્ત્રો – શબ્દબ્રહ્મ જેને કહેવામાં આવે છે એ સદાય જીવંત રહો ! સદાય એનું અસ્તિત્વ રહો ! ક્યારે પણ એનો નાશ ન થાવ. એમ એની પાછળ ભાવના છે. અમસ્તા અમસ્તા પૈસા નાખે છે એવું નથી. કોઈ એમ કહે ને કે, અમસ્તા એમાં શું હવે આરસની અંદર આટલો બધો ખર્ચ કરવો ? પણ હવે પૈસાની કિંમત પણ શું છે ? પૈસાની કિંમત ત્યારે છે કે આવો એનો કોઈ સન્માર્ગને વિશે સદ્‌ઉપયોગ થાય ત્યારે પૈસાની કિંમત છે. બાકી તો એ અનર્થનું ને નુકસાનનું અને આત્માને દંડનું કારણ થાય છે.

કહે છે કે, એવું પરમાત્મતત્ત્વ, પરમ પુરુષ નામ પરમાત્મતત્ત્વ પોતે જ હોવા છતાં અને અવસ્થાની નિકટ હોવા છતાં તેં જોયા નથી એટલે અવસ્થામાં એ જણાયા નથી. બહુ નજીક છે. સૂર્યની નજીક હોય ને કોઈ એમ કહે કે, કોઈ અમને પ્રકાશ તો દેખાડો, સમુદ્રની મધ્યમા હોય અને કોઈ એમ કહે કે પાણી તો દેખાડો ! આ એના જેવી (વાત છે). આવી વાત છે કે, 'આત્માની શંકા કરે આત્મા પોતે આપ' શંકાનો કરનાર પોતે આ કોઈ અમાપ અચરજ છે ! અમાપ આશ્ચર્ય છે કે પોતે પોતાની શંકા કરે છે કે 'હું આવો છું ? હું આવો પરમાત્મા ! હેં ! હું પરમાત્મા !

**'ગુરુદેવે' તો એક મોટી રણભેરી વગાડી – તું પરમાત્મા છો એમ નક્કી કર ! કેવો પહાડી અવાજ ને કેવો રણકાર છે એમાં !!** ક્યારે પરમાત્મા છો ? સિદ્ધાલયમાં જઈશ ત્યારે ? અત્યારે જ તું પરમાત્મા છો એમ નક્કી કર. ગાંઠ માર, આ વાતની ગાંઠ માર. નક્કી કર. આ રાખીને બીજું બધું છે પછી અવસ્થાનો બધો ઉપદેશ છે કે રાગના સ્થાનમાં યથાયોગ્ય સ્થાને ગુણસ્થાન અનુસાર રાગના

પરિણામ હોય. વીતરાગતાના ગુણસ્થાન અનુસાર વીતરાગતાના પરિણામ હોય. એ તો ગુણસ્થાનની ભૂમિકામાં પણ લોકો ગડબડ કરે છે એટલે બતાવવું પડે છે. એમાં ગમે તેમ હોય તો ચાલે (એમ કોઈ કહે) તો (કહે છે), એમ નથી. એટલા માટે કહેવું પડે (છે). ખરેખર તો એને પરમાત્મતત્ત્વથી કાંઈ ઉત્કૃષ્ટ નથી. આ રાખીને વાત છે. પોતાના નિજ પરમાત્મતત્ત્વથી કાંઈ ઉત્કૃષ્ટ નથી એ રાખીને બધો ઉપદેશ હોય છે.

પ્રશ્ન :– બધાય પરમાત્મા છે ઈ રાખીને ?

સમાધાન :– બધાય પરમાત્મા છે એમાં પોતે પહેલો પરમાત્મા છે એ વાત મુખ્ય છે. આમ તો બીજા પરમાત્મા થઈ ગયા હોય એની સાથે લેવાદેવા નથી તો ન થઈ ગયા હોય એનું તો એને કોઈ લક્ષ કરવાનું કારણ રહેતું નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' પરમાત્મા જોયો છે એટલે કહી શકે છે, અહીં તો પર્યાયમાં રાગ-દ્વેષ દેખાય છે તો કેવી રીતે બોલવું કે પરમાત્મા છે ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે, પર્યાયમાં રાગ-દ્વેષ દેખાય છે કેમકે ત્યાં દૃષ્ટિ બંધાઈ ગઈ છે એટલે એ દૃષ્ટિ છોડાવવા માટે કહે છે. દૃષ્ટિ જ્યાં સુધી બહાર ને બહાર છે, રાગ-દ્વેષ ઉપર છે, બહાર ને બહાર કહો કે રાગ-દ્વેષ ઉપર કહો કે પરદ્રવ્ય ઉપર કહો કે દેહ ઉપર કહો, ત્યાં સુધી તો એ પોતાના પરમ પુરુષને નિકટ હોવા છતાં એ દશા જોતી નથી. દશાની નિકટ હોવા છતાં દશા નથી જોતી. દરિયા બાજુ પીઠ રાખીને ઊભો રહે અને કોઈ એમ કહે કે, ભાઈ ! આ તમારી નજીક દરિયો છે ને અગાધ પાણી ભર્યું છે ! પણ અમને તો અહીં છાંટો પણ દેખાતો નથી. ક્યાંથી દેખાય ? પીઠ છે દરિયા બાજુ, ઊંધું મોઢું રાખીને ઊભો છે. કોઈ એમ કહે કે, 'પણ તમારી નજીકમાં એટલો દરિયો છે... એટલો દરિયો છે...' કોઈ કહે, 'પણ દરિયાની હવા પણ આવે તો એમ થાય, લાગે કે, ના ના હશે દરિયો બાજુમાં પણ આ તો હવા પણ આવતી નથી.' આવે છે પણ તારું ધ્યાન નથી. આ Conscious bite કરે છે કે નહીં ? દોષના પરિણામ જીવ કરે છે ત્યારે અંદરથી એનો આત્મા એને સંમતિ દેતો નથી કે ના, ના આમ તો ન હોય, આમ તો ન હોય. એ એની હવા છે – નિર્દોષ

પરમાત્માની દોષના નિષેધાત્મક વલણવાળી હવા છે. ન ગણકારે તો ન ગણકારે.

આપણે ટંકોત્કીર્ણની વાત એટલા માટે લીધી છે કે, એ ન ભૂંસાડી શકાય એવી વાત છે એમ આત્મામાં જે જ્ઞાન છે અને જ્ઞાનમાત્રપણે જે આત્મા છે એ ન ભૂંસાડી શકાય એવી વાત છે. આત્મા ટંકોત્કીર્ણ જ્ઞાયક ચીજ છે, ટંકોત્કીર્ણ જ્ઞાયક પદાર્થ છે. ન ભૂંસાડી શકાય એટલે ઉલ્લંઘન ન કરી શકાય એવો પદાર્થ હોવા છતાં મિથ્યાત્વ અવસ્થામાં મિથ્યાદૃષ્ટિપણે એનું ઉલ્લંઘન કરી જવામાં આવે છે. નહીંતર ખરેખર ઉલ્લંઘન કરી શકાય એવું નથી. કેમકે જ્ઞાયકપણું તોપણ મટે એવું નથી. જ્ઞાનનું જ્ઞાનમાત્રપણું તો મટે એવું છે જ નહીં. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું સામાન્ય ક્યારે મટે છે ? વિશેષ જ્ઞેયાકારો હજી બદલાય છે પણ જાણવું સામાન્ય તો ક્યારેય છૂટતું નથી કે ક્યારેય મટતું નથી. એ એનું સ્વરૂપ છે.

દૃષ્ટિ બહાર છે એમ બતાવીને એમ કહે છે કે, દૃષ્ટિ અંદરમાં આવે, અંતરમાં દૃષ્ટિ આવે તો પરમ પુરુષના દર્શન થાય એવું છે. આમ ક્યાંક દર્શન કરવાના હોય તો ધક્કામુક્કી કરે. અહીંયાં કહે છે કે રાગની હારે (–સાથે) ધક્કામુક્કી કર ને ! તારા બહિર્ભાવોની સાથે (ધક્કામુક્કી કર ને !), એને ધક્કો માર (તો) તને અંદરમાં પરમ પુરુષના દર્શન થશે.

અંદરમાં આત્મા દિવ્ય પુરુષ છે ! પવિત્ર દિવ્ય પુરુષ છે એને સ્વસ્વરૂપે નિહાળવો, કો'કના સ્વરૂપે નહીં પણ એને સ્વ-સ્વરૂપે નિહાળવો, છે એને માત્ર પોતાસ્વરૂપે (સ્વીકારવો). પોતાસ્વરૂપે છે એને પોતાસ્વરૂપે માત્ર નિહાળવો. બસ ! આટલું કામ છે. આથી વધારે આમાં કામ નથી. આટલો આરાધનાનો વિષય છે.

આમ ક્યાંક તળાવને કાંઠે તરસ્યો રહે તો એને અફસોસ થાય કે, અરે...! મીઠાં પાણીનું સરોવર ભરેલું હતું ને હું તરસથી વલખાં મારતો હતો ! આ બરાબર એવું જ છે. આત્મા સંસાર અવસ્થામાં જે દુઃખી થાય છે, બેચેન થાય છે, ખરેખર એ સુખનો સાગર નજીકમાં છે, અવસ્થાની બાજુમાં પોતે જ છે અને દુઃખી થાય છે, સરોવરના કાંઠે તરસ્યો રહીને તરફડીયા મારે એવી રીતે દુઃખી થાય છે. સુખનો સાગર નજીકમાં છે અને દુઃખનું કોઈ કારણ આત્માને

વિશે નથી.

(કોઈ) એમ કહે કે, આત્મામાં (દુઃખ) નહીં હોય પણ બહાર તો બધે પ્રતિકૂળતા ઊભી થાય ઈ દુઃખ ખરું કે નહીં ? બહાર થાય છે એનો અર્થ જ તારામાં નથી થતું. પછી તો તું મારામાં થાય છે એમ માનીને દુઃખી થાય તો બીજો કોઈ ઉપાય નથી. બાકી ખરેખર જે બહાર થાય છે એને એનાથી આત્માને લાભ, એનાથી આત્માને લાભ-નુકસાન, સુખ-દુઃખ કે શાંતિ-અશાંતિ નથી અને અંદર અશાંતિ થવાની કોઈ જગ્યા નથી – અવકાશ નથી. પોતાના ગુણથી પરિપૂર્ણ છે, શાંતિથી પણ પરિપૂર્ણ છે, સુખથી પણ પરિપૂર્ણ છે. એને ભૂલતા ગમે એટલું દુઃખ છે અને એને સંભાળતા પછી એને ક્યાંય દુઃખ, ચિંતા, ભય, ખેદ કાંઈ રહેતું નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે.

વસ્તુનું સ્વરૂપ એવું છે કે અતિ નિકટ છે. પોતાનું પરમ સ્વરૂપ, પરમ ઉપાદેય એવું પોતાનું સ્વરૂપ પોતે જ છે. પણ જ્યાં સુધી એણે પોતાનું અસ્તિત્વ – પોતાની હયાતીને છોડીને બીજે ક્યાંય સ્થાપ્યું છે ત્યાં સુધી એ એને જોવામાં આવતું નથી. સત્પુરુષ તો હાથ પકડીને દર્શન કરાવે છે એમ કહે છે. આ બધી વાતો એવી છે કે, તારે ભગવાનના દર્શન કરવા છે ? તો કહે, હા કરવા છે ને ભાઈ સાહેબ ! પણ આ બધું આગળ એટલું બધું આડુંઅવળું ઊભું છે કે દર્શન થતાં નથી. ભગવાનના દર્શન તો મારે ઘણાં કરવા છે પણ આડે એટલા બધા (અવરોધ ઊભા છે). જેમ બહારમાં ટોળું ઊભું હોય ને ગિરદી હોય તો ન જઈ શકે તો કોઈ એમ કહે કે, તું સૌથી પાછળ રહી ગયો પણ ચાલ હું તને બીજે ઠેકાણેથી અંદર લઈ જઉં. આ ટોળું બહારનું બહાર રહી જશે, ચાલ તને અંદર લઈ જાઉં. આ બધા મોટા મોટા વૈષ્ણવોના તીર્થ સ્થાનમાં એવી બધી સગવડ છે. બધેય વેપાર છે, પૈસા આપો એટલે ટોળું બહાર રહી જાય અને વધારે ચાર્જ ભરે એને બીજા દરવાજેથી અંદર દર્શન કરાવવા લઈ જાય. અહીંયાં કહે છે કે, તારે કાંઈ દેવાની જરૂર નથી. તારી ભાવના હોય તો ચાલ તને અંદર લઈ જાઉં ! હાથ પકડીને અંદર લઈ જાય છે. કોઈ એને બીજું નડતું નથી.

એક સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એને રાગ-દ્વેષની બધી જે આડશ છે, બધી આડશ છે એ ખસેડીને અંદર લઈ જાય છે. સત્પુરુષોના વચનોમાં આ તત્ત્વ રહેલું છે.

મુમુક્ષુ :- હાથ પકડીને લઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાથ પકડીને અંદર લઈ જાય છે. જેમ કોઈ ડૂબતો હોય એને કાંડું પકડીને ખેંચે, બહાર કાંઠે લઈ લ્યે એમ એને - ડૂબતાને કાંડું પકડીને ખેંચે છે. જો પરમ પુરુષ તારી નિકટ છે ! અત્યંત નિકટ છે એમ કહે છે. પ્રગટ છે, પ્રસિદ્ધ છે અત્યંત પ્રગટ છે ! જરાક દૃષ્ટિ ફેરવીને જો ! બસ ! કાંઈ નથી આમાં, આ સિવાય બીજું કાંઈ નથી. એનું ફળ સાદિ અનંત સમાધિ સુખમાં અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ સહિત છે.

**જુઓ ! કેવા કેવા ભાવથી ભરેલા વચનો આવી ગયા છે ! ખરેખર તો મંત્રો જેવી જ વાત છે.** જેમ તરસ્યાને એમ કહે કે સરોવરની કાંઠે જ તું છો. તને ખબર નથી એટલે તું કાંઠા બાજુ વળીને પાણી પીવા જાતો નથી. તને બીજી બધી બાજુ જોઈને એમ લાગે છે કે અરે...! આ જંગલમાં ક્યાં પાણી મળતું હશે ? અને શું થાશે મારું ? મારું શું થાશે ? એમ થઈ જાય. એને એમ કહે કે પણ કાંઈ નહીં, જો ! આ બાજુ જો તો આ સરોવર ભર્યું છે.

એમ આત્મા શાંતિનું સરોવર છે, સુખનું સરોવર છે, અમૃતનું સરોવર છે. એને કાંઠે પર્યાય છે. બરાબર કાંઠે જ છે. અરીસાના દળથી અરીસાની પર્યાય જરાય દૂર નથી. વચ્ચે એક દોરાવાનું પણ અંતર નથી હોતું. જાણે એની સાથે અભેદ છે. એટલી નજીક અવસ્થા છે. દિશાફેરે દશાફેર છે. દિશાફેરે દશાફેર છે. એકવાર દિશા ફરે તો એ અપૂર્વ છે ! એ કાર્ય એણે અપૂર્વ કર્યું.

જ્ઞાનથી જ્ઞાનને વેદવું અને જ્ઞાનથી જ્ઞાનને અનુભવવું, જોવું, જાણવું. બસ ! આ દિશાફેરનું કાર્ય છે. અને જ્ઞાનથી જ્ઞાનને વેદવું, જાણવું એ એનો - જ્ઞાનનો સ્વભાવ છે. આમ દિશાફેર થઈ જાય છે. દિશાફેર થવામાં આ જ પ્રકાર છે, બીજો કોઈ પ્રકાર દિશાફેર થવામાં (નથી). જ્ઞાન જ્ઞાનને વેદે તે જ્ઞાનની સ્વસન્મુખતા છે અને એ દિશાફેર થવો એ અપૂર્વ છે. એ નથી કર્યું બાકી બધું પૂર્વાનુપૂર્વ

(કર્યું છે). શાસ્ત્રો ભણ્યો ને તપ તપ્યો ને ઘણી બધી ગમે તે ક્રિયા કરી પણ જ્ઞાનમાં એણે પોતાનો અનુભવ કર્યો નથી. સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે આ વાત એને ધ્યાન ઉપર આવી નથી અને એ બાજુનો પ્રયત્ન, પુરુષાર્થ કે કોશિશ કદી કરતો નથી.

દૃષ્ટિ બહાર છે એમ કહ્યું એ એટલા માટે (કે) પોતાની સ્થાપના બહાર કરી છે. રાગમાં અને રાગના વિષય દેહાદિમાં પોતાની સ્થાપના કરી છે એટલે નિકટ એવા પરમ પુરુષને અથવા અનંત જ્ઞાનના પ્રકાશથી જે પ્રસિદ્ધ પ્રકાશમાન છે એવા પરમ પુરુષને જોતો નથી. પ્રકાશનો પિંડ આત્મા છે. જેમ સૂર્ય પ્રકાશનો પુંજ છે. 'ગુરુદેવશ્રી' કહેતા કે ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે. નૂર એટલે તેજ. ચૈતન્યના તેજનું પૂર છે, કિરણ નથી કે દેખાય કે ન દેખાય. આ તો પૂર છે. જેમ પૂરને ખાળી શકાતું નથી, એમ અગાધ શક્તિને ખાળી (શકાતી નથી). આત્માની અગાધ શક્તિને રોકી રાખી શકાતી નથી. કેટલું નજીક છે ? કે બસ ! તદ્દન નજીક છે. બસ ! એક દિશાફેર થાય એટલી વાર છે. પડખું ફરે (એટલે) બધું ફરે. પડખું ફરે એટલી વાર છે.

આવા બધા વચનોથી વિષયને સુગમ કરેલો છે. 'અનુભવ પ્રકાશ'માં એ વાત લીધી છે કે સંતોએ માર્ગને સુગમ કરેલો છે. માર્ગ તો જે છે એ છે પણ આત્માર્થી જીવને એ સહેલાઈથી ગ્રહણ થાય એવી કોઈ ભાષા આવી છે, એવા કોઈ શબ્દો આવ્યા છે કે એને સુગમ થઈ જાય છે. એને તરત જ ગમ પડે છે કે હેં ! બસ ! જ્ઞાન પોતાને વેદે એટલું જ કામ છે ? અને જ્ઞાન પોતાને વેદે ? બસ ! એ તો એનું સ્વરૂપ છે ને એ એનો સ્વભાવ ને ઈ તો એનું સ્વરૂપ છે જેનો ત્યાગ થઈ શકતો નથી. આ તો ધ્યાન નથી ગયું એટલી જ વાત છે. એમ લાગે કે આ તો આ વિષય ઉપર, આ પડખા ઉપર ધ્યાન નથી ગયું એટલી વાત છે. બહુ સુગમ વસ્તુ છે આટલો પરમ પુરુષ નિકટ છે એમ કહે છે. પડખું ફરે એટલી વાર છે.

મુમુક્ષુ :- ૨૫ વર્ષથી સાંભળીએ છીએ પણ કાંઈ પડખે દેખાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ હવે શું છે કે સાંભળવામાં જે હેતુ હોવો જોઈએ

એ હેતુ નથી ને કાંઈક બીજા હેતુથી સાંભળવાની ક્રિયા થાય છે. બહુભાગ તો આત્માર્થપણે જ્યારે આવું સત્ શ્રવણનું કાર્ય ન થાય ત્યારે બહુભાગ લોકસંજ્ઞાએ થતું હોય છે કે આ મંડળમાં આ સમાજમાં પણ મારું અમુક સ્થાન છે એ વાત એના અંદરમાં મગજમાંથી – મસ્તકમાંથી ખસતી હોય નહીં. મારું અમુક સ્થાન છે, બસ ! હું બધાની વચમાં આવો છું. હજી આથી સારો દેખાવ (થાય) એવું હું કરું, દાન દઈને એવું હું કરું, ભક્તિ કરીને એવું હું કરું, શાસ્ત્ર વાંચીને એવું હું કરું, બીજા પ્રભાવનાના કાર્યો કરીને એવું હું કરું પણ એવું કરું કે હું બધામાં કાંઈક (છું) એવો (દેખાવ થાય). કાંઈક (એવો) દેખાવ (કરું), એવો કાંઈક વિશિષ્ટ દેખાવ, છું પણ વિશિષ્ટ અને દેખાવ પણ વિશિષ્ટ. પછી એ એમ કહે કે કાંઈ કામ થતું નથી. પણ ભાઈ ! તારી દૃષ્ટિ બહાર છે. લોકસંજ્ઞાએ દૃષ્ટિ બહાર રહે છે અથવા દૃષ્ટિ બહાર પકડાઈ રહે અને દૃષ્ટિ બહારથી છૂટે નહીં એવું કોઈ પક્કડ થવાનું સ્થાન હોય તો એ લોકસંજ્ઞા છે. એટલે જ 'શ્રીમદ્જી'એ કીધું, હું કાંઈ ગચ્છમાં નથી, મતમાં નથી, વાડામાં નથી, ક્યાંય નથી, હું આત્મામાં છું. એમ લેવાની પાછળ કારણ એ છે. કેમકે જ્યાં અનેક માણસો ભેગા થાય છે ત્યાં સંપ્રદાય થાય છે અને સંપ્રદાય થાય ત્યાં સંપ્રદાયબુદ્ધિ ઊભી થાય છે. સંપ્રદાયબુદ્ધિ એટલે આ ટોળામાં હું આવો. બસ ! આ અમારું ટોળું. આ અમારું. પણ તારે કાંઈ લેવાદેવા નથી. તારું કરી છૂટ, બાકી તારે કાંઈ લેવાદેવા નથી.

'શ્રીમદ્'માંથી એક પત્ર હતો. ૨૭મું વર્ષ. ૫૧૬ નંબર છે. પહેલાં પોતાની દશા લખે છે કે, **'પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં...'** અગ્નિ ઉપર પાણીનું તપેલું મૂકે અને પછી ઇચ્છા એમ રાખે કે આ પાણી ટાઢું રહે તો સારું. **'તે પાણી ઉષ્ણપણું ભજે છે,...'** એમાં ઇચ્છા કામ આવતી નથી. **'તેવો આ વ્યવસાય,...'** જુઓ ! આ કેટલો કંટાળો છે, સંસારમાં વૈરાગ કેટલો છે ! ૨૭મું વર્ષ છે, ધંધામાં ફસાયેલા છે. **'તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.'** પોતે ઊભા છે ને ? **'સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે,...'** આ વ્યવસાય (છે) એ

એમને આવી પડેલી વાત છે, કરવાની વાત નથી, હોંશથી કરવાની તો કોઈ વાત રહેતી નથી, આવી પડેલી વાત છે.

**'વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્ત્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી.'** કેમકે અસાર જાણ્યો હતો. મુનિચર્યા ગ્રહણ કરવાનું કારણ કે પહેલેથી એમાં ગૃહવાસમાં હતા ત્યારે પણ એમાં અસારપણું જાણ્યું હતું. **'તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે,...'** સાડાબાર વર્ષ સુધી નિદ્રા લેવાની વાત નથી. એકધારું તપ તપ્યા છે અને મૌન રહ્યા છે આમ તો તીર્થંકર છે એ મુનિદશામાં ઉપદેશ આપતા નથી. **'કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.'**

**'જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા,...'** ક્યાંય એમને રુચિ હોય, જ્ઞાનદશાવાળાને ભોગ અને વ્યવસાયમાં રુચિ હોય તો જ્ઞાનદશા હોય એમ બની શકે નહીં. **'અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા, નિઃસ્પૃહ હતા, અને...'** ગૃહસ્થદશામાં **'સહજ સ્વભાવે મુનિ જેવા હતા,...'** ઠીક !

પૂજ્ય 'બહેનશ્રી' ઘણીવાર એવી વાત કરે છે, કોઈ આચરણની વાત કરે તો કહે કે, 'ભૂમિકાને અનુસાર એવો રાગ છે.' તો ('બહેનશ્રી' કહે કે), 'શ્રદ્ધામાં તો નવ કોટીએ છૂટી જવું જોઈએ.' એવી વાત કરે છે. એનો અર્થ શું ? કે જે ચારિત્રમાં નવ કોટીએ પચ્ચખાણ લેવામાં આવે છે એ શ્રદ્ધાએ પહેલાં નવ કોટીએ આવી ગયું છે પછી ચારિત્રમાં એનો નિષેધ આવે છે. એમ વાત છે. અને એ શ્રદ્ધાની મુખ્યતામાં એમનું જીવન છે અને પરિણમન છે. ચારિત્રના રાગાંશની મુખ્યતામાં સાધકનું જીવન કે પરિણમન બિલકુલ નથી.

એટલે ગૃહસ્થવાસમાં **'સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા,...'** ભગવાન 'વર્ધમાનસ્વામી'ની ગૃહસ્થદશાનું વર્ણન કરે છે. (તેઓ) **'આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું**

**જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી ક્યા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે.'** આવા મહાપુરુષે પણ એમાં અરુચિ હતી છતાં પણ છોડી દીધું. અરુચિ છે માટે ભલે રહ્યું એમ નહીં પાછું. (અરુચિ છે) તોપણ એનાથી દૂર પ્રવર્ત્યા તો બીજા સાધારણ જીવે ક્યા પ્રકારનું સમાધાન રાખીને રહેવા જેવું છે કે ના, ના આપણને વાંધો નથી. હવે આપણે કાંઈ વિશેષ એવું કાંઈ વધારે કરતા નથી આટલું છે ઈ બસ, બરાબર છે, ગૃહસ્થપણું છે (એટલે) આટલું તો હોય ને આટલું બરાબર છે. એમ સમાધાન કોઈપણ પ્રકારે રાખવા જેવું નથી. જ્ઞાનદશામાંથી કેમ મુનિદશામાં આવે છે એની પાછળ આ કારણ પડેલું છે.

**'તે વિચારીને ફરીફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ...'** રુચિ એટલે આસક્તિનો થોડો રાગ (બાકી છે) એને પોતે અહીંયાં રુચિ કહે છે. (તેને) **'વિલય કરવા યોગ્ય છે.'** નાશ કરવા યોગ્ય છે.

**'જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી,...'** તારી જ્ઞાનદશા તો એક બાજુ રહી એમ કહે છે. જ્ઞાનદશાનો તો તારે વિચાર કરવા જેવો નથી પણ જો આવું એને ઉદયમાં પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને એનો નિષેધ ન આવે તો એને યથાયોગ્ય જિજ્ઞાસા પણ નથી, આ સ્વરૂપ પ્રાપ્તિની ભાવના પણ નથી. જિજ્ઞાસા એટલે અહીંયાં ભાવના પણ નથી અને એ મુમુક્ષુપદમાં પણ આવ્યો નથી. જ્ઞાનદશાના પદમાં આવ્યો છે એ વાત તો રહેતી નથી પણ મુમુક્ષુપદને વિષે (પણ જિજ્ઞાસા) થઈ નથી.

**'અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે.'** આ બહુ માર્મિક વાત નાખી છે કે જો એને યથાયોગ્ય આત્મસ્વરૂપની, આત્મપ્રાપ્તિની ભાવના નથી તો લોકસંજ્ઞામાં જરૂર ઊભો છે. શું કરવા ૨૫ વર્ષ ગયા છે એનો આ જવાબ આપે છે. એનો જવાબ આપે છે. લોકસંજ્ઞાએ એને ઊંડે ઊંડે જાણ્યે અજાણ્યે એમ હોય છે. સમાજની મુખ્યતામાં જે પરિણમન

ચાલે છે એને લોકસંજ્ઞાવાળું પરિણમન કહે છે.

કહે છે કે, ભાઈ ! 'વર્ધમાનસ્વામી'ના વખતમાં કે 'ઋષભદેવસ્વામી'ના વખતમાં કે અત્યારે 'સીમંધરસ્વામી'ના વખતમાં એમને અનુસરનારો આખો સમાજ કદી મોક્ષે ગયો હોય એવું તો કદી બન્યું નથી અને બનવાનું નથી. નહીંતર સમવસરણમાં તો ભવિ સિવાય આવતા નથી, અભવિ તો આવતા નથી. છતાં બધા (મોક્ષમાં) જાય એવું કદી બનતું નથી. પણ સમવસરણમાં (ગયો તોપણ) ? પણ તું અનંતવાર જઈ આવ્યો. ક્યાં હજી (મોક્ષમાં) ગયો છો ? એટલે એ અપેક્ષા રાખવી કે આમાં સમાજને આમ ફાયદો થાય, સમાજને આમ કરવાથી ફાયદો થાય, સમાજને આમ કરવાથી ફાયદો થાય એ વૃત્તિ ગૌણ કરવા જેવી છે.

**'અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે.'** એ એનું ધ્યેય થઈ જાય છે પણ એને આત્મકલ્યાણ **'કરવાની જિજ્ઞાસા...'** અથવા ભાવના **'ઘટતી નથી; કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય...'** અને બીજો છૂટે **'એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.'**

જ્ઞાની પણ આ કાર્ય કરે છે, જ્ઞાની પણ ઉપદેશ દે છે, અમે પણ ઉપદેશ દઈએ છીએ. જ્ઞાની ભક્તિ કરે છે, પૂજા કરે છે. અમે ભક્તિ-પૂજા કરીએ છીએ. એક બંધાય અને બીજો છૂટે એનું કારણ શું ? કે બન્નેના કારણમાં મોટો ફેર છે. એક લોકસંજ્ઞાએ કરે છે, એક આત્મહિતાર્થે કરે છે. બન્નેની દૃષ્ટિ આખી જુદી જુદી છે, એનો માર્ગ, એની પરિણામની ચાલ તદ્દન જુદી છે. ઉપરથી સરખું દેખાય છે અંદરથી ઉત્તર-દક્ષિણનો ફેર છે.

મુમુક્ષુ :- જ્ઞાની પોતાના આત્માની નકલ કરે છે જ્યારે આ (અજ્ઞાની) એની બાહ્ય ચેષ્ટાની નકલ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નકલ કરે છે. આની તો નજર જ લોક ઉપર છે કે, લોકોમાં હું કેવો દેખાવ છું ? શાસ્ત્રનો અર્થ કરે, શાસ્ત્ર વાંચે, શાસ્ત્રનું પ્રવચન કરે તો એને અંદરમાં એમ રહે કે, હું કાંઈક એવું નવીન કહું બધાને કે લોકોને કાંઈક આશ્ચર્ય થાય, લોકોને કાંઈક નવીનતા લાગે, લોકોને કાંઈક મારા વિશે એમ લાગે કે, અરે...! આવી નવી નવી વાતો ક્યાંથી કાઢે છે ! ભાઈ ! વસ્તુનું

સ્વરૂપ અનાદિથી છે. એમાં તારું કાંઈ નવીન કાઢેલું નવીન કઢાય એવું નથી. નવીન કરવા જતા કાંઈક નવી કલ્પના થઈ જશે. વસ્તુનું સ્વરૂપ તો અનાદિથી જે છે ઈ છે. અનંતા તીર્થંકરો આ કહે છે. સત્પુરુષો તો એમ કહે છે કે, અમારા શ્રીગુરુએ આમ કહ્યું છે, સંતોએ આમ કહ્યું છે. આ 'ગુરુદેવ' 'કુંદકુંદઆચાર્ય'ની વાત કરે તો કહે છે કે, ભગવાનના આડતિયા થઈને વાત કરે છે. માલ લઈ આવ્યા છે – મહાવિદેહમાંથી માલ લઈને આવ્યા છે અને એમનો માલ એના આડતિયા થઈને વેચે છે. હું તને નવું દેખાડું છું એ વાત તો ક્યાંય આવતી નથી.

લોકસંજ્ઞાવાળાને એમ થાય કે જાણે કોઈ નવો ધડાકો કરતા હોય અને લોકોને આશ્ચર્યમાં (મૂકી દઉં). મૂળ તો એને લોકોની નજરમાં વિશેષતા પ્રાપ્ત કરવી છે ને? એટલે પ્રકાર આખો જુદો રહે છે. એમાં એનું આત્મકલ્યાણ ક્યારેય થતું નથી. એક 'સમયસાર' વાંચે અને છૂટે અને બીજો 'સમયસાર' વાંચીને બંધાય ! ઈનું ઈ 'સમયસાર' (છે). એનો આધાર પોતાની કાર્યપદ્ધતિ ઉપર છે. 'સમયસાર' તો 'સમયસાર'માં નિષ્ક્રિય છે એ તારા આત્મામાં સક્રિય થાય એવું નથી. એટલે જો આત્માર્થીપણું ન આવે તો લોકસંજ્ઞાપણું એવું ઊભું થઈ જાય, એવું દૃઢ થઈ જાય (કે) એને ખબર પણ ન હોય કે આ હું લોકસંજ્ઞામાં વર્તું છું. ખબર પણ ન રહે. એ દૃષ્ટિ બહાર રહેવાનું કારણ છે. પછી ત્યાંથી દૃષ્ટિ ખસી શકે નહીં. ૧૧૦ (બોલ પૂરો થયો).

**'પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છે.'**
**૧૧૧.**

૧૧૧. **'પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. તું પોતે જ પરમાત્મા છે.'** વાતે વાતે કેવી વાત લીધી છે ! આમ તો જગતની અંદર જે પરમાત્મા હોય એનાથી

કોઈને ઊંચું સ્થાન દેવામાં આવતું નથી. ભલે દરેકે જે પોતપોતાના ઇષ્ટદેવને પરમાત્મા માન્યા હોય. જગતમાં પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે. પ્રસિદ્ધપણે આ વાત છે કે પરમાત્મા સર્વોત્કૃષ્ટ કહેવાય છે, તો કહે છે કે એ બીજું કોઈ નથી તું પોતે જ છો.

શબ્દની વ્યુત્પતિ અર્થ લઈએ તો આત્માનું પરમ સ્વરૂપ, પરમ એટલે ચોખ્ખું શુદ્ધ મૂળ સ્વરૂપ એને પરમ – આત્માનું પરમ સ્વરૂપ એટલે પરમ-આત્મા એમ કહેવામાં આવે છે. પછી રૂઢી અર્થ એનો પરમાત્મા... પરમાત્મા... પરમાત્મા એમ થઈ ગયો. અને તે જ ઉત્કૃષ્ટપણે – સર્વોત્કૃષ્ટપણે પરમ ઉપાદેય હોવાથી એને પરમાત્મા કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પોતે જ પરમ ઉપાદેય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તું પોતે જ છો, એ કોઈ બીજાની વાત નથી. કલ્પના કરીશ નહીં કે, એ કોઈ બીજાની વાત છે અને પરમાત્મા નામ પડતા ક્યાંક બીજે શોધખોળ કરવામાં દૃષ્ટિ જાય, વૃત્તિ જાય તો તારો પરમાત્મા તો ક્યાંય મળે એવું નથી. એટલે એમ કહેવામાં આવે છે કે, જે બીજા પરમાત્માઓ થયા તે તારા જેવા છે. તું એના જેવો છો એમ કહેવાને બદલે એ તારા જેવા છે એમ જો. ન સમજાતું હોય એને એમ કહે છે કે તું એના જેવો છો. બાકી ખરેખર તો એ તારા જેવા છે. મૂળમાં તું એવો છો.

મુમુક્ષુ :– **આ કાળમાં 'ગુરુદેવશ્રી'એ જ મૂળ પરમાત્માની વાત કરી.**

પૂજ્ય ભાઈશ્રી :– **હા ! પરમાત્માની બહુ ઉત્કૃષ્ટ પદ્ધતિથી વાત આવી છે. તીર્થંકર દ્રવ્ય હતું ને ? એટલે એમનો આ વિષયની અંદર કહેવાનો જે પ્રકાર હતો એ કોઈ સાતિશય પ્રકાર હતો ! એ જેમ દિવ્યધ્વનિ છૂટતી હોય એવું લાગે કોઈવાર તો ! કે, આ કોઈ દૈવીવાણી ચાલી રહી છે, બસ ! અને એ તમામ વાણીનું કેન્દ્રસ્થાન એક પરમાત્મતત્ત્વ પરમાત્મા સ્વરૂપ આત્મા છે.** નિત્યાનંદ, જ્ઞાનાનંદ, નિર્મળાનંદ, ચિદાનંદ... બધે આનંદ... આનંદ... આનંદ... એની મુખ્યતામાં (વાણી આવે).

પ્રશ્ન :– વિહાર પછી પણ વાણી ચાલુ છે એ એક પ્રકારનો અતિશય જ

કહેવાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :- અતિશય જ છે, ચોક્કસ અતિશય છે. હજારો વર્ષ સુધી રહેશે એમ. ટેપમાં હજારો વર્ષ સુધી રહેશે, હું ઈ જ કહું છું (કે), ટેપમાં પણ હજારો વર્ષ સુધી રહેશે. એક ટેપની આયુષ્ય ભલે હજારો વર્ષ નહીં હોય પણ એની પરંપરા થઈને હજારો વર્ષ રહેશે. માસ્ટર કોપી તો આપણે લગભગ થઈ ગઈ છે. આબેહૂબ એકદમ ! અવાજમાં પણ ફેર ન પડે એવી ! Imported ઊંચી કક્ષાની ટેપ લાવીને (માસ્ટર કોપી કરી છે). પણ એ ટકવાની ચીજ છે, એ નાશ થવાની ચીજ નથી.

મુમુક્ષુ :- હવે તો Computer ઉપર લ્યે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, Computerise કરવાનું કહે છે. આમ તો વીડિયો મેટર Computerise થાય છે ઑડિયો મેટર Indiaમાં Computerise નથી થતી. 'જાપાન' અને 'અમેરીકા'માં એની શરૂઆત થઈ છે. સંભળાય એવી ચીજને Computerise કરી નાખે. એટલે આટલીક એવી જગ્યામાં હજારો પ્રવચનો Computerise થઈ જાય. જ્યારે જે જોઈએ ઈ કાઢો બહાર ! પછી આ બધા રેકર્ડ રાખે છે ને ? ફાઈલોની ફાઈલો ! ઈ બધી વીડિયોમાં લઈને પછી એને Computerise કરે છે. વીડિયો એટલે Visionથી જે જણાય તેને વીડિયો કહે છે અને કાનથી સંભળાય તેને ઑડિયો કહે છે. કાને બહેરાશ આવે ત્યારે ઑડિયોગ્રામ નથી કરતા ?

(કહે છે), એવા પરમાત્માનો (પોકાર છે), તું પરમાત્મા છો એનો પોકાર કરેલો છે. સામાન્ય અવાજ નથી, એને બરાબર સંભળાય એવો અવાજ છે. અંદરમાં એની પામરતાના બધા પડદા તૂટી જાય એવો એ અવાજ છે ! અને એ તો ખરેખર એમ છે. કોઈ કલ્પના કરીને કીધું છે, વઘારીને મીઠું-મરચું ભભરાવીને વઘાર કરીને કીધું છે એમ નથી. વસ્તુની સ્થિતિ પ્રસિદ્ધ કરી દીધી છે. જીવની પાત્રતા હોય તો પોતાના પરમાત્મપદને પડખું ફેરવે ત્યાં જોઈ લે એટલી જ વાર (છે) ! પડખું ફેરવે ત્યાં (દેખાય). એ તો કારણપરમાત્મા ખડો જ છે, સદાય ખડો છે. અહીં સુધી રાખીએ.

સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ૧૧૨.

તા. ૧૫-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૧૨, ૧૧૩
પ્રવચન નં. ૮૮

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૩૭, ૧૧૨ (બોલ). **'સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે; કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.'** આત્મસ્વરૂપની અખંડિતતાનું સામર્થ્ય – અખંડ સામર્થ્ય કેટલું છે એ વિષય છે. સહજ તત્ત્વ અખંડિત છે (એમાં) દ્રવ્યે અને ભાવે બન્ને લઈ લેવું. દ્રવ્યથી અને સ્વભાવથી કોઈપણ પ્રકારનું ખંડિતપણું થવું, બાધા થવી એ વસ્તુના સ્વરૂપમાં અસંભવિત છે અને અશક્ય છે.

ખંડિત કરવું એટલે નુકસાન કરવું. મૂળ સ્વરૂપને વિશે નુકસાન કરવાની કોઈની પહોંચ નથી. સામાન્ય રીતે જે જગતના પુદ્‌ગલ પદાર્થો કાળ જતા જૂના દેખાય છે. જે વસ્તુ વધારેમાં વધારે ટકે એવી હોય છે એને પણ કાળ લાગે

છે. કોઈ આરસ બહુ ટકે છે પણ ઘણા વર્ષનો આરસ ખવાયેલો જોવામાં આવે છે. બહુ જૂના પ્રતિમાજીઓ જોઈએ છીએ (તો એ આરસ ખવાયેલો જોવા મળે છે). એ બધી પુદ્‌ગલની અવસ્થાઓ છે. મૂળ દ્રવ્ય તો બધા પારિણામિક ભાવે હોવાથી – છએ દ્રવ્યો મૂળમાં તો પારિણામિકભાવે હોવાથી બધાય દ્રવ્યોનું મૂળ સ્વરૂપ – સામર્થ્ય તો અખંડિત છે અને પર્યાય તો પ્રત્યેક દ્રવ્યની પલટન કરવાવાળી છે – પલટતી છે, એટલે સમયે સમયે પલટતી પર્યાય છે એ એનો સ્વભાવ હોવાથી એ પોતે જ ભંગ અંગ છે, જેમાં ક્ષણભંગતા ઉત્પન્ન થાય છે, ક્ષણે વિનાશ થાય છે એવું એ અંગ હોવાથી, એ એનું સ્વરૂપ હોવાથી એમાં તો બીજો કાંઈ વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી.

જીવને જે ભય છે, દેહાદિ સંયોગોમાં જ્યાં એણે મમત્વ કર્યું છે એ સંયોગો નાશવાન છે એવી એને સમજણ છે અને એ એના અભિપ્રાયની વિરુદ્ધ છે. મારા સંયોગો નાશ પામવા જોઈએ નહીં. મારો દેહ સદાય રહેવો જોઈએ અને મારા સંયોગો પણ મને સદાય રહેવા જોઈએ. આવો એક વસ્તુના સ્વરૂપથી વિરુદ્ધ અભિપ્રાય રાખીને જીવ આકુળિત થાય છે. અભિપ્રાય સ્વરૂપ વિરુદ્ધ રાખે એટલે વસ્તુ સ્વરૂપ બદલાઈ જાય એમ તો બને નહીં.

મૂળ સ્વરૂપે પોતે નિત્ય હોવાથી જ્યાં મમત્વ છે ત્યાં પણ એને નિત્યતાની જ ભાવના રહે છે કે, આ બધું મને નિત્ય રહે. પણ જે બદલતી ચીજ છે એ નિત્ય રહેવાની નથી અને નિત્ય રહે છે તે ખંડિત થવાની નથી, બદલવાની નથી. એટલે દૃષ્ટિ બદલવાની વાત છે કે અનિત્ય પદાર્થો ઉપરની જે નિત્યપણાની પ્રતીતિ છે, વિશ્વાસ છે એ બદલીને તારા નિત્ય સ્વરૂપને જો તો ગમે તેટલો કાળ ગયો છે તોપણ એમાં કાંઈ જૂનાપણું થયું નથી કે ખંડિતપણું થયું નથી કે એમાં ક્યાંય ઘસારો લાગ્યો નથી.

કાળથી ઘસારો લાગે છે એમ કહે છે. શરીર છે એ વૃદ્ધ થાય છે. ઘણા વખતનો ઘસારો છે એમ (કહે). જોકે એ તો એનો – શરીરધર્મ જ છે. રાજાને ત્યાં ખાણી-પીણીની કાંઈ કમીના હોતી નથી. એમાં પણ ચક્રવર્તીને તો શું બાકી રહે છે ? છતાં વૃદ્ધાવસ્થામાં વૃદ્ધપણું ધારણ કર્યા વિના, શરીરની જરા અવસ્થા

આવ્યા વિના રહે નહીં. એ રીતે જ પૂર્વકર્મ – નોકર્મ આદિની સ્થિતિ લઈને જ શરૂઆત થઈ છે, એમાં કોઈ ફેરફાર થવાનો પ્રશ્ન રહેતો નથી.

પરમ પારિણામિકભાવ છે એટલે આત્માનું મૂળ સ્વરૂપ છે એને શાસ્ત્ર પરિભાષામાં પરમ પારિણામિકભાવ કહે છે. એટલા માટે કહે છે કે એવો ને એવો રહે છે. જે મૂળ સ્વભાવ ભાવ છે તે એવો ને એવો રહે છે. પારિણામિકભાવે રહે છે એટલે એવો ને એવો રહે છે, અખંડ રહે છે. તેને કાળ કોઈ ફેરફાર કરી શકતો નથી, કાળને લીધે એમાં કોઈ વિકૃતિ આવતી નથી અને નજીકમાં નજીક રહેલી જે અવસ્થાનો વિભાવ છે એ વિભાવ પણ એમાં કોઈપણ પ્રકારની વિકૃતિ કે મલિનતા ઉત્પન્ન કરી શકતો નથી. વિભાવ તો એના સ્વભાવથી – પરમ પારિણામિકભાવથી વિરુદ્ધભાવ છે તોપણ એ વિભાવની પહોંચ પરમ પારિણામિકભાવ સુધી નથી. પરમ પારિણામિકભાવ સુધી નથી એટલે આત્મલક્ષે મારા સુધી નથી. વિભાવ ચાલે છે વિભાવમાં અને હું પરમ પારિણામિક સ્વરૂપે એવો ને એવો એમ ને એમ રહી જાઉં છું, એ વિભાવની પહોંચ મારામાં નથી, મને સ્પર્શતો નથી, એની અસર મને નથી. એની સાથે કોઈપણ પ્રકારનો, વિભાવની સાથે કોઈપણ પ્રકારનો મારા સ્વભાવને સંબંધ નથી કે જેથી કાંઈ પણ મને હાનિ થાય કે નુકસાન થાય એ પ્રશ્ન રહેતો નથી.

જ્યાં પરિપૂર્ણ સ્વભાવિક પર્યાયથી પારિણામિકભાવને વધવાપણું કે લાભ નથી ત્યાં વિભાવથી નુકસાન હોવાનો પણ પ્રશ્ન નથી. ગમે તેટલા વિભાવ થયા એમાં તો અનંતકાળ પર્યંત નિગોદમાં રહેવાના વિભાવ પણ થયા. કેમકે જીવ વધુમાં વધુ કાળ સંસાર અવસ્થામાં નિગોદની અંદર પસાર કરે છે. પરિભ્રમણ કરતાં જીવને બે હજાર સાગરથી વધારે તો ત્રસની પર્યાય નથી. અનંતકાળમાં બે હજાર સાગર તો કાંઈ નથી. જે નિત્ય નિગોદમાં પડ્યા છે અને નિગોદની બહાર નીકળ્યા નથી એનો તો બધો કાળ નિગોદમાં ગયો. પણ જે ઇતર નિગોદથી માંડીને બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય અને પંચ પરાવર્તનના પરિભ્રમણમાં આવ્યા એવા જીવોને પણ ત્રસ પર્યાય મર્યાદિત છે અને નિગોદનો કાળ અમર્યાદિત છે. એ નિગોદની અંદર પ્રચુર કષાય કલંક હોવા છતાં પરમ

પારિણામિકભાવ અખંડ એકરૂપ શુદ્ધ, એવો ને એવો જ્ઞાનમય શુદ્ધાત્મા જે દૃષ્ટિનો વિષય છે, નિશ્ચયનયનો વિષય છે, મૂળ સ્વરૂપ છે એ એવો ને એવો અકબંધ કોરેકોરો નકોર રહ્યો છે.

મુમુક્ષુ :- અનંતકાળમાં એવો ને એવો રહ્યો એ બેસતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- આવી પ્રતીતિ આવવી જોઈએ. નથી બેસતું તો અત્યારે અનંતકાળમાં જો તને નુકસાન થઈ ગયું હોય તો તો તારો સર્વનાશ થયો હોત. થોડું થોડું નુકસાન વધીને શું થાય ? એમ કહે છે કે આ લોઢું ખવાતું જાય છે, દરિયાકાંઠે મકાન હોય કે ઘરે પણ પાણીનો વપરાશ હોય ત્યાં લોઢું ખવાતું જાય છે. તો થોડું થોડું થોડું થોડું કરીને નાશ થઈ જાય છે. તો આ આત્માને અનંતકાળથી થોડું થોડું નુકસાન કરતા એનો સર્વનાશ થયો હોય પણ પોતે હજી ઊભો છે એ એમ સૂચવે છે – પોતાની હયાતી એમ સૂચવે છે કે અસ્તિત્વ છે એ શાશ્વત છે. મારી સત્તા શાશ્વત છે અને આ મારી શાશ્વત સત્તાને કોઈ અસત્તા પમાડે, એનો નાશ કરે એ વસ્તુસ્થિતિ દેખાતી નથી. આ જે સત્તા છે એ સમ્યક્દર્શનનો વિષય છે. શાશ્વત સત્તા, ધ્રુવ સત્તા, ત્રિકાળી અસ્તિત્વ સ્વભાવ એ સમ્યક્દર્શનનો વિષય છે. સમ્યક્દર્શન તો, (આત્મા) જ્ઞાનમય છે ને ચારિત્રમય છે ને મોક્ષસ્વરૂપ છે કે બંધસ્વરૂપ છે કે કાંઈ જોતો નથી. સત્તાને – હયાતીને શ્રદ્ધવી એટલું જ સમ્યક્દર્શનનું કાર્ય છે.

મુમુક્ષુ :- આ કાળમાં 'ગુરુદેવશ્રી'એ બતાવ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ ખોલી ખોલીને બતાવી. એટલી બધી વાત સ્પષ્ટ કરી કે જે જ્ઞાનીઓના હૃદયનું રહસ્ય છે એને ખુલ્લું કરી દીધું કે આવો કિંમતી માલ છે ! તમને એ માલ લેવાની જો ભાવના થાય તો રસ્તો પણ ખુલ્લો છે તમારા માટે. કોઈ પ્રતિબંધ નથી, નાતનો, જાતનો, ઉંમરનો કોઈ પ્રતિબંધ નથી. એમ નહીં કે નાતમાં તો દાખલ ન પણ કરે (કેમકે) તમે પરનાતના છો, અમારી નાતના હક્કો તમને કેમ આપીએ ? અહીંયાં તો સર્વજ્ઞ વીતરાગનું શાસન છે. કોઈપણ જીવ એ પામો એવી ભાવના તીર્થંકર શાસનનાયકોને હોય છે. જેટલા તીર્થંકરો થયા છે એ બધાને એ ભાવના થઈ છે અને દિવ્યધ્વનિમાં મૂળ સ્વરૂપ

જ બતાવ્યું છે, અખંડ તત્ત્વને જ બતાવ્યું છે.

**'સહજ...'** એટલે સ્વભાવ સ્વરૂપ. **'સહજ તત્ત્વ અખંડિત છે.'** એમ કહ્યું ને ? સહજ એટલે સ્વભાવિક સ્વરૂપે રહેલું તત્ત્વ, સ્વભાવરૂપ તત્ત્વ છે તે અખંડિત છે, એ ખંડિત થયું જ નથી. અનંતકાળ વ્યતીત થયો તોપણ એમાં કાંઈ જૂનાપણું થયું નથી, કોઈ વિકૃતિ આવી નથી અને ગમે તેટલો વિભાવ થયો, અનંત પ્રચુર વિભાવ થયો તોપણ મૂળ તત્ત્વ છે એની નજીક પણ વિભાવ જઈ શક્યો નથી. જેમ કોઈના તેજથી જ કોઈ દૂર રહે છે, સૂર્યના તેજથી જ અંધારું ઘણું દૂર રહે છે એમ આ અખંડિતતાના તેજથી અવસ્થાનો વિભાવ હંમેશા દૂર રહે છે.

પ્રશ્ન :– નિગોદમાં પણ ?

સમાધાન :– બધે. શાશ્વતપણે એ પરિસ્થિતિ છે. એનો વિશ્વાસ આવે તો એનું ભવન ફરી જાય એવું છે, પરિણમન ફરી જાય એવું છે. એકવાર વિશ્વાસ આવવો જોઈએ.

'શ્રીમદ્જી' દુઃખ કેમ થાય છે એનું રહસ્ય સમજાવતા કહે છે કે, ચળ પદાર્થો વિશેની પ્રતીતિ (છે) એ જીવને મૂળમાં દુઃખનું કારણ છે. ચળ પદાર્થો એટલે આ સંયોગોમાં આવાગમન–બદલતા પદાર્થો દેહથી માંડીને બધું ચલિત છે, એની પ્રતીતિ છે કે 'આ મારું છે ને આ મારું કાયમ રહેશે ને બસ ! અહીંથી મારે હવે કાંઈ ફેરફાર કરવાનો કે જુદાં પડવાનું રહેતું નથી.' એ (પ્રતીતિ) જીવને દુઃખનું કારણ છે. અચળ પદાર્થને વિશે જો પ્રતીતિ થાય તો જીવને સ્વાભાવિક શાંતિ અને સ્વાભાવિક સુખ એવું ઉત્પન્ન થાય કે એ પોતાના આનંદમાં જ રહ્યા કરે. પોતાના શાંતસ્વરૂપમાં શાંતપણે ઠરીને રહી જાય. અચળ પદાર્થની પ્રતીતિ એ દશાને ઉત્પન્ન કરે છે. અને સમજી શકાય એવી વાત છે કે ચળ પદાર્થ છે એ ઉપયોગને જ ચલિત રાખે છે. જો ચળ પદાર્થ ઉપરની પ્રતીતિ છે તો ઉપયોગને એ ચલિત રાખે છે. જે ચલિત ઉપયોગ છે એમાં આકુળતા છે. ઉપયોગનું ભાવે ભ્રમણ છે તો દ્રવ્ય પરિભ્રમણ એના ફળસ્વરૂપે આવે છે. જો અચળ પદાર્થ ઉપર પ્રતીતિ જાય તો ઉપયોગ એમાં સ્થિર થાય છે. અચળ પરમ પારિણામિકભાવમાં ઉપયોગ સ્થિર થાય છે અને એને સુખ શાંતિની અનુભૂતિ

થાય છે.

પરલક્ષી ક્ષયોપશમમાં આ સમજવું અઘરું નથી, 'ગુરુદેવ'ની કૃપાથી સહેલાઈથી સમજાય છે કે, ભલે વિભાવ રહ્યા (પણ) પારિણામિકભાવને કાંઈ થતું નથી, એ અભેદ અખંડ રહે છે. પણ એનાથી સંતોષ માનવા જેવો નથી કે વાત તો સમજાય છે. એનાથી સંતોષ માનવા જેવો નથી. એની પ્રતીતિ થાય છે કે કેમ ? અને એ પ્રતીતિ ટકે છે કે કેમ ? એ પ્રતીતિ સહિતનું પરિણમન ચાલે છે કે એ પ્રતીતિના અભાવમાં પરિણમન ચાલે છે ? જો સમજાયું છતાં પ્રતીતિ નથી તો એ સમજણ એને શાંતિ માટે કામમાં આવતી નથી.

મુમુક્ષુ :- વાતને પ્રયોગમાં લેવી.

પૂજ્ય ભાઈશ્રી :- સમજણનો ઉપયોગ હોવો જોઈએ કે નહીં ? જે સમજણનો ઉપયોગ ન હોય એ સમજણ સમજણરૂપે નથી કદાચ એ ગેરસમજણરૂપે છે. એની ગેરસમજણ થઈ છે. કેમકે ભગવાનનો ઉપદેશ તો અસિધારા સમાન છે. પોલાદની ગજવેલની તલવાર હોય અને કાપે નહિ એવું બને નહિ. શરીર ઉપર ઘા કરે તો કાપે જ કાપે એવું એ લોખંડ એટલું બધું પાણીવાળું હોય છે. એમ ભગવાનનો ઉપદેશ પણ એવો જ છે. એ દર્શનમોહને, એના સંસારને કાપે જ કાપે. એવી એની શક્તિ છે. પણ જ્યાં એ ફેરફાર થતો નથી ત્યાં ભગવાનનો ઉપદેશ ઝીલ્યો છે, પ્રાપ્ત કર્યો છે એ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- 'બહેનશ્રી'નાં બોલ કેવા આવ્યા છે !

પૂજ્ય ભાઈશ્રી :- **એક એક બોલમાં બહુ કસ ભર્યો છે ! એટલે તો 'ગુરુદેવે' એક જગ્યાએ પ્રશંસામાં બહુ સારી વાત કરી છે.** ('પરમાગમસાર'માં) ૮૫ નંબરનો એક બોલ છે. મુનિદશાના વર્ણન ઉપરથી પ્રશંસા કરી છે. **'જેમ પુત્રમાં પિતાની અણસાર આવે છે તેમ મોક્ષમાર્ગી મુનિઓમાં વીતરાગી જિન ભગવાનની અણસાર-વીતરાગતાનો અણસાર આવે છે.'** જિનેન્દ્રની પરિપૂર્ણ વીતરાગતા જેમ પ્રદર્શિત છે, પ્રસિદ્ધ છે, પ્રગટ છે એનો અણસાર મુનિભગવાનમાં આવે છે. વર્તમાનમાં એવા ભાવલિંગી મુનિ ઉપસ્થિત નહીં હોવા છતાં આબેહૂબ વર્ણન કર્યું છે ! આ શ્રુતજ્ઞાનની શક્તિ છે. મતિ-શ્રુતની આ શક્તિ છે કે વસ્તુ સામે

ઉપસ્થિત નથી છતાં કહી દેખાડે છે કે આવી વસ્તુ છે !

'શ્રીમદ્‌જી'એ 'અપૂર્વ અવસર' લખ્યું. (એ પોતે) ક્યાં મુનિ હતા ? (છતાં) આબેહૂબ એનું વર્ણન કર્યું કે આવી મુનિદશા હોય છે. **'શાંત... શાંત... વીતરાગતા... અકષાય તરવરે છે.'** મુનિરાજનો બહારનો દેદાર એવો હોય છે કે એની શાંતિ અને વીતરાગતા અછાની રહેતી નથી. હવે આ ગ્રંથ ઉપર પોતે બોલે છે કે **'બહેનશ્રીનાં વચનામૃત...'** એ ગ્રંથનું નામ છે. **'વાંચશે તેના કાળજામાં સત્યના ઘા વાગી જાય એવી વાતો છે.'** માણસને મર્મસ્થાનમાં ઘા પડે તો જલદી રુઝાતો નથી. આ તો એવો ઘા (છે) – સત્યનો ઘા એવો છે (કે) સાદિઅનંત (સમાધિ સુખ થઈ જાય). એકવાર એને ઘા પડવો જોઈએ. અહીંયાં એ વિષયના સંસ્કાર (પડી જાય) છે. રુચિવંત થઈને સત્યને સાંભળે અને સત્યનો સંસ્કાર ન પડે – ન ભૂતો ન ભવિષ્યતિ, કોઈ દિવસ બને નહિ, બન્યું નથી અને બનવાનું નથી. એ વાત પોતે વિષયને ઓળખીને સ્પષ્ટ કરી છે.

**આ 'ગુરુદેવ' જેવા અસાધારણ વિશ્વવિભૂતિ જેવી જે વ્યક્તિ છે એનું Certificate છે.** Certified by નથી કરતાં ? કોઈ Degreeધારી અધિકારી હોય તો નથી કહેતા ? આ Courtમાંય ચાલે છે કે નહીં ? Copy Attested કરેલી હોય છે – Certified by so and so. ફલાણાં જજથી આ Certified કરેલી વાત છે. બરાબર (છે), હવે એમાં ફેર હોય નહીં. **આ 'ગુરુદેવે' Certify કરેલું છે કે આ ગ્રંથ એવો છે કે જો રુચિથી એનું અધ્યયન અને સ્વાધ્યાય કરવામાં આવે તો એ જીવને સંસ્કાર અવશ્ય પડે એવું છે. આત્માના હિત વિશેનું આ પહેલામાં પહેલું પ્રથમ ચરણ છે. પછી એ આત્માનું હિત અવશ્ય થવાનું છે, થવાનું છે ને થવાનું જ છે. 'એવી વાતો છે. આ પક્ષની વાતો નથી.'** આ તો કહેવું પડ્યું છે કોઈ બીજી રીતે ખતવતા હશે કે પક્ષ કરે છે... પક્ષ કરે છે, 'ગુરુદેવ' પક્ષ કરે છે એટલે કહેવાઈ ગયું છે કે આ પક્ષની વાત નથી, **'વસ્તુ સ્થિતિની વાત છે.' વસ્તુસ્થિતિ જ જોઈને કહીએ છીએ કે આત્મહિત કરવું હોય તો આવી એક જૈનદર્શનના સાહિત્યમાં નવી ચીજ ઉમેરાઈ ગઈ છે !** નવી એટલે ? **એ તો મૂળની ચીજ છે પણ એવી કોઈ શૈલીથી આવી છે કે ઓછામાં**

**ઓછા ક્ષયોપશમવાળા સાદી ભાષાને સમજી શકે એવા જીવો માટે પણ એ ઉપલબ્ધ છે.**

મુમુક્ષુ :– 'ગુરુદેવે' આવું Certificate આપ્યું તોપણ ઘણા પંડિતોને વાત બેસતી નથી..

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ વ્યક્તિની વાત જુદી છે પણ એ દરેકની યોગ્યતાનો વિષય છે. સારાપણું કોઈ પ્રતિષ્ઠાથી આ માર્ગને વિશે નક્કી નથી થતું. યોગ્યતાથી જ નક્કી થાય છે. પ્રતિષ્ઠા તો અનેક માણસોની 'ભગવાન' (કહેવડાવવા) સુધીની છે. 'ભગવાન રજનીશ' કહ્યું કે નહિ ? એ લોકોના મોટા અનુયાયી હતા. એટલી પ્રતિષ્ઠા અને એટલા પુણ્ય તો કોઈ જૈનના ફિરકાવાળાને જોયા નથી. છેલ્લે છેલ્લે 'અમેરીકા'માં એણે એમ કહ્યું કે, હું બે-ત્રણ મહિના પછી સ્વર્ગમાં જાવાનો છું, તો ૨૭ ગાડી આવી. દુનિયામાં વધારેમાં વધારે કિંમતી મોટર રોલ્સરોય જેને કહે છે, (એવી એવી) ૨૭ ગાડી આવી ત્યારે એના મોટરના કાફલામાં ૯૦ થી ૯૧ની સંખ્યા થઈ ! આટલા પુણ્ય છે કોઈના ? ધાર્મિક ફિરકાવાળા કોઈના તો બતાવો, છે ? એટલે કોઈ બાહ્ય પ્રતિષ્ઠા, કોઈ બાહ્ય વૈભવ એ કોઈ યોગ્યતાનો આંક નથી. ઘણા લોકો સારા કહે એટલે સારા થઈ જવાય છે એવું કાંઈ નથી. પોતાને માટે કે કોઈને માટે. **'ગુરુદેવે' Certificate આપ્યું છે એના ઉપરથી આપણે એનો લાભ લેવા માટે એનો આંક ઊંચો બાંધી લેવો જોઈએ** અને કોઈ એનો આંક નીચો બાંધે તો નુકસાન એને છે એમાંથી એને કાંઈ પોતાને લાભ છે એવું તો નથી, એને નુકસાન જ છે.

પ્રશ્ન :– આ પક્ષની વાત નથી એમ કહીને 'ગુરુદેવે' વર્તમાન સમાજને ચેતવણી આપી છે ?

સમાધાન :– ખરેખર તો વર્તમાન સમાજની એ એક કરુણતા છે કે એટલું કહેવું પડે છે. કહેવું પડ્યું એટલું એ આ સમાજની કમનસીબી છે અથવા એવા કોઈ કમનસીબ યોગ્યતાવાળા જીવોને માટે એ વાત કહી દીધી. નહીંતર એ પક્ષ છે એ વાત 'ગુરુદેવ'ને હોય શેની ? પક્ષનો સવાલ હોય જ શેનો ? **એ તો સત્યને કહેવાવાળા હતા અને સત્યની પ્રતીતિ કરવાવાળા હતા. ચાહે ત્યાંથી આવે,**

**ગમે ત્યાંથી આવે. બાપદાદાનો સંપ્રદાય છોડી દીધો સત્યને માટે તો ! દિગંબરમાં ક્યાં જન્મ હતો ? દિગંબર કુળમાં જન્મ નહોતો. અને પોતે એમ કહેતા કે જેમાં અમે માથાબૂડ હતા, દીક્ષા લીધી એટલે માથાબૂડ થઈ ગયા હતા, એ સંપ્રદાય છોડી દીધો – સત્યને માટે ! પક્ષ કરવાનો પ્રશ્ન ક્યાં હતો ?** એ તો દિગંબર સંપ્રદાય કમનસીબ છે કે સમજી શક્યા નહિ. આખો સંપ્રદાય કમનસીબ છે. એ બધી પંચમકાળની નિશાની છે. એવી જ હીણી યોગ્યતાવાળા જીવો હોય છે કે આવા મહાપુરુષનો ઉદય થાય તોપણ સમજી શકતા નથી. એવી હીન યોગ્યતાવાળા હોય છે. એ હીન યોગ્યતાનું નુકસાન દરેકને પોતાને – સ્વયંને હોય છે. કોઈનું નુકસાન કોઈના ઘરે પહોંચવાનું નથી.

મુમુક્ષુ :– સૌના પરિણામ સૌની પાસે, આપણે આપણો દોષ જોઈએ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, સીધી વાત છે. કોઈના પરિણામથી તો કોઈને લાભ-નુકસાન થતું નથી. બધા ભિન્ન ભિન્ન દ્રવ્યો છે, સ્વતંત્ર દ્રવ્યો છે. કોઈ ક્યાંય ચાલ્યા જશે, કોઈ ક્યાંય ચાલ્યા જશે, કોઈ ક્યાં... આ તો પંખીના મેળા જેવું છે. એક ઝાડ ઉપર ભેગા થયા છીએ. સાંજે જુદાં પડે એમ ફટાફટ જુદાં પડવા માંડશે.

(કોઈ) વ્યક્તિની ચર્ચા આપણે સ્વાધ્યાયમાં (ન કરવી). એ તો દરેકની યોગ્યતા સૌની પાસે છે. કોઈની યોગ્યતાની ચર્ચા જાહેર સ્વાધ્યાયમાં ન થાય. આ તો આ ગ્રંથની મહિમા 'ગુરુદેવે' કેટલી કરી છે ! સ્વાધ્યાયની અંદર તો એટલું Discipline જેને કહીએ એટલું રાખવું જોઈએ. કોઈ વ્યક્તિની ચર્ચા કરવા જઈએ તો સ્વાધ્યાય જ નહીં થાય. સમાજમાં એટલી બધી વ્યક્તિઓ છે અને સમાજમાં વ્યક્તિઓની એટલી બધી વિચિત્રતાઓ છે કે સ્વાધ્યાય એક બાજુ રહી જાય અને એ જ બધું પ્રકરણ ચાલે. એટલે સ્વાધ્યાયમાં એ વિષય નહિ, સ્વાધ્યાયમાં (ફક્ત) તત્ત્વની વાત. બાકી ભેંસના શિંગડાં ભેંસને ભારે. જેને જે ભાવ હોય એ જવાબદારી એની છે. કોઈની તો કોઈને જવાબદારી નથી.

(અહીંયાં કહે છે), **'સહજ તત્ત્વ અખંડિત છે.'** આ તો કેવી કિંમતી વાત કરી છે ! એના ઉપરથી વિષય ચાલ્યો. જ્ઞાનીનો – ધર્માત્માનો મહિમા થાય

એ વ્યક્તિગત વાત ન ગણાય હોં ! એ ગુણવાચક વાત ગણાય. ગુણનો મહિમા છે માત્ર એમાં વ્યક્તિનો નથી. એક ગુણવાન – ગુણ જેને પ્રગટ થયા છે એવા ધર્માત્મા, એના મહિમામાં અનંત ધર્માત્માઓનો મહિમા સમાયેલો છે. અને એમાં આત્મસ્વરૂપમાં – આત્મામાં રહેલા જે ગુણો છે એને આવિર્ભાવ થવાનું એ નિમિત્ત છે. એટલે એને વ્યક્તિ-મહિમા, વ્યક્તિ-પૂજા એમ કહેવામાં આવતું નથી. એ ગુણની પૂજા છે, વ્યક્તિના બહાને ગુણની પૂજા છે, વ્યક્તિના નામે ગુણની પૂજા છે અને તેથી એને વ્યક્તિપૂજા કહી શકાય નહીં.

મુમુક્ષુ :– આવા ગુણવાનને ઓછા આંકી શકાય નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવે' મહિમા કર્યો છે એમાં કોઈ વ્યક્તિનો મહિમા છે કે આપણે વાંચતા વાંચતા 'પૂજ્ય બહેનશ્રી'નો મહિમા કરીએ તો એથી કાંઈ વ્યક્તિનો મહિમા છે એમ સમજવા યોગ્ય નથી. અને એ તો જેના વચનામૃત હોય એનો (મહિમા કરવામાં આવે). 'પરમાગમસાર' હાથમાં લઈએ તો 'ગુરુદેવશ્રી' આમ કહે છે એમ આવે. એમાં વિષય સાથે સીધેસીધો સંબંધ છે. જેણે ધર્મ પ્રગટ કર્યો છે, પવિત્રતા પ્રગટ કરી છે, ગુણ પ્રગટ કર્યા છે એ વ્યક્તિ તો અવશ્ય મહિમા (કરવા) યોગ્ય છે, મહિમા કરવા લાયક છે જ ! એમાં તો કોઈ મતાંતર કામ આવે એવું નથી.

શું કહે છે ? કે, **'સહજ તત્ત્વ અખંડિત છે. ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે;...'** આવું પરમ પારિણામિકભાવનું સ્વરૂપ અનંત મહિમાવંત છે એમ કહેવું છે. એનો પણ મહિમા કરવો છે – સ્વરૂપ મહિમા ! બોલનો વિષય છે – સ્વરૂપ મહિમા. મહિમાને લઈને પરિણામ સ્વરૂપમાં ઢળે છે. સ્વરૂપ મહિમાને લીધે પરિણામ સ્વરૂપમાં ઢળે છે. બાહ્ય પદાર્થને વિશે(ના) મહિમાને લીધે પરિણામ બાહ્ય પદાર્થને વિશે ઢળે છે. બસ ! કઈ બાજુ ઢળવું એ તે પદાર્થના મહિમા ઉપર આધારિત છે. અહીંયાં સ્વરૂપ મહિમા માટે એ વાત કરે છે.

ઘણાને એ પ્રશ્ન થાય છે કે આત્માને ખબર પડી કે આત્મા અનંત જ્ઞાન અને અનંત આનંદ સ્વરૂપ છે પછી કેમ પરિણામ એમાં તન્મય થતું નથી ?

કે, એવું જાણવા છતાં તેં રાગની અને બીજા પુદ્ગલ પદાર્થની મોટપ છોડી નથી, એનો મહિમા છોડ્યો નથી એટલે તારા પરિણામ ત્યાં ઢળી જાય છે. એટલે આ જે અનંતજ્ઞાન અને અનંતદર્શન (છે) એ માત્ર શબ્દ પૂરતી વાત રહી છે. અનંત જ્ઞાનનો મહિમા શું ? શક્તિનો મહિમા શું ? અને શક્તિની બુદ્ધિ થવી એ શું ? સુખબુદ્ધિ ! શક્તિની બુદ્ધિ થવી એ શું ચીજ છે ? અભિપ્રાય થવો એ શું ચીજ છે ? એ વિષય આખો જુદો છે.

અહીંયાં અખંડ તત્ત્વનો આધાર લેવા માટે આ વિષય કામમાં આવે છે. જીવે અનાદિથી રાગનો અને પુદ્ગલ પર્યાયોનો આધાર લીધો છે અને તેથી દુઃખી અને હેરાન થયો છે. હવે એને પોતાનું નિજ સ્વરૂપ બતાવે છે કે જો તો ખરો તું તારું સ્વરૂપ ! જે અખંડ અને અવ્યાબાધ છે. પૂરો નાશ થવાનો તો પ્રશ્ન નથી પણ અંશે પણ ખંડિત થવાનો જ્યાં સવાલ ઉત્પન્ન થતો નથી. જો કે અંશે ખંડિત થાય તો ક્રમશઃ ખંડિત થતા અંશો વધીને સર્વનાશ થઈ શકે અને થાય જ થાય. એટલે જ્યાં અખંડિત રહે છે એનો અર્થ કે અંશ પણ ખંડિત થઈ શકતો નથી. એવું જે પોતાનું સ્વરૂપ છે એનો આધાર મળે છે ત્યારે એ આધાર લેનારને જગતના કોઈ પદાર્થની તમા રહેતી નથી. માણસો નથી કહેતા ? અમારે ક્યાં કોઈની તમા છે, કોઈની સાડીબાર છે. એક જિંદગી ચાલે એટલી પાંચ-પચીસ લાખ રૂપિયાની મૂડી મળી જાય તો એમ કહે કે અમારે કોઈની સાડીબાર નથી. એમ કહે છે કે નહીં ? અમારે ક્યાં કોઈના ઘરે ભાણું માંડવા જાવું છે ? અમારે ક્યાં કોઈની પાસે લાંબો હાથ કરવો છે ? અમારે ક્યાં કોઈના જમે માંડવા છે ? શું કહે ? બધા ઘણું બોલે છે ને ? એ તો હજી ચળ પદાર્થ છે. ક્યારે ફૂ થાય એની વાર લાગે નહીં. કાલે Fire થઈ છે કે નહિ ? દોઢ, બે કરોડનું નુકસાન (થયું) છે. સોટસર્કિટમાંથી થયું. ક્યારે શું થાય ? પરમાણુ ક્યારે પલટો મારે ? રાતી રાણ જેવું શરીર હોય ને ઘડીકમાં કહે છે કે કેન્સર છે. જાઓ ! ટાંટિયા ભાંગી નાખે એના ! એ તો એને ખોટો આધાર છે, દુઃખી થવા માટે લીધેલો આધાર છે. તોપણ આટલો Power ચડી જાય છે. અનિત્ય પદાર્થના આધારમાં પણ આટલો Power ચડે છે તો જે શાશ્વત

અખંડિત અનંતગુણ મંડિત એવું જે સ્વદ્રવ્ય છે, દૈવી શક્તિઓથી ભરપૂર ! એની ઓળખાણ થાય અને એનો આધાર આવે કે હવે મારે કાંઈ વાંધો નથી.

એટલે તો 'શ્રીમદ્જી'એ કહ્યું કે, હે પરમેશ્વર ! હે પરમાત્મા ! જેને મોક્ષ પણ જોતો નથી એને તું શું દેવાનો હતો ? કેમકે એક સમયની મોક્ષ પર્યાયથી પણ પરિપૂર્ણ મુક્ત સ્વરૂપ અમે પોતે–સ્વયં જ છીએ. મોક્ષ અમને પ્રાપ્ત કરવો એ પ્રશ્ન હવે અમારા માટે અમારા મૂળ સ્વરૂપમાં તો છે નહીં. એટલે પરમાત્માને ઉદ્દેશીને કહે છે. આ મસ્તી છે કે, તું બહુ બહુ તો લોકોને મોક્ષ દે ને ? જગતના જીવોને મોક્ષ આપવાની વાત ચાલે છે ને કે પરમાત્મા મોક્ષ આપે છે. તું શું અમને મોક્ષ આપવાનો હતો ? અમે તો સ્વયં મોક્ષસ્વરૂપ જ છીએ. એવું દ્રવ્યનું સ્વરૂપ અનંત મહિમાવંત છે.

**આ ગ્રંથમાં તો ઠામ ઠામ સ્વરૂપ મહિમાનો વિષય છે.** દિવ્યધ્વનિનો એ મુખ્ય વિષય છે. ભગવાનની દિવ્યધ્વનિનો પણ આ મુખ્ય વિષય છે. સર્વે દિવ્યધ્વનિનો (આ મુખ્ય વિષય છે). અનંતા તીર્થંકરો અને અરિહંતો (થાય છે એમાં) કેટલાક અરિહંતોને પણ વાણી હોય છે, કેવળીઓને વાણી હોય છે, યોગ હોય છે તો એને સમવસરણ આદિની રચના થાય છે તો એની અંદર પણ આ જ વિષય આવે છે – સ્વરૂપ મહિમાનો. આ બે Page ઉપર તો ૧૦૮, ૧૧૦, ૧૧૧, ૧૧૨ અને ૧૧૪ આટલા બોલ તો ખાલી સ્વરૂપ મહિમાના છે. એ જ્ઞાનીઓનું હૃદય છે. જ્ઞાનીઓના હૃદયમાં એમના પોતાના નિજ સ્વરૂપનો મહિમા ભરપૂર ભરેલો છે એટલે એ જ વાત બહાર નીકળ્યા વિના રહેતી નથી. આ જગતમાં પણ શું છે ? જેનો મહિમા હોય ઈ જ વાત કરે કે નહીં ? આગળ કઈ વાત કરે ? જેનો જેને મહિમા હોય એ વાત આગળ કરે એ સ્વાભાવિક વાત છે. સ્વરૂપનો મહિમા છે એવા જ્ઞાનીઓ સ્વરૂપનો મહિમા ગાય છે. તીર્થંકરો પણ એ જ મહિમાને ગાય છે. એનાથી કોઈ અધિક પદાર્થ જગતને વિશે નથી.

'ધવલ'માં કરણાનુયોગનો વિષય ચાલ્યો છે. 'વીરસેનસ્વામી' ! કરણાનુયોગના હજારો ભાંગા – ભંગભેદને કહેતા કહેતા વચ્ચે આત્મસ્વરૂપનો મહિમા કરે છે. (એક મુમુક્ષુ) વાંચતા ને ? એ વાત કરતા હતા કે, આમાં આ કરણાનુયોગના

વિષયમાં વચ્ચે વચ્ચે એવી જોરદાર અધ્યાત્મની વાત આવે છે કે નવાઈ લાગે છે કે, વિષય તો કરણાનુયોગનો ચાલતો હતો એમાં વચ્ચે આ ક્યાં આવી ગયું ?! એવી વાતો છે. બે-ચાર વાતો એ દિવસોમાં દેખાડી હતી ત્યારે એટલું કહ્યું હતું કે, ભાઈ ! એ તો આચાર્યોનું હૃદય છે. અત્યારે કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વશ કરણાનુયોગના શાસ્ત્ર ઉપરનો ટીકા લખવાનો એમનો વિકલ્પ વર્તે છે તોપણ એમના હૃદયમાં તો જે શુદ્ધાત્મા છે એનો મહિમા ભરપૂર છે અને એનો આધાર લીધેલો હોવાથી અધ્યાત્મ વિષય કરણાનુયોગમાં પણ આવ્યા વિના રહેતો નથી એનું આ કારણ છે. કર્મના ભંગ–ભેદના, સ્થિતિ, અનુભાગ આદિના હજારો બોલ છે. એમાં વચ્ચે અધ્યાત્મની કોઈ જોરદાર વાત મૂકી દ્યે છે. એને પોતાને એ જાતનો અભ્યાસ નહીં એટલે નવાઈ લાગતી હતી કે, આવું આવે છે ! પણ એ જ આવે, એ સ્વભાવિક છે કે એ આવે અને આવ્યા વિના રહે નહીં.

જ્ઞાનીઓ તો જગતના પદાર્થોની મહિમાની વાત ચાલતી હોય તો તોડી નાખે. હવે એ પદાર્થોનો મહિમા કરવા જતાં તને દર્શનમોહ વળગે છે, દર્શનમોહનો રસ તીવ્ર થાય છે અને તારા આત્માને મોટું નુકસાન છે અને આ સ્વરૂપનો મહિમા તો દર્શનમોહને ગાળી નાખે એવી ચીજ છે. ૧૧૨ બોલ (પૂરો) થયો.

**મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે. અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે, તેની બહાર આવવું ગમતું નથી. કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે. સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. ૧૧૩.**

૧૧૩. **'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** મુનિદશાનું વર્ણન છે. પ્રત્યેક અંતર્મુહૂર્તમાં સ્વભાવની અંદર લીન થવું એ મુનિદશા છે. એ મુનિદશાનું સહજ પરિણમન છે કે પ્રત્યેક પ્રત્યેક અંતર્મુહૂર્તમાં ચૈતન્યગોળો શુદ્ધોપયોગમાં પોતે ઉપસ્થિત થઈને છૂટો પડી જાય છે. ક્ષણે ક્ષણે, અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે ચૈતન્યપિંડ આત્મામાં ઉપયોગની રમણતા થાય છે. એનું નામ મુનિદશા છે અને એવી ત્રણે કાળે મુનિદશા હોય છે. ચોથા કાળે એવી મુનિદશા હતી અને પાંચમાં કાળે કાંઈક બીજી જાતની મુનિદશા હોય છે એવું બનતું નથી. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ'. આવી મુનિદશા હોય છે.

'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'સમંતભદ્રાચાર્ય' વગેરે આચાર્યોની એ દશા હતી. એ બધા પંચમકાળના જ મુનિઓ હતા. પંચમકાળમાં ત્રણ તો કેવળી થયા, જે ચોથા આરામાં જન્મ પામેલા એવા 'ગૌતમસ્વામી', 'જંબુસ્વામી' અને 'સુધર્માસ્વામી' ત્રણ તો કેવળજ્ઞાન પામ્યા છે. એ (ચોથા) આરાના મુનિ હતા અને (પંચમ આરામાં) કેવળજ્ઞાન પામ્યા છે, પંચમઆરામાં એમની હયાતી હતી અને કેવળજ્ઞાન પામ્યા છે. અને ત્યારપછી પણ જેટલા શ્રુતધરો થયા – શ્રુતના ધારણ કરનારા મહામુનિ આચાર્યો થયા એ બધાની આવી દશા (હતી) કે અંતર્મહૂર્તે અંતર્મુહૂર્તે એ સ્વભાવમાં ડૂબકી મારે છે, સ્વભાવમાં લીન થઈ જાય છે. શાસ્ત્ર લખે તોપણ એ અંતર્મુહૂર્તે સ્વભાવમાં લીન થઈ જાય. 'હું જ્ઞાયકભાવ છું' એમ લખતા લખતા જ્ઞાયકભાવમાં લીન થઈ જાય. સ્વરૂપની વિધિ અને પરનો નિષેધ, રાગાદિનો નિષેધ (એવું) વિધિ-નિષેધરૂપ ભેદજ્ઞાનનું જે પરિણમન છે, એ વિધિ-નિષેધતામાં પણ અંતર્લીનતાની ડૂબકી તો ક્ષણે ક્ષણે હોય છે. હાલતા-ચાલતા પણ એમને એ હોય છે, આહાર કરતા પણ એ સ્વરૂપમાં લીન થઈ જાય છે.

'પદ્મપ્રભમલધારીદેવ' પંચમ આરાના મુનિરાજ છે. એ પોતે પણ સ્વયં મુનિરાજ છે (છતાં) 'નિયમસાર'ની ટીકા કરતા એમ કહે છે કે, પરમાત્મામાં – સિદ્ધ પરમાત્મામાં અને મુનિમાં ફેર માનીએ તો અમે જડબુદ્ધિ છીએ. શું કહ્યું ? જડબુદ્ધિ છીએ. પંડિતો એમ કહે કે, પણ મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે અને પરમાત્મા – સિદ્ધ ભગવાન તો ચૌદ ગુણસ્થાનથી પાર છે, તો જેટલી સિદ્ધ

ભગવાનમાં ભક્તિ આવે એટલી મુનિમાં ક્યાંથી ભક્તિ આવે ? તો કહે (છે), તું જડબુદ્ધિ છો. જરાક કડક વાતો કરી છે. મુનિદશાને મુનિઓએ કેવી ભાવી છે !

'ગુરુદેવ' પણ એ કહેતા કે, મુનિરાજ અત્યારે દેખાતા નથી પણ મુનિરાજ જુઓ અને હાલતા ચાલતા સિદ્ધ જુઓ – બેમાં કાંઈ ફેર નથી. કોઈ રેંગીફેંગી હોય એવા મુનિ હોતા નથી. એ તો હાલતા ચાલતા સિદ્ધ જેવા છે. ણમો લોએ સવ્વ સાહૂણમ. એ પરમેષ્ઠી પદ છે. અત્યારે તો (પંડિત લોકો) નિષેધ કરે કે શુદ્ધ ઉપયોગ હોય નહીં. અરે ! શુદ્ધ ઉપયોગ તો ચોથા ગુણસ્થાને થાય છે એવા (કથનો) છઠ્ઠા-સાતમા ગુણસ્થાનવાળાના આગમની અંદર, પરમાગમની અંદર એ વાત અત્યારે મોજૂદ છે, હયાત છે. પછી છઠ્ઠા-સાતમાનો તો પ્રશ્ન જ ક્યાં છે ? સાતમું ગુણસ્થાન જ શુદ્ધોપયોગનું અને નિર્વિકલ્પદશાનું છે. છઠ્ઠું સવિકલ્પદશાનું છે. તો કહે, અત્યારે હોય નહીં. આ કાળમાં શુદ્ધોપયોગ હોય નહીં. કહેવાતા મુનિ થઈને (આવી) વાત કરે. એને એક્કેય ગુણસ્થાનની ખબર નથી.

કહે છે કે, **'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** જેને ક્ષણે ક્ષણે સ્વભાવ-લીનતા પ્રગટ થાય છે એને બીજા કાર્યો કરવાની નવરાશ હોય કેવી રીતે ? ઈ તો સમજાવો. તમને જ કોઈ એમ કહે કે દર ક્ષણે તમારે આ બાજુ જોવાનું છે. દર ક્ષણે તમારે આ બાજુ જોવાનું છે. (સામેવાળી વ્યક્તિ એમ કહે કે), તો પછી બીજું કામ કેવી રીતે કરવું ? ક્ષણે ક્ષણે તમારે અમારી સામું જોવાનું એમ કોઈ કહે, તો કોઈ બીજું કામ કરી શકે ? બીજું કોઈ કામ કરવાનો અવકાશ રહેતો નથી. આ મુનિદશા છે.

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે. અંદર વસવાટ માટે...'** એમને ચૈતન્યનો **'મહેલ મળી ગયો છે,...'** ચૈતન્ય મહેલ મળી ગયો છે. જેમ કોઈ મહેલની અંદર એશઆરામ કરે તો મહેલની બહાર એને નીકળવું ગમતું નથી એમ મુનિરાજને બહાર નીકળવું ગમતું નથી. એને શાસ્ત્રની અંદર 'સ્વરૂપમંથર' કહ્યાં છે. (મંથર એટલે) આળસુ. બહાર નીકળવા માટે આળસુ. સ્વરૂપ

મહેલમાં વસવાટ કરવા માટેનું સ્થાન મળી ગયું છે. બસ ! પોતાના સ્વરૂપ(માં) – ચૈતન્ય સ્વરૂપમાં જ્યાં ચૈતન્યની અનંત રિદ્ધિ-સિદ્ધિ ભરેલી છે, મહેલમાં રિદ્ધિ-સિદ્ધિ હોય છે કે નહીં ? અનેક પ્રકારના ફર્નિચર, લાઈટો એ બધી પુદ્ગલની રિદ્ધિ-સિદ્ધિ હોય છે. એ(ની) તો જેની પાસે ધૂળ જેવી કિંમત થઈ જાય છે. બહારની પ્રગટ રિદ્ધિ-સિદ્ધિ જેની પાસે ધૂળ જેવી કિંમતની ગણાય છે. આ મુનિઓને રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાય છે, આ લબ્ધિઓ પ્રગટ થાય છે (પણ એની) સામું જોતા નથી. મારા આત્માની રિદ્ધિ-સિદ્ધિ પાસે – ચૈતન્યની રિદ્ધિ-સિદ્ધિ પાસે આ તો સામું જોવા જેવી ચીજ પણ નથી, એમ કહે છે. એનો ઉપયોગ કરવા જેવી ચીજ છે એ તો પ્રશ્ન નથી પણ સામું જોવા જેવી ચીજ પણ નથી. એવી તુચ્છતા લબ્ધિઓની ભાસે છે. આ તો વાણિયા કહે અમને લબ્ધિ હજો ! તને લબ્ધિ હજો (એમ કહે છે પણ) એને તુચ્છ ગણવાની છે, એને હજો હજો ક્યાં કરે છે ? ઊલટી વાત છે, (તારો) અભિપ્રાય ઊલટો છે.

મુનિરાજને તો અંદર મહેલ મળી ગયો છે. **'તેની બહાર આવવું ગમતું નથી.'** લીનતાથી બહાર નીકળવું ગમતું નથી. ક્ષણે ક્ષણે અંદર ઉપયોગની રમઝટ ચાલે છે અને લીન થતાં જાય છે. લીનતામાં વૃદ્ધિગતપણું થતું જાય છે. એ તારતમ્યતાના અંશો વધતા જાય છે. એવી કોઈ અલૌકિકદશાને મુનિદશા કહેવામાં આવે છે. એ જગતપૂજ્યદશા લીધી છે. જગતના મનુષ્યોમાં; બીજી ત્રણ ગતિમાં તો એટલી પવિત્રતા જ નથી, ચોથા-પાંચમાં ગુણસ્થાનથી કોઈ આગળ હોતું નથી. દેવ ને નારકમાં કોઈ ચોથાથી આગળ હોય નહિ, તિર્યંચમાં પાંચમાંથી આગળ ન હોય. એક મનુષ્યમાં જ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની દશા છે. એટલે એ સર્વથી પવિત્રદશા છે એટલે એને જગતપૂજ્યદશા કહેવામાં આવે છે. એને ગુરુ એટલે મોટાઈનું માન દેવામાં આવે છે. એટલા માટે થઈને એને ગુરુપદ કહ્યું છે. છદ્મસ્થ જીવોમાં એથી મોટા કોઈ નથી.

**'તેની બહાર આવવું ગમતું નથી.'** શાંતિ છોડીને અશાંતિમાં આવવાનું કોને ગમે ? બહાર આવતા અશાંતિ છે. અંદરમાં લીન રહેતા શાંતિ છે. શાંતિમાંથી અશાંતિમાં આવવું કોને ગમે ? અને જેને શાંતિ મળી જાય એ તો શાંતિમાં

જ રહેવા ચાહે. આ તો બહુ સ્વાભાવિક સમજી શકાય એવી વાત છે.

**'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી.'** કોઈ પ્રકારના કામનો બોજો, કામની જવાબદારી મુનિરાજ કદી પણ લ્યે નહીં અને લ્યે તો એ મુનિરાજ કહી શકાય નહીં, એ મુનિ હોય શકે નહીં. મુનિનો લેબાસ હોઈ શકે, મુનિ હોય શકે નહીં. (કોઈ) રાજા એમ કહે કે, તમે હવે જ્યાં સુધી અમારા રાજમાં રહો ત્યાં સુધી તમારે રોજ ધાર્મિક સમાજમાં ઉપદેશ પ્રવર્તાવવો, સમ્યક્દૃષ્ટિનું પ્રભાવના અંગ છે (એટલે) ધર્મ પ્રભાવના કરવી એ આપની ફરજ છે, માટે જ્યાં સુધી અમારા રાજમાં નિવાસ કરો, વિહાર ન કરો ત્યાં સુધી રોજ તમારે વ્યાખ્યાન ફરમાવવું, અમારી વિનંતિ છે. (તો મુનિરાજ કહે છે), અમે બંધાતા નથી. મુનિ બંધાતા નથી. અહીં તો શેઠિયાઓ આવે પછી વ્યાખ્યાન શરૂ થાય. મોડા આવે તો મોડું શરૂ થાય. કેમ જાણે શેઠની કાંઈ નોકરી નોંધાવી હોય ! મુનિદશામાં એ હોતું નથી. રાજા હોય, ગમે તે ચક્રવર્તી હોય, અરે...! દેવોના ઇન્દ્રો આવીને એને વંદન કરે છે એવી જેની મહાન દશા છે, એને કોઈથી બંધાવાનો પ્રશ્ન હોતો નથી. બીજાનું બંધન લાદી શકાય એવી પરતંત્ર દશા મુનિરાજને હોતી નથી.

**'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વિત્લોભ જો.'** અપૂર્વ અવસર'માં ગાયું છે ને ? કેવળ ઉદયાધીન (પ્રવૃત્તિ છે). કોઈપણ પ્રકારના લોભ વગર – 'આ ઠીક છે' એવો લોભ ત્યાં નથી. અહીંયાં ઠીક છે, અહીં બધા ધર્મના લોભી અથવા ધર્મના અભિલાષિત જીવો છે માટે અહીંયાં ખૂબ ઉપદેશ આપો અને અહીંયાં રહી જાઓ આપણે. આપણી પણ ધર્મભાવના વધે અને એની પણ ધર્મભાવના વધે. પછી અહીંયાં રહેવામાં શું વાંધો ? મુનિદશામાં એ વાત નથી. ઉપર ઉપરથી તો સીધું લાગે કે, બરાબર છે સ્વ-પરની હિતકારી પ્રવૃત્તિ છે. ધર્મના અભિલાષી જીવોને ધર્મોપદેશ દેવામાં પોતાનો ભાવ પણ વધે અને એનો ભાવ પણ વધે. તો કહે (છે), નહીં. અમે તો એકાંતમાં સ્વરૂપ લીનતા માટે નીકળી પડ્યા છીએ. અમે સમાજની વચ્ચે રહીને ધર્મોપદેશ દ્વારા અમારી ધર્મ ભાવના વધારવા માટે નથી નીકળ્યા પણ અંદર લીનતામાં રહીને ધર્મભાવના વધારવા માટે નીકળ્યા છીએ. બીજી વાત છે. એટલે ત્યાં એવું ઠીકપણું પણ

નથી. એમ કહે છે. ઇષ્ટ-અનિષ્ટનું વિષમપણું જેને નથી, એવો જેને સમસ્વભાવ પ્રગટ્યો છે એને સમભાવી ચારિત્રવંત મુનિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ધર્મપિતા ('ગુરુદેવ') એમ જ ફરમાવતા હતા કે ચાહે તમારે મકાનો બનાવવા હોય તો બનાવો.. પણ અમારું મન ફરશે તો અમે ક્યાંય જંગલમાં ચાલ્યા જશું, અમે અહીંયાં બંધાયા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, **એમની બહુ સ્વતંત્ર લાઇન (હતી), એવી જ લાઇન હતી. કોઈથી દબાવાની લાઇન હતી નહીં. એ તો સિંહવૃત્તિ એવી જ હોય છે.** એટલે તો મુનિને સિંહની ઉપમા આપી છે. જંગલમાં રહે છે (તો) કહે છે, હે મુનિ શાર્દૂલ ! એમ કહે છે. મુનિઓ મુનિઓને એ રીતે સંબોધન કરે છે. શાર્દૂલ એટલે સિંહ. એમની સિંહવૃત્તિ જોઈને એમ કહે છે. જેને ભય નથી. જંગલમાં તો સામાન્ય રીતે મનુષ્યો અને પ્રાણીઓ એકબીજાથી ભયવાન હોય છે. જે વધારે શરીરબળવાળા હોય એનો ભય બીજાને લાગે છે. મુનિને ભય નથી, નિર્ભય છે, નિશંક છે. સ્વભાવમાં નિશંક છે તેથી નિર્ભય છે અને તેથી નિસંગદશામાં કોઈપણ જાતના પ્રતિબંધ વિના વિચરે છે.

આત્માને તો કોઈ ખાઈ શકતું નથી. એ તો કહ્યું કે, અખંડિત છે. એને તો કોઈ ખંડિત કરી શકતું નથી.. હવે જે શરીર ઉપર પોતાને રાગ રહ્યો નથી એવા શરીર ઉપર બીજાને રાગ થાય અને એને ખાવા આવે; આ પ્રાણીઓ વગેરે કેમ ખાય છે ? એને રાગ છે તો ખાય છે. તો કહે છે, મારે તો નકામી ચીજ છે ને તારે કામની હોય તો તું લઈ જા. આ નથી કહેતા ? માણસો બાર મહિને દિવાળીએ અળશ કાઢી નાખે છે. આ બધી નકામી ચીજ છે હવે આપણે કાંઈ કામમાં આવે એવી નથી, જૂની થઈ ગઈ છે ને આપણને કાંઈ હવે વાપરવાનું મન થાય એવી નથી. આપી દ્યો, કામવાળાને આપી દ્યો, નાખી દ્યો, ઊકરડે નાખી દ્યો, કોઈ માગણ હોય એને દઈ દ્યો એમ કહે છે કે નહીં ? જે ચીજ પોતાને કામની નથી એના ઉપર મમત્વ રહેતું નથી. મુનિને દેહ ઉપર મમત્વ નથી (તો) બીજી ચીજનો પ્રશ્ન રહેતો નથી.

એ મુનિદશાનું વર્ણન છે વિશેષ લેશું...

## તા. ૧૬-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૧૩, ૧૧૪, ૧૧૫. પ્રવચન નં. ૮૯

'બહેનશ્રીનાં વચનામૃત' ૧૧૩(મો) બોલ ચાલે છે. (આ બોલમાં) મુનિદશાની ભાવના, એનો મહિમા, મુનિદશાનું વર્ણન કરે છે. કહે છે, **'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી.'** એ – મુનિ કોઈપણ પ્રકારનું બાહ્ય કાર્ય કરવાનું બંધન સ્વીકારતા નથી. પોતાને માટે બીજાને બંધનમાં નાખતા નથી અને કોઈનાથી પોતે બંધનમાં રહેતા નથી. મારા માટે આમ કરજો એ વાત (હોતી નથી). કરવું, કરાવવું, અનુમોદવું (એમ) નવ કોટીએ પચ્ચખાણ છે અને પોતે પણ બીજા કોઈના કરવા, કરાવવા, અનુમોદવાના બંધનમાં આવતા નથી. અનુમોદન પણ કરતા નથી. બીજા કાર્યો ન કરે, કોઈને કહીને કરાવે નહીં, પોતાને માટે કરેલું હોય તો એનું અનુમોદન કરે નહીં, એનો ઉપભોગ કરે નહીં, એને વાપરે નહીં. એમ કોઈપણ પ્રકારનો બોજો મુનિ લેતાં નથી.

**આમ તો મુનિરાજ એટલે કેવળજ્ઞાન પ્રગટાવનાર પ્રચંડ પુરુષાર્થવાન આત્મા !** એનું નામ મુનિરાજ છે. એ કેવળજ્ઞાન પ્રગટાવનાર મુનિરાજ તો સર્વ બોજો નાશ કરવા માટે પ્રવર્તી રહ્યાં છે, પોતાનો પુરુષાર્થ પ્રવર્તાવી રહ્યાં છે, એમાં નવો બોજો લેવાનો ક્યાં સવાલ ઊભો થાય છે ? એમ. એ બધો બોજો નાશ કરીને કેવળજ્ઞાન, મુક્તદશા પ્રગટાવવા માગે છે. તો એની તૈયારીમાં પણ એ એવી જ બધી ગોઠવણ હોય છે, કે જેમાં કાંઈ બોજો એમને અંગીકાર કરવાનો હોય નહીં.

આચાર્ય અને ઉપાધ્યાય મુનિસંઘમાં કેટલુંક કાર્ય કરે છે. જેમકે આચાર્ય

છે એ ચર્યા પાળે છે અને બીજાને પળાવવામાં નિમિત્ત થાય છે. ઉપાધ્યાય છે એ શાસ્ત્ર– ગ્રંથ રચે છે, અધ્યયન કરે છે (અને) બીજાને અધ્યયન કરાવવામાં નિમિત્ત થાય છે. તોપણ બોજો નથી, બંધન નથી કે આટલું તમારે કરવું પડશે. એ બંધન એમને નથી. સહજ પ્રસંગ બને છે તો એ જાતનો ક્ષયોપશમ વિશેષ છે, એવા વિશિષ્ટ પદવીધારી પણ પોતે છે તો બીજા મુનિને એ પ્રકારે ઉપાધ્યાય અને આચાર્ય અધ્યયન અને ચર્યામાં પોતે નિમિત્ત પડે છે, પણ છતાં કોઈ બંધન સ્વીકારવામાં આવે છે, એમને બાંધવામાં આવે છે, કે રોજ તમારે આટલું કરવું, રોજ આટલા વર્ગ લેવા, મુનિઓના આટલા ક્લાસ લેવા, લ્યો ! બીજા મુનિઓને આટલું રોજ સમજાવવું એવું બંધન એમને હોતું નથી. એ તો ક્યારે ક્યાં ચાલ્યા જાય (એ) કહેવા રોકાતા નથી. મુનિસંઘમાં હોય અને ગમે ત્યારે છૂટા પડી જાય. એમ ન કહે કે, હું અહીંયાં જાઉં છું, ભણવું હોય એ મારી વાંહે વાંહે (–પાછળ પાછળ) આવજો. શાસ્ત્ર ભણવા હોય તો ભણાવીશ. એમને કાંઈ બંધન નથી. સમાજનો બોજો, કોઈ સામાજિક કાર્ય કરવાનું તો મુનિદશાના બાહ્ય વ્યવહારની અંદર પણ સંમત કરવામાં આવ્યું નથી. કોઈ ફાળા કરવા, મકાન કરવા, ઉપાશ્રય કરવા, મંદિર કરવા, પૂજાઓ રચાવવી કે વ્યાખ્યાનના બંધન કે કોઈ પ્રકારનું મુનિરાજને સામાજિક કાર્ય કરવાનું કે બોજો ઉઠાવવાનો પ્રશ્ન રહેતો નથી. વ્યાખ્યાન આદિ વાંચે પણ એ એમનો વિકલ્પ હોય તો વાંચે. બાકી બીજા કાર્ય તો નિષિધ્ય છે. જેમાં બાહ્ય હિંસા છે એવા તો કોઈ કાર્ય એમને હોઈ શકે નહીં. પછી ચાહે એમાં મંદિર બંધાવવાનું હોય તોપણ. બીજા કોઈ કાર્ય હોઈ શકે નહીં.

**'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન...'** અંદરમાં સ્વાનુભવમાં લીન રહે છે. પરિણામ અંદર જાય તો પોતાના સ્વાનુભવમાં શુદ્ધોપયોગમાં ક્ષણે ક્ષણે અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અંદરમાં ડૂબકી લગાવે છે. બહાર આવે તો તત્ત્વનું ચિંતવન કરે છે. બસ ! વિકલ્પનો વિષય પણ પોતાનો શુદ્ધાત્મા બનાવે છે, નિર્વિકલ્પનો વિષય પણ પોતાનો શુદ્ધાત્મા બનાવે છે. આટલી શુદ્ધાત્માની મુખ્યતા થઈ ગઈ છે. પોતાના નિજ પરમાત્માની એટલી બધી મુખ્યતા છે કે, અંદર બહાર એક જ વિષય, જાણે બીજો વિષય

રાખતા નથી. કાલે કહ્યું હતું ને ? કે શાસ્ત્ર રચે ને કરણાનુયોગ હાથમાં લ્યે તોપણ અંદર અધ્યાત્મનો વિષય જોરથી આવી જાય છે, કેમકે એમનો પરમાત્મતત્ત્વનો મહિમા છે એ હૃદયમાંથી ખસતો નથી અને બીજા વિકલ્પમાં પણ વચ્ચે પોતાના નિજ પરમાત્માના મહિમાનો એ વિકલ્પ ઉત્પન્ન થઈ આવે છે.

**'અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે.' 'ગુરુદેવે' પણ એવી જ પ્રવૃત્તિ, બાહ્ય પ્રવૃત્તિ એવી જ રાખેલી. પહેલાં સ્થાનકવાસીમાં મુનિદીક્ષા લીધી એટલે બને એટલી પ્રવૃત્તિમાં ન પડવું, ભલે ગુણસ્થાનમાં મુનિદશા નહોતી પણ છતાં કોઈ પ્રવૃત્તિમાં ન પડવું એવી મર્યાદામાં રહેલાં. એટલે ત્યાગી જેવી દશામાં જ રહેલાં. એ શાસ્ત્ર અધ્યયન અને ધ્યાન, બસ ! બે મુખ્ય પ્રવૃત્તિ. જેને દિનચર્યા કહીએ એમાં આખા દિવસમાં શાસ્ત્ર અધ્યયન, શાસ્ત્ર પ્રવચન, તત્ત્વચર્ચા અને અંતરંગમાં ધ્યાન, બસ ! બીજી કોઈ માથાકૂટમાં નહીં. સંસ્થાના કાર્ય સંસ્થાના કાર્યકર્તાઓ કર્યા કરે, પોતે પોતાના જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં જ રહે.** એ તો બધું વાંહેથી (-પાછળથી) સંસ્થા-બંસ્થા (થઈ), **પહેલેથી પોતે તો એક નિર્ણય કર્યો છે ને કે, મારે તો મારું આત્મકાર્ય (કરવું છે), અમે તો આત્મકાર્ય કરવા નીકળેલા છીએ – એમ અંદરમાં ગાંઠ મારેલી. આત્માનું હિત કરવા નીકળ્યા છીએ, એ કાર્ય કરવું છે.**

પ્રશ્ન :- 'ગુરુદેવશ્રી' ધ્યાનમાં ક્યા સમયે બેસતા ?

સમાધાન :- **એક તો પરોઢિયે ઊઠીને બેસતા, ક્યારેક ક્યારેક બપોરે બેસતા અને સાંજના બહાર આંટા માર્યા પછી પાટે બેઠા પછી અને ચર્ચામાં આવ્યા પહેલાં બેસતા. સવાર, બપોર, સાંજ. ત્રણ વખત ધ્યાનમાં બેસતા.**

**શાસ્ત્ર અધ્યયન તો ઘણું હતું. પછી એ સિવાયના સમયમાં શાસ્ત્રોનું અવલોકન રહેતું. વ્યાખ્યાન આપે, શાસ્ત્ર વાંચે. બપોરે આરામ કરીને ઊઠે એટલે શાસ્ત્ર વાંચે. શાસ્ત્ર વાંચવામાં જ ધ્યાનનો અમુક સમય રાખી લેતા હતા. શાસ્ત્રો પડ્યા હોય, પાછા ધ્યાનમાં બેસી જાય. ઊંડું ચિંતવન ચાલતું હોય, ઊંડું તત્ત્વચિંતવન ચાલતું હોય, એકાંત સ્થળ છે. બપોરે તો ત્યાં એકદમ એકાંત રહે.**

**સ્વાધ્યાય હોલના કમ્પાઉંડમાં એકદમ એકાંત રહે છે.**

મુનિરાજને '**સાધકદશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે.**' ઘણી દશા વધી ગયેલી છે ! એટલી વધી ગઈ છે દશા કે જેવું દ્રવ્ય છે એવું પૂર્ણ થવાની તૈયારી કરી રહ્યાં છે, એની તૈયારીમાં આવી ગયા છે. ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. અત્યંત વીતરાગતા વધેલી છે. ઘણી દશા વધી ગઈ છે છતાં દશાને આશ્રિત સંતોષ ક્યારેય લેતા નથી. કેમકે એમની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે.

એક બોલમાં હજી આગળ આવશે કે, આનંદ અમૃતનો અનુભવ તો ક્ષણે ક્ષણે થાય છે. નીચેની દશાવાળા તો એમ જોવે છે કે મુનિરાજને અંદરથી ક્ષણે ક્ષણે આનંદના ફુવારા ફૂટે છે ! તો આ કહે છે કે, અંદરમાં મારો અનંત આનંદ એટલો ભર્યો છે કે આ ફુવારાની ધાર છે એ ધીમી ધાર પડે છે. એકસાથે પૂરો આનંદ ભર્યો છે (તો) એકસાથે પૂરો શા માટે અનુભવમાં ન લઉં ? એમ. જેમ માણસ હક માટે લડે છે ને ? આ જગતની તકરારો છે કે તમે મારી આટલી (જમીન લઈ લીધી). બે મકાન બાજુબાજુમાં હોય તો એક ફૂટ જમીન માટે તકરાર કરે. એક ફૂટ તમે મારી જમીનમાં કેમ દીવાલ કરી નાખી ? એવી એવી તકરાર કરે ને ? એક ફૂટની કિંમત કાંઈ એવી નથી હોતી પણ તકરાર મોટી થાય. કેમકે હકનો સવાલ ઊભો થાય. એવી રીતે દેશેદેશની Border ઉપરની તકરાર ઊભી થાય છે. એવી રીતે બીજું કાંઈ નહીં પણ હક્ક માટે માણસ લડે છે. વસ્તુ મળે, ન મળે એની બહુ કિંમત નહીં પણ કહેવાતા ડાહ્યા માણસો હક્ક માટે તો બરાબર લડે છે કે નહીં ? તો અહીંયાં એમ કહે છે કે, પોતાના આત્માના અનંત આનંદના ભોગવટાનો હક્ક તો પોતાને છે. વળી એ અનંત આનંદ ભરેલું પાત્ર એવો પોતાનો આત્મા પણ મોજૂદ છે. વસ્તુ હયાત છે અને એનો હક્ક પોતાને છે, અધિકાર પોતાને છે. પછી શા માટે એનો ભોગવટો નહીં ? એમ કહે છે. વસ્તુ સામે રાખીને એનો ભોગવટો ન થવા દ્યે એ વાત મુનિને પોસાતી નથી.

એટલે એમ કહે છે કે, પૂરેપૂરો આનંદ જોઈએ. જેટલો આનંદ અમારામાં

ભર્યો છે એટલો પૂરેપૂરો અમારે ભોગવવા જોઈએ. ભલે નીચલી દશાવાળાને હિસાબે ઘણો આનંદ છે, ઘણા કૃતકૃત્ય થયા છે તોપણ એટલાથી અમને સંતોષ નથી. એવી અપૂર્વ મુનિદશા હોય છે ! અને એ મુનિદશાને જોઈને આચાર્યો, મુનિઓ એમ કહે છે કે, અમને મુક્તિમાં અને મુનિરાજમાં, સિદ્ધદશામાં – સિદ્ધમાં અને મુનિરાજમાં કાંઈ ફેર દેખાતો નથી. ફેર દેખવાવાળાની બુદ્ધિ જડ છે. શાસ્ત્રની અંદર એવા વચનો છે. એવો ફેર કોઈ જોવે નહીં. કેમકે (એ) મુનિદશા(માં કેવળજ્ઞાન) લીધું કે લેશે (એવી ભૂમિકા છે). લોકોમાં એમ કહેવત છે કે, અહીંથી રીક્ષામાં બેસીને સ્ટેશન જાય તો પૂછે કે, ક્યાં ગયા ? કે, 'મુંબઈ' ગયા. હજી તો 'ભાવનગર'માં ને 'ભાવનગર'ની મર્યાદામાં છે. ક્યાં ગયા ? તો કહે, 'મુંબઈ' ગયા. 'મુંબઈ' જવા માટે નીકળ્યા હોય તો 'મુંબઈ' ગયા એમ કહેવામાં આવે છે. એવી વ્યવહારની પદ્ધતિ છે, એમ જેનું કેવળજ્ઞાન નિશ્ચિત છે અને જેનો પુરુષાર્થ કેવળજ્ઞાનને યોગ્ય જ છે. પૂર્વદશા જેની મુક્તિને યોગ્ય જ છે એનામાં અને મુક્તિમાં ફેર જોવામાં આવતો નથી. બહુ મહિમાનો વિષય છે. ૧૧૩ (પૂરો) થયો.

**જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે. ૧૧૪.**

૧૧૪. **'જેને ભગવાનનો પ્રેમ હોય તે ભગવાનને જોયા કરે તેમ ચૈતન્યદેવનો પ્રેમી ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે.'** બહારમાં હોય છે ને ? અન્ય ભગવાનના પ્રેમનો વિષય ચાલે છે. 'બંગાળ'માં હમણાં 'ચૈતન્ય મહાપ્રભુ' થઈ ગયા. આ 'સ્વામી વિવેકાનંદ'ના ગુરુ હતા 'રામકૃષ્ણ પરમહંસ'. તો ઈ કાળીમાતાના મંદિરમાં જ પડ્યા રહેતા. આમ તો બહુ ગરીબ બ્રાહ્મણના દીકરા હતા. બહુ – અત્યંત

દરિદ્રી. અત્યંત દરિદ્રી એટલે જેને એક ટંકનું ખાવાનું ઘરમાં ન હોય એવા ! પછી ઈ મંદિરમાં જ પડ્યા રહેતા. સુધબુધ (ખોઈને) બેભાન અવસ્થામાં પણ પડ્યા રહે પણ અંદરમાં એક જ લગની કે આ માતાની ઉપાસના કરવી છે. તો એને જ જોયા કરે, ત્યાં જ રહ્યાં કરે, બસ ! જેને જે ભગવાન એનો ઇષ્ટદેવ માન્યો છે, પરમ ઇષ્ટ માન્યો છે એને જ જોયા કરે, ત્યાં જ રહ્યાં કરે. આવું બને છે.

**'તેમ ચૈતન્યદેવનો પ્રેમી...'** અહીંયાં પોતાના નિજ ચૈતન્યદેવનો પ્રેમી. પોતાના ચૈતન્યને જ જોયા કરે – ચૈતન્યનું જ અવલોકન કર્યા કરે. ધ્યાનમાં પણ એ અને જ્ઞાનમાં પણ એ. જ્ઞાન અને ધ્યાનમાં એક પોતાના નિજ ચૈતન્ય સિવાય બીજો કોઈ (નહિ). જેને એની રુચિ છે, એનો પ્રેમ છે, એનો મહિમા છે એને એ વિષય જાણે બદલાતો નથી. બીજો વિષય ઉદયમાં આવે તોપણ એટલો ગૌણ રહે છે કે, નહીંવત અણઉપયોગે પ્રવૃત્તિ કરે છે. સાવધાની વિના – અણઉપયોગ એટલે સાવધાની વિના. સાવધાની એક પોતાના સ્વસ્વરૂપને વિશે અને બીજે ક્યાંય સાવધાની નહીં. એવી દશા હોય ત્યારે એને ખરેખર ચૈતન્યદેવનો પ્રેમ થયો છે એમ કહેવામાં આવે. પ્રેમ એટલે અહીંયાં રાગ એમ નથી લેવું. આમ ચાલુ ભાષામાં પ્રેમનો અર્થ રાગ (કરે છે), રૂઢિ અર્થ રાગ કરે છે. રાગ નથી લેવું. અનન્ય રુચિ અને અનન્ય ઉપાદેયતા કે જે ઉપાદેયતામાં નિર્વિકલ્પરસનો આસ્વાદ લેવામાં આવે છે, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થવામાં આવે છે. એને ચૈતન્યનો અહીંયાં પ્રેમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– જ્ઞાન અને ધ્યાનમાં બન્નેમાં ચૈતન્ય.

પૂજ્ય ભાઈશ્રી :– એક જ ચૈતન્ય જ ચૈતન્ય રહે છે.

પ્રશ્ન :– જ્ઞાનમાં એટલે ?

સમાધાન :– જ્ઞાનમાં એટલે જ્ઞાનનો વિષય – જાણવા યોગ્ય એવો સ્વસંવેદનનો વિષય. જ્ઞાન અને જ્ઞેય. સ્વજ્ઞેય – જ્ઞાનનું સ્વજ્ઞેય, જ્ઞાનનું જ્ઞેય આત્મા અને ધ્યાનનું ધ્યેય પણ આત્મા, એમ. એકાગ્રતા પણ આત્મામાં અને જાણવું – અનુભૂતિ પણ આત્માની અને પ્રતીતિ પણ આત્માની અને આનંદ પણ આત્માનો,

આનંદસ્વરૂપ આત્માનો ભોગવટો.

પ્રશ્ન :– મુનિરાજશ્રી અને 'ગુરુદેવશ્રી' બધાને જ્ઞાન-ધ્યાનમાં આત્મા અને સમ્યક્દષ્ટિને ?

સમાધાન :– આત્મા જ એકલો આત્મા જ. સમ્યક્દષ્ટિને આત્મા જ. આત્મા જ, આત્મા સિવાય બીજું કાંઈ એમને છે નહીં. નથી બાળકનું દષ્ટાંત લીધું ? બાળક(ને) જેમ એની બા... બા... બા... બાનો પ્રેમ છે, બા સિવાય બીજી કાંઈ વાત કરતો નથી. ખોવાઈ ગયા પછી પેંડો હાથમાં ઝાલતો નથી. નહીંતર બાળકને પેંડો ભાવે છે, મીઠાઈ ભાવે છે, પીપરમેંટ ભાવે છે પણ જો એની માથી છૂટો પડી જાય ને ખોવાઈ જાય તો એકેય ચીજને અડવાની વાત નથી. આ તો નજરે અનુભવાય એવી વાત છે ને ?

મુમુક્ષુ :– આ તો બાળકથી પણ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિચાર કરવો જોઈએ.

મુમુક્ષુ :– પોતાની બા ખોવાઈ ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એનાથી એટલું બીજું મુખ્ય કરે છે મફતનો કાંઈ રખડતો નથી. અન્ય પદાર્થની મહિમા આપે છે, ભાવે પહેલાં ત્યાં જાય છે પછી દ્રવ્યે જવાનું સહજ જ બને છે. આ દ્રવ્ય-ભાવનો નિયમ છે.

પ્રશ્ન :– આવી ચોખ્ખી વાત છે છતાં કેમ આમ ?

સમાધાન :– ચોખ્ખી વાત છે છતાં પણ અન્ય પદાર્થ વિશેનો (જે) જીવનો વ્યામોહ છે એ વ્યામોહ એને ચોખ્ખી વાત ચોખ્ખી રહેવા દેતો નથી, એમ છે. એટલે એની અત્યંત વિચારણા માગે છે. જ્યાં જ્યાં પોતાને રોકાવાનું કારણ થાય ત્યાં એમ તપાસ કરે કે, પરમાત્મતત્ત્વથી એવું શું વિશેષ છે અહીંયાં કે જેથી મારું પરિણમન આખું જ અહીંયાં રોકાય છે ? આ વાત એના દષ્ટિકોણમાં જે તપાસ છે એ ઊભી રહે તો ફેરફાર થયા વિના રહે નહીં. જ્યાં રોકાતો હોય ત્યાં એનો રસ ઠંડો થયા વિના રહે જ નહીં. રસ કપાયા વિના રહે જ નહીં.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' લખે છે કે, ખાવું છે તો આત્મા માટે...

પૂજ્ય ભાઈશ્રી :– બધે આત્મા જ છે. એ તો એમ કહેતા કે, અમારી અસ્થિ,

મજ્જા અને રગેરગમાં આત્મા જ છે, બીજું કાંઈ નથી. એ પણ લખ્યું છે કે, દેહ છે કે નહીં એવું અમે માંડ સંભારીએ ત્યારે યાદ આવે છે. એનો અર્થ કે ભૂલી જઈએ છીએ. એવું આત્મામય પરિણમન રહે છે કે શરીરના અસ્તિત્વને, જોડે રહેલું શરીરનું અસ્તિત્વ ભૂલી જવાય છે, વિસ્મૃત થઈ જાય છે. આ એમની અંતરંગદશા છે ! ગૃહસ્થપણામાં આ અંતરંગ દશા છે ! એ એવી અદ્ભુત દશા જો મુમુક્ષુને જાણવા મળે, સમજવા મળે, ઓળખવા મળે તો એને એનું કેટલું બહુમાન આવે ? કે એ દશા એ પ્રાપ્ત કરી જાય એટલું એનું બહુમાન આવ્યા વિના રહેતું નથી.

મુમુક્ષુ :- **માતાજીની પણ અંતરંગ દશા એવી જ છે.**

પૂજ્ય ભાઈશ્રી :- **હા, એવી જ છે. બહુ સારી ! ઈ તો એવું છે કે, એવા મહાત્માઓનું હોવું આ કાળમાં એ એક આશ્ચર્ય છે. હોય નહીં લગભગ. આવા વિપરીત કાળમાં તો હોય નહીં, એમ. એટલે છે એને ઓળખીને એનું બહુમાન થાય તો પોતાને લાભનું અને હિતનું કારણ છે.** નહીંતર સાધક તો સાધકના રસ્તે ચાલ્યા જાય છે. પોતાના રસ્તે ચાલ્યા જાય છે અને માર્ગની આંગળી ચીંધતા જાય છે કે માર્ગ આ છે. ચાલવું હોય તો પાછળ પાછળ ચાલ્યા આવો. નહીંતર અમે તો અમારા રસ્તે. અનંતા સાધક સિધ્યા અને અનંતા સિધશે, (બધા સાધકો) પોતાના રસ્તે ચાલ્યા જાય છે.

'સોગાનીજી'એ લખ્યું છે, વટેમાર્ગુની જેમ એ પોતાના રસ્તે ચાલ્યા જાય છે અને બીજાને માર્ગ બતાવતા જાય છે. કાંઈ પણ સ્પૃહા વિના નિષ્કારણ કરુણાથી (બતાવતા જાય છે) કે એક ગેરસમજણથી, ઊલટી સમજણથી, માત્ર થોડા અજ્ઞાનથી જગતના જીવો દુઃખી થઈ રહ્યાં છે, (ફક્ત) આ માર્ગ સમજે, માર્ગને જોવે, માર્ગને લક્ષમાં લ્યે (કે) આ માર્ગ છે. અમારે તો કાંઈ લેવાદેવાનો પ્રશ્ન નથી. માર્ગ બતાવવામાં કાંઈ દઈ દેવાનું નથી કે કાંઈ લઈ લેવાનું નથી. એનો ઉદ્ધાર થઈ જાય, એનો નિવેડો આવી જાય (એવું) કહેતા.

કાળ એટલો હીણો છે (કે) આવા મહાપુરુષો અને આવા મહાત્માઓ ભાગ્યે જ હોય, એમ છે ખરેખર તો. જેમ ઘરમાં કોઈ પારસમણી હોય (તો) કેટલું

જતન કરે ? એવું કિંમતી રત્ન હોય કે જગતમાં ક્યાંય ન હોય એવું હોય તો એના પ્રમાણમાં એની સાવધાની હોય છે કે નથી હોતી ? એવો વિષય છે.

મુમુક્ષુ :– આ કાળમાં હોય નહીં અને હોય તો એનો પોતાને લાભ લઈ લેવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ રીતે પોતે વિચારવાનું છે. **એટલે તો 'ગુરુદેવે' કહ્યું ને ? કે, કોઈ દર્શન કરશે તો એના કર્મબંધનમાં ફેર પડી જશે. એની પાછળ હેતુ ઘણો ઊંડો છે, ઈ તો સમજે એનું કામ છે.**

પ્રશ્ન :– કર્મબંધનમાં દર્શનમોહનો નાશ થશે એમ (કહેવું છે) ?

સમાધાન :– હા, દર્શનમોહ નાશ થાય છે. એ વિષય ઊંડો ઘણો છે. એ તો પોતે જ શબ્દોમાં મર્યાદિત કરી નાખ્યો. આટલું બધું ખોલ્યું છતાં એ વિષય તો શબ્દમાં મર્યાદિત કરી જ નાખ્યો છે ને ! એ તો હિત કરવું હોય એને એક આંગળી ચીંધી દીધી છે. નથી માણસ કહેતા ? કે ભાઈ ! સંકેતમાં સમજી લેવું. એના જેવી વાત છે. એના જેવી વાત છે.

શું કહે છે ? કે, જેને ચૈતન્યદેવનો પ્રેમ હોય એને એ પોતાનું ચૈતન્ય છે એ એની દૃષ્ટિમાંથી, એના જ્ઞાનમાંથી, એના ધ્યાનમાંથી, એના ચિંતવનમાંથી (ખસતું નથી). વિકલ્પના કાળમાં પણ જાણે એ જ છે અને બીજું કાંઈ નથી. ચિંતનમાં બેચિંતનમાં એમ ('સોગાનીજી') લખે છે ને ? એટલે બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક. આગળ એક બોલ આવે છે (કે) ઊંઘમાં પણ આત્મા જુદો રહે છે એમ લખ્યું છે. પાછળ છે, ૩૮૫-૯૦ના ગાળામાં છે.

('બહેનશ્રીનાં વચનામૃત') ૧૪૫ પાનું છે, ૩૮૯મો બોલ છે. **'દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક જ – ચૈતન્ય જ ભાસે છે,...'** અહીંયાં લીધું ને ? ચૈતન્ય ચૈતન્ય જ કર્યા કરે એમ **'એકલો જ્ઞાયક જ – ચૈતન્ય જ ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું નથી.'** છે ખરું શરીર પણ ભાસતું નથી. હું ચૈતન્ય છું એમ લાગે છે – એમ ભાસે છે અને શરીરાદિ હું છું એમ કાંઈ ભાસતું નથી. **'ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી જુદો ભાસે છે.'** 'હું શરીરવાળો છું' એવું સપનું ન આવે. ઠીક ! કેવી દૃઢતા છે ! સ્વપ્નમાં પણ

એવી ભૂલ ન પડે, જાગતા તો ભૂલ પડવાનો પ્રશ્ન નથી, કહે છે સ્વપ્નમાં એવી ભૂલ ન પડે. કેવી અદ્‌ભુતદશા છે !

**'દિવસે જાગતાં તો જ્ઞાયક નિરાળો રહે...'** ઈ તો એમ કહે કે સ્વભાવિક છે **'પણ રાત્રે ઊંઘમાં પણ આત્મા નિરાળો** જ **રહે છે.'** ઠીક ! ઊંઘમાં કાંઈ એવી સાવધાની નથી. ઉપયોગની સાવધાની ઊંઘમાં રહેતી નથી. ઘણાને તો પરિણતિ બગડેલી હોય છે તો ઊંઘમાં બડબડ બડબડ થયા કરે છે. એ માનસિક સ્થિતિ બગડેલી છે એમ બતાવે છે. અહીંયાં તો કહે છે કે ઊંઘમાં પણ આત્મા નિરાળો રહે છે. જાગે ત્યારે એને ખબર પડે છે કે ઊંઘમાં પણ હું નિરાળો જ રહ્યો હતો. આ હું દેહવાળો છું અને મને ઊંઘ આવી છે એમ ઊંઘમાં ન હતું, ઠીક ! શું ચૈતન્યની જાગૃતિ છે ! એ ઘણા ઊંડા ઊતરીને લક્ષમાં લેવા જેવો વિષય છે.

પોતે અત્યારે ઊંઘી જાય તો એને એમ લાગે કે મને ઊંઘ આવી ગઈ. મને ઊંઘ આવી ગઈ ત્યારે મને કાંઈ ખબર નહોતી કે, હું હતો કે હું નહોતો. અહીંયાં એમ કહે છે કે ઊંઘમાં પણ હું જુદો હતો એ બરાબર. પરિણમનમાં એમ જ રહ્યું છે કે, ઊંઘમાં પણ હું દેહથી જુદો જ છું. એકલો શુદ્ધ ચૈતન્ય, એ શુદ્ધ ચૈતન્યસ્વરૂપે જ રહ્યો છું, ભિન્ન જ રહ્યો (છું). ઘણાને એવું બને છે (કે), કોઈ વિષય બહુ ઘૂંટાઈ ગયો હોય તો એમ કહે કે ઊંઘમાં આજે એમ જ ચાલ્યા કર્યું. ઊંઘમાં ઈ જ ચાલતું હતું, ઈ જ ઘૂંટાતું હતું એમ નથી કહેતા ? કોઈ વિષયમાં તીવ્ર પરિણામ લાગ્યા રહે તો ઊંઘમાં (પણ એ જ ચાલ્યા કરે). અહીંયાં તો જાગૃતિનો વિષય છે.

કેટલાક બોલ એવા છે કે (જેમાં) એમણે જ્ઞાનદશાને વ્યક્ત કરી છે એમાં પોતાની દશા હોય તો જ એવી કેટલીક વાતો વ્યક્ત થઈ શકે નહીંતર વ્યક્ત થઈ શકે નહીં, એ સ્પષ્ટ આમાંથી સમજાય એવો વિષય છે.

અહીંયાં ૧૧૪માં બોલમાં સ્વરૂપ મહિમા કરે છે કે, સ્વરૂપનો મહિમા એવો ઘર કરી જાય છે. ઓળખાણથી માંડીને પછી સ્વાનુભવની જે દશા આગળ વધે છે એમાં એ મહિમા કોઈ રીતે ખસતો નથી અને એ મહિમાનું સ્થાન જગતનો

કોઈ પદાર્થ લઈ શકતો નથી. એ મહિમાને બધી ઉપમા આપે છે, અનેક પ્રકારની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપમાઓ આપવા છતાં સરવાળે એમ કહે છે, એમ કહેવું પડે છે કે, આ કાંઈ મહિમાનું પૂરું પડતું નથી.

'ગુરુદેવશ્રી' ૪૭ શક્તિનું વર્ણન કરતા. એક એક શક્તિમાં કોઈવાર બે દિવસ વ્યાખ્યાન ચાલે તોપણ જાણે કહેવાનું અધૂરું રહી જાય છે એમ લાગ્યા કરે. એમ કહે કે, આ કલાકે, બે કલાકે પૂરો થાય એવો વિષય નથી. કેમકે એ સામર્થ્ય અને સ્વરૂપના મહિમામાં ડૂબેલા છે તો એનો સાદિ અનંતકાળ એમાં જાય છે. પછી તો સ્વરૂપ મહિમામાં સાદિ અનંતકાળ પરિણામ ચાલ્યા જ કરે છે. છતાં ક્યારેય પણ એમાં થાક લાગવાનો પ્રશ્ન નથી કે એમાં એ વાત પૂરી થવાનો પ્રશ્ન નથી.

આમાં તો ઘણા બોલ લીધા છે – આશ્ચર્યકારી છે, અદ્દ્ભુત છે. એમાંથી બહાર નીકળવું ગમતું નથી એ તો મુનિદશામાં લઈ લીધું. ચક્રવર્તી હોય, છ ખંડનું રાજ હોય, પાંચ ઇન્દ્રિયના વિષયની કોઈ ખામી ન હોય, ક્ષતિ ન હોય એને પણ જંગલમાં જઈને મુનિદશામાં સ્વરૂપ સાધવાનો જે પ્રકાર ઉત્પન્ન થયો, 'ભરત' ચક્રવર્તી લ્યો ! તો એ ચક્રવર્તીની રિદ્ધિ-સિદ્ધિથી પણ એણે ઉત્કૃષ્ટ એવું આત્મદ્રવ્ય કેટલું ઉત્કૃષ્ટ જોયું હશે ? કે આ તો કાંઈ નથી એમ સડેલા તરણાની જેમ મૂકી દીધું. જેમ કોઈ સડેલું તરણું મૂકે તો એને કાંઈ એમ લાગતું નથી કે મેં આ ત્યાગ કર્યો. એમ છ ખંડનો મેં ત્યાગ કર્યો એવું કાંઈ એને લાગતું નથી. ત્યાગ કર્યો છતાં એ ત્યાગની કાંઈ મહત્તા આવતી નથી. એટલી સ્વરૂપની મહત્તા હોય છે.

ઇન્દ્રો પોતાના વૈભવને દુઃખનું નિમિત્ત સમજે છે. ઇન્દ્રો પોતાના – ઇન્દ્રના વૈભવને દુઃખનું નિમિત્ત સમજે છે. ચક્રવર્તીને મનુષ્યોના ઇન્દ્ર – નરેન્દ્ર કહેવામાં આવે છે. કેમકે એથી ઊંચું પુણ્ય બીજા કોઈને હોતું નથી અને દેવોના ઉત્કૃષ્ટ પુણ્યવાળાને દેવેન્દ્ર અથવા ઇન્દ્ર કહેવામાં આવે છે. નરેન્દ્ર અને દેવેન્દ્ર – એ બન્નેને સુખનું નહીં દુઃખનું નિમિત્ત સમજે છે. જગતમાં બધા એને સુખી ગણે છે. આ કહે છે કે, અમારા જ્ઞાનમાં એ દુઃખના ખાતામાં ખતવવા પડે એવા

પદાર્થો છે. એના લક્ષે દુઃખ થાય છે. સુખ તો એક અમારા આત્મા પ્રત્યે જતા જ અમને થાય છે. એટલે એ બધું દુઃખનું નિમિત્ત જાણીને એનાથી દૂર રહેવાનું એ ચાહે છે.

મુમુક્ષુ :- એવો ચૈતન્ય મહાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવો ચૈતન્ય મહાન છે કે જેની મહાનતા ક્યાંય પૂરી પડતી નથી. અંદરમાં એવો પોતે જ છે. ચૈતન્યનો હીરો છે, દેહની ડાબલીમાં ચૈતન્યનો હીરો છે. જે એને ઓળખે છે, જાણે છે એ ચૈતન્યદેવ, સર્વોત્કૃષ્ટ દેવ એમ લીધું છે. જિનેન્દ્રદેવ એમ ચૈતન્યદેવ, નિજ ચૈતન્ય - નિજ જિનદેવ, એને જ જોયા કરે અને પરિણામ એનું જ ભજન ભજ્યા કરે. જેમ ભગવાનનું ભજન કરે છે ને ? (તેમ) નિજ ભગવાનનું ભજન એ ભજ્યા કરે, પરિણમનમાં થયા કરે. એવું એ મહિમાવંત તત્ત્વ છે !

પ્રશ્ન :- ચૈતન્યદેવનો પ્રેમ એ રાગ નહીં તો શું છે ?

સમાધાન :- રાગ નહીં એનો મહિમા. સર્વ ગુણોમાં એનો મહિમા. જ્ઞાનમાં એનો મહિમા, ઉપાસનામાં, આચરણમાં એનો મહિમા એ ખરો મહિમા છે. રાગનો મહિમા એ ખરો મહિમા નથી. રાગ તો વચ્ચે વીતરાગી તત્ત્વની સાથે વિસંગત ભાવ છે. રાગ તો - વિકલ્પ તો નિર્વિકલ્પ અને વીતરાગી સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ પાસે એની સુસંગતતા થતી નથી, એને મેળ ખાતો નથી. માણસ નથી કહેતા ? કે, જો કોઈ માણસો સારા ઉચ્ચકોટિના ભેગા થાય એમાં કોઈ નીચીકોટિનો માણસ આવી જાય તો એમ કહે કે આને ક્યાં આવવા દીધો ? આને ક્યાં લાવ્યા ? અને આને કોણ લાવ્યું અહીંયાં ? અહીંયાં આનું શું કામ છે ? એમ નથી કહેતા ? કે ભાઈ ! આ સ્થાનમાં કાંઈ આનું કામ નથી. એમ ચૈતન્યની પાસે રાગનું કામ નથી. પૂર્ણ વીતરાગી પરમેશ્વરતત્ત્વ છે એની પાસે રાગ અને વિકલ્પનું કોઈ કામ નથી. એને ને એને મેળ ખાય એવું નથી, વિરુદ્ધ જાતિ છે.

પ્રશ્ન :- જ્ઞાન કામ કરતું હશે ?

સમાધાન :- જ્ઞાન, આચરણ અને રુચિ (બધું છે). સર્વ પ્રકારે ઉપાદેયરૂપ એક પોતાનું પરમેશ્વરતત્ત્વ છે એવી નિર્વિકલ્પ રુચિ, એની જ ઉપાસના ઉપાસવા

યોગ્ય છે. નિર્વિકલ્પ રસ પીતા એને ઉપાસે, એની જ ઉપાસના અને એના જ વેદનમાં પડેલું જે જ્ઞાન એ એનો મહિમા છે. એ ખરેખર ગુણથી મહિમા (થાય છે), ગુણના પરિણામ પોતે જ મહિમા કરે છે, પોતે જ પોતાનો મહિમા કરે છે. રાગને ક્યાં મેળ છે એની સાથે ? આ સ્વરૂપ મહિમા (આવે) એ સર્વ શાસ્ત્રોના કહેવાનું તાત્પર્ય છે. (આ) એક જ વાત કરવી છે. એક વાત કરવી છે અથવા ઘણી વાત કરવી છે તો આ સ્વરૂપ મહિમાની કરવી છે અને બીજી એને કહેવા માટે કરવી છે, એ જ કહેવા માટે બીજી વાત (કરવી છે). બીજી વાત આવે તો છે પણ એ આ જ કહેવા માટે આવે છે. બીજું કહેવા માટે બીજી વાત નથી પણ આ કહેવા માટે બીજી વાત હોય છે.

પ્રશ્ન :– કથાનુયોગ – પ્રથમાનુયોગ છે એમાં ?

સમાધાન :– એ કથાનુયોગમાં પણ જે પુરાણપુરુષો છે એણે પોતાના સ્વરૂપનો મહિમા કેવી રીતે કર્યો એ વાત મુખ્ય છે એની અંદર, એ જ વાત એની અંદર મુખ્ય છે. એમના સ્વરૂપ આચરણ કેવા હતા ? બહારમાં સંયોગોના અનેક પ્રકાર ઊભા થયા છતાં પોતાની શ્રદ્ધા છોડી નથી, પોતાનો ધર્મ છોડ્યો નથી, જ્ઞાન છૂટ્યું નથી, ધ્યાન છૂટ્યું નથી એ બતાવવા માટે તો કથાનુયોગ છે.

'લક્ષ્મણજી'નો દેહ છ મહિના 'રામચંદ્રજી'એ ખભે ઉપાડીને ફરવા છતાં એમણે સ્વરૂપશ્રદ્ધાન છોડ્યું નથી. (પોતે) ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ છે. એવી જ રીતે જંગલમાં 'શ્રીકૃષ્ણ'નો દેહ ઉપાડીને 'બળદેવ' ફરે છે. જંગલની અંદર પાગલ માણસની જેમ ફરતા દેખાય ! ખભે 'શ્રીકૃષ્ણ'નો દેહ છે. 'મારો ભાઈ મરે નહીં' એક ધૂન લાગી ગઈ છે.

પ્રશ્ન :– જ્ઞાનીને આવો ખ્યાલ નહીં આવતો હોય ?

સમાધાન :– બધો ખ્યાલ છે, અંદરમાં જાગૃત છે – ચેતનની અંદર જાગૃત છે. એ વખતે ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ છે. એ તો વિકલ્પની દશા – સ્થિતિ બતાવે છે, પણ એ વિકલ્પની સાથે એકાકાર થયા નથી. છતાં એ વિકલ્પની સાથે એકાકાર થયા નથી ! આવી જાય છે, કરવો નથી પણ (આવી જાય છે). એવો રાગ કરવો નથી, આવી જાય છે એટલી વાત છે અને એનો નિષેધ પણ એમને આવ્યા

વિના રહેતો નથી. એ જ વખતે એનો નિષેધ વર્તે છે પણ પરવશપણે પોતાની કમજોરીને લઈને એ ઊભો થાય છે અને એમાં છ છ મહિના જેવો કાળ ચાલ્યો જાય છે. એમ છે. હવે કોને જોવું ? એ રાગને જોવો ? કે એ વખતના ભેદજ્ઞાનને અને શ્રદ્ધાનને જોવું ? આમ છે. જેની દૃષ્ટિ રાગ ઉપર છે એ રાગને જોવે છે, જેની દૃષ્ટિ આત્મા અને આત્માની સાધના ઉપર છે એ તે વખતની સાધનાને જોવે છે. આમ છે.

ઓ..હો...! આવો ઝંઝાવાત છે ચારિત્રમોહનો તોપણ (સમ્યગ્દર્શન) એને મચક આપતું નથી અને એ ચારિત્રમોહને લઈને (સમ્યગ્દર્શનમાં) હાનિ થતી નથી. એવું સ્થિર અને મજબૂત પરિણમન છે. એ આશ્ચર્યકારી પરિણમન છે. એ કેમ એમ થઈ રહ્યું છે ? એ વિચારવા યોગ્ય, ઊંડા ઊતરીને વિચારવા યોગ્ય વિષય છે કે આવું કેમ થઈ શકતું હશે ? અહીંયાં પોતાને અનુકૂળતાની થોડીક રસની વાત આવે, પ્રતિકૂળતાની (વાત આવે) તો આખેઆખો હલી જાય છે જ્યારે આવા મોટા ઝંઝાવાત જેવા પ્રસંગોની અંદર પણ અંદરથી હલતા નથી તો એવું તો કઈ રીતે કામ કરી લીધું હશે ? આ વિષય આ જગ્યાએ ઊંડા ઊતરવાનો થઈ જાય છે.

મુમુક્ષુ :- એ વખતે જ્ઞાનીને નિષેધનો ભાવ આવે છે તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :- એવો જ કોઈ બળદેવ-વાસુદેવને ભાઈઓ પ્રત્યેનો અરસપરસનો રાગ હોય છે, તીવ્ર રાગ હોય છે. અત્યારે તો શું છે કે ભાઈઓ ભાઈઓને મેળ હોતો નથી એટલે એની કલ્પના - રાગની કલ્પના થાવી પણ મુશ્કેલ છે !

પ્રશ્ન :- આવો કોઈ નિયમ ખરો ? બળદેવ-વાસુદેવને આવો રાગ હોય એવો નિયમ ખરો ?

સમાધાન :- હા, એવો જ છે. પણ એ કાળની અંદર એવું હોય છે. અત્યારે એની કલ્પના થવી મુશ્કેલ છે. કેમકે આખા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એટલા ફરેલા છે કે આવું હોય કે કેમ ? (એમ થાય). આ વૈષ્ણવ લોકોએ 'રામાયણ' બનાવી છે તો 'કૈકેયી'ને એવી ચીતરી છે કે એને 'રામ' ઉપર અંદરખાને બહુ દ્વેષ હતો

અને એને 'રામ'ને વનમાં મોકલી દેવા હતા. એ રઘુકુળમાં અને 'દશરથ' રાજાના કુટુંબમાં એ પરિસ્થિતિ જ નહોતી. જૈન રામાયણમાં એ રીતે એ વિષય નથી આવતો. ('કૈકેયી') પહેલા તો 'દશરથ' પાસે 'રામ'ની બહુ પ્રશંસા કરે છે કે તમે ભાગ્યશાળી છો કે 'શ્રીરામ' જેવા તમારે પુત્ર છે. પણ એને શું હતું કે પોતાને મરવું પડે એવું હતું.. જો 'ભરત' દીક્ષા લે તો એને પોતાને એના પુત્ર પ્રત્યે એટલો અનુરાગ હતો કે એના પ્રાણ છૂટી જાય. એ એને ખબર હતી. એટલે કોઈપણ રીતે 'ભરત'ને રાજકાર્યમાં ફસાવવો એના માટે એણે એટલી જ માગણી કરી હતી. ચૌદ વર્ષના વનવાસની માગણી 'કૈકેયી' કરે નહીં અને એ પરિસ્થિતિ એના કુટુંબમાં હતી પણ નહીં. એ કુટુંબપ્રેમ એટલો (હતો), બહુ આદર્શ ત્યાં હોય છે.

'રામચંદ્રજી'એ તો સ્વયં વનવાસ લીધેલો છે. જો પોતે 'અયોધ્યા'માં રહે તો 'ભરત' રાજકાજમાં રહે નહીં. સીધી વાત છે. એટલે પોતે ગુપ્તવાસ માટે વનવાસ પસંદ કરેલો છે, કેમકે શહેરમાં તો ગુપ્ત રહેવાય નહીં. 'રામચંદ્રજી' હોય ને ગુપ્તપણે ક્યા ગામમાં રહે ? એટલે એમણે પોતે ગુપ્તવાસ સેવવા માટે વનમાં રહ્યાં છે. પણ એ અત્યારના કાળમાં રામાયણ બનાવે તો એવી જ બનાવે, શું કરે ઈ ? કથા તો પૂરી કાંઈ ખબર હોય નહીં. આ તો આચાર્યોએ લખેલી કથા છે. ('પદ્મપુરાણ') 'રવિષેણાચાર્ય'નું લખેલું છે.

એટલે એ કાળમાં પરિણામોની બહારની સ્થિતિ પણ જુદી અને અંદરની સ્થિતિ પણ જુદી હતી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર જીવોના પરિણામ ફરી જાય છે એટલે આટલી જ દુનિયા છે એમ એને લાગે છે. આવું જ જગત હોય એમ લાગે છે. પણ એવું નથી ખરેખર. એમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અનુસાર જુદાં જુદાં પ્રકાર હોય છે અને એ પુરાણોથી સમજવા મળે છે.

પ્રશ્ન :- સમ્યક્દૃષ્ટિ આત્માને જે ઉદય આવે છે એ બધા ખરવા માટે આવે છે ને ?

સમાધાન :- ખરવા માટે આવે છે. જૂના કર્મ અજ્ઞાનભાવે બાંધેલા છે એ દેણું કર્યું છે, ઈ ઉદય આવે છે ત્યારે ચૂકવી દ્યે છે. ઉદય આવે ત્યારે પુરુષાર્થમાં

રહે છે, સમભાવમાં રહે છે, સ્વરૂપની સાવધાની છોડતા નથી એટલે જૂનો હિસાબ છે એ સાફ થઈ જાય છે. એમ જ છે. બીજાને પૂર્વકર્મનો ઉદય કહેવાય છે એમને નિર્જરાનો પ્રસંગ કહેવાય છે. ઉદયનો પ્રસંગ કહેવાતો નથી પણ નિર્જરાનો પ્રસંગ ગણવામાં આવે છે. ગણતરી જ જુદી મૂકાય છે અને એ ન્યાયસંપન્ન છે. નિર્જરા થઈ રહી છે માટે એને નિર્જરા કહેવાય છે. બંધાય છે એને ઉદય કહેવાય છે, એમ છે.

**ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા – સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાન્તિ ઉત્પન્ન થશે. ૧૧૫.**

૧૧૫. '**ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા – સમરસતા થતી નથી.**' હવે આત્મામાં ને આત્મામાં મહિમાનો વિષય જે અનંત ગુણો છે તે અનંત ગુણોનું અભેદ રૂપ પણ છે અને અનંત ગુણોનું – પ્રત્યેક ગુણોનું જુદું જુદું એવું ભેદ રૂપ પણ છે. આત્મામાં આત્મા પોતે અનંત ગુણોનું અભેદ એકરૂપ પણ છે અને આત્માની અંદર જુદાં જુદાં ગુણોનું – પ્રત્યેક ગુણોનું ભેદ સ્વરૂપ પણ છે. બન્ને હોવા છતાં ભેદ ઉપર જેની દૃષ્ટિ જાય છે અને ભેદ ઉપર જ્યાં સુધી દૃષ્ટિ રહે છે ત્યાં એ વિકલ્પની ઉત્પત્તિનું કારણ થાય છે, એ રાગની ઉત્પત્તિનું કારણ થાય છે.

અહીંયાં તો શું લેવું છે ? કે નિર્વિકલ્પ એવું જે આત્મતત્ત્વ છે એને વિકલ્પ સાથે મેળ નથી, એને અવસ્થામાં પણ નિર્વિકલ્પતા સાથે મેળ છે. અથવા પોતાની ઉપાસનામાં પોતે એકાકાર થાય, અભેદ એકાકાર થાય એ એની ખરી ઉપાસના છે – સાચી ઉપાસના છે. રાગથી–વિકલ્પથી દૂર રહીને આવો છું ને આવો

છું ને આવો છું એમ વિકલ્પ થયા કરે એ એની ખરી ઉપાસના નથી.

અહીંયાં એક સ્પષ્ટીકરણ એ છે કે આત્મામાં ને આત્મામાં રહેલાં ગુણોના ભેદ ઉપર જ્યાં સુધી દૃષ્ટિ રહે છે ત્યાં સુધી વિકલ્પની (ઉત્પત્તિ થાય છે). દૃષ્ટિ રહે છે એટલે એની મુખ્યતા – ભેદની મુખ્યતા થાય છે. રાગાંશને – વિકલ્પાંશને ઉત્પન્ન થવાનું કારણ બને છે. (કોઈ એમ પૂછે કે) ભેદ તો છે ને ? કે ભેદ છે પણ એ મુખ્ય કરવાનો વિષય નથી. ભેદ જ્ઞાનમાં જણાવું એક વાત છે અને મુખ્ય થવું એ એક બીજી વાત છે. આ વાત સમજાવી જોઈએ. નહીંતર તો તર્ક કરવાવાળા એમ તર્ક કરે છે કે અંદર ભેદ છે અને ભેદનું જ્ઞાન કરે એ તો યોગ્ય જ છે, એનાથી અવગુણ કેમ થાય ? વિકલ્પ છે એ તો અવગુણ છે, ગુણ નથી. તો (કહે છે), જ્ઞાનમાં જાણવું એક વાત છે અને મુખ્ય થવું એ બીજી વાત છે.

જ્ઞાનમાં જાણવાના બે પ્રકાર છે મુખ્યપણે અને ગૌણપણે. હવે એક જ સ્થાનમાં ગુણો છે ત્યાં ગુણોનું અભેદ સ્વરૂપ પણ છે અને ગુણોનું ભેદ સ્વરૂપ પણ છે. અભેદ સ્વરૂપ જ્ઞાનમાં મુખ્ય રાખવા યોગ્ય છે અને જ્ઞાનમાં ભેદોનું જ્ઞાન ગૌણ રાખવા યોગ્ય છે. આ વાત જો સમજાય તો એને પોતાને આરાધના અને સાધના સુગમ પ્રકારે થઈ શકે. નહીંતર ગુણભેદ છૂટે નહીં. કેમકે અનાદિથી જીવની બુદ્ધિ, જીવનું પરિણમન ભેદવાસિત પરિણતિ છે એટલે ભેદને અજાણે પણ મુખ્ય કરી જાય એવી સહજ સ્થિતિ છે. ત્યાં પ્રયત્ન કરીને – પુરુષાર્થ કરીને એણે ભેદને ગૌણ કરવાનો છે. એ પુરુષાર્થ માગે એવો વિષય છે. કેમકે ભેદમાં તો ઊભો છે, એની ભેદવાસિત બુદ્ધિ છે તો એને પુરુષાર્થથી એ વિષયને – એ પરિણતિને બદલીને અભેદ પરિણતિમાં આવે ત્યારે એને નિર્વિકલ્પતા અને સમરસતા ઉત્પન્ન થાય અને ત્યારે એને પોતાની નિર્વિકલ્પ શાંતિ અને સમરસ સ્વભાવની શાંતિ અનુભવમાં આવે. આવા વિષય ઉપર બહુ સૂક્ષ્મ પ્રકારે સ્પષ્ટીકરણ આ શાસ્ત્રમાં આવ્યું છે. ઘણા જુદાં જુદાં હજી બોલ આવશે પણ એ ઉપરથી સરખા લાગે પણ બહુ સૂક્ષ્મ રીતે એના પડખાં સ્પષ્ટ થયા છે.

મુમુક્ષુ :– ગુણસમૃદ્ધિ તો પોતાની જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ગુણસમૃદ્ધિ પોતાની જ છે પણ ગુણ ભેદસ્વરૂપે અને અભેદસ્વરૂપે એમ બન્ને સ્વરૂપ ધારણ કરીને રહેલા છે. દ્રવ્યસ્વભાવે તે જ ગુણો દ્રવ્યથી અભેદતાનું સ્વરૂપ ધારણ કરીને રહેલા છે. એ એનું સ્વરૂપ છે. અને પ્રત્યેક ગુણ – પ્રત્યેક શક્તિ જુદી જુદી હોવાથી એનું પોતાનું જુદું સ્વરૂપ પણ છે. એટલે જ્ઞાનશક્તિ છે એ અસ્તિત્વ શક્તિરૂપે નથી જ. અસ્તિત્વશક્તિ જ્ઞાનશક્તિરૂપે નથી. પણ એ બન્ને સ્વરૂપ હોવા છતાં એનું અભેદ સ્વરૂપ મુખ્ય કરવા યોગ્ય છે અને એનું ભેદ સ્વરૂપ છે એ ગૌણ કરવા યોગ્ય છે. જાણવું બન્નેનું થાય. છદ્મસ્થની મુખ્ય-ગૌણવાળી દશા હોવાને લીધે અથવા છદ્મસ્થની દશામાં મુખ્યપણું અને ગૌણપણું ઉત્પન્ન થવું અનિવાર્ય છે, થાય જ થાય. દરેક છદ્મસ્થને જે કાંઈ જાણે એમાં અમુક મુખ્ય રહે અને અમુક ગૌણ થાય, અમુક મુખ્ય રહે અને અમુક ગૌણ થાય, થાય જ થાય. મુખ્ય-ગૌણપણું એ એની દશાની અનિવાર્ય સ્થિતિ છે. એ સ્થિતિમાં જ્યાં છદ્મસ્થ ઊભો છે ત્યાં એને શું મુખ્ય કરવું ? કે, એણે ભેદોને ગૌણ કરવા અને અભેદતત્ત્વને મુખ્ય કરવું.

જેવી રીતે જ્ઞાન છે, તો સ્વપરપ્રકાશકપણું હોવાને લીધે જ્ઞાનમાં જ્ઞેયાકારો પણ પ્રતિબિંબિત છે અને પોતાનું નિજજ્ઞેય પણ અભેદ નિજજ્ઞેય પણ જ્ઞેય થાય છે. સ્વજ્ઞેય પણ જ્ઞાનમાં જ્ઞેય છે અને ટૂંકામાં પરજ્ઞેય પણ જ્ઞાનમાં જ્ઞેય થાય છે. તો પર જ્ઞેય જ્ઞાનમાં જ્ઞેય થાય છે તે ગૌણ કરવા લાયક છે અને સ્વજ્ઞેય જ્ઞાનમાં જ્ઞેય છે તે મુખ્ય કરવા લાયક છે. જ્ઞાનમાં તો બન્ને જ્ઞેય થાય છે. એક જ્ઞાનની પર્યાયમાં બન્ને જ્ઞેય થાય છે. એક કાળે સ્વપ્રકાશક અને પરપ્રકાશક એની શક્તિ હોવાને લીધે. પણ છદ્મસ્થની દશા જ મુખ્ય-ગૌણપણે પરિણમિત થવાની છે તો એને શું મુખ્ય કરવાથી એને પોતાને અનુકૂળ છે અથવા શાંતિનું કારણ છે, સુખનું કારણ છે ને શું ગૌણ કરવાથી એને શાંતિ, સુખનું કારણ છે એ સમજીને એને મુખ્ય-ગૌણ થવું જોઈએ. મુખ્ય-ગૌણ તો થશે જ, નહીંતર ઊલટું થશે. જો આ પ્રકારે સ્વને અને અભેદતાને મુખ્ય કરવામાં નહીં આવે તો પર અને ભેદ મુખ્ય થયા વિના રહેશે નહીં. કેમકે મુખ્ય-ગૌણ તો એની પરિણતિ છે. તો ઊલટું તો અનાદિથી મુખ્ય થઈ જ રહ્યું છે અને અભેદ આત્મા ગૌણ

થઈ જ રહ્યો છે. હવે આખી પરિસ્થિતિ એને બદલવાની છે.

પ્રશ્ન :- અભેદને મુખ્ય કરવામાં શું કરવું ?

સમાધાન :- એનું અભેદ સ્વરૂપ છે. અભેદને અભેદપણે (ગ્રહણ કરે). હું અભેદ છું એમ મુખ્ય થવું જોઈએ, એમ મુખ્ય રહેવું જોઈએ, પરિણમનમાં એની મુખ્યતા થવી જોઈએ, એમ.

જેમકે અવસ્થામાં દોષ પણ છે અને દ્રવ્ય સ્વરૂપે કરીને એ પરિપૂર્ણ નિર્દોષ છે તો બન્ને જ્ઞાનમાં આવશે. દોષ અવસ્થામાં થાય છે એટલે નહીં જણાય એવું બનશે નહીં અને સ્વજ્ઞેય જ્ઞાનમાં આવશે તો મુખ્ય પોતાનું સ્વરૂપ થવું જોઈએ. દોષ પોતાનું સ્વરૂપ નથી એટલે એ ગૌણ રહેવું જોઈએ. એ મુખ્ય-ગૌણનો જે વિષય છે એ એ રીતે ઠીક ઠીક વિસ્તારવાળો છે, સારા એવા વિસ્તારવાળો છે. પોતાને સાધનામાં – આરાધનામાં શું અનુકૂળતા છે એના ભિન્ન ભિન્ન પડખાંથી અનેક બોલ આમાં આવે છે.

(વિશેષ લઈશું)...

**જેમ ખોવાયેલો હીરો, ચમક (પર્યાય) પરથી મળી જાય છે, જડે છે.**

**જેમ અંધ મનુષ્ય ગળપણના સ્વાદથી (પર્યાયથી) સાકર-દ્રવ્યને ગ્રહણ કરે છે, તેમ જ્ઞાન (પર્યાય) થી, જ્ઞાન સ્વભાવી દ્રવ્યને ગ્રહણ કરવામાં આવે છે. ઉપરના દ્રષ્ટાંતે વ્યવહારમાં / પ્રયોગમાં, પર્યાય દ્વારા જે તે પદાર્થનું ગ્રહણ કરવામાં આવે છે, તેમજ પ્રયોગ પદ્ધતિમાં જ્ઞાન વેદન દ્વારા જ્ઞાયક (ત્રિકાળી)નું ગ્રહણ કરવામાં આવે છે. – આ વિધિ વિષયક પ્રયોગનો સિદ્ધાંત છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – (૭૯૮)

## તા. ૧૭-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૧૫, ૧૧૬
## પ્રવચન નં. ૯૦

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૭. ૧૧૫(મો) બોલ ચાલે છે. વિકલ્પ ઉત્પન્ન થવાનું કારણ (અને) આત્માને નિર્વિકલ્પતા થવાનું કારણ (શું છે) એની ચર્ચા કરી છે. આત્મપદાર્થને વિશે અથવા પોતામાં ને પોતામાં ભેદ ઉપર દૃષ્ટિ કરતા વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, એમ લેવું છે.

અહીં સુધી એ વાત સંમત છે કે નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ છે અને જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધિ ન થાય ત્યાં સુધી જીવને શાંતિ ઉત્પન્ન થતી નથી. અનાદિથી એક ક્ષણ પણ પોતાના નિર્વિકલ્પ સ્વરૂપને વિશે નિર્વિકલ્પભાવે સ્થિર થયો નથી કે સમાધિભાવે પ્રાપ્ત થયો નથી અને તેથી આ જીવને અનાદિથી અશાંતિ જ રહી છે, જરાપણ એણે શાંતિનો અનુભવ કર્યો નથી. એટલી વાત સ્વીકારીને (પછી આ વાત છે). એ વિષયમાં એ પહેલાંના ન્યાયોમાં પણ જેને માનસિક ડખલ, સમજણની ડખલ ઉત્પન્ન થાય એ તો વિવાદાસ્પદ વિષય (પણ નથી). વિવાદ કરવા જેવો પણ નથી, એની ચર્ચા કરવા જેવી નથી. પણ જેણે આત્માનું સ્વરૂપ પ્રમાણના વિષયભૂત ભેદાભેદ સ્વરૂપ જાણ્યું, સમજાયું, ખ્યાલમાં આવ્યું કે પદાર્થ ભેદાભેદ સ્વરૂપ છે. એને એક વિશેષ વાત (કહે) છે કે ભલે પ્રમાણજ્ઞાનનો વિષય ગુણભેદ, પર્યાયભેદ હોઈ શકે છે તોપણ **'ગુણભેદ પર દૃષ્ટિ કરતા વિકલ્પ જ ઉત્પન્ન થાય છે,...'** પ્રમાણથી બરાબર સ્વીકારે ત્યાં સુધી આવી જાય પછી આગળની વાત છે. એ પહેલાંના વિષયમાં એને પદાર્થનું સ્વરૂપ સ્વીકારવાનું ન

બને તો દર્શનમોહવશ એ વસ્તુની વ્યવસ્થાને પદાર્થના બંધારણને સ્વીકારતો નથી. પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદથી વસ્તુને સ્વીકારે પછી એક આગળની વાત અહીં છે કે, ગુણભેદ છે એ જ્ઞાનમાં જણાય તો ગૌણ કરવાનો વિષય છે. ગુણભેદ અને પર્યાયભેદ એ મુખ્ય કરવાનો વિષય નથી.

કાલે એ વાત ચાલી હતી કે છદ્મસ્થ જીવને પરિણમનમાં – જ્ઞાનના પરિણમનમાં અનેક પદાર્થોનું જાણવું થાય છે. તેમાં કેટલાક જ્ઞેયો મુખ્ય થાય છે, કેટલાક જ્ઞેયો ગૌણ થાય છે. આવી મુખ્ય-ગૌણપણે જાણવાના પરિણમનની સ્થિતિ સહજ અને અનિવાર્ય છે, હોય જ છે બધાને. હવે અહીંયાં આત્મામાં ને આત્મામાં પરસ્પર બે વિરુદ્ધ વિષય જ્યારે જણાય છે – નિત્ય પણ જણાય છે અને અનિત્ય પણ જણાય છે, શુદ્ધતા પણ જણાય છે અને અશુદ્ધપણું પણ જણાય છે, એકપણું પણ જણાય છે અનેકપણું પણ જણાય છે, ભેદપણું જણાય છે, અભેદપણું જણાય છે ત્યારે બન્ને વિરુદ્ધ વિષય મુખ્ય થઈ શકે એવું તો બને નહીં. જોકે ભેદવાસિત બુદ્ધિમાં ઊભેલો જીવ અનાદિથી ભેદને જ મુખ્ય કરતો પરિણમી રહ્યો છે પણ તેનાથી તો તેને કાંઈ લાભ થયો કે શાંતિ થઈ, સુખ થયું એવું બન્યું નથી.

અહીંયાં તો સ્પષ્ટ શાંતિની વિધિ બતાવતા એમ કહે છે કે, નિર્વિકલ્પતા અને સમરસતા (પ્રગટ કરવી હોય તો) **'એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર;...'** (તો) તેમાં પ્રગટ થશે. **'તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે.'** વસ્તુનું સ્વરૂપ નિશ્ચયનયના વિષય સ્વરૂપે એટલે ખરેખર મૂળ સ્વરૂપે, નિશ્ચયનયના વિષય સ્વરૂપે એટલે ખરેખર મૂળ સ્વરૂપે નિર્વિકલ્પ છે અને એ નિર્વિકલ્પ સ્વરૂપને અવલંબવાનું પણ નિર્વિકલ્પભાવે થાય છે. સવિકલ્પભાવે એનું અવલંબન આવતું નથી, અવલંબન એનું થતું નથી. એટલે એક ચૈતન્યને સામાન્યપણે અથવા ગુણભેદને છોડીને એનું સામાન્ય સ્વરૂપ છે એ સ્વરૂપપણે એને ગ્રહણ કરતા, ગ્રહણ કરનાર અવસ્થા તદાકાર – તે આકારે ઉત્પન્ન થાય છે ત્યારે એને નિર્વિકલ્પતા અને શાંત દશા ઉત્પન્ન થાય છે, સમભાવની દશા ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી વિકલ્પ અને ગુણભેદ ઉપર દૃષ્ટિ રહે છે ત્યાં સુધી અવસ્થામાં વિષમભાવ ચાલુ રહે છે, વિષમતા

ચાલુ રહે છે. આ બોલની અંદર આ વિધિનો વિષય સ્પષ્ટ કર્યો છે.

સ્વરૂપ-શાંતિ પ્રગટ કરવી હોય તો સ્વરૂપમાં અને સ્વરૂપમાં રહેલા ગુણભેદને પણ ગૌણ કરવા જોઈએ, ગૌણ થવા જોઈએ. ગુણભેદનું જ્ઞાન થાય અને ગૌણ થાય એ સાચી વિધિ છે. ગુણભેદનું જ્ઞાન જ ન થાય એમ અહીંયાં નથી કહેવું. વેદાંતવાળાની જેમ કોઈને ગુણભેદનું જ્ઞાન નહીં થાય અને સીધું અભેદનું જ્ઞાન થઈ જશે, કેમકે એ તો નિર્ગુણ સ્વરૂપ છે, આત્મપદાર્થ પરમ બ્રહ્મ નિર્ગુણ સ્વરૂપ છે એમ જ કહે છે. કોઈ ગુણ જ એનામાં નથી – એમ પણ નથી. એક કોરથી ગુણને જાણવાનું ચોક્કસપણે બને છે એમ કહેવામાં આવે છે અને સાથે સાથે જ એમ કહેવામાં આવે છે કે એનું અવલંબન થાય તો શાંતિ થાય નહીં, અશાંતિ મટે નહીં. આ બન્ને વાત એકસાથે છે.

જેમ 'ગુરુદેવશ્રી' કહેતા કે નિમિત્તથી નહીં અને નિમિત્ત વિના પણ નહીં. નિમિત્તથી (થાય એમ) માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે અને નિમિત્ત વિના (થાય એમ) માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહેતા. કેમકે (જેને) નિમિત્તનો વિવેક નથી, એને ઉપાદાનનો વિવેક નથી. એમ ગુણભેદને જાણે નહીં અને આત્માને જાણે એમ બને નહીં. છેવટે જ્ઞાન તે આત્મા એટલું જાણવું પડે. અને એ ભેદના અવલંબને એને પ્રાપ્તિ થાય એમ પણ બને નહીં. બન્ને વાત સાથે છે.

અહીંયાં તો શું છે કે આ વાત ચાલે છે ત્યાં જીવ ત્યાં સુધી આવ્યો છે એવા જીવની વાત કરી છે કે જે સ્વરૂપ ચિંતવન કરે છે. બીજી ચિંતા અને ઉપાધિના બોજાથી ખસીને, ઉપયોગને કાંઈક નિવૃત્ત કરીને જે સ્વરૂપનું ચિંતવન કરે છે એને એમ કહે છે કે, એ સ્વરૂપમાં જ્યાં સુધી ગુણભેદ ઉપર તારી દૃષ્ટિ રહેશે, ગુણભેદનું અવલંબન રહેશે ત્યાં સુધી નિર્વિકલ્પતા ઉત્પન્ન થાશે નહીં. નિર્વિકલ્પતા ઉત્પન્ન નહીં થાય એટલે તને શાંતિ નહીં થાય, ત્યાં સુધી તને અનુભવ નહીં થાય. આત્માના વિકલ્પ ને વિકલ્પ (ચાલ્યા કરશે). ભલે ગુણભેદથી તું મહિમા કરીશ કે આત્મામાં અનંત જ્ઞાન છે, આત્મામાં એવો જ એક આત્મામાં અનંત આનંદ પણ છે, અનંત પુરુષાર્થની શક્તિ પણ છે પણ એ બધા ગુણભેદ તને શાંતિનું કારણ થશે નહીં.

મુમુક્ષુ :- મુખ્ય-ગૌણ બાબતમાં થોડું વધારે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, મુખ્ય-ગૌણ તો થાય જ છે. પોતાના પરિણમનને તપાસે તો ખ્યાલ આવે એવું છે કે મુખ્ય સ્વરૂપને – અભેદ સ્વરૂપને છોડીને બધે મુખ્યતા કરે છે. પરની મુખ્યતા કરે છે, રાગની મુખ્યતા કરે છે, આત્માનો વિચાર કરે ત્યાં ગુણભેદ ને પર્યાયભેદ આદિની અને ક્ષયોપશમ આદિની મુખ્યતા કરે છે. (પોતાના સ્વરૂપને) ભૂલ્યો છે. અનાદિથી આ સ્થિતિ છે. એને પોતાનું અભેદ સ્વરૂપ – સામાન્ય સ્વરૂપ લક્ષમાં આવ્યું નથી અને એનો અભેદભાવે મહિમા પણ એણે કદી કર્યો નથી.

પ્રશ્ન :- મહિમા આવે તો મુખ્યતા થાય એમ કહેવું છે ?

સમાધાન :- અહીંયાં પ્રશ્ન થવા યોગ્ય છે કે, આત્મામાં અનંત ગુણ છે એમ સમજતા આત્માનો મહિમા આવે છે અથવા આત્મામાં અનંત આનંદ છે, અનંત પુરુષાર્થ છે, અનંત જ્ઞાન છે એમ અનેક ગુણોથી આત્માનો મહિમા કરવામાં આવે છે તો જે ગુણો મહિમાનું નિમિત્ત થાય એ ગુણોથી એ પ્રકારે કેમ શાંતિ ન ઉત્પન્ન થાય ? આવો અહીંયાં પ્રશ્ન થવા યોગ્ય છે. એક વિજ્ઞાન એવું છે – વસ્તુના સ્વરૂપનું વિજ્ઞાન એવું છે કે વસ્તુ ભેદસ્વરૂપે જેમ છે, એવા એવા ગુણોના ભેદસ્વરૂપ છે એમ વસ્તુ એ બધા ગુણોના એક અભેદ સ્વરૂપે પણ છે. એ બન્ને પ્રકારે એનું સ્વરૂપ છે. હવે અભેદ સ્વરૂપનો મહિમા અભેદપણે થાય ત્યારે જીવને નિર્વિકલ્પતા અને શાંતિ ઉત્પન્ન થાય છે. એની મુખ્યતા થતા શાંતિ અને નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે પણ ગુણભેદો ઉપર જ્યાં સુધી લક્ષ રહે છે અને અવલંબન રહે છે ત્યાં સુધી વિકલ્પ રહે છે અને ત્યાં સુધી જીવને શાંતિ – નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થતી નથી. અહીંયાં તો વસ્તુનું વિજ્ઞાન જ સીધું બતાવે છે એમ કહીએ તો ચાલે.

પ્રશ્ન :- મુખ્યતા એટલે ત્યાં અરપાઈ જાય ? મુખ્યતા એટલે શું ?

સમાધાન :- મુખ્યતા એટલે મુખ્યતા. (એમ) સમજો કે તમે અનેક વિષય જાણો છો. અનેક વિષય જાણવા છતાં જ્યાં તમારું પ્રયોજન છે ત્યાં જ તમારી મુખ્યતા રહે છે. જ્યાં તમારી શ્રદ્ધા છે ત્યાં જ મુખ્યતા રહે છે. જ્યાં પ્રયોજન

હોય અને જ્યાં શ્રદ્ધા હોય ત્યાં તેની મુખ્યતા થવી એ સહજ છે. એ કાંઈ શીખવું પડતું નથી એ તો છદ્મસ્થની દશામાં સહજ જ છે. હવે જો તને એમ સમજાયું કે આ આત્મા, આત્માનું અભેદ સ્વરૂપ એ પ્રયોજનભૂત (છે), આત્માનું નિશ્ચય અભેદ સ્વરૂપ (છે) એ પ્રયોજનભૂત છે અને સુખનો ભંડાર પણ એ જ છે તો એની મુખ્યતા થશે, એની શ્રદ્ધા થશે એની મુખ્યતા થશે. એની મુખ્યતા થશે ત્યારે બીજું બધું – ગુણભેદ પણ ગૌણ થશે તો બીજું તો ગૌણ થશે જ થશે. જ્યારે ગુણભેદ પણ ગૌણ થશે તો બીજું મુખ્ય થવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– મુખ્યતા થતી નથી તો પ્રયોજન ભાસ્યું નથી ?

સમાધાન :– હા, પ્રયોજન ભાસ્યું નથી. સીધી વાત છે. ખરેખર એને નિશ્ચય સ્વરૂપ સમજાયું નથી, અભેદ નિર્વિકલ્પ સ્વરૂપ સમજાયું નથી અથવા એવું પોતાનું સ્વરૂપ એને જ્ઞાનમાં પ્રતિભાસ્યું નથી – એનો નિશ્ચય થયો નથી – એની ઓળખાણ થઈ નથી – એનું લક્ષ થયું નથી એટલે એની મુખ્યતા પણ થતી નથી. આ સીધી સીધી વાત છે.

પ્રશ્ન :– સૌથી પહેલાં સ્વરૂપને ગ્રહણ કરવું કે દ્રવ્યને મુખ્ય રાખવું ?

સમાધાન :– દ્રવ્ય અને સ્વરૂપ બન્ને જુદું જુદું છે ? દ્રવ્ય કહો કે એનું સ્વરૂપ કહો. દ્રવ્ય અને સ્વરૂપ તો બન્ને એક જ છે ને ! એ બન્ને ક્યાં જુદું જુદું છે.

પ્રશ્ન :– મુખ્ય અને ગૌણ જે રાખવાનું છે ઈ કઈ રીતે રાખવાનું છે ?

સમાધાન :— મુખ્યમાં શું છે કે વસ્તુમાં ગુણભેદ વગેરે પણ છે અને વસ્તુ અભેદ સ્વરૂપે પણ છે. જે ગુણભેદ વગેરે છે એ વ્યવહારનયનો વિષય છે અને જે અભેદ સ્વરૂપ છે તે નિશ્ચયનયનો વિષય છે. જે નિશ્ચયનયનો વિષય છે એ મુખ્ય કરવો. વ્યવહારનયનો વિષય છે તે ગૌણ કરવો. આ શાસ્ત્ર પરિભાષાથી આમ વાત છે. પદ્ધતિસર, નય વિવિક્ષાની પદ્ધતિથી વાત કરીએ તો આ રીતે છે.

બીજી રીતે વાત લઈએ કે આત્મા અભેદપણે અનંત ગુણોને સંગ્રહીને બેઠેલો અભેદ પદાર્થ છે. જેમ કોઈ કહે ને કે, આ માણસ ન બોલે એટલે એમ નહીં

સમજતા કે એનામાં સમજણ નથી પણ એ ગંભીર છે અને એની ગંભીરાત એવી છે કે જેથી એ ઓછું બોલે છે અથવા નથી બોલતા પણ એથી એની કિંમત કાંઈ કાઢી નાખવા જેવી નથી. એમ આત્માના એક એક ભેદો ન જોવે પણ અનંત ગુણને સંગ્રહીને બેઠેલું જે ગંભીર સ્વરૂપ છે એની કિંમત કાંઈ ઓછી નથી. અમુક ગુણોના ભેદોને બતાવે એટલે કિંમત વધી જાય અને એના અભેદ સ્વરૂપમાં એની કિંમત ન ભાસે એવું કાંઈ નથી. ખરેખર તો એમાં વધારે ભાસે છે કે, કેટલા કેટલા કેવા કેવા આશ્ચર્યકારી અનંત સ્વભાવોનું અભેદરૂપ છે આ આત્મા ! અને કેવું નિર્વિકલ્પ તત્ત્વ છે ! જેવું એ નિર્વિકલ્પ તત્ત્વ છે, જેવું છે એવું જ જો જ્ઞાનમાં ભાસે તો એ સંબંધીનો વિકલ્પનું ઉત્થાન થવાનું બનતું નથી. નિર્વિકલ્પ સ્વરૂપમાં નિર્વિકલ્પભાવે પરિણમન સ્થિર થઈ જાય, પરિણમન ખોડાઈ જાય, પરિણમન રોકાઈ જાય એવું એ અદ્‌ભુત આશ્ચર્યકારી નિર્વિકલ્પ સ્વરૂપ છે !! નિર્વિકલ્પ સ્વરૂપ પણ એવું અદ્‌ભુત અને આશ્ચર્યકારી નિર્વિકલ્પ છે ! એને એ પ્રકારે ગ્રહણ કર.

**'ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર;...'** એટલે ચૈતન્યને નિર્વિકલ્પ સ્વરૂપે છે એ સ્વરૂપે એનું ગ્રહણ કર. ભેદથી ગ્રહણ કરતા વિકલ્પની ઉત્પત્તિ થશે, તને અશાંતિ થશે, એમાં ક્યાંય શાંતિ નહીં થાય. આ બધી વાતો તો અધ્યાત્મની બહુ રહસ્યભૂત વાતો છે. આત્માને કેમ નિર્વિકલ્પદશા ઉત્પન્ન થાય એનો સીધો નિર્દેશ છે. નીચેની બધી વાતો પૂરી કરીને છેલ્લી વાત આ આવે છે કે, આત્માનો મહિમા કરવા જતા જે અનાદિથી ભેદની મુખ્યતા છે એમ આત્મામાં પણ જો જે ગુણભેદની મુખ્યતા રહી જશે તો નિર્વિકલ્પ શાંતિનો, નિર્વિકલ્પ સ્વરૂપનો સહજપણે સ્વાભાવિકપણે અનુભવ નહીં થાય. અને એટલો જ મુક્તિનો માર્ગ છે – એવો જે અભેદભાવ (છે) એ જ મુક્તિનો માર્ગ છે, તેમાં મુક્તિનો માર્ગ પ્રગટે છે. પ્રગટેલો છે એ જ મુક્તિનો માર્ગ છે.

આમ જોઈએ તો શુદ્ધોપયોગ નિર્વિકલ્પ છે અને પરિણતિ પણ નિર્વિકલ્પ છે. વસ્તુનું સ્વરૂપ નિર્વિકલ્પ છે અને એને અવલંબનારી આંશિક પરિણતિ સવિકલ્પકાળમાં છે તે પણ નિર્વિકલ્પ છે અને શુદ્ધોપયોગ છે તે પણ નિર્વિકલ્પ

છે. નિર્વિકલ્પ સ્વરૂપને નિર્વિકલ્પતા સાથે સુસંગતતા છે. નિર્વિકલ્પ સ્વરૂપને વિકલ્પ સાથે જરાય મેળ નથી. ભલે નિર્વિકલ્પનો વિકલ્પ હોય તોપણ ! અભેદનો વિકલ્પ હોય, નિત્યનો વિકલ્પ હોય, શુદ્ધનો વિકલ્પ હોય તોપણ વિકલ્પ સાથે એને મેળ નથી. જો અભેદ નિત્ય નિર્વિકલ્પ શુદ્ધના વિકલ્પને પણ નિર્વિકલ્પ સ્વરૂપ સાથે મેળ નથી તો ભેદરૂપ જે ગુણ અને ભેદરૂપ જે પર્યાય એનો વિકલ્પ તો ઘણો દૂર જાય છે. એ તો કહેવાની જરૂર રહેતી નથી. બરાબર છે કે નહીં ? નિર્વિકલ્પનો વિકલ્પ પણ એની સાથે સુસંગત થતો નથી તો ભેદનો વિકલ્પ કેવી રીતે સુસંગત થવાનો હતો ? એ તો પ્રશ્ન જ રહેતો નથી. પછી બીજી પંચાતનો તો પ્રશ્ન રહેતો નથી.

**'તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે.'** આત્મામાં રહેલો જે ગુણવૈભવ (છે) એ ગુણવૈભવમાંથી એક એક પકડીને તું જુદું જુદું ગ્રહણ કરીશ કે મારામાં આવો અનંત આનંદનો સ્વભાવ છે, મારામાં આવો અનંત કેવળજ્ઞાન સ્વભાવ છે એમ જુદું જુદું એક એક સ્વભાવને ગ્રહણ કરીશ તો એ અશાંતિનું કારણ થશે, એમાં શાંતિ નહીં થાય. ઊલટાની અશાંતિ થશે. ભેદ જણાય એક વાત છે અને ભેદનું અવલંબન થઈને ગ્રહણ થાય (એ બીજી વાત છે). અહીં ગ્રહણ થવું એટલે અવલંબવું એમ લેવું. માત્ર જાણવું એમ ન લેવું પણ અવલંબવું એમ લેવું.

પ્રશ્ન :- મુખ્યતા હોય ત્યાં અવલંબન થાય ?

સમાધાન :- અભેદની મુખ્યતામાં અભેદને જાણતા અને અનુભવતા નિર્મળતાને વશ અનેક ભેદોનું જ્ઞાન થઈ જાય અને એક એક ભેદોનું વર્ણન પણ જ્ઞાનીઓ અને આચાર્યો કરે. પોતાના જ્ઞાનમાં જે કાંઈ વિશેષતા ભાસે (તેનું વર્ણન કરે). ભેદ એટલે એક જાતની વિશેષતા ભાસવી. ૪૭ શક્તિ વગેરે કહી છે ને ? તો એ જ્ઞાન એને વિકલ્પનું અને દોષનું કારણ થતું નથી. એ તો અભેદની મુખ્યતામાં એને ગૌણપણે ભેદોનું જ્ઞાન થઈ ગયું. પણ ઉપયોગ પણ જો એ ભેદને મુખ્ય કરે; આમ તો જ્ઞાનદશામાં શ્રદ્ધામાં અને અભિપ્રાયમાં તો મુખ્યતા થાય જ નહીં. મોક્ષમાર્ગીને – સાધકજીવને અભેદની સાધના હોવાથી એને સાધક કહીએ, એને

ઉપયોગમાં – વિચારમાં અને વિકલ્પમાં એટલી મુખ્યતા ચારિત્રદોષથી અવલંબન થાય તો એને વિકલ્પનું કારણ થાય. સાધકજીવને પણ આ પ્રકારે સ્થિતિ થાય તો જે હજી સાધક નથી થયો અને જેને હજી અભેદ અવલંબન જ હાથ નથી લાગ્યું એ તો ભેદમાં ઊભેલો છે અને ભેદમાં ઊભેલો છે અને ભેદને વળગ્યા કરે તો એને અભેદતા અને નિર્વિકલ્પતા ક્યારે થાય ? કે એને તો થવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ તો ભેદમાં ને ભેદમાં જ સમય વ્યતીત કરશે. વિકલ્પમાં ને વિકલ્પના કાળમાં એ આગળ વધશે અને એના વિકલ્પ વધી જશે. નિર્વિકલ્પ નહીં થાય પણ એના વિકલ્પ વધી જશે.

એટલે શાસ્ત્રની અંદર પણ એ શાસ્ત્ર-તાત્પર્ય ઠેકઠેકાણે આવે છે કે અભેદ પરમાત્માના આશ્રયે અભેદ નિર્વિકલ્પ સમરસભાવ પ્રગટ કરવો અને તે આ રીતે પ્રગટ કરવો. એ વાત ઠામઠામ આવે. પછી કરણાનુયોગના, ચરણાનુયોગના અને બીજા અનેક પ્રકારના દ્રવ્યવિશેષ અધિકાર ચાલતા હોય, વસ્તુના સ્વરૂપનો વિશેષનો અધિકાર, ભેદોનો અધિકાર ચાલતો હોય તોપણ વચ્ચે આ વાત આવ્યા વિના રહે નહીં. કેમ ? (કેમકે) એ સાધના કઈ રીતે થાય છે એ તો બધું કહીને એ કહેવું છે કે આરાધન તો આ રીતે અભેદભાવે થાય છે, ભેદ તો સમજવા માટે કહીએ છીએ અવલંબન લેવા માટે કહેતા નથી.

'સમયસાર' શરૂ કરે છે ત્યારે પ્રારંભમાં પણ આઠ, નવ, દસ ગાથામાં શરૂઆતની પીઠિકામાં જ આચાર્ય મહારાજે આ વિષય ચર્ચી લીધો. એ ભેદમાં ઊભેલા જીવને મ્લેચ્છને જેમ મ્લેચ્છની ભાષામાં સમજાવીએ એમ ભેદથી કહેવું પડે છે પણ અમારો અભિપ્રાય અભેદને સમજાવવાનો છે, ભેદને કહેવાનો અમારો અભિપ્રાય નથી. ત્યાં એમ કહ્યું કે વ્યવહારી જીવને વ્યવહારથી કહીએ છીએ બીજો એમાં ઉપાય નથી છતાં એ અનુસરવા યોગ્ય નથી. **'व्यवहारनयो नानुसर्तव्यः'** એવો શબ્દ મૂક્યો છે. વ્યવહારથી આમ ભેદ પાડીને કહ્યું તોપણ વ્યવહાર અનુસરણ કરવા યોગ્ય નથી એ વાતને સાથે સાથે કહેતા જઈએ છીએ. ચોખ્ખેચોખ્ખી વાત છે. બે જગ્યાએ એ વાત કરી છે – આઠમી ગાથામાં, એક અગિયારમી ગાથામાં.

પ્રશ્ન :- સાધના એટલે ?

સમાધાન :- સાધના એટલે જે અવસ્થા આત્માના મૂળ સ્વરૂપને સાધે અને ફળ સ્વરૂપે આત્માની શાંતિને સાધે, વીતરાગતાને સાધે તે અવસ્થાને સાધના કહીએ.

પ્રશ્ન :- આરાધના ?

સમાધાન :- એ આરાધના અને સાધના બન્ને એકાર્થવાચક છે. આરાધના અને સાધના બન્ને એકાર્થવાચક છે.

('સમયસાર'ની ૮મી ગાથામાં એમ કહ્યું છે) **'આચાર્ય અથવા તો 'આત્મા' શબ્દ કહેનાર પોતે જ વ્યવહારમાર્ગમાં રહીને 'દર્શન-જ્ઞાન-ચારિત્રને જે હમેશાં પ્રાપ્ત હોય,...'** એટલે જેનો સ્વભાવ દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય **'તે આત્મા છે...'** એમ દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ પાડીને કહે. **'તે આત્મા છે' એવો 'આત્મા' શબ્દનો અર્થ સમજાવે છે ત્યારે તુરત જ ઉત્પન્ન થતાં અત્યંત આનંદથી જેના હૃદયમાં સુંદર બોધતરંગો (જ્ઞાનતરંગો) ઊછળે છે તે વ્યવહારીજન તે 'આત્મા' શબ્દનો અર્થ સુંદર રીતે સમજી જાય છે.'** બે જગ્યાએ 'સુંદર' શબ્દ વાપર્યો છે. 'સુંદર બોધ તરંગ' અને 'સુંદર રીતે સમજવું' બન્ને વાત લીધી. જ્યારે અભેદ સ્વરૂપને સમજે છે ત્યારે એને સુંદર રીતે સમજ્યો અથવા સુંદરપણે એને બોધ તરંગ ઊપજ્યા એમ કહેવામાં આવે છે.

**'એ રીતે જગત મ્લેચ્છના સ્થાને હોવાથી, અને વ્યવહારનય પણ મ્લેચ્છભાષાના સ્થાને હોવાને લીધે પરમાર્થનો પ્રતિપાદક હોવાથી વ્યવહારનય...'** અહીંયાં વ્યવહારનય વ્યવહારનો પ્રતિપાદક ન લીધો. સીધું જોવો તો વ્યવહારનય વ્યવહારનો પ્રતિપાદક છે – ભેદને દર્શાવે છે પણ તમે આડકતરી રીતે જુઓ અથવા એના પ્રયોજનના દૃષ્ટિકોણથી જુઓ તો વ્યવહારનય પરમાર્થને પ્રતિપાદન કરે છે. વ્યવહારનય વ્યવહારને નહીં પણ પરમાર્થને પ્રતિપાદન કરે છે. પરમાર્થનો પ્રતિપાદક હોવાથી તે વ્યવહારનય પરમાર્થના પ્રતિપાદનના હેતુની દૃષ્ટિથી **'સ્થાપન કરવાયોગ્ય છે;...'** એ હેતુ છોડીને સ્થાપન કરવા યોગ્ય નથી. એમ રાખવું. **'તેમ જ બ્રાહ્મણે મ્લેચ્છ ન થવું – એ વચનથી તે (વ્યવહારનય) અનુસરવા યોગ્ય**

**નથી.**' એટલે પરમાર્થ છોડીને મ્લેચ્છ થવા જેવું નથી. મ્લેચ્છને બ્રાહ્મણ બનાવવો છે તો મ્લેચ્છપણું છોડાવીને બ્રાહ્મણ રાખે કે મ્લેચ્છપણું રાખીને બ્રાહ્મણ થાય ? મ્લેચ્છપણું છોડાવીને થાય એમ. '**अथ च ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः ।**' આઠમી ગાથાની ટીકા(માં) છેલ્લે (છે).

એવી જ રીતે અગિયારમી ગાથામાં (ભાવાર્થમાં) કહે છે, '**શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે;...**' શુદ્ધનય એટલે શુદ્ધનયનો વિષયભૂત આત્મા. '**ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યક્દૃષ્ટિ થઈ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.**' તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્દૃષ્ટિ છે અને બીજા સમ્યક્દૃષ્ટિ નથી. '**માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.**' આ વાત ફરીને ૧૧મી ગાથામાં કરી. '**अतः प्रत्यगात्मदर्शिभिर्व्यवहारनयो नानुसर्तव्यः ।**' જેણે ભિન્ન આત્માના દર્શન કરવા છે એણે વ્યવહારનયને અનુસરવું નહિ એટલે વ્યવહારનયનું અવલંબન લેવું નહિ. '**व्यवहारनयो नानुसर्तव्यः**' એ વાત આ બે જગ્યાએ ટીકામાં લીધી છે.

અહીંયાં બહુ સાદી ભાષામાં એ વિષયને સમજાવ્યો છે કે ગુણભેદ એ વ્યવહારનયનો વિષય છે. આત્મામાં રહેલા નિશ્ચય ગુણો (છે) એને ભેદથી જોવા તે વ્યવહારનયનું કાર્ય છે અને એ બધા ગુણોનું એક અભેદ સ્વરૂપ જોવું એ નિશ્ચયનયનું કાર્ય છે. નિશ્ચયનયનું અનુસરણ કરવાથી નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થશે, વ્યવહારનયનું અનુસરણ કરવાથી નિર્વિકલ્પ શાંતિ ઉત્પન્ન થતી નથી. એ વાત ૧૧૫માં કરી.

પ્રશ્ન :- બહારમાં વ્યવહારના કાર્યોમાં મુખ્ય-ગૌણ સહજ થઈ જાય છે. આમાં કેમ ન થાય ?

સમાધાન :- (બહારમાં) થાય જ છે, થાય જ છે. આમાં એની વિધિ એને સમજાણી નથી. અને ખરી વાત તો એ છે કે પોતાનું નિશ્ચય નિર્વિકલ્પ આત્મસ્વરૂપ છે એ જો એને જ્ઞાનમાં ઓળખાય, જ્ઞાનમાં પ્રતિભાસે તો એને એ જેવું નિર્વિકલ્પ

છે એની મુખ્યતા આવ્યા વિના રહે નહીં.

મુમુક્ષુ :- ભાષામાં તો ભેદ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાષામાં ભલે ભેદ પડે છે પણ હવે વિધિની પદ્ધતિથી લઈએ. જેમકે જ્ઞાનલક્ષણથી આત્મા ઓળખાય છે અને પ્રતિભાસે છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે તો આત્મા નિર્વિકલ્પ જ્ઞાનસ્વરૂપી છે કે સવિકલ્પ જ્ઞાનસ્વરૂપી છે ? જ્ઞાન લક્ષણ - જે જ્ઞાનની પર્યાય જ્ઞાનલક્ષણ લીધી એ જ્ઞાનની પર્યાયની અંદર રહેલા જ્ઞેયાકારોને જો જોવે અથવા મુખ્ય કરે તો એને ભેદવાળું જ્ઞાન જણાશે. અનેક આકારે થયેલું ભેદવાળું જ્ઞાન જણાશે. તે જ જ્ઞાનની પર્યાયને જ્ઞ જ્ઞ જ્ઞ જ્ઞ જ્ઞ જ્ઞ જ્ઞ જ્ઞ... જ્ઞાન સામાન્યપણે જોવે તો આત્મા જે જ્ઞાયક નિર્વિકલ્પ જ્ઞાયક સ્વરૂપે છે એના લક્ષણથી એનું સ્વરૂપ જણાશે. અને જ્યારે એના લક્ષણથી એનું સ્વરૂપ જણાશે ત્યારે એને એનું સામર્થ્ય સમજાશે, એનું સ્વરૂપ સમજાશે ત્યારે એનો એને યથાર્થ મહિમા આવશે. અભેદ સ્વરૂપનો મહિમા આવશે, નિર્વિકલ્પ સ્વરૂપનો મહિમા આવશે અને ત્યારે એને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થવાનો અવસર આવશે. એને ઓળખાવું જોઈએ. નિર્વિકલ્પ સ્વરૂપે જેવું છે તેવું એને ઓળખાવું જોઈએ.

'સમયસાર'ની ૭૩મી ગાથાનું પ્રવચન કરતા 'ગુરુદેવ' એમ કહે છે કે, જેમ આકાશ એક ભિન્ન નિરપેક્ષ નિરાલંબ અસ્તિત્વ સ્વરૂપે છે એમ આત્મા પણ એક નિર્વિકલ્પ સ્વરૂપે કોઈના આધાર વિનાનું નિરાલંબ તત્ત્વ છે. એવું નિર્વિકલ્પ તત્ત્વ જ્યારે સમજાય છે ત્યારે એની નિર્વિકલ્પતાનો કાળ પાકી ગયો છે. જ્યારે જેવું એના જ્ઞાનમાં નિર્વિકલ્પ સ્વરૂપ અવભાસ્યું કે હવે એનો વિકલ્પ 'વમાઈ જશે' એવા શબ્દો શાસ્ત્રમાં પડ્યા છે. એનો વિકલ્પ શીઘ્ર વમાઈ જશે. વમાઈ જશે એમ નથી લીધું એક વિશેષણ વધારે લગાડ્યું છે. 'શીઘ્ર' વમાઈ જશે, તુરંત વમાઈ જશે.

વમન થવું એટલે આ ઊલટી થવી. ગ્રહણ કરેલું બહાર ફેંકાઈ જવું એને વમન કહે છે. આહાર ગ્રહણ કર્યો હોય (પછી) Vomit થાય (તો એને) ઉછાળીને બહાર નાખે. એને રોકી શકે કોઈ ? એમ અનાદિના વિકલ્પની એને એવી પકડ

છે, એને ફેંકે છે બહાર ! અનાદિના વિકલ્પની એવી પકડ છે કે ઈ છોડ્યો છૂટતો નથી. એક વખત જો એને નિર્વિકલ્પ સ્વરૂપ અવભાસ્યું (તો) એનો વિકલ્પ શીઘ્ર વમાઈ જશે. અથવા એના વિકલ્પનો અંત આવવાનો, એનો વિકલ્પ શાંત થવાનો કાળ પાકી ગયો. કેમકે એના પોતાના નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્વિકલ્પ મહિમા, અભેદભાવે મહિમા એટલા જોરથી શરૂ થઈ જાય છે કે પછી એનો વિકલ્પ ટકી શકે એ વસ્તુસ્થિતિ જ રહેતી નથી. એ વસ્તુસ્થિતિ નથી રહેતી. એટલે એ વાત ત્યાં લીધી છે કે એનો વિકલ્પ શીઘ્ર વમાઈ જશે. વમળમાં ફસાયેલું વહાણ જેમ વમળમાંથી છૂટું પડે ત્યારે ભમરી ખાતું બંધ થાય છે એમ આ વિકલ્પના વમળમાં ફસાયેલો આત્મા જ્યારે નિર્વિકલ્પ સ્વરૂપને ઓળખે છે – પિછાણે છે ત્યારે એ વિકલ્પના વમળથી છૂટો પડી જાય છે, શીઘ્ર છૂટો પડી જાય છે.

એમ કહીને એક બીજો સંકેત કર્યો છે કે જો તને આત્મા ઓળખાયો, નિર્વિકલ્પ સ્વરૂપે તારો આત્મા ઓળખાયો તો તને નિર્વિકલ્પ અનુભવ થતાં વાર નહીં લાગે. એ વખતે તું સ્વરૂપ સન્મુખ થયો – સમ્યક્ સન્મુખ થયો અને હવે તું શીઘ્ર નિર્વિકલ્પ સમ્યક્દર્શનને પામીશ. એમ નથી કે સ્વરૂપ સન્મુખ થયો અને પછી ગમે એટલો કાળ જાય છે, વર્ષોના વર્ષો (જાય છે) અને એને ભલે સમ્યક્દર્શન ન થાય અને સમ્યક્ સન્મુખ છે એમ નથી હોતું. એ શીઘ્ર જ પામે છે એમ આચાર્યદેવનું ત્યાં વચન પડ્યું છે અને એ સમજી શકાય એવો વિષય છે.

પ્રશ્ન :–નિર્વિકલ્પ દશા કેટલામે ગુણસ્થાને થાય ?

સમાધાન :– પહેલીવહેલી ચોથા ગુણસ્થાને થાય પછી એ ચોથા ગુણસ્થાનમાં પહેલી દશા થયા પછી અનેકવાર ચોથા ગુણસ્થાને એ દશા થાય. પછી પાંચમા ગુણસ્થાને પણ અનેકવાર થાય. છઠ્ઠું મુનિચર્યાનું – પંચમહાવ્રત આદિ, વ્રત આદિનું સમિતિ, ગુપ્તિ પાળવાનું વિકલ્પનું ગુણસ્થાન છે. એટલે ત્યાં છઠ્ઠા ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા નથી થતી. પણ એ ક્ષણવર્તી જ હોય છે ક્ષણમાં એમને સાતમું નિર્વિકલ્પ (ગુણસ્થાન આવી જાય છે), સાતમા ગુણસ્થાનની નિર્વિકલ્પદશા આવી જાય છે. એટલે મુનિદશા છે એ બે ગુણસ્થાનવાળી દશા છે. એમાં નિર્વિકલ્પ(દશા) છે એને સાતમું ગુણસ્થાન કહે છે અને સવિકલ્પદશામાં મુનિ આવે ત્યારે એને

છઠ્ઠું ગુણસ્થાન કહે છે. એમ ચોથે, પાંચમે અને સાતમે નિર્વિકલ્પદશા થાય છે અને સાતમાંથી ઉપરની બધી નિર્વિકલ્પદશા જ છે. આઠમું, નવમું, દસમું, અગિયારમું, બારમું, તેરમું... બધી નિર્વિકલ્પ(દશા છે.) ત્યાં તો પછી વિકલ્પ ઉત્પન્ન થતો નથી. એટલે સવિકલ્પદશા લઈએ તો એ મોક્ષમાર્ગને વિશે ચોથું, પાંચમું અને છઠ્ઠું એ ત્રણ જ ગુણસ્થાનમાં સવિકલ્પદશા હોય છે અને એ ત્રણે ગુણસ્થાનમાં ચોથા, પાંચમામાં નિર્વિકલ્પદશા પણ હોય છે. છઠ્ઠું તો વિકલ્પનું જ ગુણઠાણું છે. સાતમું અને આગળના બધા નિર્વિકલ્પ છે, એમ છે. આ ગુણસ્થાનમાં સવિકલ્પ-નિર્વિકલ્પનું સામાન્ય જાણપણું સંપ્રદાયોમાં અત્યારે નથી. જ્યાં દિગંબરનું સાહિત્ય પડ્યું છે એ લોકોને પણ ખબર નથી. શ્વેતાંબરની તો પછી અપેક્ષા ક્યાં રાખવી ? અને ત્યાગી ને વ્રતી ને મુનિ થઈને બેસી જાય.

મુમુક્ષુ :– પુસ્તકમાં તો કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પુસ્તકમાં શું કામનું પણ ? ઘરમાં બાપદાદાએ ધન દાટેલું છે અને પોતે ટુકડા ટુકડા માટે ભીખ માગે છે. ટાઢ વાય અને કપડાં ન હોય ત્યારે ઓલું દાટેલું ધન શું કામનું ? થરથર ધ્રૂજતો હોય, ભૂખ લાગી હોય, આંતરડી કકળતી હોય તો પેલું ધન શું કામનું ? એ ખબર જ ન હોય શું કરે ? પુસ્તકમાં છે ઈ પણ ક્યાં એને ખબર છે કે પુસ્તકમાં કેવું છે ને કેમ છે ? એને ખબર નથી. એ તો ઓઘેઓઘે કહે છે કે પુસ્તકમાં બધું પડ્યું છે પણ એ પુસ્તકમાં પડ્યું (હોય) કોને કામનું છે ? એને તો કામનું નથી.

મુમુક્ષુ :– વાંચે, વિચારે તો કામ લાગે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે વાંચે, વિચારે અને અંગીકાર કરે. અમલ કરવો પડે ને ? એકલો વિચાર વિચાર કરીને શું કામ આવે ? વાંચે, વિચારે અને અંગીકાર કરે ત્યારે એને શાંતિ થાય. એટલે એને કામ આવ્યું એમ કહેવાય. શાંતિ થાય ત્યારે એને કામ આવ્યું એમ કહેવાય. વાંચે, વિચારે અને જ્યાં સુધી ભેદમાં રોકાઈને, વિચારના ભેદમાં રોકાઈને અશાંતિ થાય ત્યાં સુધી એણે અંગીકાર કર્યું નથી અને એને કામ આવ્યું નથી.

પ્રશ્ન :– પુસ્તક પણ પાછું જ્ઞાનીનું લખેલું હોય તો જ જીવને લાભ થવાનું

નિમિત્ત બને ને ?

સમાધાન :- એ તો એટલું રાખીને, અપેક્ષા રાખીને જ વાત છે, જ્ઞાનીના પુસ્તકની તો વાત છે. અજ્ઞાનીના પુસ્તકને પસ્તી કહેવાય પુસ્તક ન કહેવાય. કિલોમાં જોખવાની પસ્તી કહેવાય કે આટલા રૂપિયાની મણ મળશે. નોટું ક્યાંય મણ મળે ? આ Currency જોખમાં મળે ? એક એક પત્તાની કિંમત હોય પછી એક રૂપિયાની નોટ અને સો રૂપિયાની નોટમાં કાંઈ સોગણું એનું ક્ષેત્રફળ ન હોય. એની કિંમત જુદી રીતે થાય છે. Size ઉપર એની કિંમત થતી નથી કે ભાઈ ! આ એક રૂપિયા કરતા સો રૂપિયાની નોટ સો ગણી મોટી. એમ કાંઈ એની કિંમત નથી.

પ્રશ્ન :- ભગવતી સૂત્ર...

સમાધાન :- જ્ઞાનીઓના લખેલા, સમ્યક્દૃષ્ટિઓના, આચાર્યોના ભાવલિંગી સંતોના લખેલા શાસ્ત્રો તે સાચા શાસ્ત્રો છે. મિથ્યાદૃષ્ટિઓના લખેલા શાસ્ત્રોને ગમે તે નામ આપવામાં આવે - ભગવાનના અંગનું નામ આપે કે આ આચારંગ છે (તોપણ એ) ખોટી વાત છે. એ આચારંગ નથી.

પ્રશ્ન :- બન્ને મળતું આવે તોપણ નહિ ?

સમાધાન :- કોઈ દિવસ સાંગોપાંગ મળતું ન આવે. મિથ્યાદૃષ્ટિ અને સમ્યક્દૃષ્ટિનો ગ્રંથ સાંગોપાંગ કદી મળતો આવે નહીં.

મુમુક્ષુ :- ૯૯ વાત સાચી હોય એકાદ વાત...

પૂજ્ય ભાઈશ્રી :- દૂધપાકના તપેલામાં એક જ ટીપું ઝેર નાખ્યું હોય, વીસ મણનું (દૂધપાકનું) કઢેલું તપેલું હોય એક ટીપું ઝેર નાખીએ તો એટલામાં શું વાંધો ? અરે...! એક ટીપું ઝેર ન નાખીએ, થોડીક વિષ્ટા નાખી દઈએ, થોડીક જ ! તો એ ગ્રહણ કરવા યોગ્ય રહે ? એનો આહાર થાય ? એટલે એ વસ્તુ આખી ફરી ગઈ અને હંમેશા અપ્રમાણિક વેપાર કરનારા અને પ્રમાણિકતાનો દાવો કરનારા થોડુંક તો એવું સાથે ભેળવ્યા વગર રહે નહીં. એને ખબર છે કે આ દેખાવ કરવા માટે આટલું સાચું નાખો. પણ એથી કાંઈ એની દુકાને જવાય નહીં અને એનો માલ ખરીદ કરાય નહીં. સીધી વાત છે કે નહીં ?

'ગુરુદેવ' કહે છે ને કે એક જરાક ફેર પડે એટલે આખા તત્ત્વનું ખૂન થઈ જાય. આમાં કાંઈ ચાલે એવું નથી. કહેતા હતા કે નહીં ? ત્યાં પ્રયોજનમાં સમજે છે કે ભાઈ ! આ માણસ સાચું ઘી પણ વેચે છે અને વેજિટેબલ પણ વેચે છે અને ઈ કહે છે કે, જુઓ ! આ સાચું, આ વેજિટેબલ અને આ ભેળસેળવાળું, તમે કહો ઈ આપું. ત્રણ વાસણ બતાવી દ્યે. હું તો બધો વેપાર કરું છું. આ નકલી છે, આ અસલી છે અને આ બેનું મિશ્રણ કરેલું છે. મારે ત્યાં ત્રણે જાતના ઘરાક આવે છે. તમે કહો ઈ આપવા તૈયાર છુ. ડાહ્યો માણસ એને ત્યાંથી માલ જ નહીં લે. એના ચોખ્ખા ઘીમાં એણે નથી મેળવ્યું એની ખાતરી શું ? જ્યારે એકલો ચોખ્ખા ઘીનો વેપાર (કરતો હોય ઈ એમ કહે) કે મારી દુકાનનો ખૂણેખૂણો જોઈ લ્યો ક્યાંય તમને બીજી ચીજ જોવા પણ નહીં મળે, જોવી હશે તો જોવા પણ નહીં મળે. અહીં તો એકલો Pure માલનો વેપાર છે. નિઃશંકપણે તમે ગમે ત્યારે લઈ જાઓ. એને ત્યાં માણસ નિશંકપણે (લેશે). માણસને જ્યાં પૈસાની છેતરામણ થાય છે ત્યાં તો પાકું કરીને જાવું છે અને અહીંયાં ગમે તેમ કુળધર્મે કરીને, ગમે તેમ કરીને પણ અંદરમાં જ્યાં ઊંડે ઊંડે પક્ષ રહી જાય તો કહે, ભલે થોડુંક ખોટું કહે, ભલે થોડુંક આડુંઅવળું કહે પણ આપણે ત્યાં જાવું. ઠીક ! આટલું તો બરાબર કહે છે, આટલું તો બરાબર કહે છે. ભગવાન 'મહાવીર'નું તો નામ લ્યે છે. એમ ન ચાલે. ગમે એનું નામ લ્યે માલ સાચો છે કે ખોટો છે એની પરીક્ષા કરતા પોતાને આવડવી જોઈએ અને તો જ એ છેતરામણમાંથી બચે નહીંતર અહીંયાં તો પૂરેપૂરો મરાઈ જાય. થોડો નહીં મરાઈ જાય પૂરેપૂરો છેતરાય જશે, થોડોક નહીં છેતરાય.

દિવ્યધ્વનિમાંથી દરેક જે જુદાં મત થયા છે એમાં બધાયમાં થોડુંઘણું તો આવવાનું. તો તો બધાયને સાચા ગણવા પડશે. વેદાંતમાં પણ આત્મા ધ્રુવ, કૂટસ્થ અને અપરિણામી આવશે, વીતરાગ સ્વરૂપ પણ આવશે, એમાં પણ આવે છે. ઈ ન કહે ? કે, તમારા જેવું તો અમારામાં પણ આવે છે. એમ ન ચાલે. તમારા જેવું આવે છે (એમ) નહીં, સાંગોપાંગ બીજી વાતમાં ક્યાંય ફેર પડવો જોઈએ નહીં. એમ છે. ૧૧૫ બોલ (પૂરો) થયો.

**ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. ૧૧૬.**

૧૧૬. **'ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.'** જો શાંતિનો પુરુષાર્થ કરે તો, આટલું અધ્યાહાર છે. બહુ પુરુષાર્થની પ્રેરણાનો બોલ છે. ટુકડો નાનો છે પણ એની અંદર કસ ઘણો છે. કેવી રીતે લેવું આને ? કે જીવને અનેકવાર અશાંતિ થાય છે. ખાસ કરીને અશાંતિના પ્રસંગો ઉપસ્થિત થાય, એવા ઉદયો ઉપસ્થિત થાય ત્યારે એને અશાંતિ થઈ આવે છે. એવે કાળે આ વચનામૃત છે એ અમૃત જેવું થઈ પડે.

જો ભાઈ ! ગમે તેવા સંયોગોમાં, ગમે તે પ્રકારના અશાંતિના સંયોગો હોય આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પ્રગટ કરવાનો એનો અધિકાર છે અને બરાબર પ્રગટ કરી શકે છે. જો એ સંયોગોથી પોતાની ભિન્નતા જ્ઞાનમાં બરાબર ગ્રહણ કરે અને એ ભિન્ન સ્વરૂપને અવલંબવાનો પુરુષાર્થ કરે તો એ બરાબર પોતાની શાંતિનો ત્યાં અનુભવ કરી શકે છે. અશાંતિ તો જે તે સંયોગોની સાથે અભેદતા સાધતા થાય છે.

અશાંતિ થવાનું કારણ બહુ ચોખ્ખેચોખ્ખું એકવાર વિચારી લેવા જેવું છે. અશાંતિ તો જીવને ઘણીવાર થાય છે ને ? કે, હે જીવ ! જુદાં જુદાં પ્રસંગે તને અશાંતિ થવાનું કારણ તું વિચાર કરીશ તો એક સામાન્ય કારણ તને એ જણાશે કે જે તે પ્રસંગોની સાથે તેં અભેદતા સાધી છે, મમત્વ કર્યું છે, મારે અને એને આ સંબંધ છે, આટલો મારે એની સાથે વળગાડ છે – એ વળગાડને લઈને અશાંતિ છે. બાકી ભિન્નતાથી ક્યારેય પણ અશાંતિ થતી નથી. અને ભિન્નતા (છે) એ વસ્તુનું સ્વરૂપ છે.

એટલે ગમે તેવા સંયોગમાં પણ આત્મા સંયોગથી ભિન્ન છે અને પોતાના

શાંત સ્વરૂપથી અભિન્ન છે. એ અભિન્ન સ્વરૂપને અવલંબતા શાંત સ્વરૂપને અવલંબનમાં લેતા પોતાની શાંતિ અવશ્ય પ્રગટ કરી શકે છે. કોઈ માણસ એમ કહે કે, તમને આ એક દવા આપી. બહુ મોટા રોગ હોય (અને) એમ કહે કે, તમારે દવા હંમેશાં ખીસામાં રાખવી અને જ્યારે પણ તમને બેચેની વધે કે કાંઈક એવી અસર લાગુ થાય એવું કાંઈક લાગે, Sensation થાય (એટલે) જલદી આ ટીકડી ખાઈ લેવી એટલે તરત તમને રોગનો ઉપદ્રવ શાંત થઈ જશે અને તમે મુશ્કેલીમાં મૂકાશો નહીં. આ એવી દવાની વાત છે કે ગમે તેવા સંયોગમાં તમને તમારી શાંતિનો અનુભવ કરવાનો અધિકાર છે અને તમે તમારી શાંતિ અનુભવ કરી શકો છો. એ સંયોગોથી ભિન્નતાને તમે તરત જ ગ્રહણ કરો કે આ સંયોગોની સાથે મારે કાંઈ લેવાદેવા નથી. એની ભિન્નતા લ્યો અને અશાંતિ થાય એવું કોઈ દિવસ બનશે નહીં. Challenge મારવામાં આવે છે કે કોઈ દિવસ નહીં બને શકે.

પ્રશ્ન :- કેન્સર થાય ત્યારે ?

સમાધાન :- કોને પણ ? ભિન્ન એવા શરીરને, આત્માને નહીં. આમ છે.

મુમુક્ષુ :- નિર્ધન થઈ જાય, લૂટાઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ આત્મામાંથી શું લૂટાણું ? આત્માનું ધન લૂટાણું ? ગુણ લૂટાણો ? પ્રદેશ લૂટાણો ? ભાવ લૂટાણો ? શું લૂટાણું ? કાંઈ લૂટાણું નથી. પોતાના અનંત ગુણની લક્ષ્મીથી ભરપૂર છે. એના ગુણનું કોઈ હરણ કરી જઈ શકે એવું નથી. ગુણ તો સામાન્ય સ્વરૂપે છે પણ એનો ઉત્પાદ-વ્યયરૂપ ઉપયોગ જે છે એ ઉપયોગનું પણ કોઈ હરણ કરી જઈ શકે એમ નથી. ૧૭૨ ગાથામાં લીધું છે ને ? કે ઉપયોગ નામનું લક્ષણ છે, આત્માનું ચિહ્ન છે એનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. મારા ઉપયોગને કોઈ ખેંચી જાય, આકર્ષી જાય એવો પણ જગતમાં કોઈ પદાર્થ નથી કે એને હરણ કરી શકે. અને જે ઉપયોગ બહાર જાય એ ઉપયોગ મારો ઉપયોગ નહીં, એ મારું સ્વરૂપ નહીં. આમ લીધું છે. એ વિષય ઉપર 'ગુરુદેવ'ના પ્રવચનો એવા અદ્ભુત આવેલા છે !

પ્રશ્ન :- ઉપયોગનો અર્થ શું લેવો ?

સમાધાન :- જ્ઞાનનો વ્યાપાર. એ તો અધ્યાત્મની મસ્તીનો વિષય છે ! પાછો પોતે ને પોતે પ્રશ્ન કરે કે, હજી તો છદ્મસ્થપણું છે, ઉપયોગ તો છદ્મસ્થ અવસ્થામાં બહાર જાય છે ને પ્રભુ ! પાછા પોતે ને પોતે પ્રભુ પોતાને ને પોતાને કહેતા જાય ! કે, પ્રભુ ! હજી તો તને આમ થાય છે ને ! તો કહે, ઈ (ઉપયોગ) બહાર જાય ઈ તારું સ્વરૂપ નહીં, ઈ તું નહિ, ઈ તારું સ્વરૂપ નહિ. (એમ) એનો નિષેધ કરે છે, નકાર કરે છે, એ તું નહીં - એ તું નહીં. રાગ તો તારું સ્વરૂપ નહીં પણ ઉપયોગ બહાર જાય એ તારું સ્વરૂપ નહીં.

પ્રશ્ન :- તો એ સ્વરૂપ કોનું ?

સમાધાન :- એ જડનું સ્વરૂપ, આત્માનું - ચૈતન્યનું સ્વરૂપ નહીં. એ અનાત્માનું સ્વરૂપ, જડનું સ્વરૂપ છે, એમ કહે છે. જે જડ જેવો થવા જાય તે જડ, એમ કહે છે. જડ જેવો થવા જાય તે જડ. મૂર્ખાની દોસ્તી કરે તે મૂર્ખ, પાગલની દોસ્તી કરે તે પાગલ, એમ કહે છે. એમ જડની દોસ્તી, જડનો પ્રેમ કરે તે જડ. તું ચૈતન્ય થઈને જડનો પ્રેમ કરે છે ? એમ કહે છે. કોઈ મનુષ્ય તિર્યંચ સાથે લગ્ન કરે છે ? કેમકે મનુષ્ય છે. પણ આ સંબંધ જોડે છે - ચેતન થઈને જડની સાથે સંબંધ જોડે છે. મનુષ્ય થઈને તિર્યંચ સાથે સગાઈ નથી કરવી પણ ચેતન થઈને જડની સાથે સગાઈ કરવી છે. ઠીક ! મૂર્ખાઈ ભરેલી વાત તો કેટલી છે ! આની ના પાડે - તિર્યંચની ના પાડે અને જડની હા પાડે. પૈસા ? તો કહે, લે પૈસા તો મૂકાઈ નહીં. સોનું ? તો કહે, સોનું, દાગીના, હીરા ઈ તો મૂકાય નહીં. તિર્યંચની સાથે ? તો કહે, ના એની સાથે સંબંધ નહીં પણ જડની સાથે સંબંધ જરૂર ! આવી મૂર્ખાઈ છે, બીજી કાંઈ થોડી મૂર્ખાઈ નથી. આવી મૂર્ખાઈ છે.

મુમુક્ષુ :- પૈસાથી સુખ તો મળે છે. શાક લેવા જાવું હોય તો પૈસા જોવે.

પૂજ્ય ભાઈશ્રી :- પથરાય સુખ મળતું નથી. હા, પણ શાક આત્મા લેવા જાય ? શાક આત્મા લઈ શકે ? વાત ખોટી છે. ન તો આત્મા શાક લેવા જઈ શકે, ન તો આત્મા શાક લઈ શકે, ન તો પૈસા લઈ શકે, ન તો પૈસી દઈ શકે. આમ છે.

મુમુક્ષુ :- કઈ જાતનું નાટક છે !

પૂજ્ય ભાઈશ્રી :- એ પરિભ્રમણ કરવાનું નાટક ચાલે છે, આ હેરાન થવાનું નાટક ચાલે છે. જુઓ ! આ Hospital છે, દુનિયા આખી દુઃખીયાની Hospital છે. જેમ આપણે Hospitalમાં જઈએ તો જુદાં જુદાં રોગના ખાટલા દેખાય છે કે નહીં ? આને શું થયું ? કે, આને પગ ભાંગી ગયો. આને શું થયું ? કે, આને ડોક ભાંગી ગઈ. આને શું થયું ? કે, આને ગૂમડું થયું. આને શું થયું ? કે, આને તાવ મટતો નથી. જેમ દુઃખીયાની Hospitalમાં બધા ખાટલા દુઃખીયાના – રોગીના છે એમ આ જગત દુઃખીયાની Hospital છે. બતાવો એક સુખી હોય તો લાવો ! નથી કોઈ ? કોઈ વેવાઈવેવલાં પૈસાવાળા હોય એને પૂછવું (કે), તમે તો પૈસાવાળા છો તમે તો સુખી છો કે નહીં ? ભાઈસા'બ ! તમારા કરતા ઝાઝી ઉપાધિ છે. એ તો સીધી વાત છે જેટલું મમત્વ કરે એટલી ઉપાધિ જ થાય.

પ્રશ્ન :- આ સંસારમાં કેમ ફસાણો ?

સમાધાન :- સુખની ભ્રમણાથી. આ બધું કહ્યું ને ? કે, પૈસાથી તો સુખ મળે છે, સોનાથી તો સુખ મળે છે, દાગીનાથી અને હીરાથી તો સુખ મળે છે. એમ કહ્યું ને ? એ સુખ નથી મળતું એને સુખ મળતું હોવાની ભ્રમણા થાય છે.

પ્રશ્ન :- એ થાય તો આત્માને ને ?

સમાધાન :- હા, ભ્રમણા આત્માને થાય છે એમાં કાંઈ સવાલ નહીં.

પ્રશ્ન :- આત્મા કર્મ બાંધે કે નહીં ?

સમાધાન :- હા, બરાબર. એને એ વખતે કર્મ બંધાય છે. કર્મનો સંયોગ થાય છે એના ફળમાં દુઃખી થાય છે. એવી ભ્રમણામાં દુઃખ છે. એ ભ્રમણાને કાંઈ સાચું મનાય ? એમ વાત છે. ભ્રમણા કહો કે મિથ્યા કહો.

અહીં સુધી રાખીએ.

## તા. ૧૮-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૧૬, ૧૧૭
## પ્રવચન નં. ૯૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૮. ૧૧૬મો બોલ ચાલે છે. **'ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.'** સામાન્ય રીતે જીવનું પરિણમન નિમિત્તાધીન થઈ રહ્યું છે. નિમિત્તાધીન પરિણમન થઈ રહ્યું છે તેમાં પણ ઉપાદાનની દૃષ્ટિથી જોવામાં આવે તો એ જીવની યોગ્યતાને પ્રસિદ્ધ કરે છે. નિમિત્તને અનુસરીને પરિણમવું એવી પોતાની સ્વતંત્ર યોગ્યતા છે, પણ દૃષ્ટિ વિપરીત હોવાથી જેવા જેવા નિમિત્ત મળે છે તેવું તેવું પરિણમન થાય છે તેથી નિમિત્તથી પોતે પરાધીન થાય છે એવું એને ઊલટું સમજાય છે, ઊલટો સ્વીકાર થાય છે. એવો ઊલટો સ્વીકાર થયો છે એટલે એમ કહે છે કે ગમે તેવા સંયોગમાં પોતાની આત્મશાંતિ પ્રગટ કરી શકવા માટે પોતે સ્વતંત્ર છે.

કોઈપણ સંયોગ આત્મશાંતિને ફેરવવા માટે સમર્થ નથી અથવા આત્માની શાંતિ પ્રગટ થાય એ નિરપેક્ષપણે પ્રગટ થાય છે, વાસ્તવિકપણે એમાં સંયોગની અપેક્ષા નથી. આમ સ્વીકાર થાય – પોતાની સ્વતંત્રતાનો સ્વીકાર થાય તો કોઈપણ સંયોગોમાં નિમિત્તને અનુસરીને થતાં પરિણમનથી મુક્ત થવાનો પ્રયત્ન થઈ શકે. નહીંતર અનાદિથી જે વિપરીત માન્યતા છે અને વિપરીત સ્વીકાર છે એમાં કેવળ અશાંતિનો ઉત્પાદ થાય એ પરિસ્થિતિ છે. ક્યારેય શાંતિનો ઉત્પાદ ન થાય એવી પરિસ્થિતિ છે.

શરીરમાં રોગનો ઉપદ્રવ હોય. દૃષ્ટાંત વેદનાનો લઈએ. શરીરમાં રોગનો ઉપદ્રવ હોય ત્યારે આત્મા શાંતિ પ્રગટ કરી શકે ? તો કહે, હા. ત્યારે પણ

આત્મા શાંતિ પ્રગટ કરી શકે. કેમકે શરીરમાં રોગનો ઉપદ્રવ છે અને આત્મામાં રોગનો ઉપદ્રવ નથી એ વખતે. એથી મારામાં રોગનો ઉપદ્રવ નહીં હોવાને લીધે મારી શાંતિ પ્રગટ કરવા માટે, હું મારું કાર્ય કરવા માટે અત્યારે સ્વતંત્ર છું. રોગ આદિની વેદનાથી ભિન્ન પડીને પોતાના ઉપાદાનની શક્તિને લીધે પોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે, આ રીતે સાધક પોતાનો ધર્મ કરે છે. સાધકજીવ આ રીતે પોતાનો ધર્મ કરે છે.

જેને એવું સમજાયું નથી અને જે જીવો એવા પુરુષાર્થના રસ્તે પડ્યા નથી, (એ) રસ્તે આગળ વધ્યા નથી એ સંયોગોની ભીંસમાં ભીંસાઈ જાય છે. સૌથી વધુ ભીંસ આવે છે – દેહાંતકાળે. અશાતા વેદનીય આદિનો સૌથી વધારેમાં વધારે પ્રકાર અથવા દેહ ઉપર આખી જિંદગી અત્યંત મમત્વ કરેલું હોવાને લીધે દેહ છૂટવાના સમયે એને સૌથી વધારે માનસિક તાણપણું ઊભું થાય છે. શારીરિક વેદનાનો પ્રસંગ પણ પ્રાયઃ દેહ છૂટવાના કાળે સૌથી વધારે તીખો અને આકરો હોય છે. ત્યારે પણ આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. જો એ પુરુષાર્થ કરવા તત્પર થાય, પ્રયત્ન કરે તો જરૂર શાંતિ પ્રગટ કરી શકે છે. ગમે તેવા આકરા ઉદયમાં પણ પોતાનું કાર્ય કરવા પોતે તદ્દન સ્વતંત્ર છે. એ વાત એણે વસ્તુના સ્વરૂપજ્ઞાન અનુસાર સ્વીકારીને પોતાના કાર્યમાં, કાર્યના પ્રયત્નમાં બરાબર રહેવું જોઈએ.

સંયોગો અશાંતિ કરાવે છે એમ નથી પણ જે તે સંયોગોની ઉપાધિ ગ્રહણ કરીને પોતે એ વખતે પણ સંયોગોને કારણે નહીં (પણ) પોતાની યોગ્યતાને કારણે અશાંતિને વેદે છે, અશાંતિનો અનુભવ કરે છે. એમ અશાંતિ થાય ત્યારે પણ એને એ દૃષ્ટિકોણથી પોતાના અનુભવને સમજવો જોઈએ અને વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ. ઊલટી દશામાં કે સૂલટી દશામાં અનુભવને સમજીને વસ્તુસ્વરૂપનો સ્વીકાર કરવો જોઈએ. ત્યારે એને અશાંતિ મટવાની પરિસ્થિતિ એના માટે નિશ્ચિત થઈ જાય છે. શાંતિ ઉત્પન્ન થવાની પરિસ્થિતિ એના માટે નિશ્ચિત થઈ જાય છે.

પ્રશ્ન :- સંયોગો અશાંતિનું કારણ નથી ?

સમાધાન :- બિલકુલ નહીં. સંયોગો બિલકુલ અશાંતિનું કારણ નથી. અને સંયોગો અશાંતિનું કારણ હોય તો બાજુમાં રહેલા બીજાને પણ અશાંતિ થાય. પણ જેણે 'આ મારો આવો સંયોગ છે' એમ પકડ્યું છે, ઉપાધિ પકડી છે એને અશાંતિ થાય છે. 'આ મને લાગુ પડે છે' (એ ભાવમાં ઉપાધિ ભોગવે છે). અત્યારે પંદર-વીસ ભાઈમાંથી એક માણસ એક શબ્દ બોલે. એમાંથી બધામાંથી એક જણ એમ પકડે કે, 'આ મને કહે છે' તો એને તરત દુઃખ - આકુળતા શરૂ થાય કે 'આ મને કહ્યું, મને સંભળાવ્યું' શબ્દ તો શબ્દ છે, ભાવ જે જીવે ભાવ કર્યો એનામાં છે, શબ્દ શબ્દમાં છે પણ જેણે એમ ઉપાધિ ગ્રહણ કરી કે 'આ મને લાગુ પડ્યું' એને દુઃખ (થાય છે). બરાબર છે ? એ શબ્દનો, એ ભાવનો સંયોગ તો બધાને થયો. બધાને સરખો સંયોગ થયો કે ન થયો ? જેણે એની ઉપાધિ લીધી એને દુઃખ થાય છે. ઉપાધિ લેવા માટે તે શબ્દ અને તે ભાવ કોઈ પરાણે તો એને ઉપાધિ કરાવતા નથી કે ઉપાધિ કરવા માટે કોઈ એની ડોક પકડતા નથી કે, ઉપાધિ કર ને કર. જીવ સ્વયં પોતાની યોગ્યતાથી ઉપાધિ કરે અને દુઃખી થાય. સ્વયં કરે અને સ્વયં દુઃખી થાય.

મુમુક્ષુ :- સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી હોય એને કેટલા બધા સંયોગો હોય !

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ઉપાધિ નથી કરતાં.

મુમુક્ષુ :- પોતે અંદર જોડાતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એને એ મારું લાગતું જ નથી પછી ક્યાં સવાલ છે ? છ ખંડનો પથારો, એટલું રાજપાટ, એટલું પરિવાર-કુટુંબ મોટું જબરદસ્ત ! લાખોનું કુટુંબ છે એનું. છન્નુ હજાર રાણીઓ હોય તો એના પ્રમાણમાં એના સંતાનનો પરિવાર હોય ને ? લાખોનું કુટુંબ છે. હજારોનું નહી, લાખોનું કુટુંબ છે. કેમકે એક રાણી જ એક લાખમાં ચાર હજાર ઓછી છે. તો એના સાળા એટલા, એના સગા એટલા, એના સસરાઓ એટલા, બધા એટલા. યાદ રહેવું મુશ્કેલ પડે. ખરી વાત છે, યાદ રહેવું મુશ્કેલ પડે. પણ એ એની ઉપાધિ કરતા નથી. સમ્યક્દૃષ્ટિ હોય તો ઉપાધિ કરતા નથી અને મિથ્યાદૃષ્ટિ હોય તો એટલી ઉપાધિમાં પડે છે કે સાતમી નારકે જાય. ઉદય તો એક જ પ્રકારનો છે.

બાર ચક્રવર્તી આ કાળમાં થાય. ચોસઠ શલાકામાં એક આરામાં બાર (ચક્રવર્તી) થાય. એમાં દસ સમ્યક્દૃષ્ટિ થયા. પહેલા 'ભરત' ચક્રવર્તી સમ્યક્દૃષ્ટિ થયા, 'ઋષભદેવ' ભગવાનના પુત્ર તરીકે ! ચરમશરીરી ! (અત્યારે) સિદ્ધાલયમાં બિરાજમાન છે. 'બ્રહ્મદત્ત' (અને) 'સુભૌમ' – બે ચક્રવર્તી મિથ્યાદૃષ્ટિ થયા અને દસ સમ્યક્દૃષ્ટિ થયા. બે સાતમી નરકે બિરાજે છે. આમ છે. સરખું પુણ્ય છે – ચક્રવર્તીનું પુણ્ય સરખું છે. નિમિત્ત સરખા ! એવા નિમિત્તની વચ્ચેથી પણ એમણે એવી સાધના કરી કે એ ભવે મોક્ષ જવાનું એમની પાસે પુરુષાર્થનું બીજ હતું, મૂળિયું હાથમાં હતું. એ જ સંયોગમાં (એને) અનુસરીને સ્વતંત્ર યોગ્યતાથી સાતમી નરકે ગયા. આ સ્વતંત્ર યોગ્યતાથી સિદ્ધાલયમાં ગયા. એક નીચે અને એક ઉપર. ઊલટી-સૂલટી ગતિ થઈ ગઈ.

એટલે એ વાત અનુભવથી એણે બરાબર સમજી લેવી જોઈએ કે કોઈપણ સંયોગોમાં મારી શાંતિ પ્રગટ કરવા માટે હું તદ્દન સ્વતંત્ર છું અને એનો આધાર મારા શ્રદ્ધા-જ્ઞાન ઉપર છે. મારી શાંતિ પ્રગટ કરવાનો આધાર મારા શ્રદ્ધા-જ્ઞાન ઉપર છે. વસ્તુસ્વરૂપની શ્રદ્ધા અને એનું જ્ઞાન – જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું સવળું શ્રદ્ધાન-જ્ઞાન હોય તો મારું પરિણમન છે તેમાં શાંતિ પ્રગટ થાય નહીંતર જે અનાદિની સ્થિતિ છે એમાં તો પરંપરાએ અધોગતિ સિવાય અને દુઃખના સમુદ્રમાં ડૂબવા સિવાય બીજો કોઈ એનો છેડો કે એનું પરિણામ નથી. એ એનું Result છે. ૧૧૬ (પૂરો) થયો.

**નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી. ૧૧૭.**

૧૧૭. **'નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે.'** લ્યો, ઠીક ! કોઈનો આધાર લઈને, અવલંબન લઈને ચાલવું તે વસ્તુનો સ્વભાવ નથી. હું પણ એક વસ્તુ છું અને કોઈના આલંબનથી ચાલવું – કોઈના આધારથી ચાલવું એ મારો સ્વભાવ નથી. આને લઈને સુખ અને આને લઈને દુઃખ એ વાત ભૂલી જવા જેવી છે. કોઈને લઈને મારું સુખ-દુઃખ નથી. સુખી થાઉં તોપણ સ્વતંત્રપણે અને દુઃખી થાઉં તોપણ સ્વતંત્રપણે. સીધી વાત છે.

**'નિરાલંબન ચાલવું...'** ચાલવું એટલે પરિણમવું એમ લેવું. કોઈના આલંબન વિના પરિણમવું, સ્વતઃ પરિણમનશીલ સ્વભાવને લઈને પરિણમવું એ વસ્તુનો સ્વભાવ છે, વસ્તુનું સ્વરૂપ છે. **'તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા.'** આને લઈને જીવું છું, શરીરને લઈને જીવું છું, આયુષ્યને લઈને જીવું છું, શ્વાસોશ્વાસને લઈને જીવું છું, આ નાડીના ધબકારા બરાબર ચાલે છે માટે જીવું છું એ વાત ખોટી છે. અનાદિઅનંત શાશ્વત સત્તાનો ધારક એવો મહાચૈતન્ય સત્તાધારી હું, એ મારી સત્તાને કોઈ આંચ આવે એવી પરિસ્થિતિ નથી. એટલે એમ કહે છે કે કોઈનું અવલંબન લીધા વિના. **'કોઈના આશ્રય વિના...'** એટલે સર્વ પ્રકારના સંયોગની આધારબુદ્ધિ છોડીને, એમ લેવું છે. તારા ચૈતન્યના અવલંબને ચૈતન્યમાં ચાલ્યો જા, ચૈતન્યમાં પરિણમી જા, ચૈતન્યમાં લીન થઈ જા. તને નિરાકુળ શાંતિનો આત્મિક શાંતિનો, અલૌકિક શાંતિનો અનુભવ થશે.

આ તો જીવને આધારબુદ્ધિ પડી છે અને એ જીવને દુઃખદાયક છે. બીજા પદાર્થની આધારબુદ્ધિ પડી છે એ જીવને દુઃખદાયક છે. કોઈના વિના અત્યારે જ આ આત્મા પોતે હું પરિપૂર્ણ છું આ નિશ્ચય અને આ નિર્ણયથી એણે આગળ વધવું જોઈએ. નિજ ચૈતન્યની દિશામાં, અંતર્મુખની દિશામાં આગળ વધવું જોઈએ.

'સોગાનીજી'ના પત્રમાં આ બોલ આવે છે 'બિના કિસી કે અભી હી પૂર્ણ હૂં.' કોઈના વિના અત્યારે જ આ સમયે હું પરિપૂર્ણ છું. પરિપૂર્ણ છું એટલે કોઈની અપેક્ષા નથી. જેને પૂર્ણતાના અવલંબને – પૂર્ણતાના આધારે આખા જગતમાં કોઈની અપેક્ષા ન રહી એ સર્વ સુખી છે. એટલે તો 'કલકત્તા'માં આર્થિક પરિસ્થિતિ તદ્દન સાંકડી હોવા છતાં; એમના જીવન પરિચયમાં એ વાત આવી છે કે

'કલકત્તા'ની સિત્તેર લાખની વસ્તીમાં 'આબાદી' શબ્દ હિન્દીમાં બોલે છે, હું એક જ સુખી છું. ઠીક ! આખા 'કલકત્તા'માં આટલી મોટી વસ્તી છે એમાં સુખી હોય તો હું એક જ છું. કેમકે કોઈનો આશ્રય અને કોઈના અવલંબનની જરૂર નથી. એ સંયોગોમાં આત્માની શાંતિ, વારંવાર શુદ્ધ ચૈતન્યનો અનુભવ – પરમાત્મપદનો અનુભવ ધ્યાનમાં, અનુભવમાં લીધો છે અને અંદરના નિરાકુળ સુખ અને નિરાકુળ શાંતિનો અનુભવ કર્યો છે.

સંયોગો કાંઈ અશાંતિ લાવતા નથી. (સમ્યગ્દર્શન) પામ્યા 'સોનગઢ'માં, 'સોનગઢ'ની સમિતિમાં. પછી 'અજમેર' ગયા. 'અજમેર'માં છેલ્લે છેલ્લે થોડા ધૂનમાં જ (રહેતા હતા), છેલ્લા વર્ષોમાં ધૂનમાં જ હતા. આત્માનું (હિત) કરવું છે એની ધૂનમાં હતા એટલે ધંધામાં ધ્યાન ઓછું હતું. ધંધામાં ધ્યાન ઓછું હોય કે વધારે હોય એ તો જે થવાનું હોય એ થાય, પણ દુકાન બંધ કરી. એ પોતાનો સ્વતંત્ર વેપાર હતો. દુકાન બંધ કરીને કમાવા માટે 'કલકત્તા' જવું પડ્યું. પણ એનું દુઃખ નથી. દુકાન બંધ કરી એનું દુઃખ નથી અને આજીવિકાનો બાહ્ય વ્યવહાર ચલાવવા માટે વધારે પ્રવૃત્તિવાળા ક્ષેત્રમાં અનિચ્છાએ જવું પડે તોપણ એનું દુઃખ નથી. ઇચ્છા નથી કે વધારે ધમાલમાં જવું. શાંતિવાળાને તો શાંતિની ઇચ્છા થાય. તોપણ ત્યાં એ પોતાના પુરુષાર્થમાં બરાબર મગ્ન રહ્યાં છે અને પોતાની દશામાં વૃદ્ધિગતપણું કર્યું છે – શાંતિની દશા વધારી છે.

પ્રશ્ન :– અનુભવ થયા પછી કલકત્તા ગયા ?

સમાધાન :– હા, ત્યાં સુધી પહેલા પત્રો 'અજમેર'ના છે. પહેલા 'અજમેર'ના પત્રો છે. પછી બે-ત્રણ વર્ષ પછી ગયા છે. પહેલો પત્ર '૪૯મી સાલનો 'અજમેર'થી (લખેલો) છે. પછી બીજો પણ '૪૯ની સાલનો છે, '૫૦ની સાલમાં પણ 'અજમેર' છે. '૫૧માં બનતા સુધી 'કલકત્તા' આવ્યા હતા. છે '૫૨માં પત્ર પણ '૫૧-'૫૨માં 'કલકત્તા' આવ્યા છે. બે-ત્રણ વર્ષ પછી આવ્યા છે.

પ્રશ્ન :– દેહ કઈ સાલમાં છોડ્યો ?

સમાધાન :– '૬૪ની સાલમાં.

પ્રશ્ન :– છેલ્લે કાંઈક આર્થિક સ્થિતિ સારી હતી ?

સમાધાન :- હા, આર્થિક સ્થિતિ છેલ્લે ઘણી સારી ! પણ એ મસ્તીમાં જ રહ્યાં છે. પૂરું ધ્યાન કોઈ દિવસ (નહિ). એમનું આર્થિક સ્થિતિ ખરાબ થઈ ત્યારે પણ પૂરું ધ્યાન નહીં અને પછી પણ પૂરું ધ્યાન એમનું વ્યવસાય ઉપર નથી રહ્યું. એવી જ એ અંદરની મસ્તીમાં રહ્યાં છે. આર્થિક સ્થિતિ સુધરતી ચાલી તોપણ તે મન પડે ત્યારે જાય અને મન પડે તો ન જાય.

પ્રશ્ન :- કમાવા માટે જાય એ તો ઉદયાધીન છે.. સમ્યક્‌દૃષ્ટિ તો નિઃશંક હોય પણ ઉદયને હિસાબે જ ત્યાં પહોંચી ગયા ને ?

સમાધાન :- હા, ઉદયને હિસાબે. નથી અહીંયાં રહેવાનો આગ્રહ કે નથી ત્યાં જવાનો આગ્રહ. સહેજ વિકલ્પ આવે અને બાકીનું ક્ષેત્રાંતર થવા યોગ્ય હોય તે થાય, બસ ! એકેય બાજુ પકડ નથી ને એકેય બાજુ જોર નથી. એટલી વાત છે.

મુમુક્ષુ :- વધુ કમાવા અર્થે ન ગયા હોય પણ જ્યાં પૂરું જ ન થતું હોય ત્યાં શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- બહુ સાંકડી પરિસ્થિતિમાં ગયા છે.

પ્રશ્ન :- વિકલ્પ તો એ પણ ઉદયાધીન જ હોય ને ?

સમાધાન :- હા, ઉદયાધીન (છે). એમ છે ને કે વધારે પરિણામ ન બગડે એટલો વિવેક થાય છે. દીનતા, લાચારી (કરવી પડે), આજીવિકા માટે બીજા પાસે દીનતા કરવી પડે, લાચારી કરવી પડે એ જે નીચ કોટીના પરિણામ છે એવા પરિણામને ટાળવા અર્થે થોડીક પ્રવૃત્તિના પરિણામ થઈ જાય અને એ થઈ જાય એમાં જે આવવું હોય એ આવે અને ન આવવું હોય તે ન આવે. એ પૂર્વકર્મ અનુસાર છે. વર્તમાન વિકલ્પ અનુસાર નથી કે પ્રયત્ન અનુસાર નથી.

મુમુક્ષુ :- **દશા ગજબની હતી !**

પૂજ્ય ભાઈશ્રી :- **એકલે હાથે ! સત્સંગ મળ્યો નથી, ત્યાં કોઈનો સત્સંગ નથી. 'ગુરુદેવ'નો પણ સંગ રહ્યો નથી ઇચ્છે છે છતાં ! પણ એકલે હાથે જે કામ કર્યું છે, ઘણી મજબૂત દશા કરી ! (મને તો) પ્રત્યક્ષ પરિચય હતો (એટલે જોયું છે), બહુ જોરદાર !**

મુમુક્ષુ :- **બેઠા હોય તો પ્રતિમાવત દેખાવ હતો..**

પૂજ્ય ભાઈશ્રી :- **બહુ ઠરેલા હતા !** સાંકડી દશા એવી હતી (કે એમના મોટા પુત્ર) ભણતા હતા અને ધંધામાં મદદ કરતા હતા. રહેવા માટે રૂમ નહોતી તો સૅનેટોરીયમમાં કે ધર્મશાળામાં રહેતા હતા. પણ ધંધો સ્વતંત્ર કરતા હતા. નોકરી નહોતી કરી. (એમ કહેતા કે), એક આનો ટ્રામનો બચાવવા ચાર-પાંચ માઈલ હું ચાલી નાખતો. કૉલેજ જવું હોય, ચાર-પાંચ માઈલ ચાલવું હોય અને એક આનો ટ્રામનો બચાવવો હોય તો ચાલી નાખું – (એમના પુત્ર) કહેતા હતા. **છતાં એણે ('સોગાનીજી') આત્મિક પુરુષાર્થ કર્યો છે એ તો ગજબ કામ કર્યું છે ! નિરંતર પુરુષાર્થ ! રોજનો પુરુષાર્થ, નિરંતર પુરુષાર્થ ! એનું ફળ છે.**

મુમુક્ષુ :- પૂજ્ય 'બહેનશ્રી', પૂજ્ય 'ગુરુદેવશ્રી' પૂર્વભવના સાધક હતા.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વભવના સાધક ખરા પણ એમાંથી એવું નથી લેવા જેવું કે આપણે પૂર્વભવના સાધક નથી માટે આપણને એટલું નથી થતું અને ઈ તો પૂર્વભવના સાધક હતા એટલે કામ કરી ગયા, એટલું લાંબું-મોટું કામ કરી ગયા – એવું નથી. પૂર્વભવ તો નિમિત્ત માત્ર છે.

વર્તમાન પુરુષાર્થ તો કામ કરે જ છે. ક્યારેક ઈ સાથે એમ કેમ લેવામાં આવે છે ? કે એ વાતમાં ઉમેરો કરવા માટે લેવામાં આવે છે કે આ તો પૂર્વના સાધક હતા, વર્તમાનમાં પણ સાધ્યું. પૂર્વમાં પણ સાધ્યું હતું અને વર્તમાનમાં પણ સાધ્યું. એમ સરવાળો કરવા માટે લેવાનું કામ છે. એમ નહીં કે એ સાધક હતા અને આપણે તો પૂર્વના સાધક નથી.

મુમુક્ષુ :- એ સાધક હતા તોપણ એણે શોધ કરવા માટે કેટલી મહેનત કરી હતી !

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઘણી મહેનત કરી. તોપણ એટલો જ પુરુષાર્થ કરે છે. એમ નથી કે પૂર્વભવના સાધક હતા એટલે કાંઈક ઓછો પુરુષાર્થ કરે છે, એમ નથી. એટલો જ કરડો પુરુષાર્થ ઉપાડે છે અને એ પુરુષાર્થ અનુસાર, પુરુષાર્થના પ્રમાણમાં, એના અનુપાતમાં જ કાર્યસિદ્ધિ છે, ઓછું-વધારે કુદરત તોળતી નથી. કુદરત ઓછું-વધારે તોળતી નથી.

એમને ('સોગાનીજી'ને) પેટમાં છરો માર્યો છે. આયુષ્ય હતું તો એ વખતે કાંઈ ન થયું. તોપણ એટલી જ શાંતિ રાખી છે. શું થશે ને આ ને તે ને ફલાણું ને ઢીકણું ને કાંઈ ધમાલ નહીં.

મુમુક્ષુ :- ગુંડાએ છરી મારી ત્યારે પણ ડગ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- **હા ! પેટ ઉપર બાર-ચૌદ ઇંચમાં ટાંકા આવેલા હતા. જોયું છે. કાંઈ નહીં ને. હા... હો... અશાંતિનું કાંઈ જાણે કારણ જ નથી ને !**

કોઈપણ સંયોગોમાં નિરાલંબન પરિણમવું એ પરિણામની ચાલ થઈ ગઈ છે. પરિણામની ચાલ પોતાના આધારે (થઈ ગઈ છે). અંતરમાં સાવધાન થઈને પોતાની ચૈતન્યગાંઠને પકડીને બેસી જાય છે. બહારમાં સંયોગોમાં ઉપદ્રવ જોવે કે જેમ કોઈ શાંતિચાહક માણસ રસ્તામાં તોફાન જોવે ને તરીને ચાલ્યો જાય. પેલાપણે ધમાલ થાય છે તો આપણે આની કોર ચાલો, ત્યાં આપણે કામ નથી, આપણું ત્યાં કામ નથી. મારામારી થાય છે, ધમાલ થાય છે, અશાંતિ થાય છે આપણે તરીને ચાલો. એમ અહીંયાં શરીરમાં રોગમાં, બહારમાં સંયોગમાં ઉપદ્રવ ચાલ્યો કે અંદર તરી જાઓ ! શાંતિની ગાંઠ છે બેસી જાઓ પકડીને ! જ્યાં ધમાલ થતી હોય ત્યાં થવા દ્યો, આપણે કાંઈ લેવા કે દેવા.

મુમુક્ષુ :- એમને હાર્ટનું દર્દ હતું.

પૂજ્ય ભાઈશ્રી :- એ કોઈ દિવસ બોલ્યા નથી કે બહાર કુટુંબમાં કોઈને ખ્યાલ નથી. પણ ઈ તો દર્દ દર્દમાં અને આત્મા આત્મામાં ! જે દિવસે બપોરે ચાર વાગે દેહ છોડ્યો છે તે દિવસે પણ ઈ પોતાના સ્વાધ્યાયમાં અને ચિંતવનમાં જ રહ્યાં છે. ડૉક્ટરને બોલાવો ને ફલાણું કરો ને કાંઈ નહીં. પોતાના ઊંડા ચિંતવનમાં શાંતિથી સમય પસાર કર્યો છે. કેમકે એ પહેલેથી સૈદ્ધાંતિક જે પકડ છે – **'નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે.'** કોઈ બાહ્ય અવલંબનથી શાંતિ તો થતી નથી ઊલટાની અશાંતિ ઊભી થાય છે એવો પ્રત્યક્ષ અનુભવ સાધકને થાય છે. એટલે પોતે પોતાને ઉપદેશ દે છે કે, તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. પોતે પોતાને ઉપદેશ દે છે કે, તું હવે બહારમાં કોઈનો આશ્રય કર્યા વિના અંદર તારામાં સમાઈ જા, તારામાં પરિણમ, તારામાં લીન રહે.

આમ પણ **'આત્મા સદા એકલો જ છે,...'** ખરેખર એને કોઈનો સાથ (નથી). અનાદિઅનંત કોઈનો (સાથ રહેતો નથી). કોઈ રજકણનો કે બીજા જીવનો સાથ કદી પણ રહેતો નથી. **'આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે.'** ભૂ એટલે હોવું. સ્વયં જ હોવાપણે રહે છે. ક્યારેય નવો થયો નથી. ભૂ એટલે થવું અને હોવું એના બન્ને અર્થ થાય છે. ભૂ - ભવ - To be. હોવું, થવું. **'આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે.'** આ લોકો નામ પાડે છે ને ? 'શંકર'નું નામ સ્વયંભૂ પાડ્યું. સ્વયંભૂ !

મુમુક્ષુ :- આપણે એક હજાર આઠ નામ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક હજાર આઠમાં આ નામ આવે છે, સ્વયંભૂ નામ આવે છે.

મુમુક્ષુ :- અપભ્રંશ થઈને શંભુલાલ થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- પછી 'શંભુ' કહે છે. સ્વયંભૂમાંથી શંકરને જે શંભુ કહે છે એ અપભ્રંશ થઈને થયું છે. છે સ્વયંભૂ.

પોતાની અનંત શક્તિથી સદાય પોતાની સત્તા અને હયાતીને ટકાવનાર પોતે છે. એમાં કોઈની મદદની, કોઈના સાથની, કોઈની જરૂર એને નથી. બીજા પરમાત્માની પણ એમાં જરૂર એને નથી. પોતે જ પરમાત્મા છે પણ ખરેખર તો. બીજા પરમાત્મા એમ કહે છે કે તું પણ અમારા જેવો પરમાત્મા છો. અમે તારા ભગવાન અને તું અમારો ભક્ત એમ ખરેખર નથી. ખરેખર તો તું પણ પરમાત્મા અને હું પણ પરમાત્મા.

હે શિષ્ય ! એ તો તને વ્યવહારે શિષ્ય કહું છું. ખરેખર તો હું મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું કે હું સ્વયં સિદ્ધ સ્વરૂપ છું (અને) તારા આત્મામાં પણ સિદ્ધપદને જોઈને વાત કરું છું. સિદ્ધપદને સ્થાપીને વાત કરું છું. બીજી રીતે વાત પાયામાં આ વાત રાખીને વાત છે. પછી જેટલી ઉપદેશની વાત છે એટલી (ભલે હોય) પણ સિદ્ધપણું સ્થાપીને, રાખીને (વાત છે), એને ખસેડીને નહીં.

મુમુક્ષુ :- 'હું કરોડપતિ' ઈ સ્થાપના કરેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો પાછો આકુળતાને જ ભોગવે. એમાં નિરાકુળતાને

ભોગવી ન શકે. એમાં ઉપાધિ સિવાય બીજું કાંઈ એને ભોગવટામાં આવે નહીં. જેટલો પરદ્રવ્યમાં રસ લ્યે એટલી આકુળતા ઉત્પન્ન થયા વિના રહે નહીં. જેટલું રસનું પ્રમાણ વિશેષ એટલી ઉપાધિ અને દુઃખ વિશેષ. રુચિએ કરીને પરદ્રવ્યને સેવે અને એને સંસારદુઃખ ન થાય એવું કોઈ દી' બને નહીં. એ દુઃખી થાય, થાય ને થાય જ.

જ્ઞાનીઓની નજર જુદી છે. જગતના જીવો જે સંયોગોના અવલંબન અને આધારે પોતાને સુખી અને અભિમાની થઈને એમ માને છે કે 'અમે આવા, ફલાણાંવાળા, ફલાણાંવાળા, અમે આટલાવાળા...' જ્ઞાની એને બીજી નજરે (જોવે છે કે), બિચારા અમસ્તા અમસ્તા ઝેર ખાય છે. ક્ષણે ક્ષણે ઝેર પીએ છે અને આના ફળમાં બહુ દુઃખી થશે. એને ખબર નથી એટલે આવું બધું અજાણપણે ઝેર પીધા કરે છે અને પોતાનું નુકસાન કરે છે. પોતાની આત્મશાંતિથી દૂર જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' કહેતા એનો ભગવાન ભૂલ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ભગવાન ભૂલ્યો ! ભગવાન ભૂલ્યાની ખડકી, ભગવાન ભૂલ્યો. આ તો રસ્તો જ જુદો છે. જગતના પ્રકારોથી આખો માર્ગ જુદો છે. જેને એ જુદાં માર્ગે ચાલીને પોતાને - સ્વયંને સુખી થઈ જવું હોય તો આ રસ્તે એને કોઈ પ્રતિબંધ નથી. કોઈના માટે આ રસ્તાનો પ્રતિબંધ નથી, બધાને માટે ખુલ્લો રસ્તો છે.

**'આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે.'** ચૈતન્યની ગતિ તો નિરાલંબન છે પણ એનું મન પણ ક્યાંય કોઈનું આલંબન લઈને ઠરતું નથી. આ ચક્રવર્તીનું રાજ છે અને આ ચક્રવર્તી રાજા મારો ભક્ત છે (એમ) કોઈના આલંબનમાં મુનિ રહેતા નથી. એવા મસ્ત છે ! કોઈની એને ઠીકપણાની પરિસ્થિતિ (નથી). એને ઈ વિકલ્પ જ નથી. આ ઠીક છે એ વિકલ્પ નથી. માન્યતા તો ચોથા ગુણસ્થાને છૂટી છે પણ ચારિત્રમાં એટલા ઊંડા ગયા છે કે એ ઠીક છે એ વિકલ્પ નથી. એટલે એમના મનની ગતિ પણ નિરાલંબન છે. મન પણ કોઈ પરપદાર્થને વિશે આલંબન લઈને ઠરે

એવું બનતું નથી.

(આ ગ્રંથમાં) મુનિઓની તો ગજબની વાત કરી છે ! જેટલી મુનિઓની વાત કરી છે એ તો સાક્ષાત્ મુનિના પરિણમનને જ જોવે છે. એમના દેહના ખોખાને જોતા નથી. જોવે છે કે આમાં તો એનો ઉપયોગ જ નથી. પાંચ ઈંદ્રિયમાં એનો ઉપયોગ નથી, દેહમાં ઉપયોગ નથી. ચૈતન્યગોળો છૂટો પડી ગયો છે, બસ ! અંદરમાં ને અંદરમાં પોતાના ચૈતન્યના તેજમાં પ્રકાશી રહ્યો છે. ઘડીકમાં સિદ્ધાલયમાં જાશે, સિદ્ધપદને સાધશે.

એવા **'મુનિઓના મનની ગતિ નિરાલંબન છે.'** બહુ અલ્પ વિકલ્પ છે, થોડો પણ વિકલ્પ છે (એ) બહુ અલ્પ વિકલ્પ છે. **'સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી.'** અહીંયાં મુનિદશાના પુરુષાર્થની વાત કરી છે. અહીંયાં મુનિદશાના પણ પુરુષાર્થની વાત મુખ્યપણે કરી છે કે સમ્યક્દર્શન, જ્ઞાન તો છે એ તો ચોથાગુણસ્થાનથી ચાલું હતું પણ અહીંયાં ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ. આચરણની અંદર કોઈનું આલંબન નહીં. ચોથા, પાંચમા ગુણસ્થાને અસ્થિરતાને વશ થોડું અસ્થિરતાનું આલંબન આવતું હતું એ છૂટી ગયું.

સર્વસંગ પરિત્યાગ કરીને કેવળ અસંગદશાથી જંગલમાં વસે છે અને કોઈ સંયોગની જાણે એને જરૂર નથી, કોઈ સગવડતાની જરૂર નથી, કોઈ વ્યવસ્થાની જરૂર નથી, બસ ! એનો જીવતોજાગતો પુરાવો એ મુનિદશા છે ! એવી સહજદશા પ્રગટ થઈ ગઈ. ચાલ પ્રગટ થઈ ગઈ એટલે એવી સહજદશા પ્રગટ થઈ ગઈ. **'તેને કોઈ રોકવાવાળું નથી.'** કોઈ પ્રતિકૂળતા ઊભી થાય અને એ દશાને રોકે, કોઈ પરિસ્થિતિ ઊભી થાય અને એ પુરુષાર્થને રોકે એવું બનતું નથી.

કુદરતના એવા સંયોગો (ઊભા થાય કે) કારમી ઠંડી પડે, ચામડી ફાટી જાય એવી ગરમી પડે, તડકા પડે કે સાંબેલાની ધારે વરસાદ પડે. મૂંઝાઈ જાય, માણસ ઘરમાં રહીને મૂંઝાઈ જાય. આ જંગલમાં રહીને પણ (મૂંઝાતા નથી). એને નિરાલંબન ચાલ પ્રગટ થઈ છે, એના પુરુષાર્થને કોઈ રોકવાવાળું નથી. ઊલટાનો પુરુષાર્થ વધે છે. પુરુષાર્થ ઘટતો નથી પણ ત્યાં તો પુરુષાર્થ વધે છે.

એવી નિરાલંબન ચાલ પ્રગટ થઈ ગઈ છે તેને કોણ રોકી શકે ?

અંદરમાંથી પુરુષાર્થનો સમુદ્ર ઊછળ્યો ! એ સમુદ્રને – મધ્યબિંદુમાંથી દરિયો ઊછળે એને કોણ રોકી શકે ? 'ગુરુદેવશ્રી' દૃષ્ટાંત દેતા ને ? કે, ૧૧૮ ડિગ્રીનો તડકો હોય. અહીં તો ૧૧૦ – ૧૧ ને ૧૨ થાય એટલે કેટલીક જગ્યાએ તો માણસો ટપોટપ મરવા મંડે છે, પ્રાણીઓ ઘણા મરી જાય છે, પક્ષીઓ મરી જાય, પ્રાણીઓ મરી જાય, કોઈ મનુષ્યો મરી જાય, (એવો) ૧૧૮ ડિગ્રીનો તડકો હોય તો સમુદ્રમાં ભરતી આવે અને એ પાણીના ઉછાળાને કોઈ તડકો-ફડકો રોકી શકે નહીં. એવો મુનિદશાનો પુરુષાર્થ હોય છે કે એને કોઈ રોકી શકતું નથી. કોઈના આલંબને ક્યાં પુરુષાર્થ પ્રગટ થયો છે કે આટલી સગવડ હોય તો પછી મને વિકલ્પ ન થાય અને તો પછી હું પુરુષાર્થ કરું. એટલી મૂડી હોય એ મૂડીમાંથી એટલું વ્યાજ આવતું હોય કે ચાર રોટલી બરાબર ટાઇમસર પાછી મળે, વાંધો આવે નહીં અને પછી મને પુરુષાર્થમાં કાંઈ (વાંધો આવે નહિ એવું માનનારને કહે છે કે,) પહેલેથી જ તું એ ચાર રોટલીના અવલંબને માંદો પડ્યો છો, અશક્તિ (આવી છે). માંદો પડે ત્યારે અશક્તિ આવે ને ? પહેલેથી જ માંદો પડ્યો છો અને પહેલેથી જ અશક્ત થવાની વાત છે. એમાં ક્યાંય શક્તિને સંભાળવાની વાત રહેતી નથી.

મુમુક્ષુ :– પરનું નિરાલંબન અને સ્વનું આલંબન.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વનું સારી રીતે આલંબન હોય છે. કેમકે સ્વમાં તો અનંત શક્તિનો સ્ત્રોત પડ્યો છે. એટલે એનું આલંબન છે.

મુમુક્ષુ :– પોતે છે એટલે આલંબન નથી લેતા. નિરાલંબન રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાનું ને પોતાનું આલંબન એ તો ભેદ પાડવાની વાત થઈ ગઈ ને ? એમ. પોતાને ને પોતાને શું આલંબન કહેવું ? એમ. અભેદ આલંબનમાં પોતાનું આલંબન લીધું એ તો એક ભેદ પાડીને વાત કરવાની છે. એટલે નિરાલંબ કીધું. કોઈનું આલંબન લઈને નહીં, અન્ય કોઈનું આલંબન લઈને નહીં તે નિરાલંબન. એમ.

મુમુક્ષુ :– રત્નત્રય કીધા. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન,

સમ્યક્ચારિત્ર ત્રણ રત્ન કીધાં.

પૂજ્ય ભાઈશ્રી :–હા. એમાં તો અનંતગુણ ખીલ્યા છે ને ? ત્રણની તો મુખ્યતા છે. ત્રણ મુખ્ય ગુણ છે એટલે ત્રણની મુખ્યતાથી વાત કરી છે. અનંતગુણ ખીલ્યાં છે. એટલે કરંડિયો કીધો. કરંડિયામાં ઘણું પડ્યું છે.

મુમુક્ષુ :– રત્નો કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :– રત્નો કિંમતી વસ્તુ છે. જેમ જગતમાં રત્નો કિંમતી છે એ તો આ આત્માના ગુણરત્નો પાસે પથરા છે ! એ કાંઈ ખરેખર રત્નો નથી પણ પથરા છે. આ અંગ્રેજીમાં તો એને એ જ કહે છે ને કે Coloured stone અને White stone. બીજું શું ? એને Stone જ કહે છે. Stone એટલે પત્થર. આ ઝવેરી બજારમાં શું કહે છે ? કે, આ રંગીન પત્થર હોય – નિલમ હોય, માણેક હોય તો કહે Coloured stone છે અને હીરો હોય તો એને White stone કહેવામાં આવે પણ Stone એટલે પત્થર બીજું શું ? પછી એમાં વધાર કરીને બોલવું હોય તો કહે, આ રતન છે એમ કહેવાય. હીરાને પણ રત્ન કહે છે. હીરા માણેક બધા રત્ન કહેવાય છે. આખરમાં એ પથરા છે. એમાં ક્યાંય આત્માનું સુખ છે ? એમાં ક્યાંય આત્માનું સુખ નથી. જડ રજકણની રચના છે એ પણ વિખાઈ જાય છે, એમાં પણ ફેરફાર થઈ જાય છે.

આત્માને ચૈતન રત્નનો ડુંગર કીધો છે. ચૈતન રત્નોનો ડુંગર ! એકલો રત્નોનો જ ડુંગર છે ! એના બધાય ગુણો રત્નો જ છે. અનંત રત્નોનો ડુંગર છે. એકલા રત્નો જ જડેલા છે બીજું કાંઈ એમાં નથી. પ્રદેશે પ્રદેશે અનંત રત્નો ! અદ્દ્ભુતથી અદ્દ્ભુત ! જેમ કોઈ મોટા સ્ટોરમાં જાય ત્યારે શું કહે ? એકને જોવે ને બીજું ભૂલે. એમાં તો માથું ખરાબ થાય બીજું કાંઈ થાય નહીં. અહીંયાં શાંતિ થાય.

પ્રશ્ન :– આલંબન લેવું એટલે શું ?

સમાધાન :– આલંબન એટલે આધાર લેવો તે. નિરાલંબન એટલે કોઈનું આલંબન ન લેવું કે આધાર કોઈનો ન લેવો તે, એમ. એને આલંબન કહે છે. આ રોટલાથી હું જીવું છે, આ પૈસાથી જીવું છું, આયુષ્ય છે એટલે જીવું છું, આયુષ્યની દોરી મારી કપાઈ ન જાય તો સારું એમ વિચારે છે કે નહીં ? ભાઈ !

આયુષ્યની દોરી અને તારે કાંઈ લેવાદેવા નથી. અનાદિઅનંત આયુનો ધારક તું છો અને એ અનાદિઅનંત આયુ છે એની દોરી કદી કપાતી નથી. એ દોરી કપાતી જ નથી. એ પૂરી થતી જ નથી એને એકેય બાજુ છેડો જ નથી. એને ભૂલીને એમ થાય કે આ મનુષ્યનું મને આટલું આયુષ્ય વધારે હોય તો સારું, આ ટકે તો સારું, આ છૂટે નહીં તો સારું. પણ હવે તું ગમે ઈ વિકલ્પ કર. Fix છે ઈ તો ! અને ઈ ઓછું હોય કે વધારે હોય ખરેખર ઈ તું નથી અને તારે એની સાથે લેવાદેવા નથી એટલી વાત નક્કી છે. પણ એના આલંબને દુઃખી થાય છે.

મુનિને તો નિરાલંબન ચાલ પ્રગટ થઈ ગઈ છે. જ્ઞાનીને પણ એવું છે. આયુષ્ય ગમે ત્યારે પૂરું થાય એનો હરખ-શોક જ્ઞાનીને હોતો નથી. 'જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા' સમભાવનો વિષય લીધો છે ને ? જેને જીવન-મરણ સમાન છે. કેમ સમાન છે ? કે એ જીવન પણ એનું નથી અને એ મરણ પણ એનું નથી. કો'કનું જીવન અને કો'કનું મરણ એને શું લેવાદેવા ? એવું છે. પરમાણુનું આવાગમન તો હંમેશાં થયા જ કરે છે. કર્મના પરમાણુનું અને નોકર્મના પરમાણુનું (આવાગમન) ચાલુ જ છે. એને ખબર પણ નથી કે રોજ સમયે સમયે કેટલું આવાગમન છે એની એને ખબર નથી. પણ કલ્પના કરીને દુઃખી થાય છે. જ્યાં એને ખબર પડે છે કે આ શરીરનું વજન ઘટ્યું, હું દૂબળો થઈ ગયો. 'હું દૂબળો થઈ ગયો' એમ એને લાગે છે (તો) દુ;ખી થાય છે. આ તો સમયે સમયે કર્મ, નોકર્મના પરમાણુનું આવાગમન ચાલુ છે અને એ ચાલુ જે આવાગમન છે એમાં કાંઈ રોકવું કે ફેરફાર કરવો, એને રોકી શકવું કે ફેરફાર કરવો (એ) જીવના અધિકારનો વિષય નથી.

પ્રશ્ન :– પૂજ્ય 'સોગાનીજી' ને પૂજ્ય 'બહેનશ્રી'એ કાર્ય કર્યું અમારે મુમુક્ષુપણું કેમ વમાઈ જાય છે ?

સમાધાન :– તીવ્ર મમત્વ ! સંયોગની અંદર તીવ્ર મમત્વ કરે અને એ મમત્વ (સાથે જે) રાગ ચાલે એ રાગમાં ઘણી ચીકાશ હોય, તીવ્ર એકત્વ થાય તો પરિણમન બગડી જાય છે, હીણું પરિણમન થઈ જાય છે, નીચી કોટીનું પરિણમન

થઈ જાય છે.

પ્રશ્ન :- આ માર્ગને વળગી રહેવા માટે શું કરવું ?

સમાધાન :- માર્ગને વળગી રહેવા માટે પોતાનું હિત કરવાનો પુરુષાર્થ તો એને હોવો જોઈએ. પોતાની હિતબુદ્ધિ તીવ્ર અને ઉગ્ર હોય એટલો પુરુષાર્થ એનો ચાલે, મુનિઓનો દાખલો શું કરવા આપે છે ? અત્યારે તો મુનિઓ જોવા પણ મળતા નથી. કાઢી નાખવાની વાત નથી. જો આવી મુનિદશાની સ્થિતિ હોય છે તો મારે પણ આ કરવા જેવું છે એમ કરીને પોતાના પુરુષાર્થને ઉપાડવાની વાત છે એની અંદર. આ કાળમાં પણ મુનિ થયા કે ન થયા ? 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'સમંતભદ્રાચાર્ય' પંચમકાળના જ મુનિઓ છે. હજી પણ કોઈપણ જીવ પુરુષાર્થ કરે તો એ દશાને પ્રાપ્ત કરી શકે એવું છે. જો આવી દશા થઈ શકે છે તો પોતાના પરિણમનને મીંઢવે - મેળવે અને પુરુષાર્થ જાગૃત થાય એ રીતે એને અંગીકાર કરે, એ રીતે એને લક્ષમાં લ્યે.

પ્રશ્ન :- અત્યારે કાળ એટલો બધો હલકો છે કે મુનિપણું કઈ રીતે જાળવી શકે ?

સમાધાન :- ઈ ક્યાં પણ કોઈના આલંબને રોકાય છે ? કોઈના કારણે મુનિપણું ઉત્પન્ન થતું નથી અને પરિસ્થિતિને કારણે એ પુરુષાર્થ રોકાતો નથી. એ તો અહીંયાં વાત લીધી કે એવી ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ ગઈ છે કે કોઈ એને રોકવાવાળું નથી, એમ છે. એને કોઈ રોકી શકે નહીં. બહુ બહુ તો આહાર પાણી ન મળે ઈ જ ને ? સવાલ તો ઈ જ છે ને ? ભલે આહાર-પાણી ન મળે એને ક્યાં પડી છે ? એને પુરુષાર્થની જે નિરાલંબન ચાલ છે (એમાં કોઈની જરૂર નથી). બહુ બહુ તો દેહ પડી જાય ઈ જ ને ? પણ દેહ પડી જાય એટલે એથી દશા કાંઈ થોડી પડી જાય છે ? આહાર-પાણી ન મળે તો દેહ પડી જાય અને દેહ પડી જાય તો દેહ પડી જાય છે, આત્મા પડી જતો નથી. આમ છે.

મુમુક્ષુ :- લખ્યું છે કે કેવળજ્ઞાનને યોગ્ય આ કાળમાં પુરુષાર્થ થઈ શકતો નથી પણ ભાવલિંગી મુનિને યોગ્ય પુરુષાર્થ આ કાળમાં થઈ શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, થઈ શકે છે. ભાવલિંગી મુનિને યોગ્ય થાય છે પણ પૂર્ણતાનો પુરુષાર્થ નથી થતો. અત્યારે જે જન્મે છે એ એટલી યોગ્યતા લઈને - એવી મર્યાદિત યોગ્યતા લઈને કોઈપણ જીવ અહીંયાં આવે છે. બાકી તો ત્રણ તો કેવળી થઈ ગયા તો ઈ આ જ કાળમાં થયા, પંચમકાળમાં જ થયાં.

મુમુક્ષુ :- પંચમકાળની શરૂઆત હતી.

પૂજ્ય ભાઈશ્રી :- શરૂઆત હતી પણ હતો તો પંચમકાળને ? ઈ તો કાળ નીચો આવ્યો છે એનો અર્થ શું છે કે પરિણામો જીવના એટલા નીચા (થયા છે). નીચા પરિણામવાળા જીવો વિદ્યમાનતા ધરાવે છે એટલી વાત છે. જેને કરવું છે એને કાળ નીચો નથી. અનંતા ચોથાકાળમાં પોતે હતો. અત્યારે બહાનું કાઢે છે કે, પંચમકાળ છે. અનંતા ચોથા કાળમાં પોતે હતો કે નહોતો ?

પ્રશ્ન :- તે દી' ન પામ્યો અને અહીંયાં પામી જાય તો ?

સમાધાન :- તો ઈ ચોથા કાળથી વધી ગયો, એને આ પાંચમો કાળ સારો થઈ ગયો. ચોથા કાળ કરતા એને આ પાંચમો કાળ ઊંચો થઈ ગયો. અહીં ઘણા પામે છે. અનંતા ચોથા કાળથી સર્વશ્રેષ્ઠકાળ એના માટે સિદ્ધ થાય, સાબિત થાય જો પુરુષાર્થ કરીને પામે તો. પછી પંચમ કાળનો શું દોષ દેવો ? અને એ તો ગમે તેવા સંયોગોમાં કરી શકે છે. પોતાનું કાર્ય કરવા માટે એ તદ્દન સ્વતંત્ર છે. એમાં કોઈ બે મત નથી. છેલ્લા પાંચસોએક વર્ષમાં મુનિઓની ઉપસ્થિતિ નથી દેખાતી. છસ્સો-સાતસો વર્ષ પહેલા મુનિઓ વિચરતા હતા.

મુમુક્ષુ :- સાતસો-આઠસો વર્ષ પહેલા જ થયા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'પદ્મપ્રભમલધારીદેવ' છસ્સો-સાતસો-આઠસો વર્ષનો ગાળો છે. નવસો વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' (થયા).

જેને પુરુષાર્થ ઊપડે છે અને જેને ભાવના જાગે છે એ તો હું ક્યારે પામું એટલું જ જોવે છે. ક્યારે એ દશામાં આવું એટલું જ ભાવે છે, એ કાંઈ કાળ સામું જોતા નથી અને સાધક તો કાળ સામું જોતા જ નથી. એ તો એને આ દશાનો મહિમા આવે છે - મુનિઓના નિરાલંબન પરિણમનની મહિમા આવે છે અને પોતાને એમ થાય છે કે હું ક્યારે થાઉં આવો ? હું ક્યારે આવો થાઉં

? બસ ! એમ જ એને થયા કરે. એ કાળ સામું જોતા નથી કે, હું આવો થઈશ ને પછી આહાર-પાણીનું શું થાશે ? અત્યારે તો કોઈનું કાંઈ ઠેકાણું નથી ને, કાંઈ જોવે કે કારવે ! આ તો અંદરનું સુખ વધે છે. અંદરથી સુખની ભરતી આવે છે અને એ સુખમાં લીન રહેવાની વાત છે. આહાર-પાણી ન મળે એટલે દુઃખી થાય છે એ વાત છે નહીં.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ને આહાર-પાણી છોડી દીધા હતા તોપણ ફર્યા નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– એમની તો આખી તાકાત જ જુદી છે ! ત્રિકાળ સત્ છે, જેની શક્તિનું માપ નથી એનું આલંબન હાથ આવે એને કોણ ફેરવે ? જગતમાં એને કોઈ ફેરવવા સમર્થ નથી. એ તો ચૈતન્યવજની શક્તિ છે ! એવો વિકલ્પ પણ નથી કે અત્યારે મુનિ થઈ જઈએ તો કાંઈક આહાર-પાણીનું શું થાય ? ને એવું દુઃખ પડે તો ? પાછું આહાર-પાણીનું દુઃખ પડે (તો) ? ઈ પ્રશ્ન જ નથી એને, વિકલ્પ જ નથી. એ તો પોતાના સુખની વૃદ્ધિની ભાવનામાં જ પડ્યા છે અને પોતાનો પુરુષાર્થ, પૂરો પુરુષાર્થ પ્રગટ કરવાની પાછળ દોટ મૂકી છે, ક્યાંય આડુંઅવળું જોવા રહેતા નથી. એમ કહે છે ને કે મૂઠીઓ વાળીને દોટ મૂકી છે. પાછું વાળીને જુએ નહીં. એમ એ પાછું વાળીને સંજોગો ઉપર જોવા રહેતા નથી કે અત્યારના સંયોગો આવા છે, અત્યારની આ પરિસ્થિતિ છે. એ વાત બિલકુલ નથી. કોઈ એને રોકવાવાળું નથી, કોઈથી એ પુરુષાર્થ રોકાય, એમના પરિણમનની ચાલમાં સંયોગોને લઈને કાંઈ ફેર પડી જાય, પરિણમન ઓછું થઈ જાય એવું બિલકુલ છે નહીં.

એમ છે કે એમના આયુષ્ય અને પ્રાણ ટકવાના હોય તો એવા પાત્ર જીવો પણ પ્રગટે. એવા પાત્ર જીવો પણ પ્રગટે અને એવો બધો જોગ એને થયા કરે. બધું આપોઆપ થાય છે. 'ગુરુદેવે' જે દિવસે નક્કી કર્યું કે આ દુકાને નથી બેસવું, તે દી' એમ વિચાર કર્યો હશે કે પછી આપણું આહાર-પાણીનું શું થશે ? અરે...! આહાર-પાણી માટે લોકો વાંહે વાંહે (–પાછળ પાછળ) ફરશે ! શું થશે એની એને ચિંતા કરવાની જરૂર નથી. લોકો પાછળ પાછળ ફરશે કે અમને લાભ આપો, અમને લાભ આપો.

મુમુક્ષુ :-- ચાર ચાર મહિનાનું Advance booking થઈ જતું.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવનાઓ નોંધાઈ જતી કે નહીં ડાયરીમાં ? એટલે એ ચિંતા (હોતી નથી). જે પોતાની શક્તિ ઉપર ઊભા છે એને એ ચિંતા હોતી નથી કે થતી નથી, વિકલ્પ આવતો નથી. જેમ પુણ્યશાળીને ગરીબાઈનો, દારિદ્રતાનો વિકલ્પ આવતો નથી એમ લાચારીનો વિકલ્પ શક્તિવાનને આવતો નથી. સીધી વાત છે. એ બધી કુદરતની વ્યવસ્થા છે, બધું ગોઠવાવું (એ કુદરતની વ્યવસ્થા છે), એને કાંઈ કરવું પડતું નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ના આહાર માટે તો ત્યાં મનદુઃખ થઈ જતા હતા કે, આનો બીજી વાર વારો આવી ગયો અને અમારો વારો હજી ન આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સાચી વાત છે. એ પ્રકાર કુદરતી હોય છે.

(વિશેષ લઈશું...)

**અધ્યાત્મનો વિષય અંતર-અનુભવનો છે, સ્વરૂપ-આશ્રયે અધ્યાત્મની પ્રાપ્તિ છે. તેથી તેની સમજણ માત્ર પરલક્ષી બહિર્મુખ જ્ઞાનથી યથાર્થપણે થતી નથી. પરંતુ સ્વસન્મુખતા વિના માત્ર કલ્પના પ્રાયઃ થઈ આવે છે. અસલી સમજણ આવે નહિ- તેમ વિચારણામાં પ્રથમથી જ લક્ષમાં રહે – તો માત્ર વિચારને લંબાવીને આગળ વધવાની ચેષ્ટા ન થાય; અને તેવો ભૂલવાળો અભિપ્રાય પણ ન બંધાય. સ્વસન્મુખતા વિના અધ્યાત્મમાં પ્રવેશ નથી, – પ્રગતિ થવાનું તો પછીની વાત છે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૮૩૨)

જેવું કારણ આપે તેવું કાર્ય થાય. ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે. ૧૧૮.

તા. ૧૯-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૧૮
પ્રવચન નં. ૯૨

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૩૮. ૧૧૮મો બોલ. ધ્યાનનો વિષય લીધો (છે). **'જેવું કારણ આપે તેવું કાર્ય થાય.'** સામાન્યતઃ પરિણામોમાં પૂર્વ-ઉત્તર પરિણામનો કારણ-કાર્યનો ન્યાય લાગુ કરવામાં આવે છે. એ વ્યવહાર છે. નિશ્ચયથી પ્રત્યેક પરિણામ પોતે જ પોતાના કારણ–કાર્ય સ્વરૂપે છે. જ્યાં પૂર્વ પરિણામને કારણનો ઉપચાર કરવામાં આવે છે ત્યાં એવો હેતુ રહેલો છે કે પહેલાં આવા પરિણામનો ક્રમ છે પછી આવા પરિણામ પ્રગટે છે.

અહીંયાં મોક્ષમાર્ગમાં એ વાત લીધી છે કે, **'ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** મોક્ષપદ છે એ કાર્ય લીધું છે અને મોક્ષમાર્ગમાં જે પોતાના પરમાત્મપદનું એકાગ્રતારૂપ ધ્યાન છે એને કારણ લીધું છે. મોક્ષમાર્ગ કારણ છે અને મોક્ષ એનું કાર્ય છે. એમ કારણ–કાર્ય લીધા છે. ત્યાં એ વાત સ્પષ્ટ છે કે મોક્ષમાર્ગની આવી સ્વરૂપ એકાગ્રતારૂપ ધ્યાનની પૂર્વ

પ્રક્રિયા પહેલાં કોઈ જીવને પરિપૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષદશા પ્રગટ થાય એવો ક્રમ ક્યારેય મોક્ષના વિષયમાં બનતો નથી. એટલે પૂર્વ પર્યાય આવી જ હોય એવો નિયમ સૂચિત કરવા માટે, એવો ક્રમ સૂચિત કરવા માટે એને કારણ–કાર્યનો ઉપચાર કરીને કારણ-કાર્યમાં ગોઠવવામાં આવે છે કે આવું કારણ હોય તો આવું કાર્ય થાય, આવું કારણ ન હોય તો આવું કાર્ય ન થાય, એમ. પરિણામના વિષયમાં આવું Logic પૂર્વ પર્યાયના ક્રમને નિયમથી બતાવવા માટે – સૈદ્ધાંતિકરૂપે બતાવવા માટે વર્ણવવામાં આવે છે, કહેવામાં આવે છે.

એવી જ રીતે સમ્યક્દર્શન માટે છે કે સાચી મુમુક્ષુતા અને સાચી આત્માર્થતા અને સાચી – ખરી પાત્રતા પ્રગટ્યા વિના કોઈ જીવને એમ ને એમ અદ્ધરથી સમ્યક્દર્શન થઈ જાય એવું કદી બનતું નથી. એની પૂર્વ ભૂમિકામાં એની યોગ્યતા પહેલા આવે છે અને પછી ધર્મની દશા પ્રગટે છે. એમ જ મોક્ષમાર્ગને વિશે, ઘણા આસ્તિક્ય દર્શનો ઘણા મોક્ષને માનનારા દર્શનો છે, ષટ્દર્શન છે એમાં મોક્ષમાર્ગની આવી સ્થિતિ બતાવ્યા વિના બીજી રીતે પણ મોક્ષ થાય છે એવી રીતે પ્રસિદ્ધ કરેલું છે એનો એમાં નિષેધ આવે છે કે કારણ આવું હોય એનું કાર્ય આવું હોય, જેનું કારણ આવું ન હોય એનું કાર્ય એવું ન હોય. અથવા જીવનો મોક્ષ થવો જોઈએ, એના જન્મ મરણ મટવા જોઈએ એ વાત સ્વીકારનારાઓ એના કારણની અંદર વિચારભેદમાં–મતભેદમાં પ્રવર્તે છે, કોઈ (એમ કહે છે કે), બસ ! આ રીતે એકાંતે સંયમ પાળે, આવી રીતે આમ થાય, ફલાણું થાય, અનેક પ્રયોગ, અનેક પ્રકાર વિધવિધ રીતે પોતાની મતિ કલ્પના અનુસાર મોક્ષના કારણરૂપ પરિણામને માને છે, સૈદ્ધાંતિક રીતે ગણે છે, આગ્રહ રાખે છે પણ ‘એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ’ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. પ્રથમ ચતુર્થ ગુણસ્થાને સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન થાય અને પછી ઉપરના ગુણસ્થાને સમ્યક્ચારિત્રરૂપ સ્વભાવની સ્થિરતા ક્રમશઃ વધતી જાય અને જેમ જેમ વીતરાગ સ્વભાવમાં સ્થિર થઈને વીતરાગતા જેમ જેમ વિશેષ પ્રગટ કરે તેમ તેમ રાગનો અભાવ થઈને શુદ્ધતા વધી વધીને પૂર્ણ શુદ્ધતાએ પહોંચે. એ એક જ મોક્ષનો માર્ગ છે અને બીજા કોઈ પ્રકારે મોક્ષનો ઉપાય કે મોક્ષનો માર્ગ નથી. એ વાત

અનાદિસિદ્ધ અનંત તીર્થંકરોથી અનાદિસિદ્ધ થયેલી છે. અનંત તીર્થંકરોના અનુભવથી સિદ્ધ થયેલી છે.

મુમુક્ષુ :- બધા એવી રીતે જ કહે છે કે એક જ માર્ગ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- છતાં એમાં ફેર પડે છે ને ? તો એક કહે છે એ ખરેખર એમ કહેતા નથી. એ વાત લે છે કે 'એક હોય ત્રણ કાળમાં' પણ છતાં ફેર પડતો હોય તો એ વાત ખરેખર કરે છે એ સાચી નથી. બધું એક જ આવવું જોઈએ ને ? ક્યાંય ફેર ન પડવો જોઈએ ને ? એમ કહેવું છે. એવી વાત છે. એટલે તો 'ગુરુદેવ' કહેતાં કે જરાક ફેર પડે તો એ જરાક ફેર નથી બધો ફેર છે. નવ્વાણું વાત બરાબર કરે અને એક વાતમાં ફેરફાર કરે, એની નવ્વાણું (વાત) ખોટી (છે) એમ કહે છે. એક ખોટી એમ નહીં એની નવ્વાણું પણ ખોટી. એમ વાત છે.

મુમુક્ષુ :- આપણે 'સાયલા' ગયા હતા ત્યાં પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધે એવું ચાલે છે. 'શ્રીમદ્જી'નું વચન છે ને ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' 'શ્રીમદ્જી'ના તો બધા આશ્રમોની અંદર એમના વચનોની પ્રસિદ્ધિ હોય એ સ્વભાવિક છે, પણ એ વાત કેટલે અંશે સમજવામાં આવે છે કે અનુસરવામાં આવે છે (એ) બીજો વિષય થઈ પડે છે.

'ગુરુદેવશ્રી'એ એટલા માટે તો ખુલાસો કર્યો કે સમ્યક્દર્શનનું કારણ - વ્યવહારે કારણ ભલે એની પૂર્વ ભૂમિકા હોય, સમ્યક્ સન્મુખતા હોય કેમકે સમ્યક્ સન્મુખ થયા વિના કદી કોઈ સમ્યક્ પામે નહીં. એમ મોક્ષની અંદર પણ મોક્ષમાર્ગ પામ્યા વિના કોઈ એમ ને એમ સીધું મોક્ષ પામે એમ બને નહીં. એવું ન બને કોઈ દિવસ. તોપણ એટલો ખુલાસો કર્યો કે તે જ અવસ્થા કારણ કાર્યરૂપે છે. તે કાળનો પુરુષાર્થ કારણ છે અને તે કાળે શુદ્ધિની વૃદ્ધિ થવી અથવા શુદ્ધિ પ્રગટ થવી એ કાર્ય છે અને એ કારણ-કાર્ય એક જ સમયમાં એક જ પર્યાયમાં નિશ્ચયથી છે. બન્ને વાત પ્રસિદ્ધ કરી - નિશ્ચય પણ અને વ્યવહાર પણ. વ્યવહારનો હેતુ દર્શાવ્યો કે પૂર્વે આવા પરિણામ ન હોય અને કોઈ ગપ્પા મારે, અદ્ધરથી આમ થઈ જાય એવું કોઈ દિવસ બનતું નથી. આવું જ પૂર્વે હોય એમ બતાવવા

માટે એને કારણમાં નાખ્યું, એમ.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'ના આશ્રમમાં ગયા ત્યાં આ જ વાત હતી.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ વાત છે, શબ્દો એ છે, ભાવ એ નથી. શબ્દો કાંઈ વસ્તુ નથી, ભાવ વસ્તુ છે. ત્યાં આપણે ખુલાસો કરીએ છીએ ત્યારે એ લોકોને એમ લાગે છે કે નહીં, આ લોકો કાંઈક આ વિષયમાં વધારે સમજે છે એવું લાગે છે. 'કોબા' (ગયા હતા) એ પહેલાં અમે 'દેવલાલી' ગયા હતા. 'દેવલાલી' આઠ દિવસ વાંચ્યું. (ત્યારે એ લોકો એમ કહેતા હતા કે), આવું કોઈ અમને સમજાવતું નથી. અહીંયાં આવે છે, કોઈ કોઈ સમજાવનારા અવારનવાર આવે છે પણ આવું કોઈ નથી સમજાવતું. એનો અર્થ શું છે કે 'ગુરુદેવે' એટલા ખુલાસા કર્યા છે કે તત્ત્વજ્ઞાનના વિષયમાં એવા ખુલાસા છેલ્લા સેંકડો વર્ષમાં ઉપલબ્ધ સાહિત્યની અંદર જોવામાં આવતા નથી. એકેક વાત પીંખી પીંખીને, એકેક વિષયને પીંખી પીંખીને સ્પષ્ટ કર્યો છે. એટલે જ્યારે 'શ્રીમદ્જી' પણ એમ કહેવા માગે છે એ વાત ખોલીએ ત્યારે એ લોકોને એમ થાય કે આમ સીધું તો આપણે નહોતા સમજતા. હવે એ એમને ખ્યાલ તો આવે છે કે આ 'સોનગઢવાળા' આવું કહે છે તો 'સોનગઢ'માં મૂળ પુરુષ કેટલું સરસ કહેતા હશે ! એટલો કોઈ બુદ્ધિથી વિષય લગાવે, વિચક્ષણતાથી એટલો વિચાર કરે તો એને આકર્ષણ થયા વિના રહે નહીં. જો આટલે દૂર આવનારા પણ આટલી વાતો કરે છે તો ત્યાં મૂળ સ્થાનની અંદર તો કોઈ વિશેષ વાત થતી હોવી જોઈએ ! વિશેષ વાત જેની પાસેથી મળે છે એવા કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ - મહાત્માઓના નામ છે એનો પ્રત્યક્ષ પરિચય કરીએ, એનો સત્સમાગમ કરીએ એટલી વિચક્ષણતા નથી હોતી તો એટલી આત્મહિતની દરકાર નથી હોતી, નહીંતર તો જગત(માં) હિત માટે તો પરદેશ ખેડે છે. 'જામનગર'ની આજુબાજુના ગામવાળા બધા 'નાઈરોબી' ગયા છે ને ? 'નાઈરોબી' ને 'આફ્રિકા' ને બધે (ગયા છે). કોઈ શાક વહેંચતા હતા.

ઈ લોકો કહે કે, અમારે આમ બધા બહુ બુદ્ધિવાળા નહીં પણ અહીંયાં બધાને સરખું પડી ગયું છે. તમે બુદ્ધિવાળા કે (બુદ્ધિ) નહીં વાળા પણ જે લોકોએ

અહીંયાં આવવાની બુદ્ધિ વાપરી એણે બુદ્ધિ વાપરી છે. (એટલે એ કહે કે), બુદ્ધિ નથી વાપરી પણ ખરેખર ત્યાં અમારી સ્થિતિ બહુ ખરાબ હતી. એટલે વખતના માર્યા અમે અહીંયાં આવ્યા. પછી તો આ પ્રકારનો પુણ્યનો ઉદય હોય એટલે બહારમાં એ બધું વધે છે, કાંઈ બુદ્ધિથી વધતું નથી.

એક ભાઈ (હતા) શું નામ હું ભૂલી ગયો. જેને ત્યાં 'ગુરુદેવ' ઊતર્યા હતા. 'ગુરુદેવ'નો જેને ત્યાં ઉતારો હતો (એ) વૃદ્ધ ઉંમરના માણસ છે, એના ઘરે કૂતરો રાખે છે ને કૂતરાને બિસ્કિટ ને બધું ખવડાવે છે. મોટું મકાન છે. હમણાં 'ગુરુદેવ' ઊતર્યા ત્યારે બીજું મોટું મકાન બંધાવ્યું. પાંચ-સાત રૂમનું મોટું બિલ્ડિંગ બાંધ્યું. ઈ કહે, હું તો શાક વેચતો હતો. ત્યાં અમારા ગામમાં પણ શાક વેચતો હતો અને અહીંયાં આવીને પણ પહેલા શાક જ વેચતો હતો. (એવી રીતે) શરૂઆત કરી હતી. શાક એટલે ? ખભે કાવડ નાખી દઉં, બે બાજુ બે ટોપલા હોય એમાં શાક ભરીને વેચવા નીકળું. અત્યારે તો કરોડપતિ માણસ છે. 'લંડન'ની અંદર એના સ્ટોરો છે, ત્યાં 'નાઈરોબી'માં એના ઘણા બિલ્ડિંગો છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' જે કહી ગયા અને આ આશ્રમવાળા જે સમજે છે એમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અંદરોઅંદર એક વિચાર નથી. 'શ્રીમદ્જી'ને ને 'શ્રીમદ્જી'ને માનનારને બધાને એક વિચાર છે ? તો આપણાથી જુદાં પડે એ તો સ્વાભાવિક જ છે. એ લોકો ને એ લોકો એક અર્થ કરતા નથી, એક વિચારથી ચાલતા નથી, એક મતથી પ્રવર્તતા નથી અને એકબીજા વચ્ચે સુસંગતતા પણ નથી. ત્યાં બધા જુદાં જુદાં ફાંટા છે, જુદી જુદી ગાદીઓ થઈ ગઈ, બધું જુદું જુદું થઈ ગયું.

મુમુક્ષુ :– સ્થિતિ એ છે કે 'શ્રીમદ્જી'નું તત્ત્વ છે એ અડધું ધોવાઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– અડધું શું છે જ ક્યાં ? શબ્દો જ રહ્યા છે, ભાવમાં કોઈ સમજતું હોય, તત્ત્વતઃ કોઈ સમજતું હોય એવું કાંઈ નથી લાગતું.

મુમુક્ષુ :– એ લોકો ભક્તિ વિશેષ કરે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ કોઈ સમજીને એવી ભક્તિ નહીં. ઓઘભક્તિ !

ઓઘભક્તિ વિશેષ (છે). ખાસ કરીને ગાવું, બજાવવું એ ઓઘભક્તિની વાત છે.

મુમુક્ષુ :- મોટાભાગના શ્વેતાંબરો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, મોટાભાગના શ્વેતાંબર ભાઈઓ ત્યાં અનુસરે છે અને એ પણ મત ન છોડી શકે એવા આગ્રહવાળા ! શ્વેતાંબર મત છોડી ન શકે.

પ્રશ્ન :- જુદાં જુદાં જે આશ્રમ છે એમાં જુદાં જુદાં મત સૌના થઈ ગયા એનું મુખ્ય કારણ શું ?

સમાધાન :- એમાં એવું છે કે એક માણસની મુખ્યતા તમે કરો અને બીજો એની મુખ્યતા કરવા તૈયાર ન હોય.

પ્રશ્ન :- એટલે માન આવ્યું ને ?

સમાધાન :- ઈ તો સ્વાભાવિક છે. આટલા જગતની અંદર મતમતાંતરો થયા એની પાછળ શું કારણ છે ? માન સિવાય બીજું કોઈ કારણ નથી. જેમકે દિગંબરમાંથી શ્વેતાંબર થયા ત્યારે તો એ લોકો ખાલી વલકલ પહેરતાં હતા, વલકલ પહેરતાં થયા હતા. અર્ધ ફાલકમાંથી આવ્યા હતા. વૈરાગ્ય તો ઘણો હતો, જંગલમાં જ રહેતા હતા. વૈરાગ્યને વશ તો હજી જંગલમાં જ રહેતા હતા. ત્યાં તો એવી કોઈ પૈસાની પણ મારામારી નહોતી, ન તો દેરાસર કોઈએ કર્યા હતા, ન તો શાસ્ત્રો કોઈએ રચ્યા હતા. સિદ્ધાંત શાસ્ત્રો નહોતા રચ્યા, દેરાસર – મંદિરો નહોતા બંધાવ્યા. એ ઝઘડાના નિમિત્તો કાંઈ નહોતા. મત ફેર થયો એટલે વાત પૂરી થઈ ગઈ. એક મુખ્ય માણસ હોય એને ટેકો આપનારા (હોય). બીજા કહે કે નહીં, અમે એને ન આપીએ, એ બરાબર નથી. પેલો કહે કે, નહીં બરાબર છે. બસ ! બધે એ જ પરિસ્થિતિ (છે). ચૂલામાં તો બધે રાખ જ છે, એમ જ થાય.

મુમુક્ષુ :- કોઈ મોટી વ્યક્તિ હોય ઈ ચાલે એ પ્રમાણે બીજા ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો એવું છે કે જેને અનુસરો એના કરતા યોગ્યતા નીચી હોય તો જ એને અનુસરે ને ? યોગ્યતા ઊંચી હોય તો અનુસરવાનો ક્યાં પ્રશ્ન રહે છે ?

મુમુક્ષુ :- કોઈ માણસ સીધો હોય તો એને ફરવાનું બની શકે.

પૂજ્ય ભાઈશ્રી :- ઈ તો બરાબર છે. પર્યાય બદલાય તો બદલાય, પર્યાય તો બદલતી ચીજ છે.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ'ને ઓળખ્યા હોય તો ગુરુદેવનો મહિમા આવ્યા વગર રહે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- આવ્યા વગર રહે નહીં.

મુમુક્ષુ :- 'કૃપાળુદેવ' અને 'ગુરુદેવ'નાં સિદ્ધાંતમાં કાંઈ ફેર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ ફેર નથી. પણ એ લોકો ફેર માને છે. એ લોકો ફેર માને છે કે થોડોક ફેર પડે છે, થોડોક ફેર પડે છે. એમ એ માને છે. ફેર છે નહીં પણ ફેર માને છે. અનંત જ્ઞાનીઓનો એક મત હોય પણ એ લોકો ફેર માને છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા એમ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષે ગયા એમ માને છે. એ લોકો શું છે કે બીજા શાસ્ત્રો વાંચતા નથી એટલે સિદ્ધાંત શાસ્ત્રોનું જ્ઞાન નથી. જે બીજા સૈદ્ધાંતિક શાસ્ત્રો છે, એ 'શ્રીમદ્જી'ની આજ્ઞા હોવા છતાં માનતા નથી ! એટલે બીજું કાંઈ એમને જ્ઞાન નથી, સમજણ નથી એટલે ગમે તે કલ્પના કરે છે, એમ. તત્ત્વમાં તો કાંઈ કલ્પના ચાલે નહીં.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નું એક પણ પ્રવચન કે જેમાં 'ગુરુદેવે' 'કૃપાળુદેવ'નો મહિમા ન કર્યો હોય એવું એક પણ પ્રવચન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. બહુ શરૂઆતમાં 'શ્રીમદ્જી'ના પત્રોનું અધ્યયન 'ગુરુદેવે' સારા એવા પ્રમાણમાં કર્યું છે.

મુમુક્ષુ :-- 'શ્રીમદ્ રાજચંદ્ર'નો સ્વાધ્યાય કરતા હતા..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વાધ્યાય કરતા હતા. જે પુસ્તકનો સ્વાધ્યાય કરતા એમાં જુઓ તો કેટલી Underline કરેલી આજે મોજૂદ છે. કેટલા પત્રોમાં કેટલી જગ્યાએ Underline કરેલી છે કે અહીંયાં આટલી મહત્વની વાત આવી છે, આ પત્રમાં આટલી મહત્ત્વની સૈદ્ધાંતિક વાત આવી છે. (એ) કાંઈ 'શ્રીમદ્જી'નું લખેલું પુસ્તક નથી. એ તો વ્યક્તિગત પત્રો લખેલા છે એમાં આટલું તત્ત્વ આવ્યું

છે. વ્યક્તિગત પત્રવ્યવહારમાં આટલું તત્ત્વ આવ્યું છે એના જ્ઞાનમાં, હૃદયમાં કેટલું ભર્યું હશે !! ત્રિરાશી લગાવવા જેવો વિષય છે. મોક્ષમાર્ગ પામ્યા છીએ એમાં કોઈ શંકાને સ્થાન નથી, ચોવીસમાં વર્ષે આવા પત્રો લખ્યા છે. અમારો આત્મા અનુભવથી એની ખાતરી આપે છે, અમારો આત્મા જ અંદરથી ખાતરી આપે છે એમ કહીને કેટલી નિશંકતાથી મોક્ષમાર્ગ પોતે પામ્યા, અનુભવ થયો એની વાત લખી છે ! એની મસ્તીમાં આવીને વાત લખી છે કે આ કાળમાં કોઈ માર્ગ બતાવી શકે એવા હોય તો અમે જ છીએ. ગમે તેમ વાત લખી છે ?

મુમુક્ષુ :- એના લખાણ ઉપરથી એ વાત પણ સત્ય લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્પષ્ટ વિશ્વાસ આવે એવો વિષય છે. લખાણ ઉપરથી વિશ્વાસ આવે એવું છે કે ખરેખર ઈ કહે છે એ સાચું જ છે. નિષ્પક્ષપણે કહે છે, મધ્યસ્થપણે કહે છે કોઈપણ જાતના પોતાના અવાંતર હેતુ વિના કહે છે અને નિષ્કારણ કરુણાથી કહે છે એ વાત સ્પષ્ટ લાગે છે.

(અહીંયાં કહે છે), **'જેવું કારણ આપે તેવું કાર્ય થાય.'** આ પરિણામના વિષયનો સિદ્ધાંત છે. એટલે કે પોતાને પરિપૂર્ણ શુદ્ધદશારૂપ મોક્ષ પામવાનું ફળ જોઈતું હોય તો એણે મોક્ષમાર્ગમાં આવવું, સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત કરવા એ એક જ એનું કારણ છે, બીજું કોઈ એનું કારણ નથી. એ સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રને અહીંયાં એક ધ્યાનમાં સમાવી દીધા છે. આ બોલની અંદર એક જ વાત લઈ લીધી છે કે, **'ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'**

'શ્રીમદ્‌જી'એ તો આ વિષયમાં એવી એવી વાતો લખી છે કે, પરમાત્માનું ધ્યાન કરતા અવશ્ય પરમાત્મા થવાય છે તોપણ નિજ પરમાત્માનું ધ્યાન સત્પુરુષના ચરણની વિનય ઉપાસના કર્યા વિના કોઈને થતું નથી. એવું નિર્ગ્રંથ પ્રવચનનું પરમોત્કૃષ્ટ રહસ્ય છે. ઠીક ! (આવા) મથાળા બાંધ્યા છે, હોં ! પત્ર શરૂ કરે ત્યારે એવું લખે. આત્માના ધ્યાનમાં વળી સત્પુરુષને કેમ નાખ્યા પાછા ? શરૂઆતના વર્ષોમાં (લખે) છે કે, પરમાત્માનું ધ્યાન કરતા પરમાત્મા થવાય એ વાત સાચી

છે. ૫૨ કારણ નાખ્યું, લ્યો ! સત્પુરુષ તો ૫૨ છે ને ? આપણે આ વખતે 'સાયલા' ગયા ત્યારે બધું બતાવતા હતા ઈ ભાઈ કહેતા હતા કે, 'શ્રીમદ્જી'ને કોઈ સત્પુરુષ તો મળ્યા નથી પણ એમના એક એક પત્રોમાં સત્પુરુષનો બહુ મહિમા કર્યો છે, બહુ મહિમા કર્યો છે ! વિચાર માગે એવો વિષય છે વધારે વિચાર માગે એવો વિષય છે. પછી તો એમ બોલ્યા કે પૂર્વભવમાં કાંઈક એવું કારણ બન્યું લાગે છે એના ઉપરથી કહેતા હોય એવું લાગે છે.

પ્રશ્ન :– આ ખુલાસો 'ગુરુદેવે' કરેલો છે ?

સમાધાન :– ના, 'ગુરુદેવે' નથી કીધું પણ ઈ પોતે જે ભાઈ હતા ત્યાં રહેતા હતા એ વાત કરતા હતા. આ વખતે 'સુરેન્દ્રનગર'થી 'સાયલા' ગયા હતા. 'સાયલા'... 'સાયલા' ! ત્યાં એક આશ્રમમાં ગયા હતા. હમણાં જ એક-બે વર્ષમાં જ Development કર્યું છે. શ્વેતાંબરનું દેરાસર બાંધ્યું છે, પચાસેક લાખ રૂપિયા ખર્ચ્યા છે.

૬૨ નંબરનો પત્ર છે, ૨૨મું વર્ષ છે. **'પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે;...'** પત્રનું મથાળું આપ્યું છે – **'સત્પુરુષોને નમસ્કાર'** એમ કરીને (લખે છે), **'પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે; પણ તે ધ્યાવન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી; એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે.'** ઉત્કૃષ્ટ વચનામૃતની અંદર સર્વોત્કૃષ્ટ વચનામૃત છે – આમ નાખ્યું છે. **'પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે;...'** આ તો આના ઉપરથી યાદ આવ્યું કે અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી'ના એ શબ્દો છે કે, **'નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.'** તો 'શ્રીમદ્જી' કહે છે કે, વાત તો સાચી છે કે પરમાત્માનું ધ્યાન કરતા પરમાત્મા થવાય છે પરંતુ તે ધ્યાન આત્મા સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસના વિના કરી શકતો નથી.

પ્રશ્ન :- વિનય ઉપાસનાનો અર્થ એ ન થઈ શકે કે એના વચન અનુસાર પરિણમન કરે ?

સમાધાન :– હા, એના વચન અનુસાર અને પ્રત્યક્ષ હોય તો એનું બહુમાન,

ભક્તિ. નહીંતર અનેક જીવો શું કરે છે કે ભલે પ્રત્યક્ષ રહ્યાં પણ હવે 'ગુરુદેવ'ના વચનો અમને એવા મળી ગયા છે કે અમે તો હવે અમારા ઘરમાં બેસીને કરી લેશું. બહારમાં સત્પુરુષ વિદ્યમાન હોય તો એની ઉપેક્ષા કરે અને વચનોની અપેક્ષા કરે. એ રીતે પણ એ વાત સુસંગત બેસતી નથી.

આગળ (લખે) છે, પત્રની અંદર આગળનો એક પેરેગ્રાફ છે કે, **'આ કાળમાં રૂપાતીત સુધી ધર્મધ્યાનની પ્રાપ્તિ કેટલાક સત્પુરુષોને સ્વભાવે, કેટલાકને સદ્‌ગુરુરૂપ નિરુપમ નિમિત્તથી અને કેટલાકને સત્સંગ આદિ લઈ અનેક સાધનોથી થઈ શકે છે; પણ તેવા પુરુષો – નિર્ગ્રંથમતના – લાખોમાં પણ કોઈક જ નીકળી શકે છે. ઘણે ભાગે તે સત્પુરુષો ત્યાગી થઈ, એકાંત ભૂમિકામાં વાસ કરે છે, કેટલાક બાહ્ય અત્યાગને લીધે સંસારમાં રહ્યા છતાં સંસારીપણું જ દર્શાવે છે. પહેલા પુરુષનું મુખ્યોત્કૃષ્ટ અને બીજાનું ગૌણોત્કૃષ્ટ જ્ઞાન પ્રાયે કરીને ગણી શકાય.'**

મુમુક્ષુ :– શબ્દ શું નાખ્યો ? નિર્ગ્રંથ મત ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, નિર્ગ્રંથ, નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્કૃષ્ટ વચનામૃત છે. જે નિર્ગ્રંથો થયા...

પ્રશ્ન :– નિર્ગ્રંથ એટલે દિગંબર જ ને ?

સમાધાન :– હા, એણે આ વાત કરી. જેને અંતરબાહ્ય ગ્રંથી છૂટી ગઈ એણે આ વાત કરી કે તારા પરમાત્માનું ધ્યાન થવા સત્પુરુષના ચરણની વિનય ઉપાસના (કરવી) એ ભૂમિકામાં આવ્યા વિના તું એમ માન કે સીધું ધ્યાન થાય (તો એમ બનશે નહિ).

(આગળ લખે છે), **'જે પવન(શ્વાસ)નો જય કરે છે તે મનનો જય કરે છે.'** આ પ્રયોગ છે ને ? યોગના પ્રયોગ છે. શ્વાસોશ્વાસ – પ્રાણાયામની પ્રક્રિયા કરે છે. **'જે પવન(શ્વાસ)નો જય કરે છે, તે મનનો જય કરે છે. જે મનનો જય કરે છે તે આત્મલીનતા પામે છે. આ કહ્યું તે વ્યવહાર માત્ર છે.'** આ તો પત્રની અંદર ધ્યાનનું પ્રકરણ ચાલે છે ને ? **'આ કહ્યું તે વ્યવહાર માત્ર છે. નિશ્ચયમાં નિશ્ચયઅર્થની અપૂર્વ યોજના...'** આ વિષયની અપૂર્વયોજના **'સત્પુરુષના અંતરમાં રહી છે.'** આમ કરીને રહસ્ય મૂકી દે છે કે આ વિષય સત્પુરુષના અંતરમાં

રહ્યો છે અને એનું અંતર ખોલવું એ સત્સમાગમે પાત્રતા વિના એનું અંતર ખૂલતું નથી.

**'શ્વાસનો જય કરતાં છતાં...'** હવે કોઈ કહે કે તું પ્રયોગ ગમે તેટલા કર **'સત્પુરુષની આજ્ઞાથી પરાઙ્મુખતા છે, તો તે શ્વાસજય પરિણામે સંસાર જ વધારે છે.'** સત્પુરુષથી વિમુખ ચાલ અને તું ગમે તે કર (તો) સંસાર વધશે, સંસાર એનાથી નહીં ઘટે. **'શ્વાસનો જય ત્યાં છે કે જ્યાં વાસનાનો જય છે. તેનાં બે સાધન છે; સદ્ગુરુ અને સત્સંગ. તેની બે શ્રેણિ છે : પર્યુપાસના અને પાત્રતા. તેની બે વર્ધમાનતા છે : પરિચય અને પુણ્યાનુબંધી પુણ્યતા. સઘળાનું મૂળ આત્માની સત્પાત્રતા છે. અત્યારે એ વિષય સંબંધી એટલું લખું છું.'**

વિચારદશા તો એમની લગભગ પંદર વર્ષ પહેલાં જાગૃત થઈ ગયેલી છે. ચોવીસમે વર્ષે સમ્યક્દર્શન (પ્રગટ થયું) તો એમણે દસેક વર્ષ વિચારદશામાં પસાર કર્યા છે. લાંબા કાળ સુધી ઘણી ઊંડી વિચારણામાંથી પસાર થયા છે. એવી રીતે એમની વિચારદશા ઘણી ખૂલેલી ને ખીલેલી છે. અને પછી પામ્યા તો એવું પામ્યા...

મુમુક્ષુ :– દસ વર્ષે ધારા ઉલ્લસી એવું એમના કાવ્યમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા... હા. એ તો દસ-બાર વર્ષની નાની ઉંમરથી વિચારધારાની શરૂઆત થઈ છે એમ. પંદર વર્ષ પહેલાં પણ ક્યારે ? એ નક્કી નથી પણ દસ-બાર વર્ષની ઉંમરે વિચારદશા ખૂલી ગઈ (છે). આત્મહિતની વિચારણા – સુવિચારણા જેને કહીએ 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજજ્ઞાન' સુવિચારણા અને આત્મજ્ઞાનનું અનુસંધાન કર્યું છે. નિમિત્ત લીધું છે. 'તે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' એ આત્મજ્ઞાન પ્રગટ થાય (તેને) ભવોનો ક્ષય થઈને અવશ્ય એનો મોક્ષ થઈ જાય.

મુમુક્ષુ :– સત્પુરુષના હૃદયમાં રહેલું આ રહસ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેમ અંતર્મુખ થવું એની વિધિ અનુભવે છે અને પ્રદર્શિત કરવાની શક્તિ એમના વચનોમાં અને એમના ભાવોમાં રહી છે એ કોઈ મુમુક્ષુને માટે અપૂર્વ યોગ છે. અનંતકાળમાં જીવ ક્યાંથી પાછો ફરી ગયો ? કે મોક્ષમાર્ગ

પામતા પામતા પાછો ફરી ગયો. ચાર લબ્ધિના પરિણામ (છે એમાં) દેશનાલબ્ધિ સુધીના, પ્રાયોગલબ્ધિ સુધીના પરિણામ અનંતવાર કર્યા. જેમ કોઈ આંધળો માણસ ફરે છે. નગરમાં આવવા માટે ફરતો કોટે હાથ રાખીને ફરે છે, જ્યાં એક જ દરવાજો છે. ગોળાકાર નગર છે જ્યાં દરવાજો આવે ત્યાં એને ખંજવાળ આવે છે. આવી કમનસીબી છે. એમ અનંતકાળમાં ક્વચિત્ જ બહુ લાંબા કાળે અનંત કાળે સત્પુરુષ મળે, બહુ લાંબા કાળે એને આવો અપૂર્વયોગ મળે કે આત્મસન્મુખ આમ થવાય એમ કહેનાર મળે અને એ વખતે જ આ જીવને કોઈ બીજા બીજા પરિણામ થયા કરે.

મુમુક્ષુ :- સત્પુરુષ છે ઈ દરવાજો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ઈ દરવાજો છે. એ દરવાજો – 'આત્મસન્મુખ આમ થવાય' એ જે રહસ્ય એમની પાસે છે એ રહસ્ય ત્યાં સિવાય બીજે ક્યાંય મળે એવું નથી. એને કેમ પડખું ફરવું ? એ બતાવી શકે એવી વિધિ – અનુભવસિદ્ધ વિધિ એમની પાસે છે એટલે એ વાત લીધી છે.

પ્રશ્ન :- આ વિનય ઉપાસનાની જે વાત લીધી તે પ્રત્યક્ષ હોય તો જ હોય કે કોઈપણ ઉદયના કાર્યની અંદર એને બહુમાન, મહિમા હોય જ ?

સમાધાન :- હોય જ. પછી તો એ વિષય જાય નહીં ને ! પ્રત્યક્ષ હોય અને અત્યંત બહુમાન હોય તો પછી બીજા ઉદયમાં જવાનો ક્યાં પ્રશ્ન છે ? અથવા પરોક્ષમાં એને એ જ ભાવના રહ્યા કરે. એમ વાત છે. લક્ષ એક જ જગ્યાએ રહ્યા કરે. નથી લખતા 'સોગાનીજી' ? જ્ઞાનપ્રાપ્તિ થઈ ગઈ છે, 'સોગાનીજી'ને તો જ્ઞાનપ્રાપ્તિ થઈ ગઈ છે. સત્સંગનો અભાવ છે એનું ઘણું દુઃખ છે. કાગળ લખતા લખતા આંખમાંથી આંસુ પડે છે. લખ્યું છે કે નહીં ? કાગળ લખતા લખતા એ વાત લખી છે. તો એનો અર્થ એ છે, ઈ બીજો ઉદય જ છે ને ? ત્યાં બીજો જ ઉદય છે. ક્યાં 'કલકત્તા' ક્યાં 'સોનગઢ' ! બે હજાર માઈલ દૂર બેઠા છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની યોગ્યતા ઘણી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- યોગ્યતા તો ઘણી હતી. છતાં સત્સંગનું કેટલું જબ્બર

આકર્ષણ છે ! એ એમના પત્રમાં જે ભક્તિ નીકળે છે એ ઘણી અસાધારણ નીકળે છે ! એમ (લખે છે કે,) 'સોનગઢ'થી છૂટ્યા પછી ત્યાંની ધૂળ માટે તડપવું પડે એ પરિસ્થિતિ અહીંયાં આવીને પ્રત્યક્ષ અનુભવાય છે. અનુભવ લખે છે, કેટલી ભક્તિ હશે ! ભજન ગાય ઈ ભક્તિ નથી, આ ભક્તિ સાચી છે. પદ ગાય એ ભક્તિ નથી. આશ્રમમાં જઈને નિવૃત્તિ કરીને રહે અને ત્યાં પદ ગાય એ ભક્તિ નથી, આ ભક્તિ સાચી છે.

મુમુક્ષુ :- 'સોનગઢ' માટે તડપવું પડે છે, એની ધૂળ માટે તડપવું પડે છે એનું શું રહસ્ય ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલું બહુમાન હતું, એમ.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ હતા.

સમાધાન :- હા, 'ગુરુદેવ' 'સોનગઢમાં' નિવાસ કરતા હતા ને ! એ વખતે તો પ્રત્યક્ષ હતા. નિવાસ કરતા હતા. આપણે ઉદ્ધરણ કર્યું છે.

મુમુક્ષુ :- તીર્થંકરથી અધિક કહેવાની હિંમત એમણે કરી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો હિંમત જેવું કાંઈ લાગ્યું જ નથી એમ. લોકો ભલે રાડ નાખે એમને કાંઈ હિંમત-ફિંમત જેવું નથી લાગ્યું. એ તો વાસ્તવિકતા જ લખી છે.

મુમુક્ષુ :- જેને રાડ નાખવી હતી એણે તો ઘણી નાખી.

પૂજ્ય ભાઈશ્રી :- એણે તો (પૂજ્ય 'સોગાનીજી'એ) કોઈની તમા રાખી નથી.

મુમુક્ષુ :- જ્ઞાનીને શું પડી હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- જગતની કાંઈ પડી નથી.

છઠ્ઠા નંબરનો પત્ર છે. **'ગુરુદેવ કે નિકટ રહને સે પર્યાયસ્વભાવ ઉગ્રતર રહા કરતા થા...'** એનો અર્થ એ કે જ્યારે 'સોનગઢ'માં 'ગુરુદેવ'ની સમીપતા હતી ત્યારે પર્યાય સ્વભાવ એટલે પર્યાયની અંદર પુરુષાર્થની ઉગ્રતા વિશેષ રહેતી હતી. **'વ સોનગઢ સ્થાન વ વહાં કે મુમુક્ષુઓં કી ઉપેક્ષા-સી હો જાયા કરતી થી,...'** પછી આ સ્થાનનું ને આ મુમુક્ષુઓનું ને એ બાજુનું લક્ષ નહોતું રહેતું. એક આત્માના લક્ષે 'ગુરુદેવ'ની સમીપતાને લઈને પર્યાયમાં વિશેષ પુરુષાર્થ રહ્યા

કરતો હતો. એટલે એ પુરુષાર્થને કારણે બહારનો વિષય બધો ગૌણ થઈ જતો હતો. આ સ્થાન ને આ મુમુક્ષુઓ ને બધું સારું એમ છતાં બધું ગૌણ થઈ જતું હતું.

હવે જેની ત્યાં ઉપેક્ષા થતી હતી એની અહીંયાં ઉપેક્ષા નથી થતી. અહીંયાં એ સ્થાન પણ નથી ને ઈ વાતાવરણ પણ નથી. હવે એની કિંમત લાગે છે. જેમ ન હોય ત્યારે માણસની કિંમત થાય, એમ કહે છે ને ? એ હતા ત્યારે તો અમને બહુ ખ્યાલ નથી ગયો પણ હવે એમ લાગે છે કે ના, ના આપણે ખ્યાલ નથી કર્યો. એમ બને છે ને ? **'પરંતુ અબ તો વહાં કી ધૂલ કે લિયે ભી તડપના પડતા હૈ.'** ત્યાં તો એ સ્થાનની ઉપેક્ષા થતી હતી હવે એમ થાય છે કે અહીં તો એની ધૂળ પણ નથી. એટલે કોઈ અંશે અહીંયાં એ જાતનું વાતાવરણ જોવા મળતું નથી. શરૂઆતના વર્ષોમાં 'અજમેર'માં આવ્યા છે. ૧૯૫૩ની સાલનો પત્ર છે.

**'ગુરુદેવ કે દૃષ્ટાંત અનુસાર ભભકતી ભટ્ટી મેં ગિરનેકા-સા પ્રત્યક્ષ અનુભવ યહાં એક દિન મેં હી માલૂમ હોને લગ ગયા હૈ.'** 'અજમેર' આવતા પહેલે જ દિવસે એમ લાગ્યું કે, આ તો ભટ્ટીમાં આવી પડ્યા ! ધગધગતી ભટ્ટીમાં આવીને પડ્યા. ત્યાં તો ઘર હતું ને ? કુટુંબ-પરિવાર (છે). (કહે છે), ધગધગતી ભટ્ટીમાં છીએ. પહેલે જ દિવસે એમ લાગ્યું કે આ તો ધગધગતી ભટ્ટીમાં છીએ. 'સોનગઢ'ની તો ધૂળની પણ શાંતિ અહીંયાં નથી. એટલી તો ત્યાંની ધૂડમાં શાંતિ છે ! એમ લેવું છે. એમને તો અમસ્તી પણ ચંચળતા જ નહોતી. મન-વચન-કાયાના યોગની ચંચળતા જ નહોતી. આટલી બધી નિશ્ચયની તીખી વાત કરે (છે) એટલી જ ભક્તિની તીખી વાત કરે (છે) !

ચોથા નંબરનો પત્ર વાંચીએ. ૧૯૫૨ની સાલનો છે. **'આપકા કાર્ડ અજમેર સે લૌટકર યહાં આયા,...'** ૧૯૫૨માં 'કલકત્તા' આવ્યા છે. **'કારણ મૈં અધિકતર આજકલ યહાં હી રહતા હૂં. યોગ કુછ એસા હી હૈ કિ આર્થિક સંબંધ કી અપેક્ષા પ્રત્યક્ષ તૌર પર મેરા ધાર્મિક સંગ ઇસ સમય દૂર-સા હો રહા હૈ ઔર મૈં બહુત સમય સે સોનગઢ નહીં આ સક રહા હૂં.'** ઘણા વખતથી 'સોનગઢ' આવી

શક્યો નથી. **‘યહ કહના વ્યર્થ હૈ કિ અંતરંગ મેં, યહાં હોતે હુએ ભી મુઝે વહાં કી સ્મૃતિયાં, એસા કોઈ દિન ન હોગા કિ નહીં આતી રહતી હોવે.’** એક દિવસ એવો ખાલી જતો નથી. **‘પૂજ્ય ગુરુદેવ કી સ્મૃતિ ઇસ સમય ભી આ રહી હૈ વ આંખોં મેં ગર્મ આંસૂ આ રહે હૈં કિ ઉનકે સંગ રહના નહીં હો રહા હૈ. ઉનકા અસંગરુચિ કા ઉપદેશ (અથવા સ્વસંગ કા) કાનોં મેં ગૂંજતા રહતા હૈ ઔર ઉસકી રમણતા સે હી યહાં કી ઉપાધિયાં ઢીલી-સી રહતી હૈ.’** ઉપદેશ મળ્યો છે તો અહીંયાં થોડીક શાંતિ છે. નહીંતર અહીંયાં પણ રહી શકાય એવું નથી. **‘ઉસ દિન કી પ્રતીક્ષા મેં હૂં કિ કબ ઉસ ગરજતી હુઈ દિવ્યમૂર્તિ કે ચરણોં મેં શીઘ્ર અપને આપકો પાઊં.’** કેવી ભક્તિથી વાતો આવી છે ! પત્ર લખ્યો છે ત્યારે થોડી ખબર છે કે આ બધું પુસ્તકારૂઢ થશે ?

મુમુક્ષુ :– આજે પણ એટલા જ જોરથી ‘સોનગઢ’માં મોક્ષમાર્ગ વંચાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો નસીબ છે આપણા લોકોના !

મુમુક્ષુ :– ‘સોગાનીજી’એ જેટલો મહિમા ‘ગુરુદેવ’નો કર્યો, અત્યારે ‘બહેનશ્રી’ પણ એટલો જ મહિમા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર. જેવો જેનો ભાવ. આ તો પોતાને મહિમા આવે તો કામ થાય. મહિમા આવે તો કામ થાય.

એ તો આ ધ્યાનમાંથી એટલું નીકળે છે કે નિષ્કલંક પરમાત્માનું ધ્યાન એ મોક્ષપદની પ્રાપ્તિનું કારણ છે પણ એ કારણનું કારણ ઉપાસ્યા વિના કારણ પણ પ્રાપ્ત થતું નથી. એમ કહેવું છે. એ ‘શ્રીમદ્જી’એ કાઢ્યું છે. બધી વાત તો એક જગ્યાએ ક્યાંથી આવે ? ધ્યાન તો કોને થાય છે ? કે જેની મનની ચંચળતા ચાલી ગઈ હોય, જેને પોતાના નિજ સ્વરૂપનો કોઈ અપૂર્વ મહિમા હોય, જેને વસ્તુના સ્વરૂપ અનુસાર વસ્તુનું સ્વરૂપજ્ઞાન સ્પષ્ટ હોય, એમાં બીજી ગડબડ, ગોટા ન હોય. પ્રત્યક્ષ સત્પુરુષ હોય તો એના પ્રત્યે અત્યંત અત્યંત ભક્તિ હોય અને જેને બાહ્ય વિષયો પ્રત્યેનો રસ ઠંડો થઈ ગયો હોય, આસક્તિ પણ ઘટેલી હોય તો એને સ્વરૂપધ્યાન કરવાનો અવકાશ હોય છે, ધ્યાનનું કારણ પણ છે કે, કોણ ધ્યાન કરી શકે છે. એમ ને એમ ગમે તે એકાંતમાં બેસી જાય કે

અમુક નક્કી કરે કે આનું ચિંતવન કરો કે આનું રટણ કરો કે આનું જપ કરો એટલે ધ્યાન થઈ જાય. એમ કાંઈ ધ્યાન થતું નથી.

**'શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.'** શુદ્ધાત્માનું જ્ઞાન કરે એને ધ્યાન થાય. જ્ઞાન કરે એ ધ્યાન કરે. જ્ઞાન ન કરે એને ધ્યાન થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે ધ્યાન છે એ અન્ય પ્રકારના વિકલ્પો શાંત થયા વિના થતું નથી. એ અન્ય પ્રકારના વિકલ્પો શાંત થવા અર્થે સર્વ અન્ય વિષયોની મહત્તા ઊડી જાય ત્યારે એને ધ્યાન થાય. જ્યાં સુધી આત્માને છોડીને કોઈપણ દ્રવ્ય, ભાવની અધિકતા રહે ત્યાં સુધી એનો વિકલ્પ છૂટે નહીં. અન્ય વિષયમાં એમ ને એમ ઉપયોગ અમસ્તો જતો નથી, જે તે વિષયની અધિકતા અપાય છે ત્યારે જાય છે અને એમ ને એમ જતો નથી. જગતમાં સર્વોત્કૃષ્ટ અનંતગુણ નિધાન પોતાનું પરમાત્મપદ છે અને એની અધિકતા આવે (ત્યારે) ઉપયોગ ત્યાં જાય છે. એની અધિકતા આવે અને બીજાની અધિકતા પોતે ખોવે – બન્ને સાથે છે ત્યારે એને ધ્યાન થાય છે, ત્યાં સુધી ધ્યાન થતું નથી.

મુમુક્ષુ :- ધ્યાન તો અમને બધાને આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જગતમાં ધ્યાન વિનાનો કોઈ જીવ નથી. ચાર ધ્યાનમાં બે માઠાં ધ્યાન છે – આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન. એ બે ધ્યાન સાથે જ બધા જીવો (છે). આર્ત્તધ્યાનમાં પડેલા જીવો છે, બહુભાગ જીવો આર્ત્તધ્યાનમાં જ પડેલા છે. એનું ફળ તિર્યંચગતિ છે. આર્ત્તધ્યાનનું ફળ તિર્યંચગતિ અને નરકગતિ છે. રૌદ્રધ્યાનનું મુખ્ય ફળ છે નરકગતિ, પણ તિર્યંચગતિથી પણ નીચેની નરકમાં જાય છે. એક ધર્મધ્યાન (છે) તે આત્માને અવલંબીને (થાય) છે અને શુક્લધ્યાન છે એ આત્માના ઉગ્ર અવલંબને (થાય છે). એને ને એને જ શુક્લધ્યાન કહેવામાં આવે છે.

**'શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.'** પોતાનું મૂળ શુદ્ધ સ્વરૂપ, પરમ સ્વરૂપ સાક્ષાત્ પરમાત્મપદ છે એને ઓળખે અને એ ઓળખ્યા પછી એની મહિમાથી એમાં સહજપણે એકાગ્રતા થાય. સહજતાનો વિષય છે, ધ્યાન કોઈ કૃત્રિમતાથી થઈ શકતું નથી. ધ્યાન શબ્દ પ્રચલિત છે અને એકાગ્રતા તે ધ્યાન

છે એ સમજાય એવું છે પણ સ્વરૂપની એકાગ્રતા સહજપણે થવી એ સ્વરૂપના સ્પષ્ટ ગ્રહણ વિના, જ્ઞાનમાં એનું સ્પષ્ટ ગ્રહણ થયા વિના, જેટલું સ્પષ્ટ ગ્રહણ થાય એટલો ઉપયોગ ત્યાં સ્થિર થાય. કેમકે ગ્રહણ તો સ્વપ્રકાશક જ્ઞાનનો ઉપયોગ કરે છે ને ? (માટે) જેટલું સ્પષ્ટ ગ્રહણ થાય એટલું સ્થિરત્વ આવે.

મુમુક્ષુ :– ધ્યાન તો ભાસન થયા વગર છે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાસન થયા વગર – ઓળખાણ થયા વગર તો પ્રશ્ન જ નથી. સમ્યક્‌દર્શન પોતે પણ તે કાળમાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ હોવાને લીધે ધ્યાન સ્વરૂપ છે. પણ ઓળખાણ વિના કોનું (ધ્યાન) કરે ? કોની સન્મુખ થાય ? આર્ત્તધ્યાનથી ખસવું છે, અન્ય પદાર્થ વિશેના ધ્યાનથી ખસવું છે એ આર્ત્તધ્યાન છે તો ક્યાંથી ખસવું છે અને ખસીને ક્યાં જવું છે ? આ વાત તો એને જ્ઞાનમાં, શ્રદ્ધાનમાં આવવી જ જોઈએ. એ વગર તો ધ્યાન થવાનો પ્રશ્ન રહેતો નથી.

જ્યાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે એની પૂર્વભૂમિકા છે મુનિપદમાં વારંવાર ક્ષણે ક્ષણે થતું જે આત્મધ્યાન સ્વરૂપધ્યાન, એ મોક્ષપદના કારણરૂપ ધ્યાન છે અને એવી પૂર્વદશા થયા વિના કોઈને મોક્ષપદરૂપ કેવળજ્ઞાનનું ધ્યાન હોય એવું બની શકતું નથી. શુક્લધ્યાન હોય એવું બનતું નથી. મોક્ષનું શુક્લધ્યાનનું પ્રથમ ચરણ મુનિદશામાંથી જ ઉત્પન્ન થાય છે. દસમે, બારમે, તેરમે, ચૌદમે ગુણસ્થાને શુક્લધ્યાન લીધું છે તો એ મુનિદશામાં જ ઉત્પન્ન થાય છે. મોક્ષની સ્થિરતા સાદિઅનંત છે એની પૂર્વદશા કેવી હોય એના માટે મુનિદશાનો (ક્રમ છે). એમ ને એમ કોઈને અધ્ધરથી મોક્ષ થાય એવું કોઈ દી’ બનતું નથી.

આ લોકો પ્રશ્ન કરે છે ને કે, જૈનનો જ મોક્ષ થાય બીજા કોઈનો મોક્ષ ન થાય ? મોક્ષ તો અમે બધા માનીએ છીએ. જૈનમાં જ મોક્ષ થાય ? જૈનમાં આવ્યા વિના મોક્ષ ન થાય ? ભાઈ ! જૈન કાંઈ વાડો નથી. એ તો એક એવો ધ્યાનનો પ્રકાર ત્યાં મુનિદશામાં ઉત્પન્ન થાય છે કે જ્યાં એને આત્મકાર્ય સિવાય શરીરની પળોજણનું કોઈ કાર્ય પણ એ કરતા નથી. બીજું તો કરતા જ નથી. શરીર સંબંધી, મન સંબંધી, વચન સંબંધી બધા કાર્યોથી નિવૃત્ત થઈને મન-

વચન-કાયાના યોગથી નિવૃત્ત થઈને સ્વરૂપમાં યોગ એટલે જોડાણ કરે છે.

'નિયમસાર'માં તો બહુ લખ્યું છે – પરમયોગી... પરમયોગી... પરમયોગી... એ આત્માને યોજે છે, પોતાને પોતામાં યોજે છે. એની યોજનામાં જ પડ્યો છે. એ જ રાત્રી-દિવસ – અહર્નિશ સ્વરૂપનું જ જેને ધ્યાન વર્તે છે એને એક દશા એવી આવી જાય છે કે પછી એ ધ્યાનથી ચ્યુત થઈને રાગનો અંશ ઉત્પન્ન થાય એ પરિસ્થિતિ રહેતી નથી. રાગનું બીજ બળી જાય છે અને પરિપૂર્ણ વીતરાગદશામાં એવા આવે છે કે ફરીને રાગ ઉત્પન્ન થવાનું અનંતકાળને વિશે ક્યારેય થાય નહીં. એવું જે પરમાત્માનું ધ્યાન એમ લેવું છે. **'નિષ્કલંક પરમાત્માનું ધ્યાન...'** એટલે એવું પરમાત્માનું ધ્યાન. તેનાથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિદશામાં હતા. મહાવિદેહમાં જવાનો વિશેષ યોગ થયો. દિવ્યધ્વનિમાં પાછો એ મોક્ષના કારણરૂપ ધ્યાનનો વિષય ત્યાં સાક્ષાત્ સાંભળ્યો. પોતાને અનુભૂત છે, અનુભવી રહ્યાં છે અને ભગવાનની વાણીમાં પણ એ વિષય આવે છે કે પરમાત્માનું ધ્યાન મુનિદશામાં કેવું હોય ? ત્યાંથી આવીને 'પ્રવચનસાર' પહેલું લખ્યું છે – પ્રવચનનો સાર ! ભગવાનના દિવ્યધ્વનિના પ્રવચનનો સાર ! એમાં ચરણાનુયોગમાં આ વાત બધી નાખી છે. કેવું આત્મધ્યાન હોય એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય, એને પરમાત્મપદ મોક્ષપદની પ્રાપ્તિ થાય ? પુરુષાર્થ મંદ થાય અને શુભોપયોગમાં આવે તોપણ એને પરમાત્મપદ મોક્ષપદની પ્રાપ્તિ થતી નથી. મુનિ હોય તો એના ફળમાં જાય દેવલોકમાં, સજા ભોગવે લાંબા આયુષ્યની અને આકુળતાની ! બળબળતા અંગારામાં શેકાય. એવું લીધું છે. સ્વર્ગના દૈવી વૈભવમાં લહેર કરે એમ ન લીધું. દીર્ઘકાળ પર્યંત બળબળતા અંગારામાં શેકાય છે એ એમને પોસાતું નથી.

અહીંયાં 'સોગાનીજી' ના પાડતા હતા. હેં...! ૩૩ સાગરના આયુષ્ય સુધી ચર્ચા કરવી પડે ! અહીંયાં મારે અત્યારે કોઈની સાથે ચર્ચા-ફર્ચામાં પડવું નથી તો ત્યાં ૩૩ સાગર સુધી કોની સાથે ચર્ચામાં પડવું ? ઠીક ! આ તો ૩૩ સાગરની વાત સાંભળતા માથું દુઃખવા આવે એવી વાત છે ! માથું ભારે થઈ જાય એમ કહે. કોણ માથાફોડ કરે એટલી ? ઈ તો આત્મામાં જામ્યા કે જામ્યા,

બહાર નીકળવાની વાત નહીં.

મુમુક્ષુ :– કેટલો મહિમા છે કે ૩૩ સાગર સુધી ચર્ચા ચાલે તોપણ ખૂટે નહિ !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનંત ગુણધર્મો છે ને ! સૂક્ષ્મ, સૂક્ષ્મ, બહુ સૂક્ષ્મ વિષય છે. એમાં ને એમાં ઉપયોગ રહ્યા કરે.

અહીં સુધી રાખીએ...

**અરે આત્મા ! અંતરમાં નજર કરીને જો તો ખરો ! કે તું કોણ છે ? તું સર્વથી ભિન્ન એક આત્મા છો. સિવાઈ કાંઈ નથી. તો પછી વિચાર કે આ રમત શી માંડી છે ? અને શા માટે માંડી છે ? ક્યાં સુધી આમ કર્યા કરવું છે ? શું હજી તને આ વ્યર્થ મિથ્યાભાવો નો થાક લાગતો નથી ? આ અગ્નિઝાળ (વિકલ્પોની પરંપરા)માં શાંતિ અનુભવાય છે ? બળતરામાં શાંતિ કે ટાઢક વળે ખરી ? તારા નિજકાર્યની જવાબદારીને કેમ વિસરે છે ? અને ભાનભૂલી પ્રવર્તે છે ? બે જવાબદારની કિંમત કેટલી ? બેજવાબદારપણે વર્તતા તેનું ફળ પણ ભોગવવું જ પડશે.**

– પૂજ્ય ભાઈશ્રી (અનુભવ સંજીવની – ૧૯૫૦)

**ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. ૧૧૯.**

## તા. ૨૦-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૧૯
## પ્રવચન નં. ૯૩

પાનું ૩૮. ૧૧૯મો બોલ છે. મુમુક્ષુ જીવની યથાર્થ ભૂમિકા કેવી હોય એ વિષય પર આ બોલ છે. કહે છે, '**ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે...**' એટલી અસર થાય છે એમ લેવું. એમ માનીને એમ ને એમ સાંભળ્યા કરે છે કે રોજ ઈ ને ઈ વાત આવે છે અને અસર થતી નથી. એ યથાર્થ ભૂમિકા (નથી).

એક તો એ વાણી અતિ પ્રિય લાગે છે. પોતાને હિતકર હોવાથી ઉત્સાહથી અને પોતાના હિતબુદ્ધિના દૃષ્ટિકોણથી જે સાંભળે છે અને એ સાંભળતાં જેને મર્મસ્થાનમાં ચોંટ લાગે છે એને સાદી ભાષામાં એમ કહ્યું કે, એનું હૃદય ભેદાઈ ગયું છે. માણસને કોઈ કઠોર વચન કહે ત્યારે એમ કહે કે, અમારા હૃદય ઉપર બહુ અસર થઈ ગઈ છે. એમ નથી કહેતા ? બીજી રીતે કહીએ તો આખો આત્મા અંદરથી હલી ગયો છે, હલાવી નાખ્યો છે. ગુરુની વાણીએ મુમુક્ષુના

આત્માને હલાવી નાખ્યો છે.

બહુ માર્મિક વચન છે. **'ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે,...'** સ્વરૂપ પ્રાપ્તિ માટેની ભાવના અને લગની એવી છે કે જેને લીધે તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. યથાર્થ ભૂમિકાનું આ મુખ્ય ચિહ્ન છે. જગતના પદાર્થો પણ ભોગવવા છે, જગતના પદાર્થોનો પણ મહિમા અને આશ્ચર્ય છે, એની વિધવિધતાની પણ કિંમત છે એને આત્મા બાજુ વળવાનો કોઈ અવકાશ નથી. કઈ રીતે વળશે ? બે વિરુદ્ધ વસ્તુ છે. આત્મા પોતે નિર્વિકાર ચૈતન્યરસનો પિંડ છે એની રુચિમાં, એની લગનીમાં, એની ભાવનામાં બાહ્ય પદાર્થો પ્રત્યેના પરિણામ દુઃખમય લાગ્યા વિના રહે નહીં. લાગે જ લાગે. એટલે દુઃખમાં પણ મજા અને સુખમાં પણ મજા એવું કેમ બને ? જેને દુઃખમાં મજા છે એને દુઃખને દુઃખરૂપે જાણ્યું નથી, એને આત્માના સુખની ગંધ પણ આવતી નથી. આત્મા કેવો નિરાકુળ સુખસ્વરૂપ છે એ વિષયથી તદ્દન અજાણ્યો હોય છે અને જેને એની હવા પણ આવે છે, અહીં તો હજી ભૂમિકાનો વિષય છે, હજી અનુભવ નથી થયો હજી તો લગની છે તોપણ **'તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.'** એવી વાત લીધી છે.

સમ્યક્‌દૃષ્ટિના વૈરાગ્યની – અંતરંગ વૈરાગ્યની તો શું વાત થાય ? કેમકે એ તો ચાલતા રાગાંશથી પણ વિરક્ત થઈને જુદો પડે છે, ભિન્ન થઈને પરિણમે છે. ચાલતો રાગ છે એમાં પણ એને રસ નથી. એનાથી પરદ્રવ્યવત્ ભિન્ન પડી જાય છે. એટલો નીરસ થઈને જુદો રહે છે તો પછી રાગના વિષયમાં એને પ્રીતિ છે કે રાગના વિષયમાં એનું ચિત્ત ચોંટેલું છે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અહીંયાં તો એ પહેલા આવી પરિસ્થતિ હોય છે કે એક શુદ્ધાત્માની પ્રાપ્તિની અનુભવની એવી ભાવના અને ભાવના પણ સામાન્ય નહીં, જેને લગની લાગી છે એટલે એની પાછળ પડ્યો છે, એમ છે. જ્યાં સુધી કાર્યસિદ્ધ ન થાય ત્યાં સુધી સુખ નહી, ચેન નહીં, નિરાંત નહીં અને બધે અરસ પરિણામ કામ કરે. એનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી.

આ ગ્રંથની અંદર આ વિષયના ઘણા બોલ છે. મુમુક્ષુની ભૂમિકા અનેક

પડખેથી એકદમ સ્પષ્ટ કરી છે. 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં મુખ્ય વિષય આમાંથી લીધેલો છે. મોક્ષાર્થીની ભૂમિકાનું જે પહેલું પ્રકરણ લીધું છે એનો મુખ્ય વિષય આ શાસ્ત્રના આધારે (લીધો) છે. વચનો પણ આધારમાં લીધા છે (અને) વિષય પણ એ જ છે.

**'તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** એક પોતાનો આત્મા અથવા એક પોતાનું પરમ સ્વરૂપ (જ જોઈએ છે). પરમ સ્વરૂપ પોતાનું હોવા છતાં અનુભવમાં પોતાથી જ, પોતે જ પોતાથી જે વેગળો રહે છે એ વાત હવે એને પોસાતી નથી. આવી વાત છે. પોસાતી નથી, માણસો નથી કહેતા ? આ વાતનું અમને પોસાણ નથી. **'તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.'** પોતાના જન્મ-મરણની એને દયા આવી છે, પોતાના દુઃખની પણ દયા આવી છે. ભલે જાતિસ્મરણ નથી પણ શ્રુતજ્ઞાનમાં વિચારજ્ઞાનમાં બધું છે કે, આ આત્મા કેટલો દુઃખી થયો ? ક્યાં ક્યાં જન્મ–મરણ કર્યાં ? એની હવે એને પોતાને દયા આવી છે.

'શ્રીમદ્જી' તો લખે છે કે એની વેદના આવે. અત્યારે એને એની વેદના ચાલે છે. જેમ માણસને ભૂતકાળમાં દુઃખ પડ્યું હોય અને અત્યારે સંભારે ત્યાં રડવા લાગે કે અરે..રે...! અમને આમ કીધું હતું ને અરે..રે...! અમને આમ કરી નાખ્યું હતું, અમને આવી તકલીફમાં મૂકી દીધા હતા. રડે છે કે નહીં ? યાદ કરે ત્યાં એને એટલું દુઃખ થાય કે રડવું આવી જાય ! એ તો કાંઈ નથી એટલા દુઃખ એણે ભોગવ્યા છે કે એની વેદનાને વશ એને હવે જન્મ-મરણ રહિત પરમાત્મા એ એક જ ઉપાદેય છે, બીજું કાંઈ ઉપાદેય નથી.

જેને પોતાનું જ પરમ સ્વરૂપ ઉપાદેય હોય એને બીજું કાંઈ આડું આવતું નથી. પોતાના પરમ સ્વરૂપને ઉપાસવા માટે પછી કોઈ એને આડું આવી શકતું નથી અથવા એને કોઈ રોકી શકતું નથી, એને કોઈ પ્રતિબંધ હોઈ શકતો નથી. જગતમાં કોઈ દ્રવ્ય, કોઈ ભાવ, કોઈ પદાર્થ, કોઈ પદાર્થના પરિણામ એવા નથી કે જીવને પોતાનું સ્વકાર્ય કરતા રોકી શકે. એવું નથી બનતું.

કરવું છે અને થતું નથી એમ જે ફરિયાદ કરવામાં આવે છે કે અમારે

તો ઘણુંય અમારું કરવું છે પણ થતું નથી, વાત ખોટી છે. પોતાના જ પરિણામ પોતાને રોકે છે, પોતાના જ પરિણામ પોતાને આડા આવે છે. કોઈ સંયોગને લઈને ઉપાધિ કરવી પડે છે માટે અમારું કાર્ય અમને થતું નથી, એ વાત તદ્દન ખોટી છે, પોકળ છે, બહાનું છે વસ્તુસ્થિતિ એવી છે નહીં.

મુમુક્ષુની યથાર્થ ભૂમિકામાં આ સ્થિતિએ મુમુક્ષુ આવે કે તેને એક પરમાત્મા જ જોઈએ છે અને બીજું કાંઈ જોઈતું નથી એને એના પરમાત્માનો ભેટો અંતરંગમાં ન થાય એવું કદી બનતું નથી. એ જ્ઞાનીઓ અનુભવથી સિદ્ધ કરીને કહે છે કે, એ સ્થિતિમાં જ્યારે અમે આવ્યા ત્યારે અમને અમારા પરમાત્માનો સાક્ષાત્કાર થયો અને એ સ્થિતિમાં જ્યાં સુધી બીજાઓ આવતા નથી ત્યાં સુધી એને સ્વરૂપદર્શન થવાની પરિસ્થિતિ હોતી નથી. એ વાત બિલકુલ અનુભવથી સ્પષ્ટ છે. અને એ સમજી શકાય એવું છે કે જેને આ એક જ જોઈએ અને બીજું નથી જોઈતું એને બીજું શું નડે ? બીજું જોઈએ છે એવો ભાવ પોતાને નડે છે. મારે આત્મા પણ જોઈએ અને મારે બીજી જગતની અનુકૂળતાઓ પણ જોઈએ. પુણ્ય પણ જોઈએ, રાગ પણ જોઈએ અને પુણ્યના ફળ પણ જોઈએ અને મને આત્મા પણ જોઈએ, પુણ્ય રહિત-પાપ રહિત આત્મા પણ જોઈએ – બે વાત તો એકસાથે બનતી નથી. એક મ્યાનમાં બે તલવાર કોઈ દિવસ સમાય નહીં.

મુમુક્ષુ :– જ્ઞાનીને પ્રશ્ન પૂછે કે, અમને અનુભવ કેમ થતો નથી ? અહીંયાં ચોખ્ખું લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એક વાતમાં બધું આવી જાય છે. આ તો જ્ઞાન કરાવે છે, મુમુક્ષુની યથાર્થ ભૂમિકાનું જ્ઞાન કરાવે છે કે જો ભાઈ ! આવું થયું છે તને ? આવું કાંઈ તને થાય છે ? તો વાત તારી પાકી, તારો નિવેડો થઈ ગયો.

મુમુક્ષુ :– આમાં ચોખ્ખું વાંચે છતાં પૂછ પૂછ કરે કે, અમને કેમ અનુભવ થતો નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે બાહ્ય દૃષ્ટિ છે ને એટલે જાણે કે જ્ઞાન બહારથી મળશે એવો એક અભિપ્રાય વિચાર્યે કે વગર વિચાર્યે જીવને થઈ જાય છે. બાહ્ય દૃષ્ટિમાં જ્ઞાન પણ બહારથી મળશે અને મારું હિત પણ કો'ક બીજો

કરી દેશે એવો એક અભિપ્રાય હોય છે. એટલે એને એવું કાંઈક લાગે કે આ કાંઈક છે અહીંયાં તો એને પૂછ પૂછ કરે અને એનાથી જાણે હિત થઈ જશે એવો પ્રયત્ન એને જાણ્યે-અજાણ્યે થાય છે. બાકી જેને પોતાને અંતરશોધ વર્તે છે, અંતર અવલોકન હોય છે, પોતાની અંતર તપાસ હોય છે એને તો મોટાભાગના જવાબ એના પોતામાંથી જ મળે છે. પોતાના પ્રશ્નોનું સમાધાન એને અંદરમાંથી એનો આત્મા જ આપે છે. એટલે આત્માને નિશ્ચયગુરુ કહેવામાં આવે છે. જેમ ગુરુ શિષ્યનું સમાધાન કરે છે એમ બહુભાગ સમાધાન તો પોતાનો આત્મા જ કરે છે, નિર્દોષ પરમાત્મા જ કરે છે. પણ બાહ્ય દૃષ્ટિ છે (એટલે પૂછ પૂછ કરે છે). બહુભાગ તો જીવને બીજા ઉપર દૃષ્ટિ છે. તપાસે તો ખ્યાલ આવે (કે) બહુભાગ તો બીજા ઉપર દૃષ્ટિ છે કે આનું આમ કેમ ? આનું આમ કેમ ? આનું આમ કેમ ? આનું આમ કેમ ? એ દૃષ્ટિની અંદર પોતાને માટે આ વાત છે કે કેમ એ વાત ભૂલાઈ જાય છે.

આત્મલક્ષી વિચારણાવાળાને તો કોઈપણ વાત પોતાને કેવી રીતે આત્મહિતમાં ઉપયોગી થાય છે - આ મુખ્ય લક્ષ રહે છે અને એથી એને અસમાધાનનો પ્રકાર જ ઘટી જાય છે, કો'ક હોય છે તોપણ અંદરથી (સમાધાન) આવી જાય છે. એનો અર્થ એ નથી કે તત્ત્વચર્ચા અથવા સત્સમાગમ અને પ્રશ્નચર્ચા ન કરવી એવું નથી, એવો એનો અર્થ નથી. એ તો જે વિષય પોતાને પ્રિય લાગે છે તે વિષય વિશેષપણે વ્યક્ત થતો હોય તો એ વ્યક્ત કરવા અર્થે પણ પ્રશ્ન પૂછવામાં આવે છે. અથવા ખરેખર તો સામાન્ય રીતે એવું સમજાતું હોવા છતાં પોતાને કઈ રીતે આગળ વધવું છે એવી જિજ્ઞાસાથી પણ પ્રશ્ન આવી શકે છે.

મુમુક્ષુ :- પોતાની વાત કરતાં જુદું જુદું નીકળે ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે શું છે કે પોતાને એ રીતની વિધિ કેવી રીતે (છે) ? એ રહસ્યનો વિષય છે, એ ગુપ્ત વિષય છે, એ ગુપ્ત તત્ત્વ છે. એ જ્ઞાનીની વાણીમાં વ્યક્ત થાય છે એટલે એ વ્યક્ત થાય છે એને સમજવા માટે વિશેષ જિજ્ઞાસાથી બીજા પૂછે તોપણ સાંભળે અને પોતે પૂછે તોપણ સાંભળે. પોતે પૂછે તો સાંભળે એમ નહીં બીજા પૂછે તોપણ સાંભળે. અથવા અનુભવીની વાણીમાં

અનુભવરસ હોય છે, આત્મરસ હોય છે અને એ આત્મરસની પુષ્ટિ થાય છે. આત્મરસયુક્ત જે વચનો આવે છે, જે વાણી આવે છે એ વાણી સાંભળતા પોતાને પણ આત્મરસની પુષ્ટિ થાય છે – પોષણ મળે છે, પોતાની રુચિ વિશેષ વૃદ્ધિગત થાય છે, પોતાને એ વિષય વધારે રુચે છે તો એ કારણે પણ એ સાંભળે છે. એમ બને છે. એમ સાંભળવા સાંભળવામાં તો પ્રકાર અનેક છે.

શ્રીગુરુની વાણીનો મુખ્ય વિષય શુદ્ધાત્મા છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ છે અને એ સાંભળતા જેનું હૃદય ભેદાઈ ગયું છે, એનું મર્મસ્થળ ભેદાઈ ગયું છે કે આ વાત મેં કદી સાંભળી નહોતી. સાંભળવા સાંભળવામાં આવો ફેર પડે છે. પેલાને એમ લાગે છે કે આ વાત તો મેં ઘણીવાર સાંભળી છે, મને ખબર છે ને ફરીને સાંભળું છું અને આને એમ થાય છે કે જાણે કોઈ નવી વાત છે ! મારા માટે જ કોઈ નવી વાત થઈ રહી છે !!

મુમુક્ષુ :– 'ગુરુદેવ' કહેતા હતા ને કે દર વખતે વાંચીએ ત્યારે નવું નવું નીકળે છે.

પૂજ્ય ભાઈશ્રી :– નવા નવા ભાવ નીકળે છે, ઊંડે ઊંડેથી ભાવ નીકળે છે. નવીનતા ભાવમાં આવે છે, અધ્યાત્મની નવીનતા આવે છે, અંદરથી નવો રસ આવે છે. એમ છે ખરેખર. પૂજ્ય 'બહેનશ્રી' પ્રત્યક્ષ ચર્ચામાં એવો શબ્દ વાપરે છે કે એને આ વચનોમાં અપૂર્વતા ભાસવી જોઈએ. આવા શબ્દ વાપરે છે. અહીંયાં હૃદય ભેદાઈ ગયું છે એમ લખ્યું છે. અપૂર્વતા લાગે છે. આ મેં પહેલા સાંભળેલી વાત છે, મને આ ખબર છે, આ તો આત્માની લગનીની વાત અવારનવાર આવે છે. એને અપૂર્વ લાગે છે. જેને અપૂર્વ લાગે છે એને કઈ ભૂમિકામાં અપૂર્વ લાગે છે ? અને જેને અપૂર્વ નથી લાગતું ને એમ લાગે છે કે આ તો ખબર છે, એની કઈ ભૂમિકા છે ? આ બન્ને વચ્ચેનું અંતર સમજવા જેવું છે. અથવા પોતાને અપૂર્વ લાગે છે કે નહીં ? અને નથી લાગતું તો એવું ક્યુ કારણ છે કે જેને લઈને નથી લાગતું ? એ વાત વિશેષ વિચારવા જેવી છે.

મુમુક્ષુ :– આ વચન એવું છે કે પોતાનો ખ્યાલ તો આવી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આવી જ જાય. જો પોતાને જોવાનો અભ્યાસ હોય તો એને જરૂર પોતાનો ખ્યાલ આવી જાય એવું છે, ન આવે એવું નથી કાંઈ.

જો આત્માની લગની, આવા આત્માની વાત સાંભળ્યા પછી પણ લાગતી નથી અને એવી ચોંટ પણ લાગતી નથી, જેને હૃદય ભેદાઈ ગયું એમ કહ્યું એવી ચોંટ પણ લાગતી નથી તો જીવ કોઈ એવા રાગરસમાં અને અન્ય સંયોગના રસમાં ઊભો છે અને એ વિષય પ્રત્યેનો એનો માત્ર રાગ એટલે ચારિત્રમોહ નહીં પણ એનો દર્શનમોહ એટલો તીવ્ર પ્રવર્તે છે કે સામે યથાયોગ્ય નિમિત્ત હોવા છતાં એની ચોંટ લાગતી નથી. લાકડી મારે અને લાકડી ન વાગે, ઉપદેશની લાકડી શ્રીગુરુ મારે અને ન લાગે તો દર્શનમોહનું ગોદડું ઘણું જાડું ઓઢેલું છે.

એટલે એનો અર્થ એ થવો જોઈએ કે, જેમ કોઈ મોટા રોગની શંકા પડે તોપણ જીવને ગભરાટ થાય છે. થાય કે નથી થતો ? કેન્સર જેવા મોટા રોગનું (નિદાન થાય), એથી મોટો હવે નીકળ્યો છે – એઈડસ ! નામ સાંભળે તોપણ એને ગભરાટ થાય છે તો આ તો નિદાન પાકું થઈ ગયું. નામ સાંભળવાનો સવાલ નથી રહેતો. જો તને દર્શનમોહનું ગોદડું આટલું જાડું છે તો અનંત જન્મ-મરણના કેન્સરની અંદરમાં ગાંઠ થઈ ગઈ છે, (એમ) ગભરાટ થવો જોઈએ. એ પણ એક પાત્રતાનું લક્ષણ છે કે જીવને પોતાના અહિતના કારણથી ગભરાટ થાય. આ પાત્રતાનું લક્ષણ છે. અહિતના કારણથી એને ગભરાટ થાય, અંદરમાં ભય થઈ આવે. એને ભવભ્રમણનો ભય કહેવામાં આવે છે.

જેમ આંક બધા બતાવે એમ આ મુમુક્ષુની ભૂમિકાનો એક આંક છે. આમ થાય છે ? આમ થાય છે ? આમ થાય છે ? આ સ્થિતિ છે ? તો તારી ભૂમિકા યથાર્થ છે. આ સ્થિતિ ન હોય તો ભૂમિકાની પણ વાત નથી, અનુભવનો તો વિચાર જ કરવા જેવો રહેતો નથી.

એક વિશેષ વિચાર માગે એવો વિષય એ છે કે ભલે યથાર્થ ભૂમિકામાં ન હોય એવો મુમુક્ષુ પણ કાંઈક ને કાંઈક તો પરિશ્રમ કરે છે ને ? શાસ્ત્ર વાંચવાનો પરિશ્રમ કરે છે, શાસ્ત્ર સાંભળવાનો પરિશ્રમ કરે છે, એ વખતે કાંઈક ને કાંઈક વિચારવાનો પરિશ્રમ કરે છે તો એ ત્યાં જે પુરુષાર્થ લગાવે છે એના

બદલે યથાર્થપણે પુરુષાર્થ કામ કરે. કાંઈને કાંઈ પુરુષાર્થ તો કામ કર્યા વગર રહેતો નથી તો જે પરિશ્રમ એનો વ્યર્થ જાય એ રીતે કરે છે, એ જ પરિશ્રમ એનો વ્યર્થ ન જાય એ રીતે કરે, બસ ! પરિશ્રમ તો એટલો ને એટલો જ છે એથી વધારે નથી કાંઈ. પણ રીત બદલવાની છે અથવા જેમ કહે છે કે તું બીજા વિચાર કરે છો કે જે બીજા પદાર્થોનાં વિચાર કરતાં તારું કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી, માણસને વગર પ્રયોજનના અલકમલકના પણ વિચાર આવે છે કે નહીં ? તો એના બદલે આત્માનો અને આત્મહિતના વિચારમાં સમય કાં પસાર ન કરવો ? ઈ પણ વિચાર જ છે. તો એમ વિચારનું પડખું જેમ બદલી શકાય છે એમ પુરુષાર્થને જોવે કે મારો સમય અને મારી શક્તિનો વ્યય તો ક્યાંક થાય જ છે. જો અહીંયાં થાય છે તો એમાં એટલી ક્ષમતા છે – એટલી શક્તિ છે એટલી જ શક્તિ જો એ આત્મહિતમાં લગાવવામાં આવે તો આત્મકાર્ય થાય અને આત્મહિતમાં ન લગાવવામાં આવે તો આત્મકાર્ય ન થાય. બન્ને વાત છે. તો ઉપયોગ ક્યાં કરવો ? એ સવાલ છે. સમય અને શક્તિનો ઉપયોગ ક્યાં કરવો ? એટલો પ્રશ્ન છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' તો આવી વાણી કહેતા હતા, 'ભગવતી માતા'એ આ જીવનમાં શું કર્યું એ આ ચિતાર મૂક્યો છે. 'સોનગઢ' જઈને મુખ્યતાએ શું કર્યું એનો ચિતાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પોતાના અનુભવની જ વાત મૂકી છે. બીજી રીતે કહીએ તો જેટલી મુમુક્ષુની ભૂમિકાની વાત આવે છે એમાં પોતાનો અનુભવ લખીને અથવા ભાષામાં બહાર આવી ગયો છે એમ કહીએ તો ચાલે. પોતાને ગુરુની વાણીથી હૃદય ભેદાઈ ગયું અને એક આત્મા સિવાય કાંઈ જોઈતું નથી એ લગની લાગી તો પોતે અનુભવ કરી લીધો.

એટલે વિચારવા જેવું એ છે કે બીજું કેમ જોઈએ છે ? જો અંદરથી આવો પરમાત્મા પ્રગટ થાય એવું છે અને એની ખાતરી આપનારા મોજૂદ પણ છે તો બીજું પણ તારે કેમ જોઈએ છે ? અને બીજું જોઈને બીજું મળવાનું છે કાંઈ તને ? બીજું જોઈએ છે એટલે બીજું કાંઈ મળી જવાનું છે કાંઈ ? તારા આત્મામાં

આવી જવાનું છે ? બીજું પણ કાંઈ તારા આત્મામાં તો આવવાનું નથી. જોઈએ છે... જોઈએ છે... જોઈએ છે... એવો ભાવ રહી જશે અને એ ભાવમાં તું પરિભ્રમણ કરતો રહી જઈશ, બાકી બીજું કાંઈ તો તને મળવાનું નથી અને તારા આત્મામાં આવવાનું નથી. એમ સમજીને પણ એણે એનું ચિત્ત ક્યાંય ન ચોંટે અને બધો રસ એનો ઠંડો થઈ જાય, વિકલ્પ થાય પણ એનો રસ ઠંડો થઈ જાય. વિકલ્પ તો એમ જલદી નહીં છૂટે. પહેલો વિકલ્પનો રસ છૂટશે, વિકલ્પની રુચિ છૂટશે પછી વિકલ્પ છૂટશે. એ કારણ તો એને આ વાત સાંભળીને, વિચારીને બરાબર યથાર્થપણે થઈ જવું જોઈએ.

મુમુક્ષુ :– સમય અને મહેનત બીજે વેડફાય છે એને બદલે આ કરે તો શું વાંધો ?

પૂજ્ય ભાઈશ્રી :– બન્ને જગ્યાએ નકામી જાય છે. એનાથી તને કાંઈ ફળ નથી. જેમ મધપૂડા સામે જોયા કરે અને હમણાં મધ પડશે... હમણાં મધ પડશે... હમણાં મધ પડશે... પણ મધ પડે નહીં અને એને આકુળતા મટે નહીં. એમ આ જીવની આકુળતા મટતી નથી. સરવાળે એ થાય છે. અને વિશેષ નુકસાન તો એ છે કે એને મિથ્યાત્વની જે ગાંઠ છે એ એવી દૃઢ રહે છે કે એમાંથી અનંત જન્મ-મરણની પરિસ્થિતિ ઊભી રહે છે. આ એક બહુ જબરદસ્ત આની અંદર કોઈ વિશેષ મેલપ (છે), નથી કહેતા ? આ કેન્સરનું Analysis કરે ત્યારે એમ કહે છે કે Malignancy આવી કે નહીં ? એટલે એવી મેલપ આવી કે નહીં કે જેમાં કેન્સર છે ? આ મિથ્યાત્વમાં આટલી Malignancy છે !

સામાન્ય જે વિકલ્પ થાય છે એમાં એમ ન લાગે કે એમાં શું બીજું ? એવા તો કાંઈ આકરા પરિણામ નથી થતાં. કષાયની મંદતા હોય, વાંચન વિચાર ઉપલક–ઉપલક કરતા હોય તો એને એમ થાય કે આપણે કાંઈક તો કરીએ છીએ ને ? દેવદર્શન કરીએ છીએ, પૂજા કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, યથાશક્તિ દાન કરીએ છીએ, વાંચીએ છીએ, વિચારીએ છીએ. એ કષાયની મંદતામાં જીવન ચાલ્યું જાય છે પણ મિથ્યાત્વની ગાંઠનું શું ? આ વિષય એણે ગંભીરતાથી લક્ષમાં લેવો જોઈએ.

'ગુરુદેવ' 'પરમાગમસાર'ની અંદર કહે છે, પહેલો પ્રયત્ન એણે દર્શનશુદ્ધિનો કરવો જોઈએ. રાગને મંદ કરવાના પ્રયત્નમાં પડે અને સંતોષ માને કે ના, ના કાંઈક તો કરું છું, રાગ તો કાંઈક મંદ રહે છે, એવા કાંઈ આકરા પરિણામ કરતો નથી. એમ નહીં. એ રીતે મંદ રાગની અંદર જીવન નીકળી જાય તો એથી કાંઈ એને મિથ્યાત્વ મટવાનું નથી અને તક હાથમાંથી ચાલી જશે. મનુષ્યભવ તો એક બહુ મોટી તક છે પછી એટલી વિચાર શક્તિ રહેતી નથી. કેમકે કાં તો પુણ્ય વધ્યું હોય તો દેવલોક આદિ અથવા કોઈ શ્રીમંતાઈ કે રાજાઈમાં જાય અને એમાંથી નવરો થાય નહીં અને પાપ વધી ગયું હોય તો તિર્યંચ-નારકીમાં જાય તો એમાંથી છૂટી શકે નહીં. પરિણામ એમાંથી નીકળી શકે નહીં. અહીંયાં મધ્યસ્થ – મધ્યમકક્ષાના પરિણામ છે. વિચાર કરવા માટે મનુષ્યની બહુ સાનુકૂળ પરિસ્થિતિ છે. વિચાર કરવાની સ્થિતિ સારી, દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ, સાચું કહેનારા જ્ઞાનીનો યોગ, સબ અવસર આ ચુકા હૈ ! એના જેવી વાત છે. પછી કષાયની મંદતામાં સમય ગાળે તો એને (આ બધું મળ્યું એ વાત નકામી જવાની છે). લગની ન હોય તો હોતા હૈ, ચલતા હૈ, કરીએ છીએ, થાય છે. કરીએ છીએ ને થાય છે એવું એને લાગ્યા જ કરે. ના, ના કાંઈક કરીએ છીએ અને થાય છે.

પ્રશ્ન :– તીવ્ર રસે કરીને ભ્રાંતિના વમળમાં ફસાયા કરે એટલે એને ગુરુની લાકડી વાગતી નથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો બરાબર છે. જીવને સુખની ભ્રાંતિ છે અને સુખની ભ્રાંતિ પાછળ એને વિકલ્પની ભ્રમજાળ એટલી બધી ઉત્પન્ન થાય છે કે પછી એને આ વાતની અસર પણ પહોંચતી નથી. બરાબર છે. દર્શનમોહ તીવ્ર છે. ટૂંકામાં કહીએ તો જ્યાં દર્શનમોહ તીવ્ર પ્રવર્તતો હોય ત્યાં દર્શનમોહના વિરુદ્ધનો વિષય અસર કરે નહીં.

દર્શનમોહની મંદતામાં ઉપદેશની અસર વિશેષ થાય છે અને ત્યાં પણ દર્શનમોહની મંદતામાં નહીં અટકતા એનો અભાવ થઈને જન્મ-મરણની ગાંઠ છેદાઈ જાય એટલી સ્થિતિએ એને અવિરતપણે લગનીથી પુરુષાર્થ હોવો જોઈએ. નહીંતર

દર્શનમોહ મંદ પણ અનંતવાર થયો છે. દર્શનમોહની મંદતામાં નથી આવ્યો એવું કાંઈ નથી, પણ અભાવ નથી કર્યો. દર્શનમોહની પ્રકૃતિની વિચિત્રતા છે કે મંદ થયા પછી જો અભાવ કરવાના પુરુષાર્થનું પરાક્રમ જીવ ન ફોરવે, ન કરે તો વળી પાછું એ તીવ્ર થાય. એ મંદ ને મંદ રહે નહીં પાછો તીવ્ર થઈ જાય. એટલે જેને દર્શનમોહ મંદ થયો હોય, જ્યારે એને શ્રીગુરુનો ઉપદેશ સુહાતો હોય એને એવું જ્યારે થતું હોય કે નહીં આત્મહિત કરી લેવા જેવું છે એવું ઘણું જોરથી અંદરથી લાગે છે અને આત્મહિતની એ લાગણી કાંઈક વિશેષ તીવ્ર થઈ છે ત્યારે એમાં ને એમાં આગળ વધીને એ દર્શનમોહનો અભાવ કરે એવી સ્થિતિએ પહોંચી જવું જોઈએ. એમાં અટકીને પાછો દર્શનમોહ તીવ્ર થઈ જાય એ પરિસ્થિતિમાં પાછો ન આવે એ વાત એની વિચક્ષણતાની બહાર નહીં હોવી જોઈએ. લગભગ તો એટલે હદ સુધી મુમુક્ષુની વિચક્ષણતા નથી હોતી ત્યારે પાછો પડી જાય છે. પ્રાયઃ જીવનમાં એવું બને છે, એવું અનંતવાર આ જીવને વિશે પણ બન્યું છે કે, કાંઈક મુમુક્ષુતા આવી હોય, કાંઈક જ્ઞાનીનો સંગ થયો હોય, કાંઈક ઉપદેશ સુહાણો હોય વળી પાછો પાછો પડી જાય. કેમ ? (કેમકે) થોડો દર્શનમોહ (મંદ) થયો એમાં આગળ વધવાને બદલે ત્યાં અટક્યો. કાંઈક સંતોષ માન્યો, કાંઈક ઠીક લાગ્યું તો દર્શનમોહ વળી પાછો તીવ્ર થાય છે. આ પ્રકૃતિ થોડી વિચિત્ર છે.

મુમુક્ષુ :- દર્શનમોહની મંદતા જોખમી ચીજ છે, ત્યાં જીવ મોટાભાગે છેતરાય જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો ખરેખર તો રાગની - ચારિત્રમોહની મંદતામાં જાજો છેતરાય છે. કેમકે દર્શનમોહ ઉપર તો ખ્યાલ જ ઓછાનો છે. બહુ ઓછા જીવને ખ્યાલ જાય છે કે, આ દર્શનમોહ મંદ થાય છે. જો દર્શનમોહના વિષયની અંદર જીવ જાગૃત હોય, વિચક્ષણ હોય તો તો એને ખ્યાલ આવે કે દર્શનમોહની મંદતા વર્તે છે, (તો) પુરુષાર્થમાં એકદમ પ્રગતિ કરવાના પંથે એ જોર કર્યા વગર રહે નહીં. જેમ માણસને નથી થતું ? કોઈ વેપારમાં સવળું પડી જાય પછી શું કરે છે ? આપણે વેપાર કર્યો છે ને ? ફેવર પડી ગયું છે. તો કેટલો મોટો

વેપાર ખેડી નાખે ? કે ગજા બહારનો ખેડી નાખે. અત્યારે સવળું પડી ગયું છે અને આપણે ધારીએ છીએ એમ બજાર જતી જાય છે, કરી લ્યો વેપાર થાય એટલો ! એમ જેને દર્શનમોહનો ખ્યાલ છે કે આ દર્શનમોહ ગળતો જાય છે, ઈ તો એની અંદર જોર કરીને દર્શનમોહને તોડી નાખે. પણ દર્શનમોહ મંદ થાય છે ત્યારે પ્રાયઃ ચારિત્રમોહ પણ મંદ સાથે સાથે થાય જ છે. જેને દર્શનશુદ્ધિ ઉપર લક્ષ નથી અને ચારિત્રમોહની મંદતા ઉપર લક્ષ જાય છે, (એ) થોડોક સંતોષાય જાય છે અને વળી પાછો ફરીને દર્શનમોહને તીવ્ર કરી બેસે છે.

એક દૃષ્ટાંત લઈએ કે, સામાન્ય રીતે 'ગુરુદેવ' પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં પહેલા મુમુક્ષુ જીવો નહોતા અને પછી આ નિરૂપણ સારું લાગ્યું, આત્મહિતકર લાગ્યું, બીજાથી વિશિષ્ટ લાગ્યું. એમ તો કહી શકાય એવું છે કે જગતમાં આ વાત ક્યાંય બીજે નથી. આખું જગત નજર સામે રાખીને સરખામણી કરી શકાય એવું છે. એટલે આકર્ષણ થાય છે. હવે આવા આત્માની પરમહિતની વાતનું આકર્ષણ થાય ત્યારે દર્શનમોહ જરૂર મંદ થાય. એ વાત ફરી ફરીને સાંભળવાનું, વિચારવાનું અને એમાં આગળ વધવાનો અભિપ્રાય પણ થાય અને એ જ વખતે તારો ચારિત્રનો રાગ પણ, ચારિત્રનો મોહ પણ મંદ થવાનો. પૂજા, ભક્તિ, સ્વાધ્યાય, દયા, દાન, યાત્રા આદિના પ્રસંગ પણ થવાના જ. તો દર્શનમોહ મંદ થાય (એટલે) આપોઆપ સાથે સાથે ચારિત્રમોહ મંદ થાય જ છે. ચારિત્રમોહ મંદ થાય (અને) દર્શનમોહમાં વિચક્ષણતા ન હોય એટલે પછી ત્યાં અટકવાનું કારણ બને (કે), ચાલો, આટલે તો આવ્યા. પહેલા આટલું નહોતા કરતા હવે આટલું કરીએ છીએ. એમ નજર નીચે જાય (એટલે) દર્શનમોહ તીવ્ર થવાનો. એટલે વળી ત્યાં અટકે, ત્યાં પાછો દર્શનમોહ તીવ્ર થવા લાગે એટલે વળી પાછો પડવા માંડે.

પ્રશ્ન :- આવા ટાણે શું તકેદારી રાખવી ?

સમાધાન :- એટલે એને એમ લાગે કે જ્યારે મને આત્માની વાત રુચિ છે અને રુચે છે ત્યારે હું હવે એવા પુરુષાર્થની અંદર પ્રવર્તમાન રહું કે જેથી એક વખત અનુભવ સુધી તો જ્યાં સુધી હું પહોંચું નહીં ત્યાં સુધી જંપ વળે નહીં. એને જંપ ન વળે. વેપારમાં એમ જ કરે છે ને ? જ્યાં સુધી નફો ઘર

ભેગો થાય નહીં ત્યાં સુધી ભાઈને જંપ વળે નહીં. વેપાર કર્યો હોય, ફેવર પડ્યું હોય પણ નફો ઘરમાં ન આવે ત્યાં સુધી એને જંપ વળે નહીં. સીધી વાત છે કે નહીં ? કે માત્ર વેપાર કર્યાનો આનંદ લઈ લે છે ? બધું પાકું કરે છે. એમ પાકો વેપારી થાય તો વાંધો નથી. આ કાચો વેપારી છે કે ચારિત્રમોહનો રાગ મંદ થયો એટલે હરખાઈ ગયો કે ચાલો, મેં આટલું કર્યું, આટલું કર્યું, આટલું કર્યું.

એ વાતને તોડવા માટે 'ગુરુદેવ'ના પ્રહાર હતા કે તું લાખ કરોડ મંદિર બંધાવ ને ! એનાથી આત્માનું હિત નહીં થાય. પ્રતિષ્ઠા ચાલતી હોય ત્યારે પણ આ વાત કરે. મંદિરની પ્રતિષ્ઠા ચાલતી હોય અને પ્રવચન ચાલતું હોય તો એમ કહે કે, તું લાખ કરોડ (મંદિર) બંધાવ એનાથી ધર્મ નથી. ઈ શું કરવા કહે છે ? કે જોવે છે કે આ મુમુક્ષુ છે અને મંદિર બંધાવવાનો ભાવ થયો છે, બોલી બોલે છે, હોંશથી પૈસા ખર્ચે છે, મમત્વ ઘટાડે છે, બધું કરે છે. તો કહે, તારા લાખ કરોડ વાપરી નાખ, તને ધર્મ નહીં થાય. એમ શું કરવા કહે છે ? ગુરુતત્ત્વ છે. જોજે અહીંયાં ચારિત્રમોહ મંદ થયો છે અને તું છેતરાઈ જાતો નહીં.

મુમુક્ષુ :- દર્શનમોહ અને ચારિત્રમોહનો જરાક વિસ્તાર કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- દર્શનમોહને સમજવો થોડો અઘરો પડે છે કેમકે એમાં પણ જુદાં જુદાં અનેક પ્રકારના તબક્કા છે ને ? જેમ કોઈ અન્યમતિમાં છે, શ્વેતાંબર આદિમાં કે અન્યમતિમાં (છે), ત્યાંથી સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ આવે તો એના દર્શનમોહમાં ફેર પડે છે પણ એ બહુ સામાન્ય વાત છે.

'શ્રીમદ્જી'એ એક બહુ સુંદર વાત કરી છે ઈ આ પડખે કરી છે. જે સત્પુરુષ પ્રત્યેની ભક્તિ અને બહુમાન લીધું છે એ દર્શનમોહ ઉપર બહુ મોટો ઘા પડે છે. 'શ્રીમદ્જી'એ વાત શા માટે વિશેષ લખી એનું કોઈ રહસ્ય હોય તો દર્શનમોહ છે. બીજા જેટલા કોઈપણ પ્રકાર દર્શનમોહના રસને ગાળવાના છે તે સર્વ પ્રકારના પરિણામમાં એના અનેક પ્રકાર છે (એમાં) એક સત્પુરુષ પ્રત્યેનું બહુમાન, વિનય, ભક્તિ એક સહેલામાં સહેલો પ્રકાર છે. કેમકે એ પ્રગટ સત્ છે, વિદ્યમાન સત્

છે, પ્રગટ સત્ છે અને જો જીવ હિતબુદ્ધિએ સમાગમમાં અનન્ય ભક્તિથી જાય તો એનો દર્શનમોહ છૂટી જાય ત્યાં સુધી બહુ સહેલાઈથી આગળ વધી શકે.

એ વાત એમણે એક પત્રની અંદર તો એકદમ સ્પષ્ટ લખી છે. આમાં આપણે લીધું છે. એક પત્રમાં તો આ વિષય લીધો છે. ક્રિયામાર્ગે અને જ્ઞાનમાર્ગે આગળ વધવામાં કેટલીક તકલીફ છે. એમાં એમણે જ્ઞાનમાર્ગ તો સૌથી વધારે કઠિન લીધો છે. જે આ તત્ત્વજ્ઞાનનો વિષય છે એ વિશેષ કઠિન છે. પત્ર નંબર છે ૬૯૩. ૬૯૩ નંબરનો પત્ર છે. ઘણું કરીને ૨૯મું વર્ષ છે.

કહે છે કે, **'જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે;...'** (અર્થાત્) જ્ઞાનમાર્ગ છે ઈ દુષ્કરપણે આરાધી શકાય એવો કઠણ માર્ગ છે, **'પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે.'** પરમઅવગાઢ દશા એટલે શું ? કે આત્મપ્રાપ્તિની તીવ્ર લગની જે અહીંયાં ચાલતો વિષય ચાલે છે. જેને આત્માની અપૂર્વ ભાવના અને અપૂર્વ લગની લાગી હોય એ પરમઅવગાઢ દશા છે. એવી દશા પામ્યા પહેલાં કોઈ જીવ જ્ઞાનમાર્ગે આગળ વધવા માગે છે તો એને પડવાના ઘણાં સ્થાનક છે એમ કહે છે.

આ સીધી લાલબત્તી મૂકી છે કે તું જ્ઞાનમાર્ગમાં ઊભો છો તો ઊભો રહે. પહેલા તપાસ કર કે તારી અવગાઢતા કેટલી છે ? તારી લગનીની અને ભાવનાની સ્થિતિ શું છે ? આ આંક પહેલાં નક્કી કર નહીંતર આ માર્ગે જોખમ ઘણું છે. ક્યાંક તને સંદેહ થશે, વાંચતા વાંચતા, સાંભળતા સાંભળતા સંદેહના ઘણા ઠેકાણા છે. એ દર્શનમોહને વ્યક્ત કરે છે. વિકલ્પ વધી જશે. અનેક નય-ભંગજાળથી આ વિચારણા – વસ્તુની વિચારણા કરવા જતાં તું કેટલા વિકલ્પમાં જઈશ (એ) કહેવું મુશ્કેલ છે. ક્યાંક એવી નિશ્ચયની પ્રધાનતાની વાત આવશે (તો) કદાચ સ્વચ્છંદમાં પણ આવી જઈશ. પહેલાં ક્ષયોપશમ નહોતો, પહેલાં સમજાણું નહીં અને હવે સમજાણું તો કાંઈક મળી ગયું, જાણે જ્ઞાન મળી ગયું અથવા કષાય મંદ થયો તો કાંઈક શાંતિ પણ થઈ ગઈ એવું અતિપરિણામિપણું જેને કહે છે, એ વગેરે જીવને માર્ગથી પડવાના હેતુ અથવા કારણો છે. આ જ્ઞાનમાર્ગે આટલા જોખમ ઊભા છે અથવા આવી સ્થિતિમાં જીવ આગળ વધી શકતો નથી.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જરૂર દર્શનમોહની મંદતાનું નિમિત્ત હોવા છતાં આ પરિસ્થિતિમાં દર્શનમોહ વધી પણ જાય છે આ એની લાલબત્તી મૂકી છે.

હવે બીજી વાત લ્યે છે, ક્રિયામાર્ગે ચાલતા તો અસદ્અભિમાન થશે કે મેં ન ખાધું, મેં ત્યાગ કર્યો, મારે આ વ્રત છે, બસ ! જે દેહાદિ વસ્તુ પોતાની નથી એની ક્રિયા મેં કરી, એ પોતામાં અસત્ (છે અર્થાત્) પોતામાં નથી (એની ક્રિયાનું અભિમાન થશે). અસત્‌નું અભિમાન તે અસત્‌અભિમાન છે. તને એ અસત્‌અભિમાન આવતા વાર નહીં લાગે. અથવા જે વ્યવહાર છે એનો આગ્રહ ઊભો થશે, પૂજા તો રોજ કરવી જોઈએ, જૈન હોય એને પહેલાં પૂજા તો કર્યા વગર (ચાલે જ નહિ), ભગવાનની પૂજા તો પહેલાં જ એને કરવી જોઈએ. પોતે કરે એટલે એને આગ્રહ ઊભો થયા વિના રહેશે નહીં. વ્યવહાર આગ્રહ અને આમ કરતાં કરતાં કાંઈક એવું મળી જશે, છેવટે કાંઈ નહીં તો પુણ્ય તો સારા બંધાશે, સંસારની તો લીલી વાડી રહેશે, ભવિષ્યમાં તો પ્રતિકૂળતા નહીં આવે, સિદ્ધિમોહ – ફળમોહ – એના ફળનો મોહ (થઈ જશે) અથવા બીજા મને માન આપશે. ઈ તો પેલામાં પણ ઈ પ્રસંગ ઊભો થાય છે. જ્ઞાનમાર્ગમાં પણ થોડો જાણકાર થઈ જાય, પાંચ જણા પૂછતા થાય તો એને પોતાનો પૂજા સત્કારનો વ્યામોહ દર્શનમોહ તીવ્ર થઈને ઊભો થયા વિના રહેતો નથી. આમાં પણ બીજા એને તપસ્વી માને છે, ક્રિયા કરનારો માને છે એટલે એને પૂજા સત્કારાદિ યોગ અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠા (થશે). દેહની ક્રિયા જાણે આત્માએ આ ક્રિયા કરી છે એવા દોષોનો સંભવ રહ્યો છે. જ્ઞાનમાર્ગે અને ક્રિયામાર્ગે આટલા જોખમ છે.

તેથી અમે એમ કહીએ છીએ (એમ કહીને) પોતે મુમુક્ષુને કઈ બાજુ વાળે છે ? **'કોઈક મહાત્માને બાદ કરતાં...'** કોઈક પરાક્રમી પુરુષને બાદ કરતા મોટાભાગના **'વિચારવાન જીવોએ...'** સત્પુરુષ પ્રત્યેનું બહુમાન **'ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે,...'** આ ડહાપણ વાપર્યું છે. જે સત્પુરુષના ચરણમાં ગયા એણે ડહાપણ વાપર્યું છે. એણે ખરેખર બુદ્ધિ વાપરી છે કે, આ બન્ને જગ્યાએથી બચવા માટે, આ દર્શનમોહને કાપવા માટે આ બહુ સહેલો માર્ગ છે. **'અને**

**આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરુષ સદ્‌ગુરુને વિશે સર્વાર્પણ સ્વાધીનપણું...'** ખાલી સદ્‌ગુરુ શબ્દ નથી વાપર્યો, પરમપુરુષ સદ્‌ગુરુને વિશે સર્વાર્પણપણું, 'પરમપુરુષ' શબ્દ ત્યાં વાપર્યો છે. કેમકે જે સર્વજ્ઞ પરમપુરુષ છે એવું નિમિત્તતત્ત્વ અહીંયાં એ જોવે છે. એટલે પરમપુરુષ સદ્‌ગુરુને વિશે સર્વાર્પણપણું–એમને આધીનપણું **'શિરસાવંદ્ય દીઠું છે,...'** કેવી ભાષા વાપરી છે ! એ એક એમની વિશિષ્ટતા છે. વિષયને નિરૂપણ કરવા માટે જે ભાષાપ્રયોગ છે (એ) ગજબ છે !

**'શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે,...'** અને એમ વર્તીને એ પોતાનું કલ્યાણ કરી ગયા છે; ત્યારે એક વાત એ પોતે બીજી ઉઠાવે છે અહીંયાં કે, જો સુયોગ હોય તો આવી આ સુંદર સુયોગની વાત છે પણ બહુભાગ જીવોને – કેટલાને કમનસીબે એવું બન્યું છે કે, આ વાત સમજાણી છે એને પ્રત્યક્ષ સત્પુરુષ મળતા નથી, યોગ મળતો નથી. આ એક વિશેષ વાત લાગે છે. એટલે એમ લખ્યું છે કે **'તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ પ્રાપ્ત થવો જોઈએ;...'** એમ સમજાય અને યોગ ન હોય તો ? તો કે તો **'ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ...'** વ્યર્થ જાય અથવા તો કાંઈક બીજે રસ્તે ચડીને એ **'પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.'** એને સત્પુરુષ મળવા જોઈએ, એની વિદ્યમાનતા હોય એ બહુ મોટી વાત છે. એમાં અત્યારના કાળમાં વિદ્યમાનતા હોવી એ તો એક પૃથ્વી ઉપર બહુ મોટી વાત છે ! અને નહીંતર જીવ ધર્મને નામે કાંઈને કાંઈ તો કરવાનો (તો એ બધું) પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થઈ જશે. એમ કહેવું છે. બહુ ગંભીર વાત મૂકી છે.

મુમુક્ષુ :– 'જામનગર'ના એક ભાઈએ 'શ્રીમદ્ રાજચંદ્ર'ને જોયા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઈ એક એવી વ્યક્તિ છે જેણે 'શ્રીમદ્‌જી'ને પણ જોયા અને 'ગુરુદેવ'ને પણ જોયા. પણ 'શ્રીમદ્‌જી'ને નહોતા ઓળખી શક્યા. 'શ્રીમદ્‌જી' માટે દૂરથી તો શું કરે છે કે કેટલાક અતિ પાપ પરિણામવાળા જીવો સત્પુરુષ માટે સાચી ખોટી બહુ અફવાઓ ઉડાવે છે. એમાં 'શ્રીમદ્‌જી' માટે પણ એવી અફવાઓ સંપ્રદાયના સાધુઓએ બહુ પાપબુદ્ધિથી ઉડાવી હશે કે, એ તો ગૃહસ્થી છે છતાં પોતાને પચીસમાં તીર્થંકર મનાવે છે, રાત્રિભોજન કરે છે, વેપાર-ધંધો

કરે છે, કુટુંબ-પરિવાર વચ્ચે રહે છે અને પોતાને પચીસમાં તીર્થંકર અને મોટા જ્ઞાની મનાવે છે, સદ્ગુરુ મનાવે છે. એટલે પેલા બાહ્ય દૃષ્ટિવાળા જીવોને તો ત્યાગ ઉપર (નજર હોય). અમે તો જુઓ ઊનું પાણી પીએ, ઉઘાડા પગે ફરીએ અને ગોચરી માગીને ખાઈએ. એટલે લગભગ ધર્મબુદ્ધિવાળા જીવો દૂર રહે, ઉપલક ધર્મબુદ્ધિવાળા જીવો (દૂર રહે કે), આપણે શું કામ છે ? જાવા દ્યો ને ! આપણે તો કાંઈક એવા વિષયકષાય છોડ્યા હોય એનું કામ છે. આ તો એને વિષયકષાયવાળા લાગે.

'પ્રવચનસાર'માં એ વાત લીધી છે કે સમ્યક્ત્વનું ગ્રહણ થયું ત્યારથી એને વિષયકષાય ન કહી શકાય ભલે અવિરતી હોય તોપણ ! અધિકાર ચાલ્યો છે ચરણાનુયોગનો પણ કોણ જીવો પાપી છે ? કે જે વિષયકષાયમાં અનુરક્ત છે તે. સમ્યક્ત્વથી માંડીને જે દેશવિરતી અને સર્વવિરતી જીવો છે એ વિષય-કષાયને પ્રાપ્ત નથી તેથી તેમને પાપી અથવા પાપસ્થાનકમાં ગણવામાં આવતા નથી. આચાર્યદેવે ચોખવટ કરી છે.

એ કહેતા હતા કે એવું સાંભળેલું, આવું બધું સાંભળેલું, અફવા સાંભળેલી. મળવા જવાનું મન નથી થયું. એ મળવા નથી ગયા. નામ સાંભળ્યું, 'શ્રીમદ્જી'નું નામ થોડું મોટું થયેલું. એ તો વિરોધ કરે એટલે અમસ્તું પણ નામ મોટું થઈ જાય. સંપ્રદાયના સાધુઓએ વિરોધ કર્યો એટલે એમ થાય કે કાંઈક તો લાગે છે કેમ આનો વિરોધ કરે છે ? દૂરથી જ સાંભળ્યું કે આવું છે ને તેવું છે. એટલે પ્રત્યક્ષ સમાગમ કરવા ન ગયા. પછી જ્યારે આ ગ્રંથ પુસ્તકારૂઢ થયો, એમના પત્રોના ગ્રંથનું પુસ્તક થઈ ગયું. એ વાંચ્યું (ત્યારે એમ લાગ્યું કે) બહુ ભૂલ કરી બેઠા. એમ કહેતા (કે), અમે માથું પછાડ્યું છે. ચૂકી ગયા એમ કહ્યું. એવી એમની એ વિષયની યોગ્યતા હતી. પછી તો જેની યોગ્યતા હોય એ કેવી રીતે ચૂકે ? કુદરતી જોગ થઈ ગયો નહીંતર આવું બને કે આમ ખ્યાલ આવે તોપણ એનો યોગ પ્રાપ્ત થવો જોઈએ અને ન થાય તો શું ? કે એ વાત અધ્ધર રહી જાય. એ સમજણનો એને સદ્ઉપયોગ કરવાનો પ્રસંગ મળે નહીં.

(બીજા એક પત્રમાં) તો લખે છે કે દ્રવ્યાનુયોગ તો પ્રત્યક્ષ સત્સમાગમમાં

ભક્તિ, વૈરાગ્ય વગેરે. દઢ ભક્તિ, દઢ વૈરાગ્ય સહિત અને જ્ઞાની આજ્ઞાએ – સદ્‌ગુરુ આજ્ઞાએ દ્રવ્યાનુયોગ વિચારવા યોગ્ય છે. કેમકે એમાં દ્રવ્યાનુયોગ તો વિષય એવો છે કે દૃષ્ટિના વિષયને ગ્રહણ કરાવવા અર્થે, પરમાર્થના હેતુનું રક્ષણ કરવા માટે શુભભાવનો નિષેધ કરવો પડે છે. દ્રવ્યાનુયોગની સ્થાપના એવી રીતે થાય છે કે એની અંદર પરમાર્થનો હેતુ સાચવવા માટે પણ શુભભાવનો નિષેધ કરવો પડે છે. એ શુભભાવનો નિષેધ કરતા કોઈ જીવ સ્વચ્છંદે ન ચડે એવી Treatment પ્રત્યક્ષ જ્ઞાની વિના કોઈને મળે એવું નથી. નહીંતર ક્યાંક ને ક્યાંક એની ગાડી પાટેથી ઊતરી જાય એવું છે. એવો વિષય છે.

એનો અર્થ એ થયો કે પ્રત્યક્ષ સમ્યક્‌જ્ઞાની સત્પુરુષ વિદ્યમાન હોય એની પાછળ તો લોકો (લાગી જાય છે). શોધે છે, જેને નથી મળતા એ શોધે છે. 'ગુરુદેવ'નો ઉપકાર છે કે એ તો પ્રસિદ્ધપણે Register કરતા ગયા પછી તો વિમુખ થવું, ઉપેક્ષા થવી કે કોઈ અન્યથા પ્રકાર થવો એ તો એ વિષયનો બુદ્ધિનો આંક સ્પષ્ટ કરે છે. એ બુદ્ધિનો આંક નક્કી કરે છે. બાકી આ તો અપૂર્વ વસ્તુ છે ! અપૂર્વ વસ્તુ છે !!

મુમુક્ષુ :– 'સોનગઢ'થી વંચિત રાખવા, ભલે પોતે ન જવું હોય તો કાંઈ નહિ પણ બીજાને વંચિત રાખવા એ તો કેટલું મહાન પાપ છે !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કોઈ કોઈને શું રાખી શકે ? ઈ તો જેની યોગ્યતા હોય એ રહે. કોઈ શું રાખી શકે ? ૧૧૯ (બોલ પૂરો થયો).

અહીં સુધી રાખીએ.

# વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | ગુરુગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૦૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૦૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત) | ૦૨-૦૦ |
| ૦૪ | દ્રવ્યદૃષ્ટિપ્રકાશ ભાગ-૩ (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૦૫ | દસલક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૦૬ | ધન્ય આરાધના (શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૦૭ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૦૮ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૦૯ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત) | ૧૧-૨૫ |
| ૧૦ | પ્રવચન નવનીત ભાગ-૧ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૧૧ | પ્રવચન નવનીત ભાગ-૨ (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૧૨ | પ્રવચન નવનીત ભાગ-૩ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૧૩ | પ્રવચન નવનીત ભાગ-૪ (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૧૪ | પ્રવચન પ્રસાદ ભાગ-૧-૨ (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૧૫ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૧૬ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૭ | ભગવાન આત્મા (દ્રવ્યદૃષ્ટિ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૧૮ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૧૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૨૦ | આધ્યાત્મિક પત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૨૧ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | પ્રેસમાં |
| ૨૨ | જ્ઞાનામૃત (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃતો) | ૦૬-૦૦ |
| ૨૩ | બીજું કાંઈ શોધ મા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃતોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૨૪ | મુમુક્ષુતા આરોહણ ક્રમ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૫-૦૦ |
| ૨૫ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભુત છ પદનો અમૃત પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૬ | આત્મયોગ (શ્રીમદ્ રાજચંદ પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૭ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૮ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત વચનામૃતોનું સંકલન) | ૧૫૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૯ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦ ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | |
| ૨૫.૦૦ | | |
| ૩૦ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૧ | વચનામૃત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં 'બહેનશ્રીના વચનામૃત' પર થયેલાં પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૨ | પ્રવચન સુધા (ભાગ-૧) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦.૦૦ |
| ૩૩ | પ્રવચન સુધા (ભાગ-૨) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫.૦૦ |
| ૩૪ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૧૬૬, ૪૪૯, ૫૭૨, પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) ('પરમાગમસાર' માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૬ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં 'સમયસાર' પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫.૦૦ |
| ૩૭ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત 'સુવિધિ' લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૫.૦૦ |
| ૩૮ | સ્વરૂપભાવના (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક–૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫.૦૦ |
| ૩૯ | સમકિતનું બીજ (શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૦ | પ્રવચન સુધા (ભાગ-૩) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૧ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) ('પરમાગમસાર' માંથી ક્રમબદ્ધપર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃતો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦.૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૪) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૩ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૪ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનીજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૬ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૭ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો. | ૨૦.૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ–૫) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૪૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર | |

| | | |
|---|---|---|
| | પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ–૬) 'પ્રવચનસાર' શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૫૧ | રાજ હૃદય (ભાગ-૧) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૨ | રાજ હૃદય (ભાગ-૨) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૩ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સોગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૪ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) ('દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૫૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) ('બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट

## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथका नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| ०२ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग - पूज्य श्री निहालचंद्रजी सोगानीजीके पत्र एवं तत्त्वचर्चा) | ३०-०० |
| ०३ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०४ | दंसणमूलो धम्मो (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| ०५ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| ०६ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत) | |
| ०७ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| ०८ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| ०९ | विधि विज्ञान (विधि विषयक वचनामृतोंका संकलन) | १०-०० |
| १० | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ११ | तत्त्वानुशीलन (भाग १-२-३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| १२ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | |
| १३ | ज्ञानामृत (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत) | |
| १४ | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद् राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | |
| १५ | सम्यग्दर्शनके सर्वोत्कृष्ट निवासभूत छ: पदोंका अमृत पत्र (श्रीमद् राजचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| १६ | आत्मयोग (श्रीमद् राजचंद्र पत्रांक-५६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| १७ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद् राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री के प्रवचन) | २०-०० |
| १८ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृतोंका संकलन) | १५०-०० |
| १९ | धन्य आराधना (श्रीमद् राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | |
| २० | सिद्धपदका सर्वश्रेष्ठ उपाय | २५.०० |
| २१ | कुटुम्ब प्रतिबंध | २५.०० |
| २२ | दिशा बोध (श्रीमद् राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |

| | | |
|---|---|---|
| २३ | प्रवचन नवनीत भाग-१ (पूज्य गुरुदेवश्री कानजीस्वामी के प्रवचन) | ७५-०० |
| २४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहन द्वारा गुरु भक्ति) | १५-०० |
| २५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| २६ | कहान रत्न सरिता (परमागमसार के विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ३०.०० |
| २७ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | ४०.०० |
| २८. | वचनामृत रहस्य (पूज्य गुरुदेवश्री के नायरोबी में हुए प्रवचन) | २०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्धिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शनकी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |

| | | |
|---|---|---|
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |
| ६० | आत्मयोग (गुजराती) | १५०० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २५०० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० |
| ७४ | समयसार दोहन | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० |
| ७७ | समकितनुं बीज | १००० |
| ७८ | स्वरूपभावना | १००० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० |
| ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ९१ | अध्यात्मसुधा (भाग-१) | १००० |
| ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |

# પાઠકોની નોંધ માટે

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૩)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત'

ગ્રંથ ઉપરના પ્રવચનો

(વચનામૃત ૭૮ થી ૧૧૯)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫

શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર,
ગુરુ ગૌરવ, સોનગઢ
ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
અમી અગ્રવાલ (અમદાવાદ) : (૦૭૯) R-૨૫૪૫૦૪૯૨, ૯૩૭૭૧૪૮૯૬૩
શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ.
ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

| | |
|---|---|
| પ્રથમાવૃત્તિ | : ૧૧-૦૮-૨૦૦૬ (પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૯૩મી જન્મ જયંતી) |
| પ્રત | : ૭૫૦ |
| પૃષ્ઠ સંખ્યા | : ૫૬૦ + ૮ = ૫૬૮ |
| પડતર કિંમત | : ૧૧૦/- |
| મૂલ્ય | : ૩૦/- |

લેસર ટાઈપ સેટિંગ :
પૂજા ઇમ્પ્રેશન્સ
પ્લોટ નં. ૧૯૨૪/B
૬, 'શાંતિનાથ બંગલોઝ',
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણું સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં **'સીમંધર'** ભગવાનની સાક્ષાત્ દિવ્ય દેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો ?

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીનાં વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્ય દેશનાને ગ્રહણ

કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના આ પ્રવચનોનું પુસ્તક **'અધ્યાત્મ સુધા' ભાગ–૩** પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્‌બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૩ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૪૨ વચનામૃત ઉપર થયેલા કુલ ૨૯ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ તૃતીય ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રી ચંપાબહેન'ની ૯૩મી જન્મ જયંતી પ્રસંગે તૃતીય ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરીત કરતાં એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રી'ના વચનામૃતોના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રવચનો સાંભળીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા

પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય 'ભાઈશ્રી' દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશનકાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

**અષાઢ વદ ૧, તા. ૧૧-૭-૨૦૦૬**
**('મહાવીર' ભગવાનની દિવ્યધ્વનિનો પ્રથમ દિન)**

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
ભાવનગર

## અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૬૫ | ૭૮, ૭૯ | ધન્ય મુનિદશા, ભેદજ્ઞાન | ૦૦૧ |
| ૬૬ | ૭૯, ૮૦ | ભેદજ્ઞાન, પ્રેરણા | ૦૨૪ |
| ૬૭ | ૮૧ | ભેદજ્ઞાન | ૦૪૪ |
| ૬૮ | ૮૨ | ભેદજ્ઞાન | ૦૬૩ |
| ૬૯ | ૮૩, ૮૪ | સ્વરૂપ મહિમા, વિવેક / વિધિ | ૦૮૨ |
| ૭૦ | ૮૪, ૮૫ | વિવેક / વિધિ, વિવેક | ૧૦૧ |
| ૭૧ | ૮૫, ૮૬ | વિવેક, ભેદજ્ઞાન | ૧૨૧ |
| ૭૨ | ૮૬, ૮૭ | ભેદજ્ઞાન, જ્ઞાનીની દશા | ૧૪૦ |
| ૭૩ | ૮૮, ૮૯ | સ્વરૂપ મહિમા, ધન્ય મુનિદશા | ૧૬૦ |
| ૭૪ | ૮૯, ૯૦, ૯૧ | ધન્ય મુનિદશા, પ્રેરણા, ધન્ય મુનિદશા | ૧૭૯ |
| ૭૫ | ૯૨, ૯૩ | ભાવના, જ્ઞાનીની દશા | ૧૯૯ |
| ૭૬ | ૯૪, ૯૫, ૯૬ | વિધિ, ધન્ય મુનિદશા, માર્ગદર્શન / સ્વરૂપ મહિમા | ૨૨૦ |
| ૭૭ | ૯૬, ૯૭ | માર્ગદર્શન / સ્વરૂપ મહિમા, વસ્તુસ્વરૂપ | ૨૩૬ |
| ૭૮ | ૯૮, ૯૯ | રુચિ, કર્તવ્ય | ૨૫૬ |
| ૭૯ | ૧૦૦ | દ્રવ્યદૃષ્ટિ | ૨૭૩ |
| ૮૦ | ૧૦૦, ૧૦૧ | દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીની દશા | ૨૮૯ |
| ૮૧ | ૧૦૧, ૧૦૨ | જ્ઞાનીની દશા, સ્વરૂપ મહિમા | ૩૧૦ |
| ૮૨ | ૧૦૨, ૧૦૩ | સ્વરૂપ મહિમા, ભાવના | ૩૩૧ |
| ૮૩ | ૧૦૪, ૧૦૫ | દ્રવ્યદૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ | ૩૫૧ |
| ૮૪ | ૧૦૬ | વસ્તુસ્વરૂપ | ૩૭૦ |
| ૮૫ | ૧૦૭ | દ્રવ્યદૃષ્ટિ | ૩૯૦ |
| ૮૬ | ૧૦૮ | સ્વરૂપ મહિમા | ૪૦૭ |
| ૮૭ | ૧૦૯, ૧૧૦, ૧૧૧ | કર્તવ્ય / પ્રેરણા, વસ્તુસ્વરૂપ, સ્વરૂપ મહિમા | ૪૨૪ |
| ૮૮ | ૧૧૨, ૧૧૩ | સ્વરૂપ મહિમા, ધન્ય મુનિદશા | ૪૪૩ |
| ૮૯ | ૧૧૩, ૧૧૪ | ધન્ય મુનિદશા, સ્વરૂપ મહિમા | ૪૬૧ |
| ૯૦ | ૧૧૫, ૧૧૬ | કર્તવ્ય / વિધિ, પુરુષાર્થ | ૪૮૦ |
| ૯૧ | ૧૧૬, ૧૧૭ | પુરુષાર્થ, પુરુષાર્થ | ૪૯૯ |
| ૯૨ | ૧૧૮ | ધ્યાન | ૫૧૮ |
| ૯૩ | ૧૧૯ | યથાર્થ ભૂમિકા | ૫૩૭ |

## 'અધ્યાત્મ સુધા' ભાગ–૩ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| શ્રી ઝવેરીભાઈ સાવલા, દાદર | ૧૧,૦૦૦/- |
| શ્રી રમેશભાઈ મહેતા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી નવીનભાઈ ટી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી અરૂણાબહેન નવીનભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| ન્યાલચંદ વીરચંદ વોરા પરિવાર, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| સ્વ. મંગળાબહેન મનસુખલાલ જૈનના સ્મરણાર્થે, હ. નિલેષભાઈ જૈન | ૧,૧૦૦/- |
| કુ. પૂજા નિલેષભાઈ જૈન, ભાવનગર | ૧,૧૦૦/- |
| શ્રીમતી લક્ષ્મીબહેન ખીમજીભાઈ ગંગર, વિલેપાર્લા | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |